સૂરિપુરંદર પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિરચિત

તાર્કિકરત્ન પૂ.આ.શ્રી ગુણરત્નસૂરીશ્વરજી રચિત વૃત્તિ સહિત

ષડ્દર્શન સમુચ્ચય

સટીક

સાનુવાદ

ભાગ-૧

ભાવાનુવાદકાર-સંપાદક

પૂ. મુનિરાજ શ્રી સંયમકીર્તિવિજયજી મહારાજ

પૂ.આ.ભ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી કૃત ટીકા સહિત –
પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

ષડ્દર્શન સમુચ્ચય

(ભાવાનુવાદ)

ભાગ–૧

(બૌદ્ધ–નૈયાયિક–સાંખ્યદર્શન)

✣ દિવ્યકૃપા ✣

પરમશાસનપ્રભાવક સ્વ. પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્
વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા
પરમનિ:સ્પૃહી સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પૂજ્યપાદ
આ.ભ. શ્રી.વિ. **મહોદયસૂરીશ્વરજી** મહારાજા

✣ આશીર્વાદ ✣

પરમશ્રદ્ધેય ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય **હેમભૂષણસૂરીશ્વરજી** મહારાજા

✱ પ્રેરક ✱

ભવોદધિતારક પરમોપકારી પૂ. મુ. શ્રી **દિવ્યકીર્તિવિજયજી** મ. સા.
પરમતપસ્વી પૂ. ગુરુજી મુ. શ્રી **પુણ્યકીર્તિવિજયજી** મ. સા.

✱ ભાવાનુવાદકાર ✱

પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ. આ. ભ. શ્રી વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
પૂ. મુ. શ્રી **દર્શનભૂષણવિજયજી** મ. સા. ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી **દિવ્યકીર્તિવિજયજી** મ. સા. ના
શિષ્યરત્ન પૂ. મુ. શ્રી **પુણ્યકીર્તિવિજયજી** મ. સા. ના શિષ્ય
મુ. **સંયમકીર્તિવિજય** મ. સા.

✪ પ્રકાશક ✪

સન્માર્ગ પ્રકાશન

શ્વે. મૂ. પૂ. તપ. જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ગ્રંથ નામ	:	ષડ્દર્શન સમુચ્ચય (ભાવાનુવાદ) (ભાગ - ૧)
કર્તા	:	પૂ. આચાર્ય ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા
ટીકાકાર	:	પૂ. આચાર્ય ભ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજા
ભાવાનુવાદકાર	:	પૂજ્ય મુનિરાજશ્રી સંયમકીર્તિવિજયજી મહારાજ
પ્રકાશક	:	સન્માર્ગ પ્રકાશન
આવૃત્તિ	:	પ્રથમા, વિ.સ. ૨૦૬૧
નકલ	:	૧૦૦૦
મૂલ્ય	:	રૂ. ૧૩૦-૦૦

: ખાસ સૂચના :

આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલું હોવાથી ગૃહસ્થોએ ઉપયોગ કરવો હોય તો સંપૂર્ણ કિંમત જ્ઞાનખાતે ચૂકવી પછી જ આની માલિકી કરવી અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતામાં ભરીને ઉપયોગ કરવો.

સંપર્કસ્થાન - પ્રાપ્તિસ્થાન

: અમદાવાદ :

સન્માર્ગ પ્રકાશન કાર્યાલય

જૈન આરાધના ભવન, પાછીયાની પોળ,

રીલીફ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

: આભાર :

ષડ્દર્શન સમુચ્ચય (ભાવાનુવાદ) (ભાગ - ૧-૨)
: પુસ્તક પ્રકાશનનો લાભ લેનાર :

(A) પરમશ્રદ્ધેય સુવિશાલગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય **હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા**ના સદુપદેશથી

(i) શ્રીમતિ છગનીબેન નેમીચંદજી મુત્તા પરિવાર રીલીઝીયસ ટ્રસ્ટ, **ગામદેવી જૈનસંઘમાં** પ્રથમવાર થયેલી પર્યુષણા પર્વની આરાધનામાં થયેલી જ્ઞાનદ્રવ્યની ઉપજમાંથી તથા

(ii) **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘ નાસિક** શ્રીસંઘની જ્ઞાનનિધિમાંથી તેમજ

(B) શ્રી સૂરિરામ શિષ્યરત્ન વર્ધમાનતપોનિધિ વિદ્વદ્વર્ય **પૂ. મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મ.સા.**ના સદુપદેશથી

શ્રી તારદેવ જૈન સોનાવાલા સંઘની જ્ઞાનનિધિમાંથી

આ પુસ્તક છપાવવા માટે જ્ઞાનદ્રવ્ય મળ્યું છે.

તમારા સંઘે કરેલી શ્રુતભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ ઉત્તરોત્તર ઉત્તમકક્ષાની શ્રુતભક્તિ કરતા રહો એવી શુભેચ્છા પાઠવીએ છીએ...

લિ. સન્માર્ગ પ્રકાશન

✦ ઋણ સ્મરણ ✦

(૧) ધર્મતીર્થપ્રભાવક સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **મિત્રાનંદસૂરીશ્વરજી** મહારાજા

(૨) ન્યાયનિપુણ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ચંદ્રગુપ્તસૂરીશ્વરજી** મહારાજા

(૩) પરમશ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **હેમભૂષણસૂરીશ્વરજી** મહારાજા

(૪) પ્રવચનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજા

(૫) પરમ વૈયાવચ્ચી પૂ. મુનિરાજશ્રી **હર્ષવર્ધનવિજયજી** મ. સા.

(૬) મમહિતચિંતક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ મુનિરાજ શ્રી **દિવ્યકીર્તિવિજયજી** મ. સા.

(૭) ભવોદધિતારક તપસ્વી પૂજ્ય મુનિરાજ શ્રી **પુણ્યકીર્તિવિજયજી** મ. સા.

(૮) વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજ શ્રી **વૈરાગ્યરતિવિજયજી** મ. સા.

प्रकाशकीय

સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ બે પૈડાં પર જૈનશાસનનો મુક્તિરથ અવિરત મોક્ષનગર તરફ અસ્ખલિત પ્રયાણ કરે છે. ચારિત્રની શુદ્ધિ, વૃદ્ધિનું અનન્ય કારણ જ્ઞાન જ છે. સંસારમાં જેમ કોઈપણ ક્રિયા કરતાં પૂર્વે એનું જ્ઞાન અનિવાર્ય મનાય છે, તેમ મુક્તિમાર્ગરૂપ ધર્મમાં પણ દરેક ક્રિયા જ્ઞાનનું સાહચર્ય ઝંખે છે.

સાધુ જીવન મોક્ષપ્રાપ્તિનો રાજમાર્ગ છે. શ્રાવક જીવન તો કેડીમાર્ગ સમાન જ છે. સાધુ જીવનને અણિશુદ્ધ પાળી એનો ખરેખરો આસ્વાદ માણવો હોય તો જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી મારી દેવી પડે. સાધુ જીવનમાં પ્રત્યેક દિવસે પાંચપ્રહર એટલે પંદરકલાક સ્વાધ્યાય માટે જે ફાળવ્યા છે તેનું આ જ કારણ છે. જ્ઞાનાનંદીને ન તો વિષયો પજવે ન એને કષાયો પીડે. જ્ઞાનમગ્નના સુખનાં વર્ણન શક્ય જ નથી. 'આનંદ કી ગત આનંદઘન જાને'.

જ્ઞાનનું આલંબન છે શાસ્ત્રો ! પરમાત્માની વાણી શાસ્ત્રોમાં લખાઈ છે અને એના આધારે જ શાસનનું સંચાલન થાય છે. સમર્થ સૂરિપુંગવો શાસ્ત્રરચના કરે છે, તેને લખાવવા-પ્રકાશિત કરવા-પ્રચારવાનું કાર્ય શાસનભક્ત સુશ્રાવકોનું છે. સાધુ-સાધ્વીજી ભગવંતો શાસ્ત્રને જીવનમાં જીવીને પ્રચારે છે, તો શ્રાવક-શ્રાવિકાઓ શાસ્ત્રને ઉપલબ્ધ કરાવીને એનું પ્રચંડપુણ્ય મેળવે છે. માટે જ શ્રાવકનાં કર્તવ્યોમાં એક પુત્થય-લિહણં / પુસ્તકલેખન બતાવેલ છે.

'સન્માર્ગ પ્રકાશન' પણ આવા જ ઉત્તમ ઉદ્દેશને વરેલ જૈન પુસ્તક પ્રકાશિકા સંસ્થા છે.

અચિંત્યચિંતામણિકલ્પ **શ્રી શંખેશ્વરપાર્શ્વનાથપરમાત્માની** અસીમકૃપા તેમજ જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પૂ.આ.શ્રી વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની ધર્મવાણી ઝીલીને તેઓશ્રીમદ્ની નિશ્રામાં જ આની સંસ્થાપના થઈ છે, તો તેઓશ્રીમદ્ના પટ્ટાલંકાર સર્વાધિક સંખ્યક શ્રમણ-શ્રમણી સંઘનાયક પૂ.આ.શ્રી વિજય **મહોદયસૂરીશ્વરજી** મહારાજાની અધ્યાત્મ - હુંફ મેળવી, આનો સવિશેષ વિકાસ થયો છે.

તેઓ શ્રીમદ્ના લઘુગુરુબંધુ વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજના પ્રભાવક શિષ્યરત્ન, અનેકાનેક ગ્રંથોનો સફળ સર્જક-સંપાદક પૂ.આ.શ્રી વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજનું શાસ્ત્રીય માર્ગદર્શન અજાણ્યા કેડી માર્ગમાં અસ્ખલિત પ્રયાણ કરવા માટે ભોમિયાની જેમ અમને પ્રતિપળ ઉપકારક બની રહ્યું છે. તે દરેક પૂજ્યપુરુષોની કૃપાના બળે જ અમો પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો, અભ્યાસગ્રંથો, પ્રવચનગ્રંથો, વિધિવિધાન-ક્રિયા ઉપયોગી ગ્રંથો તેમજ સન્માર્ગ પાક્ષિકની ગુજરાતી-હિંદી આવૃત્તિઓ વગેરે અનેકવિધ ગ્રંથોનાં પ્રકાશન દ્વારા ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા દ્વારા નિર્દિષ્ટ અને શ્રી ગૌતમસ્વામીજી મહારાજા-શ્રી સુધર્માસ્વામીજી મહારાજા આદિ ગણધર-સૂરિવરો આદિ દ્વારા સંવાહિત જ્ઞાનવારસાને યત્કિંચિત્ પણ જાળવવાનું શ્રેય હાંસલ કરી શક્યા છીએ.

આ જ શ્રેણીમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ સિદ્ધિ કહી શકાય તેમ સૂરિપુરંદર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** દ્વારા સંરચિત અને (તપાગચ્છવિભૂષણ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **ગુણરત્નસૂરીશ્વરજી** મહારાજા દ્વારા વિવૃત્તિ કરાયેલ **'શ્રીષડ્દર્શન સમુચ્ચયઃ' નામક આ મહાગ્રંથનો ગુજરાતી ભાવાનુવાદ પ્રકાશિત કરવા અમો સૌભાગ્યશાલી બની રહ્યા છીએ.**

આના પ્રકાશન કાજે હાર્દિક આશીર્વાદ સમર્પતા સૂરિમંત્રારાધક સુવિશાળ ગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાનો... પુરોવચન અને

માર્ગદર્શન આપતા પ્રવચનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજાનો...

છેલ્લા મહિનાઓથી અથાક જહેમત ઉપાડી, વિદ્વદ્ભોગ્ય એવા આ ગ્રંથનું અનેકવાર પરિશીલન કરીને અત્યંત સરળ છતાંય રસ જળવાઈ રહે તેવી શૈલીમાં, અનેક પરિશિષ્ટો, ટીપ્પણીઓ, સાક્ષિઓ, ગાથા-અકારાદિક્રમો ચોક્કસ પ્રુફ-શુદ્ધિ આદિપૂર્વક પ્રાયઃ એકલહાથે આ વિરાટ કાર્ય પરિપૂર્ણ કરતા સંયમપ્રેમી વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજ શ્રી **સંયમકીર્તિ વિજયજી** મહારાજનો..

ભાવપૂર્વક ઉપકાર સ્વીકારી અમો પ્રભુ સમક્ષ પાર્થીએ છીએ કે અમોને મળેલી શક્તિનો હે પ્રભુ ! તારા શાસનની આરાધના પ્રભાવના, સુરક્ષાનાં અનન્ય આલંબનરૂપ શ્રુતની ભક્તિમાં સતત નિષ્કામભાવે સદુપયોગ થતો રહે.

- સન્માર્ગ પ્રકાશન

તા. ૨૧-૦૭-૨૦૦૫

અષાઢ સુદ ૧૫

વિ. સ. ૨૦૬૧



समर्पणम्

શ્રી મહાવીર પ્રભુના શાસનની અજોડ આરાધના, પ્રભાવના અને સુરક્ષા દ્વારા વીશમી-એકવીશમી સદીના જૈન ઇતિહાસને જાજ્વલ્યમાન કરતા, દીક્ષાયુગપ્રવર્તક, વ્યાખ્યાન વાચસ્પતિ, જૈનશાસન શિરતાજ, તપાગચ્છાધિરાજ

પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

અનેકવાર પ્રવચનો અને વાચનાઓમાં ફરમાવતા હતા કે જૈનશાસનના અદ્‌ભુત આગમ નિધિનો પરમાર્થ પ્રાપ્ત કરવો હોય તેવા દરેક પુણ્યાત્મા-મહાત્માએ

- સૂરિપુરંદર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા
- કલિકાલસર્વજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા અને**
- 'ન્યાયાચાર્ય ન્યાયવિશારદ પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી** ગણિવર્ય જેવા શાસન-મર્મજ્ઞ, કલિકાલમાંય પૂર્વધરોનું સ્મરણ કરાવે તેવી શ્રુતસંપત્તિના ધારક મહાપુરુષોના રચેલા ગ્રંથોનો ગુરુઆજ્ઞા-નિશ્રાએ સુંદર અભ્યાસ કરવો જોઈએ. પ્રાકૃત-સંસ્કૃત ભાષાના અજાણ એવા મુમુક્ષુઓ પણ આ જ્ઞાનવારસાથી વંચિત ન રહે અને મોક્ષમાર્ગનું સુનિશ્ચિત જ્ઞાન એમને પણ મળી શકે એ માટે આવા પ્રકરણાદિ ગ્રંથોનો ભાષાનુવાદ પણ થવો જોઈએ.

પૂજ્યપાદશ્રીજીની આ આર્ષવચનિકા મારા હૃદયપટ પર અંકિત થઈ અને 'शुभे यथाशक्ति यतनीयम्' ન્યાયે મેં તેઓશ્રીમદ્‌ની કૃપાના બળે આ અનુવાદ તૈયાર કરવાનો પ્રયાસ કર્યો છે. ગ્રંથ પરિસમાપ્તિના આનંદને પરમાનંદમાં પરિણમાવવા કાજે આજે તેઓશ્રીમદ્‌ના જ શાસ્ત્રસંપૂત કરકમળમાં સમર્પણ કરી ધન્યતા અનુભવું છું.

- મુનિ સંયમકીર્તિ વિજય

પુરોવચન

જૈનશાસન જયવંતુ છે અમને તો મનગમતું છે :

"भद्दं मिच्छादंसणसमूहमइयस्स अमयसारस्स ।
जिणवयणस्स भगवउ संविग्गसुहाहिगम्मस्स ॥"

મિથ્યાદર્શનો સરવાળારૂપ, અમૃતસમાન, સંવિગ્ન સાધુઓ દ્વારા સુખેથી સમજાય તેવું, ભગવત્સ્વરૂપ શ્રી જિનવાણીનું કલ્યાણ થાઓ ! (સમ્મતિતર્ક)

જગતના તમામ જીવો સુખના કામી છે. સુખ મેળવવાની જેને ઇચ્છા હોય તેને દુઃખ તો ઇચ્છનીય ન જ હોય એ સમજી શકાય તેવી વાત છે. જીવોને દુઃખથી છોડાવી સુખી બનાવવાના લક્ષ્યથી જ જગતનાં સર્વદર્શનોની પ્રસ્થાપના થયેલી છે. દર્શન એટલે જ ધર્મ. દર્શન એટલે દૃષ્ટિ, સમજ કે માન્યતાવિશેષ. જીવને દુઃખમાંથી સુખ તરફ લઈ જવાના ઉદ્દેશથી જગતમાં પ્રસારિત-પ્રચારિત કરવામાં આવેલ કોઈ ચોક્કસ માન્યતા અને તદનુસારી આચરણાને જ દર્શનરૂપે ઓળખવામાં આવે છે.

આ દર્શનોમાં જે દર્શનોનાં પ્રણેતા કે પ્રસ્થાપકોની દૃષ્ટિ જેટલી પરિપૂર્ણ તેટલું જ દર્શન સર્વાંગપરિપૂર્ણ બને છે. જે દર્શનોના પ્રણેતા કે પ્રસ્થાપકોની દૃષ્ટિ જેટલી અપરિપૂર્ણ તેટલું તે દર્શન પણ અપરિપૂર્ણ બને.

જૈનદર્શનના પ્રણેતા વીતરાગ-સર્વજ્ઞ જિનેશ્વર દેવો રાગ, દ્વેષ, અને મોહ (અજ્ઞાન) થી સર્વથા રહિત હોઈ એમનું દર્શન સર્વાંગપરિપૂર્ણ જ હોય છે. એ જ વીતરાગ-સર્વજ્ઞ જિનેશ્વર દેવોએ પ્રરૂપેલા દર્શનનાં પોતાને ફાવતા એવા અમુક અંશો પકડીને તેને જ પરિપૂર્ણદર્શનરૂપે જગતમાં પ્રચારિત - પ્રસારિત કરનારા ઘણા હોય છે. એ મૂળધારાથી છુટાં પડી અપૂર્ણ -અપરિપૂર્ણ માન્યતા-આચરણા પ્રસ્થાપિત કરતાં દર્શનો અન્ય અન્ય નામો ધારણ કરી ષડ્દર્શનરૂપે ઓળખાય છે. એમના પ્રણેતા પ્રસ્થાપકોએ જૈનદર્શનની માન્યતા-આચરણાનો અમુક ભાગ જ સ્વીકારેલા હોઈ એ દર્શનો પણ અપૂર્ણ-અપરિપૂર્ણ જ રહે છે.

આ છૂટાં પડેલાં દરેક દર્શનોમાં એમણે છોડેલો જૈનદર્શનનો અંશ ફરી જોડી દેવામાં આવે અને એમણે અંગિકાર કરેલો સ્વમાન્યતા - આચરણાનો અસદ્આગ્રહ જો એમાંથી કાઢી નાંખવામાં આવે તો એ બધાં દર્શનોનો સરવાળો થઈ ફરી **જૈનદર્શન** બની જવા પામે છે.

માટે જ અહિં સૌથી પ્રથમ જે ગાથાનું ઉદ્ધરણ કરાયું છે,

તે શ્રીસન્મતિતર્ક નામના મહાન ગ્રંથરત્નમાં સમર્થ દાર્શનિક વાદિ-પુરંદર પૂજ્ય આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજાએ અવતારેલી ગાથામાં 'મિથ્યાદર્શનોના સમૂહરૂપ જૈનવચન (શાસન)નું કલ્યાણ થાઓ' એવા આશયની શુભકામના કરાઈ છે.

મિથ્યાદર્શનો કે દર્શનકારો સ્તુત્ય સ્તવનીય-પ્રશંસનીય નથી જ. કારણ કે એકાંતની મિથ્યાવાસનાથી વાસિત છે. આમ છતાં તેમનામાં જે કાંઈ સારું દેખાય છે તે જૈનદર્શનનું જ હોઈ તેમનામાં રહેલા અસદ્નો ત્યાગ કરાવવાપૂર્વક અને તેમનામાં સદ્નો સદ્ભાવ કરાવવાપૂર્વક, તેમને ફરી જૈનદર્શનની કોટિમાં લાવીને, સ્તવના કરવાનો જ અહીં આશય છે, એ વાત સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા જેવી છે. કેમકે સ્તવનીય વસ્તુ તો 'સદ્' જ છે, 'અસદ્' સ્તવનીય હોતું નથી.

રત્ન ગમે ત્યાં હોય એવું બને, પણ તે રત્ન તો રત્નાકરનું જ હોઈ શકે. ક્યાંક ક્યારેક રત્ન જડી આવે

એમ બને પણ રત્ન લેવા માટે ગમે તેવા સ્થાનોનો આશ્રય કરાતો નથી. રત્ન લેવા માટે **'રત્નાકર'ને** ખોળવો પડે છે. આ જ ન્યાય-નીતિ 'દર્શન'ની બાબતમાં પણ લાગૂ પડે છે. માટે જ સમર્થ દાર્શનિક વાદિપુરંદર પૂ.આ.શ્રી. સિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજાએ એક સ્થળે લખ્યું છે -

"सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु,
स्फुरन्ति याः काश्चित् सुक्तिसम्पदः ।
तवैव ताः पूर्वमहार्णवोद्धृता -
र्जगत्प्रमाणं जिनवाक्यविप्रुषः ।।"

અર્થ - હે પરમાત્મન્ ! અમને સારી રીતે ખબર પડી ગઈ છે કે - અન્યદર્શનો (શાસ્ત્રો)ની યુક્તિઓમાં જે કેટલીક સારા-વચનોરૂપી સંપત્તિઓ ઝળકતી દેખાય છે, તે તમારા જ પૂર્વરૂપી મહાસાગરમાંથી ઉદ્ધરેલી છે, માટે જ જિનવચનના જાણકારો તેને (આંશિક અંશે) પ્રમાણરૂપ માને છે, પ્રમાણે છે.

જૈનદર્શને મુક્તિમાર્ગરૂપે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધના બતાવેલ છે. એ ત્રણમાંય એક અપેક્ષાથી સમ્યગ્દર્શન જ પ્રધાન છે. કેમકે એ - પાયાના સ્થાને છે. સમ્યગ્દર્શનની શુદ્ધિના આધારે જ જ્ઞાન અને ચારિત્રની સમ્યક્તા ટકી રહે છે. દર્શન જો સમ્યક્ હોય તો જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યક્ બને છે અને દર્શન જો મિથ્યા હોય તો જ્ઞાન અને ચારિત્ર પણ મિથ્યા બને છે. સમ્યક્દર્શન+જ્ઞાન+ચારિત્ર જ મોક્ષ આપી શકે. મિથ્યાદર્શન+જ્ઞાન+ચારિત્ર તો સંસારભ્રમણ દુઃખપરંપરા-દુર્ગતિ જ આપે.

માટે જ આત્માર્થી - સુખાર્થી જીવોએ સતતપણે દર્શનને 'સમ્યક્' બનાવવાનો પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ.

દર્શનને 'સમ્યક્' બનાવવા માટે પ્રથમ દર્શનનું સ્વરૂપ જાણવું-સમજવું પડે. દર્શનને જાણતાં-સમજતાં દર્શનનાં નામે જગતમાં ગવાતાં-ઓળખાતાં મિથ્યાદર્શનોને પણ જાણવા પડે.

જેમ અહિંસાનું પાલન કરવા માટે અહિંસાનું સ્વરૂપ સમજવું જરૂરી છે. એ સાથે હિંસાનું પણ સ્વરૂપ સમજવું અનિવાર્ય છે. તે જ રીતે સમ્યગ્દર્શનને જાણવા માટે મિથ્યાદર્શનોને પણ જાણવા જરૂરી છે. મિથ્યાદર્શનો દ્વારા જગતમાં મિથ્યાત્વ ફેલાવાયું છે. મિથ્યાત્વને કાઢ્યા વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સંભવિત જ નથી. માટે સમ્યગ્દર્શન પામતાં પૂર્વે જ મિથ્યાત્વને કાઢવા માટે કે સમ્યગ્દર્શનને પામ્યા પછી મિથ્યાદર્શનની જાળમાં ફસાઈ ન જવાય, તે માટે એ મિથ્યાત્વને પ્રચારનાર મિથ્યાદર્શનોને પૂરેપૂરાં જાણી સમજી લેવાં જરૂરી થઈ પડે છે. અને એ માટે જ **ષડ્દર્શનનો** અભ્યાસ જરૂરી છે.

સૂરિપુરંદર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પૂર્વાવસ્થામાં વેદાંતદર્શનના પ્રકાંડ વિદ્વાન હતા. ત્યાંની ચૌદ વિદ્યાઓના પારગામી હતા. સમર્થવાદી હતા. રાજમાન્ય હતા. રાજપુરોહીત પદે પ્રતિષ્ઠિત હતા. જૈનદર્શનના એ કટ્ટર દ્વેષી પણ હતા. છતાં એ સરળ હતા. એમનામાં અખંડ જ્ઞાનપિપાસા હતી. એ જ્ઞાનપિપાસામાંથી જ એમણે એક પ્રતિજ્ઞા કરી હતી. કોઈ પણ વાક્યનો અર્થ-પરમાર્થ પોતાને ન સમજાય તો એને સમજાવનારનું પોતે શિષ્યત્વ સ્વીકારવું.

આમાંથી જ આગળ જઈ એક સાધ્વીજી ભગવંતના મુખે ઉચ્ચારાતી પ્રાકૃત ગાથાનો સાંકેતિક અર્થ-પરમાર્થ ન સમજી શકતાં, સાધ્વીજી મહારાજના મર્યાદાપાલનથી જૈનાચાર્યના શરણે જઈ વિનય-વિવેકથી અર્થની યાચના કરતાં આચાર્યશ્રીની દીર્ઘદૃષ્ટિભરી ગીતાર્થતાથી અભિભૂત થઈ તેઓ જૈનશ્રમણ બન્યા.

પૂર્વકાળનો માન-મોભો-પંડિતાઈ-આદિ દરેકનો ત્યાગ કરી જૈનાગમોના આરાધક બન્યા, પારદર્શી, પારંગત બન્યા. જેમ જેમ જૈનાગમોની પંક્તિઓનો તેઓ સ્પર્શ કરતા ગયા, તેમ તેમ તેમની આંખ સામે મિથ્યાદર્શનોની વાતો-તત્ત્વો ઉભરાવા લાગ્યા. બન્નેની માધ્યસ્થભાવે તુલના-પરીક્ષા કરી તેઓશ્રીમદ્દે

युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।

"યુક્તિપૂર્વકનું (ન્યાયસંગત=સત્ય) વચન જેમનું હશે તેનો હું સ્વીકાર કરીશ"

આ ન્યાયે જૈનવચન જ સંપૂર્ણ યુક્તિમત્=ન્યાયસંગત=સત્યવચન જણાતાં ડંકાની ચોટ પર તેની સત્યતા જગત સામે જાહેર કરી.

જૈનાગમોના અભ્યાસ દ્વારા જ આ શક્ય બન્યું હોઈ, તેઓશ્રીમદ્ 'સંબોધ પ્રકરણ' નામના મહાગ્રંથમાં એક સ્થળે ખૂબ જ માર્મિક શબ્દોમાં જૈનઆગમનું મહિમાગાન કર્યું છે.

कहं अम्हारिसा पाणी दुसमादोसदूसिया ।
हा । ऊणाहा कहं हुंता जई न हुंतो जिणागमो ।।

અર્થ-દુષમાકાળની વિચિત્રતાઓથી દોષિત બનેલા અમારા જેવા અનાથ જીવોનું, જો જિનાગમ ન મળ્યા હોત તો શું થાત ?

એવા એ પ્રાજ્ઞવર મહાપુરુષે જગતમાં પ્રસિદ્ધ દરેક દર્શનોની માન્યતા- આચરણાઓનું જ્ઞાન મળે એ માટે ષડ્દર્શનસમુચ્ચય નામના મહાન સંગ્રહગ્રંથની રચના કરી મહોપકાર કરેલો છે. આ ગ્રંથમાં એઓશ્રીમદ્ ૧- બૌદ્ધદર્શન ૨- નૈયાયિક(ન્યાય)દર્શન, ૩ - સાંખ્ય(યોગ)દર્શન ૪ - સર્વજ્ઞ પ્રરૂપિત જૈનદર્શન, ૫ - વૈશેષિકદર્શન અને ૬ - મીમાંસકદર્શનની ખૂબ જ સુંદર, સંગ્રહાત્મક શૈલીમાં પ્રામાણિક માહિતી આપેલ છે. સાથોસાથ દર્શન નામ ધરાવવા છતાં વાસ્તવિક રીતે જોતાં દર્શનની કક્ષામાં ન આવી શકે એવા લોકાયત = ચાર્વાક મતની પણ જરૂરી જાણકારી આપી છે.

આ મહત્ત્વપૂર્ણ ગ્રંથ પર પૂ.આ.શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજે ખૂબ જ વિશદ વૃત્તિની રચના કરી છે. જેમાં તે તે અસદ્-દર્શનોની અસદ્-માન્યતાઓનું પ્રબળ ખંડન કરવાપૂર્વક જૈનદર્શનની સદ્-માન્યતાઓનું ઠોસ મંડન જૈનદર્શનના નિરૂપણ અવસરે કરેલું છે.

આ ગ્રંથ તે તે દર્શનોના મહત્ત્વના દરેક સિદ્ધાંતો આદિનું ખૂબ જ અસરકારક રીતે વર્ણન કરે છે. તે વર્ણન પણ ન્યાયની શૈલીમાં કરાયેલું છે. એની એક-એક પંક્તિને સમજવા માટે બુદ્ધિને ખાસી કસવી પડે છે અને એ માટે ભાષાજ્ઞાન ઉપરાંત તર્કના પ્રારંભિક ગ્રંથો અને સૂક્ષ્મક્ષયોપશમની જરૂર પડે છે. એવી જ્ઞાનલક્ષ્મી ખૂબ ઓછા પુણ્યાત્માઓ પાસે હોઈ, આ ગ્રંથનો અભ્યાસ કરનારની સંખ્યા પણ ઓછી જ હોય એ સમજી શકાય તેમ છે.

સેંકડો વર્ષોથી જૈનસંઘમાં આ ગ્રંથનો અભ્યાસ થતો આવ્યો છે. એ ગ્રંથનો ભાવ મધ્યમક્ષયોપશમવાળા અભ્યાસુઓને પણ જાણવા-માણવા મળે એ ઉદ્દેશથી એનો સરળશૈલીમાં ભાવાનુવાદ થવો અનિવાર્ય છે, એમ જૈનશાસનશિરતાજ તપાગચ્છાધિરાજ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા અનેકવાર કહેતા. જોકે આ પૂર્વે હિંદી ભાષામાં અનુવાદ થયેલો, પરંતુ અનેકાનેક ગ્રંથોનો આધાર લઈને, વિશદ ટીપ્પણાઓ, પરિશિષ્ટો, સંદર્ભો, સાક્ષિઓ આદિ સુસમૃદ્ધ પ્રકાશન થવું જરૂરી હતું. આ પ્રકાશનમાં તે કાર્ય સંપન્ન થયું હોવાથી આની ઉપયોગિતા ખૂબ વધી જવા પામી છે. વધુ આનંદદાયક બાબતરૂપે આ ગ્રંથમાં પરિશિષ્ટરૂપે

દાખલ કરવામાં આવેલા અનેકવિધ વિષયો છે. જેમાં વિશેષ નોંધપાત્ર પરિશિષ્ટરૂપે **'ષડ્દર્શન-સમુચ્ચયભૂમિકા' (પરિશિષ્ઠ-૭)** છે. જે લખાણ વચનસિદ્ધ પૂ.ઉપાધ્યાય પ્રવરશ્રી વીર વિજયજી મહારાજાના શિષ્યરત્ન સકલાગમ રહસ્યવેદિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર કર્મસાહિત્ય સુનિપુણમતિ સચ્ચારિત્ર ચુડામણિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા કે જેઓ તે સમયે અનુયોગાચાર્ય પૂ. પંન્યાસજી શ્રી પ્રેમ વિજયજી ગણિવર્ય રૂપે પ્રખ્યાત હતા; તેઓશ્રીમદે ખૂબ જ જહેમત ઉપાડી કરેલ છે, જેમાં આ ગ્રંથરત્ન, ગ્રંથકાર, ગ્રંથવિષય આદિ અનેકવિધ બાબતોનો પ્રોઢ ગીર્વાણ ગિરામાં પરિચય આપવા ઉપરાંત અનેક કલ્પિતબાબતોનો શાસ્ત્રીય સચોટયુક્તિઓ અને ઉક્તિઓ દ્વારા પ્રબળ પ્રતિકાર પણ કર્યો છે. દરેક દર્શન અધ્યેતાઓએ આ ભૂમિકાનું લખાણ કાળજીપૂર્વક વાચવું ઉપયોગી છે.

તદુપરાંત પરિશિષ્ટ - ૮ રૂપે મલધારિગચ્છના પૂ.આ.શ્રી રાજશેખસૂરીશ્વરજી મહારાજા દ્વારા રચિત ષડ્દર્શન સમુચ્ચય નામનો અન્ય આ વિષયક અને સમાન નામવાળો જ ગ્રંથરત્ન ઉદ્ધત કરવામાં આવ્યો છે.

ત્યારબાદ પરિશિષ્ટ - ૯ રૂપે પૂ.આ.શ્રી. સોમતિલક સૂરીશ્વરજી મહારાજ રચિત આ ગ્રંથ પરની લઘૂવત્તિ પણ સંપૂર્ણ મૂદ્રિત કરાઈ છે. એની સાથે જ આ ગ્રંથ પર મળતી પ્રાચીન સૂરિવર દ્વારા રચાયેલી અવચૂર્ણી પણ આપવામાં આવી છે (પરિશિષ્ટ - ૧૦) અને અંતે કોઈક અજ્ઞાત કર્તાએ બનાવેલ લઘુ ષડ્દર્શન સમુચ્ચય પણ આપવામાં આવેલ છે. આ રીતે આ વિષયના અનેક ગ્રંથો એક સાથે મળવાથી તુલનાત્મક અભ્યાસ આદિ કરવાની ઇચ્છા ધરાવતા આત્માઓને ખૂબ ઉપયોગી બની રહેશે.

પ્રસ્તુત ગ્રંથમાં કયા કયા ક્રમે કયા કયા દર્શનો સંબંધી કયા કયા વિષયોનું નિરૂપણ છે, તેનો નિર્દેશ અનુક્રમણિકામાં કરવામાં આવેલો હોવાથી અત્રે તેનો ઉલ્લેખ નથી કરતો. આ ગ્રંથનો ભાવાનુવાદ તેમજ પરિશિષ્ટોની સંકલના, ટીપ્પણીઓ આદિ સાથેનું સર્વાંગ સુંદર સંપાદન કાર્ય ખૂબ જ સૂક્ષ્મબોધ, સમય, આવડત, રુચિ અને જહેમત માગી લે તેવું હોવા છતાં સંપાદક - ભાવાનુવાદકાર મહાત્માએ તેને સાંગોપાંગ પૂર્ણ કરી અનુમોદનીય શ્રુતભક્તિનું કાર્ય કર્યું છે.

જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન ઉત્તમસંયમી મુનિરાજશ્રી દર્શનભૂષણ વિજયજી મહારાજના શિષ્યરત્ન પ્રવચનકાર મુનિરાજશ્રી દિવ્યકીર્તિવિજયજી મહારાજના શિષ્યયરત્ન પ્રવચનકાર મુનિરાજશ્રી પુણ્યકીર્તિવિજયજી મહારાજના તેઓ શિષ્યરત્ન છે અને નિર્મળ સંયમના લક્ષ્ય અને પાલનપ્રયત્ન પૂર્વક તેઓ નિરંતર વ્યાકરણ, ન્યાય, દર્શન જેવી જટિલ ગણાતી જ્ઞાનશાખાઓમાં નિપુણતા કેળવી સમ્યગ્દર્શનાદિની શુદ્ધિનો પુરુષાર્થ કરી રહ્યા છે.

તેઓનો આ પ્રયાસ અનેકાનેક ભવ્યાત્માઓને ષડ્દર્શનના બોધ દ્વારા, મિથ્યાદર્શનોની અપૂર્ણતાનું ભાન કરાવી તેના ત્યાગના માર્ગે સમ્યક્ જૈનદર્શનની પૂર્ણતાનું શ્રદ્ધાન કરાવી એના સુરુચિપૂર્ણ સ્વીકાર અને પરિપાલનના માર્ગે સર્વકર્મનો ક્ષય કરાવી શાશ્વત સુખાત્મક મોક્ષને પમાડનાર બને એજ શુભાભિલાષા.

દાતરાઈ-
વિ.સં. ૨૦૬૧
ફાગણ સુદ - ૩
રવિવાર.

જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યાલંકાર વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી
મહારાજનો શિષ્યાણુ
- વિજય કીર્તિયશસૂરિ

किंचित्

जिनवरमां सघळा दर्शन छे, दर्शने जिनवर भजना रे,
सागरमां सघळी तटिनी सही तटिनीमां सागर भजना रे,
श्री नमि जिनवरना चरण उपासक षड्अंग आराधे रे. - *श्री आनंदघनजी महाराजा*

જેમ સાગરમાં સઘળી નદીઓનો સમાવેશ હોય છે, પણ નદીમાં સાગરનો સમાવેશ નથી, તેમ શ્રી જિનેશ્વર ભગવાનના દર્શનમાં સઘળા દર્શનોનો સમાવેશ છે, પણ અન્ય એક એક દર્શનમાં જિનેશ્વર ભગવાનના દર્શનનો સમાવેશ નથી અથવા તેઓ તેના અંશરૂપ છે.

આ તત્ત્વની વાસ્તવિક પ્રતીતિ કરવા માટે છ દર્શનનો અભ્યાસ જરૂરી બને છે. પ્રસ્તુત પ્રકાશન તેમાં સહાયક થશે.

આ ગ્રંથમાં અન્ય દર્શનોના નિરૂપણ સાથે અંતે જૈનદર્શનના નિરૂપણમાં ઘણા પદાર્થોની રજુઆતમાં વિવિધતા અને વિશેષ સ્પષ્ટતા જોવા મળે છે. જેમ કે –

ननु सिद्धानां कर्मक्षयः किमेकान्तेन कथञ्चिद्वा ? आद्येऽनेकान्तहानिः, द्वितीये सिद्धानामपि सर्वथा कर्मक्षयाभावादसिद्धत्वप्रसङ्गः, संसारीजीववदिति । अत्रोच्यते । सिद्धैरपि स्वकर्मणां क्षय स्थित्यनुभागप्रकृतिरूपापेक्षया चक्रे, न परमाण्वपेक्षया । न ह्यणूनां क्षय केनापि कर्तुं पार्यते, अन्यथा मुद्गरादिभिर्घटादीनां परमाणुविनाशे कियताकालेन सर्ववस्त्वभावप्रसङ्गः स्यात् । ततस्तत्राप्यनेकान्त एवेति सिद्धं दृष्टेष्टाविरुद्धमनेकान्तशासनम् ।

ભાવાર્થ :- સિદ્ધ ભગવાનને સર્વથા એકાન્તે કર્મનો ક્ષય માનશો તો સ્યાદ્વાદની હાનિ થશે અને સર્વથા ન માનો તો અસિદ્ધત્વ માનવું પડશે. આવી પૂર્વપક્ષીએ આપત્તિ આપી, તેના ઉત્તરમાં ગ્રંથકારે જણાવ્યું કે -

સિદ્ધ ભગવાનને કર્મનો ક્ષય પરમાણુની અપેક્ષાએ નથી. પરંતુ કર્મોની પ્રકૃતિ આદિની અપેક્ષાએ છે. અણુનો ક્ષય તો ક્યારેય થઈ શકતો જ નથી. પરમાણુનો ક્ષય માનવાથી તો સર્વ વસ્તુના અભાવનો પ્રસંગ આવશે. આ રીતે અનેકાન્ત શાસન પ્રત્યક્ષ સિદ્ધ થાય છે.

વળી ગાથા-૫૭ની ટીકામાં એક સ્થળે સ્યાદ્વાદ સમ્યગ્ એકાન્તથી દૃઢ બને છે, આ વાત બહુ સ્પષ્ટ કરી છે. વસ્તુમાં 'જે અંશે સત્ત્વ છે, તે અંશ વડે એકાંત સત્ત્વ માનવામાં આવે' તો એકાન્ત માનવાથી સ્યાદ્વાદની હાનિ થશે અને 'જે અંશ વડે સત્ત્વ છે, તે અંશ વડે સત્ત્વાસત્ત્વ માનવામાં આવે' તો અનવસ્થા આવશે. આવા પૂર્વપક્ષના આક્ષેપનો જવાબ આપતાં ગ્રંથકારે જણાવ્યું કે –

... सत्त्वासत्त्वादयो वस्तुन एव धर्माः, न तु धर्माणां धर्माः, 'धर्माणां धर्मा न भवन्ति' इति वचनाद् । न चेवमेकान्ताभ्युगमादनेकान्तहानिः, अनेकान्तस्य सम्यगेकान्ताविनाभावित्वात्, अन्यथानेकान्तस्यैवाघटनाद्, नयार्पणादेकान्तस्य प्रमाणादनेकान्तस्यैवोपदेशात्, तथैव दृष्टेष्टाविरुद्धस्य तस्य व्यवस्थितेः ।

ભાવાર્થ :- સત્ત્વ, અસત્ત્વ વગેરે વસ્તુના જ ધર્મો છે, ધર્મોના ધર્મો નથી. કારણ કે 'ધર્મોના ધર્મો હોતા નથી' તેવું વચન છે.

પ્રશ્ન :- આ રીતે વસ્તુના જ ધર્મો માનવાથી એકાન્તવાદનો સ્વીકાર કર્યો ગણાશે અને તમારા અનેકાન્ત સિદ્ધાન્તની હાનિ થશે.

ઉત્તર :- આ વાત યુક્ત નથી. અનેકાન્તવાદ સમ્યગ્એકાન્ત વિના સંભવી શકતો નથી. જો અનેકાન્તમાં સમ્યક્ એકાન્ત ન માનો તો અનેકાન્તવાદ ઘટી જ ન શકે. અર્થાત્ વસ્તુનું સ્વરૂપ જ નિશ્ચિત ન થઈ શકે. યથાયોગ્ય નયની અપેક્ષાથી એકાન્તવાદનો ઉપદેશ એ પ્રમાણથી અનેકાન્તવાદનો જ ઉપદેશ છે અને આ રીતે જ દરેક પદાર્થ કોઈ વિરોધ વિના સુંદર રીતે વ્યવસ્થિત રહેલો છે.

વર્તમાનમાં કેટલાક 'ધર્મ મોક્ષ માટે જ થાય' આવા સમ્યગ્ એકાન્ત ઉપદેશથી ભડકી (કે ભડકાવી ?) તેની સામે અનેકાન્તના નામે 'સંસારના સુખ માટે પણ ધર્મ થાય' આવાં ઉપદેશ વડે અનેકાન્તાભાસનું સમર્થન કરી તત્ત્વની હાનિ કરે છે. તેઓએ આ વાત બરાબર સમજવી જોઈએ અને તત્ત્વનું નિશ્ચિત સ્વરૂપ શ્રોતાના હૈયામાં સ્થિર થાય તેમ કરવું જોઈએ.

જગતમાં જયકારી શ્રી જિનેશ્વર ભગવાનના શાસનની યથાર્થશ્રદ્ધા કરી સમ્યગ્દર્શનની શુદ્ધિ કરી સર્વે જીવો પરમપદને પામો તે જ પ્રાર્થના.

- પૂજ્ય મુનિરાજશ્રી દર્શનભૂષણવિજયજી મ.સા.નો વિનેય મુનિ દિવ્યકીર્તિવિજય

ચંદનબાળા ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ.

ભાવાનુવાદના અવસરે

વિ. સં. ૨૦૫૫ની સાલમાં પાછીયાની પોળ-જૈન આરાધના ભવનમાં પૂ. ગુરુદેવશ્રી **દિવ્યકીર્તિ** વિ. મ. સા. ને વૈયાવચ્ચ માટે એક વર્ષ રોકાવાનું થયું. તે અરસામાં શ્રી વાચસ્પતિ મિશ્ર પંડિતજી પાસે ષડ્દર્શન સમુચ્ચયનો અભ્યાસ કરવાનો થયો. સાથે સાથે નૈયાયિક સૂત્ર, વૈશેષિક સૂત્ર, જૈમિની સૂત્ર, સાંખ્યકારિકા, પાતંજલયોગસૂત્ર આદિ ગ્રંથોનું પણ અવગાહન કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી અભ્યાસાર્થે એક નોટ તૈયાર કરી. તેમાં ૧૪૪૪ ગ્રંથના રચયિતા પૂજ્ય આચાર્ય શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના** મૂલ ગ્રંથ ઉપરની પૂજ્ય આચાર્ય શ્રી **ગુણરત્નસૂરીશ્વરજી** મહારાજાની બૃહદ્-વૃત્તિનું ભાષાંતર તથા મૂલ ગ્રંથ અને ટીકામાં નહિ કહેલા તે તે દર્શનના વિશેષ વાચ્યાર્થને ટીપ્પણી તરીકે સમાવેશ કર્યો. લેખનનો મહાવરો ન હોવાથી ભાષાકીય દૃષ્ટિએ લખાણ જામતું નહોતું.

વિ. સં. ૨૦૬૦માં પૂ. ગુરુદેવની ચૈત્ર માસની શાશ્વતી ઓળી લાલબાગમાં નક્કી થઈ. ચૈત્ર સુદ-૧ થી પૂ. ગુરુદેવની પ્રેરણા અને અનુજ્ઞાથી પુનઃ તે લખાણને વ્યવસ્થિત કરવાના કાર્યનો પ્રારંભ કર્યો. ભા. સુદ-૮ના રોજ શ્રીપાલનગરમાં પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં ભાવાનુવાદનું આ કાર્ય સંપન્ન થયું.

તે દરમિયાન પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાના માર્ગદર્શનથી આ ગ્રંથ સન્માર્ગ પ્રકાશનમાં છપાવાનું નક્કી થયું.

જૈન દાર્શનિક ગ્રંથોમાં, આગમોમાં તથા અન્ય પ્રકરણ ગ્રંથોમાં આવતી દાર્શનિક ચર્ચાઓના પૂર્વોત્તર પક્ષને સમજવામાં સહાયક થાય તેવો આ અદ્ભૂત ગ્રંથ છે.

જ્યાં સુધી તે તે દર્શનની મૂળ માન્યતાને સમજવામાં ન આવે, ત્યાં સુધી આપણા ગ્રંથોમાં કરેલું તે તે દર્શનની માન્યતાઓનું ખંડન સમજવું કઠીન પડે છે. આ ગ્રંથમાં તે તે બૌદ્ધાદિ દર્શનની મૂળ માન્યતાઓને મૂળ ગ્રંથકારશ્રીએ માત્ર ૮૭ શ્લોકમાં ગૂંથી લીધી છે. તે તે બૌદ્ધાદિ દર્શનની (મૂળ ગ્રંથકારશ્રીએ નહિ વર્ણવેલી) શેષ માન્યતાઓને ટીકાકારશ્રીએ ટીકામાં ગુંથી લીધી છે. સાથે સાથે ટીકાકારશ્રીએ જૈનદર્શનના વિવરણમાં બૌદ્ધાદિ પ્રત્યેક દર્શનની તે તે મૂળ માન્યતાઓનું ખંડન કરી અદ્ભૂત શૈલીથી જૈનદર્શનની સર્વોપરિતા-યથાર્થવાદિતા સિદ્ધ કરી બતાવી છે.

દરેક દર્શનોને પોતાના શાસ્ત્રકથિત ભાવોને તથા લોકવ્યવહારોને સિદ્ધ કરવા અમારા અનેકાંતવાદનો આશરો લેવો જ પડે છે, તે ટીકાકારશ્રીએ રોચક શૈલીથી જૈનદર્શનના વિવરણમાં સમજાવવાનું કાર્ય કર્યું છે તથા અન્ય દર્શનના ગ્રંથોમાં પરસ્પર વિરુદ્ધ વચનોને

બતાવી, અન્ય દર્શનોની અયથાર્થતાને પ્રગટ કરવા દ્વારા પરસ્પર અવિરુદ્ધ વચનોનું કથન કરતા જૈનદર્શનની યથાર્થતા-લોકોત્તરતા અને સર્વજ્ઞમૂલકતાને સુંદર રીતે સિદ્ધ કરી આપી છે.

મેં ભાવાનુવાદમાં કેટલાક સ્થળે પંક્તિનો ભાવ પ્રગટ કરવા માટે પ્રથમ તે તે દર્શનની માન્યતાને સ્પષ્ટ કરી છે. ત્યારબાદ પંક્તિનો ભાવાનુવાદ કર્યો છે. તેમજ કેટલાક સ્થળે તે તે દર્શનની મૂળ માન્યતાઓને સમજવા માટે પૂ. મુ. શ્રી **વૈરાગ્યરતિ** વિ. મ. સા. દ્વારા અનુવાદિત 'ષડ્દર્શન સમુચ્ચય' પુસ્તિકામાંથી તથા પં. **મહેન્દ્રભાઈ જૈન** દ્વારા હિન્દીમાં અનુવાદિત 'ષડ્દર્શન સમુચ્ચય' પુસ્તકમાંથી સહાયતા લીધી છે.

પ્રસિદ્ધ એવા વેદાંત દર્શનનો મૂલ ગ્રંથમાં સમાવેશ કર્યો નથી. ટીકાકારશ્રીએ વેદાંત દર્શનનો આછેરો ઉલ્લેખ કર્યો છે. તે વેદાંત દર્શનનો ટીપ્પણીમાં સમાવેશ કર્યો છે તથા સ્વતંત્ર રીતે પરિશિષ્ટ તરીકે પૂ. મુ. શ્રી **વૈરાગ્યરતિ** વિ. મ. સા. દ્વારા અનુવાદિત ષડ્દર્શન પુસ્તિકામાંથી તેઓશ્રીની અનુજ્ઞાથી સમાવેશ કર્યો છે. **મારી જ્ઞાનારાધનામાં દરેક રીતે સહાયતા કરવામાં તત્પર પૂ. મુનિશ્રીનો ઉપકાર હરહંમેશ યાદ રહેશે.**

પરમશ્રદ્ધેય સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિજય **હેમભૂષણસૂરીશ્વરજી** મહારાજા, પરમશાસનપ્રભાવક પૂ. આ. ભ. શ્રી વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજા, પરમવૈયાવચ્ચી પૂ. મુનિરાજશ્રી **હર્ષવર્ધન** વિ. મ. સા., ભવોદધિતારક પરમોપકારી પૂ. ગુરુદેવ મુ. શ્રી **દિવ્યકીર્તિ** વિ. મ. સા. તથા તપસ્વી પૂ. ગુરુજી મુ. શ્રી **પુણ્યકીર્તિ** વિ. મ. સા. ની મહતી કૃપા મારા પ્રત્યેક કાર્યોમાં સાથે રહી છે. તેઓશ્રીનો ઉપકાર ક્યારે પણ ભૂલી શકાય તેમ નથી.

વિશેષમાં ગ્રંથના પ્રારંભમાં વાચકવર્ગને ટીકાના વાંચનમાં સરળતાથી પ્રવેશ થઈ શકે, તે માટે ટીકાકારશ્રીઓ પૂર્વોત્તર પક્ષ (પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ)ની સ્થાપના કયા પ્રકારની શૈલીથી કરતા હોય છે, તેને 'ટીકાની શૈલીનો પરિચય' લેખથી જણાવેલ છે.

અભ્યાસુવર્ગની અનુકૂળતા માટે ગ્રંથના અંતે પરિશિષ્ટો આપ્યા છે. તેમાં વેદાંત દર્શનનો તથા યોગદર્શનનો સંક્ષેપ. બૌદ્ધદર્શનની અઢાર નિકાય, ગાથાવર્ણાનુક્રમ, મૂળસ્થાનોમાંથી ઉદ્ધૃત વાક્યાનુક્રમણિકા તથા સાક્ષીપાઠોના (ગ્રંથના) સંકેત વિવરણનો સમાવેશ કર્યો છે તથા અભ્યાસમાં સહાયતા રહે તે માટે પરિશિષ્ટ તરીકે ષડ્દર્શન સમુચ્ચય વિષયક બીજી કૃતિઓનો સમાવેશ કર્યો છે. તેમાં (i) જૈનદર્શનની સર્વશ્રેષ્ઠતાને સિદ્ધ કરતી **ષડ્દર્શન સમુચ્ચય ભૂમિકા** (ii) **પૂ. આ. ભ. સોમતિલકસૂરિ** કૃત **ષડ્દર્શન સમુચ્ચયની લઘુવૃત્તિ** (iii) મલધારીશ્રી **રાજશેખરસૂરિ** વિરચિત **ષડ્દર્શન સમુચ્ચય** (૧૮૦ શ્લોકપ્રમાણ મૂળગ્રંથ) (iv) **ષડ્દર્શન સમુચ્ચય - અવચૂર્ણિ** (v) પ્રાચીન અજ્ઞાત કર્તૃક **લઘુ ષડ્દર્શન સમુચ્ચયનો** સમાવેશ કર્યો છે. (vi) શ્રી મેરૂતુંગસૂરિ વિરચિત **ષડ્દર્શન નિર્ણય,** (vii) સર્વદર્શનાત્મક જૈનદર્શનનો મહિમા સૂચવતું શ્રી આનંદઘનજી મહારાજા

વિરચિત **શ્રીનમિનાથ ભગવાનનું સ્તવન** (viii) શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રંથમાંથી ગ્રહણ કરેલા **વેદાંતદર્શનના સંગ્રાહક શ્લોકો.**

તદુપરાંત પૂ. આ. ભ. શ્રી વાદિદેવસૂરિ વિરચિત સૂત્રબદ્ધ પ્રમાણનયતત્ત્વાલોક ગ્રંથના આધારે **નય અને સપ્તભંગીનું આંશિક સ્વરૂપ** પરિશિષ્ટમાં વર્ણવ્યું છે.

આ ગ્રંથમાં મૂળ સૂત્રકાર પરમર્ષિએ માત્ર છ દર્શનોનો પરિચય આપી અંતે શ્લોક-૮૭ના ઉત્તરાર્ધમાં **अभिधेयतात्पर्यार्थः पर्यालोच्यः सुबुद्धिभिः** ।। આ વાત જણાવી તે તે દર્શનોની ગુણવત્તાના વિષયમાં વિદ્વાનોએ સ્વયં વિચારી લેવાની ભલામણ કરી છે. પોતાનો આ વિષયમાં કોઈ અભિપ્રાય આપ્યો નથી. પરંતુ ટીકાકારશ્રીએ શ્લોક-૧માં કહેલા **'सद्दर्शनम्'** શબ્દની વ્યાખ્યાથી સ્પષ્ટ કરી આપ્યું છે કે પૂ. મૂળ સૂત્રકાર પરમર્ષિને જૈનદર્શનની સર્વોપરિતા-શ્રેષ્ઠતા જ અભિપ્રેત હતી. ટીકાકારશ્રીએ પણ જૈનદર્શનના વિવરણમાં વિસ્તારથી જૈનદર્શનની શ્રેષ્ઠતા સિદ્ધ કરી આપી છે.

- આ ગ્રંથના પ્રકાશન માટે સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી. **વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા** તથા વિદ્વદ્વર્ય **પૂ.મુ.શ્રી વિશ્વદર્શનવિજયજી** મ.સા.ના સદુપદેશથી જ્ઞાનદ્રવ્યની વ્યવસ્થા થઈ છે. તેઓશ્રીનો ઉપકાર હરહંમેશ યાદ રહેશે.

- વિશેષ અંગત પરિચય વિના પણ ગ્રંથ પ્રકાશન અંગે માર્ગદર્શન આપનાર, ગ્રંથગત ક્ષતિઓને દૂર કરી આપનાર, પૂરોવચન લખી આપી ગ્રંથને સુશોભિત કરનારા પૂ. આ. ભ. શ્રી **વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજાની** અવિસ્મરણીય સહૃદયતા હરહંમેશ સ્મૃતિપથ ઉપર જીવંત રહેશે.

- ભાવાનુવાદના પ્રેરક, મમહિતચિંતક, ભવોદધિતારક પૂ. ગુરુદેવ **મુનિરાજશ્રી દિવ્યકીર્તિ વિજયજી** મ. સાહેબે અમુલ્ય સમય ફાળવીને ગ્રંથગત ભાષાકીય ક્ષતિઓને દૂર કરી આપી મહાન ઉપકાર કર્યો છે.

- મારા ગુરુભાઈ મુ. શ્રી નમ્રકીર્તિ વિજયજીએ પ્રુફશુદ્ધિમાં સુંદર સહાયતા કરી છે.

મારા સ્થૂલ ક્ષયોપશમના યોગે ભાવાનુવાદમાં ક્યાંય પણ ક્ષતિ રહી ગઈ હોય તો વિદ્વાનોને જણાવવા નમ્ર વિનંતિ. તથા છદ્મસ્થતાના યોગે આજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

મારો પહેલો આ નાનકડો પ્રયત્ન સૌ કોઈને શાસ્ત્રાભ્યાસમાં સહાયક બની સ્વ-પરની મુક્તિનું કારણ બને એ જ સદાને સદા માટેની શુભાભિલાષા.....

માગ૦ સુ૦ ૧૧, વિ. સં. ૨૦૬૧

- મુનિ રાંયમકીર્તિ વિજય.

શ્રીપાલનગર જૈન ઉપાશ્રય,

મુંબઈ-૪૦૦૦૦૬

ગ્રંથનો સંક્ષિપ્ત સાર

યાકિનીમહત્તરાના ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધ, ૧૪૪૪ ગ્રંથના રચયિતા, સ્વ-પરદર્શન વિશારદ **પૂ. આ. ભ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** માત્ર ૮૭ શ્લોકમાં બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન, વૈશેષિક, મીમાંસક અને લોકાયત (નાસ્તિક) દર્શનના મુખ્ય પ્રતિપાદ્ય વિષયને આવરી લીધો છે.

મુખ્યતયા આ ગ્રંથમાં (દરેક દર્શનમાં) ત્રણ વિષયોનું નિરુપણ છે. **(i) દેવતા (ii) પદાર્થ વ્યવસ્થા (iii) પ્રમાણ વ્યવસ્થા.**

આ ગ્રંથ ઉપર મુખ્ય બે ટીકાઓ ઉપલબ્ધ થાય છે. (૧) પૂ. આ. ભ. શ્રી ગુણરત્નસૂરિકૃત **બૃહદ્વૃત્તિ.** તેનું બીજું નામ તર્કરહસ્ય દીપિકા છે. (૨) પૂ. આ. ભ. શ્રી સોમતિલકસૂરિકૃત **લઘુવૃત્તિ.**

અહીં બૃહદ્વૃત્તિનો ભાવાનુવાદ કર્યો છે. ટીકાકારશ્રીએ ગ્રંથને મુખ્ય છ અધિકારોમાં વહેંચ્યો છે.

ગ્રંથના પ્રારંભમાં બુદ્ધિમાનોની પ્રવૃત્તિનિમિત્તક મંગલાદિ અનુબંધ ચતુષ્ટયનું વિધાન છે. પ્રથમ શ્લોકમાં અવસર પ્રાપ્ત ૩૬૩ પરવાદિઓના મતની સૂત્રકૃતાંગ ગ્રંથની ગાથાના માધ્યમે વ્યાખ્યા કરાઈ છે. તેમાં ૧૮૦ ક્રિયાવાદિ, ૮૪ અક્રિયાવાદિ, ૬૭ અજ્ઞાનિક તથા ૩૨ વૈનયિક તરીકે ઓળખાય છે.

શ્લોક-૨ અને ૩માં દર્શનોની સંખ્યા અને નામ દર્શાવ્યાં છે.

પ્રથમ અધિકારમાં બૌદ્ધદર્શનનું સ્વરૂપ બતાવાયું છે. **શ્લોક-૪માં** બૌદ્ધદર્શનના આરાધ્ય દેવ સુગત (બુદ્ધ)નું સ્વરૂપ બતાવ્યું છે. વેષ અને આચારનું નિરુપણ કર્યું છે. ધર્મ, બુદ્ધ અને સંઘ સ્વરૂપ રત્નત્રયનો સ્વીકાર કર્યો છે. ચાર આર્યસત્યના પ્રરૂપક સુગત દેવ છે. દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ સ્વરૂપ ચાર મુખ્ય તત્ત્વો છે. તે ચારે તત્ત્વોનું સામાન્ય નિરુપણ શ્લોક-૪માં કર્યું છે.

શ્લોક-૫માં પ્રથમ દુઃખતત્ત્વના વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ - આ પાંચ સ્કંધોનું નિરુપણ કર્યું છે.

શ્લોક-૬માં દુઃખતત્ત્વના કારણભૂત દ્વિતીયતત્ત્વ 'સમુદય'નું વર્ણન કર્યું છે.

શ્લોક-૭માં માર્ગ અને નિરોધતત્ત્વનું નિરુપણ કર્યું છે. દુઃખ અને સમુદય તત્ત્વ સંસારની પ્રવૃત્તિના નિમિત્તભૂત છે. તેના વિપક્ષભૂત તત્ત્વો માર્ગ અને નિરોધ છે. આ શ્લોકમાં બૌદ્ધદર્શનના 'ક્ષણિકત્વ' સિદ્ધાંતની સિદ્ધિ કરી છે.

બૌદ્ધદર્શનના વૈભાષિકાદિ પેટાભેદાની વિવક્ષા વિના સામાન્યથી બાર (૧૨) પદાર્થોનું નિરુપણ **શ્લોક-૮માં કર્યું છે.** (૧-૫) પાંચ ઈન્દ્રિયો (૬-૧૦) શબ્દાદિ પાંચ વિષયો (૧૧) મન અને (૧૨) શરીર - આ બાર પદાર્થો બૌદ્ધોએ માન્યા છે.

શ્લોક-૯માં પ્રમાણની સંખ્યા બતાવી છે.

શ્લોક-૧૦માં પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણનું લક્ષણ બતાવ્યું છે.

શ્લોક-૧૧માં હેતુના પક્ષધર્મતા આદિ ત્રણ રૂપોનું સ્વરૂપ વર્ણવ્યું છે. તથા ટીકામાં મૂળ ગ્રંથકારશ્રીએ નહિ કહેલ વિશેષવિષયોનું વર્ણન કર્યું છે તથા વૈભાષિક આદિ ચાર ભેદોની માન્યતાનું આંશિક નિરુપણ કર્યું છે.

શ્લોક-૧૨ના પૂર્વાર્ધમાં બૌદ્ધમતનો ઉપસંહાર થાય છે અને પ્રથમ અધિકાર પૂર્ણ થાય છે.

શ્લોક-૧૨ના ઉત્તરાર્ધથી દ્વિતીય અધિકાર તરીકે નૈયાયિક મતનો પ્રારંભ થાય છે. તેમાં નૈયાયિક દર્શનના લિંગ, વેષ અને આચારનું આંશિક નિરૂપણ છે તથા દેવના અઢાર અવતારનાં નામ આપ્યા છે.

શ્લોક-૧૩માં વિભુ, નિત્ય, એક, સર્વજ્ઞ એવા ઈશ્વરની અનુમાન પ્રમાણથી સવિસ્તાર સિદ્ધિ કરી છે.

શ્લોક-૧૪-૧૫ અને **શ્લોક-૧૬ના** પૂર્વાર્ધ સુધીમાં નૈયાયિક મતના સોળ તત્ત્વોનાં નામ આપ્યાં છે. (૧) પ્રમાણ, (૨) પ્રમેય, (૩) સંશય, (૪) પ્રયોજન, (૫) દૃષ્ટાંત, (૬) સિદ્ધાંત, (૭) અવયવ, (૮) તર્ક, (૯) નિર્ણય, (૧૦) વાદ, (૧૧) જલ્પ, (૧૨) વિતંડા, (૧૩) હેત્વાભાસ, (૧૪) છલ, (૧૫) જાતિ, (૧૬) નિગ્રહસ્થાન. અહીં આ સોળે તત્ત્વોની વ્યાખ્યા કરવામાં આવી છે.

શ્લોક-૧૬ના ઉત્તરાર્ધમાં પ્રથમતત્ત્વ પ્રમાણનું સામાન્યલક્ષણ અને તેના ૪ ભેદોનો માત્ર ઉલ્લેખ કર્યો છે.

શ્લોક-૧૭ અને **૧૮ના** પૂર્વાર્ધમાં પ્રમાણના (i) પ્રત્યક્ષ, (ii) અનુમાન, (iii) ઉપમાન (iv) શાબ્દ. - આ ચાર ભેદોના નામ તથા પ્રથમ પ્રત્યક્ષપ્રમાણનું સ્વરૂપ દર્શાવ્યું છે.

શ્લોક-૧૮ના ઉત્તરાર્ધમાં તથા **શ્લોક-૧૯-૨૦-૨૧** અને **૨૨માં** અનુમાન પ્રમાણના ત્રણ ભેદોનું સવિસ્તાર નિરૂપણ કર્યું છે.

શ્લોક-૨૩માં ઉપમાન પ્રમાણનું લક્ષણ બતાવ્યું છે. **શ્લોક-૨૪ના** પૂર્વાર્ધમાં ચોથા શાબ્દ પ્રમાણનું સ્વરૂપ બતાવ્યું છે.

श्लोक-२४ना ઉત્તરાર્ધમાં દ્વિતીય પ્રમેયતત્ત્વના ૧૨ ભેદોનું વિવરણ છે. (૧) આત્મા, (૨) શરીર, (૩) ઈન્દ્રિય, (૪) રૂપાદિ વિષયો, (૫) બુદ્ધિ, (૬) મન, (૭) પ્રવૃત્તિ, (૮) દોષ, (૯) પ્રેત્યભાવ, (૧૦) ફળ, (૧૧) દુઃખ, (૧૨) અપવર્ગ. - આ ૧૨ પ્રમેય છે.

શ્લોક-૨૫માં સંશય અને પ્રયોજનતત્ત્વનું સ્વરૂપ બતાવ્યું છે. **શ્લોક-૨૬માં** દૃષ્ટાંત અને સિદ્ધાંતતત્ત્વનું નિરૂપણ છે. સિદ્ધાંત ચાર પ્રકારનો છે. (i) સર્વતંત્ર સિદ્ધાંત, (ii) પ્રતિતંત્ર સિદ્ધાંત, (iii) અધિકરણ સિદ્ધાંત, (iv) અભ્યુપગમ સિદ્ધાંત.

શ્લોક-૨૭માં અવયવ અને તર્કતત્ત્વનું નિરૂપણ છે. અવયવ પાંચ છે. (i) પ્રતિજ્ઞા, (ii) હેતુ, (iii) દૃષ્ટાંત, (iv) ઉપનય, (v) નિગમન - આ પાંચે અવયવોની વ્યાખ્યા આપી છે. **શ્લોક-૨૮ના** પૂર્વાર્ધમાં તર્કનું ઉદાહરણ આપ્યું છે તથા ઉત્તરાર્ધમાં નિર્ણયતત્ત્વનું નિરૂપણ કર્યું છે.

શ્લોક-૨૯માં વાદતત્ત્વનું સ્વરૂપ બતાવ્યું છે. **શ્લોક-૩૦માં** જલ્પ અને વિતંડાનું નિરુપણ છે. **શ્લોક-૩૧માં** હેત્વાભાસ, છલ અને જાતિ - આ ત્રણ તત્ત્વોનું નિરુપણ છે.

(i) અસિદ્ધ, (ii) વિરુદ્ધ, (iii) અનૈકાન્તિક, (iv) કાલાત્યયાપદિષ્ટ, (બાધિત) (v) પ્રકરણસમ (સત્પ્રતિપક્ષ). - આ પાંચ હેત્વાભાસ છે.

છલના ત્રણ પ્રકાર છે : (i) વાક્‌છલ (ii) સામાન્યછલ (iii) ઉપચારછલ.

જાતિના ૨૪ ભેદો છે. (૧) સાધર્મ્ય, (૨) વૈધર્મ્ય, (૩) ઉત્કર્ષ, (૪) અપકર્ષ, (૫) વર્ણ્ય, (૬) અવર્ણ્ય, (૭) વિકલ્પ, (૮) સાધ્ય, (૯) પ્રાપ્તિ, (૧૦) અપ્રાપ્તિ, (૧૧) પ્રસંગ, (૧૨) પ્રતિદૃષ્ટાંત, (૧૩) અનુત્પત્તિ, (૧૪) સંશય, (૧૫) પ્રકરણ, (૧૬) હેતુ, (૧૭) અર્થાપત્તિ, (૧૮) અવિશેષ, (૧૯) ઉપપત્તિ, (૨૦) ઉપલબ્ધિ, (૨૧) અનુપલબ્ધિ, (૨૨) નિત્ય, (૨૩) અનિત્ય, (૨૪) કાર્યસમા.

ગાથા-૩૨માં ૨૨ નિગ્રહસ્થાનોનું સ્વરૂપ વર્ણવ્યું છે. (૧) પ્રતિજ્ઞાહાનિ, (૨) પ્રતિજ્ઞાન્તર, (૩) પ્રતિજ્ઞાવિરોધ, (૪) પ્રતિજ્ઞાસંન્યાસ, (૫) હેત્વન્તર, (૬) અર્થાન્તર, (૭) નિરર્થક, (૮) અવિજ્ઞાતાર્થ, (૯) અપાર્થક, (૧૦) અપ્રાપ્તકાલ, (૧૧) ન્યૂન, (૧૨) અધિક, (૧૩) પુનરુક્ત, (૧૪) અનનુભાષણ, (૧૫) અજ્ઞાન, (૧૬) અપ્રતિભા, (૧૭) વિક્ષેપ, (૧૮) મતાનુજ્ઞા, (૧૯) પર્યનુયોજ્યોપેક્ષણ, (૨૦) નિરનુયોજ્યાનુયોગ, (૨૧) અપસિદ્ધાંત, (૨૨) હેત્વાભાસ.

શ્લોક-૩૨ની ટીકામાં મૂળ ગ્રંથકારશ્રીએ નહિ કહેલી કેટલીક વાતોનું ટીકાકારશ્રીએ નિરુપણ કર્યું છે.

શ્લોક-૩૩ના પૂર્વાર્ધમાં નૈયાયિકમતના ઉપસંહાર તથા ઉત્તરાર્ધમાં સાંખ્યમતના પ્રારંભનો

ઉલ્લેખ છે. અધિકારના અંતે મૂલ ગ્રંથકારશ્રીએ નહિ કહેલ વાતોને ટીકાકારશ્રીએ કહી છે. આ રીતે દ્વિતીય અધિકાર પૂર્ણ થાય છે.

તૃતીય અધિકારના પ્રારંભમાં સાંખ્યમતના લિંગ, વેષ અને આચારનું પ્રતિપાદન કર્યું છે.

શ્લોક-૩૪માં સેશ્વરવાદિ અને નિરીશ્વરવાદિ સાંખ્યોનું નિરૂપણ છે તથા આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક - આ ત્રણ દુઃખોનું સ્વરૂપ વર્ણવેલું છે. આ ત્રણ પ્રકારના દુઃખના વિઘાત માટે જીવોને તત્ત્વોની જિજ્ઞાસા થાય છે. તે તત્ત્વો ૨૫ છે - આટલો નિર્દેશ કરી શ્લોકની ટીકા પૂર્ણ થાય છે.

શ્લોક-૩૫માં ૨૫ તત્ત્વોની વિવક્ષા કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી પ્રારંભમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ - આ ત્રણ ગુણોનું સ્વરૂપ બતાવે છે. **શ્લોક-૩૬માં** સત્ત્વાદિ ત્રણની સામ્યાવસ્થા રૂપ પ્રકૃતિને બતાવી, તેના બીજા નામો બતાવ્યા છે.

પ્રકૃતિ અને આત્માના સંયોગથી સૃષ્ટિનું સર્જન થાય છે. **શ્લોક-૩૭-૩૮-૩૯-૪૦-૪૧-૪૨માં** ૨૫ તત્ત્વોનું વિસ્તારથી વર્ણન કર્યું છે. (૧) પ્રકૃતિ, (૨) બુદ્ધિ, (૩) અહંકાર, (૪-૧૯) પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ તન્માત્ર અને મન. (૨૦-૨૪) પંચભૂત, (૨૫) પુરુષ. - આ ૨૫ તત્ત્વ છે.

શ્લોક-૪૧માં પુરુષતત્ત્વનું વિસ્તારથી સ્વરૂપ વર્ણવેલું છે. **શ્લોક-૪૨માં** ૨૫ તત્ત્વોનો ઉપસંહાર કરે છે તથા પ્રકૃતિ અને પુરુષની પાંગળા-અંધ સમાન વૃત્તિનું નિરુપણ કર્યું છે.

શ્લોક-૪૩માં મુક્તિનું સ્વરૂપ, પ્રમાણનું સામાન્યસ્વરૂપ તથા પ્રમાણના પ્રત્યક્ષ, અનુમાન અને શાબ્દ - આ ત્રણ ભેદોનું સ્વરૂપ બતાવ્યું છે.

શ્લોક-૪૪ના પૂર્વાર્ધમાં સાંખ્યદર્શનનો ઉપસંહાર તથા ઉત્તરાર્ધમાં જૈનદર્શનના પ્રારંભનું સૂચન કરી ત્રીજા અધિકારને પૂર્ણ કરવામાં આવ્યો છે.

ત્રીજા અધિકારના અંતે મૂલ ગ્રંથકારશ્રીએ નહિ કહેલી વાતોને ટીકાકારશ્રીએ કહી છે.

ચતુર્થ અધિકારના પ્રારંભમાં જૈનદર્શનના લિંગ, વેષ અને આચાર પ્રરૂપણા કરી છે. જૈનદર્શનના બે ભેદ શ્વેતાંબર અને દિગંબરોના આચારમાં જે ભિન્નતા છે, તે બતાવાઈ છે. દિગંબરોના મૂલ ચાર ભેદોનું સામાન્યસ્વરૂપ બતાવ્યું છે.

શ્લોક-૪૫ અને ૪૬માં જૈનદર્શનના દેવનું સ્વરૂપ વર્ણવ્યું છે. ટીકામાં અવસર પ્રાપ્ત દેવના જગત્કર્તૃત્વની સ્થાપના (અર્થાત્ ઈશ્વર જગતના કર્તા છે - આ નૈયાયિકના મતનું સ્થાપન) કરી નૈયાયિકના જગત્કર્તૃત્વવાદનું સવિસ્તાર ખંડન કર્યું છે.

તથા સર્વજ્ઞ એવા વીતરાગ પરમાત્મા (દેવ)નો નિષેધ કરતાં મીમાંસક મતને બતાવીને સવિસ્તાર તેના મતનું ખંડન કર્યું છે. સાથે સાથે કેવલજ્ઞાનીને કવલાહારનો નિષેધ બતાવતા દિગંબરોના મતનું ઉદ્‌ભાવન કરી આગમ અને સુયુક્તિઓ દ્વારા કેવલજ્ઞાનીની કવલાહારની પ્રવૃત્તિનું સ્થાપન કર્યું છે.

શ્લોક-૪૭માં જીવાદિ નવતત્ત્વોના નામ આપ્યાં છે. ટીકામાં નવે તત્ત્વોનું સામાન્યસ્વરૂપ વર્ણવ્યું છે.

શ્લોક-૪૮-૪૯માં જીવ-અજીવ અને પુણ્યતત્ત્વનું સવિસ્તાર વર્ણન કર્યું છે.

ટીકામાં અવસર પ્રાપ્ત (i) જીવના અભાવનું પ્રતિપાદન કરતા ચાર્વાકની યુક્તિ બતાવીને, બાદમાં તે યુક્તિઓનું ખંડન કર્યું છે. (ii) સાંખ્યમતાનુસારે કૂટસ્થ નિત્ય આત્માનું તથા જડસ્વરૂપ આત્માના અભાવનું નિરૂપણ સાથે સાથે કર્યું છે.

(iii) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ - આ પાંચ એકેન્દ્રિય જીવોની તથા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોની અનુમાન પ્રયોગથી સુંદર સિદ્ધિ કરી છે.

અજીવનું સ્વરૂપ બતાવતાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ અને પુદ્‌ગલની સિદ્ધિ કરી છે. અંધકાર અને છાયાને પુદ્‌ગલના પરિણામ તરીકે સિદ્ધિ કરી નૈયાયિક મતનું ખંડન કર્યું છે.

શ્લોક-૫૦માં પાપ અને આશ્રવતત્ત્વનું સવિસ્તાર વર્ણન છે. પાપતત્ત્વનો નિષેધ કરતા અન્ય મતોનું યુક્તિઓ પૂર્વક ખંડન કર્યું છે. આશ્રવતત્ત્વના નિરૂપણમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ - આ પાંચ આશ્રવના હેતુઓનું સામાન્યસ્વરૂપ વર્ણવ્યું છે.

શ્લોક-૫૧માં સંવર અને બંધતત્ત્વનું નિરૂપણ કર્યું છે. સંવરના દેશસંવર અને સર્વસંવર - એમ બે ભેદ છે.

પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બંધ બે પ્રકારનો છે. તથા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ (રસ) અને પ્રદેશના ભેદથી ચાર પ્રકારનો પણ છે. આ ચાર ભેદોનું સામાન્યસ્વરૂપ વર્ણવ્યું છે.

શ્લોક-૫૨ના પૂર્વાર્ધમાં નિર્જરાતત્ત્વનું નિરૂપણ કર્યું છે. તેના સકામ અને અકામ બે ભેદ છે. શ્લોકના ઉત્તરાર્ધમાં મોક્ષ તત્ત્વનું નિરૂપણ કર્યું છે. ટીકામાં વૈશેષિક, મીમાંસક, સાંખ્ય અને બૌદ્ધ દ્વારા પ્રરૂપિત મોક્ષતત્ત્વનું નિરુપણ કરીને, પ્રત્યેકની માન્યતાનું ખંડન કરી મોક્ષાવસ્થામાં સિદ્ધાત્માની સર્વથા સુખમયતાનું અદ્‌ભૂત શૈલીથી નિરૂપણ કર્યું છે.

દિગંબર દ્વારા પ્રરૂપિત સ્ત્રીની મુક્તિના નિષેધનું સુંદર યુક્તિઓ દ્વારા ટીકાકારશ્રીએ ખંડન કર્યું છે.

ગાથા-૫૩માં 'આ નવતત્ત્વની શ્રદ્ધા' દ્વારા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના યોગથી ચારિત્રની યોગ્યતાનું નિરૂપણ કર્યું છે.

ગાથા-૫૪માં 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રવાન્ આત્મા જ મોક્ષભાજન બને છે.' તે વાતનું સુંદર નિરુપણ કર્યું છે. અવસરપ્રાપ્ત તથાભવ્યત્વનું સ્વરૂપ તથા ભવ્ય અને અભવ્ય આત્માનું સ્વરૂપ વર્ણવ્યું છે. તથાભવ્યત્વના પરિપાકથી જ રત્નત્રયીની પ્રાપ્તિનું સૂચન કર્યું છે.

શ્લોક-૫૪ની ટીકામાં જૈનદર્શનને માન્ય પ્રમાણનું સામાન્યલક્ષણ બતાવાયું છે. જ્ઞાનની સ્વ-પર પ્રકાશકતાનું સુંદર નિરૂપણ કર્યું છે.

શ્લોક-૫૫ના પૂર્વાર્ધમાં પ્રમાણના પ્રત્યક્ષ અને પરોક્ષ - એમ બે નામો આપ્યાં છે તથા **ઉત્તરાર્ધમાં** પ્રમાણના વિષય તરીકે અનંતધર્માત્મક વસ્તુ બતાવી છે. ટીકામાં પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે.

અન્ય પ્રમાણોનો આ બે પ્રમાણમાં સમાવેશ બતાવ્યો છે.

પ્રત્યક્ષ પ્રમાણના બે ભેદનું નિરુપણ છે. (i) સાંવ્યવહારિક, (ii) પારમાર્થિક - આ બે ભેદ છે.

પરોક્ષ પ્રમાણના પાંચ ભેદનું નિરુપણ કર્યું છે. (i) સ્મરણ, (ii) પ્રત્યભિજ્ઞા, (iii) તર્ક (iv) અનુમાન, (v) આગમ - આ પાંચ ભેદ છે.

શ્લોક-૫૫ના ઉત્તરાર્ધની ટીકામાં વિસ્તારથી ઉભયપ્રમાણના વિષય તરીકે રહેલી વસ્તુની અનંતધર્માત્મકતા યુક્તિઓ અને અનુમાનપ્રયોગથી વિસ્તારથી વર્ણવી છે.

શ્લોક-૫૬માં મૂલ ગ્રંથકારશ્રી સ્વયં પ્રત્યક્ષ અને પરોક્ષનું લક્ષણ બતાવે છે. ટીકાકારશ્રીએ વિસ્તારથી તેનું સ્વરૂપ વર્ણવ્યું છે.

શ્લોક-૫૭માં વસ્તુની અનંતધર્માત્મકતાને વિસ્તારથી દૃઢ કરવામાં આવી છે. તેમાં સંકરાદિ દોષોનો યુક્તિઓપૂર્વક પરિહાર કર્યો છે.

શ્લોક-૫૭ની ટીકામાં બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, સાંખ્યમત દ્વારા પણ પોતાના શાસ્ત્ર વ્યવહારોમાં જૈનદર્શનના અનેકાંતવાદનો સ્વીકાર કરાયો છે, તે વિસ્તારથી સિદ્ધ કરી બતાવ્યું છે. સાથે સાથે બૌદ્ધાદિ સર્વદર્શનોને ઈચ્છિત દૃષ્ટાંતો અને યુક્તિઓ પણ અનેકાંતવાદની જ સિદ્ધિ કરે છે - તે વાતને તે તે દર્શનના ગ્રંથોના અંશો લઈને બતાવવામાં આવી છે.

આ શ્લોકની ટીકામાં ટીકાકારશ્રીએ સ્વોપજ્ઞ 'પરહેતુતમોભાસ્કર' નામના વાદસ્થલને મૂકીને તમામ દર્શનકારોએ સ્વ-ઈચ્છિત સાધ્યની સિદ્ધિ માટે પ્રયોજેલા હેતુઓ અનેકાંતના સ્વીકાર વિના યથાર્થતાને પામતા નથી - તે સુંદર યુક્તિઓથી સમજાવવાનું કાર્ય કર્યું છે.

શ્લોક-૫૮ના પૂર્વાર્ધમાં જૈનમતના ઉપસંહારની પ્રતિજ્ઞા કરી **ઉત્તરાર્ધમાં** જૈનમતની પૂર્વાપર અવિરુદ્ધતાનું સૂચન કરી જૈનદર્શનની સર્વોપરિતા અને સર્વજ્ઞ મૂલકતાને સિદ્ધ કરવાનું કામ કર્યું છે. ટીકાકારશ્રીએ જૈનમતમાં પૂર્વાપર અવિરુદ્ધતા અને બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક, મીમાંસક, વૈશેષિક મતમાં અપૂર્ણતા - અસર્વજ્ઞમૂલકતાને સ્પષ્ટ કરી છે. **આ રીતે ચોથો અધિકાર પૂર્ણ થાય છે.**

પાંચમા અધિકારમાં વૈશેષિકમતનું નિરુપણ છે. દેવતાનું સ્વરૂપ નૈયાયિકદર્શનની સમાન હોવાથી પુનઃ જણાવ્યું નથી. **શ્લોક-૫૯માં** આ વાતનો નિર્દેશ કરી નૈયાયિકદર્શનથી તત્ત્વના વિષયમાં જે ભેદ છે તે બતાવ્યો છે.

શ્લોક-૬૦માં દ્રવ્યાદિ છ તત્ત્વોનાં નામ આપ્યાં છે.

શ્લોક-૬૧માં દ્રવ્યના પૃથ્વી આદિ નવ ભેદનું સવિસ્તાર વર્ણન છે તથા ગુણના ૨૫ ભેદોનો ઉલ્લેખ કર્યો છે.

શ્લોક-૬૨-૬૩ની ટીકામાં ગુણના ૨૫ ભેદોનું પેટાભેદ સહિત વર્ણન છે.

શ્લોક-૬૪માં કર્મના ઉત્ક્ષેપણાદિ પાંચ ભેદોનું નિરૂપણ છે તથા સામાન્યના બે ભેદનો નામોલ્લેખ છે. **શ્લોક-૬૫ના** પૂર્વાર્ધમાં પરસામાન્ય અને અપરસામાન્યનું વર્ણન છે. અવસર પ્રાપ્ત ટીકામાં વ્યક્તિ-અભેદ, તુલ્યત્વ, સંકર, અનવસ્થા, રૂપહાનિ અને અસંબંધ - આ છ જાતિબાધકોનું નિરૂપણ કર્યું છે.

શ્લોક-૬૫ના ઉત્તરાર્ધમાં વિશેષતત્ત્વનું નિરુપણ કર્યું છે.

શ્લોક-૬૬માં સમવાયતત્ત્વનું નિરુપણ છે. **શ્લોક-૬૭ના** પૂર્વાર્ધમાં પ્રમાણની સંખ્યા બતાવી છે અને ઉત્તરાર્ધમાં વૈશેષિકમતનો ઉપસંહાર કર્યો છે. ટીકામાં પ્રત્યક્ષ અને અનુમાન - એમ બે પ્રમાણનું સ્વરૂપ બતાવ્યું છે.

પાંચમા અધિકારના અંતે મૂલ ગ્રંથકારશ્રીએ નહિ વર્ણવેલી કેટલીક વૈશેષિકમતની માન્યતાઓને ટીકાકારશ્રીએ વર્ણવી છે. આ રીતે પાંચમો અધિકાર પૂર્ણ થાય છે.

છઠ્ઠા અધિકારના પ્રારંભમાં મીમાંસકમતના લિંગ, આચાર અને વેષનું વર્ણન છે. જૈમિની દર્શન પૂર્વમીમાંસાદર્શન તરીકે ઓળખાય છે. આ દર્શનનો વાચ્યાર્થ જ અહીં જણાવ્યો છે. ઉત્તરમીમાંસાદર્શન કે જેનું બીજું નામ વેદાંતદર્શન છે, તેનું નિરુપણ કર્યું નથી. માત્ર સામાન્ય ઉલ્લેખ કર્યો છે.

શ્લોક-૬૮થી પૂર્વમીમાંસાવાદિના મતનું વર્ણન ચાલુ થાય છે. આ શ્લોકમાં દેવતાનો અભાવ બતાવ્યો છે. ટીકામાં યુક્તિઓ પૂર્વક સર્વજ્ઞદેવનો અભાવ બતાવ્યો છે.

સર્વજ્ઞદેવના અભાવમાં અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય નિત્ય વેદવાક્યોથી કરવાની પ્રરૂપણા **શ્લોક-૬૯માં** કરી છે.

શ્લોક-૭૦માં વેદવાક્યનું દૃઢીકરણ કર્યું છે. **શ્લોક-૭૧માં** ધર્મનું લક્ષણ બતાવ્યું છે. ટીકામાં પ્રમાણનું સામાન્યલક્ષણ બતાવ્યું છે.

શ્લોક-૭૨માં પ્રત્યક્ષાદિ છ પ્રમાણોનાં નામ આપ્યાં છે. **શ્લોક-૭૩માં** પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણનું લક્ષણ બતાવ્યું છે.

શ્લોક-૭૪માં શાબ્દ અને ઉપમાન પ્રમાણનું સ્વરૂપ વર્ણવ્યું છે.

શ્લોક-૭૫માં અર્થાપત્તિપ્રમાણને વર્ણવ્યું છે. તેની સ્વતંત્ર પ્રમાણ તરીકે ટીકામાં સિદ્ધિ કરી છે.

શ્લોક-૭૬માં અભાવપ્રમાણને વર્ણવ્યું છે. અભાવપ્રમાણની સ્વતંત્રપ્રમાણ તરીકે સિદ્ધિ કરી છે અને અભાવના પ્રાગભાવ આદિ ચાર ભેદોને જણાવ્યા છે.

શ્લોક-૭૬ની ટીકામાં મૂલ ગ્રંથકારશ્રીએ નહિ કહેલ મીમાંસક દર્શનની કેટલીક માન્યતાને બતાવી છે.

શ્લોક-૭૭માં જૈમિનીય મતનો ઉપસંહાર કરી, આસ્તિકદર્શનના નિરુપણનો પણ ઉપસંહાર કર્યો છે.

શ્લોક-૭૮માં વિશેષ ખુલાસો કર્યો છે કે કેટલાક આચાર્યો નૈયાયિક અને વૈશેષિક દર્શનને ભિન્ન-ભિન્ન માનતા નથી, તેઓના મતે આસ્તિક દર્શનોની સંખ્યા પાંચ છે.

જગત્પ્રસિદ્ધ છ દર્શનોની સંખ્યાને પૂર્ણ કરવા માટે **શ્લોક-૭૯**માં લોકાયતમતનો સમાવેશ કર્યો છે.

પ્રારંભમાં નાસ્તિકનું સ્વરૂપ વર્ણવ્યું છે. **શ્લોક-૮૦માં** નાસ્તિક મતે જીવ, મોક્ષ, પુણ્ય, પાપ, ધર્મ, અધર્મ આદિનો નિષેધ કર્યો છે. **શ્લોક-૮૧માં** ઈન્દ્રિયગોચર પ્રત્યક્ષવસ્તુનો જ સ્વીકાર કર્યો છે. પરોક્ષવિષયનો વરુના પગલા સાથે સરખાવીને નિષેધ કર્યો છે. **શ્લોક-૮૨માં** પરોક્ષ વિષયનો નિષેધ કરીને પતિ પોતાની સ્ત્રીને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં યથેચ્છ પ્રવૃત્તિ કરવા ઉપદેશ આપે છે.

શ્લોક-૮૩માં પ્રત્યક્ષ પ્રમાણ અને વિષય=પ્રમેય તરીકે પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ આચાર ભૂતોનું વર્ણન છે.

શ્લોક-૮૪માં ચારભૂતમાંથી ઉત્પન્ન થયેલા શરીરમાં કેવી રીતે ચૈતન્યની ઉત્પત્તિ થાય છે તે બતાવી છે.

શ્લોક-૮૫માં નાસ્તિકોએ પ્રત્યક્ષ સુખોને છોડી અદૃષ્ટ સુખો માટે પ્રયત્ન કરનારની મૂઢતા બતાવી છે.

શ્લોક-૮૬માં કામથી અતિરિક્ત ધર્મનો નિષેધ કર્યો છે.

શ્લોક-૮૭માં લોકાયત (નાસ્તિક) મતનો ઉપસંહાર કર્યો છે તથા બુદ્ધિશાળીઓને સર્વ દર્શનોના વાચ્યાર્થના રહસ્યને વિચારવા માટે પ્રેરણા કરી ગ્રંથની સમાપ્તિ કરી છે.

સાથે સાથે બૌદ્ધદર્શનના વિવરણમાં બુદ્ધચર્યાવતાર, ત્રિંશિકાભાષ્ય, તત્ત્વસંગ્રહ, માધ્યમિકકારિકા, લંકાવતારસૂત્ર આદિ ગ્રંથોના સારરૂપ એક વિવેચન છે. તેમાં વૈભાષિક આદિ ચાર બૌદ્ધદર્શનના મુખ્યભેદની માન્યતાઓને વિસ્તારથી વર્ણવી છે. તેનો ટીપ્પણીમાં સમાવેશ કર્યો છે.

સાંખ્યકારિકા આદિ ગ્રંથોના આધારે સાંખ્યદર્શનનો વિશેષ વાચ્યાર્થ પણ ટીપ્પણીમાં લીધેલ છે.

પૂર્વમીમાંસા તથા ઉત્તરમીમાંસા દર્શનના વિશેષ વિશેષ વાચ્યાર્થને, નૈયાયિકદર્શનના પણ કેટલાક વિશેષ વાચ્યાર્થને ટીપ્પણીમાં લીધેલ છે.

ટીપ્પણીગત વિષય એ માત્ર મારું સંકલન છે. અભ્યાસાર્થે તે તે દર્શનના તે તે ગ્રંથોના ભાષાંતર જોવાના થયા હતા, તેમાંથી સારરુપ સંકલન અલગ તારવીને ટીપ્પણી તરીકે લીધેલ છે.

- મુનિ સંયમકીર્તિ વિજય

ટીકાની શૈલીનો પરિચય

તત્ત્વના ઊંડાણ સુધી પહોંચવા માટે.....

અન્ય અસત્ય મતોના ખંડન માટે.....

વિષયગત શંકાઓના પરિહાર માટે.....

શિષ્યની બુદ્ધિને વિશદ બનાવવા માટે.....

તત્ત્વ નિરૂપણ વેળાએ ટીકાકારો પૂર્વોત્તર પક્ષ (પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ)ની સ્થાપના કરતા હોય છે. ઉત્તરપક્ષ તરીકે ટીકાકાર પોતે હોય છે.

કેટલીકવાર જગતમાં તેવા પ્રકારનો કોઈ પ્રતિવાદિ ન હોવા છતાં પણ શિષ્યની બુદ્ધિ વિશદ બનાવવા માટે ટીકાકારો સ્વયં પૂર્વપક્ષને ઉઠાવી, તેને પૂર્વપક્ષગ્રંથ=શંકાગ્રંથ તરીકે મૂકીને, તેનું ઉત્તરપક્ષ તરીકે સ્વયં પોતે ખંડન કરતા હોય છે.

હવે ટીકાકારો પૂર્વોત્તરપક્ષની સ્થાપના કેવી શૈલીથી કરતા હોય છે, તે એક-એક ઉદાહરણ લઈને વિચારીએ. (તેમાં આ જ ગ્રંથના ઉદાહરણોના અર્થ તે તે પૃ. નં. ઉપરથી જોઈ લેવા. અન્ય ઉદાહરણોના અર્થ આપીશું.)

(૧) **ननु** कथं सर्वदर्शनानां परस्परविरुद्धभाषिणामभीष्टा वस्त्वंशाः के सद्भूताः भवेयुः येषां मिथः सापेक्षतया स्याद्वादः सत्प्रवादः स्यादिति **चेत्, उच्यते । यद्यपि** दर्शनानि निजनिजमतेन परस्परं विरोधं भजन्ते **तथापि** तैरुच्यमाना सन्ति तेऽपि वस्त्वंशा ये मिथः सापेक्षाः सन्तः समीचीनतामञ्चति । (श्लो. १ टीका,)

(અહીં 'ननु थी चेत्' સુધીમાં પૂર્વપક્ષ છે. તેની વચ્ચેના વચનોને શંકાગ્રંથ તરીકે ઓળખાય છે. 'उच्यते' થી ઉત્તરપક્ષનો પ્રારંભ થાય છે. તેના પછીના વચનોને સમાધાન ગ્રંથ કહેવાય છે.)

ભાવાર્થ :-

પૂર્વપક્ષ :- સર્વ દર્શનો પરસ્પર વિરુદ્ધ બોલે છે. પરસ્પર વિરુદ્ધ બોલતા તે દર્શનોના ઈચ્છિત પદાર્થોના કયા અંશો સદ્‌ભૂત હોય ! કે જેથી જેઓનો સાપેક્ષપણે સ્યાદ્વાદ થાય - સત્પ્રવાદ થાય - સુંદર રીતે કથન થાય ?

ઉત્તરપક્ષ :- જો કે સર્વ દર્શનો પોતપોતાના મતથી વિરોધને ધારણ કરે છે. તો પણ તે દર્શનો દ્વારા કહેવાતી વસ્તુના જે અંશો છે, તે પરસ્પર સાપેક્ષ હોતે છતે યથાર્થતાને પામે છે. (અન્યથા નહિ.)

(દરેક સ્થળે ભાવાર્થ આપીશું નહિ, સ્વયં વિચારી લેવો.)

(૨) કેટલીકવાર ઉત્તરપક્ષકાર=ટીકાકાર સ્વ-તત્ત્વના નિરુપણ અવસરે અન્ય તરફથી પોતાના પક્ષમાં કોઈ અનુપપત્તિ (અસંગતિ) બતાવવાની શક્યતા રહેતી હોય ત્યારે 'यद्यपि' કહી, તે પક્ષની વાતને મૂકતા હોય છે અને 'तथापि' કહીને ઉત્તરપક્ષકાર અન્ય તરફથી અપાયેલી અનુપપત્તિ (અસંગતિ)નો પરિહાર કરે છે.

यद्यपि च प्रत्यक्षस्य क्षणो ग्राह्यः, स च निवृत्तत्वान्न प्राप्यते, **तथापि** तत्संतानोऽध्यवसेयः, प्रवृत्तौ प्राप्यत इति । (શ્લો.૮, ટીકા,)

(૩) **तर्हि** श्वेताम्बरदिगम्बराणां कथं मिथो मतभेद इति **चेत्, उच्यते** । मूलतोऽमीषां मिथो न भेदः किंतु पाश्चात्य एवेति ।

(અહીં तर्हि થી चेत् વચ્ચે પૂર્વપક્ષગ્રંથ=શંકાગ્રંથ અને 'उच्यते' થી ઉત્તરપક્ષગ્રંથ=સમાધાન ગ્રંથ છે.)

ભાવાર્થ :-

પૂર્વપક્ષ :- (તમે પૂર્વે કહ્યું કે ચોવીસે જિનેશ્વરોને પરસ્પર કોઈ મતભેદ નથી,) તો પછી શ્વેતાંબર અને દિગંબરો વચ્ચે પરસ્પર મતભેદ કેવી રીતે થયો ?

ઉત્તરપક્ષ :- મૂળથી આ બધાઓને પરસ્પર મતભેદ નહોતો, પરંતુ પાછળથી મતભેદ પડ્યા છે.

(૪) કેટલીકવાર પૂર્વપક્ષકાર=શંકાકાર પોતાની શંકા ननु કરીને મૂકી દે છે, ત્યારે ઉત્તરપક્ષકાર=સમાધાનકાર न=તમારી વાત યોગ્ય નથી. આવું જણાવી તેનું કારણ આપતા હોય છે અને કારણસૂચક વાક્યના અંતે પંચમી વિભક્તિ હોય છે. તે વેળાએ નીચે પ્રમાણેની શૈલી જોવા મળે છે.

ननु यस्य दिवः समागत्य देवाः पूजादिकं कृतवन्तः, स एव वर्धमान सर्वज्ञो, न शेषाः सुगतादय इति **चेन्न,** वर्धमानस्य चिरातीतत्वेनेदानीं तद्भावग्राहकप्रमाणा**भावात्** ।

ભાવાર્થ :-

પૂર્વપક્ષ :- જેની દેવલોકમાંથી આવીને દેવો પૂજાદિ કરે છે, તે વર્ધમાનસ્વામિ જ સર્વજ્ઞ છે. શેષ બૌદ્ધાદિ નહિ. **ઉત્તરપક્ષ :-** આવું ન કહેવું. કારણ કે વર્ધમાનસ્વામી ચિરકાળથી અતીત હોવાના કારણે (લાંબાકાળ પૂર્વે થયા હોવાના કારણે) તેમના સદ્ભાવના ગ્રાહક પ્રમાણનો અભાવ છે.

(५) **आह परः** येऽत्र देशान्तरगतदेवदत्तादयो दर्शिताः, तेऽत्रास्माकमप्रत्यक्षा अपि देशान्तरगतलोकानां केषांचित्प्रत्यक्षा एव सन्ति तेन तेषां सत्त्वं प्रतीयते, धर्मास्तिकायादयस्तु कैश्चिदपि कदापि नोपलभ्यते तत्कथं तेषां सत्ता निश्चीयत **इति ? अत्रोच्यते,** यथा देवदत्तादयः केषांचित्प्रत्यक्षात्वात्सन्तो निश्चीयन्ते, तथा धर्मास्तिकायादयोऽपि केवलिनां प्रत्यक्षत्वात्किं न सन्तः प्रतीयन्ताम् ? (श्लो. ४८-४९, टीका)

અહીં 'आह परः' થી પૂર્વપક્ષ છે તથા 'अत्रोच्यते' થી ઉત્તરપક્ષનો પ્રારંભ થાય છે. (ઉત્તરપક્ષકાર પોતાના તત્ત્વનું નિરુપણ કરતા હોય ત્યારે, પૂર્વપક્ષકાર ઉત્તરપક્ષકારની તે વાતને-તત્ત્વને નહીં સ્વીકારવા માટે અસંગતિઓ બતાવતો હોય છે અને તે વાત ઉત્તરપક્ષકાર સ્વયં 'आह परः' કહીને પૂર્વપક્ષ તરીકે મૂકતા હોય છે. ઉત્તરપક્ષકાર 'अत्रोच्यते'કહીને પૂર્વપક્ષે આપેલી અસંગતિઓને દૂર કરી સમાધાન આપે છે. (જે સ્થળે શંકાગ્રંથની સમાપ્તિ સૂચક चेत् ઈત્યાદિ શબ્દો જોવા મળતા નથી, ત્યાં 'इति' શબ્દ જોવા મળે છે.)

(૬) **अथ** कथं कठिनमादर्शं प्रतिभिद्य मुखतो निर्गताः पुद्गलाः प्रतिबिम्बमाजिहत इति **चेत् ? उच्यते,** तत्प्रतिभेदः कठिनशिलातलपरिस्रुतजलेनायस्पिण्डेऽग्निपुद्गलप्रवेशेन शरीरात्प्रस्वेदवारिलेशनिर्गमनेन च व्याख्येयः । (श्लो. ४८-४९, टीका,..)

અહીં अथ ... થી चेत् સુધી પૂર્વપક્ષગ્રંથ=શંકાગ્રંથ છે. 'उच्यते' થી व्याख्येयः સુધી ઉત્તરપક્ષ ગ્રંથ=સમાધાન ગ્રંથ છે.

(૭) સમાધાનકાર=ઉત્તરપક્ષકાર પૂર્વપક્ષની સામે પોતાનું સમાધાન આપે તેમાં વિશેષ ખુલાસા કે વિકલ્પોથી વસ્તુને સ્પષ્ટ કરવાની હોય ત્યારે, તે કરતાં પહેલાં 'तथाहि' શબ્દ મૂકી પ્રારંભ કરે છે. (तथाहि=તે આ પ્રમાણે છે -)

ननु पुण्यपापे नभोम्भोजनिभे एव मन्तव्ये, न पुनः सद्भूते, कुतः पुनस्तयोः फलभोगस्थाने स्वर्गनारकाविति **चेत् ? उच्यते,** पुण्यपापयोरभावे सुखदुःखयोर्निहेतुकत्वादनुत्पाद एव स्यात्, स च प्रत्यक्षविरुद्धः, **तथाहि** - मनुजत्वे समानेऽपि दृश्यन्ते केचन स्वामित्वमनुभवन्तो अपरे पुनस्तत्प्रेष्यभावमाबिभ्राणा, एके च लक्षकुक्षिभरयः, अन्ये तु स्वोदरदरीपूरणेऽप्यनिपुणाः । (श्लो. ५०, टीका,)

ભાવાર્થ :-

પૂર્વપક્ષ :- પુણ્ય અને પાપને આકાશકુસુમની જેવા જ માનવા જોઈએ. સદ્ભૂત ન માનવા જોઈએ. વળી (તે બંનેનો અભાવ હોવાથી) તે બંનેના ફળ ભોગવવાના સ્થાન સ્વર્ગ અને નરક પણ વિદ્યમાન નથી.

ઉત્તરપક્ષ :- પુણ્ય-પાપના અભાવમાં સુખ-દુઃખ નિર્હેતુક બની જશે અને તેની ઉત્પત્તિ જ નહિ થાય અને તે તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. **તે (પ્રત્યક્ષ વિરુદ્ધતા) આ પ્રમાણે છે -**

મનુષ્ય તરીકે સમાન હોવા છતાં પણ કેટલાક સ્વામિપણાને અનુભવતા જોવાય છે અને વળી બીજા દાસપણાને ધારણ કરતા જોવાય છે તથા એક વ્યક્તિ લાખો લોકોનું ભરણપોષણ કરે છે, તો એક પોતાના પેટનો ખાડો પણ પૂરી શકતો નથી.

(૮) કેટલીકવાર ઉત્તરપક્ષકાર જે વાતનું નિરુપણ કરતા હોય તેમાં તમામ અન્ય મતોને **'परमतानि च अमूनि,' 'अपरे तु वदन्ति', 'अन्ये त्वाहुः' 'अन्ये पुनराहुः',** વગેરે પદો મૂકીને જણાવે છે અને ઉત્તરપક્ષકાર **'उच्यते'** કહીને તે તમામ મતોનું ખંડન કરે છે. (ગાથા-૫૦,)

(૯) જ્યારે પૂર્વપક્ષકારની વાત તદ્દન અયોગ્ય હોય ત્યારે 'अथ ..... चेत्' ની વચ્ચે પૂર્વપક્ષ ગ્રંથને મૂકી, **'तदयुक्तं'** કહી ઉત્તરપક્ષકાર પોતાના સમાધાનનો પ્રારંભ કરે છે અને પૂર્વપક્ષની વાતની અયોગ્યતાનું કારણ જણાવે છે. (ત્યારે કારણસૂચક પંક્તિના અંતે પંચમી વિભક્તિ લાગે છે.)

अथ नीलादिकं मूर्तं वस्तु यथा स्वप्रतिभासिज्ञानस्यामूर्तस्य कारणं भवति, तथान्नस्रकचन्दनाङ्गनादिकं मूर्तं दृश्यमानमेव सुखस्यामूर्तस्य कारणं भविष्यति अहिविषकण्टकादिकं च दुःखस्य । ततः किमदृष्टाभ्यां पुण्यपापाभ्यां परिकल्पिताभ्यां प्रयोजनमिति **चेत्** ? **तदयुक्तं**, व्यभिचारात् । तथाहि - (श्लो. ५०,)

(૧૦) કેટલીકવાર પૂર્વપક્ષ=શંકાકારના પ્રારંભ સૂચક કોઈ શબ્દ ન હોય ત્યારે **'इति चेत्'** સુધીના ગ્રંથને શંકાગ્રંથ=પૂર્વપક્ષ ગ્રંથ સમજવો તથા **'उच्यते'** થી ઉત્તરપક્ષ ગ્રંથ જાણવો.

व्यत्ययः कस्मान्न भव**तीति चेत्** ? **उच्यते,** अशुभक्रियारम्भिणामेव च बहुत्वात् शुभक्रियानुष्ठातृणामेव च स्वल्पत्वादिति कारणानुमानम् । (श्लो. ५०,)

(૧૧) કેટલીકવાર પૂર્વપક્ષના સમાપ્તિસૂચક 'इति चेत्' ઈત્યાદિ શબ્દો જોવા મળતા નથી અને 'तदयुक्तम्' ઈત્યાદિ પદોથી પણ ઉત્તરપક્ષનો પ્રારંભ થતો જોવા મળે છે. (તેવા સ્થળે 'इति' શબ્દથી પૂર્વપક્ષની સમાપ્તિ જાણવી.)

अथ यथा ज्ञानावरणीयकर्मोदये ज्ञानस्य मन्दता भवति तत्प्रकर्षे च ज्ञानस्य न निरन्वयो विनाशः, एवं प्रतिपक्षभावनोत्कर्षेऽपि न रागादीनामत्यन्तमुच्छेदो भविष्यतीति ? **तदयुक्तम्,** द्विविधं हि बाध्यं, सहभूस्वभावं सहकारिसंपाद्यस्वभावं च । (श्लो. ५२, टीका)

(૧૨) કેટલીકવાર પૂર્વપક્ષનો **'अत्र पर आह, ननु'** પદોથી પ્રારંભ થતો જોવા મળે છે. સમાપ્તિસૂચક કોઈ શબ્દ જોવા મળતો નથી તથા **'उच्यते'** થી ઉત્તરપક્ષનો પ્રારંભ થતો જોવા મળે છે.

अत्र पर आह, ननु ... रागादय इति **उच्यते, यद्यपि** ... दृश्यते । (ગાથા-૫૨, ટીકા)

(૧૩) કેટલીકવાર નીચે પ્રમાણેની શૈલી પણ જોવા મળે છે.

ननु भवतु कर्मणामभावेऽपि ... इति **चेत्, न, अभिप्रायापरिज्ञानात्**, ... ।

(અહીં **ननु** થી **'इति चेत्'** સુધી શંકાગ્રંથ=પૂર્વપક્ષ ગ્રંથ છે. **तथा 'न** ...' થી ઉત્તરપક્ષ=સમાધાન ગ્રંથ છે.)

આવા સ્થળે પૂર્વપક્ષે ઉત્તરપક્ષને આપત્તિ આપી હોય છે. ઉત્તરપક્ષ પૂર્વપક્ષની આપેલી આપત્તિનો નિષેધ કરી, પૂર્વપક્ષના અજ્ઞાનને પ્રગટ કરતા હોય છે. ત્યારે ઉપર પ્રકારની શૈલી જોવા મળે છે.

(૧૪) કેટલીકવાર ઉત્તરપક્ષકાર=ટીકાકારશ્રી એક પદાર્થનું નિરુપણ કરે છે અને ત્યારબાદ તે પદાર્થના વિષયમાં અન્યમતની કોઈ ભિન્ન રજુઆત હોય તો તે રજુઆતને 'एतेन' કહીને મૂકે છે અને અંતે અમારા આગળના નિરુપણથી આ પૂર્વપક્ષની વાતનું ખંડન થઈ જાય છે. તેમ **'तदप्यपास्तं द्रष्टव्यम्'** પદ મૂકી કહી દેતા હોય છે.

एतेन यदूचुर्मीमांसका अपि ... **इत्यादि, तदप्यपास्तं द्रष्टव्यम्** । (ગાથા-૫૦, ટીકા)

(અહીં 'एतेन થી इत्यादि' વચ્ચે પૂર્વપક્ષ છે તથા 'तदप्यपास्तं द्रष्टव्यम्' થી ઉત્તરપક્ષે પૂર્વપક્ષની વાતનું ખંડન કરી દીધું છે.)

(૧૫) ટીકાકારો કોઈ પદાર્થના નિરુપણ વખતે અનેક વિકલ્પો આપતા હોય છે. તે આપતા પૂર્વે 'तद्यथा' કે 'यथा' વગેરે શબ્દનો પ્રયોગ કરતા હોય છે. ઉદા.

अत्र सिद्धानां सुखमयत्वे त्रयो विप्रतिपद्यन्ते । **तथाहि** -

आत्मानो ..... सांख्या ३ । (ગાથા-૫૨, ટીકા,...)

तथाहि =

तद्यथा = તે આ પ્રમાણે છે.

(૧૬) કેટલીકવાર ઉત્તરપક્ષકાર પોતાના તત્ત્વનિરુપણમાં પૂર્વપક્ષની તમામ માન્યતાને પૂર્વે **अत्र सौगताः संगिरन्ते** । કહી જણાવી દેતા હોય છે અને ત્યારબાદ પૂર્વપક્ષની માન્યતાનું **'अत्र प्रतिविधीयते'** કહી ખંડન ચાલુ કરે છે. તેમાં પૂર્વપક્ષની એક-એક માન્યતાને **'तत्तावदुक्तं ... इत्यादि', 'यत्पुनरुक्तं ... इत्यादि', 'यदप्युक्तं - इत्यादि'** કહી મૂકે છે અને **'तदविचारितविलपितम्, तत्सूक्तमेव, तदप्यज्ञानविजृम्भितम्'** ઈત્યાદિ પદોથી પૂર્વપક્ષની અજ્ઞાનતા જણાવે છે અને પછીથી તેનું કારણ બતાવે છે - આ રીતે પણ પૂર્વપક્ષની વાત મૂકી, તેનું ખંડન કરવાની શૈલી જોવા મળે છે. (શ્લો. ૫૨, ટીકા, પૃ. ..)

(૧૭) આ જ રીતે ટીકાકારશ્રી=ઉત્તરપક્ષકારશ્રી **'अत्र सांख्य ब्रुवते', 'अथात्र दिगम्बराः स्वयुक्तीं**

स्फोरयन्ति', 'यौगस्तु गर्जति' ... **'अत्रादौ वैशेषिका स्वशेमुषीं विशेषयन्ति'** પદોથી તે તે પૂર્વપક્ષની માન્યતાને રજુઆત કરે છે અને **'अत्र प्रतिविधीयते'** કે **'अत्रोच्यते'** કહી ઉત્તરપક્ષકાર પૂર્વપક્ષનું ખંડન ચાલુ કરે છે. (શ્લો. ૫૨, ટીકા,)

(૧૮) કેટલીકવાર ઉત્તરપક્ષ પૂર્વપક્ષે માનેલી માન્યતામાં કેટલાક વિકલ્પો ઉભા કરે છે અને તે તે વિકલ્પોને ઉત્તરપક્ષ **अथ** વગેરે શબ્દોથી મૂકે છે અને ઉત્તરપક્ષકાર **'तर्हि', 'तदा'** વગેરે શબ્દોથી પ્રારંભ કરીને ખંડન કરે છે. (જુઓ ગાથા-૫૨, ટીકા, પૃ.)

(૧૯) ટીકાકારો પરસ્પર સંકલિત બાબતોનું હેતુપૂર્વક નિરુપણ કર્યા બાદ પરસ્પર સંકલન પામેલી વસ્તુઓ પૈકી જેની પ્રારંભમાં આવશ્યકતા હોય, તેનું નિરુપણ કરવા માટે 'तेन' શબ્દથી શરૂઆત કરતા જોવા મળે છે.

विशेषलक्षणं सामान्यलक्षणाविनाभावि, सामान्यलक्षणं च विशेषलक्षणाविनाभावि, सामान्यविशेष-लक्षणयोरन्योन्यापरिहारेण स्थितत्वात् । **तेन** प्रमाणविशेषलक्षणस्यादौ प्रमाणसामान्यलक्षणं सर्वत्र वक्तव्यम्, अतोऽत्रापि प्रथमं तदभिधीयते ।

(૨૦) એક વિષયનું નિરુપણ કરતાં કરતાં જે નિષ્કર્ષ ઉપર આવીને ઉભા રહેવાનું થતું હોય છે. ત્યાં બીજી કેટલીક અનુપપત્તિઓને પરિહાર થઈ જતો હોય છે અને અન્ય દર્શનની માન્યતાઓનું નિરાકરણ પણ થઈ જતું હોય છે. તેવા સ્થળે ટીકાકારો અંતિમ નિષ્કર્ષનું નિવેદન કરી **'एतेन'** કહી અન્ય મતનું ખંડન પણ આ અમારા આગળના નિરુપણથી થઈ જાય છે. એવું જણાવતા હોય છે.

ततो भवत्येव स्त्रीणां मोक्ष इति स्थितं मोक्षतत्त्वम् । **एतेन** "ज्ञानिनो धर्मतीर्थस्य कर्तारः परमं पदम् । गत्वागच्छन्ति भूयोऽपि भवं तीर्थनिकारतः ।।१।।"

इति परपरिकल्पितं पराकृतम् ।।५२।। (શ્લોક-૫૨, ટીકા)

(૨૧) કોઈપણ વાતની રજુઆત ચાલતી હોય તેમાં અંતિમ ફલિતાર્થ આપવાનો હોય ત્યારે ટીકાકારો **'अनेन ...'** કહી નીચેની શૈલીથી રજુઆત કરતા હોય છે.

अनेन सम्यक्त्वज्ञानसद्भाव एव चारित्रं नान्यथेत्यावेदितं द्रष्टव्यम् । (શ્લો. ૫૩, ટીકા.)

(૨૨) ઉત્તરપક્ષકાર અથવા મૂળ રજુઆત કરનાર પોતાના મતની રજુઆત કરતાં કરતાં વચ્ચે આવતી અસંગતિઓને દૂર કરવા માટે, પોતાની માન્યતાને વધુ સ્પષ્ટ કરવાને માટે કે અન્ય પ્રતિવાદિની આ વિષયને લગતી વિપરીત માન્યતાના ખંડન માટે નીચેની શૈલીનો ઉપયોગ કરતા હોય છે.

न च यदेव पक्षधर्मस्य सपक्ष एव सत्त्वं तदेव विपक्षात्सर्वतो व्यावृत्तत्व**मिति वाच्यं,** अन्वयव्यतिरेकयोर्भावाभावरुपयोः सर्वथा तादात्म्यायोगात् ।

(અહીં **न** અને **इति वाक्यं** ની વચ્ચે પૂર્વપક્ષકારની વાત કે ઉપર જણાવેલી બાબતો પૈકી કોઈક એકની રજુઆત હોય છે. **'इति न वाच्यं'** આ શબ્દો ઉત્તરપક્ષકારના હોય છે. અર્થાત્ પૂર્વપક્ષકારે આ પ્રમાણે ન કહેવું જોઈએ. ત્યારબાદ તેનું નિરાકરણ બતાવતા હોય છે. કારણનિર્દેશક પંક્તિના અંતે પંચમી વિભક્તિનો પ્રયોગ થાય છે.)

નોંધ :-

(૧) કેટલીકવાર ટીકાકારો **'इति न वाच्यम्'** ના સ્થાને **'इति न वक्तव्यम्'** કે **'इति न शङ्कनीयम्'** શબ્દોનો પ્રયોગ કરતા પણ જોવા મળે છે.

(૨) શંકાકારને પ્રાયઃ શંકા ન કરવાની નમ્ર ભલામણ કરવાની હોય ત્યારે સમાધાનકાર= ઉત્તરપક્ષકાર **'न शङ्कनीयम्'** આવા શબ્દોનું ઉચ્ચારણ કરતા જોવા મળે છે.

(૨૩) કેટલીકવાર શંકાની સમાપ્તિસૂચક **'इति चेत्'** શબ્દ જોવા મળતો નથી. ત્યારે નીચે પ્રમાણેની શૈલી જોવા મળે છે.

ननु कृतकत्वेन कथमनादित्वं बन्धस्य श्रद्धातुमुचितम् ? **सत्यम्,** अतीतकालसाधर्म्याद् - अतिक्रान्तकालसादृश्येन । (योगबिंदु-गाथा-११)

જ્યારે શંકાકારની શંકાની ઉપસ્થિતિનું કારણ સાચું હોય ત્યારે ટીકાકારો શંકાને અંતે **'सत्यम्'** પદ મૂકે છે અર્થાત્ તમને જે શંકા થઈ છે તે સત્ય છે - થઈ શકે છે. છતાં પણ આ યુક્તિથી અમારી વાત પણ યોગ્ય છે - એમ કહી યુક્તિ આપતા હોય છે.

પંક્તિનો ભાવાર્થ :-

શંકા :- બંધ કૃતક=જન્ય હોવાના કારણે કેવી રીતે અનાદિ તરીકે શ્રદ્ધા કરવા માટે ઉચિત બને ?

સમાધાન :- તમારી વાત સાચી છે. જે જન્ય હોય તે અનાદિ ન હોઈ શકે. પરંતુ તેવો એકાંતે કોઈ નિયમ નથી. જેમ અતીતકાલ જન્ય હોવા છતાં પણ અનાદિ તરીકે આગમમાં કહેવાયેલો જ છે. અર્થાત્ જેમ અતીતકાલ જન્ય હોવા છતાં આગમમાં તેને અનાદિ કહેવાયો છે, તેમ બંધ જન્ય હોવા છતાં પણ અતીતકાલની જેમ અનાદિ કહેવામાં દોષ નથી.

(૨૪) વિકલ્પો બતાવવાના હોય ત્યારે ટીકાકારો પૂર્વે **तद्यथा** (=તે આ પ્રમાણે છે.) આ શબ્દનો પ્રયોગ કરતા હોય છે.

उत्पत्तेश्चत्वार एवाद्या विकल्पाः । **तद्यथा** । सत्त्वमसत्त्वं सदसत्त्वमवाच्यत्वं चेति । (श्लोक-१, टीका)

(२५) पूर्वपक्ष-उत्तरपक्षनी स्थापनानी शैली नीचे प्रमाणे पण जोवा मळे छे.

नन्वनित्यत्वे सत्यपि यस्य घटादिकस्य **यदैव** मुद्गरादिसामग्रीसाकल्यं **तदैव** तद्विनश्वरमाकल्पते न पुनः प्रतिक्षणं, **ततो** विनाशकारणापेक्षाणामनित्यानामपि पदार्थानां न क्षणिकत्व**मिति** । **तदेतदनुपासित-गुरोर्वचः** । (श्लोक-७, टीका)

(शंकाकारनी वात तद्दन अयोग्य होय त्यारे उत्तरपक्षकार 'तदेतदनुपासितगुरोर्वचः' आवी कही खंडननो प्रारंभ करता होय छे. 'गुरुगमथी ज्ञान मेळव्युं नथी' तेना कारणे तने आवी शंका थाय छे. आवुं कही तेनी शंकानी अयोग्यता बतावता होय छे.)

'इति' शंकानी समाप्तिसूचक शब्द जाणवो.

(२६) नीचेनी शैलीथी पण पूर्वपक्ष-उत्तरपक्षनी स्थापना जोवा मळे छे.

ननु यदि क्षणक्षयिणो भावाः, **कथं तर्हि** स एवायमिति ज्ञानम् । **उच्यते** । (श्लोक-७, टीका)

(२७) अन्य वादिना मतनो निर्देश करी, ते मत योग्य नथी - आवुं उत्तरपक्ष कहे छे - त्यारे नीचे प्रमाणे शैली जोवा मळे छे. मतनी अयोग्यता पाछळनुं कारण पर तुरत जणावता होय छे.

आह परः । भवतु परोक्षविषयस्य प्रमाणस्यानुमानेऽन्तर्भावः । अर्थान्तरविषयस्य च शब्दादेस्तस्यान्त-र्भावो न युक्त **इति चेन्न,** प्रत्यक्ष परोक्षाभ्यामन्यस्य प्रमेयस्यार्थस्याभावात्, प्रमेयरहितस्य च प्रमाणस्य प्रामाण्यासम्भवात् ।

(२८) पूर्वपक्षकार उत्तरपक्षकारनी मान्यतामां 'जो आम होय तो आम केवी रीते' ईत्याकारक आपत्ति आपी उत्तरपक्षने तोडवा माटे प्रयत्न करता होय छे. त्यारे उत्तरपक्षकार पूर्वपक्षकारनी वातने सांभळी लई, पोतानी मान्यताने सत्य पूरवार करवा सीधे सीधो उत्तर आपी देता होय छे. परंतु पूर्वपक्षकारना खंडनरूपे **'न', 'तदयुक्तं'** ईत्यादि कोईपण शब्दो मूकता नथी, त्यारे नीचे प्रमाणेनी शैली जोवा मळे छे.

ननु यदि क्षणक्षयिणः परमाणवः एव तात्त्विकास्**तर्हि** किंनिमित्तोऽयं घटपटकटशकटलटुकादिस्थूलार्थ-प्रतिभास **इति चेत्** । निरालम्बन एवायमनादिवितथवासनाप्रवर्तित स्थूलार्थावभासो निर्विषयत्वादाकाश-केशवत्स्वप्रज्ञानवद्वेति । (श्लोक-१०, टीका)

(२९) केटलाक स्थळे पूर्वपक्षग्रंथ=शंकाग्रंथना प्रारंभना सूचक **अथ, ननु** आदि कोई शब्द न होय अने समाप्तिसूचक **'इति चेत्'** पद होय छे अने तेवा स्थळे **तदा, तर्हि** थी उत्तरपक्षनो प्रारंभ थतो जोवा मळे छे.

(૩૦) કેટલાક સ્થળે નીચે પ્રમાણેની શૈલી જોવા મળે છે -

अथ निकर्षग्रहणमेवास्तु सं-ग्रहणं व्यर्थम्, **न,** सं-शब्दग्रहणस्य सन्निकर्षषट्कप्रतिपादनार्थत्वात् ।

અહીં **'अथ'** થી પૂર્વપક્ષનો અને **'न'** થી ઉત્તરપક્ષનો પ્રારંભ થાય છે.

(૩૧) એક વાત, વિકલ્પ, કાર્ય-કારણભાવ કે હેતુ-ફલ ભાવના અનુસંધાનથી આગળની વાત, વિકલ્પ, કાર્ય-કારણભાવ કે હેતુ-ફલભાવનું અનુસંધાન જોડવાનું હોય ત્યારે ટીકાકારો પૂર્વની વાત વગેરે **'यदा'** થી જણાવે છે અને પછીની વાત વગેરે **'तदा'** થી જણાવે છે.

ज्ञानं च प्रत्यक्षप्रमाणफलम् । **यदा** तु ततोऽर्थप ज्ञानाद्धानोपादानादिबुद्धय उत्पद्यन्ते, **तदा** हानादिबुद्ध्यपेक्षया ज्ञानं प्रमाणं हानादिबुद्धयस्तु फलं, **यदा** ज्ञानं प्रमाणं, **तदा** हानादिबुद्धयः **फलमिति वचनात् ।**

(૩૨) એક વસ્તુનું નિરૂપણ કર્યા બાદ, તેનાથી વિપરીત માનવાથી શું આપત્તિ આવે છે, તે બતાવવાની હોય ત્યારે પ્રારંભમાં **अन्यथा** (=જો આનાથી વિપરીત માનશો તો - બીજી રીતે માનશો તો) શબ્દને મૂકી વિપરીત માન્યતાથી શું દોષ આવે છે તે બતાવાતું હોય છે.

अत्र देशान्तरप्राप्तिशब्देन देशान्तरदर्शनं ज्ञेयम् । **अन्यथा** देशान्तरप्राप्तेर्गतिकार्यत्वेन शेषवतोऽनुमानादस्य भेदो न स्यात् । (श्लोक-२२, टीका)

ભાવાર્થ :-

અહીં (સામાન્યતોદૃષ્ટ અનુમાનના ઉદાહરણમાં) 'દેશાંતર પ્રાપ્તિ' શબ્દથી 'દેશાંતરદર્શન' અર્થ જાણવો. અન્યથા (જો 'દેશાંતર દર્શન' અર્થ નહિ માનો તો) દેશાંતરપ્રાપ્તિ ગતિનું કાર્ય હોવાના કારણે શેષવત્ અનુમાનથી સામાન્યતોદૃષ્ટ અનુમાનનો ભેદ નહિ રહે.

(૩૩) અમુક ભેદો=પ્રકારો=વિકલ્પો છે. આવું સામાન્યથી વિધાન થઈ ગયા બાદ, તે ભેદો=પ્રકારો=વિકલ્પોના નામ આપવાનાં હોય, ત્યારે પૂર્વે **'यथा'** શબ્દ મૂકાય છે.

सा च चतुर्विंशतिभेदा, साधर्म्यादिप्रत्यवस्थानभेदेन । **यथा** - साधर्म्यं, वैधर्म्यं, ... कार्यसमा । (श्लोक-३१, टीका)

(૩૪) કોઈપણ તત્ત્વનું નિરુપણ કર્યા બાદ, તેની પુષ્ટિ માટે તથા શિષ્યની બુદ્ધિને વિશદ બનાવવા અનુમાન પ્રયોગો ટીકાકારશ્રી આપતા હોય છે. ત્યારે પ્રારંભમાં **'प्रयोगस्त्वयम्'**, **'प्रयोगस्त्वित्थम्'**, **'प्रयोगः पुनः'**, **'अत्र प्रयोगः'**, **'प्रयोगाश्चात्र'** **'प्रयोगो यथा'**, આ શબ્દો કહી અનુમાન પ્રયોગ જણાવતા હોય છે. (એક ઉદાહરણ નીચે આપેલ છે.)

शरीरविशेषगुणा इच्छादयो न भवन्ति, तद्गुणानां रुपादीनां स्वपरात्मप्रत्यक्षत्वेनेच्छादीनां च स्वात्मप्रत्यक्षत्वेन वैधर्म्यात् । नापीन्द्रियाणां विषयाणां वा गुणा उपहतेष्वप्यनुस्मरणदर्शनात् । न चान्यस्य प्रसक्ति-

रस्ति, अतः परिशेषादात्मसिद्धिः । **प्रयोगाश्चात्र,** योऽसौ परः स आत्मशब्दवाच्यः, इच्छाद्याधारत्वात् । (श्लोक-१९, टीका)

(૩૫) ટીકાકારો સ્વ-તત્ત્વનિરુપણ અવસરે પોતાની રજુઆત સ્વમતિકલ્પનાથી નથી, પરંતુ સુવિહિત અન્ય ગ્રંથકારોની પણ આ વિષયમાં આ જ માન્યતા છે. એવું જણાવવા અન્ય ગ્રંથના સાક્ષીપાઠ આપતા હોય છે. તે સમયે **'तथोक्तम्', 'तदुक्तम्', 'यत उक्तम्', 'उक्तं च', 'पठ्यते', 'तथा चाह', 'तथा चोक्तम्'** વગેરે શબ્દો મૂકી 'સાક્ષીપાઠ'નો પ્રારંભ થતો જોવા મળે છે - (તમામનો અર્થ - તેથી કે જેથી અન્ય ગ્રંથમાં કહ્યું છે કે ...)

(૩૬) કોઈ વસ્તુનું નિરુપણ કર્યા બાદ, તેનો અંતિમ રહસ્યાર્થ=તાત્પર્યાર્થ જણાવવો હોય ત્યારે ટીકાકારો - **'ततोऽयमत्रार्थः', 'इदमुक्तं भवति', 'ततोऽयमर्थः', 'इदमत्र तत्त्वम्', 'अयं भावः', 'अयमत्र भावः', 'अत्रायं भावः'** વગેરે પદો મૂકી રહસ્યાર્થ કહેવાનો પ્રારંભ કરતા જોવા મળે છે. (તમામનો અર્થ :- તેથી આ રહસ્યાર્થ=તાત્પર્યાર્થ જાણવો.)

(૩૭) કેટલીકવાર કોઈ વસ્તુનું નિરુપણ કર્યા બાદ, અંતે તેનો અંતિમ તાત્પર્યાર્થ જણાવવા પંક્તિ લખે છે. ત્યારે અંતે **'इत्यर्थः', 'अयं भावः', 'एतदर्थः'** - આ શબ્દો મૂકતા હોય છે. ઉદા. (૬૮) મુદ્દામાં જોવું.

(૩૮) કેટલીકવાર શંકાના પ્રારંભસૂચક શબ્દ તરીકે **'अस्ति'** શબ્દ તથા સમાપ્તિસૂચક શબ્દ તરીકે **'इति चेत्'** પદ જોવા મળે છે અને **'तर्हि'** શબ્દથી સમાધાનનો પ્રારંભ થતો જોવા મળે છે.

अस्ति च भवदभिप्रायेण त्रैरुप्यं तत्पुत्रादाविति । **अथ** भवत्वयं दोषो येषां पक्षधर्मत्वसपक्षसत्त्वविपक्षासत्त्वरुपे त्रैरुप्येऽविनाभावपरिसमाप्तिः, नास्माकं पञ्चलक्षणहेतुवादिनां, अस्माभिरसत्प्रतिपक्षत्वप्रत्यक्षागमाबाधितविषयत्वयोरपि लक्षणयोरभ्युपगमादिति **चेत्** ? **तर्हि** केवलान्वयकेवलव्यतिरेकानुमानयोः पञ्चलक्षणत्वासंभवेनागमकत्वप्रसङ्गः । (श्लोक-५७, टीका)

(૩૯) જ્યારે પૂર્વપક્ષકારની વાત તદ્દન અસત્ હોય ત્યારે **अथ थी चेत्** ની વચ્ચે પૂર્વપક્ષકારની વાત ઉત્તરપક્ષકાર મૂકે છે અને **'तदसत्'** કહી ખંડન ચાલુ કરે છે.

अथ विपक्षासत्त्व नाभ्युपेयते किं तु साध्यसद्भावेऽस्तित्वमेव साध्याभावे नास्तित्वमभिधीयते भ तु ततस्तद्भिन्नमिति **चेत्** ? **तदसत्** । एवं हि विपक्षासत्त्वस्य तात्त्विकस्याभावाद्हेतोस्त्रैरुप्यादि न स्यात् । (श्लोक-५७, टीका)

(૪૦) કેટલીકવાર ઉત્તરપક્ષકાર પોતાની વાતનું વિવરણ કરતાં કરતાં અંતિમ ફલશ્રુતિ ઉપર આવી ઉભા રહે છે, તે વખતે અન્યમતકારની વાત પોતાની નિરુપિત વાતથી ભિન્ન હોય તો, તેને યાદ કરી, **'एवं'** કે **'एतेन'** થી અન્યમતકારની વાતને પૂર્વપક્ષગ્રંથ તરીકે મૂકી અંતે **'इति न**

युक्तं', 'इति प्रत्युक्तं' વગેરે પદ મૂકી ઉત્તરપક્ષકાર તેનું ખંડન કરી દેતા હોય છે. અર્થાત્ અમારા પૂર્વના નિરુપણથી પૂર્વપક્ષની માન્યતાનું ખંડન થઈ જાય છે.

एतेन ज्ञानविशेषकालविशेषाद्यात्मकत्वमत्यन्ता**भावस्येति प्रत्युक्तम्,** अप्रत्यक्षत्वापतेः । (મુક્તાવલી કારિક-૧૨ની ટીકા.)

(૪૧) કેટલીકવાર પૂર્વપક્ષની રજુઆત ઉત્તરપક્ષકાર સ્વયં **'ननु'** વગેરે શંકાના પ્રારંભસૂચક શબ્દો મૂક્યા વિના જ કરે છે. ત્યારબાદ **'अत्र प्रतिविधीयते'** કે **'अत्रोच्यते'** કહી પૂર્વપક્ષની માન્યતાના ખંડનનો ઉત્તરપક્ષકાર પ્રારંભ કરતા હોય છે.

(૪૨) કેટલીકવાર શંકાનો પ્રારંભ **'स्यादेतत्'** થી થાય છે અને **'अत्रोच्यते'** કે **'अत आह'** થી સમાધાનનો પ્રારંભ થાય છે.

स्यादेतत् - कासां प्रकृतीनां किं संक्रमपर्यवसानं येन तत उर्ध्वमभवन् प्रतिपाते च पुनरपि भवन्संक्रमः सादिर्भवेत् ? **अत आह** - सातानन्तानुबन्धियशःकीर्त्तिद्विविधकषायशेषप्रकृतिद्विदर्शनानां यतिपूर्वाः - प्रमत्तसंयताद्याः, क्रमशः-क्रमेण, संक्रमकाणामन्तिमाः पर्यवसानभूता वेदितव्या । (પંચસંગ્રહ, ભાગ-૨, संक्रमकरण ગાથા-૯, ટીકા)

(૪૩) કેટલીકવાર **'ननु'** થી શંકાનો અને **'नैतदेवं'** થી સમાધાનનો પ્રારંભ થતો જોવા મળે છે.

ननु ....., **नैतदेवं**

(૪૪) કેટલીકવાર **'ननु'** થી પૂર્વપક્ષનો પ્રારંભ થાય છે અને પૂર્વપક્ષના સમાપ્તિસૂચક પદનો અભાવ પણ હોય છે. ઉત્તરપક્ષકાર **'प्रत्युक्तं'** કહી પૂર્વપક્ષની વાતનું ખંડન કરી દેતા હોય છે. તેવા સ્થળે નીચે પ્રમાણેની શૈલી જોવા મળે છે.

ननु ....., प्रत्युक्तम्, ...

(૪૫) ઉત્તરપક્ષકાર સ્વયં જ કોઈક અન્યના મતને મનમાં ઉપસ્થિત કરી, તેને શંકાગ્રંથ= પૂર્વપક્ષ તરીકે મૂકી તથા તે મતના સમાપ્તિસૂચક **'कश्चिदिति'** શબ્દ મૂકી **'आह'** થી સમાધાનનો પ્રારંભ કરતા હોય છે. તેવા સ્થળે નીચે પ્રમાણેની શૈલી જોવા મળે છે.

ननु ..... कश्चिदित्याह

(અહીં **ननु** થી **कश्चिदिति** ની વચ્ચે શંકાગ્રંથ=પૂર્વપક્ષ અને **'आह'** થી સમાધાનગ્રંથ=ઉત્તરપક્ષનો પ્રારંભ થયો છે.)

(૪૬) કેટલીકવાર **न અને इति वाच्यं** ની વચ્ચે શંકાગ્રંથ=પૂર્વપક્ષ મૂકી **न इति वाच्यं** કહી

ઉત્તરપક્ષ ખંડન કરતા હોય છે. તેમ કેટલીકવાર શંકાગ્રંથની અંતે **'इति न वाच्यं,' 'इति न वक्तव्यं, इति न शङ्कनीयम्'** - આવા ખંડનસૂચક પદો ઉત્તરપક્ષકાર દ્વારા કહેવાતા હોય છે.

(૪૭) જ્યારે પ્રતિવાદિની વાતમાં બિલકુલ અજ્ઞાનતાના દર્શન કરાવવા હોય ત્યારે તે પ્રતિવાદિની વાતને પૂર્વપક્ષ તરીકે મૂકી **'तदेतन्महा .....'** ઈત્યાદિ પદો દ્વારા ખંડન કરી દેતા હોય છે.

ननु ....., तदेतन्महामोहमूढमनस्कतासूचकम् ।

અહીં **'ननु'** થી શંકાગ્રંથ=પૂર્વપક્ષ છે તથા **'तदेतन्महा'** પદથી ઉત્તરપક્ષનું ખંડનવાચિ પદ છે. આ પદોચ્ચારણ બાદ ઉત્તરપક્ષકાર પ્રતિવાદિની અજ્ઞાનતાને ખુલ્લી પાડતા હોય છે.

(૪૮) કેટલીકવાર **'न च'** થી પૂર્વપક્ષગ્રંથનો પ્રારંભ થતો હોય છે. તેના અંતે **'इति वाच्यं', 'इति शङ्कनीयं'** વગેરે પદો જોવા મળતા નથી. તેવા સ્થળે **'इति वाच्यं', 'इति शङ्कनीयं'** વગેરે પદો અધ્યાહારથી ગ્રહણ કરી અર્થ કરવો.

(૪૯) કેટલીકવાર ઉત્તરપક્ષકાર સ્વ-તત્ત્વ નિરુપણ અવસરે પૂર્વપક્ષની વાતને મનમાં જ રાખી, તેને શંકાગ્રંથ તરીકે મૂક્યા વિના તેની માન્યતાનું ખંડન કરી દેતા હોય છે. આવા સ્થળે પૂર્વપક્ષની માન્યતાને શોધવાનો પ્રયત્ન સમાધાનગ્રંથ=ઉત્તરપક્ષની વાતમાંથી કરવો પડતો હોય છે. થોડો પ્રયત્ન કરતાં સમાધાનગ્રંથમાંથી પૂર્વપક્ષની માન્યતાનો ખ્યાલ આવી જતો હોય છે.

(૫૦) કેટલીકવાર પંક્તિનો પ્રારંભ **'न'** કે **'नहि'** થી થાય છે. પરંતુ **'न'** કે **'नहि'** નો અન્વય ક્રિયાપદ સાથે કે યથાયોગ્ય પદ સાથે કરવાનો હોય છે. આવા સ્થળે ક્રિયાપદ ન હોય તો અધ્યાહારથી યથાયોગ્ય ક્રિયાપદ ગ્રહણ કરી, તેની સાથે **'न'** કે **'नहि'** નો અન્વય કરવાનો હોય છે.

नहि लौकिकसंनिकर्षस्थले प्रत्यक्षमिव सत्प्रतिपक्षस्थले संशयाकारानुमितिः प्रामाणिकी - येनानुमिति-भिन्नत्वेनापि विशेषणीयम् । (મુક્તાવલી, કારિકા-૭૧-૭૨ની ટીકા)

ભાવાર્થ :-

લૌકિક સંનિકર્ષ સ્થળે પ્રત્યક્ષની જેમ સત્પ્રતિપક્ષ સ્થળમાં સંશયાકાર અનુમિતિ પ્રામાણિક નથી, કે જેથી (લક્ષણમાં) 'અનુમિતિભિન્નત્વ' પણ વિશેષણ જોડવું પડે.

(અહીં **'अस्ति'** ક્રિયાપદને અધ્યાહારથી ગ્રહણ કરી, તેની સાથે **'न'** નો અન્વય કર્યો છે.)

નોંધ :- સામાન્યતઃ નિયમ છે કે શ્લોકમાં કે પંક્તિમાં ક્રિયાપદનો પ્રયોગ ન કર્યો હોય તો, અધ્યાહારથી **भवति** કે **अस्ति** ક્રિયાપદ ગ્રહણ કરાતું હોય છે.

(૫૧) કેટલીકવાર મૂળ ગ્રંથકારે પોતાના શ્લોક કે ગાથામાં શંકાઓનું સમાધાન આપ્યું હોય છે. તે વખતે મૂળ ગ્રંથકારે શંકાઓને મનમાં રાખી શ્લોકમાં કે ગાથામાં સમાધાન આપ્યું હોય છે. પરંતુ તે શંકાઓને શંકાગ્રંથ તરીકે મૂકતા નથી. ત્યારે ટીકાકાર શ્લોકની પૂર્વે અવતરણિકા કે ઉપોદ્‌ઘાત તરીકે તે શંકાગ્રંથને **'ननु ... इत्याशङ्कायामाह'** કે **'ननु ... अत आह'** થી જણાવતા હોય છે.

नन्वविधिनाऽपि चैत्यवन्दनाद्यनुष्ठाने तीर्थप्रवृतिरव्यवच्छिन्ना स्यात्, विधेरेवान्वषणे तु द्वित्राणामेव विधिपराणां लाभात् क्रमेण तीर्थोच्छेदः स्यादिति तदनुच्छेदायाविध्यनुष्ठानमप्यादरणीय**मित्या शङ्कायामाह -**

तित्थस्सुच्छेयाइ वि नालंबणमित्थ जं स एमेव ।
सुत्तकिरियाइ नासो, एसो असमंजसविहाणा ।।१४।। (યોગવિંશિકા)

(ઉપર ગાથા-૧૪માં મૂળ ગ્રંથકારશ્રીએ શંકાઓનું સમાધાન આપ્યું છે. તે શંકાઓને શંકાગ્રંથ તરીકે **ननु** થી **इत्याशङ्कायामाह** ની વચ્ચે ટીકાકારશ્રીએ મૂકી છે.

નોંધ :- ननु ... अत आह ... ની શૈલી ન્યાયસિદ્ધાંત મુક્તાવલીની કારિક-૬૯ની પૂર્વે છે. તે જોઈ લેવી.)

અહીં **ननु** થી શંકાગ્રંથ અને **'आह'** થી સમાધાન તરીકે શ્લોક કે ગાથા હોય છે.

(૫૨) પૂર્વપક્ષ-ઉત્તરપક્ષની સ્થાપના શૈલી નીચે પ્રમાણે પણ જોવા મળે છે -

अस्तु तर्हि क्षणिकविज्ञाने गौरवान्नित्यविज्ञानमेवात्मा "अविनाशि वारेऽयमात्मा सत्यं ज्ञानमनन्तं बह्म" इत्यादिश्रुते**रिति चेत् । न ।** तस्य सविषयत्वासंभवस्य दर्शितत्वान्निर्विषयस्य ज्ञानत्वे मानाभावात्सविषय-स्याप्यननुभवात् । (મુક્તાવલી કારિકા-૪૯ની ટીકા)

ભાવાર્થ :-

પૂર્વપક્ષ :- ક્ષણિક વિજ્ઞાન સ્વરૂપ આત્મા માનવામાં ગૌરવ ભલે હોય, તો આત્માને નિત્ય વિજ્ઞાન સ્વરૂપ જ માનો. **'अविनाशि ...'** ઈત્યાદિ શ્રુતિ પણ આની જ સાક્ષી પૂરે છે.

ઉત્તરપક્ષ :- (નૈયાયિક) આવું ન કહેવું. કારણ કે (પૂર્વે કહ્યા મુજબ નિત્ય વિજ્ઞાનમાં સવિષયત્વનો અભાવ બતાવેલો છે. નિર્વિષયક જ્ઞાનમાં પ્રમાણ નથી તથા તે સવિષયક હોય તેવો અનુભવ પણ થતો નથી.

(અહીં **अस्तु થી चेत्** ની વચ્ચે પૂર્વપક્ષ છે. **'न'** થી ઉત્તરપક્ષ ખંડન કરે છે. આવા સ્થળે ઉત્તરપક્ષકારે સ્વતત્ત્વનિરુપણમાં એક અન્યવાદિની માન્યતાનું ખંડન કર્યા બાદ બીજા કોઈ વાદિની માન્યતાનું ખંડન કરવાનું હોય ત્યારે તે બીજા વાદિની માન્યતાને **'अस्तु तर्हि ...'** થી

'चेत्' ની વચ્ચે મૂકે છે અને પછી તુરત ઉત્તરપક્ષકાર તેનું ખંડન ચાલુ કરે છે.)

(૫૩) ટીકાકાર પોતાના તત્ત્વનિરુપણમાં પોતાની માન્યતા સાચી છે કે પોતે જે નિરુપણ કરી રહ્યા છે, તે અન્ય ગ્રંથને અનુસરતું છે તે બતાવવાનું હોય ત્યારે **'अत एव ...'** થી પ્રારંભ કરતા હોય છે.

अत एवोपमानचिन्तामणौ सप्तपदार्थभिन्नतया शक्तिसादृश्यादीनामप्यतिरिक्तपदार्थत्वमाशङ्कितम् । (મુક્તાવલી કારિકા-૨ ની ટીકા)

(૫૪) શંકાકારની શંકાનો તદ્દન નિષેધ કરવાનો હોય તથા તેને બોલતો બંધ કરવાનો હોય ત્યારે નીચેની શૈલી જોવા મળે છે.

ननु सत्त्वेऽपि सत्त्वान्तरकल्पने 'धर्माणां धर्मा न भवति' इति वचो विरुध्यते । **मैवं वोचः** । अद्याप्यनभिज्ञो भवान् स्याद्वादामृतरहस्यानां, यतः स्वधर्म्यपेक्षया यो धर्मः सत्त्वादिः स एव स्वधर्मान्तरापेक्षया धर्मी एवमेवानेकान्तात्मकव्यवस्था उपपत्तेः ।

'ननु' થી શંકાગ્રંથ છે અને **'मैवं वोचः'** થી ઉત્તરપક્ષકારનું સમાધાન ચાલુ થાય છે.

(૫૫) ટીકાકાર કોઈ તત્ત્વ કે કાર્ય-કારણ ભાવનો નિશ્ચય કર્યા બાદ અનુપપત્તિઓના (અસંગતિઓના) કે શંકાઓના પરિહાર માટે નિષ્કર્ષને જણાવતું વિધાન કરે ત્યારે **'इत्थं'** થી પંક્તિનો પ્રારંભ કરતા જોવા મળે છે.

इत्थं च यत्र मङ्गलं न दृश्यते तत्रापि जन्मान्तरीयं तत्कल्प्यते, यत्र सत्यपि मङ्गले समाप्तिर्न दृश्यते तत्र बलवत्तरो विघ्नो विघ्नप्राचुर्यं वा बोध्यम् । (મુક્તાવલી કારિકા-૧ની ટીકા)

(૫૬) ટીકાકાર ચર્ચાની અંતે એક વિધાન કર્યા બાદ, તેની અંતર્ગત જ આવતા બીજા નિષ્કર્ષવાચિ=નિર્ણાયક વિધાનને જણાવતા હોય ત્યારે **'किंच'** થી પ્રારંભ કરતા જોવા મળે છે. તે સ્થળે અન્ય મતનું ખંડન પણ થઈ જતું હોય છે.

किंच वर्णनामेवानित्यस्य वक्ष्यमाणत्वात्सुतरां तत्संदर्भस्य वेदस्यानित्यत्वमिति संक्षेपः । (મુક્તાવલી કારિક-૧૫૦ની ટીકા)

(આવા સ્થળે જે પૂર્વપક્ષની માન્યતાનું ખંડન થયું હોય તે ઉત્તરપક્ષ ગ્રંથથી શોધવાનો પ્રયત્ન કરવાનો છે. ઉપરની પંક્તિમાં વેદને નિત્ય માનતા મીમાંસકની માન્યતાનું ખંડન થયું છે.)

(૫૭) કેટલીકવાર પૂર્વપક્ષનો પ્રારંભ **'ननु'** થી અને ઉત્તરપક્ષનો પ્રારંભ **'मैवम्'** થતો જોવા મળે છે. (જુઓ મુક્તાવલી કારિકા-૫૬ની ટીકા)

(૫૮) કેટલીકવાર ઉત્તરપક્ષકાર પોતાની વાત કરતા હોય ત્યારે વચ્ચે અન્યમતકારને યાદ કરી, આ વિષયમાં અન્યમતકારની વાત ઉચિત નથી, તેવું વિધાન કરતા હોય છે. તેવા સ્થળે નીચે પ્રમાણેની શૈલી જોવા મળે છે.

न ... युक्तं, ... ।

અહીં **'न थी युक्तम्'** ની વચ્ચે અન્યમતને જણાવેલ હોય છે. જે પૂર્વપક્ષ કહેવાય છે. **'न युक्तम्'** પદ ઉત્તરપક્ષકારનું હોય છે. (અર્થાત્ પૂર્વપક્ષની વાત ઉચિત નથી.) ત્યારબાદ ઉત્તરપક્ષકાર પૂર્વપક્ષની વાતની અનુચિતતા બતાવવાનું કાર્ય કરતા હોય છે.

નોંધ : કેટલાક સ્થળે આ જ શૈલીમાં **'न युक्तम्'** પદ પંક્તિના અંતે પણ જોવા મળે છે.

(૫૯) કેટલાક સ્થળે **'स्यादेवम्' 'स्यान्मतिः', 'स्याद्बुद्धिः' 'स्यादियं कल्पना'** ઈત્યાદિ શબ્દોથી પૂર્વપક્ષનો પ્રારંભ થાય છે અને **'नैवं', 'मैवम्' 'नेयं कल्पना साधयसी'** વગેરે શબ્દોથી ઉત્તરપક્ષનો પ્રારંભ થાય છે.

(૬૦) ક્યારેક પૂર્વપક્ષનો પ્રારંભ **'एतेन'** શબ્દથી થતો હોય છે અને **'निरस्तम्', 'अपास्तम्', 'निराकृतम्'** શબ્દથી અંત થાય છે. આવા સ્થળે **'एतेन'** થી **'निरस्तम्'** આદિની વચ્ચે પૂર્વપક્ષ અને **'एतेन'** તથા **'निरस्तम्'** આદિ શબ્દો દ્વારા પૂર્વપક્ષનું ખંડન થઈ ગયું - એમ ઉત્તરપક્ષકાર જણાવતા હોય છે.

(૬૧) કેટલીકવાર ટીકાકાર પોતાની માન્યતાનુસાર તત્ત્વનું નિરુપણ કરતી વખતે, તે વિષયમાં અન્યવાદિનો મત પોતાની માન્યતાથી ભિન્ન હોય ત્યારે તે અન્યવાદિના મતને પણ જણાવતા હોય છે. પરંતુ તે અન્ય માન્યતામાં પોતાનું અસ્વારસ્ય (પોતાને અન્યવાદિની માન્યતા માન્ય નથી તે) જણાવવા અંતે **'इत्याहः', 'इति केचित्' 'इति वदन्ति'** વગેરે પદો મૂકતા હોય છે.

(ખાસ નોંધ : (i) આ શૈલી ન્યાયગ્રંથોમાં જોવા મળે છે. જૈનદાર્શનિક ગ્રંથોમાં પણ બીજા દર્શનના મતને જણાવતી વખતે આ શૈલીનો ઉપયોગ થતો જોવા મળે છે.

(ii) જૈનદર્શનની અન્ય આગમિક પદાર્થોની ચર્ચામાં જ્યારે આચાર્યોને પરસ્પર માન્યતા ભેદ હોય તો, **'परे तु'** વગેરે શબ્દો મૂકીને અન્યની માન્યતાને મૂકતા હોય છે. પરંતુ અન્ય આચાર્ય ભગવંત સુવિહિત તરીકે પ્રસિદ્ધ હોય તો ખંડન કરતા નથી. માત્ર બંને માન્યતા મૂકીને અંતે **'तत्त्वं तु केवलिगम्यम्'** કે **'तत्त्वं तु बहुश्रुता जानन्ते'** પદ લખી પોતાની તટસ્થતાનું દર્શન કરાવે છે. જો અન્ય માન્યતાવાળા આચાર્યનું વિધાન તદ્દન શાસ્ત્ર વિરુદ્ધ હોય તો ખંડન પણ કરતા હોય છે.

(iii) કેટલીકવાર આગમિક પદાર્થવિષયક ભિન્ન-ભિન્ન માન્યતાઓને નયસાપેક્ષ વિચારણાથી

ટીકાકારશ્રી ભિન્ન-ભિન્ન અપેક્ષાએ સત્યસાપેક્ષ સિદ્ધ કરવાનો પ્રયત્ન પણ કરતા હોય છે. (જેમ કે જ્ઞાનબિંદુ ગ્રંથમાં પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ કરેલી નયસાપેક્ષ વિચારણા.)

(૬૨) કેટલીકવાર ટીકાકારો શ્લોક ઉપર ટીકા કરતા હોય ત્યારે શ્લોકગત તત્ત્વના નિરુપણના સ્થાને અંતર્ગત આવતી બીજી પ્રાસંગિક વાતોનું વર્ણન કરતા હોય છે. (કે જે પ્રાસંગિક વર્ણન શ્લોકની બાબતોને પુષ્ટ કરતી હોય છે.) કેટલીકવાર વચ્ચે કેટલાક શ્લોકો અને તેની ઉપરની ટીકામાં મૂળ વાતને છોડી પ્રાસંગિક વાતો થતી હોય છે. તેવા સ્થળે મૂળ વાત ઉપર પાછા આવતાં ટીકાકારો **'प्रकृतं प्रस्तुमः'** વગેરે પદ મૂકી મૂળ વાતનો પ્રારંભ કરતા હોય છે.

(૬૩) એક તત્ત્વના વિષયમાં પૂર્વપક્ષ-ઉત્તરપક્ષની સ્થાપનાપૂર્વક, ઘણી અસંગતિઓ - શંકાઓના પરિહારપૂર્વક ચર્ચા આગળ ચાલતી હોય ત્યારે ટીકાકાર ગ્રંથગૌરવના ભયથી ચર્ચાનો અંત લાવતા હોય છે અને વિશેષ જિજ્ઞાસુવર્ગને અન્ય ગ્રંથો જોવા ભલામણ કરતા હોય છે. તેવા સ્થળે ચર્ચાનો અંત કરનારા **'अलं विस्तरेण,' 'कृतं तेन', 'अलं प्रसङ्गेन'** શબ્દો મૂકેલા જોવા મળે છે.

(૬૪) પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ સ્થાપનાની નીચે પ્રમાણે પણ શૈલી જોવા મળે છે.

इत्थं च भूतले नीलो घट इत्यादिशब्दान्न शाब्दबोधः । घटादिपदानां कार्यान्वितघटादिबोधे सामर्थ्यावधारणात्कार्यताबोधं प्रति च लिङ्गादीनां सामर्थ्यात्तदभावान्न शाब्दबोध **इति केचित् । तन्न** । प्रथमतः कार्यान्वितघटादौ शक्त्यवधारणेऽपि लाघवेण पश्चात्तस्य परित्यागौचित्यात् । (મુક્તાવલીકારિકા-૮૧ ટીકા)

અહીં **'इत्थं'** થી **'इति केचित्'** વચ્ચે પૂર્વપક્ષ છે અને **'तन्न'** થી ઉત્તરપક્ષનો પ્રારંભ થાય છે.

(૬૫) ટીકાકારો તે તે તત્ત્વના વિષયમાં ખાસ ધ્યાન રાખવાની બાબતોને જણાવવા ઈચ્છતા હોય ત્યારે **'इदं तु बोध्यम्'** કહીને જણાવતા હોય છે.

(**इदं तु बोध्यम्**=આ ધ્યાનમાં રાખવું.)

(૬૬) વસ્તુના અંતિમ તાત્પર્યને જણાવવા ઈચ્છતા ટીકાકારો **'वस्तुतः', 'वस्तुतस्तु'** વગેરે શબ્દો લખીને જણાવતા હોય છે.

(૬૭) મૂળ શ્લોકમાં કોઈ શંકાનું સમાધાન હોય, ત્યારે શંકાગ્રંથને શ્લોકની અવતરણિકા તરીકે ટીકાકારો મૂકતા હોય છે. ત્યારે નીચે પ્રમાણેની શૈલીનો ઉપયોગ કરતા હોય છે.

(i) **अथ** कस्मादस्य गोचरादिशुद्धिः मृग्यत इत्याशंक्याह -

गोचरं स्वरुपं च फलं च यदि युज्यते ।
अस्य योगस्ततोऽयं यन्मुख्यशब्दार्थयोगतः ।।५।। (योगबिंदु)

(ii) **आह किमर्थं** गोचरादिशुद्ध्या योगो मृग्यत **इत्याशंक्याह -**

लोकशास्त्राऽविरोधेन यद्योगो योग्यतां व्रजेत् ।
श्रद्धामात्रैकगम्यस्तु हन्त नेष्टो विपश्चिताम् ।।२२।। (योगबिंदु)

(ii) **आह** - किमर्थमीदृशं वचनं मृग्यते ? **उच्यते**

दृष्टबाधैव यत्रास्ति ततोऽदृष्टप्रवर्तनम् ।
असच्छ्रद्धाभिभूतानां केवलं ध्यान्ध्यसूचकम् ।।२४।। (योगबिंदु)

(૬૮) જે પ્રમાણે પૂર્વપક્ષ-ઉત્તરપક્ષની સ્થાપનાની શૈલી છે તે પ્રમાણે પ્રશ્નોત્તરની પણ શૈલી છે.

(i) **अथ ..., उच्यते ...** ।

અહીં **'अथ'** થી પ્રશ્ન અને **'उच्यते'** થી ઉત્તરનો પ્રારંભ થાય છે.

(ii) કેટલીકવાર પ્રશ્નના પ્રારંભસૂચક **'अथ'** શબ્દ ન હોવા છતાં **'इत्याह'**કહી ઉત્તર અપાતો જોવા મળે છે.

(iii) **अथ ... तथा सति ...** ।

'अथ' થી પ્રશ્ન અને **'तथा सति'** થી ઉત્તરનો પ્રારંભ થતો પણ જોવા મળે છે.

(૬૯) ટીકાની પંક્તિઓના વાંચન વખતે કેટલીકવાર વિભક્તિઓને કાઢી નાખી વાંચન કરવાનું હોય છે.

(i) પંક્તિઓમાં ષષ્ઠી-પંચમી વિભક્તિનો પ્રયોગ હોય ત્યારે તે બંને વિભક્તિઓને કાઢી નાખી વાંચન કરવું.

જેમ કે :

उपचार**स्यापि** मुख्यार्थस्पर्शित्वात् ।

ષષ્ઠી કાઢી નાખવી ('त्व' સહિત પંચમી કાઢી નાખવી)

અર્થ : ઉપચાર પણ મુખ્યાર્થસ્પર્શી હોય છે.

(ii) ટીકામાં તત્ત્વનિરુપણ અવસરે એક પંક્તિમાં વિધાન કરવામાં આવે છે અને તેની પછીની બીજી પંક્તિમાં તે વિધાન કરવા પાછળનું કારણ જણાવાતું હોય છે. તે બીજી કારણસૂચક

પંક્તિના અંતે પંચમી વિભક્તિનો પ્રયોગ હોય છે. વાંચન કરતી વખતે તે દ્વિતીય પંક્તિની પૂર્વે 'કારણ કે...' કહી અંતે રહેલી પંચમી વિભક્તિને કાઢી નાખી સીધો અર્થ કરવો.

જેમ કે ...

अयं च पञ्चप्रकारोऽप्याशयो भावः, **अनेन विना** 'चेष्टा' कायवाङ्मनोव्यापाररूपा द्रव्यक्रिया 'तुच्छा' असारा, अभिलषितफलासाधक**त्वादि**त्येतर्थः । (योगविंशिका गाथा-१, टीका)

भावार्थ :- આ પ્રણિધાનાદિ પાંચ પ્રકારનો આશય ભાવ છે. આ ભાવ વિના ચેષ્ટા=મન-વચન-કાયાના વ્યાપારરૂપ દ્રવ્યક્રિયા તુચ્છ=અસાર છે. કારણ કે (તેવી દ્રવ્યક્રિયા) ઈચ્છિત ફલની સાધક બનતી નથી. આ પ્રમાણે ભાવાર્થ જાણવો.

(७०) ટીકાકારો પોતાની વાતની પુષ્ટિ માટે સુવિહિત અન્ય ગ્રંથનું અનુસંધાન આપતા હોય છે. ત્યારે તે સાક્ષીપાઠ મૂક્યા બાદ **'इति वचनात्'** પદ મૂકતા હોય છે. (ઉદા. માટે જુઓ મુદ્દો-૩૧)

(७१) ટીકામાં કેટલીકવાર પંક્તિનો પ્રારંભ **यत्र, तत्र, अत्र** શબ્દોથી થતો હોય છે. તેવા સ્થળે **'तत्र'** વગેરે શબ્દોના ત્યાં, જ્યાં, અહીં - ઈત્યાદિ અર્થ ન કરતાં, આગળની પંક્તિઓમાં જે વિષયનું અનુસંધાન હોય તે શોધીને અર્થ કરવો.

(७२) કેટલાક ટીકાકારો ટીકાનો પ્રારંભ શ્લોકના પ્રથમ શબ્દથી જ કરે છે. ક્રમશઃ તમામ શબ્દોની ટીકા કરતા જાય છે અને પરસ્પર અન્વય જોડતા જાય છે.

કેટલાક ટીકાકારો શ્લોકના ભાવાર્થને અનુસારે ટીકાનો પ્રારંભ કરતા જોવા મળે છે.

કેટલાક ટીકાકારો શ્લોક કે ગાથાગત શબ્દોની જ માત્ર ટીકા કરી મૂકી દે છે. વિશેષતયા પરસ્પર અન્વય જોડતા નથી.

(७३) ટીકાકારો શ્લોકના પ્રત્યેક શબ્દોની વ્યાખ્યા કરતાં કરતાં શ્લોકગત તે તે શબ્દોનો પરસ્પર અન્વય જોડવા માટે **'किमित्याह'**, **'कथमभिधीयते इत्याह'**, **'एवभूतस्यापि सतः किमित्याह'**, **'किंविशिष्टं...'** વગેરે પદો મૂકીને શ્રોતાને આગળ-આગળના શબ્દોના ભાવાર્થ તરફ અભિમુખ કરતા હોય છે. કેટલીકવાર પ્રશ્નો ઉપસ્થિત કરીને, તેનો રહસ્યાર્થ શ્લોકગત શબ્દોનો અર્થ કરી જણાવતા હોય છે.

(७४) ટીકાકારો વિશેષ્યના એકથી વધારે વિશેષણોને ક્રમશઃ વિશેષ્ય સાથે અન્વય કરતી વખતે **'किंविशिष्टं'** **'अयमेव विशिष्यते'**, **'किं भूतम्'**, **'कथंभूतम्'** વગેરે પદો મૂકી અન્વય જોડતા હોય છે.

આ રીતે સામાન્યથી ટીકાની શૈલી બતાવી. વિશેષથી ટીકા ખોલવાની પદ્ધતિ જાણકારો પાસેથી જાણી લેવી.

સામાન્યથી બતાવેલી ટીકાની શૈલીનો પરિચય પામી સૌ કોઈ ટીકાના વાંચનમાં પ્રવેશ કરી, ટીકાગત પદાર્થોને પરિણામ પમાડી વહેલામાં વહેલા ભવસાગરથી પાર ઉતરે એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા.

- મુનિ સંયમકીર્તિ વિજય

ષડ્દર્શન સમુચ્ચય

વિષયાનુક્રમ

ભાગ-૧

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૧.	ટીકાકારશ્રીનું મંગલ		૧
૨.	ગ્રંથકારશ્રીનું મંગલ	૧	૨
૩.	વીરપરમાત્માના ચાર અતિશય	૧	૩
૪.	આદિ-મધ્ય-અંત્યમંગલનું કારણ	૧	૫
૫.	'સદ્દર્શન' વિશેષણ દ્વારા જૈનદર્શનની સત્યતાની સિદ્ધિ	૧	૮
૬.	ભગવાનના વિશેષણો દ્વારા અન્યમતોનું ખંડન	૧	૯
૭.	શાસ્ત્રકારપરમર્ષિની મધ્યસ્થતા	૧	૧૪
૮.	સંખ્યાતીતદર્શનોનો છમાં સમાવેશ	૧	૧૫
૯.	૩૬૩ પરવાદિઓની માન્યતાઓનો પ્રારંભ	૧	૧૭
૧૦.	ક્રિયાવાદિઓના ૧૮૦ ભેદ	૧	૧૭
૧૧.	અક્રિયાવાદિઓના ૮૪ ભેદ	૧	૨૩
૧૨.	અજ્ઞાનવાદિઓના ૬૭ ભેદ	૧	૨૬
૧૩.	સત્ત્વાદિ સાતભાંગાની વિચારણા	૧	૩૦
૧૪.	વિનયવાદિઓના ૩૨ ભેદ	૧	૩૪
૧૫.	લોકના સ્વરૂપ વિશે ભિન્ન-ભિન્ન માન્યતાઓ	૧	૩૫
૧૬.	દર્શનોની સંખ્યા	૨	૪૧
૧૭.	દર્શનના નામ	૩	૪૨
	: બૌદ્ધદર્શન : અધિકાર - ૧ :		
૧૮.	બૌદ્ધદર્શનના દેવતા સુગત	૪	૪૩
૧૯.	દુઃખાદિ ચાર આર્યસત્ય	૪	૪૫
૨૦.	(ચાર આર્યસત્ય પૈકી) 'દુઃખતત્ત્વ'ના વિજ્ઞાનાદિ પાંચ ભેદો-સ્કંધો	૫	૪૭

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૨૧.	દુઃખતત્ત્વના કારણભૂત 'સમુદય'તત્ત્વની વ્યાખ્યા	૬	૫૦
૨૨.	(ચાર આર્યસત્ય પૈકી) 'માર્ગ' અને 'નિરોધ' તત્ત્વની પ્રરૂપણા તથા 'ક્ષણિકવાદ'ની સિદ્ધિ	૭	૫૨
૨૩.	બાર આયતનનું વર્ણન	૮	૬૦
૨૪.	પ્રમાણનું સામાન્યલક્ષણ તથા પ્રામાણ્યવાદ	૮	૬૨
૨૫.	બૌદ્ધમતમાં પ્રત્યક્ષ અને અનુમાન બે પ્રમાણ	૯	૯૦
૨૬.	બે પ્રમાણથી અતિરિક્ત પ્રમાણોનો નિષેધ	૯	૯૮
૨૭.	પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ	૧૦	૧૧૫
૨૮.	પ્રત્યક્ષપ્રમાણના ચાર ભેદ	૧૦	૧૧૭
૨૯.	અનુમાનપ્રમાણનું લક્ષણ	૧૦	૧૨૩
૩૦.	હેતુના પક્ષધર્મતાદિ ત્રણરૂપો	૧૧	૧૨૬
૩૧.	મૂળગ્રંથકારશ્રીએ નહીં કહેલ કંઈક વિશેષવર્ણન	૧૧	૧૩૧
૩૨.	બૌદ્ધદર્શનના વૈભાષિક આદિ ભેદોની આંશિક માન્યતા	૧૧	૧૩૨
૩૩.	બૌદ્ધદર્શનનો ઉપસંહાર	૧૨	૧૩૩
	: નૈયાયિકદર્શન : અધિકાર - ૨ :		
૩૪.	નૈયાયિકદર્શનનો પ્રારંભ, તેના વેશ, લિંગ અને આચાર	૧૨	૧૩૫
૩૫.	નૈયાયિકમતમાં વિભુ-નિત્ય-એક-સર્વજ્ઞ-નિત્યબુદ્ધિવાન્ શિવદેવ.	૧૩	૧૩૮
૩૬.	ઈશ્વરની જગત્કર્તા તરીકે સિદ્ધિ	૧૩	૧૩૯
૩૭.	પ્રમાણાદિ સોળ (૧૬) તત્ત્વોની પ્રરૂપણા	૧૪/૧૫/૧૬	૧૪૫
૩૮.	પ્રમાણનું સામાન્યલક્ષણ	૧૪/૧૫/૧૬	૧૪૮
૩૯.	પ્રમાણના પ્રત્યક્ષાદિ ચાર ભેદ	૧૭/૧૮/૧૯	૧૪૯
૪૦.	પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ	૧૭/૧૮/૧૯	૧૫૧

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૪૧.	સંયોગાદિ છ સન્નિકર્ષ	૧૭/૧૮/૧૯	૧૫૩
૪૨.	પ્રત્યક્ષપ્રમાણના લક્ષણગત શબ્દોની સાર્થકતા	૧૭/૧૮/૧૯	૧૫૫
૪૩.	પ્રત્યક્ષપ્રમાણનું ફલાદિ ત્રણ વિશેષણપક્ષોની વિચારણા	૧૭/૧૮/૧૯	૧૫૮
૪૪.	પ્રત્યક્ષપ્રમાણના બે ભેદ	૧૭/૧૮/૧૯	૧૬૧
૪૫.	અનુમાનપ્રમાણનું લક્ષણ	૧૭/૧૮/૧૯	૧૬૨
૪૬.	અનુમાનપ્રમાણના 'પૂર્વવત્' આદિ ત્રણ ભેદોનું વર્ણન	૧૭/૧૮/૧૯	૧૬૬
૪૭.	હેતુના પક્ષધર્મતા આદિ પાંચરૂપ	૧૭/૧૮/૧૯	૧૬૮
૪૮.	અનુમાનના વિષયના ત્રણપ્રકાર	૧૭/૧૮/૧૯	૧૭૦
૪૯.	'પૂર્વવત્' આદિ અનુમાનના ભેદોની ભિન્નપ્રકારે પ્રરૂપણા	૧૭/૧૮/૧૯	૧૭૭
૫૦.	પૂર્વવત્અનુમાનનું ઉદાહરણ	૨૦	૧૮૧
૫૧.	શેષવત્અનુમાનનું ઉદાહરણ	૨૧	૧૮૨
૫૨.	સામાન્યતોદૃષ્ટઅનુમાનનું ઉદાહરણ	૨૨	૧૮૪
૫૩.	ઉપમાનપ્રમાણનું લક્ષણ	૨૩	૧૮૫
૫૪.	શાબ્દપ્રમાણનું લક્ષણ	૨૪	૧૮૭
૫૫.	પ્રમેયનું લક્ષણ તથા આત્માદિપ્રમેયનું નિરૂપણ	૨૪	૧૮૮
૫૬.	સંશય-પ્રયોજનનું સ્વરૂપ	૨૫	૧૯૫
૫૭.	દૃષ્ટાંત અને સિદ્ધાંતતત્ત્વની વ્યાખ્યા	૨૬	૧૯૮
૫૮.	અવયવ - તર્ક - નિર્ણયતત્ત્વનું સ્વરૂપ	૨૭/૨૮	૨૦૩
૫૯.	પ્રતિજ્ઞા આદિ પાંચઅવયવ	૨૭/૨૮	૨૦૩
૬૦.	તર્કની વ્યાખ્યા	૨૭/૨૮	૨૦૫
૬૧.	નિર્ણયતત્ત્વની વ્યાખ્યા	૨૭/૨૮	૨૦૬
૬૨.	વાદતત્ત્વનું નિરૂપણ	૨૯	૨૦૭
૬૩.	કથાના બે પ્રકાર	૨૯	૨૦૭

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૬૪.	કથાના વાદિ આદિ ચાર અંગો	૨૯	૨૦૮
૬૫.	જલ્પ અને વિતંડાનું સ્વરૂપ	૩૦	૨૦૯
૬૬.	હેત્વાભાસાદિ ત્રણનું સ્વરૂપ	૩૧	૨૧૧
૬૭.	અસિદ્ધ આદિ હેત્વાભાસના પાંચપ્રકારો	૩૧	૨૧૨
૬૮.	છલનું સ્વરૂપ તથા તેના વાક્છલ આદિ ત્રણપ્રકારો	૩૧	૨૧૭
૬૯.	જાતિતત્ત્વની વ્યાખ્યા. તથા તેના ૨૪ ભેદોના નામ	૩૧	૨૧૯
૭૦.	સાધર્મ્યસમાજાતિ	૩૧	૨૨૦
૭૧.	વૈધર્મ્ય - ઉત્કર્ષ - અપકર્ષસમાજાતિ	૩૧	૨૨૧
૭૨.	વર્ણ્ય-અવર્ણ્યસમાજાતિ	૩૧	૨૨૨
૭૩.	વિકલ્પસમાજાતિ	૩૧	૨૨૩
૭૪.	સાધ્ય - પ્રાપ્તિ - અપ્રાપ્તિસમાજાતિ	૩૧	૨૨૪
૭૫.	પ્રસંગ - અનુત્પત્તિ - સંશયસમાજાતિ	૩૧	૨૨૫
૭૬.	પ્રકરણસમાજાતિ	૩૧	૨૨૬
૭૭.	હેતુસમાજાતિ	૩૧	૨૨૭
૭૮.	અર્થાપત્તિ - અવિશેષસમાજાતિ	૩૧	૨૨૮
૭૯.	ઉપપત્તિ - ઉપલબ્ધિ - અનુપલબ્ધિ સમાજાતિ	૩૧	૨૨૯
૮૦.	નિત્ય-અનિત્યસમા જાતિ	૩૧	૨૩૧
૮૧.	કાર્યસમાજાતિ	૩૧	૨૩૨
૮૨.	નિગ્રહસ્થાનનું સ્વરૂપ તથા તેના પ્રતિજ્ઞાહાનિ આદિ ૨૨ ભેદના નામ	૩૨	૨૪૦
૮૩.	પ્રતિજ્ઞાહાનિ નિગ્રહસ્થાન	૩૨	૨૪૧
૮૪.	પ્રતિજ્ઞાન્તર નિગ્રહસ્થાન	૩૨	૨૪૨
૮૫.	પ્રતિજ્ઞાવિરોધ - પ્રતિજ્ઞાસંન્યાસ નિગ્રહસ્થાન	૩૨	૨૪૩
૮૬.	હેત્વન્તર - અર્થાન્તર નિગ્રહસ્થાન	૩૨	૨૪૫

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૮૭.	નિરર્થક - અવિજ્ઞાતાર્થ - અપાર્થક નિગ્રહસ્થાન	૩૨	૨૪૬
૮૮.	અપ્રાપ્તકાલ - ન્યૂન નિગ્રહ સ્થાન	૩૨	૨૪૭
૮૯.	અધિક- પુનરુક્ત - અનનુભાષણ નિગ્રહસ્થાન	૩૨	૨૪૮
૯૦.	અજ્ઞાન - અપ્રતિભા-વિક્ષેપ નિગ્રહસ્થાન	૩૨	૨૪૯
૯૧.	મતાનુજ્ઞા-પર્યનુયોજ્યોપેક્ષણ - નિરનુયોજ્યાનુયોગ નિગ્રહસ્થાન	૩૨	૨૫૧
૯૨.	અપસિદ્ધાંત - હેત્વાભાસ નિગ્રહસ્થાન	૩૨	૨૫૨
૯૩.	મૂળગ્રંથકારશ્રીએ નહિં કહેલી કેટલીક નૈયાયિકદર્શનની માન્યતાઓ	૩૨	૨૫૪
૯૪.	નૈયાયિકમતનો ઉપસંહાર - સાંખ્યમતના પ્રારંભનું સૂચન	૩૩	૨૫૪
	: સાંખ્યદર્શન : અધિકાર - 3 :		
૯૫.	સાંખ્યદર્શનના વેષ, લિંગ અને આચાર	૩૩	૨૫૬
૯૬.	સાંખ્યમતનો પ્રારંભ	૩૪	૨૬૬
૯૭.	દુઃખના ત્રણપ્રકાર	૩૪	૨૬૭
૯૮.	સાંખ્યમતને માન્ય ૨૫ તત્ત્વનું નિરૂપણ	૩૫	૨૬૮
૯૯.	સત્ત્વાદિ ત્રણગુણોનું નિરૂપણ અને તેના કાર્ય	૩૫	૨૬૯
૧૦૦.	પ્રકૃતિનું સ્વરૂપ	૩૬	૨૭૧
૧૦૧.	સૃષ્ટિક્રમ	૩૭	૨૭૨
૧૦૨.	બુદ્ધિ - અહંકારનું સ્વરૂપ	૩૭	૩૦૯
૧૦૩.	ષોડશસમુદાયના નામ	૩૮-૩૯	૩૧૦
૧૦૪.	પંચભૂતની ઉત્પત્તિ	૪૦	૩૧૧
૧૦૫.	પુરુષતત્ત્વનું નિરૂપણ	૪૧	૩૧૨
૧૦૬.	સાંખ્યકારિકાના આધારે બુદ્ધિ આદિ તથા પ્રકૃતિનું વિસ્તારથી સ્વરૂપ	૪૧	૩૧૩
૧૦૭.	પુરુષતત્ત્વનું સ્વરુપ	૪૧	૩૧૭
૧૦૮.	તત્ત્વોનો ઉપસંહાર	૪૨	૩૨૦

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૧૦૯.	પ્રકૃતિ અને પુરુષની લંગડા અને અંધસમાન વૃત્તિ	૪૨	૩૨૧
૧૧૦.	પ્રમાણનું સ્વરૂપ	૪૩	૩૨૨
૧૧૧.	પ્રમાણનું સામાન્યસ્વરૂપ તથા પ્રમાણના ભેદો	૪૩	૩૨૪
૧૧૨.	મૂળગ્રંથકારશ્રીએ નહિં કહેલો વિશેષવાચ્યાર્થ	૪૩	૩૨૬
૧૧૩.	સાંખ્યમતનો ઉપસંહાર	૪૪	૩૨૭
૧૧૪.	પરિશિષ્ટ નં - ૧ : વેદાંત મત		૩૩૦
૧૧૫.	પરિશિષ્ટ નં - ૨ : યોગદર્શન		૩૩૫
૧૧૬.	પરિશિષ્ટ નં - ૩ : બૌદ્ધદર્શનની અઢારનિકાય		૩૪૨
૧૧૭.	પરિશિષ્ટ નં - ૪ : संकेत-विवरणम्		૩૪૩
૧૧૮.	પરિશિષ્ટ નં - ૫ : षड्दर्शनसमुच्चयभूमिका		૩૪૬
૧૧૯.	પરિશિષ્ટ નં - ૬ : लघुषड्दर्शनसमुच्चय		૩૬૮
૧૨૦.	પરિશિષ્ટ નં - ૭ : उद्धृतवाकयानुक्रमणिका		૩૭૦
૧૨૧.	પરિશિષ્ટ નં - ૮ : गाथावर्णानुक्रम		૩૭૫

ભાગ-૨

	: જૈનદર્શન : અધિકાર - ૪ :		
૧૨૨.	જૈનદર્શનના લિંગ, વેષ અને આચાર	૪૪	૩૭૮
૧૨૩.	દેવનું લક્ષણ	૪૫-૪૬	૩૭૯
૧૨૪.	ભગવાનના ચાર અતિશયનું સૂચન	૪૫-૪૬	૩૮૧
૧૨૫.	ઈશ્વરનું જગત્કર્તૃત્વસ્થાપન	૪૫-૪૬	૩૮૪
૧૨૬.	જગત્કર્તૃત્વનું વિસ્તારથી ખંડન	૪૫-૪૬	૩૯૦
૧૨૭.	જૈમિનીયો (મીમાંસકો)નો અનીશ્વરવાદ	૪૫-૪૬	૪૧૧
૧૨૮.	અનીશ્વરવાદનું વિસ્તારથી નિરાકરણ	૪૫-૪૬	૪૧૫
૧૨૯.	દિગંબરોની માન્યતા:- કેવલિને કવલાહારનો નિષેધ	૪૫-૪૬	૪૩૨

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૧૩૦.	દિગંબરની માન્યતાનું ખંડન તથા કેવલિને કવલાહારગ્રહણની સિદ્ધિ	૪૫-૪૬	૪૩૩
૧૩૧.	તત્ત્વોના નામ	૪૭	૪૩૮
૧૩૨.	નવતત્ત્વોનું સામાન્યસ્વરૂપ	૪૭	૪૩૯
૧૩૩.	જીવ-અજીવ - પુણ્યતત્ત્વનું વિસ્તારથી સ્વરૂપ	૪૮-૪૯	૪૪૧
૧૩૪.	જીવના અભાવમાં ચાર્વાકની યુક્તિઓ	૪૮-૪૯	૪૪૪
૧૩૫.	ચાર્વાકની માન્યતાનું વિસ્તારથી ખંડન-જીવની સિદ્ધિ	૪૮-૪૯	૪૫૧
૧૩૬.	આત્મા પ્રત્યક્ષગમ્ય	૪૮-૪૯	૪૫૯
૧૩૭.	આત્મા અનુમાનગમ્ય	૪૮-૪૯	૪૬૨
૧૩૮.	આત્માની આગમ-ઉપમાન-અર્થાપત્તિગ્રાહ્યતા	૪૮-૪૯	૪૭૦
૧૩૯.	કૂટસ્થનિત્ય આત્માનો અભાવ	૪૮-૪૯	૪૭૧
૧૪૦.	સાંખ્યઅભિમત અકર્તૃત્વમાં આત્માનો અભાવ	૪૮-૪૯	૪૭૨
૧૪૧.	જડસ્વરૂપ આત્માનો અભાવ	૪૮-૪૯	૪૭૪
૧૪૨.	પૃથ્વીમાં જીવની સિદ્ધિ	૪૮-૪૯	૪૭૬
૧૪૩.	પાણીમાં જીવની સિદ્ધિ	૪૮-૪૯	૪૭૮
૧૪૪.	અગ્નિમાં જીવની સિદ્ધિ	૪૮-૪૯	૪૮૦
૧૪૫.	વાયુમાં જીવની સિદ્ધિ	૪૮-૪૯	૪૮૨
૧૪૬.	વનસ્પતિમાં જીવની સિદ્ધિ	૪૮-૪૯	૪૮૩
૧૪૭.	બેઇન્દ્રિયાદિમાં જીવની સિદ્ધિ	૪૮-૪૯	૪૮૮
૧૪૮.	અજીવનું સ્વરૂપ	૪૮-૪૯	૪૯૧
૧૪૯.	અજીવનાં પાંચભેદ	૪૮-૪૯	૪૯૧
૧૫૦.	કારણના ત્રણપ્રકાર	૪૮-૪૯	૪૯૨
૧૫૧.	ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય - આકાશનું નિરૂપણ	૪૮-૪૯	૪૯૩
૧૫૨.	કાલનું નિરૂપણ	૪૮-૪૯	૪૯૫

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૧૫૩.	પુદ્ગલનું નિરૂપણ	૪૮-૪૯	૪૯૯
૧૫૪.	ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય - આકાશાસ્તિકાયની સિદ્ધિ	૪૮-૪૯	૫૦૨
૧૫૫.	કાલની સિદ્ધિ	૪૮-૪૯	૫૧૨
૧૫૬.	પુદ્ગલની સિદ્ધિ	૪૮-૪૯	૫૧૪
૧૫૭.	શબ્દની પુદ્ગલદ્રવ્ય તરીકે સિદ્ધિ	૪૮-૪૯	૫૧૫
૧૫૮.	અંધકાર અને છાયાની પુદ્ગલદ્રવ્ય તરીકે સિદ્ધિ	૪૮-૪૯	૫૧૭
૧૫૯.	આતપ - ઉદ્યોતની પુદ્ગલદ્રવ્ય તરીકે સિદ્ધિ	૪૮-૪૯	૫૧૭
૧૬૦.	પુણ્યતત્ત્વનું સ્વરૂપ	૪૮-૪૯	૫૧૮
૧૬૧.	પાપ અને આશ્રવતત્ત્વની વ્યાખ્યા	૫૦	૫૧૮
૧૬૨.	પુણ્ય અને પાપતત્ત્વની સિદ્ધિ	૫૦	૫૧૯
૧૬૩.	આશ્રવતત્ત્વનું નિરૂપણ	૫૦	૫૨૫
૧૬૪.	સંવર અને બંધતત્ત્વની વ્યાખ્યા	૫૧	૫૨૭
૧૬૫.	સંવરના બે પ્રકાર	૫૧	૫૨૮
૧૬૬.	નિર્જરા અને મોક્ષતત્ત્વનું નિરૂપણ	૫૨	૫૨૯
૧૬૭.	નિર્જરાના બે ભેદ	૫૨	૫૩૦
૧૬૮.	મોક્ષનું સ્વરૂપ	૫૨	૫૩૦
૧૬૯.	મોક્ષના સ્વરૂપમાં અન્યદ્વારા આપેલી અનુપપત્તિઓનો પરિહાર	૫૨	૫૩૨
૧૭૦.	વૈશેષિકમતમાં મુક્તિનું સ્વરૂપ	૫૨	૫૩૭
૧૭૧.	વૈશેષિકોને માન્યમુક્તિના સ્વરૂપનું ખંડન	૫૨	૫૩૯
૧૭૨.	સાંખ્યોના મતમાં મુક્તિનું સ્વરૂપ	૫૨	૫૪૩
૧૭૩.	સાંખ્યોને માન્ય મુક્તિના સ્વરૂપનું ખંડન	૫૨	૫૪૫
૧૭૪.	બૌદ્ધમતમાં મુક્તિનું સ્વરૂપ	૫૨	૫૫૦
૧૭૫.	બૌદ્ધોને માન્યમુક્તિના સ્વરૂપનું ખંડન	૫૨	૫૫૪
૧૭૬.	દિગંબરો દ્વારા સ્ત્રીની મુક્તિનો નિષેધ તથા શ્વેતાંબરો દ્વારા સ્ત્રીની મુક્તિનું વ્યવસ્થાપન	૫૨	૫૬૨

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૧૭૭.	ચારિત્રની યોગ્યતા	૫૩	૫૭૦
૧૭૮.	સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રવાન્ આત્મા મોક્ષનું ભાજન	૫૪	૫૭૧
૧૭૯.	પ્રમાણનું સામાન્યલક્ષણ	૫૪	૫૭૪
૧૮૦.	સામાન્યલક્ષણગત વિશેષણો દ્વારા અન્યમતને માન્ય પ્રમાણના સ્વરૂપનું ખંડન	૫૪	૫૭૫
૧૮૧.	પ્રમાણની સંખ્યા અને પ્રમાણનો વિષય	૫૫	૫૭૮
૧૮૨.	જૈનદર્શનને માન્ય બે પ્રમાણમાં અન્યદર્શનને માન્ય પ્રમાણોનો અંતર્ભાવ	૫૫	૫૮૦
૧૮૩.	અભાવપ્રમાણના ત્રણરૂપ	૫૫	૫૮૩
૧૮૪.	પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ અને તેના બે ભેદ	૫૫	૫૮૭
૧૮૫.	પરોક્ષપ્રમાણનું સ્વરૂપ અને તેના સ્મૃતિઆદિ પાંચ ભેદ	૫૫	૫૯૦
૧૮૬.	સ્મૃતિ અને પ્રત્યભિજ્ઞાનું સ્વરૂપ	૫૫	૫૯૦
૧૮૭.	તર્કનું સ્વરૂપ	૫૫	૫૯૧
૧૮૮.	અનુમાનપ્રમાણનું સ્વરૂપ તથા તેના બે પ્રકાર	૫૫	૫૯૧
૧૮૯.	દૃષ્ટાંતના બે ભેદ	૫૫	૫૯૨
૧૯૦.	પ્રતિજ્ઞાદિ પાંચ અવયવનું સ્વરૂપ	૫૫	૫૯૩
૧૯૧.	આગમપ્રમાણનું સ્વરૂપ	૫૫	૫૯૬
૧૯૨.	પ્રમાણનો વિષય અનંતધર્માત્મક વસ્તુ	૫૫	૫૯૭
૧૯૩.	સુવર્ણના ઘટના દૃષ્ટાંતથી વિસ્તારપૂર્વક વસ્તુની અનંતધર્માત્મકતાની સિદ્ધિ	૫૫	૫૯૯
૧૯૪.	દ્રવ્યતઃ ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૦
૧૯૫.	ક્ષેત્રતઃ ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૧
૧૯૬.	કાલતઃ ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૪
૧૯૭.	ભાવતઃ ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૫

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૧૯૮.	શબ્દત: ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૬
૧૯૯.	સંખ્યાત: ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૭
૨૦૦.	પરિમાણત: ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૭
૨૦૧.	દિગ્-દેશત:ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૭
૨૦૨.	જ્ઞાનત: ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૦૯
૨૦૩.	સામાન્યત: ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૧૦
૨૦૪.	વિશેષત: ઘટની અનંતધર્માત્મકતા	૫૫	૬૧૦
૨૦૫.	આત્મામાં અને મુક્તાત્મામાં અનંતધર્માત્મકતા	૫૫	૬૧૪
૨૦૬.	ધર્માસ્તિકાયાદિમાં અનેકધર્મતાનું નિરૂપણ	૫૫	૬૧૫
૨૦૭.	વસ્તુમાં નાસ્તિત્વપર્યાયની સિદ્ધિ	૫૫	૬૧૬
૨૦૮.	સર્વ વસ્તુઓની પ્રતિનિયતસ્વભાવતા	૫૫	૬૨૦
૨૦૯.	પ્રત્યક્ષ અને પરોક્ષનું લક્ષણ	૫૬	૬૨૨
૨૧૦.	જ્ઞાનાદ્વૈતવાદિની માન્યતાનું ખંડન	૫૬	૬૨૩
૨૧૧.	પરોક્ષનું લક્ષણ	૫૬	૬૨૬
૨૧૨.	વસ્તુની અનંતધર્માત્મકતાની દૃઢતા	૫૭	૬૨૭
૨૧૩.	વસ્તુની ત્રયાત્મકતાની સિદ્ધિ	૫૭	૬૨૮
૨૧૪.	વસ્તુની અનેકાંતતામાં વિરોધ, સંશય, અનવસ્થા આદિ દોષોનું ઉદ્ભાવન	૫૭	૬૪૨
૨૧૫.	વિરોધાદિ દોષોનો પરિહાર	૫૭	૬૪૫
૨૧૬.	બૌદ્ધમત દ્વારા સ્વીકૃત અનેકાંતનું ઉદ્ભાવન	૫૭	૬૫૭
૨૧૭.	નૈયાયિકો તથા વૈશેષિકો દ્વારા સ્વીકૃત અનેકાંતનું પ્રકાશન	૫૭	૬૬૮
૨૧૮.	સાંખ્યો તથા મીમાંસકો દ્વારા સ્વીકૃત અનેકાંતનું પ્રકાશન	૫૬	૬૭૫
૨૧૯	અનેકાંતની સિદ્ધિ માટે બૌદ્ધાદિ સર્વદર્શનોને સંમતદૃષ્ટાંતો અને યુક્તિઓ.	૫૭	૬૭૬

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૨૨૦.	'પરહેતુતમોભાસ્કર' નામનું વાદસ્થળ	૫૭	૬૮૧
૨૨૧.	જૈનદર્શનનો ઉપસંહાર તથા જૈનદર્શનમાં પૂર્વાપરના વિરોધનો અભાવ	૫૮	૭૦૬
૨૨૨.	બૌદ્ધમતના વચનોમાં પૂર્વાપરનો વિરોધ	૫૮	૭૦૮
૨૨૩.	નૈયાયિક અને વૈશેષિકમતમાં પૂર્વાપરવિરોધ	૫૮	૭૧૩
૨૨૪.	સાંખ્યમતમાં સ્વવચન-વિરોધ	૫૮	૭૧૮
૨૨૫.	મીમાંસકમતમાં સ્વવચન-વિરોધ	૫૮	૭૨૧
૨૨૬.	મૂલગ્રંથમાં નહિં કહેલી કેટલીક બાબતો તથા જૈનદર્શનની સમાપ્તિ	૫૫	૭૨૪
	: વૈશેષિક દર્શન - અધિકાર - ૫ :		
૨૨૭.	વૈશેષિકમતનો પ્રારંભ	૫૯	૭૨૬
૨૨૮.	વૈશેષિકમતને માન્ય છ દ્રવ્યાદિનું નિરૂપણ	૬૦	૭૨૭
૨૨૯.	દ્રવ્યના પૃથ્વી આદિ નવભેદ	૬૧	૭૨૮
૨૩૦.	પચ્ચીસગુણોનું નિરૂપણ	૬૨-૬૩	૭૩૪
૨૩૧.	કર્મપદાર્થનું વ્યાખ્યાન	૬૪	૭૪૫
૨૩૨.	પર-અપરસામાન્યની વ્યાખ્યા	૬૫	૭૪૬
૨૩૩.	વિશેષપદાર્થનું નિરૂપણ	૬૫	૭૫૧
૨૩૪.	સમવાયનું સ્વરૂપ	૬૬	૭૫૩
૨૩૫.	વૈશેષિકમતમાં પ્રમાણની સંખ્યા	૬૭	૭૫૫
૨૩૬.	પ્રત્યક્ષના બે પ્રકાર	૬૭	૭૫૬
૨૩૭.	અનુમાનનું લક્ષણ	૬૭	૭૫૮
૨૩૮.	મૂળગ્રંથમાં નહીં કહેલી કેટલીક વાતો	૬૭	૭૬૦
	: મીમાંસક દર્શન : - અધિકાર - ૬ :		
૨૩૯.	મીમાંસકદર્શનનો વેશ, આચાર, લિંગ	૬૭	૭૬૩
૨૪૦.	વેદાંતદર્શનની આછેરી રૂપરેખા	૬૭	૭૬૩

નં.	વિષય	શ્લોક નં.	પૃષ્ઠ નં.
૨૪૧.	મીમાંસકદર્શનમાં દેવનો અભાવ	૬૮	૭૬૯
૨૪૨.	અતીન્દ્રિયપદાર્થોનું જ્ઞાન વેદવાક્યથી	૬૯	૭૭૨
૨૪૩.	વેદવાક્યની દૃઢતા - વેદપાઠ ઉપર ભાર	૭૦	૭૭૩
૨૪૪.	ધર્મનું લક્ષણ	૭૧	૭૭૫
૨૪૫.	પ્રમાણનું સામાન્યલક્ષણ	૭૧	૭૮૦
૨૪૬.	પ્રમાણની સંખ્યા	૭૨	૭૮૧
૨૪૭.	પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ	૭૩	૭૮૨.
૨૪૮.	અનુમાનપ્રમાણનું લક્ષણ	૭૩	૭૮૩
૨૪૯.	શાબ્દ-ઉપમાન પ્રમાણનું લક્ષણ	૭૪	૭૮૫
૨૫૦.	અર્થાપત્તિપ્રમાણનું લક્ષણ	૭૫	૭૮૬
૨૫૧.	અભાવપ્રમાણનું સ્વરૂપ	૭૬	૭૮૯
૨૫૨.	અભાવપ્રમાણના ત્રણરૂપ	૭૬	૭૯૧
૨૫૩.	અભાવના ચારપ્રકાર	૭૬	૭૯૩
૨૫૪.	મૂળગ્રંથકાર દ્વાર નહિં કહેવાયેલ કંઈક વિશેષ	૭૬	૭૯૬
૨૫૫.	મીમાંસકમતનો ઉપસંહાર	૭૭	૭૯૭
૨૫૬.	મતાંતરે પાંચ આસ્તિકદર્શન	૭૮	૭૯૮
૨૫૭.	મતાંતરે છદર્શન	૭૯	૭૯૮
	: લોકાયત મત :		
૨૫૮.	નાસ્તિકનું સ્વરૂપ	૭૯	૭૯૯
૨૫૯.	નાસ્તિકમતમાં જીવાદિનો નિષેધ	૮૦	૮૦૦
૨૬૦.	પ્રત્યક્ષ વિષય જ વસ્તુ	૮૧	૮૦૧
૨૬૧.	પ્રત્યક્ષાભાવમાં સ્ત્રીને પતિનો ઉપદેશ	૮૨	૮૦૫
૨૬૨.	પ્રમેય અને પ્રમાણ	૮૩	૮૦૭

२७३.	चारभूतथी देहनी उत्पत्ति-देहथी चैतन्यनी उत्पत्ति	८४	८०८
२७४.	परोक्षअर्थमां प्रवृत्तिनो निषेध	८५	८०९
२७५.	काम एज परम धर्म	८६	८१०
२७६.	चार्वाकमतनो उपसंहार	८७	८१२
	परिशिष्ट [भाग-२]		
२७७.	परिशिष्ट नं - १ मलधारि श्री राजशेखरसूरि विरचित षड्दर्शन समुच्चय		८१५
२७८.	परिशिष्ट नं - २ श्रीसोमतिलकसूरिकृत लघुवृत्ति		८२९
२७९.	परिशिष्ट नं - ३ : षड्दर्शन समुच्चय - अवचूर्णि		८७५
२७०.	परिशिष्ट नं - ४ : उद्घृतवाक्यानुक्रमणिका		८८६
२७१.	परिशिष्ट नं - ५ : गाथावर्णानुक्रमिका		८९१
२७२.	परिशिष्ट नं - ६ : श्री षड्दर्शन निर्णय		८९३
२७३.	परिशिष्ट नं - ७ : नमिनाथजिन - स्तवन		९०४
२७४.	परिशिष्ट नं-८ : वेदांतदर्शननुं स्वरूप		९०६
२७५.	परिशिष्ट नं - ९ : नयनुं स्वरूप		९०७
२७६.	परिशिष्ट नं - १० : सप्तभंगीनुं स्वरूप		९१३

[नोंध : उद्घृतवाक्यानुक्रमणिका अने गाथावर्णानुक्रमणिका, आ बे परिशिष्टो अभ्यासुवर्गनी माटे बंने भागमां लीधेल छे. अभ्यासनी सरळता माटे विषयानुक्रम बंने भागमां मूकेल छे.]

ષડ્દર્શન સમુચ્ચયમાં દર્શાવેલી વ્યવસ્થા

દર્શન	દેવતા	પદાર્થો	પ્રમાણ	સંખ્યા
બૌદ્ધ	ગૌતમબુદ્ધ (જગતના અકર્તા)	૧૨ (આયતન)	પ્રત્યક્ષ-અનુમાન	૨
ન્યાય	શંકર (જગત્કર્તા)	૧૬	પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ	૪
સાંખ્ય	-	૨૫	પ્રત્યક્ષ-અનુમાન-શબ્દ	૩
યોગ	ઈશ્વર (અકર્તા)	૨૫	પ્રત્યક્ષ-અનુમાન-શબ્દ	૩
જૈન	વીતરાગ (અકર્તા)	૯	પ્રત્યક્ષ-પરોક્ષ	૨
વૈશેષિક	શંકર (કર્તા)	૬	પ્રત્યક્ષ-અનુમાન	૨
મીમાંસા (પૂર્વ)	(વેદવાક્ય)	૮	પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન શબ્દ-અર્થાપત્તિ-અનુપલબ્ધિ	૬
વેદાંત (ઉત્તરમીમાંસા)	સગુણબ્રહ્મ (કર્તા)	૧ (બ્રહ્મ)	મીમાંસા મુજબ	૬
ચાર્વાક	-	૪	પ્રત્યક્ષ	૧

ષડ્દર્શન સમુચ્ચય ભાવાનુવાદ

।। अर्हम् ।।

।। श्रीहरिभद्रसूरिविरचितः श्रीगुणरत्नसूरिकृतवृत्तिसहितः ।।

षड्दर्शनसमुच्चयः ।

जयति विजितरागः केवलालोकशाली सुरपतिकृतसेवः श्रीमहावीरदेवः ।
यदसमसमयाब्धेश्चारुगाम्भीर्यभाजः सकलनयसमूहा बिन्दुभावं भजन्ते ।। १ ।।

श्रीवीरः स जिनः श्रिये भवतु यत्स्याद्वाददावानले भस्मीभूतकुतर्ककाष्ठनिकरे तृण्यन्ति सर्वेऽप्यहो ।
संशीतिव्यवहारलुब्व्यतिकरानिष्टाविरोधप्रमाबाधासंभव-संकरप्रभृतयो दोषाः परैरोपिताः ।। २ ।।
वाग्देवी संविदे नः स्यात्सदा या सर्वदेहिनाम् । चिन्तितार्थान् पिपर्त्तीह कल्पवल्लीव सेविता ।। ३ ।।
नत्वा निजगुरून् भक्त्या षड्दर्शनसमुच्चये । टीकां संक्षेपतः कुर्वे स्वान्योपकृतिहेतवे ।। ४ ।।

(ટીકાકારશ્રી ટીકાની રચના કરતાં શરૂઆતમાં ટીકાની નિર્વિઘ્નસમાપ્તિ માટે તથા શિષ્ટ પુરુષોની આચરણાના પરિપાલન માટે મંગલ કરે છે.)

રાગના વિજેતા, કેવલજ્ઞાનરૂપ પ્રકાશના પુંજ, સુરેન્દ્રોથી સેવાયેલા શ્રીમહાવીર પરમાત્માનો જય થાઓ, કે જેમના સુંદર ગંભીરતાને(વાસ્તવિક ઉંડાણને)ધારણકરનાર, કોઈની સાથે સરખામણી ન કરી શકાય તેવા આગમસમુદ્રની આગળ સઘળાયનયના(દર્શનના) સમુહો બિંદુભાવને ભજે છે - બિંદુ સમાન બની રહે છે. (અર્થાત્ જેમ સમુદ્ર અનંતજલબિંદુના સમુહને પોતાનામાં સમાવી લે છે, તેમ જૈનશાસન પરદર્શનરૂપી બિંદુઓને સમાવી લે છે.) (૧)

તે શ્રીવીરજિનેશ્વર પરમાત્મા (તમારા) કલ્યાણ માટે થાઓ કે જેમના સ્યાદ્વાદરૂપી સિદ્ધાંતના દાવાનળમાં ભસ્મીભૂત થયેલા કુતર્કરૂપી કાષ્ઠના ઢગલામાં અરે ! અન્યદર્શન-વાળાઓવડે (સ્યાદ્વાદસિદ્ધાંતમાં) આરોપિતકરેલા સંશય, વ્યવહારલોપ, વ્યતિકર, અનવસ્થા, વિરોધ, પ્રમાબાધ, અસંભવ, સંકરવગેરે સર્વે પણ દોષો તૃણભાવને પામે છે. અર્થાત્ બળી જાય છે. (૨)

સેવાયેલી કલ્પવેલડી જેમ સર્વજીવોના ચિંતિત(ઇચ્છિત)અર્થોને હંમેશાં પૂરે છે, તેમ સરસ્વતીદેવી અમારા સમ્યગ્જ્ઞાન માટે હંમેશાં થાય. (૩)

ભક્તિથી પોતાના ગુરુને નમસ્કારકરીને, સ્વ-પરના ઉપકારમાટે ષડ્દર્શનસમુચ્ચય ઉપર સંક્ષેપમાં ટીકા કરું છું. (૪)

(टीकाकारे मंगल, अभिधेय, प्रयोजन अने संबंधस्वरूप अनुबंधचतुष्टयनुं कथन कर्युं छे. ते स्वयं विचारी लेवुं.)

इह हि जगति गरीयश्चित्तवतां महतां परोपकारसंपादनमेव सर्वोत्तमा स्वार्थसंपत्तिरिति मत्वा परोपकारैकप्रवृत्तिसारश्चतुर्दशशतसंख्यशास्त्रविरचनाजनितजगज्जन्तूपकारः श्री जिनशासनप्रभावनाप्रभाताविर्भावनभास्करो याकिनीमहत्तरावचनानवबोधलब्धबोधिबन्धुरो भगवान् श्री हरिभद्रसूरिः षड्दर्शनीवाच्यस्वरूपं जिज्ञासूनां तत्तदीयग्रन्थविस्तरावधारणशक्तिविकलानां सकलानां विनेयानामनुग्रहविधित्सया स्वल्पग्रन्थं महार्थं सद्भूतनामान्वयं षड्दर्शनसमुच्चयं शास्त्रं प्रारम्भमाणः शास्त्रारम्भे मङ्गलाभिधेययोः साक्षादभिधानाय संबन्धप्रयोजनयोश्च संसूचनाय प्रथमं श्लोकमेनमाह-

टीकानो भावानुवाद :

आ जगतमां महानचित्तवाळा महापुरुषोनी, 'परोपकारनुं संपादन करवुं ए ज' सर्वोत्तम स्व-संपत्ति छे, एमभानीने परोपकार मात्र (जेओश्रीनी) प्रवृत्तिनो सार छे एवा-१४४४ ग्रंथनी रचनाद्वारा जगतना जीवो उपर उपकारकरनारा, श्री जिनशासननी प्रभावनारूपी प्रभात(सूर्योदय)ने प्रगटकरनार सूर्यसमान, याकिनीमहत्तरासाध्वीजीना (गोखाता श्लोकना) वचननो बोध नहि पामवाथी (अने पाछळथी पू. आ. भ पासे श्लोकनो) बोध पामेला - सम्यक्त्वथी शोभित **पू. आ. भ. श्री हरिभद्रसूरिश्वरजी महाराजाओ छ** ए दर्शनना वाच्यार्थ (पदार्थ)ना स्वरूपनी जिज्ञासावाळाओ के, जे ते ते दर्शनना ते ते आकार (विस्तृत वर्णनथी युक्त) ग्रंथोने अवधारणकरवानी शक्तिथी विकल छे, ते सघळाये शिष्यो उपर अनुग्रह(उपकार) करवानी इच्छाथी महाअर्थथी युक्त यथार्थनामवाळा नानकडा षड्दर्शनसमुच्चय नामना शास्त्रनो प्रारंभ करतां ग्रंथनी शरूआतमां मंगल अने अभिधेयना साक्षात्कथन माटे तथा संबंध-प्रयोजनना सूचन माटे आ प्रथम श्लोक कहे छे....

सद्दर्शनं जिनं नत्वा वीरं स्याद्वाददेशकम् ।
सर्वदर्शनवाच्योऽर्थः संक्षेपेण निगद्यते ।। १ ।।

श्लोकार्थ : स्याद्वादसिद्धांतना प्ररूपक, सर्वज्ञ-सर्वदर्शी श्रीजिनेश्वर परमात्माने नमस्कार करीने सर्वदर्शनोना वाच्यार्थ (प्रतिपादित पदार्थ)ने संक्षेपथी कहेवाय छे.

सत् शश्वद्विद्यमानं छाद्मस्थिकज्ञानापेक्षया प्रशस्तं वा दर्शनमुपलब्धिर्ज्ञानं केवलाख्यं यस्य स सद्दर्शनः । अथवा सत्प्रशस्तं दर्शनं केवलदर्शनं तदव्यभिचारित्वात्केवलज्ञानं च

यस्य स सद्दर्शनः सर्वज्ञः सर्वदर्शी चेत्यर्थः तम् । अनेन विशेषणेन श्री वर्धमानस्य भगवतो ज्ञानातिशयमाविरबीभवत् । अथवा सदर्चितं सकलनरासुरामरेन्द्रादिभिरभ्यर्चितं दर्शनं जैनदर्शनं यस्य स सद्दर्शनस्तम् । अनेन च तदीयदर्शनस्य त्रिभुवनपूज्यतामभिदधानः श्रीवर्धमानस्य त्रिभुवनविभोः सुतरां त्रिभुवनपूज्यतां व्यनक्तीति पूजातिशयं प्राचीकटत् । तथा जयति रागद्वेषादिशत्रूनिति जिनस्तम् अनेनापायापगमातिशयमुदबीभवत् । तथा स्यात्कथंचित्सर्वदर्शनसंमतसद्भूतवस्त्वंशानां मिथः सापेक्षतया वदनं स्याद्वादः । सदसन्नित्यानित्यसामान्यविशेषाभिलाप्यानभिलाप्योभयात्मानेकान्त इत्यर्थः । ननु कथं सर्वदर्शनानां परस्परविरुद्धभाषिणामभीष्टा वस्त्वंशाः के सद्भूताः संभवेयुः येषां मिथः सापेक्षतया स्याद्वादः सत्प्रवादः स्यादिति चेत् उच्यते । यद्यपि दर्शनानि निजनिजमतभेदेन परस्परं विरोधं भजन्ते तथापि तैरुच्यमानाः सन्ति तेऽपि वस्त्वंशा ये मिथः सापेक्षाः सन्तः समीचीनतामञ्चन्ति । तथाहि । सौगतैरनित्यत्वं, सांख्यैर्नित्यत्वं, नैयायिकैर्वैशेषिकैश्च परस्परविविक्ते नित्यानित्यत्वे सदसत्वे सामान्यविशेषौ च, मीमांसकैः स्याद्-शब्दवर्जं भिन्नाभिन्ने नित्यानित्यत्वे सदसदंशौ सामान्यविशेषौ शब्दस्य नित्यत्वं च, कैश्चित्कालस्वभावनियतिकर्मपुरुषादीनि जगत्कारणानि, शब्दब्रह्मज्ञानाद्वैतवादिभिश्च शब्दब्रह्मज्ञानाद्वैतानि चेत्यादयो ये ये वस्त्वंशाः परैरङ्गीक्रियन्ते, ते सर्वेऽपि सापेक्षाः सन्तः परमार्थसत्यतां प्रतिपद्यन्ते निरपेक्षास्त्वन्योन्येन निरस्यमाना नभोनलिनायन्त इत्यलं विस्तरेण । स्याद्वादस्य देशकः सम्यग्वक्ता स्याद्वाददेशकस्तम् । अनेन च वचनातिशयमचकथत् । तदेवं चत्वारोऽत्रातिशयाः शास्त्रकृता साक्षादाचचक्षिरे । तेषां हेतुहेतुमद्भाव एवं भाव्यः-यत एव निःशेषदोषशत्रुजेता, तत एव सर्वज्ञः । यत एव सर्वज्ञस्तत एव सद्भूतार्थवादी । यत एव सद्भूतार्थवादी, तत एव त्रिभुवनाभ्यर्च्य इति ।

ટીકાનો ભાવાનુવાદ :

સત્ એટલે હંમેશાં વિદ્યમાન અથવા છાદ્મસ્થિકજ્ઞાનની અપેક્ષાએ પ્રશસ્ત એવું કેવલદર્શન (તથા ઉપલક્ષણથી) ઉપલબ્ધિ એટલે કે કેવલજ્ઞાન જેને છે તે સદ્દર્શન. (અર્થાત્ કેવલજ્ઞાન-કેવલદર્શન વાળા.) અથવા (કેવલદર્શનના પૂર્વસમયે અવ્યભિચરિતપણે કેવલજ્ઞાન હોય છે.) તેથી પ્રશસ્ત છે દર્શન જેને તે કેવલદર્શન અને કેવલદર્શનના પૂર્વસમયે અવ્યભિચરિતપણે કેવલજ્ઞાન છે જેને તે સદ્દર્શન. અર્થાત્ સદ્દર્શન પદથી સર્વજ્ઞ અને સર્વદર્શી એવા શ્રીવીર પરમાત્માને નમસ્કારકરીને. આ રીતે 'નત્વા' સાથે સંબંધ કરવો.)

આ 'સદ્દર્શન' વિશેષણ દ્વારા શ્રીવર્ધમાનસ્વામી ભગવાનનો **જ્ઞાનાતિશય** સૂચિત થાય છે.

(હવે 'सद्दर्शन' પદની બીજીરીતે વ્યુત્પત્તિ કરીને પૂજાતિશય પ્રગટ કરે છે.) सद् એટલે પૂજાયેલ. અર્થાત્ સઘળાયે નરેન્દ્રો, અસુરેન્દ્રો અને ઇન્દ્રોવડે પૂજાયેલું છે દર્શન (=જૈનદર્શન) જેનું તે सद्दर्शन.

આ વ્યુત્પિત્તિથી તેમના (ભગવાનના) દર્શનની ત્રિભુવનપૂજ્યતાને કહેતાં ત્રિભુવનસ્વામી શ્રીવર્ધમાન સ્વામીની ત્રિભુવનપૂજ્યતાને સુતરાં પ્રગટ કરે છે. (અર્થાત્ જેનું દર્શન લોકો માટે પૂજનીય હોય, તે તો પૂજનીય હોય જ, તે સમજી શકાય છે.) આ રીતે (ભગવાનનો) **પૂજાતિશય** પ્રગટ કર્યો. ('जिनं' પદ દ્વારા ભગવાનનો અપાયાપગમાતિશય સૂચવ્યો છે.) રાગદ્વેષાદિ શત્રુઓનો જીતે છે તે જિન. (તે જિનને નમસ્કાર કરીને... એ પ્રમાણે 'नत्वा' સાથે અન્વય કરવો.) આ વિશેષણદ્વારા **'अपायापगम'** અતિશય સૂચવ્યો છે.

स्यात् કે કથંચિત્ પદસહિત બોલવું તે સ્યાદ્વાદ. અર્થાત્ સર્વદર્શનને સંમતવસ્તુના સદ્ભૂત અંશોનું પરસ્પરસાપેક્ષપણે કથનકરવું તે સ્યાદ્વાદ. આ રીતે સત્-અસત્, નિત્ય-અનિત્ય, સામાન્ય-વિશેષ, અભિલાપ્ય-અનભિલાપ્ય ઇત્યાદિ ઉભયાત્મકધર્મોને સાપેક્ષપણે 'स्यात्' પદથી લાંછિત કરીને બોલવું તે સ્યાદ્વાદ=અનેકાંત કહેવાય છે. (કહેવાનો આશય એ છે કે દરેક પદાર્થો અનંતધર્માત્મક હોય છે. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સર્વપદાર્થો નિત્ય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે. તેથી 'स्यात्' પદથી લાંછિત કરીને 'सर्वे भावा कथंचित् नित्यः स्यात् कथंचित् अनित्यः स्यात्' આવું કથનકરવું તે અનેકાંતતાને સૂચવે છે.)

शंका : પરસ્પરવિરુદ્ધ પ્રરૂપણાકરતા સર્વદર્શનોના (પોત-પોતાને) ઇચ્છિતવસ્તુના અંશો સદ્ભૂત(યથાર્થ) કેવીરીતે સંભવે ? કે જેથી તે પદાર્થોનું સાપેક્ષપણે સ્યાદ્વાદ્=સત્પ્રવાદ=સત્કથન કરી શકાય ?

समाधान : જોકે સર્વદર્શનો પોતપોતાના મતની ભિન્નતાથી પરસ્પરવિરોધી છે, તો પણ તેઓ વડે કહેવાયેલા તે તે વસ્તુના જે (અંશો) સાપેક્ષહોય તે (અંશો) યથાર્થતાને પામે છે. જેમકે બૌદ્ધો સર્વવસ્તુઓને અનિત્ય માને છે, સાંખ્યદર્શનવાળા આત્માને કૂટસ્થનિત્ય માને છે, નૈયાયિકો અને વૈશેષિકો નિત્ય-અનિત્ય, સત્-અસત્ તથા સમાન્ય-વિશેષને પરસ્પર સર્વથા ભિન્ન માને છે.

મીમાંસકો વસ્તુને ભિન્ન-અભિન્ન, નિત્ય-અનિત્ય, સત્-અસત્, સામાન્ય-વિશેષ સ્વરૂપ માનીને પણ (કથન કરતાં) 'स्यात्' પદનો પ્રયોગ કરતા નથી અને શબ્દને સર્વથાનિત્ય માને છે.

કેટલાક કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ, પુરુષાર્થ આદિને જગતના કારણ માને છે. શબ્દ-અદ્વૈતવાદિ જગતને શબ્દમય, બ્રહ્મ-અદ્વૈતવાદિ જગતને બ્રહ્મમય અને જ્ઞાન-અદ્વૈતવાદિ જગતને

જ્ઞાનક્ષણરૂપ માને છે.... ઇત્યાદિ જે જે વસ્તુના અંશો બીજા દર્શનવાળાઓ વડે સ્વીકારાય છે, તે સર્વે પણ સાપેક્ષ હોતે છતે પરમાર્થ-સત્યતાને પામે છે. પરંતુ પરસ્પરનિરપેક્ષએવા તેઓ એક-બીજાની વાતનું ખંડન કરતા આકાશકુસુમની જેમ આચરણ કરે છે. (नभ-नलिनं इव आचरन्ते इति नभनलिनायन्ते સિદ્ધ. હૈ-૩-૪-૨૩ સૂત્રથી 'क्यङ्' પ્રત્યય લાગે છે.) અર્થાત્ આકાશકુસુમની જેમ અસત્રૂપ બની જાય છે.... (આ વિષયમાં) વિસ્તારથી સર્યું. (આ રીતે 'સ્યાદ્વાદ' પદની વ્યાખ્યા કરી. તે) સ્યાદ્વાદના પ્રરૂપક અર્થાત્ સમ્યક્વક્તા તે સ્યાદ્વાદદેશક. તે સ્યાદ્વાદદેશકને (નમસ્કાર કરીને... એ રીતે 'नत्वा' સાથે અન્વયે કરવો.)

આ સ્યાદ્વાદદેશક વિશેષણ દ્વારા ભગવાનનો **વચનાતિશય** કહેવાયો. આ પ્રમાણે ચાર અતિશયો શાસ્ત્રકારવડે સાક્ષાત્ કહેવાયા.

તે ચારેય અતિશયોનો હેતુ-હેતુમદ્ભાવ આ પ્રમાણે વિચારવો - જે કારણથી જ સઘળાયે રાગાદિદોષરૂપ શત્રુઓને જીતનારા છે, તે કારણથી જ સર્વજ્ઞ છે. જે કારણથી સર્વજ્ઞ છે, તે કારણથી જ યથાર્થવાદિ છે. જે કારણથી યથાર્થવાદિ છે, તે કારણથી જ ત્રિભુવનને પૂજ્ય છે.

एवमतिशयचतुष्टयीप्रवरं वीरं महावीरं वर्तमानतीर्थाधिपतिं श्रीवर्धमानापराभिधानं नत्वा मनसा तदतिशयचिन्तनेन, वाचा तदुच्चारणेन, कायेन भूमौ शिरोलगनेन च प्रणिधायेत्यर्थः । एतेनादिमं मङ्गलमभिदधौ । मध्यमङ्गलं तु "जिनेन्द्रो देवता तत्र रागद्वेषविवर्जित" [षड्दर्शन श्लो० - ४५] इत्यादिना जिनमतकीर्तनेन कीर्तियिष्यति । अन्त्यमङ्गलं पुनरभिधेयतात्पर्यार्थः पर्यालोच्यः सुबुद्धिभिरित्यत्र सुबुद्धिशब्दसंशब्दनेन (शंशनेन) वक्ष्यति । तस्य त्रिविधस्यापि फलमिदम्-

"तं मंगलमाईए मज्झे पज्जंतए य सत्थस्स । पढमं सत्थस्साविग्घपारगमणाए निद्दिठं ।।१ ।।

तस्सेवाविग्घत्थं (तस्सेव उ थिज्जत्थं) मज्झिमयं अंतिमं च तस्सेव अव्वोत्तिनिमित्तं सिस्सपसिस्साइवंसस्स ।। २ ।।" [विशेषा० गा० १३-१४]

वीरं नत्वेत्युक्तं, तत्र त्क्वाप्रत्ययस्योत्तरक्रियासापेक्षत्वान्निगद्यत इति क्रियापदमत्र संबन्धनीयम् । को निगद्यते । सर्वदर्शनवाच्योऽर्थः सर्वाणि मूलभेदापेक्षया समस्तानि यानि दर्शनानि बौद्धादीनि तैस्तेषां वा वाच्योऽभिधेयोऽर्थो देवतत्त्वप्रमाणदिलक्षणः

संक्षेपेण समासेन निगद्यतेऽभिधीयते । मयेत्यनुक्तमप्यत्रार्थाद् गम्यते । एतेन साक्षादभिधेयमभ्यधात् ।

संबन्धप्रयोजने तु सामर्थ्यादवसेये । सर्वदर्शनवक्तव्यदेवतत्त्वादिज्ञानमुपेयं, इदं शास्त्रं तस्योपायः, एवमुपायोपेयलक्षणः संबन्धः सूचितो द्रष्टव्यः । प्रयोजनं तु द्वेधा कर्तुः श्रोतुश्च । द्वयमपि द्वेधा, अनन्तरं परंपरं च । कर्तुरनन्तरं प्रयोजनं सत्त्वानुग्रहः । श्रोतुरनन्तरं सर्वदर्शनाभिमतदेवतत्त्वप्रमाणा दिज्ञानम् । द्वयोरपि परंपरं पुनर्हेयोपादेयदर्शनानि ज्ञात्वा हेयान्यपहायोपादेयं चोपादाय परंपरयानन्तचतुष्टयात्मिका सिद्धिरिति ।

टीकानो भावानुवाद :

આ પ્રમાણે ચાર અતિશયોથી શ્રેષ્ઠ (=શોભતા), બીજું નામ જેનું વર્ધમાનસ્વામી છે એવા વર્તમાન તીર્થાધિપતિ શ્રીમહાવીર પરમાત્માને નમસ્કારકરીને... (અર્થાત્) મનથી ભગવાનના અતિશયોના ચિંતનવડે, વાણીથી તેના ઉચ્ચારણવડે અને કાયાથી ભૂમિઉપર મસ્તક લગાડવાપૂર્વક પ્રણિધાનકરીને... (સર્વદર્શનના વાચ્યાર્થને સંક્ષેપથી કહેવાય છે - આ રીતે અન્વય કરવો.)

આના દ્વારા પ્રથમમંગલ કહેવાયું. મધ્યમમંગલ ગ્રંથની મધ્યમાં ચોથાઅધિકારમાં ગાથા-૪૫માં "जिनेन्द्रो देवता तत्र रागद्वेषविवर्जित" ઇત્યાદિ પદ્દારા જિનમતની સ્તવના કરવાવડે કહેવાશે. અંતિમમંગલ ગ્રંથની અંતમાં ગાથા ૮૭માં "अभिधेयतात्पर्यार्थः प्रर्यालोच्यः सुबुद्धिभिः" એ પ્રમાણે 'સુબુદ્ધિ' શબ્દને કહેવાદ્વારા કહેવાશે.

તે ત્રણપ્રકારનું મંગલનું ફલ (વિશેષાવશ્યકભાષ્યમાં) આ પ્રમાણે કહ્યું છે-

"તે મંગલને શાસ્ત્રના પ્રારંભમાં, મધ્યમાં અને અંતમાં (ગ્રંથકારશ્રી કરતા હોય છે. તેમાં) પ્રથમમંગલ શાસ્ત્રની નિર્વિઘ્ને સમાપ્તિકરવા (પાર પામવા) બતાવેલું છે. તે શાસ્ત્રોના (પદાર્થોને) સ્થિર કરવા મધ્યમમંગલ અને તે શાસ્ત્રોક્ત ભાવોની શિષ્ય-પ્રશિષ્ય પરિવારમાં અવિચ્છિન્નપણે પરંપરા ચાલે તે નિમિત્તે અંતિમમંગલ.

"वीरं नत्वा' માં રહેલ 'क्त्वा' પ્રત્યય ઉત્તરક્રિયાને સાપેક્ષ હોવાથી ઉત્તરક્રિયાપદ 'निगद्यते' સાથે સંબંધ કરવો જોઈએ. શ્રીવીરપરમાત્માને નમસ્કાર કરીને શું કહેવાય છે ? (આવી અપેક્ષામાં ઉત્તરક્રિયા બતાવવી જોઈએ - તે હવે બતાવે છે—) મૂલભેદની અપેક્ષાએ રહેલા સમસ્ત જે બૌદ્ધાદિ દર્શનો છે - તે દર્શનો દ્વારા કહેવાયેલો અથવા તે દર્શનોનો દેવ, તત્ત્વ અને પ્રમાણાદિસ્વરૂપ વાચ્યાર્થ=અભિધેયાર્થ મારાવડે સંક્ષેપથી કહેવાય છે. અહીં

શ્લોકમાં 'मया' કહ્યું ન હોવા છતાં અર્થથી જણાય છે. આનાદ્વારા સાક્ષાત્ અભિધેય (ગ્રંથનો વિષય) કહ્યો.

સંબંધ અને પ્રયોજન (પ્રથમ ગાથામાં કહ્યા ન હોવા છતાં) સામર્થ્યથી જાણવા. તે આ રીતે - સર્વદર્શનમાં વક્તવ્ય (કહેવા યોગ્ય) દેવ-તત્ત્વ અને પ્રમાણાદિ છે. તેનું જ્ઞાન તે ઉપેય (સાધ્ય) છે અને તે જ્ઞાનનો ઉપાય (સાધન) આ શાસ્ત્ર છે. (અર્થાત્ શાસ્ત્રના શબ્દો ઉપાય છે. અને તેના દ્વારા પ્રાપ્ત થતું દેવાદિનું જ્ઞાન તે ઉપેય છે.) આ પ્રમાણે ઉપેય-ઉપાયસ્વરૂપ સંબંધ સૂચિત થયેલો જાણવો.

પ્રયોજન બે પ્રકારે છે. (૧) કર્તાનું પ્રયોજન, (૨) શ્રોતાનું પ્રયોજન. બંનેના પણ બે પ્રકાર છે. (i) અનંતર, (ii) પરંપર. (અનંતર એટલે નજીકનું તથા પરંપર એટલે દૂરનું.)

કર્તાનું અનંતરપ્રયોજન જીવોઉપર ઉપકારકરવો તે છે. શ્રોતાનું અનંતરપ્રયોજન સર્વદર્શનને ઇચ્છિત દેવ, તત્ત્વ, પ્રમાણાદિનું જ્ઞાન કરવું તે છે. કર્તા અને શ્રોતા બંનેનું પણ પરંપર પ્રયોજન હેય-ઉપાદેય દર્શનોને જાણીને હેયદર્શનનો ત્યાગ તથા ઉપાદેયદર્શનનો સ્વીકાર કરીને પરંપરાએ (અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર, અનંતવીર્ય સ્વરૂપ) અનંતચતુષ્ટયાત્મિક સિદ્ધિ છે. અર્થાત્ કેવલજ્ઞાનની પ્રાપ્તિ છે.

नन्वयं शास्त्रकारः सर्वदर्शनसंबन्धीनि शास्त्राणि सम्यक्परिज्ञायैव परोपकाराय प्रस्तुतं शास्त्रं दृब्धवान्, तत्कथमनेनैवेहेदं नाभिदधे अमुकममुकं दर्शनं हेयममुकं चोपादेयमिति चेत्, उच्यते । इह तु सर्वदर्शनान्यभिधेयतया प्रक्रान्तानि, तानि माध्यस्थ्येनैवाभिदधानोऽत्रौचितीं नातिक्रामति । इदमिदं हेयमिदं चोपादेयमिति ब्रुवाणस्तु प्रत्युत सतां सर्वदर्शनानां चानादेयवचनो वचनीयतामञ्चति । नन्वेवं तर्ह्यस्याचार्यस्य न परोपकारार्था प्रवृत्तिः । कुत एवं भाषसे । नन्वेष दर्शयामि । ये केचन मादृशाः श्रोतारः स्वयमल्पबुद्धित्वेन हेयोपादेयदर्शनानां विभागं न जानीयुस्तेषां सर्वदर्शनसत्तत्त्वं निशम्य प्रत्युतैवं बुद्धिर्भवेत् । सर्वदर्शनानि तावन्मिथो विरुद्धाभिधायीनि, तेषु च कतरत्परमार्थसदिति न परिच्छिद्यते । तत्किमेतैर्दर्शनैर्दुर्ज्ञानैः प्रयोजनम् । यदेव हि स्वस्मै रोचते तदेवानुष्ठेयमिति । एवंविधाश्चाविभागज्ञा अस्मिन्काले भूयांसोऽनुभूयन्ते । तदेवं शास्त्रकारस्य सूरेरुपकाराय प्रवृत्तस्य प्रत्युत प्रभूतानामपकारायापि प्रवृत्तिः प्रबभूव, ततश्च लाभमिच्छतो मूलहानिरजनिष्टेति चेत्, न । शास्त्रकारात्सर्वोपकारायैव प्रवृत्तात्कस्याप्यपकारासिद्धेः । विशेषणद्वारेण हेयोपादेयविभागस्यापि कतिपयसहृदयहृदय-

संवेद्यस्य संसूचनात् । तथाहि । सद्दर्शनं जिनं नत्वा । "सद्विद्यमाने सत्ये च प्रशस्तार्चितसाधुषु" [अनेकार्थ० १/१०] इत्यनेकार्थनाममालावचनात् । सत्सत्यं न पुनरसत्यं दर्शनं मतं यस्य तम् । जिनमिति विशेष्यम् । चतुर्विंशतेरपि जिनानामेकतरं(मं) रागादिशत्रुजयात्सान्वयनामानं जिनं वीतरागं नत्वा । एतेन पदद्वयेन चतुर्विंशतेरपि जिनानामन्योन्यं मतभेदो नास्तीति सूचितम् ।

ટીકાનો ભાવાનુવાદ :

શંકા : આ ગ્રંથકારશ્રીએ સર્વદર્શનસંબંધી શાસ્ત્રોનું સમ્યક્ પરિજ્ઞાન કરીને જ પરોપકાર માટે પ્રસ્તુતગ્રંથને રચ્યો છે. તો આ ગ્રંથ દ્વારા જ કેમ ન કહ્યું કે અમુક અમુક દર્શન હેય છે અને અમુક અમુક દર્શન ઉપાદેય છે ?

સમાધાન : ગ્રંથકારશ્રીએ આ ગ્રંથમાં સર્વદર્શનોના અભિધેયાર્થને(વાચ્યાર્થને) કહેવાની શરૂઆત કરી છે. ત્યારે આ ગ્રંથમાં તે તે દર્શનના વાચ્યાર્થને મધ્યસ્થપણે કહેતા ગ્રંથકારશ્રી ઔચિત્યનું અતિક્રમણ કરતા નથી. અર્થાત્ ગ્રંથકારશ્રીએ સર્વદર્શનોના વાચ્યાર્થને જણાવવાની શરૂઆતમાં પ્રતિજ્ઞા કરી છે, તદનુસાર વર્તવું તે જ ઉચિત છે. પરંતુ જો "આ દર્શન હેય' અને 'આ દર્શન ઉપાદેય' એ પ્રમાણે કહે તો પ્રત્યુત(ઉલટાનું) સજ્જનો અને અન્યદર્શનવાળાઓને તેમના વચનો અનાદેય બની જશે.

શંકા : જો ગ્રંથકારશ્રી સર્વદર્શનોની હેયતા-ઉપાદેયતા ન બતાવે તો ગ્રંથકારશ્રીની પરોપકાર માટે પ્રવૃત્તિ છે તેમ કેવી રીતે કહેવાય ?

પ્રશ્ન : તમે આ પ્રમાણે શાથી કહો છો ?

ઉત્તર : તે હું બતાવું છું. જે મારા જેવા શ્રોતાઓ કે જે અલ્પબુદ્ધિ હોવાના કારણે સ્વયં હેય-ઉપાદેયદર્શનોનો વિભાગ જાણતા નથી. તેઓને સર્વદર્શનના કહેલા તત્ત્વને સાંભળીને ઉલટાની આ પ્રમાણે બુદ્ધિ થાય કે સર્વદર્શનો પરસ્પરવિરુદ્ધ કહે છે. તેમાંથી કેટલા પરમાર્થથી સત્ છે કે અસત્ છે ? તે જણાતું નથી. તો સમજવા પણ કઠીન એવા આ દર્શનો વડે શું પ્રયોજન ? જેને જે ગમે તે કરવું જોઈએ. આવા પ્રકારના સત્-અસત્ના વિભાગને નહિજાણનારા લોકો આ કાળમાં ઘણા છે. તેથી આ પ્રમાણે ઉપકારમાટે પ્રવૃત્ત શાસ્ત્રકાર આચાર્ય ભગવંતની (પ્રવૃત્તિ) ઉલટાની ઘણાના અપકાર માટે સિદ્ધ થાય છે. તેથી (જીવોના ઉપકારરૂપ) લાભને ઇચ્છતાં મૂલની જ (ઉપકારની જ) હાનિ થઈ જાય છે. અર્થાત્ અપકારમાટે થાય છે.

સમાધાન : આવું ન કહેવું, કારણ કે શાસ્ત્રકારપરમર્ષિ સર્વના ઉપકાર માટે જ પ્રવૃત્ત હોવાથી કોઈના પણ અપકારની સિદ્ધિ થતી નથી અર્થાત્ ગ્રંથકારપરમર્ષિની પ્રવૃત્તિથી કોઈનાઉપર

અપકાર થતો નથી. કારણકે વિશેષણોદ્વારા ગ્રંથકારશ્રીએ હેય-ઉપાદેયના વિભાગને પણ કંઈક (જણાવવાનું) પોતાના હૃદયમાં સંવેદનકરીને સૂચન કરેલ છે. તે આ પ્રમાણે છે -

"सद्दर्शनं जिनं नत्वा" અહીં "सत्-विद्यमाने सत्ये च प्रशस्त-अर्चित-साधुषु" આ અનેકાર્થ નામમાલાના વચનથી 'सत्'નો વિદ્યમાન, સત્ય, પ્રશસ્ત, પૂજાયેલ અને સાધુ અર્થમાં પ્રયોગ થાય છે. અહીં 'सत्'નો સત્ય અર્થ લઈને सत् सत्यं (न पुनरसत्यं) दर्शनं मतं यस्य तम् અર્થાત્ સત્ય (અસત્ય નહિ) દર્શન છે જેનું તે सद्दर्शन. (તે सद्दर्शनને... નમસ્કારકરીને આવોઅન્વય કરીએ ત્યારે) सद्दर्शन પદથી જિનેશ્વર પરમાત્માના દર્શનને ગ્રંથકારશ્રીએ સત્યતરીકે બતાવી જ દીધેલ છે.

તથા 'जिनं' એ પ્રમાણે વિશેષ્ય છે. તેમાં એકવચનના નિર્દેશથી એ સૂચિત થાય છે કે ચોવીસે તીર્થંકરોએ રાગાદિ શત્રુઓ જીતેલા હોવાના કારણે સાર્થક(સાન્વય)નામવાળા જિન=વીતરાગ છે. (તેમાં जिनं પદથી કોઈપણ એક જિનેશ્વરનું નામ ગ્રહણ કરવું અને તે જિનેશ્વરપરમાત્માને નમસ્કાર કરીને - એ રીતે અન્વય કરવો.)

વળી 'सद्दर्शनं' અને जिनं આ બે પદોથી ચોવીસે જિનેશ્વરોને પરસ્પર કોઈ મતભેદ નથી, એમ સૂચવે છે.

तर्हि श्वेताम्बरदिगम्बराणां कथं मिथो मतभेद इति चेत्, उच्यते । मूलतोऽमीषां मिथो न भेदः किंतु पाश्चात्य एवेति । कीदृशं जिनम् । अवीरम् । आ स्वयंभूः, अः कृष्णः, उरीश्वरः । आ, अ, उ इति स्वरत्रययोगे उरिति सिद्धम् । तानीरयति तन्मतापासनेन प्रेरयतीत्यचि प्रत्ययेऽवीरम् । सृष्ट्यादिकर्तृब्रह्मकृष्णेश्वरदेवताभिमतमतानां निरासकमित्यर्थः । तथा स्याद्वाददेशकम् । स्याद्वादं द्यन्ति च्छिन्दते "क्वचिद्डु" [हैम० ५/१/१७१] इति डप्रत्यये स्याद्वाददास्तत्तदसद्भूत-विरोधादिदूषणोद्घोषणैः स्याद्वादस्य च्छेदिनः । तेषां ई लक्ष्मीं महिमानं वा श्यति तत्तदीयमतापासनेन तनूकरोति यत्तत्स्याद्वाददेशम् । कै गै रे शब्दे । कै कायतीति "क्वचिद्डु" [हैम० ५/१/१७१] इति डे, कं वचनम्, स्याद्वाददेशं कं वचनं यस्य तम् । अनेन विशेषणेन प्रागुक्तानुक्तानामशेषाणां बौद्धादीनां संभवैतिह्यप्रमाणवादिचरकप्रमुखाणां च मतानामुच्छेदकारि वचनमित्यर्थः ।

ટીકાનો ભાવાનુવાદ :

પ્રશ્ન : જો ચોવીસે શ્રી જિનેશ્વરોમાં પરસ્પર મતભેદ નથી, તો શ્વેતાંબર અને દિગંબરોને કેવી રીતે પરસ્પર મતભેદ પડ્યા ?

ઉત્તર : મૂળથી ચોવીસે શ્રીજિનેશ્વરોના અનુયાયિઓમાં પરસ્પરભેદ નહોતો, તે ભેદો પાછળથી પડ્યા છે.

(હવે બીજી રીતે 'सद्दर्शनं जिनं नत्वा वीरं स्याद्वाददेशकम्' પદના શબ્દોની વ્યુત્પત્તિકરીને અન્યદર્શનની માન્યતાઓનું ખંડન કરે છે.) कीदृशं जिनम् ? अवीरम् (અહીં ઉપરોક્ત પંક્તિમાં नत्वा પદમાંથી અ કાઢીને 'वीर' સાથે જોડવાથી "अवीरम्" બનેલ છે. (અહીં अवीर નો आ+अ+उ+ईर પદચ્છેદ કરતાં) आ= સ્વયંભૂ, अ=કૃષ્ણ, उ=ઈશ્વર=મહાદેવ, આ ત્રણે સ્વરોનો સંધિના નિયમાનુસાર 'ओ' એ પ્રમાણે સિદ્ધિ થાય છે. तानीरयति=तन्मतापासनेन प्रेरयति-આ વ્યુત્પત્તિથી अच् પ્રત્યય લાગતાં 'अवीरम्' બનેલ છે.

કહેવાનો આશય એ છે કે સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય (વિનાશ)ના કર્તા અનુક્રમે બ્રહ્મા, કૃષ્ણ, અને મહાદેવના અભિમતમતોનો નિરાસકરનારા અવીરને નમસ્કાર કરીને... એ રીતે અર્થાત્ સૃષ્ટ્યાદિના કર્તા બ્રહ્માદિપ્રરૂપિત મતનો નિરાસ કરનારા અવીર છે. (તેમને નમસ્કાર કરીને આવો અર્થ કરવો.)

(ઉપરોક્ત પંક્તિમાં રહેલ स्याद्वाददेशक પદનો स्याद्वादद्+ई+श+क-આ રીતે પદચ્છેદ કરી પ્રથમ સ્યાદ્વાદપદની વ્યુત્પત્તિ કરે છે.)

स्याद्वादं द्यन्ति छिन्दते इति स्याद्वाददः તે स्याद्वाददाः (અહીં સિદ્ધહૈમ-૫-૧-૧૭૧ સૂત્રથી ड પ્રત્યય લાગેલો છે.) અર્થાત્ તે તે મતની અસદ્ભૂત વિરોધઆદિ દૂષણોને બતાવીને બરાબર ઉદ્ઘોષણાદ્વારા સ્યાદ્વાદનું છેદન કરે છે તે. (હવે ई ની વ્યુત્પત્તિ કરતા કહે છે કે) તે વિરોધાદિ દૂષણો બતાવી સ્યાદ્વાદનું છેદન કરવાવાળાઓના લક્ષ્મી અર્થાત્ મહિમાનો નાશ કરે છે. અથવા તેઓના તે તે મતોનું ખંડનકરવાદ્વારા તનુ કરે છે. અર્થાત્ નિરૂત્તર કરે છે જે તે સ્યાદ્વાદદેશમ્. (હવે પદચ્છેદમાં રહેલા क નો અર્થ કરે છે.)

"कै गै रै शब्दे" અર્થાત્ કૈ, ગૈ, રૈ ધાતુઓ શબ્દાર્થક છે. "कै कायति" એ પ્રમાણે સિદ્ધ. હૈ. ૫-૧-૧૭૧ 'क्वचित्' સૂત્રથી ड પ્રત્યય લાગી क શબ્દ બને છે અને स्याद्वाददेशं कं वचनं यस्य तम् (=स्याद्ववाददेशकम्) આ વ્યુત્પત્તિથી 'स्याद्वादेशकम्' પદ બન્યું. આ વિશેષણદ્વારા પૂર્વે કહેલા અને નહીં કહેલા સઘળાયે બૌદ્ધ આદિના અને [૧] સંભવ તથા [૨] ઐતિહ્ય ને પ્રમાણ માનનાર ચરક વગેરેના મતોનો ઉચ્છેદકરનાર વચન તે સ્યાદ્વાદદેશક, આવો ભાવાર્થ જાણવો.

(૧) એક વસ્તુની સત્તા સિદ્ધ થવાથી બીજા અર્થની સત્તા માનવી જ પડે, તેવા અર્થને સંભવપ્રમાણ કહેવાય છે. જેમકે "આ મણ અનાજ છે" તો માનવું જ પડે કે તેમાં 'શેર' અનાજ પણ છે જ.

(૨) આવું લોકો કહેતા આવ્યા છે, પણ તે કહેનાર આપ્ત વ્યક્તિ હતી, એનું કોઈ નામનિશાન નથી, તે પ્રવાદની પરંપરાને ઐતિહ્યપ્રમાણ કહેવાય છે. જેમકે 'इह वटे यक्षः'

(આથી સ્વયં ફલિત થઈ જાય છે કે શ્રીજિનેશ્વર પરમાત્માનું વચન સર્વ અન્યદર્શનોનું ખંડન કરનાર હોવાથી જિનમત સિવાયના દર્શનો હેય છે.)

जिनं नत्वा मया सर्वदर्शनवाच्योऽर्थो निगद्यत इत्युक्तं ग्रन्थकृता । अत्र च नमनक्रिया प्राक्कालसंबन्धिनी कत्वाप्रत्ययस्य प्राक्कालवाचकत्वात्, निगदनक्रिया तु वर्तमानजा । ते चैकेनैव ग्रन्थकृता क्रियमाणे नानुपपन्ने, अपरथा सकलव्यवहारोच्छेदप्रसङ्गात् । न चैवं भिन्नकालयोः क्रिययोरेककर्तृकता बौद्धमते संभवति, तेन क्षणिकवस्त्वभ्युपगमात् । ततः कश्चिद्बौद्धमतस्य प्रस्तुतग्रन्थस्यादावुक्तत्वेनोपादेयतां मन्येत । तन्निवारणाय प्रागुक्तविशेषणसंगृहीतमपि बौद्धमतनिरसनं पुनरिह सूचितं द्रष्टव्यम् । एतेषां परदर्शनानां निरसनप्रकारो ग्रन्थान्तरादवसेयः । तदेवं जिनस्य विशेषणद्वारेण सत्यदर्शनतां सर्वपरदर्शनजेतृवचनतां चाभिदधताखिलान्यदर्शनानां हेयतां जैनदर्शनस्योपादेयता सूचिता मन्तव्या । ततो नास्माद्ग्रन्थकारात्सत्यासत्यदर्शनविभागानभिज्ञानामप्यपकारः कश्चन संभवतीति, तद्विभागस्यापि व्यञ्जितत्वात् ।

ટીકાનો ભાવાનુવાદ :

"जिनं नत्वा मया सर्वदर्शनवाच्योऽर्थो निगद्यते" એ પ્રમાણે જે ગ્રંથકારશ્રી વડે કહેવાયું છે, ત્યાં નમનક્રિયા પ્રાક્કાલસંબંધી છે. કારણ કે 'क्त्वा' પ્રત્યય પ્રાક્કાલનો વાચક છે. પણ નિગદનક્રિયા વર્તમાનકાલીન છે. (એક ક્રિયા કરીને બીજી ક્રિયા કરવાની હોય ત્યારે 'क्त्वा' પ્રત્યયનો પ્રયોગ થાય છે. આથી પ્રાક્કાલની ક્રિયા, તે પછી થનારી ક્રિયાને સાપેક્ષહોવાના કારણે નમનક્રિયા પ્રાક્કાલની અને નિગદનક્રિયા વર્તમાનકાલીન હોવા છતાં) બંને ક્રિયાઓ એક ગ્રંથકર્તા વડે કરાયેલી માનવામાં અસંગતિ નથી. જો બંને ક્રિયાના કર્તા એક ન હોઈ શકે, આવું માનવામાં આવશે તો સઘળાયે [૩]વ્યવહારનો લોપ થવાનો પ્રસંગ આવશે.

વળી આ પ્રમાણે ભિન્નકાલે થનારી બે ક્રિયાઓની એકકર્તૃકતા બૌદ્ધમતમાં સંભવતી નથી. કારણકે બૌદ્ધ વડે ક્ષણિકવસ્તુનો સ્વીકારકરાયેલ છે. (કહેવાનો આશય એ છે કે જે કર્તાએ નમનક્રિયા કરી, તે કર્તા તો (સર્વ વસ્તુઓ ક્ષણિક હોવાનાકારણે) તે જ ક્ષણે નાશ પામે છે. તો બીજી નિગદનક્રિયા કઈ રીતે કરી શકે ? કારણ કે નમનક્રિયા અને

(૩) જેમકે "બેસીને ખાય છે." આવો પ્રયોગ થતો વ્યવહારમાં જોવા મળે છે. "आसित्वा भुङ्क्ते"આવા પ્રયોગમાં 'બેસવાનીક્રિયા' પ્રાક્કાલની અને ખાવાનીક્રિયા વર્તમાનકાલીન થશે. અહીં જો બે ક્રિયાઓના બે કર્તા માનશો તો એક બેસવાનીક્રિયા કરશે અને એક ખાવાનીક્રિયા કરશે. આવું માનવાની આપત્તિ આવશે અને એક જ વ્યક્તિ "બેસીને ખાય છે" તે વ્યવહારના ઉચ્છેદની આપત્તિ આવશે.

નિગદનક્રિયાનો કાલ ભિન્ન છે અને નમનક્રિયા કરનાર વ્યક્તિ તો નાશ પામેલ છે. આથી બૌદ્ધમતમાં ભિન્નકાલે થનારી બે ક્રિયાની એકકર્તૃકતા સંભવતી નથી.) તેથી બે ક્રિયાના એક કર્તા ઉપરોક્ત રીતે સિદ્ધ કરતાં બૌદ્ધમતનું ખંડન થઈ જાય છે. તેથી બૌદ્ધમતનું પ્રસ્તુતગ્રંથમાં શરૂઆતમાં વર્ણન હોવા છતાંપણ કોઈ તેની ઉપાદેયતા ન માની બેસે, તેથી ઉપરોક્ત ખૂલાસો કર્યો. (આમ તો બૌદ્ધમતનું ખંડન) પૂર્વે કહેલા "स्याद्वाददेशकं" વિશેષણથી કરાયું હોવા છતાં પણ ગ્રંથની આદિમાં તેનું વર્ણનહોવાથી કોઈ ઉપાદેય ન માને, તેથી પુનઃ પણ અહીં સૂચન કર્યું. આ બધા અન્ય[૪]દર્શનોની માન્યતાનું ખંડન અન્ય ગ્રંથથી જાણી લેવું. 'जिनं' વિશેષણ દ્વારા (જૈનદર્શનની) સત્યદર્શનતાને અને સર્વ અન્ય દર્શનના (ખંડનદ્વારા) વિજયીવચનતાને કહેતાં, સઘળાયે અન્યદર્શનોની હેયતા અને જૈનદર્શનની ઉપાદેયતા સૂચિતથયેલી જાણવી. તેથી આ ગ્રંથકારથી સત્યાસત્યદર્શનના વિભાગથી અનભિજ્ઞ જીવોઉપર કોઈ અપકારનો સંભવ નથી, કારણકે ગ્રંથકારશ્રી વડે સત્યાસત્યાનો વિભાગ પણ પ્રગટકરાયેલો જ છે.

अत्रापरः कश्चिदाह । ननु येषां सत्यासत्यमतविभागाविर्भावके ग्रन्थकारवचसि सम्यगास्था न भवित्री, तेषां का वार्तेति ? उच्यते-येषामास्था न भाविनी, ते द्वेधा । एके रागद्वेषाभावेन मध्यस्थचेतसः, अन्ये पुना रागद्वेषादिकालुष्यकलुषितत्वाद्दुर्बोधचेतसः । येदुर्बोधचेतसस्तेषां सर्वज्ञेनापि सत्यासत्यविभागप्रतीतिः कर्तुं दुःशका, किं पुनरपरेणेति तानवगणय्य मध्यस्थचेतस उद्दिश्य विशेषणावृत्त्या सत्यासत्यमतविभागज्ञानस्योपायं प्राह । सद्दर्शनमिति । वीरं कथंभूतम् ? सद्दर्शनम् । सन्तः साधवो मध्यस्थचेतस इति यावत् तेषां दर्शनं ज्ञानमर्थात्सत्यासत्यमतविभागज्ञानं यथावदाप्तत्वपरीक्षाक्षमत्वेन यस्माद्वीरात्स सद्दर्शनस्तम् । एतेन श्रीवीरस्य यथावदाप्तत्वादिस्वरूपमेव परीक्षणीय-मिति सूचितम् । अथवा सतां साधूनां दर्शनं तत्त्वार्थश्रद्धानलक्षणं यस्मात्स सद्दर्शनः । अथवा सन्तो विद्यमाना जीवाजीवादयः पदार्थास्तेषां दर्शनं यथावदवलोकनं यस्माद्वीरात्स सद्दर्शनस्तम् । कुत एवंविधम् । यतः स्याद्वाददेशकं, प्रागुक्तस्याद्वादभाषकम् । एवंविधमपि कुत इत्याह - यतो जिन रागद्वेषादिजयनशीलम् । जिनो हि वीतरागत्वादसत्यं न भाषते, तत्कारणाभावादिति भावः । शेषश्लोकव्याख्यानं प्राग्वत् ।

(૪) શાસ્ત્રવાર્તા સમુચ્ચય, સ્યાદ્વાદ કલ્પલત્તા, સ્યાદ્વાદમંજરી, રત્નાકર અવતારિકા, સ્યાદ્વાદ રત્નાકર, વાદ મહાર્ણવ (સમ્મતિતર્ક પ્રકરણની ટીકા) વગેરે અનેક ગ્રંથોમાં તે તે અન્ય દર્શનોની માન્યતાનું ખંડન છે.

टीकानो भावानुवाद :

કોઈ અન્યવ્યક્તિ શંકા કરે છે. **શંકા :** જેઓને સત્યાસત્ય વિભાગને બતાવનારા ગ્રંથકારશ્રીના વચનોઉપર વિશ્વાસ નથી, તેઓને આ બધું કહેવાથી શું ? (અર્થાત્ ગ્રંથકારશ્રી જૈનદર્શનની માન્યતાવાળા છે, તેથી જૈનદર્શનને સત્ય જણાવે છે અને બાકીના મતોને અસત્ય જણાવે છે. આવી મનમાં અશ્રદ્ધા છે, તેવા વ્યક્તિઓને વિશેષણોદ્વારા અન્યદર્શનની અસત્યતા બતાવવાથી શું ?)

સમાધાન : જેઓને ગ્રંથકારશ્રીના વચનોપર શ્રદ્ધા નથી, તે બે પ્રકારના હોઈ શકે. (૧) રાગ-દ્વેષનો અભાવ હોવાથી મધ્યસ્થચિત્તવાળા અને (૨) રાગદ્વેષાદિ દોષોથી કલુષિતચિત્તવાળા હોવાના કારણે દુઃખેથી બોધ કરાવીશકાય તેવા.

(તેમાં) જે દુર્બોધચિત્તવાળા છે, તેઓને સર્વજ્ઞ પરમાત્મા વડે પણ સત્યાસત્યના વિભાગની પ્રતીતિ કરાવવી શક્ય નથી. તો (સર્વજ્ઞ સિવાયના) બીજાઓ વડે તો કેવીરીતે કરી શકાય ? તેથી દુર્બોધચિત્તવાળાઓની અવગણનાકરીને મધ્યસ્થચિત્તવાળાઓને ઉદ્દેશીને વિશેષણની આવૃત્તિથી સત્યાસત્યમતના વિભાગના જ્ઞાનનો ઉપાય કહે છે.

વીરં કથંભૂતમ્ ? સદ્દર્શનં (અહીં 'સદ્દર્શન' પદની જુદી રીતે વ્યુત્પત્તિ કરી મધ્યસ્થચિત્તવાળાઓને સત્યાસત્યમતના વિભાગના જ્ઞાન તરફ અભિમુખ કરે છે.)

સત્ એટલે સજ્જનો, સાધુઓ, મધ્યસ્થચિત્તવાળાઓ. તે મધ્યસ્થચિત્તવાળાઓને સત્યાસત્ય મતનાં વિભાગનું જ્ઞાન (દર્શન) યથાવદ્ આપ્તત્વની પરીક્ષામાં સમર્થ હોવાના કારણે જ શ્રીવીર પરમાત્મા પાસેથી થાય છે તે સદ્દર્શન. આનાથી મધ્યસ્થચિત્તવાળાઓને શ્રીવીર પરમાત્મામાં યથાવદ્ આપ્તત્વની પરીક્ષા કરવાયોગ્ય છે, તેમ સૂચન કર્યું. (જો શ્રીવીર પરમાત્મામાં આપ્તત્વની સિદ્ધિ થઈ જાય તો, તેમનું વચન સત્ય જ હોય, તે સ્વયમેવ સિદ્ધ થઈ જ જાય છે. તેથી આપ્તત્વની પરીક્ષાકરવા સૂચન કર્યું.)

અથવા સાધુઓને તત્ત્વાર્થની શ્રદ્ધાસ્વરૂપ દર્શન(સમ્યગ્દર્શન) જેનાથી થાય તે સદ્દર્શન.

અથવા વિદ્યમાન એવા જીવાજીવાદિપદાર્થોનું યથાવદ્ અવલોકન=દર્શન જે વીરપરમાત્માથી થાય છે તે સદ્દર્શન. (તે સદ્દર્શનને નમસ્કાર કરીને તે રીતે અન્વય કરવો.)

પ્રશ્ન : શ્રીવીરપરમાત્મા શાથી જીવાદિતત્ત્વોનું યથાવદ્ અવલોકન કરાવનારા છે ?

ઉત્તર : શ્રીવીર પરમાત્મા પૂર્વે કહ્યાપ્રમાણે સ્યાદ્વાદના દેશક હોવાથી યથાવદ્ જીવાદિ તત્ત્વોનું અવલોકન કરાવનાર છે.

પ્રશ્ન : શ્રીવીર પરમાત્મા સ્યાદ્વાદના દેશક શાથી છે ?

ઉત્તર : શ્રીવીર પરમાત્મા સ્યાદ્વાદના દેશક છે. કારણકે તે રાગ-દ્વેષના વિજેતા જિન છે. જિન વીતરાગ હોવાનાકારણે અસત્ય બોલતા નથી. કેમકે અસત્ય બોલવાના કારણોનો અભાવ છે. અર્થાત્ અસત્ય બોલવામાં કારણભૂત રાગ-દ્વેષ-મોહનો નાશ થયો છે.

શ્લોકના શેષપદોની વ્યાખ્યા પૂર્વની જેમ જાણવી.

एवं चात्रैवमुक्तं भवति । ये हि श्रीवीरस्य यथावदाप्तत्वादिपरीक्षां विधास्यन्ते स्याद्वादं च तत्प्रणीतं मध्यस्थतया सम्यगवलोक्य पश्चात् परमतान्यप्यालोकयिष्यन्ते, ते सत्यासत्यदर्शनविभागमपि स्वयमेवावभोत्स्यन्ते । किमस्मद्वचनस्यास्थाकरणाकरणेनेति । एतेन ग्रन्थकृता स्वस्य सर्वथात्रार्थे माध्यस्थ्यमेव दर्शितं द्रष्टव्यं । सत्यासत्यदर्शनविभागपरिज्ञानोपायश्च हितबुद्ध्यात्राभिहितोऽवगन्तव्यः, पुरातनैरपीत्थमेव सत्यासत्यदर्शनविभागस्य करणात् । तदुक्तं पूज्यश्री हरिभद्रसूरिभिरेव लोकतत्त्वनिर्णये ।

"बन्धुर्न नः स भगवान् रिपवोऽपि नान्ये, साक्षान्न दृष्टचर एकतरो(मो)ऽपि चैषाम् ।
श्रुत्वा वचः सुचरितं च पृथग्विशेषं, वीरं गुणातिशयलोलतया श्रिताः स्मः ।। १ ।।
[लोकतत्त्व० १/३२]

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।। २ ।।' [लोकतत्त्व० १/३८]

प्रभुश्रीहेमसूरिभिरप्युक्तं वीरस्तुतौ-

"न श्रद्धयैव त्वयि पक्षपातो, न द्वेषमात्रादरुचिः परेषु । यथावदाप्तत्वपरीक्षया तु, त्वामेव वीरप्रभुमाश्रिताः स्मः ।। १ ।। इति ।।" [अयोगव्य० श्लो०-२९]

टीकानो भावानुवाद :

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જે લોકો શ્રીવીર પરમાત્માની આપ્તત્વની પરીક્ષા કરશે અને તેઓશ્રીના પ્રરૂપેલા સ્યાદ્વાદના સિદ્ધાંતનું મધ્યસ્થતાથી સમ્યગ્ અવલોકનકરીને પાછળથી પરમતોનું પણ અવલોકન કરશે, (ત્યારે) તેઓ સ્વયમેવ જ સત્યાસત્યદર્શનના વિભાગને કરી શકશે (અને સ્વયં વિચારી શકશે) કે આમનાં વચનમાં શ્રદ્ધા કરવી કે નહિં ? આનાથી ગ્રંથકારશ્રી વડે પોતાનું આ વિષયમાં સર્વથા મધ્યસ્થપણું બતાવેલું જાણવું અને સત્યાસત્ય દર્શનના વિભાગજ્ઞાનનો ઉપાય હિતબુદ્ધિથી અહીં કહેવાયેલો છે તે જાણવું. પૂર્વાચાર્યો વડે પણ આ જ રીતે સત્યાસત્યદર્શનનો વિભાગ કરાયેલો છે.

તેથી લોકતત્ત્વનિર્ણયમાં પૂ. આ. ભ. હરિભદ્રસૂરિજી વડે જ કહેવાયું છે કે...

"તે વીરપરમાત્મા અમારા ભાઈ નથી અને અન્ય (બ્રહ્માદિ) અમારા શત્રુ પણ નથી. કારણકે તેઓમાંના એક પણને સાક્ષાત્ દૃષ્ટિથી (અમે) જોયા નથી. (પરંતુ બીજા દેવોથી) ભિન્ન અને વિશેષચરિત્ર છે, એવા શ્રીવીર પરમાત્માના વચનને સાંભળીને (તેઓશ્રીના) ગુણોની અતિશય લોલુપતાથી (શ્રીવીર પરમાત્માનો) આશ્રય કરાયો છે. (૧) વીર પરમાત્મા ઉપર મને પક્ષપાત નથી. (અન્યદર્શનના પ્રણેતા એવા) કપિલાદિ ઉપર દ્વેષ નથી, (પરંતુ) જેનું વચન યુક્તિયુક્ત હોય તેનો સ્વીકાર કરવોજોઈએ. (૨)"

વીર પરમાત્માની સ્તુતિમાં કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચંદ્રસૂરિજી વડે પણ કહેવાયું છે કે....

"તમારા ઉપર શ્રદ્ધામાત્રથી જ પક્ષપાત નથી અને અન્ય બ્રહ્માદિ ઉપર દ્વેષમાત્રથી જ અરૂચિ નથી. પરંતુ યથાવદ્ આપ્તત્વની પરીક્ષાવડે તે વીરપ્રભુનો આશ્રય કર્યો છે."

नन्वत्र सर्वदर्शनवाच्योऽर्थो वक्तुं प्रक्रान्तः, स च संख्यातिक्रान्तः । तत्कथं स्वल्पीयसानेन प्रस्तुतशाश्त्रेण सोऽभिधातुं शक्यो, जैनादन्यदर्शनानां परसमयापरनामधेयानामसंख्यातत्वात् । तदुक्तं सम्मतिसूत्रे श्री सिद्धसेनदिवाकरेण-

"जावइया वयणपहा तावइया चेव हुंति नयवाया । जावइया नयवाया तावइया चेव परसमया ।।१।।" [सम्मति० ३/४७]

व्याख्या-अनन्तधर्मात्मकस्य वस्तुनो य एकदेशोऽन्यदेशनिरपेक्षस्तस्य यदवधारणं सोऽपरिशुद्धो नयः । स एव च वचनमार्ग उच्यते । एवं चानन्तधर्मात्मकस्य सर्वस्य वस्तुन एकदेशानामितरांशनिरपेक्षाणां यावन्तोऽवधारणप्रकाराः संभवन्ति, तावन्तो नया अपरिशुद्धा भवन्ति । ते च वचनमार्गा इत्युच्यते । ततोऽयं गाथार्थः । सर्वस्मिन् वस्तुनि यावन्तो यावत्संख्या वचनपथा वचनानामन्योन्यैकदेशवाचकानां शब्दानां मार्गा अवधारणप्रकारा हेतवो नया भवन्ति, तावन्त एव भवन्ति नयवादाः, नयानां तत्तदेकदेशावधारणप्रकाराणां वादाः प्रतिपादकाः शब्दप्रकाराः । यावन्तो नयवादा एकैकांशावधारणवाचकशब्दप्रकाराः, तावन्त एव परसमया परदर्शनानि भवन्ति, स्वेच्छाप्रकल्पितविकल्पनिबन्धनत्वात्परसमयानां विकल्पानां चासंख्यत्वात् । अयं भावः । यावन्तो जने तत्तदपरापरवस्त्वेकदेशानामवधारणप्रतिपादकाः शब्दप्रकारा भवेयुस्तावन्त एव परसमया भवन्ति । ततस्तेषामपरिमितत्वमेव स्वकल्पनाशिल्पिघटितविकल्पानाम-

नियतत्वात् तदुत्थप्रवादानामपि तत्संख्यापरिमाणत्वादिति । तदेवं गणनातिगाः परसमया भवन्ति ।

ટીકાનો ભાવાનુવાદ :

શંકા : અહીં સર્વદર્શનના વાચ્યાર્થને કહેવામાટે શરૂઆત કરી છે, તે દર્શનો તો સંખ્યાતીત છે. તો કેવી રીતે અત્યંત અલ્પ એવા આ પ્રસ્તુતશાસ્ત્રવડે તે સર્વદર્શનનો વાચ્યાર્થ કહેવા માટે શક્ય બનશે ? કારણકે જૈનદર્શનથી અપર-અપર નામવાળા અન્યદર્શનો અસંખ્યાત છે. તેથી સન્મતિતર્કસૂત્રમાં શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીવડે કહેવાયું છે કે જાવઇયા વયણપહા તાવઇયા ચેવ હુંતિ નયવાયા । જાવઇયા નયવાયા તાવઇયા ચેવ પરસમયા ।।

શ્લોકાર્થ : "જેટલા વચનમાર્ગો છે તેટલા જ નયવાદો છે અને જેટલા નયવાદો છે તેટલા અન્યદર્શનો છે."

શ્લોકની વ્યાખ્યા : અનંતધર્માત્મકવસ્તુનું અન્યદેશથી નિરપેક્ષ એકદેશનું જે અવધારણ કરવું તે અપરિશુદ્ધ નય છે. (અર્થાત્ અનંતધર્માત્મક વસ્તુમાં રહેલા એકધર્મને આગળકરી, બીજા ધર્મોની ઉપેક્ષા કરી, વર્ણનકરે તે અપરિશુદ્ધનય કહેવાય છે. જેમકે નિત્યાનિત્ય આત્માના એક ધર્મ નિત્યત્વની ઉપેક્ષા કરી, તેની નિરપેક્ષપણે અનિત્યધર્મની પ્રરૂપણાકરે તે અપરિશુદ્ધ નય કહેવાય છે.) અને તે જ વચનમાર્ગ કહેવાય છે. આ પ્રમાણે અનંતધર્માત્મક સર્વવસ્તુના ઇતર અંશોની નિરપેક્ષપણે એક-એક અંશોને રજુ કરવાના જેટલા પ્રકારો સંભવે છે, તેટલા અપરિશુદ્ધનયો થાય છે અને તે વચનમાર્ગો કહેવાય છે.

તેથી "जावइया..." ગાથાનો અર્થ આ પ્રમાણે થશે- સર્વવસ્તુઓમાં જેટલી સંખ્યામાં વચનપથો હોય છે. (અર્થાત્) પરસ્પર(વસ્તુના) એક દેશના વાચકશબ્દોના (જેટલા) માર્ગો, એટલે કે નિર્ણયકરવાના પ્રકારો-કારણો હોય છે. તે નયો છે. તેટલા જ નયવાદો થાય છે. (અર્થાત્) તે તે વસ્તુના એક દેશના અવધારણના પ્રકારસ્વરૂપ નયોના પ્રતિપાદક શબ્દપ્રકારો તે નયવાદો કહેવાય છે. જેટલા વસ્તુના એકઅંશના અવધારણવાચકશબ્દના પ્રકારો છે, તેટલા જ પરદર્શનો છે. પોતપોતાની ઇચ્છાથી વિકલ્પો કલ્પ્યા હોવાથી પરદર્શનો અસંખ્યાત છે. કહેવાનો આશય એ છે કે લોકમાં જેટલા તે તે અપર-અપર વસ્તુના એક-એક દેશોના અવધારણ (નિર્ણય કરવા)ના પ્રતિપાદક શબ્દપ્રકારો હોય, તેટલા જ પરદર્શનો છે. તેથી પોત-પોતાની કલ્પનારૂપ શિલ્પિથી ઘડાયેલાવિકલ્પો અપરિમિત થાય છે. કારણકે દરેકની કલ્પના અનિયત હોય છે. તેથી અનિયત કલ્પનામાંથી નીકળેલા પ્રવાદોની સંખ્યા પણ અનિયત હોય તે સમજી શકાય છે. તેથી આ પ્રમાણે અન્યદર્શનો ગણનાતીત છે.

अथवा सूत्रकृदाख्ये द्वितीयेऽङ्गे परप्रवादुकानां त्रीणि शतानि त्रिषष्ट्यधिकानि परिसंख्यायन्ते । तदर्थसंग्रहगाथेयं-

"असिइसयं किरियाणं अकिरियवाईण होइ चुलसीई । अन्नाणि अ सत्तट्ठी वेणइयाणं च बत्तीसं (बत्तीसा) ।। १ ।।" [सूत्रकृ० नि० गा० - ११९]

अस्या व्याख्या-अशीत्यधिकं शतम् । "किरियाणं ति" क्रियावादिनाम् । तत्र क्रियां जीवाद्यस्तित्वं वदन्तीत्येवंशीलाक्रियावादिनः, मरीचिकुमारकपिलोलूकमाठरप्रभृतयः । ते पुनरमुनोपायेनाशीत्यधिकशतसंख्या विज्ञेयाः । जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरा-पुण्यापुण्यमोक्षरूपान्नव पदार्थान् परिपाट्या पट्टिकादौ विरचय्य जीवपदार्थस्याधः स्वपरभेदावुपन्यसनीयौ । तयोरधो नित्यानित्यभेदौ, तयोरप्यधः कालेश्वरात्मनियति-स्वभावभेदाः पञ्च न्यसनीयाः । ततश्चैवं विकल्पाः कर्तव्याः । तद्यथा अस्ति जीवः स्वतो नित्यः कालत इत्येको विकल्पः । अस्य च विकल्पस्यायमर्थः । विद्यते खल्वयमात्मा स्वेन रूपेण नित्यश्च कालतः कालवादिनो मते । कालवादिनश्च नाम ते मन्तव्या ये कालकृतमेव जगत्सर्वं मन्यन्ते । तथा च ते प्राहुः । न कालमन्तरेण चम्पकाशोकसहकारादि-वनस्पतिकुसुमोद्गमफलबन्धादयो हिमकणानुषक्तशीतप्रपातनक्षत्रचारगर्भाधानवर्षादयो वर्तुविभागसंपादिता बालकुमारयौवनवलीपलितागमादयो वावस्थाविशेषा घटन्ते, प्रतिनियतकालविभागत एव तेषामुपलम्यमानत्वात् । अन्यथा सर्वमव्यवस्थया भवेत् । न चैतद्दृष्टमिष्टं वा । अपि च । मुद्गपक्तिरपि न कालमन्तरेण लोके भवन्ती दृश्यते । किं तु कालक्रमेण । अन्यथा स्थालीन्धनादिसामग्रीसंपर्कसंभवे प्रथमसमयेऽपि तस्या भावो भवेत् । न च भवति । तस्माद्यत्कृतकं तत्सर्वं कालकृतमिति । तथा चोक्तम् -

"न कालव्यतिरेकेण गर्भबालयुवादिकम् ।
यत्किंचिज्जायते लोके तदसौ कारणं किल ।। १ ।।
किं च कालादृते नैव मुद्गपक्तिरपीक्ष्यते ।
स्थाल्यादिसंनिधानेऽपि ततः कालादसौ मता ।। २ ।।
कालाभावे च गर्भादि सर्वं स्यादव्यवस्थया ।
परेष्टहेतुसद्भावमात्रादेव तदुद्भवात् ।। ३ ।। [शास्त्रवा० श्लो० १६५-१६८]
कालः पचति भूतानि कालः संहरते प्रजाः ।
कालः सुप्तेषु जागर्ति कालो हि दुरतिक्रमः ।। ४ ।।" [महाभा० हारीतसं०]

अत्र परेष्टहेतुसद्भावमात्रादिति पराभिमतवनितापुरुषसंयोगादिरूपहेतुसद्भाव-मात्रादेव तदुद्भवादिति गर्भाद्युद्भवप्रसङ्गात् । तथा कालः पचति, परिपाकं नयति परिणतिं नयति भूतानि पृथिव्यादीनि । तथा कालः संहरते प्रजाः, पूर्वपर्यायात्प्रच्याव्य पर्यायान्तरेण प्रजा लोकान्स्थापयति । तथा कालः सुप्तेषु जागर्ति, काल एव सुप्तं जनमापदो रक्षतीति भावः । तस्माद् हि स्फुटं दुरतिक्रमोऽपाकर्तुमशक्यः काल ।

ટીકાનો ભાવાનુવાદ :

દ્વિતીયઅંગ સુયગડાંગસૂત્રમાં ૫૨દર્શનોની ૩૬૩ સંખ્યા કહી છે. (તે ૩૬૩ મતોને બતાવતી) સંગ્રહગાથા આ છે.

असिइसयं किरियाणं अकिरियवाईण होइ चुलसीई ।
अन्नाणि अ सत्तट्ठी वेणइयाणं च बत्तीसं (बत्तीसा) ।।१।। सूत्रकृ. नि. गा. ११९ ॥

શ્લોકાર્થ : ક્રિયાવાદિના ૧૮૦, અક્રિયાવાદિના ૮૪, અજ્ઞાનીના ૬૭ અને વૈનયિકોના ૩૨ ભેદો છે. (આમ કુલ ૩૬૩ ભેદો છે.)

ગાથાની વ્યાખ્યા : ક્રિયાવાદિના ૧૮૦ ભેદો છે. ક્રિયા એટલે જીવાદિનું અસ્તિત્વ. 'જીવાદિનું અસ્તિત્વ છે' આવું બોલવાના સ્વભાવવાળા (માન્યતાવાળા) ક્રિયાવાદિ છે. (૧૨ પ્રજાપ્રતિમાંના એક) મરીચિકુમાર, કપિલ, ઉલૂક (વૈશેષિકમતના પ્રણેતા), માઠર (ન્યાયશાસ્ત્રકાર) વગેરે ક્રિયાવાદિ છે.

તે ક્રિયાવાદિઓની ૧૮૦ સંખ્યા (નીચેના) ઉપાયથી જાણવી. તે જીવાદિ નવપદાર્થોને પરિપાટી વડે પટ્ટીમાં (એક લાઈનમાં) ગોઠવવા. ત્યારબાદ જીવપદાર્થની નીચે સ્વતઃ અને પરતઃ એમ બે ભેદનો ઉપન્યાસ કરવો. તેની નીચે નિત્ય અને અનિત્ય એમ બે ભેદ, તેની પણ નીચે કાલ, ઈશ્વર, આત્મા, નિયતિ અને સ્વભાવ આ પાંચ ભેદો ગોઠવવા. ત્યારબાદ આ પ્રમાણે વિકલ્પો કરવા-

'अस्ति जीवः स्वतो नित्यः कालतः' - આ એક વિકલ્પ. આ વિકલ્પનો અર્થ - આ આત્મા સ્વરૂપથી, કાલથી નિત્ય છે. કાલવાદિના મતમાં આ અર્થ થાય છે. કાલકૃત જ સઘળાયે જગતને જેઓ માને છે તે કાલવાદિ કહેવાય છે. (અર્થાત્ કાલવાદિ આત્માને નિત્ય અને કાલને આધીન થઈ પ્રવૃત્તિ કરે છે, તેમ માને છે.) તેઓ કહે છે કે ચંપક, અશોક, આંબા આદિ વનસ્પતિ(વૃક્ષો)માં ફુલોનું ઉગવું, ફલ બંધાવવા, ઝાકળના બિંદુઓનું સીંચાવું, કરા પડવા, નક્ષત્રનું પરિભ્રમણ, ગર્ભાધાન, વરસાદ પડવો ઇત્યાદિ; અથવા ઋતુના વિભાગ, બાલ-કુમાર-યૌવન અવસ્થા, મુખ ઉપર કરચલી પડવી,

પળિયા-વૃદ્ધાવસ્થા આવવી વગેરે અવસ્થાવિશેષ કાલવિના ઘટતી નથી. પ્રતિનિયત કાલના વિભાગથી જ તેઓની ઉપલબ્ધિ થાય છે. જો સર્વ જગતની અવસ્થાવિશેષને કાલકૃત માનવામાં ન આવે તો જગત અવ્યવસ્થાથી ભરાઈ જાય. અને તેવું જોવાતું નથી અને ઇષ્ટપણ નથી. વળી મગનીદાળનો પરિપાક પણ કાલવિના લોકમાં થતો જોવાતો નથી. પરંતુ કાલક્રમે જ પરિપાક થતો જોવાય છે. અન્યથા સ્થાલિ અને ઇન્ધનાદિ સામગ્રીનો સંપર્કથતાંની સાથે જ પ્રથમ સમયમાં પણ તેના (પરિપાક)નો સદ્ભાવ માનવો પડે. (પણ એવું) નથી. તેથી જે કૃતક (જન્ય) છે, તે સર્વ કાલકૃત છે.

તથા (કાલવાદિની આ જ વાતનો સંગ્રહ કરતાં) શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં કહ્યું છે કે.... "ગર્ભ, બાલ-યુવાનાદિ અવસ્થા જે કંઈ લોકમાં ઉત્પન્ન થાય છે, તે કાલવિના ઉત્પન્ન થઈ શકતા નથી. તેનું કારણ ખરેખર આ કાલ જ છે. (૧). કાલ વિના સ્થાલિ-ઇન્ધનાદિના સંનિધાનમાં શું મગનો પરિપાક જોવાયો છે ? (ના, નથી જોવાયો.) તેથી કાલથી જ મગનો પરિપાક મનાયેલો છે. (૨). કાલના અભાવમાં બીજાઓએ માનેલા હેતુમાત્રથી સર્વનો ઉદ્ભવ થાય છે, તેમ માનશો તો ગર્ભાદિ સર્વ અવ્યવસ્થા થઈ જશે. (૩)."

"(મહાભારતમાં કહ્યું છે કે...) પૃથ્વી આદિ પાંચભૂતોને કાલ જ પકવે છે. કાલ જ પ્રજા સંહરે છે. કાલ સૂતેલાઓને જગાડે છે. (આથી) કાલ ખરેખર દુરતિક્રમ છે."

અહીં (ઉપરના ત્રીજા શ્લોકમાં) જે 'परेष्टहेतुसद्भावमात्रात्' કહ્યું તેનો અર્થ આ રીતે સમજવો - બીજાઓને ઇચ્છિત સ્ત્રી-પુરુષના સંયોગાદિરૂપ હેતુના સદ્ભાવમાત્રથી ગર્ભાદિના ઉદ્ભવનો પ્રસંગ હોવાથી... ગર્ભાદિ સર્વ અવ્યવસ્થા થશે. તથા કાલથી પૃથ્વીઆદિ પાંચભૂતો પરિપાક (પરિણતિ)ને પામે છે. કાલ પ્રજા સંહરે છે. અર્થાત્ પૂર્વપર્યાયથી ચ્યૂત કરીને બીજાપર્યાય વડે લોકોને કાલ સ્થાપે છે. કાલ સુતેલાઓને જગાડે છે. એટલે કાલ જ સૂતેલા માણસને આપત્તિથી રક્ષા કરે છે. આ રીતે ભાવાર્થ જાણવો.

તેથી સ્પષ્ટ છે કે કાલનું નિરાકરણકરવા માટે શક્ય નથી.

इति-उक्तेनैव प्रकारेण द्वितीयोऽपि विकल्पो वक्तव्यः नवरं कालवादिन इति वक्तव्य ईश्वरवादिन इति वक्तव्यम् । तद्यथा-अस्ति जीवः स्वतो नित्यः ईश्वरतः । ईश्वरवादिनश्च सर्वं जगदीश्वरकृतं मन्यन्ते । ईश्वरं च सहसिद्धज्ञानवैराग्यधर्मैश्वर्यरूपचतुष्टयं प्राणिनां च स्वर्गापवर्गयोः प्रेरकमिति । तदुक्तम्-

"ज्ञानमप्रतिघं यस्य वैराग्यं च जगत्पतेः । ऐश्वर्यं चैव धर्मश्च सहसिद्धं चतुष्टयम् ।। १ ।।

अन्यो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः । ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा ।। २ ।।" [महाभा० वन० ३०/२१] इत्यादि ।

टीकानो भावानुवाद :

આ પ્રમાણે કહેલા પ્રકારથી બીજોવિકલ્પ પણ કહેવો જોઈએ. અર્થાત્ કાલવાદિનો વિકલ્પ જે રીતે કહ્યો તે રીતે ઈશ્વરવાદિનો વિકલ્પ પણ કહેવો જોઈએ. તે આ પ્રમાણે છે - "अस्ति जीवः स्वतो नित्यः ईश्वरतः ।" જીવ છે, સ્વત: નિત્ય છે અને ઇશ્વરકૃત છે.

ઈશ્વરવાદિઓ સર્વ જગતને ઈશ્વરકૃત માને છે. જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ઐશ્વર્ય આ ચાર એક સાથે સિદ્ધ છે, તે ઈશ્વરને (ઈશ્વરવાદિઓ) જીવોના સ્વર્ગ અને અપવર્ગમાં પ્રેરક માને છે. તેથી (મહાભારતમાં) કહ્યું છે કે.... "અવિનશ્વર જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ઐશ્વર્ય આ ચાર જે જગતપતિને એક સાથે સિદ્ધ છે. (તે) ઇશ્વરની (જગતપતિની) પ્રેરણાથી જીવ સ્વર્ગ અથવા નરકમાં જાય છે. આત્માના સુખ-દુ:ખમાં (જગતપતિ સિવાય) અન્યજીવ સમર્થ નથી. (અર્થાત્ આત્માના સુખ-દુ:ખનું કારણ ઈશ્વર છે. અન્ય અજ્ઞજીવ નથી. ઈશ્વરથી પ્રેરાયેલો જીવ જ સ્વર્ગ અને નરકને પામે છે)."

तृतीयो विकल्प आत्मवादिनाम् । आत्मवादिनो नाम पुरुष एवेदं सर्वम् [ऋग्वेद पुरुषसू०] इत्यादि प्रतिपन्नाः । चतुर्थो विकल्पो नियतिवादिनाम् । ते ह्येवमाहुः । नियतिर्नाम तत्त्वान्तरमस्ति यद्वशादेते भावा; सर्वेऽपि नियतेनैव रूपेण प्रादुर्भावमश्नुवते, नान्यथा । तथाहि-यद्यदा यतो भवति तत्तदा तत एव नियतेनैव रूपेण भवदुपलभ्यते । अन्यथा कार्यकारणव्यवस्था प्रतिनियतरूपव्यवस्था च न भवेत्, नियामकाभावात् । तत एवं कार्यनैयत्यतः प्रतीयमानामेनां नियतिं को नाम प्रमाणपथकुशलो बाधितुं क्षमते । मा प्रापदन्यत्रापि प्रमाणपथव्याघातप्रसङ्गः । तथा चोक्तम्-

"नियतेनैव रूपेण सर्वे भावा भवन्ति यत् ।
ततो नियतिजा ह्येते तत्स्वरूपानुवेधतः ।। १ ।।
यद्यदैव यतो यावत्तत्तदैव ततस्तथा ।
नियतं जायते न्यायात् क एनां बाधितुं क्षमः ।। २ ।।" [शास्त्रवा० श्लो० १७३/१७४]

टीकानो भावानुवाद :

तृतीयविकल्प आत्मवादिओनो छे : જગતમાં આ સર્વ દેખાય છે, તે પુરુષ જ છે. આવું

સ્વીકારનારા (કહેનારા) આત્મવાદિઓ છે. (અર્થાત્ "पुरुष एवेदं सर्वम्" વેદના આ કથનને અનુસરતા આત્મવાદિઓ સર્વજગતને પુરુષરૂપ જ માને છે.)

ચોથો વિકલ્પ નિયતિવાદિઓનો છે - તેઓ કહે છે કે નિયતિનામનું સ્વતંત્રતત્ત્વ છે, કે જેના વશથી આ સર્વે પણ ભાવો નિયતસ્વરૂપ વડે પ્રાદુર્ભાવને પામે છે. નિયતિ વિના નહિ. તે આ પ્રમાણે - જે (વસ્તુ) જ્યારે જેનાથી થાય છે, તે (વસ્તુ) ત્યારે તેનાથી જ નિયતસ્વરૂપ વડે થતી જોવાય છે. અન્યથા કાર્ય-કારણવ્યવસ્થા અને (વસ્તુના) પ્રતિનિયતસ્વરૂપની વ્યવસ્થા નહિ થાય. કારણ કે નિયામકનો અભાવ છે. તેથી આ પ્રમાણે કાર્યની નિયતતાથી જણાતી આ નિયતિને પ્રમાણમાર્ગમાં કુશલ કયો વ્યક્તિ બાધકરવા માટે સમર્થ થાય છે ? વળી (નિયતિને સ્વીકારતાં) અન્યત્ર પણ પ્રમાણમાર્ગના વ્યાઘાતનો પ્રસંગ પ્રાપ્ત થશે નહિ.

તેથી (નિયતિવાદિની આ વાતનો સંગ્રહ કરતાં) શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં કહ્યું છે કે... "જે કારણથી નિયતસ્વરૂપ વડે જ ભાવો પેદા થાય છે, તે કારણથી નિયતસ્વરૂપના અનુવેધથી (નક્કી થાય છે કે) આ સર્વે ભાવો નિયતિથી જ ઉત્પન્નથયેલા છે. (વળી) જે જ્યારે જ જેનાથી થાય છે. ત્યારે તે જ તેનાથી નિયતસ્વરૂપે ઉત્પન્ન થાય છે.' આ ન્યાયથી આ નિયતિનો બાધ કરવા કોણ સમર્થ થાય ?"

पञ्चमो विकल्पः स्वभाववादिनाम् । स्वभाववादिनो ह्येवमाहुः । इह वस्तुनः स्वत एव परिणतिः स्वभावः । सर्वे भावाः स्वभाववशादुपजायन्ते । तथाहि-मृदः कुम्भो भवति न पटादिः । तन्तुभ्योऽपि पट उपजायते न घटादिः । एतच्च प्रतिनियतं भवनं न तथा स्वभावतामन्तरेण घटासंटङ्कमाटीकते । तस्मात्सकलमिदं स्वभावकृतमवसेयम् । तथा चाहुः-

"कः कण्टकानां प्रकरोति तैक्ष्ण्यं, विचित्रभावं मृगपक्षिणां च ।
स्वभावतः सर्वमिदं प्रवृत्तं, न कामचारोऽस्ति कुतः प्रयत्नः ।। १ ।। [बुद्धच० ९/६२]
बदर्याः कण्टकस्तीक्ष्ण ऋजुरेकश्च कुञ्चितः । फलं च वर्तुलं तस्या वद केन विनिर्मितम् ।।२ ।।' [लोकतत्त्व० २/२२] इत्यादि ।

अपि च । आस्तामन्यत्कार्यजातमिह मुद्गपक्तिरपि न स्वभावमन्तरेण भवितुमर्हति । तथाहि-स्थालीन्धनकालादिसामग्रीसंभवेऽपि न कंकटुकमुद्गानां पक्तिरुपलभ्यते । तस्माद्यद्यद्भावे भवति तत्तदन्वयव्यतिरेकानुविधायि तत्कृतमिति । स्वभावकृता मुद्गपक्तिरप्येष्टव्या । ततः सकलमेवेदं वस्तुजातं स्वभावहेतुकमवसेयमिति तदेवं स्वत

इति पदेन लब्धाः पञ्च विकल्पाः । एवं च परत इत्यनेनापि पञ्च लभ्यन्ते । परत इति परेभ्यो व्यावृत्तेन रूपेणात्मा विद्यते । यतः प्रसिद्धमेतत् । सर्वपदार्थानां परपदार्थस्वरूपापेक्षया स्वरूपपरिच्छेदो यथा दीर्घत्वाद्यपेक्षया ह्रस्वत्वादिपरिच्छेदः । एवमात्मनि स्तम्भादीन्समीक्ष्य तद्व्यतिरिक्तबुद्धिः प्रवर्तते । अतो यदात्मनः स्वरूपं तत्परत एवावधार्यते, न स्वत इति । एवं नित्यत्वापरित्यागेन दश विकल्पा लब्धाः । एवमनित्यपदेनापि, सर्वेऽपि मिलिता विंशतिः । एते च जीवपदार्थेन लब्धाः । एवमजीवादिष्वष्टसु पदार्थेषु प्रत्येकं विंशतिर्विंशतिर्विकल्पा लभ्यन्ते । ततो विंशतिर्नवगुणिता शतमशीत्युत्तरं क्रियावादिनां भवति ।

ટીકાનો ભાવાનુવાદ :

પાંચમો વિકલ્પ સ્વભાવાદિઓના છે. સ્વભાવવાદિઓ આ પ્રમાણે કહે છે – આ જગતમાં વસ્તુની સ્વતઃ જ પરિણતિ=સ્વભાવ છે. (અર્થાત્) જગતના સર્વેભાવો સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે - માટીથી ઘટ થાય છે, પટાદિ નહિ. તંતુઓથી પણ પટ જ થાય છે, ઘટાદિ નહિ. આ બધી વસ્તુઓનું પ્રતિનિયતપણે ઉત્પન્ન થવું, તે સ્વભાવ વિના ઘટતું નથી. તેથી સર્વ આ જગતની વસ્તુઓ સ્વભાવકૃત જ જાણવી. તેથી (લોકતત્ત્વનિર્ણયમાં) કહ્યું છે કે "કંટકોને તીક્ષ્ણ કોણ કરે છે ? પશુ-પક્ષીઓના વિચિત્રભાવોને કોણ કરે છે ? આ સર્વ સ્વભાવથી જ પ્રવૃત્ત છે. ઇચ્છિતવર્તન નથી. (તેથી તે વિચિત્રભાવોમાં) પ્રયત્ન શાથી હોય? (વળી) બોરડીનો કાંટો તીક્ષ્ણ, (તેમાં પણ) એક ઋજુ અને એક વક્ર છે. (વળી) બોરડીનું ફળ વર્તુલ છે. (તો કહો !) કોના વડે (બોરડીમાં આ વિચિત્રતાનું) નિર્માણ કરાયું."

વળી અન્યકાર્યસમુહોની ઉત્પત્તિમાં સ્વભાવની નિમિત્તતાની વિચારણાથી સર્યું. (પરંતુ) અહીં "મગનું પાકવું" પણ સ્વભાવવિના થવા માટે યોગ્ય નથી. તે આ રીતે - સ્થાલી, ઇન્ધનાદિ સામગ્રીના સન્નિધાનમાં પણ કાંગરુ મગોનો પરિપાક થતો જોવાતો નથી. તેથી "જે જે વસ્તુમાં જે સ્વભાવ (ભાવ) હોય છે, તે તે પ્રમાણે તે તે વસ્તુ થાય છે." આ અન્વયથી અને "જે વસ્તુમાં જે સ્વભાવ હોતો નથી, તે વસ્તુ તે પ્રમાણે થતી નથી." આ વ્યતિરેકથી... (દા.ત. કાંગરુ સિવાયના મગમાં પાકવાનો સ્વભાવ છે, તો તે પાકે છે અને કાંગરુ મગમાં પાકવાનો સ્વભાવ નથી, તો તે પાકતા નથી. આ અન્વય-વ્યતિરેકથી) સર્વ વસ્તુઓ સ્વભાવકૃત જ માનવી જોઈએ. તેથી સકલ આ વસ્તુસમુહનું કારણ સ્વભાવ જ માનવો જોઈએ. **તેથી 'સ્વતઃ' પદવડે પાંચ વિકલ્પો પ્રાપ્ત થયા. આ પ્રમાણે જ "પરતઃ" પદથી પાંચ વિકલ્પોની પ્રાપ્તિ થાય છે.**

"પરતઃ" એટલે બીજા પદાર્થોથી વ્યાવૃત્તસ્વરૂપથી આત્મા વિદ્યમાન છે તેવું કહેવું. (અર્થાત્

આત્મા બીજા સર્વપદાર્થોથી પર (ભિન્ન) છે તેમ કહેવું.) વળી (પદાર્થનું જ્ઞાન કરવાની આ પ્રસિદ્ધ રીતે છે કે) સર્વપદાર્થોના સ્વરૂપનું જ્ઞાન (તેનાથી) બીજા પદાર્થોની અપેક્ષાએ થાય છે. (અર્થાત્ કોઈપણ પદાર્થનું જ્ઞાન, તેનાથી ભિન્નપદાર્થોના સ્વરૂપની અપેક્ષાથી ભિન્ન રીતે સિદ્ધ કરીએ, ત્યારે વસ્તુના વાસ્તવિકસ્વરૂપનું જ્ઞાન થાય છે.) જેમકે દીર્ઘત્વાદિની અપેક્ષાથી હ્રસ્વત્વાદિનું જ્ઞાન કરાય છે.

એ પ્રમાણે આત્મામાં સ્તંભાદિને જોઈને, સ્તંભાદિથી વ્યતિરિક્ત (ભિન્ન) છે, તેવી બુદ્ધિ પ્રવર્તે છે. આથી આત્મનું સ્વરૂપ પરતઃ જ અવધારણ થાય છે. સ્વતઃ નહિ. આ રીતે નિત્યત્વના પરિત્યાગવિના (અર્થાત્ નિત્યત્વને લઈને) બીજા દશ વિકલ્પો થશે. આમ સર્વે પણ મળીને ૨૦ વિકલ્પો થયા. આ ૨૦ વિકલ્પો જીવ પદાર્થ દ્વારા પ્રાપ્ત થયા. આ રીતે અજીવાદિ આઠ પદાર્થોમાં પ્રત્યેકનાં ૨૦-૨૦ વિકલ્પો પ્રાપ્ત થાય છે. તેથી ૨૦x૯ = ૧૮૦ ક્રિયાવાદિઓ છે.

तथा न कस्यचित्प्रतिक्षणमवस्थितस्य पदार्थस्य क्रिया संभवति उत्पत्त्यनन्तरमेव विनाशादित्येवं ये वदन्ति ते अक्रियावादिन आत्मादिनास्तित्ववादिन इत्यर्थः । ते च कोक्कुलकाण्ठेवि द्विरोमकसुगतप्रमुखाः । तथा चाहुरेके -

"क्षणिकाः सर्वसंस्कारा अस्थिराणां कुतः क्रिया । भूतिर्येषां क्रिया सैव कारणं सैव चोच्यते ।।१ ।।

एतेषां चतुरशीतिर्भवति । सा चामुनोपायेन द्रष्टव्या । पुण्यापुण्यवर्जितशेषजीवाजीवादिपदार्थसप्तकन्यासः । तस्य चाधः प्रत्येकं स्वपरविकल्पोपादानम् । असत्त्वादात्मनो नित्यानित्यविकल्पौ न स्तः । कालादीनां पञ्चानामधस्तात्षष्ठी यदृच्छा न्यस्यते । इह यदृच्छावादिनः सर्वेऽप्यक्रियावादिनस्ततः प्राग्यदृच्छा नोपन्यस्ता । तत एवं विकल्पाभिलापः । नास्ति जीवः स्वतः कालत इत्येको विकल्पः । अयं भावः । इह पदार्थानां लक्षणतः सत्ता निश्चीयते कार्यतो वा । न चात्मनस्तादृगस्ति लक्षणं, येन तत्सत्तां प्रतिपद्येमहि । नापि कार्यमणूनामिव महीध्रादि संभवति । अतो नास्त्यात्मेति एवमीश्वरादिवादिभिरपि यदृच्छापर्यन्तैर्विकल्पा वाच्याः । सर्वेऽपि मिलिताः षड्विकल्पाः । अमीषां च विकल्पानामर्थः प्राग्वद्भावनीयः । नवरं यदृच्छात इति यदृच्छावादिनां मते । यदृच्छा ह्यनभिसंधिपूर्विकार्थप्राप्तिः अथ के ते यदृच्छावादिनः । उच्यते । इह ये भावानां संतानापेक्षया न प्रतिनियतं कार्यकारणभाव-मिच्छन्ति, किं तु यदृच्छया, ते यदृच्छावादिनः, ते ह्येवमाहुः ।

न खलु प्रतिनियतो वस्तूनां कार्यकारणभावस्तथा प्रमाणेनाग्रहणात् । तथाहि शालूकादपि जायते शालूको, गोमयादपि जायते शालूकः । वह्नेरपि जायते वह्निररणिकाष्ठादपि, धूमादपि जायते धूमोऽग्नीन्धनसंपर्कादपि । कन्दादपि जायते कदली बीजादपि । वटादयो बीजादुपजायन्ते शाखैकदेशादपि । गोधूमबीजादपि जायन्ते गोधूमा वंशबीजादपि । ततो न प्रतिनियतः क्वचिदपि कार्यकारणभाव इति । यदृच्छातः क्वचित्किंचिद्भवतीति प्रतिपत्तव्यम् । न खल्वन्यथा वस्तुसद्भावं पश्यन्तोऽन्यथात्मानं प्रेक्षावन्तः परिक्लेशयन्ति। यदुक्तम्-

"अतर्कितोपस्थितमेव सर्वं चित्रं जनानां सुखदुःखजातम् । काकस्य तालेन यथाभिधातो न बुद्धिपूर्वोऽस्ति वृथाभिमानः ।।१।।" [आचा० २/१/१/१/४] इत्यादि । दुष्टमेव सर्वं जातिजरामरणादिकं लोके काकतालीयाभमिति । तथा स्वतः षड्विकल्पा लब्धास्तथा नास्ति परतः कालत इत्येवमपि षड्विकल्पा लभ्यन्ते । सर्वेऽपि मिलिता द्वादश विकल्पा जीवपदेन लब्धाः । एवमजीवादिष्वपि षट्सु पदार्थेषु प्रत्येकं द्वादश द्वादश विकल्पा लभ्यन्ते । ततो द्वादशभिः सप्त गुणिताश्चतुरशीतिर्भवन्त्यक्रियावादिनां विकल्पाः ।

ટીકાનો ભાવાનુવાદ :

તથા પ્રતિક્ષણ અવસ્થિત (રહેનારા) પદાર્થની ક્રિયા સંભવતી નથી. કારણ કે, 'ઉત્પત્તિની અનંતર વિનાશ થાય છે.' – આવું કહેનારા અક્રિયાવાદિ છે – અર્થાત્ આત્માદિના અસ્તિત્વને સ્વીકારતા નથી તે અક્રિયાવાદિ. તે અક્રિયાવાદિઓ કોકુલ, કાંઠેવિ, દ્વિરોમક, સુગત (બૌદ્ધ) વગેરે છે. તથા એકે કહ્યું (પણ) છે કે....

"સર્વ સંસ્કારો ક્ષણિક છે. (તો) અસ્થિરપદાર્થોમાં ક્રિયા ક્યાંથી હોય ? (આથી તે પદાર્થોની) ભૂતિ=ઉત્પત્તિ (અર્થાત્ એક ક્ષણસ્થાયી સત્તા તે જ) ક્રિયા છે અને તે જ કારણ છે."

અક્રિયાવાદિઓની ૮૪ સંખ્યા છે. તે સંખ્યા આ ઉપાયથી જાણવી. પુણ્ય અને પાપ સિવાયના શેષજીવાદિ સાતપદાર્થોનો એક પટ્ટીમાં ન્યાસ કરવો. પ્રત્યેકનીનીચે સ્વતઃ અને પરતઃ બે વિકલ્પો ગ્રહણ કરવા. (અહીં અક્રિયાવાદિઓ આત્માના અસ્તિત્વને સ્વીકારતા નથી. તેથી) આત્માનું સત્ત્વ ન હોવાથી (આત્મા વિષયક) નિત્ય અને અનિત્ય વિકલ્પો નથી.

પૂર્વે કહેલા કાલાદિપાંચમાં છઠ્ઠી યદૃચ્છા મૂકવી. અહીં સર્વે પણ યદૃચ્છાવાદિઓ અક્રિયાવાદિ હોવાથી પૂર્વે તેમનો ઉપન્યાસ કર્યો ન હતો.

તેથી આ રીતે વિકલ્પ કહેવો - नास्ति जीवः स्वतः कालतः । આ એક વિકલ્પ છે. કહેવાનો

આશય એ છે કે અહીં પદાર્થોની સત્તાનો લક્ષણથી કે કાર્યથી નિશ્ચય કરાય છે. (પરંતુ) આત્માનું તેવા પ્રકારનું કોઈ લક્ષણ નથી કે જેથી લક્ષણથી આત્માની સત્તા અમે સ્વીકારીએ. વળી અણુઓનું કાર્ય જેમ પર્વતાદિ સંભવે છે, તેમ (આત્મામાંથી કોઈ કાર્ય સંભવતું ન હોવાથી) આત્માની કાર્યથી પણ સત્તા સિદ્ધ થતી નથી. આથી આત્મા નથી. એ પ્રમાણે ઇશ્વરવાદિઓ વડે પણ યદૃચ્છા સુધીના વિકલ્પો કહેવા જોઈએ. તે સર્વે પણ મળીને છ વિકલ્પો થાય છે. આ વિકલ્પોનો અર્થ પૂર્વની જેમ વિચારી લેવો. વિનાસંકલ્પે અર્થની પ્રાપ્તિ થવી તે યદૃચ્છા કહેવાય છે. અથવા વિચાર્યાવિનાની વસ્તુ ઉપસ્થિત થવી તે યદૃચ્છા કહેવાય છે.

પ્રશ્ન : તે યદૃચ્છાવાદિઓ કોણ છે ?

ઉત્તર : જેઓ પદાર્થોમાં સંતાન(પરંપરા)ની અપેક્ષાથી પ્રતિનિયત કાર્ય-કારણભાવને ઇચ્છતા નથી, પરંતુ યદૃચ્છાથી જ કાર્ય-કારણભાવને ઇચ્છે છે તે યદૃચ્છાવાદિઓ છે. તેઓ આ પ્રમાણે કહે છે - પદાર્થોનો પ્રતિનિયત કાર્ય-કારણભાવ નથી. કારણ કે તે પ્રમાણે પ્રમાણથી ગ્રહણ થતું નથી. (અર્થાત્ કોઈ પ્રમાણથી પદાર્થોના પ્રતિનિયત કાર્ય-કારણભાવ સિદ્ધ થતા નથી.) તે આ પ્રમાણે (i) કમલના કંદમાંથી પણ કમલનો કંદ ઉત્પન્ન થાય છે, ગોમયથી પણ કમલનો કંદ પેદા થાય છે. (ii) અગ્નિથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે, અરણિના કાષ્ઠથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે. (iii) ધૂમથી પણ ધૂમ ઉત્પન્ન થાય છે, અગ્નિ-ઇન્ધનના સંપર્કથી પણ ઉત્પન્ન થાય છે. (iv) કંદથી પણ કેળનું વૃક્ષ ઉત્પન્ન થાય છે, બીજથી પણ થાય છે. (v) બીજથી વટવગેરે વૃક્ષો ઉત્પન્ન થાય છે. શાખાના એકદેશથી પણ થાય છે. (vi) ઘઉંના બીજથી ઘઉંના અંકુરા ઉત્પન્ન થાય છે. વાંસના બીજથી પણ ઘઉંનાઅંકુરા ફુટે છે. તેથી ક્યાંક કંઈક (ઉત્પન્ન) થાય છે, તેવું સ્વીકારવું જોઈએ. (અર્થાત્ યદૃચ્છાથી ક્યાંય પણ કોઈપણપદાર્થ કોઈપણપદાર્થથી ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારવું.)

આમ (જગતમાં) અન્યથા(કાર્ય-કારણભાવથી રહિત) વસ્તુના સદ્ભાવને જોતો (કયો વ્યક્તિ) કાર્ય-કારણભાવ સહિત વસ્તુનો સદ્ભાવ આત્મામાં જોતો ક્લેશ પામે ? અર્થાત્ કાર્ય-કારણભાવથી રહિત વસ્તુઓને જોતો, કાર્ય-કારણભાવની વિચારણા કરી આત્માને ક્લેશ આપતો નથી. જેથી કહ્યું છે કે... "ઉપસ્થિત થયેલો જીવોનો સર્વ વિચિત્ર સુખ-દુઃખનો સમુહ તર્કયુક્ત નથી. (કારણ કે) જેમ "કાગડાનું બેસવું અને ડાળનું પડવું" યુક્તિયુક્ત નથી, તેમ સુખ-દુઃખને ઉત્પન્ન કરનારા સંયોગો પણ 'કાકતાલીય'ન્યાયથી બુદ્ધિપૂર્વકના નથી. આથી 'હું સુખી કરનાર છું' અને 'દુઃખી કરનાર છું.' વગેરે ફોગટ અભિમાન છે. (અર્થાત્ જીવોના સુખ-દુઃખની ઉત્પત્તિમાં કોઈ કારણ નથી. યદૃચ્છાથી તે ઉત્પન્ન થાય છે.)"

જગતમાં જન્મ-જરા-મરણાદિ જે કંઈ સર્વ દેખાય છે તે પણ કાકતાલીય સમાન છે. અર્થાત્ તેના કોઈ પ્રતિનિયત કારણો નથી, આકસ્મિક છે.

તે પ્રમાણે સ્વતઃ છ વિકલ્પો પ્રાપ્ત થયા. નાસ્તિ પરતઃ કાલતઃ એ પ્રમાણે પણ છ વિકલ્પો પ્રાપ્ત થાય છે. સર્વે મળી જીવપદથી બાર વિકલ્પો પ્રાપ્ત થયા. આ રીતે અજીવાદિ છ પદાર્થોના પ્રત્યેકના બાર વિકલ્પો પ્રાપ્ત થાય છે. તેથી ૧૨x૭ = ૮૪ અક્રિયાવાદિઓના વિકલ્પો થાય છે.

तथा कुत्सितं ज्ञानमज्ञानं तदेषामस्तीत्यज्ञानिकाः । ततो (अतो)ऽनेकस्वरादिति मत्वर्थीय इकप्रत्ययः [सि. हैम. ७/२]। अथवाऽज्ञानेन चरन्तीत्यज्ञानिकाः, असञ्चिन्त्यकृतकर्मबन्धवैफल्यादिप्रतिपत्तिलक्षणाः साकल्यसात्यमुग्रिमौदपिप्पलादबादरायणजैमिनिवसुप्रभृतयः । ते ह्येवं बुवते । न ज्ञानं श्रेयः, तस्मिन् सति विरुद्धप्ररूपणायां विवादयोगतश्चित्तकालुष्यादिभावतो दीर्घतरसंसारप्रवृत्तेः । यदा पुनरज्ञानमाश्रीयते तदा नाहंकारसंभवो नापि परस्योपरि चित्तकालुष्यभावः, ततो न बन्धसम्भवः । अपि च, यः सञ्चिन्त्य क्रियते कर्मबन्धः स दारुणविपाकोऽत एवावश्यं वेद्यस्तस्य तीव्राध्यवसायतो निष्पन्नत्वात् । यस्तु मनोव्यापारमन्तरेण कायवाक्कर्मप्रवृत्तिमात्रतो विधीयते, न तत्र मनसोऽभिनिवेशस्ततो नासाववश्यं वेद्यो नापि तस्य दारुणो विपाकः । केवलमतिशुष्कसुधापङ्कधवलितभित्तिगतरजोमल इव स कर्मसङ्गः स्वत एव शुभाध्यवसायपवनविक्षोभभितोऽपयाति । मनसोऽभिनिवेशाभावश्चाज्ञानाभ्युपगमे समुपजायते, ज्ञाने सत्यभिनिवेशसम्भवात् । तस्मादज्ञानमेव मुमुक्षुणा मुक्तिपथप्रवृत्तेनाभ्युपगन्तव्यं, न ज्ञानमिति । अन्यच्च, भवेद्युक्तो ज्ञानस्याभ्युपगमो, यदि ज्ञानस्य निश्चयः कर्तुं पार्येत । यावता स एव न पार्येत । तथाहिसर्वेऽपि दर्शनिनः परस्परं भिन्नमेव ज्ञानं प्रतिपन्नाः, ततो न निश्चयः कर्तुं शक्यते, किमिदं सम्यगुतेदमिति । अथ यत्सकलवस्तुस्तोमसाक्षात्कारिभगवद्वर्धमानोपदेशादुपजायते ज्ञानं तत्सम्यग्नेतरत्, असर्वज्ञमूलत्वादिति चेत् सत्यमेतत्, किंतु स एव सकलवस्तुस्तोमसाक्षात्कारी, न तु सौगतादिसंमतः सुगतादिरिति कथं प्रतीयते, तद्ग्राहकप्रमाणाभावादिति तदवस्थः संशयः । ननु यस्य दिवः समागत्य देवाः पूजादिकं कृतवन्तः, स एव वर्धमानः सर्वज्ञो, न शेषाः सुगतादय इति चेन्न, वर्धमानस्य चिरातीतत्वेनेदानीं तद्भावग्राहक प्रमाणाभावात् । संप्रदायादवसीयत इति चेत् । ननु सोऽपि संप्रदायो धूर्तपुरुषप्रवर्तितः किं वा सत्यपुरुषप्रवर्तित इति कथमवगन्तव्यं,

प्रमाणाभावात् । न चाप्रमाणकं वयं प्रतिपत्तुं क्षमाः । मा प्रापदतिप्रसङ्गः । अन्यच्च मायाविनः स्वयमसर्वज्ञा अपि जगति स्वस्य सर्वज्ञभावं प्रचिकटयिषवस्तथाविधेन्द्रजालवशाद्दर्शयन्ति देवानितस्ततः सञ्चरतः स्वस्य पूजादिकं कुर्वतः, ततो देवागमदर्शनादपि कथं तस्य सर्वज्ञत्वनिश्चयः । तथा चाह जैन एव स्तुतिकारः समन्तभद्रः-

"देवागमनभोयानचामरादिविभूतयः । मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ।। १ ।।" [आप्तमी० १/१]

टीकानो भावानुवाद :

तथा कुत्सितज्ञान अर्थात् अज्ञान जेओने छे ते अज्ञानिको. अहीं 'कुत्सितं ज्ञानं अज्ञानम् एषाम् अस्ति' आ व्युत्पत्तिमां मत्वर्थीय 'इक' प्रत्यय लागीने अज्ञानिक बनेल छे. (टुंकमां जेओने अज्ञान छे ते अज्ञानिको.) अथवा अज्ञानवडे जेओ वर्ते छे ते अज्ञानिको.

ज्ञान होय तो (ते अधुरुं होय तो विरुद्धप्ररूपणादि) असत् चिंतन थवानो संभव छे. तेनाथी कर्मबंध-विपरीतफल वगेरे थाय छे. (आथी अज्ञान सारुं. आवुं) स्वीकारनारा शाकल्य, सात्यमुग्रि, मौद, पिप्पलाद, बादरायळ, जैमिनी, वसु वगेरे [५]अज्ञानिको छे. तेओ कहे छे के ज्ञान श्रेयस्कर नथी.

कारणके ज्ञान होते छते विरुद्धप्ररूपणा थवानो संभव छे. तेनाथी विवाद थाय छे. विवादना योगथी चित्तनी कलुषितताआदि थाय छे. तेनाथी दीर्घतरसंसारमां रखडवानी प्रवृत्ति थाय छे. (परंतु) ज्यारे अज्ञाननो आश्रय कराय छे, त्यारे अहंकारनो संभव नथी, बीजाना उपर चित्त कलुषित थतुं नथी. तेथी कर्मबंध पण थतो नथी.

वळी जे विचारीने कराय ते कर्मबंध दारुण विपाकवाळो होय छे. कर्मबंध दारुणविपाकवाळो होवाथी ज अवश्य वेदवो (सहेवो) पडे छे. कारण के ते तीव्रअध्यवसायथी उत्पन्न थयेलो छे. वळी जे मनोव्यापारविना काया-वचननी प्रवृत्तिमात्रथी (कर्मबंध) कराय छे, तेमां मननो निवेश न होवाथी ते कर्मबंध अवश्य वेद्य पण होतो नथी अने तेनो विपाक दारुण पण होतो नथी. ते कर्मबंध अतिशुष्क चूनाथी धोळेल भींतउपर लागेल धूळना मलनी जेम स्वतः ज शुभ अध्यवसायरूपीपवनथी क्षोभ पामेलो नाश पामे छे.

प्रवृत्तिमां मनना निवेशनो अभाव अज्ञानना स्वीकारमां थाय छे. अर्थात् अज्ञाननो स्वीकार

(५) शाकल्यवाल्कलकुथुमिसात्यमुग्रिनारायणकण्ठमाध्यन्दिनमौदपैप्पयलादबादरायणाम्बष्टीकृदौरिकायनवसुजैमिन्यादीनामज्ञान-कुदृष्टीनां सप्तषष्टिः ।। ॥ राजवार्तिक पृ. ४१ ॥

કરવાથી મન પ્રવૃત્તિમાં ભળતું નથી. (જ્યારે) જ્ઞાનનો સ્વીકાર કરતે છતે પ્રવૃત્તિમાં મન ભળે છે. તેથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત મુમુક્ષુવડે અજ્ઞાન જ સ્વીકારવું જોઈએ, જ્ઞાન નહિ.

બીજું કે જ્ઞાનનો સ્વીકાર કરવો યોગ્ય ત્યારે બને કે જો જ્ઞાનનો નિશ્ચયકરવામાટે સમર્થ હોય. (પરંતુ) જ્ઞાનનો નિશ્ચય થતો નથી, જેમકે સર્વે પણ દર્શનકારો પરસ્પરભિન્ન જ્ઞાનનો જ સ્વીકાર કરે છે. તેથી જ્ઞાનનો નિશ્ચય કરવો શક્ય બનતો નથી. શું આ દર્શનનું જ્ઞાન સમ્યગ્ કે આ અન્યદર્શનનું સમ્યગ્ ? આવો નિશ્ચય થઈ શકતો નથી.

પ્રશ્ન : સકલવસ્તુના સમુહના સાક્ષાત્કારી શ્રીવર્ધમાનસ્વામી ભગવાનના ઉપદેશથી જ્ઞાનનો નિશ્ચય થાય છે કે જૈનદર્શનનું જ્ઞાન સમ્યગ્ છે અને ઇતરદર્શનનું જ્ઞાન અસમ્યગ્ છે. કારણ કે ઇતરદર્શનના પ્રણેતા સર્વજ્ઞ નથી. (અર્થાત્ ઇતરદર્શનોનું જ્ઞાન અસર્વજ્ઞમૂલક છે. આમ જ્ઞાનના સમ્યગ્પણાનો અને મિથ્યાપણાનો નિશ્ચય થઈ શકે છે.)

ઉત્તર (અજ્ઞાનિકો) : તમારી વાત સાચી છે. પરંતુ તે વર્ધમાનસ્વામી જ સકલપદાર્થોના સમુહના સાક્ષાત્કારી છે (સર્વજ્ઞ) છે અને બૌદ્ધાદિ સર્વજ્ઞ નથી તે કેવી રીતે જણાય ? કારણ કે સર્વજ્ઞત્વને ગ્રહણ કરનારા ગ્રાહક પ્રમાણનો અભાવ છે. તેથી કયા દર્શનનું જ્ઞાન સમ્યગ્ માનવું ? તેવો સંશય ઉભો છે.

પ્રશ્ન : દેવલોકથી આવીને દેવો જેની પૂજાદિ કરે છે, તે જ શ્રીવર્ધમાનસ્વામી સર્વજ્ઞ છે, શેષ દર્શનકારો સુગતાદિ સર્વજ્ઞ નથી. (કહેવાનો આશય એ છે કે દેવો વિબુધ (પંડિત) કહેવાય છે. તે શ્રીવર્ધમાનસ્વામીની પૂજા કરે છે. માટે શ્રીવર્ધમાનસ્વામી સર્વજ્ઞ હોવા જોઈએ. એમ કહી શકાય છે. તેથી) શ્રીવર્ધમાનસ્વામી પ્રરૂપિતજ્ઞાન સમ્યગ્ અને તે સિવાયના અન્યદર્શનોનું જ્ઞાન અસમ્યગ્ એમ નિશ્ચય થઈ શકે જ છે.

ઉત્તર (અજ્ઞાનિક) : આમ ન કહેવાય, કારણ કે શ્રીવર્ધમાન સ્વામીને થયે ઘણો કાળ થઈ ગયો. વર્તમાનમાં તો તે દેવોથી પૂજાતા દેખાતા નથી. તેથી સર્વજ્ઞના ગ્રાહક પ્રમાણનો અભાવ જ છે. તેથી સંશય ઉભો જ છે.

પ્રશ્ન : સંપ્રદાય = (અર્થાત્ ગુરુઓની પરંપરા)થી જણાય છે કે શ્રી વર્ધમાનસ્વામી સર્વજ્ઞ હતા. તેથી તેમનું વચન સમ્યગ્ છે.

ઉત્તર (અજ્ઞાનિક) : તે સંપ્રદાય પણ ધૂર્તપુરુષથી પ્રવર્તેલો છે કે સત્યપુરુષથી પ્રવર્તેલો છે, તે કેવી રીતે જાણવું ? કારણ કે તે જણાવનાર પ્રમાણનો અભાવ છે અને પ્રમાણવિના અમે સ્વીકારવા સમર્થ નથી. કારણકે પ્રમાણ વિના સ્વીકારવાથી અતિપ્રસંગ આવે છે. તે અતિપ્રસંગ ન આવે, માટે અમે સંપ્રદાયથી પણ શ્રીવર્ધમાનસ્વામીને સર્વજ્ઞ સ્વીકારતા નથી. તેથી સંશય ઉભો જ છે.

બીજું, માયાવીપુરુષો સ્વયં અસર્વજ્ઞ હોવા છતાં પણ જગતમાં પોતાને સર્વજ્ઞ તરીકે પ્રગટ કરવાની ઇચ્છાવાળા હોય છે. (તેઓ લોકોને) તેવાપ્રકારની ઇન્દ્રજાલના વશથી અર્થાત્ ઇન્દ્રજાલરચીને અહીં તહીં રખડતા દેવોની પાસે પોતાની પૂજાદિકરતા બતાવે છે. તેથી દેવોના આગમનમાત્રથી પણ કેવીરીતે તેમના સર્વજ્ઞપણાનો નિશ્ચય થઈ જાય ?

શ્રી જૈન સ્તુતિકારશ્રી સમન્તભદ્રાચાર્યે પણ કહ્યું છે કે - "દેવોનું આગમન, આકાશમાં ચાલવું, ચામરાદિ વિભૂતિઓ માયાવીમાં પણ દેખાય છે. આથી અમે તમને મહાન માનતા નથી."

આથી દેવોથી પૂજાયેલા હોવા માત્રથી શ્રીવર્ધમાનસ્વામીમાં સર્વજ્ઞત્વ આવી જતું નથી.

भवतु वा वर्धमानस्वामी सर्वज्ञस्तथापि तस्य सत्कोऽयमाचाराङ्गादिक उपदेशः, न पुनः केनापि धूर्तेन स्वयं विरचय्य प्रवर्तित इति कथमवसेयं, अतीन्द्रिये विषये प्रमाणाभावात् । भवतु वा तस्यैवायमुपदेशस्तथापि तस्यायमर्थो नान्य इति न शक्यं प्रत्येतुं, नानार्था हि शब्दा लोके प्रवर्तन्ते, तथादर्शनात् । ततोऽन्यथाप्यर्थसंभावनायां कथं विविक्षितार्थनियम-निश्चयः । छद्मस्थेन हि परचेतोवृत्तेरप्रत्यक्षत्वात् कथमिदं ज्ञायते "एष सर्वज्ञस्याभिप्रायोऽनेन चाभिप्रायेणायं शब्दः प्रयुक्तो नाभिप्रायान्तरेण" इति । तदेवं दीर्घतरसंसारकारणत्वात् सम्यग्निश्चयाभावाच्च न ज्ञानं श्रेयः, किं त्वज्ञानमेवेति स्थितम् । ते चाज्ञानिकाः सप्तषष्टिसंख्या अमुनोपायेन प्रतिपत्तव्याः । इह जीवाजीवादीन् पदार्थान्कचित्पट्टकादौ व्यवस्थाप्य पर्यन्त उत्पत्तिः स्थाप्यते । तेषां च जीवादीनां नवानां प्रत्येकमधः सप्त सत्त्वादयो न्यस्यन्ते । तद्यथा । सत्त्वं १ असत्त्वं २, सदसत्त्वं ३, अवाच्यत्वं ४, सदवाच्यत्वं ५, असदवाच्यत्वं ६, सदसदवाच्यत्वं ७ चेति । तत्र सत्त्वं स्वरूपेण विद्यमानत्वम् । १ । असत्त्वं पररूपेणाविद्यमानत्वम् । २ । सदसत्त्वं स्वरूपपररूपाभ्यां विद्यमानाविद्यमानत्वम्, तत्र यद्यपि सर्वं वस्तु स्वपररूपाभ्यां सर्वदैव स्वभावत एव सदसत्, तथापि क्वचित्किंचित्कदाचिदुद्भूतं प्रमात्रा विवक्ष्यते, तत एवं त्रयोविकल्पा भवन्ति । ३ । तथा तदेव सत्त्वमसत्त्वं च यदा युगपदेकेन शब्देन वक्तुमिष्यते, तद्वाचकः शब्दः कोऽपि न विद्यत इत्यवाच्यत्वम्, एते चत्वारो विकल्पाः सकलादेशा इति सकलवस्तुविषयत्वात् । ४ । यदा त्वेको भागः सन्नपरश्चावाच्यो युगपद्विवक्ष्यते तदा सदवाच्यत्वम् । ५ । यदा त्वेको भागोऽसन्नपरश्चावाच्यस्तदाऽसदवाच्यत्वम् । ६ । यदा त्वेको भागः सन्नपरश्चासन्नप-रतरश्चावाच्यस्तदा सदसदवाच्यमिति । ७ । न चैतेभ्यः सप्तभ्यो विकल्पेभ्योऽन्यो विकल्पः

संभवति, सर्वस्यैतेष्वेवान्तर्भावात् । ततः सप्त विकल्पा उपन्यस्ताः । सप्त च विकल्पा नवभिर्गुणिता जातास्त्रिषष्टिः । उत्पत्तेश्चत्वार एवाद्या विकल्पाः । तद्यथा । सत्त्वमसत्त्वं चेति । शेषविकल्पत्रयं तूत्पत्त्युत्तरकालं पदार्थावयवापेक्षमतोऽत्रासंभवीति नोक्तम् । एते चत्वारो विकल्पास्त्रिषष्टिमध्ये प्रक्षिप्यन्ते ततः सप्तषष्टिर्भवन्ति । ततः को जानाति जीवः सन्नित्येको विकल्पः । न कश्चिदपि जानाति, तद्ग्राहकप्रमाणाभावादिति भावः । ज्ञातेन वा किं तेन प्रयोजनं, ज्ञानस्याभिनिवेशहेतुतया परलोकप्रतिपन्थित्वात् । एवमसदादयोऽपि विकल्पा भावनीयाः । उत्पत्तिरपि किं सतोऽसतः सदसतोऽवाच्यस्य वेति को जानाति, ज्ञातेन वा न किंचिदपि प्रयोजनमिति ।

ટીકાનો ભાવાનુવાદ :

અથવા શ્રીવર્ધમાન સ્વામીને સર્વજ્ઞ ભલે માનો, તો પણ આચારાંગાદિ સુત્રોમાં પ્રરૂપિત ઉપદેશ તેમનો જ છે, બીજા કોઈ ધૂર્તપુરુષે સ્વયં રચીને પ્રવર્તાવ્યો નથી, આવું કેવીરીતે જાણવું ? કારણ કે (તે ગ્રંથરચના થતી આપણે પ્રત્યક્ષ જોઈ નથી.) અતીન્દ્રિયવિષયમાં પ્રમાણનો અભાવ છે. **અથવા** આચારાંગાદિમાં પ્રરૂપિત.ઉપદેશશ્રી વર્ધમાનસ્વામીનો જ છે, એમ માની લો, તો પણ 'તે ઉપદેશનો આ જ અર્થ થાય, અન્ય નહિ' આવું કહેવા માટે શક્ય નથી. કારણ કે લોકમાં શબ્દો અનેક અર્થમાં પ્રવર્તે છે અને તેવું જોવા પણ મળે છે. તેથી બીજી રીતે પણ અર્થો થવાનો સંભવ હોવાથી કેવી રીતે વિવક્ષિત અર્થનો નિશ્ચિત નિયમ થઈ શકે ? વળી છદ્મસ્થવડે બીજાના ચિત્તની વૃત્તિ પ્રત્યક્ષ હોતી નથી, તો કેવી રીતે જણાય કે... આ અભિપ્રાય સર્વજ્ઞનો છે અને આ અભિપ્રાયથી આ શબ્દ પ્રયોજાયેલો છે. બીજા અભિપ્રાયથી નહિ ?

તેથી આ રીતે (ચિત્તની કલુષિતતાદ્વારા) દીર્ઘતરસંસારનું કારણ અને સમ્યગ્ નિશ્ચયનો અભાવ હોવાથી જ્ઞાન શ્રેયસ્કર નથી. પરંતુ અજ્ઞાન જ કલ્યાણકારી છે, એમ નક્કી થાય છે.

તે અજ્ઞાનિકો આ ઉપાયથી ૬૭ સ્વીકારવા. અહીં જીવાદિ નવપદાર્થોને એક પટ્ટીમાં સ્થાપીને છેલ્લા દસમા તરીકે ઉત્પત્તિને સ્થાપવો. તે જીવાદિનવની પ્રત્યેકનીનીચે [૬]સત્ત્વાદિ સાત ગોઠવવા. તે સાત આ પ્રમાણે - (૧) સત્ત્વં (૨) અસત્ત્વં (૩) સદસત્ત્વં (૪) અવાચ્યત્વં (૫) સદવાચ્યત્વં (૬) અસદવાચ્યત્વં (૭) સદસદવાચ્યત્વં.

(૬) **સત્ત્વાદિ સાતની વિશેષ સમજૂતી :** (i) **સત્ત્વઃ** સત્ત્વ એટલે સ્યાદ્ અસ્તિ અર્થાત્ પ્રત્યેક વસ્તુ વિધિધર્મથી કથંચિત્ અસ્તિત્વરૂપ જ હોય છે. એટલે કે પ્રત્યેકપદાર્થ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ પોત-પોતાના સ્વરૂપવડે વિદ્યમાન છે. કહેવાનો આશય એ છે કે અમુક દૃષ્ટિબિંદુથી પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવદ્વારા વિધિઅંશને મુખ્યપણે અને નિષેધઅંશને ગૌણપણે પ્રતિપાદન કરવાવાળો આ પ્રથમ ભાંગો सत्त्वं याने "स्याद्

તેમાં (૧) **सत्त्व** એટલે વસ્તુનું સ્વસ્વરૂપથી હોવું. (૨) **असत्त्व** એટલે વસ્તુનું પર સ્વરૂપે ન હોવું. (૩) **सदसत्त्व** એટલે વસ્તુ સ્વરૂપથી સત્ અને પરરૂપથી અસત્ (અર્થાત્ સ્વરૂપથી વિદ્યમાન અને પરરૂપથી અવિદ્યમાન છે.) તેમાં જોકે સર્વવસ્તુઓ સર્વદા સ્વભાવથી જ સ્વરૂપે સત્ અને પરરૂપે અસત્ હોય છે, તો પણ ક્યાંક ક્યારેક કોઈક ઉદ્ભૂતવસ્તુની પ્રમાતૃવડે વિવક્ષાકરાય છે, ત્યારે વસ્તુના સત્, અસત્ અને સદસત્ આ ત્રણવિકલ્પો થાય

अस्ति" છે. ઘટમાં અનંતધર્મો છે. તેમાંથી એક ધર્મ સત્તા પણ છે. 'स्याद् अस्ति घटः' ઘટ કથંચિત્ સત્ છે. ઘટમાં અસ્તિત્વધર્મ કઈ અપેક્ષાથી છે ? શા માટે છે ? અને કેવી રીતે છે ? આનો ઉત્તર આ પ્રથમભાંગો આપે છે. જેમકે (૧) 'ઘડો પૃથ્વીથી બને છે પણ પાણીથી નથી બનતો' - આ રીતે (પૃથ્વી) દ્રવ્યથી વિધિઅંશનું મુખ્યપણે સ્થાપન કર્યું અને (ઘટ બનવામાં) પાણી ઉપયોગી થાય છે. પરંતુ તે ગૌણ છે. તેથી તેને ગૌણ તરીકે સ્વીકારીને પૃથ્વીદ્રવ્યને મુખ્ય બનાવ્યું. (૨) ઘડો જે પોતાનું સ્વક્ષેત્ર એવા અમદાવાદનો છે, પણ પરક્ષેત્ર એવા વડોદરા-સુરતનો નથી. આમાં પણ વિધિઅંશને મુખ્ય બનાવ્યો અને નિષેધઅંશને ગૌણ બનાવ્યો. આ ક્ષેત્રથી પ્રથમ ભાંગાની વિચારણા કરી. (૩) આ ઘડો શિશિરઋતુનો છે. વસતંઋતુનો નથી. આ કાલસંબંધી પ્રથમભાંગાની વિચારણા કરી. (૪) અહીં જે ઘડો છે તે પોતાના લાલરંગથી છે. પણ કાળા રંગથી નથી. આ ભાવથી વિવિક્ષા ધ્વારા વિચારણા કરી. આમ વિધિઅંશને મુખ્ય રાખીને પહેલોભાંગો થાય. (ii) **असत्त्वं:- असत्त्वं** એટલે स्याद् नास्ति અર્થાત્ પરરૂપે અવિદ્યમાન. તે જ પદાર્થ (ઉપર કહેલો ઘડો) પરદ્રવ્યાદિની અપેક્ષાએ 'नास्ति' યાને 'અવિદ્યમાન' રૂપ હોય છે. આ રીતે स्याद् नास्ति = असत्वं - બીજોભાંગો થયો. આ બીજોભાંગો થયો. આ બીજોભાંગો દ્રવ્ય, શ્રેત્ર, કાલ અને ભાવથી નિષેધઅંશનું મુખ્યપણે અને વિધિઅંશનું ગૌણપણે પ્રતિપાદન કરે છે. દ્રવ્ય ગુણોનો આધાર છે. ઘડામાં માટી સ્વદ્રવ્ય છે અને સોનું, રૂપું વગેરે પરદ્રવ્ય છે. જ્યારે પરદ્રવ્યની મુખ્યતા હોય છે, ત્યારે નિષેધ પણ મુખ્યપણે હોય છે. અર્થાત્ 'પરરૂપે અવિદ્યમાન હોય' તે અંશ મુખ્યબને, તે બીજોભાંગો. જેમકે ઘડો સોના-ચાંદી વગેરેમાંથી નથી બનતો, પણ માટીમાંથી બને છે' અહીં પરદ્રવ્ય સોનું આદિ ઘડામાં અવિદ્યમાન છે એ સૂચવે છે. બીજી રીતે स्याद् नास्ति घटः-ઘટ કથંચિત્ અસત્ છે. એટલે કે ઘટથી પરદ્રવ્યરૂપ જે સોનુંઆદિ છે, તે ઘટમાં નથી- તે ઘટમાં અવિદ્યમાન છે. તે મુખ્ય બનાવે છે.

પ્રથમ ભાંગામાં સ્વચતુષ્ટયની (સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવની) અપેક્ષાથી અસ્તિત્વનું નિરૂપણ કર્યું હતું અને અહીં બીજા ભાંગામાં પરચતુષ્ટયની (પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ, પરભાવના) અપેક્ષાથી નિષેધનું નિરૂપણ કર્યું છે.

(૩) **सदसत्त्वं** - અર્થાત્ "स्याद् अस्ति स्याद् नास्ति"-એટલે કે સ્વરૂપથી વિદ્યમાન અને પરરૂપથી અવિદ્યમાન. સર્વ પદાર્થો પોત-પોતાની (સ્વની) અપેક્ષા રાખીને અસ્તિત્વ (સત્ત્વ) રૂપે હોય છે. અને પરની અપેક્ષા રાખીને 'નાસ્તિ'રૂપે હોય છે. તેથી स्याद् अस्ति स्याद् नास्ति' સ્વરૂપ ત્રીજો ભાંગો કહેલ છે.

દ્રવ્યાદિ ચાર સ્વ-રૂપ અને પર-રૂપ નક્કી કરે છે. વિશ્વમાં ભિન્ન-ભિન્ન અપેક્ષાએ કરીને સ્વ-રૂપ અને પર-રૂપ થાય છે. સ્વ-રૂપ અને પર-રૂપને લક્ષ્યમાં લઈને જ (વસ્તુનું) સત્ત્વ અને અસત્ત્વ અનુક્રમે બને છે. એકસાથે થતું નથી. આ રીતે વિધિ-નિષેધની કલ્પનાથી ત્રીજો ભાંગો થાય છે. આનો અર્થ એ થયો કે ક્રમિકરીતે સ્વદ્રવ્યાદિથી વસ્તુ 'સત્ત્વ'વાળી બને છે અને પરદ્રવ્યાદિથી વસ્તુ 'અસત્ત્વ' વાળી બને છે. જેમકે ઘટનું સ્વદ્રવ્ય માટીથી સત્ત્વ છે અને પરદ્રવ્ય સુવર્ણથી અસત્ત્વ છે. ટુંકમાં 'स्याद् अस्ति-नास्ति घटः એટલે કે 'કથંચિત્ ઘટ છે અને કથંચિત્ નથી' આ ત્રીજો ભાંગો છે. આ ભાંગામાં ક્રમશ: પ્રથમ વિધિની અને પછી નિષેધનીવિવક્ષા હોય છે અને તેમાં દ્રવ્યાદિ સ્વ ચતુષ્ટયની અપેક્ષાથી સત્તાનું તથા પર-દ્રવ્યાદિચતુષ્ટયની અપેક્ષા અસત્તાનું ક્રમશ: કથન કરવામાં આવે છે. (પહેલા

છે. (અર્થાત્ પ્રમાતૃ વસ્તુના જે અંશનો પ્રયોગ કરવાઇચ્છાતો હોય તથા તે અંશ ઉદ્ભૂત થતો હોય ત્યારે સત્, અસત્, સદસત્ ત્રણવિકલ્પો થાય છે. (૪) **અવાચ્યત્વ:** વસ્તુના સત્ત્વ અને અસત્ત્વ અંશને જ્યારે એકસાથે એકશબ્દથી વક્તા કહેવા માટે ઇચ્છે છે, ત્યારે તેનો વાચક કોઈપણ શબ્દ મળતો નથી - તે અવાચ્યત્વ. આ ચારે વિકલ્પો સકલાદેશ છે. કારણકે ચારે વિકલ્પો સર્વવસ્તુવિષયક છે.

(૫) **સદવાચ્યત્વ** = જ્યારે વસ્તુનો એકઅંશ સત્ હોય અને બીજોઅંશ અવાચ્ય, એકસાથે વિવક્ષા કરાય ત્યારે 'સદવાચ્યત્વ' રૂપ પાંચમોભાંગો બને. જ્યારે એક ભાગ અસત્ અને અપર ભાગ અવાચ્ય હોય ત્યારે **'અસદવાચ્ય'** સ્વરૂપ છઠ્ઠોભાંગો બને છે. જ્યારે એક ભાગ સત્, અપર ભાગ અસત્ અને અપરતર ભાગ અવાચ્ય હોય ત્યારે **'સદસદવાચ્ય'** સ્વરૂપ સાતમોભાંગો બને

અને બીજા ભાંગામાં વિધિ-નિષેધનો ભિન્ન-ભિન્ન નિર્દેશ કરેલ છે. પરંતુ ત્રીજાભાંગામાં ક્રમશ: 'अस्ति' અને 'नास्ति' બંનેનું પ્રતિપાદન એકસાથે કરેલ છે.)

(૪) **अवाच्यत्वं** : અર્થાત્ "स्याद् अवक्तव्यं" એટલે કે 'સત્ત્વ' અને 'અસત્ત્વ' આ બંને જ્યારે એક પદવાળા શબ્દવડે કહેવા માટે ઇચ્છો છો તો, તેનો વાચક શબ્દ કોઈપણ નથી. આથી 'અવાચ્યત્વ' રૂપ આ ચોથો ભાંગો છે.

કહેવાનો આશય એ છે કે વિશ્વમાં સર્વપદાર્થોનું સ્વરૂપ જેવું છે તેવું એકાંતસ્વરૂપે કહી શકાય નહિ. કારણ કે 'अस्ति' રૂપમાં કહીએ તો 'नास्ति': રૂપનો અભાવ થઈ જાય છે અને 'नास्ति' રૂપમાં કહીએ તો 'अस्ति' રૂપનો અભાવ થઈ જાય છે. આથી "स्याद् अवक्तव्यं" નામનો ચોથો ભાંગો કહેલ છે.

આ ચોથાભાંગામાં "સર્વ વસ્તુ કથંચિત્ અવક્તવ્ય પણ છે"-આ પ્રમાણે કહીને એકસાથે વિધિ અને નિષેધની વિચારણાનું પ્રતિપાદન કર્યું છે. આ ભાંગામાં કોઈપણ શબ્દ યુગપદ્ 'સત્ત્વ' અને 'અસત્ત્વ' બંનેને મુખ્યરૂપે વ્યકત કરી શકતો નથી. 'અવક્તવ્ય' શબ્દનો અર્થ આ વાતને સ્પષ્ટ કરે છે. વળી આ ભાંગાથી તે પણ સ્પષ્ટ થાય છે કે વક્તવ્યતા યુગપદ્ નહિ, પણ ક્રમશ: થાય છે.

(૫) **सदवाच्यत्वं** : "स्याद् अस्ति - अवक्तव्यम्"-જ્યારે વસ્તુનો એક ભાગ 'સત્ત્વ' અને બીજો ભાગ 'અવક્તવ્ય' હોય ત્યારે આ પાંચમોભાંગો થાય છે. આ ભાંગામાં વિધિની વિચારણા તથા યુગપદ્ વિધિ-નિષેધને કહેવાય છે. કહેવાનો આશય એ છે કે એક સમયમાં સર્વે સ્વપર્યાયોનો સદ્ભાવ 'अस्ति' રૂપથી છે તથા પર પર્યાયનો સદ્ભાવ 'नास्ति' રૂપમાં છે. તો પણ બંને ભાવ એકસાથે કહી શકાતા નથી. કારણ કે અસ્તિત્વભાવ કહેતેછતે 'નાસ્તિત્વ' ભાવનો અભાવ થાય છે. તેથી "स्यादस्ति अवक्तव्यं" આ પાંચમોભાંગો કહે છે. (જેમકે स्याद् अस्ति अवक्तव्यो घटः" અર્થાત્ "ઘટ કથંચિત્ છે. (તો પણ) ઘટની યુગપદ્ વિધિનિષેધની અવક્તવ્યતા છે.) આમ અહીં પ્રથમવિધિની અને પછી યુગપદ્ વિધિ-નિષેધની અવક્તવ્યતાનું કથન કર્યું. અર્થાત્ આ ભાંગાથી ઘટ છે, પણ અવક્તવ્ય છે. સારાંશ એ છે કે કોઈપણ પદાર્થમાં સ્વદ્રવ્યાદિથી 'सत्त्व' હોવા છતાં પણ અસ્તિત્વ અને નાસ્તિત્વને એકસાથે એકસમયમાં કહેવામાટે શક્ય નથી.

(૬) **असदवाच्यत्वं - 'स्याद् नास्ति अवक्तव्यम्'**–જ્યારે એકભાગ 'असत्त्व' અને બીજોભાગ 'અવાચ્ય' હોય ત્યારે આ છઠ્ઠો 'અસદવાચ્યત્વ' ભાંગો થાય છે. આ ભાંગામાં "વસ્તુ કથંચિત્ નથી અને કથંચિત્ અવક્તવ્ય છે."

છે. આ સાત વિકલ્પોથી અન્ય, અતિરિક્તવિકલ્પ સંભવતો નથી. કારણકે બીજા કોઈપણ વિકલ્પો પડે તો, તે સર્વે વિકલ્પોનો આ સાતવિકલ્પોમાં સમાવેશ (અંતર્ભાવ) થઈ જાય છે. તેથી આ સાતવિકલ્પોનો ઉપન્યાસ થયો. તે સાતને નવ વડે ગુણતાં (7 x 9 =) 63 વિકલ્પો થયા. ઉત્પત્તિના શરૂઆતના ચાર વિકલ્પો છે. (૧) सत्त्वं (૨) असत्त्वं (૩) सदसत्त्वं (૪) अवाच्यत्वं. શેષ ત્રણવિકલ્પો ઉત્પત્તિની ઉત્તરમાં (જ્યારે પદાર્થની સત્તા બની જાય છે, ત્યારે) પદાર્થના અવયવની અપેક્ષાથી સંભવે છે. તેથી ઉત્પત્તિમાં તે ત્રણને કહ્યા નથી. આ ચાર વિકલ્પોને (પૂર્વે કહેલા) ૬૩ વિકલ્પોમાં ઉમેરતાં ૬૭ વિકલ્પો થાય છે.

તેથી "કોણ જાણે છે કે જીવ છે કે નહિ ?" આ પ્રમાણે એકવિકલ્પ થાય. 'કોઈ જાણતું નથી કે જીવ છે.' કારણ કે જીવને ગ્રહણ કરનાર ગ્રાહકપ્રમાણનો અભાવ છે. અથવા 'જીવને જાણવા વડે શું પ્રયોજન છે ?' (જીવનું) જ્ઞાન અભિનિવેશનું કારણ બનતું હોવાથી પરલોકનું વિરોધી છે. આ રીતે "असत्" વગેરે વિકલ્પો વિચારવા. ઉત્પત્તિ પણ શું सत्नी, असत्नी, सदसद्नी કે અવાચ્યની થાય છે તે કોણ જાણે છે ? **अथवा** (ઉત્પત્તિ શાનાથી થાય છે?) તે જાણવા વડે પણ કાંઈ પ્રયોજન નથી.

અહીં નિષેધના વિચારથી અને એક જ સમયમાં એકસાથે વિધિ-નિષેધ ઉભયના વિચારથી આ છઠ્ઠોભાંગો બન્યો છે. કહેવાનો આશય એ છે કે અનંતધર્માત્મકવસ્તુના એક અંશને લક્ષ્યમાં રાખીને, તેને પરદ્રવ્યાદિથી અસત્ત્વ માનવું તથા પદાર્થના બીજાઅંશનું અવલંબન લઈને સત્ત્વ-અસત્ત્વધર્મોની એક સાથે મુખ્યપણે વાત કરવી તે 'असत्त्व अवक्तव्य" રૂપ છઠ્ઠોભાંગો છે. જેમકે 'स्याद् नास्ति अवक्तव्यो घटः' અહીં પ્રથમ નિષેધ બતાવેલ છે. પછી એકસાથે વિધિ-નિષેધની વિવક્ષા કરી છે.

(૭) **सदसदवाच्यत्वं** = 'स्याद् अस्ति - नास्ति - अवाच्यत्वं' આ ભાગમાં 'અસ્તિત્વ'નો સદ્ભાવ કહીએ તો 'નાસ્તિત્વ'નો અભાવ થઈ જાય. 'નાસ્તિત્વ'નો સદ્ભાવ કહીએ તો 'અસ્તિત્વ'નો અભાવ થઈ જાય છે. આથી વસ્તુના અસ્તિત્વ અને નાસ્તિત્વ, જે બંને ભાવો છે, તેને એક જ સમયમાં એક સાથે હોવાછતાં પણ કહીશકાતા નથી. તેથી "સર્વ વસ્તુ કથંચિત્ છે, કથંચિત્ નથી, કથંચિત્ અવક્તવ્ય છે." આ રીતે ક્રમથી વિધિ અને નિષેધપૂર્વકના વિચારથી કથન કરાય છે, ત્યારે આ સાતમોભાંગો હોય છે.

કહેવાનો આશય એ છે કે સ્વદ્રવ્યાદિને લઈને અસ્તિત્વ, તથા પરદ્રવ્યાદિને લઈને નાસ્તિત્વ હોય ત્યારે એક સાથે એકકાલમાં અસ્તિત્વ કે નાસ્તિત્વ કહેવું અશક્ય છે. તેથી આ સાતમોભાંગો બને છે. સારાંશ એ છે કે... અનંતધર્માત્મકવસ્તુના સ્વરૂપના 'સત્ત્વ' અને પરરૂપના 'અસત્ત્વ'ને ક્રમશઃ પ્રતિપાદન કરવાની અભિલાષા હોય અને સાથે-સાથે સત્ત્વાસત્ત્વ ઉભયને મુખ્યપણે કહેવાની ઇચ્છા હોય ત્યારે આ સાતમોભાંગો બને છે.

આ વિષયમાં વિશેષ સમજ જૈનતર્કભાષા, ન્યાયાવતાર, પ્રમાણનયતત્ત્વાલોક વગેરે ગ્રંથોમાં છે. વિશેષ જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવું.

આ સાતભાંગામાં આ ગ્રંથાનુસાર પહેલાચાર સકાલદેશી છે. બાકીના ત્રણ વિકલાદેશી છે. જૈનતર્કભાષા સાતે ભાંગાને સકલાદેશી તથા વિકલાદેશી ગણાવ્યા છે. પ્રમાણનયતત્ત્વાલોકમાં પણ આ જ વાત કરી છે.

तथा विनयेन चरन्तीति वैनयिकाः, वसिष्ठपराशरवाल्मीकिव्यासेलापुत्र-सत्यदत्तप्रभृतयः । एते चानवधृतलिङ्गाचारशास्त्रा विनयप्रतिपत्तिलक्षणा वेदितव्याः । ते च द्वात्रिंशत्संख्या अमुनोपायेन द्रष्टव्याः । सुरनृपतियतिज्ञातिस्थविराधममातृपितृरूपेष्वष्टसु स्थानेषु कायेन मनसा वाचा दानेन च देशकालोपपन्नेन विनयः कार्य इति चत्वारः कायादयः स्थाप्यन्ते । चत्वारश्चाष्टभिर्गुणिता जाता द्वात्रिंशत् ।। एवमेतानि त्रीणि शतानि त्रिषष्ट्यधिकानि परदर्शनानां भवन्ति । अथवा लोकस्वरूपेऽप्यनेके वादिनोऽनेकधा विप्रवदन्ते । तद्यथा । केचिन्नारीश्वरजं जगन्निगदन्ति । परे सोमाग्निसंभवम् । वैशेषिका द्रव्यगुणादिषड्विकल्पम् । केचिन्काश्यपकृतम् । परे दक्षप्रजापतीयम् । केचिद् ब्रह्मादित्र-यैकमूर्तिसृष्टम् । वैष्णवा विष्णुमयम् । पौराणिका विष्णुनाभिपद्मजब्रह्मजनित(मातृज)म् । त एव केचिदवर्णम् ब्रह्मणा वर्णादिभिः सृष्टम् । केचित्कालकृतम् । परे क्षित्याद्यष्टमूर्तीश्वरकृतम् । अन्ये ब्रह्मणो मुखादिभ्यो ब्राह्मणादिजन्मकम् । सांख्याः प्रकृतिप्रभवम् । शाक्या विज्ञप्तिमात्रम् । अन्य एकजीवात्मकम् । केचिदनेकजीवात्मकम् । परे पुरातनकर्मकृतम् । अन्ये स्वभावजम् । केचिदक्षरजातभूतोद्भूतम् । केचिदण्डप्रभवम् । आश्रमी त्वहेतुकम् । पूरणो नियतिजनितम् । पराशरः परिणामप्रभवम् । केचिद्या-दृच्छिकम् । नैकवादिनोऽनेकस्वरूपम् । तुरुष्का गोस्वामिनामै(म)कदिव्यपुरुषप्रभवम् । इत्यादयोऽनेके वादिनो विद्यन्ते । एषां स्वरूपं लोकतत्त्वनिर्णयात् हारिभद्रादवसातव्यम् ।

टीकानो भावानुवाद :

વિનયથી ચરે તે વૈનયિકો. વસિષ્ઠ, પરાશર, વાલ્મિકી, વ્યાસ, ઇલાપુત્ર, સત્યદત્ત વગેરે (૭)વૈનાયિકો જાણવા. (અર્થાત્ 'વિનય જ સ્વર્ગાદિનું કારણ છે.'- આવો મત ધરાવનારા વૈનયિકો જાણવા.) વૈનયિકો લિંગ, આચાર કે શાસ્ત્રોને ધારણ કરતા નથી. (માત્ર) વિનયને સ્વીકારવું એ જ તેમનું લક્ષણ જાણવું. અર્થાત્ વિનયને જ સ્વીકારી વર્તતા વૈનયિકો છે. તેઓ આ ઉપાયથી ૩૨ જાણવા. દેવ, રાજા, યતિ, જ્ઞાતિ, સ્થવિર, અધમ, માતા, પિતા આ આઠ સ્થાનનેવિશે કાયાથી, મનથી, વચનથી અને દેશ-કાલને અનુસારે દાનથી વિનય કરવોજોઈએ. આ રીતે દેવાદિઆઠની નીચે કાયાદિચારની સ્થાપના કરવી. તેથી ચારને આઠથીગુણતાં ૩૨

(૭) वसिष्ठपराशरजतुकर्णिवाल्मीकिरोमर्पिसत्यदत्तव्यासैलापुत्रोपमन्यवैन्द्रदत्तायस्थूणादीनां वैनयिकदृष्टीनां द्वात्रिंशत् । राजवार्तिक-

ભેદો થાય છે. આ રીતે (ક્રિયાવાદિના ૧૮૦, અક્રિયાવાદિના ૮૪, અજ્ઞાનવાદિઓના ૬૭, વૈનયિકોના ૩૨ ભેદો થવાથી) કુલ ૩૬૩ પરદર્શનોના ભેદો થાય છે.

અથવા લોકના સ્વરૂપના વિષયમાં અનેકવાદિઓ અનેકપ્રકારે પ્રરૂપણા કરે છે. તે આ પ્રમાણે છે - કેટલાક લોકો [૮]નારીશ્વર અર્થાત્ મહેશ્વરથી જગતની ઉત્પત્તિ કહે છે. બીજા કેટલાક સોમ અને અગ્નિથી જગતની ઉત્પત્તિ માને છે. વૈશેષિકો દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય, આ છ પદાર્થસ્વરૂપ જગતને માને છે. કોઈ જગતની ઉત્પત્તિ [૯]કાશ્યપથી માને છે. કોઈ જગતને દક્ષપ્રજાપતિકૃત કહે છે. કેટલાક બ્રહ્માદિ [૧૦]ત્રિમૂર્તિથી જગતની ઉત્પત્તિ માને છે. (કેટલાક લોકો એક જ પ્રકારની મૂર્તિને વિષ્ણુ, મહાદેવ અને બ્રહ્મા એમ ત્રણ પ્રકારની માને છે. તેમાં મહાદેવ જગતના બીજ છે, વિષ્ણુ જગતના કર્તા છે, બ્રહ્મા ક્રિયા છે.) વૈષ્ણવો[૧૧] આ જગતને વિષ્ણુમય માને છે. (પુરાણને માનનારા) [૧૨]પૌરાણિકો માને છે કે વિષ્ણુની નાભિમાંથી ઉદ્ભવેલ કમળમાંથી પેદા થયેલા બ્રહ્માદ્વારા જે માતાઓ ઉત્પન્ન થાય છે, તે માતાઓમાંથી આ જગત ઉત્પન્ન થાય છે. પૌરાણિકોમાં કેટલાક એમ માને છે કે (બ્રહ્માએ જગત

(૮) પૂ. આ. ભ. હરિભદ્રસૂરિજી કૃત લોકતત્ત્વનિર્ણયમાં ઉપરોક્તમતોનો સંગ્રહ કરેલો છે. તે આ પ્રમાણે છે. नारीश्वरजं केचित् केचित्सोमाग्निसंभवं लोकं । द्रव्यादिषड्विकल्पं, जगदेतत् केचिदिच्छन्ति ।। ४३ ।। ગાથાર્થ સુગમ છે.

(૯) इच्छन्ति काश्यपीयं, केचित्सर्वं जगन्मनुष्याद्यं । दक्षप्रजापतीयं, त्रैलोक्यं केचिदिच्छन्ति ।। ४५ ।। કેટલાકલોકો જગતને મનુષ્યની આદિવાળું (અર્થાત્ પ્રથમ મનુષ્ય ઉત્પન્ન થયો, ત્યારબાદ અનુક્રમે બીજાજીવો ઉત્પન્ન થયા એમ) માને છે. શેષ સુગમ છે

(૧૦) केचित्प्राहुर्मूर्तिस्त्रिधा गतैका हरिः शिवो ब्रह्मा । शंभु बीजं जगतः, कर्ता विष्णुः क्रिया ब्रह्मा ।। ४६ ।। ગાથાર્થ સુગમ છે.

(૧૧) जले विष्णुः स्थले विष्णु, राकाशे विष्णुमालिनि । विष्णुमालाकुले लोके, नास्ति किंचिदवैष्णवम् ।।५१।। सर्वतः पाणिपादान्तं, सर्वतोऽक्षिशिरोमुखं । सर्वतः श्रुतिमान् लोके, सर्वमाश्रित्य तिष्ठति ।।५२।। उर्ध्वमूलमधः शाख-मश्वत्थं प्राहुरव्ययं । छन्दांसि यस्य पत्राणि, यस्तं वेति स वेदवित्, ।।५३।। વિષ્ણુમતવાળા કહે છે કે જળમાં વિષ્ણુ, સ્થલમાં વિષ્ણુ અને આકાશમાં વિષ્ણુ છે. આમ સર્વજગત વિષ્ણુમય છે. જેના સર્વત્ર હાથ છે, સર્વત્ર જેના નેત્ર, મસ્તક, મુખ અને કાન છે અને સર્વપદાર્થોમાં જે આશ્રયકરી રહેલા છે, એવું વિષ્ણુમય આ જગત છે. વળી મહાત્માઓ બ્રહ્મને ઉપર મૂલ અને નીચે શાખાવાળા અવિનાશીપીપળાતુલ્ય કહે છે. (વૃક્ષરૂપ પીપળામાં તો મૂલ નીચે, શાખા ઉપર અને વિનાશી હોય છે તેનાથી વિપરીત સ્વભાવવાળા બ્રહ્મ છે.) તે બ્રહ્મરૂપ પીપળાના પાંદડા વેદમંત્ર છે. તેવા બ્રહ્મને જે જાણે છે તે વેદજાણનાર - સર્વ પદાર્થને જાણનાર કહેવાય છે. તે વેદને જાણનાર છે તે જગતને જાણનાર કહેવાય છે.

(૧૨) પૌરાણિકોની માન્યતા : तस्मिन्नेकार्णवीभूते, नष्टस्थावरजंगमे नष्टामरनरे चैव प्रनष्टोरगराक्षसे ।। ५४ ।। केवलं गह्वरीभूते, महाभूतविवर्जिते । अचिंत्यात्मा विभुस्तत्र, शयानस्तप्यते तपः ।।५५।। तत्र तस्य शयानस्य, नाभौ पद्मं विनिर्गतम् । तरुणार्कमंडलनिभं हृद्यं कांचनकर्णिकम् ।।५६।। तस्मिंश्च पद्मे भगवान्, दंडकमंडलुयज्ञोप-

નવું નથી બનાવ્યું. પરંતુ) ક્ષત્રિયાદિ વર્ણવિભાગ વિનાનું હતું, તેને બ્રહ્માએ ક્ષત્રિયાદિ વર્ણવિભાગવાળું બનાવ્યું. કેટલાક જગતને [૧૩]કાલકૃત માને છે. બીજાકેટલાક જગતને પૃથ્વ્યાદિ અષ્ટમૂર્તિ સ્વરૂપ [૧૪]ઈશ્વરથી બનેલ માને છે. બીજા કેટલાક બ્રહ્માના મુખમાંથી [૧૫]બ્રાહ્મણાદિ જગત ઉત્પન્ન થયેલું માને છે. [૧૬]સાંખ્યો જગતને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલું માને છે. [૧૭]બૌદ્ધો જગતને

वीतमृगचर्मवस्त्रसंयुक्तः । ब्रह्मा तत्रोत्पन्नस्तेन जगन्मातरः सृष्टाः ।।५७।। अदितिः सुरसंधानां, दितिरसुराणां मनुर्मनुष्याणां । विनता विहंगमानां, माता विश्वप्रकाराणाम् ।।५८।। कद्रुः सरीसृपाणां, सुलसामाता तु नागजातीनां । सुरभिश्चतुष्पादानां, इला पुनः सर्वबीजानाम् ।।५९।। - જગત પ્રલયકાલમાં એકસમુદ્રરૂપ થઈ જાય છે. ત્રસ-સ્થાવર પ્રાણીઓ, દેવ-મનુષ્યો, સાપ-રાક્ષસો નાશ પામે છે. (તેમ થવાથી) પંચમહાભૂતથીરહિત માત્ર પોલીગુફારૂપ જગત થઈ જાય છે, ત્યારે વિષ્ણુ સમુદ્રમાં સુતાં સુતાં તપ તપે છે. સૂતેલા વિષ્ણુની નાભિમાંથી મધ્યાહ્નના સૂર્યમંડલ જેવા તેજવાળું, મનોહર અને સોનાની કળીઓવાળું કમળ નીકળ્યું. તે કમળમાંથી દંડ, કમંડલ, જનોઈ, મૃગચર્મના વસ્ત્રસહિત બ્રહ્મા ઉત્પન્ન થયા. તે બ્રહ્માએ જગતની માતાઓ ઉત્પન્ન કરી. (તે આ છે-) દેવોની માતા અદિતિ, અસૂરોની માતા દિતિ, મનુષ્યોની માતા મનુત્રષિ, સર્વજાતિના પક્ષીઓની માતા વિનતા, સર્પોની માતા કદ્રુ, નાગજાતના સર્પોની માતા સુલસા, પશુઓની માતા સુરભિ અને સર્વ ધાન્યાદિકબીજોની માતા પૃથ્વી. (આમ તે માતાઓમાંથી ઉત્પન્ન જે દેવાદિ સમુહ, તેનો જે વિસ્તાર એટલે જ આ જગત, એમ પૌરાણિકા માને છે.)

(૧૩) લોકતત્ત્વનિર્ણયમાં આ વાત કરી છે.

वैष्णवं केचिदिच्छन्ति केचित् कालकृतं जगत् । ईश्वरप्रेरितं केचित् केचिद्, ब्रह्मांविनिर्मितं ।।४७।। प्रभवस्तासां विस्तरमुपगतः केचिदेवगिच्छन्ति । केचिद् वदन्त्यवर्णं, सृष्टं वर्णादिभिस्तेन ।।६०।। कालः सृजति भूतानि, कालः संहरते प्रजाः । कालः सुप्तेषु जागर्ति, कालो हि दुरतिक्रमः ।।६१।।

(૧૪) ઈશ્વરવાદિઓ કહે છે કે... सूक्ष्मोऽचिंत्यो विकरणगणः सर्ववित् सर्वकर्ता, योगाभ्यासादनिर्मलधिया, योगिना ध्यानगम्यः । चन्द्रार्काग्निक्षितिजलगरुत्दीक्षिताकाशगूर्तिर्ध्येयो नित्यं शमसुखरतैरिश्वरः सिद्धकागैः ।।६४।। (ઈન્દ્રિયોથી અગોચર) સૂક્ષ્મ, અચિંત્ય, ઇન્દ્રિયરહિત, સર્વજ્ઞ, સર્વકર્તા, યોગના અભ્યાસથી નિર્મલબુદ્ધિવાળા યોગીવડે ધ્યાનમાં જાણવા યોગ્ય, તથા ચન્દ્ર, સૂર્ય, પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, યજમાન, અને આકાશ આ આઠસ્વરૂપવાળા ઈશ્વરથી જગત બનેલું છે.

(૧૫) લોકતત્ત્વ નિ. માં કહ્યું છે કે.. आसीदितं - तमोभूतमप्रज्ञातमलक्षणं । अप्रतर्क्यमविज्ञेयं, प्रसुप्तमिव सर्वतः ।।६५।। ततः स्वयंभूर्भगवान्नव्यक्तो व्यंजयन्निदं । महाभूतादिवृत्तौजाः, प्रादुरासीत्तमोनुदः ।।६६।। लोकानां स च वृघट्यर्थं मुखबाहूरुपादतः । ब्राह्मणं क्षत्रियं वैश्यं, शुद्रं च विन्यवर्त्तयत् ।।६७।। - પહેલાં આ જગત અંધકારમય, જાણી ન શકાય તેવું, લક્ષણરહિત (વિચારમાં) ન આવી શકે તેવું, નહિ જાણવા યોગ્ય અને સૂતેલું હોય તેમ ચારે તરફ લાગતું હતું. ત્યારબાદ કોઈક વખત અવ્યક્ત સ્વયંભૂ ભગવાન (બ્રહ્મા) કે જેનું તેજ મહાભૂત વગેરેથી ઢંકાયેલું હતું, તે ભગવાન અંધકારનો નાશકરતાં ઉત્પન્ન થયા, (ત્યારબાદ) લોકોની વૃદ્ધિકરવા માટે (અર્થાત્ મનુષ્યસૃષ્ટિ બનાવવા માટે) પોતાના મુખમાંથી બ્રાહ્મણો, ભૂજામાંથી ક્ષત્રિયો, સાથળમાંથી વૈશ્યો અને પગમાંથી શુદ્રો ઉત્પન્ન કર્યા.

(૧૬) **સાંખ્યોની માન્યતા :** पंचविधमहाभूतं, नानाविधदेहानाम् संस्थानं । अव्यक्तसमुत्थानं जगदेतत् केचिदिच्छन्ति ।। लो. नि. ६८ ।।

(૧૭) **બૌદ્ધોની માન્યતા :** विज्ञप्तिमात्रमेवैतत्, असमर्थाऽवभासनात् यथा । तैमरिकस्येह कोशकीटादिदर्शनम् ।।७४।। क्रोधशोकमदोन्मादकामदोषाद्युपद्रुताः । अभूतानि च पश्यन्ति, पुरतोऽवस्थितानि ।।७५।।

વિજ્ઞાનમાત્ર (વિજ્ઞાનસ્વરૂપ) માને છે. અન્યકેટલાક જગતને [૧૮]એક જીવસ્વરૂપ માને છે. કેટલાક અનેક જીવાત્મક માને છે.

બીજા કેટલાક લોકો પુરાતન[૧૯]કર્મથી જગતની ઉત્પત્તિ માને છે. અન્યલોકો જગતની ઉત્પત્તિ [૨૦]સ્વભાવથી માને છે. કેટલાક [૨૧]અક્ષરમાંથી ઉત્પન્ન થયેલ પંચમહાભૂતથી

જેમ આંખે અંધારિયાંઆવવાથી - ભ્રમથી કોશીટાના કીડા (કીડાની એક જાતિ વિશેષ) વગેરેના દર્શન થાય છે, તેમ અસમર્થ જ્ઞાનથી (જગતને જાણવા યોગ્ય સમર્થજ્ઞાન નહિ હોવાથી) આ જગત વિજ્ઞાનમાત્ર રૂપે (તે પદાર્થ નહિ હોવાછતાં તે પદાર્થ જોઉં છું તે રૂપે) દેખાય છે. (પરંતુ વાસ્તવિક કંઈ નથી.) કારણ કે ક્રોધ, શોક, મદ, ઉન્માદ, કામ વગેરે દોષોથી પરાભવ પામેલ અર્થાત્ ભ્રમવાળા જીવો અભૂતોને (અવસ્તુઓને) પણ પોતાની સન્મુખરહેલ વસ્તુઓ રૂપે દેખે છે. કહેવાનો આશય એ છે કે, જગત જેવું કંઈ નહિ હોવાછતાં પણ ભ્રમથી જગત દેખે છે.)

(૧૮) **એકજીવ (બ્રહ્મ) સ્વરૂપ જગતની માન્યતા :** લોકતત્ત્વનિર્ણયમાં કહ્યું છે કે - पुरुष एवेदं सर्वं, यद्भूतं यच्च भाव्यं । उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ।। यदेजति यन्नैजति, यद्दुरे यदु अन्तिके, यदन्तरस्य सर्वस्य यदु सर्वस्यास्य बाह्यो, यस्मात्परं नापरमस्ति किंचिद्यस्मान्नाणीयो, न ज्यायोऽसि कश्चिद् एव स्तब्धो दिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषरुपेण, सर्व एक वृक्ष एव हि भूतात्मा, यदा सर्वं प्रलीयते ।।१।। - જે થયેલું છે, જે થવાનું છે અથવા મોક્ષપણાનો અધિપતિ અને જે અન્નવડે વૃદ્ધિ પામે છે, તે સર્વ આત્મા (એક બ્રહ્મ) જ છે, જે હાલે છે, (ત્રસ છે.) જે હાલતો નથી, (સ્થાવર છે) જે દૂર છે, જે નજીક છે, જે આ સર્વની અંદર છે, સર્વની બહાર છે, તેનાથી કોઈ ઉત્કૃષ્ટ નથી, તેનાથી કોઈપણ નાનો નથી, જેનાથી કોઈમોટો નથી, અને (વિરાટરૂપ હોવાથી) આકાશમાં વૃક્ષની માફક જે એક સ્થિર રહે છે, તે જ એક આત્માના રૂપવડે આ જગત પૂર્ણભરેલું છે. જગતમાં જ્યારે એ એક જ ભૂતાત્મા (પુરુષરૂપ) હોય છે, ત્યારે બીજું સર્વ (પૃથ્વ્યાદિ રૂપાન્તર તત્ત્વો) એ આત્મામાં લીન થઈ જાય છે.

(૧૯) **કર્મવાદિની માન્યતા:** लोकतत्त्वनिर्णय : चेतनोऽध्यवसायेन, कर्मणा संनिबध्यते । ततो भवस्तस्य भवेत्तदभावात् परं पदम् ।।१२।। उद्धरेद्दीनमात्मानं, नात्मानमवसादयेत् । आत्मनैवात्मनो बंधु-रात्मैव रिपुरात्मनः ।।१३।। सुतुष्टानि मित्राणि सुकुद्धाश्चैव शत्रवः । न हि मे तत्करिष्यन्ति, यत्र पूर्वकृतं मया ।।१४।। शुभाऽऽशुभानि कर्माणि, स्वयं कुर्वन्ति देहिनः । स्वयमेवोपकुर्वन्ति, दुःखानि च सुखानि च ।।१५।। वने रणे शत्रुजलाग्निमध्ये, महार्णवे पर्वतमस्तके वा । सुप्तं प्रमत्तं विषमस्थितं वा रक्षन्ति पुण्यानि पुराकृतानि ।।१६।। -

(૨૦) **स्वभाववादिओनो मत:** यः कंटकानां श्लोक द्वारा पूर्वे कहेवाई गयो छे.

(૨૧) **अक्षरवादिओनी मान्यता :** अक्षरात् क्षरितः कालस्तस्माद् व्यापक इष्यते । व्यापकादिप्रकृत्यंतां, तां हि सृष्टिं प्रचक्षते ॥२३॥ અક્ષરમાંથી કાલ ખરીપડ્યો, તેથી તે કાલ વ્યાપક ગણાય છે. માટે જેની આદિમાં કાલ અને અંતમાં પ્રકૃતિ છે, તેને નિશ્ચે સૃષ્ટિ કહેવાય છે.

* અક્ષરવાદિઓમાં કેટલાક આ પ્રમાણે કહે છે-

अक्षरांशस्ततो वायु-स्तस्मात्तेजस्ततो जलं । जलात् प्रसूता पृथ्वी, भूतानामेष संभवः ।।२४।। – અક્ષરના અંશ (આકાશ)માંથી વાયુ ઉત્પન્ન થયો, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી પાણી, અને પાણીમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. પંચમહાભૂતની આ રીતે ઉત્પત્તિ થઈ. (તે જ જગત કહેવાય છે.)

જગતની ઉત્પત્તિ માને છે. કેટલાક જગતને [૨૨]ઇંડામાંથી ઉત્પન્ન થયેલ માને છે. આશ્રમીઓ જગતને [૨૩]અહેતુક માને છે. પૂરણ જગતને [૨૪]નિયતિજનિત માને છે. પરાશર [૨૫]પરિણામથી ઉત્પન્નથયેલ જગતને માને છે. કેટલાક [૨૬]યાદૃચ્છિક જગતની

(૨૨) **અંડવાદિઓની માન્યતા :** લોકતત્ત્વનિર્ણય -

નારાયણપરાડવ્યક્તા - દંડમવ્યક્તસંભવં । અંડસ્યાંતસ્ત્વમી ભેદાઃ સપ્ત દ્વીપા ચ મેદિની ।।૨૫।। ગર્ભોદકં સમુદ્રાશ્ચ, જરાયુશ્ચાપિ પર્વતાઃ । તસ્મિન્નંડે ત્વમીલોકાઃ સપ્ત સપ્ત પ્રતિષ્ઠા ।।૨૬।। તત્રેહાદ્યઃ સ ભગવાનુષિત્વા પરિવત્સરં । સ્વયમેવાત્મના ધ્યાત્વા, તદંડમકરોદ્ દ્વિધા ।।૨૭।। તાભ્યાં સ સકલાભ્યાં તુ, દિવં ભૂમિં ચ નિર્મમે ।।૨૮।। પૂર્વાર્ધ ।। - નારાયણથી પર (ભિન્ન) અવ્યક્ત છે. તે અવ્યક્તમાંથી એક ઇંડુ ઉત્પન્ન થયું. સૃષ્ટિમાં આ બધો ભેદ અને સાતદ્વીપવાળી પૃથ્વી પણ ઇંડામાંથી ઉત્પન્ન થયેલ જાણવી. આ સમુદ્રો તે ઇંડામાંનું ગર્ભજલ જાણવું અને પર્વતો તે ઇંડામાંનું જરાયું (ગર્ભમાં થતી પાતળી ચર્મજાલ) છે. એવા ઇંડાના મધ્યભાગમાં સાત-સાત લોક રહેલા છે. (ભૂ, ભૂવઃ, સ્વઃ, મહઃ, જન, તપ અને સત્ય એ સાત લોક ઉપર અને તલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, પાતાલ એ સાત લોક નીચે છે.) તે ઇંડામાં તે આદિ (નારાયણ) ભગવાને સંપૂર્ણ એક વરસ રહીને-વસીને, વિચારકરીને પોતે જ તે ઇંડાના બે ભાગ કર્યા; તે બેભાગમાંથી એકભાગને સ્વર્ગરૂપે અને બીજા ભાગને ભૂમિ(પૃથ્વી)રૂપે સ્થાપ્યો.

(૨૩) **અહેતુકવાદિઓની માન્યતા:** લોકતત્ત્વનિર્ણય.

હેતુરહિતા ભવન્તિ હિ, ભાવાઃ પ્રતિસમયભાવિનશ્ચિત્રાઃ । ભાવાદૃતે ન ભાવ્યં, સંભવરહિતખપુષ્પમિવ ।। દરેક સમયે વિચિત્રરૂપે થનારા આ પદાર્થો નિશ્ચયે હેતુવિનાના છે. અર્થાત્ પદાર્થોમાં જે કંઈ ફરેફાર થાય છે તેમાં કોઈ કારણ નથી. (સ્વાભાવિક રીતે થયા કરે છે.) કારણ કે ભાવવિના ભાવ્ય ન હોય (અર્થાત્ પદાર્થ વિના પદાર્થપરિવર્તના ન હોય) અને ભાવ્યરહિત ભાવ ન હોય અને જો ભાવ હોય (એટલે કે પદાર્થનો જ અભાવ હોય) તો આ સઘળુયે ભાવ-ભાવ્ય ઇત્યાદિ આકાશ-પુષ્પની માફક અસત્ (અસંભવિત) છે. માટે જગતની વિચિત્રતાઓ અહેતુક છે.

(૨૪) **નિયતિવાદિની માન્યતા :**

પ્રાપ્તવ્યો નિયતબલાશ્રયેણ યોઽર્થઃ, સોઽવશ્યં ભવતિ નૃણાં શુભોઽશુભો વા । ભૂતાનાં મહતિ કૃતેઽપિ હે પ્રયત્ને, નાઽભાવ્યં ભવતિ ન ભાવિનોઽસ્તિ નાશઃ ।।૨૯।। જે શુભ અથવા અશુભ અર્થ (વસ્તુ) નિયતિબળના વશથી થવાનો હોય તે મનુષ્યોને અવશ્ય થાય છે. જીવો ઘણોપ્રયત્ન કરે તો પણ જે ન થવાનું હોય તે ન જ થાય અને જે થવાનું હોય તેનો નાશ થતો નથી. માટે જગતના સર્વભાવો નિયતિબળને આધીન છે.

(૨૫) **પરિણામવાદિની માન્યતા :** પ્રતિસમયં પરિણામઃ, પ્રત્યાત્મગતશ્ચ સર્વભાવાનામ્ । સંભવતિ નેચ્છયાપિ, સ્વેચ્છા ક્રમવર્તિની યસ્માત્ ।।૩૦।। - સર્વપદાર્થોનો પોત-પોતાના સ્વરૂપમાં વર્તતો પરિણામ, પ્રતિસમયે ઇચ્છા વિના પણ થાય છે. કારણ કે પોતાની ઇચ્છા અનુકમે પ્રવર્તનારી હોય છે. (તેથી વસ્તુના પરિણામ ઇચ્છાથી જ થાય એમ નથી.)

(૨૬) યાદૃચ્છિકમિદં સર્વં, કેચિદ્ ભૂતવિકારજં । કેચિજ્જ્ઞાનેકરુપં તુ, બહુધા સંપ્રધાવિતાઃ ।।૫૦।। - કેટલાક લોકો આ જગતને યાદૃચ્છિક (અતર્કિત-અકસ્માતે) ઉત્પન્ન થયેલું માને છે. કેટલાક પંચભૂતના વિકારથી બનેલું માને છે. કેટલાક લોકો અનેકરૂપવાળું માને છે. એમ જગતની ઉત્પત્તિના વિષયમાં અનેકમતવાદિઓ અનેક વિચારોમાં (માન્યતાઓમાં) દોડેલા છે.

ઉત્પત્તિને માને છે. [૨૭]અનેકવાદિઓ જગતને અનેકસ્વરૂપે માને છે. [૨૮]તુરુષ્કો ગૌસ્વામીઓને એક દિવ્યપુરુષમાંથી ઉત્પન્નથયેલ માને છે. [૨૯]ઇત્યાદિ અનેકવાદિઓ છે. તેઓનું સ્વરૂપ પૂ.આ. શ્રી હરિભદ્રસૂરિમહારાજા વિરચિત લોકતત્વનિર્ણય ગ્રંથથી જાણવું. (જે આપણે ટીપ્પણી ૮થી ૨૯માં જોયું.)

एवं सर्वगतादिजीवस्वरूपे ज्योतिश्चक्रादिचरस्वरूपे च नैके विप्रितिपद्यन्ते । तथा बौद्धानामष्टादशनिकायभेदा वैभाषिकसौत्रान्तिकयोगाचारमाध्यमिकादिभेदा वा वर्तन्ते । जैमिनेश्च शिष्यकृता बहवो भेदाः । "ओंबेकः कारिकां वेत्ति तन्त्रं वेत्ति प्रभाकरः । वामनस्तूभयं वेत्ति न किंचिदपि रेवणः ।। १ ।।" अपरेऽपि बहूदककूटीचरहंसपरमहंसभाट्टप्रभाकरादयोऽनेकेऽन्तर्भेदाः । सांख्यानां चरकादयो भेदाः । अन्येषामपि सर्वदर्शनानां देवतत्त्वप्रमाणमुक्तिप्रभृतिस्वरूपविषये तत्तदनेकशिष्यसंतानकृतास्तत्त-

(૨૭) **અનેકવાદિની માન્યતા :** कारणानि विभिन्नानि, कारणानि च यतः पृथक् । तस्मात् त्रिष्वपि कालेषु, नैव कर्माऽस्ति निश्चयः ।।३५।। - જે કારણે કારણો (હેતુઓ) ભિન્ન-ભિન્ન છે અને (તે કારણથી) કાર્યો પણ ભિન્ન-ભિન્ન છે. માટે ત્રણે કાળમાં કર્મ છે જ નહિ એ નિશ્ચય છે. અહીં જો કર્મ એક જ કારણરૂપ હોય તો, તેનાથી થયેલાં કાર્યો પણ સરખાં હોવાં જોઈએ. પરંતુ જગતમાં તેવું દેખાતું નથી. આથી જગતની ઉત્પત્તિ અનેક કારણોથી છે. અર્થાત્ અનેકસ્વરૂપે છે.

(૨૮) તુરુષ્કો ગૌસ્વામિઓને એક દિવ્યપુરુષમાંથી ઉત્પન્ન થયેલ માને છે. અહીં ગૌસ્વામીથી જિતેન્દ્રિયપુરુષો લેવાના છે. એટલે કે દિવ્યપુરુષોમાંથી જિતેન્દ્રિયપુરુષો ઉત્પન્ન થયા. અને તેનાથી જગતની ઉત્પત્તિ થઈ.

(૨૯) **ઇત્યાદિ પદથી કેટલાક બીજામતોની માન્યતા :**

(i) **કેટલાક ઇશ્વરવાદિઓની માન્યતા :** प्रकृतिनां यथा राजा, रक्षार्थमिह चोद्यतः । तथा विश्वस्य विश्वात्मा स जागर्ति महेश्वरः ।।६२।। अन्यो जतुरनीशोऽयमात्मानः सुखदुःखयोः । इश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव च ।।६३।। આ લોકમાં પ્રજાના રક્ષણમાટે જેમ રાજા પ્રયત્નશીલ હોય છે, તેમ આ જગતના રક્ષણમાટે તે જગતનો આત્મા મહેશ્વર જાગે છે. (અર્થાત્ જગત મહેશ્વરની પ્રેરણાથી ચાલે છે.) કારણકે પોતાને સુખ-દુઃખ આપવામાં (મહેશ્વર સિવાય) અન્યજીવ સમર્થ નથી. (કારણ કે) ઇશ્વરની પ્રેરણાથી જ જીવ સ્વર્ગમાં કે નરકમાં જાય છે. (ii) **ભૂતવાદિની માન્યતા :** पृथिव्यपस्तेजोवायुरिति तत्त्वानि, तत्समुदाये शरीरेन्द्रियविषयसंज्ञा । मदशक्तिवच्चैतन्यं जलबुद्बुदवज्जीवाश्चैतन्यविशिष्टः कायः पुरुष इति ।।३१।। પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ એ ચાર તત્ત્વોના સમુદાયમાં શરીર, ઇન્દ્રિય અને વિષય એવા નામો પડે છે. અને (જેમ મહુડાં-ગોળ વગેરે સામગ્રીઓ એક થતાં) મદશક્તિ ઉત્પન્ન થાય છે તથા જલમાં જેમ જુદા-જુદા પરપોટા ઉત્પન્ન થાય છે, તેમ એ તત્ત્વોના સમુદાયમાંથી (ભિન્ન-ભિન્ન) જીવો ઉત્પન્ન થાય છે. તેમાં ચૈતન્યવિશિષ્ટ જે શરીર તેની પુરુષ-જીવ સંજ્ઞા છે. વળી भौतिकानि शरीराणि, विषयाः कारणानि च । तथापि मंदैरन्यस्य कर्तृत्वमुपदिश्यते ।।३२।। - શરીરો, સ્પર્શાદિ વિષયો અને ઇન્દ્રિયો (પૂર્વોક્ત) પૃથ્વ્યાદિ ભૂતથી બનેલી છે, તો પણ મંદબુદ્ધિવાળા જીવો તેની ઉત્પત્તિ અન્યથી ઉપદેશે છે. (iii) નાસ્તિકવાદની માન્યતા આગળ ઉપર જણાવાશે.

द्गन्थकारकृता वा मतभेदा बहवो विद्यन्ते । तदेवमनेकानि दर्शनानि लोकेऽभिधीयन्ते । तानि च सर्वाणि देवतातत्त्वप्रमाणदिभेदेनात्राल्पीयसा प्रस्तुतग्रन्थे नाभिधातुमशक्यानि, तत्कथमत्राचार्येण सर्वदर्शनवाच्योऽर्थो निगद्यत इत्येवं गदितुमशक्योऽर्थो वक्तुं प्रत्यज्ञायि, गगनाङ्गुलप्रमितिरिव पारावारोभयतटसिकताकणगणनमिवात्यन्तं दुःशक्योऽयमर्थः प्रारब्ध इति चेत् । सत्यमेतद्यद्यवान्तरतद्भेदापेक्षया वक्तुमेषोऽर्थः प्रक्रान्तः स्यात् । यावता तु मूलभेदापेक्षयैव यानि सर्वाणि दर्शनानि तेषामेव वाच्योऽत्र वक्तव्यतया प्रतिज्ञातोऽस्ति नोत्तरभेदापेक्षया, ततो न कश्चन दोषः । सर्वशब्दं च व्याचक्षाणैरस्माभिः पुराप्ययमर्थो दर्शित एव, परं विस्मरणशीलेन भवता विस्मारित इति ।।१।।

टीकानो भावानुवाद :

આ પ્રમાણે જીવ સર્વગત છે કે નહિ ? ઇત્યાદિ જીવના સ્વરૂપમાં તથા જ્યોતિષચક્રના પરિભ્રમણના સ્વરૂપવિષયક અનેકવિવાદો છે. તથા બૌદ્ધોની અઢારનિકાયો તથા (i) વૈભાષિક, (ii) સૌત્રાન્તિક, (iii) યોગાચાર, (iv) માધ્યમિક, એમ ચાર ભેદો છે. જૈમિનીના શિષ્યોદ્વારા કરાયેલી (વિચારણાઓના) ઘણા ભેદો છે. (તે જૈમિનીના શિષ્યોમાં કુમારિલ ભટ્ટનો શિષ્ય ઓંબેકકારિકાને જાણે છે. (-માને છે.) (જેનાથી ગુરૂમત નીકળ્યો તે) પ્રભાકર તંત્ર=સિદ્ધાંતને જાણે છે. (- સ્વીકારે છે.) વામન કારિકા-તંત્ર ઉભયને જાણે છે. તથા અન્ય રેવણ એકપણાને માનતો નથી. આમ જૈમિનીના શિષ્યોમાં અનેકભેદો છે.

બીજા પણ બહૂદક, કૂટીચર, હંસ, પરમહંસ, ભાટ્ટ, પ્રભાકર વગેરે અનેક અવાંતર ભેદો છે. સાંખ્યદર્શનમાં પણ શ્રી ચરકઆદિ અનેક આચાર્યોના સિદ્ધાંતો ભિન્ન-ભિન્ન છે.

અન્ય પણ સર્વદર્શનોમાં દેવ, તત્ત્વ, પ્રમાણ, મુક્તિ વગેરેના સ્વરૂપના વિષયમાં તે તે દર્શનના શિષ્યપરંપરાથી કરાયેલા અથવા તે તે દર્શનના ગ્રંથકારોદ્વારા કરાયેલા સિદ્ધાંતોમાં ઘણા મતભેદો છે. તેથી જ જગતમાં અનેક દર્શનો છે એમ કહેવાય છે.

શંકા : તે સર્વ દર્શનોને દેવ, તત્ત્વ અને પ્રમાણાદિના ભેદથી કહેવા માટે આ નાનકડા પ્રસ્તુત ગ્રંથમાં શક્ય નથી. તો કેવી રીતે ગ્રંથકારશ્રી આચાર્ય ભગવંત વડે સર્વદર્શનોનો વાચ્યાર્થ કહીશ, એમ કહેવાયું ? ગ્રંથકારશ્રીએ કહેવા માટે અશક્ય અર્થોને કહેવા માટેની પ્રતિજ્ઞા કરી છે. આથી આકાશને અંગુલીથી માપવા જેવું અને સમુદ્રના ઉભયતટની રેતીના કણીયાઓને ગણવાજેવા અત્યંત દુશક્ય એવા આ કાર્યની શરૂઆત કરી છે.

સમાધાન : તમારી આ આપત્તિ સાચી ત્યારે કહેવાય કે, જ્યારે (તે તે દર્શનોના) અવાન્તર

ભેદોની અપેક્ષાથી કહેવા માટે પ્રારંભ કર્યો હોય ! (પરંતુ અમે તો) મૂલભેદની અપેક્ષાએ જે સર્વદર્શનો છે, તે દર્શનોના વાચ્યાર્થને જ અહીં કહેવા માટેની પ્રતિજ્ઞા કરી છે, તે તે દર્શનોના ઉત્તરભેદની અપેક્ષાથી વાચ્યાર્થને કહેવાની પ્રતિજ્ઞા કરી નથી. તેથી કોઈ દોષ નથી. અને (દર્શનોની આગળ રહેલા) સર્વશબ્દને કહેતા અમારાવડે પહેલાં પણ આ જ વાત બતાવાઈ હતી. પરંતુ ભૂલીજવાના સ્વભાવવાળા તમારાવડે ભૂલાઈ ગયું છે. ॥૧॥

एनमेवार्थं ग्रन्थकारोऽपि साक्षादाह-

આ જ અર્થને ગ્રંથકારશ્રી પણ સાક્ષાત્ (શ્લોક દ્વારા) કહે છે.

दर्शनानि षडेवात्र मूलभेदव्यपेक्षया ।
देवतातत्त्वभेदेन ज्ञातव्यानि मनीषिभिः ।। २ ।।

શ્લોકાર્થ : મૂલભેદની અપેક્ષાથી દેવ, તત્ત્વ ના ભેદથી પ્રસ્તુતગ્રંથમાં બુદ્ધિશાળીઓ વડે છ જ દર્શનો છે તેમ જાણવું.

अत्र प्रस्तुतेऽस्मिन्ग्रन्थे दर्शनानि षडेव मूलभेदव्यपेक्षया मूलभेदापेक्षया मनीषिभिर्मेधाविभिर्ज्ञातव्यानि । न पुनरवान्तरतद्भेदापेक्षयाधिकानि परमार्थतस्तेषामेष्वेवान्तर्भावात् । षडेवेति सावधारणं पदम् । केन हेतुना मूलभेदानां षोढात्वमित्याशंक्याह । देवतातत्त्वभेदेनेति । देवा एव देवताः, स्वार्थेऽत्र तल्प्रत्ययः, तत्त्वानि प्रमाणैरुपपन्नाः परमार्थसन्तोऽर्थाः, द्वन्द्वे देवतातत्त्वानि, तेषां भेदेन पार्थक्येन । ततोऽयमत्रार्थः । देवतातत्त्वभेदेन यतो दर्शनानां षडेव मूलभेदा भवेयुस्ततः षडेवात्र दर्शनानि वक्ष्यन्ते, न पुनरुत्तरभेदापेक्षयाधिकानीति । एतेन प्राक्तनश्लोके सर्वशब्दग्रहणेऽपि षडेवात्र दर्शनानि वक्तुं प्रतिज्ञातानि सन्तीति ज्ञापितं द्रष्टव्यम् ।।२।।

ટીકાનો ભાવાનુવાદ :

આ પ્રસ્તુતગ્રંથમાં મૂલભેદની અપેક્ષાથી છ જ દર્શનો બુદ્ધિશાળીઓવડે જાણવા. પરંતુ અવાન્તરભેદોની અપેક્ષાથી અધિકદર્શનોનો વાચ્યાર્થ કહ્યો નથી, કારણ કે પરમાર્થથી તે તે અવાંતરદર્શનોનો આ છ દર્શનોમાં અંતર્ભાવ થઈ જ જાય છે. શ્લોકમાં જે 'षडेव' માં 'एव' કાર છે, તે અવધારણમાં છે. અર્થાત્ દર્શનો છ જ જાણવા, તેથી અધિકનહિ એમ નિશ્ચય કરવો.

શંકા : કયા કારણથી દર્શનોના મૂલભેદો છ જ છે ?

સમાધાન : દેવતા અને તત્ત્વના ભેદથી દર્શનોના છ ભેદો છે. અહીં "देवा एव देवताः' વ્યુત્પત્તિથી દેવ ને સ્વાર્થમાં તા (तल्) પ્રત્યય લાગી 'देवता' શબ્દ બનેલ છે. પ્રમાણોથી ઉપપન્ન

પરમાર્થથી સત્યઅર્થોને તત્ત્વો કહેવાય છે. દેવતા અને 'તત્ત્વ' શબ્દોનો દ્વન્દ્વસમાસ થઈ **देवतातत्त्वानि** પદ બન્યું છે. તે દેવતા અને તત્ત્વના ભેદથી છ દર્શનો છે એમ અન્વય કરવો.

તેથી અહીં આ અર્થ થાય છે - જે કારણથી દેવતા અને તત્ત્વના ભેદવડે દર્શનોના મૂલભેદો છ જ થાય છે. તે કારણથી છ જ દર્શનો અહીં કહેવાશે, પરંતુ ઉત્તરભેદની અપેક્ષાથી અધિક દર્શનો નહિ કહેવાય. આનાથી પૂર્વનાશ્લોકમાં 'सर्व' શબ્દનું ગ્રહણ હોવાછતાં પણ છ જ દર્શનોને કહેવામાટે પ્રતિજ્ઞા કરાયેલી છે તેમ જાણવું. ॥૨॥

अथ षण्णां दर्शनानां नामान्याह-

હવે છ દર્શનોના નામો કહે છે.

बौद्धं नैयायिकं सांख्यं जैनं वैशेषिकं तथा ।
जैमिनीयं च नामानि दर्शनानाममून्यहो ।। ३ ।।

श्लोकार्थ : બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન, વૈશેષિક તથા જૈમિની આ (૬) દર્શનોના નામ છે.

बुद्धाः सुगतास्ते च सप्त भवन्ति । विपश्यी १ शिखी २ विश्वभूः ३ क्रकुच्छन्दः ४ काञ्चनः ५ काश्यपः ६ शाक्यसिंहश्चेति ७ । तेषामिदं दर्शनं बौद्धम् । न्यायं न्यायतर्कमक्षपादर्षिप्रणीतं ग्रन्थं विदन्त्यधीयते वेति नैयायिकास्तेषामिदं दर्शनं नैयायिकम् । संख्यां प्रकृतिप्रभृतितत्त्वपञ्चविंशतिरूपां विदन्त्यधीयते वा सांख्याः । यद्वा तालव्यादिरपि शांख्यध्वनिरस्तीति वृद्धाम्नायः । तत्र शंखनामा कश्चिदाद्यः पुरुषविशेषस्तस्यापत्यं पौत्रादिरिति गर्गादित्वात् यञ्प्रत्यये शांख्यास्तेषामिदं दर्शनं सांख्यं शांख्यं वा । जिना ऋषभादयश्चतुर्विंशतिरर्हन्तस्तेषामिदं दर्शनं जैनम् । एतेन चतुर्विंशतेरपि जिनानामेकमेव दर्शनमजनिष्ट, न पुनस्तेषां मिथो मतभेदः कोऽप्यासीदित्यावेदितं भवति । नित्यद्रव्यवृत्तयोऽन्त्या विशेषा एव वैशेषिकं, विनयादिभ्य इति स्वार्थ इकण् । तद्वैशेषिकं विदन्त्यधीयते वा, तद्वेत्त्यधीत, इत्यणि वैशेषिकास्तेषामिदं वैशेषिकम् । जैमिनिराद्यः पुरुषविशेषस्तस्येदं मतं जैमिनीयं मीमांसकापरनामकम् । तथाशब्दश्चकारश्चात्र समुच्चयार्थौ । एवमन्यत्राप्यवसेयम् । अमूनि षडपि दर्शनानां नामानि । अहो इति शिष्यामन्त्रणे । आमन्त्रणं च शिष्याणां चित्तव्यासङ्गत्याजनेन शास्त्रश्रवणाभिमुखीकरणार्थमत्रोपन्यस्तम् ।।३।।

टीकानो भावानुवाद :

सुगतो सात छे. (१) विपश्यी, (२) शिखी, (३) विश्वभू, (४) ककुछन्द, (५) कांचन, (६) काश्यप, (७) शाक्यसिंह. ते सुगतोनुं दर्शन ते बौद्धदर्शन. अक्षपाद ऋषि प्रणीत न्याय-तर्कथी पूर्ण ग्रंथने जे जाणे छे अथवा भणे छे ते नैयायिको कहेवाय छे. ते नैयायिकोनुं दर्शन नैयायिकदर्शन कहेवाय छे. प्रकृति वगेरे २५ तत्त्वोनी संख्याने जे जाणे छे, अथवा भणे छे ते सांख्यो कहेवाय छे. 'शांख्य' ए रीते तालव्य 'शकार'वाळो पाठ पण वृद्धपरंपराथी संभळाय छे. तेमां शंख नामना आदि पुरुषनी संतति=पुत्रपौत्रादि (गर्गादित्वात् थी यञ् प्रत्यय लागतां) शांख्य कहेवाय छे. तेओना दर्शनने शांख्य के सांख्यदर्शन कहेवाय छे. जिनोना अर्थात् ऋषभादिथी श्रीमहावीर पर्यन्त चोवीसे अरिहंतोना दर्शनने जैनदर्शन कहेवाय छे. आनाथी चोवीसे जीनेश्वरोनुं एक ज दर्शन छे. परंतु तेओने परस्पर कोईपण मतभेद नथी, ते सिद्ध थाय छे. नित्यद्रव्यनी अंदर (समवाय संबंधथी) रहेनारा अने अन्त्य (अर्थात् जेनी अपेक्षा विशेष नथी) ते विशेषो कहेवाय छे. अने विशेषा एव' आ व्युत्पत्तिथी विशेषने 'विनयादिभ्यः' (सि.है. ७/२/१७९) सूत्रथी स्वार्थमां 'इकण्' प्रत्यय लागीने वैशेषिक बने छे अथवा ते विशेषोने जे जाणे छे के भणे छे ते वैशेषिक. तेओनुं दर्शन ते वैशेषिकदर्शन.

जैमिनि आद्यपुरुषविशेष छे. तेनो जे मत ते जैमिनिदर्शन. तेनुं बीजुंनाम [३०]मीमांसादर्शन छे.

श्लोकमां 'तथा' अने 'च' कार समुच्चयार्थक छे. अहो शिष्यना आमंत्रणमां छे. आमंत्रण वाचकपद शिष्योने बीजाकार्योमां चित्त पूरायेलुं होय, तेनो त्यागकरावी शास्त्रश्रवणनी अभिमुख करवामाटे उपन्यास कर्यो छे. ॥३॥

अथ यथोद्देशस्तथा निर्देश इति न्यायादादौ बौद्धमतमाचष्टे-

हवे "यथा उद्देशः तथा निर्देशः" अर्थात् जे प्रमाणे उद्देश कर्यो होय ते प्रमाणे निर्देश करवो जोईए. आ न्यायथी छ दर्शनोना उद्देशक्रममां बौद्धदर्शननो प्रथमनिर्देश होवाथी बौद्धमतने कहे छे.

तत्र बौद्धमते तावद्देवता सुगतः किल ।
चतुर्णामार्यसत्यानां दुःखादीनां प्ररूपकः ।।४।।

श्लोकार्थः ते दर्शनोमां, बौद्धमतमां दुःखादि चार आर्यसत्यना प्ररूपक सुगत देवता छे.

---

(३०) मीमांसकदर्शनना बे भेदो छे. (१) पूर्वमीमांसा (२) उत्तरमीमांसा. तेमां पूर्वमीमांसा ते जैमिनिदर्शन अने उत्तरमीमांसा ते वेदांतदर्शन.

तत्रशब्दो निर्धारणार्थः, तावच्छब्दोऽवधारणे । तेषु दर्शनेष्वपराणि दर्शनानि तावत्तिष्ठन्तु, बौद्धमतमेव प्रथमं निर्धार्योच्यत इत्यर्थः । अत्र चादौ बौद्धदर्शनोपलक्षणार्थं मुग्धशिष्यानुग्रहाय बौद्धानां लिङ्गवेषाचारादिस्वरूपं प्रदर्श्यते । चमरो मौण्ड्यं कृत्तिः कमण्डलुश्च लिङ्गम् । धातुरक्तमागुल्फं परिधानं वेषः । शौचक्रिया बह्वी ।

"मृद्वी शय्या प्रातरुत्था पेया भक्तं मध्ये पानकं चापराह्णे । द्राक्षाखण्डं शर्करा चार्धरात्रे मोक्षश्चान्ते शाक्यपुत्रेण दृष्टः ।।१।।

मणुन्नं भोयणं भुञ्जा मणुन्नं सयणासणं । मणुन्नंमि अगारंमि मणुन्नं जायए मुणी ।।२।।"

भिक्षायां पात्रे पतितं सर्वं शुद्धमिति मन्वाना मांसमपि भुञ्जते, मार्गे च जीवदयार्थं प्रमृजन्तो व्रजन्ति । ब्रह्मचर्यादिस्वकीयक्रियायां च भृशं दृढतमा भवन्ति । इत्यादिराचारः ।

टीकानो भावानुवाद :

श्लोकमां 'तत्र' शब्द निर्धारण अर्थमां छे. 'तावद्' शब्द अवधारणमां छे. (भावार्थ ओ छे के) ते दर्शनोमां अपरदर्शनो हमणां बाजु पर रहे, बौद्धमत ज प्रथमनिर्धारीने कहेवाय छे. अहीं प्रारंभमां बौद्धदर्शनना लिंग-वेष-आचारादि स्वरूप [३१]उपलक्षणार्थने मुग्धशिष्यना अनुग्रह माटे बतावाय छे. ते आ प्रमाणे छे - चामरनुं धारण करवुं, मस्तके मुंडनकरावववुं, बेसवा मृगचर्मनुं आसन अने कमंडलने धारणकरवुं, ते लिंग छे. ढींचणसुधी लालरंगनुं वस्त्र पहेरवुं, ते वेष छे. शौचक्रिया वारंवार करवी, ते आचार छे. वळी... "कोमळ शय्या, सवारे ऊठीने पीणुं पीवुं, मध्याह्ने भोजन, अपराह्नमां चा-पाणी अने अर्धरात्रीए द्राक्षना टूकडा अने शर्करा लेवा अने (आ बधुं आचरण करतां) अंते बुद्धवडे मोक्ष जोवायो छे."

"तथा (मनने गमे तेवुं) मनोज्ञभोजन, मनोज्ञशय्या, मनोज्ञआसन अने मनोज्ञ घर होतेछते मुनि मनोज्ञने प्राप्त करे छे." भिक्षा लेतीवखते भिक्षाना पात्रामां पडेलुं सर्वशुद्ध छे. (तेथी मांस पडे तो पण मांसने शुद्ध मानी) मांसनेपण खाय छे. मार्गमां जीवदयार्थे प्रमार्जना करतां करतां चाले छे. ब्रह्मचर्यादि पोताना धर्मनीक्रियामां अत्यंत दृढ होय छे - इत्यादि तेमना आचारो छे.

(३१) वेषादिमां ज (बौद्ध) धर्म रह्यो नथी, पण ते वेषादि धर्मनुं कारण छे. ते ते धर्मसंबंधी विचारोने लावववा माटेनुं माध्यम आचारादि छे. आथी उपलक्षणथी वेषादिना ज्ञाननी साथे साथे तेना धर्मतत्त्वनुं पण ज्ञान थई जाय छे. आम तो शुद्धअध्यावसायोनी प्राप्ति ओ ज धर्म छे. पण तेने लावववा माटे उपचारथी वेषादि पण कारण छे. आथी उपलक्षणथी पण धर्मनुं कारण छे.

धर्मबुद्धसङ्घरूपं रत्नत्रयम् । तारादेवी शासने विघ्ननाशिनी । विपश्यादयः सप्त बुद्धाः कण्ठे रेखात्रयाङ्किताः सर्वज्ञा देवाः । बुद्धस्तु सुगतो धर्मधातुरित्यादीनि [अभिधान० २/१४६]। तन्नामानि । तेषां प्रासादा वर्तुला बुद्धांडकसंज्ञाः । भिक्षुसौगतशाक्यशौद्धोदनिसुगततथागतशून्यवादिनामानो बौद्धाः । तेषां शौद्धोदनिधर्मोत्तरार्चटधर्मकीर्तिप्रज्ञाकरदिग्नागप्रमुखा ग्रन्थकारा गुरवः । अथ प्रस्तुतश्लोकोऽग्रतो व्याख्यायते । बौद्धमते बौद्धदर्शने सुगतो बुद्धो देवता देवः । किलेत्याप्तप्रवादे । कीदृशः सः । चतुर्णामित्यादि । आराद्दूराद्याताः सर्वहेयधर्मेभ्य इत्यार्याः, पृषोदरादित्वाद्रूपनिष्पत्तिः । सतां साधूनां पदार्थानां वा यथासंभवं मुक्तिप्रापकत्वेन यथावस्थितवस्तुरूपचिन्तनेन च हितानि सत्यानि । अथवा सद्भ्यो हितानि सत्यानि । आर्याणां सत्यानि आर्यसत्यानि तेषामार्यसत्यानामित्यर्थः । चतुर्णां दुःखादीनां दुःखसमुदयमार्गनिरोधलक्षणानां तत्त्वानां प्ररूपको देशकः । तत्र दुःखं फलभूताः पञ्चोपादानस्कन्धा विज्ञानादयो वक्ष्यमाणाः, त एव तृष्णासहाया हेतुभूताः । समुदयः समुदेति स्कन्धपञ्चकलक्षणं दुःखमस्मादिति व्युत्पत्तितः । निरोधहेतुनैरात्म्याद्याकारश्चित्तविशेषो मार्गः । मार्गण् अन्वेषणे, मार्ग्यतेऽन्विष्यते याच्यते निरोधार्थिभिरिति चुरादिणिजन्तत्वेनाल्प्रत्ययः । निःक्लेशावस्था चित्तस्य निरोधः निरुध्यते रागद्वेषोपहतचित्तलक्षणः संसारोऽनेनेति करणे घञि, मुक्तिरित्यर्थः दुःखादीनामित्य-त्रादिशब्दोऽनेकार्थोऽपि व्यवस्थार्थो मन्तव्य; यदुक्तम्-

"सामीप्ये च व्यवस्थायां प्रकारेऽवयवे तथा ।
चतुर्ष्वर्थेषु मेधावी आदिशब्दं तु लक्षयेत् ।।१।।"

तत्रादिशब्दः सामीप्ये यथा ग्रामादौ घोष इति, व्यवस्थायां यथा ब्राह्मणादयो वर्णा इति, प्रकारे यथा आढ्या देवदत्तादय इति देवदत्तादय इति देवदत्तसदृशा आढ्या इत्यर्थः, अवयवे यथा स्तम्भादयो गृहा इति । अत्र तु व्यवस्थार्थः संगच्छते । दुःखमादि प्रथमं येषां तानि तथा तेषामिति बहुव्रीहिः ।।४।।

ટીકાનો ભાવાનુવાદ :

ધર્મ, બુદ્ધ અને સંઘ બૌદ્ધદર્શનના ત્રણ રત્નો છે. (કે જેને બોદ્ધદર્શનની સફળતા માનવામાં આવે છે.) બૌદ્ધદર્શનઉપર આવતા વિઘ્નોનો નાશકરનારી તારાદેવી છે. (આગળ

જણાવ્યા તે) વિપશ્યાદિ સાતબુદ્ધો કંઠમાં ત્રણ રેખાઓ અંકિત કરે છે તથા સર્વજ્ઞ દેવતા કહેવાય છે. વળી બુદ્ધ, સુગત, ધર્મધાતુઇત્યાદિ તેઓના નામ છે. તેઓનો પ્રાસાદબુદ્ધના અંડકની સંજ્ઞાવાળો વર્તુલ છે. પ્રાસાદ(ધર્મ સ્થાન)ને "બુદ્ધાંડક" કહે છે. ભિક્ષુ, સૌગત, શાક્ય; શૌદ્ધોદનિ, સુગત, તથાગત, શૂન્યવાદિવગેરે નામના બૌદ્ધો છે. તેઓના શૌદ્ધોદનિ, ધર્મોત્તર, અર્ચટ, ધર્મકીર્તિ, પ્રજ્ઞાકર, દિગ્નાગ વગેરે ગ્રંથકારગુરુઓ છે.

હવે પ્રસ્તુતશ્લોકની પ્રારંભથી વ્યાખ્યા કરાય છે. બૌદ્ધદર્શનમાં સુગત (બુદ્ધ) દેવ છે. किल આપ્તપ્રવાદમાં છે. અર્થાત્ किल શબ્દથી આપ્તપ્રવાદની સૂચના છે.

તે બૌદ્ધદર્શનના દેવતા કેવા પ્રકારના છે ? ચાર આર્યસત્યોના પ્રરૂપક છે. સર્વહેયથી જે દૂર થઈ ગયા છે તે આર્ય કહેવાય છે. સાધુઓને યથાસંભવ મુક્તિ પ્રાપ્ત કરાવનાર કે પદાર્થોના યથાવસ્થિત વસ્તુના સ્વરૂપના ચિંતન વડે હિતકારી હોય તે સત્ય કહેવાય છે. અથવા સજ્જનોને જે હિત કરે, તે સત્ય કહેવાય છે.

(અહીં "पुषोदरादित्वात्' સિ.હૈ- ૩/૨/૧૫૫ સૂત્રથી 'આર્ય' શબ્દની નિષ્પત્તિ થઈ છે. आर्याणां सत्यानि आर्यसत्यानि तेषाम् આ રીતે સમાસ થયેલ છે.)

આર્યસત્યો ચાર છે. (૧) દુઃખ, (૨) દુઃખસમુદય, (૩) દુઃખનિરોધ, (૪) દુઃખનિરોધ માર્ગ. આ દુઃખાદિ ચાર આર્યસત્યો સ્વરૂપ તત્ત્વોના પ્રરૂપક બુદ્ધ છે. તેમાં રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન કે જેનું સ્વરૂપ આગળ કહેવાશે તે પાંચ વિપાકસ્વરૂપ ઉપાદાનસ્કંધો જ દુઃખ છે. તે પાંચ ઉપાદાનસ્કંધો તૃષ્ણાની સહાયથી જ્યારે (નૂતન) સ્કંધોની ઉત્પત્તિમાં કારણ બને છે, ત્યારે દુઃખસમુદય કહેવાય છે. દુઃખના નિરોધના કારણભૂત નૈરાત્મ્યાદિ આકારયુક્ત ચિત્તવિશેષને માર્ગ કહેવાય છે. (અર્થાત્ નિરોધના કારણભૂત નૈરાત્મ્યાદિ આકારયુક્ત ચિત્તવિશેષને માર્ગ કહેવાય છે. અર્થાત્ નિરોધના કારણભૂત નૈરાત્મ્યાદિ ભાવનાથી વાસિત ચિત્ત તે માર્ગ છે.) અને ચિત્તની નિક્લેશ અવસ્થા તે નિરોધ છે.

અહીં અન્વેષણાર્થક 'માર્ગણ્' ધાતુથી मार्ग्यते-अन्विष्यते याच्यते निरोधार्थिभिः इति मार्गः - આ વ્યુત્પત્તિથી અન્વેષણાર્થક માર્ગણ્ ધાતુને ચુરાદિગણનો 'णिच्' પ્રત્યય લાગ્યાબાદ अल् પ્રત્યય લાગી 'માર્ગ' શબ્દ બનેલ છે તથા "निरुध्यते रागद्वेषोपहतचित्तलक्षणः संसारः अनेन इति निरोधः"- આ વ્યુત્પત્તિથી नि+रुध् ધાતુને કરણમાં घञ् પ્રત્યયલાગી નિરોધ શબ્દ બનેલ છે. આ દુઃખનિરોધનો અર્થ મુક્તિ છે. અહીં શ્લોકમાં 'દુઃખાદીનાં' પદમાં રહેલ આદિ શબ્દ અનેક અર્થમાં વપરાતો હોવાછતાં અહીં (વ્યવસ્થા) અર્થમાં વપરાયો છે તેમ જાણવું. કહ્યું છે કે.... "સામીપ્ય, વ્યવસ્થા, પ્રકાર તથા અવયવ એમ ચારઅર્થોમાં મેધાવીપુરુષો આદિશબ્દનો પ્રયોગ કરે છે."

જેમકે (૧) "ग्रामादौ घोषः" ગામમાં ઝૂપડાં છે. અર્થાત્ ગામની સમીપમાં ઝૂપડાં છે - અહીં આદિ પદથી સામીપ્ય અર્થ જણાય છે.

(૨) 'ब्राह्मणादयः वर्णा' અર્થાત્ બ્રાહ્મણ પ્રથમ છે તેવા (ચાર) વર્ણો છે. અહીં આદિ પદ વ્યવસ્થામાં છે. (૩) 'आढ्या देवदत्तादयः' દેવદત્ત જેવો ધનવાન છે. અહીં આદિ પદ પ્રકારવાચિ છે.

(૪) "स्तम्भादयः गृहाः" - સ્તંભાદિ અવયવો જ ઘર છે. અહીં આદિ પદ અવયવવાચિ છે.

આ (ચાર પૈકી) આદિ પદ અહીં **વ્યવસ્થા** અર્થમાં છે. અર્થાત્ દુઃખાદીનાં આર્યસત્યાનાં - દુઃખ પ્રથમ છે, તેવાં ચાર આર્યસત્યો છે. અહીં આદિ શબ્દ ક્રમની વ્યવસ્થા સૂચવે છે. અર્થાત્ વ્યવસ્થા અર્થમાં વપરાયો છે. ॥૪॥

अथ दुःखतत्त्वं व्याचिख्यासुराह-

હવે (ચાર આર્યસત્યોમાં) પ્રથમ દુઃખતત્ત્વની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે કે-

दुःखं संसारिणः स्कन्धास्ते च पञ्च प्रकीर्तिताः ।
विज्ञानं वेदना संज्ञा संस्कारो रूपमेव च ।।५।।

શ્લોકાર્થ : વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ તે પાંચ સ્કન્ધો જ સંસારીજીવોનું દુઃખ કહેલું છે.

दुःखं दुःखतत्त्वं किमित्याह । संसरन्ति स्थानात्स्थानान्तरं भवाद्भवान्तरं वा गच्छन्तीत्येवंशीलाः संसारिणः, स्कन्धाः, सचेतना अचेतना वा परमाणुप्रचयविशेषाः । ते च स्कन्धाः पञ्च प्रकीर्तिताः । वाक्यस्य सावधारणत्वात्पञ्चैवाख्याताः, न त्वपरः कश्चिदात्माख्यः स्कन्धोऽस्तीति । के ते स्कन्धा इत्याह । विज्ञानमित्यादि । विज्ञानस्कन्धः, वेदनास्कन्धः, संज्ञास्कन्धः, संस्कारस्कन्धः, रूपस्कन्धश्च । एवशब्दः पूरणार्थे, चशब्दः समुच्चये । तत्र रूपविज्ञानं रसविज्ञानमित्यादि निर्विकल्पकं विज्ञानं विशिष्टज्ञानं विज्ञानस्कन्धः । निर्विकल्पकं च ज्ञानमेवंरुपमवसेयम् ।

"अस्ति ह्यालोचनं (ना) ज्ञानं प्रथमं निर्विकल्पकं ।
बालमूकादिविज्ञानसदृशं शुद्धवस्तुजम् ।।१।।" [मीमां. श्लो० प्रत्य० ११२] इति ।

सुखा दुःखा अदुःखसुखा चेति वेदना वेदनास्कन्धः । वेदना हि पूर्वकृतकर्मविपाकतो जायते । तथा च सुगतः कदाचिद्भिक्षामटाट्यमानः कण्टकेन चरणे विद्धः प्राह-"इत

एकनवते कल्पे शक्त्या मे पुरुषो हतः । तत्कर्मणो विपाकेन पादे विद्धोऽस्मि भिक्षवः ।।" इति ।।

टीकानो भावानुवाद :

प्रश्नः दुःख अर्थात् दुःखतत्त्व शुं छे ?

उत्तर : એકસ્થાનથી બીજાસ્થાને અથવા એકભવથી બીજાભવમાં સરકે છે = જાય છે, તે સંસારિ કહેવાય છે. અચેતન કે સચેતન પરમાણુના સમુહવિશેષને સ્કંધ કહેવાય છે. તે સ્કંધો પાંચ કહેલા છે. (તે પાંચ સ્કંધો સંસારીજીવનું દુઃખ છે.)

"सर्वं हि वाक्यं सावधारणमामनन्ति"–અર્થાત્ સર્વવાક્યો સાવધારણ માનેલા છે. અર્થાત્ વાક્યનો અવધારણપૂર્વક જ પ્રયોગ થાય છે. આ ન્યાયથી શ્લોકમાં 'ते च पञ्च प्रकीर्तिताः' વાક્યમાં 'एव' ન હોવા છતાં પણ 'पञ्चैव प्रकीर्तिता=आख्याता' એ રીતે સમજી લેવું. એટલે કે પાંચ જ સ્કંધો છે, પરંતુ તેનાથી અપરઆત્મા નામનો કોઈ સ્કંધ નથી.

प्रश्न : તે સ્કન્ધો કયા છે ?

उत्तर : વિજ્ઞાનસ્કન્ધ, વેદનાસ્કન્ધ, સંજ્ઞાસ્કન્ધ, સંસ્કારસ્કન્ધ અને રૂપસ્કન્ધ આ પાંચ સ્કન્ધો છે.

શ્લોકના ઉત્તરાર્ધમાં 'एव' શબ્દ પૂરણાર્થક છે અને 'च' શબ્દ સમુચ્ચયાર્થક છે.

તેમાં રૂપવિજ્ઞાન, રસવિજ્ઞાન, સ્પર્શવિજ્ઞાન, ગંધવિજ્ઞાન અને શબ્દવિજ્ઞાન વિષયક નિર્વિકલ્પકજ્ઞાનને વિજ્ઞાનસ્કન્ધ કહેવાય છે.

નિર્વિકલ્પજ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. સૌ પ્રથમ "આ છે" તેવા પ્રકારનું નિર્વિકલ્પક આલોચનાત્મકજ્ઞાન થાય છે. તે મૂકબાળકાદિના વિજ્ઞાનની જેમ શુદ્ધવસ્તુથી ઉત્પન્ન થાય છે.

સુખ, દુઃખ કે અસુખદુઃખ (સુખ-દુઃખના અભાવસ્વરૂપ ઉદાસીનતા) એ ત્રણ વેદનાસ્કન્ધ છે. વેદના પૂર્વકરેલા કર્મના વિપાકથી થાય છે. (તેની પુષ્ટિ માટે કહે છે કે...) ક્યારેક સુગત ભિક્ષામાટે ફરતા હતા, ત્યારે તેમના પગમાં કાંટો વાગ્યો, તે સમયે તેમણે કહ્યું કે...

"હે ભિક્ષુઓ ! આ કલ્પથી (આ ભવથી) પૂર્વેના ૯૧મા કલ્પમાં (ભવમાં) શક્તિથી (છરીથી) મેં પુરૂષ હણ્યો હતો. તે કર્મના વિપાકથી હું પગમાં વિંધાયો છું."

(આથી સિદ્ધ થાય છે કે પૂર્વસંચિત કર્મના વિપાકથી વેદના થાય છે.)

संज्ञानिमित्तोद्ग्रहणात्मकः प्रत्ययः संज्ञास्कन्धः । तत्र संज्ञा गौरित्यादिका । गोत्वादिकं च तत्प्रतिपत्ति(प्रवृत्ति)निमित्तम् । तयोरुद्ग्रहणा योजना, तदात्मकः प्रत्ययो नामजात्यादियोजनात्मकं सविकल्पकं ज्ञानं संज्ञास्कन्ध इत्यर्थः । पुण्यापुण्यादिधर्मसमुदायः संस्कारस्कन्धः, यस्य संस्कारस्य प्रबोधात्पूर्वानुभूते विषये स्मरणादि समुत्पद्यते । पृथिवीधात्वादयो रूपादयश्च रूपस्कन्धः । न चैतेभ्यो संस्कारस्य विज्ञानादिभ्यो व्यतिरिक्तः कश्चनात्माख्यः पदार्थः सुखदुःखेच्छाद्वेषज्ञानाधारभूतोऽध्यक्षेणावसीयते । नाप्यनुमानेन, तदव्यभिचारिलिङ्गग्रहणाभावात् । न च प्रत्यक्षानुमानव्यतिरिक्तमर्थाविसंवादि प्रमाणान्तरमस्तीति । ते च पञ्च स्कन्धाः क्षणमात्रावस्थायिन एव वेदितव्याः, न पुनर्नित्याः कियत्कालावस्थायिनो वा । एतच्च क्षणिकाः सर्वसंस्कारा इत्यत्र दर्शयिष्यते ।।५।।

ટીકાનો ભાવાનુવાદ :

જે પ્રત્યયોમાં શબ્દોના પ્રવૃત્તિનિમિત્તોની ઉદ્ગ્રહણા અર્થાત્ યોજના થઈજાય છે, તે સવિકલ્પકપ્રત્યયોને સંજ્ઞાસ્કન્ધ કહેવાય છે.

ગૌ, અશ્વ ઇત્યાદિ સંજ્ઞાઓ છે. (તે સંજ્ઞાઓ વસ્તુના સામાન્યધર્મને નિમિત્તબનાવી વ્યવહારમાં આવે છે.) જેમ કે ગૌ સંજ્ઞા 'ગોત્વ' સ્વરૂપ પ્રવૃત્તિનિમિત્ત (સામાન્યધર્મ) જ્યાં જ્યાં હશે, ત્યાં ત્યાં તે સંજ્ઞા લાગુ પડશે. (આર્થાત્ 'ગૌ' એ સંજ્ઞા છે અને 'ગોત્વ' પ્રવૃત્તિનિમિત્ત છે. આ સંજ્ઞા અને પ્રવૃત્તિનિમિત્તોના ઉદ્ગ્રાહકપ્રત્યયને સંજ્ઞાસ્કન્ધ કહેવાય છે. વળી 'ગોત્વ' આદિ સામાન્ય, 'ગૌ' આદિ સંજ્ઞાઓના પ્રવૃત્તિનિમિત્ત બને છે.)

આમ ગૌઆદિ સંજ્ઞાઓનો ગોત્વાદિ પ્રવૃત્તિનિમિત્તોની સાથે યોજનાકરનાર સવિકલ્પક પ્રત્યયને સંજ્ઞાસ્કન્ધ કહેવાય છે. અર્થાત્ નામ, જાતિવગેરેની યોજનાકરી 'આ ગોત્વવિશિષ્ટ ગૌ છે,' 'અશ્વત્વવિશિષ્ટ અશ્વ છે' ઇત્યાદિ વ્યવહારમાં કારણરૂપ સવિકલ્પકજ્ઞાન સંજ્ઞાસ્કન્ધ કહેવાય છે.

પુણ્ય, પાપઆદિના સમુદાયને સંસ્કારસ્કન્ધ કહેવાય છે. જે સંસ્કારનાઉદયથી પૂર્વે અનુભવેલા વિષયોમાં સ્મરણાદિ ઉત્પન્ન થાય છે. (આદિ પદથી પ્રત્યભિજ્ઞાન વગેરે જાણવું.)

(કહેવાનો આશય એ છે કે સ્મૃતિના કારણભૂત અને અનુભવજન્ય માનસિકપ્રવૃત્તિને સંસ્કાર કહેવાય છે.)

પૃથ્વીઆદિ ચાર ધાતુઓ તથા રૂપાદિ વિષયો રૂપસ્કન્ધ કહેવાય છે. આ પાંચસ્કન્ધો જ સંસારિજીવોનું દુઃખ છે. આ પાંચ [૩૨]સ્કન્ધોથી અતિરિક્ત સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, જ્ઞાનના આધારભૂત આત્માનામનો કોઈ પદાર્થ પ્રત્યક્ષથી જણાતો નથી.

અનુમાનથી પણ (સ્કન્ધોથી અતિરિક્ત) આત્મા નામનો પદાર્થ જણાતો નથી, કારણ કે આત્માને ગ્રહણકરનાર અવ્યભિચરિતલિંગનો જ અભાવ છે. તથા પ્રત્યક્ષ અને અનુમાનથી અતિરિક્ત વસ્તુને સિદ્ધકરનાર અવિસંવાદિ બીજુંપ્રમાણ નથી. વળી તે પાંચ ઉપાદાનસ્કન્ધો ક્ષણમાત્ર રહેનારા જ જાણવાં, પરંતુ નિત્ય નથી. અથવા તો કેટલોકકાલ રહેનારા જાણવા, પરંતુ નિત્ય નથી. આ સર્વસંસ્કારો ક્ષણિક છે તે આગળ બતાવાશે. ॥૫॥

दुःखतत्त्वं पञ्चभेदतयाभिधायाथ दुःखतत्त्वस्य कारणभूतं समुदयतत्त्वं व्याख्याति-

દુઃખતત્ત્વને પાંચ ભેદથી કહીને, હવે દુઃખતત્ત્વના કારણભૂત 'સમુદય' તત્ત્વની વ્યાખ્યા કરાય છે...

समुदेति यतो लोके रागादीनां गणोऽखिलः ।
आत्मात्मीयभावाख्यः समुदयः स उदाहृतः ।।६।।

શ્લોકાર્થ : જે કારણથી જગતમાં 'હું છું.' અને 'આ મારું છે.' ઇત્યાદિ આત્મીયભાવસ્વરૂપ (અહંકારસ્વરૂપ) રાગાદિભાવોનો [૩૩]સમુદાય ઉત્પન્ન થાય છે, તે સમુદય કહેવાય છે.

---

(૩૨) નામ-જાત્યાદિ યોજનારહિત નિર્વિકલ્પક જ્ઞાન 'વિજ્ઞાન' છે. નામ-જાત્યાદિ યોજનાસહિત સવિકલ્પક જ્ઞાન 'સંજ્ઞા' છે. અર્થાત્ પદાર્થના સાક્ષાત્કારને પણ સંજ્ઞા કહેવાય છે. જે વસ્તુમાં ગુરુત્વ હોય અને સ્થાન રોકતી હોય તે વસ્તુને રૂપ કહેવાય છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ અને તજ્જન્ય શરીર રૂપ કહેવાય છે. રૂપથી વિરુદ્ધધર્મો ધરાવતું અર્થાત્ ગુરુ ન હોય અને સ્થાન ન રોકે તે દ્રવ્ય 'નામ' કહેવાય છે. નામ અર્થાત્ મન અને માનસિકપ્રવૃત્તિઓ. બૌદ્ધમત મુજબ આત્મા નામરૂપાત્મક છે, એટલે કે શરીર, મન, ભૌતિક તથા માનસિક પ્રવૃત્તિઓના સમુચ્ચયસ્વરૂપ છે. પરંતુ સ્વતંત્ર ચેતનાસ્વરૂપ કે ચૈતન્યનો અધિષ્ઠાતા નથી.

દુઃખ સત્યની વ્યાખ્યા કરતાં ગૌતમબુદ્ધે કહ્યું છે કે પાંચે સ્કન્ધો જ્યારે વ્યક્તિની તૃષ્ણાનો વિષય બનીને પાસે આવે છે, ત્યારે તેને જ ઉપાદાનસ્કન્ધ કહેવાય છે. આ પાંચે ઉપાદાનસ્કન્ધો દુઃખરૂપ છે.

(૩૩) સમુદય એટલે કારણ. વિષમદુઃખનું કોઈ એક કારણ નથી. પણ કારણોની સઘળી શૃંખલા છે. તે શૃંખલાનું નામ દ્વાદશ નિદાન છે. તે આ પ્રમાણે - (૧) જરા-મરણ, (૨) જાતિ, (૩) ભવ, (૪) ઉપાદાન, (૫) તૃષ્ણા, (૬) વેદના, (૭) સ્પર્શ, (૮) ષડાયતન, (૯) નામરૂપ, (૧૦) વિજ્ઞાન, (૧૧) સંસ્કાર, (૧૨) અવિદ્યા.

અવિદ્યા દુઃખોનું મૂળકારણ છે. કારણ કે સમુદયશૃંખલાને પણ તે જ જન્માવે છે અને ટકાવે છે.

અવિદ્યા એટલે અજ્ઞાન, અજ્ઞાન પૂર્વજન્મનાં કર્મ અને અનુભવથી ઉત્પન્ન સંસ્કારનું કારણ છે. એટલે કે અવિદ્યા 'સંસ્કાર'ને જન્મ આપે છે. સંસ્કાર વિજ્ઞાનને જન્મ આપે છે. વિજ્ઞાનના કારણે ગર્ભમાં ભ્રૂણને

यतो यस्मात्समुदयाल्लोके लोकमध्ये रागादीनां रागद्वेषादिदोषाणां गणः समवायोऽखिलः समस्तः समुदेति समुद्भवति । कीदृशो गण इत्याह । आत्मात्मीयभावाख्यः । आत्मा स्वं, आत्मीयः स्वकीयः, तयोर्भावस्तत्त्वम् । आत्मात्मीयभावः अयमात्मा अयं चात्मीय इत्येवं संबन्ध इत्यर्थः । उपलक्षणत्वादयं परोऽयं च परकीय इत्यादि संबन्धो द्रष्टव्यः । स एवाख्या नाम यस्य स आत्मात्मीयभावाख्यः । अयं भावः-आत्मात्मीयसंबन्धेन परपरकीयादिसंबन्धेन वा यतो रागद्वेषादयः समुद्भवन्ति सः समुदयो नाम तत्त्वं बौद्धमत उदाहृतः कथितः । अत्रोत्तरार्धे सप्तनवाक्षरपादद्वये छन्दान्तरसद्भावाच्छन्दोभङ्गदोषो न चिन्त्यः, आर्षत्वात्प्रस्तुतशास्त्रस्य ।।६।।

ટીકાનો ભાવાનુવાદ :

જે કારણથી લોકમાં રાગ-દ્વેષાદિદોષોનો સમસ્તગણ ઉત્પન્ન થાય છે. (તે) કારણ સમુદય છે.)

પ્રશ્ન : તે રાગાદિભાવોનો સમુહ કેવા પ્રકારનો છે ?

ઉત્તર : આત્મા-આત્મીયભાવસ્વરૂપ છે. અર્થાત્ આત્મા એટલે 'હું' અને આત્મીય એટલે 'મારૂં,' આ બંનેનો ભાવ તે આત્મા-આત્મીયભાવ કહેવાય છે. અર્થાત્ 'આ હું છું' અને 'આ મારૂં છે' આવો ભાવાર્થ જાણવો. ઉપલક્ષણથી આ પર છે અને આ પારકું છે. ઇત્યાદિ સંબંધ

નામરૂપ મળે છે. નામરૂપ એટલે શરીર અને મન દ્વારા રચાતું સંસ્થાન. નામરૂપથી ષડાયતન જન્મે છે. પાંચ ઇન્દ્રિય અને મન એ ષડાયતન છે. ઇન્દ્રિય અને મન દ્વારા વિષયનો સંપર્ક થાય છે. તેને સ્પર્શ કહે છે. સ્પર્શ=ઇન્દ્રિયવિષયના સંપર્કથી સુખ, દુ:ખ કે ઉદાસીનતાની અનુભૂતિ થાય છે, તે વેદના છે. વેદનાથી તૃષ્ણા જન્મે છે. તૃષ્ણા=ઇચ્છા. તૃષ્ણાથી ઉપાદાન જન્મે છે. ઉપાદાન એટલે આસક્તિ. આસક્તિથી પુનર્જન્મ ઉત્પન્ન કરવાવાળું કર્મ='ભવ' ઉત્પન્ન થાય છે. ભવથી જન્મ અને જન્મથી જરા-મરણની ઉત્પત્તિ થાય છે.

આમ, આ દ્વાદશનિદાન દુ:ખનું કારણ બને છે. દ્વાદશનિદાનના પ્રત્યેકઅંગ પરસ્પરકાર્ય-કારણભાવથી સંકળાયેલા છે અને ભવચક્રનું કારણ છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેભવ આ કારણશૃંખલા સાથે સંબંધિત છે. અવિદ્યા અને સંસ્કાર આ બે નિદાન અતીતભવ સાથે સંબદ્ધ છે. વિજ્ઞાન, નામરૂપ, ષડાયતન, સ્પર્શ, વેદના, તૃષ્ણા, ઉપાદાન, ભવ આ આઠ વર્તમાનભવ સાથે સંબદ્ધ છે. જાતિ અને જરામરણ આ બે નિદાન ભવિષ્યજન્મ સાથે સંબદ્ધ છે.

દ્વાદશનિદાનની આ પ્રક્રિયાને પ્રતીત્યસમુત્પાદના નામે પણ ઓળખવામાં આવે છે. જે બૌદ્ધોનો મૂળ સિદ્ધાંત કહેવાય છે. પ્રતીત્ય અન્યના આધારે ઉત્પાદ=ઉત્પત્તિ, અર્થાત્ સાપેક્ષકારણતાવાદ.

પણ કરવો. કહેવાનો આશય એ છે કે હું અને મારા તથા પર-પરકીયના સંબંધથી જે રાગ-દ્વેષાદિદોષો પેદા થાય છે તે 'સમુદય' નામનું તત્ત્વ બૌદ્ધમતમાં કહેવાયેલું છે.

અહીં શ્લોકના ઉત્તરાર્ધમાં એકપદમાં સાતઅક્ષરો છે અને એકપદમાં નવઅક્ષરો છે, છતાં છંદભંગ દોષ ન જાણવો. કારણ કે આ શાસ્ત્ર ઋષિપ્રણીત હોવાથી આર્ષ છે. તેથી સાત-નવ અક્ષરવાળા બીજાછંદનો સદ્ભાવ પ્રાચીનપરંપરામાં હશે એમ માની લેવું. ॥૬॥

अथ दुःखसमुदयतत्त्वयोः संसारप्रवृत्तिनिमित्तयोर्विपक्षभूते मार्गनिरोधतत्त्वे प्रपञ्चयन्नाह-

હવે સંસારની પ્રવૃત્તિના નિમિત્તભૂત દુઃખ અને સમુદયતત્ત્વના વિપક્ષભૂત માર્ગ અને નિરોધ તત્ત્વનો વિસ્તાર કરતાં કહે છે કે....

क्षणिकाः सर्वसंस्कारा इत्येवं वासना यका ।
स मार्ग इह विज्ञेयो निरोधो मोक्ष उच्यते ।।७।।

શ્લોકાર્થ : સંસારના સર્વસંસ્કારો ક્ષણિક છે. આ પ્રકારની વાસનાને માર્ગતત્ત્વ તથા રાગાદિ વાસનાઓના સર્વથા નાશને નિરોધ અર્થાત્ મોક્ષ કહેવાય છે.

परमनिकृष्टः कालः क्षणः, तत्र भवाः क्षणिकः क्षणमात्रावस्थितय इत्यर्थः । सर्वे च ते संस्काराश्च पदार्थाः सर्वसंस्काराः क्षणविनश्वराः सर्वे पदार्था इत्यर्थः । तथा च बौद्धा अभिदधति । स्वकारणेभ्यः पदार्थ उत्पद्यमानः किं विनश्वरस्वभाव उत्पद्यंतेऽविनश्वरस्वभावो वा । *यद्यविनश्वरस्वभावः, तदा तद्व्यापिकायाः क्रमयौगपद्याभ्यामर्थक्रियाया अभावात्पदार्थस्यापि व्याप्यस्याभावः प्रसजति । तथाहि-यदेवार्थक्रियाकारि तदेव परमार्थसदिति । स च नित्योऽर्थोऽर्थक्रियायां प्रवर्तमानः क्रमेण प्रवर्तेत यौगपद्येन वा । न तावत्क्रमेण, यतो ह्येकस्या अर्थक्रियायाः करणकाले तस्यापरार्थक्रियायाः करणस्वभावो विद्यते न वा । यदि विद्यते, कुतः क्रमेण करोति । अथ सहकार्यपेक्षया इति चेत्, तेन सहकारिणा तस्य नित्यस्य कश्चिदतिशयः क्रियते न वा । यदि क्रियते, तदा किं पूर्वस्वभावस्य परित्यागेन क्रियतेऽपरित्यागेन वा । यदि परित्यागेन, ततोऽतादवस्थ्यापत्तेरनित्यत्वम् । अथ पूर्वस्वभावापरित्यागेन, ततस्तस्य नित्यस्य तत्कृतोपकाराभावात्किं सहकार्यपेक्षया कर्तव्यम् । अथाकिंचित्करोऽपि सहकारी तेन विशिष्टकार्यार्थमपेक्ष्यते । तदयुक्तं, यतः-

---

* (१) "अर्थक्रियासमर्थं यत् तदत्र परमार्थसत् । अन्यत् संवृत्तिसत् प्रोक्तं; ते स्वसामान्यलक्षणे ।।" [प्र. वा. २/३]
(२) यथा यत् सत् तत् क्षणिकमेव, अक्षणिकत्वेऽर्थक्रियाविरोधात् तल्लक्षणवस्तुत्वं हीयते । [हेतु बि. पृ. ५४]

"अपेक्ष्येत परः कश्चिद्यदि कुर्वीत किंचन । यदकिंचित्करं वस्तु किं केनचिदपेक्ष्यते ।।१।।" [प्र० वा० - ३ । २७९] अथ तस्य प्रथमार्थक्रियाकरणकालेऽपरार्थक्रियाकरणस्वभावो न विद्यते, तथा च सति स्पष्टैव नित्यताहानिः । अथासौ नित्योऽर्थो यौगपद्येनार्थक्रियां कुर्यात् । तथा सति प्रथमक्षण एवाशेषार्थक्रियाणां करणाद्द्वितीयक्षणे तस्याकर्तृत्वं स्यात् । तथा च सैवानित्यतापत्तिः । अथ तस्य तत्स्वभावत्वात् ता एवार्थक्रिया भूयो भूयो द्वितीयादिक्षणेष्वपि कुर्यात् तदसांप्रतं, कृतस्य करणाभावादिति । किं च द्वितीयादिक्षणसाध्या अप्यर्थसार्थाः प्रथमक्षण एव प्राप्नुवन्ति, तस्य तत्स्वभावत्वात्, अतत्स्वभावत्वे च तस्यानित्यत्वप्राप्तिरिति । तदेवं नित्यस्य क्रमयौगपद्याभ्यामर्थक्रियाविरहान्न स्वकारणेभ्यो नित्यस्योत्पाद इति । अथ विनश्वरस्वभावः समुत्पद्यते । तथा च सति विघ्नाभावादायातमस्मदुक्तमशेषपदार्थजातस्य क्षणिकत्वम् । तथा चोक्तम् "जातिरेव हि भावानां विनाशे हेतुरिष्यते । यो जातश्च न ध्वस्तो नश्येत्पश्चात्स केन च ।।१।।

टीकानो भावानुवाद :

પરમનિકૃષ્ટ કાલને ક્ષણ કહેવાય છે. તે ક્ષણમાં ઉત્પન્ન થનારા [૩૪]ક્ષણિક કહેવાય છે. અર્થાત્ ક્ષણ માત્ર રહેનારને ક્ષણિક કહેવાય છે. સર્વસંસ્કારો (પદાર્થો) ક્ષણવિનશ્વર હોય છે. અર્થાત્ એક ક્ષણ રહી નાશ પામે છે - આ પ્રમાણે બૌદ્ધો કહે છે. (આ વિષયમાં બૌદ્ધોની દલીલ છે કે...)

પોતાના કારણોથી ઉત્પન્નથતો પદાર્થ શું વિનાશના સ્વભાવવાળો ઉત્પન્ન થાય છે કે અવિનશ્વર સ્વભાવવાળો ઉત્પન્ન થાય છે ?

જો 'અવિનશ્વર સ્વભાવવાળા પદાર્થો ઉત્પન્ન થાય છે.' એમ માનશો તો યુગપદ્ અને ક્રમથી થનારી અર્થક્રિયાસ્વરૂપ વ્યાપકનો અભાવ થવાથી વ્યાપ્ય એવા પદાર્થનો પણ અભાવ થઈ જશે. **(વસ્તુની પોતાની જે ક્રિયા હોય કે જેનાથી તે ઓળખાતી હોય તે અર્થક્રિયા કહેવાય છે.)** તે આ પ્રમાણે-

(૩૪) બૌદ્ધોની માન્યતા એ છે કે... જગતના સર્વપદાર્થો પોત-પોતાના કારણોથી ઉત્પન્ન થાય છે તે એક નિર્વિવાદ વાત છે. તો હવે બતાવો કે કારણોથી ઉત્પન્ન થતા તે પદાર્થો વિનશ્વર સ્વભાવવાળા ઉત્પન્ન થાય છે કે અવિનશ્વર સ્વભાવવાળા ઉત્પન્ન થાય છે ? જો અવિનશ્વર સ્વભાવવાળા ઉત્પન્ન થાય છે, તો નિત્ય પદાર્થ હોવાથી અસત્ સિદ્ધ થઈ જશે. કારણ કે જે અર્થક્રિયા કરે છે તે જ પરમાર્થરૂપથી સત્ છે. અર્થક્રિયા અને પદાર્થની સત્તામાં કાર્ય-કારણભાવ છે. અર્થક્રિયા વ્યાપક છે તથા પદાર્થની સત્તા વ્યાપ્ય છે. અર્થક્રિયા ક્રમથી થાય છે કે યુગપદ્ ? નિત્યપદાર્થમાં ક્રમ કે યુગપદ્ બંને રીતે અર્થક્રિયા થતી નથી. તેથી સત્તાની વ્યાપક અર્થક્રિયાનો અભાવ છે, તો વ્યાપ્ય એવી સત્તાનો અભાવથવાથી અવિનશ્વર સ્વભાવવાળી વસ્તુનો પણ અભાવ થઈજાય છે.

જેમાં અર્થક્રિયાકારિત્વ હોય તે વસ્તુ પરમાર્થથી સત્ છે. અર્થક્રિયામાં પ્રવર્તેલો નિત્યપદાર્થ શું ક્રમથી પ્રવર્તે છે કે યુગપદ્ પ્રવર્તે છે ? અર્થાત્ નિત્યપદાર્થો અર્થક્રિયા ક્રમથી કરે છે કે યુગપદ્ કરે છે ?

નિત્યપદાર્થ ક્રમથી અર્થક્રિયા કરતો નથી. કારણ કે (જો તે ક્રમથી અર્થક્રિયા કરે છે, તેમ કહેશો તો) પ્રશ્ન થશે કે એકઅર્થક્રિયાના કાલમાં બીજીઅર્થક્રિયા કરવાનો સ્વભાવ તેનો હોય છે કે નહિ ?

જો એમ કહેશો કે 'એકઅર્થક્રિયાના કાલમાં બીજીઅર્થક્રિયા કરવાનો સ્વભાવ હોય છે.' તો પ્રશ્ન થશે કે ક્રમથી શાથી કરે છે ? અર્થાત્ બે અર્થક્રિયાઓનો એકસાથે કરવાનો સ્વભાવ સિદ્ધ થવાથી, ક્રમથી અર્થક્રિયા કરે છે તે વાત ઉડી જાય છે.

(નિત્યવાદિની માન્યતા છે કે.. નિત્યમાં જોકે સર્વ અર્થક્રિયાઓ કરવાનો સ્વભાવ હંમેશાં વિદ્યમાન હોય છે. પરંતુ જે જે કાર્યોના ઉત્પાદક અન્ય સહકારીકારણો જ્યારે-જ્યારે મળી જાય છે, ત્યારે નિત્ય તે તે કાર્યને ઉત્પન્ન કરી દે છે. આ રીતે સહકારીકારણોના ક્રમથી નિત્યપદાર્થ પણ ક્રમથી અર્થક્રિયા કરે છે. સહકારી કારણ તો અનિત્ય છે; આથી તેનું સન્નિધાન ક્રમથી જ થયાકરતું હોય છે. આ નિત્યવાદિ દલીલ કરે છે કે)

નિત્ય તો યુગપદ્ અર્થક્રિયા કરવા સમર્થ છે. પરંતુ સહકારી કારણસામગ્રી અનિત્ય હોવાથી, ક્રમથી સન્નિધાન થતું હોવાના કારણે નિત્યમાં ક્રમથી અર્થક્રિયા થાય છે- ત્યારે ક્ષણિકવાદિ પ્રશ્ન કરે છે કે...

તે સહકારીથી તે નિત્યપદાર્થમાં શું કોઈ અતિશય કરાય છે કે નહિ ?

જો તમે કહેશો કે સહકારીથી નિત્યપદાર્થમાં અતિશય થાય છે, તો અમારો પ્રશ્ન છે કે...

સહકારિધ્વારા નિત્યમાં અતિશય કરાય છે, ત્યારે પૂર્વના સ્વભાવના પરિત્યાગવડે કરાય છે કે પરિત્યાગ કર્યાવિના કરાય છે. ?

જો તમે એમ કહેશો કે પૂર્વસ્વભાવના ત્યાગપૂર્વક સહકારી નિત્યમાં અતિશય કરે છે, તો - તેનાથી મનમાં ચિંતવી નહિ હોય તેવી અનિત્યત્વની આપત્તિ આવશે. કારણકે તેના પોતાના નિત્યસ્વભાવનો સહકારિના સંનિધાનથી ત્યાગ કર્યો છે.

હવે જો એમ કહેશો કે સહકારી પૂર્વસ્વભાવનો પરિત્યાગ કરતો નથી. તો

અમારો પ્રશ્ન છે કે નિત્યઉપર સહકારિકૃત ઉપકાર થતો નથી, તો સહકારિની અપેક્ષા શા માટે રાખવાની ?

તો નિત્યવાદિ કહે છે કે... સહકારીકારણ નિત્યપદાર્થોમાં કોઈ નવીનઅતિશય ઉત્પન્ન કરતો

નથી - તથા નિત્યપદાર્થના પૂર્વસ્વભાવનો વિનાશ પણ કરતો નથી, તો પણ નિત્યપદાર્થ વિશિષ્ટકાર્યની ઉત્પત્તિના નિમિત્તથી અકિંચિત્કર સહકારિઓની પણ અપેક્ષા રાખે છે અને તે સહકારિઓની સાથે મળીને નિત્ય વિશિષ્ટકાર્યોને ઉત્પન્ન કરે છે.

ક્ષણિકવાદિ કહે છે કે તમારી આ વાત અયુક્ત છે. કારણ કે કહ્યું છે કે...

"પર પદાર્થ જો કોઈ કાર્ય કરે અથવા કોઈ પ્રયોજનને સાધી આપે તો જ તેની અપેક્ષા કરાતી હોય છે. જે અકિંચિત્કર છે તેની અપેક્ષા કોનાવડે કરાય ? ન જ કરાય."

હવે તમે એમ કહેશો કે "નિત્યપદાર્થોમાં પ્રથમ અર્થક્રિયા કરવાના સમયે, દ્વિતીયાદિ સમયોમાં થનારા કાર્યોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય હોતું નથી. (અર્થાત્ દ્વિતીયાદિ ક્ષણોમાં થનારી અર્થક્રિયા હોતી નથી). તથા દ્વિતીયાદિ સમયોમાં જ્યારે તે કાર્ય થવાનું હોયત્યારે સામર્થ્ય આવી જાય છે."

તે પ્રમાણે હોતે છતે તમે જ કહો કે નિત્યતા ક્યાં રહી ? અર્થાત્ નિત્યતાની હાનિ જ થઈ જશે, કારણકે નિત્યમાં જે સામર્થ્ય પ્રથમસમયે નહોતું, તે દ્વિતીયસમયમાં ઉત્પન્ન થઈ જાય છે. **કોઈપણ અવિદ્યમાન સ્વભાવનું ઉત્પન્ન થવું તે જ અનિત્યતા છે.**

હવે જો તમે એમ કહેશો કે... નિત્યપદાર્થ યુગપદ્ અર્થક્રિયાને કરે છે.

તો પ્રથમક્ષણમાં જ સઘળીયે અર્થક્રિયાઓ થઈ જવાથી દ્વિતીયાદિ ક્ષણોમાં નિત્યપદાર્થ અકર્તા બની જશે. કહેવાનો આશય એ છે કે નિત્યપદાર્થ પ્રથમક્ષણમાં જ દ્વિતીયાદિ અનંતક્ષણોમાં થનારી અર્થક્રિયાઓને કરી નાખી. તો પછી નિત્યપદાર્થ દ્વિતીયાદિ ક્ષણોમાં શું કરશે ? હવે તો પ્રથમ ક્ષણમાં જે કર્તા હતો, તે હવે અકર્તા બની જશે. વળી પ્રથમક્ષણે અર્થક્રિયા કરવાના કારણે નિત્યપદાર્થ સત્ હતો, તે હવે દ્વિતીયાદિ ક્ષણે અસત્ બની જશે. તેથી તેની નિત્યતા રહેશે નહિ. તેથી તેનામાં કર્તૃત્ત્વ અને અકર્તૃત્ત્વરૂપે પરિવર્તન થવારૂપ અનિત્યતા આવી પડશે.

જો તમે એમ કહેશો કે - "નિત્યપદાર્થનો એવો સ્વભાવ છે કે પ્રથમસમયમાં કરેલી સઘળીયે અર્થક્રિયાઓને તે દ્વિતીયાદિ ક્ષણોમાં વારંવાર કરે છે."

પરંતુ તમારી આ વાત ગ્રાહ્ય બની શકતી નથી, કારણ કે પ્રથમસમયમાં જે કાર્ય ઉત્પન્ન થઈ ગયું છે, તેને નિત્યપદાર્થ કેવી રીતે બીજી ક્ષણોમાં ઉત્પન્ન કરી શકે ? વળી નિત્યપદાર્થનો સ્વભાવ પ્રથમક્ષણમાં જ બધી અર્થક્રિયાઓ કરવાનો હોય તો, દ્વિતીયાદિ ક્ષણમાં થનારી સઘળી અર્થક્રિયાઓ પણ પ્રથમસમયમાં જ સંપન્ન થઈજશે અને જો...

"દ્વિતીયાદિક્ષણોમાં થનારાકાર્યોને પ્રથમક્ષણમાં કરવાનો સ્વભાવ નિત્યપદાર્થનો નથી" એમ માનશો તો અનિત્યત્વનો પ્રસંગ સ્પષ્ટ જ છે.

તેથી આ પ્રમાણે નિત્યપદાર્થની ક્રમથી કે યુગપદ્થી અર્થક્રિયાનો અભાવહોવાથી

સ્વકારણોથી અવિનશ્વરસ્વભાવવાળા નિત્યપદાર્થની ઉત્પત્તિ (માન્ય) બનતી નથી. અર્થાત્ નિત્યપદાર્થમાં ક્રમથી કે યુગપદ્ અર્થક્રિયા ઘટતી નથી. આથી "સ્વકારણોથી પદાર્થ અવિનશ્વર અર્થાત્ નિત્યસ્વભાવવાળો ઉત્પન્ન થાય છે." આ વાત પ્રમાણબાધિત છે.

હવે તમે એમ કહેશો કે "સ્વકારણોથી પદાર્થ વિનશ્વરસ્વભાવવાળો ઉત્પન્ન થાય છે."

તો આ પક્ષમાં અમારા દ્વારા મનાયેલ સર્વપદાર્થોનું ક્ષણિકત્વ કોઈપણ વિઘ્ન વિના સિદ્ધ થઈ જાય છે. અર્થાત્ અમારો ક્ષણિકસિદ્ધાંત નિર્બાધસ્વરૂપે સિદ્ધ થાય છે.

તેથી જ કહ્યું છે કે..

"પદાર્થોના વિનાશમાં, પદાર્થોની ઉત્પત્તિ જ કારણ મનાય છે. (અર્થાત્ પદાર્થનો એવો સ્વભાવ હોય છે કે ઉત્પત્તિની બીજી ક્ષણે નાશ પામે. આથી પદાર્થના નાશમાં ઉત્પત્તિ કારણ બને છે.) અને જે પદાર્થ ઉત્પન્ન થયાપછી અનંતરક્ષણમાં નષ્ટ થતો નથી, તેને પછીથી કોણ નાશ કરશે ? (અર્થાત્ તે નિત્ય બનીજશે. ક્યારે પણ નાશ થશેનહિ, પણ તેવું તો નથી જ.)"

नन्वनित्यत्वे सत्यपि यस्य घटादिकस्य यदैव मुद्गरादिसामग्रीसाकल्यं तदैव तद्विनश्वरमाकल्पते न पुनः प्रतिक्षणं, ततो विनाशकारणापेक्षाणामनित्यानामपि पदार्थानां न क्षणिकत्वमिति । तदेतदनुपासितगुरोर्वचः, यतो मुद्गरादिसन्निधाने सति योऽस्य घटादिकस्यान्त्यावस्थायां विनाशस्वभावः स स्वभावस्तस्यैवोत्पत्तिसमये विद्यते न वा । विद्यते चेत्, आपतितं तर्हि तदुत्पत्तिसमनन्तरमेव विनश्वरत्वम् । अथ न विद्यते स स्वभाव उत्पत्तिसमये, तर्हि कथं पश्चात्स भवेत् । अथेदृश एव तस्य स्वभावो यदुत कियन्तमपि कालं स्थित्वा तेन विनंष्टव्यमिति चेत्, तर्हि मुद्गरादिसन्निधानेऽप्येष एव तस्य स्वभावः स्यात् । ततो भूयोऽपि तेन तावत्कालं स्थेयम् । एवं च मुद्गरादिघातशतपातेऽपि न विनाशो भवेत् । जातं कल्पान्तस्थायित्वं घटादेः । तथा च जगद्व्यवहारव्यवस्था विलोपपातकपङ्किलता । इत्यभ्युपेयमनिच्छुनापि क्षणक्षयित्वं पदार्थानाम् । प्रयोगस्त्वेवम् । यद्विनश्वरस्वभावं तदुत्पत्तिसमयेऽपि तत्स्वरूपं, यथान्त्यक्षणवर्तिघटस्य स्वरूपम् । विनश्वरस्वभावं च रूपरसादिकमुदयत आरभ्येति स्वभावहेतुः । तदेवं विनाशहेतोरकिंचित्करत्वात् । स्वहेतुत एव पदार्थानामनित्यानामेवोत्पत्तेः क्षणिकत्वमवस्थितिमिति । ननु यदि क्षणक्षयिणो भावाः, कथं तर्हि स एवायमिति ज्ञानम् । उच्यते । निरन्तरसदृशापरापरक्षणनिरीक्षणचैतन्योदयादविद्यानुबन्धाच्च पूर्वक्षणप्रलय-

काल एव दीपकलिकायां दीपकलिकान्तरमिव तत्सदृशमपरं क्षणान्तरमुदयते । तेन समानाकारज्ञानपरंपरापरिचयचिरतरपरिणामान्निरन्तरोदयाच्च पूर्वक्षणानामत्यन्तोच्छेदेऽपि स एवायमित्यध्यवसायः प्रसभं प्रादुर्भवति । दृश्यते च यथा लूनपुनरुत्पन्नेषु नखकेशकलापादिषु स एवायमिति प्रतीतिः, तथेहापि किं न संभाव्यते सुजनेन । तस्मात्सिद्धमिदं यत्सत्तत्क्षणिकमिति । अत एव युक्तियुक्तमुक्तमेतत् क्षणिकाः सर्वसंस्कारा इति ।

ટીકાનો ભાવાનુવાદ :

શંકા : પદાર્થ અનિત્ય છે એ વાત સાચી, પરંતુ ઘટવગેરે પદાર્થોના નાશકહેતુ મુદ્ગર વગેરેનો સંયોગથાય ત્યારે જ ઘટાદિનો વિનાશ થાય છે. તેથી ઘટાદિને પ્રતિક્ષણ વિનાશી માનવા ઉચિત નથી. તેથી વિનાશના કારણોની અપેક્ષાવાળા અનિત્યપદાર્થોની પણ સ્થિતિ ત્યાં સુધી તો માનવી જ પડશે, કે જ્યાં સુધી વિનાશકકારણોનો સંયોગ ન થાય. આથી અનિત્ય પદાર્થો પણ કેટલોક સમય રહેવાવાળા છે. પ્રતિક્ષણ વિનાશી=ક્ષણિક નથી.

સમાધાન : આ શંકા કરનાર વ્યક્તિએ ગુરુની ઉપાસનાદ્વારા જ્ઞાન મેળવ્યું હોય તેમ લાગતું નથી. કારણકે અમારો તમને પ્રશ્ન છે કે... ઘટાદિની નાશકમુદ્ગરાદિસામગ્રી ઉપસ્થિત થતે છતે શું ઘટાદિનો અંતિમસમયે વિનાશ થવાનો છે તે વિનાશનો સ્વભાવ ઘટાદિની ઉત્પત્તિના સમયથી જ છે કે ઉત્પત્તિના સમયથી નથી ?

જો તમે એમ કહેશો કે "ઉત્પત્તિના સમયથી જ ઘટાદિનો વિનાશસ્વભાવ હોય છે." તો તો ઉત્પત્તિની બાદ તુરત જ ઘટાદિનો વિનાશ થઈજવાની આપત્તિ આવી જશે. અર્થાત્ ઉત્પત્તિની બાદ તુરત નાશ પામી જશે. તેથી આવી અવસ્થામાં પદાર્થ કાલાંતરમાં ન રહેવાના કારણે ક્ષણિક સિદ્ધ થઈ જાય છે.

જો તમે એમ કહેશો કે... "પદાર્થની ઉત્પત્તિનાસમયમાં વિનશ્વરસ્વભાવ (પદાર્થમાં) હોતો નથી"...

તો અમારો પ્રશ્ન છે કે... તે વિનશ્વરસ્વભાવ પદાર્થમાં પાછળથી કેવીરીતે આવ્યો ?

જો તમે એમ કહેશો કે.... "પદાર્થમાં ઉત્પત્તિસમયે વિનાશસ્વભાવ હોતો નથી, પરંતુ ઉત્પત્તિ પછી કેટલોકકાલ પદાર્થ રહીને નાશ પામે છે. આવો તે પદાર્થનો સ્વભાવ હોય છે."

તમારી આ વાત પણ ઉચિત નથી. કારણ કે મુદ્ગરાદિ નાશકસામગ્રી ઉપસ્થિતથવાછતાં પણ તે પદાર્થનો તે સ્વભાવ રહેશે. અર્થાત્ મુદ્ગરાદિ સામગ્રીના સદ્ભાવમાં પણ પદાર્થ કેટલોક

કાળ રહીને જ નાશ પામશે અને તેથી પદાર્થનો કેટલોક કાળ રહેવાનો સ્વભાવ હોવાના કારણે સેંકડો મુદ્ગરાદિના ઘા પડવા છતાં નાશ પામશે નહિ. અને કલ્પાંતકાલ સુધી ઘટાદિને રહેવાની આપત્તિ આવશે. તેથી નાશ્ય-નાશક, મૃત્યુ, આદિ જે જગતવ્યવસ્થા છે, તેના લોપકરવાદ્વારા પાપરૂપી કાદવથી લેપાઈજશો.

તેથી તમારે ઇચ્છા ન હોવાછતાં પણ પદાર્થોનું ક્ષણક્ષયિત્વ માનવું જ પડશે. વળી પદાર્થોના ક્ષણક્ષયિત્વને સિદ્ધ કરતો અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે-

यद्विनश्वरस्वभावं तदुत्पत्तिसमयेऽपि तत्स्वरुपं, यथा अन्त्यक्षणवर्तिघटस्य स्वरुपम् । અર્થાત્ જે (ઘટાદિનો) વિનશ્વરસ્વભાવ છે, તે ઘટાદિની ઉત્પત્તિના પ્રથમસમયે પણ તે સ્વરૂપે જ હોય છે. અર્થાત્ ઘટાદિ ઉત્પત્તિના પ્રથમસમયે પણ વિનશ્વરસ્વભાવવાળા હોય છે. જેમ કે અંત્યક્ષણવર્તિ ઘટનો વિનશ્વરસ્વભાવ હોય છે. કહેવાનો આશય એ છે કે ઘટાદિનો અંતિમ સમયે વિનશ્વરસ્વભાવ હોય તો ઉત્પત્તિના પ્રથમસમયે ચોક્કસ હોવોજોઈએ. કારણ કે ઉત્પત્તિના પ્રથમસમયે વિનશ્વરસ્વભાવ હતો ત્યારે જ અંતિમ સમયે આવ્યો ને ? જો ઉત્પત્તિના પ્રથમસમયે પણ વિનશ્વરસ્વભાવ નહિ માનો તો અંતિમસમયે તે સ્વભાવ કેવી રીતે આવી ગયો ? આવો પ્રશ્ન ઉપસ્થિત થશે. આથી ઉત્પત્તિના પ્રથમસમયે પણ વિનશ્વર સ્વભાવ હોય છે, તે જ અંતિમસમયમાં પણ હોય છે તેમ માનવું જ પડશે.

આ જ રીતે જગતના સમસ્ત રૂપ-રસાદિ પણ અંતમાં વિનશ્વર છે અને તે વિનશ્વર સ્વભાવ રૂપાદિના ઉદયથી આરંભીને જ હોય છે.

તેથી આ પ્રમાણે વિનાશકસામગ્રી અકિંચિત્કર બની જાય છે અને વિનશ્વરસ્વભાવસ્વરૂપ પોતાના સ્વભાવથી જ અનિત્યપદાર્થોની ઉત્પત્તિ થાય છે અને ક્ષણવાર રહીને નાશ પામે છે. અર્થાત્ વિનશ્વરસ્વભાવરૂપ સ્વકારણથી જ અનિત્યપદાર્થો ઉત્પન્ન થઈ ક્ષણવાર રહી નાશ પામે છે.

शंका : જો પદાર્થો ક્ષણમાં નાશ પામનારા છે. તો કેવી રીતે પદાર્થને જોઈને "તે આ જ છે" આવું જ્ઞાન થાય છે ? કહેવાનો આશય એ છે કે પદાર્થ ક્ષણમાં નાશ પામતો હોય તો થોડા સમય પૂર્વે જોયેલા ઘટમાં "આ તે જ ઘટ છે" આવું જ્ઞાન કેવી રીતે થાય ? કારણ કે થોડા સમય પૂર્વે જોયેલો ઘટ તો નાશ પામ્યો હતો ?

समाधान : નિરંતરસદૃશ અપર-અપરક્ષણનું નિરીક્ષણ કરનારા ચૈતન્યના ઉદયથી તથા અવિદ્યાના અનુબંધથી, જેમ પૂર્વક્ષણના વિનાશસમયમાં જ દીપકની જ્યોતમાં, બીજી તેની સમાન જ્યોત ઉદય પામે છે. (છતાં "તે આ જ દીપકલિકા (જ્યોત) છે" આવું જ્ઞાન થાય છે.) તેમ ક્ષણના વિનાશ પછી, તે ક્ષણની સમાન બીજીક્ષણનો ઉદય થાય છે, છતાં પણ "આ તે જ છે" આવુંજ્ઞાન થાય છે.

આમ વારંવાર સમાનઆકારવાળી ક્ષણની પરંપરાને જોતાં, સમાનાકારજ્ઞાનની પરંપરાના લાંબાગાળાના પરિચયના પરિણામથી તથા એકધારી સમાનઆકારવાળી ક્ષણોના ઉદયથી પૂર્વક્ષણોનો અત્યંત ઉચ્છેદ થવા છતાં પણ "આ તે જ છે" આવો અધ્યવસાય એકાએક પેદા થાય છે. (પરંતુ તે ભ્રમ છે. કારણ કે...) જેમ એકવાર કાપેલા નખ-કેશનો સમુહ, પુનઃ ઉત્પન્ન થશે ત્યારે તે નખ-કેશના સમુહમાં પણ "તે આ જ છે" આવુંજ્ઞાન થાય છે. (પણ તે ભ્રમ છે.)

આથી ક્ષણવિનશ્વર પદાર્થો હોય છે, છતાં એકક્ષણના વિનાશની સાથે બીજીક્ષણ સમાન આકારવાળી ઉત્પન્ન થાય છે. તેથી "તે આ જ છે" આવુંજ્ઞાન થાય છે. પરંતુ તેનાથી પદાર્થોનું ક્ષણવિનશ્વરત્વ હણાતું નથી. આ વસ્તુને સજ્જન(શંકાકાર)વડે કેમ વિચારાતું નથી ?

તેથી સિદ્ધ થાય છે કે... "यत्सत्तत्क्षणिकम्" અર્થાત્ "જે સત્ છે તે ક્ષણિક છે."

આથી "સર્વસંસ્કારો ક્ષણિક છે." આ અમારું કહેલું યુક્તિયુક્ત છે.

अथ प्रस्तुतं प्रस्तूयते-क्षणिकाः सर्वसंस्कारा इत्यत्रेतिशब्दात्प्रकारार्थात् नास्त्यात्मा कश्चन, किं तु ज्ञानक्षणसंताना एव सन्तीत्यादिकमप्यत्र गृह्यते । ततोऽयमर्थः क्षणिकाः सर्वे पदार्थाः, नास्त्यात्मेत्याद्याकारा, एवमीदृशी यका 'स्वार्थे कप्रत्यये' या वासना पूर्वज्ञानजनिता तदुत्तरज्ञाने शक्तिः क्षणपरंपराप्राप्ता मानसी प्रतीतिरित्यर्थः । स मार्गो नामार्यसत्यं, इह बौद्धमते विज्ञेयोऽवगन्तव्यः । सर्वपदार्थक्षणिकत्वनैरात्म्याद्याकारश्चित्त-विशेषो मार्ग इत्यर्थः । स च निरोधस्य कारणं द्रष्टव्यः । अथ चतुर्थमार्यसत्यमाह । निरोधो निरोधनामकं तत्त्वं, मोक्षोऽपवर्ग उच्यतेऽभिधीयते । चित्तस्य निःक्लेशावस्थारूपो निरोधो मुक्तिर्निगद्यत इत्यर्थः । एतानि दुःखादीन्यार्यसत्यानि चत्वारि यानि ग्रन्थकृतात्रानन्त-रमेवोक्तानि तानि सौत्रान्तिकमतेनैवेति विज्ञेयम् ।। ७ ।।

ટીકાનો ભાવાનુવાદ :

હવે પ્રસ્તુતશ્લોકની વ્યાખ્યા કરાય છે. "क्षणिका सर्वसंस्कारा इति" અહીં इति શબ્દ પ્રકારવાચિ છે. આથી "કોઈઆત્મા નથી, પરંતુ જ્ઞાનક્ષણ સંતાનો જ છે." અર્થાત્ આત્માકોઈ સ્વતંત્ર તત્ત્વ નથી, પરંતુ પૂર્વાપરજ્ઞાનના પ્રવાહસ્વરૂપ સંતાનો જ છે. ઇત્યાદિ પ્રકારોનો પણ સંગ્રહ થઈ જાય છે. તેથી શ્લોકનો ફલિતાર્થ એ છે કે 'सर्वे પદાર્થો ક્ષણિક છે, આત્મા નથી.' ઇત્યાદિ પ્રકારની જે વાસના છે કે જેને બૌદ્ધમતમાં માર્ગનામનું આર્યસત્ય કહે છે.

પ્રશ્ન : વાસના શું છે ?

ઉત્તર : પૂર્વજ્ઞાનથી ઉત્પન્ન થવાવાળા ઉત્તરજ્ઞાનમાં, પૂર્વજ્ઞાનની ક્ષણપરંપરાની જે શક્તિ

પ્રાપ્ત થાય છે, તેને વાસના કે માનસિક પ્રતીતિ કહે છે. અને તે વાસનાને બૌદ્ધમતમાં માર્ગ નામનું આર્યસત્ય કહેવાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે... સર્વપદાર્થોને ક્ષણિક માનવાસ્વરૂપ તથા નૈરાત્મ્યાદિનો (આત્મા નથી તેનો) સ્વીકાર કરવાસ્વરૂપ આકારવાળા ચિત્તવિશેષને માર્ગ કહેવાય છે. તે માર્ગ આર્યસત્ય નિરોધનું કારણ છે.

હવે ચોથા આર્યસત્યને કહે છે - નિરોધનામના તત્ત્વને મોક્ષ=અપવર્ગ કહેવાય છે. અર્થાત્ ચિત્તની નિક્લેશ અવસ્થાસ્વરૂપ નિરોધને મુક્તિ કહેવાય છે.

જે આ દુઃખાદિ ચારઆર્યસત્યો ગ્રંથકારશ્રીવડે કહેવાયા, તે (બૌદ્ધના ચાર ભેદ પૈકીના) સૌત્રાન્તિકમતની અપેક્ષાથી કહેવાયેલા જાણવા. ॥૭॥

वैभाषिकादिभेदनिर्देशं विना सामान्यतो बौद्धमतेन तु द्वादशैव ये पदार्था भवन्ति, तानपि संप्रति विवक्षुः श्लोकमेनमाह-

(૩૫)વૈભાષિકાદિ ઉત્તરભેદોના નિર્દેશવિના સામાન્યથી બૌદ્ધદર્શનવડે (મનાયેલા) જે બાર પદાર્થો છે, તે બારપદાર્થો કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી આ શ્લોકને કહે છે.

पञ्चेन्द्रियाणि शब्दाद्या विषयाः पञ्च मानसम् ।
धर्मायतनमेतानि द्वादशायतनानि च ।। ८ ।।

શ્લોકાર્થ: શ્રોત્રાદિ પાંચ ઇન્દ્રિયો, શબ્દાદિ પાંચ વિષયો, મન અને સુખાદિ ધર્મોનું આયતન (અતીન્દ્રિયવિષય) આ બાર 'આયતન' છે.

---

(૩૫) **બૌદ્ધોના ચાર ભેદ** (૧) વૈભાષિક, (૨) સૌત્રાન્તિક, (૩) યોગાચાર, (૪) માધ્યમિક.

(૧) **વૈભાષિકમતની માન્યતા :** તેનું બીજું નામ આર્યસમિતીય છે. **તેમનો મત આ પ્રમાણે છે.** વસ્તુ ચારક્ષણવાળી છે. તેમાં જાતિક્ષણ ઉત્પન્ન થાય છે, સ્થિતિક્ષણ સ્થાપે છે, જરાક્ષણ જર્જરીત કરે છે. વિનાશક્ષણ વિનાશ કરે છે. તે પ્રકારે આત્મા પણ તેવા પ્રકારનો જ પુદ્ગલ કહેવાય છે. અર્થની સાથે થનાર, એક સામગ્રીને અધીન જે નિરાકાર બોધ છે, તે અહીં અર્થમાં પ્રમાણ છે.

બૌદ્ધધર્મના સિદ્ધાંતનું કેન્દ્રબિંદુ અને બુદ્ધ-દર્શનનો સમસ્તસિદ્ધાંત જેના ઉપર પ્રતિષ્ઠત છે તેનું નામ ધર્મ છે. ધર્મ શબ્દનો પ્રયોગ ભારતીય દાર્શનિકજગતમાં ઘણા બધા અર્થોમાં થાય છે. બૌદ્ધદર્શનમાં ધર્મનો અભિપ્રાય ભૂત અને ચિત્તના સુક્ષ્મતત્ત્વોથી છે. જેનું પૃથક્કરણ વધારે થઈ શકતું નથી. તેના જ ધર્મોના આઘાત અને પ્રતિઘાતથી તે વસ્તુ સંપન્ન થાય છે. તેને જગત કહેવાય છે. આ જગત બૌદ્ધધર્મની કલ્પનાનુસાર ધર્મોના પરસ્પર મિલનથી એક સંઘાતમાત્ર છે. તે ધર્મો અત્યંત સુક્ષ્મ છે. તે સત્તાત્મક હોય છે. અને તેથી સત્તા બૌદ્ધધર્મના આદિકાલમાં તથા વૈભાષિક (સહિત સૌત્રાન્તિક અને યોગાચાર)ને સર્વથા માન્ય છે.

પુદ્ગલ-નૈરાત્મ્યને માનવાનું તાત્પર્ય ધર્મોની સત્તામાં વિશ્વાસ કરવો તે છે. નિર્વાણની કલ્પનાનો સંબંધ આ ધર્મોના અસ્તિત્વથી નિતાન્તગહન છે. આ ધર્મોના રૂપમાં ગૌતમબુદ્ધના ઉપદેશનો સારાંશ નીચેના શ્લોકમાં છે.

व्याख्या-पञ्चसंख्यानीन्द्रियाणि श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शन[A]रुपाणि । शब्दाद्याः शब्दरुपरसगन्धस्पर्शा पञ्च विषया इन्द्रियगोचराः । मानसं चित्तं यस्य शब्दायतनमिति नामान्तरम् । धर्माः सुखदुःखादयस्तेषामायतनं गृहं शरीरमित्यर्थः । एतान्यनन्तरोक्तानि द्वादशसंख्यान्यायतनान्यायतनसंज्ञानि तत्त्वानि, चः समुच्चये, न केवलं प्रागुक्तानि चत्वारि दुःखादीन्येव, किं त्वेतानि द्वादशायतनानि च भवन्ति । एतानि चायतनानि क्षणिकानि ज्ञातव्यानि । यतो बौद्धा अत्रैवमभिदधते । अर्थक्रियालक्षणं सत्त्वं प्रागुक्तन्यायेनाक्षणिकान्निवर्तमानं क्षणिकेष्वेवावतिष्ठते । तथा च सति सुलभं क्षणिकत्वानुमानं, यत्सत्तत्क्षणिकं, यथा प्रदीपकलिकादि । सन्ति च द्वादशायतनानीति । अनेन चानुमानेन द्वादशायतनव्यतिरिक्तस्यापरस्यार्थस्याभावात्, द्वादशस्वायतनेष्वेव क्षणिकत्वं व्यवस्थितं भवतीति । तदेवं सौत्रान्तिकमतेन चत्वारि दुःखादीनि तत्त्वानि ।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય, અને સ્પર્શેન્દ્રિય આ પાંચ ઇન્દ્રિયો છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ - આ પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. મન કે જેનું બીજું નામ શબ્દાયતન છે. સુખાદિ ધર્મોનું આયતન=ગૃહ શરીર છે. આ નજીકમાં કહેલા બારઆયતનો

ये धर्मा हेतु-प्रभवा हेतुं तेषां तथागतो ह्यवदत् ।
अवदच्च यो निरोधो एवंवादी महाश्रमणः ।।

આ જગતમાં જેટલા ધર્મો છે, તે હેતુથી ઉત્પન્ન થયેલા છે. તેઓના હેતુને બુદ્ધે બતાવેલા છે. તે ધર્મોનો નિરોધ પણ થાય છે. મહાશ્રમણે તેના નિરોધનું પણ કથન કરેલ છે.

ધર્મની કલ્પનાથી નીચેની બાબતો માન્ય કરે છે :

(૧) પ્રત્યેકધર્મ પૃથક્સત્તા રાખે છે - પૃથક્ શક્તિરૂપ છે.

(૨) એકધર્મનો બીજાધર્મની સાથે કોઈ પ્રકારનો અન્યોન્યાશ્રય, સમવાયસંબંધ નથી. આથી જ ગુણોથી અતિરિક્ત દ્રવ્યની સત્તા નથી હોતી. એ પ્રકારે ભિન્ન-ભિન્ન ઇન્દ્રિય ગ્રાહ્યવિષયોને છોડીને 'ભૂત' ની પૃથક્ સત્તા નથી હોતી. એ પ્રકારે ભિન્ન-ભિન્ન માનસિકવ્યાપારોથી અતિરિક્તઆત્માની સત્તા નથી. (ધર્મ=અનાત્મ)

(૩) ધર્મ ક્ષણિક હોય છે. એકક્ષણમાં એકધર્મ રહે છે. ચૈતન્ય સ્વયં ક્ષણિક છે. એકક્ષણથી અતિરિક્ત તે રહેતું નથી. ગતિશીલ શરીરોની વસ્તુતઃ સ્થિતિ હોતી નથી. પ્રત્યુત નવાસ્થાનોમાં નવાધર્મોના સંતાનરૂપમાં આવિર્ભાવ થાય છે કે જે ગતિશીલ દ્રવ્ય જેવું દેખાય છે. (ધર્મતત્ત્વ=ક્ષણિકત્વ)

(૪) ધર્મ પરસ્પરમળીને નવીનવસ્તુને ઉત્પન્ન કરે છે. કોઈધર્મ એકલો વસ્તુનું ઉત્પાદન કરતો નથી. ધર્મ પરસ્પર મળીને નવી વસ્તુનું ઉત્પાદન કરે છે. (સંસ્કૃત).

(A) "आयतनानीति द्वादशायतनानि - चक्खायतनं, रुपायतनं, सोतायनं, सद्दायतनं, घानायतनं, गन्धायतनं, रसायतनं, कायायतनं, फोट्टव्वायतं, मनायतनं धम्मायतनं ति ।" [वि, मृ. पृ. ३३४]

છે. તેને તત્ત્વો પણ કહેવાય છે. શ્લોકમાં 'च' સમુચ્ચયાર્થક છે. કહેવાનો આશય એ છે કે માત્ર પૂર્વે કહેલા દુઃખાદિ ચારઆર્યસત્યો જ તત્ત્વો નથી, પરંતુ આ બારઆયતનો પણ તત્ત્વો છે. તથા આ આયતનો ક્ષણિક જાણવા, કારણકે બૌદ્ધો આ વિષયમાં આ પ્રમાણે કહે છે કે ("यदेवार्थक्रियाकारि तदेव परमार्थसदिति" અર્થાત્ જે અર્થક્રિયાકારિ છે, તે પરમાર્થસત્ છે. આ વચનાનુસાર બારઆયતનોમાં પણ અર્થક્રિયાકારિત્વ છે. તેથી બારઆયતનો પરમાર્થથી સત્ છે.) અને 'यत् सत् तत् क्षणिकम्' આ પૂર્વે કહેલા ન્યાયથી બારઆયતનોમાંથી અક્ષણિકત્વ નિવર્તમાન થતાં ક્ષણિકત્વ જ આવીને ઉભું રહે છે. (કહેવાનો આશય એ છે કે પૂર્વે કહ્યું કે જે અર્થક્રિયાકારિ હોય તે સત્ અને જે સત્ હોય તે ક્ષણિક હોય છે. તેથી બારઆયતનોમાં અર્થક્રિયાકારિત્વ હોવાથી સત્ તો છે જ. અને અક્ષણિકમાં ક્રમથી કે યુગપદ્થી અર્થક્રિયા ઘટતી નથી. તેથી બારઆયતનોમાં અર્થક્રિયાકારિત્વ સ્વીકારતાં, તેને ક્ષણિક પણ સ્વીકારવા જ પડશે.) આ પ્રમાણે હોતે છતે આયતનોમાં ક્ષણિકત્વ ને સિદ્ધકરતું અનુમાન પણ સુલભ છે. જેમકે यत्सत्तत्क्षणिकं, यथा प्रदीपकलिका । આ અનુમાનથી જેમ દીપકની જ્યોત સત્ છે, તો ક્ષણિક પણ છે. તેમ બારઆયતનો સત્ છે, તો ક્ષણિક છે જ. આ અનુમાનથી બારઆયતનથી અતિરિક્ત બીજાપદાર્થનો અભાવ છે. (કારણકે જગતમાં જે કોઈ સત્ છે, તેનો આ બાર આયતનોમાં સમાવેશ થઈ જાય છે.) આથી ક્ષણિકત્વ બારઆયતનોમાં જ રહે છે. આ પ્રમાણે સૌત્રાન્ત્રિક સંમતમતથી ચાર દુઃખાદિ તત્ત્વો છે.

सामान्यतो बौद्धमतेन चायतनरूपाणि द्वादश तत्त्वानि प्रतिपाद्य, संप्रति प्रमाणस्य विशेषलक्षणमत्रामिधानीयम्, तच्च सामान्यलक्षणाविनाभावीति प्रथमं प्रमाणस्य सामान्यलक्षणमुच्यते ।"प्रमाणमविसंवादि ज्ञानम्" [प्र.वा. १/३ इति] । अविसंवादकं ज्ञानं प्रमाणम् । अविसंवादकत्वं चार्थप्रापकत्वेन व्याप्तमर्थाप्रापकस्याविसंवादित्वाभावात्,

(૫) ધર્મના પરસ્પરવ્યાપારથી જે કાર્ય ઉત્પન્ન થાય છે તે કાર્ય-કારણનિયમના વશમાં રહે છે. આ જગતના સર્વ ધર્મો પરસ્પર કાર્ય-કારણરૂપે સંબદ્ધ છે અને તેનું નામ પ્રતીત્યસમુત્પાદ છે. (જેનું વર્ણન આગળ કરેલ છે.)

(૬) આ જગત વસ્તુતઃ સુક્ષ્મ (૭૨ પ્રકારના) ધર્મોના સંઘાતનું પરિણામ છે. ધર્મનો એ સ્વભાવ છે કે તે કારણથી ઉત્પન્ન થાય છે. (હેતુ-પ્રભવ) અને પોતાના વિનાશની તરફ સ્વતઃ આગળ વધે છે. (નિરોધ)

(૭) અવિદ્યા અને પ્રજ્ઞા પરસ્પરવિરોધી ધર્મો છે. અવિદ્યાના કારણે જગતનો આ પ્રવાહ પૂરજોશમાં ચાલે છે. અને પ્રજ્ઞાધર્મનો ઉદય થવાથી આ પ્રવાહમાં હ્રાસ ઉત્પન્ન થાય છે અને તે ધીરે-ધીરે શાન્તિના રૂપમાં પરિણત થાય છે.

(૮) ધર્મોને ચાર ભાગમાં વહેંચેલ છે. (i) ચંચાલાવસ્થા, (દુઃખ) (ii) ચંચલાવસ્થાનું કારણ (સમુદય), (iii) પરમ શાન્તિની દશા (નિરોધ), (iv) શાંતિનો ઉપાય (માર્ગ).

(૯) આ જગતની પ્રક્રિયાનું ચરમ અવસાન 'નિરોધ'માં છે. જે નિર્વિકારશાંતિની દશા છે. તે સમયે સંઘાતનો નાશ થઈ જાય છે. (असंस्कृत=નિર્વાણ). આ માન્યતાઓને સૂત્રરૂપે આ રીતે રાખી શકાય છે.

केशोण्डुकज्ञानवत् । अर्थप्रापकत्वं च प्रवर्तकत्वेन व्यापि, अप्रवर्तकस्यार्थाप्रापकत्वात् । तद्वदेव प्रवर्तकत्वमपि विषयोपदर्शकत्वेन व्यानशे । न हि ज्ञानं हस्ते गृहीत्वा पुरुषं प्रवर्तयति, स्वविषयं तूपदर्शयत्प्रवर्तकमुच्यते प्रापकं चेति । स्वविषयोपदर्शकत्वव्यतिरेकेण नान्यत्प्रापकत्वम् । तच्च शक्तिरूपम् । उक्तं च "प्रापणशक्तिः प्रामाण्यं तदेव च प्रापकत्वम्" [ ] इति । स्वविषयोपदर्शके च प्रत्यक्षानुमान एव, न ज्ञानान्तरम् । अतस्ते एव लक्षणार्हे, तयोश्च द्वयोरप्यवि[A]संवादकत्वमस्ति लक्षणम् । प्रत्यक्षेण ह्यर्थक्रियासाधकं वस्तु दृष्टतयावगतं सत्प्रदर्शितं भवति, अनुमानेन तु दृष्टलिङ्गाव्यभिचारितयाध्यवसितं सत्प्रदर्शितं भवतीत्यनयोः स्वविषयदर्शकत्वमेव प्रापकत्वम् । यद्यपि च प्रत्यक्षस्य क्षणो ग्राह्यः, स च निवृत्तत्वान्न प्राप्यते, तथापि तत्संतानोऽध्यवसेयः, प्रवृत्तौ प्राप्यत इति । संतानविषयं प्रदर्शितार्थप्रापकत्वमध्यक्षस्य प्रामाण्यम् । अनुमानस्य तु लिङ्गदर्शनेन विकल्प्यः स्वाकारो ग्राह्यो, न बाह्योऽर्थः । प्राप्यस्तु बाह्यः स्वाकाराभेदेनाध्यवसित इति । तद्विषयमस्यापि प्रदर्शितार्थप्रापकत्वं प्रामाण्यम् । तदुक्तम्-"न ह्याभ्यामर्थं परिच्छिद्य प्रवर्तमानोऽर्थक्रियायां विसंवाद्यते" इति[B]। प्राप्यमाणं च वस्तु नियतदेशकालाकारं प्राप्यत इति तथाभूतवस्तुप्रदर्शकयोः प्रत्यक्षानुमानयोरेव प्रामाण्यं, न ज्ञानान्तरस्य । तेन

धर्मता=नैरात्म्य=क्षणिकत्व=संस्कृतत्व=प्रतीत्यसमुत्पन्नत्व=सास्रवत्व=अनास्रवत्व=संक्लेश=व्यवदानत्व=दुःखनिरोध=संसार=निर्वाण.

धर्मोनुं वर्गीकरण : ते धर्मोना अस्तित्वमां वैभाषिकने विश्वास छे. आथी वैभाषिकोनी 'सर्वास्तिवादि' संज्ञा सार्थक छे. वैभाषिकोना मते आ नानात्मकजगत वस्तुतः सत्य छे. अने तेनी स्वतंत्रसत्तानो अनुभव आपणने आपणा प्रत्यक्षज्ञान द्वारा प्रतिक्षणमां थाय छे. चक्षु-इन्द्रियद्वारा आपणे घटने देखीए छीए, देखीने 'आ घट छे' एम जाणी शकीएछीए. तेनो पाणी लाववामां उपयोग पण करी शकीएछीए. इत्यादि आपणे प्रत्यक्ष अनुभवी शकीए छीए. आथी 'अर्थकारिता' होवाथी ते घट यथार्थ छे. अने ते यथार्थतानुं ज्ञान आपणने इन्द्रियोद्वारा प्रत्यक्षस्वरूपे थाय छे. **आथी जगतनी स्वतंत्रसत्ता प्रत्यक्षगम्य छे, आ वैभाषिकोनुं मुख्यतथ्य छे.**

आ जगत बे प्रकारनुं छे. (१) बाह्य (घटादि स्वरूप) अने (२) आभ्यन्तर (सुख-दुःखादिरूप).

भूत तथा चित्त. आ बंने प्रकारना जगतनी सत्ता स्वतंत्र अर्थात् परस्परनिरपेक्ष छे.

जगतनी मूलभूतवस्तुओ(धर्मो)ना विभाग वैभाषिकोओ बे प्रकारे करेला छे. (अ) विषयीगत (ब) विषयगत.

(A) "तथा च प्रत्यक्षं प्रतिभासमानं नियतमर्थं दर्शयति । अनुमानं च लिङ्गसम्बद्धं नियतमर्थं दर्शयति । अत एते नियतस्यार्थस्य प्रदर्शके । तेन ते प्रमाणे । नान्यद्विज्ञानम्" [न्यायबि० टी० पृ० ११]

(B) उद्धृतमिदम् - तत्त्वोप० पृ०-२९ ।।

पीतशङ्खादिग्राहिज्ञानानामपि प्रापकत्वात्प्रामाण्यप्रसक्तिर्न भवति, तेषां प्रदर्शितार्थाप्रापकत्वात् । यद्देशकालाकारं हि वस्तु तैः प्रदर्शितं, न तत्तथा प्राप्यते, यच्च यथा प्राप्यते, न तैस्तत्तथा प्रदर्शितं, देशादिभेदेन वस्तुभेदस्य निश्चितत्वादिति न तेषां प्रदर्शितार्थप्रापकता, ततो न प्रामाण्यमपि । नापि प्रमाणद्वयव्यतिरिक्तं शब्दादिकं प्रदर्शितार्थप्रापकत्वेन प्रमाणं, तत्प्रदर्शितस्य देशाद्यनियतस्यार्थस्यासत्वेन प्रामुमशक्तेः । तत्प्रदर्शितार्थस्यानियतत्वं च साक्षात्पारंपर्येण वा प्रतिपाद्यादेरर्थस्यानुपपत्तेः । ततः स्थितं प्रदर्शितार्थप्रापणशक्तिस्वभावमविसंवादकत्वं प्रामाण्यं द्वयोरेव, प्रापणशक्तिश्च प्रमाणस्यार्थाविनाभावनिमित्तदर्शनपृष्ठभाविना विकल्पेन निश्चीयते । तथाहि-प्रत्यक्षं दर्शनापरनामकं यतोऽर्थादुत्पन्नं तद्दर्शकमात्मानं स्वानुरूपावसायोत्पादनान्निश्चिन्वदर्थाविनाभावित्वं प्रापणशक्तिनिमित्तं प्रामाण्यं स्वतो निश्चिनोतीत्युच्यते, न पुनर्ज्ञानान्तरं तन्निश्चायकमपेक्षतेऽर्थानुभूताविव । ततोऽविसंवादकत्वमेव प्रमाणलक्षणं युक्तम् ।। ८ ।।

ટીકાનો ભાવાનુવાદ :

સામાન્યથી બૌદ્ધમતાનુસાર બાર આયતનસ્વરૂપ તત્ત્વોનું પ્રતિપાદન કરીને, હવે પ્રમાણનું વિશેષલક્ષણ કહેવું જોઈએ. (અર્થાત્ બૌદ્ધમતના દેવ અને તત્ત્વનું સ્વરૂપ કહેવાયું. તેથી હવે ત્રીજાપ્રમાણનું વિશેષલક્ષણ કહેવું જોઈએ.) (પરંતુ) વિશેષલક્ષણ સામાન્યલક્ષણને અવિનાભાવિ હોય છે. તેથી પ્રથમપ્રમાણનું સામાન્યલક્ષણ કહેવાય છે. (કહેવાનો આશય એ છે કે પ્રમાણનું વિશેષલક્ષણ તો ત્યારે જ કહી શકાય કે જ્યારે પ્રમાણનું સર્વસામાન્યલક્ષણ ખ્યાલમાં હોય.)

(અ) **વિષયીગત વિભાજન :** વિષયીગત વિભાજન ત્રણ પ્રકારથી થાય છે. (i) પંચ સ્કન્ધ, (ii) દ્વાદશ આયતન, (iii) અઢાર ધાતુ.

(i) **પંચ સ્કન્ધ :** સ્થૂલરૂપથી આ જગત 'નામરૂપાત્મક' છે. આ શબ્દ પ્રાચીન ઉપનિષદોમાંથી લીધેલો છે. પરંતુ બુદ્ધે તેના અર્થનું કંઈક પરિવર્તન કરેલ છે. 'રૂપ' જગતના સમસ્તભૂતોનું સામાન્ય અધિવચન છે. 'નામ', મન તથા માનસિક પ્રવૃત્તિઓની સાધારણ સંજ્ઞા છે. જેને વેદના, સંજ્ઞા, સંસ્કાર તથા વિજ્ઞાનરૂપથી વિભક્ત કરવાથી ચાર સ્કન્ધો થાય છે.
એ પ્રકારે 'નામરૂપ'નું જ વિસ્તૃતવિભાજન 'પંચસ્કન્ધ' છે.

(ii) **બારઆયતન :** આયતનનો વ્યુત્પત્તિ અર્થ (आयं प्रवेशं तनोतीति आयतनम्) છે પ્રવેશમાર્ગ. વસ્તુનું જ્ઞાન એકલું જ ઉત્પન્ન થતું નથી. તેને અન્યવસ્તુઓની સહકારિતા અપેક્ષિત છે. ઇન્દ્રિયોની સહાયવિના વિષયના જ્ઞાનનો ઉદય થતો નથી. આમ જ્ઞાનોત્પત્તિના દ્વારભૂતહોવાથી ઇન્દ્રિય તથા તત્સમ્બદ્ધવિષયને 'આયતન' શબ્દદ્વારા અભિહિત કરેલ છે.

'અવિસંવાદિજ્ઞાનને પ્રમાણ કહેવાય છે.' આથી અવિસંવાદિજ્ઞાન જ પ્રમાણની કોટીમાં આવે છે. જે જ્ઞાન અર્થનું પ્રાપક હોય તે જ જ્ઞાન અવિસંવાદિ કહેવાય છે. જે જ્ઞાન અર્થનું પ્રાપક ન હોય, તે જ્ઞાન અવિસંવાદિ હોતું નથી. જેમકે કેશોંડુકનું જ્ઞાન. (આકાશમાં સૂર્યના પ્રકાશના કારણે બહાર ફરીને આવ્યાબાદ મકાનમાં માથાના વાળ જેવી કે ઉડુંક = મચ્છરો જેવી કાળી રેખાઓ તથા ધાબા હોય તેમ લાગે છે. તેને કશોંડુકજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાનમાં વાળ અને મચ્છરરૂપ અર્થની પ્રાપ્તિ થતી નથી, માટે તે પ્રતીતિ અવિસંવાદિ નથી. માટે પ્રમાણરૂપ નથી.) અર્થપ્રાપકત્વ પ્રવર્તકની સાથે વ્યાપ્ત હોય છે. અર્થાત્ અર્થપ્રાપકત્વ પ્રવર્તકની સાથે અવિનાભાવ રાખે છે. કારણ કે જે જ્ઞાન પ્રવર્તક નથી, તે જ્ઞાન અર્થની પ્રાપ્તિ કરાવીશકતું નથી. આ રીતે

	अध्यात्म आयतन (अभ्यन्तरद्वार याने इन्द्रिय)		**बाह्य आयतन**
(१)	चक्षुरिन्द्रिय आयतन	(७)	રૂપ આયતન
(२)	श्रोत्रइन्द्रिय आयतन	(८)	शब्द आयतन
(३)	घ्राणइन्द्रिय आयतन	(९)	ગંધ આયતન
(४)	जिह्वाइन्द्रिय आयतन	(१०)	રસ આયતન
(५)	स्पर्श(कायेन्द्रिय) आयतन	(११)	સ્પ્રષ્ટવ્ય આયતન
(६)	बुद्धि(मन)इन्द्रिय आयतन	(१२)	બાહ્ય ઇન્દ્રિયથી અગ્રાહ્યવિષય (ધર્મો અથવા ધર્માયતન)

વૈભાષિકો (સર્વાસ્તિવાદિ)ઓનું કથન છે કે તેમના સિદ્ધાંતને બુદ્ધે સ્વયં પ્રતિપાદન કરેલ છે. પોતાના ઉપદેશના સમયે તેમને સ્વયં કહેલું કે સમસ્તવસ્તુઓ વિદ્યમાન છે. કઈ વસ્તુઓ વિદ્યમાન છે ? એવા પ્રશ્નના જવાબમાં બુદ્ધે કહેલું કે બારઆયતન સર્વદા વિદ્યમાન રહે છે અને તેને છોડીને અન્યવસ્તુઓ વિદ્યમાન રહેતી નથી. આ કથનનો એ અર્થ છે કે વસ્તુની સત્તાને માટે બારઆયતન આવશ્યક છે. તે કાં તો પૃથક્ ઇન્દ્રિયરૂપે અથવા કાંતો પૃથક્ ઇન્દ્રિય ગ્રાહ્યવિષય હોવો જોઈએ. આ બંનેમાંથી એકપણ ન હોય, તો તેની સત્તા માન્ય નથી. જેમકે 'આત્મા'ની સત્તા, જે ન તો ઇન્દ્રિય છે, ન તો ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્યવિષય છે. આથી આત્માની સત્તા નથી.

(iii) અઢાર ધાતુ : ('ધાતુ' શબ્દ વૈદ્યકશાસ્ત્રાનુસાર લીધેલ છે, તે) અનુસાર આ શરીરમાં અનેકધાતુઓનો સન્નિવેશ છે. આ પ્રકારે બુદ્ધધર્મ આ જગતમાં અનેકધાતુઓની સત્તા માને છે.

અથવા 'ધાતુ' શબ્દ ખનીજપદાર્થોના માટે વ્યવહૃત થાય છે. જે પ્રકારે ખાણમાંથી ધાતુબહાર નિકાળવામાં આવે છે, તે પ્રકારે સત્તાભૂત જગતના ભિન્ન-ભિન્ન અવયવો યા ઉપકરણોને 'ધાતુ' કહેવાય છે. **જે શક્તિઓના એકીકરણથી ઘટનાઓનો એક પ્રવાહ (સંતાન) નિષ્પન્ન થાય છે. તેની સંજ્ઞા 'ધાતુ' છે.** છ ઇન્દ્રિય, છ વિષયો તથા છ વિજ્ઞાનો, એમ અઢારધાતુ છે. ઇન્દ્રિય અને વિષયનું વર્ણન ઉપર છે. ઇન્દ્રિયો વિષયની સાથે સંપર્કમાં આવવાથી એક પ્રકારનું વિશિષ્ટજ્ઞાન (વિજ્ઞાન) ઉત્પન્ન થાય છે. તે ઇન્દ્રિયોની સંખ્યાને અનુસાર ૬ પ્રકારનું છે.

ત્રૈધાતુક જગતનો પરસ્પરભેદ : બૌદ્ધધર્મ આ વિશ્વને ત્રણલોકમાં વિભક્ત કરે છે. અને તેના માટે 'ધાતુ' શબ્દ પ્રયુક્ત છે. (ઉપરના વિભાજનમાં ધાતુ શબ્દ ભિન્ન અર્થમાં છે.) જગત બે પ્રકારનું છે. (૧) ભૌતિક (રૂપધાતુ), (૨) અભૌતિક ધાતુ.

પ્રવર્તક પણ વિષયોપદર્શનની સાથે અવિનાભાવ સંબંધ રાખે છે. (કારણ કે જે જ્ઞાન પોતાના વિષયનું યથાર્થ ઉપદર્શન અર્થાત્ પ્રતિભાસ કે નિશ્ચય કરાવે છે, તે જ પ્રવૃત્તિમાં પ્રયોજક બનવા દ્વારા પ્રવર્તક બની શકે છે અને તે પ્રાપક પણ કહેવાય છે.) જ્ઞાન જ્ઞાતા એવા પુરુષનો હાથ પકડીને પદાર્થ સુધી લઈ જતું નથી. પરંતુ જ્ઞાન પોતાના વિષયને બતાવવા દ્વારા પ્રવર્તક બને છે અને પ્રાપક બને છે. (કારણ કે) પોતાના વિષયને બતાવવા સિવાય બીજી કોઈ પ્રવર્તકતા કે પ્રાપકતા જ્ઞાનમાં હોતી નથી. જ્ઞાનની આ પ્રાપકતા શક્તિ સ્વરૂપ છે. કહ્યું છે કે 'प्रापणशक्तिः प्रामाण्यं तदेव च प्रापकत्वम्" અર્થાત્ પ્રાપણશક્તિને જ પ્રામાણ્ય કહેવાય છે અને તે શક્તિનું હોવું તે જ પ્રાપકત્વ છે. (અર્થાત્ અર્થને પ્રાપ્ત કરાવી આપવાની શક્તિને જ પ્રામાણ્ય કહેવાય છે અને તે જ શક્તિનું (જ્ઞાનમાં) હોવું તે પ્રાપકત્વ છે.)

---

* ભૌતિકલોક બે પ્રકારનો થાય છે. વાસના-કામનાથી યુક્ત લોક=કાયધાતુ તથા કામનાહીન, વિશુદ્ધભૂત નિર્મિત (જગત) રૂપધાતુ છે.

* કાયધાતુમાં જે જીવ નિવાસ કરે છે, તેમાં અઢારે ધાતુ વિદ્યમાન રહે છે.

(બ) **વિષયગત વર્ગીકરણ :** વૈભાષિકો (સર્વાસ્તિવાદિઓ) એ ધર્મોની સંખ્યા ૭૫ માની છે. તેની પહેલા થયેલા સ્થવિરવાદિઓએ ૧૭૦ માની છે. અને તેની પછી થનારા યોગાચારે ૧૦૦ માની છે.

ત્રણે સંપ્રદાયોને અનુસારે ધર્મના પ્રથમતઃ બે વિભાગ છે. (૧) સંસ્કૃત, (૨) અસંસ્કૃત.

સંસ્કૃત - सम्=सम्भूय अन्योन्यमपेक्ष्य कृताः जनिता इति संस्कृताः અર્થાત્ પરસ્પરમળીને, એકબીજાની સહાયતાથી ઉત્પન્ન થવાવાળા ધર્મો તે સંસ્કૃત કહેવાય છે.

સંસ્કૃતધર્મ હેતુપ્રત્યયથી ઉત્પન્ન થાય છે અને તેથી તે અસ્થાયી, અનિત્ય, ગતિશીલ તથા આશ્રવ (રાગાદિ મળો)થી સંયુક્ત હોય છે. એનાથી વિપરીતધર્મોને અસંસ્કૃત કહેવાય છે, કે જે હેતુપ્રત્યયથી ઉત્પન્ન થતા નથી. આથી જ સ્થાયી, નિત્ય, ગતિહીન તથા અનાશ્રવ હોય છે. અસંસ્કૃતધર્મના અવાન્તરભેદ નથી. પરંતુ સંસ્કૃત ધર્મોના ચાર અવાન્તરભેદ વૈભાષિકોએ કર્યા છે. (૧) રૂપ, (૨) ચિત્ત, (૩) ચૈત્તસિક તથા (૪) ચિત્તવિપ્રયુક્ત. (આ ચારભેદો યોગાચારને પણ માન્ય છે પરંતુ સ્થવિરવાદિઓને અંતિમપ્રભેદ (ચિત્ત વિપ્રયુક્ત) માન્ય નથી.)

તુલનાત્મક વર્ગીકરણ

ધર્મ		સ્થવિરવાદિ	સર્વાસ્તિવાદિ	યોગાચાર
અસંસ્કૃત		૧	૩	૬
સંસ્કૃત	રૂપ	૨૮	૧૧	૧૧
	ચિત્ત	૮૯	૧	૮
	ચૈત્તસિક	૫૨	૪૬	૫૧
	ચિત્તવિપ્રયુક્ત	X	૧૪	૨૪
		૧૭૦	૭૫	૧૦૦

* વૈભાષિકોના મતાનુસાર સંસ્કૃતધર્મોના ૭૫ ભેદોનું વર્ણન :-

પ્રત્યક્ષ અને અનુમાન જ પોતાના વિષયના ઉપદર્શક છે. તે સિવાયના જ્ઞાન સ્વ-વિષયના ઉપદર્શક નથી. અર્થાત્ પ્રત્યજ્ઞ અને અનુમાન પોતાના વિષયનું યથાર્થજ્ઞાન કરાવે છે. તે સિવાય બીજા કોઈ જ્ઞાન નથી કે જે વસ્તુનું યથાર્થજ્ઞાન કરાવી શકે. આથી પ્રત્યક્ષ અને અનુમાન આ બે જ લક્ષણ માટે યોગ્ય છે. અર્થાત્ પ્રત્યક્ષ-અનુમાન સ્વવિષયના યથાર્થઉપદર્શક હોવાના કારણે લક્ષણ માટે યોગ્ય છે.

વળી અનુમાન અને પ્રત્યક્ષ બંનેનું પણ (સામાન્ય)લક્ષણ અવિસંવાદિકત્વ છે. પ્રત્યક્ષ અર્થક્રિયાસાધક (સ્વલક્ષણસ્વરૂપ) વસ્તુને સાક્ષાત્ વિષયકરીને, તેનું ઉપદર્શક બને છે અને તેથી તેમાં પ્રાપકત્વ આવે છે.

---

(૧) રૂપ - ૧૧ પ્રકારે છે :

(૧) ચક્ષુરિન્દ્રિય, (૨) શ્રોત્રેન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય, (૪) રસનેન્દ્રિય, (૫) કાય ઇન્દ્રિય, (૬) રૂપ (૭) શબ્દ, (૮) ગંધ, (૯) રસ, (૧૦) સ્પ્રષ્ટવ્ય વિષય, (૧૧) અવિજ્ઞપ્તિ.

રૂપનો અર્થ સાધારણ ભાષામાં 'ભૂત' છે. રૂપની વ્યુત્પત્તિ છે રુપ્યતે ઇતિ રુપમ્ - જે ધર્મ રૂપ ધારણ કરે તે. રુપનું લક્ષણ અપ્રતિઘત્વ છે. પ્રતિઘ એટલે રોકવું. બૌદ્ધધર્માનુસાર રૂપધર્મ એકસમયમાં જે સ્થાનને ગ્રહણ કરે છે, તે સ્થાન બીજાનાદ્વારા ગ્રહણ કરી શકાતું નથી.

પાંચ ઇન્દ્રિય : વૈભાષિક (સર્વાસ્તિવાદિ) યથાર્થવાદિદર્શન છે. અર્થાત્ આપણી ઇન્દ્રિયો દ્વારા બાહ્ય જગતનું જે સ્વરૂપ પ્રતીત થાય છે તેને તે સત્ય અને યથાર્થ માને છે. તે પરમાણુઓની સત્તા માને છે. વિષય પરમાણુના પુંજરૂપ નથી, પ્રત્યુત ઇન્દ્રિયો પણ પરમાણુજન્ય છે. જેને આપણે સાધારણતયા 'નેત્ર' નામથી ઓળખીએ છીએ. તે વસ્તુત: ચક્ષુરિન્દ્રિય નથી. ચક્ષુ વસ્તુત: અતીન્દ્રિયપદાર્થ છે. જેની સત્તા ભૌતિકનેત્રમાં વિદ્યમાન છે. નેત્ર અનેકપરમાણુઓનો પુંજ છે. તેમાં ચારમહાભૂત (પૃથ્વી, અપ્, તેજ વાયુ)ના અને ચાર ઇન્દ્રિય ગ્રાહ્ય(શબ્દ સિવાયના)વિષયોના પરમાણુઓ વિદ્યમાન જ હોય છે. સાથે જ તેમાં કાયેન્દ્રિય તથા ચક્ષુરિન્દ્રિયના પણ પરમાણુઓનું અસ્તિત્વ હોય છે. આ રીતે નેત્ર પરમાણુઓનું સંઘાત છે.

શ્રોત્રેન્દ્રિય, જેમ વૃક્ષની છાલ ઉતારી લેવામાં આવે તો આપોઆપ છાલ પાછી આવી જાય છે, તેમ જે પરમાણુ કે જેનાથી શ્રોત્ર બની છે તે નિરંતર પાછા આવી જાય છે.

ઘ્રાણેન્દ્રિયના પરમાણુ નાકની અંદર રહે છે. રસેન્દ્રિયના પરમાણુ જિહ્વાઉપર રહે છે અને તેનો આકાર તેનો અર્ધચંદ્ર જેવો છે. કાય(સ્પર્શ) ઇન્દ્રિયના પરમાણુ સમસ્તશરીરમાં ફેલાયેલા હોય છે. શરીરમાં જેટલા પરમાણુ હોય છે, તેટલા જ કાયેન્દ્રિયના પરમાણુની સંખ્યા રહે છે. આ રીતે રૂપના ૧૧ પ્રકારમાંથી પાંચ કહેવાયા.

(૬) **રૂપ:** ચક્ષુનો વિષય રૂપ છે. જે પ્રધાનતયા બે પ્રકારનો છે (૧) વર્ણ (રંગ) અને (૨) સંસ્થાન (આકૃતિ)

* **વર્ણ બાર પ્રકારના છે :** નીલ, પીત, લોહિત, અવદાત (શુભ્ર) ચાર પ્રધાનવર્ણ છે તથા મેઘ (મેઘનો રંગ), ધૂમ, રજ, મહિકા (પૃથ્વી યા જલથી નીકળવાવાળા નીહારનો રંગ), છાયા, આતપ (સૂર્યની ચમક), આલોક (ચંદ્રમાનો શીતપ્રકાશ,) અંધકાર આ આઠ અપ્રધાનવર્ણ છે.
* **સંસ્થાન આઠ પ્રકારનું છે :** દીર્ઘ, હ્રસ્વ, વર્તુળ (ગોળ), પરિમણ્ડલ (સૂક્ષ્મગોળ), ઉન્નત, અવનત, શાત (સમાકાર), વિશાત (વિષમ આકાર).
* **શબ્દ :** આઠ પ્રકાર છે. (૧) **ઉપાત્ત મહાભૂતહેતુક =** જ્ઞાન શક્તિ રાખવાવાળા પ્રાણીઓ દ્વારા ઉત્પન્ન. (૨) **અનુપાત્ત મહાભૂત હેતુક :** જ્ઞાન શક્તિથી હીનએચતનપદાર્થો દ્વારા ઉત્પન્ન. (૩) **સત્ત્વાખ્ય :** પ્રાણીજન્ય

(કહેવાનો આશય એ છે કે અર્થક્રિયાના યોગે જણાતી વસ્તુને સાક્ષાત્ વિષય બનાવી પ્રત્યક્ષ તે વસ્તુનું ઉપદર્શક બને છે. તેથી તેમાં પ્રાપકત્વ આવે છે.)

પરંતુ અનુમાન સાક્ષાત્ લિંગના દર્શન કરી, તેની સાથે અવિનાભાવે (અવ્યભિચરિતપણે) રહેલા લિંગીનો અધ્યવસાય કરીને, લિંગીનું યથાર્થ પ્રદર્શન કરે છે. (અર્થાત્ અનુમાન પર્વત

વર્ણાત્મકશબ્દ. (૪) **અસત્ત્વાખ્ય** : વાયુ-વનસ્પતિના સંતાનજન્ય ધ્વન્યાત્મકશબ્દ. પ્રત્યેકના મનોજ્ઞ અને અમનોજ્ઞ બે ભેદ છે. આ રીતે આઠ પ્રકાર છે.

(૮) **ગંધ** : ચાર પ્રકારે છે. (૧) સુગંધ, (૨) દુર્ગંધ, (૩) ઉત્કટ, (૪) અનુત્કટ. સમગંધ અને વિષમગંધ એમ બે ભેદ પણ અન્યત્ર ઉપલબ્ધ થાય છે. જેમાં સમગન્ધ શરીરનું પોષક છે અને વિષમગંધ શરીરને પોષક નથી.

(૧૦) **સ્પ્રષ્ટવ્ય = સ્પર્શ** : કાયેન્દ્રિયથી સ્પર્શની પ્રતીતિ થાય છે. તેના પ્રકાર ૧૧ છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ આ ચાર મહાભૂતોનો સ્પર્શ તથા ૭ ભૌતિકસ્પર્શ. શ્લક્ષ્ણ (ચિકાશ), કર્કશ, લઘુ (હલ્કા), ગુરુ (ભારે), શીત, બુભુક્ષા (ભૂખ) તથા પિપાસા

(૧૧) **અવિજ્ઞપ્તિ** : કર્મનો આ એક વિશિષ્ટપ્રકાર છે. કર્મ બે પ્રકારે છે. (૧) ચેતના (૨) ચેતનાજન્ય.

(चेतना मानसं कर्म तज्ज्ञे वाक् कायकर्मणी)- ચેતનાનો અર્થ માનસકર્મ. તથા 'ચેતનાજન્ય'નો અર્થ કાયિક અને વાચિકકર્મ છે. ચેતનાજન્ય પ્રકારના બે કર્મ છે. (૧) વિજ્ઞપ્તિ, (૨) અવિજ્ઞપ્તિ.

વિજ્ઞપ્તિનો અર્થ છે પ્રકટકર્મ. અવિજ્ઞપ્તિનો અર્થ અપ્રકટ-અનભિવ્યક્ત કર્મછે. કર્મનુ ફલ અવશ્ય મળે છે. કોઈક કર્મોનું ફલ પ્રકટ હોય છે, કોઈક કર્મોનું ફલ તુરત અભિવ્યક્તિ થતું નથી. પણ તે કાલાન્તરમાં ફલ આપે છે. આ બીજાપ્રકારના કર્મોની સંજ્ઞા 'અવિજ્ઞપ્તિ' છે. તે વસ્તુત: કર્મ ન કહેતાં કર્મનું ફલ છે.

દા. ત. કોઈ વ્યક્તિ કોઈ વ્રતનું અનુષ્ઠાન કરે, તે વિજ્ઞપ્તિકર્મ થયું. પરંતુ એના અનુષ્ઠાનથી તેનું વિજ્ઞાન ગૂઢરૂપથી શોભન બની જાય છે તે અવિજ્ઞપ્તિકર્મ.

આ પ્રકારના અવિજ્ઞપ્તિને(કર્મને) જ વૈશેષિકો 'અદૃષ્ટ' અને મીમાંસકો 'અપૂર્વ' કહે છે. વૈશેષિકમતમાં કોઈ ઘટનાઓ એવી હોય છે કે જેના કારણો આપણે પ્રત્યક્ષ જાણી શકતા નથી, એથી 'અદૃષ્ટ' કારણ કહેવાય છે.

મીમાંસકો માને છે કે કરેલા યજ્ઞ-યાગનું ફલ તાત્કાલિક ઉત્પન્ન થતું નથી. પરંતુ તે 'અપૂર્વ' ઉત્પન્ન કરે છે. જે કાલાન્તરમાં તે તે કર્મના ફલની પ્રતિ કારણ બને છે.

અવિજ્ઞપ્તિને રૂપનો પ્રકાર માનવો યોગ્ય છે. કારણ કે જે પ્રકારે છાયા પદાર્થની પાછળ-પાછળ સદા ચાલે છે, તે પ્રકારે અવિજ્ઞપ્તિ પણ ભૌતિકકર્મનું અનુસરણ સર્વદા કરે છે.

(૨) **ચિત્ત : ૧ પ્રકારે છે. (૩) ચૈત્તસિક ૪૬ પ્રકારે છે** - તેનું અસંસ્કૃતધર્મ પછી વર્ણન છે.

(૪) **ચિત્તવિપ્રયુક્ત ધર્મ** : (૧૪ પ્રકારે)

આ ધર્મોનો ન તો ભૌતિકધર્મોમાં સમાવેશ થાય છે કે ન ચૈત્તધર્મોમાં.

(૧) **પ્રાપ્તિ** :- ધર્મોને સંતાનરૂપમાં નિયમિત રાખવાની શક્તિ.

(૨) **અપ્રાપ્તિ** : પ્રાપ્તિનો વિરોધી ધર્મ.

(૩) **નિકાય - સભાગતા** : પ્રાણીઓમાં સમાનતા ઉત્પન્નકરનારો ધર્મ. તે વૈશેષિકોના 'સામાન્ય'નું પ્રતીક છે.

(૪) **આસંજ્ઞિક** : આ શક્તિ જે પ્રાચીનકર્મોના ફલાનુસાર મનુષ્યને ચેતનાહીન સમાધિમાં પરિવર્તિત કરે છે.

(૫) **અસંજ્ઞી સમાપત્તિ** : માનસપ્રયત્ન, જેનાદ્વારા સમાધિની દશા ઉત્પન્ન થાય છે.

ઉપર દેખાતા સાક્ષાત્‌ધૂમ લિંગનું દર્શન કરી, તે ધૂમ(લિંગ)ની અવિનાભાવે રહેલા (અગ્નિરૂપ)લિંગીને બતાવવાનું કામ કરે છે અને તે જ અનુમાનનું પ્રાપકત્વ છે.)

આ પ્રમાણે પ્રત્યક્ષ અને અનુમાન સ્વવિષયનું ઉપદર્શક છે અને તેથી પ્રાપક પણ છે. અર્થાત્‌ સ્વવિષયોપદર્શકરૂપ પ્રાપક છે. એટલે કે પ્રત્યક્ષ અને અનુમાન બંનેમાં સ્વવિષયોપદર્શકરૂપ પ્રાપકત્વ છે.

---

(૬) **નિરોધ - સમાપત્તિ :** આ શક્તિ જે ચેતનાને બંધ કરીને નિરોધ ઉત્પન્ન કરે છે

(૭) **જીવિત :** જે પ્રકારે બાણ ફેંકવાના સમયે જે શક્તિનો પ્રયોગ કરાય છે તે બાણની નીચે પડવાના સમયને સૂચિત કરે છે. તે પ્રકારે જન્મના સમયની શક્તિ, મૃત્યુની સૂચના આપે છે - અર્થાત્‌ જીવિત રહેવાની શક્તિ.

(૮) **જાતિ-જન્મ : (૯) સ્થિતિ-જીવિત રહેવું (૧૦) જરા-વૃદ્ધાવસ્થા (૧૧) અનિત્યતા-નાશ (૧૨) નામ-કાર્ય=પદ (૧૩) પદ-કાર્ય=વાક્ય. (૧૪) વ્યંજન કાર્ય=વર્ણ**

* **વૈભાષિકમતાનુસાર અસંસ્કૃતધર્મ :-**

(પૂર્વે) અસંસ્કૃત શબ્દની વ્યાખ્યા કરતીવખતે બતાવેલ છે કે, આ ધર્મ હેતુ-પ્રત્યયથી ઉત્પન્ન થતો ન હોવાના કારણે સ્થાયી અને નિત્ય છે. આશ્રવ (રાગાદિ મલ)ના સંપર્કથી નિતાન્ત વિરહિત હોવાથી આ ધર્મો અનાશ્રવ (વિશુદ્ધ) તથા સત્યમાર્ગના દ્યોતક માનવામાં આવે છે.

સ્થવિરવાદિઓની (વૈભાષિકો સ્થવિરવાદિનો જ પ્રભેદ છે. તેની) કલ્પનામાં અસંસ્કૃતધર્મ એક જ છે અને તે નિર્વાણ છે. નિર્વાણનો અર્થ બુઝવું. જેમ અગ્નિ અથવા દીપક બુઝાઈ જાય છે. તૃષ્ણાના કારણે નામરુપ (વિજ્ઞાન તથા ભૌતિકતત્ત્વ) જીવનપ્રવાહનું રૂપ ધારણ કરીને સર્વદા પ્રવાહિત રહે છે. આ પ્રવાહના અત્યંત ઉચ્છેદને જ નિર્વાણ કહેવાય છે.

જે અવિદ્યા, રાગ-દ્વેષ આદિના કારણે આ જીવન-સંતાનની સત્તા બનેલી છે. તે અવિદ્યાના નિરોધ અથવા સમુચ્છેદથી નિર્વાણનો ઉદય થાય છે. અને તે આ જીવનમાં ઉપલબ્ધ થાય છે અથવા શરીરપાત થયા પછી ઉત્પન્ન થાય છે. તેથી તેના બે પ્રકાર છે (૧) સોપધિશેષ, (૨) નિરુપધિશેષ.

* આશ્રવો ક્ષીણથવાથી જે અર્હત્‌ જીવિત રહે છે, તેમાં પાંચ સ્કન્ધપ્રયુક્ત અનેક વિજ્ઞાન શેષ રહે છે. આથી તે નિર્વાણનું નામ છે **સોપધિશેષ :**

* શરીરપાત થવાથી સંયોજન(બંધન)ના ક્ષયની સાથે સાથે ઉપાધિઓ દૂર થઈજાય છે તેને **નિરુપધિશેષ** નિર્વાણ કહેવાય છે

* આ બંને નિર્વાણમાં એટલો ભેદ છે કે જે જીવનમુક્તિ અને વિદેહમુક્તિમાં છે. (જીવનમુક્તિ અને વિદેહમુક્તિ સેશ્વરવાદિ સાંખ્ય(પાંતજલ)ની માન્યતા છે.

ક્લેશ તથા કર્મની નિવૃત્તિથવાથી પુરૂષ જીવતે છતે મુક્ત થાય છે. તેને જીવનમુક્ત કહેવાય છે અને દેહછોડી દીધા બાદ તે વિદેહમુક્ત કહેવાય છે.) વૈભાષિકો (સર્વાસ્તિવાદિઓ) તે અસંસ્કૃતધર્મના ત્રણ પ્રકાર માનેલ છે. (૧) આકાશ, (૨) પ્રતિસંખ્યાનિરોધ, (૩) અપ્રતિસંખ્યાનિરોધ.

(૧) **આકાશ :** तत्राकाशम् अनावृत्ति : અનાવૃત્તિનું તાત્પર્ય એ છે કે આકાશ ન તો બીજાને આવરણ કરે છે. ન તો બીજા ધર્મો દ્વારા (પોતે) આવૃત્ત થાય છે. કોઈ પણ રૂપને પોતામાં પ્રવેશ કરતું અટકાવતું નથી. આકાશ નિત્ય, અપરિવર્તન અસંસ્કૃતધર્મ છે. આથી આકાશ ભાવાત્મકપદાર્થ છે. તે શૂન્યસ્થાન નથી. ન તો ભૂત યા ભૌતિક પદાર્થોનું નિશેષરૂપ છે.

[શંકા : તમારી માન્યતા પ્રમાણે પદાર્થ પ્રતિક્ષણ નાશ પામી રહ્યો છે. આથી પ્રત્યક્ષને જે અર્થક્ષણ ગ્રાહ્ય હતી અર્થાત્ પ્રત્યક્ષનો વિષય અર્થક્ષણ હતો, તે તો નાશ પામીગયો હોવાના કારણે પ્રવૃત્તિ કાલે રહેશે જ નહિ. તેથી તે અર્થક્ષણને પ્રાપ્ત કરાવવાદ્વારા કેવી રીતે ઉપદર્શક (પ્રાપક) બનશે ? અને તેથી કેવી રીતે અવિસંવાદક બનશે ? વળી તેથી પ્રત્યક્ષમાં પ્રાપકતા અને પ્રાપકતામૂલક પ્રમાણતા પણ કેવી રીતે આવશે ?]

(૨) **પ્રતિસંખ્યાનિરોધ :** 'પ્રતિસંખ્યા'નો અર્થ છે પ્રજ્ઞા અથવા જ્ઞાન. પ્રજ્ઞાદ્વારા ઉત્પન્ન સાસ્રવધર્મોનો પૃથક્-પૃથક્ વિયોગ. જો પ્રજ્ઞાનો ઉદયથવાથી કોઈ સાસ્રવધર્મના વિષયમાં રાગ કે મમતાનો સર્વથાપરિત્યાગ કરવામાં આવે તો તે ધર્મ માટે 'પ્રતિસંખ્યાનિરોધ' નો ઉદય થાય છે. જેમ કે સત્કાયદૃષ્ટિ એ સમસ્તક્લેશોની જનની છે. આથી જ જ્ઞાન દ્વારા તે ભાવનાનો સર્વથાનિરોધ કરી દેવો તે અસંસ્કૃતધર્મોનું સ્વરૂપ છે.

(૩) **અપ્રતિસંખ્યાનિરોધ :** એટલે પ્રજ્ઞા વિના જ નિરોધ. પૂર્વનિર્દિષ્ટ નિરોધ જ્યારે પ્રજ્ઞાવિના જ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે, ત્યારે તે અપ્રતિસંખ્યાનિરોધ કહેવાય છે. જે હેતુ-પ્રત્યયોના કારણે જે ધર્મ ઉત્પન્ન થાય છે, તેને જ દૂર કરી દેવાથી તે ધર્મ સ્વભાવતઃ નિરુદ્ધ થઈ જાય છે. જેમકે ઈન્ધનના અભાવથી અગ્નિ. આ નિરોધની વિશેષતા એ છે કે તે ભવિષ્યમાં ઉત્પન્ન થતો નથી.

'પ્રતિસંખ્યાનિરોધ'માં 'આશ્રવક્ષયજ્ઞાન' ઉત્પન્ન થાય છે. અર્થાત્ સમસ્તમલોના ક્ષીણ થવાથી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે. ભવિષ્યમાં તેની ઉત્પત્તિની સંભાવના બની રહી છે. પરંતુ 'અપ્રતિસંખ્યાનિરોધ'નું ફલ 'અનુત્પાદનજ્ઞાન' છે. ભવિષ્યમાં રાગાદિ ક્લેશોની કોઈપણ રીતે ઉત્પત્તિ થતી નથી. જેથી ભવચક્રથી સદા માટે મુક્તિલાભ કરી લે છે.

આ ત્રણે ધર્મો સ્વતંત્ર છે અને નિત્ય છે.

(૨) **ચિત્ત :** આ જગતમાં આત્માનામનો કોઈ સ્થાયી નિત્યપદાર્થ નથી. વસ્તુઓને ગ્રહણ કરનાર કોઈ સ્વતંત્રપદાર્થ નથી. તે કેવલ હેતુ અને પ્રત્યયના પરસ્પરમિશ્રણથી ઉત્પન્ન થાય છે. સાધારણરૂપે આપણે જેને 'જીવ' કહીએ છીએ. બૌદ્ધદર્શન તેના માટે 'ચિત્ત' શબ્દનો પ્રયોગ કરે છે. ચિત્તની સત્તા ત્યાં સુધી રહે છે, કે જ્યાં સુધી ઇન્દ્રિય તથા ગ્રાહ્યવિષયોના પરસ્પર ઘાત-પ્રતિઘાતનું અસ્તિત્વ છે. અને જ્યારે ઇન્દ્રિયો અને વિષયોના પરસ્પર ઘાત-પ્રતિઘાતનો અંત થઈ જાય છે. ત્યારે ચિત્તની પણ સમાધિ થઈ જાય છે. આ કલ્પના સર્વાસ્તિવાદિ (વૈભાષિક), સ્થવિરવાદિ, અને યોગાચાર ત્રણેને માન્ય છે. તેઓ માને છે કે સર્વદા ચિત્ત પ્રતિક્ષણ પરિવર્તન થતું રહે છે. અને કાર્ય-કારણના નિયમાનુસાર નવીનરૂપ ધારણ કરે છે.

બૌદ્ધદર્શનમાં ચિત્ત, મન તથા વિજ્ઞાન સમાનાર્થક માનવામાં આવે છે. જ્યારે આપણે ચિત્તની નિર્ણયાત્મકપ્રવૃત્તિ રાખવવાળા અંશઉપર પ્રધાનતા દેવાની હોય છે, ત્યારે આપણે 'મન'નો પ્રયોગ કરીએ છીએ.

ચિત્ત વસ્તુઓને ગ્રહણકરવામાં જ્યારે પ્રવૃત્ત થાય છે, ત્યારે ચિત્તની સંજ્ઞા 'વિજ્ઞાન' છે.

ચિત્તનો અર્થ છે - કોઈપણ વસ્તુનું સામાન્યજ્ઞાન, આલોચનમાત્ર કે નિર્વિકલ્પજ્ઞાન.

ચિત્ત વસ્તુતઃ એક જ ધર્મ છે. પરંતુ આલંબનોની ભિન્નતાને કારણે તેના સાતપ્રકાર આ પ્રમાણે થાય છે.

(૧) **મનસ્**-છઠ્ઠી ઇન્દ્રિયના રૂપમાં વિજ્ઞાનનું અસ્તિત્ત્વ. મન દ્વારા આપણે બાહ્યઇન્દ્રિયોથી અગોચરપદાર્થોને અથવા અમૂર્તપદાર્થોનું ગ્રહણ કરીએછીએ. મનોવિજ્ઞાનનો ઉદય થતેછતે પૂર્વક્ષણનું મન પ્રતીક થાય છે.

(૨-૬) ચક્ષુર્વિજ્ઞાન, ક્ષોત્રવિજ્ઞાન, ઘ્રાણવિજ્ઞાન, જિહ્વાવિજ્ઞાન, કાયવિજ્ઞાન - આલોચન જ્ઞાન જ્યારે ચક્ષુઆદિ ઇન્દ્રિયોસાથે સમ્બદ્ધ થાય છે, ત્યારે તેની તે તે વિભિન્ન સંજ્ઞાઓ થાય છે.

समाधान : જોકે પ્રત્યક્ષ (નિર્વિકલ્પક પ્રત્યક્ષ)નો સાક્ષાત્ગ્રાહ્ય વિષય થનારો પદાર્થ ક્ષણસ્થાયી છે અને તે દ્વિતીયક્ષણમાં નાશ પામતો હોવાથી બીજીક્ષણે પ્રાપ્ત થતો નથી. તો પણ તે પદાર્થની જે સંતાન છે, તે અધ્યવસેય = નિશ્ચયથી વિષય બને છે. અર્થાત્ પ્રત્યક્ષથી ઉત્પન્ન થવાવાળું વિકલ્પજ્ઞાન તે પદાર્થની સંતાનને વિષય બનાવે છે અને તે સંતાનરૂપ વિષય પ્રવૃત્તિની પછી

---

(૩) **ચૈત્તધર્મ :** ચિત્તની સાથે ધનિષ્ટરૂપથી સંબંધ રાખવાના કારણે ચૈત્તધર્મને "चित्तसंप्रयुक्त धर्म" પણ કહેવાય છે. ચૈત્તધર્મની સંખ્યા ૪૬ છે. તે નીચેના છ પ્રકારોમાં વહેંચેલ છે.

(ક) **ચિત્તમહાભૂમિક ધર્મ :** સાધારણ માનસિકધર્મ છે. જે વિજ્ઞાનની પ્રતિક્ષણમાં વિદ્યમાન રહે છે. આ ધર્મની સંખ્યા દસ છે

(૧) **વેદના** - સુખ, દુઃખ, અસુખદુઃખ-ઉદાસીનતા. (૨) **સંજ્ઞા** - નામ (૩) **ચેતના** - પ્રયત્ન (चित्तप्रस्यन्दः)

(૪) **છન્દ** - ઇચ્છિતવસ્તુની અભિલાષા (૫) **સ્પર્શ** - વિષય તથા ઇન્દ્રિયોનો પ્રથમસંબંધ (૬) **પ્રજ્ઞા** : મતિ, વિવેક જેના દ્વારા સંકીર્ણધર્મોનું સંપૂર્ણ પૃથક્કરણ થાય છે. (૭) **સ્મૃતિ:** સ્મરણ (૮) **મનસિકાર:** અવધાન (૯) **અધિ મોક્ષ** : વસ્તુની ધારણા (૧૦) **સમાધિ :** ચિત્તની એકાગ્રતા

(ખ) **કુશલમહાભૂમિક ધર્મ :** દસ શોભન નૈતિકસંસ્કાર છે કે જે સારા કાર્યો છે. તે અનુષ્ઠાનની પ્રતિક્ષણમાં વિદ્યમાન રહે છે.

(૧) **શ્રદ્ધા :** ચિત્તની વિશુદ્ધિ (૨) **અપ્રમાદ :** સારા કાર્યોમાં જાગૃતિ. (૩) **પ્રશ્રબ્ધિ :** ચિત્તની લઘુતા (૪) **અપેક્ષા :** ચિત્તની સમતા - પ્રતિકૂલવસ્તુથી પ્રભાવિત ન થવું (૫) **હ્રી :** આપણા કાર્યોની લજ્જા, (૬) **અપત્રયા :** બીજાના કાર્યોની તરફ લજ્જા (૭) **અલોભ :** ત્યાગભાવ (૮) **અદ્વેષ** - મૈત્રી (૯) **અહિંસા** (૧૦) **વીર્ય :** શુભકાર્યમાં ઉત્સાહ

(ગ) **ક્લેશમહાભૂમિક ધર્મ :** ખોટા કાર્યોના વિજ્ઞાનની સમ્બદ્ધ છ ધર્મ છે. (૧) **મોહ :** (અવિદ્યા) - અજ્ઞાન, પ્રજ્ઞાથી વિપરીત ધર્મ - સંસારનુ મૂલ (૨) **પ્રમાદ :** (૩) **કૌસીદ્ય :** કુશલકાર્યમાં અનુત્સાહ (૪) **અશ્રાદ્ધય** - શ્રદ્ધાનો અભાવ (૫) **સ્ત્યાન:** અકર્મણ્યતા (૬) **ઔદ્ધત્ય :** - સુખ તથા ક્રીડામાં હંમેશાં લાગીરહેવું.

(ઘ) **અકુશલમહાભૂમિક ધર્મ :** તે બે પ્રકારે છે. આ બંને પ્રકારમાં સદૈવ ખરાબ ફળ ઉત્પન્ન કરે છે. તેથી તે અકુશલ છે.

(૧) **આહ્રીક્ય :** પોતાના કુકર્મો ઉપર લજ્જાનો અભાવ.

(૨) **અનપત્રતા :** નિંદનીયકાર્યોમાં ભય ન રાખવો.

(ઙ) **ઉપક્લેશ ભૂમિક ધર્મ :** પરિમિત રહેવાવાળા ક્લેશ-ઉત્પાદક ધર્મ દસ આ છે - (૧) **ક્રોધ** (૨) **મ્રક્ષ :** છલ કે દંભ (૩) **માત્સર્ય:** બીજાના ગુણનો કે ઉત્કર્ષનો દ્વેષ કરવો (૪) **ઇર્ષા:** ધૃળા (૫) **પ્રદાસ** - ખરાબ વસ્તુઓને ગ્રાહ્ય માનવી. (૬) **વિહિંસા :** કષ્ટ પહોંચાડવું (૭) **ઉપનાહ :** શત્રુતા, મૈત્રી તોડવી (૮) **માયા**-છલ (૯) **શાઠ્ય:** શઠતા (૧૦) **મદ** - આત્મસન્માનથી પ્રસન્નતા. આ દસ ધર્મો બિલકુલ માનસ છે. તે મોહ કે અવિદ્યાની સાથે સંબંધ રાખે છે. આથી તે જ્ઞાનવડે દબાવી શકાય છે. આ ક્ષુદ્રભૂમિવાળા મનાય છે.

(ચ) **અનિયત ભૂમિક ધર્મ :** આ ધર્મો પૂર્વધર્મોથી ભિન્ન છે. આ ધર્મોની ઘટનાની ભૂમિ નિશ્ચિત નથી. તે આઠ છે.

(૧) **કૌકૃત્ય** - ખેદ, પ્રશ્ચાતાપ (૨) **મિદ્ધ** (નિદ્રા) = વિસ્મૃતિ - પરક ચિત્ત (૩) **વિતર્ક:** કલ્પના-પરક ચિત્તની દશા (૪) **વિચાર** - નિશ્ચય (૫) રાગ (૬) **દ્વેષ** (૭) **માન** (૮) **વિચિકિત્સા** - સંશય, સંદેહ.

પ્રાપ્ત થાય છે. આથી સંતાનને વિષયબનાવી અર્થને પ્રદર્શિત કરાવાસ્વરૂપ પ્રાપકત્વ પ્રત્યક્ષનું પ્રામાણ્ય છે. અર્થાત્ પ્રત્યક્ષસંતાનને વિષયબનાવી અર્થનું ઉપદર્શકરૂપ પ્રાપક છે. તેથી પ્રત્યક્ષમાં સંતાનવિષયોપદર્શકરૂપ પ્રાપકત્વ છે અને તે જ પ્રત્યક્ષનું પ્રામાણ્ય છે. ટુંકમાં પ્રત્યક્ષની પ્રમાણતા સંતાનને વિષયને બનાવવાદ્વારા અર્થને પ્રદર્શિત કરવો તે છે.

---

(૨) सौत्रान्तिकमतः :

नीलपीतादिभिश्चित्रैर्बुद्ध्याकारैरिहान्तरैः ।

सौत्रान्तिकमते नित्यं बाह्यार्थस्त्वनुमीयते ।। (ગાથાર્થ આગળ આપેલ છે.)

સૌત્રાન્તિકમત પણ સર્વાસ્તિવાદિઓની બીજી પ્રસિદ્ધશાખા છે. સૌત્રાન્તિક લોકો સૂત્ર(સૂત્રાન્ત)ને જ બુદ્ધમતની સમીક્ષામાટે પ્રામાણિક માને છે. 'તથાગત'નો આધ્યાત્મિકઉપદેશ 'સુત્તપિટક'ના જ કેટલાક સૂત્રોમાં સન્નિવિષ્ટ છે, તે લોકો તેને પ્રમાણિત કરે છે. આથી તેઓનું નામ સૌત્રાન્તિક પડેલ છે. (વૈભાષિક લોકો અભિધર્મની 'વિભાષાટીકા'ને જ સર્વત: પ્રમાણિત માને છે. આથી તેઓનું નામ વૈભાષિક પડેલ છે. સૌત્રાન્તિકો અભિધર્મપિટકને બુદ્ધવચન માનતા નથી.)

સૌત્રાનતિકમતના સંસ્થાપકઆચાર્ય કુમારલાત માનવામાં આવે છે. અને તે સંભવત: નાગાર્જુનની સમકાલીન મનાય છે. આ આચાર્ય મહાયાન (હીનયાન અને મહાયાનનું વર્ણન આગળ કરશે. તેમાં મહાયાન)ની પ્રતિ વિશેષ આદરવાળા હતા.

સિદ્ધાંત : સત્તાના વિષયમાં સૌત્રાન્તિકો સર્વાસ્તિકવાદી છે. અર્થાત્ તેઓની દૃષ્ટિમાં ધર્મોની સત્તા માન્ય છે. તેઓ કેવલ ચિત્ (કે વિજ્ઞાન) ની જ સત્તા માનતા નથી. પણ બાહ્યપદાર્થોનીપણ સત્તા સ્વીકારે છે.

(વિજ્ઞાનવાદિઓની એ માન્યતા છે કે વિજ્ઞાન જ એકમાત્ર સત્તા છે. બાહ્યપદાર્થની સત્તા માનવી તે ભ્રાન્તિ તથા કલ્પના પર આશ્રિત છે.) આના પર સૌત્રાન્તિકોનો આક્ષેપ છે કે જો બાહ્ય પદાર્થની સત્તા ન માનીએ, તો તેની કાલ્પનિકસ્થિતિની પણ સમુચિત વ્યાખ્યા નહિ કરીશકાય.

વિજ્ઞાનવાદિઓનું કહેવું છે કે "ભ્રાન્તિના કારણે જ વિજ્ઞાન બાહ્યપદાર્થોની સમાન પ્રતીત થાય છે." અને તે સામ્યની પ્રતીતિ ત્યારે સુયુક્તિક છે કે જ્યારે બાહ્યપદાર્થ વસ્તુત: વિદ્યમાન હોય. નહિ તો જેમ 'વન્ધ્યાપુત્ર'ની સમાન કહેવું નિરર્થક છે. એ પ્રકારે 'અવિદ્યમાન બાહ્યપદાર્થની સમાન' છે એમ બતાવવું એ પણ અર્થશૂન્ય છે.

વિજ્ઞાન અને બાહ્યવસ્તુની સમકાલિનપ્રતીતિ બંનેની એકતા બતાવે છે. આ કહેવું તે પણ યથાર્થ નથી. કારણકે આરંભથી જ જ્યારે આપણે ઘટનું પ્રત્યક્ષ કરીએ છીએ, ત્યારે ઘટની પ્રતીતિ બાહ્યપદાર્થના રૂપમાં થાય છે. તથા વિજ્ઞાન અનન્તરરૂપમાં પ્રતીત થાય છે. લોક-વ્યવહાર બતાવે છે કે જ્ઞાનના વિષય તથા જ્ઞાનના ફલમાં અંતર છે. ઘટની પ્રતીતિકાલમાં ઘટ પ્રત્યક્ષનો વિષય છે. તથા તેનું ફલ અનુવ્યવસાય (હું ઘટજ્ઞાનવાળો છું' અથવા 'वह्निव्याप्यधूमवन्तं पर्वतमहं जानामि' - આવો જે અનુવ્યવસાય) પાછળથી થાય છે. આથી વિજ્ઞાન તથા વિષયનું પાર્થક્ય માનવું ન્યાયસંગત છે. જો વિષય અને વિષયીની અભેદકલ્પના માનવામાં આવે તો "હું ઘટ છું" એવી પ્રતીતિ થવી જોઈએ. વિષયી છે 'હું' અને વિષય છે 'ઘટ'. બંનેની એકરૂપમાં અભિન્ન પ્રતીતિ થવી જોઈએ. પણ લોકમાં એવું ક્યારેય થતું નથી. આથી ઘટને વિજ્ઞાનથી પૃથક્ માનવો જોઈએ.

જો સમગ્રપદાર્થ વિજ્ઞાનરૂપ જ હોય, તો તેઓમાં પરસ્પરભેદ કયા પ્રકારે મનાય ? ઘટ કપડાથી ભિન્ન છે. પરંતુ વિજ્ઞાનવાદમાં તો તે એક વિજ્ઞાનનું સ્વરૂપહોવાથી તેઓનું એકાકારપણું હોવું જોઈએ. આથી સૌત્રાન્તિકમતમાં

(આથી પ્રત્યક્ષમાં તત્ક્ષણવર્તી સ્વલક્ષણપદાર્થની દૃષ્ટિએ પ્રાપકતા ન બને, પરંતુ સંતાનની દૃષ્ટિએ પ્રાપકતા છે જ. વળી અનુમાનાત્મક વિકલ્પ લિંગદર્શનથી થાય છે. આથી અનુમાન વિકલ્પોનો ગ્રાહ્યવિષય = વિકલ્પ્ય સ્વાકાર હોય છે, બાહ્યાર્થ નહિ. કહેવાનો આશય એ છે કે...

બાહ્યજગતની સત્તા એટલી જ પ્રમાણિક અને અભ્રાન્ત છે, જેટલી આંતરજગતના - વિજ્ઞાનની સત્તા. બાહ્યાર્થની પ્રતીતિના વિષયમાં સૌત્રાન્તિકોનો વિશિષ્ટમત છે

(૧) વૈભાષિક લોકો બાહ્ય-અર્થનું પ્રત્યક્ષ માને છે. દોષરહિત ઇન્દ્રિયોદ્વારા બાહ્ય-અર્થની જેવી પ્રતીતિ આપણને થાય છે, તેવા જ તે બાહ્યપદાર્થો છે. **પરંતુ સૌત્રાન્તિકોનો આના પર આક્ષેપ છે કે... જો સમગ્રપદાર્થ ક્ષણિક જ છે તો કોઈપણ વસ્તુના સ્વરૂપનું પ્રત્યક્ષ થવું સંભવ નથી. જે ક્ષણમાં કોઈ વસ્તુનીસાથે આપણી ઇન્દ્રિયોનો સંપર્ક થાય છે. તે ક્ષણમાં તે વસ્તુ પ્રથમક્ષણમાં ઉત્પન્ન થઈને અતીતના ગર્ભમાં ચાલી જાય છે. કેવલ તજજન્ય સંવેદન શેષ રહે છે. પ્રત્યક્ષ થવાથી પદાર્થોના નીલ, પીત... આદિ ચિત્ર ચિત્તના પટ ઉપર ખેંચાઈ આવે છે. મન પર જે પ્રતિબિંબ ઉત્પન્ન થાય છે. તેને ચિત્ત દેખે છે. અને તેનાદ્વારા તે તેના ઉત્પાદક બાહ્યપદાર્થોનું અનુમાન કરે છે. (નીલપીતાદિ- જે શ્લોક આગળ જણાવેલ છે. તે આ વાતને સૂચિત કરે છે.) આથી બાહ્યઅર્થની સત્તા પ્રત્યક્ષગમ્ય નથી. અનુમાનગમ્ય છે. આ સૌત્રાન્તિકવાદિઓનો સૌથી પ્રસિદ્ધસિદ્ધાંત છે.**

(૨) જ્ઞાનના વિષયમાં તેઓ સ્વતઃ પ્રામાણ્યવાદિ છે. તેઓનું કહેવું છે કે જે પ્રકારે પ્રદીપ પોતાને સ્વયં જાણે છે - પ્રકાશિત કરે છે, તે પ્રકારે જ્ઞાન પોતાનું સંવેદન પોતાની જાતે જ કરે છે. અને તેનું નામ છે. **'स्वसंवित्ति'** અર્થાત્ સંવેદન. આ સિદ્ધાંત વિજ્ઞાનવાદિઓને સંમત છે.

(૩) બાહ્યવસ્તુ વિદ્યમાન અવશ્ય રહે છે. (वस्तु सत्) પરંતુ સૌત્રાન્તિકોમાં મતભેદ છે કે બાહ્યપદાર્થોનો કોઈ આકર છે કે નહીં. કેટલાક લોકોનું કહેવું છે કે બાહ્ય પદાર્થોમાં સ્વયં પોતાનો આકાર હોય છે. કેટલાક દાર્શનિકોની માન્યતામાં વસ્તુનોઆકાર બુદ્ધિદ્વારા નિર્મિત કરાય છે. બુદ્ધિ જ આકારને પદાર્થમાં સંનિવિષ્ટ કરે છે. ત્રીજા પ્રકારના મતમાં ઉપરના બંનેમતોનો સમન્વય છે. તેઓની અનુસાર વસ્તુનોઆકાર ઉભયાત્મક હોય છે.

(૪) પરમાણુવાદના વિષયમાં પણ સૌત્રાન્તિકોનો પોતાનો એક વિશિષ્ટમત છે. તેઓનું કહેવું છે કે પરમાણુઓમાં કોઈ પ્રકારનો પારસ્પરિકસ્પર્શનો અભાવ હોય છે. સ્પર્શ તે પદાર્થોમાં થાય છે કે જે અવયવની યુક્ત હોય. લેખિની (પેન) અને હાથનો સ્પર્શ થાય છે. કારણકે બંને સાવયવપદાર્થો છે. પરમાણુ નિરવયવપદાર્થ છે. આથી એકપરમાણુનો બીજાપરમાણુની સાથે સ્પર્શ ન થઈ શકે. જો બંનેનો સ્પર્શ થશે તો બંનેમાં તાદાત્મ્ય થઈ જશે. જેથી અનેકપરમાણુઓનો સંઘાત થવા છતાં તેનું પરિણામ અધિક નહિ થાય. પરમાણુમાં સ્પર્શ માનવો ઊચિત નથી. પરમાણુઓની વચ્ચે કોઈ અંતર નથી. આથી તે અંતરહીન પદાર્થ છે.

(૫) વિનાશનો કોઈ હેતુ નથી. પ્રત્યેક વસ્તુ સ્વભાવથી જ વિનાશના ધર્મવાળી છે. વસ્તુ અનિત્ય નથી, પણ ક્ષણિક છે. ઉત્પાદનો અર્થ છે अभूत्वा भावः (અર્થાત્ સત્તા ધારણ ન કરવાની અનન્તર અન્તરસ્થિતિ.) પુદ્ગલ (આત્મા) તથા આકાશ સત્તાહીન પદાર્થ છે. વસ્તુતઃ સત્ય નથી. ક્રિયા-વસ્તુ તથા ક્રિયાકાલમાં કિંચિત્ માત્ર પણ અંતર નથી. વસ્તુ અસત્ત્વથી ઉત્પન્ન થાય છે. એક ક્ષણસુધી અવસ્થાન ધારણ કરે છે અને પછી લીન થઈ જાય છે. તો ભૂત તથા ભવિષ્યની સત્તા કેમ મનાય ?

(૬) વૈભાષિકો રૂપના (૧) વર્ણ અને (૨) સંસ્થાન એમ બે પ્રકાર માને છે. પણ સૌત્રાન્તિક રૂપથી **વર્ણ** જ અર્થ લે છે. સંસ્થાનને રૂપમાં લેતા નથી.

અનુમાન વિકલ્પનો વિષય તો સામાન્યપદાર્થ અર્થાત્ વિકલ્પબુદ્ધિમાં પ્રતિબિંબિત સ્વાકાર હોય છે. પરંતુ પ્રાપ્યવિષય તો બાહ્ય-સ્વલક્ષણરૂપ જ હોય છે અને આ પ્રાપ્યએવા બાહ્ય સ્વલક્ષણનો આલંબનભૂત સ્વાકારની સાથે "મેં જેનું અનુમાન કર્યું હતું તેને જ પ્રાપ્ત કરીરહ્યો છું" આવો અભેદઅધ્યવસાય થાય છે. આ અભેદનો અધ્યવસાયકરીને પ્રવૃત્તિકરવાથી અર્થ પ્રાપકતા સિદ્ધ

---

(૭) પ્રત્યેકવસ્તુ દુ:ખ ઉત્પન્ન કરવાવાળી છે. સુખ પણ દુ:ખ ઉત્પન્ન કરે છે. એટલા માટે સૌત્રાન્તિકમતવાળા સમસ્ત પદાર્થોને દુ:ખમય માને છે.

(૮) સૌત્રાન્તિકમતમાં અતીત (ભૂત) તથા અનાગત (ભવિષ્ય) બંને શૂન્ય છે. (तथा सौत्रान्तिकमतेऽतीतानागतं शून्यमन्यदशून्यम् ।) વર્તમાનકાલ જ સત્ય છે. (વૈભાષિકો ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાલનું અસ્તિત્વ માને છે.)

(૯) નિર્વાણના વિષયમાં સૌત્રાન્તિકમતના આચાર્ય(શ્રીલબ્ધ)નો એક વિશિષ્ટમત છે. તેઓનું કહેવું છે કે 'પ્રતિસંખ્યાનિરોધ' તથા 'અપ્રતિસંખ્યાનિરોધ'માં કોઈપ્રકારનું અંતર નથી.

પ્રતિસંખ્યાનિરોધનો અર્થ છે - પ્રજ્ઞાનિબન્ધન ભાવિક્લેશાનુત્પત્તિ અર્થાત્ પ્રજ્ઞાના કારણે ભવિષ્યમાં ઉત્પન્ન થવાવાળા સમસ્ત ક્લેશોનું ન થવું. અપ્રતિસંખ્યાનિરોધનો અર્થ છે - ક્લેશનિવૃત્તિમૂલક દુ:ખાનુત્પત્તિ અર્થાત્ ક્લેશોની નિવૃત્તિની ઉપર જ દુ:ખ અર્થાત્ સંસારની અનુત્પત્તિ અવલંબિત છે. આથી ક્લેશનું ઉત્પન્ન ન થવું એ સંસારની ઉત્પત્તિ ન થવાનું કારણ છે.

* **सौत्रान्तिकमतानुसार धर्मोनुं वर्गीकरण :**

સૌત્રાન્તિક ૪૩ ધર્મો માને છે.

પ્રમાણ બે પ્રકારે છે : (૧) પ્રત્યક્ષ, (૨) અનુમાન.

તેના વિષયો ચાર પ્રકારના છે. (૧) રૂપ, (૨) અરૂપ, (૩) નિર્વાણ, (૪) વ્યવહાર

(૧) **રૂપ બે પ્રકારે છે :** (i) ઉપાદાન અને (ii) ઉપાદાય. તે પ્રત્યેક ચારપ્રકારના છે. ઉપાદાનની અંતર્ગત પૃથ્વી, જલ, તેજ અને વાયુની ગણતરી થાય છે. અને ઉપાદાયમાં રૂક્ષતા, આકર્ષણ, ગતિ તથા ઉષ્ણતા આ ચારધર્મોની ગણના થાય છે. આમ રૂપના આઠપ્રકાર છે.

(૨) **અરુપ બે પ્રકારે છે.** (i) ચિત્ત અને (ii) કર્મ

(૩) **નિર્વાણ બે પ્રકારે છે.** (i) સોપધિ અને (ii) નિરુપધિ

(૪) **વ્યવહાર બે પ્રકારે છે. (i) સત્ય અને** (ii) અસત્ય.

૪૩ ધર્મોનું વર્ગીકરણ :

(૧) રૂપ = ૮ (૪ ઉપાદાન + ૪ ઉપાદાય), (૨) વેદના = ૩ (સુખ, દુખ, નસુખ-ન દુ:ખ (ઉદાસીનતા), (૩) સંજ્ઞા = ૬ (પાંચ ઇન્દ્રિય + ૧ ચિત્ત), (૪) વિજ્ઞાન = ૬ (ચક્ષુ આદિ પાંચ અને મન, એ ઇન્દ્રિયોનું વિજ્ઞાન), (૫) સંસ્કાર = ૨૦ (૧૦ કુશલ + ૧૦ અકુશલ).

(૩) યોગાચાર (વિજ્ઞાનવાદિ)ની માન્યતા :

યોગાચારમત બૌદ્ધદર્શનના વિકાસનું એકમહત્ત્વપૂર્ણ અંગ માનવામાં આવે છે. તેની દાર્શનિક દૃષ્ટિ શુદ્ધ-પ્રત્યયવાદની છે. આધ્યાત્મિકસિદ્ધાંતના કારણે તે વિજ્ઞાનવાદ કહેવાય છે. અને ધાર્મિક તથા વ્યવહારિક દૃષ્ટિથી તેનું નામ 'યોગાચાર' છે.

થઈ જાય છે. આથી અનુમાનમાં પણ પ્રાપ્યવિષયની અપેક્ષાથી સ્વવિષયોપદર્શનરૂપ પ્રાપકતા અને પ્રાપકતામૂલક પ્રામાણ્ય પણ સિદ્ધ થાય છે. તેથી અનુમાન પણ અવિસંવાદિ હોવાથી પ્રમાણ છે.) તેથી કહ્યું છે કે...

ઐતિહાસિક દૃષ્ટિથી યોગાચારની ઉત્પત્તિ માધ્યમિકોના પ્રતિવાદના સ્વરૂપમાં થઈ.

માધ્યમિક લોકો જગત્ના સર્વપદાર્થોને શૂન્ય માને છે. એના પ્રતિવાદમાં યોગાચાર સંપ્રદાયની ઉત્પત્તિ થઈ. **યોગાચારમતવાળા કહે છે કે જે બુદ્ધિ દ્વારા જગતના પદાર્થો અસત્ય પ્રતીત થઈ રહ્યા છે. (તેથી) કમસે કમ બુદ્ધિને તો સત્ય માનવી પડશે.**

તેથી આ સંપ્રદાય વિજ્ઞાન (બુદ્ધિ, ચિત્ત, મન)ને એકમાત્ર સત્ય પદાર્થ માને છે. આ મતની સ્થાપના મૈત્રેયનાથે કરેલી મનાય છે. વસુબંધુ, દિઙ્નાગ, ધર્મકીર્તિ આ મતના આચાર્યો હતા.

(આગળ) સૌત્રાન્તિકમતની પર્યાલોચના અવસરે, તેનો દાર્શનિક દૃષ્ટિથી પરિચય કર્યો. તેના મતમાં બાહ્ય અર્થની સત્તા જ્ઞાનદ્વારા અનુમેય છે. આપણને બાહ્યાર્થની પ્રતીતિ થાય છે. આથી આપણને બાહ્યાર્થની સત્તાનું અનુમાન થાય છે. એટલા માટે જ્ઞાનદ્વારા જ બાહ્યપદાર્થોના અસ્તિત્વનો પરિચય થાય છે. **વિજ્ઞાનવાદિ (યોગાચાર) તેનાથી આગળ વધીને કહે છે કે, જો બાહ્યાર્થની સત્તા જ્ઞાનપર અવલંબિત છે, તો જ્ઞાન જ વાસ્તવિક સત્તા છે. વિજ્ઞાન અર્થાત્ વિજ્ઞપ્તિ જ એકમાત્ર પરમાર્થ છે. જગતના પદાર્થો તો વસ્તુતઃ માયા-મરીચિકાના સમાન નિઃસ્વભાવ તથા સ્વપ્નસમાન નિરૂપાખ્ય છે. જેને આપણે બાહ્યપદાર્થ કહીએ છીએ તેનું વિશ્લેષણ કરીએ તો ત્યાં આંખથી જોવાયેલા રંગ-આકાર, હાથથી અડકેલ રૂક્ષતા-ચિકાશ આદિ ગુણો મળે છે. તેનાથી અતિરિક્ત કોઈ વસ્તુસ્વભાવનો પરિચય આપણને થતો નથી.**

પ્રત્યેક વસ્તુને જોઈને આપણને નીલો-પીળો-રંગ તથા લંબાઈ, પહોળાઈ, મોટાઈ આદિને છોડીને કેવલ રૂપ-ભૌતિક તત્ત્વ દેખાતું નથી. બાહ્યપદાર્થનું જ્ઞાન આપણને કોઈપણ પ્રકારે થતું નથી. જો બાહ્યપદાર્થ અણુરૂપ છે, તો તેનું જ્ઞાન નહીં થઈ શકે. અને જો પ્રચય-રૂપ છે. (અર્થાત્ અનેક પરમાણુઓના સંઘાતથી બનેલ હોય) તો પણ તેનું જ્ઞાન સંભવ નથી. કારણકે પ્રચયરૂપ પદાર્થોના પ્રત્યેક અંગ-પ્રત્યંગનું એકકાલિકજ્ઞાન સંભવ નથી. આવી અવસ્થામાં અમે બાહ્યપદાર્થની સત્તા કેવી રીતે માની શકીએ ? સત્તા કેવલ એક જ પદાર્થની છે. તે પદાર્થ વિજ્ઞાન છે.

વિજ્ઞાનવાદિ વિશુદ્ધપ્રત્યયવાદિ છે. તેની દૃષ્ટિમાં ભૌતિકપદાર્થ નિતરાં અસિદ્ધ છે. વિજ્ઞાન જ બાહ્યપદાર્થોના અભાવમાં પણ સત્યપદાર્થ છે. વિજ્ઞાનને પોતાની સત્તા માટે કોઈ અવલંબનની આવશ્યકતા નથી. તે અવલંબન વિના જ સિદ્ધ છે. **આ કારણથી વિજ્ઞાનવાદિને નિરાલંબનવાદિની સંજ્ઞા પ્રાપ્ત થઈ છે.**

માધ્યમિકોનો શૂન્યવાદ વિજ્ઞાનવાદિઓની દૃષ્ટિએ નિતાન્ત હેય સિદ્ધાંત છે. માધ્યમિકોને લક્ષ્ય બનાવીને તેઓનું કથન છે કે... "જો તમારો સર્વશૂન્યતાનો સિદ્ધાંત માન્ય કરાવવામાં આવે, તો શૂન્ય જ તમારા માટે સત્યતાના માપની કસોટી થશે. તેથી બીજાવાદિની સાથે વાદ કરવાનો તમને અધિકાર ક્યારેયપણ પ્રાપ્ત નહિ થાય." (તેથી કહ્યું છે કે - त्वयोक्तसर्वशून्यत्वे प्रमाणं शून्यमेव ते । अतो वादेऽधिकारस्ते न परेणोपपद्यते ।। सर्व सिद्धांत संग्रह). પ્રમાણ ભાવાત્મક હોય તો જ વાદ-વિવાદનો અવકાશ છે. શૂન્યને પ્રમાણમાનવાથી શાસ્ત્રાર્થની કસોટી જ કેવી રીતે માનવી કે જેનાથી હાર કે જીતની વ્યવસ્થા થઈ શકે ? આવી દશામાં તમે કયાપ્રકારે પોતાના પક્ષની સ્થાપના કરશો અને બીજાના પક્ષમાં દૂષણ આપી શકશો. આ વિજ્ઞાનની સત્તા શૂન્યવાદિઓએ પણ માનવી પડશે, નહિ. તો તર્કશાસ્ત્ર અસિદ્ધ થઈ જશે. વિજ્ઞાનની સત્તામાટે લંકાવતાર સૂત્રમાં કહ્યું છે કે **"चित्तं प्रवर्तते चित्तं चित्तमेव विमुच्यते । चित्तं हि जायते नान्यच्चित्तमेव निरुध्यते ।।१४५।।** અર્થાત્ ચિત્ત-વિજ્ઞાનની જ પ્રવૃત્તિ હોય છે. વિજ્ઞાન-

"પ્રત્યક્ષ અને અનુમાનવડે પદાર્થને જાણીને પ્રવૃત્તિકરનાર પુરુષની અર્થક્રિયામાં (કોઈપણ) વિસંવાદ રહેતો નથી."

પ્રાપ્ત થવાવાળી વસ્તુ નિયતદેશ, કાલ અને આકારમાં જ પ્રાપ્ત થાય છે. અર્થાત્ જે દેશમાં,

---

ચિત્તની જ વિમુક્તિ હોય છે. ચિત્તને છોડીને બીજી વસ્તુ ઉત્પન્ન થતી નથી. અને ચિત્તનો જ નિરોધ થાય છે. ચિત્તનો નાશ થતો નથી. ચિત્ત એકમાત્રતત્ત્વ છે."

વિજ્ઞાનના અન્યપર્યાય ચિત્ત, મન, વિજ્ઞપ્તિ છે. કોઈ વિશિષ્ટક્રિયાની પ્રધાનતા માનીને આ શબ્દોનો પ્રયોગકરાયેલ છે. ચેતન ક્રિયાને સંબદ્ધ હોવાથી તે 'ચિત્ત' કહેવાય છે. મનન ક્રિયા કરવાથી તે 'મન' તથા વિષયોને ગ્રહણકરવામાં કારણભૂત હોવાથી તે 'વિજ્ઞાન' કહેવાય છે. આ જ વાત લંકાવતારસૂત્રના શ્લોક-૧૦૨માં કરી છે.

चित्तमालयविज्ञानं मनो यन्मन्यनात्मकम् । गृह्णाति विषयान् येन विज्ञानं हि तदुच्यते ।।१०२।।

વળી તેઓનું એ માનવું છે કે આ વિશ્વમાં જેટલા હેતુ-પ્રત્યયથી જનિત સંસ્કૃત પદાર્થ છે. તેનું ન તો આલંબન છે અને ન તો કોઈ આલંબન આપવાવાળું જ છે. તે પદાર્થો નિશ્ચિતરૂપથી ચિત્તમાત્ર છે. ચિત્તના ચિત્ર-વિચિત્ર નાનાકાર પરિણામ છે. સાધારણમાણસ આત્માને નિત્ય સ્વતંત્રસત્તા માને છે. પરંતુ તે કેવલ વ્યવહારનામાટે સંજ્ઞા(પ્રજ્ઞપ્તિસત્ય)ના રૂપમાં ઊભું કરવામાં આવેલ છે. તે વાસ્તવમાં દ્રવ્ય (દ્રવ્ય સત્) કોઈપણ રીતે નથી. તે પાંચ સ્કન્ધોનો સમુદાય મનાય છે. પરંતુ પંચસ્કન્ધ સ્વયં સંજ્ઞારૂપ છે. દ્રવ્યરૂપથી તેની સત્તા સિદ્ધ થતી નથી. આ જગતમાં ન તો ભાવ વિદ્યમાન છે, ન તો અભાવ. ચિત્તને છોડીને કોઈપણ પદાર્થ સત્ નથી. પરમાર્થને નાના ધર્મોથી બોલાય છે. તથતા, શૂન્યતા, નિર્વાણ, ધર્મધાતુ, આ સર્વે પરમતત્ત્વના પર્યાયવાચિ નામ છે. ચિત્ત (આલયવિજ્ઞાન) ને જ તથતાના નામે બોલાય છે.

આથી યોગાચારનો પરિનિષ્ઠિતમત આ પ્રમાણે છે -

दृश्यते न विद्यते चित्तं चित्र हि दृश्यते ।
देहभोगप्रतिष्ठानं चित्तमात्रं वदाम्यहम् ।। लंकावतार ३/३३ ।।

અર્થાત્ બાહ્ય દૃશ્યજગત વિદ્યમાન નથી. ચિત્ત એકાકાર નથી. પરંતુ ચિત્ત આ જગતમાં વિચિત્રરૂપોથી દેખાય છે. ક્યારેક તે ચિત્ત દેહનારૂપે, તો ક્યારેક ભોગનારૂપમાં પ્રતિષ્ઠિત રહે છે. આથી ચિત્તની વાસ્તવિકસત્તા છે. જગત ચિત્તનું પરિણામ છે.

ચિત્ત બે પ્રકારે પ્રતીત થાય છે. (૧) ગ્રાહ્ય-વિષય, (૨) ગ્રાહકવિષયી. આ જ વાતને જણાવે છે -

चित्तमात्रं न दृश्योऽस्ति, द्विधा चित्तं हि दृश्यते । ग्राह्यग्राहकभावेन शाश्वतोच्छेदवर्जितम् ।। लंकावतार ३/७५)

ગ્રહણ કરવાવાળી વસ્તુની ઉપલબ્ધિના સમયે ત્રણપદાર્થો ઉપસ્થિત થાય છે - એક તો જેનું ગ્રહણ કરવાનું હોય તે (ઘટ-પટાદિ) વિષય, બીજું વસ્તુને ગ્રહણકરનાર (વિષયી-કર્તા) અને ત્રીજી વસ્તુ છે, તે બંનેનો પરસ્પરસંબંધ એટલે કે ગ્રહણ.

ગ્રાહ્ય, ગ્રાહક અને ગ્રહણ અથવા જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન આ ત્રણ સર્વત્રવિદ્યમાન હોય છે.

સાધારણદૃષ્ટિથી આ ત્રણવસ્તુની સત્તા છે. પરંતુ એ ત્રણે જ એકાકારબુદ્ધિ (કે વિજ્ઞાન કે ચિત્તના) પરિણામ છે, જે વાસ્તવિક નથી. પણ કાલ્પનિક છે. ભ્રાન્તદૃષ્ટિવાળો વ્યક્તિ જ અભિન્નબુદ્ધિમાં આ ત્રિપુટીની કલ્પનાકરી ભેદવાળા બનાવે છે. કહ્યું છે કે...

જે કાલે, જે આકારવાળી વસ્તુનો પ્રતિભાસ થયો હોય, તે જ્યારે તે દેશ, તે કાળ અને આકારમાં ઉપલબ્ધ થાય તો જ યથાર્થ અર્થપ્રાપકતા કહી શકાય છે. આ રીતે યથાર્થવસ્તુના પ્રદર્શક પ્રત્યક્ષ અને અનુમાન બે જ પ્રમાણકોટીમાં આવે છે. અર્થાત્ પ્રત્યક્ષ અને અનુમાન બે માં જ પ્રામાણ્ય

अविभागो हि बुद्ध्यात्मा विपर्यासितदर्शनैः । ग्राह्यग्राहकसंवित्तिभेदवानिव लक्ष्यते ।। सर्वसिद्धांतसंग्रह ॥

વિજ્ઞાનનું સ્વરૂપ એક જ છે. ભિન્ન-ભિન્ન નથી. યોગાચાર વિજ્ઞાનાદ્વૈતવાદિ છે. તેઓની દૃષ્ટિ અદ્વૈતવાદની છે. પરંતુ પ્રતિભાન પ્રતિભાસિત થવાવાળાપદાર્થોની ભિન્નતા તથા બહુલતાના કારણે એકાકારબુદ્ધિ બહુલથી પ્રતીત થાય છે. વિજ્ઞાનમાં પ્રતિભાનના કારણે કોઈ પ્રકારનો ભેદ ઉત્પન્ન થતો નથી. કહ્યું છે કે.....

बुद्धिस्वरुपमेकं हि वस्त्वस्ति परमार्थतः । प्रतिभानस्य नानात्वान्न चैकत्वं विहन्यते ।। सर्वसिद्धांतसंग्रह ४।२।ऽ॥

આ વિષયમાં યોગાચાર વિદ્વાનપ્રમદા (સ્વરૂપવાન સ્ત્રી)નું ઉદાહરણ આપે છે. એક જ પ્રમદાના શરીરને સંન્યાસી શબ સમજે છે. કામુક કામિની માને છે. તથા કૂતરો તેને ભક્ષ્ય માને છે. પરંતુ સ્ત્રી તો એક જ છે. કેવલ કલ્પનાઓના કારણે તે સ્ત્રી ભિન્ન-ભિન્ન વ્યક્તિઓને ભિન્ન-ભિન્ન પ્રતીત થાય છે. પ્રમદાની સમાન જ બુદ્ધિની દશા છે. એક હોવા છતાં નાના (ભિન્ન-ભિન્ન) પ્રતિભાસિત થાય છે કર્તા-કર્મ, વિષય-વિષયી સર્વ સ્વયં બુદ્ધિ છે.

* **વિજ્ઞાનના પ્રભેદ :** વિજ્ઞાનનું સ્વરૂપ એક અભિન્ન પ્રકારનું છે. પરંતુ અવસ્થાભેદના કારણે તેના **આઠ** પ્રકાર માનવામાં આવે છે. (૧) ચક્ષુર્વિજ્ઞાન, (૨) શ્રોત્ર-વિજ્ઞાન, (૩) ઘ્રાણ-વિજ્ઞાન, (૪) જિહ્વા-વિજ્ઞાન, (૫) કાયવિજ્ઞાન, (૬) મનોવિજ્ઞાન, (૭) ક્લિષ્ટમનોવિજ્ઞાન (૮) આલયવિજ્ઞાન.

(૧) **ચક્ષુર્વિજ્ઞાન :** ચક્ષુનાસહારે જે વિજ્ઞાન પ્રાપ્તથાય છે, તે ચક્ષુર્વિજ્ઞાન કહેવાય છે. આ વિજ્ઞાનના ત્રણ આશ્રય છે.

(અ) ચક્ષુ કે જે વિજ્ઞાનની સાથે-સાથે અસ્તિત્વમાં આવે છે. અને સાથે-સાથે વિલીન થાય છે. આથી સદા સંબદ્ધ હોવાના કારણે **ચક્ષુ 'સહભૂ' આશ્રય છે.**

(બ) મન કે જે આ વિજ્ઞાનની સંતતિની પાછળ આશ્રય બને છે આથી **મન સમનન્તરઆશ્રય છે.**

(ક) રૂપ, ઇન્દ્રિય, મન તથા સમગ્રવિશ્વનું બીજ જેમાં સદા વિદ્યમાન રહે છે તે **સર્વબીજક** આશ્રય **આલય વિજ્ઞાન** છે.

આ ત્રણ આશ્રયોમાં ચક્ષુ રૂપ(ભૌતિક) હોવાથી રૂપીઆશ્રય છે તથા અન્ય બંને અરૂપીઆશ્રય છે.

ચક્ષુર્વિજ્ઞાનના આલંબન અર્થાત્ વિષય ત્રણ છે :

(૧) **વર્ણ :** નીલાદિ, (૨) સંસ્થાન (આકૃતિ) : હ્રસ્વ, દીર્ઘ, વૃત્ત, પરિમણ્ડલાદિ, (૩) વિજ્ઞપ્તિ (ક્રિયા) : લેવું, ફેકવું, મુકવું વિ.

ચક્ષુર્વિજ્ઞાન આ વિષયોને લક્ષિતકરીને ઉત્પન્ન થાય છે.

ચક્ષુર્વિજ્ઞાનના કર્મ છ પ્રકારે છે :

(૧) સ્વવિષયાવલમ્બી, (૨) સ્વલક્ષણ, (૩) વર્તમાનકાળ, (૪) એકક્ષણ, (૫) ઇષ્ટ અથવા અનિષ્ટનું ગ્રહણ, (૬) શુદ્ધ અથવા અશુદ્ધ મનના વિજ્ઞાનકર્મનું ઉત્થાન.

ચક્ષુર્વિજ્ઞાનની માફક જ **બાકીની ચારઇન્દ્રિયોના** પણ આશ્રય, આલંબન, કર્મ આદિ ભિન્ન-ભિન્ન હોય છે.

(૬) **મનોવિજ્ઞાન :** ચિત્ત, મન અને વિજ્ઞાન મનોવિજ્ઞાનનું સ્વરૂપ છે.

* સંપૂર્ણ બીજોને ધારણકરવાવાળું જે આલયવિજ્ઞાન છે તે જ ચિત્ત છે.

છે. બીજા જ્ઞાનોમાં પ્રમાણ્ય નથી. તેથી (પ્રત્યક્ષ અને અનુમાન સિવાયના બીજા મિથ્યાજ્ઞાનો વડે અથવા રોગથી અભિભૂત આંખદ્વારા પ્રાપ્ત થતા જ્ઞાન વડે) પીતશંખાદિને ગ્રહણ કરનાર જ્ઞાનોમાં પ્રાપકત્વ હોવા છતાં પણ તે જ્ઞાનોમાં પ્રામાણ્ય નથી, કારણ કે તે પીતશંખાદિને ગ્રહણ

---

* મન તે છે કે જે અવિદ્યા, અભિમાન, પોતાને કર્તા માનવો તથા વિષયની તૃષ્ણા આ ચારક્લેશોથી યુક્ત રહે છે.

* વિજ્ઞાન તે છે કે જે આલંબનની ક્રિયામાં ઉપસ્થિત રહે છે.

  મનોવિજ્ઞાનનો આશ્રય સ્વયં મન છે. અને તે સમનન્તરઆશ્રય છે. કારણ કે શ્રોત્રાદિ ઇન્દ્રિયોદ્વારા ઉત્પન્ન થતા વિજ્ઞાનની અનન્તર જ વિજ્ઞાનોનો આશ્રય બને છે. આથી મનને સમનન્તરઆશ્રય કહેવાય છે. બીજ આશ્રય તો સ્વયં આલયવિજ્ઞાન જ છે.

  આ વિજ્ઞાનનો વિષય પાંચે ઇન્દ્રિયોના પાંચ વિજ્ઞાન છે. જેને સાધારણભાષામાં ધર્મ કહેવાય છે. મનના સહાયકોમાં મનસ્કાર, વેદના, સંજ્ઞા, સ્મૃતિ, પ્રજ્ઞા, શ્રદ્ધા, રાગ-દ્વેષ, ઇર્ષ્યા આદિ ચૈત્તિકધર્મો છે. મનના વૈશેષિકકર્મ નાના પ્રકારના છે. જેમાં વિષયની કલ્પના, વિષયનું ચિંતન, ઉન્માદ, નિદ્રા, જાગવું, મૂર્છિત થવું, કાયિક-વાચિક કર્મોનું કરવું, શરીર છોડવું, શરીરમાં આવવું, આદિ છે.

(૭) **ક્લિષ્ટવિજ્ઞાન :** આ વિજ્ઞાન અને આલયવિજ્ઞાન બંને વિજ્ઞાનવાદિ દાર્શનિકોનું સુક્ષ્મમનસ્તત્ત્વના વિવેચનનું પરિણામ છે. **સર્વાસ્તિવાદિઓને વિજ્ઞાનના ભેદ છ જ માન્ય છે. પરંતુ યોગાચારમતાનુયાયી પંડિતોએ બે નવીન વિજ્ઞાનોને જોડીને વિજ્ઞાનની સંખ્યા આઠ માનેલ છે.**

  મનોવિજ્ઞાન તથા ક્લિષ્ટવિજ્ઞાન, મનોવિજ્ઞાનનું અભિન્ન નામ ધારણ કરે છે. પરંતુ તેના સ્વરૂપ તથા કાર્યમાં પર્યાપ્ત વિભિન્નતા છે.

  'મનોવિજ્ઞાન' મનનનીસાધારણ પ્રક્રિયાનો નિર્વાહક છે. પાંચ ઇન્દ્રિય વિજ્ઞાનોનીદ્વારા જે વિચાર અર્થાત્ પ્રત્યય તેની સામે ઉપસ્થિત કરવામાં આવે છે તેનું તે મનન કરે છે. પરંતુ તે ભેદ નથી કરી શકતો કે કયા પ્રત્યય આત્માથી સંબંધ રાખે છે. અને કયા પ્રત્યય અનાત્મા સાથે સંબંધ રાખે છે.

  પરિચ્છેદ (વિવેચન)નો આ સમગ્રવ્યાપાર સાતમા વિજ્ઞાન (ક્લિષ્ટવિજ્ઞાન)નું પોતાનું વિશિષ્ટ કાર્ય છે. આ વિજ્ઞાન હંમેશાં આ કાર્યમાં વ્યાપ્ત રહે છે. પ્રાણી નિદ્રિત હોય અથવા કોઈ કારણે ચેતનાહીન હોય તો પણ આ સાતમું વિજ્ઞાન સદા કાર્યમાં વ્યાપૃત રહે છે. મનોવિજ્ઞાન સાંખ્યોના અહંકારનો જ પ્રતિનિધિ છે. (અર્થાત્ સાંખ્યો આ મનોવિજ્ઞાનને જ અહંકાર માને છે).

  આઠમું વિજ્ઞાન (આલય)ની સાથે એવીપ્રકારે આ સંબદ્ધ હોય છે કે, જેવી રીતે એંજીન સાથે તેના જુદા-જુદા અવયવો. મનોવિજ્ઞાનનો વિષય આલયવિજ્ઞાનનું સ્વરૂપ છે. મનોવિજ્ઞાન પોતાની ભ્રાન્તકલ્પનાના સહારે આલયવિજ્ઞાનને અપરિવર્તનશીલ જીવ સમજી બેસે છે. આલયવિજ્ઞાન સતત પરિવર્તનશીલ હોવાથી જીવથી ભિન્ન છે. પરંતુ અહંકારયુક્ત આ સાતમું વિજ્ઞાન તેને આત્મા માનવામાટે આગ્રહ કરે છે અને તેના સહાયકોમાં નીચે લખેલ ચૈત્તસિકધર્મોની ગણના કરવામાં આવે છે.

  ૫ સાધારણ ચિત્તધર્મ, પ્રજ્ઞા, લોભ, મોહ, માન, સમ્યગ્દૃષ્ટિ સ્ત્યાન, ઔદ્ધત્ય, કૌસીદ્ય (આલસ્ય), મુષિતસ્મૃતિ (વિસ્મરણ), અસંપ્રજ્ઞા (અજ્ઞાન) તથા વિક્ષેપ.

  મનોવિજ્ઞાનની પ્રધાનવૃત્તિ ઉપેક્ષાની હોય છે. ઉપેક્ષાનો અર્થ એ છે કે ન કુશલ - ન અકુશલ = તટસ્થતાની વૃતિ.

કરતા જ્ઞાનોમાં યથાર્થ અર્થપ્રદર્શિત કરવાસ્વરૂપ પ્રાપકત્વ નથી. (કહેવાનો આશય એ છે કે શંખ સફેદ હોવા છતાં, રોગથી અભિભૂત આંખદ્વારા શંખ પીળો દેખાય છે. અહીં તે જ્ઞાન અર્થનું પ્રાપક બન્યું, પરંતુ શંખે પોતે જે શ્વેત રંગ પ્રદર્શિત કરેલ, તે શ્વેત રંગનું યથાર્થરીતે પ્રદર્શિત કરનાર તે જ્ઞાન ન બન્યું. અર્થાત્ શંખનું વિવિક્ષિતજ્ઞાન ન થવાથી, તે જ્ઞાનમાં યથાર્થ

ઉપેક્ષા બે પ્રકારની છે. (૧) આવૃત્ત ઉપેક્ષા, (૨) અનાવૃત્ત ઉપેક્ષા. આવૃત ઉપેક્ષાની પ્રધાનતા ક્લિષ્ટવિજ્ઞાનમાં રહે છે અને તે અહંકારદ્યોતક તત્ત્વ હોવાથી નિર્વાણનો અવરોધ કરનાર છે.

મનોવિજ્ઞાનથી પાર્થક્ય બતાવવા માટે આને ક્લિષ્ટ(ક્લેશોથી યુક્ત)મનોવિજ્ઞાનની સંજ્ઞા આપેલ છે. વિજ્ઞાનનો આ દ્વિતીયપરિણામ મનાય છે.

(૮) **આલયવિજ્ઞાન :** યોગાચારમતમાં 'આલયવિજ્ઞાન'ની કલ્પનાનું મહત્ત્વ વધારે છે. (અન્યદર્શનકારોએ વિજ્ઞાનવાદિઓના આ સિદ્ધાંત ઉપર ખૂબ આક્ષેપ કરેલ છે). **જગતના સર્વધર્મોનું બીજ 'આલય-વિજ્ઞાન'માં નિહિત રહે છે, ઉત્પન્ન થાય છે અને પુનઃ વિલીન થઈ જાય છે. વિજ્ઞાનને 'આલય' શબ્દ દ્વારા અભિહિત કરવાના (આચાર્ય સ્થિરમતિ અનુસાર) ત્રણ કારણ છે. (तत्र सर्वसांक्लेशिकधर्मबीजस्थानत्वाद् आलयः । आलयः स्थानमिति पर्यायौ । अथवा आलीयन्ते उपनिबध्यन्तेऽस्मिन् सर्वधर्माः कार्यभावेन यद्वाऽऽलीयते उपनिबध्यते कारणभावेन सर्वधर्मेषु इत्यालयः ।** (ત્રિંશિકા ભાષ્ય-પૃ-૧૮)

(૧) આલયનો અર્થ છે સ્થાન. જેટલા ક્લેશોત્પાદકધર્મોના બીજ છે, તે સર્વેનું સ્થાન છે. તે બીજો આલયવિજ્ઞાનમાં એકઠા રહેલા છે. કાલાન્તરમાં વિજ્ઞાનરૂપથી બહાર આવીને જગતના વ્યવહારનો નિર્વાહ કરે છે.

(૨) આલય-વિજ્ઞાનથી વિશ્વના સમગ્ર ધર્મ(=પદાર્થ) ઉત્પન્ન થાય છે. આથી સમસ્તધર્મ કાર્યરૂપથી સંબદ્ધ રહે છે. એટલા માટે વિજ્ઞાનનું આલય (લય થવાનું સ્થાન) છે.

(૩) આલયવિજ્ઞાન સર્વધર્મોનું કારણ છે. આથી કારણરૂપથી સર્વધર્મોમાં અનુસ્યૂત (પરોવાયેલ) હોવાના કારણે પણ તે 'આલય' કહેવાય છે.

આ ત્રણ વ્યુત્પત્તિઓના સમર્થનમાં કહ્યું છે કે -

सर्वधर्मा हि आलीना विज्ञाने तेषु तत्तथा । अन्योन्याभावेन हेतुभावेन सर्वदा ।। અર્થાત્ વિશ્વના સમસ્તધર્મો ફલરૂપ હોવાથી વિજ્ઞાનમાં આલીન (સમ્બદ્ધ) હોય છે. તથા આલયવિજ્ઞાન પણ ધર્મોની સાથે સર્વદા હેતુ હોવાથી સમ્બદ્ધ રહે છે. અર્થાત્ વિશ્વના સમસ્તપદાર્થોની ઉત્પત્તિ 'આલયવિજ્ઞાન'થી થાય છે. આ વિજ્ઞાન હેતુરૂપ છે. અને સમગ્રધર્મ ફલરૂપ છે.

આલયવિજ્ઞાનમાં અન્તર્નિહિત બીજોનું ફલ વર્તમાનસંસ્કારના રૂપમાં લક્ષિત થાય છે. સમગ્રસંસાર તથા તેનો અનુભવ સાત વિજ્ઞાનોદ્વારા આપણને પ્રાપ્ત થાય છે. તે સર્વ પોતાના પૂર્વકાલીન બીજોમાંથી ઉત્પન્ન થાય છે. અને વર્તમાનસંસ્કારો તથા અનુભવોથી નવા-નવા બીજોની ઉત્પત્તિ થાય છે. જે ભવિષ્યમાં બીજરૂપથી 'આલયવિજ્ઞાન'માં પોતાને અન્તર્નિહિત કરે છે.

* **આલયવિજ્ઞાનનું સ્વરૂપ :** આલય વિજ્ઞાનનું સ્વરૂપ સમુદ્રના દૃષ્ટાંતથી સારીરીતે સમજી શકાય તેમ છે.

પવનના ઝપાટાથી સમુદ્રમાં સતત તરંગો પેદા થાય છે, ક્યારેય વિરામ પામતા નથી. (વત્તા-ઓછા હોય તે બની શકે, પણ તરંગો વિરામ પામતા નથી.) એ પ્રકારે 'આલયવિજ્ઞાન'માં પણ વિષયરૂપી વાયુના ઝપાટાથી ચિત્ર-વિચિત્ર વિજ્ઞાનરૂપી તરંગો ઉઠે છે અને સતત ચાલુ રહે છે. 'આલયવિજ્ઞાન' સમુદ્રસ્થાનીય છે. વિષય

અર્થપ્રદર્શિત કરવાસ્વરૂપ પ્રાપકત્વ નથી. તેથી પ્રામાણ્ય પણ નથી.) વળી પ્રત્યક્ષ અને અનુમાન સિવાયના જ્ઞાનોમાં વસ્તુ જે દેશની, જે કાલમાં અને જે આકારવાળી તેઓવડે બતાવેલી, તે જ દેશમાં, તે કાલે, તે આકારવાળી ઉપલબ્ધ નથી થતી. અને જે દેશ-કાલ-આકારવાળીવસ્તુ પ્રાપ્ત કરાય છે, તે દેશ-કાલ-આકારમાં બતાવાયેલી હોતી નથી. (કહેવાનો આશય એ છે કે

પવનના સ્થાને છે. તથા (સપ્તવિધ) વિજ્ઞાનતરંગોના પ્રતીક છે. લંકાવતારસૂત્રમાં કહ્યું છે કે....

तरङ्गा उदधेर्यद्वत् पवनप्रत्ययेरिताः । नृत्यमानाः प्रवर्तन्ते व्युच्छेदश्च न विद्यते ।।९९।। आलयौघस्तथा नित्यं विषयपवनेरितः । चित्रस्तरङ्गविज्ञानैर्नृत्यमानः प्रर्वतते ।।१००।।

જે પ્રકારે સમુદ્ર તથા તરંગોમાં ભેદ નથી-તે પ્રકારે 'આલયવિજ્ઞાન' અને અન્ય સાતવિજ્ઞાનોમાં વિજ્ઞાનાકારથી ભેદ નથી.

આચાર્ય વસુબંધુએ પણ આલયવિજ્ઞાનની વૃત્તિ જલપ્રવાહના સમાન બતાવેલ છે. **(तत्र वर्तते स्रोतसौघवत् त्रिंशिका का.-४)** જે પ્રકારે જલપ્રવાહ તૃણ, કાષ્ઠ, ગોમય આદિ નાનાપદાર્થોને ખેંચતા-ખેંચતા આગળ વધે છે, તે પ્રકારે આલયવિજ્ઞાન પણ પુણ્ય-અપુણ્ય અનેકકર્મોની વાસનાથી અનુગત સ્પર્શ, સંજ્ઞા વેદના આદિ ચૈત્તધર્મોને ખેંચતું-ખેંચતું આગળ વધે છે. જ્યાં સુધી આ સંસાર છે, ત્યાં સુધી 'આલયવિજ્ઞાન'નો વિરામ નથી.

આ આલયવિજ્ઞાન આત્માનું પ્રતિનિધિ મનાય છે. પરંતુ બંનેમાં સ્પષ્ટ અંતર પણ વિદ્યમાન છે. તેની અવલેહના પણ કરી શકાય તેમ નથી. 'આત્મા' અપરિવર્તનશીલ રહે છે. સદા એકાકાર એકરસ. પરંતુ 'આલયવિજ્ઞાન' પરિવર્તનશીલ હોય છે. અન્યવિજ્ઞાન ક્રિયાશીલ રહે અથવા પોતાનું કાર્ય બંધ પણ કરી દે. પરંતુ 'આલયવિજ્ઞાન'નો પ્રવાહ સતત ચાલું રહે છે. આલયવિજ્ઞાનની ચૈતન્યધારા ક્યારેય ઉપશાંત થતી નથી. તે પ્રત્યેક વ્યક્તિમાં રહે છે. પરંતુ સમષ્ટિચૈતન્યનું પ્રતીક છે.

* **આલયવિજ્ઞાનના ચૈત્તધર્મો :**

આલયવિજ્ઞાનની સાથે સમ્બદ્ધ સહાયકચૈત્તધર્મ પાંચ માનવામાં આવે છે. (૧) **મનસ્કાર** (ચિત્તની વિષય તરફ એકાગ્રતા), (૨) **સ્પર્શ** (ઇન્દ્રિય તથા વિષયની સાથે વિજ્ઞાનનો સંપર્ક), (૩) **વેદના** (સુખ-દુ:ખની ભાવના), (૪) **સંજ્ઞા** (કોઈ વસ્તુનું નામ), (૫) **ચેતના** (મનની જે ચેષ્ટા કે જે રહેવાથી ચિત્ત આલંબનની તરફ સ્વત: જુકે છે). (સ્થિરમતિ કહે છે કે - चेतना चित्ताभिसंस्कारो मनसश्चेष्टा । यस्यां सत्यात्मालम्बनं प्रति चेतसः प्रस्यन्द इव भवति, अयस्कान्तवशाद् अयः प्रस्यन्दवत्)

જે વેદના 'આલયવિજ્ઞાન'ની સાથે સહાયકધર્મ છે, તે ઉપેક્ષાભાવ છે કે જે અનિવૃત્તિ તથા અવ્યાકૃત મનાય છે. ઉપેક્ષા મનોભૂમિમાં વિદ્યમાન રહેવાવાળા આગંતુક ઉપક્લેશોથી ઢંકાયેલી રહેતી નથી. આથી તે ઉપેક્ષા પ્રાણીઓને નિર્વાણ પહોંચાડવામાં સમર્થ થાય છે. જે વિજ્ઞાનનું આ વિશ્વ વિજૃમ્ભણમાત્ર મનાય છે, તે વિજ્ઞાન આલયવિજ્ઞાન છે.

* **યોગાચારમતાનુસાર પદાર્થસમીક્ષા :** યોગાચારમતવાળા આચાર્યોએ વિશ્વના સમગ્રધર્મો(પદાર્થો)નું વર્ગીકરણ બે પ્રધાનવિભાગમાં કરે છે. (૧) સંસ્કૃત અને (૨) અસંસ્કૃત.

જે હેતુ-પ્રત્યય જનિત છે અર્થાત્ જે કોઈ કારણ તથા સહાયકકારણથી ઉત્પન્ન થઈ પોતાની સ્થિતિ પ્રાપ્ત કરે છે તે સંસ્કૃતધર્મો છે. અને જે હેતુ-પ્રત્યયથી જન્ય નથી, પણ સ્વત: સિદ્ધ છે તે અસંસ્કૃત ધર્મ છે. આ ધર્મની સ્થિતિ કોઈ

જે દેશમાં જે કાલે, જે આકારવાળો શંખ હતો તે શ્વેત પ્રદર્શિત થયેલો છતાં (રોગથી અભિભૂત આંખવાળાને) તેનાથી વિપરીત પીત છે, એ રીતે ઉપલબ્ધ થાય છે. તથા વર્તમાનમાં જે પીતાકાર છે, તે પૂર્વે પીતાકારરૂપે પ્રદર્શિત થયેલો નહોતો. આથી '**पीतशंखः**' જ્ઞાન યથાર્થ નથી.) વળી દેશાદિનાભેદથી વસ્તુનોભેદ નિશ્ચયે થાય છે. આમ પ્રત્યક્ષ અને અનુમાન સિવાયના તે

કારણ ઉપર અવલંબિત નથી. આ બંનેની અંદર અવાન્તરભેદો પણ છે.

* **સંસ્કૃતધર્મોના ચાર ભેદ છે.** (૧) રૂપધર્મ - ૧૧ છે. - તે વૈભાષિકોની અનુસાર જાણવા. (૨) ચિત્તના ૮ ભેદ છે. (૩) ચૈત્તસિકના ૫૧ ભેદ છે. (૪) ચિત્તવિપ્રયુક્તના ૨૪ ભેદ છે.

ચૌદ ભેદો વૈભાષિકમતમાં જણાવ્યા તે પ્રમાણે અને ૧૦ નવા ધર્મો આ પ્રમાણે છે -

(૧) પ્રવૃત્તિ - સંસાર, (૨) એવંભાગીય-વ્યક્તિત્વ, (૩) પ્રત્યનુબંધ - પરસ્પર સાપેક્ષસંબંધ, (૪) જઘન્ય-પરિવર્તન, (૫) અનુક્રમ-ક્રમશઃસ્થિતિ, (૬) દેશ-સ્થાન, (૭) કાલ-સમય, (૮) સંખ્યા-ગણના, (૯) સામગ્રી-પરસ્પરસમવાય, (૧૦) ભેદ-પૃથક્ સ્થિતિ.

અસંસ્કૃત છ ધર્મો : (૧) આકાશ, (૨) પ્રતિસંખ્યાનિરોધ, (૩) અપ્રતિસંખ્યાનિરોધ, (૪) અચલ, (૫) સંજ્ઞા-વેદના- નિરોધ, (૬) તથતા.

પ્રથમ ત્રણ વૈભાષિકો (સર્વાસ્તિવાદિઓ)ની કલ્પનાનુસાર છે. તે પૂર્વે બતાવેલ છે. બાકીના ત્રણની વ્યાખ્યા કરાય છે :

(૪) **અચલ :** આ શબ્દનો અર્થ છે ઉપેક્ષા. ઉપેક્ષાથી સુખદુઃખની ભાવનાનો સંપૂર્ણ તિરસ્કાર છે. વિજ્ઞાનવાદિઓના મતે 'અચલ'ની દશાનો પણ ત્યારે જ સાક્ષાત્કાર થાય છે, કે જ્યારે સુખ અને દુઃખ ઉત્પન્ન ન થાય. આ ચતુર્થ ધ્યાનમાં દેવતાની મનઃ સ્થિતિની સમાન માનસસ્થિતિ છે.

(૫) **સંજ્ઞા-વેદના-નિરોધ :** આ દશા ત્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે યોગી નિરોધસમાપત્તિમાં પ્રવેશ કરે છે. અને સત્તા તથા વેદનાના માનસધર્મોને બિલકુલ પોતાના વશમાં કરી લે છે.

પ્રથમ પાંચ સંસ્કૃતધર્મોને સ્વતંત્ર માનવા ઊચિત નથી. કારણ કે તથતાના પરિણામથી તે તે ભિન્ન-ભિન્નરૂપ છે. 'તથતા' જ વિશ્વમાં પરિણામ ધારણ કરે છે. અને તે પાંચે ધર્મો 'તથતા'નો આંશિક વિકાસમાત્ર છે.

(૬) **તથતા :** તથતાનો અર્થ છે - તથા (જેવી વસ્તુ હોય તેવી તેની સ્થિતિ)નો ભાવ. આ વિજ્ઞાનવાદિઓનું પરમતત્ત્વ છે. વિશ્વના સમગ્રધર્મોનો નિત્યસ્થાયી ધર્મ 'તથતા' જ છે. તથતાનો અર્થ છે અવિકારી તત્ત્વ. અર્થાત્ એવો પદાર્થ કે જેમાં કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન ન થાય. (સ્થિરમતિની ટીકામાં આ જ વાત કરી છે.) तथता अविकारार्थेनेत्यर्थः । नित्यं सर्वस्मिन् कालेऽसंस्कृतत्त्वान्न विक्रियते (મધ્યાન્તવિભાગ પૃ-૪૧)

વિકાર હેતુ-પ્રત્યયજન્ય હોય છે. આથી 'તથતા' અસંસ્કૃતધર્મ હોવાનાકારણે અવિકાર હોવો તે સ્વાભાવિક છે.

આ પરમતત્ત્વના ભૂતકોટિ, અનિમિત્ત, પરમાર્થ અને ધર્મધાતુ પર્યાયવાચી શબ્દ છે.

ભૂત = સત્ય + અવિપરીત પદાર્થ; કોટી = અન્ત, એનાથી અતિરિક્ત બીજો કોઈ જ્ઞેયપદાર્થ નથી. આથી તેને ભૂતકોટી (સત્યવસ્તુઓનું પર્યવસાન) કહેવાય છે. (भूतं सत्यमविपरीतमित्यर्थः । कोटिः पर्यन्तः । यतः परेणान्यत् ज्ञेयं नास्ति अतो भूतकोटिः भूतपर्यन्तः । (સ્થિરમતિની ટીકા, મધ્યાન્તવિભાગ પૃ-૪૧)

જ્ઞાનોમાં પ્રદર્શિતઅર્થપ્રાપકતા નથી. અને તેથી તે જ્ઞાનોમાં પ્રામાણ્ય પણ નથી. આ જ રીતે પ્રત્યક્ષ-અનુમાન પ્રમાણથી ભિન્ન શબ્દજન્ય આગમજ્ઞાન પણ પ્રદર્શિત અર્થનું પ્રાપક બની પ્રમાણ થઈ શકતું નથી. કારણ કે શબ્દ અનિયતદેશ, કાલ અને આકારવાળી વસ્તુનું પ્રતિપાદન કરે છે. જ્યારે વસ્તુ કોઈને કોઈ દેશ, કાલ અને આકારમાં રહે છે. આથી શબ્દજન્ય આગમજ્ઞાન અનિયતદેશાદિવાળી વસ્તુનું પ્રતિપાદન કરે છે તથા તે જે વસ્તુનું પ્રતિપાદન કરે છે, તે વસ્તુ તે દેશમાં, તે કાલે, તે આકારમાં હોતી પણ નથી અને વસ્તુ જેવા દેશ-કાલ-આકારમાં હોય

સર્વ નિમિત્તોથીવિહીન હોવાના કારણે તે **'અનિમિત્ત'** કહેવાય છે. તે લોકોત્તરજ્ઞાન દ્વારા સાક્ષાત્કૃતતત્ત્વ છે. આથી 'પરમાર્થ' છે અને આ આર્યધર્મોની સમ્યક્દૃષ્ટિ, સમ્યક્વ્યાયામ (પ્રયત્ન)આદિ શ્રેષ્ઠધર્મોનું કારણ (ધાતુ) છે. આથી તેની સંજ્ઞા **'ધર્મધાતુ' છે.**

* **સત્તામીમાંસા :** યોગાચારમતમાં સત્તા માધ્યમિકમતની સમાન જ બે પ્રકારની મનાય છે. **(૧) પારમાર્થિક (૨) વ્યાવહારિક. વ્યાવહારિકસત્તાને વિજ્ઞાનવાદિ આચાર્યો બે વિભાગમાં વહેંચે છે. (૧) પરિકલ્પિતસત્તા (૨) પરતંત્રસત્તા.** અદ્વૈતવેદાન્તિઓની સમાન જ વિજ્ઞાનવાદિઓનું કથન છે કે જગતનો સમસ્તવ્યવહાર આરોપ અર્થાત્ ઉપચારના ઉપર અવલંબિત રહે છે. વસ્તુમાં અવસ્તુના આરોપને અધ્યારોપ કહેવાય છે. જેમકે રજ્જુમાં સર્પનો આરોપ.

આ દૃષ્ટાંતમાં રજ્જુમાં કરેલો સર્પનોઆરોપ મિથ્યા છે. કારણ કે બીજીક્ષણે આપણને ઊચિત પરિસ્થિતિમાં આ ભ્રાન્તિનું નિરાકરણ થઈ જાય છે અને રજ્જુનું રજ્જુત્વ આપણી સમક્ષ ઊપસ્થિત થાય છે. અહીં સર્પની ભ્રાન્તિનું જ્ઞાન પરિકલ્પિત છે. રજ્જુની સત્તા પરતન્ત્રશબ્દથી અભિહિત કરવામાં આવે છે. તે વસ્તુ જેનાથી રજ્જુ બનીને તૈયાર થઈ છે તે વસ્તુ **પરિનિષ્પન્નસત્તા** કહેવાય છે.

લંકાવતારસૂત્રમાં પણ પરમાર્થ અને સંવૃત્તિ એમ (સત્તાના) બે ભેદ બતાવેલ છે. સંવૃત્તિસત્ય (વ્યાવહારિક સત્ય) પરિકલ્પિત તથા પરતંત્રસત્ય સ્વભાવનીસાથે સદાસંબદ્ધ રહે છે. આ બંને પ્રકારનું જ્ઞાન થયા બાદ જ પરિનિષ્પન્નજ્ઞાન થાય છે. પરમાર્થસત્યનો સંબંધ તે જ્ઞાનથી છે. પરમાર્થનું જ બીજું નામ 'ભૂતકોટિ' છે. સંવૃત્તિ પરમાર્થનું પ્રતિબિંબમાત્ર છે.

સંવૃત્તિનો અર્થ થાય છે બુદ્ધિ, તે બે પ્રકારની માનેલ છે.

(૧) **પ્રવિચયબુદ્ધિ** (૨) **પ્રતિષ્ઠાપિકાબુદ્ધિ.**

પ્રવિચયબુદ્ધિથી પદાર્થોના યથાર્થરૂપનું ગ્રહણ કરાય છે. શૂન્યવાદિઓની સમાન જ સમસ્તપદાર્થો સત્, અસત્, અસ્તિત્વ, નાસ્તિત્વ આ ચાર કોટીથી સદા મુક્ત રહે છે.

લંકાવતારસૂત્રનું કથન છે કે બુદ્ધિથી પદાર્થોની વિવેચના કરવાથી તેનો સ્વભાવ જ્ઞાનગોચર નહીં થાય. એટલા માટે વિશ્વના સમસ્તપદાર્થોને લક્ષણહીન (અનભિલાપ્ય) તથા સ્વભાવહીન (નિ:સ્વભાવ) માનવા જ પડશે. વસ્તુ-તત્ત્વનું તે વિવેચન પ્રવિચયબુદ્ધિનું કાર્ય છે.

પ્રતિષ્ઠાપિકાબુદ્ધિથી ભેદ-પ્રપંચ આભાસિત થાય છે. તથા અસત્ પદાર્થ સત્રૂપથી પ્રતીત થાય છે. આ પ્રતિષ્ઠાપનવ્યાપારને 'સમારોપ' કહેવાય છે. લક્ષણ, ઇષ્ટ, હેતુ અને ભાવ આ ચારનો આરોપ થાય છે.

સારાંશ એ છે કે જે લક્ષણ અથવા ભાવ વસ્તુમાં સ્વયં ઉપસ્થિત ન હોય તેની કલ્પના કરવી તે પ્રતિષ્ઠાપન કહેવાય છે. લોકવ્યવહારના મૂલમાં આ પ્રતિષ્ઠાપન વ્યવહાર સદા પ્રવૃત્ત રહે છે. અને આ પ્રતિષ્ઠાપિકાબુદ્ધિનું

છે, તેવી શબ્દજન્ય આગમજ્ઞાનદ્વારા પ્રદર્શિત કરાયેલ હોતી નથી. આમ વસ્તુનું કથનકરવું તે શબ્દનું સામર્થ્ય નથી. શબ્દદ્વારા પ્રતિપાદ્ય વસ્તુ અનિયતદેશાદિવાળી હોવાના કારણે ન તો

અતિક્રમણ કરવું યોગીજનનું પ્રધાન કાર્ય છે. એના સિવાય રાગ-દ્વેષાદિ દ્વન્દ્વાતીત નહીં થાય. અને નિર્વાણ પ્રાપ્ત નહીં થાય.

પરિકલ્પિત અને પરતંત્રસત્યમાં પરસ્પરભેદ છે. પરિકલ્પિત કેવલ નિર્મૂલ કલ્પનામાત્ર છે. પરંતુ પરતંત્ર બાહ્ય સત્યસાપેક્ષ છે. પરતંત્ર એટલું દુષિત નથી. પરંતુ પરિકલ્પિતસત્ય ભ્રાન્તિનું કારણ છે. પરતંત્ર શબ્દનો જ અર્થ એ છે કે બીજાઉપર અવલંબિત.

આથી તાત્પર્ય એ છે કે પરતંત્રસત્તા સ્વયં ઉત્પન્ન થતી નથી. પણ હેતુ-પ્રત્યયથી ઉત્પન્ન થાય છે. પરિકલ્પિત લક્ષણમાં ગ્રાહ્ય-ગ્રાહકભાવનો સ્પષ્ટ ઉદય થાય છે. પણ ભેદનીકલ્પના નિતાન્તભ્રાન્ત છે.

ગ્રાહકભાવ અને ગ્રાહ્યભાવ બંને પરિકલ્પિત છે. કારણકે વિજ્ઞાન એકાકાર રહે છે. તેમાં ન તો ગ્રાહકત્વ છે. અને ન તો ગ્રાહ્યત્વ છે. જ્યાં સુધી આ સંસાર છે. ત્યાં સુધી આ દ્વિવિધકલ્પના ચાલતી રહે છે. જે સમયે આ બંને ભાવો નિવૃત્ત થાય છે. તે સમયની અવસ્થા પરિનિષ્પન્નલક્ષણ કહેવાય છે.

પરતંત્ર હંમેશાં પરિકલ્પિતલક્ષણની સાથે મિશ્રિત થઈને આપણીસામે ઉપસ્થિત થાય છે. જે સમયે આ મિશ્રણ સમાપ્ત થઈ જશે અને પોતાના વિરુદ્ધરૂપમાં પ્રતીત થવા લાગશે તે તેની પરિનિષ્પન્નાવસ્થા છે.

આચાર્ય અસંગે 'મહાયાનસૂત્રાલંકાર'માં સત્યના આ ત્રણપ્રકારોનું વર્ણન નીચે પ્રમાણે કરેલ છે.

(૧) **પરિકલ્પિતસત્તા :** જેમાં કોઈ વસ્તુનું નામ અથવા અર્થ અથવા નામનો પ્રયોગ સંકલ્પદ્વારા કરાય તે પરિકલ્પિત સત્તા. (यथा नामार्थमर्थस्य नाम्नः प्रख्यानता च या । संकल्पनिमित्तं हि परिकल्पितलक्षणं ।। (म.सू.लं-११/३९)

(૨) **પરતંત્રસત્તા :** જેમાં ગ્રાહ્ય અને ગ્રાહકના ત્રણે લક્ષણો કલ્પનાનીઉપર અવલંબિત હોય તે પરતંત્રસત્તા કહેવાય છે. ગ્રાહ્યના ત્રણ ભેદ છે. (૧) પદાભાસ, (૨) અર્થાભાસ, (૩) દેહાભાસ. ગ્રાહકના ત્રણ ભેદ છે (૧) મન, (૨) ઉદગ્રહ (ચક્ષુર્વિજ્ઞાન આદિ પાંચઇન્દ્રિય વિજ્ઞાન), (૩) વિકલ્પ.

ગ્રાહ્ય અને ગ્રાહકના આ ત્રણ ભેદ જે અવસ્થામાં ઉત્પન્ન થાય છે, તે અવસ્થાની સત્તા પરતંત્રસત્તા કહેવાય છે.

મહાયાન સૂત્રાલંકારમાં કહ્યું છે કે...

त्रिविधं विविधाभासो ग्राह्यग्राहकलक्षणः । अभूत परिकल्पो हि परतन्त्रस्य लक्षणम् ।।११ ।४०।।

(૩) **પરિનિષ્પન્ન :** પરિનિષ્પન્ન વસ્તુ તે છે, કે જે ભાવ અને અભાવથી એવા પ્રકારે અતીત છે કે જે પ્રકારે બંનેના મિશ્રણરૂપથી અને તે સુખ અને દુઃખની કલ્પનાથી નિતાન્તમુક્ત છે. મહાયાન સૂત્રાલંકારમાં કહ્યું છે કે....

अभावभावता य च भावाभावसमानता । अशान्तशान्ताऽकल्पा च परिनिष्पन्नलक्षणम् ।। (११/४५)

તેનું બીજું નામ તથતા છે. તે તથતાને પ્રાપ્ત કરીલેવાથી બુદ્ધ તથાગત નામથી પ્રસિદ્ધ થયા હતા. (આવું મનાય છે) તે પરમાર્થ અદ્વૈતરૂપ છે.

તેના સ્વરૂપનું વર્ણન કરતાં આચાર્ય અસંગે મહાયાન સૂત્રાલંકારમાં કહેલ છે કે - **न सन्न चासन्न तथा न चान्यथा, न जायते व्येक्ति न चावहीयते । न वर्धते नापि विशुद्धयते पुनः, विशुध्यते तत्परमार्थलक्षणम् ।।६। १।।** અર્થાત્ પરમતત્ત્વ પાંચ પ્રકારથી અદ્વૈતરૂપ છે. સત્-અસત્, તથા-અતથા, જન્મ-મરણ, હ્રાસ-વૃદ્ધિ, શુદ્ધિ-અવિશુદ્ધિ આ પાંચે કલ્પનાઓથી પરમાર્થતત્ત્વ નિતાન્તમુક્ત છે.

સાક્ષાત્ ઉપલબ્ધ થાય છે કે ન તો પરંપરાથી ઉપલબ્ધ થાય છે. (કહેવાનો આશય એ છે પ્રતિપાદ્યવસ્તુ અનિયતદેશાદિવાળી હોતી જ નથી, તો અનિયતદેશાદિને બતાવતો શબ્દ કેવી રીતે પ્રાપક બની શકે ? અને જે પ્રાપક ન હોય તેમાં પ્રામાણ્ય પણ કેવી રીતે હોઈ શકે ? ન જ હોઈ શકે.)

વળી બોધિસત્ત્વ (જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો વ્યક્તિ) વાસ્તવિક રીતે શૂન્યજ્ઞ (શૂન્યના સત્યસ્વરૂપને જાણવાવાળો) ત્યારે કહી શકાય કે, જ્યારે શૂન્યતાના ત્રિવિધ પ્રકારોને સારી રીતે પરિચિત હોય. તે ત્રણ પ્રકાર આ પ્રમાણે છે.

(ક) **અભાવશૂન્યતા :** અભાવનો અર્થ તે લક્ષણોથી હીન થવાનો છે. જેને આપણે સાધારણ કલ્પનામાં કોઈ વસ્તુની સાથે સમ્બદ્ધમાનીએ છીએ. (પરિકલ્પિત)

(ખ) **તથાભાવશૂન્યતા :** વસ્તુને જે સ્વરૂપે સાધારણતયા આપણે માનીએ છીએ, તે નિતાન્ત અસત્ય છે. જેને આપણે સાધારણભાષામાં ઘટથી ઓળખીએ છીએ, તેનું કોઈ વાસ્તવિક સ્વરૂપ નથી. (પરતંત્ર)

(ગ) **પ્રકૃતિશૂન્યતા :** સ્વભાવથી જ સમગ્ર પદાર્થ શૂન્યરૂપ છે. (પરિનિષ્પન્ન) મહાયાન સૂત્રાલંકારમાં આ જ વાત કહી છે.

अभावशून्यतां ज्ञात्वा तथा-भावस्य शून्यताम् । प्रकृत्या शून्यतां ज्ञात्वा शून्यज्ञ इति कथ्यते ।।१४/३४।।

तुलना : माध्यमिक	**योगाचार**
(१) संवृत्तिसत्य	परिकल्पित
	परतंत्र
(२) परमार्थसत्य	परिनिष्पन्न

પરિકલ્પિતસત્ય એ છે કે જે પ્રત્યય-જન્ય હોય, કલ્પના દ્વારા જેનું સ્વરૂપ આરોપિત કરાયેલુંહોય તથા સત્યરૂપ આપણી દૃષ્ટિથી અગોચર હોય.

'પરતંત્ર' હેતુ-પ્રત્યયજન્ય હોવાથી બીજાઉપર આશ્રિત રહે છે. જેમકે લૌકિકપ્રત્યક્ષથી ગોચર ઘટાદિપદાર્થ કે જે મૃત્તિકા, કુંભકારાદિના સંયોગથી ઉત્પન્ન થાય છે. આથી તેનું સ્વવિશિષ્ટ સ્વરૂપથી નથી હોતું. 'પરિનિષ્પન્ન' સત્ય અદ્વૈતવસ્તુનું જ્ઞાન છે.

(૪) **માધ્યમિક (શૂન્યવાદ)ની માન્યતા :**

यः प्रतीत्यसमुत्पादः शून्यतां तां प्रचक्ष्यामहे । सा प्रज्ञप्तिरुपमादाय प्रतिपत् सैव मध्यमा ।। माध्यमिक कारिका-२४/१८, नागार्जुन)

અખંડ તાપસજીવન તથા સૌમ્ય ભોગવિલાસ, જીવનના આ બંને છેડાઓને છોડીને બુદ્ધે મધ્યમમાર્ગ અપનાવેલો. તત્ત્વ વિવેચનમાં શાશ્વતવાદ તથા ઉચ્છેદવાદ બંને એકાંગીમતોનો પરિહાર કરીને 'મધ્યમમત' ગ્રહણ કર્યો, આ મતનો પક્ષપાત રાખનારા માધ્યમિકો કહેવાયા.

બુદ્ધના 'પ્રતીત્યસમુત્પાદ'ના સિદ્ધાંત નો વિકાસ કરીને 'શૂન્યવાદ'ની પ્રતિષ્ઠા માધ્યમિકોએ કરી. આથી તેઓ શૂન્યવાદિઓ પણ કહેવાય છે. તેઓ શૂન્યને પરમાર્થ માને છે. આ મતના મુખ્યસ્થાપક નાગાર્જુન મનાય છે.

તેથી નક્કી(સિદ્ધ)થાય છે કે પ્રદર્શિતઅર્થને પ્રાપ્તકરવાની શક્તિને અવિસંવાદકતા કહેવાય છે. અને તે જ પ્રામાણ્ય છે. આવુંપ્રામાણ્ય પ્રત્યક્ષ અને અનુમાન બેમાં જ છે.

પ્રમાણની પ્રાપણશક્તિ અર્થ-અવિનાભાવિ હોય છે અને તેનો નિશ્ચય નિર્વિકલ્પજ્ઞાનની પછી થનારા વિકલ્પજ્ઞાનથી થાય છે. તે આ રીતે છે - દર્શન જેનું અપર નામ છે તે પ્રત્યક્ષ

બૌદ્ધદર્શનનો આ ચરમવિકાસ મનાય છે. **સિદ્ધાંત :** (ક) **જ્ઞાનમીમાંસા :** નાગાર્જુને પોતાની તાર્કિકશક્તિ દ્વારા અનુભવની એક વિશાળ માર્મિક વ્યાખ્યા કરી છે. તેમનું કહેવું છે કે આ જગત માયિક (માયાથી યુક્ત) છે. સ્વપ્નમાં દેખાયેલા પદાર્થોની સત્તાની સમાન જ જગતના સમગ્રપદાર્થની સત્તા કાલ્પનિક છે. જાગ્રત અને સ્વપ્નમાં કોઈ અંતર નથી. કેવલ વ્યવહારના નિમિત્તે જગતની સત્તા માનનીય છે. વિશ્વ વ્યવહારિકરૂપથી સત્ય છે. પારમાર્થિકરૂપથી અસત્ય છે. જગત અસિદ્ધસંબંધોનો સમુચ્ચયમાત્ર છે. જે પ્રકારે પદાર્થોની, ગુણોને છોડીને સ્વતંત્ર સત્તા નથી. તે પ્રકારે આ જગત પણ સંબંધોનો સંઘાતમાત્ર છે. આ જગતમાં સુખ-દુઃખ, બંધ-મોક્ષ, ઉત્પાદ-નાશ, ગતિ-વિરામ, દેશ-કાલ જેટલી ધારણાઓ માન્ય છે, તે કેવલ કલ્પનાઓ છે. માનવોએ પોતાનો વ્યવહાર ચલાવવા આ રીતે કલ્પનાઓ ઊભી કરી છે. પરંતુ તાર્કિકદૃષ્ટિથી વિશ્લેષણ કરવાથી તે કેવલ અસત્ સિદ્ધ થાય છે.

(૧) **સત્તાપરીક્ષા :** સત્તાની મીમાંસા કરતાં કરતાં માધ્યમિક આચાર્યો એ પરિણામ ઉપર પહોંચ્યા છે કે આ શૂન્યરૂપ છે. વિજ્ઞાનવાદિઓનું વિજ્ઞાન અર્થાત્ ચિત્ત પરમતત્ત્વ નથી. ચિત્તની સત્તા પ્રમાણોથી સિદ્ધ થઈ શકતી નથી. સમગ્ર જગત સ્વભાવ-શૂન્ય છે.

ચિત્તના અસ્તિત્વનું પ્રમાણ શું છે ? જો એમ કહેશો કે ચિત્ત જ પોતાને દેખવાની ક્રિયા સ્વયં કરે છે. તો તે વિશ્વસનીય નથી. કારણકે બુદ્ધનું સ્પષ્ટ કથન છે કે નહિ चित्तं चित्तं पश्यति = ચિત્ત ચિત્તને દેખતું નથી. સુતીક્ષ્ણ પણ તલવારની ધાર જે પ્રમાણે પોતાને કાપવા માટે અસમર્થ છે, તે પ્રકારે ચિત્ત પોતાને દેખવામાં સમર્થ નથી.

કહ્યું છે કે - **उक्तं च लोकनाथेन चितं चितं न पश्यति ।**

न छिन्ति यथाऽत्मानमसिधारा तथा मनः ॥ बोधिचर्यावतार ९/१७॥

વેદ્ય, વેદક અને વેદન; તથા જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાન આ ત્રણેવસ્તુઓ પૃથક્-પૃથક્ છે. એક જ વસ્તુ (જ્ઞાન) ત્રિસ્વભાવ કેવી રીતે થઈ શકે ? આ વિષયમાં આર્યરત્નચૂડસૂત્રની એક ઉક્તિ છે કે ચિત્તની ઉત્પત્તિ આલંબન હોતે છતે થાય છે. તો પ્રશ્ન થાય કે આલંબન ભિન્ન છે કે ચિત્ત ભિન્ન છે ? જો આલંબન અને ચિત્તને ભિન્ન-ભિન્ન માનીએ તો બેચિત્ત હોવાનો પ્રસંગ ઉપસ્થિત થાય. અને તો તો વિજ્ઞાનાદ્વયવાદની વિરુદ્ધ થશે. અને જો આલંબન અને ચિત્તની અભિન્નતા માનીશું, તો ચિત્ત ચિત્તને દેખી શકતું નથી. આથી ચિત્ત ન તો આલંબનથી ભિન્ન સિદ્ધ થાય છે કે ન અભિન્ન અને આલંબનના અભાવમાં ચિત્તની ઉત્પત્તિનો સંભવ નથી.
વિજ્ઞાનવાદિ આના ઉત્તરમાં ચિત્તની સ્વપ્રકાશ્યતાનો સિદ્ધાંત લાવે છે. તેઓનું કહેવું છે કે જે પ્રકારે ઘટ-પટાદિ પદાર્થોને પ્રકાશિત કરવાના સમયે દીપક સ્વયં પોતાને પણ પ્રકાશિત કરે છે. તે પ્રકારે ચિત્તસ્વયં પોતાને પ્રકાશિત કરશે. પરંતુ (શૂન્યવાદના મતે) આ પક્ષ ઠીક નથી. પ્રકાશનનો અર્થ છે-

विद्यमानस्यावरणस्यापनयनं प्रकाशनम् - વિદ્યમાન આવરણનું અપનયન. ઘટપટાદિ પદાર્થોની સ્થિતિ પૂર્વકાળથી છે. આથી તેના આવરણનું અપનયન ન્યાયપ્રાપ્ત થાય છે. પરંતુ ચિત્તની પૂર્વસ્થિતિ છે જ નહીં, તો ચિત્તનું પ્રકાશન કયા પ્રકારે સંભવિત થઈ શકે ?

आत्मभावं यथा दीपः संप्रकाशयतीति चेत् । नैव प्रकाश्यते दीपो यस्मान्न तमसा वृत्तः ।। बोधि चर्यावतार - ૬/૧૮//

પ્રમાણ સ્વયં અર્થથી ઉત્પન્ન થાય છે અને અર્થનું પ્રદર્શક બને છે. (અને આ વિષયમાં) પોતાનો નિશ્ચય પોતાને અનુરૂપ વિકલ્પની ઉત્પત્તિદ્વારા કરી લે છે. અને આ જ તેના પ્રામાણ્યનો સ્વતઃ નિશ્ચય છે. (પ્રત્યક્ષમાં પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ થાય છે.) કારણ કે કોઈપણ જ્ઞાનમાં પ્રાપણશક્તિ જ પ્રામાણ્યની નિમિત્ત બને છે. અને તે પ્રાપણશક્તિ પણ ત્યારે જ હોય છે, કે જ્યારે જ્ઞાનનો અર્થની સાથે અવિનાભાવ હોય. અર્થાત્ જ્ઞાન અર્થથી સાક્ષાત્ કે પરંપરાથી ઉત્પન્ન થયેલ હોય. (કહેવાનો આશય એ છે કે નિર્વિકલ્પકદર્શન પ્રત્યક્ષ કહેવાય છે. તે નિર્વિકલ્પક

'દીપક પ્રકાશિત થાય છે.' - તેનો ખ્યાલ આપણને જ્ઞાનથી થાય છે. તે પ્રકારે બુદ્ધિ પ્રકાશિત થાય છે તેનો ખ્યાલ કયા પ્રકારે થાય છે ? બુદ્ધિ પ્રકાશરૂપ હોય કે અપ્રકાશરૂપ હોય, (પણ) જો કોઈ તેનું દર્શન કરે તો તેની સત્તા માન્ય થાય. પરંતુ તેનું દર્શન ન થતું હોવાથી તેની સંજ્ઞા કેવી રીતે અંગીકાર કરાય ? વન્ધ્યાનો પુત્ર જ અસિદ્ધ છે, તો તેની લીલા કેવી રીતે ઘટે ? સુતરાં ન ઘટે. તે પ્રકારે બુદ્ધિની સત્તા જ અસિદ્ધ છે, તો તેના સ્વપ્રકાશ કે પરપ્રકાશની કલ્પના નિતરાં અસિદ્ધ છે. કહ્યું છે કે...

प्रकाशा वाप्रकाशा वा यदा दृष्टा न केनचित् । वन्ध्यादुहितृलीलेव कथ्यमानापि सा मुधा ।। बोधि चर्यावतार - ९/२७ ॥

આથી વિજ્ઞાનની કલ્પના પ્રમાણો દ્વારા સિદ્ધ થઈ શકતી નથી. જગતના સમસ્તપદાર્થો નિઃસ્વભાવ છે. વિજ્ઞાન પણ એ પ્રકારે નિઃસ્વભાવ છે. શૂન્ય જ પરમતત્ત્વ છે. આથી વિજ્ઞાનની સત્તા કોઈપણ રીતે માન્ય નથી.

* **કારણવાદ :** જગત કાર્ય-કારણના નિમય ઉપર ચાલે છે. અને દાર્શનિકોને તેની સત્તામાં દૃઢ વિશ્વાસ છે. પરંતુ નાગાર્જુનની સમીક્ષા કાર્ય-કારણની કલ્પનાને ખંડિત કરે છે. (તે માને છે કે) કાર્ય-કારણની સ્વતંત્રકલ્પના આપણે કરી શકતા નથી. કોઈપણ પદાર્થ કારણને છોડીને રહી શકતો નથી. અને કારણ પણ કાર્યથી પૃથક્ ક્યારેય પણ દૃષ્ટિગોચર થતું નથી. કાર્યવિના કારણની સત્તા અને કારણવિના કાર્યની સત્તા માની શકાતી નથી. કાર્ય-કારણની કલ્પના સાપેક્ષિક છે. આથી અસત્ય છે તથા નિરાધાર છે. નાગાર્જુન કહે છે કે પદાર્થ ન તો સ્વતઃ ઉત્પન્ન થાય છે, ન તો બીજાની સહાયથી (પરતઃ) ઉત્પન્ન થાય છે. અને ન તો બંનેથી અને અહેતુથી પણ ઉત્પન્ન થતો નથી. આમ આ બધામાંથી કોઈપણ પ્રકારથી ભાવોની-પદાર્થોની ઉત્પત્તિ પ્રમાણો દ્વારા સિદ્ધ થતી નથી. માધ્યમિકકારિકામાં આ જ વાત કરી છે-

न स्वतो नापि परतो न द्वाभ्यां नाप्यहेतुतः । उत्पन्ना जातु विद्यन्ते भावाः क्वचन केचित् ।। पृष्ठ - १२ ॥

ઉત્પાદના અભાવમાં વિનાશ સિદ્ધ થતો નથી. જો વિભવ (વિનાશ) તથા સંભવ (ઉત્પત્તિ) આ જગતમાં હોય તો, તે એકબીજાની સાથે રહી શકે કે એકબીજાનીવિના પણ વિદ્યમાન રહી શકે. વિભવ(વિનાશ) સંભવ વિના કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ? જ્યાં સુધી પદાર્થનો જન્મ જ નથી થયો, ત્યાં સુધી તેના વિનાશની ચર્ચા કરવી બિલકુલ અયોગ્ય છે. માધ્યમિકકારિકામાં આ જ વાત કરી છે. **भवष्यति कथं नाम विभवः संभवं विना । विनैव जन्ममरणं विभवो नोद्भवं विना ।।२१/२।।**

આથી વિભવ સંભવવિના રહી શકતો નથી. સંભવની સાથે પણ વિભવ રહી શકતો નથી. કારણકે ભાવનાઓ પરસ્પરવિરુદ્ધ છે. એવી દશામાં જે પ્રકારે જન્મ અને મૃત્યુ એકસમયમાં સાથે રહી શકતા નથી, તે પ્રકારે ઉત્પત્તિ અને વિનાશ કે જે વિરુદ્ધપદાર્થ છે, તે પણ તુલ્યસમયમાં સાથે રહી શકતા નથી.

માધ્યમિકકારિકામાં આ જ વાત કરી છે-

सम्भवेनैव विभवः कथं सह भविष्यति । न जन्ममरणं चैवं तुल्यकालं हि विद्यते ।।२१/३।।

પ્રત્યક્ષ અર્થક્રિયાવાળા સત્પદાર્થથી ઉત્પન્ન થાય છે. અને નિર્વિકલ્પ જે અર્થથી ઉત્પન્ન થાય છે, ઉત્તરકાલમાં તેને અનુરૂપ વિકલ્પને પણ ઉત્પન્ન કરે છે. રક્તનિર્વિકલ્પમાં રક્તઘટથી (અર્થથી) ઉત્પન્નથવાનો નિશ્ચય રક્તનિર્વિકલ્પકથી ઉત્પન્ન થવાવાળા 'रक्तमिदम्' આ અર્થાનુસારી

આથી ઉત્પત્તિ અને વિનાશની કલ્પના પ્રમાણત: સિદ્ધ થતી નથી. આ કારણે નાગાર્જુનના મતમાં 'પરિણામ' નામની કોઈ વસ્તુ સિદ્ધ થતી નથી. તેની ચર્ચા કરતાં કહેલ છે કે - સાધારણ ભાષામાં આપણે કહીએ છીએ કે, યુવક વૃદ્ધ થાય છે તથા દૂધ દહીં બને છે. પરંતુ વસ્તુત: આ બની શકે છે ? યુવાન જીર્ણ (વૃદ્ધ) થઈ શકતો નથી, કારણ કે યુવાનીમાં એક સાથે યૌવન તથા જીર્ણ (વૃદ્ધતા) વિરોધીધર્મો રહી શકતા નથી. કોઈ પુરૂષને આપણે યૌવનને કારણે યુવાન કહીએ છીએ, ત્યારે યુવાન વૃદ્ધ કેવી રીતે થાય ? જીર્ણને જરાયુક્ત બતાવવો તે ઠીક નથી. જે સ્વયં વૃદ્ધ છે, તે પુન: કેવી રીતે જીર્ણ થાય ? આથી ઉપર જે 'યુવક વૃદ્ધ થાય છે' તે સાધારણ ભાષામાં કરેલ કલ્પના જ અનાવશ્યક હોવાથી વ્યર્થ છે. માધ્યમિકકારિકામાં કહ્યું છે કે...

तस्यैव नान्यथाभावो नाप्यन्यस्यैव युज्यते । युवा न जीर्यते यस्माद् यस्माज्जीर्णो न जीर्यते ।।१३/५।।

આ જ રીતે દહીં દૂધમાંથી બની જાય છે, તે સાધારણકલ્પના પણ અનાવશ્યક હોવાથી વ્યર્થ છે. માધ્યમિકકારિકામાં કહ્યું છે કે -

तस्य चेदन्यथाभावः क्षीरमेव भवेद् दधि । क्षीरादन्यस्य कस्यचिद् दधिभावो भविष्यति ।।१३/६।।

આથી જો વસ્તુનો કોઈ પોતાનોસ્વભાવ હોય તો તો પરિવર્તિત ન થાય. પરંતુ માધ્યમિકમતમાં સઘળીવસ્તુ નિ:સ્વભાવ છે.

આથી કાર્ય-કારણભાવ, ઉત્પાદ-વિનાશ, પરિણામ આદિ પરસ્પર ધારણાઓનું વાસ્તવિકતાની દૃષ્ટિએ કોઈ મૂલ્ય નથી.

* **સ્વભાવ-પરીક્ષા :** જગતના પદાર્થોની વિશેષતા એ છે કે તે કોઈ હેતુથી ઉત્પન્ન થાય છે, એવી દશામાં તે પદાર્થોની સ્વતંત્ર સત્તા કેવી રીતે માની શકાય ?

જે હેતુઓની ઉપર કોઈપણ પદાર્થની સ્થિતિ અવલંબિત છે અને તે હટતાંની સાથે પદાર્થ નષ્ટ થઈ જાય છે, એવી વિષમસ્થિતિમાં વસ્તુઓને પ્રતિબિંબ સમાન માનવી એ જ ન્યાયસંગત છે. માધ્યમિકવૃત્તિમાં આ જ વાત કરી છે.

हेतुतः संभवो येषां तदभावान्न सन्ति ते । कथं नाम ते स्पष्टं प्रतिबिम्बसमा मताः ।।

યુક્તિષષ્ટિક નામના ગ્રંથમાં નાગાર્જુને સ્પષ્ટ કહ્યું છે કે -

हेतुतः सम्भवो यस्य स्थितिर्न प्रत्ययैर्विना । विगमः प्रत्ययाभावात् सोऽस्तीत्यवगतः कथम् ।।

આશય એ છે કે જેની ઉત્પત્તિ કારણથી થાય છે, જેની સ્થિતિ પ્રત્યયો (સહાયકકારણો) વિના હોતી નથી. પ્રત્યયના અભાવમાં જેનો નાશ થાય છે, તે પદાર્થ 'अस्ति' વિદ્યમાન છે, તે કેવી રીતે જણાય ? અર્થાત્ પદાર્થની ત્રણ અવસ્થાઓ ઉત્પાદ, સ્થિતિ અને ભંગ પરાશ્રિત છે. જે બીજા ઉપર અવલંબિત રહે છે તે કોઈપણ રીતે સત્તાધારી થઈ શકતો નથી. જગતના સર્વપદાર્થોમાં આ વિશિષ્ટતા જોઈ શકાય છે કે, તે બીજા પર અવલંબિત રહે છે. આથી તે પદાર્થોને ક્યારેય પણ સત્તાત્મક માની શકાતા નથી. જગતના સર્વપદાર્થો ગન્ધર્વનગર, મૃગમરીચિકા, પ્રતિબિંબકલ્પ હોવાથી નિતરાં માયિક છે.

લોકમાં તેને 'સ્વભાવ' કહે છે કે, જે કૃતક ન હોય, જેની ઉત્પત્તિ કોઈપણ કારણથી ન હોય. જેમકે અગ્નિની ઉષ્ણતા. જે ઉષ્ણતા ધર્મ છે, તે અગ્નિમાટે સ્વાભાવિકધર્મ છે. પરંતુ જલના માટે કૃતક છે. આથી ઉષ્ણતા

વિકલ્પથી ઉત્પન્ન થાય છે. આ રીતે નિર્વિકલ્પકપ્રત્યક્ષ ઉત્તરમાં થનારા અર્થાનુસારી વિકલ્પદ્વારા પોતાનો અર્થની સાથે અવિનાભાવપણાનો નિશ્ચય કરે છે. આ જ રીતે સ્વની પ્રાપણશક્તિ અને તેનાથી પ્રાપ્ત થયેલી પ્રમાણતાનો નિશ્ચય પણ કરી લે છે.

અગ્નિનો સ્વભાવ છે. જલનો નહીં.

આ યુક્તિથી સાધારણજન વસ્તુઓના સ્વભાવમાં પરમશ્રદ્ધા રાખે છે. પરંતુ નાગાર્જુનનું કહેવું છે કે અગ્નિની ઉષ્ણતા છે તે શું કારણનિરપેક્ષ છે ? તે તો મણિ, ઇન્ધન, આદિત્યના સમાગમથી તથા અરણિના ઘર્ષણથી ઉત્પન્ન થાય છે. ઉષ્ણતા અગ્નિને છોડી પૃથક્રૂપથી અવસ્થિત નથી રહેતી. આથી અગ્નિની ઉષ્ણતા હેતુ-પ્રત્યયજન્ય છે. આથી કૃતક અનિત્ય છે. ઉષ્ણતા એ અગ્નિનો સ્વભાવ બતાવવો, તે તર્કની અવલેહના કરવા બરાબર છે. જ્યારે વસ્તુનો સ્વભાવ નથી, ત્યારે તેમાં પરભાવની કલ્પના ન્યાયી નથી. સ્વભાવ તથા પરભાવના અભાવમાં ભાવની પણ સત્તા નથી. અને અભાવની પણ સત્તા નથી. આથી માધ્યમિકોના મતમાં જે વિદ્વાન સ્વભાવ, પરભાવ, ભાવ તથા અભાવની કલ્પના વસ્તુઓના વિષયમાં કરે છે, તે પરમાર્થના જ્ઞાનથી દૂર છે. માધ્યમિકવૃત્તિમાં કહ્યું છે કે....

स्वभावं परभावं च भावं चाभावमेव च । ये पश्यन्ति न पश्यन्ति ते तत्त्वं बुद्धशासने ।। १५/६ ।।

* **દ્રવ્યપરીક્ષા :** સાધારણથી જગતમાં દ્રવ્યોની સત્તા માનવામાં આવે છે, પરંતુ પરીક્ષાકરવાથી દ્રવ્યની કલ્પના પણ અન્યની કલ્પનાની સમાન અમને કોઈ પરિણામ ઉપર પહોંચાડતી નથી.

જેને આપણે દ્રવ્ય કહીએ છીએ તે વસ્તુતઃ છે શું ? રંગ, આકાર આદિ ગુણોનો સમુદાયમાત્ર છે. કારણકે નીલરંગ, વિશિષ્ટ આકાર તથા ખરબચડા સ્પર્શ, આનાથી અતિરિક્ત ઘટની સ્થિતિ શું છે ? ઘટનું વિશ્લેષણ કરતાં આ જ ગુણો આપણી સમક્ષ આવે છે.

આથી દ્રવ્યની પરીક્ષાકરવાથી આપણે ગુણો ઉપર આવી પહોંચીએ છીએ અને ગુણોનીપરીક્ષા આપણને દ્રવ્ય સુધી લાવીને રાખે છે. આપણને સ્પષ્ટ ખ્યાલ નથી આવતો કે દ્રવ્ય અને ગુણમાં મુખ્ય કોણ અને અમુખ્ય કોણ ? બંને એકાકાર થાય છે કે ભિન્ન ?

નાગાર્જુને સમીક્ષાબુદ્ધિથી બંનેની કલ્પનાને સાપેક્ષિક બતાવેલ છે. રંગ, ચિકાશ, રૂક્ષતા, ગંધ આદિ આભ્યન્તરપદાર્થ છે. તેની સ્થિતિ એટલા માટે છે કે આપણી ઇન્દ્રિયોની સત્તા છે. આંખવિના ન રંગ છે અને કાનવિના શબ્દ નથી. આથી આપણાથી ભિન્ન તથા બહારના હેતુઓઉપર અવલંબિત છે. આથી તેની સ્વતંત્ર સત્તા નથી. (કારણકે) ઇન્દ્રિયો પર અવલંબિત રહે છે.

આ પ્રકારે ગુણ પ્રતીત કે આભાસમાત્ર છે. આથી જે પદાર્થોમાં આ ગુણ વિદ્યમાન રહે છે, તે પદાર્થો પણ આભાસમાત્ર છે.

આપણે સમજીએ છીએ કે અમે દ્રવ્યનું જ્ઞાન સંપાદન કરેલ છે, પરંતુ વસ્તુતઃ આપણે ગુણોના સમુદાય પર સંતોષ કરીએ છીએ. વાસ્તવમાં દ્રવ્યના સ્વભાવથી આપણે ક્યારેય પણ પરિચિત નથી અને થઈ પણ શકતા નથી. કારણ કે વસ્તુઓ જે સ્વયં સત્ય પરમાર્થ છે, તે જ્ઞાન તથા વચન બંનેથી અતીત વસ્તુ છે, એનું જ્ઞાન તો પ્રાતિભચક્ષુના સહારે જ ભાગ્યશાલિ યોગીઓને થઈ શકે છે.

આ દ્રવ્ય એક સંબંધમાત્ર છે, અન્ય કંઈ નથી. દ્રવ્યગુણોનો એક અમૂર્ત સંબંધ છે અને જેટલા સંસર્ગ છે, તે સર્વે અનિત્ય અને અસિદ્ધ છે. આથી દ્રવ્ય પ્રમાણતઃ સુતરાં સિદ્ધ નથી થઈ શકતું. આ પારમાર્થિક વિવેચના થઈ.

વ્યવહારની સિદ્ધિ માટે આપણે દ્રવ્યોની કલ્પના ગુણોના સંચયરૂપમાં માની શકીએ છીએ. કારણકે એ નિશ્ચિત

જેમ અર્થક્રિયાથીયુક્ત અર્થનો નિશ્ચય નિર્વિકલ્પકપ્રત્યક્ષ સ્વયં કરે છે, અન્યજ્ઞાનની અપેક્ષા રાખતું નથી. તેમ તેની પ્રમાણતાનો નિશ્ચય પણ સ્વયં જ કરે છે. બીજાજ્ઞાનોની અપેક્ષા કરતો નથી.

વાત છે કે ગુણ-રંગ, આકાર આદિ કોઈ મૂલભૂત આધારને છોડીને બીજાસ્થાન ઉપર રહી શકતા નથી.

આ રીતે નાગાર્જુને દ્રવ્યના પારમાર્થિકરૂપનો નિષેધ કરવા છતાં વ્યાવહારિકરૂપનો અપલાપ કર્યો નથી.

* **જાતિ :** જેને આપણે 'જાતિ'ના નામથી કહીએ છે. તેનું સ્વરૂપ શું છે ? શું જાતિ તે પદાર્થોથી ભિન્ન હોય છે કે અભિન્ન હોય છે ? નાગાર્જુને જાતિની નિતાન્ત અસત્તા સિદ્ધ કરી છે.

જગતનું જ્ઞાન વસ્તુના સામાન્યરૂપને લઈને પ્રવૃત્ત થતું નથી. પ્રત્યુત બીજીવસ્તુથી તેની વિશિષ્ટતાનો સ્વીકાર કરીને જ આગળ વધે છે.

ગાય કોને કહેવાય છે ? જે ઘોડો ન હોય કે હાથી ન હોય. ગાયનું પોતાનું જે રૂપ છે, તે તો જ્ઞાનથી અતીતવસ્તુ છે. તેને આપણે કોઈપણ રીતે જાણી શકતા નથી. ગાયના વિષયમાં આપણે એટલું જ જાણીએ છીએ કે તે પશુવિશેષ છે અને તે ઘોડા અને હાથીથી ભિન્ન છે. શબ્દાર્થનો વિચાર કરવાના સમયે પાછળના કાળમાં બૌદ્ધ પંડિતોએ તેને અપોહની સંજ્ઞા આપેલ છે. જેનું શાસ્ત્રીય લક્ષણ છે - **तदितरेतरत्व** અર્થાત્ તે પદાર્થથી ભિન્ન વસ્તુથી ભિન્નતાનું જ્ઞાન. જેમકે ગાય જે છે તેનાથી ભિન્ન હાથી આદિ અને હાથી આદિથી ભિન્ન ગાય છે.

જગત સ્વયં અસત્તાત્મક છે. તો ગોત્ત્વ પણ અસત્ ધર્મ ઠરે છે. તે ધર્મદ્વારા આપણે કોઈ પદાર્થનું જ્ઞાનકરી શકતા નથી. આથી સામાન્યનું જ્ઞાન અસિદ્ધ છે. કોઈપણ વસ્તુના સ્વરૂપથી આપણે પરિચિત થઈ જ શકતા નથી. આથી નિષ્કર્ષ એ નીકળે છે કે સમસ્તદ્રવ્યોનું સામાન્ય તથા વિશિષ્ટરૂપ જ્ઞાનના માટે અગોચર છે.

* **સંસર્ગવિચાર :** આ જગત સંસર્ગ-સંબંધનો સમુદાયમાત્ર છે. પરંતુ પરીક્ષા કરવાથી તે સંસર્ગ પણ બિલકુલ અસત્ય પ્રતીત થાય છે. ઇન્દ્રિયો તથા વિષયોની સાથે સંસર્ગ થવાથી તત્ તત્ વિશિષ્ટવિજ્ઞાન ઉત્પન્ન થાય છે. ચક્ષુનો રૂપની સાથે સંબંધ થવાથી ચક્ષુર્વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. પરંતુ આ સંસર્ગ સિદ્ધ થતો નથી. સંસર્ગ એ વસ્તુઓનો થાય કે જે એકબીજાથી પૃથક્ હોય. પટથી ઘટનો સંબંધ ત્યારે જ પ્રમાણ બને કે, જ્યારે તે બંને પૃથક્ હોય, પરંતુ પૃથક્ તો નથી. માધ્યમિકકારિકામાં કહ્યું છે કે-

अन्यदन्यत् प्रतीत्यान्यन्नान्यदन्यदृतेऽन्यतः ।
यत्प्रतीत्य च यत् तस्मात्तदन्यन्नोपपद्यते ।।१४/५।।

ઘટને નિમિત્ત માનીને (પ્રતીત્ય) પટ પૃથક્ છે. અને પટની અપેક્ષાથી ઘટ અલગ વસ્તુ પ્રતીત થાય છે. **સર્વસામાન્ય નિયમ એ છે કે જે વસ્તુ જે નિમિત્તથી ઉત્પન્ન થાય છે તે તેનાથી પૃથક્ હોઈ શકતી નથી. જેમ કે બીજ અને અંકુર.**

આ નિયમાનુસાર પટ ઘટથી પૃથક્ નથી. તો બંનેનો સંસર્ગ પણ કેવી રીતે થઈ શકે ? આ રીતે સંસર્ગની કલ્પના અસિદ્ધ હોવાથી જગતની ધારણા પણ સર્વથા નિર્મૂલ સિદ્ધ થાય છે.

* **ગતિ પરીક્ષા :** નાગાર્જુને લોકસિદ્ધ ગમનાગમન ક્રિયાની ખૂબ આલોચના કરી છે. લોકમાં આપણને પ્રતીત થાય છે કે દેવદત્ત 'અ' જગ્યાએથી ચાલીને 'બ' જગ્યાએ પહોંચ્યો. પરંતુ વિચારકરવાથી આ વાસ્તવિક સિદ્ધ થતું નથી. કોઈપણ વ્યક્તિ એકસમયમાં બે સ્થાનોમાં વિદ્યમાન રહી શકતો નથી. 'અ' થી 'બ' સ્થાન સુધી ચાલ્યો, એનો અર્થ એ થયો કે એકકાલમાં બંને સ્થાનો પર વિદ્યમાન રહે છે, જે સાધારણ રીતે અસંભવ છે. માધ્યમિકકારિકામાં કહ્યું છે કે.

તેથી અવિસંવાદકત્વ જ પ્રમાણનું નિર્દોષલક્ષણ છે. ॥૮॥

अथ प्रमाणस्य विशेषलक्षणं विवक्षुः प्रथमं प्रमाणसंख्यां नियमयन्नाह-

હવે પ્રમાણના વિશેષલક્ષણને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી પ્રથમ પ્રમાણની સંખ્યાનું નિયમન કરતાં કહે છે કે-

प्रमाणे द्वे च विज्ञेये तथा सौगतदर्शने ।
प्रत्यक्षमनुमानं च सम्यग्ज्ञानं द्विधा[A] यतः ।।९।।

गतं न गम्यते तावदगतं नैव गम्यते । गतागतं विनिर्मुक्तं गम्यमानं न गम्यते ।।२/१।।

- જે માર્ગ ગમનદ્વારા પસાર કરી દીધો છે, તેને આપણે 'गम्यते' (તે માર્ગ પસાર કરાય છે - થઈ રહ્યો છે) કહી શકતા નથી. 'गम्यते' વર્તમાનકાલીકક્રિયા છે કે જે ભૂત (ભૂતકાલીન) પદાર્થના વિષયમાં પ્રયુક્ત થઈ શકતી નથી. અને જે માર્ગઉપર હજુ હવે ચાલવાનું છે તેના માટે પણ 'गम्यते' નહીં કહી શકાય.

માર્ગના બે જ વિભાગ થઈ શકે - એક, જેને પસાર કરીદીધો છે (गत) અને બીજો કે જેને હવે ભવિષ્યમાં પસાર કરવાનો છે (अगत). આ બંને સિવાય બીજો કોઈ માર્ગ નથી કે જેના ઉપર ચાલી શકાય. તેથી ફલતઃ ગમનક્રિયા અસિદ્ધ થઈ જાય છે. કર્તાની ક્રિયા કલ્પનાની સાથે સંબદ્ધ રહે છે, જ્યારે ક્રિયા જ અસિદ્ધ છે, ત્યારે સ્વાભાવિક કર્તાની અસિદ્ધિ છે.

ગમનની સમાન જ સ્થિતિની કલ્પના નિરાધાર છે. સ્થિતિ કોના વિષયમાં પ્રયુક્ત કરી શકાય છે - (गन्ता) ગમનકર્તા)ના વિષયમાં કે 'अगन्ता' (ગમન નહીં કરનાર)ના વિષયમાં ? ગમનકરવાવાળો ઊભો રહે છે, તે કલ્પના વિરોધિ હોવાથી ત્યાજ્ય છે. ગમન સ્થિતિની વિરુદ્ધક્રિયા છે. આથી ગમનનો કર્તા વિરોધીક્રિયા (સ્થિતિ)નો કર્તા થઈ શકતો નથી. 'અગન્તા (ગમન નહીં કરનાર) ઊભો રહે છે' આ કથન ઠીક નથી. કારણકે જે વ્યક્તિ ગમન જ નથી કરતો તે તો સ્વયં સ્થિત છે. તો તેને ફરીથી ઉભોરહેવાની આવશ્યકતા શું છે ? આથી અગન્તાનું પણ અવસ્થાન ઊચિત નથી. આ બંનેને છોડીને ત્રીજોવ્યક્તિ કોણ છે કે જે સ્થિતિ કરે. ફલતઃ કર્તાના અભાવમાં ક્રિયાનો નિષેધ અવશ્યંભાવી છે. આથી સ્થિતિની કલ્પના માયિક છે. ગતિ અને સ્થિતિ બંને સાપેક્ષિક હોવાથી અવિદ્યમાન છે. આથી કહ્યું છે કે...

गन्ता न तिष्ठति तावदगन्ता नैव तिष्ठति । अन्यो गन्तुरगन्तु कस्तृतीयोऽथ तिष्ठति ।।

* **આત્મપરીક્ષા :** નાગાર્જુને આત્માની પરીક્ષામાટે માધ્યમિકકારિકાગ્રંથમાં એક સ્વતંત્ર પ્રકરણ-૧૮ની રચના કરી છે.

પૂર્વે જે દ્રવ્યની કલ્પના સમજાઈ ગઈ છે, તેનાથી સ્પષ્ટ છે કે ગુણસમુચ્ચયથી અતિરિક્ત તેની (દ્રવ્યની) સ્વતંત્ર સત્તા નથી. એ જ નિયમનો ઉપયોગ કરીને આપણે કહી શકીએ છીએ કે માનસવ્યાપારોથી અતિરિક્ત આત્માનામના પદાર્થની પૃથક્સત્તા નથી. દૈનિક અનુભવમાં આપણે આપણા માનસવ્યાપારોથી સર્વથા પરિચિત છીએ. જ્ઞાન, ઇચ્છા તથા પ્રયત્ન - આપણા જીવનના પ્રધાન સાધન છે. આપણું મન ક્યારેય પણ આ ત્રણ વ્યાપારોથી આપણને મુક્ત કરી શકતું નથી. આ ત્રણના સમુદાયને આપણે 'આત્મા' કહીએ છીએ, કેવલ વ્યવહાર માટે. વસ્તુતઃ કોઈ

A **प्रत्यक्षमनुमानं च प्रमाणं हि द्विलक्षणम् । प्रमेयं तत्प्रयोगार्थं न प्रमाणान्तरं भवेत् ।। प्र. समु० १/२ ।। द्विविधं सम्यग्ज्ञानं । प्रत्यक्षमनुमानं चेति ।। [न्यायबि० १/२,३]**

श्लोकार्थ : બૌદ્ધદર્શનમાં બે પ્રમાણ જાણવા. એક પ્રત્યક્ષ અને બીજું અનુમાન, કારણ કે સમ્યગ્જ્ઞાન બે પ્રકારે છે. (આથી પ્રમાણ પણ બે જ હોઈ શકે, અધિક નહિ.)

व्याख्या-तथाशब्दः प्रागुक्ततत्त्वापेक्षया समुच्चये, चशब्दोऽवधारणे, ततोऽयमर्थः । सौगतदर्शने द्वे एव प्रमाणे विज्ञेये, न पुनरेकं त्रीणि चत्वारि पञ्च षड्वा प्रमाणानि । एतेन चार्वाकसांख्यादिपरिकल्पितं प्रमाणसंख्यान्तरं बौद्धा न मन्यन्त इत्यावेदितं भवति । ते द्वे के प्रमाणे इत्याह 'प्रत्यक्षमनुमानं च' कुतो द्वे एव प्रमाणे इत्याह । सम्यगविपरीतं विसंवादरहितमिति यावज्ज्ञानं यतो हेतोर्द्विधा । सर्वं वाक्यं सावधारणमिति न्यायाद्द्विधैव न त्वेकधा त्रिधा वेति । अत्र केचिदाहुः-यथात्र द्विधेत्युक्ते हि द्विधैव न त्वेकधा त्रिधा

આત્મા છે, એવું માનવા નાગાર્જુન તૈયાર નથી. **નાગાર્જુનનું કહેવું છે કે...**

કેટલાક લોકો (બૌદ્ધનો જે એક વિશિષ્ટ સંપ્રદાય છે કે જે 'પુદ્ગલવાદ'નો સમર્થક છે. તેને સમ્મિતીયલોકો કહેવાય છે.) દર્શન, શ્રવણ, વેદનઆદિ થવાની પૂર્વે જ એક પુદ્ગલપદાર્થ (આત્મા, જીવ)ની કલ્પના માને છે. તેઓની યુક્તિ છે કે

(જે माध्यमिक कारिकामां जणावेल छे.)

कथं ह्यविद्यमानस्य दर्शनादि भविष्यति । भावस्य तस्मात् प्रागेभ्यः सोऽस्तिभावो व्यवस्थितः ।।९ ! २ ।।- विद्यमान व्यक्ति જ ઉપાદાનનું ગ્રહણ કરે છે. વિદ્યમાન દેવદત્ત ધનનો સંગ્રહ કરે છે. અવિદ્યમાન વન્ધ્યાપુત્ર ગ્રહણ કરતો નથી. આથી વિદ્યમાન હોવાથી જ પુદ્ગલ દર્શન, શ્રવણાદિ ક્રીયાઓને ગ્રહણ કરશે, અવિદ્યમાન નહીં.

આ યુક્તિ પર નાગાર્જુનનો આક્ષેપ છે કે દર્શનાદિથી પૂર્વે વિદ્યમાન આત્માનું જ્ઞાન આપણને કયા પ્રકારે થશે ? આત્મા અને દર્શનાદિક્રિયાઓનો પરસ્પર સાપેક્ષસંબંધ છે. જો દર્શનાદિ વિના જ આત્માની સ્થિતિ હોય, તો દર્શનાદિક્રિયાઓની સ્થિતિ પણ આત્માવિના થઈ જશે. માધ્યમિકકારિકામાં, આ જ કહ્યું છે કે-

विनापि दर्शनादीनि यदि चासौ व्यवस्थितः । अमून्यपि भविष्यन्ति विना तेन न संशयः ।।९/४।।

"સમગ્ર દર્શન, શ્રવણ, વેદન આદિ ક્રિયાઓથી પૂર્વે અમે કોઈપણ વસ્તુ (આત્મા)નું અસ્તિત્વ માનતા નથી કે જેના જ્ઞાન માટે કોઈ અન્યપદાર્થની આવશ્યકતા રહે. પરંતુ અમે **પ્રત્યેક** દર્શનાદિક્રિયાથી પૂર્વે આત્માનું અસ્તિત્વ માનીએ છીએ."

પ્રતિવાદિના આ તર્કના ઉત્તરમાં નાગાર્જુનનું કહેવું છે કે-જો આત્મા સમગ્ર દર્શનાદિથી પૂર્વે નહીં સ્વીકારવામાં આવે તો તે આત્મા એકપણ દર્શનાદિથી પૂર્વમાં સિદ્ધ થતો નથી. કારણકે જે વસ્તુ સર્વપદાર્થોની પૂર્વે નથી હોતી, તે વસ્તુ એક-એક પદાર્થની પૂર્વે પણ નથી હોતી. જેમકે રેતીમાં તેલ. સમગ્ર રેતીમાંથી તેલ ઉત્પન્ન નથી થતું, તેવી દશામાં એક-એક પણ રેતીના કણમાંથી પણ તેલ ઉત્પન્ન નહીં થાય. આ જ વાત માધ્યમિકકારિકામાં કરી છે.

सर्वेभ्यो दर्शनादिभ्यो यदि पूर्वो न विद्यते । एकैकस्मात् कथं पूर्वो दर्शनादेः स युज्यते ।। ९/७ ।।

વળી દર્શન-શ્રવણાદિ જે મહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે, તે મહાભૂતોમાં પણ આત્મા વિદ્યમાન નથી. આ જ વાત માધ્યમિકકારિકામાં કરી છે–

दर्शनश्रवणादीनि वेदनादीनि चाप्यथ । भवन्ति येभ्यस्तेष्वेष भूतेष्वपि न विद्यते ।। ९/१० ।।

નિષ્કર્ષ એ છે કે દર્શનાદિક્રિયાઓની પૂર્વે આત્માના અસ્તિત્વનો આપણને પરિચય થતો નથી. આની

वेत्येवमन्ययोगव्यवच्छेदः, तथा चैत्रो धनुर्धर इत्यादिष्वपि चैत्रस्य धनुर्धरत्वमेव स्यान्न तु शौर्यौदार्यधैर्यादयः । तदयुक्तं यतः सर्वं वाक्यं सावधारणमिति न्यायेऽप्याशङ्क्तस्यैव व्यवच्छेदः । परार्थं हि वाक्यमभिधीयते । यदेव च परेण व्यामोहादाशङ्क्तं तस्यैव व्यवच्छेदः । चैत्रो धनुधर इत्यादौ च चैत्रस्य धनुर्धरत्वायोग एव परैराशङ्क्त इति तस्यैव व्यवच्छेदो नान्यधर्मस्य । इह चार्वाकसांख्यादय ऐकध्यमनेकधा च सम्यग्ज्ञानमाहुः, अतो नियतद्वैविध्यप्रदर्शनेनैकत्वबहुत्वे सम्यग्ज्ञानस्य प्रतिक्षिपति ।

(દર્શનાદિની) સાથે પણ આત્મા વિદ્યમાન નથી રહેતો. કારણકે સહભાવ તે પદાર્થોનો સંભવ છે કે જેની પૃથક્-પૃથક્ સિદ્ધિ થાય, પરંતુ સાક્ષેપ હોવાથી આત્મા દર્શનાદિક્રિયાઓથી પૃથક્ સિદ્ધ થતો નથી. આવી દશામાં બંનેનો સહભાવ અસંભવ છે.

વળી આત્મા દર્શનાદિક્રિયાઓની પશ્ચાત્ ઉત્તરકાલમાં પણ વિદ્યમાન રહેતો નથી. કારણ કે દર્શનાદિક્રિયારૂપ છે, તે કર્તાની અપેક્ષા રાખે છે. (પ્રસન્નપદા ગ્રંથમાં કહેલ છે કે - **यदि हि पूर्व दर्शनादीनि स्यु; उत्तरकालमात्मा स्याद् तदानीमूर्ध्वं सम्भवेत् । न चैवमकर्तृकस्य कर्मणोऽसिद्धत्वात् ।** (પૃ-૧૯૯)

અને જો સ્વતંત્રરૂપથી જ દર્શનાદિક્રિયાઓ સંપન્ન થવા લાગે, તો કર્તારૂપથી આત્માને માનવાની આવશ્યકતા શું છે ? આથી નાગાર્જુને કહ્યું છે કે-

प्राक् च यो दर्शनादिभ्यः साम्प्रतं चोर्ध्वमेव च ।
न विद्यतेऽस्ति नास्तीति विवृत्तास्तत्र कल्पना ।। मा. का - ९/१२ ।।

સાધારણ રીતે પંચસ્કન્ધ - રૂપ, સંજ્ઞા, વેદના, સંસ્કાર તથા વિજ્ઞાનને આત્મા બતાવવામાં આવે છે. પરંતુ તે ઊચિત નથી. કારણકે સ્કન્ધોની ઉત્પત્તિ તથા નાશ થાય છે. તદાત્મક હોવાથી આત્માનો પણ ઉદય તથા વ્યય માનવાની આપત્તિ આવશે. સ્કન્ધ ઉપાદાન છે. આત્મા ઉપાદાતા છે. શું ઉપાદાન તથા ઉપાદાતા - ગાહ્ય તથા ગ્રાહક ક્યારેય એક સિદ્ધ થઈ શકે છે ? ન થઈ શકે, તો એવી અવસ્થામાં આત્માને સ્કન્ધાત્મક કેવી રીતે સ્વીકારી શકાય ? માધ્યમિકકારિકામાં કહ્યું છે કે-

(न चोपादानमेवात्मा व्येति तत् समुदेति च । कथं हि नामोपादानमुपादाता भविष्यति ।। २७/६ ।।)

જો આત્માને સ્કન્ધોથી વ્યતિરિક્ત માનીએ, તો તે સ્કન્ધ લક્ષણ (સ્કન્ધો દ્વારા લક્ષિત) નહીં થાય. આથી વિષમ સ્થિતિ થશે કે આપણે આત્માને ન તો સ્કન્ધોથી અભિન્ન માની શકીએ કે ન ભિન્ન.

आत्मा स्कन्धा यदि भवेदुदयव्ययभाग् भवेत् ।
स्कन्धेभ्योऽन्यो यदि भवेद् भवेदस्कन्धलक्षणः ।। मा. का - १८/१ ।।

આથી આત્માની અસિદ્ધિ થવાથી આત્મીય ઉપાદાન(સ્કન્ધોની)ની પણ સિદ્ધિ થતી નથી.

કેટલાક લોકો આત્માને કર્તા માને છે. નાગાર્જુનના મતે કર્તા અને કર્મની ભાવના પણ નિ:સાર છે. ક્રિયા કરવાવાળા વ્યક્તિને કર્તા કહેવાય છે. તે જો વિદ્યમાન છે, તો ક્રિયા કરી શકતો નથી. ક્રિયાના કારણે જ તેને કારકસંજ્ઞા પ્રાપ્ત થઈ છે. એવી દશામાં તેને બીજી ક્રિયા કરવાની આવશ્યકતા જ નથી. તો કર્મ(ક્રિયા)ની સ્થિતિવિના કારક(કર્તા)ને કયા પ્રકારે મનાય ?

सद्भूतस्य क्रिया नास्ति, कर्म च स्यादकर्तृकम् ।। मा. का - ८/२ ।।

પરસ્પરસાપેક્ષ હોવાથી ક્રિયા, કારક તથા કર્મની સ્વતંત્ર સત્તા માની શકાતી નથી. ક્રિયાનો અસંભવ હોવાથી

टीकानो भावानुवाद :

श्लोकमां 'तथा' शब्दपूर्वे कहेला तत्त्वनी साथे समुच्चय करवा माटे अने 'च' शब्द अवधारणार्थक छे. तेथी आ अर्थ थशे - सौगतदर्शनमां बे ज प्रमाण जाणवा, परंतु अेक, त्रण, चार, पांच के छ नहीं. आ कथनथी चार्वाक, सांख्य आदि दर्शनोद्वारा प्ररूपायेला बेथी अधिक बीजा प्रमाणो बौद्धोने मान्य नथी ते सूचित थाय छे. **प्रश्न :** ते बे प्रमाण कया छे ? **उत्तर :** प्रत्यक्ष

धर्माधर्म विद्यमान नथी रही शकता. देवदत्त अहिंसादि क्रियानुं संपादन करे छे, त्यारे ते धर्माभागी-अधर्मभागी बने छे.

जो क्रिया ज असिद्ध बनी गई छे, तो धर्म-अधर्मनुं असिद्ध थवुं सुतरां निश्चित छे. धर्माधर्मना अभावमां तेना फल सुगति-दुर्गतिनो पण अभाव थशे. तो स्वर्ग के मोक्षना माटे विहितमार्ग पण व्यर्थ छे. आथी कह्युं छे के-

धर्माधर्मौ न विद्यते क्रियादीनामसम्भवे । धर्मे चासत्यधर्मे च फलं तज्ज्ञं न विद्यते ।।

आथी नागार्जुनना तर्कानुसार आर्यसत्योनुं पण अस्तित्व मायिक छे. आ प्रकारे आत्मानी कल्पना कोईपण रीते मान्य नथी. टुंकमां

आत्मेत्यपि प्रज्ञपितमनात्मेत्यपि देशितम् । बुद्धैर्नात्मा न चानात्मा कश्चिदेत्यपि देशितम् ।। मा. का - १८/६ ।।

* **कर्मफल परीक्षा :** कर्मनो सिद्धांत वैदिकधर्मनी समान बौद्धधर्मने पण संमत छे. जे कर्म कराय छे, तेनुं अवश्य फल प्राप्त थाय छे. परंतु परीक्षाकरवाथी आ तथ्य प्रमाणित थतुं नथी. कर्मनुं फल तुरत न प्राप्त थतां कालान्तरमां संपन्न थाय छे. जो फलना विपाक सुधी कर्म टकी शके, तो कर्म नित्य थई जशे अने जो विपाक सुधी तेनी सत्ता मानीने, विनाशशाली मानवामां आवे तो अविद्यमान कर्म कया प्रकारे फल उत्पन्न करी शके ? कह्युं छे के-

फले सति न मोक्षाय न स्वर्गायोपपद्यते । मार्गः सर्वक्रियाणां च नैरर्थक्यं प्रसज्यते ।। मा. का - ८/५ ।।

जो कर्मनी प्रवृत्ति स्वभावतः मानवामां आवे, तो निःसंदेह शाश्वत थई जशे. परंतु वस्तुतः कर्म तेवुं नथी. कर्म ते छे के जेने स्वतंत्रकर्ता पोतानी क्रियाद्वारा संपादन करे छे. शाश्वत मानवामां आवशे तो तेनो क्रियानी साथे संबद्ध केवी रीते मनाय ? कारण के जे वस्तु शाश्वत होय छे, ते कृतक (क्रियाना द्वारा निष्पन्न) नथी होती.

जो कर्म अकृतक होय, तो कर्याविना पण फलनी प्राप्ति थवा लागशे (अकृताभ्यागम) अने निर्वाणनी इच्छावाळो व्यक्ति पण ब्रह्मचर्यनो निर्वाह कर्या विना ज पोताने कृतकृत्य मानवा लागशे.

आथी न तो जगतमां कर्म विद्यमान छे. न कर्मनुं फल. बंने कल्पनाओ केवल व्यवहारनी सिद्धि माटे छे.

* **ज्ञान-परीक्षा :** ज्ञानना स्वरूपनो विचारकरतां ज्ञान पण अनेक प्रकारना विरोधथी परिपूर्ण प्रतीत थाय छे. छ इन्द्रियोना रूपादि छ विषयो छे. ते विषयोनुं प्रत्यक्षज्ञान इन्द्रियो द्वारा थाय छे. परंतु ते आभासमात्र छे. तथ्य नथी. दा.त. चक्षु ज्यारे पोताने ज नथी देखती, त्यारे अन्य वस्तुरूपने केम करीने देखी शके ? अग्निनुं दृष्टांत लईशकाय तेम नथी. "जे प्रकारे अग्नि पोताने नथी बाळती, केवल बाह्यपदार्थ (इन्धनादि)ने बाळे छे, तेनी माफक चक्षु पण पोते पोतानुं दर्शनकरवा असमर्थ होवा छतां पण रूपना प्रकाशमां समर्थ थशे." "परंतु आ कथन अेक मौलिकभ्रान्ति उपर अवलंबित छे. गतिनी समान 'बाळवुं' क्रिया स्वयं असिद्ध छे.

અને અનુમાન, આ બે પ્રમાણો છે. **પ્રશ્ન :** કયા કારણથી બે જ પ્રમાણો છે. **ઉત્તર :** સમ્યગ્ એટલે કે અવિપરીત = વિસંવાદરહિત જ્ઞાન બે હોવાથી, પ્રમાણો પણ બે પ્રકારે જ છે.

"સર્વવાક્યો સાવધારણ અર્થાત્ નિશ્ચયાત્મક હોય છે." આ ન્યાયથી પ્રમાણો બે જ છે. ન તો એક પ્રકારે કે ન તો ત્રણ પ્રકારે.

આથી તેનું દૃષ્ટાંત જોઈને ચક્ષુના દર્શનની ઘટના પુષ્ટ નથી થઈ શકતી. કારણ કે 'દર્શન' ક્રિયા પણ ગતિ, સ્થિતિની સમાન નિર્મૂલ કલ્પનામાત્ર છે.

જે વસ્તુ દૃષ્ટ છે, તેના માટે 'તે દેખાય છે' (दृश्यते) આવો વર્તમાનકાલીક પ્રયોગ કરી શકાતો નથી અને જે વસ્તુ અદૃષ્ટ છે, તેના માટે પણ 'દૃશ્યતે' નો પ્રયોગ અનુપયુક્ત છે. વસ્તુ બે જ પ્રકારની હોઈ શકે છે. - દૃષ્ટ અને અદૃષ્ટ. આ બંનેથી અતિરિક્ત દૃશ્યમાનવસ્તુની સત્તા હોઈ જ શકતી નથી.

માધ્યમિકકારિકામાં કહ્યું છે કે

न दृष्टं दृश्यते तावत् अदृष्टं नैव दृश्यते । दृष्टादृष्टविनिर्मुक्तं दृश्यमानं न दृश्यते ।।

આ રીતે દર્શનક્રિયાના અભાવમાં તેનો કોઈ પણ કર્તા સિદ્ધ થઈ શકતો નથી. જો કર્તા વિદ્યમાન પણ રહે, તો પણ તે પોતાનું દર્શન કરી શકતો નથી, તો તે અન્યવસ્તુઓનું દર્શન કયા પ્રકારે કરી શકાશે ?

દર્શનની અપેક્ષા કરીને કે નિરપેક્ષભાવથી દ્રષ્ટાની સત્તા સિદ્ધ કરી શકતા નથી. જો દ્રષ્ટા સિદ્ધ છે તો તેને દર્શનક્રિયાની અપેક્ષા જ કોના માટે હોય ? અને જો દ્રષ્ટા અસિદ્ધ છે, તો પણ વન્ધ્યાપુત્રની સમાન તે દર્શનની અપેક્ષા નહીં કરે. દ્રષ્ટા અને દર્શન પરસ્પર સાપેક્ષિકકલ્પનાઓ છે. આથી દ્રષ્ટાને દર્શનથી નિરપેક્ષભાવથી સ્થિત માનવો તે પણ ન્યાયસંગત નથી. આથી દ્રષ્ટાનું અસ્તિત્વ સિદ્ધ નથી થઈ શકતું. આથી દ્રષ્ટાના અભાવમાં દ્રષ્ટવ્ય (વિષય) તથા દર્શનનો અભાવ સુતરાં સિદ્ધ છે.

સત્ય તો એ છે કે રૂપની સત્તા ઉપર ચક્ષુ અવલંબિત છે અને ચક્ષુની સત્તા પર રૂપ નીલ-પીતાદિ રંગોની કલ્પનાથી આપણે ચક્ષુનું અનુમાન કરીએ છીએ. અને ચક્ષુની સ્થિતિ નીલાદિ રંગોનું ધ્યાન કરે છે. 'જે પ્રકારે માતા-પિતાના કારણે પુત્રનો જન્મ થાય છે. તે પ્રકારે ચક્ષુ અને રૂપને નિમિત્ત માનીને ચક્ષુર્વિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે.' માધ્યમિકકારિકામાં કહ્યું છે કે-

प्रतीत्य मातापितरौ यथोक्तः पुत्रसंभवः । चक्षुरुपे प्रतीत्यैवमुक्त विज्ञानसम्भवः ।। ३/७ ।।

આથી દ્રષ્ટાના અભાવમાં દ્રષ્ટવ્ય તથા દર્શન વિદ્યમાન નથી. તો વિજ્ઞાનની કલ્પના કેવીરીતે સિદ્ધ થાય ? જેમકે આપણે કોઈ વસ્તુને દેખી રહ્યા છીએ, તે તેવી જ છે તેનું ચોક્કસ જ્ઞાન આપણને કેવી રીતે થશે ? એક જ વસ્તુને ભિન્ન-ભિન્ન લોક ભિન્ન-ભિન્ન આકારને જોઈને બતાવે છે. દર્શનની સમાન જ અન્ય પ્રત્યક્ષજ્ઞાનની દશા છે. એટલા માટે જ્ઞાનની ધારણા જ સર્વથા ભ્રાન્ત છે.

નાગાર્જુનના તર્કનો એ નિષ્કર્ષ છે કે જગત આભાસમાત્ર છે. જગતના પદાર્થોમાં અસ્તિત્વ માનવું તે સ્વપ્નના મોદકથી ક્ષુધા શાંત કરવા બરાબર છે. મરીચિકાના જલથી તરસ છીપાવવા બરાબર છે. પ્રાતઃકાલે ઘાસ ઉપર પડેલા ઝાકળનું બિંદુ જોવામાં મોતી સમાન ચમકે પરંતુ સૂર્યના ઉગ્ર કિરણોના પડવાથી તે તરત જ વિલીન થઈ જાય છે. જગતના પદાર્થોની દશા પણ આ પ્રકારની છે.

અસાધારણ દૃષ્ટિથી જોવામાં સત્ય તથા અભિરામ (આનંદ આપનાર) પ્રતીત થાય છે. પરંતુ તર્કનો પ્રયોગ કરતાંની સાથે

शंका : જેમ અહીં 'બે પ્રકાર છે' એ પ્રમાણ કહેતાં પ્રમાણ બે જ છે, પરંતુ એક પ્રકારે કે ત્રણ પ્રકારે નથી. આ પ્રમાણે અન્યના યોગનો વ્યવચ્છેદ કર્યો છે. તે પ્રમાણે "ચૈત્ર ધનુર્ધર છે." આનો અર્થ પણ (અન્યયોગવ્યવચ્છેદના કારણે) 'ચૈત્ર ધનુર્ધર જ છે, તેમાં શૌર્ય, ઔદાર્ય, ધૈર્ય વગેરે નથી.' આવો જ થવો જોઈએ. (કહેવાનો આશય એ છે કે વિશેષણ સાથે 'एव' કારનો પ્રયોગ થાય ત્યારે તે 'एव' કાર અયોગવ્યવચ્છેદક બને છે. અર્થાત્ તે જેની સાથે જોડાયેલો હોય, તેના અભાવનો વ્યવચ્છેદ કરી તેના સદ્ભાવને નિશ્ચિત કરે છે. જ્યારે તમે અહીં "બે

જ સ્વભાવશૂન્ય બનીને અનસ્તિત્વમાં મળી જાય છે. આથી નાગાર્જુનનું કથન છે કે શૂન્ય જ એકમાત્ર સત્તા છે, જગત પ્રતિબિંબતુલ્ય છે.

(ખ) **सत्तामीमांसा :** માધ્યમિકોના મતમાં સત્ય (સત્તા) બે પ્રકારનું છે. (૧) સાંવૃત્તિક (સાવૃત્તિક) વિજ્ઞાન (=અવિદ્યા જનિત વ્યાવહારિકસત્તા) (૨) પારમાર્થિકસત્ (=પ્રજ્ઞાજનિતસત્ય)

આ બે જ સત્યનો બુદ્ધે ઉપદેશ આપેલ. આથી નાગાર્જુનનો આ દ્વિવિધસત્યનો સિદ્ધાંત અભિનવ નથી.

द्वे सत्ये समुपाश्रित्य बुद्धानां धर्मदेशना । लोक संवृति सत्यं च सत्यं च परमार्थतः ।। माध्यमिक वृत्ति - पृ ४९२,) बोधि चर्या पृ-३७१)

સાંવૃતિકસત્ય એ છે કે જે સંવૃત્તિદ્વારા ઉત્પન્ન થયેલ હોય. સંવૃત્તિશબ્દની વ્યાખ્યા ત્રણપ્રકારની કરાય છે. (૧) સંવૃત્તિ શબ્દનો અર્થ છે અવિદ્યા, કે જે સત્ય વસ્તુનાઉપર આવરણ નાખે છે. (આ જ વાત બોધિચર્યા પંજિકામાં પૃષ્ઠ-૩૫૨ ઉપર કરી છે. संव्रयत आव्रियते यथाभूतपरिज्ञानं स्वभावावरणाद् आवृतप्रकाशनाज्ज्ञानयेति संवृत्तिः अविद्या ह्यसत्पदार्थस्वरुपारोपिका स्वभावदर्शनावरणात्मिका च सती संवृत्तिरुपपद्यते) તેના અવિદ્યા, મોહ તથા વિપર્યાસ પર્યાયવાચિ શબ્દ છે. અવિદ્યાનું સ્વરૂપ આવરણાત્મક છે. કહ્યું છે કે -

अभूतं खापयत्यर्थं भूतमावृत्य वर्तते । अविद्या जायमानेव कामलातङ्क वृत्तिवत् ।। અર્થાત્ જે પ્રકારે કામલા (પાંડુ) રોગ થવાથી રોગી શ્વેત વસ્તુના રૂપને છુપાવી દે છે. અને તેનાઉપર પીળારંગને આરોપિત કરે છે. તે પ્રકારે અવિદ્યા ભૂતના સત્યસ્વરૂપને આવરણકરી અવિદ્યમાન રૂપને આરોપિત કરી દે છે. આ રીતે સંવૃત્તિનો અર્થ અવિદ્યા.

(૨) સંવૃતિનો અર્થ છે હેતુ-પ્રત્યય દ્વારા ઉત્પન્ન વસ્તુનું રૂપ. (प्रतीत्य समुत्पन्नं वस्तुरुपं संवृतिरुच्यते અર્થાત્ કારણથી ઉત્પન્ન થતા વસ્તુના રૂપને સંવૃતિ કહેવાય છે.) સત્ય પદાર્થ પોતાની સત્તા માટે કોઈ કારણથી ઉત્પન્ન નથી થતો. આ કારણથી ઉત્પન્ન થવાવાળી લૌકિકવસ્તુ સાંવૃત્તિક કહેવાય છે.

(૩) સંવૃત્તિથી તે ચિન્હો અને શબ્દોથી અભિપ્રાય છે, જે સાધારણતયા મનુષ્યોદ્વારા ગ્રહણ કરાય તથા પ્રત્યક્ષના ઉપર અવલંબિત રહે છે. કહ્યું છે કે.

प्रत्यक्षमपि रुपादि प्रसिद्ध्या न प्रमाणतः ।
अशुच्यादिषु शुच्यादि प्रसिद्धिरिव सा मृषा ।। बोधिचर्या - ९/७ ।।

રૂપ શબ્દાદિને પરમાર્થસત્ય ન માનવા જોઈએ. કારણકે લોકનાદ્વારા એક જ પ્રકારે ગ્રહણ કરાય છે અને ઇન્દ્રિય દ્વારા ગ્રહણ કરાતી વસ્તુ જો વાસ્તવિક હોય, તો જગતના સમગ્ર મુર્ખલોકો તત્ત્વજ્ઞ બની જાય. સત્યની ખોજ

જ છે" તેમાં અયોગવ્યવચ્છેદક 'एव' કારનો અર્થ 'એક કે ત્રણ નથી' આવાપ્રકારનો અન્યયોગવ્યવચ્છેદબોધક અર્થ કરો છો, આ પ્રકારે અન્યયોગવ્યવચ્છેદ(અન્ય ભિન્ન વિશેષણોના યોગ (સંબંધ)નો વ્યવચ્છેદ) માની લેવાથી, આપત્તિ એ આવશે કે 'ચૈત્ર ધનુર્ધર જ છે.' આમાં અન્યયોગવ્યવચ્છેદબોધક 'एव' કારનો પણ 'ચૈત્રમાં ધનુર્ધરત્વ જ છે.' અન્ય શૂરતા, ઔદાર્ય, ધૈર્ય આદિ ગુણ નથી" આવો અન્યગુણોના નિષેધનો અર્થ પ્રાપ્ત થશે. તેથી શૂરતાઆદિ ગુણોવિના ધનુર્ધરત્વ પણ નિરર્થક સિદ્ધ થશે.)

માટે વિદ્વાનોનો ક્યારેય પણ આગ્રહ ન રહેત. પજ્ઞાકરમતિએ સ્ત્રીના શરીરનું ઉદાહરણ લીધેલ છે. કામુકને તે પવિત્ર તથા શુચિમય પ્રતીત થાય છે.

સંવૃત્તિના બે પ્રકાર : 'સાંવૃત્તિકસત્ય'નો અર્થ છે અવિદ્યા કે મોહના દ્વારા ઉત્પાદિત કાલ્પનિક સત્ય. જેને અદ્વૈતવેદાંતમાં 'વ્યાવહારિકસત્ય' કહે છે. આ સત્યના બે પ્રકાર છે. (i) લોકસંવૃત્તિ, (ii) અલોકસંવૃત્તિ.

* ઘટપટાદિને સામાન્ય જનસમાજ સત્ય કહીને માને છે તે **લોકસંવૃત્તિ.**
* કેટલાક (પાંડુ રોગી) લોકો શંખમાં પીતરંગનું ગ્રહણ કરે છે **અલોકસંવૃત્તિ** છે. પ્રજ્ઞાકારમતિએ આ બંનેને જ ક્રમશ: (૧) તથ્યસંવૃત્તિ તથા (૨) મિથ્યાસંવૃત્તિની સંજ્ઞા આપેલ છે.
* તથ્યસંવૃતિનો અર્થ છે - કિંચિત્ કારણથી ઉત્પન્ન તથા દોષરહિત ઇન્દ્રિયોદ્વારા ઉપલબ્ધ રૂપ (નીલાદિ) તે લોકથી સત્ય છે.
* મિથ્યાસંવૃત્તિ પણ કિંચિત્ પ્રત્યયજન્ય હોય છે. પરંતુ તે દોષસહિત ઇન્દ્રિયોથી ઉપલબ્ધ હોય છે. જેમકે મરીચિકા, પ્રતિબિંબ આદિ.

ચાર આર્યસત્યોમાં દુ:ખ, સમુદય તથા માર્ગ સંવૃત્તિસત્યની અંતર્ગત જાય છે. અને કેવલ નિરોધ (નિર્વાણ) સત્ય જ પરમાર્થ સત્યની અંતર્ગત જાય છે.

અગ્રાહ્ય હોવાછતાં પણ સંવૃતિ સત્યનો આપણે તિરસ્કાર કરી શકતા નથી. કારણ કે વ્યવહાર-સત્યમાં રહીને જ પરમાર્થની દેશના અપાતી હોય છે. આથી પરમાર્થ માટે વ્યવહાર ઉપાદેય છે. આથી કહ્યું છે કે **व्यवहारमनादृत्य परमार्थो न देश्यते । परमार्थमनागम्य निर्वाणं नाधिगम्यते ।।**

* **આદિશાન્ત :** માધ્યમિક ગ્રંથોમાં જગતના પદાર્થો માટે 'આદિશાંત' તથા 'નિત્યશાંત' શબ્દોનો પ્રયોગ કરેલો છે. શાંતનો અર્થ છે સ્વભાવરહિત, વિશિષ્ટસત્તાથી વિહીન. નાગાર્જુનની ઉક્તિ આ વિષયમાં સ્પષ્ટ છે. **प्रतीत्य यद्यद् भवति, तत्तच्छान्तं स्वभावतः । तस्मादुत्पद्यमानं च शान्तमुत्पत्तिरेव तु ।।** મા. કા. ૭/૧૬।। અર્થાત્ જે જે વસ્તુ કોઈ અન્યવસ્તુના નિમિત્તથી (પ્રતીત્ય) ઉત્પન્ન થાય છે, તે બંને સ્વભાવથી જ શાંત-સ્વભાવહીન હોય છે.

(માધ્યમિકમતના આચાર્ય) ધર્મકીર્તિનું આ વિષયમાં કથન છે કે **જે પદાર્થ વિદ્યમાન રહે છે, તે પોતાનો અનપાયી સ્વભાવ અવશ્ય ધારણ કરે છે અને વિદ્યમાન હોવાના કારણે કોઈ પદાર્થની અપેક્ષા નથી રાખતો. અને કોઈ કારણથી ઉત્પન્ન પણ થતો નથી. પ્રસન્નપદા (મા.વૃ.)માં આ જ વાત કરી છે.**

यो हि पदार्थो विद्यमान सः सस्वभावः स्वेनात्मना स्वं स्वभावमनपायिनं बिभर्ति । स संविद्यमानत्वान्नैवान्यत् किञ्चिदपेक्षते नाप्युत्पद्यते ।

समाधान : તમારી શંકા યોગ્ય નથી, કારણ કે 'સર્વવાક્યો સાવધારણ હોય છે.' તે ન્યાયમાં જેની આશંકા હોય તેના વ્યવચ્છેદ માટે છે. વાક્યનો પ્રયોગ પરમાટે કહેવાય છે. અર્થાત્ વાક્યનો પ્રયોગ બીજાને સમજાવવામાટે કરાય છે. તેથી બીજાને વ્યામોહથી જે ધર્મોની આશંકા થાય છે, તેનો વ્યવચ્છેદ કરવામાં આવે છે. જેમકે 'ચૈત્ર ધનુર્ધર' માં બીજાઓ વડે ચૈત્રમાં ધનુર્ધરત્વના અભાવમાં જ આશંકા કરાઈ છે, તે બીજાઓની આશંકાનો વ્યવચ્છેદ જ 'एव' કારથી થાય છે. અન્યધર્મોનો નહિ.

પરંતુ જગતના પદાર્થોમાં આ નિયમ દૃષ્ટિગોચર થતો નથી. વસ્તુઓનું પોતાનું સ્વરૂપ બદલાયા કરે છે. આજે જે માટી છે તે કાલાંતરે ઘડો અને તેનો ખ્યાલો બને છે. આથી જગતના પદાર્થો નિ:સ્વભાવ - શાન્ત છે. ઘટ અને માટી, અંકુર અને બીજ બંને સ્વભાવહીન છે. આથી શાન્ત છે. માધ્યમિકવૃત્તિમાં પૃ-૧૬૦ ઉપર આજ વાતને જણાવી છે. - **मया तु यत्प्रतीत्य बीजाख्यं कारणं भवति अङ्कुराख्यं कार्यं तद्भोभयमपि शान्तं स्वभावरहितं प्रतीत्यसमुत्पन्नम् ।**

કાર્ય-કારણની કલ્પના કરવી, તે તો બાળકોની રમત છે. વસ્તુસ્થિતિનો પરિચય રાખવાવાળો કોઈપણ વ્યક્તિ જગતને ઉત્પન્ન માની શકતો નથી. વસ્તુત: સંસારની જ પૂર્વાકોટિ (કારણભાવ) વિદ્યમાન નથી. જગતના સમસ્ત પદાર્થોની આ જ દશા છે. માધ્યમિકકારિકામાં કહ્યું છે કે **पूर्वा न विद्यते कोटिः संसारस्य न केवलम् । सर्वेषामपि भावानां पूर्वाकोटि न विद्यते ।।११/८।।**

તેથી હેતુ-પ્રત્યય જનિત પદાર્થોને શૂન્યવાદિ આચાર્યો સ્વભાવ-હીન(શાન્ત) માને છે.

* **પરમાર્થ સત્ય :** વસ્તુનું અકૃત્રિમ સ્વરૂપ જ પરમાર્થ છે. જેના જ્ઞાનથી સંવૃતિજન્ય સમસ્તક્લેશોની પ્રાપ્તિ કરી શકાય છે. પરમાર્થ = ધર્મનૈરાત્મ્ય અર્થાત્ સર્વધર્મો (સાધારણતયા ભૂતો)ની નિ:સ્વભાવતા. તેના જ શૂન્યતા, તથતા (જેવું હોય તેવો ભાવ), ભૂતકોટિ (પદાર્થોનું સત્યપર્યવસાન), અને ધર્મધાતુ (વસ્તુઓની સમગ્રતા) પર્યાયો છે. બોધિચર્યામાં પૃ-૩૫૪માં કહ્યું છે કે-

सर्वधर्माणां निःस्वभावता, शून्यता, तथता, भूतकोटिः धर्मधातुरिति पर्यायाः । सर्वस्य हि प्रतीत्यसमुत्पन्नस्य पदार्थस्य निःस्वभावता पारमार्थिकं रुपम् ।।

સમસ્ત પ્રતીત્યસમુત્પન્ન પદાર્થની સ્વભાવહીનતા જ પારમાર્થિકરૂપ છે. જગતના સર્વપદાર્થો હેતુ-પ્રત્યયથી ઉત્પન્ન થાય છે. આથી તે પદાર્થોનું કોઈ વિશિષ્ટરૂપ નથી. તે જ નિ:સ્વભાવતા અર્થાત્ શૂન્યતા પારમાર્થિકરૂપ છે.

નાગાર્જુનના કથનાનુસાર નિર્વાણ જ પરમાર્થસત્ય છે. તેમાં વિષય-વિષયી, કર્તા-કર્મ ની કોઈ પ્રકારની વિશેષતા નથી હોતી.

આ માટે પ્રજ્ઞાકરમતિએ પરમાર્થસત્યને सर्वव्यवहारसमातिक्रान्त - અર્થાત્ સર્વ વ્યવહારોથી અતીત-નિર્વિશેષ, અસમુત્પન્ન, અનિરુદ્ધ, અભિધેય-અભિધાનથી રહિત તથા જ્ઞેય-જ્ઞાનથી વિગત બતાવેલ છે.

સંવૃત્તિનો અર્થ છે બુદ્ધિ. બુદ્ધિદ્વારા જે જે તથ્ય ગ્રહણ થાય છે, તે સમસ્ત વ્યાવહારિક(સાંવૃત્તિક) સત્ય છે.

પરમાર્થસત્ય બુદ્ધિ દ્વારા ગ્રાહ્ય નથી. બુદ્ધિ કોઈવિશેષને લક્ષ્યકરીને વસ્તુને ગ્રહણ કરે છે. પરમાર્થસત્ય વિશેષહીન હોવાથી તે બુદ્ધિથી કેવીરીતે ગ્રાહ્ય થઈ શકે ? પરમાર્થસત્ય મૌનરૂપ છે. બુદ્ધોદ્વારા તેની દેશના થઈ શકતી નથી. દેશના એ તત્ત્વની થાય છે કે જે શબ્દોદ્વારા અભિહિત કરી શકાય. પરમતત્ત્વ ન તો વાણીનો વિષય છે, ન ચિત્તનો વિષય (ગોચર) છે. વાણી અને મન તે તત્ત્વ સુધી પહોંચી શકતા નથી. માધ્યમિક

અહીં પ્રમાણની સંખ્યાના વિષયમાં ચાર્વાક, સાંખ્ય વગેરે અક અને અનેક પ્રકારે સમ્યગ્ જ્ઞાન કહે છે. (અને તેથી સમ્યગ્જ્ઞાન એક પ્રકારે તથા અનેક પ્રકારે હોવાથી પ્રમાણના પણ એક કે અનેક પ્રકાર થશે.) આથી નિયત બે પ્રકારના સમ્યગ્જ્ઞાન બૌદ્ધવડે કહેવાતાં એક કે અનેક પ્રકારના સમ્યગ્જ્ઞાનનો નિષેધ થાય છે.

एवं चायमेवकारो विशेषणेन विशेष्येण क्रियया च सह भाष्यमाणः क्रमेणायोगान्ययोगात्यन्तायोगव्यवच्छेदकारित्वात्त्रिधा भवति यद्विनिश्चयः-

કારિકામાં કહ્યું છે કે-**निवृत्तमभिधातव्यं निवृत्ते चित्तगोचरे । अनुत्पन्ना निरुद्धा हि निर्वाणमिव धर्मता ॥ १८/७/मा.का. ॥** પોતાના જ આત્માથી તે તત્ત્વની અનુભૂતિ કરી શકાય છે. **આથી તે પરમાર્થસત્ય 'प्रत्यात्मवेदनीय'** છે.

* **વ્યવહારની ઉપયોગિતા :** માધ્યમિકોના આ (ઉપરોક્ત બતાવેલ) પક્ષ હીનયાનિઓની દૃષ્ટિમાં નિતાન્ત ગર્હણીય છે. આક્ષેપનું બીજ એ છે કે જ્યારે પરમાર્થ શબ્દત: અવર્ણનીય છે અને વ્યવહારસત્ય જાદુના ચાલતા-ફરતા રૂપોની માફક ભ્રમમાત્ર છે. તો સ્કન્ધ, આયતનાદિતત્ત્વોનો ઉપદેશ આપવાની સાર્થકતા કયા પ્રકારે પ્રમાણિત કરી શકાશે ? આ આક્ષેપનો નાગાર્જુન ઉત્તર આપે છે કે-

"**व्यवहारमनाश्रित्य परमार्थो न देश्यते । परमार्थमनागम्य निर्वाणं नाधिगम्यते ।। तदेतदार्याणामेव स्वसंविदितस्वभावतया प्रत्यात्मसंवेद्यं परमार्थसत्यम्**" (બોધિચર્યા પૃ-૩૬૭)

આશય એ છે કે વ્યવહારનો આશ્રય લીધાવિના પરમાર્થનો ઉપદેશ આપી શકાતો નથી. અને પરમાર્થની પ્રાપ્તિ વિના નિર્વાણ મળી શકતું નથી. આ સારગર્ભિત કથનનો અર્થ એ છે કે સાધારણ માનવોની બુદ્ધિ વ્યવહારમાં એટલીબધી સંલગ્ન છે કે તેઓને પરમાર્થનો લૌકિકવસ્તુઓની દૃષ્ટિથી જ ઉપદેશ આપી શકાય છે. જે સંકેતોથી તેઓને આજન્મ પરિચય છે, તે જ સંકેતોની ભાષામાં પરમાર્થને તેઓ સમજી શકે છે. આથી વ્યવહારનો સર્વથા ઉપયોગ છે. આ જ વસ્તુનું પ્રતિપાદન બૌદ્ધાચાર્ય ચન્દ્રકીર્તિએ માધ્યમિકાવતાર (૬/૮૦)માં કરેલ છે. **उपायभूतं व्यवहारसत्यमुपेयभूतं परमार्थसत्यम् । વળી न च सुभूते संस्कृतव्यतिरेकेण असंस्कृतं शक्यं प्रज्ञापयितुम्** અર્થાત્ સંસ્કૃત(વ્યવહારના) વિના અસંસ્કૃત (પરમાર્થ)નું પ્રજ્ઞાપન શક્ય નથી.

* **શૂન્યવાદ :** માધ્યમિક લોકો પરમાર્થસત્યને શૂન્યના નામથી ઓળખે છે. તેથી તે આચાર્યોનો મત શૂન્યવાદના નામથી પ્રસિદ્ધ છે. આ શૂન્યવાદના તાત્ત્વિકસ્વરૂપનું નિરૂપણ કરવામાં વિદ્વાનોને અતિશયવૈમત્ય છે. હીનયાનિ આચાર્ય (માધ્યમિક મહાયાનિ કહેવાય છે) તથા બીજા કેટલાક વિદ્વાનોએ શૂન્ય શબ્દનો અર્થ સર્વત્ર સકલ 'સત્તા'નો નિષેધ કે 'અભાવ' જ કરેલ છે. તેનું કારણ એ છે કે લોકવ્યવહારમાં આ શબ્દનો પ્રસિદ્ધ અર્થ તે છે. પરંતુ માધ્યમિક આચાર્યોના ગ્રંથોના અભિપ્રાય અનુસારશૂન્ય શબ્દનો અર્થ 'नास्ति' તથા 'અભાવ' નથી.

કોઈપણ પદાર્થના સ્વરૂપનિર્ણયમાં ચાર જ કોટિઓનો પ્રયોગ પ્રતીત થાય છે 'अस्ति' (વિદ્યમાન છે), 'नास्ति' (વિદ્યમાન નથી), तदुभयं (अस्ति અને नास्ति એક સાથે) નોભયં (नास्ति અને अस्ति બંને કલ્પનાનો નિષેધ.)

આ કોટિઓનો સંબંધ સાંસારિક પદાર્થથી છે. પરંતુ પરમાર્થ મનો-વાણીથી અગોચર હોવાના કારણે નિતરાં અનિર્વાચ્ય છે. સવિશેષવસ્તુનું વિવેચન થાય છે. નિર્વિશેષવસ્તુનું ક્યારેય પણ વિવેચન થતું નથી. આ કારણથી અનિર્વિચનીયતાની સૂચના આપવા માટે 'પરમતત્ત્વ'ના માટે 'શૂન્ય'નો પ્રયોગ કરેલ છે. પરમાર્થ ચતુષ્કોટિવિનિર્મુક્ત છે. માધ્યમિક કારિકામાં કહ્યું છે કે-

"अयोगं योगमपरैरत्यन्तायोगमेव च ।
व्यवच्छिनत्ति धर्मस्य निपातो व्यतिरेचकः ।।१।।"
निपात एवकारः, व्यतिरेचको निवर्तकः-
"विशेषणविशेष्याभ्यां क्रियया यः सहोदितः ।
विवक्षातोऽप्रयोगेऽपि तस्यार्थोऽयं प्रतीयते ।।२।।

न सन् नासन् न सदसन्न चाप्यनुभयात्मकम् । चतुष्कोटिविनिर्मुक्तं तत्त्वं माध्यमिका विदुः ।।१/७।।

શૂન્યનો પ્રયોગ એક વિશેષસિદ્ધાંતનો સૂચિત છે. હીનયાનો (બુદ્ધના) મધ્યમમાર્ગને આ ચારના જ વિષયમાં અંગીકાર છે. પરંતુ માધ્યમિક લોકો તત્ત્વમીમાંસાના વિષયમાં પણ મધ્યમમાર્ગને અપનાવે છે. તેમના મતાનુસાર વસ્તુ ન એકાંતિક સત્ છે કે ન એકાન્તિક અસત્ છે. પ્રત્યુત તે વસ્તુનું સ્વરૂપ આ બંનેની મધ્યબિંદુ પર જ નિર્ણીત હોઈ શકે છે. જે શૂન્યરૂપથી થાય છે. સમાધિરાજસૂત્રમાં કહ્યું છે કે-

अस्तीति नास्तीति उभेऽपि अन्ता शुद्धी अशुद्धीति उभेऽपि अन्ता । तस्मादुभे अन्त विवर्जयित्वा मध्ये हि स्थानं प्रकरोति पण्डितः ।।

શૂન્ય 'અભાવ' નથી. કારણકે અભાવની કલ્પના સાપેક્ષકલ્પના છે. અભાવને ભાવની અપેક્ષા છે. પરંતુ શૂન્ય પરમાર્થનો સૂચક હોવાથી સ્વયં નિરપેક્ષ છે. આથી નિરપેક્ષ હોવાના કારણે શૂન્યનો અભાવ માની શકાતો નથી. આ આધ્યાત્મિક મધ્યમમાર્ગનો પ્રતિષ્ઠાપક હોવાથી આ દર્શનનું નામ માધ્યમિક આપવામાં આવેલ છે.

આ શૂન્ય જ સર્વશ્રેષ્ઠ અપરોક્ષતત્ત્વ છે. આ પ્રકારે માધ્યમિક આચાર્ય 'શૂન્યાદ્વૈતવાદ'ના સમર્થક છે. આ સમસ્ત નાનાત્મક પ્રપંચ આ 'શૂન્ય'નો જ વિવર્ત છે

* **શૂન્યતાનો ઉપયોગ :** જગતના સમસ્તપદાર્થોની પાછળ કોઈ નિત્યવસ્તુ (જેમકે આત્મા, દ્રવ્ય) વિદ્યમાન નથી. પ્રત્યુત તે નિરાલંબન તથા નિઃસ્વભાવ છે. - આ જ્ઞાન શૂન્યતાનું જ્ઞાન છે. માનવજીવનમાં આ તથ્યનું જ્ઞાન અત્યંત ઉપયોગી છે.

મોક્ષ કર્મ તથા ક્લેશના ક્ષયથી થાય છે. કર્મ અને ક્લેશોની સત્તા સંકલ્પોના કારણે છે. શુભસંકલ્પથી રાગનો, અશુભસંકલ્પથી દ્વેષનો અને વિપર્યાસના સંકલ્પથી મોહનો ઉદય થાય છે. અને સંકલ્પનું કારણ પ્રપંચ છે. પ્રપંચનો અર્થ છે જ્ઞાન-જ્ઞેય, વાચ્ય-વાચક, ઘટ-પટ, સ્ત્રી-પુરૂષ, લાભાલાભ, સુખ-દુઃખ આદિ વિચાર. એ પ્રપંચનો નિરોધ શૂન્યતા-સર્વ નૈરાત્મ્યજ્ઞાનમાં છે. અતઃ શૂન્યતા મોક્ષોપયોગિની છે.

વસ્તુની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થવાથી પ્રપંચનો જન્મ થાય છે અને સંકલ્પોદ્વારા તે કર્મ-ક્લેશોને ઉત્પન્ન કરે છે. જેનાથી પ્રાણી સંસારના આવાગમનમાં ભટકતો રહે છે. અને વસ્તુની પ્રાપ્તિ નહીં થવાથી પ્રપંચનો જન્મ ન થાય. તેનાથી સંકલ્પોદ્વારા ક્લેશાદિ ઉત્પન્ન નહીં થાય. આથી જીવે આ પ્રકારે શૂન્યતાના જ્ઞાનથી પ્રપંચનો જન્મ અટકાવવો. તેથી બીજી કોઈ અનર્થની પરંપરા ન ચાલે. આથી સર્વ પ્રપંચોથી નિવૃત્તિ ઉત્પન્ન થવાના કારણે શૂન્યતા જ નિર્વાણ છે. **અને નિર્વાણ પછી પણ કશું જ શેષ રહેતું નથી, માટે નિર્વાણ અસત્ય છે.**

નાગાર્જુને આ કારણથી શૂન્યતાને આધ્યાત્મિકતા માટે વિશેષમહત્ત્વ પ્રદાન કરેલ છે -

कर्मक्लेशक्षयान्मोक्षः कर्मक्लेशा विकल्पतः । ते प्रपञ्चात् प्रपञ्चस्तु शून्यतायां निरुद्धयते ॥ १८/९ मा.का. ॥

व्यवच्छेदफलं वाक्यं यतश्चैत्रो धनुर्धरः ।
पार्थो धनुर्धरो नीलं सरोजमिति वा यथा ।।३।।" [प्र० वा० ४/१९०-९२]

सम्यग्ज्ञानस्य च द्वैविध्य प्रत्यक्षपरोक्षविषयद्वैविध्यादवसेयम् । यतोऽत्र प्रत्यक्ष-विषयादन्यः सर्वोऽपि परोक्षो विषयः । ततो विषयद्वैविध्यात्तद्ग्राहके सम्यग्ज्ञाने अपि द्वे एव

* **शून्यतानुं लक्षण :** नागार्जुने शून्यनुं लक्षण એક કારિકાદ્વારા બતાવેલ છે

अपरप्रत्ययं शान्तं प्रपञ्चैरप्रपञ्चितम् । निर्विकल्पमनानार्थमेतत् तत्त्वस्य लक्षणम् ॥ मा. का - १८/९ ॥

શૂન્ય લક્ષણ આ પ્રકારે છે.

(૧) તે (શૂન્ય) અપરપ્રત્યય છે. અર્થાત્ એક દ્વારા બીજાને તેનો ઉપદેશ આપી શકાતો નથી. પ્રત્યેક પ્રાણીએ આ તત્ત્વની અનુભૂતિ સ્વયં પોતાની જાતે કરવી જોઈએ. (પ્રત્યાત્મવેદ્ય). આર્યોના ઉપદેશના શ્રવણથી આ (શૂન્ય) તત્ત્વનું જ્ઞાન ક્યારેય પણ થઈ શકતું નથી. કારણ કે આર્યોનું તત્ત્વપ્રતિપાદન 'સમારોપ' દ્વારા જ થાય છે.

(૨) તે (શૂન્ય) શાન્ત છે. અર્થાત્ સ્વભાવરહિત છે.

(૩) તે પ્રપંચોદ્વારા ક્યારેય પણ પ્રપંચિત થતું નથી. અહીં પ્રપંચનો અર્થ શબ્દ છે, કારણ કે તે અર્થને પ્રપંચિત-પ્રગટ કરે છે. શૂન્યના અર્થનું પ્રતિપાદન કોઈપણ શબ્દદ્વારા થઈ શકતું નથી. તેથી તે 'અશબ્દ' તથા 'અનક્ષર તત્ત્વ કહેવાય છે.

(૪) તે (શૂન્ય) નિર્વિકલ્પક છે. વિકલ્પનો અર્થ છે ચિત્તનું ચાલવું અર્થાત્ ચિત્તનો વ્યાપાર (ચિત્તપ્રચાર). શૂન્યતા ચિત્ત-વ્યાપારની અંતર્ગત આવતી નથી. ચિત્ત આ તત્ત્વનો વિચાર કરી શકતું નથી.

(૫) અનાનાર્થ છે : નાના (અનેક) અર્થોથી વિરહિત છે. જેના વિષયમાં ધર્મોની ઉત્પત્તિ માનવામાં આવે છે તે વસ્તુ નાનાર્થ હોય છે. વસ્તુતઃ સર્વધર્મોનો ઉત્પાદ થતો નથી. આથી આ (શૂન્ય)તત્ત્વ નાનાર્થરહિત છે.

શૂન્યનો આ પ્રકારનો સ્વભાવ છે - સર્વ પ્રપંચોની નિવૃત્તિ. વસ્તુતઃ તે ભાવપદાર્થ છે, અભાવ નથી. જગતના મૂલમાં વિદ્યમાન હોવાવાળો આ ભાવપદાર્થ છે. શૂન્યતા જ પ્રતીત્યસમુત્પાદ છે.

यःप्रत्ययसमुत्पादः शून्यतां तां प्रचक्ष्महे ।
सा प्रज्ञप्तिरुपादाय प्रतिपत् सैव मध्यमा ।।

* **શૂન્યવાદની સિદ્ધિ :** શૂન્યવાદના નિરાકરણના નિમિત્તરૂપ પૂર્વપક્ષની અનેક યુક્તિઓ છે, તેનું જ વિશેષ ખંડન નાગાર્જુન પોતાના 'વિગ્રહ-વ્યાવર્તિની' ગ્રંથમાં વિસ્તારથી કરેલ છે. અહીં ટુંકમાં શૂન્યવાદની સિદ્ધિ કઈ રીતે કરે છે તે જોઈએ.

પૂર્વપક્ષ : (૧) વસ્તુઓનો નિષેધ (શૂન્યવાદ) ઠીક નથી કારણકે

(i) જે શબ્દોને યુક્તિના સહારાથી પ્રયોગ કરાય છે. તે પણ શૂન્ય અસાર જ થઈ જશે.

(ii) જો તેમ નહીં માનો તો, તમારી વાત છે કે સર્વવસ્તુઓ શૂન્ય છે, તે અસત્ય ઠરશે.

(iii) શૂન્યતાને સિદ્ધ કરવાના પ્રમાણનો નિતાન્ત અભાવ છે.

વળી (૨) સર્વવસ્તુઓને વાસ્તવિક માનવી જોઈએ. કારણકે.

(i) સારા-ખોટાના ભેદનો સર્વે સ્વીકાર કરે છે

भवतो न न्यूनाधिके । तत्र यत्परोक्षार्थविषयं सम्यग्ज्ञानं, तत्स्वसाध्येन धर्मिणा च संबद्धादन्यतः सकाशात्सामान्येनाकारेण परोक्षार्थस्य प्रतिपत्तिरूपं, ततस्तदनुमानेऽन्तर्भूतमिति ।

ટીકાનો ભાવાનુવાદ :

આ પ્રકારે 'एव'કાર વિશેષણ, વિશેષ્ય અને ક્રિયાપદ સાથે કહેવાતાં અનુક્રમે અયોગ, અન્યયોગ અને અત્યન્તાયોગનો વ્યવચ્છેદ કરે છે. આથી 'एव' કારનો ત્રણપ્રકારે નિશ્ચય થાય છે. કહ્યું છે કે...

(ii) અસિદ્ધ વસ્તુનું નામ નથી મળતું, પણ જગતની સમસ્તવસ્તુઓનું નામ મળે છે.
(iii) વાસ્તવિકપદાર્થનો નિષેધ યુક્તિયુક્ત નથી.
(iv) પ્રતિષેધ્યને પણ સિદ્ધ કરી શકતો નથી.

ઉત્તરપક્ષ : નાગાર્જુન આ પક્ષનું ખંડન કરે છે.

(૧) (i) જે પ્રમાણોના બળઉપર ભાવોની વાસ્તવિકતા સિદ્ધ કરાય છે. તે પ્રમાણોને આપણે ક્યારેય સિદ્ધ કરી શકતા નથી. પ્રમાણ બીજા પ્રમાણોદ્વારા સિદ્ધ નથી કરી શકાતું - કારણ કે તેવી અવસ્થામાં તે પ્રમાણ ન રહેતાં પ્રમેય બની જશે.

(ii) પ્રમાણ અગ્નિના સમાન સ્વાત્મ-પ્રકાશક નથી હોતું.

(iii) પ્રમેયોનાદ્વારા પણ તેની સિદ્ધિ થઈ શકતી નથી. પ્રમેય તો પોતાની સિદ્ધિના માટે પરતંત્ર છે. તો તે કેવી રીતે પ્રમાણોને સિદ્ધ કરી શકશે ? અને કરશો તો પ્રમાણ થઈ જશે, પ્રમેય નહીં રહી શકે.

(iv) અકસ્માતસંયોગથી પ્રમાણ સિદ્ધ થતું નથી.. આથી પ્રામાણ્યવાદ અંગે નાગાર્જુનનો આ સારગર્ભિત મત છે.

नैव स्वतः प्रसिद्धिर्न परस्परतः प्रमाणैर्वा ।
भवति न च प्रमेयैर्न चाप्यकस्मात् प्रमाणानाम् ।। विग्रह-व्यावर्तिनी कारिका-५२ ।।

(૨) ભાવોની સત્યતા શૂન્યરૂપ છે

(i) તે સારી-ખોટી ભાવનાની વિરુદ્ધ નથી. તે ભાવના પણ પ્રતીત્ય-સમુત્પાદના કારણે જ છે. જો આ વાત ન માનવામાં આવે અને તેના બદલે સારા-ખોટાનો ભેદ સ્વતઃ પરમાર્થરૂપથી માનવામાં આવે તો તે અચલ એક રસ છે. અને તેને બ્રહ્મચર્યાદિ અનુષ્ઠાનદ્વારા ક્યારેય પણ પરિવર્તનશીલ નહીં કરી શકાય.

(ii) શૂન્યતા હોવાથી જ નામ થાય છે. નામની કલ્પના સ્વયં સદ્‌ભૂત નથી, અસદ્‌ભૂત છે. "જે પદાર્થ સદ્, સ્થિર તથા અવિકારી હોય, તેનું જ નામ હોઈ શકે. જે અસત્ હોય તેનું નામ ન હોય" - આ કલ્પના નિતાન્ત અસાર છે.

શૂન્યતાના પ્રકાર : શૂન્યતાનું અધ્યયન બોધિસત્ત્વની પ્રાપ્તિ માટે અત્યન્ત આવશ્યક છે, કે જે નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે. (૧) **અધ્યાત્મ-શૂન્યતા : (આંતરિક વસ્તુઓની શૂન્યતા)** અધ્યાત્મનો અભિપ્રાય ૬ વિજ્ઞાનોથી છે. તેને શૂન્ય બતાવવાનો અર્થ એ છે કે આપણી માનસક્રિયાના મૂલમાં, તેનો નિયામક 'આત્મા' નામનો કોઈ પદાર્થ નથી. હીનયાનિઓનો અનાત્મવાદ આ શૂન્યતાનો દ્યોતક છે.

"व्यतिरेचक (अर्थात् व्यावृत्ति करवावाळो) निपात = 'एव' कार (विशेषणनी साथे प्रयोजाईने) अयोगनो, (विशेष्य साथे प्रयोजाईने) अन्ययोगनो तथा (क्रियापद साथे प्रयोजाईने) अत्यंतायोगनो व्यवच्छेद करे छे."

(जो के वाक्योमां 'एव' कारनो) प्रयोग न होय, छतां पण तेनो आ अर्थ विशेषण, विशेष्य अने क्रियानी साथे कहेवायेलीविवक्षाथी प्रतीत थाय ज छे. कारण के सर्ववाक्यो व्यावृत्तिना

---

(२) **बहिर्धा शून्यता :** (बहारनी वस्तुओनी शून्यता) इन्द्रियना रूप, रस स्पर्शादि स्वभावशून्य छे. जे प्रकारे आपणुं अंतर्जगत स्वरूपशून्य होवाथी अवास्तव छे. ते रीते बाह्यजगतना मूलमां पण कोई आत्मा नथी. **'अध्यात्म-शून्यता' तो हीनयानिओनो अभीष्ट सिद्धांत हतो, पण बहारनी वस्तुओने (धर्मोने) स्वरूपशून्य बतावबो, ते महायानिओनो मौलिक सिद्धांत छे.**

(३) **अध्यात्म-बहिर्शून्यता :** आपणे साधारणतया आंतरिक अने बाह्यवस्तुओमां भेद करीए छीए. परंतु ते भेद पण वास्तविक नथी. ते विभेद कल्पनामांथी पेदा थयेल छे. स्थान परिवर्तन करवाथी जे बाह्य होय ते अभ्यन्तर बनी जाय छे. अने ऐभ्यन्तर होय ते बाह्य बनी जाय छे. आ तत्त्वनी सूचना आ प्रकारमां आपवामां आवे छे.

(४) **शून्यता - शून्यता :** सर्वधर्मोनी शून्यता सिद्ध थवाथी, आपणा हृदयमां विश्वास थई जाय छे के आ शून्यता वास्तविक पदार्थ छे. **अथवा** आपणा प्रयत्नोद्वारा प्राप्त करवा योग्य बाह्यपदार्थ छे. परंतु आ विश्वासने दूरकरवो ते आ प्रकारनो उद्देश्य छे. 'शून्यता' पण यथार्थ नथी. तेनी पण शून्यता परम तत्त्व छे.

(५) **महा शून्यता :** दिशानी शून्यता. दस दिशाओनो व्यवहार कल्पनाप्रसूत छे. दिक्नी कल्पना सापेक्षिकी छे. पूर्व-पश्चिम परस्परने निमित्त मानीने कल्पित करायेल छे. तेनी शून्यता मानवी उपयुक्त छे. दिशाना महासन्निवेशना कारणे आ शून्यता 'महान्' विशेषणथी लक्षित करवामां आवे छे.

(६) **परमार्थ शून्यता :** परमार्थनो अभिप्राय निर्वाणथी छे. निर्वाण सांसारिक प्रपंचथी विसंयोगमात्र छे. आथी निर्वाण स्वरूपथीशून्य होवाथी, निर्वाण पण शून्यपदार्थ छे.

(७) **संस्कृत शून्यता :** संस्कृतनो अर्थ हेतु प्रत्ययथी उत्पन्न पदार्थ. त्रैधातुक जगतनी अंतर्गत कायधातु, रूपधातु अने अरूपधातुनो सन्निवेश मनाय छे. उत्पन्नपदार्थ स्वरूपथी शून्य छे, एनो अर्थ ए थयो के जगतनी आभ्यन्तर अने ब्राह्य समग्र वस्तुओ शून्यरूप छे.

(८) **असंस्कृत शून्यता :** असंस्कृत पदार्थ उत्पादरहित, विनाशरहित आदि धर्मोथी युक्त छे. परंतु अनुत्पाद तथा अनिरोध पण नाममात्र (प्रज्ञप्ति) छे. तेनी कल्पना सापेक्षिक छे. संस्कृतथी विरुद्ध होवाना कारणे 'असंस्कृत' कहेवाय छे. बंने कल्पनाओ निराधार, निरालंबन छे. आथी ज शून्य छे

(९) **अत्यंत शून्यता :** प्रत्येक 'अन्त' स्वभावशून्य होय छे. शाश्वत (नित्यता) एक अंत छे. अने उच्छेद (विनाश) बीजो अंत छे. आ बंनेनी वच्चे बीजुं कोई वस्तु विद्यमान नथी के ते बंनेमां अंतर बतावे. आथी तेनुं पण कोई पोतानुं स्वरूप नथी. अत्यंत शून्यतानो ए अर्थ छे के बिलकुल शून्यता. अर्थात् शून्यता-शून्यतानो ज आ बीजो प्रकार छे.

(१०) **अनवराग्र शून्यता :** आरंभ, मध्य अने अंत आ त्रणेनी कल्पना सापेक्षिक छे. आथी तेनुं पोतानुं वास्तविक

ફલવાળા હોય છે. (અર્થાત્ સર્વ વાક્ય વ્યવચ્છેદ કરવાવાળું હોય છે.) (જેમકે) (૧) 'चैत्रो धनुर्धरः' માં 'एव' કાર પ્રયોગ ન હોવા છતાં વિવક્ષાથી 'ધનુર્ધર' વિશેષણ સાથે જોડાયેલ જ છે. તેનાથી અયોગનો વ્યવચ્છેદ થાય છે. (અર્થાત્ અહીં ચૈત્રમાં ધનુર્ધરત્વના અભાવ (અયોગ)નો વ્યવચ્છેદ એ 'एव' 'કારનું ફલ છે. (૨) 'पार्थो धनुर्धर' પ્રયોગમાં 'एव' કાર ન હોવા છતાં વિવક્ષાથી 'पार्थ' વિશેષ્ય સાથે જોડાયેલો જ છે. તેનાથી અન્યયોગનો વ્યવચ્છેદ થાય છે. (અર્થાત્ 'પાર્થ જ ધનુર્ધર છે.' પ્રયોગમાં માં પાર્થ (અર્જુન) સિવાયના અન્યમાં ધનુર્ધરત્વનો

સ્વરૂપ કોઈ નથી. કોઈ વસ્તુને આદિમાન્ માનવી જે પ્રકારે કાલ્પનિક છે, તે પ્રકારે અન્યવસ્તુને આદિહીનમાનવી પણ કાલ્પનિક છે. આદિ અને અંત બંને પરસ્પર-વિરુદ્ધ ધારણાઓ છે. આ ધારણાઓની શૂન્યતા બતાવવી તે આ પ્રભેદનો અભિપ્રાય છે.

(૧૧) **અનવકાર - શૂન્યતા :** 'અનવકાર' નો અભિપ્રાય 'અનુપધિશેષ નિર્વાણ' થી છે. જેનું અપાકરણ કોઈપણપ્રકારે કરી શકાતું નથી તે 'અનુપધિશેષ નિર્વાણ' છે. આ કલ્પના પણ શૂન્યરૂપ છે. કારણકે 'અપાકરણ' ક્રિયારૂપ હોવાથી 'અનાપકરણ'ની ભાવના પર અવલંબિત છે. 'અપાકરણ' પોતાનાથી વિરોધી કલ્પનાની પર આશ્રિત છે. આથી સાપેક્ષ હોવાનાકારણે શૂન્યરૂપ છે.

(૧૨) **પ્રકૃત શૂન્યતા :** કોઈ વસ્તુની પ્રકૃતિ અથવા સ્વભાવ સર્વ વિદ્વાનોદ્વારા મળીને પણ ઉત્પન્ન કરી શકાતો નથી. તેનું પોતાનું કોઈ વિશિષ્ટરૂપ નથી. તે સંસ્કૃતરૂપ હોય કે અસંસ્કૃતરૂપ હોય, પણ તેમાં કોઈ પ્રકારની પરિવર્તન અને અપરિવર્તન ક્રિયા કરી શકાતી નથી.

(૧૩) **સર્વધર્મ શૂન્યતા :** જગતના સમસ્તધર્મ (પદાર્થ) સ્વભાવથી વિહીન છે. કારણ કે સંસ્કૃત અને અસંસ્કૃત બંને પ્રકારોથી સંબંધ રાખવાવાળા ધર્મ પરસ્પર અવલંબિત હોય છે. આથી તે પરમાર્થસત્તાથી વિહીન છે.

(૧૪) **લક્ષણ શૂન્યતા :** લક્ષણ પણ વસ્તુતઃ શૂન્ય છે, કારણકે હેતુ પ્રત્યયથી ઉત્પન્ન થવાના કારણે તેની પણ કોઈ સ્વતંત્ર સત્તા નથી. આથી વસ્તુઓનું સામાન્ય તથા વિશેષલક્ષણ (જેનાથી વસ્તુનું સ્વરૂપ બતાવાય છે તે લક્ષણ) નામમાત્ર (વિજ્ઞપ્તિમાત્ર) છે.

(૧૫) **ઉપલમ્ભ શૂન્યતા :** ભૂત, વર્તમાન, ભવિષ્ય - આ ત્રિવિધ કાલની કલ્પના દિશાની કલ્પના સમાન બિલકુલ નિરાધાર છે. મનુષ્ય પોતાના વ્યવહારમાટે કાલની કલ્પના ઊભી કરે છે. કાલ એવો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી કે જેની સત્તા સ્વતંત્રપ્રમાણોથી સિદ્ધ કરી શકાય.

(૧૬) **અભાવ-સ્વભાવ શૂન્યતા :** અનેકધર્મોના સંયોગથી જે વસ્તુ ઉત્પન્ન થાય છે તેનું પણ કોઈ પોતાનું વિશિષ્ટ સ્વરૂપ નથી હોતું, કારણકે પરસ્પરસાપેક્ષ હોવાના કારણે એવી વસ્તુની સ્વતંત્રસત્તા હોતી જ નથી.

(૧૭) **ભાવ શૂન્યતા :** પંચસ્કન્ધના સમુદાયને સાધારણતયા આપણે આત્મા નામથી ઓળખીએ છે. પરંતુ તે પંચસ્કન્ધો પણ સ્વરૂપથી હીન છે. સ્કન્ધ શબ્દનો અર્થ છે રાશિ કે સમુદાય. જે વસ્તુ સમુદાયાત્મક હોય છે તે સ્વતઃ સિદ્ધ હોતી નથી. એટલા માટે તે (રાશિ) જગતના પદાર્થોની કોઈપણ પ્રકારે પણ નિમિત્ત નથી બનતી. સ્કન્ધની સત્તાનો નિષેધ આ વિભાગનું તાત્પર્ય છે.

(૧૮) **અભાવ શૂન્યતા :** આકાશ અને બંને પ્રકારનો નિરોધ (પ્રતિસંખ્યાનિરોધ અને અપ્રતિસંખ્યા નિરોધ) સ્વભાવરહિત છે. તે કેવલ સંજ્ઞામાત્ર છે. તે વસ્તુતઃ સાંસારિક સત્યતાના અભાવરૂપ હોવાથી સ્વયં સત્તાહીન છે.

અયોગ કરવો તે 'एव' કારનું ફલ છે. (અહીં યાદ રાખવું કે ધનુર્ધર તો બીજા ઘણા હશે, છતાં અર્જુનમાં રહેલું વિશિષ્ટધનુર્ધરત્વ જ અર્જુનનું પાર્થ નામ પાડવામાં નિમિત્ત બન્યું છે. એટલે કે અર્જુનમાં જ ધનુર્ધરત્વનો તાદાત્મ્યસંબંધ બતાવ્યો છે. તેથી અર્જુન સિવાય અન્યમાં તાદાત્મ્ય સંબંધથી ધનુર્ધરત્વનો અયોગ કહેવામાં દોષ નથી.) (૧) 'नीलं सरोजम् अस्ति' માં 'एव' કાર પ્રયોગ ન હોવા છતાં વિવક્ષાથી 'अस्ति' સાથે 'एव' કાર જોડાયેલ જ છે. તેનાથી અત્યંત અયોગનો વ્યવચ્છેદ થાય છે. અર્થાત્ "કમળ નીલ હોય જ છે" અહીં 'अस्ति' સાથે જોડાયેલા

---

(૧૯) **स्वभाव शून्यता :** સાધારણતયા આપણી જે ધારણા છે કે પ્રત્યેક વસ્તુનો પોતાનો (સ્વતંત્રરૂપે) સ્વભાવ હોય છે. તે સ્વભાવ અલૌકિક (પ્રાતિભ)જ્ઞાન કે દર્શન દ્વારા ઉત્પન્ન કરી શકાતો નથી. જ્ઞાન અને દર્શન વસ્તુના યથાર્થરૂપના દ્યોતક હોય છે. સત્તા રહિત પદાર્થની અભિવ્યક્તિ તે ક્યારેય પણ કરી શકતા નથી.

(૨૦) **परभाव शून्यता :** વસ્તુનું પરમાર્થરૂપ નિત્યવર્તમાન રહે છે. તે ઉત્પત્તિ અને વિનાશની અપેક્ષા નહીં રાખતાં, સ્વતંત્રરૂપથી સદા વિદ્યમાન રહેવાવાળું છે, તે સ્વભાવને કોઈ બાહ્યકારણ (પરભાવ)દ્વારા ઉત્પન્ન થયેલું માનવું તે અત્યંત તર્કહીન છે.

* **'सत्ता' ના પ્રશ્નને લઈને બૌદ્ધ દર્શનના ચાર સંપ્રદાયો :**

મલધારિશ્રીરાજશેખરસૂરિવિરચિત ષડ્દર્શનસમુચ્ચયમાં આ ચાર સંપ્રદાયોની 'સત્તા' અંગેની માન્યતાને પ્રગટ કરતો સંગ્રહશ્લોક છે. ત્યાં કહ્યું છે કે...

अर्थो ज्ञानसमन्वितो मतिमता वैभाषिकेणेष्यते, प्रत्यक्षेण न हि बाह्यवस्तुविसरः सौत्रान्तिकादतः ।
योगाचारमतानुगैरभिमता साकारबुद्धिः परा, मन्यन्ते बत मध्यमा; कृतधियः स्वच्छां परां संविदम् ।। १४५।।

ભાવાર્થ : સત્તાની મીમાંસાકરનારા ચાર સંપ્રદાયો-દર્શનો છે. વ્યવહારના આધાર પર જ પરમાર્થનું નિરૂપણ કરાય છે. સ્થૂલપદાર્થોથી સૂક્ષ્મપદાર્થોની વિવેચનાની તરફ જનારમાં પહેલો મત તે દાર્શનિકોનો છે કે જે બાહ્ય તથા અભ્યન્તર સમસ્તધર્મોના અસ્તિત્વને સ્વીકારે છે.

જગતમાં બાહ્ય વસ્તુનો અપલાપ કોઈપણ રીતે થઈ શકે તેમ નથી. જે વસ્તુઓને લઈને આપણું જીવન છે તે જ રીતે તેની (બાહ્ય પદાર્થની) સત્યતા સ્વયં પ્રગટ કરે છે. **આ રીતે બાહ્યાર્થને પ્રત્યક્ષરૂપથી સત્ય માનવાવાળો વૈભાષિક સંપ્રદાય છે.**

આનાથી બીજા દાર્શનિકો આગળ વધે છે. તેઓનું કહેવું છે કે બાહ્યવસ્તુઓનું પ્રત્યક્ષજ્ઞાન આપણને થઈ શકતું નથી. જો સમગ્રવસ્તુ ક્ષણિક છે, તો કોઈપણ વસ્તુના સ્વરૂપનું પ્રત્યક્ષજ્ઞાન સંભવ નથી. પ્રત્યક્ષ થતાં જ પદાર્થોનું નીલ, પીત આદિ ચિત્ર ચિત્તના પટ ઉપર ખેંચાઈ આવે છે. જે પ્રકારે દર્પણમાં પ્રતિબિંબને જોઈને બિંબની સત્તાનું આપણે અનુમાન કરીએ છીએ, એ પ્રકારે ચિત્તરૂપ પટના તે પ્રતિબિંબોથી આપણને પ્રતીતિ થાય છે કે બાહ્ય અર્થની પણ સત્તા અવશ્ય છે. **આથી બાહ્ય અર્થની સત્તા અનુમાન પર અવલંબિત છે. આ બૌદ્ધોનો બીજો સંપ્રદાય સૌત્રાન્તિક કહેવાય છે.**

ત્રીજો મત બાહ્યઅર્થની સત્તા માનતો નથી. સૌત્રાન્તિકોનાદ્વારા કલ્પિતપ્રતિબિંબ દ્વારા બિંબસત્તાનું અનુમાન તેને અભીષ્ટ નથી. તેની દૃષ્ટિમાં બાહ્યભૌતિકજગત નિતાન્ત મિથ્યા છે. ચિત્ત જ એકમાત્ર સત્તા

'एव' કાર કમળમાં નીલત્વના અત્યંત અયોગનો વ્યવચ્છેદ કરીને કમલ પૂર્ણરૂપથી નીલ હોય છે. આવું ક્રિયાનું અવધારણ કરે છે.

વિષયો પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારના હોવાથી સમ્યગ્જ્ઞાન પણ બે પ્રકારનું જાણવું. અહીં પ્રત્યક્ષવિષયથી અન્ય સર્વ પણ પરોક્ષવિષય જાણવો. તેથી (પ્રત્યક્ષ અને પરોક્ષ, એમ) બે પ્રકારના વિષયો હોવાથી, તે બે પ્રકારના વિષયોનું ગ્રાહક સમ્યગ્જ્ઞાન પણ બે પ્રકારનું છે. પણ ન્યૂનાધિક

છે. જેના નાના પ્રકારના આભાસને આપણે જગતથી ઓળખીએ છીએ. **ચિત્તને જ વિજ્ઞાન કહેવાય છે. આ મત વિજ્ઞાનવાદિ-યોગાચારોનો છે.**

સત્તાવિષયક ચોથો મત એ છે કે જે ચિત્તની પણ સત્તા સ્વતંત્ર માનતો નથી. જે પ્રકારે બાહ્યાર્થ અસત્ છે. એ પ્રકારે વિજ્ઞાન પણ અસત્ છે. શૂન્ય જ પરમાર્થ છે. જગતની સત્તા વ્યાવહારિક છે. શૂન્યતી સત્તા પારમાર્થિક છે. આ મતના અનુયાયી શૂન્યવાદિ કે માધ્યમિક કહેવાય છે. આ રીતે ચારે સંપ્રદાયોની સત્તાના વિષયમાં સૈદ્ધાંતિકમાન્યતા આ પ્રમાણે છે.

(૧) વૈભાષિક - બાહ્યાર્થપ્રત્યક્ષવાદ (૩) યોગાચાર-વિજ્ઞાનવાદ

(૨) સૌત્રાન્તિક - બાહ્યાર્થાનુમેયવાદ (૪) માધ્યમિક-શૂન્યવાદ

ઉપરોક્ત ચારેય સંપ્રદાયોમાં વૈભાષિકનો સંબંધ હીનયાનથી છે તથા અંતિમ ત્રણ સંપ્રદાયનો સંબંધ મહાયાનથી છે. આ ત્રણે મતોનો સત્તાના વિષયમાં વિભિન્નમત છે. છતાં મહાયાનના સામાન્યમતનો સ્વીકાર કરે છે.

તત્ત્વમીમાંસાની દૃષ્ટિથી વૈભાષિક એક છેડા પર છે. તો યોગાચાર અને માધ્યમિક એક છેડા પર છે. સૌત્રાન્તિક તે બંનેની વચ્ચે છે. કેટલાક અંશોમાં તે વૈભાષિકનો સમર્થક છે. પરંતુ અન્યસિદ્ધાંત યોગાચારની તરફ ઝૂકે છે.

* **હીનયાન અને મહાયાનની નિર્વાણ અંગે માન્યતા :**

(૧) હીનયાન : હીનયાન મતાનુયાયી પોતાને ત્રણ પ્રકારના દુઃખોથી પીડિત માને છે.

(i) **દુઃખ-દુઃખતા** અર્થાત્ ભૌતિક અને માનસિકકારણોથી ઉત્પન્નથવાવાળો ક્લેશ.

(ii) **સંસ્કાર-દુઃખતા :** ઉત્પત્તિ-વિનાશશાલી જગતની વસ્તુઓથી ઉત્પન્ન થવાવાળો ક્લેશ.

(iii) **વિપરિણામ દુઃખતા :** સુખ દુઃખ રૂપે પરિણત થવાથી ઉત્પન્ન ક્લેશ. આગળ બતાવેલ અષ્ટાઙ્ગિક માર્ગના અનુશીલનથી તથા જગતના પદાર્થોમાં આત્માનું અસ્તિત્વ નથી, સાંસારિકપદાર્થોની અનિત્યતા, આર્યસત્ય તથા અનાત્મતત્ત્વનું જ્ઞાન ઇત્યાદિ જ્ઞાનનું વારંવાર પરિશીલન કરવાથી ક્લેશોથી સદાને માટે મુક્તિ પ્રાપ્ત કરે છે.

હીનયાનિઓની માન્યતા છે કે નિર્વાણ ક્લેશાભાવરૂપ છે. જ્યારે ક્લેશના આવરણનો સર્વથા પરિહાર થાય છે, ત્યારે નિર્વાણની અવસ્થાનો જન્મ થાય છે. નિર્વાણને સુખરૂપ પણ બતાવેલ છે, પણ અધિકતર બૌદ્ધનિકાય નિર્વાણને અભાવત્મક જ માને છે.

વૈભાષિકોના મતમાં નિર્વાણ ક્લેશાભાવરૂપ મનાય છે. પરંતુ અભાવ હોવા છતાં પણ તે સત્તાત્મક પદાર્થ છે. વૈભાષિકો નિર્વાણને સ્વતઃ સત્તાવાન્ પદાર્થ માનતા નથી. નિર્વાણની પ્રાપ્તિની અનંતર સુક્ષ્મ ચેતના વિદ્યમાન રહે છે, કે જે ચરમ શાંતિમાં ડૂબેલી રહે છે.

(૨) મહાયાન : હીનયાનના મતાનુસાર નિર્વાણનું સ્વરૂપ બતાવાયું, પણ તે સ્વરૂપ મહાયાનવાળા માનવા માટે

નથી. તેમાં જે પરોક્ષ અર્થવિષયક સમ્યગ્જ્ઞાન છે, તેનો સમાવેશ અનુમાનમાં થાય છે, કારણ કે તે સમ્યગ્જ્ઞાન પોતાના સાધ્યભૂત પદાર્થની સાથે અવિનાભાવ રાખવાવાળા (સાધ્યની સાથે અવિનાભાવથી સંબંધ રાખવાવાળા) તથા નિયતધર્મીમાં વિદ્યમાન લિંગદ્વારા પરોક્ષ અર્થનું સામાન્યાકારક (અવિશદ) જ્ઞાન કરે છે. તેથી અનુમાનમાં સમાવેશ થાય છે. કહેવાનો આશય એ છે કે લિંગદ્વારા પરોક્ષ અર્થનું સામાન્યકારક જ્ઞાન થતું હોવાથી, તેનો સમાવેશ અનુમાનમાં થાય છે. (અહીં એ યાદ રાખવું કે બૌદ્ધમતમાં ક્ષણિક પરમાણુરૂપ વિશેષ - સ્વલક્ષણ (અર્થક્રિયાયુક્ત

તૈયાર નથી. **તેમના મતાનુસાર નિર્વાણ થવાથી ક્લેશાવરણનો ક્ષય થાય છે.** જ્ઞેયાવરણની સત્તા રહે છે.

હીનયાનની દૃષ્ટિમાં રાગ-દ્વેષની સત્તા પંચસ્કન્ધના રૂપથી અથવા તેનાથી ભિન્ન પ્રકારથી આત્માની સત્તા માનવા ઉપર નિર્ભર છે. આત્માની સત્તા રહેવાથી જ મનુષ્યના હૃદયમાં યજ્ઞ-યાગાદિકમાં હિંસા કરવાની પ્રવૃત્તિ થાય છે. પરલોકમાં આત્માને સુખ પહોંચાડવા માટે જ મનુષ્ય નાનાપ્રકારના અકુશલકર્મોનો આરંભ કરે છે. આથી સમસ્તક્લેશ અને દોષ આ આત્મ-દૃષ્ટિ (સત્કાયદૃષ્ટિ)નો વિષમ પરિણામ છે. **આથી આત્માનો નિષેધ કરવો. ક્લેશ-નાશનો પરમ ઉપાય છે. આને કહેવાય છે પુદ્ગલનૈરાત્મ્ય. હીનયાની આવા પ્રકારના નૈરાત્મ્યને માને છે. પરંતુ આ નૈરાત્મ્યના જ્ઞાનથી કેવલ ક્લેશાવરણનો જ ક્ષય થાય છે. તેનાથી અતિરિક્ત એક બીજા આવરણની પણ સત્તા છે. જેને જ્ઞેયાવરણ કહેવાય છે.**

નૈરાત્મ્ય બે પ્રકારનું છે. (i) પુદ્ગલનૈરાત્મ્ય, (ii) ધર્મનૈરાત્મ્ય. રાગાદિ ક્લેશો આત્મદૃષ્ટિથી ઉત્પન્ન થાય છે. આથી પુદ્ગલનૈરાત્મ્યના જ્ઞાનથી પ્રાણી સર્વ ક્લેશોને છોડી દે છે.

જગતના પદાર્થોનો અભાવ કે શૂન્યતાના જ્ઞાનથી, સત્યજ્ઞાન ઉપર પડેલું આવરણ આપોઆપ દૂર થાય છે અને સર્વજ્ઞતાની પ્રાપ્તિ માટે આ બંને આવરણો (ક્લેશાવરણ, જ્ઞેયાવરણ)નું દુર થવું અત્યંત આવશ્યક છે. ક્લેશ મોક્ષની પ્રાપ્તિ માટે આવરણનું કામ કરે છે. અર્થાત્ મુક્તિને રોકે છે. જ્ઞેયાવરણ સર્વ જ્ઞેયપદાર્થોની ઉપર જ્ઞાનની પ્રવૃત્તિને રોકે છે. આથી જ્ઞેયાવરણ દૂર થઈ જવાથી સર્વવસ્તુઓમાં અપ્રતિહત જ્ઞાન ઉત્પન્ન થાય છે. જેનાથી સર્વજ્ઞતાની પ્રાપ્તિ થાય છે.

આવરણના આ બે પ્રકારના ભેદ દાર્શનિકદૃષ્ટિથી ખૂબ મહત્ત્વના છે. મહાયાનાનુસાર હીનયાનીની માન્યતાનુસારના નિર્વાણમાં કેવલ પહેલાઆવરણ (ક્લેશાવરણ)નું જ અપનયન હોય છે. પરંતુ શૂન્યતાના જ્ઞાનથી બીજા પ્રકારના આવરણનો પણ નાશ થાય છે. જ્યાં સુધી બીજા આવરણનો નાશ ન થાય ત્યાં સુધી વાસ્તવિક નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. પરંતુ હીનયાની લોકો આ ભેદને (બીજા ભેદને) માનવા તૈયાર નથી. તેઓની દૃષ્ટિએ જ્ઞાન પ્રાપ્ત કરી લેવાથી અર્હંતોનું જ્ઞાન અનાવરણ થઈ જાય છે. પરંતુ મહાયાનીની તે કલ્પના નિતાન્ત મૌલિક છે.

હીનયાનીની માન્યતાનુસાર 'અર્હંત્' પદની પ્રાપ્તિ જ માનવજીવનનું ચરમ લક્ષ્ય છે, પરંતુ મહાયાનના અનુસારે બુદ્ધત્વની પ્રાપ્તિ જ જીવનનું લક્ષ્ય છે. આ ઉદ્દેશ્યની ભિન્નતાના કારણે નિર્વાણની કલ્પનામાં ભેદ છે.

નાગાર્જુને નિર્વાણની પરીક્ષા માધ્યમિકકારિકા-૨૫મી માં ખૂબ વિસ્તારથી કરેલ છે. ત્યાં કહ્યું છે કે -

अप्रहीणमसम्प्राप्तमनुच्छिन्नमशाश्वतम् । अनिरुद्धमनुत्पन्नमेतन्निर्वाणमुच्यते ।। અર્થાત્ નિર્વાણ ન તો છોડી શકાય છે. ન તો પ્રાપ્ત કરી શકાય છે. તે પદાર્થ ન તો ઉચ્છેદ થવાવાળો પદાર્થ છે કે ન શાશ્વત પદાર્થ છે. ન તો તે નિરુદ્ધ છે. ન તો તે ઉત્પન્ન છે. ઉત્પત્તિ હોતે છતે જ કોઈ વસ્તુનો નિરોધ થાય છે. નિર્વાણ બંનેથી ભિન્ન છે.

મહાયોનિઓના મતાનુસારે નિર્વાણ અને સંસારમાં કંઈ પણ ભેદ નથી. કલ્પનાની જાલનો ક્ષય થવું તેનું નામ જ મોક્ષ-નિર્વાણ છે

વિશેષ) પ્રત્યક્ષનો વિષય બને છે તથા બુદ્ધિ-પ્રતિબિંબિત અન્યાપોહાત્મક સામાન્ય અનુમાનનો વિષય બને છે. આ રીતે વિષયની દ્વિવિધતાના કારણે પ્રમાણની પણ દ્વિવિધતાનું અનુમાન કરાય છે. પ્રત્યક્ષ સામાન્યપદાર્થને તથા અનુમાન સ્વલક્ષણરૂપ વિશેષપદાર્થને વિષય કરી શકતું નથી.)

प्रत्यक्षानुमानलक्षणे द्वे एव प्रमाणे । तथाहि-न परोक्षेऽर्थः साक्षात्प्रमाणेन प्रतीयते, तस्यापरोक्षत्वप्रसक्तेः । विकल्पमात्रस्य च स्वतन्त्रस्य राज्यादिविकल्पवदप्रमाणत्वात्,

* **નિર્વાણ અને સંસારના વિષયમાં ચારમતોની વિશેષતા :**

(૧) વૈભાષિક	સંસાર સત્ય	નિર્વાણ સત્ય
(૨) સૌત્રાન્તિક	સંસાર સત્ય	નિર્વાણ અસત્ય
(૩) યોગાચાર	સંસાર અસત્ય	નિર્વાણ સત્ય
(૪) માધ્યમિક	સંસાર અસત્ય	નિર્વાણ અસત્ય

* **વૈભાષિકો માને છે કે નિર્વાણ પછી પણ ચૈતન્યની શુદ્ધધારા અખંડ રહે છે, માટે નિર્વાણ વસ્તુસત્ પદાર્થ છે.**
* **સૌત્રાન્તિકો માને છે કે નિર્વાણસમયે ચિત્તની તમામ ધારાઓનું વિલય થાય છે. શુદ્ધ ચૈતન્યપણ રહેતું નથી. આમ નિર્વાણ અવસ્તુસત્ છે.**
* **યોગાચારો માને છે કે નિર્વાણ પછી શુદ્ધ ચિત્તની ધારાનું અસ્તિત્વ રહે છે. માટે નિર્વાણ સત્ પદાર્થ છે**
* **માધ્યમિકો માને છે કે નિર્વાણ પછી કશું જ શેષ રહેતું નથી, માટે નિર્વાણ અસત્ય છે.**
* **બૌદ્ધમતમાં કાલ અંગેની માન્યતા :** કાલ બૌદ્ધો (દાર્શનિકો) માટે નિતાન્ત વિવાદનો વિષય રહ્યો છે. ભિન્ન બે સંપ્રદાયોની આ વિષયમાં વિભિન્ન માન્યતા છે. સૌત્રાન્તિકોની દૃષ્ટિમાં વર્તમાન જ વાસ્તવિકસત્ય છે. ભૂતકાળની અને ભવિષ્યકાળની સત્તા નિરાધાર તથા કાલ્પનિક છે.

  વિભજ્યવાદિઓનું કહેવું છે કે વર્તમાન ધર્મ તથા અતીતવિષયોમાં જે કર્મોના ફલ હજુ સુધી ઉત્પન્ન નથી થયા. તે બંને પદાર્થો વસ્તુતઃ સત્ છે. તેઓ ભવિષ્યકાળનું અસ્તિત્વ માનતા નથી અને અતીતવિષયોનું પણ અસ્તિત્વ માનતા નથી કે જેઓએ પોતાનું ફળ ઉત્પન્ન કરી દીધું છે. કાલના વિષયમાં આ પ્રકારે માનવાના કારણે સંભવતઃ આ સંપ્રદાય 'વિભજ્યવાદિ' નામથી અભિહિત કરાયેલ છે. સર્વાસ્તિવાદિઓનો કાલવિષયક સિદ્ધાંત પોતાના નામને અનુરૂપ છે. તેમના મતમાં સમગ્ર ધર્મ ત્રિકાલ-સ્થાયી હોય છે. વર્તમાન (પ્રત્યુત્પન્ન), ભૂત (અતીત) તથા ભવિષ્ય (અનાગત) આ ત્રણે કાલોની વાસ્તવિકસત્તા છે. આ સિદ્ધાંતને પુષ્ટ કરવાના નિમિત્તે નીચેની ચાર યુક્તિઓ આપેલી છે.

  (૧) તદુક્તેઃ બુદ્ધે સંયુક્તાગમ (૩/૧૪)માં ત્રણે કાલોની સત્તાનો ઉપદેશ કરેલો છે. 'रुपमनित्यं अतीतम् अनागतं कः पुनर्वादः प्रत्युत्पन्नस्य ?" અર્થાત્ રૂપ અનિત્ય હોય છે. અતીત અને અનાગત હોય છે, વળી વર્તમાનનું શું કહેવું ?

  (૨) द्वयात् = વિજ્ઞાન બે હેતુઓથી ઉત્પન્ન થાય છે. (૧) ઇન્દ્રિય, (૨) વિષય. ચક્ષુર્વિજ્ઞાન ચક્ષુરિન્દ્રિય તથા રુપથી, શ્રોત્રવિજ્ઞાન શ્રોત્રેન્દ્રિય તથા શબ્દથી, મનોવિજ્ઞાન મન તથા ધર્મથી ઉત્પન્ન થાય છે. જો અતીત અને અનાગત ધર્મ હોય તો મનોવિજ્ઞાન બે વસ્તુઓથી કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ?

  (૩) सद्विषयात् : વિજ્ઞાનને માટે વિષયની સત્તા હોવાથી વિજ્ઞાન કોઈક આલંબન-વિષયને લઇને જ પ્રવૃત્ત થાય છે. જો અતીત તથા ભવિષ્યત્ વસ્તુઓનો અભાવ હોય, તો વિજ્ઞાન નિરાલંબન (નિર્વિષય) થઈ જશે.

  (૪) फलात् : ફલ ઉત્પન્ન થવાથી. ફલની ઉત્પત્તિના સમયે વિપાકનું કારણ અતીત થઈ જાય છે. અતીતકર્મોનું

परोक्षार्थाप्रतिबद्धस्यावश्यतया तदव्यभिचाराभावात् । न च स्वसाध्येन विना भूतोऽर्थः परोक्षार्थस्य गमकः, अतिप्रसक्तेः । धर्मिणा चासंबद्धस्यापि गमकत्वे प्रत्यासत्तिविप्रकर्षाभावात् स सर्वत्र प्रतिपत्तिहेतुर्भवेत् । ततो यदेवंविधार्थप्रतिपत्तिनिबन्धनं प्रमाणं तदनुमानमेव, तस्यैवंलक्षणत्वात् । तथा च प्रयोगः । यदप्रत्यक्षं प्रमाणं तदनुमानान्तर्भूतं, यथा लिङ्गबलभावि । अप्रत्यक्षप्रमाणं च शाब्दादिकं प्रमाणान्तरत्वेनाभ्युपगम्यमानमिति स्वभावहेतुः । यच्च यत्रान्तर्भूतं तस्य न ततो बहिर्भावः, यथा प्रसिद्धान्तर्भावस्य क्वचित्कस्यापि । अन्तर्भूतं चेदम् । प्रत्यक्षादन्यत्प्रमाणमनुमानमिति स्वभावविरुद्धोपलब्धिः, अन्तर्भावबहिर्भावयोः परस्परपरिहारस्थितलक्षणतया विरोधात् ।

ફલ વર્તમાનમાં ઉપલબ્ધ થાય છે. જો અતીતનું અસ્તિત્વ ન હોય, તો ફલની ઉત્પત્તિ જ સિદ્ધ નહીં થઈ શકે. આથી સર્વાસ્તિવાદિઓની દૃષ્ટિએ અતીત અને અનાગતની સત્તા એટલી જ વાસ્તવિક છે કે જેટલી વર્તમાનની.

આ યુક્તિને સૌત્રાન્તિક માનવા તૈયાર નથી. **સૌગાન્તિકમતમાં અર્થ, ક્રિયાકારિતા તથા તેના આવિર્ભાવનો કાળ - આ ત્રણેમાં કોઈ પ્રકારનું અંતર નથી.** સૌત્રાન્તિકો "અતીતકર્મ વર્તમાનકાલિકફલના ઉત્પાદનમાં સમર્થ હોય છે" આ વૈભાષિકયુક્તિનો વિરોધ કરે છે. તેઓનું કહેવું છે કે - બંને કર્મ 'સમભાવેન' પોતાનું ફલ ઉત્પન્ન કરે છે. એવી દશામાં અતીત અને વર્તમાનનો ભેદ જ કિંમૂલક છે ? વસ્તુ અને ક્રિયાકારિતામાં જો અંતર માનીએ તો, કયું કારણ છે કે જેથી તે ક્રિયાકારિતા જે કોઈ કાળમાં ઉત્પન્ન કરાય છે અને બીજા કાળમાં બંધ થઈ જાય છે ?

અતીતના ક્લેશોથી વર્તમાનકાલિકક્લેશ ઉત્પન્ન નથી થતા, પરંતુ તે ક્લેશોના જે સંસ્કાર અવશિષ્ટ રહે છે, તેનાથી નવીનક્લેશોનો ઉદય થાય છે. આથી વૈભાષિકોનો કાલસિદ્ધાંત સૌત્રાન્તિકોને માન્ય નથી.

નાગાર્જુને (માધ્યમિકકારિકાના ૧૬મા પ્રકરણમાં) કાલની સમીક્ષા કરેલ છે. લોકવ્યવહારમાં કાલ ત્રણ પ્રકારનો હોય છે. ભૂત, વર્તમાન અને ભવિષ્ય. અતીતની આપણને ખબર નથી. ભવિષ્યનો હજુ જન્મ થયો નથી. બાકી રહ્યો વર્તમાન. તેની સત્તા પણ અતીત અને ભવિષ્યના આધારપર અવલંબિત છે. વર્તમાન શું છે ? તે ભૂત નથી અને ભવિષ્ય નથી. ફલતઃ હેતુજનિત હોવાથી વર્તમાનની કલ્પના નિરાધાર છે. આથી કાલની સમગ્ર કલ્પના અવિશ્વસનીય છે.

* **સમ્મિતીય સંપ્રદાય (પુદ્ગલવાદિ)ના સિદ્ધાંતો :** સમ્મિતીઓનું પ્રસિદ્ધ નામ વાત્સીપુત્રીય છે. તે સ્થવિરવાદની જ ઉપશાખા છે. આ સંપ્રદાયનો પુદ્ગલનો સિદ્ધાંત બીજા સંપ્રદાયથી ભિન્ન છે.

સમ્મિતીયોએ લોકાનુભવની પરીક્ષા કરીને એ પરિણામ કાઢ્યું કે આ શરીરમાં 'અહં' એ પ્રકારની એકાકાર પ્રતીતિ લક્ષિત થાય છે તે ક્ષણિક નથી, ચિરસ્થાયી છે. અને તે પ્રતીતિ પંચસ્કન્ધોના સહારે ઉત્પન્ન નથી કરી શકાતી. કોઈપણ પુરૂષ કેવલ એક વ્યક્તિના રૂપમાં કાર્ય કરે છે - વિચારે છે. પણ પાંચ વિભિન્ન વસ્તુઓના રૂપમાં નહીં. મનુષ્યના ગુણ ભિન્ન-ભિન્ન જન્મોમાં એક જ રૂપથી અનુસ્યૂત (પરોવાયેલા) રહે છે અને પાંચ સ્કન્ધોથી અતિરિક્ત એક નવીન માનસવ્યાપાર વિદ્યમાન છે. જે અહંભાવનો આશ્રય છે. તથા એક જન્મથી બીજાજન્મમાં કર્મોના પ્રવાહના અવચ્છિન્નરૂપથી બની રહે છે. સ્કન્ધોના પરિવર્તનની સાથે-સાથે જ માનસવ્યાપાર પણ બદલાતો રહે છે. આથી પંચસ્કન્ધોથી અતીતજન્મ તથા તેની ઘટનાઓની સ્મૃતિ થઈશકતી નથી.

टीकानो भावानुवाद :

પ્રત્યક્ષ અને અનુમાનસ્વરૂપ બે જ પ્રમાણ છે. તે આ પ્રમાણે છે-પરોક્ષપદાર્થ પ્રમાણ વડે સાક્ષાત્ પ્રતીત થતો નથી. (જો પરોક્ષપદાર્થ પણ પ્રમાણ વડે સાક્ષાત્ પ્રતીત થાય છે, તેમ માનશો તો) પરોક્ષપદાર્થ અપરોક્ષ(પ્રત્યક્ષ) બની જવાની આપત્તિ આવશે. (કારણ કે પ્રમાણ વડે સાક્ષાત્ પ્રતીત ન થાય તે જ પ્રમાણનું લક્ષણ છે.)

(અનુમાન એક વિકલ્પજ્ઞાન છે. છતાં વિકલ્પજ્ઞાન નિર્વિકલ્પથી ઉત્પન્ન થવાના બદલે) માત્ર સ્વતંત્રવાસનાથી ઉત્પન્ન થતુંહોય તો તે રાજ્યાદિ - વિકલ્પની જેમ અપ્રમાણ જ છે. અર્થાત્ "હું રાજા છું" આવું વિકલ્પજ્ઞાન કોઈ 'રાજ્ય' જેવા પદાર્થનો સાક્ષાત્કાર કરવાવાળા પ્રત્યક્ષથી ઉત્પન્ન નથી થયું, પરંતુ પોતાની સ્વતંત્રકલ્પના (વાસના) માત્રથી ઉત્પન્ન થયું છે અને તેથી અપ્રમાણ છે. (અર્થાત્ કહેવાનો આશય એ છે કે 'पर्वतो वह्निमान्' આવું વિકલ્પજ્ઞાન થાય છે, ત્યારે તે વિકલ્પજ્ઞાન 'અગ્નિ' પદાર્થનો સાક્ષાત્કાર કરવાવાળા ધૂમપદાર્થના પ્રત્યક્ષથી ઉત્પન્ન થયું છે. પરંતુ સ્વતંત્રકલ્પનામાત્રથી નહિ. જ્યારે અહીં 'હું રાજા છું' આ વિકલ્પજ્ઞાન 'રાજ્ય' જેવા પદાર્થના પ્રત્યક્ષથી ઉત્પન્ન નથી થયું, માત્ર સ્વતંત્રકલ્પના(વાસના)માત્રથી થયું છે.) ટુંકમાં સ્વતંત્રવિકલ્પથી થતું જ્ઞાન પ્રમાણરૂપ નથી. કારણકે (પૂર્વે કહ્યું તેમ) પરોક્ષ અર્થની સાથે અવિનાભાવસંબંધ નહિ રાખનારો વિકલ્પ અવશ્ય પરોક્ષઅર્થને વ્યભિચારી હોય છે. એટલે કે... જે વિકલ્પ પરોક્ષઅર્થની સાથે અવિનાભાવ રાખતો નથી, તે વિકલ્પ નિયમથી અવિસંવાદિ થઈ શકતો નથી. વળી જે લિંગભૂત અર્થ, પોતાના સાધ્યવિના પણ થઈ જાય છે તે લિંગભૂત અર્થથી પોતાના સાધ્યનું (પરોક્ષાર્થનું) નિયમપૂર્વક જ્ઞાન થતું નથી.

જો લિંગભૂત અર્થનો સાધ્ય સાથે સંબંધ ન હોય તો પણ સાધ્યનું જ્ઞાન થઈ જાય છે, તેમ માનશો તો અતિવ્યાપ્તિ આવશે. અર્થાત્ અસંબદ્ધલિંગથી પરોક્ષાર્થનું (સાધ્યનું) અનુમાન માનશો તો કોઈપણ લિંગથી કોઈપણસાધ્યનું અનુમાન થઈજવાની આપત્તિ આવશે. જેમકે

આથી સમ્મિતીયોએ એક છઠ્ઠા માનસવ્યાપારની સત્તા માની છે. તે માનસ-વ્યાપારનું નામ પુદ્ગલ છે. તે પુદ્ગલ સ્કન્ધોની સાથે જ રહે છે.

આથી નિર્વાણમાં જ્યારે સ્કન્ધોનો નિરોધ થઈ જાય છે, ત્યારે પુદ્ગલનો પણ ઉપશમ અવશ્ય થાય છે. આ પુદ્ગલ ન તો સંસ્કૃત કહેવાય છે કે ન તો અસંસ્કૃત. પુદ્ગલ સ્કન્ધોની સમાન ક્ષણિક નથી. આથી તેમાં સંસ્કૃત ધર્મોના ગુણો વિદ્યમાન નથી રહેતા. પુદ્ગલ નિર્વાણની સમાન ન તો અપરિવર્તનીય છે, ન તો નિત્યસ્થાયી છે. તેથી તેને અસંસ્કૃત પણ નહીં કહી શકાય.

* **સમ્મિતીયસંપ્રદાયના અન્ય સિદ્ધાંતો :** (૧) પંચવિજ્ઞાન ન તો રાગ ઉત્પન્ન કરે છે, ન તો વિ રાગ. (૨) વિરાગને ઉત્પન્ન કરવા માટે સાધકને સંયોજનો - બંધનો તોડવા પડે છે. (૩) દર્શનમાર્ગમાં રહેવાથી સંયોજનોનો નાશ નથી થતો. પરંતુ ભાવના-માર્ગમાં રહેવાથી તે સંયોજનોનો નાશ અવશ્ય થાય છે.

મહાનસીય ધૂમથી પર્વતીયવહ્નિનું અનુમાન થઈજવાની આપત્તિ આવશે. પર્વતીયધૂમથી ગોષ્ઠીયવહ્નિનું અનુમાન થઈ જવાની આપત્તિ આવશે. કારણ કે ધર્મિ સાથે અસંબદ્ધલિંગથી પણ ધર્મિનું જ્ઞાન=અનુમાન થાય તેમ માનવામાં પ્રત્યાસત્તિના નિયમનનો અભાવ થઈ જાય છે. અર્થાત્ પર્વતીયધૂમ-પર્વતીયવહ્નિ પ્રત્યાસત્તિ (નિકટતા)નો નિયમ રહશે નહિ. નિયમના અભાવથી મહાનસીયધૂમથી પણ પર્વતીયવહ્નિનું અનુમાન થઈ જવાની આપત્તિ આવશે. વળી નિયતપ્રત્યાસત્તિના નિયમવિના એક મહાનીયધૂમથી જ પર્વતીયવહિન, ચત્વરીયવહ્નિન, ગૌષ્ઠીયવહ્નિન વગેરે તમામવહ્નિનું અનુમાન થઈ જવાની આપત્તિ આવશે. અર્થાત્ એક જ લિંગ સર્વત્ર સાધ્યના જ્ઞાનમાં કારણ બનીજવાની આપત્તિ આવશે.

આથી પોતાના સાધ્યનીસાથે સંબદ્ધ (અર્થાત્ અવિનાભાવ રાખવાવાળું) તથા નિયતધર્મીમાં વિદ્યમાનલિંગથી થવાવાળા જેટલા પણ સમ્યગ્વિકલ્પો છે, તેમનો અનુમાનમાં અંતર્ભાવ થાય છે. કારણકે 'અવિનાભાવિલિંગથી લિંગી (સાધ્ય)નું જ્ઞાન થાય તે અનુમાન કહેવાય છે' આ અનુમાનનું લક્ષણ છે. તથા પ્રયોગ આ પ્રમાણે છે- यद्-अप्रत्यक्षं तद्-अनुमानान्तर्भूतं, यथा लिंगबलभावि । અર્થાત્ જે અપ્રત્યક્ષ છે, તેનો અનુમાનમાં સમાવેશ થાય છે. જેમકે લિંગના બલથી થનારું અપ્રત્યક્ષલિંગીનું જ્ઞાન અનુમાન ગણાય છે. (તેમ અપ્રત્યક્ષજ્ઞાનનો અનુમાનમાં સમાવેશ થાય છે.)

વળી અપ્રત્યક્ષ એવા શબ્દાદિપ્રમાણોનો પણ અનુમાનમાં સમાવેશ થઈ જાય છે. કારણ કે શબ્દાદિરૂપ આગમજ્ઞાન પણ અપ્રત્યક્ષ હોય છે અને પ્રત્યક્ષથી ભિન્નપ્રમાણ અનુમાન હોવાથી શબ્દાદિરૂપ આગમજ્ઞાનનો પણ અનુમાનમાં સમાવેશ થઈ જાય છે. આ (શબ્દાદિપ્રમાણને અનુમાનમાં અંતર્ભાવ માનવામાં) સ્વભાવહેતુ છે. વળી જેનો જેમાં અંતર્ભાવ થાય, તેનો તેનાથી બહિર્ભાવ ન હોય. જેમકે પ્રસિદ્ધ એવા અપ્રત્યક્ષજ્ઞાનનો અનુમાનમાં અંતર્ભાવ થાય છે, તેથી અપ્રત્યક્ષ એવા શબ્દાદિપ્રમાણોનો પણ અનુમાનમાં અંતર્ભાવ થાય. પરંતુ બહિર્ભાવ ન થાય.

આમ અંતર્ભાવ સ્વભાવવિરૂદ્ધોપલબ્ધિ સ્વરૂપ છે. અર્થાત્ પ્રત્યક્ષથી અન્યપ્રમાણ અનુમાન છે. એ રીતે સ્વભાવવિરુદ્ધ ઉપલબ્ધિથી પ્રત્યક્ષસિવાયના અપ્રત્યક્ષ શબ્દાદિજ્ઞાનોનો અનુમાનમાં અંતર્ભાવ થઈ જાય છે. કારણ કે અંતર્ભાવ અને બહિર્ભાવ એકબીજાનો પરિહાર કરવાવાળા હોવાથી બંને વિરોધી છે. (અર્થાત્ પ્રત્યક્ષપદાર્થવિષયક જ્ઞાન અને પરોક્ષપદાર્થ વિષયક જ્ઞાન પરસ્પરનો પરિહાર કરે છે, માટે વિરોધી છે. તેથી તે બંનેનો એકબીજામાં અંતર્ભાવ ન થાય. તેમ શબ્દાદિપ્રમાણો, અપ્રત્યક્ષપદાર્થવિષયક હોવાના કારણે તેમનો સમાવેશ પ્રત્યક્ષમાં ન થાય, પણ અપ્રત્યક્ષવિષયક અનુમાનમાં થાય. આથી શબ્દાદિપ્રમાણોનો અંતર્ભાવ અનુમાનમાં છે. પરંતુ પ્રત્યક્ષમાં બહિર્ભાવ છે.)

आह परः । भवतु परोक्षविषयस्य प्रमाणस्यानुमानेऽन्तर्भावः । अर्थान्तरविषयस्य च शब्दादेस्तस्यान्तर्भावो न युक्त इति चैन्न, प्रत्यक्षपरोक्षाभ्यामन्यस्य प्रमेयस्यार्थस्याभावात्, प्रमेयरहितस्य च प्रमाणस्य प्रामाण्यासम्भवात् । प्रमीयतेऽनेनार्थ इति प्रमाणिति व्युत्पत्त्या, सप्रमेयस्यैव तस्य प्रमाणत्वव्यवस्थितेः । तथाहि-यदविद्यमानप्रमेयं न तत्प्रमाणं, यथा केशोंडुकादिज्ञानम् । अविद्यमानप्रमेयं च प्रमाणद्वयातिरिक्तविषयतयाभ्युपगम्यमानं प्रमाणान्तरमिति कारणानुपलब्धिः, प्रमेयस्य साक्षात्पारंपर्येण वा प्रमाणं प्रति कारणत्वात् । तदुक्तम् । "नाननुकृतान्वयव्यतिरेकं कारणं नाकारणं विषयः" [न्यायकुसु० पृ. ६४०] इति[A] । प्रत्यक्षपरोक्षातिरिक्तं प्रमेयान्तरं नास्तीति चाध्यक्षेणैव प्रतिपाद्यते । अध्यक्षं हि पुरःस्थितार्थसामर्थ्यादुपजायमानं तद्गतात्मनियतप्रतिभासावभासादेव तस्यार्थस्य प्रत्यक्षव्यवहारकारणं भवति । तदन्यार्थात्मतां च तस्य व्यवच्छिन्दानमन्यत्परोक्षमर्थजातं सकलं राश्यन्तरत्वेन व्यवस्थापयत्तृतीयप्रकाराभावं च साधयति, अध्यक्षेणाप्रतीयमानस्य सकलस्यार्थजातस्यान्यत्वेन परोक्षतया व्यवस्थापनात् । अन्यथा तस्य तदन्यार्थरूपताऽव्यवच्छेदे स्वीयरूपतयापि परिच्छेदो न भवेदिति न किंचित्प्रत्यक्षेणावगतं भवेत् । प्रतिनियतस्वरूपता हि भावानां प्रमाणतो व्यवस्थिता । अन्यथा सर्वस्य सर्वथोपलम्भादिप्रसङ्गतः प्रतिनियतव्यवहारोच्छेदप्रसक्तिर्भवेत् । प्रतिनियतस्वरूपता चेन्न प्रत्यक्षावगता किमन्यद्रूपं तेन तस्यावगतमिति पदार्थस्वरूपावभासिनाध्यक्षेण प्रमेयान्तराभावः प्रतिपादित एव । अनुमानतोऽपि तदभावः प्रतीयत एव, अन्योन्यव्यवच्छेदरूपाणामितरप्रकारव्यवच्छेदेन तदितरप्रकारव्यवस्थापनात् । प्रयोगश्चात्र । यत्र[B] यत्प्रकारव्यवच्छेदेन तदितरप्रकारव्यवस्था, न तत्र प्रकारान्तरसंभवः । तद्यथा पीतादौ नीलप्रकारव्यवच्छेदेनानीलप्रकारव्यवस्थायाम् । अस्ति च प्रत्यक्षपरोक्षयोरन्यतरप्रकारव्यवच्छेदेनेतरप्रकारव्यवस्था व्यवच्छिद्यमानप्रकाराविषयीकृते सर्वस्मिन्प्रमेय इति विरुद्धोपलब्धिः, तदतत्प्रकारयोः परस्परपरिहार स्थितलक्षणत्वात् । अतः प्रमेयान्तराभावान्न प्रमाणान्तरभावः । उक्तं च-

A 'कारणं विषयः' भ० २ । अहेतुश्च विषयः कथम्" - [प्र० वा० ३/४०६]
"नाहेतुर्विषयः" [प्र० वार्तिककाल० ३/४०६] । " न ह्यकारणं प्रतीतिविषयः" [हेतु बि० टी० पृ० ८०]

B "यत्र यत्प्रकारव्यवच्छेदेन यदितरप्रकारव्यवस्थानं न तत्र प्रकारान्तरसंभवः तद्यथा नीलप्रकारव्यवच्छेदेन अनीलप्रकारान्तरव्यवस्थायां पीते -। हेतु बि० टी० पृ० १४८ । तत्त्व सं० प० ४३३-४८५ ।।

"न प्रत्यक्षपरोक्षाभ्यां मेयस्यान्यस्य संभवः । तस्मात्प्रमेयद्वित्वेन प्रमाणद्वित्वमिष्यते ।।१।।" [प्र.वा० २६३] इति ।।

अत्र शाब्दोपमानार्थापत्त्यभावादिप्रमाणान्तराणां निराकरणं प्रत्यक्षानुमानयोरन्तर्भावनं वा यथा भवति, तथा प्रमाणसमुच्चयादिबौद्धग्रन्थेभ्यः संमत्यादिग्रन्थेभ्यो वावगन्तव्यम् । ग्रन्थगौरवभयात्तु नोच्यते । ततः स्थितमेतत्, प्रत्यक्षानुमाने द्वे एव प्रमाणे इति ।।९।।

ટીકાનો ભાવાનુવાદ :

શંકા : પરોક્ષવિષયક પ્રમાણનો અનુમાનમાં અંતર્ભાવ ભલે થાઓ, પરંતુ અર્થાન્તરવિષયક શબ્દાદિપ્રામાણોનો અનુમાનમાં અંતર્ભાવકરવો યોગ્ય નથી. અર્થાત્ આગમાદિપ્રમાણો ભિન્ન પ્રકારના પદાર્થોને વિષય બનાવે છે. આથી તેમનો સમાવેશ અનુમાનમાં કરવો ઉચિત નથી.

સમાધાન : (જગતમાં) પ્રત્યક્ષ અને પરોક્ષથી ભિન્ન કોઈ અન્યપ્રમેય નથી અને પ્રમેયરહિત પ્રમાણનું પ્રામાણ્ય સંભવતું નથી. તથા "જેના વડે અર્થ (પ્રમેય) જણાય = જ્ઞાન કરાય છે, તે પ્રમાણ કહેવાય છે." આ વ્યુત્પત્તિથી પ્રમેયસહિતના પ્રમાણમાં જ પ્રમાણતા રહે છે, એમ સિદ્ધ થાય છે. આ વાત ને વધુ સ્પષ્ટ કરવા ઉદાહરણસહિત પ્રયોગ બતાવે છે- यद् अविद्यमानप्रमेयं न तत्प्रमाणं, यथा केशोंडुकादिज्ञानम् । અર્થાત્ 'જે જ્ઞાનનું પ્રમેય (જગતમાં) વિદ્યમાન નથી, તે જ્ઞાન પ્રમાણ નથી.' જેમકે સ્વચ્છઆકાશમાં (ધૂપના કારણે) દેખાતાવાળ અને મચ્છરના આકારવાળું જ્ઞાન.

(કહેવાનો આશય એ છે કે प्रमातुं योग्य इति प्रमेयः तथा प्रमीयतेऽनेनार्थ इति प्रमाणम् - અર્થાત્ જે પ્રમાને (જ્ઞાન કરવાને યોગ્ય) હોય તે પ્રમેય કહેવાય છે તથા જેનાવડે અર્થ (પ્રમેય) જણાય (પ્રતીત થાય) છે તે પ્રમાણ કહેવાય છે. આ વ્યુત્પત્તિથી સપ્રમેય પ્રમાણનું પ્રામાણ્ય સ્થિત થાય છે. પ્રમેયરહિત પ્રમાણનું પ્રામાણ્ય નથી. તેથી આકાશમાં વાળ અને મચ્છરરૂપ પ્રમેય ન હોવા છતાં વાળ-મચ્છરવાળા આકાશનું જ્ઞાન થાય તે અપ્રમાણરૂપ છે.) તથા પ્રત્યક્ષ અને અનુમાનથી અતિરિક્ત આગમાદિપ્રમાણોનો પ્રમેય(વિષય)વિદ્યમાન નથી. (આથી તે પ્રમાણ થઈ શકતા નથી.) આ હેતુ કારણાનુલબ્ધિ છે. અર્થાત્ પ્રમેય (વિષય) રહિત (પ્રત્યક્ષ અને અનુમાનથી અતિરિક્ત)પ્રમાણો ઉપલબ્ધિ(જ્ઞાન)ના કારણ બનતા નથી.

કારણ કે પ્રમેય સાક્ષાત્ કે પરંપરાએ પ્રમાણનું કારણ છે. (તેથી પ્રત્યક્ષ અને પરોક્ષ સિવાયના પ્રમેય જગતમાં વિદ્યમાન ન હોવાથી આગમાદિપ્રમાણોનો વિષય (પ્રમેય)

પરોક્ષ નહિ માનો તો, પ્રમેયરહિત તે આગમાદિપ્રમાણો અપ્રમાણરૂપ બની જશે. અને આગમાદિપ્રમાણોનો વિષય પરોક્ષ માનશો તો પરોક્ષાર્થવિષયક અનુમાનમાં (પૂર્વે કહ્યા પ્રમાણે) સમાવેશ થઈ જશે.)

તેથી કહ્યું છે કે... "જેનો જેની સાથે અન્વય-વ્યતિરેક નથી, તે તેનું કારણ બની શકતું નથી તથા જે પદાર્થ જ્ઞાનનું કારણ નથી, તે જ્ઞાનનો વિષય બની શકતો નથી." (આ રીતે પ્રમાણમાં કારણભૂત પ્રમેયની અનુપલબ્ધિ હોવાના કારણે આગમાદિમાં પ્રમાણતાનો નિષેધ કરવામાં કારણાનુપલબ્ધિ હેતુ બને છે. અર્થાત્ આગામાદિમાં પ્રમાણતાનો નિષેધ કારણાનુપલબ્ધિરૂપ હેતુથી કરાયો છે.)

પ્રત્યક્ષ-પરોક્ષથી અતિરિક્ત પ્રમેય નથી, તે તો પ્રત્યક્ષથી જ સિદ્ધ થાય છે. સામે રહેલા પદાર્થના સામર્થ્યથી ઉત્પન્ન થતું પ્રત્યક્ષ, પદાર્થમાં રહેલા સ્વરૂપના નિયતપ્રતિભાસને અવભાસન કરતું હોવાથી, તે પદાર્થના પ્રત્યક્ષવ્યવહારનું કારણ બને છે. અર્થાત્ કહેવાનો આશય એ છે કે... પ્રત્યક્ષ સામે રહેલા પદાર્થના સામર્થ્યથી ઉત્પન્ન થાય છે અને તે પદાર્થના આકારવાળું હોય છે. તેથી તેનો પ્રતિભાસ તે પદાર્થના સ્વરૂપમાં જ નિયત થઈને, તે પદાર્થમાં પ્રત્યક્ષવ્યવહાર કરાવી દે છે. (જેમકે સામે રહેલા ઘટના સામર્થ્યથી ઉત્પન્ન થતું પ્રત્યક્ષ, ઘટના આકારવાળું હોય છે, તેથી 'આ ઘટ છે' આવા પ્રકારે તે ઘટપદાર્થના સ્વરૂપમાં નિયત થઈ જાય છે અને ઘટપદાર્થમાં જ પ્રત્યક્ષવ્યવહાર કરાવે છે.)

વળી (પ્રત્યક્ષ માત્ર પ્રત્યક્ષનો વ્યવહાર કરાવી અટકી જતું નથી. પરંતુ) પ્રત્યક્ષવિષયથી અન્ય વિષયોનો વ્યવચ્છેદ પણ કરે છે અને પ્રત્યક્ષથી વ્યવચ્છેદ પામેલા અન્યવિષયોનો સમાવેશ પરોક્ષવિષયોના સમુહમાં થાય છે. અર્થાત્ પ્રત્યક્ષવિષયથી અન્ય પરોક્ષવિષયોની રાશીમાં સમાવેશ કરે છે. કારણકે પ્રત્યક્ષથી પ્રતીત ન થતા સઘળાયે પદાર્થોનો સમુહ પ્રત્યક્ષથી અન્ય હોવાના કારણે પરોક્ષપણે વ્યવસ્થાપન કરાય છે. અર્થાત્ પરોક્ષવિષયોમાં તેની ગણત્રી થાય છે. તેથી પ્રત્યક્ષ અને પરોક્ષથી અન્ય ત્રીજો પ્રકાર નથી. જો આમ નહિ માનો તો પ્રત્યક્ષ પોતાના વિષયભૂત પદાર્થનો અન્ય(અપ્રત્યક્ષ)પદાર્થોથી વ્યવચ્છેદ નહિ કરી શકે અને તેથી પ્રત્યક્ષ પોતાના સ્વરૂપનું પણ પ્રતિનિયતરૂપે જ્ઞાન કરાવી શકશે નહિ. અર્થાત્ કોઈપણ પદાર્થ પ્રત્યક્ષથી જ્ઞાત બની શકશે નહિ.

કારણકે પ્રમાણ તેને જ કહેવાય કે જેનાથી પદાર્થોની પ્રતિનિયતસ્વરૂપે વ્યવસ્થા થતી હોય. (વળી પદાર્થોના પ્રતિનિયતસ્વરૂપનું યથાવસ્થિત પ્રતિપાદન અન્યધર્મોના વ્યવચ્છેદથી જ થાય છે. આથી પ્રમાણ અન્યથી વ્યવચ્છેદ કરવા દ્વારા પદાર્થના પ્રતિનિયતસ્વરૂપને બતાવવાનું કામ કરે છે.) આવું નહિ માનીએ તો (અર્થાત્ પ્રમાણ પ્રતિનિયતસ્વરૂપની વ્યવસ્થા ન કરે) તો સર્વ

પદાર્થો સર્વ આકારોમાં ઉપલબ્ધ થવાની આપત્તિ આવશે. આવી અવસ્થામાં જગતના 'આ પાણી છે' 'આ અગ્નિ છે' ઇત્યાદિ નિત્યવ્યવહારોનો લોપ થઈ જશે. જો વસ્તુની પ્રતિનિયત સ્વરૂપતા પ્રત્યક્ષથી જણાતી ન હોય તો, પ્રત્યક્ષથી પદાર્થનું કયું સ્વરૂપ જણાશે ?

તેથી સિદ્ધ થાય છે કે પ્રત્યક્ષ પ્રતિનિયતસ્વરૂપનું પ્રતિપાદન કરે છે. આમ પદાર્થના યથાવસ્થિતસ્વરૂપના અવભાસક પ્રત્યક્ષથી (પ્રત્યક્ષ અને પરોક્ષ સિવાય) બીજા પ્રમેયોનો અભાવ જ પ્રતિપાદિત થાય છે. (આ રીતે) અનુમાનથી પણ પ્રમેયાન્તરનો અભાવ પ્રતીત થાય જ છે. કારણ કે અન્યોન્યવ્યવચ્છેદ કરવાવાળા બે પ્રકારમાંથી એકપ્રકારનો વ્યવચ્છેદ થતાં, તેનાથી ઇતર બીજાપ્રકારની વ્યવસ્થા થઈ જાય છે. (અર્થાત્ કહેવાનો આશય એ છે કે પરસ્પર વ્યવચ્છેદ કરનારા પ્રત્યક્ષ અને પરોક્ષમાંથી એકપ્રકાર પ્રત્યક્ષનો વ્યવચ્છેદ કરતાં, તેનાથી ઇતર પરોક્ષની વ્યવસ્થા થઈ જાય છે અને એકપ્રકાર પરોક્ષનો વ્યવચ્છેદ કરતાં, તેનાથી ઇતર પ્રત્યક્ષની પણ વ્યવસ્થા થઈ જાય છે. તેથી પ્રત્યક્ષ અને પરોક્ષથી ભિન્ન પ્રમેયાન્તર નથી, તે સિદ્ધ થાય છે.) પ્રયોગ આ પ્રમાણે છે - यत्र यत्प्रकारव्यवच्छेदेन तदितरप्रकारव्यवस्था, न तत्र प्रकारान्तरसंभवः । तद्यथा पीतादौ नीलप्रकारव्यवच्छेदेन - अनीलप्रकार व्यवस्था । જ્યાં જે પ્રકારના વ્યવચ્છેદથી, તેનાથી ઇતર પ્રકારની વ્યવસ્થા થાય છે. ત્યાં પ્રકારાન્તરનો સંભવ નથી. જેમકે- પીતાદિમાં નીલ પ્રકારના વ્યવચ્છેદ્વારા અનીલ (પીત) પ્રકારની વ્યવસ્થા થાય છે અને તેનાથી નીલ અને અનીલ થી ઇતરપ્રકારની સંભાવના પણ નષ્ટ થાય છે.

પ્રત્યક્ષ અને પરોક્ષરૂપ પ્રકાર પણ અન્યોન્યવ્યવચ્છેદ કરીને પોતાના સ્વરૂપની વ્યવસ્થા કરે છે. આથી સંસારના સર્વપ્રમેયોમાં ક્યાં તો પ્રત્યક્ષતાનો વ્યવચ્છેદ કરીને પરોક્ષતા હશે કે ક્યાં તો પરોક્ષતાના વ્યવચ્છેદ દ્વારા પ્રત્યક્ષતા હશે, તે બંન્નેથી ભિન્ન પ્રકારની સંભાવના નથી. જગતના પ્રમેયોમાં આ વ્યવસ્થા કરનારો હેતુ વિરુદ્ધોપલબ્ધિ છે. કારણ કે તત્પ્રકારપ્રત્યક્ષ અને અતત્પ્રકારપરોક્ષ, પરસ્પરનો પરિહાર કરીને પોતાની સ્થિતિ નક્કી કરે છે. તેથી ત્રીજા પ્રમેયનો અભાવ હોવાથી પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રમાણથી ભિન્નપ્રમાણોનો અભાવ છે. તેથી કહ્યું છે કે- "પ્રત્યક્ષ અને પરોક્ષપ્રમેયથી અન્યપ્રમેયનો સંભવ નથી. તેથી પ્રમેય બે હોવાથી પ્રમાણ પણ બે જ છે"

અહીં શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ અને અભાવાદિપ્રમાણોનું નિરાકરણ અથવા પ્રત્યક્ષ કે અનુમાનમાં અંતર્ભાવ જે પ્રમાણે થાય છે, તે પ્રમાણસમુચ્ચય આદિ બૌદ્ધ ગ્રંથોથી કે સન્મતિતર્ક વગેરે અન્યગ્રંથોથી જાણી લેવું. ગ્રંથગૌરવના ભયથી અહીં કહ્યું નથી. તેથી સિદ્ધ થાય છે કે પ્રત્યક્ષ અને પ્રમાણ બે જ પ્રમાણ છે. ॥૯॥

अथ प्रत्यक्षलक्षणमाह-

હવે પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ કહે છે. (તથા અનુમાનપ્રમાણનું પણ લક્ષણ કહેવાય છે.)

प्रत्यक्षं [A]कल्पनापोढमभ्रान्तं तत्र बुध्यताम् ।
त्रिरूपाल्लिङ्गतो लिङ्गिज्ञानं त्वनुमानसंज्ञितम् ।।१०।।

श्लोकार्थ : કલ્પનાપોઢ અર્થાત્ નિર્વિકલ્પક તથા ભ્રાન્તિરહિતજ્ઞાનને પ્રત્યક્ષ કહેવાય છે. તથા (સપક્ષસત્ત્વ, પક્ષધર્મત્ત્વ અને વિપક્ષાસત્ત્વ) આ ત્રણરૂપવાળા લિંગથી લિંગી (સાધ્ય)નું જ્ઞાન થાય તેનું નામ અનુમાન.

व्याख्या-तत्र तयोः प्रत्यक्षानुमानयोर्मध्ये प्रत्यक्षं बुध्यतां ज्ञायताम् । तत्र प्रतिगतमक्षमिन्द्रियं प्रत्यक्षम् । कीदृशम् । कल्पनापोढम् । शब्दसंसर्गवती प्रतीतिः कल्पना[B] । कल्पना अपोढा अपेता यस्मात्तत् कल्पनापोढम् । ननु बहुव्रीहो निष्ठान्तं पूर्वं निपतति । ततोऽपोढकल्पनमिति स्यात् न वा ? आहिताग्न्यादिष्वति वा वचनात्, आहिताग्न्यादेश्चाकृतिगणत्वान्न पूर्वनिपातः । कल्पनया वापोढं रहितं कल्पनापोढम् । नामजात्यादिकल्पनारहितमित्यर्थः । तत्र नामकल्पना यथा डित्थ इति । जातिकल्पना यथा गौरिति । आदिशब्दाद्गुणक्रियाद्रव्यपरिग्रहः । तत्र गुणकल्पना यथा शुक्ल इति । क्रियाकल्पना यथा पाचक इति । द्रव्यकल्पना यथा दण्डी भूस्थो वेति । आभिः कल्पनाभी रहितं, शब्दरहितस्वलक्षणजन्मत्वात्प्रत्यक्षस्य । उक्तं च "न ह्यर्थे शब्दाः सन्ति तदात्मानो वा, येन तस्मिन् प्रतिभासमाने प्रतिभासेरन्" [उद्धृतमिदम् - न्याय० प्र० वृ० पृ० ३५] [C]इत्यादि । एतेन स्थिरस्थूलघटपटादिबाह्यवस्तुग्राहिणः सविकल्पकज्ञानस्य प्रत्यक्षतां निरस्यति, पुनः कीदृक्षं प्रत्यक्षम् अभ्रान्तम् "अतस्मिंस्तद्ग्रहो भ्रान्तिः" [ ] इति वचनात् । नासद्भूतवस्तुग्राहकं, किं तु यथावत्परस्परविविक्तक्षणक्षयिपरमाणुलक्षणस्वलक्षणपरिच्छेदकम् । अनेन निर्विकल्पकानां भ्रान्ततैमिरिकादिज्ञानानां प्रत्यक्षतां प्रतिक्षिपति ।

ટીકાનો ભાવાનુવાદ :

પ્રત્યક્ષ અને અનુમાનમાં આ (નીચે જણાવેલ) પ્રત્યક્ષનું લક્ષણ જાણવું. અક્ષ=ઇન્દ્રિયને પ્રતિગત=આશ્રિત જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ છે. **પ્રશ્નઃ** આ પ્રત્યક્ષ કેવા પ્રકારનું છે ? **ઉત્તર :**

A "प्रत्यक्षं कल्पनापोढं नामजात्याद्यसंयुतम्" ।। प्र० समु० १/३ ।।
"तत्र प्रत्यक्षं कल्पनाऽपोढमभ्रान्तम् ।।न्याबि० १/४।। "प्रत्यक्षं कल्पनापोढमभ्रान्तमभिलापिनी प्रतीतिः कल्पना कृलृप्तिहेतुत्वाद्यात्मिका न तु ।" [तत्त्व सं० श्लो० १२१४]

B "अभिलापसंसर्गयोग्य, प्रतिभासा प्रतीतिः कल्पना" ।। न्यायबि० १/५।।

C "अष्ट स० पृ० ११८ / सिद्धिवि० टी० पृ० ९० ।

કલ્પનાથી રહિત છે. શબ્દસંસર્ગવાળી પ્રતીતિને કલ્પના કહેવાય છે. જે જ્ઞાનમાંથી કલ્પના ચાલી ગઈ છે, તે કલ્પનાપોઢ = કલ્પનારહિત કહેવાય છે.

શંકા : आहिताग्न्यादिषु (सि. है. ३/१/१५३) સૂત્રથી બહુવ્રીહિસમાસમાં 'क्त' અંતવાળા નામોનો વિકલ્પથી પૂર્વનિપાત થાય છે. તેથી અહીં પણ 'अपोढ', 'क्त' અંતવાળું હોવાથી પૂર્વનિપાત કરીને 'अपोढकल्पनम्' પ્રયોગ થઈ શકે કે નહિં ?

સમાધાન : "आहिताग्न्यादिषु" સૂત્રમાં 'वा' નું નિર્વચન હોવાથી નિપાત વૈકલ્પિક છે. તેથી 'કલ્પનાપોઢ'ને વૈકલ્પિકપ્રયોગ માનવો જોઈએ. **અથવા** આહિતાગ્નાદિ આકૃતિ ગણપાઠમાં 'કલ્પનાપોઢ' રૂપની ગણત્રી ન હોવાથી આ સિ.હૈ. સૂત્ર તેને લાગુ ન પડે. (**અથવા** બહુવ્રીહિ સમાસ ન કરતાં, તૃતીયા તત્પુરૂષ સમાસ કરીને આ રીતે વ્યુત્પત્તિ થશે.) કલ્પનયા અપોઢં (રહિતં) કલ્પનાપોઢમ્-કલ્પનાથી રહિત. અર્થાત્ નામ, જાતિ વગેરે કલ્પનાથી રહિત. તેમાં 'यथा डित्थ' નામકલ્પના છે. "यथा गौः" એ જાતિ કલ્પના. આદિ શબ્દથી ગુણકલ્પના, ક્રિયાકલ્પના અને દ્રવ્યકલ્પના લેવી. તેમાં 'यथा शुक्ल' ગુણકલ્પના છે, 'यथा पाचक' એ ક્રિયાકલ્પના છે, 'यथा दण्डी भूस्थः वा' આ દ્રવ્યકલ્પના છે. (કહેવાનો આશય એ છે કે - કોઈ કલ્પના નામ-ઇચ્છાનુસાર કરાયેલી સંજ્ઞાના અનુસારે થાય છે. જેમકે કોઈ વ્યક્તિનું નામ વ્યવહારના માટે 'डित्थ' રાખવામાં આવે તે. જાતિની અપેક્ષાથી જણાતી કલ્પના જાતિકલ્પના કહેવાય છે. જેમ કે 'गोत्व' જાતિ સ્વરૂપ નિમિત્તને લઈને જણાતી ગોરૂપકલ્પના. તેમજ 'આ શુક્લ છે" અહીં શુક્લગુણના નિમિત્તથી કલ્પના થાય છે, તેથી ગુણકલ્પના. 'આ પાચક છે.' આ કલ્પના પાચનક્રિયાની અપેક્ષાથી થાય છે. દંડ આદિ દ્રવ્યના સંબંધી 'આ દંડી છે' કે 'આ પૃથ્વી પર રહ્યા છે' આ બે કલ્પનાઓ દ્રવ્યકલ્પના છે. આ રીતે કલ્પનાઓ થતી રહે છે.) પ્રત્યક્ષ આ બધી કલ્પનાઓથી રહિત છે. કારણકે પ્રત્યક્ષ શબ્દરહિત સ્વલક્ષણરૂપ અર્થથી ઉત્પન્ન થાય છે. અર્થાત્ પ્રત્યક્ષ એવા સ્વલક્ષણરૂપ પદાર્થથી ઉત્પન્ન થાય છે કે જે શબ્દના સંસર્ગથી રહિત છે. કહ્યું છે કે...

"न ह्यर्थे शब्दाः सन्ति, तदात्मनो वा येन तस्मिन् प्रतिभासमाने प्रतिभासेरन्"-અર્થાત્ પદાર્થમાં શબ્દો હોતા નથી કે પદાર્થ શબ્દસ્વરૂપ (પણ) નથી, કે જેથી પદાર્થ પ્રકાશિત થતે છતે (નામાદિ) શબ્દો પણ પ્રકાશિત થાય.'

આનાથી સ્થિર અને સ્થૂલ ઘટ-પટાદિ વસ્તુને ગ્રહણ કરનારા સવિકલ્પકજ્ઞાનની પ્રત્યક્ષતાનું નિરાકારણ થાય છે. (કહેવાનો આશય એ છે કે બૌદ્ધમતમાં નિર્વિકલ્પકજ્ઞાન જ પ્રમાણ બની શકે છે. કારણ કે તે એક ક્ષણસ્થાયિ હોય છે તથા વિકલ્પોથી રહિત છે. તેથી વિકલ્પસહિતનું સવિકલ્પકજ્ઞાન પ્રમાણભૂત બની શકતું નથી.)

વળી તે પ્રત્યક્ષ કેવા પ્રકારનું છે ? - તે પ્રત્યક્ષ ભ્રાન્તિથી રહિત છે. 'अतस्मिंस्तद्ग्रहो भ्रान्तिः' અર્થાત્ અતસ્મિન્ માં તદ્નો ગ્રહ તે ભ્રાન્તિ. અર્થાત્ જે પદાર્થ જેવો ન હોય, તેવું જ્ઞાન કરવું

તે ભ્રાન્તિ કહેવાય છે. આ ભ્રાન્તિનું લક્ષણ છે. (જેમકે શુક્તિમાં થતું રજતનું જ્ઞાન ભ્રાન્તિ છે.) તથા પ્રત્યક્ષ અસદ્ભૂતવસ્તુનું ગ્રાહક નથી. પરંતુ પરસ્પરભિન્ન ક્ષણિકપરમાણુસ્વરૂપ સ્વલક્ષણાર્થનું પરિચ્છેદક છે. આનાથી (અભ્રાન્તવિશેષણથી) તિમિરરોગિઓ વગેરેને થતા પ્રત્યક્ષજ્ઞાનોનું નિરાકરણ થઈ જાય છે.

इदं च चतुर्धा । इन्द्रियज्ञानं, मानसं, स्वसंवेदनं, योगिज्ञानं च । तत्र चक्षुरादीन्द्रियपञ्चकाश्रयेणोत्पन्नं बाह्यरूपादिपञ्चविषयालम्बनं ज्ञानमिन्दियप्रत्यक्षम् । स्वविषयानन्तरं विषयसहकारिणेन्द्रियज्ञानेन समनन्तरप्रत्ययसंज्ञकेन जनितं मनोविज्ञानं मानसम्, स्वविषयस्य घटादेरिन्द्रियज्ञानविषयस्यानन्तरो विषयो द्वितीयः क्षणः, तेन सहकारिणा सह मिलित्वेन्द्रियज्ञानेनोपादानेन समनन्तरप्रत्ययसंज्ञकेन यज्जनितं मनोविज्ञानं तन्मानसम् । समनन्तरप्रत्ययविशेषणेन योगिज्ञानस्य मानसत्वप्रसङ्गो निरस्तः । समनन्तरप्रत्ययशब्दः स्वसंतानवर्तिन्युपादाने ज्ञाने रूढ्या प्रसिद्धः । ततो भिन्नसंतानवर्तियोगिज्ञानमपेक्ष्य पृथग्जनचित्तानां समनन्तरव्यपदेशो नास्ति । सर्वचित्तचैत्तानामात्मसंवेदनं स्वसंवेदनम् । चित्तं वस्तुमात्रग्राहकं ज्ञानं। चित्ते भावश्चैत्ता वस्तुविशेषरुपग्राहकाः सुखदुःखोपेक्षालक्षणाः । तेषामात्मा येन संवेद्यते तत्स्वसंवेदनमिति । भूतार्थभावनाप्रकर्षपर्यन्तजं योगिज्ञानम् । भूतार्थः प्रमाणोपपन्नार्थः । भावना पुनः पुनश्चेतसि समारोपः । भूतार्थभावनाप्रकर्षपर्यन्ताज्जातं योगिज्ञानम् ।

ટીકાનો ભાવાનુવાદ :

પ્રત્યક્ષના ચાર પ્રકાર છે - (૧) ઇન્દ્રિયપ્રત્યક્ષ, (૨) માનસપ્રત્યક્ષ, (૩) સ્વસંવેદનપ્રત્યક્ષ, (૪) યોગિપ્રત્યક્ષ.

તેમાં બાહ્ય રૂપાદિ પાંચ વિષયોનું આલંબનકરીને ચક્ષુ આદિ પાંચઇન્દ્રિયોથી ઉત્પન્ન થતું જ્ઞાન ઇન્દ્રિયપ્રત્યક્ષ કહેવાય છે. જે વિષયક્ષણથી ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે વિષયની દ્વિતીયક્ષણ, જેમાં વિષયરૂપથી સહકારીકારણ છે તથા સ્વયં ઇન્દ્રિયપ્રત્યક્ષ જેમાં ઉપાદાનકારણ બને છે, તે ઇન્દ્રિય પ્રત્યક્ષાનન્તરભાવિ (અનુવ્યવસાયાત્મક) જ્ઞાનને માનસપ્રત્યક્ષ કહેવાય છે. (જેમકે) જે ઘટાદિ વિષયક્ષણથી **ઇન્દ્રિયજ્ઞાન** ઉત્પન્ન થાય છે તે દ્વિતીયક્ષણ જેમાં વિષયસ્વરૂપે કારણ બને છે તથા (ઇન્દ્રિયજ્ઞાન જેમાં ઉપાદાનકારણ છે અર્થાત્) ઉપાદાનકારણ ઇન્દ્રિયજ્ઞાન છે તે ઇન્દ્રિયપ્રત્યક્ષાનન્તરભાવિ ઉત્પન્ન થનારા જ્ઞાનને મનોવિજ્ઞાન=માનસપ્રત્યક્ષ કહેવાય છે. (આ વિષયમાં ન્યાયબિંદુમાં કહ્યું છે કે... स्वविषयानन्तरे विषयसहकारिणेन्द्रियज्ञानेन । समनन्तरप्रत्ययेन जनितं तत् मनोविज्ञानम् ॥ १/९ ॥

અર્થાત્ વિષયની અનંતર-પશ્ચાત્ વિષયના સહકારિસમનન્તરપ્રત્યયરૂપ ઇન્દ્રિયોના જ્ઞાનથી ઉત્પન્ન થવાવાળા જ્ઞાનને માનસપ્રત્યક્ષ કહેવાય છે.

બૌદ્ધદર્શનમાં જ્ઞાનના ચાર પ્રત્યય(કારણ) માનવામાં આવે છે. (૧) આલંબનપ્રત્યય, (૨) સહકારિપ્રત્યય, (૩) અધિપતિપ્રત્યય, (૪) સમનન્તરપ્રત્યય. અહીં ઘટજ્ઞાનના વિષયમાં આ ચારે પ્રકારના પ્રત્યયોનો પરિચય આ પ્રકારે છે -

* નેત્રથી ઘટનું જ્ઞાન થવામાં પહેલું કારણ ઘટ જ છે. તે વિષય થવાથી 'આલંબનપ્રત્યય' કહેવાય છે.
* પ્રકાશ વિના ચક્ષુ ઘટનું જ્ઞાન કરી શકાતું નથી. આથી પ્રકાશને 'સહકારિપ્રત્યય' કહેવાય છે.
* ઇન્દ્રિયનું નામ 'અધિપતિ' છે. તેથી 'અધિપતિપ્રત્યય' સ્વયં ઇન્દ્રિય છે.
* ચોથું કારણ, ગ્રહણ કરવાની અને વિચારકરવાની જે શક્તિ છે. જેના ઉપયોગથી કોઈપણ વસ્તુનો સાક્ષાત્કાર થાય છે. અને તે 'સમનન્તરપ્રત્યય' કહેવાય છે. ((ટૂંકમાં ચક્ષુઆદિઇન્દ્રિયોથી જે વિષયનું જ્ઞાન ઉત્પન્ન થયું છે તે જ્ઞાનને સમનન્તરપ્રત્યય બનાવીને જે મન ઉત્પન્ન થાય છે તે જ માનસપ્રત્યક્ષ છે.)

અહીં માનસપ્રત્યક્ષની વ્યાખ્યામાં 'સમનન્તરપ્રત્યય' વિશેષણનું ગ્રહણ હોવાથી યોગિજ્ઞાનમાં માનસપ્રત્યક્ષત્વની આપત્તિનું નિરાકરણ થાય છે. કારણ કે યોગિજ્ઞાનમાં ઇન્દ્રિયપ્રત્યક્ષ ઉપાદાનકારણ બનતું નથી તથા ઇન્દ્રિયજ્ઞાનને 'સમનન્તરપ્રત્યય' બનાવીને યોગી જ્ઞાન થતું નથી. પરંતુ પદાર્થોની ભાવનાના પ્રકર્ષપર્યન્તથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે યોગિજ્ઞાન છે.

'સમનન્તરપ્રત્યય' શબ્દ સ્વસંતાનવર્તિ ઉપાદાનજ્ઞાનમાં રુઢીથી પ્રસિદ્ધ છે. અર્થાત્ 'સમનન્તરપ્રત્યય' શબ્દનો પ્રયોગ પોતાની જ સંતાનમાં થવાવાળા ઉપાદાનભૂત પૂર્વક્ષણમાં રુઢીથી થાય છે. તેથી આપણા જેવા લોકોના જ્ઞાનનું સાક્ષાત્કાર કરવાવાળા યોગિજ્ઞાનમાં, આપણું જ્ઞાન ભિન્ન સંતાનવર્તિ હોવાના કારણે 'સમનન્તરપ્રત્યય' ઉપાદાનકારણ બનતું નથી. (પરંતુ આપણું જ્ઞાન તો યોગિજ્ઞાનમાં આલંબનભૂતકારણ બને છે. આથી આપણું જ્ઞાન યોગિજ્ઞાનમાં 'સમનન્તરપ્રત્યય' ન બનતાં 'આલંબન-પ્રત્યય' જ બને છે.)

સર્વ 'ચિત્ત' અને 'ચૈત્તો'નું સ્વરૂપ જેનાવડે સંવેદન કરાય છે તે સ્વસંવેદનપ્રત્યક્ષ કહેવાય છે. વસ્તુમાત્રને ગ્રહણ કરનારા જ્ઞાનને ચિત્ત કહેવાય છે. ચિત્તમાં થનારા ભાવોને ચૈત્ત કહેવાય છે. અર્થાત્ ચૈત્ત એટલે વસ્તુના વિશેષસ્વરૂપનું ગ્રાહક જ્ઞાન-સુખ, દુઃખ અને ઉપેક્ષારૂપ જ્ઞાન. (ચિત્ત અને ચૈત્ત ધર્મોનું સ્વરૂપ આગળ ટીપ્પણીમાં વિસ્તારથી બતાવેલ છે.) તે ચિત્ત અને ચૈત્તના ધર્મોનું સ્વરૂપ જેના વડે સંવેદન કરાય તે સ્વસંવેદનપ્રત્યક્ષ. **(દિઙ્નાગે 'સ્વસંવેદનપ્રત્યક્ષ'નું લક્ષણ કરતાં**

કહ્યું છે કે - स्वसंवित् निर्विकल्पकम्' અર્થાત્ નિર્વિકલ્પજ્ઞાન સ્વસંવેદનસ્વરૂપ છે. ઇન્દ્રિય દ્વારા ગ્રહણ કરેલા રૂપનું જ્ઞાન માનસજ્ઞાનના રૂપમાં પરિવર્તિત થઈ જાય છે. ત્યારે તે વિષયની પ્રતિ ઇચ્છા, ક્રોધ, મોહ, સુખ, દુઃખ આદિનો જે અનુભવ થાય છે તે સ્વસંવેદનપ્રત્યક્ષ છે.)

ભૂતાર્થ - વાસ્તવિક ક્ષણિકનિરાત્મક આદિ અર્થોની પ્રકર્ષ પર્યન્ત (પ્રકૃષ્ટ) ભાવનાથી ઉત્પન્ન જ્ઞાન યોગિજ્ઞાન કહેવાય છે. અહીં **ભૂતાર્થ એટલે પ્રમાણથી ઉપપન્ન ક્ષણિક નિરાત્મક અર્થો.** અને ચિત્તમાં વારંવાર સમારોપ કરવો તે ભાવના. અર્થાત્ ચિત્તમાં પદાર્થોનો વારંવાર વિચારકરતાં જ્યારે તે પ્રકૃષ્ટ બને છે, ત્યારે યોગિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. (પ્રમાણવાર્ત્તિક માં યોગિજ્ઞાન માટે કહ્યું છે કે - प्रागुक्तं योगिनां ज्ञानं तेषां तद्भावनामयम्, विधूतकल्पनाजालं स्पष्टमेवावभासते । कामशोकभयोन्मादचोरस्वप्नाद्युपप्लुताः अभूतानपि पश्यन्ति पुरतोऽवस्थितानिव ॥३/२८२॥ ભાવાર્થ સ્પષ્ટ છે.)

ननु यदि क्षणक्षयिणः परमाणव एव तात्त्विकास्तर्हि किंनिमित्तोऽयं घटपटकटशकटलकुटादिस्थूलार्थप्रतिभास इति चेत् । निरालम्बन एवायमनादिवितथवासनाप्रवर्तितस्थूलार्थावभासो निर्विषयत्वादाकाशकेशवत्स्वप्नज्ञानवद्वेति । यदुक्तम् -

"बाह्यो न विद्यते ह्यर्थो यथा बालैर्विकल्प्यते ।
वासनालुठितं चित्तमर्थाभासे प्रवर्तते ।। १ ।।

नान्योऽनुभाव्यो बुद्ध्यास्ति तस्या नानुभवोऽपरः ।
ग्राह्यग्राहकवैधुर्यात्स्वयं सैव प्रकाशते ।।२।।" [प्र. वा. २/३२७] इति च ।।

ननु प्रत्यक्षेण क्षणक्षयिपरमाणुस्वरूपं स्वलक्षणं कथं संवेद्यत इति चेत् । उच्यते । प्रत्यक्षं हि वर्तमानमेव सन्निहितं वस्तुनो रूपं प्रत्येति, न पुनर्भाविभूतं, तदसन्निहितत्वात्तस्य । तर्हि प्रत्यक्षानन्तरं नीलरूपतानिर्णयवत्क्षणक्षयनिर्णयः कुतो नोत्पद्यत इति चेत् । उच्यते । तदैवं स्मृतिः पूर्वदेशकालदशासंबन्धितां वस्तुनोऽध्यवस्यन्ती क्षणक्षयनिर्णयमुत्पद्यमानं निवारयति । अत एव सौगतैरिदमभिधीयते । दर्शनेन क्षणिकाक्षणिकत्वसाधारणस्यार्थस्य विषयीकरणात्, कुतश्चिद्भ्रमनिमित्तादक्षणिकत्वारोपेऽपि न दर्शनमक्षणिकत्वे प्रमाणं, किं तु प्रत्युताप्रमाणं, विपरीताध्यवसायाक्रान्तत्वात्, क्षणिकत्वेऽपि न तत्प्रमाणं, अनुरूपाध्यवसायाजननात् । नीलरूपे तु तथाविधनिश्चयकरणात्प्रमाणमिति । ततो युक्तमुक्तं निर्विकल्पकमभ्रान्तं च प्रत्यक्षमिति ।

ટીકાનો ભાવાનુવાદ :

શંકા : જો ક્ષણિક (ક્ષણસ્થાયી) પરમાણુઓ જ તાત્ત્વિક હોય છે, તો ઘટ, પટ, સાદડી, કુટાદિ સ્થૂલપદાર્થોના પ્રતિભાસમાં નિમિત્ત કોણ છે ?

સમાધાન : નિરાલંબન એવી અનાદિકાલીનમિથ્યાવાસનાના બલથી ઘટાદિ સ્થૂલપદાર્થો છે, એવો પ્રતિભાસ પ્રવર્તેલો છે. અર્થાત્ જેમ આકાશમાં કેશ-અને સ્વપ્નનું જ્ઞાન નિર્વિષયક હોવાથી મિથ્યા છે. તેમ નિરાલંબન અનાદિકાલીનવાસનાથી પ્રતિભાસિત ઘટાદિ પદાર્થો પણ નિર્વિષયક હોવાથી મિથ્યા છે, તાત્ત્વિક નથી. તાત્ત્વિક તો માત્ર પરમાણુઓ જ છે. જેથી પ્રમાણવાર્ત્તિકમાં કહ્યું છે કે...

"જેમ બાળકો વડે બાહ્યપદાર્થોનો વિકલ્પ કરાય છે, છતાં તે બાહ્યપદાર્થ વિદ્યમાન હોય તેવું બનતું નથી. (તેમ) વાસનાયુક્ત ચિત્તમાં (જે બાહ્યઅર્થો વાસ્તવિક નથી તેનો પણ) અવભાસ પ્રવર્તે છે. (અર્થાત્ મિથ્યાવાસનાથી કલૂષિત અજ્ઞાન લોક જે જે સ્થિર-સ્થૂલ આદિ સ્વરૂપથી પદાર્થોની કલ્પના કરે છે, વસ્તુતઃ તે અર્થો તે સ્વરૂપથી કોઈપણરીતે બાહ્યમાં પોતાની સત્તા રાખતા નથી, પરંતુ મિથ્યાવાસનાથી ક્લૂષિત ચિત્ત તે તે અર્થોના આકારમાં પ્રતિભાસિત થાય છે.) ॥૧॥" તથા.

"બુદ્ધિથી અનુભાવ્ય = અનુભવ કરવા યોગ્ય બીજો પદાર્થ નથી કે બુદ્ધિને ગ્રહણ કરનાર બીજો કોઈ ગ્રાહક અનુભવ નથી. (આથી) આ બુદ્ધિ ગ્રાહ્ય-ગ્રાહકભાવથી રહિત બનીને સ્વયં જ પ્રકાશમાન થાય છે. ॥૨॥"

શંકા : પ્રત્યક્ષથી ક્ષણિકપરમાણુરૂપ સ્વલક્ષણનો અનુભવ કેવી રીતે થાય છે ?

સમાધાન : પ્રત્યક્ષપ્રમાણ સન્નિહિત (નજીક) એવી વર્તમાન ક્ષણરૂપ વસ્તુના સ્વરૂપને પ્રગટ કરે છે. પરંતુ વસ્તુની ભૂત અને ભાવિક્ષણો સન્નિહિત નહિ હોવાથી તેના સ્વરૂપને પ્રગટ કરતું નથી. આમ પ્રત્યક્ષપ્રમાણ વડે વર્તમાનક્ષણરૂપ વસ્તુના સ્વરૂપનું સંવેદન કરાય છે.

શંકા : જો પ્રત્યક્ષથી ક્ષણિક પરમાણુરૂપ સ્વલક્ષણનો અનુભવ થાય છે. અર્થાત્ પ્રત્યક્ષથી ક્ષણિકતાનું જ્ઞાન થાય છે, તો જેમ નીલ પ્રત્યક્ષથી નીલરુપતા નો નિર્ણય કરાવનાર 'આ નીલ છે' આવું વિકલ્પજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેમ પ્રત્યક્ષની પછી વસ્તુની ક્ષણિકતાનો નિર્ણય કરવાવાળું "આ ક્ષણિક છે" આવું જ્ઞાન કેમ ઉત્પન્ન થતું નથી ? (અર્થાત્ પ્રત્યક્ષ પછી પણ 'આ વસ્તુ સ્થિર છે' આવું જણાય છે, પરંતુ 'આ ક્ષણિક છે' આવું કેમ જણાતું નથી ?)

સમાધાન : (આવા ક્ષણિકતાનો નિર્ણય પ્રત્યક્ષથી થતો નથી. કારણ કે વસ્તુનું પ્રત્યક્ષ થાય ત્યારે) વસ્તુની પૂર્વ દેશ, કાલ, દશાની સંબંધિતાનો અધ્યવસાય કરતી સ્મૃતિ થાય છે. તે સ્મૃતિ વસ્તુની ક્ષણિકતાનો નિર્ણય થવા દેતી નથી. કહેવાનો આશય એ છે કે નિર્વિકલ્પકદર્શન દ્વારા જે સમયે પદાર્થની ક્ષણિકતાનો અનુભવ થાય છે. તે જ સમયે તે પદાર્થની પૂર્વદેશસંબંધિતા,

પૂર્વકાલસંબંધિતા તથા પૂર્વદશાનું સ્મરણ થાય છે, તેના કારણે એવું લાગ્યા કરે છે કે....'આ તે જ પદાર્થ છે કે જે તે દેશમાં હતો, આ તે જ પદાર્થ છે કે જે પૂર્વકાલે પણ જોયેલો, આ તે જ પદાર્થ છે કે, જે પૂર્વ અવસ્થા (દશા)માં હતો.' ઇત્યાદિ સ્થિતિનું સ્મરણ, 'આ ક્ષણિક છે' આવા વિકલ્પજ્ઞાનને થવા દેતું નથી.

આથી જ બૌદ્ધો વડે કહેવાય છે કે... નિર્વિકલ્પક દર્શનદ્વારા તો ક્ષણિક અને અક્ષણિક ઉભયસાધારણ વસ્તુમાત્ર ગ્રહણ થાય છે. (અર્થાત્ નિર્વિકલ્પકદર્શનના વિષયો ક્ષણિક-અક્ષણિક ઉભયસાધારણ વસ્તુ બને છે.) તેથી બાદમાં કોઈવિભ્રમના નિમિત્તથી વસ્તુમાં અક્ષણિકત્વનો આરોપ થઈ જાય તો પણ નિર્વિકલ્પકદર્શનને અક્ષણિકત્વ અંશમાં પ્રમાણભૂત માની શકાતું નથી, પ્રત્યુત વિપરીત અધ્યવસાયથી યુક્ત હોવાના કારણે તે અક્ષિણકઅંશમાં પ્રમાણ નથી - અપ્રમાણ જ છે. **तथा** ક્ષણિકઅંશમાં પણ તે પ્રમાણ નથી. કારણ કે તે 'આ ક્ષણિક છે' આવો અનુકૂલ અધ્યવસાય ઉત્પન્ન કરી શક્યું નથી. પરંતુ (માત્ર તે) નીલઅંશમાં 'આ નીલ છે' આવા નીલરૂપતાસ્વરૂપ અનુકૂલવિકલ્પને ઉત્પન્ન કરવાથી પ્રમાણ બને છે. તેથી જ 'અભ્રાન્ત નિર્વિકલ્પકજ્ઞાન પ્રત્યક્ષ છે.' આવું કહ્યું તે યુક્તિયુક્ત જ છે.

अत्र "[A]अभ्रान्तं" इति विशेषणग्रहणादनुमाने च तदग्रहणादनुमानं भ्रान्तमित्यावेदयति । तथाहि-भ्रान्तमनुमानं, सामान्यप्रतिभासित्वात्, सामान्यस्य च बहिः स्वलक्षणे व्यतिरेकाव्यतिरेकविकल्पाभ्यामपाक्रियमाणतयाऽयोगात्, सामान्यस्य स्वलक्षणरूपतयानुमानेन विकल्पनात् । अतस्मिन्नस्वलक्षणे तद्ग्रहस्य स्वलक्षणतया परिच्छेदस्य भ्रान्तिलक्षणत्वात् । प्रामाण्यं पुनः प्रणालिकया बहिः स्वलक्षणबलायातत्वादनुमानस्य । तथाहि-नार्थं विना तादात्म्यतदुत्पत्तिरूपसंबन्धप्रतिबद्धलिङ्गसद्भावो, न तद्विना तद्विषयं ज्ञानं, न तज्ज्ञानमन्तरेण प्रागवधारितसंबन्धस्मरणं, तदस्मरणे नानुमानमित्यर्थाव्य-भिचारित्वाद्भ्रान्तमपि प्रमाणमिति संगीर्यते । तदुक्तम्-'अतस्मिंस्तद्ग्रहो भ्रान्तिरपि संधानतः प्रमा' [ ] इति[B] । अमुमेवार्थं दृष्टान्तपूर्वकं (वि)निश्चये धर्मकीर्तिरकीर्तयत् । यथा -

"मणिप्रदीपप्रभयोर्मणिबुद्ध्याभिधावतोः ।
मिथ्याज्ञानाविशेषेऽपि विशेषोऽर्थक्रियां प्रति ।। १ ।।

A तथा अभ्रान्तग्रहणेनाप्यनुमाने निवर्तिते कल्पनापोढग्रहणं विप्रतिपत्तिनिराकरणार्थम् । भ्रान्तं हि अनुमानं स्वप्रतिभासेऽनर्थेऽर्थाध्यवसायेन प्रवृत्तत्वात् । प्रत्यक्षं तु ग्राह्ये रुपे न विपर्यस्तम् ।" [न्यायबि० टी० पृ-४७]

B "भान्तिरपि च वस्तुसंबन्धेन प्रमाणमेव" - ।। प्र० वार्तिकाल० ३/१७५ । "तदाह न्यायवादी - भ्रान्तिरपि संबन्धतः प्रभा ।।" न्यायबि० धर्मोपृ. ७८ ।

यथा तथाऽयथार्थत्वेऽप्यनुमानं तदा तयोः । अर्थक्रियानुरोधेन प्रमाणत्वं व्यवस्थितम् ।। २ ।।" [प्र० वा० २/५७/५८] इति ।।

ટીકાનો ભાવાનુવાદ :

પ્રત્યક્ષના લક્ષણમાં 'अभ्रान्तं' વિશેષણના ગ્રહણથી અને અનુમાનના લક્ષણમાં તેનું ગ્રહણ ન હોવાથી અનુમાન 'ભ્રાન્ત' છે, તેવું સૂચન થાય છે. તે આ પ્રમાણે છે - અનુમાન ભ્રાન્ત છે. કારણ કે તે સામાન્યપદાર્થને વિષય બનાવે છે. સામાન્યપદાર્થ તો "તે સ્વલક્ષણરૂપ વ્યક્તિઓથી ભિન્ન છે કે અભિન્ન છે ? "ઇત્યાદિ વિકલ્પોથી ખંડિત થઈ જવાના કારણે સિદ્ધ થતો નથી. પરંતુ અનુમાન તે મિથ્યાસામાન્યને સ્વલક્ષણરૂપથી (કલ્પના કરી) ગ્રહણ કરે છે. अतस्मिन् = અસ્વલક્ષણમાં तद्=સ્વલક્ષણરૂપે જ્ઞાન કરવું તે ભ્રાન્તિ કહેવાય છે. અર્થાત્ જે સ્વલક્ષણ નથી તેવા સામાન્યમાં સ્વલક્ષણરૂપથી પરિચ્છેદ કરવો તે જ અનુમાનની ભ્રાન્તતા છે.

(પ્રશ્ન : તો અનુમાનને પ્રમાણ શા માટે કહો છો ?

ઉત્તર : અનુમાન જો કે ભ્રાન્તિરૂપ હોવા છતાં) પરંપરાથી બાહ્ય સ્વલક્ષણના બલથી ઉત્પન્ન થતું હોવાથી જ પ્રમાણ છે.

(બૌદ્ધાચાર્યશ્રી ધર્મકીર્તિએ પ્રત્યક્ષથી ભિન્ન અનુમાનની આવશ્યકતા જણાવતાં ઉપરની વાત પુષ્ટ કરી છે. તેમનું કહેવું છે કે વસ્તુનું જે સામાન્યરૂપ છે, તેનું ગ્રહણ કલ્પનાથી અતિરિક્ત બીજી વસ્તુથી થઈ શકતું નથી. એટલા માટે અનુમાનની આવશ્યકતા છે. કહ્યું છે કે... अन्यत् सामान्यलक्षणम् । सोऽनुमानस्य विषयः । (न्यायबिंदु १/१૬-१७) स्वलक्षणे च प्रत्यक्षमविकल्पतया विना । विकल्पेन न सामान्यग्रहस्तस्मिन्नतोऽनुमा ॥ (प्रमाण वार्तिक - ३/७५) या च संबन्धिनो धर्माद् भूतिर्धर्मिणि जायते । सानुमानं परोक्षाणामेकं तेनैव साधनम् ॥३/૬२॥

કોઈ સંબંધીના ધર્મથી ધર્મીના વિષયમાં જે પરોક્ષજ્ઞાન થાય છે તે અનુમાન કહેવાય છે. જગતમાં અમારો પ્રતિદિનનો અનુભવ છે કે સદા સાથેરહેવાવાળી બે વસ્તુઓમાંથી એકને જોઈને બીજી વસ્તુની સ્થિતિની સંભાવના સ્વયં ઉપસ્થિત થઈ જાય છે, પરંતુ પ્રત્યેક અવસ્થામાં તે અનુભવ પ્રમાણકોટીમાં આવીશકતો નથી. પણ બંને વસ્તુઓનો ઉપાધિરહિત સંબંધ સદા વિદ્યમાન રહેવો જોઈએ. તેને જ વ્યાપ્તિજ્ઞાન કહેવાય છે અને આ વ્યાપ્તિજ્ઞાન ઉપર જ અનુમાન અવલંબિત રહે છે.)

આમ અનુમાન પરંપરાથી બાહ્ય સ્વ-લક્ષણના બલથી ઉત્પન્ન થતું હોવાથી પ્રમાણરૂપ બને છે. તે આ પ્રકારે - જો સ્વલક્ષણરૂપ (ધૂમાદિ) અર્થ ન હોય તો તાદાત્મ્ય કે તદુત્પત્તિરૂપ

અવિનાભાવસંબંધ રાખવાવાળા લિંગની સંભાવના જ નથી. અને લિંગવિના લિંગવિષયક જ્ઞાન કેવી રીતે થશે ? (અર્થાત્ જો લિંગ જ નથી તો લિંગજ્ઞાન કેવી રીતે થશે ?), લિંગજ્ઞાનવિના પહેલા નિશ્ચિત કરાયેલા સંબંધ (વ્યાપ્તિ)નું સ્મરણ પણ કેવી રીતે થશે ? અને તે વ્યાપ્તિના સ્મરણવિના અનુમાન પણ કેવી રીતે થશે. ? આમ જોકે અનુમાન ભ્રાન્ત હોવા છતાં, પરંપરાથી અર્થની સાથે સંબંધ હોવાના કારણે, અનુમાનની પ્રમાણતા સ્વીકારાયેલી છે. તેથી કહ્યું છે કે... "અનુમાન અતસ્મિન્ અર્થાત્ જે સ્વલક્ષણરૂપ નથી, તે મિથ્યાસામાન્યમાં તદ્ગ્રહ અર્થાત્ સ્વલક્ષણાત્મકતાને ગ્રહણ કરવાનેકારણે ભ્રાન્ત છે, છતાં સંધાનથી (અર્થાત્ તેમાં પરંપરાથી અર્થની સાથે સંબંધ હોવાના કારણે) પ્રમાણ છે."

આ જ વાતને શ્રીધર્મકીર્તિએ વિનિશ્ચય નામના ગ્રંથમાં દૃષ્ટાંત આપીને પુષ્ટ કરતાં કહ્યું છે કે...

"મણિ અને દીપકની પ્રભામાં મણિની બુદ્ધિથી પ્રવૃત્તિ કરતા બે વ્યક્તિઓનું (અર્થાત્ મણિની પ્રભામાં મણિનું જ્ઞાન કરતા તથા દીપકની પ્રભામાં મણિનું જ્ઞાન કરતા, એ બે વ્યક્તિઓનું) જ્ઞાન આલંબનની દૃષ્ટિથી ભ્રાન્ત છે (-મિથ્યાજ્ઞાન જ છે.) છતાં પણ તે બે જ્ઞાનોથી પ્રવૃત્તિ કરવાવાળા પુરુષોની અર્થક્રિયામાં વિશેષતા હોય જ છે. (અર્થાત્ મણિપ્રભામાં મણિબુદ્ધિવાળાને મણિની પ્રાપ્તિ થઈ જાય છે, પરંતુ દીપકની પ્રભામાં મણિબુદ્ધિવાળાને મણિની પ્રાપ્તિ થતી નથી.) તે પ્રમાણે અનુમાન અને અનુમાનાભાસ જોકે મિથ્યા (અયથાર્થ) છે, તો પણ અનુમાનથી પ્રવૃત્તિ કરતાં અર્થક્રિયા થઈ જાય છે. (આથી અર્થક્રિયાના અનુરોધથી) અનુમાનમાં પ્રમાણતા આવે છે. અનુમાનાભાસમાં પ્રમાણતા આવતી નથી."

तथानुमानलक्षणमाह-"त्रिरूपाल्लिङ्गतः" [A]इत्यादि । त्रीणि रुपाणि पक्षधर्मत्वादीनि वक्ष्यमाणानि यस्य तत्त्रिरूपं त्रिस्वभावमित्यर्थः । तस्मात्त्रिरूपाल्लिङ्गाद्धेतोः सम्यगवगताल्लिङ्गिनः परोक्षस्य वस्तुनो यज्ज्ञानं, तदनुमानसंज्ञितं प्रमाणम् । अनु पश्चाल्लिङ्गग्रहणादनन्तरं परोक्षस्य वस्तुनो मानं ज्ञानमनुमानमिति ह्यनुमानशब्दस्यार्थः । अत्र श्लोके चरमपादस्य नवाक्षरत्वेऽप्यार्षत्वान्न दोषः । इदमत्र तत्त्वम्-यथा जने छत्रादिलिङ्गैर्दृष्टैर्लिङ्गी राजा निश्चीयते, तथा त्रिरूपेण लिङ्गेन धूमादिना क्वचिदुपलब्धेन परोक्षः पदार्थो लिङ्गी वह्न्यादिस्तत्र सन् विज्ञायते । इदं लिङ्गाल्लिङ्गिज्ञानमनुमान-मभिधीयते । तच्च द्वेधा, स्वार्थं परार्थं च । यदा च त्रिरूपाल्लिङ्गात् स्वयं लिङ्गिनं साध्यं प्रतिपद्यते, तदा स्वार्थमनुमानम् । यदा तु परं प्रति साध्यस्य प्रतिपत्तये त्रिरूपहेत्वभिधानं,

---

A तत्र स्वार्थं त्रिरुपाल्लिङ्गाद् यदनुमेये ज्ञानं तदनुमानम् । न्यायबि० ।२ ।३ ।।

तदा परार्थमनुमानमिति । 'लिङ्गिज्ञानं तु" इति । अत्र तुशब्दो विशेषणार्थ इदं विशिनष्टि । अत्र यत्त्रिरूपं लिङ्गं लिङ्गिनो गमकमुक्तं, तल्लिङ्गमनुपलब्धिस्वभावकार्यभेदात्त्रिधैव भवतीति । तत्रानुपलब्धिश्चतुर्धा वर्ण्यते मूलभेदापेक्षया । तद्यथा । विरुद्धोपलब्धिः, विरुद्धकार्योपलब्धिः, कारणानुपलब्धिः, स्वभावानुपलब्धिश्च । विरुद्धोपलब्धिर्यथा नात्र शीत स्पर्शोऽग्नेः। विरुद्धकार्योपलब्धिर्यथा नात्र शीतस्पर्शो धूमात् । कारणानुपलब्धिर्यथा नात्र धूमोऽग्न्यभावात् । स्वभावानुपलब्धिर्यथा नात्र धूम उपलब्धिलक्षणप्राप्तस्यानुपलब्धेः । शेषास्तु सप्ताप्यनुपलब्धयो धर्मबिन्दुप्रभृतिशास्त्रप्रतिपादिता एष्वेव चतुर्षु भेदेष्वन्तर्भवन्तीति प्रतिभेदरूपत्वान्नात्र पृथगभिहिताः । स्वभावहेतुर्यथा वृक्षोऽयं शिंशपात्वात् । कार्यहेतुर्यथाग्निरत्र धूमात् । एषु चानुपलब्ध्यादिषु त्रिषु हेतुषु तादात्म्यतदुत्पत्तिसंबन्धबलादविनाभावो विद्यते, आद्यान्त्ययोरनुपलब्ध्योः स्वभावहेतोश्च तादात्म्यभावात्, मध्ययोरनुपलब्ध्योः कार्यहेतोश्च तदुत्पत्तिसद्भावात् । अविनाभावश्च तादात्म्यतदुत्पत्तिभ्यामेव व्याप्तः । तादात्म्यतदुत्पत्ती चानुपलब्धिस्वभावकार्येष्वेव विद्येते, नान्यत्र । ततस्तादात्म्यतदुत्पत्तिप्रतिबन्धविकलानामनुपलब्धिस्वभावकार्यव्यतिरिक्तानामर्थानां सर्वेषां हेत्वाभासतैव प्रत्येतव्या । तेन संयोग्यादिका वैशेषिकादिकल्पिता हेतवो न भवन्ति, व्यभिचारस्य संभवात् । कारणात्कार्यानुमानं तु व्यभिचारित्वेनैव नाभ्युपगम्यते । यदपि रसतः समानसमयस्य रूपादेरनुमानं सौगतैरभ्युपगतं, यदपि समग्रेण हेतुना कार्योत्पादानुमानं च, ते अपि स्वभावानुमानतयाभ्युपेते । तथाहि- ईदृशरूपान्तरोत्पादसमर्थः प्राक्तनो रूपक्षणः, ईदृशरसजनकत्वात्, पूर्वोपलब्धरूपवदिति रूपान्तरोत्पादरूपसामर्थ्यानुमानम् । योग्येयं प्रतिबन्धकविकला बीजादिसामग्री स्वकार्योत्पादने समग्रत्वात्, पूर्वदृष्टबीजादिसामग्रीवदिति योग्यतानुमानम् । अतः स्वभावहेतुप्रभवे एवैते, न पुनः कारणात् कार्यानुमान इति ।। १० ।।

ટીકાનો ભાવાનુવાદ :

હવે અનુમાનનું લક્ષણ કહે છે...

પક્ષધર્મત્વાદિ ત્રણ સ્વભાવોથી અર્થાત્ ત્રણલિંગોથી પરોક્ષ એવી વસ્તુનું (લિંગિનું) જે જ્ઞાન થાય છે, તેને અનુમાન નામનું પ્રમાણ કહેવાય છે. અનુમાનશબ્દનો અર્થ આ પ્રમાણે છે - અનુ=પશ્ચાત્ અર્થાત્ લિંગગ્રહણની અનંતર પરોક્ષવસ્તુનું માન=જ્ઞાન થાય તે અનુમાન કહેવાય

છે. અહીં શ્લોકમાં છેલ્લાપાદમાં નવ અક્ષરો હોવા છતાં પણ શ્લોક ઋષીપ્રણીત હોવાથી દોષ નથી. (ટુંકમાં) કહેવાનો આશય એ છે કે જેમ લોકમાં છત્રાદિ લિંગોને જોવા દ્વારા લિંગી એવા રાજાનો નિશ્ચય કરાય છે, તેમ ત્રણ સ્વરૂપવાળા ક્યાંક પ્રાપ્ત થયેલ ધૂમાદિ લિંગ વડે પરોક્ષપદાર્થ એવા લિંગી વહ્ન્યાદિની સત્તાનું ત્યાં જ્ઞાન થાય છે. આ લિંગથી થતા લિંગિના જ્ઞાનને અનુમાન કહેવાય છે. તે અનુમાન બે પ્રકારે છે. (૧) સ્વાર્થાનુમાન, (૨) પરાર્થાનુમાન. તેમાં જ્યારે ત્રણરૂપવાળા લિંગથી સ્વયં લિંગિ એવા સાધ્યનું જ્ઞાન થાય છે, તે સ્વાર્થાનુમાન કહેવાય છે. પરંતુ જ્યારે બીજાને સાધ્યનું જ્ઞાન કરાવવા માટે ત્રણરૂપવાળા હેતુનું કથન કરવામાં આવે, ત્યારે તે પરાર્થાનુમાન કહેવાય છે. શ્લોકમાં 'लिङ्गिज्ञानं तु' કહ્યું, તેમાં तु શબ્દ લિંગના ભેદોને સૂચિત કરે છે.

અહીં શ્લોકમાં જે ત્રણરૂપવાળા લિંગને લિંગિ(સાધ્ય)નો ગમક કહ્યો છે, તે લિંગ ત્રણ પ્રકારનું છે. (૧) અનુપલબ્ધિહેતુ (૨) સ્વભાવહેતુ (૩) કાર્યહેતુ. તેમાં અનુપલબ્ધિના મૂલભેદની અપેક્ષાએ ચાર પ્રકાર છે. (૧) વિરુદ્ધોપલબ્ધિ (૨) વિરુદ્ધકાર્યોપલબ્ધિ, (૩) કારણાનુપલબ્ધિ, (૪) સ્વભાવાનુપલબ્ધિ. (ચારે પ્રકારોને ઉદાહરણ સાથે સમજાવે છે.)

(૧) **વિરુદ્ધોપલબ્ધિ :** यथा नात्र शीतस्पर्शोऽग्नेः । અહીં શીતસ્પર્શ નથી. કારણકે તેનો વિરોધી અગ્નિ ઉપલબ્ધ છે.

(૨) **વિરુદ્ધકાર્યોપલબ્ધિ :** यथा नात्र शीतस्पर्शो धूमात् । અહીં શીત સ્પર્શ નથી. કારણકે તેના વિરોધી અગ્નિનું કાર્ય ધૂમ ઉપલબ્ધ છે.

(૩) **કારણાનુપલબ્ધિ :** यथा नात्र धूमोऽग्न्यभावात् । અહીં ધૂમ નથી. કારણ કે (ધૂમરૂપ કાર્યનું) કારણ અગ્નિ ઉપલબ્ધ નથી.

(૪) **સ્વભાવાનુપલબ્ધિ** : यथा नात्र धूम उपलब्धिलक्षणप्राप्तस्य-अनुपलब्धेः । અહીં ધૂમ નથી. કારણકે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત થવા છતાં પણ તેની ઉપલબ્ધિ નથી **અથવા** દૃશ્ય હોવા છતાં પણ તેની ઉપલબ્ધિ થતી નથી. (ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તનો અર્થ છે - ધૂમની ઉપલબ્ધિની યાવત્ સામગ્રીનું સમવધાન હોવું.)

વળી શેષસાત અનુપલબ્ધિ પણ ધર્મબિંદુ વગેરે શાસ્ત્રોમાં પ્રતિપાદિત કરેલી છે. તે સાતનો (ઉપરોક્ત) ચારમાં અંતર્ભાવ થઈ જાય છે. કારણકે તે સાત, આ ચારના પ્રતિભેદરૂપ છે. તેથી અહીં પૃથક્ કહી નથી.

સ્વભાવ હેતુ: यथा वृक्षोऽयं शिंशपात्वात् । -આ વૃક્ષ છે. કારણકે શિંશપા છે.

કાર્યહેતુ : यथा अग्निरत्र धूमात् । અહીં અગ્નિ છે. કારણકે (અગ્નિનું) કાર્ય ધૂમ છે.

આ અનુપલબ્ધિવગેરે ત્રણહેતુઓમાં તાદાત્મ્ય અને તદુત્પત્તિસંબંધના કારણે

અવિનાભાવનો નિશ્ચય થાય છે. તેમાં પ્રથમ વિરુદ્ધોપલબ્ધિ, અંતિમ સ્વભાવાનુપલબ્ધિ તથા સ્વભાવહેતુનો તાદાત્મ્યસંબંધ છે. મધ્યના વિરુદ્ધકાર્યોપલબ્ધિ, કારણાનુપલબ્ધિ તથા કાર્યહેતુનો તદુત્પત્તિસંબંધ છે. આ અવિનાભાવ તાદાત્મ્ય અને તદુત્પત્તિથી જ વ્યાપ્ત છે તથા તાદાત્મ્ય અને તદુત્પત્તિ અનુપલબ્ધિ, સ્વભાવ અને કાર્યમાં જ વિદ્યમાન છે. તેથી તે ત્રણ જ લિંગો છે. તે સિવાયના નહિં. તેથી તાદાત્મ્ય અને તદુત્પત્તિના સંબંધથી વિકલએવા અનુપલબ્ધિ, સ્વભાવ અને કાર્યથી અતિરિક્ત સર્વે અર્થોની હેત્વાભાસતા જાણવી. તેથી સંયોગિ, સમવાયિ વગેરે વૈશેષિકાદિ દ્વારા કલ્પિત(હેતુઓ વાસ્તવમાં)હેતુઓ નથી, કારણકે તેમાં વ્યભિચારનો સંભવ છે.

વળી કારણથી કાર્યના અનુમાનમાં વ્યભિચાર હોવાથી (બૌદ્ધો) માનતા નથી. (કારણકે કારણ હોવા છતાં પણ કાર્ય દેખાતું નથી.) વળી બૌદ્ધો વડે રસથી સમાનકાલિન (અર્થાત્ રસ ચાખીને તેને સમાનકાલિન) રૂપનું અનુમાન તથા સમગ્રહેતુથી કાર્યોત્પાદક અનુમાન સ્વીકારાયું છે. તે બંનેનો સમાવેશ પણ સ્વભાવહેતુ અનુમાનમાં જ થઈ જાય છે. **જેમકે**... પૂર્વે રૂપક્ષણ રૂપાંતરને ઉત્પન્ન કરવામાં સમર્થ છે. કારણે કે તેને એવોરસ ઉત્પન્ન કર્યો છે, જેમકે પહેલાં ઉપલબ્ધ રૂપ. આ રીતે પૂર્વરૂપથી રૂપાંતરને ઉત્પન્ન કરવાના સામર્થ્યનું અનુમાન સ્વભાવહેતુથી જ કરવામાં આવ્યું છે. આ પ્રતિબંધકોથી રહિત બીજાદિ સામગ્રી પોતાનું કાર્ય ઉત્પન્ન કરવામાં યોગ્યતાથી યુક્ત છે. કારણકે સમગ્ર છે. જેમકે પહેલા જોવાયેલી બીજાદિ સામગ્રી પોતાના કાર્યને ઉત્પન્ન કરતી હતી. આ રીતે અહીં પણ સ્વભાવહેતુથી જ યોગ્યતાનું અનુમાન કરાયું છે. આમ કહેલા અનુમાનોની સ્વભાવહેતુથી જ ઉત્પત્તિ માનવી જોઈએ. પરંતુ કારણથી થનારા કાર્યાનુમાનરૂપ નહિ. ॥૧૦॥

अथानुपलब्ध्यादिभेदेन त्रिविधस्यापि लिङ्गस्य यानि त्रीणि रूपाणि भवन्ति, तान्येवाह-

હવે અનુપલબ્ધિ આદિ ભેદથી ત્રણપ્રકારના હેતુઓના જે ત્રણરૂપો થાય છે. તેને જ કહે છે.

रूपाणि पक्षधर्मत्वं सपक्षे विद्यमानता ।
विपक्षे नास्तिता हेतोरेवं त्रीणि[A] विभाव्यताम् ।।११।।

શ્લોકાર્થ : (૧) પક્ષધર્મત્વ, (૨) સપક્ષમાં વિદ્યમાનતા (=સપક્ષસત્ત્વ), (૩) વિપક્ષમાં અવિદ્યમાનતા (=વિપક્ષાસત્ત્વ), આ પ્રમાણે ત્રણરૂપો હેતુના જાણવા.

व्याख्या-साध्यधर्मविशिष्टो धर्मी पक्षः, तस्य धर्मः पक्षधर्मः, तद्भावः पक्षधर्मत्वम् । [B]पक्षशब्देन चात्र केवलो धर्म्येवाभिधीयतेऽवयवे समुदायोपचारात् । यदि पुनर्मुख्य

A "त्रैरुप्यं पुनर्लिङ्गस्यानुमेये सत्त्वमेव, सपक्ष एव सत्वम्, असपक्षे चासत्त्वमेव निश्चितम् ।।" न्यायबि० २/५ ।।

B "पक्षो धर्मी, अवयवे समुदायोपचारात्" - (हेतु बि० - पृ. ५२)

एव साध्यधर्मविशिष्टो धर्मी पक्षो गृह्येत, तदानुमानं व्यर्थमेव स्यात्, साध्यस्यापि धर्मिवत्सिद्धत्वात् । ततश्च पक्षधर्मत्वं पक्षे धर्मिणि हेतोः सद्भावः । स[C] च प्रत्यक्षतोऽनुमानतो वा प्रतीयते । तत्र प्रत्यक्षतः कस्मिंश्चित्प्रदेशे धूमस्य दर्शनम् । अनुमानतश्च शब्दे कृतकत्वस्य निश्चयः । इदमेकं रूपम् । तथा समानः पक्षः सपक्षः, तस्मिन्सपक्षे दृष्टान्ते विद्यमानता हेतोरस्तित्वं सामान्येन भाव इत्यर्थः । इदं द्वितीयं रूपं, अस्य च 'अन्वयः' इति द्वितीयमभिधानम् । तथा विरुद्धः पक्षो विपक्षः साध्यसाधनरहितः, तस्मिन्विपक्षे नास्तिता हेतोरेकान्तेनासत्त्वम् । इदं तृतीयं रूपम्, अस्य च 'व्यतिरेक' इति द्वितीयमभिधानम् । एतानि पक्षधर्मत्वसपक्षसत्त्वविपक्षासत्त्वलक्षणानि हेतोर्लिङ्गस्य त्रीणि रूपाणि । एवंशब्दस्य इतिशब्दार्थत्वादिति विभाव्यतां हृदयेन सम्यगवगम्यताम् ।

ટીકાનો ભાવાનુવાદ :

સાધ્યધર્મથી યુક્ત ધર્મીને પક્ષ કહેવાય છે. તે પક્ષના ધર્મને પક્ષધર્મ કહેવાય છે. (અર્થાત્ હેતુનું પક્ષમાં રહેવું તે પક્ષધર્મત્વ.) પક્ષ શબ્દ જોકે સાધ્યધર્મથી યુક્ત ધર્મીમાં રુઢ છે. છતાં પણ અહીં પક્ષ શબ્દથી કેવલ ધર્મીનું જ ગ્રહણ કરવું. અહીં અવયવભૂતશુદ્ધધર્મીમાં સમુદાયવાચી પક્ષનો ઉપચારકરીને પક્ષ શબ્દથી શુદ્ધધર્મનું કથન કર્યું છે.

જો સાધ્યધર્મથી વિશિષ્ટધર્મી જ મુખ્યપણે પક્ષ શબ્દદ્વારા વિવક્ષિત કરાય તો અનુમાન જ વ્યર્થ થઈ જશે. કારણ કે (પક્ષના ગ્રહણ સમયે) ધર્મિની જેમ ધર્મ સાધ્ય પણ સિદ્ધ જ હોય છે. તેથી પક્ષધર્મત્વનો અર્થ છે - પક્ષમાં અર્થાત્ ધર્મીમાં હેતુનો સદ્ભાવ હોવો. હેતુની પક્ષધર્મતાનું જ્ઞાન પ્રત્યક્ષથી કે અનુમાનથી થાય છે. તેમાં પ્રત્યક્ષથી કોઈ પ્રદેશમાં (જ્યાં અગ્નિની સિદ્ધિ કરવી ઇષ્ટ છે, ત્યાં) ધૂમનું દર્શન કરવાથી પક્ષધર્મતાનું ગ્રહણ થઈ જાય છે. (અનિત્યત્વને સિદ્ધ કરવા પ્રયોજાયેલા) કૃતકત્વ હેતુનું શબ્દરૂપ પક્ષમાં રહેવું, તે અનુમાનદ્વારા જણાય છે. આ રીતે પક્ષધર્મત્વ એકરૂપ છે.

સમાન પક્ષને સપક્ષ કહેવાય છે. તે સપક્ષમાં અર્થાત્ દૃષ્ટાંતમાં હેતુની વિદ્યમાનતા=અસ્તિત્વ (તે સામાન્યથી) સપક્ષસત્ત્વ કહેવાય છે. (પર્વતો વહિનમાન્ ધૂમાત્, સ્થળે પર્વતરૂપ પક્ષમાં હેતુ=ધૂમનું રહેવું તે પક્ષધર્મત્વ અને સપક્ષ એવા મહાનસમાં હેતુ ધૂમનું રહેવું તે સપક્ષસત્ત્વ.) આ સપક્ષસત્ત્વ બીજું રૂપ છે અને તેનું બીજું નામ અન્વય છે.

તથા વિરુદ્ધ પક્ષને વિપક્ષ કહેવાય છે. અર્થાત્ સાધ્ય-સાધનરહિત જે હોય તે વિપક્ષ

C "तत्र पक्षधर्मस्य साध्यधर्मिणि प्रत्यक्षतोऽनुमानतो वा प्रसिद्धिः । यथा प्रदेशे धूमस्य शब्देवा कृतकत्वस्य" (हेतु बि० पृ-५३)

કહેવાય છે. તે વિપક્ષમાં હેતુનું એકાંતથી અસત્ત્વ તે વિપક્ષાસત્ત્વ. (જેમકે-અયોગોલક સાધ્ય વહ્નિ કે સાધન ધૂમ બંનેથીરહિત હોવાથી વિપક્ષ છે. તે વિપક્ષમાં ધૂમ હેતુ એકાંતથી નથી. તે વિપક્ષાસત્ત્વ.) આ ત્રીજું રૂપ છે અને તેનું બીજુંનામ વ્યતિરેક પણ છે.

(૧) પક્ષધર્મત્વ, (૨) સપક્ષસત્ત્વ, (૩) વિપક્ષાસત્ત્વ. આ ત્રણ હેતુ=લિંગના રૂપો છે. શ્લોકમાં 'एवं' શબ્દ 'इति' શબ્દાર્થક છે તથા विभाव्यताम् એટલે હૃદયથી સમ્યગ્ જાણવું.

तत्र हेतोर्यदि पक्षधर्मत्वं रूपं न स्यात्, तदा महानसादौ दृष्टो धूमोऽन्यत्र पर्वतादौ वह्निं गमयेत्, न चैवं गमयति, ततः पक्षधर्मत्वं रूपम् । तथा यदि सपक्षसत्त्वं रूपं न स्यात्, तदा साध्यसाधनयोरगृहीतप्रतिबन्धस्यापि पुंसो धूमो दृष्टमात्रो धनंजयं ज्ञापयेत्, न चैवं ज्ञापयति, अतः सपक्षसत्त्वं रूपम् । तथा यदि विपक्षासत्त्वं रूपं न स्यात्, तदा धूमः साध्यरहिते विपक्षे जलादावपि वह्निमनुमापयेत्, न चैवमनुमापयति, तेन विपक्षासत्त्वं रूपम् । अथवाऽनित्यः शब्दः, काकस्य काष्ण्यात्, अत्र न पक्षधर्मः । अनित्यः शब्दः, श्रावणत्वात्, अत्र सपक्षविपक्षाभावादेव न सपक्षसत्त्वविपक्षासत्त्वे । अनित्यः शब्दः प्रमेयत्वात्, पटवत् । लोहलेख्यं वज्रं पार्थिवत्वात्, द्रुमादिवत् । सलोमा मण्डूकः, उत्प्लुत्योत्प्लुत्यगमनात्, हरिणवत् । निर्लोमा वा हरिणः उत्प्लुत्योत्प्लुत्यगमनात्, मण्डूकवत् । एष्वनित्यत्वादिसाध्यविपर्ययेऽपि हेतूनां वर्तनान्न विपक्षासत्त्वम् । तत एतानि त्रीणि समुदितानि रूपाणि यस्य हेतोर्भवन्ति, स एव हेतुः स्वसाध्यस्य गमको भवति, नापरः ।

ટીકાનો ભાવાનુવાદ :

જો પક્ષધર્મત્વ હેતુનું સ્વરૂપ ન માનીએ તો મહાનસ (રસોડા)માં જોયેલા ધૂમથી અન્યત્ર પવર્તાદિમાં પણ અગ્નિનું અનુમાન થવું જોઈએ. પણ તેવું નથી. તેથી (નિયતધર્મીમાં જ સાધ્યના અનુમાનની વ્યવસ્થા માટે) પક્ષધર્મત્વ હેતુનું સ્વરૂપ અવશ્ય માનવું જોઈએ. તેમજ જો સપક્ષસત્ત્વ હેતુનું સ્વરૂપ ન માનીએ, તો જે વ્યક્તિએ સાધ્ય અને સાધનનો અવિનાભાવસ્વરૂપસંબંધ ગ્રહણ કર્યો નથી, તેને (પ્રથમવાર) માત્ર ધૂમને જોઈને અગ્નિનું અનુમાન થઈ જવું જોઈએ. પરંતુ એવું અનુમાન થતું જણાતું નથી. તેથી સપક્ષસત્ત્વને પણ હેતુનું સ્વરૂપ માનવું જોઈએ. (જે વ્યક્તિએ સાધ્ય-સાધનના નિયતસાહચર્યસ્વરૂપ વ્યાપ્તિને જાણી નથી, તેને ધૂમ અગ્નિનું અનુમાન કરાવી શકતો નથી. તેથી સપક્ષસત્ત્વને પણ હેતુનું સ્વરૂપ માનવું જોઈએ.)

તે પ્રમાણે જો હેતુનું વિપક્ષાસત્ત્વ સ્વરૂપ નહિ માનો તો, ધૂમ હેતુ સાધ્યરહિત અર્થાત્

વિપક્ષભૂત જલાશયમાં વહ્નિનનું અનુમાન કરાવી દેત. પરંતુ એ રીતે હેતુ અનુમાપક બનતો નથી. તેથી હેતુનું વિપક્ષાસત્ત્વ સ્વરૂપ પણ માનવું જોઈએ.

અથવા શબ્દોઽનિત્યઃ કાકસ્ય કાર્ષ્ણ્યાત્–શબ્દ અનિત્ય છે. કારણ કે કાગડો કાળો છે. અહીં હેતુનું પક્ષમાં અસ્તિત્વ નથી. તેથી પક્ષધર્મત્વ હેતુનું સ્વરૂપ નથી. માટે હેતુ સાધ્યનો ગમક બનતો નથી.

શબ્દોઽનિત્યઃ શ્રાવણત્વાત્ । શબ્દ અનિત્ય છે કારણકે શ્રોત્રેન્દ્રિયથી ગ્રાહ્ય છે. અહીં સપક્ષ અને વિપક્ષ બંનેનો અભાવ છે. તેથી સપક્ષસત્ત્વ અને વિપક્ષાસત્ત્વ સ્વરૂપ હેતુના બે સ્વરૂપો નથી.

(૧) શબ્દોઽનિત્યઃ પ્રમેયત્વાત્ પટવત્ । શબ્દ અનિત્ય છે. કારણ કે પ્રમેય છે. અહીં પ્રમેયત્વ હેતુ સાધ્યવિપર્યય વિપક્ષમાં પણ રહે છે. તેથી વિપક્ષસત્ત્વ છે, વિપક્ષાસત્ત્વ હેતુનું સ્વરૂપ નથી.

(૨) વજ્રં લોહલેખ્યં પાર્થિવત્વાત્, દ્રુમાદિવત્ । વજ્ર લોખંડથી કપાય છે. કારણ કે પાર્થિવ (પૃથ્વી) છે, જેમકે વૃક્ષાદિ. અહીં પાર્થિવત્વહેતુ સાધ્યવિપર્યય વિપક્ષમાં રહેતો હોવાથી હેતુનું વિપક્ષાસત્ત્વ સ્વરૂપ નથી.

(૩) મણ્ડૂકઃ સલોમાઃ ઉત્પ્લુત્યોત્પ્લુત્યગમનાત્ હરિણવત્ । અહીં હેતુ વિપક્ષમાં રહે છે. માટે હેતુનું વિપક્ષાસત્ત્વ સ્વરૂપ નથી.

(૪) હરિણો નિર્લોમા, ઉત્પ્લૃત્યોત્પ્લુત્યગમનાત્, મણ્ડૂકવત્ । અહીં હેતુ વિપક્ષમાં રહે છે. માટે હેતુનું વિપક્ષાસત્ત્વ સ્વરૂપ નથી.

આમ ઉપરોક્ત ચારમાં હેતુ વિપક્ષમાં રહેતો હોવાથી હેતુનું વિપક્ષાસત્ત્વ સ્વરૂપ નથી, તેથી તે તે હેતુઓ સાધ્યના ગમક બનતા નથી.

તેથી આ ત્રણેરૂપો એકસાથે હેતુના હોય છે, ત્યારે જ તે હેતુ સ્વસાધ્યનો ગમક થાય છે. એક કે બે રૂપો હોય તો સ્વસાધ્યનો ગમક થતો નથી.

नन्वेतल्लक्षणा हेतवः कति भवन्तीति चेत् ? ननूक्तं पुरापि एतल्लक्षणा अनुपलब्धिस्वभावकार्याख्यास्त्रय एव हेतव इति । एषामुदाहरणानि प्रागेवोपदर्शितानि, तथापि पुनः स्वभावहेतुरुदाह्रियते, सर्वं क्षणिकमिति पक्षः, सत्त्वादिति हेतुः, अयं हेतुः सर्वस्मिन्वर्तत इति पक्षधर्मत्वम्, यत्सत्तत्क्षणिकं यथा विद्युदादीति सपक्षसत्त्वम् । यत्क्षणिकं न भवति, तत्सदपि न भवति, यथा खपुष्पम् । अत्र क्षणिकविपक्षे नित्ये

क्रमयौगपद्याभ्यामर्थक्रियालक्षणस्य सत्त्वस्यानुपपत्तितो नित्यात्सत्त्वस्य व्यावृत्तिरिति विपक्षासत्त्वम्, सच्च सर्वमित्युपनयः, सत्त्वात्सर्वं क्षणिकमिति निगमनम् । एवमन्यहेतुष्वपि ज्ञेयम् । यद्यपि व्याप्त्युपेतं पक्षधर्मतोपसंहाररूपं सौगतैरनुमानमान्मायि, तथापि मन्दमतीन्व्युत्पादयितुं पञ्चावयवानुमानदर्शन-मप्यदुष्टमिति । अयमत्र श्लोकद्वयस्य तात्पर्यार्थः, पक्षधर्मान्वयव्यतिरेकलक्षणरूपत्रयोपलक्षितानि त्रीण्यैव लिङ्गानि, अनुपलब्धिः, स्वभावः, कार्य, चेति ।

शंका : ત્રણ રૂપવાળા હેતુઓ કેટલા પ્રકારે હોય છે. ?

समाधान : પૂર્વે પણ અમે ત્રણ સ્વરૂપવાળા હેતુઓના (૧) અનુપલબ્ધિ, (૨) સ્વભાવ અને (૩) કાર્ય, એમ ત્રણ પ્રકારો કહ્યાહતા અને તેમના ઉદાહરણો પણ પૂર્વે બતાવી ચુક્યા છીએ. તો પણ પુનઃ સ્વભાવહેતુનું ઉદાહરણ આપીએ છીએ.

सर्वं क्षणिकम्, सत्त्वात् । અહીં सर्वं क्षणिकम् પક્ષ છે અને सत्त्वात् હેતુ છે. 'सत्त्व' હેતુ, પક્ષ સર્વમાં રહે છે. માટે હેતુનું પક્ષધર્મત્વ સ્વરૂપ છે.

यत् सत् तत् क्षणिकम् यथा विद्युदादि । અર્થાત્ જે સત્ છે તે ક્ષણિક હોય છે. જેમકે વીજળી વગેરે. અહીં સપક્ષમાં હેતુ રહે છે. તેથી હેતુનું સપક્ષસત્ત્વ સ્વરૂપ વિદ્યમાન છે.

यत् क्षणिकं न भवति, तत्सदपि न भवति, यथा खपुष्पम् । જે ક્ષણિક નથી, તે સત્ પણ નથી. જેમકે આકાશકુસુમ. (અહીં વિપક્ષમાં હેતુની અવૃત્તિ છે. તેથી હેતુનું વિપક્ષાસત્ત્વ સ્વરૂપ વિદ્યમાન છે.) વળી ક્ષણિકના વિપક્ષભૂત નિત્યમાં ક્રમથી કે યુગપદ્વડે અર્થક્રિયાસ્વરૂપ સત્ત્વની (પૂર્વે જણાવ્યા પ્રમાણે) સંગતિ થતી ન હોવાથી અર્થાત્ નિત્યમાં ક્રમ કે યુગપદ્થી અર્થક્રિયા ઘટતી ન હોવાથી વિપક્ષભૂત નિત્યમાંથી સત્ત્વરૂપ હેતુની વ્યાવૃત્તિ થાય છે. તેથી હેતુનું વિપક્ષાસત્ત્વ સ્વરૂપ છે.

तथा सच्च सर्वम् - સર્વ સત્ છે. આ પ્રમાણે ઉપનય છે. सत्त्वात् सर्वं क्षणिकम् -સત્ત્વ હોવાથી સર્વ ક્ષણિક છે. આ નિગમન છે.

આ રીતે અન્યહેતુઓમાં પણ જાણવું. જો કે વ્યાપ્તિયુક્ત પક્ષધર્મતાના ઉપસંહારસ્વરૂપ અનુમાન બૌદ્ધો વડે સ્વીકારાયેલું છે. તો પણ મંદબુદ્ધિવાળાઓના બોધ માટે પંચઅવયવયુક્ત અનુમાનવાક્ય બતાવેલું છે. તેમાં કોઈ દોષ નથી.

(ઉપરોક્ત) બે શ્લોકનો તાત્પર્યાર્થ એ છે કે - પક્ષધર્મત્વ, અન્વય અને વ્યતિરેક સ્વરૂપ ત્રણ રૂપોથી ઉપલક્ષિત લિંગ=હેતુના અનુપલબ્ધિ, સ્વભાવ અને કાર્ય એમ ત્રણ પ્રકારો છે.

अत्रानुक्तोऽपि विशेषः कश्चन लिख्यते । [1]तत्र प्रमाणादभिन्नमर्थाधिगम एव प्रमाणस्य फलम् । तर्कप्रत्यभिज्ञयोरप्रामाण्यं, परस्परविनिर्लुठितक्षणक्षयिपरमाणुलक्षणानि स्वलक्षणानि, प्रमाणगोचरस्तात्त्विकः । वासनारूपं कर्म, सुखदुःखे धर्माधर्मात्मके पर्याया एव सन्ति, न द्रव्यम् । वस्तुनि केवलं स्वसत्त्वमेव, न पुनः परासत्त्वमिति सामान्येन बौद्धमतम् । अथवा वैभाषिक-सौत्रान्तिक-योगाचार-माध्यमिक-भेदाच्चतुर्धा बौद्धा भवन्ति । तत्रार्यसमितीयापरनामकवैभाषिकमतमदः - चतुःक्षणिकं वस्तु । जातिर्जनयति । स्थिति स्थापयति । जरा जर्जरयति । विनाशो विनाशयति । तथात्मापि तथाविध एव पुद्गलश्चासावभिधीयते । निराकारो बोधोऽर्थसहभाव्येकसामग्र्यधीनस्तत्रार्थे प्रमाणमिति । सौत्रान्तिकमतं पुनरिदम्-रुपवेदनाविज्ञानसंज्ञासंस्काराः सर्वशरीरिणामेते पञ्च स्कन्धा विद्यन्ते, न पुनरात्मा । त एव हि परलोकगामिनः । तथा च तत्सिद्धान्तः[A] । पञ्चेमानि भिक्षवः संज्ञामात्रं प्रतिज्ञामात्रं संवृतिमात्रं व्यवहारमात्रम् । कतमानि पञ्च । अतीतोऽद्धा, अनागतोऽद्धा, सहेतुको विनाशः, आकाशं, पुद्गल इति । अत्र पुद्गलशब्देन परपरिकल्पितो नित्यत्वव्यापकत्वादिधर्मक आत्मेति । बाह्योऽर्थ नित्यमप्रत्यक्ष एव ज्ञानाकारान्यथानुपपत्त्या तु सन्नवगम्यते । साकारो बोधः प्रमाणम् । तथा क्षणिकाः सर्वसंस्काराः । स्वलक्षणं परमार्थः यदाहुस्तद्वादिनः । प्रतिक्षणं विशरारवो रुपरसगन्धस्पर्शपरमाणवो ज्ञानं चेत्येव तत्त्वमिति [ ] । अन्यापोहः शब्दार्थः । तदुत्पत्तितदाकारताभ्यामर्थपरिच्छेदः । नैरात्म्यभावनातो ज्ञानसंतानोच्छेदो मोक्ष इति ।

ટીકાનો ભાવાનુવાદ :

અહીં મૂળ શ્લોકમાં નહિ કહેલું પણ કંઈક વિશેષ કહેવાય છે.

અર્થાધિગમ પ્રમાણનું ફળ છે કે જે પ્રમાણથી સર્વથા અભિન્ન હોય છે. તર્ક અને પ્રત્યભિજ્ઞા પ્રમાણભૂત નથી. સ્વલક્ષણ પરસ્પર અત્યંતભિન્ન ક્ષણિક પરમાણુરૂપ હોય છે. તે જ પ્રમાણનો તાત્ત્વિકવિષય છે. કર્મ વાસનારૂપ છે. સુખ અને દુઃખ ધર્માધર્મસ્વરૂપ પર્યાયો જ છે, દ્રવ્યરૂપ નથી. વસ્તુમાં માત્ર સ્વરૂપસત્ત્વ જ હોય છે. પરંતુ પરાસત્ત્વ હોતું નથી. અર્થાત્ પરસ્વરૂપે અસત્ત્વ (નાસ્તિતા) હોતું નથી. આ સામાન્યથી બૌદ્ધમતનું નિરૂપણ છે.

1 द्वादशैव पदार्थो आयतनसंज्ञयोच्यंते, तद्यथा-पञ्चेन्द्रियाणि पञ्च शब्दादयो मनो धर्मायतनं च । धर्मास्तु सुखादयो विज्ञेयाः अविसंवादिज्ञानं प्रमाणमिति प्रमाणस्य लक्षणं । प्रत्यक्षानुमाने द्वे एव प्रमाणे । इति प्रत्यन्तरेऽधिकः पाठो दरीदृश्यते ।

A આ વાત માધ્ય વૃ૦ પૃ૦ ૩૮૯ ઉપર જોવા મળે છે.

અથવા વૈભાષિક સૌત્રાન્તિક, યોગાચાર, માધ્યમિકના ભેદથી ચાર પ્રકારે બૌદ્ધો છે. **તેમાં આર્યસમિતીય જેનું બીજું નામ છે તે વૈભાષિકનો મત આ છે** - વસ્તુ ચાર ક્ષણસ્થાયી હોય છે. અર્થાત્ ચારક્ષણ પર્યન્ત રહે છે. જન્મ (ક્ષણને) ઉત્પન્ન કરે છે. સ્થિતિ સ્થાપન કરે છે. જરા જર્જરીત કરે છે અને વિનાશ નાશ કરે છે. આત્મા પણ ચારક્ષણ સ્થાયી છે અને તેવા પ્રકારના આત્માને જ પુદ્ગલ કહેવાય છે.

અર્થની સાથે ઉત્પન્નથનાર તથા એકસામગ્રીને આધીન છે, એવો નિરાકારબોધ અર્થમાં પ્રમાણ છે. (અહીં યાદ રાખવું કે - જેમ પૂર્વ-અર્થક્ષણથી ઉત્તર-અર્થક્ષણ ઉત્પન્ન થાય છે, તે જ રીતે તેનાથી જ્ઞાન પણ ઉત્પન્ન થાય છે. પૂર્વ-અર્થક્ષણ ઉત્તર-અર્થક્ષણમાં ઉપાદાનકારણ હોય છે અને જ્ઞાનમાં નિમિત્તકારણ હોય છે.)

સૌત્રાન્તિક મત આ છે - સર્વ જીવોના રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર, આ પાંચ સ્કન્ધો હોય છે, પરંતુ આત્મા નથી. તે જ સ્કન્ધો પરલોકમાં જાય છે. તેઓને તે (સ્પષ્ટ) સિદ્ધાંત છે કે... હે ભિક્ષુઓ એ પાંચે વસ્તુઓ સંજ્ઞામાત્ર છે, પ્રતિજ્ઞામાત્ર છે, સંવૃત્તિમાત્ર છે અને વ્યવહારમાત્ર છે. તે પાંચ વસ્તુઓ કઈ છે ? (૧) અતીતકાલ (૨) અનાગતકાલ, (૩) સહેતુક વિનાશ, (૪) આકાશ, (૫) પુદ્ગલ.

અહીં પુદ્ગલ શબ્દથી નૈયાયિકઆદિ પરપરિકલ્પિત નિત્ય-વ્યાપક ધર્મવાળા આત્મા અર્થનો અભિપ્રાય છે. અર્થાત્ નૈયાયિક આદિદ્વારા મનાયેલો નિત્ય-વ્યાપક ધર્મવાળો આત્મા છે, તે જ બૌદ્ધાએ માનેલ પુદ્ગલ છે. બાહ્યાર્થ હંમેશ અપ્રત્યક્ષ જ રહે છે. તે બાહ્યાર્થની સત્તાનું જ્ઞાન તો જ્ઞાનમાં પ્રતિબિંબિત આકારથી જ કરાય છે. અર્થાત્ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતો આકાર અન્યથા અનુત્પન્ન રહે છે. તેથી બાહ્યાર્થની સત્તાનું અનુમાન કરાય છે. સાકારબોધ જ પ્રમાણ છે. તથા સર્વ સંસ્કારો ક્ષણિક છે. સ્વલક્ષણ જ વાસ્તવિક અર્થ છે. પ્રતિક્ષણ વિનાશ પામતા રૂપ, રસ, ગંધ, તથા સ્પર્શના પરમાણુઓ તથા જ્ઞાન જ તત્ત્વ છે. શબ્દનો અર્થ (વાચ્ય) (વિધિરૂપ હોતો નથી. પરંતુ) અન્યાપોહરૂપ હોય છે. જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન થઈને તથા પદાર્થના આકારને ગ્રહણ કરીને અર્થનું પરિચ્છેદક બને છે. નૈરાત્મ્યભાવનાથી જ્ઞાનની સંતાનનો સર્વથા ઉચ્છેદ થાય છે અને તે જ મોક્ષ છે

योगाचारमतं त्विदम्-विज्ञानमात्रमिदं भुवनम्, नास्ति बाह्योऽर्थः, ज्ञानाद्वैतस्यैव तात्त्विकत्वात् । अनेके ज्ञानसंतानाः । साकारो बोधः प्रमाणम् । वासनापरिपाकतो नीलपीतादिप्रतिभासाः । आलयविज्ञानं हि सर्ववासनाधारभूतम् । आलयविज्ञान-विशुद्धिरेवापवर्ग इति । माध्यमिकदर्शने तु-शून्यमिदं, स्वप्नोपमः प्रमाणप्रमेययोः प्रविभागः । "मुक्तिस्तु शून्यतादृष्टेः, तदर्थं शेषभावना" [प्र.वा० १/२५६] इति ।

केचित्तु माध्यमिकाः स्वस्थं ज्ञानमाहुः । तदुक्तम्-"अर्थो ज्ञानसमन्वितो मतिमता वैभाषिकेणोच्यते, प्रत्यक्षो नहि बाह्यवस्तुविस्तरः (विसरः) सौत्रान्तिकैराश्रितः । यौगाचारमतानुगैरभिमता साकारबुद्धिः परा, मन्यन्ते बत मध्यमाः कृतधियः स्वस्थां परां संविदम् ।। १ ।।" [ ] इति । ज्ञानपारमिताद्या दशग्रन्थाः । तर्कभाषा हेतुबिन्दुस्तट्टीकार्चटतर्कनाम्नी प्रमाणवार्तिकं तत्त्वसंग्रहो न्यायबिन्दुः कमलशीलो न्यायप्रवेशकश्चेत्यादयस्तद्ग्रन्था इति ।।

एवं बौद्धमतमभिधाय तदेव संचिक्षिप्सुरुत्तरं चाभिसंधित्सुराह-

बौद्धराद्धान्तवाच्यस्य संक्षेपोऽयं निवेदितः ।

बौद्धाराद्धन्तस्य सौगतसिद्धान्तस्य यद्वाच्यं तस्य संक्षेपोऽयमनन्तरोदितो निवेदितोऽभिहितः । इति श्रीतपागणनभोंगणदिनमणिश्रीदेवसुन्दरसूरिक्रमकमलोपजीविशिष्यश्रीगुणरत्नसूरिविरचितायां तर्करहस्यदीपिकाभिधानायां षड्दर्शनसमुच्चयटीकायां बौद्धमतप्रकटनो नाम प्रथमोऽधिकारः ।।

टीकानो भावानुवाद :

योगाचारमत आ प्रकारे छे - आ संसारमात्र विज्ञानस्वरूप ज छे. बाह्य अर्थनी सत्ता नथी. कारण के ज्ञानाद्वैत ज तात्त्विक छे. ज्ञानसंतान अनेक छे. साकारबोध प्रमाण छे. अनादिकालीन वासनाना परिपाकथी ज ज्ञानमां नील, पीतादि अनेक आकारोनो प्रतिभास थाय छे. आलयविज्ञान (अहंरूपे भासतुं ज्ञान) ज सर्व वासनाओनो आधार छे. आलयविज्ञाननी विशुद्धिने ज मोक्ष कहेवाय छे.

माध्यमिकमत आ प्रकारे छे - आ जगत शून्य छे. प्रमाण अने प्रमेयनो विभाग स्वप्न जेवो ज छे. शून्यताना दर्शनथी मुक्ति थाय छे अने क्षणिकत्वादि शेषभावनाओ शून्यताना पोषण माटे ज छे. कोईक माध्यमिको ज्ञानने साकार माने छे. (कोई बाह्य पदार्थ आलंबन नथी होतो, ते निरालंबन ज होय छे.) कह्युं छे के- "मतिमान् वैभाषिक ज्ञान अने अर्थनो स्वीकार करे छे. सौत्रान्तिक बाह्यवस्तुना आ विस्तारने प्रत्यक्ष मानतो नथी. योगाचार साकारबुद्धिने ज परमतत्त्व माने छे अने माध्यमिको स्वकार=निरालंबन ज्ञानने ज परमतत्त्व माने छे"

बौद्धोना ज्ञानपारमिता वगेरे दस ग्रंथो छे. तर्कभाषा, हेतुबिंदु, अर्चटकृत हेतुबिंदुनी

અર્ચટતર્ક નામની ટીકા, પ્રમાણવાર્તિક, તત્ત્વસંગ્રહ, ન્યાયબિંદુ, કમલશીલકૃત તત્ત્વસંગ્રહ પંજિકા, ન્યાયપ્રવેશઇત્યાદિ બૌદ્ધોના પ્રસિદ્ધગ્રંથો છે.

આ પ્રમાણે બૌદ્ધમતનું કથનકરીને, તેનો ઉપસંહાર કરવા માટે તથા ઉત્તરપ્રકારનો પ્રારંભ કરવા માટે ગ્રંથકાર શ્રી કહે છે કે...

આ બૌદ્ધ સિદ્ધાંતનું સંક્ષિપ્ત વર્ણન કરાયું. બૌદ્ધસિદ્ધાંતનો જે વાચ્યાર્થ છે, તેનો સંક્ષેપ આ નજીકમાં કહેવાયો.

॥ શ્રી તપાગચ્છરૂપી આકાશમાં સૂર્યસમાન પ્રતાપી શ્રીદેવસુંદરસૂરિના ચરણકમલના ઉપાસક શ્રીગુણરત્નસૂરિ વિરચિત તર્કરહસ્યદીપિક નામની ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથની ટીકામાં બૌદ્ધમતને પ્રગટ કરવાવાળો પ્રથમ અધિકાર સાનુવાદ પૂર્ણ થયો. ॥

।। अथ द्वितीयोऽधिकारः ।। ।। नैयायिक दर्शन ।।

नैयायिकमतस्येतः, कथ्यमानो निशम्यताम् ।। १२ ।।

श्लोकार्थ : अहींथी कहेवातो नैयायिकमत सांभळो. ॥१२॥

नैयायिकमतस्य शैवशासनस्य संक्षेप इत उर्ध्वं कथ्यमानो निशम्यतां श्रूयताम् ।।

अथादौ नैयायिकानां यौगापराभिधानानां लिङ्गादिव्यक्तिरुच्यते । ते च दण्डधराः प्रौढकौपीनपरिधानाः, कम्बलिकाप्रावृताः, जटाधारिणः, भस्मोद्धूलनपराः यज्ञोपवीतिनः, जलाधारपात्रकराः, नीरसाहाराः, प्रायो वनवासिनो द्वोर्मूले तुम्बकं बिभ्राणाः, कन्दमूलफलाशिनः, आतिथ्यकर्मनिरताः, सस्त्रीकाः, निस्त्रीकाश्च । निस्त्रीकास्तेषूत्तमा; । ते च पञ्चाग्निसाधनपराः करे जटादौ च प्राणलिङ्गधराश्चापि भवन्ति । उत्तमां संयमावस्थां प्राप्तास्तु नग्ना भ्रमन्ति । एते प्रातर्दन्तपादादिशौचं विधाय शिवं ध्यायन्तो भस्मनाङ्गं त्रिस्त्रिः स्पृशन्ति । यजमानो वन्दमानः कृताञ्जलिर्वक्ति "ओं नमः शिवाय" इति । गुरुस्तथैव "शिवाय नमः" इति प्रतिवक्ति । ते च संसद्येवं वदन्ति-

"शैवीं दीक्षां द्वादशाब्दीं सेवित्वा योऽपि मुञ्चति । दासी दासोऽपि भवति सोऽपि निर्वाणमृच्छति ।।१।।" [ ]

तेषामीश्वरो देवः सर्वज्ञः सृष्टिसंहारादिकृत् । तस्य चाष्टादशावतारा अमी-नकुली १, शोष्यकौशिकः २, गार्ग्यः ३, मैत्र्यः ४, अकौरुषः ५, ईशानः ६, पारगार्ग्यः ७, कपिलाण्डः ८, मनुष्यकः ९, कुशिकः १०, अत्रिः ११, पिङ्गलः १२, पुष्पकः १३, बृहदार्यः १४, अगस्तिः १५, संतानः १६, राशीकरः १७, विद्यागुरुश्च १८ । एते तेषां तीर्थेशाः पूजनीयाः । एतेषां पूजाप्रणिधानविधिस्तु तदागमाद्वेदितव्यः । तेषां सर्वतीर्थेषु भरटा एव पूजकाः । देवानां नमस्कारो न सन्मुखैः कार्यः । तेषु ये निर्विकारास्ते स्वमीमांसागतमिदं पद्यं दर्शयन्ति-"न स्वर्धुनी न फणिनो न कपालदाम, नेन्दोः कला न गिरिजा न जटा न भस्म । यत्रान्यदेव च न किंचिदुपास्महे तद्रुपं पुराणमुनिशीलितमीश्वरस्य ।। १ ।। स एव योगिनां सेव्यो ह्यर्वाचीनस्तु भोगभाक् । स ध्यायमानो राज्यादिसुखलुब्धैर्निषेव्यते ।। २ ।।" उक्तं च तैः स्वयोगशास्त्रे-"वीतरागं स्मरन्योगी वीतरागत्वमश्नुते, सरागं ध्यायतस्तस्य सरागत्वं तु निश्चितम् ।। ३ ।। येन येन हि भावेन युज्यते यन्त्रवाहकः । तेन तन्मयतां याति विश्वरूपो मणिर्यथा ।। ४ ।।" इति ।।

ટીકાનો ભાવાનુવાદ :

અહીંથી આગળ કહેવાતો નૈયાયિકમત કે જેનું બીજું નામ શૈવશાસન છે. તેનો સંક્ષેપ સાંભળો.

હવે શરૂઆતમાં યૌગ જેનું બીજુંનામ છે તે નૈયાયિકોના લિંગ, વેષ અને આચારને કહે છે. તે નૈયાયિકો દંડને ધારણકરનારા, પ્રૌઢ લંગોટીને ધારણ કરનારા, શરીરઉપર ભસ્મ લગાડનારા, જનોઇને ધારણ કરનારા, હાથમાં પાણીરાખવા તુંબડું રાખનારા, નીરસ આહાર કરનારા, કંદમૂલ અને ફલ ખાનારા, આતિથ્યકર્મમાં નિરત, સ્ત્રીને રાખનારા અને સ્ત્રીને નહીં રાખનારા હોય છે. તે નૈયાયિકોમાં સ્ત્રી નહીં રાખનારા ઉત્તમ કહેવાય છે. તેઓ પંચાગ્નિની સાધનામાં રક્ત હોય છે. (રુદ્રાક્ષની માળા કે જેને પ્રાણલિંગ કહેવાય છે.) હાથમાં અને જટાદિમાં તે પ્રાણલિંગને ધારણકરનારા હોય છે. વળી ઉત્તમસંયમાવસ્થાને પ્રાપ્ત કરેલા નગ્ન ફરે છે.

તેઓ સવારે દંતમંજન અને પગાદિની શુદ્ધિકરીને શિવનું ધ્યાનકરતા ભસ્મવડે અંગ ઉપર ત્રણ-ત્રણ વાર સ્પર્શ કરે છે. અર્થાત્ શરીરના અમુકઅંગો ઉપર ભસ્મની [1]ત્રણ-ત્રણ લાઇનો કરે છે.

વંદન કરતો યજમાન અંજલીપૂર્વક "ૐ નમ: શિવાય" બોલે છે. અને ગુરુ સામે "શિવાય નમ:" બોલે છે.

તેઓ સભામાં આ પ્રમાણે કહે છે - "જે શૈવધર્મના દાસી કે દાસ પણ શૈવશાસનની દીક્ષાને બારવર્ષ સેવીને મુકે છે, તે પણ નિર્વાણને પામે છે ॥૧॥"

સૃષ્ટિ અને સંહાર કરનારા સર્વજ્ઞ દેવ તેઓના ઈશ્વર છે. તે ઇશ્વરના અઢારઅવતાર છે. તે આ પ્રમાણે - (૧) નકુલી, (૨) શૌષ્યકૌશિક, (૩) ગાર્ગ્ય, (૪) મૈત્ર્ય, (૫) અકૌરુષ, (૬) ઇશાન, (૭) પારગાર્ગ્ય, (૮) કપિલાણ્ડ, (૯) મનુષ્યક, (૧૦) કુશિક, (૧૧) અત્રિ, (૧૨) પિંગલ, (૧૩) પુષ્પક, (૧૪) બૃહદાર્ય, (૧૫) અગસ્તિ, (૧૬) સંતાન, (૧૭) રાશીકર, (૧૮) વિદ્યાગુરુ.

આ તે નૈયાયિકોના પૂજનીય તીર્થંકરો (તીર્થને કરનારા) છે. આ તીર્થેશોની પૂજા-પ્રણિધાનની વિધિ તેમના શાસ્ત્રથી જાણી લેવી. તેઓના સર્વતીર્થોમાં ભરટો (દાસો) જ પૂજાકરનાર હોય છે.

---

૧. મસ્તક હૃદય નાભિઉપર ત્રણ લાઇન કરે છે. મસ્તકઉપર શિવનો વાસ માને છે. હૃદય ઉપર બ્રહ્માનો વાસ માને છે. નાભિઉપર વિષ્ણુનો વાસ માને છે.

તે દેવોને સામેથી નમસ્કાર કરતા નથી. તેઓમાં જેઓ નિર્વિકાર છે, તેઓ પોતાની મીમાંસાના આ પદ્યને કહે છે. "અમે તો પ્રાચીન મુનિઓદ્વારા ધ્યાન કરાયેલા ઈશ્વરના તે નિર્વિકાર સ્વરૂપની ઉપાસના કરીએ છે. જેમાં ન તો સ્વર્ગગંગા છે, ન તો સર્પ છે, ન તો મુંડમાલા છે, ન ચંદ્રમાની કલા છે, ન અર્ધાશરીરમાં પાર્વતી છે, ન જટા છે, ન ભસ્મનો લેપ છે તથા આવી અન્ય કોઈ ઉપાધિઓ નથી, તેવા નિરૂપાધિ નિર્વિકાર ઇશ્વર (અમારે) ઉપાસ્ય છે. (૧) (ઉપર કહ્યા તેવા) ઈશ્વરનું નિર્ગુણ-નિર્વિકાર સ્વરૂપ જ યોગિઓદ્વારા સેવ્ય છે. આજે ઈશ્વરનું જે સ્વરૂપ પૂજાય છે તે તો ભોગરૂપ છે. અને રાજ્યાદિ ઐહિકસુખોના લોલુપ જીવો જ તે સ્વરૂપની ઉપાસના કરે છે. (૨)"

તેઓએ પોતાના યોગશાસ્ત્રમાં કહ્યું પણ છે કે... "વીતરાગનું સ્મરણ-ધ્યાન કરનાર યોગી વીતરાગતાને પ્રાપ્ત કરી લે છે. અને સરાગનું ધ્યાન કરવાવાળાની સરાગતા નિશ્ચિત છે. (૧) (તાત્પર્ય એ છે કે...) મનરૂપ યંત્રને ચલાવવાવાળો આત્મા (યંત્રવાહક) જે જે ભાવથી યુક્ત થઈ જેનું જેનું ધ્યાન કરે છે, તે સ્વયં તન્મય થઈ જાય છે. જેમકે સ્ફટિક મણિને જે જે પ્રકારની ઉપાધિઓ મળે છે, (ત્યારે) તેનો રંગ તે તે ઉપાધિઓને અનુસારે અનેકપ્રકારનો થઈ જાય છે.

एतत्सर्वं लिङ्गवेषदेवादिस्वरूपं वैशेषिकमतेऽप्यवसातव्यं, यतो नैयायिकवैशेषिकाणां हि मिथः प्रमाणतत्त्वानां संख्याभेदे सत्यप्यन्योन्यं तत्त्वानामन्तर्भावनेऽल्पीयानेव भेदो जायते । तेनैतेषां प्रायो मततुल्यता । उभयेऽप्येते तपस्विनोऽभिधीयन्ते । ते च शैवादिभेदेन चतुर्धा भवन्ति । तदुक्तम्-

"आधारभस्मकौपीनजटायज्ञोपवीतिनः ।
स्वस्वाचारादिभेदेन चतुर्धा स्युस्तपस्विनः ।। १ ।।
शैवाः पाशुपताश्चैव महाव्रतधरास्तथा ।
तुर्याः कालमुखा मुख्या भेदा एते तपस्विनाम् ।। २ ।।"

तेषामन्तर्भेदा भरटभक्तरलैङ्गिकतापसादयो भवन्ति । भरटादीनां व्रतग्रहणे ब्राह्मणादिवर्णनियमो नास्ति । यस्तु तु शिवे भक्तिः स व्रती भरटादिर्भवेत् । परं शास्त्रेषु नैयायिकाः सदा शिवभक्तत्वाच्छैवा इत्युच्यन्ते, वैशेषिकास्तु पाशुपता इति । तेन नैयायिकशासनं शैवमाख्यायते, वैशेषिकदर्शनं च पाशुपतमिति । इदं मया यथाश्रुतं यथादृष्टं चात्राभिदधे । तत्तद्विशेषस्तु तद्ग्रन्थेभ्यो विज्ञेयः ।। १२ ।।

ટીકાનો ભાવાનુવાદ :

આ લિંગ, વેષ, દેવાદિનું સ્વરૂપ છે. તે સર્વ વૈશેષિકમતમાં પણ જાણવું, કારણકે નૈયાયિકો અને વૈશેષિકોને પરસ્પરપ્રમાણ અને તત્ત્વોની સંખ્યામાં ભેદ હોવા છતાં પણ અન્યોન્ય તત્ત્વોનો અંતર્ભાવ થતો હોવાથી ખૂબ અલ્પ જ ભેદ (ભિન્નતા) છે. તેથી નૈયાયિકો અને વૈશેષિકોના મતની પ્રાયઃ તુલ્યતા છે. બંને પણ તપસ્વીઓ કહેવાય છે. તે શૈવાદિના ભેદથી ચાર પ્રકારના છે. તેથી કહ્યું છે કે-

"આધાર (રહેવાનું સ્થાન, આસન આદિ,) ભસ્મ, લંગોટી, જટા અને જનોઈને ધારણ કરનારા તપસ્વિઓ પોત-પોતાના આચારાદિની ભિન્નતાના કારણે ચાર પ્રકારના છે. ॥૧॥ આ તપસ્વિઓના શૈવ, પાશુપત, મહાવ્રતધર તથા ચોથા કાલમુખ (એમ) મુખ્ય ચાર ભેદો છે. ॥૨॥"

તેઓના આંતર્ભેદો ભરટ, ભક્ત, લૈઙ્ગિક, તાપસાદિ છે. ભરટાદિ નિયમ-વ્રતગ્રહણમાં બ્રાહ્મણાદિવર્ણનો નિયમ નથી. પણ જેની શિવમાં ભક્તિ છે, તે વ્રત લઇને ભરટાદિ થાય છે.

પરંતુ નૈયાયિકો હંમેશાં શિવના ભક્ત હોવાથી શાસ્ત્રોમાં તેમને 'શૈવ' કહેવાય છે, પણ વૈશેષિકો 'પાશુપત' કહેવાય છે. તેથી નૈયાયિકશાસન 'શૈવશાસન' કહેવાય છે અને વૈશેષિકદર્શન 'પાશુપત શાસન' કહેવાય છે. આ મારા વડે જે પ્રમાણે પરંપરાથી સંભળાયું અને જે પ્રમાણે જોવાયું છે, તે પ્રમાણે કહેવાયું છે. પણ તે તે વિષયમાં વિશેષ જાણવું હોય, તેને તે તે ગ્રંથોથી જાણવું. ॥૧૨॥

अथ पूर्वप्रतिज्ञातं नैयायिकमतसंक्षेपमेवाह ।

હવે પૂર્વેની પ્રતિજ્ઞાનુસાર નૈયાયિકમતના સંક્ષેપને ગ્રંથકારશ્રી કહે છે.

अक्षपादमते देवः सृष्टिसंहारकृच्छिवः ।
विभुर्नित्यैकसर्वज्ञो नित्यबुद्धिसमाश्रयः ।। १३ ।।

શ્લોકાર્થ : અક્ષપાદ (નૈયાયિક)મતમાં વિભુ, નિત્ય, એક, સર્વજ્ઞ, નિત્યબુદ્ધિના આશ્રય (નિત્યજ્ઞાનવાળા), જગતનું સર્જન અને વિસર્જનકરનારા દેવ શિવ છે.

व्याख्या-अक्षपादेनाद्येन गुरुणा यतः प्रणीतं नैयायिकमतस्य मूलसूत्रं, तेन नैयायिका आक्षपादा अभिधीयन्ते, तन्मतं चाक्षपादमतमिति । तस्मिन्नाक्षपादमते शिवो महेश्वरः, सृष्टिश्चराचरस्य जगतो निर्माणं, संहारस्तद्विनाशः, द्वन्द्वे सृष्टिसंहारौ, तावसावचिन्त्य-शक्तिमाहात्म्येन करोतीति सृष्टिसंहारकृत् । केवलायाः सृष्टेः करणे निरन्तरोत्पा-द्यमानोऽसंख्यः प्राणिगणो भुवनत्रयेऽपि न मायादिति सृष्टिवत्संहारस्यापि करणम् । अत्र

प्रयोगमेवं शैवा व्यावहरन्ते । भूभूधरसुधाकरदिनकरमकराकरादिकं बुद्धिमत्पूर्वकं, कार्यत्वात् । यद्यत्कार्यं तत्तद्बुद्धिमत्पूर्वकं, यथा घटः, कार्य चेदं, तस्माद्बुद्धिमत्पूर्वकम् । यश्चास्य बुद्धिमान्स्रष्टा, स ईश्वर एवेत्यन्वयः । व्यतिरेके गगनम् । न चायमसिद्धो हेतुः, भूभूधरादीनां स्वस्वकारणकलापजन्यत्वेनावयवितया वा कार्यत्वस्य जगति सुप्रसिद्धत्वात् । नापि विरुद्धोऽनैकान्तिको वा, विपक्षादत्यन्तं व्यावृत्तत्वात् । नापि कालात्ययापदिष्टः प्रत्यक्षागमाबाध्यमानसाध्यधर्मधर्मिविषये हेतोः प्रवर्तनात् । नापि प्रकरणसमः, तत्प्रतिपन्थिपदार्थस्वरूपसमर्थनप्रथितप्रत्यनुमानोदयाभावात् । अथ निर्वृतात्मवदशरीरत्वादेव न संभवति सृष्टिसंहारकर्तेश्वर इति प्रत्यनुमानोदयात्कथं न प्रकरणसम इति चेत्, उच्यते, अत्र त्वदीयानुमाने साध्यमान ईश्वरो धर्मी त्वया प्रतीतोऽप्रतीतो वाभिप्रेयते । अप्रतीतश्चेत्, तदा त्वत्परिकल्पितहेतो-राश्रयासिद्धिदोषः प्रसज्येत । प्रतीतश्चेत्, तर्हि येन प्रमाणेन प्रतीतस्तेनैव स्वयमुद्भा-वितनिजतनुरपि किमिति नाभ्युपेयत इति कथमशरीरत्वम् । ततो न प्रकरणसमदोषता हेतोः, अतः साधूक्तं "सृष्टिसंहारकृच्छिवः" इति । तथा विभुराकाशवत्सर्वजगद्व्यापकः । नियतैकस्थानवर्तित्वे ह्यनियतप्रदेशवर्तिनां पदार्थानां प्रतिनियतयथावन्निर्माणानुपपत्तेः । न ह्येकस्थानस्थितः कुम्भकारोऽपि दूरतरघटादिघटनायां व्याप्रियते, तस्माद्विभुः तथा नित्यैकसर्वज्ञः ।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : (જેમનું બીજું નામ ગૌતમ છે તે) અક્ષપાદ નામના આદ્યગુરુ વડે નૈયાયિકમતનું મૂલસૂત્ર રચાયેલું છે. તેથી નૈયાયિકો 'આક્ષપાદ' પણ કહેવાય છે અને તેઓનો મત આક્ષપાદમત કહેવાય છે.

તે આક્ષપાદમતમાં શિવ=મહેશ્વર ચરાચર જગત(સૃષ્ટિ)નું નિર્માણ(સર્જન) અને તેનું વિસર્જન (નાશ) કરનાર છે. તે મહેશ્વર જગતનું સર્જન અને નાશ અચિન્ત્યશક્તિના માહાત્મ્યથી કરે છે.

તે મહેશ્વર જો માત્ર જગતના સર્જનમાં જ પ્રવૃત્ત છે, એમ માનશો તો નિરંતર ઉત્પન્નથતો અસંખ્ય પ્રાણીઓનો સમુહ ત્રણભુવનમાં પણ નહીં સમાય. તેથી તે મહેશ્વર જગતના સર્જનની જેમ જગતનો વિનાશ પણ કરે છે. અહીં ઈશ્વરના જગત્કર્તૃત્વની સિદ્ધિમાટે નૈયાયિકો આ પ્રમાણેના અનુમાનપ્રયોગનો વ્યવહાર કરે છે.

भूभूधरसुधाकरदिनकरमकराकरादिकं बुद्धिमत्पूर्वकं, कार्यत्वात् । અર્થાત્ પૃથ્વી, પર્વત, ચંદ્ર, સૂર્ય અને સમુદ્રાદિમાં બુદ્ધિમત્પૂર્વકત્વ છે. કારણ કે તે પૃથ્વીઆદિ કાર્ય છે. જેમકે यत् यत् कार्यं तत् तत् बुद्धिमत्पूर्वकं, यथा घटः- અર્થાત્ જેમ ઘટ કાર્ય છે. તેથી તેમાં બુદ્ધિમત્પૂર્વકત્વ છે. એટલે કે બુદ્ધિમાન દ્વારા બનેલ છે. (તેમ પૃથ્વી આદિ પણ કાર્ય હોવાથી બુદ્ધિમાન પુરૂષદ્વારા બનેલ છે તે અનુમાનથી સિદ્ધ થાય છે.) અને આ પૃથ્વીઆદિ કાર્ય છે. તેથી તેમાં બુદ્ધિમત્પૂર્વકત્વ છે અને પૃથ્વી આદિનો જે બુદ્ધિમાન્ સર્જનકાર છે, તે ઈશ્વર જ છે. આ અન્વયથી આ જગતના સર્જનકાર [૨]ઈશ્વર સિદ્ધ થાય છે.

વળી જે જે બુદ્ધિમત્પૂર્વક નથી, તે તે કાર્ય નથી. જેમકે આકાશ. આ વ્યતિરેકથી પણ સિદ્ધ થાય છે કે જે કાર્ય હોય છે, તે બુદ્ધિમાન્કર્તાદ્વારા બનેલ હોય છે અને પૃથ્વી આદિમાં કર્તૃત્વ આપણા જેવાનું સંભવતું નથી. તેથી પૃથ્વી આદિના કર્તાતરીકે ઈશ્વરની સિદ્ધિ થાય છે.

પૂર્વપક્ષ : भूभूधरसुधाकरदिनकरमकराकरादिकं बुद्धिमत्पूर्वकं कार्यत्वात् । આ પ્રયોગમાં કાર્યત્વ હેતુ [૩]અસિદ્ધ છે. કારણકે પૃથ્વી આદિમાં કાર્યત્વ નથી. પક્ષમાં હેતુની અવૃત્તિ હોવાથી હેતુ અસિદ્ધ છે.

ઉત્તરપક્ષ (નૈયાયિક) : તમારી વાત બરાબર નથી. (કારણ કે કાર્યત્વ હેતુ અસિદ્ધ નથી.) કેમકે જગતમાં પૃથ્વી, પર્વતઆદિ પોત-પોતાના કારણ-કલાપથી ઉત્પન્નથતા અથવા અવયવિપણાથી કાર્ય તરીકે પ્રસિદ્ધ છે. તેથી પૃથ્વીઆદિમાં કાર્યત્વ રહેલું છે. (અવયવના સમુહને અવયવી કહેવાય છે. જુદા જુદા અવયવો ભેગામળીને અવયવી બને છે. તેથી અવયવી પૃથ્વીઆદિ પણ કાર્ય છે. પણ આકાશ અવયવનોસમુહ ન હોવાના કારણે કાર્ય નથી). આથી કાર્યત્વ હેતુ "भूभूधः.." પક્ષમાં રહે છે. તેથી અસિદ્ધ નથી.

વળી કાર્યત્વ હેતુ વિરુદ્ધ કે અનૈકાન્તિક પણ નથી. કારણકે વિપક્ષથી અત્યંત વ્યાવૃત્ત છે. એટલે કે વિપક્ષ એવા આકાશમાં કાર્યત્વ હેતુ રહેતો ન હોવાથી, કાર્યત્વ હેતુ વિરુદ્ધ કે અનૈકાન્તિક નથી. (विपक्षे सन्सपक्षे चासन् विरुद्धः અર્થાત્ જે હેતુ વિપક્ષમાં રહેતો હોય અને સપક્ષમાં ન રહેતો હોય

(૨) ઈશ્વરનું જગત્કર્તૃત્વ કેવી રીતે છે તે બતાવે છે. न च तत्कर्तृत्वमस्मदादीनां संभवतीत्यतस्तत्कर्तृत्वेनेश्वरसिद्धिः (न्याय. सि.मु) અર્થાત્ (ઉપર જે અનુમાનદ્વારા સિદ્ધ કર્યું કે જે જે કાર્ય છે તે તે બુદ્ધિમત્પૂર્વક હોય છે.
ત્યાં પૃથ્વી આદિનું કર્તૃત્વ આપણા જેવાઓનું સંભવતું નથી (કારણ કે આપણને તે તે કાર્યના ઉપાદાનકારણોનું જ્ઞાન નથી.) તેથી પૃથ્વીઆદિના કર્તાતરીકે ઈશ્વરની સિદ્ધિ થાય છે. (કારણકે નિત્યજ્ઞાનવાળા ઇશ્વરને તે તે કાર્યના ઉપાદાનકારણોનું જ્ઞાન હોય છે.)

(૩) અહીં અસિદ્ધથી સ્વરુપાસિદ્ધ સમજવો. यो हेतुः पक्षे न वर्तते स स्वरुपासिद्धः-જે હેતુ પક્ષમાં ન રહેતો હોય તે સ્વરૂપાસિદ્ધ કહેવાય છે.

તે વિરુદ્ધ કહેવાય છે. જેમકે શબ્દઃ નિત્ય કાર્યત્વાત્, અહીં કાર્યત્વ હેતુ વિપક્ષ એવા ઘટાદિમાં રહે છે અને સપક્ષ એવા આકાશમાં રહેતો નથી. આથી કાર્યત્વ હેતુ વિરુદ્ધ છે.

પણ ઉપરોક્ત ઈશ્વરની સિદ્ધ માટે આપેલા અનુમાનમાં કાર્યત્વ હેતુ વિરુદ્ધ નથી. કારણકે તે વિપક્ષ એવા આકાશમાં રહેતો નથી. પક્षादित्रयवृतिरनैकान्तिकः અર્થાત્ જે હેતુ પક્ષ, વિપક્ષ અને સપક્ષ ત્રણેમાં રહેતો હોય તે અનૈકાન્તિક કહેવાય છે. જેમકે શબ્દઃ अनित्यः प्रमेयत्वात्। અહીં પ્રમેયત્વ હેતુ પક્ષ=શબ્દમાં, સપક્ષ=ઘટમાં, વિપક્ષ=આકાશમાં રહે છે. તેથી અનૈકાન્તિક છે.

પણ ઉપરોક્ત ઈશ્વરસિદ્ધિ માટે પ્રયુક્તઅનુમાન પ્રયોગમાં 'કાર્યત્વ' હેતુ વિપક્ષ=આકાશમાં રહેતો નથી. માટે કાર્યત્વ હેતુ અનૈકાન્તિક નથી.)

વળી કાર્યત્વ હેતુ કાલાત્યયાપદિષ્ટ (કે જેનું બીજું નામ બાધિત છે, તે) પણ નથી. કારણ કે પ્રત્યક્ષ અને આગમથી અબાધ્યપણે સાધ્યધર્મ બુદ્ધિમત્પૂર્વકત્વના ધર્મીએવા પૃથ્વીઆદિ વિષયમાં કાર્યત્વ હેતુ વિદ્યમાન છે.

(કહેવાનો આશય એ છે કે પ્રત્યક્ષથી પૃથ્વીઆદિ કાર્યતરીકે પ્રતીત થાય છે. (અને તેના કર્તા તરીકે આપણા જેવાનો સંભવ નથી. તેથી તેના કર્તા તરીકે નિત્યજ્ઞાનવાળાઈશ્વર સિદ્ધ થાય છે.) અને પૃથ્વીઆદિ કાર્યતરીકે અને તેના કર્તાતરીકે નિત્યજ્ઞાનવાળા ઈશ્વર આગમમાં જણાવેલ છે. આથી પ્રત્યક્ષ અને આગમથી ધર્મિ એવા પૃથ્વીઆદિમાં કાર્યત્વ હેતુ રહેતો હોવાથી કાર્યત્વ હેતુ કાલાત્યયાપદિષ્ટ પણ નથી.)

વળી કાર્યત્વ હેતુ પ્રકરણસમ પણ નથી. કારણ કે બુદ્ધિમત્પૂર્વકત્વાભાવને સિદ્ધકરનાર બીજા અનુમાનનો અભાવ છે. (કહેવાનો આશય એ છે કે જેમ શબ્દો નિત્યઃ શ્રાવણત્વાત્-આ અનુમાનના 'શ્રાવણત્વ' હેતુના સાધ્ય=નિત્યત્વના અભાવ અનિત્યત્વનો સાધક બીજોહેતુ કૃતકત્વ છે. જેમ કે શબ્દોऽનિત્યઃ કૃતકત્વાત્ । આથી શ્રાવણત્વ હેતુ પ્રકરણસમ બને છે. પરંતુ ઉપરોક્ત ઈશ્વરની જગત્કતૃત્વની સિદ્ધિ માટેના અનુમાનમાં કાર્યત્વ હેતુ પ્રકરણસમ બનતો નથી. કારણકે પૃથ્વીઆદિકાર્યમાં બુદ્ધિમત્પૂર્વકત્વાભાવને સિદ્ધકરનાર બીજોકોઈ હેતુ વિદ્યમાન નથી. આથી 'કાર્યત્વ' હેતુ પ્રકરણસમ પણ નથી.)

પૂર્વપક્ષ : જગતમાં કોઈપણકાર્ય શરીરસહિતના વ્યક્તિદ્વારા થતું જોવા મળે છે. અને ઈશ્વર તો મુક્ત આત્માની જેમ અશરીરિ છે. તો ઈશ્વર જગતના સર્જક અને નાશક કેવી રીતે સંભવે ? (અર્થાત્ भूभूधरसुधाकरदिनकरमकराकरादिकं बुद्धिमत्पूर्वकं, कार्यत्वात् । આ અનુમાનમાં હેતુ 'કાર્યત્વ' ના સાધ્ય બુદ્ધિમત્પૂર્વકત્વના અભાવને સાધનાર भूभूधरसुधाकर-दिनकरमकराकरादिकं न बुद्धिमत्पूर्वकं (અર્થાત્ ઈશ્વરઃ विधाता न भवति), अशरीरत्वात्, निर्वृतात्मवत् । આ પ્રતિ-

અનુમાનથી ઈશ્વરમાં બુદ્ધિમત્પૂર્વકત્વને સાધનારહેતુ 'કાર્યત્વ' પ્રકરણસમ બની જાય છે. તો તમે કેવી રીતે કહો છો કે કાર્યત્વ હેતુ પ્રકરણસમ નથી ?)

ઉત્તરપક્ષ (નૈયાયિક) : હે પૂર્વપક્ષી ! તમારા અનુમાનમાં બુદ્ધિમત્પૂર્વકત્વેન ઇશ્વર જે સાધ્ય છે. તે તમારાવડે પ્રતીત કે અપ્રતીત ઇચ્છાય છે ? (અર્થાત્ ધર્મીરૂપઈશ્વરને તમે જાણો છે કે નહિ ?)

જો તમે એમ કહેશો કે સાધ્યમાનઈશ્વર અપ્રતીત છે. અર્થાત્ અમે જાણતા નથી, તો તમારા અનુમાનમાં પરિકલ્પિતહેતુ આશ્રયાસિદ્ધિ દોષથીદૂષિત છે, કારણ કે 'અશરીરત્વ' હેતુનો પક્ષ અપ્રસિદ્ધ છે.

અને જો એમ કહેશો કે સાધ્યમાનઇશ્વર પ્રતીત છે. અર્થાત્ જાણીએ છીએ, તો જે પ્રમાણ વડે ઈશ્વર પ્રતીત થાય છે, તે પ્રમાણવડે જ સ્વયં ઈશ્વરનું શરીર પ્રતીત થશે. તો કેમ ઈશ્વરને સશરીરિક સ્વીકારતા નથી ? આથી કેવી રીતે ઈશ્વરનું અશરીરત્વ છે ?

તેથી કાર્યત્વ હેતુ પ્રકરણસમ દોષથી દૂષિત નથી અને આથી સૃષ્ટિસંહારકૃચ્છિવઃ કહ્યું તે સત્ય છે. વળી શિવ-મહેશ્વર કેવા છે ? વિભુ છે. અર્થાત્ આકાશની જેમ સર્વજગતમાં વ્યાપક છે. (જો ઈશ્વરને સર્વવ્યાપક-વિભુ નહીં માનો તો) ઈશ્વર નિયતસ્થાનમાં રહેલા હોય, તો અનિયત (અલગ-અલગ) પ્રદેશમાં રહેલા પદાર્થોનું પ્રતિનિયત અને યથાવત્નિર્માણ કરવું સંગત થતું નથી. જેમકે એક સ્થાનમાં રહેલો કુંભાર પણ ઘણા દૂર રહેલા ઘટાદિને ઘડવામાં વ્યાપાર કરતો નથી. (અને તેથી દૂર-દૂરતર રહેલી વસ્તુઓના નિર્માણમાં સર્વવ્યાપકત્વ આવશ્યક છે.) તેથી ઈશ્વર વિભુ-સર્વવ્યાપક છે. તે મહેશ્વર (ઈશ્વર) નિત્ય, એક અને સર્વજ્ઞ છે.

नित्यश्चासावेकश्च नित्यैकः स चासौ सर्वज्ञश्चेति विशेषणत्रयसमासः । तत्र नित्योऽप्रच्युतानुत्पन्नस्थिरैकरूपः कूटस्थः । ईश्वरस्य ह्यनित्यत्वे पराधीनोत्पत्तिसव्यपेक्षया कृतकत्वप्राप्तिः । स्वोत्पत्तावपेक्षितपरव्यापारो हि भावः कृतक इष्यते । कृतकश्चेज्जगत्कर्ता स्यात्, सदा तस्याप्यपरेण कर्त्रा भाव्यमनित्यत्वादेव । अपरस्यापि च कर्तुरन्येन कर्त्रा भवनीयमित्यनवस्थानदी दुस्तरा स्यात् । तस्मान्नित्य एवाभ्युपगमनीयः, नित्योऽपि स एकोऽद्वितीयो मन्तव्यः, बहूनां हि जगत्कर्तृत्वस्वीकारे परस्परं पृथक् पृथगन्यान्यविसदृशमतिव्यापृतत्वेनैकैकपदार्थस्य विसदृशनिर्माणे सर्वमसमञ्जसमापद्येतेति युक्तं "एकः" इति विशेषणम् । एकोऽपि सर्वज्ञः सर्वपदार्थानां सामस्त्येन ज्ञाता, सर्वज्ञत्वाभावे हि विधित्सितपदार्थोपयोगिजगत्प्रसृमरविप्रकीर्णपरमाणुकणप्रच-

यसम्यक्सामग्रीमीलनाक्षमतया याथातथ्येन पदार्थानां निर्माणं दुर्धटं भवेत् । सर्वज्ञत्वे पुनः सकलप्राणिनां संमीलितसमुचितकारणकलापानुरूप्येण कार्यं वस्तु निर्ममाणः स्वार्जितपुण्यपापानुमानेन च स्वर्गनरकयोः सुखदुःखोपभोगं ददानः सर्वथौचितीं नातिवर्तेत । तथा चोक्तं तद्भक्तैः-"ज्ञानमप्रतिघं यस्य वैराग्यं च जगत्पतेः । ऐश्वर्यं चैव धर्मश्च सहसिद्धं चतुष्टयम् ।।१।। अज्ञो (अन्यो) जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः । ईश्वरप्रेरितो गच्छेत्स्वर्गं वा श्वभ्रमेव वा ।।२।।" [महा. भा. वन प० ३०/२८]

अथवा नित्यैकसर्वज्ञ इत्येकमेव विशेषणं व्याख्येयम् । नित्यः सदैकोऽद्वितीयः सर्वज्ञो नित्यैकसर्वज्ञः । एतेनानादिसर्वज्ञमीश्वरमेकं विहायान्यः कोऽपि सर्वज्ञः कदापि न भवति । यत ईश्वरादन्येषां योगिनां ज्ञानान्यपरं सर्वमतीन्द्रियमर्थं जानानान्यपि स्वात्मानं न जानते, ततस्ते कथं सर्वज्ञाः स्युरित्यावेदितं भवति । तथा नित्यबुद्धिसमाश्रयो नित्याया बुद्धेर्ज्ञानस्य स्थानं, क्षणिकबुद्धिमतो हि पराधीनकार्यापेक्षणेन मुख्यकर्तृत्वाभावाद-नीश्वरत्वप्रसक्तिरिति । इदृशविशेषणविशिष्टो नैयायिकमते शिवो देवः ।।१३।।

टीकानो भावानुवाद :

नित्यश्चासौ एकश्च इति नित्यैकः **तथा** नित्यैकः सचासौ सर्वज्ञश्च इति नित्यैकसर्वज्ञः—આ રીતે ત્રણ વિશેષણોનો સમાસ થયો છે.

ત્યાં અપ્રચ્યુત, અનુત્પન્ન અને સ્થિર, એમ સર્વકાળે એક સ્વરૂપે રહેનારને કુટસ્થનિત્ય કહેવાય છે. અર્થાત્ નાશ ન થવું, ઉત્પન્ન ન થવું અને સ્થિર રહેવું, એમ સર્વકાળે એકરૂપે રહેનારને કૂટસ્થનિત્ય કહેવાય છે. ઈશ્વર કૂટસ્થનિત્ય છે.

જો ઈશ્વરને અનિત્ય માનશો તો, ઈશ્વરને પોતાની ઉત્પત્તિમાં બીજાની અપેક્ષા રાખવી પડશે. તેના યોગે કૃતકત્વની આપત્તિ આવશે. અર્થાત્ **કહેવાનો આશય એ છે કે અનિત્યની ઉત્પત્તિમાં પરની અપેક્ષા હોય છે. અને સ્વની ઉત્પત્તિમાં બીજાનો વ્યાપાર અપેક્ષિત હોય તે કૃતક કહેવાય છે.** આથી ઈશ્વરને અનિત્ય માનવામાં કૃતક માનવાની આપત્તિ આવશે.

અને જો જગત્કર્તા (ઈશ્વર) કૃતક હોય તો, તેની ઉત્પત્તિ બીજાકર્તાવડે થવી જોઈએ. કારણકે અનિત્ય છે અને બીજાકર્તાની ઉત્પત્તિ પણ અન્યકર્તા વડે થવી જોઈએ. આ રીતે નવા-નવાકર્તાઓની કલ્પનાઓ કરતાં અનવસ્થારૂપી નદી પાર કરવી કઠીન બની જશે. અર્થાત્ અનવસ્થાદોષ આવશે. તેથી ઈશ્વરને નિત્ય જ સ્વીકારવો જોઈએ. તે ઈશ્વર નિત્યની સાથે સાથે અદ્વિતીય-એક પણ માનવો રહ્યો. જો ઈશ્વર અનેક (બહુ) માનશો તો અર્થાત્ ઘણા ઇશ્વરો

જગતના કર્તા છે એમ સ્વીકારશો તો, તે ઘણા ઈશ્વરોની પરસ્પર ભિન્ન-ભિન્ન એકબીજાથી વિસદૃશમતિના વ્યાપારથી એકે-એક પદાર્થોનું નિર્માણ વિસદૃશ થશે અને તેથી ઈશ્વરનું 'एक' વિશેષણ યુક્ત જ છે.

એક ઈશ્વર પણ સર્વજ્ઞ છે. તે સર્વજ્ઞ એવા ઈશ્વર સર્વપદાર્થોના સમગ્રપણાના જ્ઞાતા છે. (અર્થાત્ કયો પદાર્થ કયા પરમાણુઓના સમુહથી બને છે. ઇત્યાદિ સર્વપદાર્થોના ઉપાદાન કારણને જાણતા હોવાથી સમગ્રતાને જાણે છે અને જો ઈશ્વરને સર્વજ્ઞ નહીં માનો તો) સર્વજ્ઞત્વના અભાવમાં નિર્માણ કરવામાટે ઇચ્છિતપદાર્થને માટે ઉપયોગી એવા જગતના પ્રવાહમાં વહેતા છુટા-છુટા પરમાણુઓના કણોને ભેગા કરીને સારીરીતે તે પદાર્થ પ્રાયોગ્ય સામગ્રી ભેગી કરવાની ક્ષમતા હોતી નથી. અને તેથી જે પ્રમાણે (પદાર્થ બનવો જોઈએ) તે પ્રમાણે નહીં બનવા વડે પદાર્થોનું નિર્માણ દુર્ઘટ થઈ જશે. (સર્વજ્ઞ હોય તો જ કયા પદાર્થનામાટે કયા કયા પરમાણુઓ ઉપયોગી છે તે જાણી શકે અને તે પરમાણુઓને ભેગા કરીને ઇચ્છિતપદાર્થ બનાવી શકે.)

તથા તેમના ભક્તો વડે કહેવાય છે કે- "અપ્રતિઘ (અવ્યાહત-સર્વવ્યાપી) જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ આ ચાર જગતપતિને એક સાથે સિદ્ધ છે. ॥૧॥ આત્માના સુખ-દુઃખનો અન્ય અજ્ઞ જીવ અસમર્થ છે. ઈશ્વરથી પ્રેરિત જીવ જ સ્વર્ગમાં કે નરકમાં જાય છે. ॥૨॥"

અથવા 'नित्यैकसर्वज्ञ' એ પ્રમાણે એક જ વિશેષણની વ્યાખ્યા કરવી જોઈએ.

नित्यः = सदा एक = अद्वितीयः सर्वज्ञो - नित्यैकसर्वज्ञः અર્થાત્ સદા એક સર્વજ્ઞ છે તે (ઈશ્વર એમ અન્વય કરવો.)

આ(વિશેષણ)વડે અનાદિકાળથી સર્વજ્ઞ એકઈશ્વર છે અને તે ઈશ્વરને છોડીને અન્ય કોઈપણ સર્વજ્ઞ ક્યારે પણ થતા નથી. (એમ સૂચિત થાય છે.) કારણકે ઇશ્વરથી અન્ય યોગીઓનું જ્ઞાન બીજા સર્વ અતીન્દ્રિયપદાર્થોને જાણતું હોવા છતાં પોતાના આત્માને જાણતું નથી. તેથી તે યોગિઓ કેવી રીતે સર્વજ્ઞ હોય. ? (આથી સિદ્ધ થાય છે કે ઈશ્વરને છોડીને બીજા કોઈ સર્વજ્ઞ નથી.)

તથા નિત્યબુદ્ધિના આશ્રય ઈશ્વર છે. અર્થાત્ નિત્યજ્ઞાનનું સ્થાન ઈશ્વર છે. (જો ઈશ્વરને ક્ષણિક બુદ્ધિવાળા માનશો તો) ક્ષણિકબુદ્ધિવાળાને કાર્યમાં બીજાની અપેક્ષા હોવાથી મુખ્યકર્તૃત્વનો અભાવ થશે. તેથી અનીશ્વરત્વની આપત્તિ આવશે.

નૈયાયિકમતમાં નિત્ય, એક, સર્વજ્ઞ, નિત્યજ્ઞાનના આશ્રય, આવા વિશેષણથી વિશિષ્ટ શિવ=મહેશ્વર દેવ છે. ॥૧૩॥

अथ तन्मते तत्त्वानि विवरिषुः प्रथमं तेषां संख्यां नामानि च समाख्याति ।

હવે નૈયાયિકમતમાં તત્ત્વોનું વિવરણકરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી તે તત્ત્વોની સંખ્યા અને તત્ત્વોના નામ કહે છે.

तत्त्वानि षोडशामुत्र प्रमाणादीनि तद्यथा । प्रमाणं च प्रमेयं च संशयश्च प्रयोजनम् ।।१४।।
दृष्टान्तोऽप्यथ सिद्धान्तोऽवयवास्तर्कनिर्णयौ । वादो जल्पो वितण्डा च हेत्वाभासाश्छलानि च ।।१५।।
जातयो निग्रहस्थानान्येषामेवं प्ररूपणा । अर्थोपलब्धिहेतुः स्यात्प्रमाणं तच्चतुर्विधम् ।।१६।।
त्रिभिर्विशेषकं ।

श्लोकार्थ : આ નૈયાયિકમતમાં પ્રમાણાદિ ૧૬ તત્વો છે. તે આ પ્રમાણે છે. (૧) પ્રમાણ, (૨) પ્રમેય, (૩) સંશય, (૪) પ્રયોજન, (૫) દૃષ્ટાંત, (૬) સિદ્ધાંત, (૭) અવયવ, (૮) તર્ક, (૯) નિર્ણય, (૧૦) વાદ, (૧૧) જલ્પ, (૧૨) વિતંડા, (૧૩) હેત્વાભાસ, (૧૪) છલ, (૧૫) જાતિ, (૧૬) નિગ્રહસ્થાન. આ ૧૬ તત્ત્વોની પ્રરૂપણા આ પ્રમાણે કરવામાં આવી છે.

-પદાર્થની ઉપલબ્ધિમાં જે હેતુ બને છે તે પ્રમાણ કહેવાય છે. તે પ્રમાણ ચારપ્રકારનું છે. (આ ત્રણ શ્લોકનો એક સાથે અન્વય હોવાથી તેને વિશેષક કહેવાય છે.)

व्याख्या-अमुत्रास्मिन्प्रक्रान्ते नैयायिकमते प्रमाणादीनि प्रमाणप्रमेयप्रभृतीनि षोडश तत्त्वानि भवन्ति । तद्यथेत्युपदर्शने । "प्रमाणं च" इत्यादि । तत्र प्रमितिरूपलब्धिर्ज्ञानं येन जन्यते, तज्ज्ञानस्य जनकं कारणं प्रमाणम् । प्रमीयते ज्ञानं जन्यतेऽनेनेति प्रमाणमिति व्युत्पत्तेः । ज्ञानस्य च जनकं द्विविधम् । अचेतनं ज्ञानं च । तत्राचेतनमिन्द्रियतदर्थसन्निकर्षप्रदीपलिङ्गशब्दादिकं ज्ञानस्य कारणत्वात्प्रमाणं, ज्ञानं च-ज्ञानान्तरजन्मनि यद्व्याप्रियते तदपि ज्ञानजनकत्वात्प्रमाणम् । ज्ञानस्याजनकं तु प्रमाणस्य फलं भवेन्न पुनः प्रमाणम् १ । प्रमेयं प्रमाणजन्यज्ञानेन ग्राह्यं वस्तु २ । दोलायमाना प्रतीतिः संशयः । चकारास्त्रयोऽपि प्रमाणादीनामन्योन्यापेक्षया समुच्चयार्थाः ३ । प्रयोजनमभीष्टं साधनीयं फलम् ४ । दृष्टान्तो वादिप्रतिवादिसंमतं निदर्शनम् ५ । अपिः समुच्चये । अथशब्द आनन्तर्ये । सिद्धान्तः सर्वदर्शनसंमतशास्त्रप्रभृतिः ६ । अवयवाः पक्षादयोऽनुमानस्याङ्गानि ७ । संदेहादूर्ध्वमन्वयधर्मचिन्तनं तर्कः, स्थाणुरत्राधुना संभवतीति ८ । स्थाणुरेवायमित्यवधारणं निर्णयः । द्वन्द्वे तर्कनिर्णयौ ९ । गुरुणा समं तत्त्वनिर्णयार्थं वदनं वादः १० । परेण समं जिगीषया जल्पनं जल्पः ११ । अपरामृष्टवस्तुतत्त्वं मौखर्यमात्रं वितण्डा १२ । हेतुवदाभासमाना हेत्वाभासा न सम्यग्घेतव इत्यर्थः १३ । परवचनविधातार्थविकल्पोत्पादनानि छलानि १४ । जातयोऽसम्यग्दुषणानि १५ । यैरुक्तैर्वक्ता निगृह्यते तानि निग्रहस्थानानि १६ । इति । एषामनन्तरोक्तानां प्रमाणादीनामेवमित्थं प्ररूपणा स्वरूपप्रदर्शना भवति । तत्रादौ प्रमाणस्य प्ररूपणां चिकीर्षुः प्रथमतस्तस्य सामान्यलक्षणं संख्यां च प्राह

"अर्थोपलब्धिहेतुः स्यात्प्रमाणम्" । अर्थस्य ग्राह्यस्य बाह्यस्य स्तम्भकुम्भाम्भोरुहादेरान्तरस्य च ज्ञानसुखादेरुपलब्धिर्ज्ञानमर्थोपलब्धिः । व्याख्यानतो विशेषप्रतिपत्तिरिति न्यायादत्राव्यभिचारिण्यव्यपदेश्या व्यवसायात्मिका चार्थोपलब्धिर्ग्राह्या, न तूपलब्धिमात्रम् । तस्या यो हेतुः कारणं स प्रमाणं स्याद्भवेत् । अर्थोपलब्धिस्तु प्रमाणस्य फलम् । अयमत्र भावः । अव्यभिचारादिविशेषणविशिष्टार्थोपलब्धिजनिका सामग्री तदेकदेशो वा चक्षुःप्रदीपज्ञाना-दिर्बोधरूपोऽबोधरूपो वा साधकतमत्वात्प्रमाणम् । तज्जनकत्वं च तस्य प्रामाण्यम् । तज्जन्यार्थोलब्धिः फलमिति । इन्द्रियजत्वलिङ्गजत्वादिविशेषणविशेषिता सैवोप-लब्धिर्यतः स्यात्, तदेव प्रत्यक्षादिप्रमाणस्य विशेषलक्षणं वक्ष्यते । केवलमत्राव्यपदेश्यमिति विशेषणं न शाब्दे संबन्धनीयं, तस्य शब्दजन्यत्वेन व्यपदेश्यत्वात् । अथ प्रमाणस्य भेदानाह-'तच्चतुर्विधम्' तत्प्रमाणं चतुर्विधं चतुर्भेदम् ।।१४-१५-१६।।

ટીકાનો ભાવાનુવાદ :

અહીં આ નૈયાયિકમતમાં પ્રમાણ-પ્રમેય આદિ ૧૬ તત્ત્વો છે. શ્લોકમાં 'तद्यथा' પદ ઉપદર્શનમાં છે. અર્થાત્ (જે પ્રમાણાદિ સોળ તત્ત્વો છે) તે આ પ્રમાણે છે. (આ રીતે અર્થ કરવો.)

(૧) **પ્રમાણ :** જેના વડે યથાર્થજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે પ્રમાણ કહેવાય છે. એટલે કે યથાર્થ જ્ઞાનનું જનક(=કારણ) પ્રમાણ છે.

प्रमीयते ज्ञानं जन्यते अनेन इति प्रमाणम् (અર્થાત્ જેનાવડે જ્ઞાન પ્રતીત થાય અર્થાત્ ઉત્પન્ન થાય તે પ્રમાણ.) આ વ્યુત્પત્તિથી 'પ્રમાણ' શબ્દ બનેલ છે. (અહીં એ જાણવું કે "प्रमाकरणं प्रमाणं-અર્થાત્ સત્યજ્ઞાનનું અસાધારણ કારણ તે પ્રમાણ કહેવાય છે" આ પણ પ્રમાણનું લક્ષણ જોવા મળે છે)

જ્ઞાનનું [૪]જનક (ઉત્પાદકકારણ) બે પ્રકારે છે. (i) અચેતન, (ii) જ્ઞાન. ત્યાં ઇન્દ્રિય અને અર્થ (વિષય)નો સન્નિકર્ષ, પ્રદીપ, લિંગ અને શબ્દાદિ કે જે અચેતન છે, તે જ્ઞાનનું કારણ હોવાથી

૪. આ જ વાત ન્યાયમંજરી ગ્રંથમાં કરી છે. ન્યાયમંજરી ગ્રંથમાં જણાવ્યું છે કે "अव्यभिचारिणीमसंदिग्धामर्थोपलब्धिं विदधती बोधाबोधस्वभावा सामग्री प्रमाणम् । અર્થાત્ અવ્યભિચારી અને અસંદિગ્ધ જ્ઞાનને ઉત્પન્ન કરનાર બોધ (જ્ઞાન) સ્વભાવવાળી અને અબોધ (અચેતન) સ્વભાવવાળીસામગ્રી તે પ્રમાણ. અર્થ (વિષય) અને ઇન્દ્રિયના સન્નિકર્ષથી-સંબંધથી જે પ્રમા ઉત્પન્ન થાય છે, તેમાં અર્થ અને ઇન્દ્રિયનો સંબંધ અબોધ (અચેતન) સ્વભાવવાળા છે. તે જ રીતે પ્રદીપદ્વારા અર્થનું પ્રકાશન થાય, તેમાં પ્રદીપ અબોધ (અચેતન) સ્વભાવવાળો છે. આમ લિંગ અને શબ્દાદિદ્વારા જે જ્ઞાન થાય તેમાં લિંગ, શબ્દાદિ અબોધ (અચેતન) સ્વાભાવવાળા છે અને તે જ્ઞાનના કારણ હોવાથી પ્રમાણ ગણાય છે.

અનુમિતિજ્ઞાનમાં જે વ્યાપ્તિ આદિનું જ્ઞાન કારણરૂપ બને છે, તે બોધ (જ્ઞાન) સ્વભાવવાળું છે અને તે પણ અનુમિતિજ્ઞાનમાં કારણરૂપ હોવાથી પ્રમાણ ગણાય છે.

પ્રમાણ છે. અને બીજા જ્ઞાનની ઉત્પત્તિમાં જે જ્ઞાનનો વ્યાપાર કરાય છે, તે જ્ઞાન પણ જ્ઞાનનું જનક હોવાથી પ્રમાણરૂપ છે.

પરંતુ જ્ઞાનનું અજનક જ્ઞાન પ્રમાણનું ફળ હોય, પણ પ્રમાણ ન હોય. (અર્થાત્ જે જ્ઞાન બીજા જ્ઞાનની ઉત્પત્તિ કરતું નથી, તે પ્રમાણ ન હોય. પરંતુ ફળરૂપ છે.)

(૨) **પ્રમેય :** પ્રમાણથી જન્ય જ્ઞાનવડે ગ્રાહ્યવસ્તુને પ્રમેય કહેવાય છે. (તે પ્રમેય બાર પ્રકારે છે.)

(૩) **સંશય :** ડોલાયમાન પ્રતીતિને સંશય કહેવાય છે. અર્થાત્ એક જ ધર્મિમાં પરસ્પરવિરોધી પ્રતીતિને સંશય કહેવાય છે.

અહીં શ્લોક-૧૪માં પ્રમાણ, પ્રમેય અને સંશય એમ ત્રણે પણ પદની પછી 'च' કારનો પ્રયોગ છે, તે પ્રમાણાદિ ત્રણેને અન્યોન્ય અપેક્ષા હોવાથી સમુચ્ચય માટે કરેલ છે. કહેવાનો આશય એ છે કે પ્રમાણદ્વારા પ્રમેયનું જ્ઞાન થાય છે, પ્રમેય પ્રમાણવડે ગ્રાહ્યવસ્તુ છે અને પ્રમેયનું સંશયરહિત યથાર્થજ્ઞાન પ્રમાણ કરાવતું હોવાથી પ્રમાણનું કાર્ય પ્રમેયનું જ્ઞાન કરાવવું અને સંશયનું નિરાકરણ કરવું તે છે. સંશય હોય ત્યાં સુધી પ્રમેયનું જ્ઞાન યથાર્થ બનતું નથી. આમ પ્રમાણ, પ્રમેય અને સંશય ત્રણેને પરસ્પર અપેક્ષા હોવાથી 'च' કારના પ્રયોગ દ્વારા સમુચ્ચય કર્યો છે.

(૪) **પ્રયોજન :** ઇચ્છિત સાધવાયોગ્ય, પ્રયોજન કહેવાય છે. અર્થાત્ ઇચ્છિત વસ્તુને ઉદ્દેશીને, તેને સિદ્ધકરવા માટે જે પ્રવૃત્તિ થાય છે, તેને પ્રયોજન કહેવાય છે.

(૫) **દૃષ્ટાંત :** વાદિ અને પ્રતિવાદિ બંન્નેને સંમત ઉદાહરણને દૃષ્ટાંત કહેવાય છે.

શ્લોક-૧૫માં 'દૃષ્ટાંત' પદ પછીનું 'अपि' સમુચ્ચયાર્થક છે અને તે પછીનો 'अथ' શબ્દ [૫]આનન્તર્યમાં છે

(૬) **સિદ્ધાંત :** સર્વદર્શનને સંમતશાસ્ત્રાદિ તે સિદ્ધાંત છે.

(૭) **અવયવ :** પક્ષાદિ અનુમાનના અંગોને અવયવ કહેવાય છે. પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન, આ પાંચ અવયવો છે.

(૮) **તર્ક :** સંદેહની પછી થનારા (વસ્તુના) અન્વયધર્મના ચિંતનને તર્ક કહેવાય છે. જેમકે અહીં અત્યારે સ્થાણું સંભવે છે. કહેવાનો આશય એ છે કે સ્થાણુંને જોયા બાદ સંદેહ થયેલો કે 'આ સ્થાણું છે કે પુરુષ'. આ સંદેહ પછી વિચાર આવે કે" અત્યારે સન્ધ્યાનો સમય છે, તેની આસપાસ

---

૫. મંગલ, અનંતર આરંભ, પ્રશ્ન, કાર્ત્સ્ન્ય આ અર્થ માટે अथ શબ્દ વપરાય છે. અહીં अथ શબ્દ આનન્તર્યમાં વપરાયેલ છે. એકપદાર્થ કે જે અન્યપદાર્થથી ભિન્ન હોય, તે તેનાથી અનન્તર કહેવાય છે. અથવા જે બે પદાર્થો વચ્ચે કાર્ય-કારણભાવ હોય છે તે પદાર્થોમાંનું જે કાર્ય છે તે કારણથી અનંતર કહેવાય છે. અહીં પ્રથમ અર્થમાં 'અનંતર' છે.

પક્ષીઓ ફરે છે, હલન-ચલન થતું નથી, તેથી સ્થાણું જ સંભવે છે." આ રીતે સ્થાણુના અન્વયધર્મના ચિંતનને તર્ક કહેવાય છે.

(૯) **નિર્ણય :** સંદેહની પછી તર્ક દ્વારા નક્કી થાય કે 'આ આ જ છે'-આવું અવધારણ કરવું તે નિર્ણય કહેવાય છે. દા.ત. 'આ સ્થાણું જ છે'-આવો નિશ્ચય તે નિર્ણય કહેવાય છે. તર્ક અને નિર્ણય બે પદોનો દ્વન્દ્વ સમાસ થયેલો છે.

(૧૦) **વાદ :** ગુરુની સાથે તત્ત્વનિર્ણય માટે બોલવું (ચર્ચા કરવી) તે વાદ કહેવાય છે.

(૧૧) **જલ્પ :** બીજાની સાથે જીતવાની ઇચ્છાથી બોલવું (ચર્ચા કરવી) તે જલ્પ કહેવાય છે.

(૧૨) **વિતંડા :** વસ્તુતત્ત્વને વિચાર્યાવિના બોલ-બોલ કરવું તે વિતંડા. **(અથવા** વાદિએ સ્થાપેલા પક્ષનો સ્પર્શકર્યાવિના (વાદિના) તત્ત્વનું પ્રતિવાદિદ્વારા ખંડન કરવું અથવા પ્રતિવાદિ દ્વારા તત્ત્વમાં જુઠોઆરોપ મુકવો તે વિતંડા કહેવાય છે.)

(૧૩) **હેત્વાભાસ :** જે હેતુ ન હોય પણ હેતુ જેવો ભાસતો હોય તેને હેત્વાભાસ કહેવાય છે. અર્થાત્ તે સમ્યગ્હેતુઓ નથી.

(૧૪) **છલ :** બીજાનાવચનના વિઘાતમાટે વિકલ્પોને ઉત્પન્ન કરવા તે છલ કહેવાય છે. અર્થાત્ વાદિના ઇષ્ટ અર્થ કરતાં જુદા અર્થની ઉપપત્તિ કરીને વાદિએ કહેલા વાક્યનું ખંડન કરવું તેનું નામ છલ છે.

(૧૫) **જાતિ :** અસમ્યગ્ દૂષણોને જાતિ કહેવાય છે, (અથવા સાધર્મ્ય અને વૈધર્મ્યથી સાધ્યનો પ્રતિષેધ કરવો તેનું નામ જાતિ છે.)

(૧૬) **નિગ્રહ સ્થાન :** જે કહેવાદ્વારા વક્તાનો પરાજય થઈ જાય=વક્તા નિગૃહીત થઈ જાય તે નિગ્રહસ્થાન કહેવાય છે. આમ નજીકમાં (ઉપર) કહેલા પ્રમાણ આદિનું આ પ્રકારે સામાન્યથી સ્વરૂપ કહ્યું. ત્યાં પ્રારંભમાં પ્રમાણતત્ત્વની પ્રરૂપણા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી પ્રથમ તેનું સામાન્યલક્ષણ અને પ્રમાણની સંખ્યા કહે છે.

પ્રમાણનું સામાન્યલક્ષણ - अर्थोपलब्धिहेतुः स्यात्प्रमाणम् । અર્થાત્ પદાર્થના ઉપલબ્ધિ (જ્ઞાન)માં જે કારણ હોય તેને પ્રમાણ કહેવાય છે.

પ્રમાણદ્વારા ગ્રાહ્ય એવા સ્તંભ, કુંભ, મેઘઆદિ બાહ્યઅર્થોની તથા સુખ-દુઃખાદિ આંતરઅર્થોની ઉપલબ્ધિ (જ્ઞાન) થાય છે. "व्याख्यानतो विशेषप्रतिपत्ति" અર્થાત્ "પદની વ્યાખ્યાકરવાથી વિશેષજ્ઞાન થાય છે." આ ન્યાયથી અહીં અવ્યભિચારિ, અવ્યપદેશ્ય (શબ્દથી કહી ન શકાય તેવું), વ્યવસાયાત્મિક (નિશ્ચયાત્મક) અર્થોપલબ્ધિ ગ્રહણકરવી જોઈએ. પણ ઉપલબ્ધિ માત્ર નહીં.

તે ઉપલબ્ધિનો જે હેતુ (કારણ) તે પ્રમાણ છે. અર્થોપલબ્ધિ પ્રમાણનું ફલ છે.

अयमत्र भावः–કહેવાનું તાત્પર્ય એ છે કે અવ્યભિચારાદિ વિશેષણથી વિશિષ્ટ અર્થોપલબ્ધિને ઉત્પન્ન કરનારી સમગ્રસામગ્રી અથવા તેનો એકદેશ ચક્ષુ-પ્રદીપ-જ્ઞાનાદિ, કે જે બોધરૂપ (જ્ઞાનરૂપ) કે અબોધરૂપ (અચેતનરૂપ) છે. તે (અર્થોપલબ્ધિનું) સાધકતમ (પ્રકૃષ્ટ ઉપકારક કારણ) હોવાથી પ્રમાણ કહેવાય છે અને અર્થોપલબ્ધિનું જનકત્વ પ્રમાણમાં છે અને અર્થોપલબ્ધિ(પદાર્થનું જ્ઞાન) કરાવવું તે પ્રમાણનું પ્રામાણ્ય છે અને પ્રમાણથી જન્ય અર્થોપલબ્ધિ (અર્થનું જ્ઞાન) પ્રમાણનું ફલ છે. તે અર્થોપલબ્ધિ જ્યારે ઇન્દ્રિયોદ્વારા ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રત્યક્ષ કહેવાય છે અને જ્યારે લિંગદ્વારા ઉત્પન્ન થાય છે, ત્યારે અનુમાન કહેવાય છે. આ રીતે વિશેષ પ્રમાણોનું લક્ષણ આગળ કહેવાશે.

માત્ર 'અર્થોપલબ્ધિ'ના જે અવ્યભિચારિ, અવ્યપદેશ્ય અને વ્યવસાયાત્મિક એમ ત્રણ વિશેષણો પૂર્વે કહ્યા, તેમાં અવ્યપદેશ્ય વિશેષણનો શાબ્દ પ્રમાણમાં સંબંધ ન કરવો. કારણ કે શાબ્દપ્રમાણ શબ્દથી જન્ય હોવાના કારણે વ્યપદેશ્ય (શબ્દથી કહી શકાય તેવું) છે. અર્થાત્ શાબ્દ પ્રમાણથી થતી અર્થોપલબ્ધિ અવ્યપદેશ્ય હોતી નથી, વ્યપદેશ્ય જ હોય છે. પ્રમાણના ચારપ્રકાર છે. ॥૧૪-૧૫-૧૬॥

अथ तच्चातुर्विध्यमेवाह ।

હવે પ્રમાણના ચાર પ્રકારને કહે છે.

प्रत्यक्षमनुमानं चोपमानं शाब्दिकं तथा । तत्रेन्द्रियार्थसंपर्कोत्पन्नमव्यभिचारि च ।। १७ ।।
व्यवसायात्मकं ज्ञानं व्यपदेशविवर्जितम् । प्रत्यक्षमनुमानं तु तत्पूर्वं त्रिविधं भवेत् ।। १८ ।।
पूर्ववच्छेषवच्चैव दृष्टं सामान्यतस्तथा । तत्राद्यं कारणात्कार्यानुमानमिह गीयते ।। १९ ।।

श्लोकार्थ : પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ એમ ચાર પ્રમાણ છે. ત્યાં ઇન્દ્રિય અને પદાર્થના સંયોગથી ઉત્પન્ન થતું, અવ્યભિચારિ, વ્યવસાયાત્મક અને વ્યપદેશરહિત (શબ્દપ્રયોગ રહિત) જ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ (=વ્યાપ્તિજ્ઞાન) પૂર્વકનું જ્ઞાન અનુમાન છે. તે ત્રણપ્રકારનું છે. (i) પૂર્વવત્ અનુમાન, (ii) શેષવત્ અનુમાન અને (iii) સામાન્યતોદૃષ્ટ અનુમાન. તેમાં કારણથી કાર્યનું અનુમાન કરવું, તે પ્રથમ પૂર્વવત્ અનુમાન કહેવાય છે. ॥ ૧૭-૧૮-૧૯ ॥

व्याख्या-प्रत्यक्षमध्यक्षं, अनुमानं लैङ्गिकं, चकारः समुच्चयार्थः, उपमानमुपमितिः, तथाशब्दस्य समुच्चयार्थत्वाच्छाब्दिकं च शब्दे भवं शाब्दिकमागम इत्यर्थः । अथ प्रत्यक्षस्य लक्षणं लक्षयति । "तत्रेन्द्रियार्थ" इत्यादि । तत्रेति तेषु प्रमाणेषु प्रथमं प्रत्यक्षमुच्यते । अत्रास्येदमक्षपादप्रणीतं सूत्रम् । "इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम्" इति (१,१,४) । **इन्द्रियं चक्षुरादिमनःपर्यन्तं, तस्यार्थः परिच्छेद्य**

इन्द्रियार्थ इन्द्रियविषयभूतोऽर्थो रूपादिः, 'रूपादयस्तदर्थाः" [ ] इति वचनात्[A] । तेन सन्निकर्षः प्रत्यासत्तिरिन्द्रियस्य प्राप्तिः संबन्ध इति यावत् । स च षोढा । इन्द्रियेण सार्धं द्रव्यस्य संयोग एव १ । रूपादिगुणानां संयुक्तसमवाय एव द्रव्ये समवेतत्वात् २ । रूपत्वादिषु गुणसमवेतेषु संयुक्तसमवेतसमवाय एव ३ । शब्दे समवाय एवाकाशस्य श्रोत्रत्वेन व्यवस्थितत्वात्, शब्दस्य तद्गुणत्वेन तत्र समवेतत्वात् ४ । शब्दत्वे समवेतसमवाय एव शब्दे समवेतत्वात् ५ । समवायाभावयोर्विशेषणविशेष्यभाव एव उक्तरूपपञ्चविधसंबन्धसंबद्धेषु वस्तुषु समवायघटादिदृश्याभावयोर्विशेषणत्वं विशेष्यत्वं भवतीत्यर्थः तद्यथा - तन्तवः पटसमवायवन्तः तन्तुषु पटसमवाय इति । घटशून्यं भूतलमिह भूतले घटो नास्तीति ६ षोढा [૬]सन्निकर्षः ।

૬. **सन्निकर्षोनी विशेष समजूती :**

ચાક્ષુષ, ત્વાચ, માનસ, રાસન, ઘ્રાણજ અને શ્રાવણ આ છપ્રકારના પ્રત્યક્ષમાં કારણ સન્નિકર્ષો છ છે.

ઘટાદિ દ્રવ્ય અને આત્મદ્રવ્યના પ્રત્યક્ષની પ્રત્યે ચક્ષુ, ત્વક્ અને મન ઇન્દ્રિય કરણ છે. ઘટાદિ દ્રવ્યનીસાથે જ્યારે 'ચક્ષુ' અને 'ત્વક્' ઇન્દ્રિયનો સંયોગ તથા આત્માની સાથે 'મન' ઇન્દ્રિયનોસંયોગ થાય, ત્યારે જ ઘટાદિ દ્રવ્યનું અને આત્મદ્રવ્યનું અનુક્રમે ચાક્ષુષ અથવા ત્વાચ અને માનસપ્રત્યક્ષ થાય છે. ચક્ષુવગેરે ઇન્દ્રિયોના સન્નિકર્ષથી થતું જે પ્રત્યક્ષ છે, તે લૌકિકપ્રત્યક્ષ કહેવાય છે. તેથી એતાદૃશપ્રત્યક્ષના વિષય ઘટાદિમાં લૌકિકવિષયતા મનાય છે. ઉપર જણાવ્યા મુજબ દ્રવ્યપ્રત્યક્ષમાં ચક્ષુ, ત્વાચ, અને મન આ ત્રણ ઇન્દ્રિયો કારણ છે. બાકીની ત્રણઇન્દ્રિયો દ્રવ્યગ્રાહક નથી. દ્રવ્યપ્રત્યક્ષમાં ચક્ષુસંયોગ, ત્વક્સંયોગ અને મનસંયોગ આ ત્રણ જ સન્નિકર્ષો કારણ છે.

સામાન્યતઃ દ્રવ્યસમવેત દ્રવ્યત્વાદિજાતિ, રૂપાદિગુણો તથા ક્રિયાનું પ્રત્યક્ષ પાંચઇન્દ્રિયથી જન્ય છે. એમાં ઇન્દ્રિયસંયુક્ત(દ્રવ્ય)સમવાય સન્નિકર્ષ કારણ બને છે. ઘટાદિ દ્રવ્યસમવેત ઘટત્વાદિજાતિ, રૂપાદિગુણો અથવા ગમનાદિક્રિયાનું પ્રત્યક્ષ ઘટાદિસમવેતવૃત્તિ લૌકિકવિષયતાસંબંધથી ઘટત્વાદિજાતિ, રૂપાદિગુણો અથવા ક્રિયામાં રહે છે. ત્યાં ચક્ષુ વગેરે ઇન્દ્રિયસંયુક્ત ઘટાદિમાંવૃત્તિ ઘટત્વાદિ જાતિ, રૂપાદિગુણો અથવા ક્રિયાનો સમવાય સન્નિકર્ષ સ્વરૂપસંબધથી વૃત્તિ છે.

આ રીતે દ્રવ્યસમવેતગુણાદિ પ્રત્યક્ષ અને તેના કારણ ઇન્દ્રિયસંયુક્ત સમવાયના કાર્ય-કારણભાવ પાંચ છે. દ્રવ્યસમવેતશબ્દ પ્રત્યક્ષમાટે આ સન્નિકર્ષ કારણ નથી. કારણકે શ્રવણેન્દ્રિય આકાશસ્વરૂપ હોવાથી શ્રવણેન્દ્રિયસંયુક્ત ઘટાદિમાં શબ્દનો સમવાય નથી.

આવી જ રીતે દ્રવ્યસમવેત (ગુણ-કર્મ) સમવેત(ગુણત્વ-કર્મત્વાદિ)જાતિનું પ્રત્યક્ષ પણ શ્રવણેન્દ્રિયને છોડીને અન્ય પાંચઇન્દ્રિયોથી જન્ય છે. એમાં ચક્ષુવગેરે ઇન્દ્રિયસંયુક્તસમવેતસમવાય સન્નિકર્ષ કારણ બને છે. ઘટાદિ દ્રવ્યસમવેત રૂપાદિસમવેત રૂપત્વાદિ જાતિનું પ્રત્યક્ષ, દ્રવ્યસમવેતસમવેતવૃત્તિલૌકિક વિષયત્વ સંબંધથી રૂપત્વાદિજાતિમાં રહે છે. ત્યાં ચક્ષુ વગેરે ઇન્દ્રિય સંયુક્ત (ઘટાદિ) સમવેત (રૂપાદિ) વૃત્તિ રૂપત્વાદિનો સમવાય, સ્વરૂપ સંબંધથી વૃત્તિ છે. આ રીતે દ્રવ્યસમવેતસમવેતરૂપત્વાદિપ્રત્યક્ષ અને તેના કારણ ઇન્દ્રિય સંયુક્ત સમવેત સમવાયસન્નિકર્ષના પાંચ કાર્ય-કારણભાવ થાય છે.

A "गन्धरसरुपस्पर्शशब्दाः पृथिव्यादिगुणास्तदर्थाः ।" न्यायसू० १।१।१४।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : પ્રત્યક્ષનું બીજું નામ અધ્યક્ષ પણ છે. અનુમાનનું બીજું નામ લૈઙ્ગિક છે. શ્લોકમાં 'च' અને 'તથા' શબ્દ સમુચ્ચયાર્થક છે. ઉપમાન એટલે ઉપમિતિ અને શબ્દ દ્વારા ઉત્પન્ન (થતું જ્ઞાન) શાબ્દિક = આગમ કહેવાય છે.

શબ્દનું પ્રત્યક્ષ શ્રવણેન્દ્રિયથી જ થાય છે. શ્રવણેન્દ્રિય આકાશસ્વરૂપ હોવાથી શબ્દની સાથે શ્રવણેન્દ્રિયનો સમવાયસંબંધ છે. શબ્દવૃત્તિલૌકિકવિષયતા સંબંધથી શબ્દનું શ્રાવણપ્રત્યક્ષ શબ્દમાં વૃત્તિ છે. ત્યાં શ્રવણેન્દ્રિય વૃત્તિ શબ્દનો સમવાયસંબંધ (સન્નિકર્ષ) સ્વરૂપસંબંધથી વૃત્તિ છે.

આવી જ રીતે શબ્દવૃત્તિ શબ્દત્વ, કત્વ, ખત્વાદિ જાતિનું પ્રત્યક્ષ પણ શ્રવણેન્દ્રિયથી જ થાય છે. એમાં સમવેત સમવાયસન્નિકર્ષ કારણ બને છે. શબ્દસમવેત (શબ્દત્વાદિ) વૃત્તિ-લૌકિકવિષયતા સંબંધથી શ્રાવણપ્રત્યક્ષ શબ્દત્વાદિજાતિમાં રહે છે. ત્યાં શ્રવણેન્દ્રિય સમવેત શબ્દવૃત્તિ શબ્દત્વનો સમવાય સ્વરૂપસંબંધથી વૃત્તિ છે.

અભાવ પ્રત્યક્ષના કારણભૂત સન્નિકર્ષનો વિચારકરતાં પૂર્વે અભાવનું અધિકરણ પ્રત્યક્ષ માટે યોગ્ય છે કે નહીં ? અભાવનો પ્રતિયોગ કોઈપણ સ્થાને પ્રત્યક્ષનો વિષય બને છે કે નહીં ? જે ઇન્દ્રિયથી અભાવનું પ્રત્યક્ષ કરવાનું છે તે ઇન્દ્રિયમાટે તે યોગ્ય છે કે નહિં ? ઇત્યાદિનો વિચારકરીને પછી જ, અભાવના પ્રત્યક્ષની યોગ્યતાયોગ્યતાનો વિચાર કરવો જોઈએ.

પરમાણુમાં રૂપાભાવનું પ્રત્યક્ષ ચક્ષુ ઇન્દ્રિયથી થતું નથી. કારણકે રૂપાભાવનું અધિકરણ પરમાણુ યોગ્ય નથી. પરમાણુમાં પ્રત્યક્ષનીપ્રત્યે કારણભૂત મહત્પરિમાણ નથી. તેથી અધિકરણની અયોગ્યતાને લઈને રૂપાભાવનું પ્રત્યક્ષ થતું નથી.

જલાદિમાં ગંધાભાવનું પ્રત્યક્ષ ચક્ષુઇન્દ્રિયથી થતું નથી. કારણકે ગંધાભાવના પ્રત્યક્ષની પ્રત્યે ચક્ષુ ઇન્દ્રિય અયોગ્ય છે.

તેજમાં ગુરુત્વાભાવ હોવાછતાં તેનું પ્રત્યક્ષ થતું નથી. કારણકે ગુરુત્વાભાવનો પ્રતિયોગી ગુરુત્વ અતીન્દ્રિય છે. એટલે કહેવાનો આશય એ છે કે 'यद्यत्र स्यात् तर्हि उपलभ्येत्" આ આરોપનો વિષય જે અભાવ બને છે. એનું પ્રત્યક્ષ થાય છે. સામાન્યત: આ આરોપની સંભાવના ન હોય ત્યાં અભાવનું પ્રત્યક્ષ થતું નથી.

અભાવનું પ્રત્યક્ષ, અભાવવૃત્તિ લૌકિકવિષયતા સંબંધથી અભાવમાં રહે છે અને ત્યાં અભાવ પ્રત્યક્ષના કારણભૂત ઇન્દ્રિયસંયુક્ત વિશેષણતા વગેરે સન્નિકર્ષો સ્વરૂપસંબંધથી રહે છે. દ્રવ્યાધિકરણ અભાવના પ્રત્યક્ષમાં ઇન્દ્રિય સંયુક્ત વિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. ચક્ષુ અને ત્વક્ઇન્દ્રિયથી ભૂતલમાં ઘટાભાવનું પ્રત્યક્ષ થાય છે. આમ્રાદિમાં ઘ્રાણેન્દ્રિયથી સુરભિગંધાભાવનું પ્રત્યક્ષ થાય છે. દ્રવ્યમાં રસનેન્દ્રિયથી અમ્લાદિરસાભાવનું પ્રત્યક્ષ થાય છે. અને મનથી આત્મામાં દુ:ખાભાવનું પ્રત્યક્ષ થાય છે. તેથી ઘટાભાવવદ્ ભૂતલમ્, सुरभिगन्धाभाववदाम्रफलम्, आम्लरसाभाववज्जलम् અને दुःखाभाववान् आत्मा, ઇત્યાકારક પ્રતીતિના વિષયભૂત દ્રવ્યાધિકરણ અભાવપ્રત્યક્ષમાં અનુક્રમે ચક્ષુ:-સંયુક્ત(ભૂતલ)વિશેષણતા તથા ત્વક્સંયુક્ત(ભૂતલ)વિશેષણતા, ઘ્રાણસંયુક્ત(આમ્ર)વિશેષણતા, રસનસંયુક્ત(જલ)વિશેષણતા અને મન:સંયુક્ત (આત્મા) વિશેષણતા સન્નિકર્ષતા કારણ બને છે. અભાવના અધિકરણ ભૂતલાદિદ્રવ્યો ઇન્દ્રિયસંયુક્ત છે. એમાં અભાવ વિશેષણ છે. અર્થાત્ તાદૃશ વિશેષણતા સન્નિકર્ષ અભાવમાં છે. જ્યાં અભાવનું પ્રત્યક્ષ પણ ઉક્ત વિષયતા સંબંધથી વિદ્યમાન છે. અને ઇન્દ્રિયસંયુક્ત વિશેષણતાસન્નિકર્ષના ઇન્દ્રિયના ભેદથી પાંચ ભેદ છે.

શ્રવણેન્દ્રિયથી શ્રોત્રાવચ્છિન્નવિવરરૂપ આકાશમાં શબ્દાભાવનું પ્રત્યક્ષ થાય છે. પરંતુ તેમાં શ્રવણેન્દ્રિય સંયુક્ત

આ ચાર પ્રમાણ છે. હવે પ્રત્યક્ષનું લક્ષણ જણાવે છે. ત્યાં ચારપ્રમાણમાં પ્રથમ પ્રત્યક્ષપ્રમાણ કહેવાય છે.

અક્ષપાદ-ગૌતમપ્રણીત (ન્યાયસૂત્રમાં) પ્રત્યક્ષનું લક્ષણ સૂચવતું આ સૂત્ર છે - "इन्दियार्थ सन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारिव्यवसायात्मकं प्रत्यक्षं ॥१-१-४ - न्यायसूत्र ॥-ઇન્દ્રિય અને રૂપાદિ અર્થોના સન્નિકર્ષથી ઉત્પન્ન થયેલ, અવ્યપદેશ્ય (શબ્દ પ્રયોગ રહિત), અવ્યભિચારિ (સંશય અને વિપર્યય રહિત) તથા વ્યવસાયાત્મક જ્ઞાનને પ્રત્યક્ષ કહેવાય છે.

વિશેષણતાસન્નિકર્ષ કારણ નથી. કારણકે શ્રવણેન્દ્રિય આકાશસ્વરૂપ હોવાથી તત્સંયુક્ત અન્ય આકાશ નથી. જેથી માત્ર શ્રવણેન્દ્રિયવિશેષણતાસન્નિકર્ષથી શબ્દાભાવનું પ્રત્યક્ષ આકાશમાં થાય છે. અન્ય અધિકરણમાં શબ્દાભાવના પ્રત્યક્ષનો પ્રસંગ જ નથી, કારણકે અન્ય અધિકરણમાં શબ્દનું પ્રત્યક્ષ થતું નથી. આથી પ્રતિયોગિની અયોગ્યતાના કારણે શ્રવણેન્દ્રિયથી શબ્દાભાવનું પ્રત્યક્ષ આકાશથી અતિરિક્ત સ્થળે નથી માનતા.

દ્રવ્યસમવેતગુણાદિવૃત્તિ અભાવના પ્રત્યક્ષમાં ઇન્દ્રિયસંયુક્તસમવેતવિશેષણતા સન્નિકર્ષ કારણ બને છે. पीतत्वाभाववान् नीलम्, शीतत्वाभाववदुष्णस्पर्शः, सुरभित्वाभाववान् दुरभिगन्धः, आम्लत्वाभाववान् गधुररस અને दुखत्वाभाववत्सुखम् ઇત્યાકારક પ્રતીતિનાવિષયભૂત પીતત્વાદિઅભાવનું પ્રત્યક્ષ અનુક્રમે ચક્ષુ, ત્વક્, ઘ્રાણ, રસન અને મન ઇન્દ્રિયથી થાય છે. પીતત્વાદ્યભાવ, અહીં દ્રવ્યસમવેતનીલાદિવૃત્તિ છે. દ્રવ્ય સમવેત નીલાદિમાં પીતત્વાદ્યભાવ વિશેષણ છે. અર્થાત્ ચક્ષુ વગેરે ઇન્દ્રિય સંયુક્ત (ઘટાદિ) સમવેત (નીલાદિ) નિરૂપિત વિશેષણતાત્મકસન્નિકર્ષ પીતત્વાદ્યભાવમાં છે અને ત્યાં દ્રવ્યસમવેતવૃત્તિ અભાવવૃત્તિ લૌકિક વિષયતા સંબંધથી પીતત્વાદ્યભાવનું ચાક્ષુષાદિ પ્રત્યક્ષાત્મક કાર્ય પણ છે.

દ્રવ્યસમવેતગુણાદિસમવેતનીલત્વાદિજાતિવૃત્તિ પીત્વત્વાદ્યભાવના પ્રત્યક્ષમાં 'ઇન્દ્રિયસંયુક્તસમવેતસમવેત વિશેષણતા' સન્નિકર્ષ કારણ બને છે. पीतत्वाभाववन्नीलत्वम्, शीतत्वाभाववदुष्णत्वम्, सुरभित्वाभाववदुरभित्वम्, आम्लत्वाभाववन्मधुरत्वम् અને सुखत्वाभाववद् दुखत्वम् ઇત્યાકારક પ્રતીતિનાવિષયભૂત પીતત્વાદ્યભાવ ઇન્દ્રિયસંયુક્ત(ઘટાદિ)સમવેત(નીલાદિ)સમવેત નીલત્વાદિમાં વૃત્તિ છે અને એતાદૃશ પીતત્વાદ્યાભાવ-પ્રત્યક્ષ અનુક્રમે ચક્ષુ, ત્વક્, ઘ્રાણ, રસન અને મન ઇન્દ્રિયથી જન્ય છે. એમાં ઇન્દ્રિયસંયુક્તસમવેતસમવેત વિશેષણતા સન્નિકર્ષ કારણ બને છે.

આકાશાત્મકદ્રવ્યસમવેત 'ક' 'ખ' વગેર શબ્દવૃત્તિ ગત્વાદ્યભાવનું પ્રત્યક્ષ શ્રવણેન્દ્રિયથી થાય છે. એમાં શ્રવણેન્દ્રિયસમવેતશબ્દનિરૂપિત વિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. શબ્દાધિકરણકાભાવવૃત્તિલૌકિક વિષયતાસંબંધથી ગત્વાદ્યભાવપ્રત્યક્ષ તાદૃશશબ્દાદિકાભાવમાં છે. ત્યાં શ્રવણેન્દ્રિયસમવેતનિરૂપિત વિશેષણતા સન્નિકર્ષ કારણ પણ છે.

શબ્દસમવેતશબ્દત્વાદિવૃત્તિ કત્વાદ્યભાવનું પ્રત્યક્ષ, શ્રવણેન્દ્રિયથી જન્ય છે, તેની પ્રત્યે શ્રવણેન્દ્રિયસમવેત શબ્દસમવેતનિરુપિતવિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. શબ્દસમવેતાધિકરણકાભાવનું પ્રત્યક્ષ, શબ્દ સમવેતાધિકરણકાભાવવૃત્તિ લૌકિકવિષયત્વ સંબંધથી શબ્દસમવેતાધિકરણકાભાવમાં છે. અને ત્યાં શ્રવેણન્દ્રિય સમવેતસમવેત (શબ્દત્વાદિ) નિરૂપિતવિશેષણતા સન્નિકર્ષ છે.

આ વિશેષણાત્મકસન્નિકર્ષો 'ઘટાભાવવદ્ ભૂતલમ્' ઇત્યાદિ સ્થળે અર્થાત્ જ્યાં અભાવનું વિશેષણવિધયા ભાન છે, ત્યાં જ ઉપયોગી છે. પરંતુ 'ભૂતલે ઘટો નાસ્તિ અથવા 'ભૂતલે ઘટાભાવ' ઇત્યાદિસ્થળે અભાવનું વિશેષ્યતયા ભાન હોવાથી ઉપર્યુક્ત વિશેષણતાના સ્થાને વિશેષ્યતાસન્નિકર્ષનો પાઠ સમજીને અભાવપ્રત્યક્ષની પ્રત્યે વિશેષ્યતાસન્નિકર્ષની કારણતા સ્વયં સમજવી જોઈએ.

ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રાસન, સ્પર્શન અને મન એ છ ઇન્દ્રિયો છે. તે ઇન્દ્રિયોનો અર્થ તે ઇન્દ્રિયાર્થ અર્થાત્ ઇન્દ્રિયોના વિષયો. 'रुपादयस्तदर्थाः' એ વચનથી રૂપાદિ ઇન્દ્રિયોના અર્થ(વિષય) છે. તે રૂપાદિની સાથે ઇન્દ્રિયોનો સનિકર્ષ-સંબંધ થવો તે ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ કહેવાય છે. તે સન્નિકર્ષ છ પ્રકારનો છે. (૧) **સંયોગ :** ઇન્દ્રિયનીસાથે દ્રવ્યનો સંયોગ. (૨) **સંયુક્તસમવાય :** રૂપાદિ ગુણો સંયુક્તસમવાય સંબંધથી જ દ્રવ્યમાં સમવેત છે. અર્થાત્ સંયુક્તસમવાયસન્નિકર્ષથી રૂપાદિ ગુણોનું પ્રત્યક્ષ થાય છે. (૩) **સંયુક્તસમવેત સમવાયઃ** રૂપાદિ ગુણોમાં સમવાય સંબંધથી રહેલ રૂપત્વાદિ, દ્રવ્યમાં સંયુક્તસમવેતસમવાય સંબંધથી રહે છે. અર્થાત્ સંયુક્તસમવેતસમવાયસન્નિકર્ષથી ગુણત્વાદિ, રૂપત્વાદિ જાતિનું પ્રત્યક્ષ થાય છે. (૪) **સમવાય :** શબ્દનું પ્રત્યક્ષ શ્રવણેન્દ્રિય દ્વારા થાય છે અને શ્રવણેન્દ્રિય આકાશ સ્વરૂપ છે. શબ્દ આકાશનો ગુણ છે તથા શબ્દ આકાશમાં સમવાય સંબંધથી રહે છે. તેથી શબ્દની સાથે શ્રવણેન્દ્રિયનો સમવાય સંબંધ છે. આ સમવાયસન્નિકર્ષથી શબ્દનું પ્રત્યક્ષ થાય છે. (૫) **સમવેત સમવાય :** આકાશમાં શબ્દ સમવાયસંબંધથી રહે છે. અને શબ્દમાં શબ્દત્વ સમવાયસંબંધથી રહે છે. આકાશ શ્રોત્રેન્દ્રિયસ્વરૂપ છે. આથી જેમ શબ્દનું પ્રત્યક્ષ શ્રોત્રેન્દ્રિયથી થાય છે. તેમ શબ્દત્વજાતિનું પ્રત્યક્ષ પણ શ્રોત્રેન્દ્રિયથી થાય છે. તેમાં કારણ સમવેતસમવાયસન્નિકર્ષ બને છે. અર્થાત્ સમવેતસમવાયસન્નિકર્ષથી શબ્દત્વનું પ્રત્યક્ષ થાય છે.

(૬) **વિશેષણ - વિશેષ્યભાવ :** સમવાય અને અભાવના પ્રત્યક્ષમાં વિશેષણવિશેષ્યભાવ સન્નિકર્ષ કારણ બને છે.

(ઉપરોક્ત) કહેલા પાંચપ્રકારના સંબંધ (સન્નિકર્ષ)થી સંબદ્ધ વસ્તુમાં સમવાય અને ઘટાદિ દૃશ્યાભાવ (ઘટાદ્યભાવ)નું વિશેષણત્વ અને વિશેષ્યત્વ થાય છે, તે આ પ્રમાણે-(૧) તંતુઓમાં પટ સમવાય સંબંધથી રહે છે. એટલે तन्तवः पटसमवायवन्तः કે तन्तुषु पटसमवायः. અહીં पटसमवायवन्तः વિશેષણ છે અને तन्तवः વિશેષ્ય છે. તેથી વિશેષણ–વિશેષ્યભાવ સંબંધથી સમવાયનું પ્રત્યક્ષ થાય છે.

(૨) ઘટશૂન્ય ભૂતલમ્ इह भूतले घटो नास्ति । અર્થાત્ ઘટાભાવવત્ભૂતલમ્–અહીં 'ઘટાભાવ' વિશેષણ અને ભૂતલમ્ વિશેષ્ય છે. આ વિશેષણ-વિશેષ્યભાવ સંબંધથી અભાવનું પ્રત્યક્ષ થાય છે.

આમ વિશેષણ-વિશેષ્યભાવ સન્નિકર્ષથી સમવાય અને અભાવનું પ્રત્યક્ષ થાય છે. આ પ્રમાણે છ પ્રકારના સન્નિકર્ષો છે.

अथ निकर्षग्रहणमेवास्तु सं-ग्रहणं व्यर्थम्, न, सं-शब्दग्रहणस्य सन्निकर्षषट्कप्रतिपादनार्थत्वात् । एतदेव सन्निकर्षषट्कं ज्ञानोत्पादे समर्थं कारणं, न संयुक्तसंयोगादिकमिति संग्रहणाल्लभ्यते । इन्द्रियार्थसन्निकर्षादुत्पन्नं जातम् । उत्पत्तिग्रहणं कारकत्वज्ञापकार्थम् । अत्रायं भावः । इन्द्रियं हि नैकट्यादर्थेन सह संबध्यते, इन्द्रियार्थसंबन्धाच्च ज्ञानमुत्पद्यते । यदुक्तम्-

"आत्मा सहैति मनसा मन इन्द्रियेण, स्वार्थेन चेन्द्रियमिति क्रम एष शीघ्र ।
योगोऽयमेव मनसः किमगम्यमस्ति, यस्मिन्, मनो व्रजति तत्र गतोऽयमात्मा ।।१।।"

ज्ञानसंग्रहणं सुखादिनिवृत्त्यर्थं, सुखादीनामज्ञानरूपत्वात् । सुखादयो ह्याह्लादादिस्वभावा ग्राह्यतयानुभूयन्ते, ज्ञानं त्वर्थावगमस्वभावं ग्राहकतयानुभूयत इति ज्ञानसुखाद्योर्भेदोऽध्यक्षसिद्ध एव । अव्यपदेश्यं नामकल्पनारहितं, नामकल्पनायां हि शाब्दं स्यात् । अव्यपदेश्यपदग्रहणाभावे हि व्यपदेशः शब्दस्तेनेन्द्रियार्थसन्निकर्षेण चोभाभ्यां यदुत्पादितं ज्ञानं तदप्यध्यक्षफलं स्यात्तन्निवृत्त्यर्थमव्यपदेशपदोपादानम् । इदमत्र तत्त्वम्-चक्षुर्गोशब्दयोर्व्यापारे सत्ययं गौरिति विशिष्टकाले यज्ज्ञानमुपजायमानमुपलभ्यते, तच्छब्देन्द्रियोभयजन्यत्वेऽपि प्रभूतविषयत्वेन शब्दस्य प्राधान्याच्छाब्दमिष्यते, न पुनरध्यक्षमिति । इन्द्रियजन्यस्य मरुमरीचिकासूदकज्ञानस्य, शुक्तिशकले कलधौतबोधादेश्च निवृत्त्यर्थमव्यभिचारिपदोपादानम् । यदतस्मिंस्तदित्युत्पद्यते तद्व्यभिचारि ज्ञानम्, तद्व्यवच्छेदेन तस्मिंस्तदिति ज्ञानमव्यभिचारि । व्यवसीयतेऽनेनेति व्यवसायो विशेष उच्यते । विशेषजनितं व्यवसायात्मकं, अथवा व्यवसायात्मकं निश्चयात्मकम् । एतेन संशयज्ञानमनेकपदार्थालम्बनत्वादनिश्चयात्मकत्वाच्च प्रत्यक्षफलं न भवतीति ज्ञापितम् । नन्वेवमपि ज्ञानपदमनर्थकमन्त्यविशेषणाभ्यां ज्ञानस्य लब्धत्वात्, न । धर्मप्रतिपादनार्थत्वादस्य, ज्ञानपदोपात्तो हि धर्मीन्द्रियार्थसन्निकर्षजत्वादिभिर्विशेष्यते । अन्यथा धर्म्यभावे क्वाव्यभिचारादीन् धर्मांस्तत्पदानि प्रतिपादयेयुः । केचित्पुनरेवं व्याचक्षते । अव्यपदेश्यं व्यवसायात्मकमिति पदद्वयेन निर्विकल्पकसविकल्पकभेदेन प्रत्यक्षस्य द्वैविध्यमाह, शेषाणि तु ज्ञानविशेषणानीति ।

ટીકાનો ભાવનુવાદ :

શંકા : સન્નિકર્ષમાં, 'सं' નું ગ્રહણ ન કરો અને 'નિકર્ષ' રાખો તો પણ ચાલશે. કારણકે ઇન્દ્રિય અને અર્થ નજીકઆવવાથી પ્રત્યક્ષ જ્ઞાન થઈ જશે. (નિકર્ષનો અર્થ નજીક છે.)

नैयायिक : આવું ન કહેવું, કારણ કે 'सं' શબ્દનું ગ્રહણ છ સન્નિકર્ષના પ્રતિપાદન માટે છે અને (ઉપરોક્ત બતાવેલા) આ સન્નિકર્ષો જ જ્ઞાન ઉત્પાદનમાં સમર્થકારણ છે. પણ સંયુક્ત-સંયોગાદિ જ્ઞાનોત્પત્તિમાં કારણ નથી. આ પ્રમાણે 'सं' ગ્રહણથી જ્ઞાનોત્પત્તિમાં કારણભૂત છ સન્નિકર્ષોનો લાભ થાય છે. તેથી 'सं' ગ્રહણ વ્યર્થ નથી. સાર્થક જ છે. તથા "ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી ઉત્પન્નજ્ઞાન પ્રત્યક્ષ કહેવાય છે." અહીં ઉત્પત્તિનું ગ્રહણ સન્નિકર્ષમાં કારકત્વનું સૂચનકરવા માટે છે. અર્થાત્ ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ કારક છે, એમ જણાવવા માટે છે.

કહેવાનો આશય એ છે કે ઇન્દ્રિયનો નિકટપણાથી અર્થ (પદાર્થ)ની સાથે સંબંધ થાય છે. અને ઇન્દ્રિયાર્થના સંબંધથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. જેથી કહ્યું છે કે-

"સ્વ-સ્વ અર્થો (વિષયો)ની સાથે ઇન્દ્રિય, ઇન્દ્રિય સાથે મન, અને મન સાથે આત્મા (સંબંધ કરે છે.) આ શીઘ્ર ક્રમ છે. જ્યાં મન જાય છે, ત્યાં આ આત્મા ગયેલો જ છે. (તેથી) મનનો આ યોગ જ શું અગમ્ય છે ? ॥૧॥" (કહેવાનો આશય એ છે કે ઇન્દ્રિયનો સ્વ અર્થ (વિષય)ની સાથે સંબંધ થાય છે અને ઇન્દ્રિયની સાથે મનનો તથા મનની સાથે આત્માનો સંબંધ થાય છે અને આ સંબંધથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. જેમ કે "આ ઘટ છે" ઇત્યાદિ.

અહીં ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી ઉત્પન્ન **જ્ઞાનને** પ્રત્યક્ષ કહ્યું છે. ત્યાં જ્ઞાનનું ગ્રહણ સુખાદિની નિવૃત્તિ માટે છે. કારણ કે સુખાદિ અજ્ઞાનરૂપ છે. (વળી જ્ઞાન અને સુખાદિમાં જે ભેદ છે તે પ્રત્યક્ષસિદ્ધ છે.) સુખાદિ આહ્લાદાદિ સ્વભાવવાળા છે. અને તે ગ્રાહ્યતયા અનુભવાય છે. (અર્થાત્ અર્થની-વિષયની પ્રાપ્તિ થતાં અનુકૂલતા-પ્રતિકૂલતાના યોગે જે સુખ દુ:ખ થાય છે તે ગ્રાહ્યતયા અનુભવાય છે.) પણ જ્ઞાન અર્થના અવગમના સ્વભાવરૂપ છે અને ગ્રાહકતયા અનુભવાય છે. (અર્થાત્ જ્ઞાન અર્થ-વિષયને જણાવવાના સ્વભાવવાળું છે અને તે જ્ઞાન વસ્તુમાં રહેલ સુખ-દુ:ખ, આદિને ગ્રહણ કરનાર (ગ્રાહક) છે. આમ જ્ઞાન ગ્રાહકતયા અનુભવાય છે.) તેથી આ રીતે જ્ઞાન તથા સુખાદિમાં ગ્રાહ્ય-ગ્રાહકતયા સ્પષ્ટભેદ પ્રત્યક્ષથી સિદ્ધ જ છે.

પ્રત્યક્ષના લક્ષણમાં જે 'अव्यपदेश्य' પદ છે, તેની વિવક્ષા કરે છે. નામ-કલ્પનાથી રહિતને અવ્યપદેશ્ય કહેવાય છે. નામ અને કલ્પના હોતે છતે તે શાબ્દપ્રમાણ થઈ જાય છે. (પ્રત્યક્ષ પ્રમાણ નહીં થાય.) આથી 'अव्यपदेश्य' વિશેષણને ગ્રહણ કર્યું છે. [૭]અવ્યપદેશ્ય પદનું ગ્રહણ

૭. નામ અને કલ્પનારહિતને અવ્યપદેશ્ય કહેવાય છે. નૈયાયિકોએ પ્રત્યક્ષના જે બે પ્રકાર માન્યા છે, તેમાં નિર્વિકલ્પકપ્રત્યક્ષનું સૂચન 'अव्यपदेश्य' પદથી થાય છે અને 'व्यवसायात्मक' પદથી સવિકલ્પકપ્રત્યક્ષનું સૂચન જાણવું.

વળી આ વિષયમાં વિશેષ વિચારીએ તો, જેમાં વિશેષણ હોય તે વ્યપદેશ્ય. અને જેમાં વિશેષણ ન હોય તે અવ્યપદેશ્ય. અર્થાત્ વિશેષણ વગરનું ઉત્પન્ન થયેલું જે શુદ્ધજ્ઞાન છે તે પ્રત્યક્ષ છે. જ્યારે તેમાં વિશેષણ જોડાય, ત્યારે તે વ્યપદેશ્ય બને છે. જેમકે-ઘટજ્ઞાનમાં ઘટત્વ વિશેષણ અને વૃક્ષજ્ઞાનમાં વૃક્ષત્વ વિશેષણ છે,

કરવામાં ન આવે તો વ્યપદેશ=શબ્દ, તે શબ્દવડે અને ઇન્દ્રિયાર્થસન્નિકર્ષવડે, એમ બંનેવડે જે જ્ઞાન ઉત્પન્ન થાય તે પણ અધ્યક્ષ=પ્રત્યક્ષનું ફલ થશે. (અર્થાત્ વ્યપદેશ=શબ્દ વડે ઉત્પન્ન થતું જ્ઞાન પણ પ્રત્યક્ષનું ફળ થશે અને ઇન્દ્રિયાર્થ-સન્નિકર્ષવડે ઉત્પન્ન થતું જ્ઞાન પણ પ્રત્યક્ષનું ફલ થશે. પરંતુ શબ્દવડે ઉત્પન્ન થતું જ્ઞાન શાબ્દપ્રમાણનું ફલ છે. પણ પ્રત્યક્ષનું ફલ નથી.) તેથી તેની નિવૃત્તિમાટે (અર્થાત્ શબ્દથી ઉત્પન્ન થતા જ્ઞાનમાં પ્રત્યક્ષફલત્વની આપત્તિના નિવારણ માટે) પ્રત્યક્ષના લક્ષણમાં અવ્યપદેશ્યપદનું ઉપાદાન કરેલ છે.

इदमत्र तत्त्वम् - કહેવાનું તાત્પર્ય એ છે કે ચક્ષુ, ગાય અને 'ગો' શબ્દના વ્યાપારમાં હોવા છતાં "अयं गौः" એ પ્રમાણે વિશિષ્ટકાલમાં જે (ગાય સંબંધી)જ્ઞાન ઉત્પન્ન થતું જણાય છે, તે જ્ઞાન શબ્દ અને ઇન્દ્રિય (ચક્ષુ) બંનેથી ઉત્પન્ન થતું હોવા છતાં પણ (તે જ્ઞાનમાં) શબ્દનો ઘણો વિષય હોવાના કારણે (શબ્દનું) પ્રાધાન્ય છે. તેથી તે જ્ઞાન શાબ્દજ્ઞાન તરીકે ઇચ્છાય છે, પણ પ્રત્યક્ષ ઇચ્છાતું નથી.

પ્રત્યક્ષજ્ઞાનના લક્ષણમાં અવ્યભિચારિપદ મુકવાનું પ્રયોજન જણાવે છે - ઇન્દ્રિય જન્ય મરુમરીચિકામાં (ઝાંઝવાનાં નીરમાં) થતા પાણીના જ્ઞાનની અને શુક્તિના ટુકડામાં [૮]કલધૌતના બોધાદિની નિવૃત્તિ માટે અવ્યભિચારિપદનું ઉપાદાન કરેલું છે. (સંશય અને વિપર્યયથી રહિત હોય તે અવ્યભિચારિજ્ઞાન કહેવાય છે.)

'यदतस्मिंस्तद्' અર્થાત્ અતસ્મિન્માં તદ્નું જે જ્ઞાન થાય તે વ્યભિચારિજ્ઞાન કહેવાય છે. જેમકે શુક્તિમાં રજતનું જ્ઞાન. આમ આ વ્યભિચારિજ્ઞાનના વ્યવચ્છેદ માટે तस्मिन् માં तद् ના જ્ઞાનરૂપ અવ્યભિચારિ જ્ઞાનનું ગ્રહણ કર્યું છે.

હવે 'વ્યવસાયાત્મક' પદ ગ્રહણનું પ્રયોજન જણાવે છે - જેનાવડે વિશેષ કરાય તે વ્યવસાય=વિશેષ કહેવાય છે. વિશેષથીજનિત તે વ્યવસાયાત્મિક કહેવાય છે. અથવા

એટલે વ્યવહારમાં આવતું સર્વજ્ઞાન વિશેષણવાળું હોય છે. અને ઉત્પત્તિ સમયે તો જ્ઞાન વિશેષણ વગરનું જ હોય છે.

અવ્યપદેશ્યનો બીજોઅર્થ પણ થાય છે. તે આ પ્રમાણે છે-જેમાં શબ્દ પણ સંબંધીતરીકે હોય તે વ્યપદેશ્ય. અવ્યપદેશ્ય એટલે જેમાં શબ્દ સંબંધી તરીકે કે વિશેષણ તરીકે ન હોય તે. જેમકે ચક્ષુ આદિ ઇન્દ્રિયોનો જ્યારે અર્થ સાથે સંબંધ થાય છે, ત્યારે દ્રષ્ટાના આત્મામાં જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેમાં શબ્દ જરાપણ સંબંધીતરીકે હોતો નથી. નાનું છ માસનુંબાળક જ્યારે હાથીઆદિ પ્રાણીઓને જુએ છે, ત્યારે તેના આત્મામાં જ્ઞાન તો જરૂર ઉત્પન્ન થાય છે, પણ તે વખતે 'હાથી' એવો શબ્દ જ્ઞાનનો સંબંધી તેમજ વિશેષણ તરીકે બિલકુલ હોતો નથી. **માટે પ્રત્યક્ષજ્ઞાનની ઉત્પત્તિમાં શબ્દ સંબંધી તરીકે, વાચકતરીકે કે વિશેષણ તરીકે જ્ઞાનની સાથે હોતો નથી.** આ બાબતને જણાવવા 'અવ્યપદેશ્ય' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે.

૮. કલધૌત ના સ્થાને 'રજત' પાઠ હોય તો વધુ યોગ્ય જણાય છે

નિશ્ચયાત્મકજ્ઞાનને વ્યવસાયાત્મિકજ્ઞાન કહેવાય છે અને 'વ્યવસાયત્મક' પદના ગ્રહણથી સંશયજ્ઞાન અનેક પદાર્થના આલંબનવાળું હોવાથી તથા નિશ્ચયાત્મક ન હોવાથી પ્રત્યક્ષનું ફલ નથી, એ જણાવેલું થાય છે. (જેમકે દ્રષ્ટા આંખથી દૂરસ્થપદાર્થ જુએ છે, પણ તે ચોક્કસ કરી શકતો નથી કે આ સામે દેખાતો ધૂમાડો છે કે ઉડતી ધૂળ છે ? અથવા સામે જે દેખાય છે તે પુરુષ છે કે સ્થાણું છે ? આ પ્રમાણે ચક્ષુસંબદ્ધ પદાર્થ સમીપ હોવાછતાં દ્રષ્ટા નિર્ણય કરી શકતો ન હોવાથી એ જ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન કહેવાય નહીં. માટે વ્યવસાયાત્મક એટલે નિશ્ચયાત્મક જ્ઞાન જ પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે.)

શંકા : વ્યવસાયાત્મક અને અવ્યભિચારિ આ બે અંતિમ વિશેષણોદ્વારા 'જ્ઞાન' નું ગ્રહણ થઈ જાય છે. તો પ્રત્યક્ષના લક્ષણમાં "ज्ञानम्" પદનું ગ્રહણ વ્યર્થ છે—અનર્થક છે.

સમાધાન : આવું ન કહેવું, કારણકે જ્ઞાનપદ ધર્મીના પ્રતિપાદન માટે છે. અર્થાત્ પ્રત્યક્ષના લક્ષણમાં જ્ઞાન ધર્મી છે અને અવ્યભિચારિઆદિપદ જ્ઞાનના ધર્મ છે અને ધર્મીને જણાવવા 'જ્ઞાન' પદનું ગ્રહણહોવાથી 'જ્ઞાન' પદ નિરર્થક નથી. અને જ્ઞાનપદથીપ્રાપ્ત ધર્મી જ ઇન્દ્રયાર્થસન્નિકર્ષજત્વાદિવડે વિશેષિત કરાય છે. (ઇન્દ્રયાર્થસન્નિકર્ષજત્વથી જન્ય છે, એમ કહેવાય છે. અર્થાત્ ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી જન્યજ્ઞાન પ્રત્યક્ષ કહેવાય છે. અહીં ઇન્દ્રિયાર્થસન્નિકર્ષજત્વ ધર્મ છે અને જ્ઞાન ધર્મી છે. આમ ધર્મીને જણાવવા જ્ઞાનપદનું ગ્રહણ કરેલ છે.)

અન્યથા (જો એમ નહીં માનો તો, એટલે કે જ્ઞાન પદ અનર્થક છે. આથી તેનું ગ્રહણ આવશ્યક નથી, તો) ધર્મી એવા જ્ઞાનના અભાવમાં જે અવ્યભિચારઆદિ ધર્મો છે, તે પદોનું ક્યાં પ્રતિપાદન કરાય ? અર્થાત્ ધર્મીના અભાવમાં ધર્મોનું પ્રતિપાદન નિરાધાર બની જશે.

केचित्पुनरेवं व्याचक्षते - વળી કેટલાક એમ કહે છે કે - 'अव्यपदेश्य' અને 'વ્યવસાયાત્મક' આ બે પદ દ્વારા નિર્વિકલ્પક અને સવિકલ્પકના ભેદથી પ્રત્યક્ષના બેપ્રકારો છે. (એમ સૂચિત થાય છે.) પણ શેષ ઇન્દ્રિયાર્થસન્નિકર્ષજત્વ, અવ્યભિચારિ એ બે જ્ઞાનના વિશેષણો છે.

अत्र च सूत्रे फलस्वरूपसामग्रीविशेषणपक्षास्त्रयः संभवन्ति । तेषु स्वरूपविशेषणपक्षो न युक्तः । यथोक्तविशेषणं ज्ञानं प्रत्यक्षमिति हि तत्रार्थः स्यात् । तथा चाकारकस्य ज्ञानस्य प्रत्यक्षत्वप्रसक्तिः, न चाकारकस्य प्रत्यक्षत्वं युक्तं, असाधकतमत्वात्साधकतमस्यैव च प्रमाणत्वात् । तुलासुवर्णादीनां प्रदीपादीनां सन्निकर्षेन्द्रियादीनां चाबोधरुपाणामप्रत्यक्षत्वप्रसङ्गश्च । इष्यते चैषां सूत्रकृता प्रत्यक्षत्वं, तन्न स्वरूपविशेषणपक्षो युक्तः । नापि सामग्रीविशेषणपक्षः । सामग्रीविशेषणपक्षे ह्येवं सूत्रार्थः स्यात् । प्रमातृप्रमेयचक्षुरादीन्द्रि-

यालोकादिका ज्ञानजनिका सामग्रीन्द्रियार्थसन्निकर्षोत्पन्नत्वादिविशेषणविशिष्टज्ञानजननादुपचारेणेन्द्रियार्थसन्निकर्षोत्पन्नत्वादिविशेषणविशिष्टा सती प्रत्यक्षमिति । एवं च सामग्र्याः सूत्रोपात्तविशेषणयोगित्वं तथाविधफलजनकत्वादुपचारेणैव भवति, न तु स्वत इति । न तु युक्तस्तत्पक्षोऽपि । फलविशेषणपक्षस्तु युक्तिसंगतः । अत्र पक्षे यत इत्यध्याहार्यम् । ततोऽयमर्थः । इन्द्रियार्थसन्निकर्षोत्पन्नत्वादिविशेषणं ज्ञानं यत इन्द्रियार्थसन्निकर्षादेर्भवति, स इन्द्रियार्थसन्निकर्षादिः प्रत्यक्षं प्रमाणम् । ज्ञानं च प्रत्यक्षप्रमाणफलम् । यदा तु ततोऽपि ज्ञानाद्धानोपादानादिबुद्धय उत्पद्यन्ते, तदा हानादिबुद्ध्यपेक्षया ज्ञानं प्रमाणं हानादिबुद्धयस्तु फलं, "यदा ज्ञानं प्रमाणं, तदा हानादिबुद्धयः फलम्" इति वचनात् [न्यायभा. १/१/३] । यथा चानुभवज्ञानवंशजायाः स्मृतेस्तथा चायमित्येतज्ज्ञानमिन्द्रि-यार्थसन्निकर्षजत्वात्प्रत्यक्षफलम् । तत्स्मृतेस्तु प्रत्यक्षता । सुखदुःखसंबन्धस्मृतेस्त्विन्द्रियार्थसन्निकर्षसहकारित्वात्तथा चायमिति सारूप्यज्ञानजनकत्वेनाध्यक्षप्रमाणता । सारूप्यज्ञानस्य च सुखसाधनोऽयमित्यानुमानिकफलजनकत्वेनानुमानप्रमाणता । न च सुखसाधनत्वशक्तिज्ञानमिन्द्रियार्थसन्निकर्षजं, शक्तेरसन्निहितत्वात् । आत्मनो मनइन्द्रियेण सन्निकर्षे सुखादिज्ञानं फलम् । मनइन्द्रियस्य तत्सन्निकर्षस्य च प्रत्यक्षप्रमाणता । एवमन्यत्रापि यथार्हं प्रमाणफलविभागोऽवगन्तव्य इति । एतदेवेन्द्रियार्थसन्निकर्षादिसूत्रं ग्रन्थकारः पद्यबन्धानुलोम्येनेत्थमाह । "इन्द्रियार्थसंपर्कोत्पन्नम्" इत्यादि । अत्र संपर्कः संबन्धः । अव्यभिचारि चेत्यत्र चकारो विशेषणसमुच्चयार्थः । अव्यभिचारिकमिति पाठे त्वव्यभिचार्येवाव्यभिचारिकं स्वार्थे कप्रत्ययः । व्यपदेशो नामकल्पना । अत्रापि व्याख्यायां यत इत्यध्याहार्यम् । भावार्थः सर्वोऽपि प्राग्वदेवेति ।

ટીકાનો ભાવાનુવાદ :

અહીં સૂત્રમાં (પ્રત્યક્ષનું જે લક્ષણ કર્યું છે, તે સૂત્રમાં) (i) ફલ, (ii) સ્વરૂપ અને (iii) સામગ્રી એમ ત્રણવિશેષણપક્ષો સંભવે છે.

તે ત્રણ વિશેષણપક્ષમાં સ્વરૂપવિશેષણ પક્ષ યુક્ત નથી. (જો સ્વરૂપવિશેષણ પક્ષ સ્વીકારશો તો) "યથોક્તવિશેષણથીયુક્ત જ્ઞાન પ્રત્યક્ષ છે." આવો તે સૂત્રનો અર્થ થશે. અને તેથી અકારક એવા જ્ઞાનના પ્રત્યક્ષત્વની આપત્તિ આવશે. અને અકારકજ્ઞાનનું પ્રત્યક્ષત્વ યુક્ત નથી. કારણકે

અકારકજ્ઞાન સાધકતમ નથી. સાધકતમ જ પ્રમાણ હોય છે. (કહેવાનો આશય એ છે કે યથોક્તિવિશેષણથી યુક્તજ્ઞાન પ્રત્યક્ષ છે, એવો અર્થ કરવાથી પ્રત્યક્ષનો કર્તા કોણ છે. અર્થાત્ તે પ્રત્યક્ષ કોનાથી ઉત્પન્ન થયું ? તે પ્રશ્ન આવશે. જ્ઞાન તો ફલ હોવાથી કર્તા બની શકે નહીં. અને અકારકજ્ઞાનનું પ્રત્યક્ષત્વ યુક્ત નથી. અને અસાધકતમ પ્રમાણરૂપ પણ નથી.) અને વળી "યથોક્ત વિશેષણથી યુક્તજ્ઞાન પ્રત્યક્ષ છે"-સૂત્રનો આવો અર્થ કરવાથી અર્થાત્ સ્વરૂપ વિશેષણપક્ષમાં જ્ઞાનને જ પ્રમાણ મનાતું હોવાથી તુલા, સુવર્ણાદિ, પ્રદીપાદિ, અને ઇન્દ્રિયોના સન્નિકર્ષાદિ અબોધસ્વરૂપો (અચેતનસ્વરૂપો)ના અપ્રત્યક્ષત્વની આપત્તિ આવશે. અને સૂત્રકારને પ્રત્યક્ષજ્ઞાનના જનકતરીકે જ્ઞાનની જેમ અચેતન પણ ઇષ્ટ છે. તેથી સન્નિકર્ષાદિ અચેતનસ્વરૂપોનું અપ્રત્યક્ષત્વ આવી પડે, તે ઇષ્ટ નથી. તેથી સ્વરૂપવિશેષણપક્ષ યુક્ત નથી.

સામગ્રીવિશેષણપક્ષ પણ યુક્ત નથી. કારણકે સામગ્રીવિશેષણપક્ષમાં એ પ્રમાણે જ સૂત્રાર્થ થાય છે. અર્થાત્ 'યથોક્તવિશેષણથી યુક્તજ્ઞાન પ્રત્યક્ષ છે.' એમ સૂત્રાર્થ થશે. અને પ્રમાતૃ, પ્રમેય, ચક્ષુઆદિ ઇન્દ્રિય તથા આલોકઆદિ જ્ઞાનને ઉત્પન્ન કરનારી સામગ્રી, ઇન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્નત્વાદિ વિશેષણથી વિશિષ્ટજ્ઞાનને ઉત્પન્ન કરતી હોવાથી, ઉપચારથી ઇન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્નત્વાદિ વિશેષણથી વિશિષ્ટ થતી છતી સામગ્રી પ્રત્યક્ષ(ને ઉત્પન્ન કરે) છે અને એ પ્રમાણે સામગ્રી સૂત્રમાં ગ્રહણ કરેલ વિશેષણથી યુક્ત તેવાપ્રકારના ફલને ઉત્પન્ન કરનાર ઉપાચારથી જ થાય છે. પણ સામગ્રી સ્વતઃ ફલને ઉત્પન્ન કરતી નથી. આથી સામગ્રીવિશેષણપક્ષ પણ યુક્ત નથી.

ફલવિશેષણપક્ષ યુક્તિસંગત છે. આ પક્ષમાં 'યતઃ' નો અધ્યાહાર કરવો. તેથી સૂત્રનો આ અર્થ થશે - ઇન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્નત્વાદિ વિશેષણથી વિશિષ્ટજ્ઞાન જે કારણથી ઇન્દ્રિયાર્થસન્નિકર્ષાદિથી (ઉત્પન્ન) થાય છે, (તે કારણથી) તે ઇન્દ્રિયાર્થસન્નિકર્ષાદિ પ્રત્યક્ષપ્રમાણ છે અને જ્ઞાન પ્રત્યક્ષપ્રમાણનું ફલ છે.

પણ જ્યારે તે જ્ઞાનથી પણ હાન-ઉપાદનની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, ત્યારે હાનાદિ બુદ્ધિની અપેક્ષાથી જ્ઞાન પ્રમાણ થશે અને હાનાદિ બુદ્ધિ ફલ થશે. કારણ કે "જ્યારે જ્ઞાન પ્રમાણ હોય, ત્યારે હાનાદિબુદ્ધિ ફલ થાય છે." એ પ્રમાણે શાસ્ત્રનું વચન છે. (કહેવાનો આશય એ છે કે ઇન્દ્રિયાર્થના સન્નિકર્ષથી કોઈ વસ્તુનું જ્ઞાન થયા બાદ, તેમાં 'આ વસ્તુ હેય છે." અને "આ વસ્તુ ઉપાદેય છે." એવી જે બુદ્ધિ પેદા થાય છે. તેમાં તે વસ્તુનું જ્ઞાન પ્રમાણ છે. અને હેયોપાદેયનો વિવેક તે (જ્ઞાનનું) ફલ છે.)

જેમ અનુભવજ્ઞાનના વંશ(સંસ્કાર)થી ઉત્પન્ન થયેલી સ્મૃતિ પ્રત્યક્ષનું ફૂલ છે, તેમ 'अयम्' અથાત્ 'આ છે' એ પ્રમાણે, આ જ્ઞાન ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી ઉત્પન્ન થતું હોવાના કારણે પ્રત્યક્ષનું

ફલ છે. વળી તે સ્મૃતિની પ્રત્યક્ષતા (પણ) છે. અર્થાત્ સ્મૃતિ પ્રત્યક્ષપ્રમાણ પણ છે. (સ્મૃતિની પ્રત્યક્ષતા આ પ્રમાણે છે-) સુખ-દુઃખસંબંધી સ્મૃતિ ઇન્દ્રિયાર્થના સન્નિકર્ષના સહકારથી થાય છે. અર્થાત્ સુખ-દુઃખસંબંધી સ્મૃતિમાં ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ સહકારિ(કારણ) બને છે. (તે આ રીતે- અર્થ સાથે ઇન્દ્રિયનો સંપર્ક થતાં અર્થ અનુકુલ હોય તો સુખ અને અર્થ પ્રતિકુલ હોય તો દુઃખ થાય છે. આમ સુખ-દુઃખ સંબંધીસ્મૃતિ ઇન્દ્રિયાર્થસન્નિકર્ષના સહકારથી થાય છે. આથી સુખદુઃખસંબંધી સ્મૃતિમાં ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ સહકારિ છે.) અને તે સહકારિ હોવાથી 'तथा चायम्' અર્થાત્ "તે પ્રમાણે આ છે" એ પ્રમાણે સાદૃશ્યજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે સાદૃશ્યજ્ઞાન ઇન્દ્રિયાર્થસન્નિકર્ષના સહકારથી સ્મૃતિદ્વારા થાય છે. આથી સ્મૃતિની (પણ) પ્રત્યક્ષપ્રમાણતા છે. આમ સ્મૃતિ પ્રત્યક્ષપ્રમાણ છે.

(આથી અનુભવજ્ઞાનના વંશ (સંસ્કારથી) ઉત્પન્ન થયેલી સ્મૃતિ પ્રત્યક્ષનું ફલ છે તથા ઉપર જણાવ્યાનુસાર સ્મૃતિ પ્રત્યક્ષપ્રમાણ પણ છે.)

(ઉપર જેમ 'तथा चायम्' એ સાદૃશ્યજ્ઞાન ફલ છે, એમ જણાવ્યું, તેમ સાદૃશ્યજ્ઞાન પ્રમાણ પણ છે તે જણાવે છે-)

સાદૃશ્યજ્ઞાન 'આ સુખનું સાધન છે'—એ પ્રમાણે આનુમાનિક ફલને ઉત્પન્ન કરનાર (જનક) હોવાથી અનુમાન પ્રમાણ છે.

શંકા : 'આ સુખનું સાધન છે'—એ પ્રમાણે સુખસાધનત્વનું શક્તિજ્ઞાન ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી ઉત્પન્ન થાય છે. આથી સાદૃશ્યજ્ઞાન અનુમાનપ્રમાણ નથી. પરંતુ પ્રત્યક્ષપ્રમાણ જ છે.

સમાધાન : સુખસાધનત્વનું શક્તિજ્ઞાન ઇન્દ્રિયાર્થસન્નિર્ષથી ઉત્પન્ન થતું નથી. કારણકે અર્થ ઇન્દ્રિયથી સન્નિહિત (નજીક) હોય તો જ તે અર્થનું જ્ઞાન ઉત્પન્ન કરી શકે. શક્તિ ઇન્દ્રિયથી સન્નિહિત (નજીક) ન હોવાથી શક્તિજ્ઞાન ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી ઉત્પન્ન થતું નથી. આથી સુખસાધનત્વરૂપ આનુમાનિક જ્ઞાન સાદૃશ્યજ્ઞાનથી ઉત્પન્ન થતું હોવાથી, સાદૃશ્યજ્ઞાન અનુમાન પ્રમાણ છે.

આત્મના મન-ઇન્દ્રિય સાથેના સન્નિકર્ષમાં સુખાદિજ્ઞાન ફલ છે અને મન-ઇન્દ્રિયની તથા તેના સન્નિકર્ષની પ્રત્યક્ષપ્રમાણતા છે. આ રીતે અન્યત્ર પણ યથાયોગ્ય પ્રમાણ-ફલનો વિભાગ જાણવો.

આ "इन्द्रियार्थसन्निकर्षादि" (૧-૧-૪) આ ન્યાયસૂત્રને ગ્રંથકારશ્રી શ્લોકમાં (પદ્યમાં) ગુંથી લઈને, તે સૂત્રના અર્થને અનુકૂલપણે શ્લોકમાં પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ કરતાં કહે છે - "इन्दियार्थसंपर्कोत्पन्न..." (અર્થ પૂર્વે જણાવેલ છે). અહીં સંપર્ક=સંબંધ. શ્લોકમાં જે 'व्यभिचारि च' એમ કહ્યું છે, ત્યાં 'च' કાર વિશેષણોના સમુચ્ચય માટે છે. વળી 'अव्यभिचारिकम्' એ પ્રમાણે

(જ્યાં) પાઠ છે, ત્યાં अव्यभिचारि एव' આ વ્યુત્પત્તિથી સ્વાર્થમાં 'क' પ્રત્યય લાગેલ છે.

વ્યપદેશ એટલે શબ્દકલ્પના. અહીં પણ શ્લોકની વ્યાખ્યામાં 'यतः' અધ્યાહારથી લેવું. શ્લોકનો ભાવાર્થ સર્વે પણ પૂર્વની જેમ જાણવો.

अथ प्रत्यक्षतत्फयोरभेदविवक्षया प्रत्यक्षस्य भेदा उच्यन्ते । प्रत्यक्षं द्वेधा, अयोगिप्रत्यक्षं योगिप्रत्यक्षं च यदस्मदादीनामिन्द्रियार्थसन्निकर्षाज्ज्ञानमुत्पद्यते, तदयोगिप्रत्यक्षम् । तदपि द्विविधं निर्विकल्पकं सविकल्पं च तत्र वस्तुस्वरूपमात्रावभासकं निर्विकल्पकं, यथा प्रथमाक्षसन्निपातजं ज्ञानम् । संज्ञासंज्ञिसम्बन्धोल्लेखेन ज्ञानोत्पत्तिनिमित्तं सविकल्पकं, यथा देवदत्तोऽयं दण्डीत्यादि । योगिप्रत्यक्षं तु देशकालस्वभावविप्रकृष्टार्थग्राहकम् । तद्द्विविधं, युक्तानां प्रत्यक्षं वियुक्तानां च । तत्र समाध्यैकाग्र्यवतां योगधर्मैश्वरादिसहकृतादात्मान्तःकरणसंयोगादेव बाह्यार्थसंयोगनिरपेक्षं यदशेषार्थग्रहणं, तद्युक्तानां प्रत्यक्षम् । एतच्च निर्विकल्पकमेव भवति, विकल्पतः समाध्यैकाग्र्यानुपपत्तेः । इदं चोत्कृष्टयोगिन एव विज्ञेयं, योगिमात्रस्य तदसंभवात् । असमाध्यवस्थायां योगिनामात्ममनोबाह्येन्द्रियरूपाद्याश्रयचतुष्कसंयोगाद्रूपादीनां, आत्ममनःश्रौत्रत्रयसंयोगाच्छब्दस्य, आत्ममनोद्वयसंयोगात्सुखादीनां च यद्ग्रहणं, तद्वियुक्तानां प्रत्यक्षम् । तच्च निर्विकल्पकं सविकल्पकं च प्रतिपत्तव्यम् । विस्तरार्थिना तु न्यायसारटीका विलोकनीयेति ।।

ટીકાનો ભાવાનુવાદ :

હવે પ્રત્યક્ષ શબ્દનો પ્રત્યક્ષપ્રમાણ અને તેના પ્રત્યક્ષફલમાં અભેદની વિવક્ષા કરીને પ્રત્યક્ષના ભેદો કહે છે. પ્રત્યક્ષ બેપ્રકારે છે. (૧) અયોગિપ્રત્યક્ષ, (૨) યોગિપ્રત્યક્ષ.

આપણું જે ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી જ્ઞાન ઉત્પન્ન થાય છે તે અયોગિપ્રત્યક્ષ. અયોગિપ્રત્યક્ષ બે પ્રકારનું છે. (૧) નિર્વિકલ્પક અને (૨) સવિકલ્પક.

વસ્તુના સ્વરૂપમાત્રનું અવભાસકજ્ઞાન નિર્વિકલ્પકપ્રત્યક્ષ કહેવાય છે. જેમકે-પ્રથમ ઇન્દ્રિયના સન્નિપાત-સંપર્કથી ઉત્પન્ન થયેલ જ્ઞાન.

સંજ્ઞા-સંજ્ઞિસંબંધના ઉલ્લેખવડે જ્ઞાનોત્પત્તિમાં નિમિત્તરૂપ સવિકલ્પકજ્ઞાન-પ્રત્યક્ષ છે. જેમકે 'દેવદત્તોઽયં દણ્ડી' ઇત્યાદિ. અહી વાચકસંજ્ઞા (દંડ) અને વાચ્ય-સંજ્ઞિ (દેવદત્ત) એ બંનેના સંબંધ વડે 'દેવદત્તોઽયં દણ્ડી'–આવું જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે સવિકલ્પક (પ્રત્યક્ષ) કહેવાય છે.

(આ અયોગિપ્રત્યક્ષ અવિપ્રકૃષ્ટ(નજીક રહેલ) પદાર્થનું જ્ઞાન કરાવે છે.)

યોગિપ્રત્યક્ષ દેશ, કાલ અને સ્વભાવથી વિપ્રકૃષ્ટ (અતિશય દૂર રહેલ) અર્થનું ગ્રાહક છે. અર્થાત્ દૂરદેશવર્તી, અતીતાનાગતકાલવર્તી તથા સૂક્ષ્મસ્વભાવવાળા યાવત્ અતીન્દ્રિય પદાર્થોનું ગ્રાહક છે.

યોગિપ્રત્યક્ષ બે પ્રકારનું છે. (i) યુક્તયોગીઓનું પ્રત્યક્ષ અને (ii) વિયુક્તયોગિઓનું પ્રત્યક્ષ. (i) **યુક્તયોગિઓનું પ્રત્યક્ષ :** સમાધિમાં જેનું ચિત્ત પરમ એકાગ્રતાવાળું થયું છે, તે યોગિઓને યોગ-ધર્મ અને ઈશ્વરઆદિના સહકારથી આત્મા તથા અંત:કરણના સંયોગથી જ બાહ્યાર્થસંયોગને નિરપેક્ષ જે સઘળાયે પદાર્થોનું જ્ઞાન થાય છે, તે યુક્તયોગિઓનું પ્રત્યક્ષ કહેવાય છે. અને આ પ્રત્યક્ષ નિર્વિકલ્પક જ થાય છે. કારણકે વિકલ્પથી સમાધિમાં એકાગ્રતા સંગત થતી નથી. અને આ પ્રત્યક્ષ ઉત્કૃષ્ટયોગિઓને જ જાણવું. કારણકે યોગિમાત્રને આ પ્રત્યક્ષનો સંભવ નથી.

(ii) **વિયુક્તયોગિઓનું પ્રત્યક્ષ :** અસમાધિ અવસ્થામાં યોગિઓને આત્મા-મન-બાહ્યેન્દ્રિય અને રૂપાદિ ચારના સંયોગથી રૂપાદિનું, આત્મા-મન-શ્રોત્રેન્દ્રિય આ ત્રણના સંયોગથી શબ્દનું, આત્મા-મન-આ બેના સંયોગથી સુખાદિનું જે ગ્રહણ થાય છે, તે વિયુક્તયોગિઓનું પ્રત્યક્ષ કહેવાય છે અને તે નિર્વિકલ્પક અને સવિકલ્પક બંને પ્રકારનું જાણવું.

આ વિષયમાં વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાઓ વડે ન્યાયસારની ટીકા જોવી.

अथानुमानलक्षणमाह "अनुमानं तु तत्पूर्वं त्रिविधं भवेत्पूर्ववच्छेषवच्चैव" इत्यादि । अत्र चैवशब्दौ पूर्ववदादीनामर्थबाहुल्यसूचकौ । तथाशब्दश्चकारार्थः समुच्चये । शेषं तु सूत्रव्याख्ययैव, व्याख्यास्यते, सूत्रं त्विदं "तत्पूर्वकं त्रिविधमनुमानं, पूर्ववच्छेषवत्सामान्यतोदृष्टं च" [ ] इति । एके व्याख्यान्ति । अत्रैकस्य पूर्वकशब्दस्य सामान्यश्रुत्या लुप्तनिर्देशो द्रष्टव्यः । तत्पूर्वकमित्यत्र तच्छब्देन प्रत्यक्षं प्रमाणमभिसंबध्यते । तत्पूर्वकं प्रत्यक्षफलं लिङ्गज्ञानमित्यर्थः । तत्पूर्वकपूर्वकं लिङ्गिज्ञानम् । अयमत्र भावः । प्रत्यक्षाद्धूमादिज्ञानमुत्पद्यते, धूमादिज्ञानाच्च वह्न्यादिज्ञानमिति । इन्द्रियार्थसन्निकर्षोत्पन्नत्ववर्जाणि च ज्ञानादिविशेषणानि प्रत्यक्षसूत्रादत्रापि संबन्धनीयानि । एषां च व्यवच्छेद्यानि प्रागुक्तानुसारेण स्वयं परिभाव्यानि । तथा द्वितीयलिङ्गदर्शनपूर्विकाया अविनाभावसंबन्धस्मृतेस्तत्पूर्वकपूर्वकत्वात्तज्जनकस्यानुमानत्वनिवृत्त्यर्थमर्थोपलब्धिग्रहणं कार्यं, स्मृतेस्त्वर्थं विनापि भावात् । ततोऽयमर्थः। अर्थोपलब्धिरूपमव्यभिचरि-

तमव्यपदेश्यं व्यवसायात्मकं ज्ञानं तत्पूर्वकपूर्वकं, यतो लिङ्गादेः समुपजायते तदनुमानमिति १ । तथा ते द्वे प्रत्यक्षे लिङ्गलिङ्गिसंबन्धदर्शनं लिङ्गिदर्शनं (लिङ्गदर्शनं) च पूर्वं यस्य तत्तत्पूर्वकमिति विग्रहविशेषाश्रयणादनुमानस्याध्यक्षफलद्वयपूर्वकत्वं ज्ञापितं द्रष्टव्यम् २ । तथा तानि प्रत्यक्षादिसर्वप्रमाणानि पूर्वं यस्य तत्तत्पूर्वकमिति विग्रह-विशेषाश्रयणेन सर्वप्रमाणपूर्वकत्वमप्यनुमानस्य लभ्यते । न च तेषां पूर्वमप्रकृतत्वात्कथं तच्छब्देन परामर्श इति प्रेर्यम् । यतः साक्षादप्रकृतत्वेऽपि प्रत्यक्षसूत्रे व्यच्छेद्यत्वेन प्रकृतत्वादिति ।

ટીકાનો ભાવાનુવાદ :

હવે અનુમાનનું લક્ષણ કરે છે.

"अनुमानं तु तत्पूर्वं त्रिविधं भवेत्पूर्ववच्छेषवच्चैव दृष्टं सामान्यस्तथा । અર્થાત્ પ્રત્યક્ષપૂર્વક અનુમાન પૂર્વવત્, શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ એમ ત્રણ પ્રકારે છે.

અહીં 'चैव' - च અને एव શબ્દ પૂર્વવત્ આદિ અનુમાનના પ્રકારોના અર્થબાહુલ્યના સૂચક છે. અર્થાત્ પૂર્વવત્ આદિ પદોની અનેકવ્યાખ્યાની સૂચના કરે છે. તથા શબ્દ 'च' કાર અર્થમાં છે. અર્થાત્ સમુચ્ચયાર્થક છે. શ્લોકની શેષવ્યાખ્યા ન્યાયસૂત્રની નીચેની વ્યાખ્યાદ્વારા જ કરાશે. તે ન્યાયદર્શનનું અનુમાન આ છે -

"तत्पूर्वकं त्रिविधमनुमानं, पूर्ववच्छेषवत्सामान्यतोदृष्टं च" ।। –આ સૂત્રની વ્યાખ્યા એક વાદિ કરે છે કે... અહીં એક 'પૂર્વક' શબ્દનો (સામાન્યશ્રુતિથી) લોપ થયેલો જાણવો. કહેવાનો આશય એ છે કે સૂત્રમાં 'तत्पूर्वक' પદ છે, ત્યાં બે પૂર્વકશબ્દ હતા, તેમાંથી સમાનશ્રુતિના કારણે એકનો લોપ થયેલ છે. ત્યાં તત્ શબ્દથી પ્રત્યક્ષપ્રમાણનો સંબંધ કરાય. તેથી તત્પૂર્વક = પ્રત્યક્ષનું ફલ લિંગજ્ઞાન અને લિંગજ્ઞાન જેની પૂર્વે છે, તે તત્પૂર્વકપૂર્વક = લિંગિજ્ઞાન થાય છે. અર્થાત્ અનુમિતિ કહેવાય છે. કહેવાના આશય એ છે કે પ્રત્યક્ષથી ધૂમાદિનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. (અર્થાત્ લિંગજ્ઞાન થાય છે.) અને ધૂમાદિના જ્ઞાનથી વહ્નિ આદિનું જ્ઞાન થાય છે. (અર્થાત્ લિંગિનું જ્ઞાન થાય છે).

ઇન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્નત્વ વિશેષણને છોડીને જ્ઞાનાદિવિશેષણો પ્રત્યક્ષના સૂત્રથી અહીં અનુમાનના સૂત્રમાં પણ જોડવા અને એ ત્રણેવિશેષણોને જુદા કરીને (વિશેષ કરીને) પૂર્વે કહ્યાનુસાર (પ્રત્યક્ષના લક્ષણની વ્યાખ્યામાં કહ્યાનુસાર) સ્વયં વિચારવું. અર્થાત્ ત્રણેવિશેષણોની

ભિન્ન-ભિન્ન વિશેષતા અને તેની સૂત્રમાં આવશ્યક્તા સ્વયં વિચારવી. અર્થાત્ [૯]દ્વિતીય લિંગદર્શન પૂર્વક થનારી અવિનાભાવથી સંબદ્ધ સ્મૃતિ (સ્મરણ) તત્પૂર્વકપૂર્વક હોવાથી, સ્મૃતિના જનકમાં અનુમાનત્વ ન આવે, અર્થાત્ દ્વિતીય લિંગદર્શન અર્થાત્ લિંગના બીજીવારના પ્રત્યક્ષથી અવિનાભાવના સંબંધની સ્મૃતિ પણ થાય છે. તે સ્મૃતિ પણ તત્પૂર્વકપૂર્વક કહેવાય છે. આથી સ્મૃતિને ઉત્પન્ન કરવાવાળા દ્વિતીયલિંગદર્શનમાં પણ અનુમાન પ્રમાણતા આવવાની આપત્તિ છે. તેની (નિવૃત્તિ માટે) અર્થોપલબ્ધિ (પદનું) ગ્રહણ કરવું જોઈએ. કારણ કે સ્મૃતિનો તો અર્થ વિના પણ સદ્ભાવ હોય છે. આથી તે અર્થોપલબ્ધિ નથી. તેથી સૂત્રનો આ અર્થ થશે - અર્થોપલબ્ધિરૂપ અવ્યભિચારિ, અવ્યપદેશ્ય અને વ્યવસાયાત્મિક તત્પૂર્વકપૂર્વક જ્ઞાનરૂપ અર્થાત્ જે લિંગાદિથી લિંગિજ્ઞાનરૂપ અર્થોપલબ્ધિ ઉત્પન્ન થાય છે તે અનુમાન કહેવાય છે. આ રીતે એકવાદિનો મત છે. (બીજો વાદિ માને છે કે) લિંગ-લિંગિના સંબંધનું દર્શન તથા લિંગદર્શનરૂપ બે પ્રત્યક્ષ જેના પૂર્વમાં છે, તે तत्तत्पूर्वकः–આ વિગ્રહવિશેષના આશ્રયથી અનુમાનપ્રત્યક્ષના બે ફલ પૂર્વક છે તેમ જણાવેલું જાણવું. લિંગ-લિંગિના સંબંધનું દર્શન તથા લિંગદર્શનપૂર્વક અનુમાન થાય છે.

तथा તે પ્રત્યક્ષાદિ પ્રમાણો છે પૂર્વમાં જેની તે તત્તત્પૂર્વક આ વિગ્રહવિશેષના આશ્રયથી અનુમાનનું સર્વપ્રમાણપૂર્વકત્વ પ્રાપ્ત થાય છે. તે પ્રત્યક્ષાદિપ્રમાણો (અનુમાનની) પૂર્વે અપ્રકૃત છે, તો કેવી રીતે તત્શબ્દથી પરામર્શ થાય. (અર્થાત્ પ્રત્યક્ષથી અતિરિક્ત પ્રમાણોનું પ્રકરણ પૂર્વે આવ્યું નથી, તો બહુવચનાન્ત 'તત્' શબ્દના વિગ્રહમાં તે પ્રમાણોનું ગ્રહણ કેવી રીતે કરી શકાય ?)

આવું ન કહેવું, કારણકે સાક્ષાત્ અપ્રકૃત હોવા છતાં પણ પ્રત્યક્ષના લક્ષણસૂત્રમાં અન્ય પ્રમાણોની વ્યાવૃત્તિ થઈ ગઈ છે. આથી વ્યવચ્છેદરૂપે તેઓનું પ્રકરણ હતું જ. તેથી તત્ શબ્દથી તે પ્રમાણોનો પરામર્શ કરવામાં બાધ નથી.

अस्यां व्याख्यायां नाव्याप्त्यादिदोषः कश्चनापि । ये तु पूर्वशब्दस्यैकस्य लुप्तस्य निर्देशं नाभ्युपगच्छन्ति, तेषां प्रत्यक्षफलेऽनुमानत्वप्रसक्तिः, तत्फलस्य प्रत्यक्षप्रमाणपूर्वकत्वात् । अथाकारकस्याप्रमाणत्वात्साधकतमस्य कारकत्वं लभ्यते । ततोऽयमर्थः । अव्यभि-

૯. અનુમાનની અંદર ત્રણ લિંગપરામર્શ થાય છે. (૧) ધૂમાદિને (પર્વતમાં) જોવો - पर्वतो धूमवान् । (૨) વ્યાપ્તિનું સ્મરણ-ધૂમો વહિનવ્યાપ્ય. (૩) वहिनव्याप्यधूमवान् આશય એ છે કે જ્યારે વ્યક્તિ પર્વતઉપર ધૂમાદિને જુએ છે ત્યારે તેને 'पर्वतो धूमवान्' આવો લિંગપરામર્શ થાય છે. ત્યારબાદ મહાનસ (રસોડા)માં ધૂમ અને અગ્નિના સાહચર્યથી પ્રાપ્ત કરેલ "यत्र यत्र धूमः तत्र तत्र वहिनः" વ્યાપ્તિનું સ્મરણ થાય છે આથી તેને 'धूमो वहिन व्याप्य' આવો બીજો લિંગપરામર્શ થાય છે. અને ત્યારબાદ ધૂમાદિ હેતુમાં વ્યાપ્તિ અને એ હેતુ પર્વતાદિ પક્ષમાં છે આવું જ્ઞાન થાય છે. તેથી "वहिन व्याप्यधूमवान् अयं" આવો ત્રીજો લિંગપરામર્શ થાય છે.

चरिताव्यपदेश्यव्यवसायात्मिकार्थोपलब्धिजनकमेवाध्यक्षफलं लिङ्गज्ञानमनुमानमिति चेत्, उच्यते । एवमपि विशिष्टज्ञानमेवानुमानं प्रसज्यते । न च ज्ञानस्यैवानुमानत्वम्, "स्मृत्यनुमानागमसंशयप्रतिभास्वप्नज्ञानोहाः सुखादिप्रत्यक्षमिच्छादयश्च मनसो लिङ्गानि [न्याय भा० १/१/१६] इति वचनात् सर्वस्य बोधाबोधरूपस्य विशिष्टफलजनकस्यानुमानत्वादित्यव्याप्तिर्लक्षणदोषः । अतोऽर्थोपलब्धिरव्यभिचारादिविशेषणविशिष्टा तत्पूर्वकपूर्विका, यतस्तदनुमानमित्येव व्याख्यानं युक्तिमत् ।

टीकानो भावानुवाद :

આ વ્યાખ્યામાં અવ્યાપ્તિઆદિ કોઈપણ દોષ નથી. વળી જેઓ એક 'પૂર્વ' શબ્દના લોપના નિર્દેશને સ્વીકારતા નથી, તેઓને પ્રત્યક્ષના ફલમાં અનુમાનત્વની આપત્તિ આવશે. કારણકે પ્રત્યક્ષપ્રમાણનું ફલ પ્રત્યક્ષપ્રમાણપૂર્વક હોય છે. આથી તત્પૂર્વક હોવાથી, તે પણ અનુમાનરૂપ બની જશે.

शंका : પ્રમાની પ્રતિ સાધકતમકારકને જ પ્રમાણ કહેવાય છે. તેથી અકારક પ્રમાણ ન બની શકે. પ્રત્યક્ષના ફલમાં અકારકત્વ હોવાથી અનુમાનત્વનો પ્રસંગ નથી. કહેવાનો આશય એ છે કે પ્રત્યક્ષપ્રમાણના ફલભૂત લિંગજ્ઞાન અવ્યભિચરિત, અવ્યપદેશ્ય તથા વ્યવસાયાત્મિક અર્થોપલબ્ધિને ઉત્પન્ન કરે છે, તે જ અનુમાનરૂપ બની શકે છે. અન્ય નહિ.

समाधान : તમારી આ વ્યાખ્યાથી તો વિશિષ્ટજ્ઞાન જ અનુમાન થઈ શકે છે, જ્ઞાનમાત્ર નહિ. શાસ્ત્રમાં તો અજ્ઞાનાત્મકપદાર્થો પણ લિંગિજ્ઞાનમાં સાધકતમ હોવાથી અનુમાનરૂપ કહ્યા છે. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે... "સ્મૃતિ, અનુમાન, આગમ, સંશય, પ્રતિભા, સ્વપ્નજ્ઞાન, ઉહા, સુખાદિ પ્રત્યક્ષ તથા ઇચ્છાદિ મનના લિંગ છે." આમાં સ્મૃતિ જ્ઞાનોની જેમ ઇચ્છાદિ અજ્ઞાનાત્મકપદાર્થોનું પણ લિંગઅનુમાન માન્યું જ છે. સૂત્રકારનું તાત્પર્ય એ છે કે - લિંગિજ્ઞાનરૂપ વિશિષ્ટફલને ઉત્પન્ન કરવાવાળો પદાર્થ જ્ઞાનરૂપ હોય કે અજ્ઞાનરૂપ હોય તો પણ અનુમાન કહેવો જોઈએ. આથી વ્યાખ્યામાં અવ્યાપ્તિદોષ આવે જ છે.

આથી "અવ્યભિચરિતઆદિ વિશેષણોથી વિશિષ્ટ તત્પૂર્વકપૂર્વિકા અર્થોપલબ્ધિ જેનાથી પણ ઉત્પન્ન થાય છે, તે અનુમાન કહેવાય છે. તે પછી જ્ઞાનરૂપ હોય કે અજ્ઞાનરૂપ હોય." આ વ્યાખ્યા યુક્તિયુક્ત છે.

नन्वत्रापि त्रिविधग्रहणमनर्थकमिति चेत्, न । अनुमानविभागार्थत्वात् । पूर्ववदादिग्रहणं च स्वभावादिविषयप्रतिषेधेन पूर्ववदादिविषयज्ञापनार्थम् । पूर्ववदाद्येव

त्रिविधविभागेन विवक्षितं, न स्वभावादिकमिति प्रथमं व्याख्यानम् । अपरे त्वेवं सूत्रं व्याचक्षते । तत्पूर्वकं प्रत्यक्षपूर्वकं त्रिविधमिति, त्रिभेदमनुमानम् । के पुनर्भेदा इत्याह-पूर्ववदित्यादि, पूर्वशब्देनान्वयो व्यपदिश्यते, व्यतिरेकात्प्रागवसीयमानत्वात् पूर्वोऽन्वयः, स एवास्ति यस्य तत्पूर्ववत्केवलान्वय्यनुमानम् १ । शेषो व्यतिरेकः, स एवास्ति यस्य तच्छेषवत्, केवलव्यतिरेकि च २ । सामान्येनान्वयव्यतिरेकयोः साधनाङ्गयोर्यद्दृष्टं तत्सामान्यतोदृष्टमन्वयव्यतिरेकि चेति ३ अथवा त्रिविधमिति त्रिरूपम् । कानि त्रीणि रूपाणीत्याह पूर्ववदित्यादि, पूर्वमुपादीयमानत्वात्पूर्वः पक्षः सोऽस्यास्तीति पूर्ववत्पक्ष-धर्मत्वम् । शेष उपयुक्तादन्यत्वात्साधर्म्यदृष्टान्तः सोऽस्त्यत्रेति शेषवत्सपक्षे सत्त्वम् । सामान्यतोदृष्टमिति वि[1]पक्षे सर्वत्रासत्त्वं तृतीयं रूपम् । चशब्दात्प्रत्य-क्षागमाविरुद्ध-त्वासत्प्रतिपक्षत्वरूपद्वयं च । एवं च पञ्चरूपलिङ्गालम्बनं यत्तत्पूर्वकं तदन्वय-व्यतिरेक्यनुमानम् । विपक्षासत्त्वसपक्षसत्त्वयोरन्यतररुपस्यानभिसंबन्धात्तु चतूरुप-लिङ्गालम्बनं केवलान्वपि केवलव्यतिरेकि चानुमानम् ।

ટીકાનો ભાવાનુવાદ :

શંકા : સૂત્રમાં 'પૂર્વવત્' આદિ ત્રણ નામ ગણાવી દીધા છે. પછી... 'ત્રિવિધં'નું ગ્રહણ નિરર્થક છે. **સમાધાન :** 'ત્રિવિધં' નું ગ્રહણ નિરર્થક નથી. કારણકે 'ત્રિવિધં' પદ અનુમાનના પ્રકારને સૂચવવા માટે છે.

પૂર્વવત્આદિ ત્રણપ્રકારનું ગ્રહણ સ્વભાવાદિવિષયના પ્રતિષેધદ્વારા પૂર્વવત્આદિવિષયને જણાવવા માટે છે. (એટલે કે) પૂર્વવત્આદિ ત્રણવિભાગ (પ્રકાર) વડે અનુમાનની વિવક્ષા કરી છે. પણ સ્વભાવ, હેતુ, કાર્યરૂપ દ્વારોથી નહીં. આ રીતે સૂત્રની આ પ્રથમ વ્યાખ્યા થઈ. પણ બીજાલોકો સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે કહે છે.

તત્પૂર્વક એટલે પ્રત્યક્ષપૂર્વક અનુમાનના ત્રણ ભેદ છે. અનુમાનના તે ભેદો કયા છે ? (૧) પૂર્વવત્, (૨) શેષવત્, (૩) સામાન્યતોદૃષ્ટ.

અહીં પૂર્વશબ્દ વડે અન્વયનો વ્યપદેશ કરાય છે, કારણ કે તે વ્યતિરેકથી પૂર્વે જણાય છે. અર્થાત્ વ્યતિરેકથી પૂર્વે જણાતો અન્વય છે. આથી પૂર્વોઽન્વયઃ, સ એવાસ્તિ યસ્ય તત્પૂર્વવત્-પૂર્વે અન્વય છે જેનો તે તત્પૂર્વવત્. અર્થાત્ કેવલાન્વયી અનુમાન છે. અર્થાત્ જે અનુમાનમાં માત્ર અન્વયવ્યાપ્તિ મળે છે, તે કેવલાન્વયી અનુમાન કહેવાય છે. શેષો વ્યતિરેકઃ સ એવાસ્તિ યસ્ય તચ્છેષવત્. અર્થાત્ શેષ એટલે વ્યતિરેક છે જેનો તે તત્શેષવત્. અર્થાત્ કેવલવ્યતિરેકી અનુમાન

१ विपक्षे मनागपि यन्न दृष्टं, इति प्रत्यन्तरेऽधिकं दरीदृश्यते ।

છે. અર્થાત્ જે અનુમાનની માત્ર વ્યતિરેકવ્યાપ્તિ મળે છે તે કેવલવ્યતિરેકીઅનુમાન કહેવાય છે. સામાન્યથી અન્વય-વ્યતિરેકરૂપ સાધનના અંગોનું જે જોવું તે સામાન્યતોદૃષ્ટ અર્થાત્ અન્વય-વ્યતિરેકીઅનુમાન કહેવાય છે. અર્થાત્ જે અનુમાનમાં અન્વય-વ્યતિરેક બંને વ્યાપ્તિ મળે છે તે સામાન્યતોદૃષ્ટ અનુમાન. (ત્રિવિધની રજુઆત બીજી રીતે કરે છે) **અથવા** ત્રિવિધ=ત્રિરૂપ. તે ત્રણરૂપો કયા છે ? પૂર્વવત્, શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ.

પહેલા ગ્રહણ કરાતું હોવાથી પૂર્વ. અનુમાનમાં પહેલા પક્ષ (પક્ષમાં હેતુનું) ગ્રહણ કરાય છે. તેથી પૂર્વ=પક્ષ છે જેને તે પૂર્વવત્ અર્થાત્ પક્ષધર્મત્વ. આમ પક્ષધર્મત્વ પ્રથમ રૂપ છે.

શેષ એટલે અન્યઠેકાણે ઉપયુક્ત હોવાથી સાધર્મ્યદૃષ્ટાંત અને સાધર્મ્યદૃષ્ટાંત જ્યાં છે તે શેષવત્ કહેવાય છે. તેને સપક્ષસત્ત્વ પણ કહેવાય છે. આમ સપક્ષસત્ત્વ દ્વિતીયરૂપ છે. (જેમકે ધૂમ હેતુ સપક્ષ એવા મહાનસમાં રહે છે. તેથી સપક્ષસત્ત્વ.) સામાન્યતોદૃષ્ટ એટલે વિપક્ષમાં સર્વત્ર અસત્ત્વ અર્થાત્ વિપક્ષમાં મનાક્ પણ ન દેખાય તે સામાન્યતોદૃષ્ટ અર્થાત્ વિપક્ષાસત્વ. આમ 'વિપક્ષાસત્ત્વ' આ ત્રીજું રૂપ છે.

'च' શબ્દથી પ્રત્યક્ષ અને આગમથી અવિરુદ્ધ અને અસત્પ્રતિપક્ષત્વ આ બે રૂપ જાણવા.

આ પ્રમાણે પાંચ રૂપવાળા લિંગનું આલંબન જેમાં હોય છે તે તત્પૂર્વક અનુમાન અન્વય-વ્યતિરેકીઅનુમાન કહેવાય છે.

આમ અન્વયવ્યતિરેકીઅનુમાનમાં પક્ષધર્મત્વ, સપક્ષસત્ત્વ, વિપક્ષાસત્ત્વ, અવિરુદ્ધ (અબાધિતવિષયત્વ) અને અસત્પ્રતિપક્ષત્વ આ પાંચ લિંગો-રૂપોનું આલંબન છે.

કેવલાન્વયી અનુમાનમાં વિપક્ષાસત્ત્વ સિવાયના ચારલિંગો-રૂપોનું આલંબન છે. વ્યતિરેકી અનુમાનમાં સપક્ષસત્ત્વ સિવાયના ચારલિંગો-રૂપોનું આલંબન છે.

तत्रानित्यः शब्दः कार्यत्वात्, घटादिवदाकाशादिवच्चेत्यन्वयव्यतिरेकी हेतुः १ । अदृष्टादीनि कस्यचित्प्रत्यक्षाणि प्रमेयत्वात्करतलादिवदित्यत्र कस्यचित्प्रत्यक्षत्वे साध्येऽप्रत्यक्षस्य कस्यापि वस्तुनो विपक्षस्याभावादेव केवलान्वयी २ । सर्ववित्कर्तृपूर्वकं सर्वं कार्यं, कादाचित्कत्वात् । यत्सर्ववित्कर्तृपूर्वकं न भवति, तन्न कादाचित्कं, यथाकाशादि । अत्र सर्वस्य कार्यस्य पक्षीकृतत्वादेव सपक्षाभावात्केवलव्यतिरेकी । प्रसङ्गद्वारेण वा केवलव्यतिरेकी । यथा नेदं निरात्मकं जीवच्छरीरमप्राणादिमत्त्व-प्रसङ्गाल्लोष्टवदिति प्रसङ्गः । प्रयोगस्त्वित्थम् । इदं जीवच्छरीरं सात्मकं, प्राणादिमत्त्वात् । यन्न सात्मकं तन्न प्राणादिमद्यथा लोष्टमिति प्रसङ्गपूर्वकः केवलव्यतिरेकीति ३ ।

ટીકાનો ભાવાનુવાદ :

હવે આ ત્રણે રૂપોના ઉદાહરણો આપે છે.

(૧) અન્વયવ્યતિરેકી હેતુ :

शब्दोऽनित्यः, कार्यत्वात्, घटादिवत्, आकाशादिवत् । અહીં કાર્યત્વ હેતુ અન્વયવ્યતિરેકી છે. કારણકે તેમાં પક્ષધર્મત્વાદિ પાંચેરૂપોનું આલંબન છે. તે આ પ્રમાણે–

(૧) [૧૦]**પક્ષધર્મત્વ :** પક્ષ-શબ્દમાં હેતુ કાર્યત્વની વૃત્તિ છે.

(૨) **સપક્ષસત્ત્વ :** સપક્ષ એવા ઘટમાં કાર્યત્વ હેતુની વૃત્તિ છે.

(૩) **વિપક્ષાસત્ત્વ :** વિપક્ષ એવા આકાશમાં કાર્યત્વ હેતુની વૃત્તિ નથી. (અહીં જેમાં સાધ્યનો સંદેહ હોય અને સાધ્યની સિદ્ધિ કરવાની હોય તે પક્ષ કહેવાય છે. જેમાં સાધ્યનો નિશ્ચય થયો હોય અર્થાત્ નિશ્ચાયત્મકજ્ઞાનના વિષયભૂત સાધ્યના આશ્રયને સપક્ષ કહેવાય છે. જેમાં સાધ્યનો નિશ્ચયથી અભાવ હોય અર્થાત્ નિશ્ચયાત્મકજ્ઞાનના વિષયભૂત સાધ્યાભાવના આશ્રયને વિપક્ષ કહેવાય છે.)

(૪) **અવિરુદ્ધત્વ** (અબાધિતવિષયત્વ) :- પક્ષ (શબ્દ)માં સાધ્યાભાવ=અનિત્યત્વાભાવ= નિત્યત્વનો નિશ્ચય નથી. માટે બાધ પણ નથી.

(૫) **અસત્પ્રતિપક્ષત્વ :** શબ્દમાં (અનિત્યત્વાભાવ=સાધ્યાભાવ=) નિત્યત્વનો સાધક બીજો કોઈ હેતુ નથી. માટે સત્પ્રતિપક્ષત્વ નથી.

(૨) કેવલાન્વયી હેતુ : अदृष्टादीनि कस्यचित्प्रत्यक्षाणि, प्रमेयत्वात्, करतलादिवत् । અહીં कस्यचित्प्रत्यक्षत्व - સાધ્યમાં અપ્રત્યક્ષ એવી કોઈ વસ્તુનો (વિપક્ષનો) અભાવ હોવાથી હેતુ કેવલાન્વયી છે.

પ્રમેયત્વ હેતુમાં વિપક્ષાસત્વ સિવાયના ચારરૂપોનું આલંબન હોવાથી તે કેવલાન્વયી હેતુ છે તે જોઈએ.

---

૧૦. (૧) **પક્ષધર્મત્વ :** પક્ષમાં હેતુનું હોવું (સત્ત્વ) તે પક્ષધર્મત્વ.
(૨) **સપક્ષસત્વ :** સપક્ષમાં હેતુનું હોવું (સત્ત્વ) તે સપક્ષસત્વ.
(૩) **વિપક્ષાસત્વ :** વિપક્ષમાં હેતુનું ન હોવું (અસત્ત્વ) તે વિપક્ષાસત્વ.
(૪) **અવિરુદ્ધત્વ (અબાધિતવિષયત્વ) :** જે હેતુનો સાધ્યરૂપવિષય પક્ષમાં બાધિત ન હોય અર્થાત્ પક્ષમાં સાધ્યાભાવનો નિશ્ચય ન હોય તે અબાધિતવિષયત્વ.
(૫) **અસત્પ્રતિપક્ષત્વ:** સાધ્યાભાવનો સાધક પ્રતિપક્ષ (બીજો વિરોધિ) હેતુ ન હોય તે અસત્પ્રતિપક્ષત્વ.

(१) **पक्षधर्मत्व** :- प्रमेयत्व हेतु अदृष्टादि पक्षमां विद्यमान छे.

(२) **सपक्षसत्त्व** : सपक्ष એવા કરતલમાં પ્રમેયત્વ હેતુ વિદ્યમાન છે.

(૩) **अबाधितविषयत्व** : પક્ષ (અદૃષ્ટાદિ)માં સાધ્યાભાવ (कस्यचित्प्रत्यक्षत्वाभाव)નો નિશ્ચય નથી, માટે બાધ નથી.

(૪) **असत्प्रतिपक्षत्व** : कस्यचित्प्रत्यक्षत्व ના સાધક પ્રમેયત્વ હેતુનો કોઈ પ્રતિપક્ષ (વિરોધી બીજો) હેતુ નથી કે જે સાધ્યાભાવને સિદ્ધકરે. આથી પ્રમેયત્વ હેતુ સત્પ્રતિપક્ષ નથી.

(૩) **કેવલ વ્યતિરેકી હેતુ** :

सर्ववित्कर्तृपूर्वकं सर्वं कार्यं, कादाचित्कत्वात् -
सर्वकार्यं सर्ववित्कर्तृपूर्वकं, कादाचित्कत्वात् ।

જે સર્વવિત્કર્તૃપૂર્વકત્વ નથી તે કાદાચિત્ક નથી. જેમકે આકાશ. અહીં સર્વકાર્યને પક્ષ જ બનાવેલ હોવાથી સપક્ષનો અભાવ છે. આથી कादाचित्कत्व હેતુ કેવલવ્યતિરેકી છે.

कादाचित्कत्व હેતુમાં સપક્ષસત્ત્વ સિવાયના ચાર રૂપોનું આલંબન હોવાથી તે કેવલવ્યતિરેકી છે તે જોઈએ.

(૧) **પક્ષધર્મત્વ** : કદાચિત્કત્વ હેતુ પક્ષમાં વિદ્યમાન છે.

(૨) **વિપક્ષાસત્ત્વ** : વિપક્ષ એવા આકાશમાં કદાચિત્કત્વ હેતુ વિદ્યમાન નથી.

(૩) **અબાધિતવિષયત્વ** : સર્વકાર્યોમાં (પક્ષમાં) સર્વવિત્કર્તૃપૂર્વકત્વાભાવ (સાધ્યાભાવ)નો નિશ્ચય નથી. તેથી બાધ પણ નથી. આથી कादाचित्कत्व હેતુ બાધિત નથી.

(૪) **असत्प्रतिपक्षत्व** : સર્વવિત્કતૃપૂર્વકત્વાભાવ (સાધ્યાભાવ)નો સાધક પ્રતિપક્ષ (બીજો વિરોધિ) હેતુ નથી. આથી સત્પ્રતિપક્ષત્વ પણ નથી.

પ્રસંગદ્વારથી કેવલવ્યતિરેકી અનુમાન બતાવે છે.

અપ્રાણાદિમત્ત્વના પ્રસંગથી લોષ્ટ(ઢેફા)ની જેમ જીવત્શરીર નિરાત્મક નથી. આ પ્રમાણે પ્રસંગદ્વાર છે. પ્રયોગ આ પ્રમાણે છે -

इदं जीवच्छरीरं सात्मकं, प्राणादिमत्त्वात् । આ જીવત્શરીર (જીવતું શરીર) આત્માસહિત છે કારણકે પ્રાણથી યુક્ત છે. **तथा** यन्न सात्मकं तन्न प्राणादिमद्यथा लोष्टम्-અર્થાત્ જે સાત્મક નથી, તે પ્રાણાદિથીયુક્ત નથી. જેમકે ઢેફું. આ રીતે પ્રસંગ પૂર્વક કેવલવ્યતિરેકી અનુમાન કહ્યું.

एवमनुमानस्य भेदान् स्वरूपं च व्याख्याय विषयस्य त्रैविध्यप्रतिपादनायैवमाहुः । अथवा तत्पूर्वकमनुमानं त्रिविधं त्रिप्रकारं । के पुनस्त्रयः प्रकारा इत्याह पूर्ववदित्यादि, पूर्वं

कारणं विद्यते यत्रानुमाने तत्पूर्ववत्, यत्र कारणेन कार्यमनुमीयते, यथा विशिष्टमेघोन्नत्या भविष्यति वृष्टिरिति । अत्र कारणशब्देन कारणधर्म उन्नतत्वादिर्ग्राह्यः । प्रयोगस्त्वेयम्, अमी मेघा वृष्ट्युत्पादकाः, गम्भीरगर्जितत्वेऽचिरप्रभावत्वे च सत्यत्युन्नतत्वात्, य एवं ते वृष्ट्युत्पादका यथा वृष्ट्युत्पादकपूर्वमेघास्तथा चामी तस्मात्तथा ।

ટીકાનો ભાવાનુવાદ :

આ રીતે અનુમાનનાભેદોની અને સ્વરૂપની વ્યાખ્યા કરીને વિષયના ત્રણપ્રકારના પ્રતિપાદન માટે કહે છે-

અથવા (ઉપર જે રીતે વ્યુત્પત્તિ કરીને અનુમાનના ભેદ અને સ્વરૂપની ચર્ચા કરી. તેમ અહીં જુદી રીતે વ્યુત્પત્તિકરીને અનુમાનના વિષયના ત્રણપ્રકાર બતાવે છે.)

તત્પૂર્વક અનુમાનના ત્રણપ્રકાર છે. તે પ્રકારો કયા છે ? **ઉત્તર :** પૂર્વવત્ આદિ. જ્યાં અનુમાનમાં પૂર્વે કારણ વિદ્યમાન હોય છે તે પૂર્વવત્ કહેવાય છે. અર્થાત્ જ્યાં કારણવડે કાર્યનું અનુમાન કરાય તે પૂર્વવત્ અનુમાન કહેવાય છે. જેમકે-વિશિષ્ટમેઘ(વાદળની) ઉન્નતિથી વૃષ્ટિ થશે, એવું અનુમાન કરાય તે પૂર્વવત્ અનુમાન કહેવાય છે.

અહીં કારણશબ્દથી કારણધર્મ ગ્રહણ કરવાનો છે. ઉપરોક્ત ઉદાહરણમાં (વિશિષ્ટમેઘનો) ઉન્નત્વાદિધર્મ ગ્રહણ કરવો જોઈએ. પ્રયોગ આ પ્રમાણે છે - अमी मेघा वृष्ट्युत्पादकाः गम्भीरगर्जितत्वेऽचिरप्रभावत्वे च सति उन्नतत्वात्, य एवं ते वृष्ट्युत्पादका यथा वृष्टयुत्पादकपूर्वमेघास्तथा चामी तस्मात्तथा । અર્થાત્ વૃષ્ટિ ઉત્પાદક પૂર્વમેઘની જેમ (આ મેઘ) ગંભીર રીતે ગર્જના કરતો હોવાથી અને અચિરપ્રભાવવાળો હોતે છતે ઉન્નત હોવાથી વૃષ્ટિનો ઉત્પાદક છે.

અહીં "अमी मेघा वृष्ट्युत्पादकाः" આ પ્રતિજ્ઞાવાક્ય છે. 'गंम्भीरगर्जितत्वेऽचिरप्रभावत्वे च सति उन्नतत्वात्' આ હેતુવાક્ય છે. "य एवं ते वृष्ट्युत्पादका यथा वृष्ट्युत्पादकपूर्वमेघाः" આ ઉદાહરણ વાક્ય છે.

तथा चामी - આ ઉપનયવાક્ય છે. વ્યાપ્તિથી વિશિષ્ટ પક્ષસંબંધને જણાવનારા વચનને ઉપનયવાક્ય કહેવાય છે.

तथा चामी=(વૃષ્ટિના ઉત્પાદક પૂર્વના મેઘની જેમ) વૃષ્ટિના ઉત્પાદકનો વ્યાપ્ય ગંભીરગર્જનાથીયુક્ત અને અચિરપ્રભાવથીયુક્ત અત્યુન્નત આ મેઘ છે." આ ઉપનયવાક્ય છે.

तस्मात् तथा - આ નિગમનવાક્ય છે. પક્ષમાં સાધ્યના અબાધિતત્ત્વને જણાવનાર વચનને નિગમનવાક્ય કહેવાય છે.

तस्मात् तथा - "વૃષ્ટિના ઉત્પાદકનો વ્યાપ્ય ગંભીર ગર્જનાથી યુક્ત તથા અચિરપ્રભાવથી યુક્ત અત્યુન્નતમેઘ છે. તેથી તે વૃષ્ટિનો ઉત્પાદક છે." આ નિગમનવાક્ય છે.

(આ [११]પંચાવયવવાક્યથી પ્રયોજ્ય અનુમાન પરાર્થાનુમાન કહેવાય છે.)

આ રીતે કારણથી કાર્યના અનુમાનરૂપ પૂર્વવત્ અનુમાન છે.

---

११. न्यायप्रयोज्यानुमानं परार्थानुमानम् । न्यायत्वं च प्रतिज्ञाद्यवयवपञ्चकसमुदायत्वं । अवयवत्वं च प्रतिज्ञाद्यन्यतमत्वम् । प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनानि पञ्चावयवाः । साध्यविशिष्टपक्षबोधकवचनं प्रतिज्ञा । पर्वतो वह्निमानिति प्रतिज्ञा । पञ्चम्यन्तं तृतीयान्तं वा लिङ्गवचनं हेतुः । धूमवत्त्वादिति हेतुः । व्याप्तिप्रतिपादकदृष्टान्तवचनमुदाहरणम् । यो यो धूमवान् स स वह्निमान् यथा महानसगित्युदाहरणम् । उदाहृतव्याप्तिविशिष्टत्वेन हेतोः पक्षधर्मताप्रतिपादकवचनमुपनयः । तथा चायगित्युपनयः । पक्षे साध्यस्याबाधितत्त्वप्रतिपादकवचनं निगमनम् । तस्मात्तथेति निगमनम् ।

न्यायप्रयोज्य અનુમાનને પરાર્થાનુમાન કહેવાય છે. પ્રતિજ્ઞા, હેતુઆદિ પાંચઅવયવના સમુદાયને ન્યાય કહેવાય છે. પ્રતિજ્ઞાદિ પંચાન્યતમને અવયવ કહેવાય છે. ત્યાં પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય, નિગમન આ પાંચ અવયવો છે.

(૧) **પ્રતિજ્ઞા :** સાધ્યવિશિષ્ટ પક્ષને જણાવનાર વચનને પ્રતિજ્ઞા કહેવાય છે. 'પર્વતો વહ્નિમાન્' આ વાક્ય વહ્નિરૂપ સાધ્યવિશિષ્ટ પર્વતરુપ પક્ષને જણાવનાર છે અને પર્વતમાં સાધ્યરુપવહ્નિ રહેલો છે. એથી વહ્નિરુપસાધ્યવિશિષ્ટ પર્વતરૂપ પક્ષ છે.

(૨) **હેતુ :** પઞ્ચમ્યન્ત અને તૃતીયાંત લિંગવચનને હેતુ કહેવાય છે. પર્વતો વહ્નિમાન્, ધૂમાત્ ધૂમેન વા. અહીં ધૂમરૂપ લિંગવચન તૃતીયાંત અને પઞ્ચમ્યન્ત છે. માટે તે હેતુ કહેવાય છે.

(૩) **ઉદાહરણ :** વ્યાપ્તિના પ્રતિપાદક દૃષ્ટાંતરૂપ વચનને ઉદાહરણ કહેવાય છે.

વ્યાપ્તિનું પ્રતિપાદક જે દૃષ્ટાંત, અર્થાત્ પહેલાં જેમાં વ્યાપ્તિજ્ઞાન કરવામાં આવ્યું છે, તે પછીની **અનુમિતિમાં** દૃષ્ટાંત તરીકે સ્થાપન કરી શકાય છે. મહાનસ માં ઘણીવાર દર્શન વડે વહ્નિ અને ધૂમની વ્યાપ્તિનું જ્ઞાન કરેલું છે. એથી એ મહાનસ, જ્યારે પર્વતમાં વહ્નિની અનુમિતિ કરવામાં આવે ત્યારે દૃષ્ટાંત તરીકે આપવામાં આવે છે. જેમ કે

પર્વતો વહ્નિમાન્ ધૂમાત્, યથા મહાનસનમ્ (અહીં જેમ યો યો ધૂમવાન્ સ સ વહ્નિમાન્, યથા મહાનસમ્ (અથવા યત્ર યત્ર વહ્નિ તત્ર તત્ર ધૂમ યથા મહાનસમ્) ઇત્યાકારક વ્યાપ્તિ પ્રતિપાદક મહાનસ, એ દૃષ્ટાંત તરીકે હોવાથી ઉદાહરણ કહેવાય છે.

(૪) **ઉપનય :** સાધ્યનિરુપિત વ્યાપ્તિવિશિષ્ટ ધૂમના પક્ષધર્મતાનું પ્રતિપાદન કરનાર વચન ઉપનય કહેવાય છે.

"अयं पर्वतः वह्निव्याप्यधूमवान्" આ ઉપનય તથા चायं આવા શબ્દોદ્વારા સમજાવાય છે.

तथा चायं - अयं पर्वतः तथा = वह्निव्याप्यधूमवान्, આ વચન વ્યાપ્તિવિશિષ્ટ ધૂમના પર્વતમાં સંબંધનું પ્રતિપાદકવચન છે.

(૫) **નિગમન :** પક્ષની અંદર સાધ્યનું અબાધિતપણાનું પ્રતિપાદકવચન નિગમન કહેવાય છે.

तस्मात् तथा = वह्निव्याप्य धूमवान् पर्वत હોવાથી पर्वतो वह्निमान् એ પ્રમાણેનું આ વચન પક્ષની અંદર સાધ્યના અબાધિતપણાનું પ્રતિપાદક વચન છે.

ननून्नतत्वादिधर्मयुक्तानामपि मेघानां वृष्ट्यजनकत्वदर्शनात्, कथमैकान्तिकं कारणात्कार्यानुमानमिति चेत्, न । विशिष्टस्योन्नतत्वादेर्धर्मस्य गमकत्वेन विवक्षितत्वात् । न च तस्य विशेषो नासर्वज्ञेन निश्चेतुं पार्यत इति वक्तुं शक्यं, सर्वानुमानोच्छेदप्रसक्तेः । तथाहि- मशकादिव्यावृत्तधूमादीनामपि स्वसाध्याव्यभिचारित्वमसर्वविदा न निश्चेतुं शक्यमिति वक्तुं शक्यत एव । अथ सुविवेचितं कार्यं कारणं न व्यभिचरतीति न्यायाद्धूमादेर्गमकत्वम्, तत्तर्ह्यत्रापि समानम् । यो हि भविष्यद्वृष्ट्यव्यभिचारिणमुन्नत्वादिविशेषमवगन्तुं समर्थः, स एव तस्मात्तमनुमिनोति, नागृहीतविशेषः । तदुक्तम्, अनुमातुरयमपराधो नानुमानस्येति ।

ટીકાનો ભાવાનુવાદ :

શંકા : ઉન્નત્વાદિ ધર્મથી યુક્ત વાદળો પણ વૃષ્ટિના અજનક જોવા મળે છે. (અર્થાત્ ઘનઘોર વાદળ પણ વરસતા નથી, એવું જોવા મળે છે). તો કારણથી કાર્યનું [૧૨]અનુમાન એકાંતિક સત્ય કેવી રીતે થાય ?

સમાધાન : આવું ન કહેવું. કારણકે અહીં વિશિષ્ટ ઉન્નત્વાદિધર્મ જ (વૃષ્ટિના) ગમક તરીકે વિવક્ષિત છે.

૧૨. अनैयायिकोना मतानुसार अनुमान (प्रमाण) विशे कंईक विशेष : अनुमितिकरणम् अनुगानम् - અનુમિતિના કરણને અનુમાન કહેવાય છે અને अनुमितौ व्याप्तिज्ञानं करणं परामर्शो व्यापारः अनुमितः फलं । અનુમિતિ પ્રત્યે વ્યાપ્તિજ્ઞાન કરણ છે. અને પરામર્શ વ્યાપાર છે. અનુમિતિ ફળ છે.

અનુમાન જ્ઞાનની પૂર્વે બે પ્રત્યક્ષજ્ઞાન થવાં જોઈએ. એક હેતુનું પ્રત્યક્ષજ્ઞાન અને બીજું સમાન્તરમાં હેતુ અને સાધ્યના સંબંધનું પ્રત્યક્ષજ્ઞાન. દા.ત ધૂમ એ હેતુથી પર્વત આદિ પ્રદેશમાં અગ્નિનું અનુમાન કરવું છે, તો પર્વત તથા ધૂમ અને અગ્નિના સંબંધનું પ્રત્યક્ષજ્ઞાન મહાનસમાં થયેલું હોવું જોઈએ. ધૂમને જોયા પછી ધૂમ અને અગ્નિના સંબંધના પ્રત્યક્ષજ્ઞાનનું સ્મરણ થશે. એટલે અગ્નિનું અનુમાન પણ સહેલાઈથી થઈ શકશે. આદિમાં ધૂમનું પ્રત્યક્ષજ્ઞાન થવું જોઈએ. "જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં અગ્નિ પણ છે"—આવું વ્યાપ્તિજ્ઞાન જે માણસને નહીં હોય તેને ધૂમ જોવા છતાં અગ્નિનું અનુમાન થઈ શકશે નહિ. ન્યાયબોધિનીમાં વ્યાપારનું લક્ષણ આ પ્રમાણે છે.

तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वात् व्यापारः । જે કારણથી ઉત્પન્ન થાય છે અને કારણથી ઉત્પન્ન થનારા ફલનો પણ જે જનક હોય તે વ્યાપાર કહેવાય છે.

દા. ત. દંડથી ચક્રમાં ભ્રમણ ઉત્પન્ન થાય છે અને ભ્રમણ દંડથી ઉત્પન્ન થનાર ઘટનો પણ જનક છે. માટે દંડથી ઉત્પન્ન થનાર ઘટ પ્રતિ ચક્ર ભ્રમણ એ વ્યાપાર છે.

અનુમિતિજ્ઞાનમાં પણ વ્યાપ્તિજ્ઞાનથી અનુમિતિ ઉત્પન્ન થાય છે અને બે જ્ઞાન વચ્ચે 'પરામર્શ' જ્ઞાન પણ અવશ્ય હોય છે. પરામર્શનો આકાર આ પ્રમાણે છે. व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानं परामर्शः । - ધૂમાદિ હેતુમાં વ્યાપ્તિ અને હેતુ પર્વતાદિ પક્ષમાં છે, એવું જે જ્ઞાન તે પરામર્શ કહેવાય છે.

અર્થાત્ वह्निव्याप्यधूमवानयं पर्वत-ઇત્યાકારક જ્ઞાન પરામર્શ છે. આ જ્ઞાન થતાં પહેલાં બે જ્ઞાન થવા

शंका : ઉન્નત્વાદિનું વિશિષ્ટત્વ અસર્વજ્ઞ વડે નિશ્ચિત કરવા માટે શક્ય નથી.

समाधान : આવું કહેવું યોગ્ય નથી. કારણકે જો આવું માનશો તો (=કારણનું વિશિષ્ટત્વ અસર્વજ્ઞવડે નિશ્ચિત કરવામાટે શક્ય નથી આવું માનશો તો) સર્વ અનુમાનોના ઉચ્છેદની આપત્તિ આવશે. જેમકે (તે આ પ્રમાણે) "મશકાદિથી વ્યાવૃત્ત ધૂમાદિનું પણ સ્વસાધ્યની સાથે અવ્યભિચારિત્વ અસર્વજ્ઞવડે નિશ્ચિત કરવા માટે શક્ય નથી." અર્થાત્ મચ્છરાદિથી ધૂમનો ભેદ જાણી પણ લેવાય, તો પણ તે ધૂમ સદા સ્વસાધ્યનો અવ્યભિચારી થશે, આવું જાણવું અસર્વજ્ઞોના સામાર્થ્યની વાત નથી, આવું પણ કહેવા માટે શક્ય જ છે. તેથી ધૂમથી અગ્નિનું અનુમાન કરવું કઠીન બની જશે. આથી સર્વ અનુમાનોનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે.

જોઈએ. (૧) ધૂમાદિ હેતુમાં વ્યાપ્તિ "यत्र यत्र धूम तत्र तत्र वह्नि" આવી વ્યાપ્તિનું જ્ઞાન. તથા (૨) હેતુ ધૂમ પર્વતાદિ પક્ષમાં છે અર્થાત્ 'पर्वतो धूमवान्'

આશય એ છે કે (૧) पर्वतो धूमवान् અને (૨) धूमो वह्निव्याप्य (વ્યાપ્તિનું સ્મરણ) આ બે લિંગપરામર્શ થયા બાદ वह्निव्याप्यधूमवानयं पर्वत' એવો પરામર્શ થાય છે અને આ પરામર્શથી 'पर्वतो वह्निमान्' ઇત્યાકારક જ્ઞાન થાય છે. તેને અનુમિતિ કહેવાય છે. હેતુમાં એટલે અનુમાનમાં જ્યારે નીચેની પાંચ વસ્તુ હોય ત્યારે સદ્હેતુ (સાચું અનુમાન) કહેવાય છે.

(૧) पक्षधर्मत्वं - હેતુનું પક્ષમાં રહેવું

(૨) सपक्षे सत्त्वं - સપક્ષમાં હોવું

(૩) विपक्षाद् व्यावृत्तिः - વિપક્ષમાં ન હોવું

(૪) अवाधितविषयत्वम् - બાધ ન હોવો

(૫) असत्प्रतिपक्षत्वं - સત્પ્રતિપક્ષ ન હોવો

અગ્નિસાધક ધૂમમાં આ પાંચે બાબત છે તેથી તે સદ્હેતુ છે.

अनुमानना बे प्रकार : (૧) સ્વાર્થાનુમાન (૨) પરાર્થાનમાન. (૧)

(૧) स्वार्थानुमान : स्वार्थं स्वानुमितिहेतु : સ્વાનુમિતિ(સ્વસમવેત અનુમિતિ)ના કારણભૂત અનુમાનને સ્વાર્થાનુમાન અનુમાન કહેવાય છે.

પોતે જ વારંવાર ધૂમ અને વહ્નિને મહાનસાદિમાં જોવાથી "જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં વહ્નિ છે." આ પ્રમાણે વ્યાપ્તિને ગ્રહણકરી પર્વતસમીપે ગયો. ત્યાં પર્વતને વિશે અગ્નિના સંદેહવાળો ધૂમને જોતો ગ્રહણ કરેલી વ્યાપ્તિનું સ્મરણ કરે છે કે "જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે." ત્યારબાદ તેને "वह्निव्याप्यधूमवानयं पर्वतः "ઇત્યાકારક જ્ઞાન થાય છે. જે લિંગપરામર્શ કહેવાય છે. તે લિંગપરામર્શથી તેને "पर्वतो वह्निमान्" ઇત્યાકારક અનુમિત્યાત્મકજ્ઞાન ઉત્પન્ન થાય છે, જે કારણથી અહીં અનુમાન સ્વાનુમિતિનું કારણ બને છે તે કારણે તે અનુમાનને 'સ્વાર્થાનુમાન' કહેવાય છે.

ન્યાયબોધિનીમાં સ્વાર્થાનુમાનની વ્યાખ્યા આ પ્રમાણે કરેલ છે.

"स्वार्थानुमानं नाम न्यायाप्रयोज्यानुमानम् । પંચાવયવરૂપ ન્યાયથી અપ્રયોજ્ય અનુમાનને સ્વાર્થાનુમાન કહેવાય છે.

शंका (पूर्वपक्ष) : सुविवेचितं कार्यं कारणं न व्यभिचरतीति इति न्यायाद् - अतिप्रसिद्ध (કારણનું) કાર્ય કારણનું વ્યભિચારી બનતું નથી, આ ન્યાયથી મશકાદિથી વ્યાવૃત્ત ધૂમાદિનું પણ સ્વસાધ્ય (વહ્ન્યાદિ)ની સાથે અવ્યભિચારિત્વ અસર્વજ્ઞવડે નિશ્ચય કરવા માટે શક્ય છે. કારણકે તે અતિપ્રસિદ્ધ (ધૂમાદિનું) કાર્ય વહ્નિન કારણ (ધૂમ)ને અવ્યભિચરિત કરતું નથી. આથી ધૂમાદિ (વહ્નિનના જ્ઞાનથી) ગમક છે જ.

સમાધાન (ઉત્તરપક્ષ) : તો ત્યાં (ઉપરના અનુમાનમાં) પણ સમાનયુક્તિ છે. "सुविवेचितं..." ન્યાયથી અતિપ્રસિદ્ધ (વિશિષ્ટ ઉન્નત્વનું)કાર્ય (વૃષ્ટિ) કારણ (વિશિષ્ટ ઉન્નત્વ)ને વ્યભિચરિત કરતું નથી. આથી વિશિષ્ટ ઉન્નત્વ (વૃષ્ટિના જ્ઞાનથી) ગમક છે જ.

વળી જે ભવિષ્યની વૃષ્ટિને અવ્યભિચરિત ઉન્નત્વાદિવિશેષને જાણવા માટે સમર્થ છે, તે જ તેનાથી (વિશેષ ઉન્નત્વાદિથી) તેનું (વૃષ્ટિનું) અનુમાન કરે છે. જેને ઉન્નત્વાદિવિશેષનું જ્ઞાન કર્યુ નથી, તે અનુમાન કરી શકતો નથી. તેથી કહ્યું છે કે "(જેને કારણનું વિશેષથી જ્ઞાન કર્યું નથી, તે કારણથી કાર્યનું અનુમાન ન કરી શકે, તેમાં) અનુમાતાનો અપરાધ છે, અનુમાનનો નહીં."

शेषं कार्यं तदस्यास्ति तच्छेषवत्, यत्र कार्येण कारणमनुमीयते, यथा नदीपूरदर्शनाद्वृष्टिः । अत्र कार्यशब्देन कार्यधर्मो लिङ्गमवगन्तव्यम् । प्रयोगस्त्वित्थम्, उपरिवृष्टिमद्देशसंबन्धिनी नदी शीघ्रतरस्रौतस्त्वे फलफेनसमूहकाष्ठादिवहनत्वे च सति पूर्णत्वात् तदन्यनदीवत् । सामान्यतोदृष्टं नामाऽकार्यकारणभूतेनाविनाभाविना लिङ्गेन यत्र लिङ्गिनोऽवगमः, यथा बलाकया सलिलस्येति । प्रयोगस्त्वयं, बलाकाजहद्वृत्तिः प्रदेशो जलवान्बलाकावत्त्वात्, संप्रतिपन्नदेशवत् । यथा वान्यवृक्षोपरिदृष्टस्यादित्यस्यान्यपर्वतोपरिदर्शनेन गतेरवगमः । प्रयोगः पुनः रवेरन्यत्र दर्शनं गत्यविनाभूतं अन्यत्र दर्शनत्वात्, देवदत्तादेरन्यत्रदर्शनवत् । अत्र यथा देवदत्तादेरन्यत्र दृष्टस्यान्यत्र दर्शनं व्रज्यापूर्वं, तथादित्यस्यापीति, अन्यत्र दर्शनं च न गतेः कार्यं संयोगादेर्गतिकार्यत्वात् । अन्ये त्वेवं वर्णयन्ति । समानकालस्य स्पर्शस्य रूपादकार्यकारणभूतात्प्रतिपत्तिः

---

(२) **પરાર્થાનુમાન :** यतु स्वयं धूमादग्निमनुमाय परं प्रति बोधयितुं पञ्चावयववाक्यं प्रयुज्यते तत्परार्थानुमानम् । स्वयं धूमथी અગ્નિનું અનુમાન કરીને બીજાને તેનું જ્ઞાન કરાવવા માટે જે પંચાવયવવાક્યનો પ્રયોગ કરાય છે, તે પરાર્થાનુમાન કહેવાય છે. જેમ કે (૧) पर्वतो वह्निमान् (प्रतिज्ञा), (२) धूमवत्त्वात् (हेतु), (૩) यो यो धूमवान् स स वह्निमान् यथा महानसम् (દૃષ્ટાંત), (४) तथा चायम्, (५) तस्मास्तथा-આ પંચાવયવવાક્યથી પ્રતિપાદિત લિંગદ્વારા બીજો પણ અગ્નિને સ્વીકારે છે (જાણે છે.) આ પાંચઅવયવોનું વર્ણન આગળ ટીપ્પણી-૧૧માં કરેલ છે.

सामान्यतोदृष्टानुमानप्रभवाः । अत्र प्रयोगः ईदशस्पर्शमिदं वस्त्रमेवंविधरूपत्वात्, तदन्यतादृशवस्त्रवत् । एवं चूतं फलितं दृष्ट्वा पुष्पिता जगति चूता इति प्रतिपतिर्वा । प्रयोगस्तु पुष्पिता जगति चूताश्चूतत्वात्, दृष्टचूतवदित्यादि ।

टीकानो भावानुवाद :

शेषःकार्यं तदस्यास्ति तच्छेषवत् । शेष એટલે કાર્ય જેની પૂર્વે છે, તેને શેષવત્ અનુમાન કહેવાય છે. અર્થાત્ જ્યાં કાર્યવડે કારણનું અનુમાન કરાય તે શેષવત્ અનુમાન. જેમકે નદીમાં પૂર જોવાથી વૃષ્ટિનું અનુમાન કરવું.

અહીં કાર્યશબ્દથી કાર્યધર્મ=લિંગ જાણવું. અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે-

उपरिवृष्टिमद्देशसंबन्धिनी नदी शीघ्रतरस्रोतस्त्वे फलफेनसमूहकाष्ठादिवहनत्वे सति पूर्णत्वात् तदन्यनदीवत् ।

અહીં નદીના પૂરરૂપ કાર્ય દ્વારા ઉપરીતનદેશસંબંધી વૃષ્ટિ (કારણ)નું અનુમાન કરેલ છે. આથી શેષવત્ અનુમાન છે.

સામાન્યતોદૃષ્ટ એટલે કાર્ય-કારણભાવથી ભિન્ન અવિનાભાવિલિંગ દ્વારા જ્યાં લિંગિનું જ્ઞાન થાય તે. જેમકે બગલાની પંક્તિદ્વારા પાણીનું જ્ઞાન.

જ્યાં જ્યાં (આકાશમાં) બગલાની શ્રેણી છે, ત્યાં ત્યાં (નીચે) પાણી હોય છે. આવા કાર્ય-કારણભાવથી ભિન્ન અવિનાભાવિલિંગ (બગલાની પંક્તિ)દ્વારા લિંગિએવા પાણીનું અનુમાન કરાય છે, તે સામાન્યતોદૃષ્ટ અનુમાન કહેવાય છે. અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે- बलाकाजहद्वृतिः प्रदेशो जलवान्बलाकावत्त्वात्, संप्रतिपन्नदेशवत् । આ અનુમાનદ્વારા લિંગ બલાકાની પંક્તિવડે લિંગિ પાણીનું અનુમાન કરાય છે. કારણકે સામાન્યથી જ્યાં જ્યાં બગલાની શ્રેણી (આકાશમાં ઉડતી હોય છે), ત્યાં પાણી (પાણીવાળો પ્રદેશ) હોય છે. આવી વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે.

अथवा (બીજુ ઉદાહરણ આપે છે.) અન્યવૃક્ષ ઉપરજોએલા સુર્યને (થોડા સમય બાદ) અન્ય પર્વતઉપર જોવાવડે સુર્યની ગતિનું અનુમાન થાય છે. અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે-

रवेरन्यत्र दर्शनं गत्यविनाभूतं, अन्यत्र दर्शनत्वात्, देवदत्तादेरन्यत्रदर्शनवत् ।

અહીં જેમ અન્યત્ર જોયેલા દેવદત્તાદિનું, તેનાથી બીજા ઠેકાણે દર્શન થાય છે તે ગતિપૂર્વક છે. અર્થાત્ દેવદત્તની ગતિ હોવાથી ગતિપૂર્વક બે અગલસ્થાને દેવદત્તનું દર્શન થાય છે. તેમ સૂર્યનું વૃક્ષઉપર દર્શન કર્યાબાદ થોડા સમય પછી પર્વતઉપર દર્શન થાય છે તે ગતિપૂર્વક છે.

અર્થાત્ સૂર્યની ગતિ હોવાથી - (ગતિપૂર્વક) બે અલગસ્થાને સૂર્યનું દર્શન થાય છે. આ રીતે સૂર્યની ગતિનું અનુમાન થાય છે.

અહીં (સૂર્યનું) અન્યત્ર દર્શન ગતિનું કાર્ય નથી. કારણકે ગતિનું કાર્ય તો સંયોગાદિ છે.

પણ બીજા કેટલાક આ પ્રમાણે વર્ણન કરે છે-

સમાનકાલનાસ્પર્શની પ્રતિપત્તિ અકાર્યકારણભૂત રૂપથી થાય છે. તે પ્રતિપત્તિ સામાન્યતોદૃષ્ટ અનુમાનથી પેદાથયેલ છે. અર્થાત્ રૂપ દેખીને તત્સમાનકાલવર્તી સ્પર્શનું અનુમાન કરવું તે સામાન્યતોદૃષ્ટ અનુમાન છે. અહીં રુપ ન તો સ્પર્શનું કાર્ય છે કે ન તો કારણ છે.

અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે -

ઇર્દશં સ્પર્શં ઇદમ્ વસ્ત્રમ્, એવંવિધરુપત્વાત્, તદન્યતાદૃશવસ્ત્રવત્ । અર્થાત્ આ વસ્ત્રનો આવા પ્રકારનો સ્પર્શ છે, કારણકે અમુકપ્રકારનું રૂપ દેખાય છે. જેમકે રૂપ-સ્પર્શવાળું અન્યવસ્ત્ર.

અથવા એક આંબાને (કેરીના) ફળવાળું જોઈને જગતમાં આંબાના વૃક્ષો ફલને આપે છે. એ પ્રમાણે પ્રતિપત્તિ (જ્ઞાન) થાય છે.

પ્રયોગ આ પ્રમાણે છે.

જગતિ પુષ્પિતા ચુતાઃ, ચૂતત્વાત્, દૃષ્ટચૂતવત્ ।

अथवा पूर्वेण व्याप्तिग्राहकप्रत्यक्षेण तुल्यं वर्तत इति पूर्ववत्संबन्धग्राहकप्रत्यक्षेण विषयतुल्यत्वात्कथंचित्परिच्छेदक्रियाया अपि तुल्यतात्रानुमाने समस्तीति क्रियातुल्यत्ववतः प्रयोगः सिद्धः, तेन पूर्वप्रतिपत्त्या तुल्या प्रतिपत्तिर्यतो भवति, तत्पूर्ववदनुमानम् । इच्छादयः परतन्त्रा गुणत्वात् रूपादिवदिति । शेषवन्नाम परिशेषः, स च प्रसक्तानां प्रतिषेधेऽन्यत्र प्रसङ्गासंभवाच्छिष्यमाणस्य संप्रत्ययः, यथा गुणत्वादिच्छादीनां पारतन्त्र्ये सिद्धे शरीरादिषु प्रसक्तेषु प्रतिषेधः । शरीरविशेषगुणा इच्छादयो न भवन्ति, तद्गुणानां रूपादीनां स्वपरात्मप्रत्यक्षत्वेनेच्छादीनां च स्वात्मप्रत्यक्षत्वेन वैधर्म्यात् । नापीन्द्रियाणां विषयाणां वा गुणा उपहतेष्वप्यनुस्मरणदर्शनात् । न चान्यस्य प्रसक्तिरस्ति, अतः परिशेषादात्मसिद्धिः । प्रयोगश्चात्र, योऽसौ परः स आत्मशब्दवाच्यः, इच्छाद्याधारत्वात् । ये त्वात्मशब्दवाच्या न भवन्ति, त इच्छाद्याधारा अपि न भवन्ति, यथा शरीरादयः । अत्र प्रत्यक्षेणागृहीत्वान्वयं केवलव्यतिरेकबलादात्मनः प्रमा शेषवतः फलम् । यत्र धर्मी

साधनधर्मश्च प्रत्यक्षः साध्यधर्मश्च सर्वदाऽप्रत्यक्षः साध्यते तत्सामान्यतोदृष्टम् । यथेच्छादयः परतन्त्रा गुणत्वादुपवत् । उपलब्धिर्वा करणसाध्या क्रियात्वाच्छिदिक्रियावत् । असाधारणकारणपूर्वकं जगद्वैचित्र्यं चित्रत्वाच्चित्रादिवैचित्र्यवदित्यादि सामान्यतोदृष्टस्यानेकमुदाहरणं मन्तव्यम् ।

ટીકાનો ભાવાનુવાદ :

હવે બીજીરીતે ત્રણેય અનુમાનોને બતાવે છે. **(i) પૂર્વવત્ અનુમાન :** પૂર્વના વ્યાપ્તિગ્રાહક પ્રત્યક્ષની સાથે અર્થાત્ (પૂર્વે કાર્ય-કારણના સાહચર્યરૂપ વ્યાપ્તિ જેના દ્વારા ગ્રહણ કરાય છે તે પ્રત્યક્ષની સાથે) સમાન વર્તે છે, તે પૂર્વવત્ સંબંધના ગ્રાહકપ્રત્યક્ષ વડે, વિષય તુલ્ય હોવાથી (અર્થાત્ પૂર્વે જે વ્યાપ્તિના ગ્રહણવેળાએ વિષય હતો તે જ વિષય અત્યારે ઉપસ્થિત થયો હોવાના કારણે, વિષય તુલ્ય હોવાથી) કથંચિત્ પરિચ્છેદક્રિયાની પણ તુલ્યતા અહીં અનુમાનમાં હોય છે. એ પ્રમાણે ક્રિયાતુલ્યત્વવાળાનો પ્રયોગ સિદ્ધ છે. તેથી પૂર્વની પ્રતિપત્તિ(જ્ઞાન)થી તુલ્યપ્રતિપત્તિ (વર્તમાનમાં) જેનાથી થાય છે તે પૂર્વવત્ અનુમાન કહેવાય છે. જેમકે इच्छादयः परतन्त्रा गुणत्वात् रुपादिवत् । જેમ રૂપાદિગુણ હોવાથી પરતંત્ર છે, તેમ ઇચ્છાદિ પણ ગુણ હોવાથી પરતંત્ર છે.

આશય એ છે કે રૂપાદિ પરતંત્ર છે, એવું પૂર્વે જ્ઞાન થયું છે. કારણકે ગુણો હંમેશાં પરતંત્ર હોય છે. આ જ્ઞાનદ્વારા ઇચ્છાદિ ગુણો પણ પરતંત્ર છે, એવું તુલ્યજ્ઞાન થાય છે. આ (તુલ્ય પ્રતીતિનું) જ્ઞાન જેનાથી થાય છે તે પૂર્વવત્ અનુમાન.

"જે ગુણ હોય તે પરતંત્ર (દ્રવ્યને આશ્રયીને) હોય છે." તેવી પૂર્વવ્યાપ્તિના ગ્રાહકપ્રત્યક્ષથી (જ્યારે) સમાન વિષય ઉપસ્થિતિ થાય છે (=ઇચ્છાદિ પણ ગુણ છે, આથી સમાન વિષય ઉપસ્થિત થાય છે,) ત્યારે (પૂર્વે ગ્રહણકરેલ વ્યાપ્તિના ગ્રાહકપ્રત્યક્ષથી) વર્તમાનમાં પણ (રૂપગુણ હોવાથી પરતંત્ર છે, એમ ઇચ્છાદિ પણ ગુણ હોવાથી પરતંત્ર છે, એમ) સમાન જ્ઞાન થાય છે.

તેથી (રૂપગુણ હોવાથી પરતંત્ર છે, આવી) પૂર્વપ્રતિપત્તિથી (રૂપગુણ હોવાથી પરતંત્ર છે, તેમ ઇચ્છાદિ પણ ગુણ હોવાથી પરતંત્ર છે, આવી) સમાન (તુલ્ય) પ્રતિપત્તિ જેનાથી થાય છે તે પૂર્વવત્ અનુમાન કહેવાય છે.

(૨) શેષવત્ અનુમાન : શેષવત્ એટલે પરિશેષ. પ્રસક્તોના પ્રતિષેધમાં અન્યત્ર પ્રસંગનો સંભવ ન હોવાથી બાકીરહેલાનું જ્ઞાન કરે તે પરિશેષ. એટલે કે.. પ્રસક્ત અર્થાત્ જેમાં પ્રકૃત પદાર્થને રહેવાની આશંકા થઈ શકે છે, તે પદાર્થોનો નિષેધ કરવાથી, જ્યારે અન્ય કોઈ અનિષ્ટ અર્થની સંભાવના ન રહે, ત્યારે શેષ રહેલા ઇષ્ટ પદાર્થની પ્રતિપત્તિ કરાવે છે, તે પરિશેષાનુમાન કહેવાય છે.

જેમકે ગુણ હોવાના કારણે ઇચ્છાદિનું પારતંત્ર્ય સિદ્ધથતેછતે શરીરાદિ પ્રસક્તોમાં (ઇચ્છાદિનો) પ્રતિષેધ છે, કારણ કે શરીરના વિશેષગુણો ઇચ્છાદિ નથી, કેમ કે શરીરના ગુણો રૂપાદિ છે. અને શરીરના રૂપાદિગુણોનું સ્વ-પર બંનેના આત્માને પ્રત્યક્ષ થાય છે. જ્યારે ઇચ્છાદિ સ્વ-આત્માને જ પ્રત્યક્ષ થાય છે. આ વૈધર્મ્યથી ઇચ્છાદિ શરીરનાગુણો નથી.

ઇચ્છાદિગુણો ઇન્દ્રિયોના કે વિષયોના પણ નથી, કારણકે ઇન્દ્રિયો હણાયાબાદ પણ ઇચ્છાદિનું અનુસ્મરણ જોવા મળે છે અને શરીર, ઇન્દ્રિય અને વિષય સિવાય અન્યની પણ પ્રસક્તિ નથી. આથી પરિશેષથી (ઇચ્છાદિ ગુણોના આધાર તરીકે) આત્માની સિદ્ધિ થાય છે. અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે -

योऽसौ परः स आत्मशब्दवाच्यः, इच्छाद्याधारत्वात् । અર્થાત્ જે આ પર છે, તે આત્મા શબ્દથી વાચ્ય છે. કારણકે ઇચ્છાદિનો આધાર છે. વળી યે आत्मशब्दवाच्या न भवन्ति, त इच्छाद्याधार अपि न भवन्ति, यथा शरीरादयः અર્થાત્ જે 'આત્મા' શબ્દથી વાચ્ય નથી, તે ઇચ્છાદિનો આધાર પણ નથી. જેમકે શરીરાદિ. આ વ્યતિરેકવ્યાપ્તિથી ઇચ્છાદિના આધારતરીકે આત્માની સિદ્ધિ થાય છે.

અહીં શેષવત્અનુમાનમાં પ્રત્યક્ષથી અન્વયગૃહીત (ગ્રહણ થતો) ન હોવાથી કેવલવ્યતિરેકીના બલથી આત્માની જે પ્રમા થાય છે, તે શેષવત્ અનુમાનનું ફળ છે.

(૩) **सामान्यतोदृष्ट :** જ્યાં ધર્મી (પક્ષ) અને સાધનધર્મ (હેતુ) પ્રત્યક્ષ અને સાધ્યધર્મ સદાયે અપ્રત્યક્ષ સધાય છે, તે સામાન્યતોદૃષ્ટ અનુમાન કહેવાય છે.

જેમકે इच्छादयः परतन्त्रा गुणत्वात्, रुपवत् । उपलब्धिः करणसाध्या क्रियात्वात्, छिदिक्रियावत् । असाधारणकारणपूर्वकं जगद्वैचित्र्यं चित्रत्वात्, चित्रादिवैचित्र्यवद् । ઇત્યાદિ સામાન્યતોદૃષ્ટ અનુમાનના અનેક ઉદાહરણ જાણવા.

ननु साध्यधर्मस्य सर्वदाऽप्रत्यक्षत्वेन साध्येन हेतोः कथं व्याप्तिग्रहणमिति चेत्, उच्यते । धर्मिण इच्छादेः प्रत्यक्षप्रतिपन्नत्वं गुणत्वकार्यत्वादेरपि साधनस्य तद्धर्मत्वं प्रतिपन्नमेव । पारतन्त्र्येण च स्वसाध्येन तस्य व्याप्तिरध्यक्षतो रूपादिष्ववगतैव । साध्यव्यावृत्त्या साधनव्यावृत्तिरपि प्रमाणान्तरादेवावगता । नन्वेवं पूर्ववच्छेषवत्सामान्यतोदृष्टानां परस्परतः को विशेषः ? उच्यते । इच्छादेः पारतन्त्र्यमात्रप्रतिपत्तौ गुणत्वं कार्यत्वं वा पूर्ववत्, तदेवाश्रयान्तरबाधया विशिष्टाश्रयत्वेन बाधकेन प्रमाणेनावसीयमानं शेषवतः फलम्, तस्य साध्यधर्मस्य धर्म्यन्तरे प्रत्यक्षस्यापि तत्र धर्मिणि सर्वदाऽप्रत्यक्षत्वं सामान्यतोदृष्टव्यपदेशनिबन्धनम् । अतस्त्रयाणामेकमेवोदाहरणम् । तदेवं कारणादित्रैविध्या-

त्रिप्रकारं लिङ्गं प्रमितिं जनयत्तत्पूर्वकं सदनुमानमिति द्वितीय व्याख्यानम् । अत्र व्याख्याद्वये प्रथमव्याख्यानमेव बहूनामध्ययनप्रभृतीनामभिमतम् । तत्र च पूर्ववदादीनां व्याख्या द्वितीयव्याख्याने या चतुःप्रकाराभिहिता सेव द्रष्टव्येति ।।

ટીકાનો ભાવાનુવાદ :

શંકા : જો સાધ્યધર્મ સર્વદા અપ્રત્યક્ષ હોય તો સાધ્યની સાથે હેતુની વ્યાપ્તિનું ગ્રહણ કેવી રીતે થાય ? કારણકે બંને સંબંધિઓનું પ્રત્યક્ષ થાય ત્યારે જ થાય ને ?

સમાધાન : ધર્મિ એવા ઇચ્છાદિ પ્રત્યક્ષથી પ્રતિપન્ન છે (-દેખાય છે.) (તેમ) ગુણત્વ-કાર્યત્વાદિ સાધન પણ ધર્મિના ધર્મપણે પ્રતિપન્ન જ છે અને સ્વસાધ્ય એવા પારતંત્ર્યની સાથે ગુણત્વની વ્યાપ્તિ પ્રત્યક્ષથી રૂપાદિમાં જણાય જ છે. (અર્થાત્ ઇચ્છાદિ ધર્મી તો 'अहमिच्छावान्' આવા માનસપ્રત્યક્ષથી સિદ્ધ જ છે. તે જ રીતે તેમાં રહેવાવાળા ગુણત્વ કે કાર્યત્વરૂપ સાધનધર્મોનું પણ પ્રત્યક્ષ થઈ જ જાય છે. તે સાધનોની પારતંત્ર્યરૂપ સાધ્યની સાથે વ્યાપ્તિ પણ રૂપાદિમાં પ્રત્યક્ષથી દેખાય જ છે, કે રૂપાદિ ગુણ પણ છે અને ઘટાદિ (દ્રવ્ય)ને આશ્રિત પણ છે.) આ રીતે પરતંત્રત્વરૂપ સાધ્યની વ્યાવૃત્તિથી ગુણત્વરૂપ સાધનની વ્યાવૃત્તિ પણ પ્રમાણાન્તરથી જ જાણી લેવાતી હોય છે.

પ્રશ્ન : પૂર્વવત્, શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ, આ ત્રણમાં પરસ્પર શું વિશેષ (ભેદ) છે.

ઉત્તર : અહિં એક જ ઉદાહરણ લઈને ત્રણેમાં શું વિશેષતા છે તે બતાવે છે. इच्छादेः परतन्त्रा, गुणत्वात्, कार्यत्वात् वा रुपवत् । ઇચ્છાદિના પારતંત્ર્યમાત્રની પ્રતિપત્તિમાં (જ્ઞાનમાં) ગુણત્વ અથવા કાર્યત્વ હેતુ પૂર્વે છે, આથી પૂર્વવત્ અનુમાન કહેવાય છે. કારણકે કારણથી કાર્યનું અનુમાન કરાય છે. જેમકે ગુણત્વ હેતુથી ઇચ્છાદિમાં પારતંત્ર્યનું જ્ઞાન કરાય છે. અહીં હેતુ પૂર્વમાં હોવાથી પૂર્વવત્ અનુમાન કહેવાય છે.

ગુણ હોવાના કારણે ઇચ્છાદિનું પારતંત્ર્ય સિદ્ધ થતે છતે, તે ઇચ્છાદિના (આત્મા સિવાય) બીજા આશ્રયનો બાધ હોવાથી આત્મા જ વિશેષ આશ્રય હોવાના કારણે (ઇચ્છાદિની આત્મા સિવાય અન્યશરીરાદિમાં પ્રસક્તિનો નિષેધ જણાવતા બાધકપ્રમાણવડે ઇચ્છાદિના આશ્રય તરીકે) આત્મા જણાય છે. તે શેષવત્ અનુમાનનું ફળ છે. (ટૂંકમાં "જે 'આત્મા' શબ્દથી વાચ્ય નથી, તે ઇચ્છાદિનો આધાર પણ નથી" આ વ્યતિરેકવ્યાપ્તિથી ઇચ્છાદિના આધાર તરીકે આત્માની પ્રમા કરવી તે શેષવત્ અનુમાનનું ફળ છે. એટલે પૂર્વવત્ અનુમાનથી ઇચ્છાદિનું પારતંત્ર્ય સિદ્ધ થાય છે અને શેષવત્ અનુમાનથી ઇચ્છાદિના આધારતરીકે આત્માની સિદ્ધિ થાય છે.)

તે સાધ્યધર્મ પારતંત્ર્યનું બીજાધર્મિ એવા રૂપમાં પ્રત્યક્ષત્વ હોવા છતાં પણ, ત્યાં ઇચ્છાદિ

ધર્મિમાં સર્વદા અપ્રત્યક્ષત્વ છે. આ સામાન્યતોદૃષ્ટ અનુમાનના વ્યપદેશનું કારણ છે. આથી इच्छादयः परतन्त्रा गुणत्वात् कार्यत्वात् वा, रुपवत् આ એક જ ઉદાહરણ ત્રણે પ્રકારના અનુમાનનું છે.

તેથી આ પ્રમાણે કારણાદિ ત્રણપ્રકારો હોવાથી, ત્રણ પ્રકારના લિંગ પ્રમિતિ (યથાર્થ જ્ઞાન)ને ઉત્પન્ન કરતાં, તત્પૂર્વક (અર્થાત્ ત્રણ પ્રકારના લિંગપૂર્વક) સત્ય અનુમાન થાય છે. આ રીતે દ્વિતીય વ્યાખ્યાન છે.

અહીં બે વ્યાખ્યાનમાં પ્રથમ વ્યાખ્યાન જ ઘણાઓને અધ્યયન વગેરેમાં ઇચ્છિત છે અને ત્યાં પૂર્વવત્ આદિની વ્યાખ્યા દ્વિતીય વ્યાખ્યાનમાં જે ચાર પ્રકારે કહેલી છે તે જ જાણવી.

अथ शास्त्रकार एव बालानामसंमोहार्थं शेषव्याख्याप्रकारानुपेक्ष्यानुमानस्य त्रिविधस्य विषयज्ञापनाय पूर्ववदादीनि पदानि व्याख्यानयन्नाह "तत्राद्यम्" इत्यादि । तत्र तेषु पूर्ववदादिष्वाद्यं पूर्ववदनुमानं किमित्याह-कारणाल्लिङ्गात्कार्यस्य लिङ्गिनोऽनुमानं ज्ञानं कार्यानुमानम्, इहानुमानप्रस्तावे, गीयते प्रोच्यते । कारणात्कार्यमनुमानमिहोदितिमिति पाठो वा । तत्रास्तीति-शब्दाध्याहारे कारणात्कार्यमस्तीत्यनुमानम् । कारणात्कार्य-मस्तीति ज्ञानमिहानुमानप्रस्ताव उदितं प्रोक्तम् । पाठद्वयेऽप्यत्र यल्लिङ्गिज्ञानम-नुमानशब्देनोचे, तद्द्वितीयव्याख्यानकारिणां मतेन, न तु प्रथमव्याख्यानकर्तृमतेन । प्रथमव्याख्याकारिमतेन हि ज्ञानस्य हेतुरेवानुमानशब्दवाच्यः स्यात् । एवं शेषवत्यपि ज्ञेयम् । यत्र कारणात्स्वज्ञानविशिष्टात्कार्यस्य ज्ञानं भवति, तत्पूर्ववदनुमानम् । अत्र ह्यर्थोपलब्धिहेतुः प्रमाणमिति वचनात्कार्यज्ञानमनुमानस्य फलं, तद्धेतुस्त्वनुमानं प्रमाणम् । तेनात्र कारणं वा तज्ज्ञानं वा कार्यकारणप्रतिबन्धस्मरणं वा कार्यं ज्ञापयत्पूर्वव-दनुमानमिति ।। १७-१८-१९ ।।

ટીકાનો ભાવાનુવાદ :

હવે ગ્રંથકારશ્રી જ બાલજીવોને (આટલી બધી અનુમાન અંગેની ચર્ચામાં) સંમોહ ન થાય, તે માટે શેષવ્યાખ્યાના પ્રકારોની ઉપેક્ષા કરીને ત્રણપ્રકારના અનુમાનના વિષયને જણાવવા માટે 'પૂર્વવત્' આદિપદોની વ્યાખ્યા કરતાં કહે છે કે - 'तत्राद्यम्'...ઇત્યાદિ.

અહીં શિષ્યને જિજ્ઞાસા થાય કે, ત્યાં અનુમાનના 'પૂર્વવત્' આદિ ત્રણ પ્રકારોમાં પ્રથમ 'પૂર્વવત્' અનુમાન શું છે ? તેનો ઉત્તર આપતાં જણાવે છે કે-

કારણ(લિંગ)થી કાર્ય(લિંગી)નું જ્ઞાન થાય તે કાર્યાનુમાન. અર્થાત્ અહીં અનુમાન પ્રસ્તાવમાં આ પૂર્વવત્ અનુમાન કહેવાય છે.

અથવા કારણથી કાર્યના અનુમાનને અહીં અનુમાનપ્રસ્તાવમાં પૂર્વવત્ અનુમાન કહેલ છે.

શ્લોકમાં अस्ति શબ્દનો અધ્યાહાર છે. તેથી કારણથી કાર્ય છે, એ પ્રમાણે અનુમાન થાય છે.

અહીં અનુમાનપ્રસ્તાવમાં કારણથી કાર્ય છે, એ પ્રમાણેના જ્ઞાનને પૂર્વવત્ અનુમાન કહેલું છે.

બંને પાઠોમાં પણ અહીં જે લિંગિજ્ઞાન છે, તે અનુમાન શબ્દથી કહેલું છે અને તે પણ દ્વિતીય વ્યાખ્યાનકારના મતથી કહેલું છે. પરંતુ પ્રથમવ્યાખ્યાનકારનામતથી નહીં. પ્રથમ વ્યાખ્યાનકારનામતે તો જ્ઞાનનો હેતુ જ અનુમાનશબ્દથી વાચ્ય છે. અર્થાત્ સાધ્યનું જ્ઞાન જેનાથી થાય તે હેતુ જ અનુમાન શબ્દથી વાચ્ય છે.

આ પ્રમાણે શેષવત્ અનુમાનમાં પણ જાણવું. જ્યાં સ્વજ્ઞાનના વિશિષ્ટકારણથી કાર્યનું જ્ઞાન થાય છે, તે પૂર્વવત્ અનુમાન કહેવાય છે.

અહીં 'अर्थोपलब्धिहेतुः प्रमाणम्" અર્થાત્ અર્થ-પદાર્થની ઉપલબ્ધિ (જ્ઞાન)માં કારણ હોય તે પ્રમાણ કહેવાય છે. આ વચનથી કાર્યજ્ઞાન અનુમાનનું ફલ છે અને કાર્યજ્ઞાનનો હેતુ અનુમાન પ્રમાણ છે.

તેથી અહીં કારણ કે કારણનું જ્ઞાન કે કાર્ય-કારણના સંબંધનું સ્મરણ, સર્વકાર્યને જણાવતું હોવાથી પૂર્વવત્ અનુમાન છે. ॥૧૭-૧૮-૧૯॥

तस्योदाहरणमाह ।

હવે પૂર્વવત્ અનુમાનનું ઉદાહરણ કહે છે.

यथा-रोलम्बगवलव्यालतमालमलिनत्विषः ।
वृष्टिं व्यभिचरन्तीह नैवंप्रायाः पयोमुचः ॥२०॥

શ્લોકાર્થ: જેમકે-ભ્રમરા, પાડા, સર્પ, હાથી અને તાપિચ્છવૃક્ષોના જેવી મલિન (શ્યામ) કાન્તિ છે જેની તેવા વાદળો મોટાભાગે વૃષ્ટિના વ્યભિચારિ હોતા નથી. અર્થાત્ અવશ્ય વૃષ્ટિ કરનાર થાય જ છે. (આથી આવા પ્રકારના વાદળોને જોઈને વૃષ્ટિનું અનુમાન થાય છે.) ॥૨૦॥

व्याख्या-'यथेति' निदर्शनदर्शनार्थः । रोलम्बा भ्रमराः, गवला अरण्यजातमहिषाः, व्याला दुष्टगजा सर्पाश्च, तमालास्तापिच्छवृक्षः । तद्वन्मलिनाः श्यामलास्त्विषः कान्तयो येषां ते तथा । एतेन मेघानां कान्तिमत्ता वचनेनानिर्वचनीया काप्यतिशयश्यामता

व्यज्यते, 'एवंप्रायाः' एवंशब्द इदंप्रकारवचनः । प्रायशब्दो बाहुल्यवाचकः । तत एवमिदं प्रकाराणां प्रायो बाहुल्यं येषु त एवंप्राया ईदक्प्रकारबाहुल्या इत्यर्थः । एतेन गम्भीरगर्जित्वाचिरप्रभावत्त्वादिप्रकाराणां बाहुल्यं मेघेषु सत्सूचितम् । उक्तविशेषणविशिष्टा मेघा इह जने वृष्टिं न व्यभिचरन्ति, वृष्टिकरा एव भवन्तीत्यर्थः । प्रयोगस्तु सूत्रव्याख्यावसरोक्त एवात्रापि वक्तव्यः ।।२०।।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : શ્લોકમાં આપેલું 'યથા' પદ ઉદાહરણને બતાવવા માટેનો સંકેત છે. રોલમ્બ એટલે ભમરો, ગવલ એટલે અરણ્યમાં ઉત્પન્ન થયેલ પાડો, વ્યાલ એટલે દુષ્ટ હાથી અને સર્પ, તમાલ એટલે તાપિચ્છવૃક્ષ. ભમરા, પાડા, હાથી, સર્પ અને તાપિચ્છવૃક્ષો જેવી શ્યામકાંતિવાળો મેઘ છે. આનાથી (મેઘની ભ્રમરા આદિ સાથે સરખામણી કરવાથી) વાદળોની શ્યામકાંતિમત્તા વચનથી ન કહી શકાય તેવી અતિશયશ્યામ છે તે સૂચિત કરાય છે. "एवंप्रायाः" પદમાં 'एवं' શબ્દ 'इदं' પ્રકારને સૂચવતું વચન છે. 'प्रायः' શબ્દ બાહુલ્યનો વાચક છે.

તેથી એ एवं इदं प्रकाराणां प्रायो बाहुल्यं येषु તે एवंप्राया ईदृक्प्रकारबाहुल्या । અર્થાત્ આ વ્યુત્પત્તિઅનુસારે एवंप्रायः નો ईदृक्प्रकारबाहुल्य અર્થ થાય છે. આનાથી ગંભીરગર્જનાપણું અને અચિરપ્રભાવપણુંઆદિ પ્રકારો મોટાભાગે વાદળોમાં સૂચિત થાય છે. ઉક્તવિશેષણથી વિશિષ્ટ અર્થાત્ ભમરાદિની જેવી શ્યામકાન્તિવાળું વાદળ લોકમાં વૃષ્ટિને વ્યભિચરિત કરતું નથી. અર્થાત્ વૃષ્ટિકરનાર જ થાય છે.

એટલે કે ભમરા, પાડા, સાપ, હાથી અને તાપિચ્છ વૃક્ષોની જેવી શ્યામકાંતિવાળો મેઘ ગંભીરગર્જના અને અચિરપ્રભાવથીયુક્તહોવાથી વૃષ્ટિને વરસાવે જ છે.

અનુમાનપ્રયોગ, સૂત્રની વ્યાખ્યાના અવસરે કહેલો, તે જ પ્રયોગ અહીં પણ કહેવો જોઈએ. તે આ રહ્યો-

अमी मेघा वृष्ट्युत्पादका, गम्भीरगर्जितत्वेऽचिरप्रभावत्वे च सत्यत्युन्नतत्वात् । ।।२०।।

अथ शेषवद्व्याख्यामाह ।

હવે શેષવત્ અનુમાનની વ્યાખ્યાને કહે છે.

कार्यात्कारणानुमानं यच्च तच्छेषवन्मतम् ।
तथाविधनदीपूराद्देवो वृष्टो यथोपरि ।।२१।।

श्लोकार्थः જે કાર્યથી કારણનું અનુમાન થાય છે તે શેષવત્ અનુમાન મનાય છે. જેમકે તથાવિધ નદીના પૂરને જોવાથી ઉપરીતનવાસમાં મેઘ વરસ્યો છે (તે અનુમાન થાય છે.) (અર્થાત્ નદીનું પૂર કાર્ય છે તે પ્રત્યક્ષ જોવાથી, તેના કારણ વરસાદનું અનુમાન થાય છે.) ॥૨૧॥

व्याख्या-कार्याल्लिङ्गात्कारणस्य लिङ्गिनोऽनुमानं ज्ञानं यत्, चकारः प्रागुक्तपूर्ववदपेक्षया समुच्चये, तच्छेषवन्मतम् । अयमत्र तत्त्वार्थः । यत्र कार्यात्कारणज्ञानं भवति, तच्छेषवदनुमानम् । अत्रापि प्राग्वत्कारणज्ञानस्य हेतुः कार्यं कार्यदर्शनं तत्सबन्धस्मरणं चानुमानशब्देन प्रतिपत्तव्यम् । यथेत्युदाहरणोपन्यासार्थः प्रथममत्र योज्यः । तथाविधशीघ्रतरस्रोतस्त्वफलफेनादिवहनत्वोभयतटव्यापित्वधर्मविशिष्टो यो नदी-पूरस्तस्माल्लिङ्गादुपरिदेशे देवो मेघो वृष्ट इति ज्ञानम् । अत्र प्रयोगः प्राग्वत् ।।२१।।

टीकानो भावानुवाद :

व्याख्या : કાર્યરૂપ (લિંગથી) કારણરૂપ(લિંગિ)નું જ્ઞાન (અનુમાન) જે છે તે શેષવત્ અનુમાન કહેવાય છે. (અહીં જેનાવડે જ્ઞાન થાય તે લિંગ અને જેનું જ્ઞાન થાય તે લિંગિ કહેવાય છે. તદનુસાર શેષવત્ અનુમાનમાં કાર્યથી કારણનું જ્ઞાન-અનુમાન થાય છે. આથી કાર્યને લિંગ તરીકે અને કારણને લિંગિ તરીકે દર્શાવેલ છે તે જાણવું.)

'च' કાર પૂર્વે કહેલ પૂર્વવત્ અનુમાનની અપેક્ષાએ સમુચ્ચયાર્થક છે. અહીં તાત્પર્યાર્થ એ છે કે.. કાર્યથી કારણનું અનુમાન (જ્ઞાન) જ્યાં થાય છે, તેને શેષવત્ અનુમાન કહેવાય છે.

અહીં પણ પહેલાંની જેમ કારણજ્ઞાનનો હેતુ કાર્ય, કાર્યનું દર્શન અને કાર્ય-કારણના સંબંધનું સ્મરણ અનુમાન શબ્દથી સ્વીકારવું. અર્થાત્ કાર્ય, કાર્યનું દર્શન અને કાર્ય-કારણના સંબંધનું સ્મરણ સર્વ કારણને જણાવતું હોવાથી શેષવત્ અનુમાન છે.

ઉદાહરણના ઉપન્યાસ અર્થે પ્રયોજેલ 'यथा' શબ્દ કે જે છેલ્લે છે, તે અહીં પહેલા યોજવો. શેષવત્ અનુમાનનું ઉદાહરણ આ પ્રમાણે છે-

જેમકે, તેવા પ્રકારનો શીઘ્ર પ્રવાહ, ફળ-ફેનાદિનું વહેવું, ઉભયતટને વ્યાપ્તઆદિ ધર્મથી વિશિષ્ટ જે નદીનું પૂર છે, તે લિંગથી ઉપરીતનવાસમાં મેઘ વરસ્યો છે, એ પ્રમાણે જ્ઞાન થાય છે. અહીં અનુમાન પ્રયોગ પૂર્વની જેમ જાણવો. તે આ પ્રમાણે છે - उपरिवृष्टिमद्देशसंबन्धिनी नदी शीघ्रतरस्रोतत्वे फलफेनसमूहकाष्ठादिवहनत्वे च सति पूर्णत्वात्, तदन्यनदीवत् ।।२१।।

ક્રમપ્રાપ્ત સામાન્યતોદૃષ્ટ અનુમાનની વ્યાખ્યા કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે-

यच्च सामान्यतोदृष्टं तदेवं गतिपूर्विका ।
पुंसि देशान्तरप्राप्तिर्यथा सूर्येऽपि सा तथा ।। २२ ।।

श्लोकार्थ : વળી જે (કાર્ય-કારણભાવથી અન્યત્ર સામાન્યતઃ અવિનાભાવવડે દેખાતું લિંગ) તે સામાન્યતોદૃષ્ટ અનુમાન છે. જેમકે-પુરુષ એક સ્થાનથી બીજા સ્થાને પહોંચે છે તે ગતિપૂર્વક હોય છે, તેમ સૂર્ય પણ એક સ્થાનથી બીજા સ્થાને ગતિપૂર્વક પહોંચે છે. ॥૨૨॥

व्याख्या-चः पुनरर्थे, यत्पुनः कार्यकारणभावादन्यत्र सामान्यतोऽविनाभावबलेन दृष्टं लिङ्गं सामान्यतोदृष्टं, तदेवम् । कथमित्याह-यथा पुंस्येकस्माद्देशाद्देशान्तरप्राप्तिर्गतिपूर्विका तथा सूर्येऽपि सा देशान्तरप्राप्तिस्तथा गतिपूर्विका । अत्र देशान्तरप्राप्तिशब्देन देशान्तरदर्शनं ज्ञेयम् । अन्यथा देशान्तरप्राप्तेर्गतिकार्यत्वेन शेषवतोऽनुमानादस्य भेदो न स्यात् । यद्यपि गगने संचरतः सूर्यस्य नेत्रावलोकप्रसराभावेन गतिर्नोपलभ्यते, तथाप्युदयाचलात्कालान्तरेऽस्ताचलचूलिकादौ तद्दर्शनं गतिं गमयति । प्रयोगः पुनः पूर्वमुक्त एव । अथवा देशान्तरप्राप्तेर्गतिकार्यत्वं लोको न प्रत्येतीति इदमुदाहरणं कार्यकारणभावाविवक्षयात्रोपन्यस्तम् । प्रयोगस्त्वेवम्, सूर्यस्य देशान्तरप्राप्तिर्गतिपूर्विका देशान्तरप्राप्तित्वाद्देवदत्तदेशान्तरप्राप्तिवत् ।।२२।।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : 'च' पुनः અર્થમાં છે. વળી કાર્યકારણભાવથી અન્યત્ર સામાન્યતઃ અવિનાભાવના બળથી જે લિંગ જોવાય તે સામાન્યતોદૃષ્ટ અનુમાન કહેવાય છે. જેમ પુરુષની એકદેશથી બીજા દેશની પ્રાપ્તિ ગતિપૂર્વક હોય છે, તેમ સૂર્યમાં પણ દેશાન્તરપ્રાપ્તિ ગતિપૂર્વક હોય છે.

આશય એ છે કે પુરુષની દેશાન્તરપ્રાપ્તિ ગતિ દ્વારા છે. આવું જોયા બાદ સૂર્યની પણ દેશાન્તર પ્રાપ્તિ ગતિદ્વારા છે, એવું જે અનુમાન કરવું તે સામાન્યતોદૃષ્ટ અનુમાન કહેવાય છે.

અહીં દેશાન્તરપ્રાપ્તિ શબ્દથી દેશાન્તરનું દર્શન જાણવું, નહિંતર દેશાન્તરપ્રાપ્તિરૂપ કાર્ય ગતિરૂપ કારણનું કાર્ય હોવાથી (કાર્યથી કારણના અનુમાન(જ્ઞાન)રૂપ) શેષવત્ અનુમાનથી આ સામાન્યતોદૃષ્ટ અનુમાનનો ભેદ નહીં રહે. (અને દેશાન્તરપ્રાપ્તિ શબ્દથી દેશાન્તરદર્શન અર્થ કરશો તો તે બંનેનો ભેદ રહેશે. તે આ રીતે - શેષવત્ અનુમાનમાં નદીનાં પૂરરૂપ કાર્યથી ઉપરીતનવાસના વરસાદ (કારણ)નું અનુમાન થાય છે. ત્યાં નદીનું પૂરનું સ્થાન અને વરસાદ થયાનું સ્થાન આ બંનેમાંથી માત્ર નદીના પૂરને જોઈને વરસાદનું અનુમાન કરાય છે. પણ વરસાદ થયાના સ્થાનનું દર્શન થતું નથી. જ્યારે સામાન્યતોદૃષ્ટ અનુમાનમાં ઉદયાચલના સ્થાને જોયેલ

સૂર્ય કાલાંતરે અસ્તાચલની ચૂલિકામાં પહોંચે છે, ત્યારેપણ સૂર્યનું દર્શન થાય છે. આથી દેશાન્તરપ્રાપ્તિ શબ્દથી દેશાન્તરદર્શન અભિપ્રાય લેવાથી બંને અનુમાનોનો ભેદ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. વળી માત્ર 'દેશાન્તરપ્રાપ્તિ' શબ્દ જ રાખવામાં આવે તો અસમંજસ થવાની આપત્તિ આવશે, કારણકે બંને અનુમાનોમાં દેશાન્તરની પ્રાપ્તિ તો થતી જ નથી. તેથી દેશાન્તરપ્રાપ્તિનો દેશાન્તરદર્શન અભિપ્રાય બંને અનુમાનોમાં ભેદને સૂચિત કરવામાટે ગ્રહણ કરેલ છે, તે યોગ્ય જ છે.)

જો કે આકાશમાં સંચરતા સૂર્યની ગતિ નેત્રના અવલોકનના પ્રસરનો અભાવહોવાથી જણાતી નથી, તો પણ ઉદયાચલથી કાલાન્તરે અસ્તાચલની ચૂલિકાદિમાં (થતું) સૂર્યનું દર્શન સૂર્યની ગતિને જણાવે છે. વળી પ્રયોગ પૂર્વે કહેલ તે પ્રમાણે જ જાણવો. અથવા દેશાન્તરપ્રાપ્તિ ગતિનું કાર્ય છે એમ લોક જાણતું નથી. એ પ્રમાણે અહીં કાર્ય-કારણભાવની વિવક્ષા વિના (લોકપ્રસિદ્ધ) ઉદાહરણનો ઉપન્યાસ કર્યો છે. પ્રયોગ આ પ્રમાણે છે-

सूर्यस्य देशान्तरप्राप्तिर्गतिपूर्विका देशान्तरप्राप्तित्वात्, देवदत्तदेशान्तरप्राप्तिवत् ।

(આશય એ છે કે કાર્ય-કારણભાવની વિવક્ષા હોય ત્યાં પૂર્વે જણાવેલ પ્રયોગ જાણવો.) ॥૨૨॥

उपमानलक्षणमाह ।

હવે ગ્રથકારશ્રી ઉપમાનનું લક્ષણ કહે છે

प्रसिद्धवस्तुसाधर्म्यादप्रसिद्धस्य साधनम् ।
उपमानं समाख्यातं यथा गौर्गवयस्तथा ।।२३।।

શ્લોકાર્થ: પ્રસિદ્ધવસ્તુના સાધર્મ્યથી અપ્રસિદ્ધ(નું જ્ઞાન કરાવનાર) સાધન ઉપમાનપ્રમાણ કહેવાય છે. અર્થાત્ પ્રસિદ્ધવસ્તુના સાદૃશ્યથી અપ્રસિદ્ધની સિદ્ધિ કરનાર ઉપમાનપ્રમાણ છે. જેમકે જેવી ગાય હોય છે તેવું ગવય હોય છે. (અર્થાત્ પ્રસિદ્ધગાયના આધારે અપ્રસિદ્ધ ગવયનું જ્ઞાન ઉપમાનપ્રમાણ કરાવે છે.) ॥૨૩॥

व्याख्या-"प्रसिद्धसाधर्म्यात्साध्यसाधनमुपमानम् (१, १, ६)" इति [न्याय] सूत्रम् । **अत्र यत इत्यध्याहार्यम्, ततश्च प्रसिद्धेन वस्तुना गवा यत्साधर्म्यं समानधर्मत्वं तस्मात्प्रसिद्धवस्तुसाधर्म्यादप्रसिद्धस्य गवयगतस्य साध्यस्य संज्ञासंज्ञिसंबन्धस्य साधनं प्रतिपत्तिर्यतः साधर्म्यज्ञानाद् भवति तदुपमानं समाख्यातम् । साधर्म्यस्य च प्रसिद्धिरागमपूर्विका । तत आगमसंसूचनायाह-यथा गौस्तथा गवय इति । गवयोऽरण्यगवयः, अयमत्र भावः । कश्चित्प्रभुणा गवयानयनाय प्रेषितस्तदर्थमजानानस्तमेवाप्राक्षीत्**

कीदृग्गवय इति, स प्रोचे यादृग्गौस्तादृग्गवय इति । ततः सोऽरण्ये परिभ्रमन्समानमर्थं यदा पश्यति, तदा तस्य तद्वाक्यार्थस्मृतिसहायेन्द्रियार्थसन्निकर्षाद्गोसदशोऽयमिति यत्सारूप्यज्ञानमुत्पद्यते, तत्प्रत्यक्षफलं, तदेवाव्यभिचार्यादिविशेषणमयं स गवयशब्द-वाच्य इति संज्ञासंज्ञिसंबन्धप्रतिपत्तिं जनयदुपमानम् । संज्ञासंज्ञिसंबन्धप्रतिपत्तिस्तूप-मानस्य फलम् । न पुनरागमिकी सा, शब्दस्य तज्जनकस्य तदानीमभावात् । गवयपिण्ड-विषये च हेयादिज्ञानं यदुत्पद्यते तदिन्द्रियार्थसन्निकर्षजन्यत्वात्प्रत्यक्षफलम् ।।२३ ।।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : "प्रसिद्धसाधर्म्यात्साध्यसाधनमुपमानम् ।।२-२-६।।"

અહીં ન્યાયસૂત્રમાં 'यतः' અધ્યાહારથી સમજવું. તેથી સૂત્રનો આ રીતે અર્થ થશે - [૧૩]"પ્રસિદ્ધ વસ્તુએવી ગાયની સાથે જે સાધર્મ્ય છે, તેનાથી અપ્રસિદ્ધ એવા ગવયમાં રહેવાવાળા સાધ્યની સંજ્ઞાસંજ્ઞિસંબંધના સાધનની પ્રતિપત્તિ સાધર્મ્યજ્ઞાનથી થાય છે, તે ઉપમાન કહેવાય છે."

અને સાધર્મ્યની પ્રસિદ્ધિ આગમપૂર્વક છે. તેથી આગમનું સૂચન કહે છે કે - "यथा गौस्तथा गवय" અર્થાત્ જેવી ગાય હોય છે તેવી ગવય હોય છે. ગાય અને ગવયનું સાધર્મ્ય આગમદ્વારા સૂચિત કર્યુ છે. અહીં ગવય જંગલી પશું- વિશેષ જાણવું.

કહેવાનો ભાવ એ છે કે કોઈક માલિકવડે પોતાના નોકરને (જંગલમાંથી) ગવય લાવવા માટે મોકલાયો. ત્યારે તે નોકર તે ગવયને જાણતો ન હોવાથી પોતાના સ્વામીને પુછ્યું કે ગવય કેવા પ્રકારનો હોય છે ? ત્યારે સ્વામીએ કહ્યું કે - "જેવી ગાય હોય છે તેવો ગવય હોય છે."

---

૧૩. ગાય એ પ્રસિદ્ધ પશું છે અને ગવય (જંગલી ગાય જેવું પશું) એ કોઈ નગરવાસીમાણસને અપ્રસિદ્ધિ અર્થાત્ અજ્ઞાત છે અને નગરવાસીને કોઈએ કહ્યું કે "यथा गौस्तथा गवयः" અર્થાત્ જેવી ગાય હોય તેવો ગવય હોય છે. આ વાક્યને નૈયાયિકો અતિદેશવાક્ય કહે છે "यथा गौस्तथा गवयः" અર્થાત્ જેવી ગાય હોય તેવો ગવય હોય છે. આ વાક્યને નૈયાયિકો અતિદેશવાક્ય કહે છે (एकत्र श्रुतस्यान्यत्र संबंधोऽतिदेशः । અર્થાત્ એક ઠેકાણે સાંભળેલાને અન્યત્ર સંબંધ કરવો તે અતિદેશ કહેવાય છે) પછી તે માણસ જંગલમાં કોઈ વખત ગયો. ગાય જેવું પશું જોયું. અને જાણ્યું કે આ ગાયજેવું પશું છે, પછી 'यथा गौस्तथा गवयः' આ અતિદેશવાક્યનું તેને સ્મરણ થયું. આ પ્રમાણે અતિદેશવાક્યના સ્મરણસાથે સાદૃશ્યજ્ઞાનથી "આ પશુનું નામ ગવાય છે" આવું નિશ્ચયાત્મકજ્ઞાન થાય છે. આ જ્ઞાનનું નામ ઉપમિતિજ્ઞાન કહેવાય છે અને સાદૃશ્યજ્ઞાન ઉપમાનપ્રમાણ તરીકે માનવામાં આવે છે.

સાદૃશ્યજ્ઞાનથી જે વાચ્ય-વાચકભાવરૂપ સંબંધનું જ્ઞાન થવું તેનું નામ ઉપમિતિજ્ઞાન. ન્યાયબોધિનીમાં "पदपदार्थसम्बन्धज्ञानमुपमितिः" અર્થાત્ પદ અને પદાર્થના સંબંધનું જ્ઞાન તે ઉપમિતિ. અહીં 'गोसदृशगवयपदवाच्यः' ઇત્યાકારક સ્મરણ ઉપમિતિની પ્રત્યે વ્યાપાર છે અને 'असौ' गवयपदवाच्यः' ઇત્યાકારક 'ઉપમિતિ' ફલ છે અર્થાત્ ઉપમાનનું કાર્ય છે.

ત્યારબાદ જંગલમાં ભમતો ભમતો જ્યારે ગાય જેવો સમાન અર્થ જુએ છે, ત્યારે તેને "જેવી ગાય હોય છે તેવો ગવય છે" આ વાક્યાર્થ (અતિદેશવાક્યાર્થ)નું સ્મરણ થાય છે. તે વાક્યાર્થનું સ્મરણ અને ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી "ગાયની સમાન આ છે" એ પ્રમાણે જે સારૂપ્યજ્ઞાન (સાદૃશ્યજ્ઞાન) ઉત્પન્ન થાય છે તે પ્રત્યક્ષફળ છે અને તે જ સારૂપ્યજ્ઞાન અવ્યભિચારિઆદિ વિશેષણથી યુક્ત "स गवयशब्दवाच्यः" એ પ્રમાણે સંજ્ઞાસંજ્ઞિસંબંધ જ્ઞાનને (ઉપમિતિને) ઉત્પન્ન કરતું ઉપમાન છે. પરંતુ સંજ્ઞાસંજ્ઞિસંબંધનું જ્ઞાન (ઉપમિતિ) ઉપમાનનું ફળ છે. વળી તે સંજ્ઞાસંજ્ઞિસંબંધની પ્રતિપત્તિ (ઉપમિતિ) આગમિક નથી, કારણકે ઉપમિતિના જનકશબ્દનો અભાવ છે. અર્થાત્ "જેવી ગાય હોય છે તેવો ગવય હોય છે" આ વાક્યાર્થ જ્યારે જંગલમાં ગવયનું પ્રત્યક્ષ થાયત્યારે સાક્ષાત્ નથી હોતો, પણ તે વાક્યાર્થનું સ્મરણમાત્ર હોય છે.

અને ગવયના પિંડવિષયમાં જે હેયાદિનું જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે ઇન્દ્રિયાર્થના સન્નિકર્ષથી ઉત્પન્ન થતું હોવાથી પ્રત્યક્ષફળ છે. ॥૨૩॥

अथ तुर्यं शाब्दमाह-

હવે ચોથા શાબ્દ(=આગમ)પ્રમાણને કહે છે

शाब्दमाप्तोपदेशस्तु मानमेवं चतुर्विधम् ।
प्रमेयं त्वात्मदेहाद्यं बुद्धीन्द्रियसुखादि च ।।२४।।

શ્લોકાર્થ : આપ્તપુરૂષનો ઉપદેશ શાબ્દપ્રમાણ કહેવાય છે. આ પ્રકારે ચારપ્રકારના પ્રમાણ છે. વળી આત્મા, દેહ આદિ તથા બુદ્ધિ, ઇન્દ્રિય, સુખાદિ (બાર) પ્રમેય છે. ॥૨૪॥

व्याख्या-शब्दजनितं शाब्दमागम इत्यर्थः । तुर्भिन्नक्रमे, शाब्दं तु प्रमाणमाप्तोपदेशः । आप्त एकान्तेन सत्यवादी हितश्च, तस्योपदेशो वचनमाप्तोपदेशः; । तज्जनितं तु ज्ञानं शाब्दस्य फलम् । मानं प्रमाणमेवमुक्तविधिना चतुर्विधम् । तदेवं प्रथमं प्रमाणतत्त्वं व्याख्याय संप्रति द्वितीयं प्रमेयतत्वं व्याख्यातुमाह-"प्रमेयं त्वात्मदेहाद्यम्" । प्रमेयं तु प्रमाणफलम् ग्राह्यं पुनरात्मदेहाद्यम्, आत्मा जीवः, देहो वपुः, तावाद्यो यस्य तदात्मदेहाद्यम् । बुद्धीन्द्रियसुखादि च प्रमेयम् । बुद्धिर्ज्ञानं, इन्द्रियं चक्षुरादिमनःपर्यन्तं, सुखं सातं तान्यादीनि यस्य तद्बुद्धीन्द्रियसुखादि । चकार आत्मदेहाद्यपेक्षया समुच्चये । अत्र विशेषणद्वय आद्यशब्देनादिशब्देन च शेषाणामपि सप्तानां प्रमेयानां संग्रहो द्रष्टव्यः । तथा च नैयायिकसूत्रम् । "आत्मशरीरेन्द्रियार्थबुद्धिमनःप्रवृत्तिदोषप्रेत्यभावफलदुःखापवर्गभेदेन द्वादशविधं तदिति प्रमेयम् । (१, १, ९) । **तत्र शरीरादिदुःखपर्यन्तं हेयं, अपवर्ग उपादेयः,**

आत्मा तु कथञ्चिद्धेयः कथञ्चिदुपादेयः, सुखदुःखादि भोक्तृतया हेयः तदुन्मुक्ततयोपादेय इति । तत्रेच्छाद्वेषप्रयत्नसुखदुःखज्ञानादीनामाश्रय आत्मा । सचेतनत्वकर्तृत्वसर्वग-तत्वादिधर्मैरात्मा प्रतीयते १ । तद्भोगायतनं शरीरम् २ । पञ्चेन्द्रियाणि घ्राणरसनचक्षु-स्त्वक्श्रोत्राणि ३ । पञ्चार्था रूपरसगन्धस्पर्शशब्दाः । तत्र गन्धरसरुपस्पर्शाश्चत्वारः पृथिवीगुणाः, रूपरसस्पर्शास्त्रयोऽपां गुणाः, रूपस्पर्शौ तेजसो गुणौ, एकः स्पर्शो वायोर्गुणः, शब्द आकाशस्य गुण इति ४ । बुद्धिरुपलब्धिर्ज्ञानमित्यर्थः सा क्षणिका, भोगस्वभावत्वाच्च संसारकारणमिति हेया ५ ।

टीकानो भावानुवाद :

व्याख्या : शब्दथी उत्पन्न थयेल ते शाब्द एटले आगम. श्लोकमां 'आप्तोपदेशः' पद पछी 'तु' छे. पण ते 'तु' भिन्नक्रममां छे. एटले के 'शाब्द' पद पछी 'तु' ने जाणवुं. तेथी अर्थ आ प्रमाणे थशे. वळी शाब्दप्रमाण आप्तनो उपदेश छे. अर्थात् [१४]आप्तपुरुषना उपदेशने [१५]शाब्दप्रमाण कहेवाय छे. एकांतथी सत्य अने हितकारी बोलनारने आप्त कहेवाय छे. ते आप्तना उपदेश=वचनने शाब्दप्रमाण कहेवाय छे. शाब्दप्रमाणथी उत्पन्न थयेल ज्ञान शाब्दप्रमाणनुं फळ छे. आ प्रमाणे (१) प्रत्यक्ष, (२) अनुमान, (३) उपमान अने (४) शाब्द, एम चार प्रमाणो उपरोक्त कहेली विधिप्रमाणे जाणवा.

तेथी ए प्रमाणे प्रथम प्रमाणतत्त्वने कहीने, हवे (सोळ तत्त्व पैकी) बीजा प्रमेयतत्त्वनी व्याख्या करवा माटे ग्रंथकारश्री कहे छे- [१६]आत्मा, देह आदि प्रमेय छे. प्रमाणनुं फळ प्रमेय छे. अने प्रमाणथी ग्राह्य आत्मा देह आदि छे.

आत्मा=जीव अने देह=शरीर छे जेनी आदिमां ते, आत्मा, शरीर आदि तथा बुद्धि=ज्ञान,

१४. प्रयोगहेतुभूतयथार्थज्ञानवत्त्वमाप्तस्य लक्षणम् - शब्दना प्रयोगमां कारणभूत यथार्थज्ञानना आश्रयने आप्त कहेवाय छे. एटले के जे शब्दप्रयोग करवानो होय, तेना यथार्थज्ञानथी युक्त होय ते आप्त कहेवाय छे.

१५. शाब्दप्रमाण न्यायसूत्रमां बे प्रकारना जणावेला छे. स द्विविधो दृष्टादृष्टार्थत्वात् ॥१-१-८॥ अर्थात् (१) जेणे अर्थनुं प्रत्यक्षज्ञान मेळवीने ते अर्थनो उपदेश आप्यो होय, ते दृष्टार्थकउपदेशने **दृष्टार्थकशब्दप्रमाण** कहेवाय छे अने (२) जेणे अनुमानथी अर्थने जाणीने उपदेश आप्यो होय, ते अदृष्टार्थकउपदेशने **अदृष्टार्थक शब्दप्रमाण** कहेवाय छे.

१६. आत्मानुं लक्षण नैयायिकसूत्रमां आ प्रमाणे कहेल छे

इच्छाद्वेषप्रयत्नसुखदुःखज्ञानात्मनो लिङ्गम् ॥१-१-१०॥ अर्थात् इच्छा, द्वेष, प्रयत्न, सुख, दुःख अने ज्ञान आ छ आत्माना लिंग अर्थात् अनुमापकहेतुओ छे. आत्मामां कोईपणप्रकारनुं रूप अने स्थूलत्व नथी. तेथी तेनुं

ચક્ષુ આદિ પાંચ ઇન્દ્રિય તથા મન, સુખ છે આદિમાં તે સુખાદિ પ્રમેય છે. અર્થાત્ આત્માઆદિ ઇન્દ્રિયો અને સુખાદિ પ્રમેય છે. અહીં બંને વિશેષણમાં આદિ પદથી બાકીના સાતપ્રમેયનો સંગ્રહ જાણવો. આમ આત્મા, શરીર, બુદ્ધિ, ઇન્દ્રિય, સુખ આદિ બાર પ્રમેય છે. આ બાર પ્રમેયો નૈયાયિકસૂત્રમાં કહેલા છે - आत्मशरीरेन्द्रियार्थबुद्धिमनः प्रवृत्तिदोषप्रेत्यभावफलदुःखापवर्गभेदेन द्वादशविधं तदिति प्रमेयम् । (१-१-૯) । અર્થાત્ આત્મા, શરીર, ઇન્દ્રિય, ઇન્દ્રિયના વિષયો, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફળ, દુઃખ, અપવર્ગ એ બાર પ્રમેય છે. આ બાર પ્રમેયોમાં શરીર, ઇન્દ્રિય, અર્થ(વિષયો), બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફળ અને દુઃખ આ ૧૦ પ્રમેયો હેય છે. અપવર્ગ ઉપાદેય છે. પરંતુ આત્મા કથંચિત્ હેય અને કથંચિત્ ઉપાદેય છે. સુખ-દુઃખાદિ ભોક્તૃપણાથી હેય છે અને ઉન્મુક્તપણાથી ઉપાદેય છે. ત્યાં ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ-દુઃખ અને જ્ઞાનાદિનો આશ્રય આત્મા છે. સચેતનત્વ, કર્તૃત્વ, સર્વગત્વ આદિ ધર્મોવડે આત્મા પ્રતીત થાય છે. (૧)

(૨) [૧૭] **શરીર :** ભોક્તાના ભોગનું જે આયતન (સ્થાન) છે, તે શરીર કહેવાય છે. (આ વ્યાખ્યા ન્યાયકંદલીકારના મતે છે).

ચક્ષુ આદિ ઇન્દ્રિયદ્વારા બાહ્યપ્રત્યક્ષ થઈ શકતું નથી. મનથી તો તેનું પ્રત્યક્ષ થઈ શકે છે. પરકીય આત્માનું તો માનસપ્રત્યક્ષ પણ થઈ શકતું નથી. ઉપરોક્તસૂત્રમાં સૂત્રકારે આત્માના અનુમાનનો પ્રકાર બતાવેલ છે. ઇચ્છાદિ આત્માના અસાધારણ ધર્મો છે; તેથી તે આત્માનાં લક્ષણ થઈ શકે છે. ઇચ્છાદિગુણો શરીરમાં રહેતા ન હોવાથી શરીરથી અન્યઆત્માનું અનુમાન થઈ શકે છે. ઇચ્છાદિ ગુણો શરીરમાં નથી. જો શરીરમાં માનીએ, તો મૃતશરીરમાં પણ ઇચ્છાદિની આપત્તિ આવશે. આથી ઇચ્છાદિ શરીરનાગુણો નથી. મનમાં પણ ઇચ્છાદિની ઉત્પત્તિ થઈ શકતી નથી, કારણકે મન તો ઇચ્છાઆદિને ઉત્પન્ન કરવાનું સાધન છે. જે સાધન હોય તે કાર્યનો આધાર (ઉપાદાન કારણ) થઈ શકે નહીં. પૃથ્વ્યાદિ નવદ્રવ્યોમાં પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, કાળ અને દિશા આ દ્રવ્યોમાંથી કોઈપણ દ્રવ્ય ઇચ્છાદિનો આધાર નથી. એ તો સ્પષ્ટ છે અને મન તો સાધન છે. આથી આધાર બની શકતું નથી. **સામાન્ય નિયમ છે કે સાધનજન્ય ક્રિયા સાધનમાં નહીં પણ અન્યમાં બને છે.** તેથી મનરૂપ સાધનજન્ય ઇચ્છાદિ, મનમાં નહીં પણ અન્યમાં હોવી જોઈએ. વળી ઇચ્છાદિગુણો હોવાના કારણે તેનો આધાર પણ હોવો જોઈએ. આથી આધાર તરીકે નવમું દ્રવ્ય આત્મા સિદ્ધ થાય છે.

"હું ઇચ્છું છું", "હું જાણું છું" એવી પ્રતીતિ પણ થાય છે. માટે આત્મા જ ઇચ્છાદિ ગુણોનું ઉપાદાનકારણ (સમવાયિકારણ) છે. એવું પરિશેષ અનુમાનથી સિદ્ધ થાય છે.

આ સૂત્રથી પરમાત્માનું લક્ષણ પણ સૂચિત થાય છે. તે આ પ્રમાણે - જેની અંદર નિત્ય ઇચ્છા છે, નિત્ય પ્રયત્ન છે, નિત્ય સુખ છે, નિત્યજ્ઞાની છે, તે પરમાત્મા-ઇશ્વર છે. આત્માનું સ્વરૂપ સમજ્યાવિના મુક્તિ મળી શક્તી નથી. મુક્ત-અવસ્થામાં પણ આત્મા પોતાના સ્વરૂપમાં જ સ્થિત રહે છે માટે આત્મસ્વરૂપ ઉપાદેય પક્ષમાં રહે છે.

૧૭. ન્યાયસૂત્રાનુસાર શરીરનું લક્ષણ-चेष्टेन्द्रियार्थाश्रयः शरीरम् (१-१-११) । અર્થાત્ ચેષ્ટા, ઇન્દ્રિય અને અર્થનો જે આશ્રય છે તે શરીર કહેવાય છે.

ઘ્રાણ, રસન, ચક્ષુ, ત્વક્ અને શ્રોત્ર એમ [૧૮]પાંચ ઇન્દ્રિયો છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ એમ પાંચ અર્થો છે (વિષયો છે.) ત્યાં ગંધ, રસ, રૂપ, અને સ્પર્શ, આ ચાર પૃથ્વીના ગુણો છે.

જો ચેષ્ટાનો અર્થ માત્ર ક્રિયા જ લેવામાં આવે તો વૃક્ષ-રથગાડી આદિમાં પણ ક્રિયા જોવામાં આવે છે, માટે તેને પણ શરીર કહેવાની આપત્તિ આવશે. માટે અહીં ચેષ્ટા શબ્દ વિશેષપ્રકારની ક્રિયાનો વાચક છે, એમ સમજવું જોઈએ.

મેળવવા ઇચ્છિત અર્થ અને ત્યજવાને ઇચ્છિત અર્થને ઉદ્દેશીને ઇપ્સા (મેળવવાની ઇચ્છા) અને જિહાસા (છોડાવાની ઇચ્છા)થી પ્રેરાયેલા પુરૂષનો વ્યાપાર=પ્રયત્ન જેને લીધે થાય છે તે શરીર. એટલે ચેષ્ટાનો અર્થ પુરૂષની અંદર થતો પ્રયત્ન લેવો અને એ પ્રયત્ન પુરૂષ (જીવાત્મા) શરીરને લીધે જ કરી શકે છે. માટે ચેષ્ટાનો આશ્રય શરીર કહેવાય છે.

- ઇન્દ્રિયનો આશ્રય શરીર છે. શરીરને લીધે જ ઇન્દ્રિયો પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે. જો શરીર ન હોય તો નિરાધાર=સ્વતંત્ર બનેલી ઇન્દ્રિયો પોતપોતાનું કાર્ય કરી શકે નહીં. શરીરમાં શક્તિ હોય તો ઇન્દ્રિયોમાં ગ્રાહકશક્તિ સારી હોય છે. અને શરીર અત્યંતક્ષીણ હોય તો ઇન્દ્રિયોની ગ્રાહકશક્તિ પણ મંદ પડી જાય છે. આમ શરીર ઇન્દ્રિયોને મદદ કરનાર હોવાથી શરીર ઇન્દ્રિયનો આશ્રય માનવામાં આવે છે. આશ્રયનો અર્થ અહીં ઇન્દ્રિયોનું સમવાયિકારણ (ઉપાદાનકારણ) સમજવાનું નથી.
- જેને લીધે ઇન્દ્રિયો બાહ્યપદાર્થો સાથે સંબંધ પામી સુખ-દુઃખસ્વરૂપ અર્થનું કારણ બને છે તે જ શરીર. અહીં 'અર્થ' શબ્દથી સુખ અને દુઃખ જ સમજવા, પણ રૂપાદિ અર્થો નહીં.

૧૮. ન્યાયસૂત્રમાં જણાવ્યું છે કે - घ्राणरसनचक्षुस्त्वक्श्रोत्राणीन्द्रियाणि भूतेभ्यः ॥१-१-१२॥ અર્થાત્ ઘ્રાણ, રસન, ચક્ષુ, ત્વક્, અને શ્રોત્ર આ પાંચ ઇન્દ્રિય છે. તેની ઉત્પત્તિ અનુક્રમે પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશમાંથી થાય છે.

અહીં બાહ્ય ઇન્દ્રિયોનું લક્ષણ અભીષ્ટ હોવાથી મનનું ગ્રહણ કર્યું નથી. કારણકે મન આંતર ઇન્દ્રિય છે. આ સૂત્રમાં બાહ્ય ઇન્દ્રિયો જે લક્ષ્ય તરીકે છે તે 'भूतेभ्यः' શબ્દદ્વારા સૂચિત કરે છે. 'भूतेभ्यः' શબ્દ ઇન્દ્રિયોના સમવાયિકારણ તરીકે સૂત્રમાં વપરાયો છે. મન આંતર ઇન્દ્રિય અને નિત્ય હોવાથી તેનું ઉપાદાનકારણ (સમવાયિકારણ) કોઈપણ મહાભૂત સંભવી શકતું નથી. જે લોકો (સાંખ્યો) ઇન્દ્રિયોનું ઉપાદાનકારણ અહંહાર છે, એમ માને છે, તે મતનું ખંડન પણ 'भूतेभ्यः' કારણ-વાચક શબ્દ મુકવાથી થઈ જાય છે. નૈયાયિકો ઇન્દ્રિયોને અહંકારમાંથી ઉત્પન્ન થયેલી માનતા નથી, પણ પાંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થયેલી માને છે. સૂત્ર ૩-૧-૬૩માં કહ્યું છે કે 'भूतगुणविशेषोपलब्धेस्तादात्म्यम्' અર્થાત્ - પૃથ્વી આદિ ભૂતોના વિશેષગુણોના ઉપલબ્ધિ (અભિવ્યક્તિ)નું કારણ હોવાથી ઇન્દ્રિયોના કારણ પૃથ્વી આદિ પાંચભૂતો છે. (સાંખ્યમતમાં પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને એક મન એમ અગીયાર ઇન્દ્રિયો ગણાવી છે.)

ઇન્દ્રિયોની સંખ્યાના વિષયમાં વાચસ્પતિમિશ્રએ ન્યાયવાર્તિક તાત્પર્યટીકામાં કહ્યું છે કે ઇન્દ્રિયો પાંચ હોવાથી હાથ, પગ, પાયુ, ઉપસ્થ, અને વાણીમાં ઇન્દ્રિયત્વ નથી, એ સૂચિત કર્યું છે. કારણ કે તેમાં ઇન્દ્રિયનું લક્ષણ ઘટતું નથી. **"જે શરીર સાથે સંયુક્ત હોય, સંસ્કારદોષથી શૂન્ય હોય, અને સાક્ષાત્ જ્ઞાનનું સાધન હોય તે જ ઇન્દ્રિય કહેવાય છે."** હાથ આદિમાં આ લક્ષણ ઘટતું નથી. જો સાંખ્યો એમ કહે કે - ઉક્ત લક્ષણ તો જ્ઞાનેન્દ્રિયોનું છે. અને હાથ આદિ તો કર્મેન્દ્રિય છે, તો સાંખ્યોએ કર્મેન્દ્રિયનું લક્ષણ કહેવું જોઈએ. જો કર્મેન્દ્રિયનું લક્ષણ "શરીરમાં જે આશ્રિત હોય અને અસાધારણ કાર્ય કરે તે કર્મેન્દ્રિય." "આવું કહેશો તો તમારે (સાંખ્યોએ) કહેવું જોઈએ કે "હાથ આદિમાં અસાધારણ કાર્ય શું છે ?" તમે એમ કહો કે "બોલવું તે વાણીનું; ગ્રહણ કરવું એ હાથનું, ચાલવું તે પગનું, ઉત્સર્ગ અને આનંદ એ પાયુ અને ઉપસ્થનું અસાધારણ કાર્ય છે." તો સાંખ્યોની આ વાત ઠીક નથી. કારણ કે ગ્રહણ કરવા

રૂપ, રસ અને સ્પર્શ આ ત્રણ પાણીના ગુણો છે. રૂપ અને સ્પર્શ તૈજસ્ના ગુણો છે. એક સ્પર્શ વાયુનો ગુણ છે. અને શબ્દ આકાશનો ગુણ છે. આ રીતે પાંચ રૂપાદિ [૧૯]અર્થો જાણવા.

[૨૦]ઉપલબ્ધિ અને જ્ઞાન બુદ્ધિના પર્યાયવાચિ શબ્દો છે. તે બુદ્ધિ ક્ષણિક અને ભોગના સ્વભાવવાળી હોવાથી સંસારનું કારણ છે. તેથી હેય છે.

રૂપ કાર્ય તો જેમ હાથથી થાય છે, તેમ મોઢાથી પણ થાય છે, માટે તે અસાધારણ કાર્ય નથી. વળી કંઠ, હૃદય, આમાશય, પક્વાશય પણ અસાધારણ કાર્ય કરે છે, તો તેને પણ ઇન્દ્રિયો માનવી પડશે માટે કર્મેન્દ્રિયનું લક્ષણ બાંધવું એ અર્થ વગરનું છે. આથી સમજી શકાય છે કે નૈયાયિકો જે જ્ઞાન ઉત્પન્ન કરવાનું અસાધારણ કારણ છે, તેને જ ઇન્દ્રિયો માને છે.

૧૯. પૃથ્વી, પાણી અને તૈજસ્ આ ત્રણ દ્રવ્યોનું ગ્રહણ બાહ્ય ઇન્દ્રિયોથી થાય છે અને બાકીના છ દ્રવ્યોનું અનુમાનથી ગ્રહણ થાય છે. ગંધાદિ ગુણોનું ગ્રહણ ઘ્રાણાદિ ઇન્દ્રિયોથી થાય છે. પ્રશસ્તપાદભાષ્યમાં ગુણોના બે વિભાગ પાડ્યા છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સ્નેહ, સાંસદ્ધિક દ્રવત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, ભાવના અને શબ્દ વિશેષગુણો છે. તથા સંખ્યા, પરિણામ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, ગુરુત્વ, નૈમિત્તિક દ્રવત્વ અને વેગ સામાન્યગુણો છે. **સ્વાધારભૂત દ્રવ્યને જે ગુણો અન્ય દ્રવ્યોથી અલગ કરી બતાવે તે વિશેષગુણ કહેવાય છે.**

શંકા : પૃથ્વીમાં ગંધઆદિ ચારગુણો હોવા છતાં ઘ્રાણ ઇન્દ્રિયથી જ ગંધનું ગ્રહણ કેમ થાય છે ?

સમાધાન : ન્યાયસૂત્રમાં तद्व्यवस्थापनं तु भूयत्वात् ॥૩-૧-૭૧॥ સૂત્રથી તેનું કારણ જણાવેલ છે અહીં ભૂયસ્ત્વ=પ્રધાનતા. પૃથ્વીમાં ગંધ ગુણની પ્રધાનતા છે અને ઘ્રાણેન્દ્રિયમાં પણ ગંધ ગુણની પ્રધાનતા છે. માટે પૃથ્વી અને ઘ્રાણેન્દ્રિયનો કાર્યકારણભાવ માનવો જોઈએ. તેજ રીતે રસના ઇન્દ્રિય અને જલનો **તથા** ચક્ષુરિન્દ્રિય અને તેજનો પણ કાર્ય-કારણભાવ માનવો જોઈએ. ઇન્દ્રિયની રચનામાં જીવાત્માનું અદૃષ્ટ પણ કારણ તરીકે છે.

આથી સમજી શકાય છે કે પૃથ્વીઆદિ દ્રવ્ય અને ગંધાદિ ગુણો પરસ્પરજુદા છે. પણ સમવાયસંબંધને લીધે બે ફળની માફક અલગ-અલગ અનુભવી શકાતા નથી.

૨૦. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે - बुद्धिरुपलब्धिर्ज्ञानमित्यनर्थान्तरम् ॥૧-૧-૧૫॥ **અર્થાત્** બુદ્ધિ, ઉપલબ્ધિ અને જ્ઞાન એ ત્રણે એક અર્થના વાચક છે.

ઇન્દ્રિયોનો અર્થ સાથે સંબંધ થવાથી આત્માની અંદર જે અર્થનો અભૌતિક પ્રકાશ જન્મે છે, તેનું નામ બુદ્ધિ અને તે જ જ્ઞાન.

જો જ્ઞાનને બુદ્ધિનો ધર્મ માનવામાં આવે તો બુદ્ધિને ચેતન માનવી જોઈએ. અને ચેતન માનવામાં આવે તો શરીરમાં એક પુરુષરૂપ ચેતન આત્મા અને બુદ્ધિરુપ ચેતના=આત્મા એમ બે ચેતન થશે. પણ શરીરમાં એક જ આત્મા સર્વ યુક્તિ અને પ્રમાણથી સિદ્ધ છે.

આ સૂત્રમાં ઉપલબ્ધિ અને જ્ઞાન એ બુદ્ધિના પર્યાયવાચક શબ્દો છે અને તે સમાન અને અસમાનજાતિય અર્થોથી બુદ્ધિને અલગ કરતા હોવાથી લક્ષણવાચક થઈ શકે છે. જે લોક બુદ્ધિ, ઉપલબ્ધિ અને જ્ઞાનને ભિન્ન-ભિન્ન માને છે તે અયોગ્ય છે. એમ બતાવવા માટે સૂત્રકારે બુદ્ધિના પર્યાયવાચક શબ્દોને લક્ષણવાચક તરીકે મુક્યા છે.

(સાંખ્યમતના અનુયાયીઓ ત્રણે શબ્દોના ભિન્ન-ભિન્ન અર્થ કરે છે.)

બુદ્ધિ : સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણેગુણોનો જે વિકાર છે તે જ બુદ્ધિ અને તેનું બીજુંનામ 'મહત્' તત્ત્વ

इन्द्रियार्थसन्निकर्षे सत्यपि युगपज्ज्ञानानुत्पादादान्तरसुखादि विषयोपलब्धेश्च बाह्यगन्धादिविषयोपलब्धिवत्करणसाध्यत्वादान्तरं करणं मनोऽनुमीयते, तत्सर्वविषयं तच्चाणु वेगवदाशुसंचारि नित्यं च ६ । वाग्मनःकायव्यापारः शुभाशुभफलः प्रवृत्तिः ७ । रागद्वेषमोहास्त्रयो दोषाः, इर्ष्यादीनामेतेष्वेवान्तर्भावः, तत्कृतश्चैष संसारः ८ । देहेन्द्रियादिसंघातस्य प्राक्तनस्य त्यागेन संघातान्तरग्रहणं प्रेत्यभावः, एष एव संसारः ९ । प्रवृत्तिदोषजनितं सुखदुःखात्मकं मुख्यं फलं, तत्साधनं तु गौणम् १० । पीडासंतापस्वभावजं दुःखम्, फलग्रहणेनाक्षिप्तमपीदं सुखस्यापि दुःखाविनाभावित्वात् दुःखत्वभावनार्थमु-पदिश्यते ११ । आत्यन्तिको दुःखवियोगोऽपवर्गः, सर्वगुणवियुक्तस्यात्मनः स्वरूपेणा-वस्थानं सुखदुःखयोर्विवेकेन हानस्याशक्यत्वात् दुःखं जिहासुः सुखमपि जह्याद् । यस्माज्जन्मजरामरणप्रबन्धोच्छेदरूपः परमः पुरुषार्थोऽपवर्गः, स च तत्त्वज्ञानादवाप्यते १२ ।।१४ ।।

(૬) **मनः** सर्वपदार्थोनी साथे इन्द्रियनो संयोग थवाछतां युगपत् समस्त रूपादि ज्ञानोनी उत्पत्ति थती नथी. आथी ज्ञान त्यारे ज थाय के, ज्यारे जे इन्द्रियोनो मन साथे संयोग होय. आथी मन साथेना संयोगवाळी इन्द्रियोथी ज्ञान उत्पन्न थाय छे, अन्यथी नहि. ते ज रीते युगपद् ज्ञानोनी अनुत्पत्तिथी मननो सद्भाव सिद्ध थाय छे. तथा जेम गंधादि बाह्यपदार्थोनी उपलब्धि करणरूप इन्द्रियोविना थई शकती नथी, तेम अंतरंगसुखादि विषयोनी उपलब्धि माटे पण एक साधकतमकरणनी आवश्यकता छे. ते करण मन ज थई शके छे. आ रीते मननुं अनुमान थई शके छे. [२२]मन सर्वपदार्थोने विषय बनावे छे, अणुरूप छे, वेगवाळुं होवाथी खूब शीघ्र संचार करवावाळुं छे तथा नित्य छे.

छे. त्रणे गुणो जड होवाथी बुद्धि पण जड छे. त्रणेगुणो नित्य होवाथी तेनो परिणाम जे बुद्धि छे ते पण नित्य छे, कारणके सांख्यमतमां परिणाम अने परिणामी भिन्न गणातां नथी.

ज्ञान : बुद्धिनो जे इन्द्रिय द्वारा अर्थरूपे परिणाम थाय छे ते ज ज्ञान अर्थात् बुद्धिनी जे अमुकप्रकारनी वृत्ति तेनुं नाम ज्ञान छे. माटे घटज्ञान, पटज्ञान आदि बुद्धिनी वृत्तिओ गणाय छे.

उपलब्धि : आत्मा ए चितिशक्ति छे. अने ते अपरिणामी छे. तेनुं बुद्धि साथे सदैव सन्निधान होवाथी बुद्धिमां आत्मानुं प्रतिबिंब पडे छे. आथी बुद्धि जड होवा छतां चेतन जेवी लागे छे अने अर्थने जाणे छे. जेम चंद्र स्वयं प्रकाशरहित होवा छतां सूर्यना तेजने झीलीने प्रकाशित बने छे अने जगतने प्रकाशित करे छे, तेम आत्मामां जे आत्मानुं प्रतिबिंब पडे छे ते ज उपलब्धि. नैयायिकसुत्रकारने सांख्योनी उपरनी मान्यता मान्य नथी. बुद्धि ए प्रकृतिनो-गुणोनो विकार नथी, पण आत्मानो गुण छे. तेथी बुद्धि अने ज्ञान पण एक ज छे.)

२२. न्यायसूत्रमां कह्युं छे के युगपज्ज्ञानानुत्पत्तिर्मनसो लिङ्गम् ॥१-१-१६॥ अर्थात् एकसाथे ज्ञाननी उत्पत्ति थती नथी. ते मननुं ज्ञापक छे.

कहेवानो आशय ए छे के एक फळमां रुप, रस, गंध अने स्पर्श एम चारे अर्थो (विषयो) छे. रूप आदि चारे विषयो साथे चारे इन्द्रिय (चक्षु, रसन, घ्राण, अने त्वक्)नो एक साथे संबंध होवा छतां चारे ज्ञानो एक साथे

प्रवृत्ति : વચન-મન અને કાયાનો વ્યાપાર કે જે શુભાશુભફળને આપે છે તે પ્રવૃત્તિ કહેવાય છે.

રાગ-દ્વેષ અને મોહ આ ત્રણ [૨૪]**દોષો** છે. ઇર્ષ્યા, અસૂયા, ક્રોધઆદિનો ત્રણમાં જ અંતર્ભાવ થાય છે અને આદોષોના કારણે જ સંસાર છે. પૂર્વકાલીન દેહ-ઇન્દ્રિયાદિના

થતાં નથી, પણ અનુક્રમે જ થાય છે. આનું કારણ શું છે ? તેને સૂત્રકાર જણાવે છે કે જ્ઞાન ઉત્પન્ન કરવામાં કેવલ બાહ્ય ઇન્દ્રિયો અને રૂપાદિ અર્થો (વિષયો) સાથેનો સંબંધ જ પર્યાપ્ત નથી, પણ તેની સાથે મનનો પણ સંબંધ જોઈએ. મનસંયોગી જે ઇન્દ્રિય જે અર્થ સાથે સંબંધ પામશે તે ઇન્દ્રિય દ્વારા તે અર્થનું જ જ્ઞાન થશે. બીજા અર્થોનું નહીં. જો ચક્ષુ ઇન્દ્રિય મનઃ સંયુક્ત થઈ રૂપ સાથે સંબંધ પામશે તો રૂપનું જ્ઞાન થશે પણ બીજા અર્થોનું નહીં, કારણકે તે વખતે ઘ્રાણઆદિ ઇન્દ્રિયો સાથે મનનો સંબંધ નથી. અને તે ઉપરથી મન સુક્ષ્મ (અણુ) છે તે પણ સિદ્ધ થાય છે. જો તે વ્યાપક હોય તો તેનો સંબંધ બધી ઇન્દ્રિયો સાથે હોય, પણ તે નથી. આથી મન સુક્ષ્મ-(અણુ) છે. વૈશેષિકસૂત્રમાં પણ મનને અણુ કહ્યું છે. तदभावाच्चाणु मनः ॥७।१।२५॥

વળી આ ન્યાયસૂત્રમાં મનના અસ્તિત્વનું પણ સાધન છે અને તેની અંદર રહેલો અસાધારણધર્મ લક્ષણ તરીકે બતાવ્યો છે. 'युगपज्ज्ञानाजनकत्वम्' એ મનનો અસાધારણધર્મ છે. મન દ્રવ્ય છે અને કણાદે નવદ્રવ્યોમાં તેની ગણત્રી કરી છે. મન અવયવ વિનાનું દ્રવ્ય હોવાથી નિત્ય છે. અર્થાત્ ઉત્પત્તિ વિનાશથી રહિત છે. સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ અને વેગ આ આઠ મનના સામાન્યગુણો છે.

નૈયાયિકો માને છે કે પ્રત્યેક આત્મામાં એક-એક મન (તે આત્માના) કર્માનુસાર પરમાત્માએ યોજેલું છે. મનને જ અંતઃકરણ કહેવાય છે. મન જ વિષય જન્ય સુખ-દુઃખનું કારણ છે. આત્માની ઇચ્છા તથા જીવન-જનક પ્રયત્નથી મન એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે. તથા ધર્મ, અધર્મ રૂપ અદૃષ્ટકારણને લીધે મરણ પછી બીજા શરીરમાં જાય છે અને આત્માના ભોગનું સાધન બને છે.

૨૩. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે प्रवृत्तिर्वाग्बुद्धिशरीरारम्भेति ॥११-१७॥-રાગ-દ્વેષથી પ્રેરાઈને, જે વાણી ઉચ્ચારવામાં આવે છે તે વાચિકપ્રવૃત્તિ કહેવાય છે. રાગ-દ્વેષથી પ્રેરાઈને મનમાં જે ચિંતન કરવામાં આવે છે તે માનસિકપ્રવૃત્તિ કહેવાય છે. અને રાગ-દ્વેષથી પ્રેરાઇને શરીર દ્વારા જે ક્રિયા કરવામાં આવે છે તે શારીરિકપ્રવૃત્તિ કહેવાય છે.

રાગ-દ્વેષ વિનાની પ્રવૃત્તિ બંધ-જનક હોતી નથી. જીવનમુક્ત પુરૂષની પ્રવૃત્તિ રાગ-દ્વેષરહિતની હોય છે. અહીં સૂત્રમાં રાગ-દ્વેષપૂર્વકની પ્રવૃત્તિ લક્ષિત છે. અને તે સંસારચાલક છે. માટે તે હેય છે. જન્મથી મરણપર્યન્ત જેટલી ક્રિયાઓ રાગ-દ્વેષપૂર્વક થઈ હોય તે બધી જ સ્થિર સંસ્કારો આત્મામાં પાડે છે અને આ સંસ્કારો છેવટે મરણને ઉત્પન્ન કરી જાતિ, આયુષ્ય અને ભોગરૂપ ફળને ઉત્પન્ન કરે છે.

૨૪. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે...प्रवर्तनालक्षणो दोषाः ॥१-१-१८॥-પ્રવૃત્તિજનકત્વ એ દોષનું લક્ષણ છે. અહીં સૂત્રમાં દોષ લક્ષ્યપદાર્થ છે અને પ્રવૃત્તિજનકત્વ લક્ષણ છે.

કહેવાનો આશય એ છે કે રાગ-દ્વેષ અને મોહના કારણે જ મનુષ્ય પ્રવૃત્તિ કરે છે. આ ત્રણેને દોષ નામ આપવામાં આવ્યું છે. કારણ કે दुष्यति आत्मा येन स दोषः-જેનાથી આત્મા દૂષિત થાય છે તે દોષ અર્થાત્ આત્મા પોતાનું વાસ્તવિકસ્વરૂપ જેના કારણે જાણી શકતો નથી, માટે એને દોષ કહેવામાં આવે છે. આ ત્રણે મોક્ષના પ્રતિબંધક છે. જ્યાં સુધી આ ત્રણે હોય, ત્યાં સુધી વૈરાગ્ય સ્ફૂરતો નથી અને તેનાવિના તત્ત્વજ્ઞાન સંભવિત નથી અને તત્ત્વજ્ઞાન સિવાય મુક્તિ પણ મળી શકતી નથી.

અનુકૂલ અર્થની અભિલાષાને **રાગ** કહેવાય છે. કામ, સ્પૃહા, તૃષ્ણા તથા લોભ આ બધા રાગના જ પ્રકાર છે. પ્રતિકૂલ અર્થને સહન ન કરવો તે **દ્વેષ** કહેવાય છે. ક્રોધ, ઇર્ષ્યા, અસૂયા, દ્રોહ અને આમર્ષ આ બધા દ્વેષના પ્રકારો છે. વસ્તુનું વાસ્તવિકજ્ઞાન ન હોવું તે મોહ છે. મિથ્યાજ્ઞાન, વિચિકિત્સા, માન અને પ્રમાદ આ ચારેય મોહના પ્રકાર છે.

સંઘાતના ત્યાગપૂર્વક બીજા દેહ-ઇન્દ્રિયાદિના સંઘાતને ગ્રહણ કરવું તે [૨૫]**પ્રેત્યભાવ** કહેવાય છે અને આ જ સંસાર છે.

પ્રવૃત્તિ અને દોષથી ઉત્પન્ન થતા સુખાદિને [૨૬]ફળ કહેવાય છે. ત્યાં સુખ-દુઃખાત્મક મુખ્યફળ છે. અને તેના સાધન શરીરાદિ ગૌણફળ છે. પીડા અને સંતાપના સ્વભાવને ઉત્પન્ન કરે તેને [૨૭]દુઃખ કહેવાય છે. અર્થાત્ જેને લીધે આત્મા પીડા અને સંતાપ અનુભવે તે દુઃખ. (પૂર્વપ્રવૃત્તિ અને દોષના ફળ તરીકે સુખ-દુઃખ ગણાવ્યા છે.) તે ફળના ગ્રહણથી પ્રાપ્ત પણ આ સુખનો પણ દુઃખની સાથે અવિનાભાવ હોવાથી (સુખને પણ) દુઃખરૂપે ભાવવાનો ઉપદેશ કરાય છે.

આત્યન્તિક દુઃખવિયોગને અપવર્ગ-મોક્ષ કહેવાય છે. સર્વગુણથી રહિત આત્માનું સ્વરૂપમાં જે અવસ્થાન છે તે મોક્ષ કહેવાય છે. સુખ-દુઃખના વિવેકથી હાન (દુઃખની અત્યંત નિવૃત્તિ) અશક્ય છે. આથી દુઃખથી નિવૃત્ત થવાની ઇચ્છાવાળાઓએ સુખ પણ છોડવું જોઈએ. જેથી જન્મ-જરા-મૃત્યુના પ્રબંધના ઉચ્છેદરૂપ પરમપુરૂષાર્થ [૨૮]અપવર્ગ છે. અને તે અપવર્ગ તત્ત્વજ્ઞાનથી પ્રાપ્ત કરાય છે. ॥૨૪॥

---

૨૫. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે पुनरुत्पत्तिः प्रेत्यभाव ॥१-१-१९॥ અર્થાત્ પુનઃ પુનઃ ઉત્પન્ન થવું એનું નામ પ્રેત્યભાવ. કહેવાનો આશય એ છે કે આત્મા અનાદિ અનંત છે. એનો ક્યારે વિનાશ થતો નથી, માટે ઉત્પત્તિ પણ થઈ શકે નહીં. શરીર સ્થિર ન હોવાથી તે ફરીથી ઉત્પન્ન થઈ શકતું નથી. ધ્વંસ અનંત હોવાથી ધ્વંસનો પ્રતિયોગિ ફરીથી જન્મી શકતો નથી. ત્યારે વારંવાર ઉત્પત્તિ કોની થાય છે ? એ વિચારણીય પ્રશ્ન છે. આના સમાધાનમાં આ સૂત્રમાં જે ઉત્પત્તિ શબ્દ છે. તેનો અર્થ સંબંધ કર્યો છે. એટલે આત્મા એક શરીર સાથેનો સંબંધ છોડીને બીજા નવા શરીર સાથે જે સંબંધ બાંધે છે તે જ 'पुनरुत्पत्तिः' અને આવો સંબંધ વારંવાર આત્માનો જુદા-જુદા શરીર સાથે થાય છે. માટે પ્રેત્યભાવ આત્માનો જ સમજવો જોઈએ. વિજાતીય શરીર, ઇન્દ્રિયો અને પ્રાણ આદિ સાથે આત્માનો સંયોગ થવો તે જ જન્મ અને શરીરની અંદર અંતિમપ્રાણનો ધ્વંસ થવો તે મૃત્યુ.

આ પ્રેત્યભાવ અનાદિ છે. તેને અનાદિ માનવામાં અનુમાનપ્રમાણ આ પ્રમાણે છે - જો સૌથી પહેલું દુઃખ માનીએ, તો તે જન્મ વગર કેમ બની શકે ? જો પ્રથમ જન્મ માનીએ, તો ધર્મ અને અધર્મ બને કેવી રીતે ? જો સૌથી પહેલા રાગ-દ્વેષ માનીએ, તો એ મિથ્યાજ્ઞાન વિના સંભવી કેમ શકે ? માટે દુઃખ, જન્મ, પ્રવૃત્તિ, દોષ અને મિથ્યાજ્ઞાનનો કાર્યકારણભાવ અનાદિ જ માનવો જોઈએ.

૨૬. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે - प्रवृत्तिदोषजनितोऽर्थः फलम् ॥१-१-२०॥ અર્થ સ્પષ્ટ છે. રાગ-દ્વેષ આદિ દોષથી પ્રવૃત્તિ થાય છે અને તેનાથી ધર્મ-અધર્મ ઉત્પન્ન થાય છે. ધર્મ અને અધર્મથી શરીર, વિષય, સુખ, દુઃખ ઉત્પન્ન થાય છે. માટે શરીરાદિ ફળ કહેવાય છે.

૨૭. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે बाधनालक्षणं दुःखम् ॥१-१.२१॥-બાધ કરે તે દુઃખ. કહેવાનો આશય એ છે કે સુખની સાથે પણ દુઃખ જોડાયેલું છે. આથી સુખ પણ દુઃખના અવિનાભાવવાળું છે.

૨૮. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે तदत्यन्तविमोक्षोऽपवर्गः ॥१-१-२२॥ અર્થાત્ દુઃખથી આત્યંતિક વિયોગને અપવર્ગ (મોક્ષ) કહેવાય છે. વેદાંતીઓ માને છે કે "જીવ પોતે જ મુક્તિ અવસ્થામાં બ્રહ્મ અર્થાત્ પરમાત્મા બની જાય છે." આ માન્યતા નૈયાયિકોને માન્ય નથી. કારણકે (જીવ અને બ્રહ્મ એમ) બે અનાદિ ભિન્નપદાર્થો ક્યારે પણ અભિન્ન થતા નથી.

संशयप्रयोजनयोः स्वरूपं प्राह-

હવે સંશય અને પ્રયોજનનું સ્વરૂપ કહે છે-

किमेतदिति संदिग्धः प्रत्ययः संशयो मतः ।
प्रवर्तते यदर्थित्वात्तत्तु साध्यं प्रयोजनम् ।।२५।।

श्लोकार्थः આ શું છે ? એવા સંદિગ્ધવિમર્શને [२९]સંશય કહેવાય છે. જે સાધ્યને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી વ્યક્તિ જેમાં પ્રવર્તે છે, તે પ્રાપ્ત કરવાયોગ્ય અર્થને પ્રયોજન કહેવાય છે. ॥૨૫॥

व्याख्या-अयं किंशब्दोऽस्ति क्षेपे 'किं सखा योऽभिद्रुह्यति' अस्ति प्रश्ने 'किं ते प्रियं' अस्ति निवारणे 'किं ते रुदितेन' अस्त्यपलापे 'किं तेऽहं धारयामि' अस्त्यनुनये 'किं तेऽहं प्रियं करोमि' अस्त्यवज्ञाने 'कस्त्वामुल्लापयते' अस्ति वितर्के 'किमिदं दूरे दृश्यते,' इह तु वितर्के, दूरावलोकनेन पदार्थसामान्यमवबुध्यमानस्तद्विशेषं संदिहानो वितर्कयति, एतत् प्रत्यक्षमूर्ध्वस्थितं वस्तु किं तर्के स्थाणुर्वा पुरुषो वेति । यः संदिग्धोऽनेककोटिपरामर्शो प्रत्ययो विमर्शः, स संशयो मतः संमत इति । अथ प्रयोजनम्, यदर्थित्वाद्यस्य फलस्यार्थित्वमभिलाषु-कत्वे यदर्थित्वं, तस्मात्प्रवर्तते तत्तदीयसाधनेषु यत्नं कुरुते, तत्तु तत्पुनः साध्यं कर्तव्यतयेष्टं प्रयोजनं फलं यस्य वाञ्छया कृत्येषु प्रवर्तते तत्प्रयोजनमित्यर्थः । प्रयोजनमूलत्वाच्च प्रमाणोपन्यासप्रवृत्तेः प्रमेयान्तर्भूतमपि प्रयोजनं पृथगुपदिश्यते ।। २५ ।।

નૈયાયિકો બ્રહ્મને પરિણામી માનતા નથી. તેના સમર્થનમાં તેઓ જણાવે છે કે જો બ્રહ્મનો સર્વાત્મકરૂપે પરિણામ થઈ જાય તો બ્રહ્મનો નાશ થઈ જાય. દૂધનો દહીં રૂપે પરિણામ થયા પછી દૂધ નષ્ટ જ થઈ જાય છે. જો બ્રહ્મના એક ભાગમાં પરિણામ થતો હોય તો બ્રહ્મને ભાગવાળો (અવયવી) માનવો પડશે. અને જે વસ્તુ ભાગવાળી હોય તે અનિત્ય જ હોય છે. જ્યારે બ્રહ્મ નિત્ય છે. વળી બ્રહ્મ અવિકારી છે. વિવર્તરૂપ પરિણામ પણ બ્રહ્મમાં થઈ શકતો નથી. આથી સમજી શકાય છે કે જીવ બ્રહ્મમાંથી બનેલ નથી, પણ અનાદિ અનંત છે. માટે મુક્ત અવસ્થામાં જીવ બ્રહ્મમાં લીન થતો નથી, પણ બ્રહ્મની સાથે સંયુક્ત રહે છે.

બૌદ્ધો ક્ષણિકજ્ઞાનોની સંતાન=પરંપરાનો હંમેશ માટે ઉચ્છેદ થવો, તેને નિર્વાણ(મોક્ષ) કહે છે. ક્ષણિકજ્ઞાનની સંતતિ બૌદ્ધમતમાં આત્મા છે. એટલે આત્માનો ઉચ્છેદ થવો એ જ એમના મતમાં નિર્વાણ (મુક્તિ) છે. આ વાત યુક્ત નથી. કારણકે તે તો "અમૃત્યુપદ' છે. અર્થાત્ તેનું ક્યારેય મૃત્યુ થતું નથી. રાગાદિ રહિત જે આત્મ સ્વરૂપ છે તે જ મુક્તિ અવસ્થા છે. **મુક્તિ અવસ્થામાં આત્માને પ્રાણ સંબંધી ભૂખ (ક્ષુધા) અને પિપાસા, મન સંબંધી લોભ અને મોહ તથા શરીર સંબંધી શીત અને આતપ આ છ ઉર્મિઓ હોતી નથી. અને તેથી શિવ કહેવાય છે.**

૨૯. ન્યાયસૂત્રમાં સંશયનું લક્ષણ આ પ્રમાણે કરેલ છે. समानानेकधर्मोपपत्तेर्विप्रतिपत्तेरुपलब्ध्यनुपलब्ध्यव्यवस्था तश्च विशेषापेक्षो विमर्शः संशयः ॥१-१-२३॥ અર્થાત્ સાધારણ ધર્મ અને અસાધારણધર્મના જ્ઞાનથી પરસ્પરવિરુદ્ધ વાક્યોથી ઉપલબ્ધિ અને અનુપલબ્ધિની અવ્યવસ્થાથી વિશેષધર્મનું સ્મરણ થવાથી અથવા વિશેષધર્મની અપેક્ષારાખતા એક જ અર્થમાં વિરુદ્ધધર્મનું અવલંબનકરનાર જે જ્ઞાન તે સંશય કહેવાય છે.

ટીકાનો ભાવાનુવાદ :

અહીં "अयं किं ?" માં किं શબ્દ અનેક અર્થમાં વપરાય છે. ક્ષેપ, પ્રશ્ન, નિવારણ, અપલાપ, અનુનય, અવજ્ઞા કરવામાં અને વિતર્કમાં 'किं' શબ્દનો પ્રયોગ થાય છે. તે હવે ક્રમસર જોઈએ.

(૧) ક્ષેપમાં : - "किं सखा योऽभिद्रुह्यति" - જે દ્રોહ કરે છે તે શું મિત્ર હોય ?

(૨) પ્રશ્નમાં : - "किं ते प्रियं" - તારું પ્રિય શું છે ?

(૩) નિવારણમાં : - "किं ते रुदितेन" - તારા રડવા વડે શું ? અર્થાત્ તારું રડવાનું બંધ કર.

(૪) અપલાપમાં : - "किं तेऽहं धारयामि" - તારું હું શું ધારણ કરું ? (અર્થાત્ કંઈ નહીં) !

(૫) અનુનયમાં (વિનયમાં) : - "किं तेऽहं प्रियं करोमि" - તમારું હું શું પ્રિય કરું ?

(૬) અવજ્ઞામાં : - "कस्त्वामुल्लापयते-" - તને કોણ ઠપકો આપે ?

(૭) વિતર્કમાં : - "किमिदं दुरे दृष्यते" - દૂર આ શું દેખાય છે ?

આ સૂત્રમાં સંશયનું સામાન્યલક્ષણ અને તેનાં પાંચ કારણો બતાવ્યાં છે. ન્યાયસૂત્રના ભાષ્યકારના મત પ્રમાણે આ સૂત્રના ભાગો નીચે પ્રમાણે છે.

(૧) समानधर्मोपपत्तेर्विशेषापेक्षो विमर्शः संशयः

સ્થાણું અને પુરૂષના જે સમાનધર્મ (સાધારણધર્મ) ઊંચાઈ અને પહોળાઈ પહેલાં જોયા હતા તે પૂરોવર્તિ પદાર્થમાં જોયા પછી તે બંને (સ્થાણું અને પુરૂષ)માં રહેલા ધર્મો (હાથ, પગ તથા કોટરાદિ) દૂરત્વાદિના કારણે ન જોઈ શકવાથી તથા તે વિશેષધર્મને જાણવાની ઇચ્છા ચાલુ રહેવાથી દ્રષ્ટાને આ સ્થાણું હશે કે પુરુષ ? એવો સંશય થાય છે. સામાન્યધર્મ જોવાથી અને વિશેષધર્મની સ્મૃતિ થવાથી ઉત્પન્ન થતો વિમર્શ સાધારણધર્મજન્ય સંશય કહેવાય છે.

(૨) अनेकधर्मोपपत्तेर्विशेषापेक्षा विमर्शः संशयः ।

અહીં અનેકધર્મ એટલે અસાધારણધર્મ. પૃથ્વી એ નવ દ્રવ્યમાંનું એક છે. પૃથ્વીમાં રહેલ ગંધવત્ત્વ ધર્મ અસાધારણ ધર્મ છે. કારણકે સમાનજાતીય (દ્રવ્યત્વ જાતિવાળા) જળ-દ્રવ્યોમાં નથી. તેમજ અસમાનજાતીય (ગુણત્વાદિજાતિવાળા) ગુણ આદિમાં પણ નથી. માટે સજાતીય અને વિજાતીયથી વ્યાવૃત્ત ગંધવત્ત્વધર્મ પૃથ્વીમાં જ છે.

હવે આ ધર્મને લીધે પૃથ્વીને દ્રવ્ય માનવી કે ગુણાદિમાંનો કોઈ પદાર્થ માનવો એવો સંશય થાય છે **અથવા** ગંધવત્ત્વ ધર્મ દ્રવ્યનો હશે કે ગુણનો હશે કે કર્મનો હશે ? આમ અનેક પદાર્થ સંબંધી ધર્મ હોવાથી એના વિશે શંકા થવાથી પૃથ્વી દ્રવ્ય હશે કે ગુણ હશે કે કર્મ હશે ? આવો સંશય ઉત્પન્ન થાય છે.

આ સંશયને નિવારવા વિશેષને જાણવાની અપેક્ષા છે. તે આ પ્રમાણે છે - ગંધવત્ત્વ એટલે ગંધ અને ગંધ એ ચોવીસ ગુણોમાંનો એક ગુણ છે. માટે ગંધરૂપ ગુણનો આધાર પૃથ્વી દ્રવ્ય જ છે, ગુણ કે કર્મ નહીં. પૃથ્વી ગંધગુણનો આધાર આ રીતે છે - ગંધ વિશેષગુણ હોવાથી દિશા, કાલ અને મનમાં નથી, કારણકે તે ત્રણેમાં વિશેષગુણ હોતા નથી. ગંધ બાહ્યેન્દ્રિયથી જ ગ્રાહ્ય છે. તેથી આત્માનો ગુણ પણ નથી. કારણકે આત્માના ગુણો બાહ્યેન્દ્રિયગ્રાહ્ય નથી. આકાશનો કોઈપણ વિશેષગુણ ઘ્રાણેન્દ્રિયગ્રાહ્ય નથી. તેથી ગંધ આકાશનો પણ ગુણ

અહીં શ્લોકમાં 'किं' શબ્દ સાત અર્થો પૈકી 'વિતર્ક' અર્થમાં છે. દૂરથી જોવા વડે પદાર્થને સામાન્ય રીતે જાણતો દ્રષ્ટા, તે પદાર્થના વિશેષસ્વરૂપનો સંદેહ કરતો વિતર્ક-વિચારણા કરે છે કે - આ સામે રહેલ પ્રત્યક્ષ વસ્તુ શું સ્થાણું છે કે પુરુષ છે ?

જે અનેકકોટી પરામર્શનો સંદિગ્ધવિમર્શ છે તે સંશય માનેલો છે.

નથી. તેજ અને જળના કોઈ પણ વિશેષગુણો ઘ્રાણેન્દ્રિયગ્રાહ્ય નથી. તેથી ગંધ તે બંનેનો પણ ગુણ નથી. બાકી રહેલ પૃથ્વી દ્રવ્ય જ ગંધ ગુણનો આધાર છે.

(૩) विप्रतिपत्तेर्विशेषापेक्षो विमर्शः संशयः - વિપત્તિપત્તિ એટલે એક અર્થના સંબંધમાં ઉચ્ચારાતા પરસ્પરવિરુદ્ધ વાક્યો. એ વાક્યો સાંભળવાથી અને તેમાં નિર્ણાયકવિશેષ વસ્તુ શું છે, એ ન જાણી શકવાથી સંશય ઉત્પન્ન થાય છે. જેમકે એકવાદિ આત્માને નિત્ય કહે છે, જ્યારે બીજો પ્રતિવાદિ આત્માને અનિત્ય કહે છે. આમ પરસ્પરવિરુદ્ધ વાક્યો સાંભળવાથી વિશેષવસ્તુના જ્ઞાનમાં સંશય થાય છે.

(૪) उपलब्ध्यव्यवस्थातः विमर्शः संशयः ઉપલબ્ધિની અવ્યવસ્થા (અનિયમ)થી પેદા થતો સંશય. સત્ય પાણી તળાવાદિમાં જણાય છે. અને અસત્ય પાણી મૃગતૃષ્ણિકામાં પણ જણાય છે. હવે કોઈક વખતે કોઈક ઠેકાણે જ્ઞાતાને પાણીની ઉપલબ્ધિ થઈ, તે વખતે દ્રષ્ટાને આ સાચાપાણીની ઉપલબ્ધિ થતી હશે કે ખોટાપાણીની ઉપલબ્ધિ થતી હશે ? એવા વિચારમાં પડી જાય છે. આને ઉપલબ્ધિની અવ્યવસ્થા કહેવાય. સત્ય અને અસત્યનું અનુક્રમે સાધક અને બાધકપ્રમાણ જ્ઞાતાને ન મળવાથી સંશય ઉત્પન્ન થાય છે. આ સંશયને ઉપલબ્ધિની અવ્યવસ્થાથી થતો સંશય કહેવાય છે.

(૫) अनुपलब्ध्यव्यवस्थातः विमर्शः संशयः- વસ્તુ વિદ્યમાન હોવા છતાં કોઈપણ આવરણથી ઢંકાયેલી અથવા ભૂમિમાં દટાયેલી હોય તો તેની ઉપલબ્ધિ થતી નથી. હવે કોઈ વખતે જ્ઞાતાને એક ઠેકાણે વસ્તુની ઉપલબ્ધિ થતી નથી. તે વખતે જ્ઞાતા વિચારમાં પડી જાય છે કે, આ જે અનુપલબ્ધિ થઈ રહી છે તે વસ્તુ હોવાને લીધે કે ન હોવાને લીધે ? આ અનુપલબ્ધિની અવ્યવસ્થા છે. આનાથી થતો જે સંશય છે, તે અનુપલબ્ધિની અવ્યવસ્થાથી થતો સંશય કહેવાય છે.

આ પાંચકારણોથી થતા સંશયોમાં પહેલા બેમાં જે સમાનધર્મ અને અનેક (અસાધારણ) ધર્મ બતાવ્યા છે તે જ્ઞેયની અંદર રહેલા ધર્મો છે. અને ઉપલબ્ધિની અવ્યવસ્થા તથા અનુપલબ્ધિની અવ્યવસ્થા એ જ્ઞાતા=આત્માની અંદર રહેલા ધર્મો છે.

પ્રશ્ન : સંશયને સોળ તત્ત્વોમાં શા માટે ગણાવ્યો છે ?

ઉત્તર : સંશય એ ન્યાયનું પૂર્વ અંગ છે. તેથી તેનો તત્ત્વોમાં સમાવેશ કર્યો છે. સંશયવાળી બાબતમાં અથવા સંશયવાળા અર્થમાં જ ન્યાય (પ્રતિજ્ઞા, હેતુ દૃષ્ટાંત, ઉપનય અને નિગમન આ પાંચ વાક્યો દ્વારા કોઈપણ વિષયને સ્પષ્ટ સમજાવવો તે ન્યાય)ની પ્રવૃત્તિ થઈ શકે છે. જે વિષયમાં સ્હેજ પણ સંશય નથી, તે ન્યાયનો વિષય બની શકતો નથી. તથા જે અર્થ સામાન્ય રૂપે જાણ્યો ન હોય તેમાં પણ ન્યાય ચાલી શકતો નથી. પણ જે અર્થ સંદિગ્ધ હોય તેમાં જ ન્યાય ચાલી શકે છે. જેમકે-વાદિ કહે કે પ્રયત્ન કરવાથી શબ્દ ઉત્પન્ન થાય છે માટે શબ્દ અનિત્ય છે, જ્યારે પ્રતિવાદિ કહે છે કે પ્રયત્ન કરવાથી માત્ર શબ્દ ઉપર રહેલું આવરણ જ દૂર થાય છે અને તે દૂર થયે છતે શબ્દ સાંભળી શકાય છે. માટે શબ્દ સદૈવ વિદ્યમાન છે અને તેથી નિત્ય છે.

આ બે વાદિ અને પ્રતિવાદિના કથનથી સાંભળનારને "શબ્દ નિત્ય હશે કે અનિત્ય" આવો સંદેહ થાય છે. હવે આ સંદેહને ન્યાયથી દૂર કરી નિર્ણય લાવવો જોઈએ.

વળી ન્યાયસૂત્રના ભાષ્યમાં લખ્યું છે કે - नानुपलब्धे न निर्णीतेऽर्थे न्यायः प्रवर्तते, किं तर्हि ? संशयितेऽर्थे ।

હવે [૩૦]પ્રયોજનતત્ત્વને કહે છે.

જે ફળના અર્થિપણાથી ફળનો અર્થી તે તે ફળના તે તે સાધનમાં પ્રવર્તે છે, તે પ્રયોજન કહેવાય છે. વળી તે તે સાધ્ય કે જે કર્તવ્યતયા ઇષ્ટ છે, તે ફળની અભિલાષાથી તે તે કાર્યોમાં પ્રવર્તે છે તે પ્રયોજન કહેવાય છે. પ્રમાણના ઉપન્યાસની પ્રવૃત્તિ પ્રયોજનમૂલક છે. અર્થાત્ પ્રમાણનું વર્ણન કરવાની પ્રવૃત્તિ (પ્રમાણદ્વારા અર્થનું જ્ઞાન મેળવવાના) પ્રયોજનથી થાય છે. એટલે કે અર્થનું જ્ઞાન મેળવવાનું પ્રયોજન હોવાથી પ્રમાણનો પ્રપંચ જરૂરી છે. આમ પ્રમાણ ઉપન્યાસની પ્રવૃત્તિ પ્રયોજનમૂલક હોવાથી પ્રયોજનનો પ્રમેયમાં અંતર્ભાવ થતો હોવા છતાં પણ પૃથગ્ ઉપદેશ કરેલ છે. આશય એ છે કે પ્રમાણદ્વારા પ્રમેયનું જ્ઞાન મેળવાય છે અને પ્રયોજનનો પ્રમેયમાં અંતર્ભાવ થઈ શકે છે. છતાં પણ પ્રમાણનું કથન પ્રયોજનને લઈને છે, એ બતાવવા પ્રયોજનનો ઉપદેશ પ્રમેયથી પૃથગ્ કર્યો છે ॥૨૫॥

अथ दृष्टान्तसिद्धान्तौ व्याचिख्यासुराह ।

હવે દૃષ્ટાંત અને સિદ્ધાંત(તત્ત્વની) વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે.

दृष्टान्तस्तु भवेदेष विवादविषयो न यः ।
सिद्धान्तस्तु चतुर्भेदः सर्वतन्त्रादिभेदतः ॥२६॥

શ્લોકાર્થ : જે વિવાદનો વિષય ન હોય તે દૃષ્ટાંત થાય. (અર્થાત્ વાદિ અને પ્રતિવાદિ બંનેને સંમતવિષય દૃષ્ટાંત બને.) વળી, સર્વતંત્રાદિભેદથી સિદ્ધાંત ચારપ્રકારે છે. (સિદ્ધાંત એટલે શાસ્ત્રપ્રતિપાદિત નિયમો.) ॥૨૬॥

व्याख्या-दृष्टोऽन्तो निश्चयोऽत्रेति दृष्टान्तः, दृष्टान्तः पुनरेषोऽयं भवेत् । एष क इत्याह- य उपन्यस्तः सन् विवादविषयो वादिप्रतिवादिनोर्मिथो विरुद्धो वादो विवादः, तस्य विषयो गोचरो न भवति, वादिप्रतिवादिनोरुभयोः संमत एवानुमानादौ दृष्टान्त उपन्यस्तव्य इत्यर्थः । पञ्चस्ववयवेषु वक्ष्यमाणोऽपि दृष्टान्तः साध्यसाधनधर्मयोः प्रतिबन्धग्रहणस्थान-

---

અર્થાત્ નહીં જણાયેલા અર્થમાં, તેમજ નિશ્ચયપૂર્વક જાણેલા અર્થમાં ન્યાયની પ્રવૃત્તિ થઈ શકતી નથી. તો શામાં ન્યાયની પ્રવૃત્તિ થાય છે ? સંશયવાળા અર્થમાં. આમ ન્યાયનું કથન સંશયમાંથી થાય છે. આથી તેનો સોળ તત્ત્વોમાં સમાવેશ છે.

(૩૦) ન્યાયસૂત્રમાં પ્રયોજનનું લક્ષણ : **यमर्थमधिकृत्य प्रवर्तते तत्प्रयोजनम्** ॥૧-૧-૨૪॥ અર્થાત્ જે અર્થને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરે, તે પ્રયોજન કહેવાય છે.

અર્થાત્ નહીં જણાયેલા અર્થમાં તેમજ નિશ્ચયપૂર્વક જાણેલા અર્થમાં ન્યાયની પ્રવૃત્તિ થઈ શકતી નથી. તો શામાં ન્યાયની પ્રવૃત્તિ થાય છે ? સંશયવાળા અર્થમાં. આમ ન્યાયનું કથન સંશયમાંથી થાય છે. આથી તેનો સોળતત્ત્વમાં સમાવેશ છે.

मिति पृथगिहोपदिश्यते । तावदेव ह्यन्वयव्यतिरेकयुक्तोऽर्थः स्खलति, यावन्न स्पष्टदृष्टान्तावष्टम्भः । उक्तं च-"तावदेव चलत्यर्थो मन्तुर्विषयमागतः । यावन्नोत्तम्भनेनैव दृष्टान्तेनावलम्ब्यते ।।१।।" [ ] 'सिद्धान्तस्तु' सिद्धान्तः पुनश्चतुर्भेदो भवेत्, । कुत इत्याह-सर्वतन्त्रादिभेदतः सर्वतन्त्रादिभेदेन । प्रथमः सर्वतन्त्रसिद्धान्तः, आदिशब्दात्प्रतितन्त्रसिद्धान्तोऽधिकरणसिद्धान्तोऽभ्युपगमसिद्धान्तश्च वेदितव्यः । इह तन्त्रशब्देन शास्त्रं विज्ञेयम् तत्र सर्वतन्त्राविरुद्धः स्वतन्त्रेऽधिकृतोऽर्थः सर्वतन्त्रसिद्धान्तः सर्वेषां शास्त्राणां संप्रतिपत्तिविषयः, यथा प्रमाणानि प्रमेयसाधनानि, घ्राणादीनीन्द्रियाणि, गन्धादयस्तदर्थाः, प्रमाणेन प्रमेयस्य परिच्छेद इत्यादि । समानतन्त्रप्रसिद्धः परतन्त्रासिद्धः प्रतितन्त्रसिद्धान्तः यथा भौतिकानीन्द्रियाणि यौगानां काणादादीनां च, अभौतिकानि सांख्यानाम् । तथा सांख्यानां सर्वं सदेवोत्पद्यते न पुनरसत्, नैयायिकादीनां सर्वमसदेवोत्पद्यते सामग्रीवशात्, जैनानां तु सदसदुत्पद्यत इत्यादि । यस्य सिद्धान्तस्य प्रक्रियमाणस्य प्रतिज्ञार्थस्य प्रसङ्गेनाधिकस्य सिद्धिः, सोऽधिकरणसिद्धान्तः, यथा कार्यत्वादेः क्षित्यादौ बुद्धिमत्कारणसामान्यसिद्धावन्यस्य तत्कारणसमर्थस्य नित्यज्ञानेच्छाप्रयत्नाधारस्य तत्कारणस्य सिद्धिरिति । प्रौढवादिभिः स्वबुद्ध्यतिशयचिख्यापयिषया यत्किंचिद्वस्त्वपरीक्षितमभ्युपगम्य विशेषः परीक्ष्यते, सोऽभ्युपगमसिद्धान्तः, यथास्तु द्रव्यं शब्दः, स तु किं नित्योऽनित्यो वेति शब्दस्य द्रव्यत्वमनिष्टमभ्युपगम्य नित्यानित्यत्वविशेषः परीक्ष्यते एवं चतुर्विधः सिद्धान्तः ।।२६।।

टीकानो भावानुवाद :

व्याख्या : देखीतो निश्चय जेमां होय ते दृष्टांत. अर्थात् जेमां देखीती रीते निश्चय थतो होय ते दृष्टांत थाय. वळी प्रश्न छे के आ दृष्टांत केवुं होय ?

उत्तर : जे उपन्यस्त थते छते वादि अने प्रतिवादि बंनेने परस्परविवादनो विषय न थाय ते दृष्टांत कहेवाय. आथी कहेवानो आशय ए छे के अनुमानादिमां वादि अने प्रतिवादि बंनेने संमत ज दृष्टांतनो उपन्यास करवो जोईए.

प्रश्न : (सातमा तत्त्व) अवयवमां (पांच अवयवोमां)आ दृष्टांत कहेवामां आवशे, तो अहीं पृथग्तत्त्व तरीके उपन्यास शा माटे कर्यो छे. ?

उत्तर : जो के पांचअवयवोमां दृष्टांत कहेवाशे, तो पण दृष्टांत साध्य-साधनधर्मना प्रतिबंध (संबंध)ना ग्रहणनुं स्थान छे. (साध्य-वह्नि अने साधन-धूमना संबंध ग्रहणनुं स्थान जेमके

મહાનસ છે.) આથી દૃષ્ટાંતનો ઉપદેશ પૃથગ્ કર્યો છે. વળી જ્યાં સુધી સ્પષ્ટદૃષ્ટાંતનું અવલંબન ન હોય, ત્યાં સુધી અન્વય-વ્યતિરેકથી યુક્ત અર્થ (વિષય) સ્ખલના જ પામે છે. કહ્યું છે કે-

"જ્યા સુધી આલંબનરૂપ [૩૧]દૃષ્ટાંત વડે (અર્થનું) અવલંબન કરાતું નથી, ત્યાં સુધી વિદ્વાનને (પણ) વિષય બનીને (સામે) આવેલો અર્થ ચલિત થાય છે - નિશ્ચિત થતો નથી. અર્થાત્ અર્થનો નિશ્ચય થતો નથી. ॥૧॥"

વળી સિદ્ધાંત ચારપ્રકારનો છે. સિદ્ધાંતના કયા કારણે ચાર ભેદ છે ? **ઉત્તર :** સર્વતંત્રાદિના ભેદથી ચાર પ્રકાર છે. (૧) સર્વતંત્રસિદ્ધાંત, (૨) પ્રતિતંત્રસિદ્ધાંત, (૩) અધિકરણસિદ્ધાંત, (૪) અભ્યુપગમસિદ્ધાંત, એમ સિદ્ધાંતના ચારભેદ જાણવા. અહી તંત્રશબ્દથી શાસ્ત્ર જાણવું.

(૧) सर्वतंत्रसिद्धांत : સર્વશાસ્ત્રો સાથે જેનો વિરોધ નથી અને સ્વશાસ્ત્રમાં પ્રતિપાદિત અધિકૃત જે અર્થ તે [૩૨]સર્વતંત્રસિદ્ધાંત કહેવાય છે અને તે સર્વશાસ્ત્રોને સ્વીકાર્ય વિષય છે.

જેમકે પ્રમેયના સાધન પ્રમાણો. (પ્રમાણનું ફલ પ્રમેય છે. આથી પ્રમેયનું સાધન પ્રમાણ છે.) ઘ્રાણ, રસન, ત્વક્, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઇન્દ્રિયો અને તેના ગંધાદિ અર્થો, પ્રમાણવડે પ્રમેયનું જ્ઞાન. ઇત્યાદિ.

અહીં પ્રમાણ, ઇન્દ્રિય, અર્થો ઇત્યાદિ સર્વશાસ્ત્રોને સંમત હોવાથી તે પ્રતિપાદિત અર્થ સર્વતંત્ર સિદ્ધાંત કહેવાય છે.

(૨) [૩૩]प्रतितन्त्रसिद्धांत : સમાનશાસ્ત્રમાં સિદ્ધ અને પરશાસ્ત્રમાં અસિદ્ધ અર્થને પ્રતિતંત્રસિદ્ધાંત કહેવાય છે. જેમકે નૈયાયિકો અને વૈશેષિકો ઇન્દ્રિયોને ભૌતિક (ભૂતથી ઉત્પન્ન થયેલ) માને છે. અને સાંખ્યો અભૌતિક માને છે.

---

(૩૧) ન્યાયસૂત્રમાં દૃષ્ટાંતનું લક્ષણ : लौकीकपरीक्षकाणां यस्मिन्नर्थे वुद्धिसाम्यं स दृष्टान्तः॥१-१-२५॥ અર્થાત્ લૌકીક અને પરીક્ષક માણસોનું જે વિષયમાં બુદ્ધિનું સામ્ય થાય તે દૃષ્ટાંત કહેવાય છે.

(૩૨) ન્યાયસૂત્રમાં સર્વતંત્રસિદ્ધાંતનું લક્ષણ : **सर्वतन्त्राविरुद्धस्तन्त्रेऽधिकृतोऽर्थः सर्वतन्त्रसिद्धान्तः** ॥१-१-२८॥ અર્થ સ્પષ્ટ છે

(૩૩) ન્યાયસૂત્રમાં પ્રતિતન્ત્રસિદ્ધાંતનું લક્ષણ : **समानतन्त्रसिद्धः परतन्त्रासिद्धः प्रतितन्त्रसिद्धान्तः** ॥१-१-२९॥ સમાનતંત્રમાં જે અર્થ સિદ્ધ હોય અને પરતંત્રમાં જે અર્થ અસિદ્ધ હોય, એવો જે અર્થ તે પ્રતિતંત્રસિદ્ધાંત કહેવાય છે.

ઘણી બાબતોમાં નૈયાયિકો અને વૈશોષિકોને સમનતા હોવાથી તે બંને સમાનતંત્ર કહેવાય છે.

જેમકે વૈશેષિકો અને નૈયોયિકો બંને પૃથ્વી, અપ્, તેજસ્, વાયુ અને આકાશ આ પાંચભૂતમાંથી અનુક્રમે ઘ્રાણ, રસન, ચક્ષુ, સ્પાર્શન અને શ્રોત્ર ઇન્દ્રિયો બનેલી માને છે અને તેથી તે સમાનતંત્ર કહેવાય.

જ્યારે સાંખ્યો ઇન્દ્રિયોને પંચમહાભૂતમાંથી બનેલ માનતા નથી. સાંખ્યો માને છે કે પ્રકૃતિમાંથી મહત્ (બુદ્ધિ) તત્ત્વ ઉત્પન્ન થાય છે. બુદ્ધિમાંથી અહંકાર અને અહંકારમાંથી ઘ્રાણાદિ પાંચ જ્ઞાનેન્દ્રિય ઉત્પન્ન થાય છે. આથી સાંખ્યો પરતંત્ર કહેવાય. આથી ઇન્દ્રિયોને ભૌતિક માનવી તે પ્રતિતંત્રસિદ્ધાંત (=તે તે (પ્રતિ)દર્શનમાં માન્યસિદ્ધાંત) કહેવાશે.

તથા સાંખ્યો સર્વઅર્થો સત્માંથી જ ઉત્પન્ન થાય છે, પણ અસત્માંથી નહીં એમ માને છે (આથી સાંખ્યો સત્કાર્યવાદિ કહેવાય છે. તેઓની માન્યતા છે કે - ઉપાદાનકારણમાં કાર્ય અવશ્ય વિદ્યમાન (સત્) હોય છે. તો જ કાર્ય જન્મી શકે છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ પ્રકૃતિમાં છે. તેથી તમામ વિકૃતિમાં પણ આવે છે.)

નૈયાયિકો સર્વઅર્થોને અસત્માંથી સામગ્રીના વશથી ઉત્પન્ન થાય છે, એમ માને છે. (આથી નૈયાયિકો અસત્કાર્યવાદિ કહેવાય છે. તેઓની માન્યતા છે કે ઉપાદાનકારણમાં કાર્ય વિદ્યમાન હોતું નથી (અસત્). અર્થાત્ કાર્ય પૂર્વે હતું જ નહીં; પણ પછી સામગ્રીના વશથી (કારણમાંથી) ઉત્પન્ન થાય છે. પણ જૈનો સત્માંથી અને અસત્માંથી (કાર્યની) ઉત્પત્તિ માને છે. (આથી જૈનો સદસત્કાર્યવાદિ છે. જૈનોની માન્યતા છે કે ઉપાદાનકારણમાં કાર્ય વિદ્યમાન (સત્) પણ હોય છે અને અવિદ્યમાન (અસત્) પણ હોય છે. આશય એ છે કે કારણ અને કાર્ય કથંચિત્ ભિન્ન હોવાથી, અસત્કાર્યવાદ પણ ઘટે છે. તથા કારણ અને કાર્ય કથંચિત્ અભિન્ન હોવાથી સત્કાર્યવાદ પણ ઘટે છે. જેમ માટી અને ઘટ કથંચિત્ ભિન્ન હોવાથી, માટીમાં ઘટ અવિદ્યમાન (અસત્) છે અને તેથી કથંચિત્ ભિન્નતાની અપેક્ષાએ જ્યારે માટીમાંથી ઘટ બનશે, ત્યારે ઘટઅર્થ અસત્માંથી બન્યો તેમ કહેવાશે અને તે અસત્કાર્યવાદ થશે.

તથા માટી અને ઘટ કથંચિત્ અભિન્ન હોવાથી, માટીમાં ઘટ વિદ્યમાન (સત્) છે અને તેથી કથંચિત્ અભિન્નતાની અપેક્ષાએ જ્યારે માટીમાંથી ઘટ બનશે, ત્યારે ઘટ અર્થ સત્માંથી બન્યો તેમ કહેવાશે અને તે સત્કાર્યવાદ થશે અથવા માટીમાં ઘટ મૃત્પિંડરૂપે વિદ્યમાન (સત્) છે અને ઘટાકારરૂપે અવિદ્યમાન (અસત્) છે. આમ સત્-અસત્ ઉભયવાદને સ્વીકારનાર જૈનદર્શન છે.)

(૩) અધિકરણસિદ્ધાંત : જે સિદ્ધાંત છે કે જે પ્રતિજ્ઞાતઅર્થ છે, તેની સિદ્ધિ થયા પછી પ્રસંગથી (પ્રસંગ પ્રાપ્ત) અધિકઅર્થની સિદ્ધિ થાય તે અધિકરણસિદ્ધાંત કહેવાય છે.

જેમકે કાર્યત્વાદિ હેતુથી પૃથ્વીઆદિમાં બુદ્ધિમત્કર્તૃત્વ સામાન્યની સિદ્ધિ થયા પછી, તેના કર્તાતરીકે નિત્યજ્ઞાન, કાર્ય કરવાની નિત્યઇચ્છા, અને નિત્યપ્રયત્નના આધાર

વળી "આ જગત ઈશ્વરથી ઉત્પન્ન થયેલ છે" આ સિદ્ધાંત પ્રતિતંત્રસિદ્ધાંત છે. કારણકે આ સિદ્ધાંત નૈયાયિકો-વૈશેષિકોને માન્ય છે. સાંખ્યો, જૈનોને માન્ય નથી.

તેમજ વેદાંતીઓ 'માયા' ને માને છે અને બીજા શાસ્ત્રો 'માયા'ને માનતા નથી, તેથી તે પ્રતિતંત્રસિદ્ધાંત કહેવાય છે. વિશ્વનાથકૃતિમાં કહ્યું છે કે **वादिप्रतिवाद्यैकतरमात्राभ्युपगमतस्तदेकतरस्य प्रतितन्त्रसिद्धांतः** ।। અર્થાત્ વાદિ અને પ્રતિવાદિ આ બેમાંથી એક અમુક અર્થને માનતો હોય, જ્યારે બીજો તે અર્થને ન માનતો હોય, તે અર્થ પ્રતિતંત્રસિદ્ધાંત કહેવાય છે. જેમકે નૈયાયિકો શબ્દને અનિત્ય માને છે, જ્યારે મીમાંસકો શબ્દને નિત્ય માને છે. આથી શબ્દનું નિત્યત્વ કે અનિત્યત્વ માનવું તે પ્રતિતંત્રસિદ્ધાંત ગણાય.

તરીકે સમર્થઈશ્વરની સિદ્ધિ થાય છે. (અર્થાત્ પૃથ્વી આદિના કર્તામાં સર્વજ્ઞત્વ અને વિભુત્વ માનવું જોઈએ.)

કહેવાનો આશય એ છે કે કાર્યત્વહેતુથી પૃથ્વી આદિમાં બુદ્ધિમત્કર્તૃત્વ સિદ્ધ થાય છે. તે પૃથ્વી આદિના ઉપાદાનકારણનું પ્રત્યક્ષ, કાર્યકરવાની ઇચ્છા અને પ્રયત્ન, આ ત્રણનાકારણે થયેલું છે, એમ માનવામાં આવે છે. આથી પૃથ્વીઆદિના કર્તા તરીકે ઉપાદાનકારણોનું નિત્યજ્ઞાન (સર્વજ્ઞત્વ) અને વિભુત્વ આ બેથીયુક્ત ઈશ્વરની સિદ્ધિ થાય છે.

આમ પૃથ્વીઆદિમાં બુદ્ધિમત્કર્તૃત્વની સિદ્ધિથયાપછી પૃથ્વીઆદિના કર્તા તરીકે સર્વજ્ઞત્વ અને વિભુત્વથી યુક્ત ઈશ્વરની સિદ્ધિ થાય છે. તે અધિકરણસિદ્ધાંત કહેવાય છે.

(૪) **अभ्युपगमसिद्धांत :** પોઢવાદિઓ વડે પોતાનીબુદ્ધિનો અતિશય બતાવાની ઇચ્છાથી ગમે તે અપરીક્ષિતવસ્તુને સ્વીકારીને (તે વસ્તુની પરીક્ષા કરવાનું બાજું પર રાખી) વિશેષપરીક્ષા કરાય તે અભ્યુગમસિદ્ધાંત કહેવાય છે.

જેમકે : 'शब्द द्रव्य होव' (અહીં શબ્દ દ્રવ્ય છે કે ગુણ છે, તે અપરીક્ષિત છે. છતાં પણ તેને દ્રવ્ય તરીકે પરીક્ષા કર્યા વિના સ્વીકારીને), તે શબ્દ નિત્ય છે કે અનિત્ય ? આવી વિશેષપરીક્ષા કરાય છે. અર્થાત્ શબ્દનું દ્રવ્યત્વ ઇષ્ટ નથી (છતાં પણ તેને) સ્વીકારીને નિત્યત્વ - અનિત્યત્વની વિશેષપરીક્ષા કરાય છે તે અભ્યુગમસિદ્ધાંત કહેવાય.

અહીં એ જાણવું કે શબ્દનું દ્રવ્યત્વ ઇષ્ટ નથી, પણ પોતાની બુદ્ધિનો અતિશય બતાવવા અને પ્રતિવાદિની બુદ્ધિની અવગણના કરવા, શબ્દમાં અમુક સમય સુધી દ્રવ્યત્વનો સ્વીકાર કરીને તેમાં નિત્યત્વ છે કે અનિત્યત્વ, એની વિશેષપરીક્ષા કરવી તે [૩૪]અભ્યુપગમસિદ્ધાંત કહેવાય છે.

આ પ્રમાણે સિદ્ધાંતના ચાર પ્રકાર છે. ॥૨૬॥

---

૩૪ ન્યાયસૂત્રમાં આ સિદ્ધાંતના બે રીતે અર્થ કરીને બતાવેલ છે. એક, ઉપર પ્રમાણેનો અર્થ અને બીજો નીચે પ્રમાણેનો અર્થ જાણવો.

अपरीक्षिताभ्युपगमात् तद्विशेषपरीक्षणमभ्युपगमसिद्धांतः ॥१-१-३१॥ અર્થાત્ કોઈપણવસ્તુનો સૂત્રમાં નિર્દેશ ન કર્યો હોવાછતાં, તે વસ્તુના વિશેષધર્મોની પરીક્ષા કરવી તે અભ્યુયગમસિદ્ધાંત છે.

જેમકે મનનો ઇન્દ્રિય તરીકે ન્યાયદર્શનમાં કોઈ ઠેકાણે નિર્દેશ કર્યો નથી, તેમ છતાં મન ઇન્દ્રિય છે. એમ ન્યાસૂત્રકાર ગૌતમ માને છે. તેથી તેની વિશેષ પરીક્ષા કરે છે. મનમાં ઇન્દ્રિયત્વ બતાવ્યા વિના તેની વિશેષ પરીક્ષા કરવી એ અભ્યુપગમસિદ્ધાંતને કારણે છે. **परमतमप्रतिषिद्धमनुमतं भवति** (અન્યના મતનું ખંડન ન કર્યું હોય તો, તે મત માન્ય છે. એવી શાસ્ત્રની યુક્તિ છે.) વૈશેષિકશાસ્ત્રમાં મનને ઇન્દ્રિય તરીકે ગણાવ્યું છે અને

अवयवादितत्त्वत्रयस्वरूपं प्ररूपयति ।

હવે ગ્રંથકારશ્રી અવયવ, તર્ક અને નિર્ણય આ ત્રણતત્ત્વોના સ્વરૂપની પ્રરૂપણા કરે છે.

प्रतिज्ञाहेतुदृष्टान्तोपनया निगमस्तथा ।
अवयवाः पञ्च तर्कः संदेहोपरमे भवेत् ।।२७।।

यथा काकादिसंपातात्स्थाणुना भाव्यमत्र हि ।
ऊर्ध्वं संदेहतर्काभ्यां प्रत्ययो निर्णयो मतः ।।२८।। युग्मम् ।।

श्लोकार्थ : પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત, ઉપનય અને નિગમન આ પાંચ અવયવો છે. સંદેહનો ઉપરમ(નાશ) થતે છતે તર્ક થાય છે. જેમકે કાગડાદિ પક્ષીઓના સંતાપથી (અત્યારે) અહીં સ્થાણું હોવું જોઈએ. સંદેહ અને તર્કથી ઉર્ધ્વ (અનંતર) જે જ્ઞાન થાય છે તે નિર્ણય મનાય છે. ॥૨૭-૨૮॥

व्याख्या-अवयवाः पञ्च, के पञ्चेत्याह प्रतिज्ञा हेतुर्दृष्टान्त उपनयो निगमशब्देन निगमनं चेति । तत्र प्रतिज्ञा पक्षः धर्मधर्मिवचनं, कृशानुमानयं सानुमानित्यादि । हेतुः साधनं लिङ्गवचनं, धूमवत्त्वादित्यादि । दृष्टान्त उदाहरणाभिधानं, तद्विविधं, अन्वयमुखेन व्यतिरेकमुखेन च । अन्वयमुखेन यथा, यो यो धूमवान्, स स कृशानुमान्, यथा महानसमित्यादि । व्यतिरेकमुखेन यथा, यो यः कृशानुमान्न भवति, स स धूमवान्न भवति, यथा जलमित्यादि । उपनयो हेतोरुपसंहारकं वचनम्, धूमवांश्चायमित्यादि । निगमनं हेतूपदेशेन साध्यधर्मोपसंहरणम्, धूमवत्त्वात्कृशानुमानित्यादि ।।

. व्याख्या : [૩૫]અવયવો પાંચ છે. તે પાંચ અવયવો કયા છે ? પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત, ઉપનય અને નિગમન આ પાંચ અવયવો છે. (શ્લોકમાં 'નિગમ' છે, તેને સ્થાને નિગમન જાણવું.)

(૧) [૩૬]પ્રતિજ્ઞા : ધર્મવિશિષ્ટધર્મીનો નિર્દેશ કરવો તેનું નામ પ્રતિજ્ઞા કહેવાય છે. અર્થાત્ સાધ્યવિશિષ્ટ પક્ષબોધક વચનને પ્રતિજ્ઞા કહેવાય છે. જેમકે कृशानुमान् अयं सानुमान् (=अग्निमान् पर्वतः) આ પ્રતિજ્ઞાવાક્ય છે.

"મનમાં ઇન્દ્રિયત્વ નથી" એવું ખંડન ન્યાયસૂત્રમાં ક્યાંય પણ કર્યું નથી. તેથી સ્પષ્ટ અનુમાન થાય છે કે ન્યાયદર્શનકારને મનમાં ઇન્દ્રિયત્વ માન્ય છે.

૩૫. ન્યાયમંજરીકારે અવયવની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે-
"**साधनीयार्थप्रतिपत्तिपर्यन्तवचनकलापैकदेशत्वम् अवयवत्वम्**"-અર્થાત્ બીજાને સમજાવવાને ઇચ્છેલો અર્થ જેટલા વાક્યોથી સંપૂર્ણ રીતે સમજાવી શકાય, તે વાક્યોમાંનું પ્રત્યેક વાક્ય અવયવ કહેવાય છે.'

૩૬. પ્રતિજ્ઞાની આવશ્યકતા શું છે ? પ્રતિજ્ઞા એટલા માટે આપવામાં આવે છે કે આગળ આપવામાં આવતા હેતુનો આધાર અથવા વિષય એ બની શકે. જો પ્રતિજ્ઞાવાક્ય ઉચ્ચારવામાં ન આવે તો હેતુ-વાક્ય નિરાધાર અથવા

(૨) [૩૭]**હેતુ :** એટલે સાધન = લિંગને જણાવનારું વચન. જેમકે ધૂમવત્ત્વાત્

(૩) [૩૮]**દૃષ્ટાંત :** ઉદાહરણના કથનને દૃષ્ટાંત કહેવાય છે. તેના બે પ્રકાર છે. (૧) અન્વયી દૃષ્ટાંત અને (૨) વ્યતિરેકીદૃષ્ટાંત. - અન્વયીદૃષ્ટાંત - यो यः कृशानुमान्न भवति, स स धूमवान्न भवति यथा जलम् ।

(૪) ઉપનય : હેતુનો ઉપસંહાર કરનાર વચનને ઉપનય કહેવાય છે. અર્થાત્ હેતુનો પક્ષમાં ઉપસંહાર કરનાર 'तथा चायं' વચનને ઉપનય કહેવાય છે. तथा चाय = धूमवांश्चायम् (पर्वतः)

(૫) નિગમન : હેતુના ઉપદેશદ્વારા સાધ્યધર્મનો ઉપસંહાર કરવો તેને નિગમન કહેવાય છે. અર્થાત્ હેતુના ઉપદેશદ્વારા સાધ્યધર્મનો પક્ષમાં ઉપસંહાર કરનાર 'तस्मात् तथा' વચનને નિગમન કહેવાય છે. तस्मात् तथा = धूमवत्त्वात् कृशानुमान् (अयं=पर्वतः) (આ પાંચ વાક્યોનો સામાન્ય અર્થ આ પ્રમાણે છે. (૧) સાધ્યધર્મનો ધર્મી(પક્ષ) સાથે સંબંધ બતાવવો તે પ્રતિજ્ઞા, पक्षः साध्यवान्. (૨) ઉદાહરણ સાથે સમાનતા અથવા અસમાનતા રાખનારા ધર્મને સાધન તરીકે બતાવવો તેનું નામ હેતુ. (૩) બે ધર્મનો જ્યાં સાધ્ય-સાધન ભાવ બતાવવામાં આવે તે ઉદાહરણ. (૪) સાધનરૂપ ધર્મનું સાધ્યરૂપ ધર્મ સાથે સામાનાધિકરણ્ય

નિર્વિષય થઈ જાય. જો 'अग्निमान् पर्वतः' આ વાક્ય ન બોલવામાં આવે તો 'धूमात्' એ એકલું વાક્ય બોલવાથી કોઈ અર્થ સરે નહીં. માટે ન્યાયથી સિદ્ધ કરવામાં પ્રતિજ્ઞા મહત્ત્વનું અંગ છે. ન્યાયસૂત્ર : साध्यनिर्देशः प्रतिज्ञाः ॥૧-૧-૩૩॥ અર્થાત્ સાધ્યનો જે નિર્દેશ=કથન છે તે પ્રતિજ્ઞા કહેવાય છે.

પ્રશસ્તપાદભાષ્યમાં કહેલ છે કે, પ્રતિજ્ઞા પ્રત્યક્ષ, અનુમાન, આગમ, સ્વશાસ્ત્ર અને સ્વવચનથી વિરુદ્ધ ન હોવી જોઈએ. જેમકે (૧) **પ્રત્યક્ષવિરોધી** - अनुष्णोऽग्निः (૨) **અનુમાનવિરોધી** - घनम् अम्बरम् (આકાશ અવયવવાળો પદાર્થ નથી.) (૩) **આગમવિરોધી :** ब्राह्मणेन सुरा पेया (૪) **સ્વશાસ્ત્ર વિરોધી :** वैशेषिकस्य सत्कार्यम् इति (વૈશેષિકો સત્કાર્યવાદિ છે.) (૫) **સ્વવચનવિરોધી :** न शब्दोऽर्थप्रत्यायकः

૩૭. ન્યાયસૂત્રમાં હેતુનું લક્ષણ સાધ્યના સાધર્મ્યથી અને વૈધર્મ્યથી એ બે રીતે બતાવેલ છે. **उदाहरणसाधर्म्यात् साद्यसाधनं हेतुः ॥૧-૧-૩૪॥** અર્થાત્ ઉદાહરણ સાથે સાધર્મ્ય હોવાથી સાધ્યનું જે સાધન હોય તે હેતુ કહેવાય છે. જેમકે અગ્નિરૂપ સાધ્યની સિદ્ધિ સાધન ધૂમરૂપ અર્થ જણાવી શકે છે. **तथा वैधर्म्यात् ॥૧-૧-૩૫॥** અર્થાત્ તે જ પ્રમાણે સાધ્યનો સાધક હેતુ વ્યતિરેકથી પણ થઈ શકે છે.

૩૮. ન્યાયસૂત્રમાં દૃષ્ટાંતનું લક્ષણ : **साध्यसाधर्म्यात् तद्धर्मभावी दृष्टान्त उदाहरणम् ॥૧-૧-૩૬॥** અર્થાત્ સાધ્ય-પક્ષની સાથે સાધર્મ્યથી પક્ષનાધર્મને બતાવતું જે દૃષ્ટાંત તે ઉદાહરણ કહેવાય છે. અહીં સૂત્રમાં દૃષ્ટાંત એ અર્થાત્મક છે અને ઉદાહરણ એ વાક્યાત્મક ત્રીજોઅવયવ છે. માટે દૃષ્ટાંતરૂપ અર્થથી તેનું વાચક વાક્ય ઉપલક્ષિત છે.

સિદ્ધ કરવું તેનું નામ [૩૯]ઉપનય. (૫) વિપરીત અર્થના પ્રતિષેધ માટે પ્રતિજ્ઞેય અર્થનું સિદ્ધ થયેલા તરીકે કથન કરવું તેનું નામ [૪૦]નિગમન.)

अथ तर्कतत्त्वम् । 'तर्कः सन्देहोपरमे भवेत्' । सम्यग्वस्तुस्वरूपानवबोधे किमयं स्थाणुर्वा पुरुषो वेति संदेहः संशयस्तस्योपरमे व्यपगमे तर्कोऽन्वयधर्मान्वेषणरूपो भवेत् । कथमित्याह-'यथा काकादीत्यादि' यथेत्युपदर्शने काकादिसंपातात् वायसप्रभृतिपक्षिसंपतनादुपलक्षणत्वान्निश्चलत्ववल्यारोहणादिस्थाणुधर्मेभ्यश्चात्रारण्यप्रदेशे स्थाणुना कीलकेन भाव्यं भवितव्यम् । हिशब्दोऽत्र निश्चयोत्प्रेक्षणार्थो द्रष्टव्यः । संप्रति हि वनेऽत्र मानवस्यासंभवात्स्थाणुधर्माणामेव दर्शनाच्च स्थाणुरेवात्र घटत इति । तदुक्तम्- "आरण्यमेतत्सवितास्तमागतो, न चाधुना संभवतीह मानवः । ध्रुवं तदेतेन खगादिभाजा, भाव्यं स्मरारातिसमाननाम्ना ।।१।।" [ ] इत्येष तर्कः ।। अथ निर्णयतत्त्वमाह-'उर्ध्वमित्यादि' पूर्वोक्तस्वरूपाभ्यां संदेहतर्कभ्यामूर्ध्वमनन्तरं यः प्रत्ययः स्थाणुरेवायं पुरुष एव वेति प्रतीतिः स निर्णयो निश्चयो मतोऽभीष्टः । यत्तदावर्थसंबन्धादनुक्तावपि क्वचन गम्येते, तेनात्र तौ व्याख्यातौ । एवमन्यत्रापि मन्तव्यम् ।।२७-२८।।

ટીકાનો ભાવાનુવાદ :

હવે તર્કતત્ત્વને કહે છે. સંદેહના ઉપરમ (નાશ)થી તર્ક થાય છે. અર્થાત્ સંદેહનો ઉપરમ થતે છતે તર્કનો પ્રાદુર્ભાવ થાય છે.

આશય એ છે કે વસ્તુના સ્વરૂપનો સમ્યગ્ અવબોધ ન થવાના કારણે "શું આ સ્થાણુ છે કે

૩૯. ઉપનયનું લક્ષણ ન્યાયસૂત્રકાર બીજી રીતે કરે છે. **उदाहरणापेक्षस्तथेत्युपसंहारो न तथेति वा साध्यस्योपनयः ॥१-१-३८॥** અર્થાત્ અન્વયી અને વ્યતિરેકી ઉદાહરણની અપેક્ષા રાખી સાધ્યનો ઉપસંહાર કરવો તેનું નામ ઉપનય કહેવાય છે.

(i) અન્વયી ઉદાહરણની અપેક્ષાએ ઉપસંહાર કરવામાં આવે છે : જેમકે : ઉત્પત્તિધર્મક ઘટાદિ દ્રવ્ય અનિત્ય જોવામાં આવે છે. 'તથા શબ્દ પણ ઉત્પત્તિધર્મક છે.' આ વાક્યમાં શબ્દના ઉત્પત્તિધર્મકત્વનો ઉપસંહાર થાય છે. (૧) शब्दः अनित्यः (२) उत्पत्तिधर्मकत्वात् (३) यो य उत्पतिधर्मकः स सोऽनित्यः दृष्टःयथा (४) घटः तथा च शब्दः

(i) વ્યતિરેકી ઉદાહરણની અપેક્ષા રાખી ઉપસંહાર કરવામાં આવે તો 'ન તથા' એવો શબ્દ મુકી સાધ્યનો ઉપસંહાર કરવામાં આવે છે.

(૧) शब्दः अनित्यः (२) उत्पत्तिधर्मकत्वात् (३) यो य उत्पत्तिधर्मको न भवति स स अनित्यो न भवति, यथा आत्मा (४) न च तथा शब्दः

૪૦. **નિગમનઃ** સાધ્યઅર્થ અવયવદ્વારા સર્વપ્રમાણોથી સિદ્ધ થયા પછી, તેમાં કોઈપણ જાતનો વિપરીતપ્રસંગ નથી, એવું બતાવવામાટે પ્રતિજ્ઞાના અર્થનું ફરીથી કથન કરવું તેનું નામ નિગમન કહેવાય છે.

પુરુષ ?" એ પ્રમાણે સંદેહ થાય છે અને આ સંદેહ દૂર થતે છતે (વસ્તુના) અન્વયધર્મોના અન્વેષણરૂપ તર્કની ઉત્પત્તિ થાય છે.

પ્રશ્ન : કેવી રીતે તર્કની ઉત્પત્તિ થાય છે ? **ઉત્તર :** જેમકે કાગડાઆદિ પક્ષીઓનો સંપાત હોવાથી (અર્થાત્ તે વસ્તુતરફ કાગડાઓ ફરતા હોવાથી) અને ઉપલક્ષણથી (તે વસ્તુ) નિશ્ચલ છે. તથા તેના ઉપર વેલડીઓએ આરોહણ કર્યું છે, ઇત્યાદિ સ્થાણુના ધર્મોથી અહીં (અત્યારે) જંગલમાં સ્થાણુ હોવું જોઈએ. (યથા ઉપદર્શનમાં છે.) શ્લોકમાં 'હિ' શબ્દ, અહીં નિશ્ચય કે ઉત્પ્રેક્ષણ માં રહેલ લિંગને જોઈને થતી સંભાવના) અર્થમાં જાણવો. તેથી ભાવાર્થ આ રીતે થશે-

અત્યારે અહીં વનમાં માનવનો સંભવ ન હોવાથી અને સ્થાણુના ધર્મોનું જ દર્શન થતું હોવાથી, અહીં વનમાં સ્થાણુ જ ઘટે છે. તેથી કહ્યું છે કે...

"આ અરણ્ય છે, સૂર્ય અસ્તને પામ્યો છે (સૂર્યાસ્ત થયો છે), (તેથી) અહીં અત્યારે માનવ સંભવતો નથી. (તેથી) નિશ્ચયથી પક્ષીઓને ભજનાર (અર્થાત્ પક્ષીઓ જેની આસપાસ ફરી રહ્યા છે તે) સ્મરારાતિ સમાન નામ છે, તે સ્થાણુ વડે હોવું જોઈએ. અર્થાત્ સ્થાણુ હોવું જોઈએ ॥૧॥"

(સ્મારારાતિ એક શંકરનું નામ છે અને સ્થાણુપણા શંકરનું નામ છે. તેથી શંકર (સ્થાણુ) સમાનનામ સ્થાણું છે)

આ [૪૧]તર્કની વ્યાખ્યા થઈ. હવે [૪૨]નિર્ણયતત્ત્વને કહે છે. પૂર્વે જેનું સ્વરૂપ કહ્યું તે સ્વરૂપવાળા સંદેહ અને તર્કની અનંતર (પછી) જ્ઞાન થાય છે કે 'આ સ્થાણુ જ છે.' અથવા 'આ પુરૂષ જ છે."-તે નિર્ણય-નિશ્ચય કહેવાય છે. 'यत् (यः)' અને 'तत्(सः)'ના અર્થનો નિયત સંબંધ હોવાથી શ્લોકમાં કહેલ ન હોવા છતાં પણ ક્યાંક-ક્યાંક જોવા મળે છે. તેથી અહીં (નિર્ણયની વ્યાખ્યામાં) તે બેનો સંબંધ કરીને વ્યાખ્યા કરી છે. આ રીતે અન્યત્ર પણ જાણવું. ॥૨૭-૨૮॥

---

૪૧. ન્યાયસૂત્રમાં તર્કનું લક્ષણ : (અહીં તર્ક અને નિર્ણયનું લક્ષણ ઉપરના લક્ષણની સાથે સંગત હોવા છતાં રજુઆતની શૈલી ભિન્ન છે) તે જોઈએ - **अविज्ञाततत्त्वऽर्थे कारणोपपत्तितस्तत्त्वज्ञानार्थमूहस्तर्कः ॥१-१-४०॥** અર્થાત્ જે તત્ત્વનું (અર્થનું) જ્ઞાન ન થયું, તે અર્થનું જ્ઞાન મેળવવામાટે (कारणोपपत्तितः) વ્યાપ્યના આરોપથી તત્ત્વના જ્ઞાન માટે (ऊहः) વ્યાપકનો આરોપ કરવો તેનું નામ તર્ક છે. કહેવાનો આશય એ છે કે જે વસ્તુના સામાન્યધર્મ સમજાયા હોય પણ વિશેષધર્મો ન સમજાયા હોય, તો તે સમજવામાટે કારણ (લિંગ-હેતુ)ની સિદ્ધિ દ્વારા સાધ્યવસ્તુની સિદ્ધિની સંભાવના કરવી તેનું નામ તર્ક.

તર્કની ઉપયોગિતા : તર્ક પ્રમાણોથી ભિન્ન છે. અને તત્ત્વજ્ઞાનથી પણ ભિન્ન છે. પ્રમાણો જે વખતે શંકાને કારણે તત્ત્વજ્ઞાનને ઉત્પન્ન કરવા કુંઠિત બને છે. તે વખતે તર્ક પ્રમાણના માર્ગમાં આવેલી શંકાને દૂર કરી આપે છે અને પછી પ્રમાણતત્ત્વજ્ઞાનને ઉત્પન્નકરવા સમર્થ બને છે. તર્ક પ્રમાણોને મદદકરનાર હોવાથી વાદમાં તેનો ઉપયોગ થાય છે. તર્કના પાંચ ભેદો માનવામાં આવેલ છે. (૧) આત્માશ્રય, (૨) અન્યોન્યાશ્રય, (૩) ચક્રક, (૪) અનવસ્થા, (૫) અબાધિતાર્થ પ્રસંગ.

૪૨. **નિર્ણય :** ન્યાયસૂત્ર : **विमृश्य पक्षप्रतिपक्षाभ्यामर्थावधारणं निर्णयः ॥१-१-४१॥ અર્થાત્** સંદેહ પામીને (વિમૃશ્ય)

अथ वादतत्त्वमाह ।

હવે દશમા વાદતત્ત્વને કહે છે.

आचार्यशिष्ययोः पक्षप्रतिपक्षपरिग्रहात् ।
या कथाभ्यासहेतुः स्यादसौ वाद उदाहृतः ।।२९।।

શ્લોકાર્થ : પક્ષ અને પ્રતિપક્ષની સ્થાપના કરીને અભ્યાસ માટે આચાર્ય અને શિષ્યની જે કથા છે. (અર્થાત્ આચાર્ય અને શિષ્ય જે કથા કરે છે) તે-વાદ કહેવાય છે ॥૨૯॥

व्याख्या-वादिप्रतिवादिनोः पक्षप्रतिपक्षपरिग्रहः कथा, सा द्विविधा, वीतरागकथा विजिगीषुकथा च । यत्र वीतरागेण गुरुणा सह शिष्यस्तत्त्वनिर्णयार्थे साधनोपालम्भौ करोति, साधनं स्वपक्षे, उपालम्भश्च परपक्षेऽनुमानस्य दूषणं, सा वीतरागकथा वादसंज्ञयैवोच्यते । वादं प्रतिपक्षस्थापनाहीनमपि कुर्यात् । प्रश्नद्वारेणैव यत्र विजिगीर्षुर्जिगीषुणा सह लाभपूजाख्यातिकामो जयपराजयार्थं प्रवर्तते, वीतरागो वा परानुग्रहार्थं ज्ञानाङ्कुरसंरक्षणार्थं च प्रवर्तते, सा चतुरङ्गा वादिप्रतिवादिसभापतिप्राश्निकाङ्गा विजिगीषुकथा जल्पवितण्डासंज्ञोक्ता । तथा चोक्तम्-"तत्त्वाध्यवसायसंरक्षणार्थं जल्पवितण्डे, बीजप्ररोहसंरक्षणार्थं [1]कण्टकशाखावरणवत्" [न्यायसू ४/२/५०] इति । यथोक्तक्षणोपपन्नश्छलजातिनिग्रहस्थानसाधनोपालम्भो जल्पः । स प्रतिपक्षस्थापनाहीनो वितण्डा [न्याय सू. १/२/२,३] इति।" वादजल्पवितण्डानां व्यक्तिः ।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : વાદિ અને પ્રતિવાદિની (અનુક્રમે) પક્ષ અને પ્રતિપક્ષની સ્થાપનારૂપ કથા બે પ્રકારની છે. (૧) વીતરાગકથા, (૨) વિજિગીષુકથા.

જ્યાં વીતરાગગુરુ સાથે શિષ્ય તત્ત્વના નિર્ણય માટે સ્વપક્ષની સિદ્ધિરૂપ સાધન અને પરપક્ષમાં અનુમાનનું દૂષણ બતાવવારૂપ ઉપાલંભ કરે છે, તે વીતરાગકથા છે. તેને વાદ સંજ્ઞાથી કહેવાય છે. અર્થાત્ વીતરાગકથાને વાદ કહેવાય છે.

વાદિ, પ્રતિપક્ષની સ્થાપનાથી હીન પણ વાદ કરે છે. અર્થાત્ વાદિ તત્ત્વનિર્ણય માટે સ્વપક્ષની સ્થાપના દ્વારા, પ્રતિપક્ષની સ્થાપનાવિના પણ વાદ કરે છે.

સાધન અને ઉપાલંભ દ્વારા (पक्षप्रतिपक्षाभ्याम्) અર્થનું અવધારણ કરવું તેનું નામ નિર્ણય છે

અહીં પક્ષ એટલે સાધકહેતુ અને પ્રતિપક્ષ એટલે બાધકહેતુ લેવો. આથી સ્વપક્ષના સાધકહેતુની સ્થાપનાથી અને પ્રતિપક્ષે આપેલા બાધકહેતુનું ખંડન કરવાથી સંદિગ્ધ અર્થનો નિર્ણય થઈ શકે છે.

१. कण्टकशाखापरिचरणवत्, इति प्रत्यन्तरे ।

જ્યાં પ્રશ્નના દ્વારવડે જીતવાની ઇચ્છાની સાથે-સાથે લાભ, પૂજા અને પ્રસિદ્ધિની ઇચ્છાવાળો જે સ્વના જય માટે અને પરના પરાજયમાટે પ્રવર્તે છે, તે વિજિગીષુકથા કહેવાય છે. અથવા વીતરાગિ પણ બીજાના અનુગ્રહ માટે અને જ્ઞાનાંકુરના સંરક્ષણ માટે પ્રવર્તે છે. તે વિજિગીષુ કથા કહેવાય છે.

તે કથાના ચારઅંગો છે. (૧) વાદિ, (૨) પ્રતિવાદિ, (૩) સભાપતિ, (૪) પ્રાશ્નિક (=સભાસદ=સભ્ય). વિજિગીષુકથાના જલ્પ અને વિતંડા એમ બે નામ (સંજ્ઞા) કહેલ છે અને તેથી કહ્યું છે કે- "જેમ બીજના અંકુરાના સંરક્ષણમાટે કંટકશાખાનું આવરણ હોય છે, (તેમ) તત્ત્વના [૪૩]અધ્યવસાયના સંરક્ષણ માટે જલ્પ અને વિતંડા છે."

હવે અવસરપ્રાપ્ત જલ્પ અને વિતંડાનું લક્ષણ બતાવે છે. (આમ તો તે બંનેનું વિવરણ ગાથા-૩૦ માં છે.) વાદમાં જે જે બાબતો કહી તેમાંથી જે યોગ્ય હોય તેનાથી યુક્ત અને છલ, જાતિ, નિગ્રહસ્થાન દ્વારા જેમાં સાધનનો ઉપાલંભ હોય તે જલ્પ કહેવાય છે. અને તે જલ્પ પ્રતિપક્ષની સ્થાપનાથી હીન હોય તો વિતંડા કહેવાય છે. આ રીતે વાદ, જલ્પ અને વિતંડાની સ્પષ્ટતા થઈ.

अथ प्रकृतं प्रस्तुमः आचार्योऽध्यापको गुरुः, शिष्योऽध्येता विनेयः, तयोराचार्यशिष्ययोः 'पक्षप्रतिपक्षपरिग्रहात्' पक्षः पूर्वपक्षः प्रतिज्ञादिसंग्रहः, प्रतिपक्ष उत्तरपक्षः पूर्वपक्षप्रतिपन्थी पक्ष इत्यर्थः, तयोः परिग्रहात्स्वीकारात् अभ्यासस्य हेतुरभ्यासकारणम् या कथा प्रामाणिकी वार्त्ता असौ कथा वाद उदाहृतः कीर्तितः । आचार्यः पूर्वपक्षं स्वीकृत्याचष्टे शिष्यश्चोत्तरपक्षमुररीकृत्य पूर्वपक्षं खण्डयति । एवं पक्षप्रतिपक्षसंग्रहेण निग्राहकसभापतिजयपराजयछलजात्याद्यनपेक्षतयाभ्यासार्थं यत्र गुरुशिष्यौ गोष्ठीं कुरुतः, स वादो विज्ञेयः ।।२९।।

૪૩. અહીં શંકા થાય કે જલ્પ અને વિતંડા માત્ર જિતવાની ઇચ્છા હોય છે અને તેનાથી તત્ત્વનો નિર્ણય થઈ શકતો નથી. તો તેની પ્રમાણમાં ગણત્રી કેવી રીતે થાય ? અને તે મુક્તિનું સાધન કેવી રીતે ગણાય ? અને તેનાથી તત્ત્વના અધ્યવસાયનું સંરક્ષણ કેવી રીતે થાય ?

આનો ઉત્તર એ છે કે જેમ બીજના અંકુરાઓને રક્ષણની જરૂર હોય છે. તેથી તેની ચોતરફ કાંટાની વાડ કરવામાં આવે છે કે જેથી કોઈ તેને નુકશાન ન કરી શકે. તે જ પ્રમાણે તત્ત્વના રક્ષણ માટે કોઈક વખત મુમુક્ષુને જલ્પ અને વિતંડાની પણ જરૂર પડે છે અથવા જલ્પનું જ્ઞાન એટલા માટે મુમુક્ષુને આપવાનું છે કે મુમુક્ષુ વાદિ અને પ્રતિવાદિ કયા પ્રકારની કથા કરવા ઇચ્છે છે તે સમજી શકે. તેથી વાદનું નામ લઈ કોઈ જલ્પમાં ઉતરી પડે તો મુમુક્ષુએ તેની સાથે વાર્તા બંધ કરવી જોઈએ. પણ આવા વખતે મુમુક્ષુને જલ્પ અને વિતંડાનું જ્ઞાન હોય તો જ જલ્પકને તે સમજી શકે છે. આ રીતે તત્ત્વના અધ્યવસાયના રક્ષણ માટે જલ્પ અને વિતંડા આવશ્યક છે. આથી તેનો સમાવેશ તત્ત્વોમાં કરેલ છે. તેથી તે મુક્તિનું સાધન બની શકે છે.

टीकानो भावानुवाद :

હવે મૂળવાત ઉપર આવીએ. આચાર્ય=અધ્યાપક ગુરુ, શિષ્ય=અધ્યયન કરનાર શિષ્ય. તે આચાર્ય અને શિષ્યની પ્રતિજ્ઞાદિથી યુક્ત પૂર્વપક્ષની અને પૂર્વપક્ષના પ્રતિપન્થિ ઉત્તરપક્ષની સ્થાપના કરીને અભ્યાસમાટે જે પ્રામાણિક વાર્તા(કથા)થાય છે, તે [૪૪]વાદ કહેવાય છે. (વાદમાં) આચાર્ય પૂર્વપક્ષની સ્થાપના કરીને બોલે છે અને શિષ્ય ઉત્તરપક્ષનો સ્વીકારકરીને પૂર્વપક્ષનું ખંડન કરે છે. આ પ્રમાણે પક્ષ અને પ્રતિપક્ષના સંગ્રહવડે નિગ્રાહક, સભાપતિ, જય, પરાજય, છલ, જાતિ આદિની અપેક્ષા વિના અભ્યાસ માટે જ્યાં ગુરુ-શિષ્ય ગોષ્ઠીને કરે છે, તે વાદ જાણવો. ॥૨૯॥

अथ जल्पवितण्डे विवृणोति ।

હવે જલ્પ અને વિતંડાના સ્વરૂપને જણાવે છે.

विजिगीषुकथा या तु छलजात्यादिदूषणा ।
स जल्पः सा वितण्डा तु या प्रतिपक्षवर्जिता ।।३०।।

શ્લોકાર્થ: છલ, જાતિ આદિથી દૂષિત જે જિતવાની ઇચ્છાથી કથા થાય છે, તે જલ્પ કહેવાય છે. (અર્થાત્ છલ, જાતિ વગેરેનો ઉપયોગ કરીને માત્ર જિતવાની ઇચ્છાથી કરવામાં આવતો વાદ જલ્પ કહેવાય છે.) અને (તે જ વિજિગીષુકથા) પ્રતિપક્ષથી રહિત હોય તો, તે વિતંડા કહેવાય છે. (=સ્વપક્ષની સ્થાપના વિના વાદ દ્વારા પર પક્ષનું ખંડન કરવું તે વિતંડા કહેવાય છે.) ॥૩૦॥

व्याख्या-या तु या पुनर्विजिगीषुकथा विजयाभिलाषिभ्यां वादिप्रतिवादिभ्यां प्रारब्धा प्रमाणगोष्ठी, कथंभूता, छलानि जातयश्च वक्ष्यमाणलक्षणानि, आदिशब्दान्निग्रहस्थानादिपरिग्रहः, एतैः कृत्वा दूषणं परोपन्यस्तपक्षादेर्दोषोत्पादनं यस्यां सा छलजात्यादिदूषणा, स विजिगीषुकथारूपो जल्पः उदाहृत इति पूर्वश्लोकात्संबन्धनीयम् । ननु छलजात्यादिभिः

४४. ન્યાયસૂત્રમાં વાદનું લક્ષણ : "**प्रमाणतर्कसाधनोपालम्भः सिद्धान्ताविरुद्धः पञ्चावयवोपपन्न पक्षप्रतिपक्षपरिग्रहो वादः ॥१-२-१॥**" અર્થાત્ - જેમાં પ્રમાણ અને તર્કથી સ્વપક્ષની સિદ્ધિ અને પરપક્ષનું ખંડન કરવામાં આવે, સિદ્ધાંતની અવિરુદ્ધ હોય, પ્રતિજ્ઞાદિ પાંચ અવયવોથી યુક્ત હોય અને પક્ષ અને પ્રતિપક્ષનો સ્વીકાર હોય તેનું નામ વાદ છે.

- એક જ અધિકરણમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ, આવા બે વિરુદ્ધધર્મ હોય તો જ વાદ થઈ શકે છે. બે વિરુદ્ધધર્મ ભિન્ન-ભિન્ન અધિકરણમાં માનવામાં આવે તો વાદ થઈ શકતો નથી. જેમકે "આત્મા છે" અને 'આત્મા નથી'; અહીં એક જ અધિકરણમાં બે વિરુદ્ધધર્મ હોવાથી વાદ થઈ શકશે. પરંતુ વાદિ કહે કે "આત્મા નિત્ય છે" અને પ્રતિવાદિ કહે કે "બુદ્ધિ અનિત્ય છે" તો બે વિરુદ્ધધર્મોનું અધિકરણ એક નહીં હોવાથી વાદ થઈ શકશે નહીં.

परपक्षादेर्दूषणोत्पादनं सतां कर्तुं न युक्तिमिति चेत्, न । सन्मार्गप्रतिपत्तिनिमित्तं तस्याभ्यनुज्ञातत्वात् । अनुज्ञातं हि स्वपक्षस्थापनेन सन्मार्गप्रतिपत्तिनिमित्ततया छलजात्याद्युपन्यासैरपि परप्रयोगस्य दूषणोत्पादानम् । तथा चोक्तम्-"दुःशिक्षित-कुतर्कांशलेशवाचालिताननाः । शक्याः किमन्यथा जेतुं वितण्डाटोप मण्डिताः ।।१।। गतानुगतिको लोकः कुमार्गं तत्प्रतारितः । मार्गादिति छलादीनि प्राह कारुणिको मुनिः ।।२।।" [न्यायम० प्रभा० पृ० ११] इति । संकटे प्रस्तावे च सति छलादिभिरपि स्वपक्षस्थापनमनुमतम् । परविजये हि न धर्मध्वंसादिदोषसंभवः, तस्माद्वरं बलादिभिरपि जयः 'सा वितण्डा त्वित्यादि' तुशब्दोऽवधारणार्थो भिन्नक्रमश्च । सा तु सैव विजिगीषुकथैव प्रतिपक्षविवर्जिता वादिप्रयुक्तपक्षप्रतिपन्थी प्रतिवाद्युपन्यासः प्रतिपक्षस्तेन विवर्जिता रहिता प्रतिपक्षसाधनहीनेत्यर्थः वितण्डोदाहृता । वैतण्डिको हि स्वाभ्युपगतपक्षमस्थापयन् यत्किंचिद्वादेन परोक्तमेव दुषयतीत्यर्थः ।।३०।।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : વિજયની અભિલાષાથી વાદિ અને પ્રતિવાદિ વડે પ્રારંભ કરાયેલી જે પ્રમાણગોષ્ઠી છે, તેમાં છલ-જાતિ-નિગ્રહસ્થાનાદિવડે કરીને બીજાએ ઉપન્યાસ કરેલા પક્ષાદિમાં દોષોત્પાદન થાય છે, તે વિજિગીષુકથારૂપ [૪૫]જલ્પ કહેવાય છે. કહેવાનો આશય એ છે કે વાદિ અને પ્રતિવાદિની વાર્તા ચાલતી હોય તેમાં વાદિવડે સ્થાપેલા પક્ષાદિમાં જિતવાની ઇચ્છાથી પ્રતિવાદિ છલ-જાતિ-નિગ્રહસ્થાનાદિદ્વારા દૂષણ બતાવે તે વિજિગીષુકથારૂપ જલ્પ કહેવાય છે. 'उदाहृतः' પદ આ શ્લોકમાં નથી. તેનો પૂર્વના શ્લોકમાંથી અહીં સંબંધ કરવો.

૪૫. ન્યાયસૂત્રમાં જલ્પનું લક્ષણ : ॥૧-૨-૨॥ અર્થ ગાથા-૨૯માં આપેલ છે. વાદના અધિકારી મુમુક્ષુ તત્વજ્ઞાની અને વીતરાગ માણસો હોય છે. જ્યારે જલ્પના અધિકારી જયની ઇચ્છારાખનાર હોય છે.

પ્રમાણ અને તર્કદ્વારા પક્ષનું સ્થાપન કરવું અને પ્રતિવાદિના પક્ષનું ખંડન પણ પ્રમાણ અને તર્કદ્વારા કરવું, તથા પક્ષ અને પ્રતિપક્ષનો પરિગ્રહ કરવો એ વાદનો નિયમ છે. જલ્પમાં પણ તે પ્રમાણે હોવું જોઈએ. જલ્પમાં વધારે એટલું જાણવું કે પ્રમાણાભાસનો પણ જો આશ્રય લઈ શકાય તો લેવો. જો પ્રતિવાદિ પ્રમાણાભાસને સમજી ન શકે અને તેનું ખંડન ન કરી શકે તો તેનો પરાજય થાય છે. અહીં સામાન્યથી છલ-જાતિ-નિગ્રહસ્થાનનું સ્વરૂપ બતાવાય છે. (વિશેષસ્વરૂપ તો આગળ વિસ્તારથી આપેલ છે.)

છલ : એક શબ્દના એક કરતાં વધારે અર્થ સ્ફુરતાં વક્તાના અભિપ્રાયથી ભિન્ન અર્થની કલ્પના કરી તેના વચનનું ખંડન કરવું તે છલ.

જાતિ : કેવલ સાધર્મ્યદ્વારા અથવા કેવલ વૈધર્મ્યદ્વારા ખંડન કરવું તે જાતિ.

નિગ્રહસ્થાન : "વિપરીત સમજવું અથવા સમજી ન શકવું, તેનું નામ નિગ્રહસ્થાન."

આ ત્રણથી કોઈ વસ્તુનું પ્રતિપાદન થઈ શકતું નથી, પણ તે માત્ર ખંડન માટે જ છે.

शंका : છલ-જાતિ આદિ વડે બીજાના પક્ષાદિમાં દૂષણનું ઉત્પાદન કરવું તે સજ્જનોને યુક્ત નથી. (તેથી જલ્પમાં એનો સહારો લેવાનું કહ્યું તે યોગ્ય નથી)

समाधान : આવું ન કહેવું, કારણકે સન્માર્ગની પ્રતિપત્તિના નિમિત્તે છલ, જાતિના સહારો લેવાની પણ અનુજ્ઞા છે જ. અર્થાત્ સન્માર્ગની પ્રતિપત્તિના નિમિત્તપણાથી સ્વ-પરપક્ષના સ્થાપન પૂર્વક છલ-જાતિઆદિના ઉપન્યાસવડે પણ પરના પ્રયોગમાં (પક્ષમાં) દૂષણનું ઉત્પાદન કરવાની અનુજ્ઞા છે. તેથી કહ્યું છે કે "વિતંડાના આટોપથી મંડિત એવા દુશિક્ષિત અને કુતર્કથી ભરેલા બહુ બોલવાવાળાઓના મોઢાઓ શું બીજીરીતે (છલ-આદિના સહારા વિના) જીતવામાટે (બંધ કરવા માટે) શક્ય છે ! ॥૧॥ અને તેઓથી છેતરાયેલો ગતાનુગતિકલોક માર્ગમાંથી કુમાર્ગ તરફ જાય છે. આથી કરુણાવાળા મુનિ (લોકોને માર્ગમાં લાવવા વાદમાં) છલાદિને કહે છે. ॥૨॥"

આ પ્રમાણે સંકટ અને અવસર આવતે છતે છલાદિ વડે પણ સ્વપક્ષની સ્થાપના કરવાની અનુજ્ઞા આપી છે. વળી (સ્વ દ્વારા) બીજાના વિજયમાં ધર્મધ્વંસાદિ દોષનો સંભવ નથી. તેથી છલાદિવડે પણ વિજય શ્રેષ્ઠ છે.

"सा वितण्डा तु " અહીં तु અવધારણ અર્થમાં છે. અને તેનો ક્રમ ભિન્ન છે. તે "सा" સાથે લેવાનો છે. એટલે 'सा तु' = सैव । તે વિજિગીષુકથા જ વાદિએ પ્રયોજેલા પક્ષ અને પ્રતિવાદિએ પ્રયોજેલા પ્રતિપક્ષરહિત (અર્થાત્ પ્રતિપક્ષના સાધનથી રહિત) હોય તો વિતંડા કહેવાય છે. [૪૬]વિતંડા કરનાર (વાદિ કે પ્રતિવાદિ) પોતાને સ્વીકૃત પક્ષનું સ્થાપન કર્યા વિના જે કંઈ બોલવા વડે (વાદ વડે) બીજાના પક્ષનું ખંડન કરે છે. ॥૩૦॥

अथ हेत्वाभासादितत्त्वत्रयस्वरूपं प्रकटयति ।

હવે ગ્રંથકારશ્રી હેત્વાભાસ, છલ અને જાતિ, આ ત્રણતત્ત્વના સ્વરૂપને પ્રગટ કરે છે.

हेत्वाभासा असिद्धाद्याश्छलं कूपो नवोदकः ।
जातयो दूषणाभासाः पक्षादिर्दूष्यते न यैः ।।३१।।

४६. ન્યાયસૂત્રમાં વિતંડાનું લક્ષણ : स प्रतिपक्षस्थापनाहीनो वितण्डा ॥१-२-३॥ અર્થાત્ તે જલ્પ પ્રતિપક્ષની સ્થાપના વિનાનો હોય તો તે વિતંડા કહેવાય છે. વાદિ પક્ષની સ્થાપના કરે એટલે પ્રતિવાદિ પોતાના પક્ષની સ્થાપના કર્યાવિના વાદિના પક્ષનું ખંડન કરે તો સમજવું, કે પ્રતિવાદિ વિતંડા કરે છે. પ્રતિવાદિને પક્ષ હોય છે, પણ તે સ્થાપના કરતો નથી. તે સમજે છે કે વાદિના પક્ષનું ખંડન થશે એટલે મારો પક્ષ સ્થાપન થઈ જ જવાનો છે. આથી પ્રતિવાદિ પ્રતિપક્ષની સ્થાપના કરતો નથી. ખંડન કરવામાં વિતંડાવાદિ પ્રમાણનો, પ્રમાણાભાસનો, છલનો, નિગ્રહસ્થાનનો પણ ઉપયોગ કરે છે. વિતંડાનું ફલ પ્રતિવાદિના છૂપા પક્ષની સિદ્ધિ થવી તે જ છે. આવી વિતંડારૂપ કથા મુમુક્ષુએ સ્વપક્ષના સમર્થન માટે ક્યારે પણ ઉપયોગમાં લેવી નહીં. માત્ર જિતવાની ઇચ્છાવાળા રાગ-દ્વેષવાળા વાદિ-પ્રતિવાદિઓ જ સ્વપક્ષના સમર્થન માટે વિતંડાનો આશ્રય લે છે.

શ્લોકાર્થ : (જે હેતુ સાધ્યની સિદ્ધિ કરવા સમર્થ ન હોય, પણ હેતુ જેવો ભાસતો હોય તેને હેત્વાભાસ કહેવાય છે.) તે હેત્વાભાસો અસિદ્ધઆદિ પાંચ છે. (એક શબ્દના એક કરતાં વધારે અર્થ સ્ફુરતાં વક્તાના અભિપ્રાયથી ભિન્નઅર્થની કલ્પના કરી તેના વચનનું ખંડન કરવું તે) છલ છે. જેમકે "નવોદક કૂપ." જેનાવડે પક્ષાદિ દૂષિત થતા નથી (છતાં પણ દૂષિત કરવા પ્રયોજાય છે તે) દૂષણાભાસને જાતિ કહેવાય છે. ॥૩૧॥

व्याख्या-असिद्धविरुद्धानैकान्तिककालत्ययापदिष्टप्रकरणसमाः पञ्च हेत्वाभासाः । तत्र पक्षधर्मत्वं यस्य नास्ति, सोऽसिद्धः, अनित्यः शब्दश्चाक्षुषत्वादिति १ । विपक्षे सन्सपक्षे चासन् विरुद्धः, नित्यः शब्दः कार्यत्वादिति २ । पक्षादित्रयवृत्तिरनैकान्तिकः अनित्यः शब्दः प्रमेयत्वादिति ३ । हेतोः प्रयोगकालः प्रत्यक्षागमानुपहतपक्षपरिग्रहसमयस्तमतीत्ययापदिष्टः प्रयुक्तः, प्रत्यक्षागमविरुद्धे पक्षे वर्तमानः (इत्यर्थः) हेतुःकालात्ययापदिष्टः, अनुष्णोऽग्निः कृतकत्वात्, ब्राह्मणेन सुरा पेया द्रवद्रव्यत्वात् क्षीरवदिति ४ । स्वपक्षसिद्धाविव परपक्षसिद्धावपि त्रिरूपो हेतुः प्रकरणसमः, प्रकरणे पक्षे प्रतिपक्षे च तुल्य इत्यर्थः । अनित्यः शब्दः पक्षसपक्षयोरन्यतरत्वात्, सपक्षवदित्येकेनोक्ते द्वितीयः प्राह यद्यनेन प्रकारेणानित्यत्वं साध्यते, तर्हि नित्यतासिद्धिरप्यस्तु, यथा नित्यः शब्दः पक्षसपक्षयोरन्यतरत्वात् सपक्षवदिति, अथवाऽनित्यः शब्दो नित्यधर्मानुपलब्धेर्घटवत्, नित्यः शब्दोऽनित्यधर्मानुपलब्धेराकशवदिति । न चैतेष्वन्यतरदपि साधनं बलीयो यदितरस्य बाधकमुच्यते २ । निग्रहस्थानान्तर्गता अप्यमी हेत्वाभासा न्यायविवेकं कुर्वन्तो वादे वस्तुशुद्धिं विदधतीति पृथगेवोच्यन्ते ।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : અસિદ્ધ (સાધ્યસમ), વિરુદ્ધ, અનૈકાન્તિક, કાલાત્યયાપદિષ્ટ (કાલાતીત-બાધિત), પ્રકરણસમ(સત્પ્રતિપક્ષ), આ પાંચહેત્વાભાસ છે.

(૧) [૪૭]**અસિદ્ધ હેત્વાભાસ :** પક્ષધર્મત્વ જે હેતુનો નથી, તે અસિદ્ધ હેત્વાભાસ. અર્થાત્ જે હેતુ પક્ષમાં વર્તતો ન હોય, તે અસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે. જેમકે શબ્દોઽનિત્યઃ, ચાક્ષુષત્વાત્ ।

---

૪૭. **ન્યાયસૂત્રમાં અસિદ્ધ હેત્વાભાસનું લક્ષણ :** साध्याविशिष्टः साध्यत्वात् साध्यसमः - અર્થાત્ સાધ્યનીસાથે જેની સમાનતા હોય, તેમાં સાધ્યત્વ (સિદ્ધત્વ નહીં) હોવાથી તે હેતુ સાધ્યસમ હેત્વાભાસ કહેવાય છે. આનું બીજુંનામ અસિદ્ધ હેત્વાભાસ છે.

અહીં ચાક્ષુષત્વહેતુ પક્ષ (શબ્દ)માં નથી. (કારણકે ચાક્ષુષત્વરૂપમાં હોય છે.) આથી 'ચાક્ષુષત્વ' હેતુ અસિદ્ધ છે.

ભાવાર્થ : પક્ષમાં જેમ વહ્નિ આદિ સાધ્ય હોય છે. તેમ સાધ્યને સિદ્ધ કરવા આપેલો હેતુ પણ જો સિદ્ધ કરવા યોગ્ય હોય, અર્થાત્ સિદ્ધ ન હોય (અસિદ્ધ હોય), તો તે સાધ્યનો સાધક બની શકતો નથી. જે સિદ્ધ હોય તે જ હેતુ બની શકે છે. અસિદ્ધ નહીં. જેમકે, **द्रव्यं छाया गतिमत्त्वात्** । અહીં છાયા પક્ષ છે. દ્રવ્યત્વ સાધ્ય છે. 'ગતિમત્ત્વ' હેતુ છે. છાયા એ દ્રવ્ય છે. કારણકે તેમાં ગતિમત્વ છે. અહીં 'ગતમિત્ત્વ' હેતુ અસિદ્ધ છે. કારણ કે છાયામાં ગતિ છે કે નહીં ? તે સિદ્ધ કરવાનું છે. જ્યાં સુધી છાયામાં ગતિ સિદ્ધ ન થાય ત્યાં સુધી છાયામાં 'દ્રવ્યત્વ' સિદ્ધ થઈ શકે નહીં.

પ્રકાશનો જે અભાવ છે, તે છાયા છે. માટે તેમાં ગતિ હોઈ શકે નહિં. છાયા ચાલતી દેખાય છે તે ભ્રમ છે. દ્રવ્યમાં જ ગુણ અને ક્રિયા રહી શકે છે. છાયા તો પ્રકાશનો અભાવ હોવાથી ગુણ કે ક્રિયા નથી. છાયામાં અને અંધકારમાં કોઈપણ જાતનું રુપ નથી. કારણ કે કોઈપણ કાળી અથવા રુપવાળી વસ્તુ જોવા માટે બાહ્ય પ્રકાશની જરૂર જ પડતી નથી. છાયા એ પણ આછો અંધકાર જ છે. આથી છાયા દ્રવ્ય જ નથી. તેમ તેમાં ગતિ હોઈ શકે જ નહિં. માટે 'ગતિમત્ત્વ' હેતુ અસિદ્ધ (સાધ્યસમ) હેત્વાભાસ છે.

- **न्यायवार्तिक तथा विश्वनाथवृत्ति आदि ग्रंथोमां असिद्ध हेत्वाभासना (अ) आश्रयासिद्धि, (ब) स्वरुपासिद्धि, (क) व्याप्यत्वासिद्धि, आ भेद पाडेल छे. परंतु न्यायसूत्र, तेना उपरना भाष्यमां अने आ ग्रंथ षड्दर्शन समुच्चयमां असिद्ध (साध्यसम) हेत्वाभासना त्रणभेद कर्या नथी. आ त्रण भेदो तर्कसंग्रहमां न्यायबोधिनीकारे आपेल छे. ते टुंकमां जोईए.**

(અ) आश्रयासिद्धि : आश्रयासिद्धिर्नाम प्रक्षतावच्छेदकविशिष्ट पक्षाप्रसिद्धिः । અર્થાત્ પક્ષતાવચ્છેદક વિશિષ્ટપક્ષની અપ્રસિદ્ધિને 'આશ્રયાસિદ્ધિ' કહેવાય છે. સરળભાષામાં કહીએ તો यस्य हेतोः पक्षोऽप्रसिद्धः स आश्रयासिद्धिः - જે હેતુનો પક્ષ અપ્રસિદ્ધ હોય તે આશ્રયાસિદ્ધિ કહેવાય છે.

જેમકે "गगनारविन्दं सुरभि अरविन्दत्वात्"-અહીં "અરવિન્દત્વ" હેતુનો પક્ષ "ગગનારવિન્દ' અપ્રસિદ્ધ છે. આથી 'અરવિન્દત્વ' હેતુ આશ્રયાસિદ્ધ છે.

(બ) स्वरुपासिद्धि स्वरुपासिद्धिर्नाम पक्षे हेत्वभावः (અર્થાત્ यो हेतुः पक्षे न वर्तते स स्वरुपासिद्धिः) । - જે હેતુ પક્ષમાં ન હોય તે સ્વરુપાસિદ્ધિ કહેવાય છે. જેમકે 'शब्दो गुणश्चाक्षुपत्वात्, रुपवत्' - અહીં ચાક્ષુપત્વ હેતુ શબ્દ-પક્ષમાં વર્તતો નથી. કારણકે ચાક્ષુપત્વ હેતુ રુપમાં હોય છે, શબ્દમાં હોતો નથી. આથી 'ચાક્ષુષત્વ' હેતુ સ્વરુપાસિદ્ધ છે.

(C) व्याप्यत्वासिद्धि : सोपाधिको हेतुर्व्याप्यत्वासिद्धः । ઉપાધિસહિત હેતુને વ્યાપ્યત્વાસિદ્ધ કહેવાય છે.

साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वमुपाधिः - અર્થાત્ જેમાં સાધ્ય વ્યાપક હોય અને સાધન અવ્યાપક હોય તે ઉપાધિ કહેવાય છે.

साध्याधिकरणवृत्ति अत्यन्ताभावीयप्रतियोगितानो अभाव જેમાં છે તે 'સાધ્ય વ્યાપક' છે. અને साधनाकिरणवृत्ति अत्यान्ताभावीयप्रतियोगिता જેમાં છે તે સાધનાવ્યાપક છે.

જેમકે "पर्वतो धूमवान् वहनेः" - અહીં 'આર્દ્રેન્ધનસંયોગ' ઉપાધિ છે. સાધ્ય ધૂમાધિકરણમાત્રમાં આર્દ્રેન્ધનસંયોગનો અભાવ નથી. પરંતુ ઘટાદિનો અભાવ છે. તાદૃશઘટાદ્યભાવીય પ્રતિયોગિતાનો અભાવ આર્દ્રેન્ધન સંયોગમાં છે. આથી સાધ્ય ધૂમનું વ્યાપકત્વ આર્દ્રેન્ધનસંયોગમાં છે. અને જે यत्र यत्र धूमस्तत्र तत्रार्द्रेन्धनसंयोगः ઇત્યાકારક વ્યાપ્તિથી સમજી શકાય છે. સાધ્યવહ્ન્યધિકરણ અયોગોલકમાં આર્દ્રેન્ધન સંયોગનો અભાવ છે. તાદૃશ અભાવીય પ્રતિયોગિતા આર્દ્રેન્ધન સંયોગમાં હોવાથી સાધન (વહ્નિનું) અવ્યાપકત્વ આર્દ્રેન્ધનસંયોગમાં છે. જે यत्र यत्र वहिनस्तत्र नार्द्रेन्धनसंयोगः यथा अयोगोलके। આ વ્યાપ્તિથી સમજી શકાય છે. આથી આર્દ્રેન્ધનસંયોગ ઉપાધિ છે અને તાદૃશઉપાધિવિશિષ્ટ વહ્નિન હેતુ વ્યાપ્યત્વાસિદ્ધ છે.

(૨) વિરુદ્ધ હેત્વાભાસ : જે હેતુ વિપક્ષમાં હોય અને સપક્ષમાં ન હોય તે વિરુદ્ધ. જેમકે શબ્દો નિત્યઃ કાર્યત્વાત્ । અહીં કાર્યત્વહેતુ વિપક્ષ ઘટમાં રહે છે અને સપક્ષ આકાશમાં રહેતો નથી. માટે કાર્યત્વ હેતુ [૪૮]વિરુદ્ધ છે.

(૩) અનૈકાન્તિક : પક્ષાદિત્રયમાં વૃત્તિહેતુ અનૈકાન્તિક કહેવાય છે. જેમકે અનિત્યઃ શબ્દઃ પ્રમેયત્વાત્ । અહીં પ્રમેયત્વહેતુ પક્ષ શબ્દમાં વૃત્તિ છે. સપક્ષ=ઘટમાં છે અને વિપક્ષ=આકાશમાં પણ છે. આથી પ્રમેયત્વહેતુ [૪૯]અનૈકાન્તિક છે.

---

૪૮. **ન્યાયસૂત્રમાં વિરુદ્ધ હેત્વાભાસનું લક્ષણ :** सिद्धान्तमभ्युपेत्य तद्विरोधी विरुद्धः ॥૧-૨-૬॥ - સિદ્ધાંત-સાધ્યને સ્વીકારીને, તેનો વિરોધકરનાર હેતુનું સ્થાપન કરવું તે વિરુદ્ધ હેત્વાભાસ કહેવાય છે.

જેમકે अयं वह्निमान् ह्रदत्वात् - હ્રદત્વ હેતુ સાધ્યરૂપ જે વહ્નિ છે, તેના અભાવને સિદ્ધ કરે છે. કારણકે સરોવરમાં અગ્નિ હોતો નથી. માટે હ્રદત્વ હેતુ વિરુદ્ધ છે.

બીજી રીતે : साध्याभावव्याप्तो हेतु र्विरुद्धः સાધ્યાભાવના વ્યાપ્ત હેતુને 'વિરુદ્ધ' કહેવાય છે. જેમકે શબ્દો નિત્યઃ कृतकत्वात्-અહીં 'કૃતકત્વ' હેતુ વિરુદ્ધ છે. કારણ કે 'જ્યાં જ્યાં કૃતકત્વ છે, ત્યાં ત્યાં અનિત્યત્વ છે.' આ વ્યાપ્તિ વિશિષ્ટ કૃતકત્વ હેતુ નિત્યત્વાભાવ (અનિત્યત્વને) વ્યાપ્ત છે.

૪૯. **ન્યાયસૂત્રમાં અનૈકાન્તિકને સવ્યભિચાર હેત્વાભાસ કહેલ છે.** अनैकान्तिकः सव्यभिचारः ॥૧-૨-૭॥ કોઈપણ બે વસ્તુને એકબીજા સાથે નિયત સહચાર ન હોવો તે સવ્યભિચાર હેત્વાભાસ કહેવાય છે. **જેમકે** नित्यः शब्दः अस्पर्शत्वात् - "શબ્દ નિત્ય છે. કારણકે તેમાં સ્પર્શ નથી" અહીં પક્ષમાં નિત્યત્વ સાધ્ય છે અને સાધ્યનો અભાવ અનિત્યત્વ છે.

અસ્પર્શત્વ હેતુનો સાધ્ય (અર્થાત્ નિત્યત્વ) સાથે નિયતસહચાર નથી. "જ્યાં જ્યાં અસ્પર્શત્વ છે, ત્યાં ત્યાં નિત્યત્વ છે "આવી વ્યાપ્તિ બાંધી શકાતી નથી. કારણકે અસ્પર્શત્વ બુદ્ધિમાં છે અને તેમાં નિત્યત્વ નથી.

વળી "જ્યાં જ્યાં અસ્પર્શત્વ છે, ત્યાં ત્યાં અનિત્યત્વ છે" આવી વ્યાપ્તિ પણ બાંધી શકાતી નથી. કારણકે અસ્પર્શત્વ આત્મામાં છે, પણ ત્યાં અનિત્યત્વ નથી. આમ શબ્દને નિત્ય સિદ્ધકરવા આપેલ હેતુ સવ્યભિચાર છે

- અન્યગ્રંથોમાં અનૈકાન્તિક હેત્વાભાસના ત્રણ પ્રકાર કહેલ છે. (તર્કસંગ્રહાનુસાર)

(A) સાધારણ અનૈકાન્તિક : साध्याभाववद्वृत्ति साधारणोऽनैकान्तिकः-જે હેતુ સાધ્યાભાવત્માં વૃત્તિ હોય છે તેને સાધારણ અનૈકાન્તિક કહેવાય છે. જેમકે पर्वतो वह्निमान् प्रमेयत्वात् - અહીં પ્રમેયત્વ હેતુ સાધ્યાભાવવદ્=વહ્ન્યભાવવદ્=હ્રદાદિમાં વૃત્તિ છે. તેથી સાધારણ અનૈકાન્તિક છે.

(B) અસાધારણ અનૈકાન્તિક : सर्वसपक्षविपक्षव्यावृत्तः पक्षमात्रवृत्तिरसाधारणः - સર્વ સપક્ષ અને વિપક્ષથી વ્યાવૃત્ત અને પક્ષમાત્રમાં વૃત્તિહેતુને અસાધારણ અનૈકાન્તિક કહેવાય છે. જેમકે शब्दो नित्यः शब्दत्वात् । અહીં સર્વ સપક્ષ નિત્યપદાર્થમાં અને વિપક્ષ અનિત્યપદાર્થમાં શબ્દત્વ અવૃત્તિ છે અને પક્ષમાત્રમાં વૃત્તિ છે. તેથી 'શબ્દત્વ' અસાધારણ અનૈકાન્તિક કહેવાય છે.

(C) અનુપસંહારી અનૈકાન્તિક : अन्वयव्यतिरेकदुष्टान्तरहितोऽनुपसंहारी-અન્વય અને વ્યતિરેકદૃષ્ટાંતથી રહિત હેતુને અનુપસંહારી અનૈકાન્તિક કહેવાય છે. જેમકે "सर्वमनित्यं प्रमेयत्वात्"-અહીં સર્વ પક્ષ હોવાથી (અને પક્ષને દૃષ્ટાંત તરીકે આપી શકાતું ન હોવાથી) અનિત્યત્વની વ્યાપ્તિ પ્રમેયત્વમાં છે કે નહીં ? એ સંદેહ દૂર કરવા અન્વયી કે વ્યતિરેકી કોઈપણ ઉદાહરણ ન મળવાથી વ્યાપ્તિ બાંધી શકાતી નથી.

(४) कालात्ययापदिष्ट : હેતુનો પ્રયોગ પ્રત્યક્ષ અને આગમથી અવિરુદ્ધ (અનુપહત) એવા પક્ષમાં સ્વીકારેલ હોય તેને અતીત્યાપદિષ્ટ કહેવાય છે અને પ્રત્યક્ષ તથા આગમથી વિરુદ્ધ પક્ષમાં રહેલો હેતુ [૫૦]કાલાત્યયાપદિષ્ટ કહેવાય છે.

જેમકે અનુષ્ણોઽગ્નિઃ कृतकत्वात्. અહીં પક્ષ અગ્નિ છે. સાધ્ય અનુષ્ણત્વ અને હેતુ કૃતકત્વ છે. સ્પાર્શન પ્રત્યક્ષથી અગ્નિ ઉષ્ણ છે તેવું જ્ઞાન છે. તેથી પ્રત્યક્ષ વિરુદ્ધ પક્ષ-અગ્નિમાં કૃતકત્વહેતુ વિદ્યમાન છે. આથી કૃતકત્વહેતુ કાલાત્યયાપદિષ્ટ છે.

ब्राह्मणेन सुरा पेया द्रवद्रव्यत्वात्, क्षीरवत् । અહીં "બ્રાહ્મણ સુરાપાન કરે" તે આગમથી વિરુદ્ધ છે. આથી દ્રવદ્રવ્યત્વહેતુ કાલાત્યયાપદિષ્ટ છે.

(૫) પ્રકરણસમ : સ્વપક્ષની સિદ્ધિનીજેમ પરપક્ષની સિદ્ધિ પણ થાય છે. તે ત્રણ સ્વરૂપવાળો હેતુ [૫૧]પ્રકરણસમ હેત્વાભાસ કહેવાય છે. અર્થાત્ પ્રકરણ, પક્ષ અને પ્રતિપક્ષ ત્રણેમાં તુલ્ય હોય છે.

(નિર્ણય લાવવામાટે જેના ઉપર વિચાર થતો હોય તે પ્રકરણ કહેવાય છે. સાધ્યવાળો પક્ષ અને સાધ્યાભાવવાળો પ્રતિપક્ષ કહેવાય છે. હેતુનું એ કામ છે કે આવા સ્થળે નિર્ણય કરવો કે જેથી પ્રકરણની સમીક્ષા પૂરી થાય અને તેની સાથે પક્ષ અને પ્રતિપક્ષ પણ દૂર થાય. પણ આવા સ્થળે વાદિ અને પ્રતિવાદિ પોતાની અશક્તિને કારણે એવો હેતુ આપે કે જેથી પ્રકરણનો વિચાર ચાલુ જ રહે, નિર્ણય આપી શકે નહીં. ત્યારે તે હેતુ પ્રકરણ જેવો જ થયો અર્થાત્ પ્રકરણસમ

---

૫૦. **कालात्ययापदिष्टः** ન્યાયસૂત્રમાં આને કાલાતીત હેત્વાભાસ કહેલ છે. कालात्ययापदिष्टः कालातीतः ॥१-२-९॥ સાધ્યકાલના અભાવમાં પ્રયુક્તહેતુ કાલાત્યયાપદિષ્ટ-કાલાતીત હેત્વાભાસ કહેવાય છે. **तर्कसंग्रहानुसार :** નવ્યનૈયાયિકો કાલાત્યયાપદિષ્ટ હેત્વાભાસને બાધ (બાધિત) હેત્વાભાસ કહે છે.

यस्य साध्याभावः प्रमाणान्तरेण निश्चितः स बाधितः - જે હેતુના સાધ્યનો અભાવ પ્રમાણાન્તરથી નિશ્ચિત છે તે હેતુને બાધિત કહેવાય છે. જેમકે "वह्निरनुष्णो द्रव्यत्वात्" અહીં દ્રવ્યત્વ હેતુના સાધ્ય (અનુષ્ણ)નો અભાવ (ઉષ્ણત્વ) સ્પાર્શનપ્રત્યક્ષથી વહ્નિમાં નિશ્ચિત છે. તેથી દ્રવ્યત્વ હેતુ બાધિત છે.

બીજી રીતે : સાધ્યની સિદ્ધિમાટે જે હેતુતરીકે બતાવવામાં આવ્યો હોય, તેનો એક ભાગ સાધ્યના અભાવ સાથે જોડાતો હોય તો તે કાલાત્યયાપદિષ્ટ - કાલાતીત કહેવાય છે.

૫૧. ન્યાયસૂત્રાનુસાર यस्मात् प्रकरणचिन्ता स निर्णयार्थमपदिष्ट स प्रकरणसमः ॥१-२-७॥ - જેનાથી સાધ્યસંબંધી સમીક્ષા ચાલુ જ રહે એવો હેતુ નિર્ણયને માટે આપવામાં આવ્યો હોય તે પ્રકરણસમ હેત્વાભાસ કહેવાય છે. અનુમાનપ્રયોગ ઉપર પ્રમાણે જાણવો. **નવ્યનૈયાયિકો આને સત્પ્રતિપક્ષ કહે છે તે અનુસાર :** साध्याभावसाधकं हेत्वन्तरं यस्य स सत्प्रतिपक्षः-જેના સાધ્યના અભાવનો સાધક બીજોહેતુ છે તે હેતુને સત્પ્રતિપક્ષ કહેવાય છે. જેમકે "शब्दो नित्यः श्रावणत्वात्, शब्दत्ववद्"-અહીં શ્રાવણત્વ હેતુના સાધ્ય નિત્યત્વના અભાવ (અનિત્યત્વ)નો સાધક "शब्दोऽनित्यः कृतकत्वात्, घटवत्" આ કૃતકત્વહેતુ છે. માટે શ્રાવણત્વહેતુ સત્પ્રતિપક્ષ છે.

થયો.) જેમકે अनित्यः शब्दः पक्षसपक्षयोरन्यत्वात् सपक्षवत् । એમ એકવડે કહેવાયું, (ત્યારે) બીજાએ કહ્યું કે આ પ્રકારથી શબ્દની અનિત્યતા સિદ્ધ થાય છે, તો શબ્દની નિત્યતા પણ સિદ્ધ થાઓ. જેમકે नित्यः शब्दः पक्षसपक्षयोरन्यतरत्वात्, सपक्षवत् । અથવા એકવડે (શબ્દની અનિત્યતા સિદ્ધ કરવા) એમ કહેવાય કે अनित्यःशब्दो नित्यधर्मानुपलब्धेर्घटवत् । ત્યારે બીજાવડે (શબ્દની નિત્યતા સિદ્ધ કરવા) કહેવાયું કે नित्यः शब्दोऽनित्यधर्मानुपलब्धेराकाशवत् ।

આમ આ બધા અનુમાનપ્રયોગમાં એકપણ સાધન એવું બળવાન નથી કે જે બીજાના સાધનનો બાધ કરનાર થાય. અર્થાત્ પ્રકરણની સમીક્ષા પૂરી કરે તેવો એકપણ હેતુ નથી. આથી તે ત્રિસ્વરૂપવાન્ હેતુ પ્રકરણસમ છે.

આ હેત્વાભાસો નિગ્રહસ્થાનની અંતર્ગત આવી જાય છે. છતાં પણ આ હેત્વાભાસો ન્યાયનો વિવેકકરતાં વાદમાં વસ્તુશુદ્ધિને કરે છે. આથી તે નિગ્રહસ્થાનથી પૃથક્ જ કહેવાય છે.

"छलं कूपो नवोदकः" इति । परोपन्यस्तवादे स्वाभिमतकल्पनया वचनविघातश्छलम् । तत्त्रिविधं वाक्छलं सामान्यच्छलमुपचारछलं च । परोक्तेऽर्थान्तरकल्पना वाक्छलम् । यथा नव्यः कम्बलोऽस्येत्यभिप्रायेण नवकम्बलो माणवक इत्युक्ते छलवाद्याह, कुतोऽस्य नवसंख्याः कम्बला इति १ । संभावनयातिप्रसङ्गिनोऽपि सामान्यस्योपन्यासे हेतुत्वारोपणेन तन्निषेधः सामान्यछलम् । यथा अहो नु खल्वसौ ब्राह्मणो विद्याचरणसंपन्न इति ब्राह्मणस्तुतिप्रसङ्गे कश्चिद्वदति संभवति ब्राह्मणे विद्याचरणसंपदिति । तच्छलवादि ब्राह्मणत्वस्य हेतुत्वमारोप्य निराकुर्वन्नभियुङ्क्ते । व्रात्येनानैकान्तिकमेतत्, यदि हि ब्राह्मणे विद्याचरणसंपद्भवति, तदा व्रात्येऽपि सा भवेत् । व्रात्योऽपि ब्राह्मण एवेति २ । औपचारिके प्रयोगे मुख्यार्थकल्पनया प्रतिषेध उपचारछलम् । यथा मञ्चाः क्रोशन्तीत्युक्ते छलवाद्याह, मञ्चस्थाः पुरुषाः क्रोशन्ति, न मञ्चास्तेषामचेतनत्वादिति ३ । अथ ग्रन्थकृच्छलं व्याचिख्यासुराद्यस्य वाक्छलस्योदाहरणमाह, 'कूपो नवोदक' इति, अत्र नूतनार्थनवशब्दस्य प्रयोगे कृते छलवादी दूषयति । कुत एक एव कूपो नवसंख्योदक इति । अनेन शेषछलद्वयोदाहारणे अपि सूचिते द्रष्टव्ये इति ।।

ટીકાનો ભાવાનુવાદ :

હવે છલનું સ્વરૂપ કહેવાય છે.

બીજાએ ઉપન્યાસકરેલા વાદમાં પોતાની ઇચ્છિતકલ્પનાવડે વચનનો વિઘાત કરવો તે છલ

કહેવાય છે. (અર્થાત્ જ્યારે બીજાએ એક કથન કર્યું, ત્યારે એક શબ્દના એક કરતાં વધારે અર્થ થતા હોવાથી, બીજાદ્વારા વક્તાના કથનના અભિપ્રાયથી ભિન્નઅર્થની કલ્પનાકરી તેના વાક્યનું-વચનનું ખંડન કરવું તે છલ કહેવાય છે. જેમકે "कूपो नवोदकं" અહીં વક્તાનો અભિપ્રાય "નવા પાણીવાળો કુવો છે" એવું કહેવાનો છે. પણ 'नव' શબ્દનો 'નવું' અને 'નવસંખ્યા' એમ બે અર્થ થાય છે. આવા સમયે કોઈવ્યક્તિ વક્તાના અભિપ્રાયથી ભિન્નઅર્થની કલ્પના કરીને "कुतः एक एव कूपो नवसंख्योदकः ? આવી રીતે તેના વચનનો વિઘાત કરે છે. આને છલ કહેવાય છે.)

આ છલના ત્રણ પ્રકાર છે. (૧) વાક્છલ, (૨) સામાન્યછલ, (૩) ઉપચારછલ, (૧) **વાક્છલ :** બીજાએ કહેલાઅર્થમાં અર્થાન્તરની કલ્પના કરવી તે વાક્છલ. અર્થાત્ બીજાએ ઉપન્યાસ કરેલા અર્થમાં અર્થાન્તર (બીજા અર્થની) કલ્પના દ્વારા, તેના વચનને ખોટું ઠેરવવું તે વાક્છલ કહેવાય છે.

જેમકે "नव्य कम्बलोऽस्य" એ પ્રમાણેના અભિપ્રાયથી 'नवकम्बलको माणवकः' એ પ્રમાણે કહેવાતે છતે, છલવાદિ કહે કે 'कुतोऽस्य नवसंख्याः कम्बला" તો આ વાક્છલ છે.

કહેવાનો આશય એ છે કે "નવી કંબલ છે જેની તે માળવક અર્થાત્ નવી કંબલવાળો માળવક" – આવા અભિપ્રાયથી વક્તા બોલતે છતે ('नव' શબ્દના અનેક અર્થ થતા હોવાથી) છલવાદિ વક્તાના અભિપ્રાયથી બીજા અર્થની કલ્પના કરીને "૯ કંબલો આની પાસે ક્યાંથી ?" આવો છલ કરીને વક્તાના વાક્યને ખોટું ઠેરવવા પ્રયત્ન કરે, તેને વાક્છલ કહેવાય છે.

(૨) સામાન્યછલ : સંભાવનાદ્વારા અતિસામાન્યના ઉપન્યાસમાં પણ હેતુત્વના આરોપવડે તેનો નિષેધ કરવો તે સામાન્યછલ કહેવાય છે. કહેવાનો આશય એ છે કે સંભવિત થતા અર્થનો અતિસામાન્ય (જે સામાન્યરૂપ ધર્મ કોઈક ઠેકાણે ઉલ્લંઘન કરે તે અતિસામાન્ય કહેવાય છે. તે અતિ સામાન્ય) સાથે સંબંધ લગાડી અસંભવિત અર્થની કલ્પના કરવી તેનું નામ સામાન્યછલ.

જેમકે કોઈક સભામાં કોઈ વ્યક્તિએ કોઈક પવિત્ર અને વિદ્વાન બ્રાહ્મણમાત્રને ઉદ્દેશીને કહ્યું કે "अहो खलवसौ ब्राह्मणो विद्याचरणसंपन्नः" - અર્થાત્ આ બ્રાહ્મણ કેટલો સદાચારી અને વિદ્વાન છે.

આ બ્રાહ્મણની સ્તુતિના પ્રસંગમાં, (આ વાક્યને સાંભળીને વાક્યને અનુમોદન આપતાં) કોઈકે કહ્યું કે "संभवति ब्राह्मणे विद्याचरणसंपत्" - બ્રાહ્મણમાં વિદ્યા અને પવિત્રઆચરણ હોવાં એ સંભવિત છે.

આ સાંભળીને બ્રાહ્મણત્વમાં હેતુત્વનો આરોપ કરીને (ઉપરોક્તવિધાનનું) નિરાકરણ કરતો છલવાદિ કહે છે કે-

આ હેતુ વ્રાત્ય સાથે અનૈકાન્તિક છે. કારણ કે - "यदि हि ब्राह्मणे विद्याचरणसंपद् भवति, तथा व्रात्येऽपि सा भवेत् । व्रात्योऽपि बाह्मण एव । અર્થાત્ જો બ્રાહ્મણમાં વિદ્યા અને સદાચાર સંભવતાં હોય તો વ્રાત્ય પણ બ્રાહ્મણ છે. તેથી તે પણ વિદ્યા અને સદાચાર સંપન્ન હોવો જોઈએ."

આ સામાન્યછલ કહેવાય છે. (કારણ કે બ્રાહ્મણત્વ એ સામાન્યવસ્તુ છે અને તેનો વિદ્યા અને આચરણ સાથે કોઈક ઠેકાણે સંબંધ હોય છે અને કોઈક ઠેકાણે નથી પણ હોતો. આથી તે હેતુ અનૈકાન્તિક છે.) વક્તાએ બ્રાહ્મણત્વને વિદ્યા અને આચરણના હેતુતરીકે બતાવેલ નથી. (જે બ્રાહ્મણમાં વિદ્યા અને આચરણ હોય તે સાચો બ્રાહ્મણ અને જેમાં એ ન હોય, તે તો માત્ર નામનો જ બ્રાહ્મણ છે. જેનો સમય પ્રમાણે ઉપનયનસંસ્કાર ન થયો હોય તે વ્રાત્ય કહેવાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો મોડામાં મોડો ઉપનયનનો સમય ૧૬-૨૨ અને ૨૪ વર્ષનો છે.) આથી જેવો ધૂમનો અગ્નિ સાથે અવ્યભિચરિતસંબંધ છે, તેવો બ્રાહ્મણત્વનો વિદ્યા અને આચરણસાથે અવ્યભિચરિતસંબંધ જણાતો નથી.

આથી બ્રાહ્મણમાં વિદ્યા અને સદાચાર હોય એ તો બ્રાહ્મણની પ્રશંસા છે. પણ એ કંઈ હેતુ નથી. માટે બ્રાહ્મણત્વને હેતુ તરીકે ગણીને જે અસંભવિત અર્થની કલ્પના કરી છે તે છલ છે. આથી તમારું ખંડન અસત્ય છે. જેમ કોઈ કહે કે 'આ ખેતરમાં અનાજ સારું પાકે છે.'

અહીં આ વાક્યનો અભિપ્રાય ખેતરની પ્રશંસામાં જ છે. પણ એ ખેતર બીજવિના, યોગ્ય ઋતુવિના અને વરસાદવિના ધાન્યના ઢગલા ઉત્પન્ન કરે છે એવો ભાવ નથી. તે જ પ્રમાણે બ્રાહ્મણ એ વિદ્યાનું અને સાદાચારનું પાત્ર હોવું સંભવિત છે, (પણ) હેતુ નથી. એટલો જ ઉપરોક્તવાક્યનો ભાવાર્થ છે.

પ્રશંસા અને હેતુ આ બંને એક વસ્તુ નથી. માટે પ્રતિવાદિએ અતિસામાન્યનો સંબંધ લગાડી વક્તાના વાક્યમાંના અભિપ્રાયનું અર્થાન્તર કર્યું, તે સામાન્યછલ છે.

(૩) ઉપચાર છલ : ઔપચારિક પ્રયોગમાં મુખ્ય અર્થની કલ્પનાવડે જે પ્રતિષેધ કરવો તેને ઉપચારછલ કહેવાય છે.

જેમકે વક્તાએ કહ્યું કે "मञ्चाः क्रोशन्ति"–આ સાંભળીને છલવાદિ ખંડન કરતાં કહે છે કે "मञ्चस्थाः पुरुषाः क्रोशन्ति, न मञ्चा, तेषामचेतनत्वात्" અર્થાત્ માંચડા ઉપર બેઠેલા પુરુષો બોલે છે. માંચડો બોલતો નથી, કારણકે તે અચેતન છે.

(આ ખંડન પ્રતિવાદિ (છલવાદિ)નું તદ્દન ખોટું છે. કારણ કે વાદિએ મંચશબ્દનો ગૌણ અર્થ માંચડાઉપર બેઠેલાપુરૂષો જ લીધેલ છે, કારણ કે 'ક્રોશન' રૂપ અર્થ મંચમાં સંભવતો નથી. મંચનો મુખ્યઅર્થ તો લાકડાનો બનાવેલો માંચડો જ થાય છે. માટે વાદિના અભિપ્રાયથી વિરુદ્ધ

જઈ પ્રતિવાદિએ મુખ્ય અર્થ લઈ "માંચડા બોલતા નથી" એ પ્રમાણે છલ કર્યુ તે ઉપચાર છલ કહેવાય છે.)

હવે ગ્રંથકારશ્રી પ્રથમ વાક્છલના ઉદાહરણને કહે છે. "कूपो नवोदकः" અહીં નૂતનઅર્થમાં 'નવ' શબ્દનો પ્રયોગ કરાતે છતે છલવાદિ દૂષણ આપે છે કે 'कुतः एक एव कूपो नवसंख्योदक" –એક જ કુવામાં નવસંખ્યાના પાણી ક્યાંથી ? આ રીતે છલ કરીને વાદિના વિધાનનું ખંડન કરે છે, તે વાક્છલ કહેવાય છે. (વિશેષ આગળ જોવું.)

આનાથી શેષ બે છલના ઉદાહરણ પણ સૂચિત થયેલા જાણવા.

"जातय" इत्यादि, दूषणाभासा जातयः । अदूषणान्यपि दूषणवदाभासन्त इति दूषणाभासाः । यैः पक्षादिः पक्षहेत्वादिर्न दुष्यत आभासमात्रत्वान्न दूषयितुं शक्यते, केवलं सम्यग्हेतौ हेत्वाभासे वा वादिना प्रयुक्ते झगिति तद्दोषत्वाप्रतिभासे हेतुप्रतिबिम्बनप्रायं किमपि प्रत्यवस्थानं जातिः । सा च चतुर्विंशतिभेदा साधर्म्यादिप्रत्यवस्थानभेदेन । यथा- [१]साधर्म्य [२]वैधर्म्य [३]उत्कर्ष [४]अपकर्ष [५]वर्ण्य [६]अवर्ण्य विकल्प[७] [८]साध्य [९]प्राप्ति [१०]अप्राप्ति [११]प्रसङ्ग प्रतिदृ[१२]ष्टान्त [१३]अनुत्पत्ति [१४]संशय [१५]प्रकरण हेतु[१६] [१७]अर्थापत्ति [१८]अविशेष [१९]उपपत्ति [२०]उपलब्धि [२१]अनुपलब्धि नित्य[२२] [२३]अनित्य [२४]कार्यसमा । तत्र [अ]साधर्म्येण प्रत्यवस्थानं साधर्म्यसमा जातिर्भवति । अनित्यः शब्दः कृतकत्वात् घटवदिति प्रयोगे कृते साधर्म्यप्रयोगेणैव प्रत्यवस्थानम् । यद्यनित्यधटसाधर्म्यात्कृतकत्वादनित्यः शब्द इष्यते, तर्हि नित्याकाशसाधर्म्याद-मूर्तत्वान्नित्यत्वं प्राप्नोतीति १ ।

ટીકાનો ભાવાનુવાદ :

દૂષણના આભાસને જાતિ કહેવાય છે. અદૂષણો પણ દૂષણ જેવા લાગે તે દૂષણાભાસ કહેવાય અને તે દૂષણાભાસ જાતિરૂપ છે.

કહેવાના આશય એ છે કે જેઓવડે પક્ષ, હેતુ આદિ દૂષિત થતા નથી. કારણકે આભાસમાત્ર હોવાથી દૂષિત કરવામાટે શક્ય પણ નથી. પણ માત્ર વાદિ વડે પ્રયોજાયેલ સમ્યગ્હેતુમાં કે હેતુના આભાસમાં એકાએક તેના દોષત્વનો અપ્રતિભાસ હોવાછતાં હેતુની તુલનાદ્વારા કોઈપણ રીતે ખંડન કરવું તે જાતિ કહેવાય છે. તે જાતિ સાધર્મ્યાદિ પ્રત્યવસ્થાનના ભેદથી ૨૪ પ્રકારે છે. (૧) સાધર્મ્ય, (૨) વૈધર્મ્ય, (૩) ઉત્કર્ષ, (૪) અપકર્ષ, (૫) વર્ણ્ય, (૬) અવર્ણ્ય, (૭) વિકલ્પ,

(અ) साधर्म्य वैधर्म्यभ्यागुपसंहारे तद्धर्मविपर्ययोपपत्तेः साधर्म्यवैधर्म्यसमौ ।। न्याय सू. ५ ।१ ।२ ।। साधर्म्येण समवस्थानं साधर्म्यसमा जातिर्भवति । वैधर्म्येण प्रत्यवस्थानं वैधर्म्यसमा जातिर्भवति ।। न्याक० पृ० १७ ।।

(૮) સાધ્ય, (૯) પ્રાપ્તિ, (૧૦) અપ્રાપ્તિ, (૧૧) પ્રસંગ, (૧૨) પ્રતિદૃષ્ટાંત, (૧૩) અનુત્પત્તિ, (૧૪) સંશય, (૧૫) પ્રકરણ, (૧૬) હેતુ, (૧૭) અર્થાપત્તિ, (૧૮) અવિશેષ, (૧૯) ઉપપત્તિ, (૨૦) ઉપલબ્ધિ, (૨૧) અનુપલબ્ધિ, (૨૨) નિત્ય, (૨૩) અનિત્ય, (૨૪) કાર્ય. અહીં દરેક ૨૪ જાતિના નામની પછી 'સમા' જોડવું. તેથી સાધર્મ્યસમા, વૈધર્મ્યસમા - ઇત્યાદિ સમજવું.

(૧) સાધર્મ્યસમા જાતિ : સાધર્મ્યવડે ખંડન કરવું તેને સાધર્મ્યસમા જાતિ કહેવાય છે. અર્થાત્ સાધર્મ્ય વડે સાધ્યનો પ્રતિષેધ કરવો તે સાધર્મ્યસમા જાતિ કહેવાય છે.

જેમકે शब्दोऽनित्यः कृतकत्वात्, घटवत् । આ પ્રમાણે પ્રયોગ કરાતે છતે સાધર્મ્યના પ્રયોગ દ્વારા ખંડન કરવું (તે સાધર્મ્યસમા જાતિ કહેવાય છે.) તે આ રીતે છે.

જો અનિત્ય ઘટના સાધર્મ્યથી, કૃતકત્વ હેતુ દ્વારા (અર્થાત્ ઘટ કૃતક્ છે, તેમ શબ્દ પણ કૃતક છે, એમ કૃતકત્વ હેતુદ્વારા) શબ્દ અનિત્ય ઇચ્છાય છે. તો નિત્ય આકાશના સાધર્મ્યથી અમૂર્તત્વ હેતુ દ્વારા (અર્થાત્ આકાશ અમૂર્ત છે, તેમ શબ્દ પણ અમૂર્ત છે, એમ અમૂર્તત્વ હેતુદ્વારા) શબ્દમાં નિત્યત્વ પ્રાપ્ત થાય છે. કારણકે શબ્દ અને આકાશ બંને અમૂર્ત હોવાથી, તે સાધર્મ્ય દ્વારા શબ્દ પણ આકાશની જેમ નિત્ય થશે.

આમ અમૂર્તના સાધર્મ્યથી શબ્દમાં સાધ્યાભાવ = નિત્યત્વ સિદ્ધ થયું. અર્થાત્ સાધ્યનો પ્રતિષેધ થયો. આ રીતે અહીં સાધર્મ્યવડે સાધ્યનું ખંડન થવાથી સાધર્મ્યસમા જાતિ છે.

वैधर्म्येण प्रत्यवस्थानं वैधर्म्यसमा जातिः, अनित्यः शब्दः कृतकत्वात्, घटवदित्यत्रैव प्रयोगे वैधर्म्येणैव प्रत्यवस्थानम् । नित्यः शब्दोऽमूर्तत्वात्, अनित्यं हि मूर्तं दृष्टं, यथा घटादीनि । यदि हि नित्याकाशवैधर्म्यात्कृतकत्वादनित्य इष्यते, तर्हि घटाद्यनित्यवैधर्म्यादमूर्तत्वान्नित्यत्वं प्राप्नोति, विशेषाभावादिति २ । [अ]उत्कर्षापकर्षाभ्यां प्रत्यवस्थानमुत्कर्षापकर्षसमे जाती भवतः । तत्रैव प्रयोगे दृष्टान्तसाधर्म्यं किंचित्साध्यधर्मिण्यापादयन्नुत्कर्षसमां जातिं प्रयुङ्क्ते । यदि घटवत्कृतत्वादनित्यः शब्दस्तर्हि घटवदेव मूर्तोऽपि भवेत् । न चेत् मूर्तो घटवदनित्योऽपि मा भूदिति शब्दे धर्मान्तरोत्कर्षमापादयति ३ । अपकर्षस्तु घटः कृतकः सन्नश्रावणो दृष्टः, एवं शब्दोऽपि भवतु । नो चेत् घटवदनित्योऽपि मा भूदिति शब्दे श्रावणत्वमपकर्षति ४ । [ब]वर्ण्यावर्ण्याभ्यां प्रत्यवस्थानं वर्ण्यावर्ण्यसमे जाती भवतः । ख्यापनीयो वर्ण्यस्तद्विपरीतोऽवर्ण्यस्तावेतौ वर्ण्यावर्ण्यौ

अ उत्कर्षापकर्षाभ्यां प्रत्यवस्थानमुत्कर्षापकर्षसमे जाति भवतः ।। न्यायक. पृ ११ ।। ब. वर्ण्यावर्ण्याभ्यां प्रत्यवस्थानं वर्ण्यावर्ण्यौ जाती भवतः । खापनीयो वर्ण्यः साध्यधर्मः । तद्विपर्ययादवर्ण्य सिद्धो दृष्टान्तधर्मः । न्यायक० पृ. १८ ।।

साध्यदृष्टान्तधर्मो विपर्यस्यन्यवर्ण्यावर्ण्यसमे जाती प्रयुक्ते । यथाविधः शब्दधर्मः कृतकत्वादिर्न तादृक् च घटधर्मो, यादृक् च घटधर्मो न तादृक् शब्दधर्म इति । साध्यधर्मो दृष्टान्तधर्मश्च हि तुल्यौ कर्तव्यो । अत्र तु विपर्यासः । यतो यादृग् घटधर्मः कृतकत्वादिर्न तादृक् शब्दधर्मः । घटस्य ह्यन्यादृशं कुम्भकारादिजन्यं कृतकत्वं, शब्दस्य हि ताल्वोष्ठादिव्यापारजमिति ५-६ ।

टीकानो भावानुवाद :

(२) **वैधर्म्यसमा जाति :** वैधर्म्यद्वारा (साध्यनो) प्रतिषेध (खंडन) करवो ते वैधर्म्यसमा जाति कहेवाय छे.

जेमके शब्दोऽनित्यः कृतकत्वात्, घटवत् – એ प्रमाणे प्रयोग कराते छते वैधर्म्यना प्रयोगथी (साध्यनुं) खंडन कराय छे के- नित्यः शब्दोऽमूर्तत्वात् । (अहीं अमूर्तत्वરૂप धर्म એ अनित्य घटनुं वैधर्म्य छे.) कारणके अनित्य होय ते मूर्त ज होय छे. जेमके घट. आ रीते अनित्यघटना वैधर्म्य अमूर्तत्वરૂप धर्मथी शब्द नित्य सिद्ध थाय छे. आम वैधर्म्यथी साध्यनो अभाव सिद्ध थयो. आथी ते वैधर्म्यसमा जाति छे.

(बीजी रीते ग्रंथकारश्री जणावे छे के) यदि = जो तमारावडे नित्य आकाशना वैधर्म्यરૂप कृतकत्व धर्मथी शब्दमां अनित्यत्व ઇच्छाय छे, तर्हि = तो घटादि अनित्यना वैधर्म्यરૂप अमूर्तत्व हेतुथी शब्दमां नित्यत्वनी प्राप्ति थाय छे. कारणके बंनेमां विशेषतानो अभाव छे. अर्थात् बंनेमां वैधर्म्यરૂपसंबंध सामान्य छे.

(३) **उत्कर्षसमा जाति :** उत्कर्षवडे खंडनकरवुं ते उत्कर्षसमा जाति कहेवाय छे. ते प्रयोगमां ज (अर्थात् उपर आपेल अनित्यः शब्दः कृतकत्वात्, घटवत् आ प्रयोगमां ज) दृष्टांतना साधर्म्यने कंईक साध्यधर्मि (पक्ष)मां बतावतो (प्रतिवादि) उत्कर्षसमा जातिनो प्रयोग करे छे. **जेमके,** जो घटनी जेम कृतकत्व हेतुथी शब्द अनित्य छे, तो घटनी जेम शब्द मूर्त पण थाय. (कारण के घट मूर्त छे) अने जो शब्द मूर्त नथी, तो घटनी जेम अनित्य पण न थाओ. (अहीं घट दृष्टांतना साधर्म्यने साध्यधर्मि-पक्ष(शब्दमां) बतावतो प्रतिवादि शब्दमां बीजाधर्मनो प्रयोग करीने, तेना साध्य अनित्यत्वनुं खंडन कर्युं ते उत्कर्षसमा जाति कहेवाय छे.

(४) **अपकर्षसमाजाति :** अपकर्षवडे खंडन करवुं ते अपकर्षसमा जाति कहेवाय छे. अनित्यः शब्दः कृतकत्वात्, घटवत् । आ स्थळे जो कोई कहे के शब्दमां श्रावणत्व अर्थात् श्रोत्रग्राह्यत्व छे. पण घटमां श्रावणत्व नथी. माटे शब्दनुं साधर्म्य घट साथे होय तो, घट पण श्रोत्रग्राह्य

હોવો જોઈએ. પણ ઘટમાં શ્રાવણત્વરૂપ ધર્મ નથી. આથી શબ્દમાં પણ (શ્રાવણત્વ ધર્મ) ન હોવો જોઈએ અને તેથી ઘટની જેમ શબ્દ અનિત્ય પણ ન હોવો જોઈએ.

આવા પ્રકારના ખંડનને 'અપકર્ષસમા' જાતિ કહેવાય છે. આ સ્થળે પક્ષરૂપ જે શબ્દ છે, તેનો ધર્મ જે શ્રાવણત્વ છે, તેનો અભાવ દૃષ્ટાંતરૂપ ઘટમાં બતાવવામાં આવ્યો છે. અહીં દૃષ્ટાંતની ઉણપ આગળકરીને સાધ્યનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. તેથી અપકર્ષસમા જાતિ કહેવાય છે.

(૫-૬) વર્ણ્ય-અવર્ણ્યસમા જાતિ : વર્ણ્ય અને અવર્ણ્યવડે ખંડન કરવું તેને અનુક્રમે વર્ણ્યસમા અને અવર્ણ્યસમા જાતિ કહેવાય છે.

પ્રસિદ્ધ હોય તે વર્ણ્ય કહેવાય છે અને તેનાથી વિપરીત (એટલે પ્રસિદ્ધ ન હોય તે) અવર્ણ્ય કહેવાય છે. તે બંને સાધ્ય અને દૃષ્ટાંતના ધર્મનો વિપર્યાસ કરતાં [૫૨]વર્ણ્યાવર્ણ્યસમા જાતિનો પ્રયોગ કરે છે. **જેમકે** જેવાપ્રકારનો શબ્દ (સાધ્ય)નો ધર્મ કૃતકત્વાદિ છે. તેવાપ્રકારનો ઘટ (દૃષ્ટાંત)નો ધર્મ નથી. અને જેવા પ્રકારનો ઘટધર્મ નથી, તેવા પ્રકારનો શબ્દધર્મ નથી. સાધ્યધર્મ અને દૃષ્ટાંતધર્મ સમાન કરવા જોઈએ, પણ અહીં વિપર્યાસ છે. કારણકે જેવાપ્રકારનો ઘટધર્મ કૃતકત્વાદિ નથી, તેવા પ્રકારનો શબ્દધર્મ છે. તે આ રીતે- ઘટનું કૃતકત્વ કુંભકારાદિથી જન્ય અન્યપ્રકારનું છે અને શબ્દનું કૃતકત્વ તાલુ, ઓષ્ઠાદિના વ્યાપારથી જન્ય અન્યપ્રકારનું છે.

धर्मान्तरविकल्पेन प्रत्यवस्थानं [अ]विकल्पसमा जातिः । यथा कृतकं किंचिन्मृदु दृष्टं तूलशय्यादि, किंचित्तु कठिनं कुठारादि, एवं कृतकं किंचिदनित्यं भविष्यति घटादिकं, किंचिच्च नित्यं शब्दादीति ७ । साध्यसाम्यापादनेन प्रत्यवस्थानं साध्यसमा जातिः । यदि यथा घटस्तथा शब्दः प्राप्तः, तर्हि यथा शब्दस्तथा घट इति शब्दश्च साध्य इति घटोऽपि

---

૫૨. **ન્યાયસૂત્રમાં વર્ણ્યસમા - અવર્ણ્યસમા જાતિનું લક્ષણ :** જેમાં સાધ્ય સંદિગ્ધ હોય તે 'વર્ણ્ય' કહેવાય છે. પક્ષમાં સાધ્ય સંદિગ્ધ હોય માટે પક્ષ વર્ણ્ય કહેવાય છે. **જેમકે** ઘટોઽનિત્યઃ કૃતકત્વાત્, શબ્દવત્, । જો ઘટ અનિત્ય ન હોય તો શબ્દ પણ અનિત્ય ન હોવો જોઈએ. આ સ્થળે ઘટમાં અનિત્યત્વ હોવાનો સંદેહે જ નથી. છતાં તેને જાતિવાદિએ પક્ષ તરીકે બતાવ્યો છે. માટે 'વર્ણ્યસમા' જાતિ માનવામાં આવે છે.

ઉપરના જ ઉદાહરણમાં, શબ્દમાં અનિત્યત્વ સંદિગ્ધ હોવા છતાં તેને દૃષ્ટાંત તરીકે બતાવવામાં આવ્યો છે, માટે તે અવર્ણ્યસમા જાતિ કહેવાય છે. દૃષ્ટાંત અવર્ણ્ય=અસાધનીય હોય છે. જ્યારે ઉપરના ઉદાહરણમાં શબ્દમાં અનિત્યત્વ સંદિગ્ધ હોવાથી 'વર્ણ્ય' બની જાય છે. શબ્દ 'અવર્ણ્ય' ન હોવા છતાં એને અવર્ણ્ય (દૃષ્ટાંત) બનાવ્યો, માટે "અવર્ણ્યસમા" જાતિ બને છે.

(અ) धर्मान्तर विकल्पेन प्रत्यवस्थानं विकल्पसमा जातिः ।। न्यायक० पृ.१८ ।।

साध्यो भवेत्, ततश्च न साध्यः साध्यस्य दृष्टान्तः स्यात् । न चेदेवं तथापि वैलक्षण्यात्सुतरां न दृष्टान्त इति । प्राप्त्यप्राप्तिविकल्पाभ्यां प्रत्यवस्थानं प्राप्त्यप्राप्तिसमे जाती । यदेतत्कृतकत्वं साधनमुपन्यस्तं तत्किं प्राप्य साध्यं साधयत्यप्राप्य वा । प्राप्य चेत्, तर्हि द्वयोर्विद्यमानयोरेव प्राप्तिर्भवति न सदसतोरिति । द्वयोश्च सत्त्वात्किं कस्य साध्यं साधनं वा । अप्राप्य तु साधनत्वमयुक्तमतिप्रसङ्गादिति ९-१० । प्रसङ्गापादनेन प्रत्यवस्थानं प्रसङ्गसमा जातिः । यद्यनित्यत्वे कृतकत्वं साधनं, तदा कृतकत्वे किं साधनं, तत्साधनेऽपि किं साधनमिति ११ । प्रतिदृष्टान्तेन प्रत्यवस्थानं प्रतिदृष्टान्तसमा जातिः । अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात्, घटवदित्युक्ते जातिवाद्याह । यथा घटः प्रयत्नानन्तरीयकोऽनित्यो दृष्टः, एवं प्रतिदृष्टान्त आकाशं नित्यमपि प्रयत्नानन्तरीयकं दृष्टं, कूपखननप्रयत्नानन्तरं तदुपलम्भादिति । न चेदमनैकान्तिकत्वोद्भावनं भंग्यन्तरेण प्रत्यवस्थानात् १२ । अनुत्पत्त्या प्रत्यवस्थानमनुत्पत्तिसमा जातिः । अनुत्पन्ने शब्दाख्ये धर्मिणि कृतकत्वं धर्मः क्व वर्तते । तदेवं हेत्वाभावादसिद्धिरनित्यत्वस्येति १३ । साधर्म्यसमा वैधर्म्यसमा वा या जाति : पूर्वमुदाहारि सैव संशयेनोपसंह्रियमाणा संशयसमा जातिर्भवति । किं घटसाधर्म्यात्कृतकत्वादनित्यः शब्द उत तद्वैधर्म्यादाकाशसाधर्म्यादमूर्तत्वान्नित्य इति १४ । द्वितीयपक्षोत्थापनबुद्ध्या प्रयुज्यमाना सैव साधर्म्यसमा वैधर्म्यसमा च जातिः प्रकरणसमा भवति । तत्रैवानित्यः शब्दः कृतकत्वाद्घटवदिति प्रयोगे नित्यः शब्दः श्रावणत्वाच्छब्दत्ववदिति । उद्भावनप्रकारभेदमात्रेण च जातिनानात्वं द्रष्टव्यम् १५ ।

टीकानो भावानुवाद :

(७) विकल्पसमा जाति : धर्मान्तरना (बीजाधर्मना) विकल्पवडे खंडन करवुं ते विकल्पसमा जाति कहेवाय छे. जेमके कोईक कृतकएवा રुनी गादि आदिमां मृदुता छे, तो कोईक कृतक कुहाडादिमां कठिनता छे. ए प्रमाणे कृतकएवा कोईकघडाओ अनित्य थशे अने कृतकएवा शब्दो नित्य थशे.

अहीं जेम मृदुत्व अने कठिनत्व धर्मान्तरो द्वारा कृतकत्वधर्ममां व्यभिचार बतावववानो प्रयत्न थयो छे. तेम अनित्यत्व अने नित्यत्व धर्मान्तरोवडे पण कृतकत्वमां व्यभिचार बतावववानो प्रयत्न कर्यो छे. आम धर्मान्तर द्वारा शब्दमां अनित्यत्वनुं खंडन कर्युं छे ते विकल्प समाजाति छे.

(૮) [૫૩]**સાધ્યસમા જાતિ :** સાધ્યની સાથે સમાનતા બતાવવાદ્વારા ખંડન કરવું તે સાધ્યસમા જાતિ કહેવાય છે. **જેમકે,** જો જે પ્રમાણે ઘટ છે, તે પ્રમાણે (કૃતકત્વ ધર્મના કારણે) શબ્દ પણ પ્રાપ્ત થાય, તો જે પ્રમાણે શબ્દ છે તે પ્રમાણે ઘટ પણ પ્રાપ્ત થાય. અને એથી શબ્દ સાધ્ય છે. એ પ્રમાણે ઘટ પણ સાધ્ય થશે. અને તેથી સાધ્ય (ઘટ) સાધ્ય (શબ્દનું) દૃષ્ટાંત નહીં થાય. જો તમે એમ કહેશો કે "ઘટ અને શબ્દમાં આ રીતે સમાનતા નથી" તો સુતરાં ઘટ દૃષ્ટાંત નહીં થાય. કારણકે બંને વિલક્ષણ છે.

(૯-૧૦) પ્રાપ્તિસમા - અપ્રાપ્તિસમા જાતિ : પ્રાપ્ત અને અપ્રાપ્ત વિકલ્પોવડે ખંડન કરવું તે અનુક્રમે પ્રાપ્તિસમા અને અપ્રાપ્તિસમા જાતિ કહેવાય છે. **જેમકે** જે કૃતકત્વનો હેતુતરીકે ઉપન્યાસ કર્યો છે તે હેતુ શું સાધ્યને પ્રાપ્ત કરીને (સાધ્યને) સિદ્ધ કરે છે કે સાધ્યને પ્રાપ્ત કર્યાવિના (સાધ્યને) સાધે છે ? જો એમ કહેશો કે "હેતુ સાધ્યને પ્રાપ્ત કરીને (સાધ્યને) સાધે છે. તો વિદ્યમાન જ હેતુ અને સાધ્યની પ્રાપ્તિ થાય છે. અને એક વિદ્યમાન અને બીજું અવિદ્યમાન નહીં હોય અને (આથી) બંને વિદ્યમાન હોવાથી કોણ કોનું સાધન થશે અને કોણ કોનું સાધ્ય થશે ? (અર્થાત્ સાધ્ય કોણ બનશે અને સાધન કોણ બનશે, તે નક્કીકરનાર નિયામક કોણ બનશે ?)

કહેવાનો આશય એ છે કે જો હેતુ પક્ષમાં સાધ્ય સાથે હોય તો સાધ્ય કરતાં એમાં કશી વિશેષતા રહેતી નથી. માટે એ સાધ્યનો સાધક બનતો નથી. અથવા સાધ્ય પોતે જ સ્વયં પોતાનો કે હેતુનો સાધક શા માટે નહિ ? કારણ કે બંને એક સાથે પક્ષમાં રહે છે. માટે જો હેતુ પક્ષમાં હોય તો [અ]'પ્રાપ્તિસમા' જાતિ બને છે.

જો હેતુ પક્ષમાં પ્રાપ્ત ન હોય તો હેતુ સાધ્યને જ સિદ્ધ શા માટે કરે ? શા માટે સાધ્યના અભાવને સિદ્ધ ન કરે ? (આ રીતે અતિપ્રસંગ આવે છે.) કારણકે હેતુ સાધ્યને પ્રાપ્ત નથી, માટે જો અપ્રાપ્તહેતુ સાધ્યને સિદ્ધ કરતો હોય તો સાધ્યના અભાવને પણ સિદ્ધ કરે જ. આ પ્રમાણે [બ]'અપ્રાપ્તિસમા' જાતિ બને છે. (અહીં કારક અને જ્ઞાપક બંને જાતના હેતુઓ લેવા.)

૫૩. ● **ન્યાયસૂત્રાનુસાર સાધ્યસમા જાતિનું લક્ષણ :** साध्यसाम्यापादनेन प्रत्यवस्थानं साध्यसमा जातिर्भवति । ।। ન્યાયક० પૃ.૧૮ ।। પક્ષ અને દૃષ્ટાંતઆદિને સાધ્ય સમાન બતાવવા તેનું "સાધ્યસમા" જાતિ કહેવાય છે.

જેમકે आत्मा, क्रियावान् क्रियाहेतुगुणयोगात्, लोष्ठवत् - આત્મા ક્રિયાવાળો છે. કારણકે ક્રિયાનો હેતુ જે સંયોગાદિ ગુણો છે, તેનો સંબંધી હોવાથી, લોષ્ઠ માફક । આ પ્રમાણે સ્થાપના થઈ ગયા પછી પ્રતિવાદિ કહે કે જેમ લોષ્ઠ ક્રિયાવાળું છે. તેમ આત્મા પણ ક્રિયાવાન્ છે. તો જેમ આત્મા ક્રિયાવત્ત્વરૂપે સાધ્ય છે, તેમ લોષ્ઠ પણ સાધ્ય હોવો જોઈએ અને જો તેને સાધ્યતરીકે લઈએ તો દૃષ્ટાંત તરીકે લઈ શકાય નહિં. આ પ્રકારે ખંડન કરવું તેનું નામ સાધ્યસમા જાતિ કહેવાય છે.

પક્ષ અને દૃષ્ટાંતને પણ પાંચઅવયવના વિષય હોવાથી અનુમેય તરીકે બતાવવા એ પણ સાધ્યસમા જાતિ કહેવાય છે.

(અ-બ) प्राप्त्यप्राप्तिविकल्पाभ्यां प्रत्यवस्थानं प्राप्त्यप्राप्ति समे जाती भवतः ।। न्याय. पृ. १८ ।। (क) प्रसङ्गापादनेन प्रत्यवस्थानं प्रसङ्गसमा जातिर्भवति ।। न्यायक० - पृ. १८ ।। (ड) प्रतिदृष्टान्तेन प्रत्यवस्थानं प्रतिदृष्टान्तसमा जातिः ।। न्यायक० - पृ. १८ ।।

(११) प्रसंगसमा जाति : प्रसंग બતાવવા દ્વારા જે ખંડન કરવું તે પ્રસંગસમા જાતિ કહેવાય છે. જેમકે, જો અનિત્યત્વ સિદ્ધકરવામાં કૃતકત્વ સાધન છે, તો કૃતકત્વને સિદ્ધ કરવામાં કયું સાધન છે ? વળી તે સાધનને સિદ્ધ કરવામાં કયું સાધન છે ?

આ રીતે પ્રસંગને બતાવવાદ્વારા અનવસ્થા ઉભી કરવી તે [ક]પ્રસંગસમા જાતિ કહેવાય છે.

(१२) प्रतिदृष्टांतसमा जाति : પ્રતિદૃષ્ટાંતદ્વારા ખંડન કરવું તે [ડ]પ્રતિદૃષ્ટાંતસમા જાતિ કહેવાય છે. વાદિ વડે अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात्, घटवत्, । અર્થાત્ શબ્દ અનિત્ય છે. કારણકે પ્રયત્નથી ઉત્પન્ન થાય છે. (તેથી ઉત્પત્તિમાં પ્રયત્ન અવશ્ય જોડાયેલો હોય છે.) જેમકે ઘટ. આ કહેવાતે છતે જાતિવાદિ કહે છે કે "જેમ ઘટ પ્રયત્નથી ઉત્પન્ન થતો હોવાથી અનિત્ય જોવાય છે, એ પ્રમાણે (ઘટનું) પ્રતિદૃષ્ટાંત નિત્ય આકાશ પણ પ્રયત્નથી ઉત્પન્ન થતું જોવાય છે (કેવી રીતે ?) જેમકે કુવો ખોદવાના પ્રયત્નની ઉત્તરમાં અવકાશ (આકાશ) જોવા મળે છે. આથી પ્રયત્નથી ઉત્પન્ન થતું હોવાથી આકાશ નિત્ય છે. તેમ શબ્દ પણ નિત્ય છે."—આ રીતે પ્રતિદૃષ્ટાંતદ્વારા જાતિવાદિએ સાધ્યાભાવ સિદ્ધ કર્યો.

આ પ્રમાણે અનૈકાન્તિકત્વનું ઉદ્ભાવન બીજા ભાંગાવડે કરીને ખંડન કરવું યોગ્ય નથી. (દૃષ્ટાંત સિદ્ધ જ હોવાથી તેને સિદ્ધ કરવા હેતુની જરૂર હોતી નથી. માટે બીજું દૃષ્ટાંત લેવાની જરૂર હોતી નથી. જેમ અંધારામાં પડેલી વસ્તુને જોવા દીપકની જરૂર પડે છે, પણ દીપકને જોવા બીજા દીપકની જરૂર પડતી નથી. તેમ સાધ્યને સિદ્ધ કરવામાં આપેલા દૃષ્ટાંતને સિદ્ધ કરવા બીજા દૃષ્ટાંતની જરૂર નથી. આ રીતે ઉપરની પ્રસંગસમા જાતિની નિવૃત્તિ થઈ જાય છે. ન્યાયસૂત્રકાર કહે છે કે એક દૃષ્ટાંતથી સાધ્યની સિદ્ધ થતી હોય તો બીજું દૃષ્ટાંત શા માટે લેવું ? એમાં કોઈ હેતુ હોતો નથી. પ્રતિદૃષ્ટાંત સાધક થવાછતાં પણ મૂળદૃષ્ટાંતને જ્યાં સુધી હેતુથી ખંડિત ન કરવામાં આવે ત્યાં સુધી તે પણ સાધક જ છે. માટે વગર કારણે મૂળદૃષ્ટાંતને છોડીને બીજું દૃષ્ટાંત લેવાની જરૂર નથી. આ કારણથી 'પ્રતિદૃષ્ટાંતસમા' જાતિ અસત્ય ઠરે છે.)

(१३) [અ]अनुत्पत्तिसमा जाति : અનુત્પત્તિવડે ખંડન કરવું તે અનુત્પત્તિસમા જાતિ કહેવાય છે. અર્થાત્ ઉત્પત્તિ પહેલાં હેતુરૂપ કારણ રહેતું ન હોવાથી અનુત્પત્તિસમા જાતિ બને છે. જેમકે શબ્દ નામનો ધર્મી ઉત્પન્ન થતાં પૂર્વે કૃતકત્વ નામનો ધર્મ ક્યાં રહે ? આથી કૃતકત્વ હેતુ નથી પણ હેત્વાભાસ છે. આથી અસિદ્ધ હેતુથી શબ્દમાં અનિત્યત્વની સિદ્ધિ થશે નહીં.

(१४) [બ]संशयसमा जाति : પૂર્વે બતાવેલ સાધર્મ્યસમા કે વૈધર્મ્યસમા જાતિ સંશયવડે ઉપસંહાર કરાય તો સંશયસમા જાતિ કહેવાય છે. **જેમકે :** શું ઘટના સાધર્મ્યથી શબ્દ કૃતક હોવાથી અનિત્ય છે કે ઘટના વૈધર્મ્ય એવા આકાશના સાધર્મ્યથી શબ્દ અમૂર્ત હોવાથી નિત્ય

(અ) अनुत्पत्या प्रत्यवस्थानमनुत्पत्तिसमाजातिर्भवति ।। न्यायक० पृ. १९९ ।।

(બ) साधर्म्यवैधर्म्यसमा जातिर्या पूर्वमुदाहृता सैव संशयेन उपक्रियमाणा संशयसमा जातिर्भवति ।। न्याक० - पृ. १९ ।।

છે ? આ રીતે સાધર્મ્યસમા અને વૈધર્મ્યસમા જાતિ સંશય વડે ઉપસંહાર પામેલ છે. તેથી તે સંશયસમા જાતિ કહેવાય છે.

(૧૫) [ક]પ્રકરણસમા જાતિ : દ્વિતીયપક્ષના ઉત્થાપનની બુદ્ધિથી પ્રયોજાયેલ તે જ સાધર્મ્યસમા અને વૈધર્મ્યસમા જાતિ પ્રકરણસમા જાતિ કહેવાય છે. (કહેવાનો આશય એ કે સાધ્ય અને અસાધ્ય બંનેની સાથે સાધર્મ્ય હોવાથી પક્ષ અને પ્રતિપક્ષ ચાલું રહેતા હોવાથી પ્રકરણસમા જાતિ બને છે. અર્થાત્ બંનેના હેતુનો, હેતુદ્વારા સાધ્યનો નિશ્ચય થઈ શકતો ન હોવાના કારણે પ્રકરણ ચાલુ રહે છે.)

જેમકે વાદિદ્વારા अनित्यः शब्दः कृतकत्वात् घटवत्, । એ પ્રયોગ કરાતે છતે પ્રતિવાદિ नित्यः शब्दः श्रावणत्वात्, शब्दत्ववत् । આ પ્રયોગદ્વારા શબ્દમાં નિત્યત્વ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. પણ શબ્દ કૃતકત્વેન અનિત્ય છે કે શબ્દ શ્રાવણત્વેન નિત્ય છે ? તે નક્કી થતું ન હોવાથી પ્રકરણ ચાલું રહે છે. તે પ્રકરણસમા જાતિ કહેવાય છે.

કહેવાનો આશય એ છે કે વાદિએ શબ્દમાં અનિત્યત્વ સિદ્ધકરવા માટે કૃતકત્વરૂપ હેતુ આપ્યા પછી પ્રતિવાદિ (જાતિવાદિ)જો કહે કે, શબ્દમાં તો અનિત્યપદાર્થ (ઘટનું) જેમ સાધર્મ્ય છે, તેમ નિત્યપદાર્થ (શબ્દત્વ)નું પણ સાધર્મ્ય છે. જેમકે शब्दो नित्यः श्रावणत्वात् । શબ્દમાં શ્રાવણત્વ=શ્રોત્રગ્રાહ્યત્વ છે. તેમજ શબ્દત્વમાં પણ શ્રાવણત્વ=શ્રોત્રગ્રાહ્યત્વ છે. શબ્દત્વ એ નિત્યપદાર્થ છે. માટે શબ્દ જેમ અનિત્યઘટ સાથે સાધર્મ્ય રાખે છે. તેમ નિત્યશબ્દત્વ સાથે પણ સાધર્મ્ય રાખે છે, માટે શ્રાવણત્વહેતુથી શબ્દને નિત્ય માનવો કે કૃતકત્વહેતુથી શબ્દને અનિત્ય માનવો, તે નિશ્ચય થઈ શકતો નથી. માટે પ્રકરણ ચાલું રહે છે. તેથી પ્રકરણસમા જાતિથી કૃતકત્વહેતુ અસિદ્ધ થાય છે.

અહીં જાતિના ઉદ્ભાવનના પ્રકારના ભેદમાત્રથી જાતિમાં અનેકત્વ છે. અર્થાત્ જાતિના અનેકપ્રકાર દોષના ઉદ્ભાવનના પ્રકારની ભિન્નતા કારણે છે. (પણ તાત્ત્વિકજાતિ એક જ છે.)

त्रैकाल्यानुपपत्त्या हेतोः प्रत्यवस्थानं हेतुसमा जातिः । हेतुः साधनं तत्साध्यात्पूर्वं पश्चात्सह वा भवेत् । यदि पूर्वमसति साध्ये तत्कस्य साधनम् । अथ पश्चात्साधनं तर्हि पूर्वं साध्यं तस्मिंश्च पूर्वसिद्धे किं साधनेन । अथ युगपत्साध्यसाधने तर्हि तयोः सव्येतरगोविषाणयोरिव साध्यसाधनभाव एव न भवेदिति १६ । अर्थापत्त्या प्रत्यवस्थान-मर्थापत्तिसमा जातिः । यद्यनित्यसाधर्म्यात्कृतकत्वादनित्यः शब्दोऽर्थादापद्यते, तदा

(क) द्वितीयपक्षोत्थापनबुद्ध्या प्रयुज्यमाना सैव साधर्म्यसमा वैधर्म्यसमा जातिः प्रकरणसमा भवति ।। न्यायक० पृ १९ ।।

नित्यसाधर्म्यान्नित्य इति । अस्ति चास्य नित्येनाकाशादिना साधर्म्यममूर्तत्व-मित्युद्भावनप्रकारभेद एवायमिति १७ । अविशेषापादनेन प्रत्यवस्थानमविशेषसमा जातिः । यदि शब्दघटयोरेको धर्मः कृतकत्वमिष्यते, तर्हि समानधर्मयोगात्तयोरविशेषे तद्वदेव सर्वपदार्थानामविशेषः प्रसज्यत इति १८ । उपपत्त्या प्रत्यवस्थानमुपपत्तिसमा जातिः । कृतकत्वोपपत्त्या शब्दस्यानित्यत्वं, तर्ह्यमूर्तत्वोपपत्त्या नित्यत्वमपि कस्मान्न भवतीति पक्षद्वयोपपत्त्यानध्यवसायपर्यवसानत्वं विवक्षितमित्युद्भावनप्रकारभेद एवायम् १९ । उपलब्ध्या प्रत्यवस्थानमुपलब्धिसमा जातिः । अनित्यः शब्दः प्रयत्नानन्तरीयक-त्वादित्युक्ते प्रत्यवतिष्ठते । न खलु प्रयत्नानन्तरीयकत्वमनित्यत्वे साधनम् । साधनं हि तदुच्यते येन विना न साध्यमुपलभ्यते । उपलभ्यते च प्रयत्नानन्तरीयकत्वेन विनापि विद्युदादावनित्यत्वं, शब्देऽपि क्वचिद्वायुवेगभज्यमानवस्पत्यादिजन्ये तथैवेति २० । अनुपलब्ध्या प्रत्यवस्थानमनुपलब्धिसमा जातिः । तत्रैव प्रयत्नानन्तरीयकत्वे हेतावुपन्यस्ते सत्याह जातिवादी । न प्रयत्नानन्तरीयकः कार्यः शब्दः प्रागुच्चारणादस्त्येवासौ, आवरणयोगात्तु नोपलभ्यते । आवरणानुपलम्भेऽप्यनुपलम्भान्नास्त्येवोच्चारणात्प्राक्शब्द इति चेत् न । अत्र हि यानुपलब्धिः सा स्वात्मनि वर्तते न वा । वर्तते चेत्तदा यत्रावरणेऽनुपलब्धिर्वर्तते, तस्यावरणस्य, यथानुपलम्भस्तथावरणानुपलब्धेरप्यनुपलम्भः स्यात् । आवरणानुपलब्धेश्चानुपलम्भादभावो भवेत् । तदभावे चावरणोपलब्धेर्भावो भवति । ततश्च मृदन्तरितमूलककीलादिवदावरणोपलब्धिकृतमेव शब्दस्य प्रागुच्चारणाद-ग्रहणम् । अथानुपलब्धिः स्वात्मनि न वर्तते चेत्, तर्ह्यनुपलब्धिः स्वरूपेणापि नास्ति । तथाप्यनुपलब्धेरभाव उपलब्धिरूपस्ततोऽपि शब्दस्य प्रागुच्चारणादप्यस्तित्वं स्यादिति । द्वेधापि प्रयत्नकार्यत्वाभावन्नित्यः शब्द इति २१ ।

टीकानो भावानुवाद :

(१૬) [A]**हेतुसमा जाति :** त्रणेકાળની (ભૂત, ભવિષ્ય કે વર્તમાન એમ ત્રણકાળની) અનુત્પત્તિથી હેતુનું ખંડન કરવું તે [५४]હેતુસમા જાતિ કહેવાય છે. જેમકે "હેતુ છે, તો તે સાધ્યની

५४. ન્યાયસૂત્રકારે આ હેતુસમા જાતિને અહેતુસમા જાતિ કહેલ છે. બંનેનો ભાવ સમાન છે. त्रैकाल्यासिद्धर्हेतोरहेतुसमः ॥५-१-१८॥ અર્થાત્ ત્રણે કાલમાં અસિદ્ધ હોવાથી અહેતુસમા જાતિ બને છે.

(A) त्रैकाल्यानुपपत्त्या प्रत्यवस्थानमहेतुसमा जातिर्भवति ।। न्यायक० पृ. १९ ।।

પૂર્વે, પશ્ચાત્ કે સાથે હોય છે ?" જો હેતુ સાધ્યની પૂર્વે હોય તો, સાધ્યની ગેરહાજરીમાં તે હેતુ કોનું સાધન થાય ? જો સાધ્યની પશ્ચાત્ હેતુ હોય તો, સાધ્ય પહેલા (સ્વયં) સિદ્ધ થતે છતે તે સાધન વડે શું ? અને જો સાધ્ય-સાધન સાથે હોય તો જમણા અને ડાબા ગાયના શૃંગની જેમ એકબીજાનો સાધ્ય-સાધનભાવ જ નહીં થાય. અર્થાત્ જેમ ગાયના બંને શૃંગ એકસાથે પેદા થતા હોવાથી ગાયનું ડાબુ શૃંગ, જમણા શૃંગનું કારણ નથી કે જમણું શૃંગ ડાબા શૃંગનું કારણ નથી, તેમ સાધ્ય અને સાધન એક સાથે હોય તો એકમાં સાધ્યનો વ્યપદેશ અને એકમાં સાધનનો વ્યપદેશ થઈ શકતો નથી.

(૧૭) [અ]અર્થાપત્તિસમા જાતિ : અર્થાપત્તિથી ખંડન કરવું તેને અર્થાપત્તિસમા જાતિ કહેવાય છે.જેમકે જો અનિત્ય (ઘટ)ના સાધર્મ્યદ્વારા કૃતકત્વ હેતુથી શબ્દ અનિત્ય અર્થાપત્તિથી પ્રાપ્ત (સિદ્ધ) થાય, તો નિત્યના સાધર્મ્યથી શબ્દ અર્થાપત્તિથી નિત્ય થશે. અને શબ્દનું નિત્ય આકાશની સાથે સાધર્મ્ય અમૂર્તત્વ છે. આથી નિત્ય આકાશના સાધર્મ્યદ્વારા અમૂર્તત્વ હેતુથી શબ્દ નિત્ય છે, એવું અર્થાપત્તિથી પ્રાપ્ત થાય છે.

આ જાતિ સાધર્મ્યસમા જાતિની સમાન હોવા છતાં ઉદ્ભાવનના પ્રકારના ભેદના કારણે જ આ અર્થાપત્તિસમા જાતિ ભિન્ન કહેલ છે.

(સાધર્મ્યસમા જાતિમાં વાદિપ્રયુક્ત પ્રયોગમાં પ્રતિવાદિ સાધર્મ્યનાદ્વારથી પ્રતિહેતુ દ્વારા દોષનું ઉદ્ભાવન કરે છે.

જ્યારે અર્થાપત્તિસમા જાતિમાં વાદિપ્રયુક્ત પ્રયોગમાં સાધર્મ્યના દ્વારથી જે સિદ્ધ કર્યું હોય, તેનાથી વિરુદ્ધ પ્રતિવાદિ સાધર્મ્યના દ્વારથી અર્થાપત્તિથી સિદ્ધ કરે છે. આમ બંનેમાં સાધર્મ્યના દ્વારથી ખંડન હોવા છતાં જે દોષ ઉદ્ભાવનની ભિન્નતા છે તે સમજી શકાય છે.)

(૧૮) [બ] અવિશેષસમા જાતિ : સામાન્યધર્મ બતાવવા વડે જે ખંડન કરાય તે અવિશેષસમા જાતિ કહેવાય છે.

જેમકે જો શબ્દ અને ઘટનો એક ધર્મ કૃતકત્વ ઇચ્છાય છે, તો સમાનધર્મના યોગથી તે બંને સામાન્ય (એક) બની જશે અને એ રીતે સર્વપદાર્થો સામાન્ય બની જશે. (કારણકે સર્વ પદાર્થોમાં સમાનધર્મ પ્રમેયત્વ છે જ.) કહેવાનો આશય એ છે કે જો કૃતકત્વેન શબ્દ અને ઘટને સામાન્ય માનશો અને બંનેને અનિત્ય માનશો તો પ્રમેયત્વેન સર્વપદાર્થો સામાન્ય હોવાથી, સર્વ પદાર્થોને અનિત્ય માનવાની આપત્તિ આવશે.

(અ) अर्थापत्त्या प्रत्यवस्थानाग अर्थापत्तिसमा जातिर्भवति ।। न्यायक० पृ १९।।

(બ) अविशेपापादनेन प्रत्यवस्थानमविशेपसगाजातिर्भवति ।। न्यायक० पृ - १९ ।।

(१९)[अ] **उपपत्तिसमा जाति :** ઉપપત્તિથી ખંડન કરવું તે ઉપપત્તિસમા જાતિ કહેવાય છે. જેમકે કૃતકત્વની ઉપપત્તિથી શબ્દનું અનિત્યત્વ છે, તો અમૂર્તત્વની ઉપપત્તિથી શબ્દનું નિત્યત્વ શાથી થતું નથી ? અર્થાત્ થાય છે. એ પ્રમાણે બે પક્ષની ઉપપત્તિથી અંતે કોઈ નિશ્ચય થતો નથી. આ રીતે ઉદ્ભાવનના પ્રકારની ભિન્નતાના યોગે ઉપપત્તિસમા જાતિ બને છે.

(२०)[ब] **उपलब्धिसमा जाति :** ઉપલબ્ધિવડે ખંડન કરવું તે ઉપલબ્ધિ સમા જાતિ કહેવાય છે.

જેમકે, વાદિ વડે अनित्यः शब्द प्रयत्नानन्तरीयकत्वात्, આ પ્રમાણે કહેવાતે છતે પ્રતિવાદિ ખંડન કરે છે કે 'प्रयत्नानन्तरीयकत्व' એ અનિત્યત્વને (સિદ્ધ કરવામાં) સાધન નથી, કારણકે સાધન તે જ કહેવાય કે જેનાવિના સાધ્ય પ્રાપ્ત ન થાય. જ્યારે અહીં તો 'प्रयत्नानन्तरीयकत्व,' વિના પણ વિદ્યુતાદિમાં અનિત્યત્વ જણાય છે. અને ક્યાંક વાયુના વેગથી કે વનસ્પતિના ટુકડા કરતાં ઉત્પન્ન થયેલા શબ્દમાં પણ પ્રયત્નાનન્તરીયકત્વવિના અનિત્યત્વ છે જ. આમ આ બંને સ્થળે સાધન 'પ્રયત્નાનન્તરીયકત્વ' ન હોવા છતાં સાધ્ય અનિત્યત્વ સિદ્ધ થાય છે.

(२१)[क] **अनुपलब्धिसमा जाति :** અનુપલબ્ધિ વડે જે ખંડન કરવું તે અનુપલબ્ધિસમા જાતિ કહેવાય છે.

(અહીં પહેલાં એકવાત સમજી લેવાની કે નૈયાયિકો શબ્દને અનિત્ય માને છે. જ્યારે પ્રતિવાદિ મીમાંસક શબ્દને નિત્ય માને છે. મીમાંસક નૈયાયિકમતનું અનુપલબ્ધિવડે ખંડન કરે છે. તેથી અનુપલબ્ધિસમા જાતિ બને છે.)

જ્યારે વાદિ (નૈયાયિક) શબ્દને અનિત્ય સિદ્ધ કરવા 'प्रयत्नानन्तरीयकत्व' હેતુનો ઉપન્યાસ કરે છે, ત્યારે પ્રતિવાદિ (મીમાંસક) કહે છે કે પ્રયત્નાનન્તરીયકત્વનું કાર્ય શબ્દ નથી. કારણકે શબ્દ ઉચ્ચારણની પૂર્વે હોય જ છે. પણ શબ્દઉપર આવરણ હોવાનાકારણે જાણતો નથી.

નૈયાયિક : શબ્દઉપર આવરણ છે, એમ તમે કહો છો, તે આવરણ કેમ દેખાતું નથી ? તેથી આવરણની અનુપલબ્ધિ હોવાનાકારણે ઉચ્ચારણની પૂર્વે શબ્દ પણ હોતો જ નથી.

મીમાંસક : ના, એમ નથી, અહીં તમે નૈયાયિકો આવરણની જે અનુપલબ્ધિ છે એમ કહો છો. તે અનુપલબ્ધિ શું પોતાના આત્મામાં વર્તે છે કે પોતાના આત્મામાં નથી વર્તતી ?

જો એમ કહેશો કે પોતાના આત્મામાં વર્તે છે, તો જ્યાં આવરણમાં અનુપલબ્ધિ વર્તે છે, તે આવરણની જે પ્રમાણે અનુપલબ્ધિ છે, તે પ્રમાણે તે આવરણની અનુપલબ્ધિની પણ

(अ) उपपत्त्या प्रत्यवस्थानमुपपत्तिसमा जातिर्भवति ।। न्यायक० पृ. १९ ।।

(ब) उपलब्ध्या प्रत्यवस्थानमुपलब्धिसमा जातिर्भवति ।। न्यायक० पृ० २० ।।

(क) अनुपलब्ध्या प्रत्यवस्थानमनुपलब्धिसमा जातिर्भवति ।। न्यायक० पृ. २० ।।

અનુપલબ્ધિ જ છે. (અર્થાત્ તમને નૈયોયિકોને જેમ આવરણની ઉપલબ્ધિ જણાતી નથી, તેમ અમને(મીમાંસકોને) આવરણની અનુપલબ્ધિ પણ જણાતી નથી.) માટે અનુપલબ્ધિની અનુપલબ્ધિ = ઉપલબ્ધિ જ થઈ. આમ આવરણની ઉપલબ્ધિનો સદ્ભાવ છે. અને તેથી માટીની અંદર રહેલ મૂળા, કલીકાદિની (માટીના) આવરણનાકારણે ઉપલબ્ધિ થતી નથી, તેમ આવરણની ઉપલબ્ધિથી બનેલ શબ્દનું ઉચ્ચારણની પૂર્વે ગ્રહણ થતું નથી. અર્થાત્ આવરણના યોગથી ઉચ્ચારણ પૂર્વે શબ્દની ઉપલબ્ધિ થતી નથી. (અને આવરણ સંયોગ અને વિભાગ આદિને લીધે ખસી જાય છે, ત્યારે શબ્દ સાંભળી શકાય છે.)

હવે જો એમ કહેશો કે આવરણની અનુપલબ્ધિ પોતાના આત્મામાં વર્તતી નથી, તો અનુપલબ્ધિ પોતાના સ્વરૂપે કરીને પણ નથી. તો પણ અનુપલબ્ધિનો અભાવ ઉપલબ્ધિસ્વરૂપ છે. તેથી શબ્દનું ઉચ્ચારણની પૂર્વે પણ અસ્તિત્વ છે.

અને બંનેપ્રકારે પણ અર્થાત્ પ્રયત્નના કાર્યતરીકે શબ્દનો (અર્થાત્ શબ્દમાં પ્રયત્નાન્તરીયકત્વનો અભાવ) હોવાથી શબ્દ નિત્ય છે. એ સિદ્ધ થાય છે.

આ રીતે મીમાંસકોએ નૈયાયિકોના મતનું ખંડન કર્યું છે.

साध्यधर्मनित्यानित्यविकल्पेन शब्दस्य नित्यत्वापादनंनित्यसमा जातिः । अनित्यः शब्द इति प्रतिज्ञाते जातिवादी विकल्पयति । येयमनित्यता शब्दस्योच्यते सा किमनित्या नित्या वेति । यद्यनित्या तदियमवश्यमपायिनीत्यनित्यताया अपायान्नित्यः शब्दः । अथानित्यता नित्यैव तथापि धर्मस्य नित्यत्वात्तस्य च निराश्रयस्यानुपपत्तेस्तदाश्रयभूतः शब्दोऽपि नित्य एव स्यात्, तस्यानित्यत्वे तद्धर्मस्य नित्यत्वायोगात् । इत्युभयथापि नित्यः शब्द इति २२ । एवं सर्वभावानामनित्यत्वोपपादनेन प्रत्यवस्थानमनित्यसमा जातिः । घटसाधर्म्यमनित्यत्वेन शब्दस्यास्तीति तस्यानित्यत्वं यदि प्रतिपाद्यते, तदा घटेन सर्वपदार्थानामस्त्येव किमपि साधर्म्यमिति तेषामप्यनित्यत्वं स्यात् । अथ पदार्थान्तराणां तथाभावेऽपि नानित्यत्वं, तर्हि शब्दस्यापि तन्मा भूदिति, अनित्यत्वमात्रोपपादनपूर्वकविशेषोद्भावनादविशेषसमातो भिन्नेयं जातिः२३ । प्रयत्न-कार्यनानात्वोपन्यासेन प्रत्यवस्थानं कार्यसमाजातिः । अनित्यः शब्दः प्रयत्नान्तरी-कत्वादित्युक्ते जातिवाद्याह । प्रयत्नस्य द्वैरूप्यं दृष्टम् । किंचिदसदेव तेन जन्यते यथा घटादिकम् । किंचिच्च सदेवावरणव्युदासादिनाभिव्यज्यते यथा मृदन्तरितमूलकीलकादि गर्भगतपुत्रादि वा । एवं प्रयत्नकार्यनानात्वादेष शब्दः प्रयत्नेन व्यज्यते जन्यते वेति संशय

इति । संशयापादनप्रकारभेदाच्च संशयसमातः कार्यसमा जातिर्भिद्यते २४ । तदेवमुद्भावनविषयविकल्पभेदेन जातीनामानन्त्येऽप्यसंकीर्णोदाहरणविवक्षया चतुर्विंशतिर्जातिभेदा एते प्रदर्शिताः । प्रतिसमाधानं तु सर्वजातीनां पक्षधर्मत्वाद्यनुमानलक्षणपरीक्षालक्षणमेव । न ह्यविप्लुतक्षणे हेतावेवं प्रायाः पाशुपाताः प्रभवन्ति । कृतकत्वप्रयत्नानन्तरीयकत्वयोश्च दृढकृतप्रतिबन्धात् नावरणादिकृतं शब्दानुपलम्भनमपि त्वनित्यत्वकृतमेव । जातिप्रयोगे च परेण कृते सम्यगुत्तरमेव वक्तव्यम्, न तु प्रतीपं जात्युत्तरैरेव प्रत्यवस्थेयमासमंजस्य प्रसङ्गादिति ।।३१।।

टीकानो भावानुवाद :

(२२) [अ]**नित्यसमा जाति :** साध्यधर्मना नित्यत्व अने अनित्यत्वना विकल्पवडे शब्दनुं नित्यत्व सिद्ध करवुं ते नित्यसमा जाति कहेवाय छे. जेमके, शब्द अनित्य छे एम वादिए प्रतिज्ञाकरतां, प्रतिवादि विकल्प करे के "जे आ शब्दनी अनित्यता कहेवाय छे. ते शुं नित्य छे के अनित्य छे ?"

जो शब्दनी अनित्यताने अनित्य मानशो तो ते अवश्य नाश पामनार होवाथी अनित्यताना अपाय(नाश)थी शब्द नित्य ज रहेशे. (अर्थात् शब्दनी अनित्यता नाश पामतां शब्दनी नित्यता आवशे, एटले शब्द नित्य छे एम सिद्ध थशे.)

हवे जो शब्दनी अनित्यता नित्य छे, एम मानशो तो पण अनित्यता एकधर्म छे अने धर्म नित्य छे. तथा धर्म निराश्रय होतो नथी. तेथी क्यांक रहेवो जोईए. अने ते धर्मनुं आश्रय शब्द छे. तेथी नित्यधर्मनो आश्रय शब्द पण नित्य ज थशे अने जो शब्दने अनित्य मानशो तो शब्दना धर्मनी नित्यतानो अयोग थशे. अर्थात् शब्दनो धर्म अनित्य थवानी आपत्ति आवशे. पण ते योग्य नथी, कारणके धर्म नित्य होय छे.

आ प्रमाणे बंने रीते पण शब्द नित्य छे.

(२३) [ब] **अनित्यसमा जाति :** सर्वपदार्थोमां अनित्यत्व सिद्ध करवा द्वारा जे खंडन करवुं, ते अनित्यसमा जाति कहेवाय छे.

जेमके अनित्यत्वेन शब्दनुं घटनी साथे साधर्म्य छे. आथी शब्द अनित्य छे, एम जो स्वीकाराय तो घटनी साथे सर्वपदार्थोनुं कोईने कोई पण साधर्म्य छे ज. तेथी सर्वपदार्थो अनित्य थशे.

(अ) साध्यधर्मविकल्पेन शब्दनित्यत्वापादनं नित्यसमा जातिर्भवति ।। न्यायक० पृ. २० ।।

(ब) सर्वभावानित्यत्वोपपादनेन प्रत्यवस्थानमनित्यसमाजातिर्भवति ।। न्यायक० - पृ-२१ ।।

હવે જો તમે એમ કહેશો કે "ઘટની સાથે સર્વપદાર્થોનું કોઈને-કોઈ પણ સાધર્મ્ય હોવા છતાં સર્વપદાર્થો અનિત્ય નથી." તો શબ્દ પણ અનિત્ય ન થાઓ.

શંકા : અવિશેષસમાજાતિ પણ આ પ્રકારે જ છે, તો બંનેનું પૃથક્ઉપાદાન શા માટે કરેલ છે ?

સમાધાન : બંને સમાન નથી. અવિશેષસમા જાતિમાં સામાન્યધર્મને આગળ કરીને શબ્દનું અનિત્યત્વ સિદ્ધ કરેલ છે. જ્યારે આ અનિત્યસમા જાતિમાં અનિત્યત્વમાત્રને આગળ કરીને શબ્દને અનિત્ય સિદ્ધ કરવાનો પ્રયત્ન કરેલ છે. આથી ઉદ્ભાવનની વિશેષતાના કારણે બંનેનું પૃથક્ઉપાદાન કરેલ છે.

(૨૪)[અ] **કાર્યસમા જાતિ :** પ્રયત્નના કાર્યોનો અનેકરીતે ઉપન્યાસ કરવાદ્વારા જે ખંડન કરવું તે કાર્યસમાજાતિ કહેવાય છે.

જેમકે વાદિદ્વારા अनित्यः शब्दः प्रयत्नान्तरीयकत्त्वात् । આ પ્રમાણે કહેવાતે છતે જાતિવાદિ (પ્રતિવાદિ) કહે છે કે પ્રયત્ન બે પ્રકારનો હોય છે. (૧) કંઈક असत् જ પ્રયત્ન વડે ઉત્પન્ન કરાય છે. જેમકે ઘટ. (અર્થાત્ માટીમાં ઘટ असत् (અવિદ્યમાન છે) અને કુંભારના પ્રયત્નદ્વારા ઉત્પન્ન કરાય છે.) (૨) કંઈક सत् જ હોવા છતાં આવરણ હોય છે, તે આવરણને પ્રયત્નદ્વારા દૂર કરવા વડે પ્રગટ કરાય છે. જેમકે માટીમાં દટાયેલ મૂળ અને કીલિકાદિ (અર્થાત્ માટીમાં મૂળ અને કીલિકાદિ सत् (વિદ્યમાન) છે અને પુરૂષના પ્રયત્નદ્વારા આવરણ દૂર કરીને પ્રગટ કરાય છે.) અથવા ગર્ભમાં રહેલો પુત્ર. આ રીતે પ્રયત્નના કાર્ય અનેક હોવાથી, આ શબ્દ પ્રયત્નદ્વારા પ્રગટ કરાય છે કે ઉત્પન્ન કરાય છે ? આ પ્રકારનો સંશય થાય છે.

શંકા : સંશયસમા જાતિમાં પણ સંશય કરાય છે અને તેદ્વારા ખંડન થાય છે. તો બંનેમાં ભિન્નતા શું રહી ? અને તેથી બંનેને પૃથક્ શા માટે કહી ?

સમાધાન : સંશયને ઉત્પન્ન કરવાના પ્રકારની ભિન્નતાના કારણે સંશયસમા જાતિથી કાર્યસમા જાતિ ભિન્ન છે. તે આ રીતે-સંશય સમાજાતિમાં, ઉદાહરણનું સાધર્મ્ય અને વૈધર્મ્ય બતાવી સંશય પેદા કરવામાં આવે છે. જ્યારે કાર્યસમા જાતિમાં પ્રયત્નના કાર્યો (ફળો) અનેક હોવાના કારણે સંશય થાય છે.

આથી સંશયનું ઉદ્ભાવન કરવાના પ્રકારની ભિન્નતાના કારણે તે બંને જાતિ ભિન્ન છે.

આ રીતે ચોવીસ જાતિનું વર્ણન પુરું થાય છે. તેથી આ પ્રકારે ઉદ્ભાવનના પ્રકારો અને

(અ) प्रयत्नकार्यनानात्वोपन्यासेन प्रत्यवस्थानं कार्यसमा जातिर्भवति ।। न्याय क० पृ० २१ ।।

વિષયવિકલ્પોમાં ભિન્નતા હોવાથી જાતિઓ અનંત છે. પણ અસંકીર્ણ (છુટાછવાયા એકબીજામાં અંતર્ભૂત ન થનારા) ઉદાહણોની વિવક્ષાથી આ ૨૪ જાતિના ભેદો બતાવાયા છે. સર્વજાતિઓનું [૫૫]પ્રતિસમાધાન (કે જે આ ગ્રંથમાં નથી, પણ ન્યાયસૂત્રાનુસાર નીચે ટીપ્પણીમાં આપેલ છે તે પ્રતિસમાધાન) પક્ષધર્મત્વાદિ અનુમાનના સદ્‌હેતુઓ વડે અનુમાનની પરીક્ષા કરવાદ્વારા કરેલ છે અને એ પ્રમાણે અવિપ્લુતસ્વરૂપવાળા હેતુમાં પ્રાયઃ નૈયાયિકો (પ્રવૃત્તિ કરતા) નથી. કૃતકત્વ અને પ્રયત્નાનન્તરીયકત્વનો દૃઢસંબંધ હોવાથી (અવિનાભાવરૂપસંબંધ હોવાથી) શબ્દની અનુપલબ્ધિ પણ આવરણાદિકૃત નથી, પણ અનિત્યત્વકૃત જ છે.

---

૫૫. **ઉપરોક્ત જાતિઓનું પ્રતિસમાધાન ન્યાયસૂત્રાનુસાર અહીં આપેલ છે : (૧-૨) સાધર્મ્યસમા અને વૈધર્મ્યસમા** જાતિ અસત્ય ઉત્તર છે અને તે બતાવે છે. **गौत्वाद् गोसिद्धिवत् तत्सिद्धः ॥५-१-३॥** અર્થાત્ ગોત્વથી જેમ ગાયની સિદ્ધિ થાય છે, તેમ તેની સિદ્ધ થાય છે.

કહેવાનો આશય એ છે કે ગોત્વમાં ગાયની વ્યાપ્તિ છે. માટે ગોત્વનો જ્યાં સમવાયસંબંધ હોય તેને ગાય કહેવાય છે. શૃંગ, પુચ્છ આદિનો સંબંધ ગાયમાં છે, પણ ગાયની વ્યાપ્તિ શૃંગ કે પુચ્છમાં નથી. કારણકે ગાયસિવાય બીજાપશુઓમાં પણ શૃંગ અને પુચ્છ આદિનો સંબંધ હોય છે. માટે જ ધર્મમાં સાધ્યની વ્યાપ્તિ હોય તે જ ધર્મથી સાધ્યની સિદ્ધિ થઈ શકે છે.

शब्दोऽनित्यः कृतकत्वात् - આ ઉદાહરણમાં પણ અનિત્યત્વરૂપસાધ્યની વ્યાપ્તિ કૃતકત્વમાં છે, કારણકે નિત્યપદાર્થમાં કૃતકત્વ (કાર્યત્વ) હોતું જ નથી. અનિત્યત્વધર્મની વ્યાપ્તિ અમૂર્તત્વમાં હોતી નથી, કારણકે અમૂર્તત્વ નિત્યમાં પણ હોય છે. જેમકે આત્મા, આકાશ, કાળઆદિ નિત્યપદાર્થોમાં અમૂર્તત્વ છે. અનિત્યમાં પણ હોય છે જેમકે બુદ્ધિ, ઇચ્છાઆદિ અનિત્યપદાર્થોમાં અમૂર્તત્વ છે. માટે અમૂર્તત્વ ધર્મનું અનિત્યની સાથે વ્યાપ્તિવગરનું સાધર્મ્ય છે.

આ કારણથી અમૂર્તત્વરૂપ ધર્મ નિત્યત્વરૂપ સાધ્યનો હેતુ થઈ શકતો નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે વ્યાપ્તિ વગરનું સાધર્મ્ય કે વૈધર્મ્ય સાધ્યનું સાધક બની શકતું નથી. માટે એવાં સાધર્મ્ય અને વૈધર્મ્યમાં વ્યાપ્તિ ન હોવી એજ જાતિ હોવાનું કારણ છે.

* ઉત્કર્ષસમા, અપકર્ષસમા, વર્ણ્યસમા, અવર્ણ્યસમા, વિકલ્પસમા, અને સાધ્યસમા, આ છ જાતિઓ અસત્ય ઉત્તરરૂપે હોવાનાં કારણ બતાવે છે.

किंचित्साधर्म्याद् उपसंहारसिद्धेर्वैधर्म्यादप्रतिषेधः ॥५-१-५॥

અર્થાત્ કોઈપણ થોડાક સાધર્મ્યથી ઉપસંહાર સિદ્ધ થતો હોવાથી પછી વૈધર્મ્ય રહેવા છતાં ખંડન થઈ શકતું નથી.

કહેવાનો આશય એ છે કે, જે સાધર્મ્ય પ્રસિદ્ધ હોય અર્થાત્ જેમાં વ્યાપ્તિ હોય તે સાધર્મ્યથી ઉપસંહાર થઈ શકે છે. જે સાધર્મ્ય વ્યાપ્તિરહિત હોય તેનાથી સાધ્યની સિદ્ધિ થતી નથી. અને એવા સાધર્મ્યથી ઉપસંહાર પણ થઈ શકતો નથી. માટે વ્યાપ્તિ-નિરપેક્ષ સાધર્મ્યથી જે ખંડન કરવામાં આવ્યું છે તે અસત્ય ઉત્તર છે.

शब्दोऽनित्यः कृतकत्वात् घटवत् – આ ઠેકાણે ઘટમાં અને શબ્દમાં જે અનિત્યત્વ અને કૃતકત્વ છે. તેમાં વ્યાપ્તિ છે. અને તેથી સાધ્યની સિદ્ધિ થઈ શકે છે. ઘટમાં અનિત્યત્વ અને રૂપની વ્યાપ્તિ નથી, માટે રૂપની નિવૃત્તિથી અનિત્યત્વની નિવૃત્તિ થઈ શકતી નથી. આ કારણથી ઉત્કર્ષસમા આદિ જાતિઓ અસત્ય ઠરે છે.

બીજું કારણ બતાવે છે.

"साध्यातिदेशाश्च दृष्टान्तोपपत्तेः ।।५-१-६।। અને (साध्यातिदेशात्) અમુકપદાર્થમાં સાધ્ય બતાવવાથી દૃષ્ટાંતની સિદ્ધિ થઈ શકતી હોવાથી.

કહેવાનો આશય એ છે કે જે અર્થમાં સાધ્ય પ્રસિદ્ધતાથી બતાવી શકાતું હોય તે જ દૃષ્ટાંત થઈ શકે છે. દૃષ્ટાંતમાં જેટલા ધર્મ હોય તે બધા પક્ષમાં આવવા જ જોઈએ એવો નિયમ બાંધી શકાય નહીં. થોડા પણ વૈધર્મ્ય વગર દૃષ્ટાંત જ બની શકે નહીં. यथा गौस्तथा गवयः – આ ઠેકાણે ગો અને ગવય માં સાધર્મ્ય હોવા છતાં વૈધર્મ્ય તો રહે જ છે. પણ પ્રસિદ્ધસાધર્મ્યને લીધે જ જેમ ગવય નું ઉપમાન ગો બની શકે છે. તેમ પક્ષનું પ્રસિદ્ધસાધર્મ્ય હોય તે સપક્ષ થઈ જ શકે છે. માટે વર્ણ્યસમા અને સાધ્યસમા જાતિઓ પણ અસત્ ઉત્તર છે.

*** પ્રાપ્તિસમા અને અપ્રાપ્તિસમા જાતિનો ઉત્તર :**

घटादिनिष्पतिदर्शनात् पीडने चाभिचारादप्रतिषेधः ।।५-१-८।। અર્થાત્ - ઘટ આદિની ઉત્પત્તિ હેતુથી થતી હોવાથી અને અભિચારથી (શત્રુનો વધ, વશીકરણ અથવા માંત્રિકપ્રયોગથી) શત્રુનું પીડન થતું હોવાથી હેતુનું ખંડન થઈ શકતું નથી.

કહેવાનો આશય એ છે કે ઘટઆદિ કાર્ય ઉત્પન્ન કરવામાં હેતુનો ઘટના ઉપાદાનકારણસાથે અવશ્ય સંબંધ હોય છે. એ સર્વ કોઈ જાણે છે, માટે હેતુ સાધ્યના અધિકરણમાં રહીને પણ સાધ્યને સિદ્ધ કરી શકે છે.

અભિચારીકર્મમાં શત્રુ જે દેશમાં હોય તે દેશમાં હેતુ ન હોય તો પણ શત્રુને પીડા ઉત્પન્ન કરી શકે છે, માટે હેતુ સાધ્યના અધિકરણમાં ન હોય તો પણ સાધ્યને સિદ્ધ કરીશકે છે. માટે 'પ્રાપ્તિસમા' અને "અપ્રાપ્તિસમા" ખોટા ઉત્તર છે.

*** પ્રસંગસમા જાતનો ઉત્તર :**

प्रदीपादानप्रसङ्गनिवृत्तिवत् तद्विनिवृत्तिः ।।५-१-१०।। અર્થાત્ - અન્યપ્રદીપ (દીપક) લેવાનો પ્રસંગ જેમ નથી હોતો, તેમ પ્રતિદૃષ્ટાંતની પણ નિવૃત્તિ થાય છે.

કહેવાનો આશય એ છે કે દૃષ્ટાંત સિદ્ધ જ હોવાથી તેને સિદ્ધ કરવામાટે હેતુની જરૂર હોતી નથી. માટે બીજું દૃષ્ટાન્ત લેવાની જરૂર હોતી નથી. જેમ અંધારામાં પડેલી વસ્તુને જોવા માટે દીવાની જરૂર પડે છે. પણ દીવાને જોવા માટે બીજા દીવાની જરૂર પડતી નથી. તેમ સાધ્યને સિદ્ધ કરવા આપેલા દૃષ્ટાંતને સિદ્ધ કરવા બીજા દૃષ્ટાંતની જરૂર જ નથી. આ પ્રમાણે પ્રસંગસમા જાતિની નિવૃત્તિ થઈ જાય છે.

*** પ્રતિદૃષ્ટાંતસમા જાતિનો ઉત્તર :**

प्रतिदृष्टान्तहेतुत्वे च नाहेतुर्दृष्टांतः ।।५-१-११।। અને બીજા દૃષ્ટાંતને સાધકતરીકે માનવામાં આવે તો પણ પ્રથમનું દૃષ્ટાંન્ત અસાધક નથી.

કહેવાનો આશય એ છે કે એક દૃષ્ટાંતથી સાધ્યની સિદ્ધિ થતી હોય તો બીજું દૃષ્ટાંત શા માટે લેવું ? એમાં કશો હેતુ હોતો નથી. પ્રતિદૃષ્ટાંત સાધક થવાથી પણ મૂળ દૃષ્ટાન્તને જ્યાં સુધી હેતુથી ખંડિત કરવામાં ન આવે ત્યાં સુધી તે પણ સાધક જ છે. માટે વગર કારણે મૂળ દૃષ્ટાંતને છોડીને બીજું દૃષ્ટાન્ત લેવાની જરૂર જ નથી. આ કારણથી પ્રતિદૃષ્ટાંતસમા જાતિ અસત્ય ઠરે છે.

*** અનુત્પત્તિસમા જાતિનો ઉત્તર :**

तदाभावादुत्पन्नस्य कारणोपपत्तेर्न कारणप्रतिषेधः ।।५-१-१३।। અર્થાત્ - ઉત્પન્ન થયેલો પદાર્થ ઘટાદિરૂપે હોવાથી કારણની સિદ્ધિ થતી હોવાથી કારણનો પ્રતિષેધ થઈ શકતો નથી.

કહેવાનો ભાવાર્થ એ છે કે શબ્દ ઉત્પન્ન થયા પછી જ શબ્દ કહેવાય છે. પક્ષ પણ ત્યારે જ કહેવાય છે. તે જ

પ્રમાણે હેતુ અને દૃષ્ટાંતમાં પણ સમજવું. ઉત્પન્ન થયા પછી તેમાં કારણની ઉત્પત્તિ થઈ શકે છે. માટે પક્ષ, હેતુ અને દૃષ્ટાંતને ઉત્પત્તિ પહેલાં અસિદ્ધ બતાવી હેતુને અસિદ્ધ બતાવવો એ ખોટું ખંડન છે. જો ઉત્પત્તિ પહેલાં શબ્દ ન હોવાને લીધે તેમાં અનિત્યત્વ સિદ્ધ ન થઈ શકતું હોય તો તેમાં નિત્યત્વ પણ ક્યાંથી રહી શકે ? કારણ કે ઉભય પક્ષમાં શબ્દનો અભાવ સરખો હોવાથી ઉત્પત્તિ પહેલાં નિત્યત્વ ધર્મ પણ નથી જ. તો તમારું ઇષ્ટ નિત્યત્વ પણ શબ્દમાં સિદ્ધ ન જ થઈ શકે. આ પ્રમાણે અનુત્પત્તિસમા જાતિનું નિવારણ થઈ શકે છે.

*** સંશયસમા જાતિનો ઉત્તર :**

साधर्म्यात्संशये न संशयो वैधर्म्यादुभयथा वा संशयेऽत्यन्तसंशयप्रसङ्गो नित्यत्वान्नाभ्युपगमाच्च सामान्यस्याप्रतिषेधः ॥५-१-१५॥ અર્થાત્ સમાનધર્મના દર્શનથી સંશય થતો હોવા છતાં વૈધર્મ્યદર્શનથી સંશય થતો નથી અને (ઉભયથા) સાધારણધર્મ અને વિશેષધર્મ બંનેના દર્શનથી જો સંશય માનવામાં આવે તો સંશયને નિત્ય માનવો પડે અને સમાનધર્મને નિત્યસંશયજનક તરીકે માનવામાં આવતો ન હોવાથી સંશયસમા જાતિથી હેતુનું ખંડન થઈ શકતું નથી.

ભાવાર્થ એ છે કે સમાનધર્મના દર્શનથી સંશય થાય છે. પણ જ્યારે વિશેષધર્મનું દર્શન થાય છે, ત્યારે સંશય મટી જાય છે. જેમકે સ્થાણુ અને પુરૂષમાં ઊંચાઈ એ સમાન છે અને એનું જ જ્યારે દર્શન થાય છે, ત્યારે સંશય થાય છે પણ જ્યારે હાથ પગ વિગેરે વિશેષધર્મનું દર્શન થાય છે. ત્યારે આ સ્થાણુ છે કે પુરૂષ છે ? એવો સંશય રહેતો નથી.

તે જ પ્રમાણે શબ્દમાં કાર્યત્વરૂપ વિશેષધર્મ જોવાથી શબ્દ નિત્ય હશે કે અનિત્ય ? એવો સંશય નહીં રહે. જો વિશેષધર્મનું દર્શન પણ સંશયનું કારણ હોય તો સંશયની ક્યારે પણ નિવૃત્તિ થઈ શકે જ નહિ. માટે વિશેષધર્મનું દર્શન થયા પછી સામાન્યધર્મનું દર્શન સંશયનું કારણ રહેતું નથી. આ હેતુથી સંશયસમા જાતિ એ અસત્ય ઉત્તર છે.

*** પ્રકરણસમા જાતિનો ઉત્તર :**

प्रतिपक्षात् प्रकरणसिद्धेः प्रतिषेधानुपपत्तिः प्रतिक्षेपोपपत्तेः ॥५-१-१७॥ અર્થાત્-વિપરીત સાધ્યના હેતુથી પક્ષ અને પ્રતિપક્ષરૂપ પ્રકરણ ચાલુ થાય તો પણ તે દ્વારા પૂર્વોક્તહેતુમાં વ્યાપ્તિઆદિનું બળ હોવાથી, તેનાથી સિદ્ધિ થઈ શકશે. માટે વ્યાપ્તિવિશિષ્ટ હેતુનો પ્રતિષેધ થઈ શકે નહિ.

કહેવાનો આશય એ છે કે - शब्दः, अनित्यः कार्यत्वात् - શબ્દ અનિત્ય છે, કારણકે તે કાર્ય છે. અહીં કાર્યત્વરૂપ હેતુનો વિરોધી શ્રાવણત્વરૂપ હેતુ છે. શ્રાવણત્વ હેતુથી શબ્દમાં નિત્યત્વરૂપ વિપરીત સાધ્ય પ્રતિવાદિ સિદ્ધ કરવા ઇચ્છે છે. અહીં કાર્યત્વરૂપ હેતુમાં વ્યાપ્તિ હોવાથી તે સબળ બને છે અને શ્રાવણત્વ હેતુમાં વ્યાપ્તિ હોય તો પણ તેને જાણવા માટે અન્વયી ઉદાહરણ મળી શકતું નથી. માટે તે નિર્બળ છે. માટે પ્રતિપક્ષરૂપ કાર્યત્વ હેતુથી જ સાધ્યની સિદ્ધિ થતી હોવાથી પ્રકરણસમા જાતિ બની શકતી નથી.

*** હેતુસમા જાતિનો ઉત્તર : न हेतुतः साध्यसिद्धेस्त्रैकाल्यासिद्धिः** ॥૫-૧-૧૯॥-હેતુથી જ સાધ્યની સિદ્ધિ થતી હોવાથી ત્રૈકાલ્યની અસિદ્ધિ નથી.

કહેવાનો ભાવાર્થ એ છે કે, ત્રણ કાળમાં હેતુની સિદ્ધિ થઈ શકતી નથી, એ કહેવું ખોટું છે. કારણકે સાધ્યની સિદ્ધિ હેતુથી જ સર્વ કોઈ સ્વીકારે છે. જો ભૂખની શાંતિ ભોજનથી ન થતી હોય તો ભોજન કરવામાં કોઈપણ માણસની પ્રવૃત્તિ જ ન થાય. માટે ભૂખનું મટવું એ સાધ્ય છે. અને તેનો હેતુ ભોજન, એ સર્વ કોઈ માની શકે તેવી સ્પષ્ટ વાત છે.

*** બીજું કારણ બતાવે છે :**

प्रतिषेधानुपपत्तेः प्रतिषेद्धव्याप्रतिषेधः ॥૫-૧-૨૦॥ અર્થાત્ - પ્રતિષેધની ઉપપત્તિ ન થવાથી પ્રતિષેધ કરવા યોગ્યનો પ્રતિષેધ પણ થઈ શકશે નહીં.

કહેવાનો આશય એ છે કે, જો તમે હેતુફલભાવનું ખંડન કરશો તો તમે જેનો પ્રતિષેધ કરો છો તેનું પ્રતિષેદ્ધવ્ય શું છે ? પ્રતિષેધ પણ સાધન હોવાથી, એનાથી પણ સાધ્યની સિદ્ધિ નહીં જ થઈ શકે. માટે હેતુથી સાધ્યની સિદ્ધિ માનવી જ જોઈએ.

*** અર્થાપત્તિસમા જાતિનો ઉત્તર :**

अनुक्तस्यार्थापत्तेः पक्षहानेरुपपत्तिरनुक्तत्वादनैकान्तिकत्वाच्चार्थापत्तेः ॥૫-૧-૨૨॥ અર્થાત્ - અનુક્તમાત્રની સિદ્ધિ જો અર્થાપત્તિના આભાસથી થતી હોય, તો પક્ષહાનિની પણ સિદ્ધિ થઈ શકે. કારણકે તે અનુક્ત છે. વળી અસમર્થ અર્થાપત્તિથી અનૈકાન્તિકદોષ પણ આવે છે.

ભાવાર્થ એ છે કે જો અર્થાપત્તિથી અનુક્તમાત્રની સિદ્ધિ થતી હોય તો પ્રતિપક્ષની હાનિ પણ સિદ્ધ થવી જોઈએ, કારણકે ખંડન કરનારે પોતાના પક્ષની હાનિ પણ કહી નથી.

વળી અસમર્થ અર્થાપત્તિથી નિત્યનું સાધર્મ્ય બતાવી વાદિ જેમ શબ્દમાં નિત્યત્વ માને છે, તેમ તે જ અસમર્થ અર્થાપત્તિથી અનિત્યની સાથે સાધર્મ્ય બતાવી શબ્દમાં અનિત્યત્વને પણ પ્રતિવાદિ માની શકે છે. એક જ પદાર્થમાં નિત્યત્વ અને અનિત્યત્વ આવા વિરુદ્ધધર્મ કેવી રીતે માની શકાય ? શું ઘટ કાળો છે ? એમ કહ્યું એટલે બીજીબધી વસ્તુઓ કાળી નથી, એમ અર્થાપત્તિથી સિદ્ધ થઈ શકે ? 'વિશેષનું વિધાન કરવાથી બાકીરહેલાઓનો નિષેધ થાય છે' એ કેમ બની શકે ? માટે અસમર્થ અર્થાપત્તિથી ખંડન કરવું તે અસત્ય ઉત્તર છે.

*** અવિશેષસમા જાતિનો ઉત્તર :**

क्वचिद् धर्मानुपपत्तेः क्वचिच्चोपपत्तेः प्रतिषेधभावः ॥૫-૧-૨૪॥ અર્થાત્ કોઈઠેકાણે ધર્મની ઉપપત્તિ ન હોવાથી અને કોઈઠેકાણે ઉપપત્તિ થઈ શકતી હોવાથી પ્રતિષેધ થઈ શકતો નથી.

કહેવાનો આશય એ છે કે, કોઈ એક સાધ્યરૂપધર્મની વ્યાપ્તિ કોઈ અમુક ધર્મમાં જ હોવાથી, સર્વધર્મ સાધ્યને સિદ્ધ કરીશકતા નથી. માટે ગમે તે ધર્મને લીધે પદાર્થોને અવિશેષ માની શકાય નહીં. સત્ત્વ, પ્રમેયત્વ, અભિધેયત્વ રૂપ ધર્મ સમાન હોવા છતાં તેનાથી બધા પદાર્થો નિત્ય કે અનિત્ય થઈ શકે નહિ. કારણકે, અનિત્યત્વરૂપ સાધ્યની વ્યાપ્તિ સત્વ, પ્રમેયત્વ આદિમાં નથી. માટે 'અવિશેષસમા' જાતિ બની શકતી નથી.

*** ઉપપત્તિસમા જાતિનો ઉત્તર :**

उपपत्तिकारणाभ्यनुज्ञानादप्रतिषेधः ॥૫-૧-૨૬॥ અર્થાત્ ઉપપત્તિનું કારણ સ્વીકારવાથી પ્રતિષેધ થઈ શકતો નથી.

ભાવાર્થ એ છે કે મારા પક્ષમાં જ્યારે તું પ્રમાણ માને છે, તો પછી ખંડન શાનું થયું ? પ્રમાણ માનવાથી તો મારા પક્ષની સિદ્ધિ થાય છે.

જો શબ્દમાં અનિત્યત્વ તું પ્રમાણથી સ્વીકારે છે, તો પછી અનિત્યત્વનું ખંડન થઈ શકે જ નહિ. નિત્યત્વ અને અનિત્યત્વ બંને વિરુદ્ધ છે. વિરુદ્ધ બે સ્વરૂપવાળો કોઈપણ પદાર્થ હોય જ નહીં. એટલે તારો પક્ષ આપોઆપ ખોટો ઠરે છે. વળી નિત્યત્વની વ્યાપ્તિ અસ્પર્શત્વમાં ન હોવાથી અસ્પર્શત્વ નિત્યત્વનું સાધક પણ થઈ શકતું નથી. આ પ્રમાણે 'ઉપપત્તિસમા' જાતિ અસત્ય ઉત્તર તરીકે ઠરે છે.

*** ઉપલબ્ધિસમા જાતિનો ઉત્તર :**

कारणान्तरादपि तद्धर्मोपपत्तेरप्रतिषेधः ॥५-१-२८॥

અર્થાત્ - બીજા કારણથી પણ સાધ્યરૂપ ધર્મની સિદ્ધિ થતી હોવાથી પૂર્વે કહેલા કારણનું ખંડન થઈ શકતું નથી.

કહેવાનો આશય એ છે કે ધૂમરૂપહેતુથી અગ્નિની સિદ્ધિ થાય છે. આલોકથી પણ અગ્નિની સિદ્ધિ થાય છે. અહીં બંનેહેતુ અગ્નિના સાધક છે. સાધ્યનું સાધન એક જ હોવું જોઈએ એવું કશું અવધારણ અમે કરતા નથી. જે જે હેતુમાં સાધ્યની વ્યાપ્તિ હશે તે તે બધા હેતુઓ સાધક થઈ શકશે. પણ આલોક હેતુ આપવાથી ધૂમરૂપ હેતુ અગ્નિની સિદ્ધિમાટે ખોટો ઠરતો નથી. માટે 'ઉપલબ્ધિ સમા' જાતિ અસત્યઉત્તર ઠરે છે.

*** અનુપલબ્ધિસમા જાતિનો ઉત્તર :**

अनुपलम्भात्मकत्वादनुपलब्धेरहेतुः ॥५-१-३०॥ અર્થાત્ અનુપલંભસ્વરૂપ અનુલબ્ધિ હોવાથી પ્રતિષેધ કરનાર હેતુ અસત્ય ઠરે છે.

કહેવાનો આશય એ છે કે અનુપલબ્ધિ અભાવરૂપે જ હોય છે. ભાવરૂપ પદાર્થમાં અસ્તિત્વ હોય છે. અને અભાવમાં નાસ્તિત્વ હોય છે. એક જ પદાર્થમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ આવા વિરુદ્ધધર્મ સંભવી શકે જ નહીં. માટે આવરણની અનુપલબ્ધિનો વિષય અભાવરૂપે જ છે. એ કેવળ શબ્દના આડંબરથી ભાવરૂપ ન જ બની શકે. જેનો ઉપલંભ થતો હોય તે 'છે' એમ કહેવાય, જેમકે 'મનુષ્ય.' મનુષ્યનો ઉપલંભ થાય છે માટે 'મનુષ્ય છે.' જેનો ઉપલંભ ન થતો હોય તે 'નથી' એમ કહેવાય. જેમકે મનુષ્યનું શીંગડું. મનુષ્યના શીંગડાનો ઉપલંભ થતો નથી, માટે મનુષ્યને શીંગડું નથી એમ કહેવાય છે. માટે અનુલબ્ધિસમા જાતિ અસત્ય ઉત્તરરૂપ છે.

બીજી રીતે પણ અનુપલબ્ધિસમા જાતિ અસત્ય ઉત્તર રૂપે ઠરે છે.

ज्ञानविकल्पानां च भावाभावसंवेदनादध्यात्मम् ॥५-१-३१॥ અર્થાત્ - આત્મામાં જ્ઞાનના વિશેષોનો ભાવ અને અભાવ મનથી જાણતા હોવાથી.

કહેવાનો આશય એ છે કે જો આત્મામાં કોઈપણ વિષયનું સંશયાત્મક જ્ઞાન હોય તો તે મનથી સમજી શકે છે. અને કહે છે કે મને અમુક બાબતમાં સંશય છે. તે રીતે જો કોઈ વિષયનું નિશ્ચયાત્મક જ્ઞાન હોય તો પણ આત્મા કહે છે કે મને અમુક બાબતમાં નિશ્ચય છે. આ પ્રમાણે પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, સ્મૃતિઆદિ જ્ઞાનોને પણ આત્મા પોતાના મનથી સમજી શકે છે. શબ્દઉપરનું આવરણ હું જાણી શકતો નથી. એટલે શબ્દ ઉપર આવરણ નથી એવો નિશ્ચય પણ આત્માને છે. માટે આવરણની અનુપલબ્ધિ પણ આત્મા મનથી નિશ્ચય કરી શકે છે. એમાં ખોટા તર્કનું જરાપણ સ્થાન નથી.

*** 'અનિત્યસમા' જાતિનો ઉત્તર :**

साधर्म्यादसिद्धेः प्रतिषेधासिद्धिः प्रतिषेध्यसाधर्म्याच्च ॥५-१-३३॥ અર્થાત્ - જો સાધર્મ્યથી કોઈપણ હેતુ ન બનતો હોય તો પ્રતિષેધકહેતુની પણ સિદ્ધિ થશે નહીં. પ્રતિષેધ્યહેતુની સાથે કોઈને કોઈપણ અંશમાં સાધર્મ્ય હોવાથી.

કહેવાનો આશય એ છે કે, ગમે તેવા સાધર્મ્યથી સર્વમાં સાધ્યત્વનું આપાદાન કરવાનો હેતુ પણ અસત્ય જ ઠરશે. કારણકે તેના હેતુમાં પણ પ્રતિષેધ્યમાં રહેલા સત્ત્વ, પ્રમેયત્વરૂપ ધર્મ છે જ. તો એ સાધર્મ્યને લીધે પ્રતિવાદિનો હેતુ પણ ખોટો જ થાય છે. માટે ગમેતેવા સાધર્મ્યથી હેતુની સિદ્ધિ અથવા ખંડન થતું નથી. પણ જે હેતુમાં વ્યાપ્તિ-વિશિષ્ટ સાધર્મ્ય હોય તેનાથી જ હેતુ સાધક અથવા બાધક થઈ શકે છે. બીજું કારણ બતાવે છે.

"दृष्टान्ते च साध्यसाधनभावेन प्रज्ञातस्य धर्मस्य हेतुत्वात् तस्य चोभयथा भावान्नाविशेषः" ॥५-१-३४॥ અર્થાત્ દૃષ્ટાંતમાં સાધ્યસાધનભાવથી જણાયેલા ધર્મનું હેતુપણું હોવાથી અને સાધર્મ્યથી અને વૈધર્મ્યથી પણ હેતુ સાધક બનતો હોવાથી સમાનતા નથી.

કહેવાનો આશય એ છે કે જે ધર્મમાં સાધ્ય અને સાધનમાં રહેલીવ્યાપ્તિ જણાતી હોય તે જ ધર્મ હેતુ થઈ શકે છે. એ વ્યાપ્તિ સાધર્મ્ય સાથે હોય છે. અને વૈધર્મ્ય સાથે પણ હોય છે. સાધર્મ્યમાં જે વ્યાપ્તિ હોય તે અન્વયવ્યાપ્તિ અને વૈધર્મ્ય સાથે હોય તે વ્યતિરેકવ્યાપ્તિ. આ પ્રમાણે સાધર્મ્યથી પણ હેતુ બને છે. અને વૈધર્મ્યથી પણ હેતુ બને છે. માટે અસત્યહેતુ અને સત્યહેતુ બંને સરખા નથી.

*** નિત્યસમા જાતિનો ઉત્તર :**

प्रतिषेध्ये नित्यगनित्यभावादनित्यत्वोपपत्तेः प्रतिषेधाभावः ॥५-१-३૬॥ અર્થાત્ પ્રતિષેધ કરવાયોગ્ય શબ્દમાં નિત્ય–અનિત્યત્વ માની લેવાથી શબ્દમાં અનિત્યત્વની સિદ્ધિ થવાથી શબ્દના અનિત્યત્વનો પ્રતિષેધ થઈ શકતો નથી.

કહેવાનો ભાવાર્થ એ છે કે જ્યારે તમે શબ્દમાં નિત્ય અનિત્યનો સ્વીકાર કરો છો, તો શબ્દ અનિત્ય થઈ ગયો. શું શબ્દમાં નિત્યત્વ અને અનિત્યત્વ આ બંને વિરુદ્ધધર્મ રહી શકે ?

અનિત્યત્વ એ અભાવાત્મક ધર્મ છે. અભાવ કોઈ દિવસ પણ પ્રતિયોગીનો આશ્રય કરી રહી શકતો નથી. ઘટનો અભાવ ઘટમાં રહી શકે જ નહિ. માટે અભાવરૂપ ધર્મના આધાર તરીકે શબ્દના અસ્તિત્વને સ્વીકારવાની જરાપણ જરૂર નથી. અનિત્યત્વ એટલે નિરોધ અથવા પ્રધ્વંસાભાવ. શબ્દનો પ્રધ્વંસાભાવ માનવાથી શબ્દ અનિત્યતરીકે સિદ્ધ થાય છે. માટે નિત્યસમા જાતિ અસત્ય ઉત્તર ઠરે છે.

*** 'કાર્યસમા' જાતિનો ઉત્તર :**

कार्यान्यत्वे प्रयत्नाहेतुत्वमनुपलब्धिकारणोपपत्तेः ॥५-१-३८॥ અર્થાત્ - પ્રયત્નના કાર્યમાં ભેદ હોવા છતાં પ્રકૃત પ્રયત્નાન્તરીયકત્વ હેતુ અસિદ્ધ નથી, કારણકે અનુપલબ્ધિનું કારણ ન મળતું હોવાથી. કહેવાનો ભાવ એ છે કે પ્રયત્નના કાર્ય એટલે ફળમાં ભેદ હોય છે. છતાં શબ્દઃ, अनित्यः, प्रयन्तान्तरीयकत्वात्-આ ઠેકાણે પ્રયત્નથી શબ્દ ઉત્પન્ન થાય છે. એમાં કશો પણ દોષ નથી. શબ્દ જો વિદ્યમાન અને કોઈથી પણ ઢંકાયેલો હોય તો તેના (શબ્દના) ઉપરરહેલા આવરણનું જ્ઞાન થવું જોઈએ. જેમ જમીનમાં વિદ્યમાન પાણીનું આવરણ માટી હોય છે, તેમ શબ્દ ઉપર કોઈપણ જાતનું આવરણ નથી, માટે શબ્દ વિદ્યમાન ન માની તેની અભિવ્યક્તિ માનવી તે ખોટું છે. શબ્દ તો પ્રયત્નને લીધે નવો જ ઉત્પન્ન થાય છે. એમ માનવું જ જોઈએ. માટે કાર્યસમા જાતિનો અહીં અવકાશ નથી. તેથી શબ્દની ઉત્પત્તિમાં આપેલો પ્રયત્નાન્તરીયકત્વ હેતુ સત્ય જ છે. આના સંબંધમાં આગળ પણ ઘણું કહેલ છે.

આ પ્રમાણે ૨૪ જાતિઓ બતાવવામાં આવી છે. આમાં કેવળ ઉદ્ભાવન કરવામાં જ વિલક્ષણતા છે. તેથી ઘણે ઠેકાણે ઉપલકદૃષ્ટિથી પુનરુક્તિ જેવું જણાશે. અથવા એક જાતિમાં બીજી જાતિ સમાઈ જતી જણાશે. પણ દોષદેવાના પ્રકારની સુક્ષ્મતા ઉપર ધ્યાન દેવામાં આવશે તો ભેદ સ્પષ્ટ જણાઈ આવશે. કેટલાક નૈયાયિકો આ સિવાય બીજી જાતિઓ પણ માને છે. કારણકે દોષ દેવાના પ્રકારની ઇયત્તા બાંધી શકાતી નથી. માટે આ જાતિના ગણને આકૃતિગણ તરીકે માન્યો છે.

તારા પક્ષમાં પણ કંઈકને કંઈક દોષ હોવો જ જોઈએ. કારણ કે સંસારમાં સર્વથા નિર્દોષ વસ્તુ કોઈ નથી. આમ કહી વાદીના હેતુમાં શંકા લાવવી એને શાઠીસમા જાતિ કહેવામાં આવે છે. એ પ્રમાણે બીજી જાતિઓનું પણ ઉદ્ભાવન કરી શકાય છે.

બીજાવડે જાતિનો પ્રયોગ કરાતે છતે સમ્યગ્ ઉત્તર જ આપવો જોઈએ, પણ બદલામાં જાતિથી ઉત્તરો આપવાવડે ખંડન ન કરવું જોઈએ. કારણ કે તે રીતે કરવાથી તો અસમંજસ (અવ્યવસ્થા)નો પ્રસંગ આવે છે. ॥૩૧॥

अथ निग्रहस्थानमाह ।

હવે નિગ્રહસ્થાનના સ્વરૂપને ગ્રંથકારશ્રી કહે છે.

निग्रहस्थानमाख्यातं परो येन निगृह्यते ।
प्रतिज्ञाहानिसंन्यासविरोधादिविभेदतः ।।३२।।

श्लोकार्थः જે પ્રતિજ્ઞાહાનિ, પ્રતિજ્ઞાસંન્યાસ, પ્રતિજ્ઞાવિરોધાદિ વિશિષ્ટભેદથી પર (પ્રતિવાદિ-વિપક્ષ) નિગૃહીત કરાય તે પ્રતિજ્ઞાહાનિઆદિ (બાવીસ) નિગ્રહસ્થાન કહેલ છે. ॥૩૨॥

व्याख्या-येन केनचित्प्रतिज्ञाहान्याद्युपरोधेन परो विपक्षो निगृह्यते, परवादी वचननिग्रहे पात्यते तन्निग्रहस्थानम् । पराजयस्तस्य स्थानमाश्रयः कारणमित्यर्थः । आख्यातं कथितम् । कुतो नामभेदत इत्याह-'प्रतिज्ञाहानीत्यादि' । हानिस्त्यागः, संन्यासोऽपह्नवं, विरोधो हेतोर्विरुद्धता, तेषां द्वन्द्वे हानिसंन्यासविरोधाः । ततः प्रतिज्ञाशब्देनेत्थं सम्बन्धः, प्रतिज्ञायाः पक्षस्य हानिसंन्यासविरोधाः प्रतिज्ञाहानिसंन्यासविरोधास्ते आदिर्येषां ते प्रतिज्ञाहानिसंन्यासविरोधादयः, आदिशब्देन शेषानपि भेदान्परामृशति, तेषां विभेदतो विशिष्टभेदतः, येन प्रतिज्ञाहान्यादिदूषणजालेन परो निगृह्यते, तन्निग्रहस्थानमित्यर्थः । निग्रहस्थानं च सामान्यतो द्विविधं, विप्रतिपत्तिरप्रतिपत्तिश्च । तत्र विप्रतिपत्तिः साधनाभासे साधनबुद्धिः दूषणाभासे च दूषणबुद्धिः । अप्रतिपत्तिस्तु साधनस्यादूषणं दूषणस्य चानुद्धरणम् । द्विधा हि वादी पराजीयते । यथा-कर्तव्यमप्रतिद्यमानो विपरीतं वा प्रतिपद्यमान इति विप्रतिपत्त्यप्रतिपत्तिभेदाद्य द्वाविंशतिर्निग्रहस्थानानि भवन्ति । तद्यथा-प्रतिज्ञा[१]हानिः [२]प्रतिज्ञान्तरं प्रति[३]ज्ञाविरोधः प्रति[४]ज्ञासंन्यासः हे[५]त्वन्तरं [६]अर्थांतरं निर[७]र्थकं [८]अविज्ञातार्थं [९]अपार्थकं [१०]अप्राप्तकालं [११]न्यूनं [१२]अधिकं [१३]पुनरुक्तं [१४]अननुभाषणं [१५]अज्ञानं [१६]अप्रतिभा [१७]विक्षेपः [१८]मतानुज्ञा पर्यनु[१९]योज्योपेक्षणं नि[२०]रनुयोज्यानुयोगः [२१]अपसिद्धान्तः हे[२२]त्वाभासाश्च ।। अत्राप्यननुभाषणमज्ञानम-प्रतिभा विक्षेपः पर्यनुयोज्योपेक्षणमित्यप्रतिपत्तिप्रकाराः, शेषाश्च विप्रतिपत्तिभेदाः ।

ટીકાનો ભાવાનુવાદ :

વ્યાખ્યા : જે કોઈ પ્રતિજ્ઞાહાનિઆદિના ઉપરોધથી વિપક્ષ (પરવાદિ) નિગૃહીત કરાય અથવા પરવાદિને વચનનિગ્રહમાં પાડવામાં આવે તે પ્રતિજ્ઞાહાનિઆદિને નિગ્રહસ્થાન કહેલ છે. તાત્પર્ય એ છે કે પરાજ્યના કારણભૂત આશ્રય(સ્થળ)ને નિગ્રહસ્થાન કહેવાય છે. (અર્થાત્ જેનાવડે પરવાદિનો પરાજય થાય, તે સ્થળને નિગ્રહસ્થાન કહેવાય છે.)

નિગ્રહસ્થાન નામના ભેદથી કેટલા છે ? (અર્થાત્ નિગ્રહસ્થાનો કયા છે ?) પ્રતિજ્ઞાહાનિ ઇત્યાદિ. હાનિ એટલે ત્યાગ, સંન્યાસ=છુપાવવું. (વસ્તુ હોવા છતાં નથી, એમ કહેવું.) વિરોધ એટલે હેતુની વિરુદ્ધતા. આ ત્રણેનો દ્વન્દ્વ સમાસ થઈને "हानिसंन्यासविरोधाः" આ પદ બનેલ છે. તેથી પ્રતિજ્ઞાશબ્દની સાથે આ પ્રકારે સંબંધ કરવો. પ્રતિજ્ઞા એટલે પક્ષનીહાનિ, સંન્યાસ અને વિરોધ છે તે પ્રતિજ્ઞાહાનિસંન્યાસવિરોધ અને પ્રતિજ્ઞાહાનિસંન્યાસવિરોધઆદિમાં છે જેઓના તે પ્રતિજ્ઞાહાનિસંન્યાસવિરોધાદિ. તે પ્રતિજ્ઞાહાનિ સંન્યાસ વિરોધાદિ વિશિષ્ટભેદથી અન્ય પરવાદિ નિગૃહીત કરાય તે નિગ્રહસ્થાન કહેવાય છે. આદિપદથી નિગ્રહસ્થાનના આ ત્રણસિવાયના બીજાભેદો જણાવે છે.

નિગ્રહસ્થાન સામાન્યથી બે પ્રકારે છે. (૧) વિપ્રતિપત્તિ નિગ્રહસ્થાન, (૨) અપ્રતિપત્તિ નિગ્રહસ્થાન.

સાધનાભાસમાં સાધનબુદ્ધિ અને દૂષણાભાસમાં દૂષણબુદ્ધિ થવી તે વિપ્રતિપત્તિ કહેવાય છે. તથા સાધનનું દૂષણ ન બતાવી શકવું અને સાધનમાં બતાવેલા દૂષણનો ઉદ્ધાર ન કરવો તે અપ્રતિપત્તિ કહેવાય છે.

આમ વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ એમ બે પ્રકારે વાદિ પરાજીત કરાય છે.

(કહેવાનો આશય એ છે કે નિગ્રહસ્થાન વસ્તુની રજૂઆતને નહીં સમજી શકવાથી કે વિપરીત સમજવાથી થાય છે. વસ્તુને નહીં સમજવી તે અપ્રતિપત્તિ અને વસ્તુને વિપરીત સમજવી તે વિપ્રતિપત્તિ.)

આ રીતે કર્ત્તવ્યને નહીં સ્વીકારતાં અને કર્ત્તવ્યથી વિપરીત સ્વીકારતાં અનુક્રમે અપ્રતિપત્તિ અને વિપ્રતિપત્તિના ભેદથી બાવીસ નિગ્રહસ્થાનો છે. તે આ પ્રમાણે - (૧) પ્રતિજ્ઞાહાનિ, (૨) પ્રતિજ્ઞાન્તર, (૩) પ્રતિજ્ઞાવિરોધ, (૪) પ્રતિજ્ઞાસંન્યાસ, (૫) હેત્વન્તર, (૬) અર્થાંતર, (૭) નિરર્થક, (૮) અવિજ્ઞાતાર્થ, (૯) અપાર્થક, (૧૦) અપ્રાપ્તકાલ, (૧૧) ન્યૂન, (૧૨) અધિક, (૧૩) પુનરુક્ત, (૧૪) અનનુભાષણ, (૧૫) અજ્ઞાન, (૧૬) અપ્રતિભા, (૧૭) વિક્ષેપ, (૧૮) મતાનુજ્ઞા, (૧૯) પર્યનુયોજ્યોપેક્ષણ, (૨) નિરનુયોજ્યાનુયોગ, (૨૧) અપસિદ્ધાંત, (૨૨) હેત્વાભાસ.

આ બાવીસમાં અનનુભાષણ, અજ્ઞાન, અપ્રતિભા, વિક્ષેપ, પર્યનુયોજ્યોપેક્ષણ આપાંચ અપ્રતિપત્તિના ભેદો છે અને બાકીના વિપ્રતિપત્તિના ભેદો છે.

तत्र हेतावनैकान्तिकीकृते प्रतिदृष्टान्तधर्मं स्वदृष्टान्तेऽभ्युपगच्छतः प्रतिज्ञाहानिर्नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्द ऐन्द्रियकत्वाद्घटवदिति साधनं वादी वदन् परेण सामान्यमैन्द्रियकमपि नित्यं दृष्टमिति हेतावनैकान्तिकीकृते यद्येवं ब्रूयात्सामान्यवद्घटोऽपि नित्यो भवत्विति स एवं ब्रुवाणः शब्दानित्यत्वप्रतिज्ञां जह्यात् । शब्दोऽपि नित्य एव स्यात् । ततः प्रतिज्ञाहान्या पराजीयते १ । प्रतिज्ञातार्थप्रतिषेधे परेण कृते तत्रैव धर्मिणि धर्मान्तरं साधनीयमभिदधतः प्रतिज्ञान्तरं नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्द ऐन्द्रियकत्वादित्युक्ते तथैव सामान्येन व्यभिचारे नोदिते यदि ब्रूयाद्युक्तं यत्सामान्यमैन्द्रियकं नित्यं तद्धि सर्वगतमसर्वगतस्तु शब्द इति । सोऽयमनित्यः शब्द इति पूर्वप्रतिज्ञातः प्रतिज्ञान्तरमसर्वगतः शब्द इति प्रतिजानानः प्रतिज्ञान्तरेण निगृहीतो भवति २ । प्रतिज्ञाहेत्वोर्विरोधः प्रतिज्ञाविरोधो नाम निग्रहस्थानं भवति । गुणव्यतिरिक्तं द्रव्यं रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धेरिति सोऽयं प्रतिज्ञाहेत्वोर्विरोधः । यदि हि गुणव्यतिरिक्तं द्रव्यं न तर्हि रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धिः । अथ रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धिः, कथं गुणव्यतिरिक्तं द्रव्यमिति । तदयं प्रतिज्ञाविरुद्धाभिधानात्पराजीयते ३ । पक्षसाधने परेण दूषिते तदुद्धरणाशक्त्या प्रतिज्ञामेव निह्नुवानस्य प्रतिज्ञासंन्यासो नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्द ऐन्द्रियकत्वादित्युक्ते तथैव सामान्येनानैकान्तिकतायामुद्भावितायां यदि ब्रूयात्क एवमाह अनित्यः शब्द इति प्रतिज्ञासंन्यासात्पराजितो भवति ४ ।

ટીકાનો ભાવાનુવાદ :

હવે પ્રત્યેકની વ્યાખ્યા કરાય છે.

(૧) प्रतिज्ञाहानि : હેતુ અનૈકાન્તિક કરાતેછતે પ્રતિદૃષ્ટાંતધર્મને સ્વદૃષ્ટાંતમાં સ્વીકારવું, તે પ્રતિજ્ઞાહાનિ નામનું નિગ્રહસ્થાન છે. જેમકે अनित्यः शब्द ऐन्द्रियकत्वाद्, घटवत् । એ પ્રમાણે શબ્દમાં અનિત્યત્વને સિદ્ધ કરતા ઐન્દ્રિયકત્વ સાધનને બોલતો વાદિ, બીજાવડે (પ્રતિવાદિ વડે) સામાન્ય પણ ઐન્દ્રિયક છે. (છતાં પણ) સામાન્ય નિત્ય છે. એ પ્રમાણે હેતુ અનૈકાન્તિક કરાતે છતે, જો એ પ્રમાણે (વાદિ) બોલે કે તો સામાન્યની જેમ ઘટ પણ નિત્ય થાઓ. આ પ્રમાણે

બોલતો તે વાદિ अनित्यः शब्दः અર્થાત્ શબ્દની જે અનિત્યત્વ તરીકે પ્રતિજ્ઞા કરેલ, તેનો ત્યાગ કરે છે અને શબ્દ પણ નિત્ય જ થશે અને તેથી વાદિ પ્રતિજ્ઞાહાનિથી પરાજય પામે છે.

(**न्यायसूत्र : प्रतिदृष्टांतधर्माभ्यनुज्ञा स्वदृष्टान्ते प्रतिज्ञाहानिः ॥५-२-२॥** અર્થાત્ સ્વપક્ષમાં પરપક્ષના ધર્મનો સ્વીકાર, તેનું નામ પ્રતિજ્ઞાહાનિનામનું નિગ્રહસ્થાન કહેવાય છે.)

કહેવાનો આશય એ છે કે (વાદિએ પ્રતિજ્ઞા કરી કે) अनित्यः शब्द ऐन्द्रियकत्वात्, घटवत् । અર્થાત્ જેમ ઘટ ઇન્દ્રિયથી ગ્રાહ્ય હોવાથી અનિત્ય છે, તેમ શબ્દ પણ ઇન્દ્રિયથી ગ્રાહ્ય હોવાથી અનિત્ય છે. આ પ્રમાણે વાદિએ પોતાનો પક્ષ સ્થાપિત કર્યો. ત્યારબાદ પ્રતિવાદિ કહે છે કે જો ઇન્દ્રિયગ્રાહ્ય હોવાથી શબ્દ અનિત્ય તરીકે સિદ્ધ થતો હોય તો ઘટત્વ આદિ સામાન્ય પણ ઇન્દ્રિયગ્રાહ્ય હોવાથી, તે પણ અનિત્યતરીકે સિદ્ધિ થવાં જોઈએ. (પણ સામાન્ય તો નિત્ય છે.) આ સાંભળીને વાદિ વિચાર કર્યાવિના કહે કે તો ઘટ પણ નિત્ય થઈ જાઓ. આ રીતે ઘટને નિત્ય માનવાથી વાદિએ શબ્દને પણ નિત્ય માની લીધો. કારણકે ઘટ એ તો વાદિનું દૃષ્ટાંત છે. શબ્દમાં અનિત્યત્વ સિદ્ધ કરવું એ તો વાદિનો પક્ષ હતો અને પછી શબ્દમાં નિત્યત્વ માની લીધું, એટલે મૂળપ્રતિજ્ઞાની હાનિ થઈ. એટલે વાદિ 'પ્રતિજ્ઞાહાનિ' નામના નિગ્રહસ્થાનમાં આવી ગયો.

અહીં આ દૂષણાભાસમાં દૂષણબુદ્ધિ થવારૂપ વિપ્રતિપત્તિ નિગ્રહસ્થાન છે.

(૨) **प्रतिज्ञान्तर निग्रहस्थान :** બીજાદ્વારા પ્રતિજ્ઞા કરેલ અર્થનો પ્રતિષેધ કરાતે છતે, તે જ ધર્મિમાં ધર્માન્તરને સાધવો જોઈએ. આવું બોલવું તે પ્રતિજ્ઞાન્તર નામનું નિગ્રહસ્થાન છે. અર્થાત્ પ્રતિજ્ઞા કરેલા અર્થનો બીજા દ્વારા પ્રતિષેધ થયા પછી પ્રતિજ્ઞાત અને ખંડિત થયેલા અર્થમાં બીજું કોઈ વિશેષણ આપી પ્રતિજ્ઞાત અર્થનો નિર્દેશ કરવો તેનું નામ 'પ્રતિજ્ઞાન્તર' નિગ્રહસ્થાન છે.

જેમકે વાદિએ પ્રતિજ્ઞા કરી કે "શબ્દ અનિત્ય છે, કારણ કે અનિત્ય ઘટમાં જેમ ઇન્દ્રિયગ્રાહ્યત્વ છે, તેમ શબ્દમાં પણ ઇન્દ્રિયગ્રાહ્યત્વ છે."

હવે પ્રતિવાદિ ઉપરના હેતુનું ખંડન કરે છે કે "ઐન્દ્રિયકત્વ તો સામાન્યમાં પણ છે, છતાં સામાન્ય તો નિત્ય પદાર્થ છે. માટે જેમાં ઐન્દ્રિયકત્વ (ઇન્દ્રિયગ્રાહ્યત્વ) હોય તે અનિત્ય હોય એવો કશો નિયમ નથી."

આના ઉત્તરમાં વાદિ કહે છે કે "સામાન્ય તો સર્વગત છે અને ઘટ તો અસર્વગત છે. માટે અસર્વગત શબ્દ અસર્વગત ઘટની પેઠે અનિત્ય છે." અહીં વાદિએ જુદી જ પ્રતિજ્ઞા કરી લીધી.

"શબ્દ અનિત્ય છે" આ પહેલી પ્રતિજ્ઞા અને "શબ્દ અસર્વગતત્વ વિશેષણથી યુક્ત હોવાથી અનિત્ય છે." આ બીજી પ્રતિજ્ઞા.

(આવી રીતે બીજી પ્રતિજ્ઞા કરવાનો કોઈ અર્થ નથી. એકપ્રતિજ્ઞાને બીજીપ્રતિજ્ઞા સિદ્ધ કરી શકતી નથી. પ્રતિજ્ઞાને સિદ્ધ કરવામાટે તો સત્ય હેતુ આપવો જોઈએ.) એ પ્રમાણે ન કરવાથી વાદિ જુદી પ્રતિજ્ઞા કરી 'પ્રતિજ્ઞાન્તર' નામના નિગ્રહસ્થાનમાં આવી જાય છે. (**न्यायसूत्रः प्रतिज्ञातार्थप्रतिषेधे धर्मविकल्पात् तदर्थनिर्देशः प्रतिज्ञान्तरम् ।।५-२-३।।** અર્થ સ્પષ્ટ છે)

(૩) પ્રતિજ્ઞાવિરોધ નિગ્રહસ્થાન : પ્રતિજ્ઞા અને હેતુનો જે વિરોધ છે, તે પ્રતિજ્ઞાવિરોધ નામનું નિગ્રહસ્થાન છે. અર્થાત્ પ્રતિજ્ઞાત અર્થમાં અને હેતુમાં વિરોધ હોય તો તે પ્રતિજ્ઞાવિરોધ નામનું નિગ્રહસ્થાન છે.

જેમકે, "गुणव्यतिरिक्तं द्रव्यं रुपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धेः । અર્થાત્ દ્રવ્ય ગુણથીભિન્ન છે, કારણકે રૂપાદિ ગુણોથી ભિન્ન જણાતું નથી. (આ બે વાક્યોમાં પહેલું વાક્ય પ્રતિજ્ઞા જણાવે છે અને બીજું હેતુ બતાવે છે. હવે જો દ્રવ્ય ગુણથી ભિન્નપદાર્થ છે, તો તે રૂપાદિ ગુણોથી ભિન્ન જણાવવો જોઈએ. છતાં અભિન્ન છે એમ કહેવું, એમાં સ્પષ્ટ વિરોધ છે.

(આવા સ્થળોમાં વાદિ કે પ્રતિવાદિ પ્રતિજ્ઞા-વિરોધ નામના નિગ્રહસ્થાનમાં આવી પડે છે.)

જો ગુણથી વ્યતિરિક્ત (ભિન્ન) દ્રવ્ય છે, તો રૂપાદિ ગુણોથી ભિન્ન જણાતું નથી એમ નથી અર્થાત્ જણાય છે. (એમ કહેવું જોઈએ.)

અને વળી રૂપાદિ ગુણોથી અલગ જણાતું નથી, તો ગુણથી વ્યતિરિક્ત દ્રવ્ય કેવી રીતે ?

આ રીતે પ્રતિજ્ઞાથી વિરુદ્ધ કહેવાથી પરાજીત કરાય છે. (ન્યાયસૂત્ર : **प्रतिज्ञाहेत्वोर्विरोधः प्रतिज्ञाविरोधः ।।५-२-४।।** અર્થ સ્પષ્ટ છે.)

(૪) પ્રતિજ્ઞા સંન્યાસ : બીજાદ્વારા પક્ષના સાધનમાં દૂષણ બતાવાતે છતે તે દૂષણનો ઉદ્ધાર કરવાની અશક્તિથી પ્રતિજ્ઞાનો જ (પ્રતિજ્ઞાત અર્થનો) અપલાપ કરનારને પ્રતિજ્ઞાસંન્યાસ નામનું નિગ્રહસ્થાન થાય છે.

જેમકે, વાદિએ પ્રતિજ્ઞા કરી કે, "શબ્દ અનિત્ય છે, કારણકે તેનું બાહ્ય ઇન્દ્રિયથી ગ્રહણ થાય છે" આના ઉપર પ્રતિવાદિ કહે કે "શબ્દત્વાદિ સામાન્ય પણ બ્રાહ્ય ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે અને તે તો નિત્ય છે"

આ સાંભળીને વાદિ ફરીથી કહે કે "કોણ કહે છે કે શબ્દ અનિત્ય છે. ?" આ પ્રમાણે વાદિ પોતાના પ્રતિજ્ઞાત અર્થને છુપાવવાનો પ્રયત્ન કરે છે. માટે તે પ્રતિજ્ઞાસંન્યાસ નામના નિગ્રહસ્થાનમાં આવી પડે છે. અને તેથી તેનો પરાજય થાય છે.

(ન્યાયસૂત્ર : **पक्षप्रतिषेधे प्रतिज्ञातार्थापनयनं प्रतिज्ञासंन्यासः ।।५-२-५।।** અર્થ સ્પષ્ટ છે.)

अविशेषाभिहिते हेतौ प्रतिषिद्धे तद्विशेषणमभिदधतो हेत्वन्तरं नाम निग्रहस्थानं भवति । तस्मिन्नेव प्रयोगे तथैव सामान्यस्य व्यभिचारेण दूषिते जातिमत्त्वे सतीत्यादि विशेषणमुपादानो हेत्वन्तरेण निगृहीतो भवति ५ । प्रकृतादर्थादन्योऽर्थोऽर्थान्तरं तदनौपायिकमभिदधतोऽर्थान्तरं नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्दः कृतकत्वादिति हेतुः । हेतुरिति च हिनोतेर्धातोस्तुप्रत्यये कृदन्तं पदम् । पदं च नामाख्यातोपसर्गनिपातभेदाच्चतुर्विधमिति प्रस्तुत्य नामादीनि व्याचक्षाणः प्रकृतानुपयोगिनार्थान्तरेण निगृह्यत इति ६ । अभिधेयरहितवर्णानुपूर्वीप्रयोगमात्रं निरर्थकं नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्द : कचटतपानां गजडदबत्वात् घझढधभवदित्येतदपि सर्वथार्थशून्यत्वान्निग्रहाय भवति साध्यानुपयोगाद्वा, । यत्साधनवाक्यं दूषणं वा किंचित्त्रिरभिहितमपि पर्षत्प्रतिवादिभ्यां बोद्धुं न शक्यते, तत् क्लिष्टशब्दमप्रसिद्धप्रयोगमतिह्रस्वोच्चारितमित्येवंप्रकारमविज्ञातार्थं नाम निग्रहस्थानं भवति । असामर्थ्यसंवरणप्रकारो ह्ययमिति निगृह्यते ८ । पूर्वापरासंगतपदसमूहप्रयोगादप्रतिष्ठितवाक्यार्थमपार्थकं नाम निग्रहस्थानं भवति । यथा दश दाडिमानि षडपूपाः कुण्डमजाजिनं पललपिण्ड इत्यादि ९ । प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनवचनक्रममुल्लंघ्यावयवविपर्यासेन प्रयुज्यमानमनुमानवाक्यमप्राप्तकालं नाम निग्रहस्थानं भवति स्वप्रतिपत्तिवत्परप्रतिपत्तेर्जनने परार्थानुमानक्रमस्यापगमात् १० । पञ्चावयवे वाक्यं प्रयोक्तव्ये तदन्यतमेनाप्यवयवेन हीनं प्रयुञ्जानस्य न्यूनं नाम निग्रहस्थानं भवति । प्रतिज्ञादीनां पञ्चानामपि परप्रतिपत्तिजन्मन्युपयोगादिति ११ । एकेनैव हेतुनोदाहरणेन वा प्रतिपादितेऽर्थे हेत्वन्तरमुदाहरणान्तरं वा वदतोऽधिकं नाम निग्रहस्थानं भवति, निष्प्रयोजनाभिधानात् १२ । शब्दार्थयोः पुनर्वचनं पुनरुक्तं नाम निग्रहस्थानं भवति, अन्यत्रानुवादात् । शब्दपुनरुक्तं नाम, यत्र स एव शब्दः पुनरुच्चार्यते, यथाऽनित्यः शब्दोऽनित्यः शब्दः इति । अर्थपुनरुक्तं तु, यत्र सोऽर्थः प्रथममन्येन शब्देनोच्चार्यते पुनश्च पर्यायान्तरेणोच्यते, यथोऽनित्यः शब्दो विनाशी ध्वनिरिति । अनुवादे तु पौनरुक्त्यं न दोषो, यथा हेतूपदेशेन प्रतिज्ञायाः पुनर्वचनं निगमनमिति १३ । पर्षदा विदितस्य वादिना त्रिरभिहितस्यापि यदप्रत्युच्चारणं, तदननुभाषणं नाम प्रतिवादिनो निग्रहस्थानं भवति । अप्रत्युच्चारयन् किमाश्रयं दूषणमभिदधीत १४ । पर्षदा विज्ञातस्यापि वादिवाक्यार्थस्य प्रतिवादिनो यदज्ञानं, तदज्ञानं नाम निग्रहस्थानं भवति,

अविदितोत्तरविषयो हि किमुत्तरं ब्रूयात्, न चाननुभाषणमेवेदं ज्ञातेऽपि वस्तुन्यनुभाषणासामर्थ्यदर्शनात् १५ । परपक्षे गृहीतेऽप्यनुभाषितेऽपि तस्मिन्नुत्तरा-प्रतिपत्तिरप्रतिभानाम निग्रहस्थानं भवति १६ । कार्यव्यासङ्गात्कथाविच्छेदो विक्षेपो नाम निग्रहस्थानं भवति, सिसाधयिषितस्यार्थस्याशक्यसाधनतामवसाय कथां विच्छिनत्ति, इदं मे करणीयं परिहीयते पीनसेन कण्ठ उपरुद्ध इत्याद्यभिधाय कथां विच्छिन्दन् विक्षेपेण पराजीयते १७ ।

टीकानो भावानुवाद :

(५) हेत्वन्तर निग्रहस्थान : हेतु सामान्यરૂપે આપ્યો હોય અને પછી તે હેતુનું ખંડન થતે છતે, તે હેતુમાં વિશેષણ આપવા ઇચ્છતો હોય તો, તેને હેત્વન્તર નામનું નિગ્રહસ્થાન થાય છે.

કહેવાનો આશય એ છે કે વાદિ કોઈપણ અર્થને સિદ્ધ કરવા પ્રતિજ્ઞા કરે છે અને તે પ્રતિજ્ઞાત અર્થને સિદ્ધ કરવા માટે હેતુ આપે છે. પણ જ્યારે પ્રતિવાદિ હેતુનું ખંડન કરે છે, ત્યારે વાદિ તેમાં કંઈક વિશેષણ ઉમેરે છે. તે વાદિનું 'હેત્વન્તર' નામનું નિગ્રહસ્થાન થયું. કારણકે તે મૂળ હેતુની અપૂર્ણતા એકરીતે માની લે છે. જેમકે, વાદિ દ્વારા શબ્દ અનિત્ય છે, કારણકે બાહ્ય ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. આ કહેવાતે છતે આની સામે પ્રતિવાદિ કહે છે કે સામાન્ય પણ બાહ્ય ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે, છતાં પણ તે તો નિત્ય છે.

આ ઉપરથી વાદિ પોતાના (શબ્દમાં અનિત્યત્વને સાધતા) મૂળહેતુમાં એકવિશેષણ ઉમેરે છે કે "જે સામાન્યવાન્ હોય અને બ્રાહ્ય ઇન્દ્રિયથી ગ્રાહ્ય પણ હોય તે અનિત્ય છે" અર્થાત્ "जातिमत्त्वे सती ऐन्द्रियकत्वात्" આ નવો હેતુ આપે છે. આ પ્રમાણે પ્રતિજ્ઞાને સિદ્ધ કરવા સામાન્યવત્ત્વ (જાતિમત્વ) રૂપ વિશેષણ હેતુમાં પાછળથી ઉમેરે છે. તેથી હેત્વન્તર વડે વાદિ નિગૃહીત થાય છે અને તે હેત્વન્તર નામનું નિગ્રહસ્થાન છે.

(**न्यायसूत्र : अविशेषोक्ते हेतौ प्रतिषिद्धे विशेषमिच्छतो हेत्वन्तरम् ॥१-२-६॥** અર્થ ઉપર પ્રમાણે જાણવો.)

(६) अर्थान्तर निग्रहस्थान : પ્રકૃત અર્થની ઉપેક્ષા કરીને અનૌપયિક (અસંબદ્ધ) અર્થાન્તરનું કથન કરતાને અર્થાન્તર નામનું નિગ્રહસ્થાન થાય છે.

જેમકે, વાદિએ अनित्यः शब्दः कृतकत्वात् । એ પ્રમાણે શબ્દને અનિત્ય સિદ્ધ કરવા કૃતકત્વ હેતુ આપ્યો છે, પણ પ્રતિવાદિ પ્રસ્તુતઅર્થની ઉપેક્ષા કરીને "હિ ધાતુને 'તુ' પ્રત્યય લાગીને કૃદન્તપદ બનેલ છે અને પદ નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાતના ભેદથી ચાર પ્રકારનો

છે." આ રીતે વર્ણન કરીને નામાદિને કહેતો પ્રસ્તુતમાં અનુપયોગી અર્થાન્તરવડે નિગૃહીત થાય છે.

કહેવાનો આશય એ છે કે ઉપરોક્ત અનુમાનમાં શબ્દને કૃતકત્વેન અનિત્ય સિદ્ધ કરવો તે પ્રકૃત(મૂળ)પ્રયોજન છે, તેના બદલે 'હેતુ' શબ્દની વ્યાકરણની દૃષ્ટિએ સિદ્ધિ કરવી એ અસંબદ્ધ છે. આથી અર્થાન્તર નામનું નિગ્રહસ્થાન આવી પડે છે.

(**न्यायसूत्र : प्रकृतादर्थादप्रतिसम्बद्धार्थमर्थान्तरम् ॥५-२-७॥** અર્થ સ્પષ્ટ છે.)

(૭) **નિરર્થક નિગ્રહસ્થાન :** અભિધેય(અર્થ)રહિત વર્ણોના ક્રમાનુસાર પ્રયોગમાત્ર કરનારને નિરર્થક નામનું નિગ્રહસ્થાન થાય છે.

જેમકે અનિત્યઃ શબ્દઃ કટચટતપાનાં ગજડદબત્વાત્ ધઝ્ઝઢધભવત્ । આ કથન સર્વથા અર્થથી શૂન્ય હોવાથી નિગ્રહમાટે થાય છે. અથવા સાધ્યને (સિદ્ધ કરવા) માટે ઉપયોગી નહીં હોવાથી નિગ્રહમાટે થાય છે.

(**न्यायसूत्र : वर्णक्रमनिर्देशवन्निरर्थकम् ॥५-२-८॥** ભાવાર્થ સ્પષ્ટ છે.)

(૮) **અવિજ્ઞાતાર્થ :** જે સાધનવાક્ય અને દૂષણ ત્રણવાર બોલવા છતાં પણ સભા અને પ્રતિવાદિવડે જાણવા માટે શક્ય નથી, તે અવિજ્ઞાતાર્થ નામનું નિગ્રહસ્થાન છે.

જેમકે, વાદિ ક્લિષ્ટશબ્દનો પ્રયોગ, અપ્રસિદ્ધવાક્યનો પ્રયોગ કે અતિધીમા સ્વરે અસ્પષ્ટ ઉચ્ચારણ કરે છે, ત્યારે સભા અને પ્રતિવાદિને બોધ થતો નથી. આથી વાદિને અવિજ્ઞાતાર્થ નામનું નિગ્રહસ્થાન આવી પડે છે. અને આવું વાક્ય (ઉપરોક્ત કહેલ વાક્ય) બોલવામાં વાદિ પોતાનામાં રહેલું અસામર્થ્ય છુપાવવા ઇચ્છે છે. આથી નિગૃહીત થાય છે.

(**न्यायसूत्र : परिषत्प्रतिवादिभ्यां त्रिरभिहितमप्यविज्ञातमविज्ञातार्थम् ॥५-२-९॥** અર્થ સ્પષ્ટ છે.

પ્રશ્ન : નિરર્થક અને અવિજ્ઞાતાર્થ નિગ્રહસ્થાનોમાં ભેદ શું છે ?

ઉત્તર : 'નિરર્થક'માં અર્થવાચક પદ હોતું જ નથી. જ્યારે 'અવિજ્ઞાતાર્થ'માં પદ તો અર્થવાચક હોય છે. પણ વાદિ, સભા અને પ્રતિવાદિ ન સમજી શકે માટે અપ્રસિદ્ધ શબ્દવાળું, ક્લિષ્ટ શબ્દોવાળું અથવા અસ્પષ્ટ ઉચ્ચારણવાળું વાક્ય બોલે છે.)

(૯) **અપાર્થક નિગ્રહસ્થાન :** પૂર્વાપરને અસંગત એવા પદોના સમુહના પ્રયોગથી અપ્રતિષ્ઠિત વાક્યાર્થ જેમાં જણાતો હોય તે અપાર્થક નામનું નિગ્રહસ્થાન છે.

જેમકે, દસ દાડમ, છ માલપૂઆ, કુન્ડ, બકરાનું ચામડું, માંસનોપિંડ ઇત્યાદિ કોઈ બોલે, તો આ બધામાં પૂર્વાપરનો કોઈ સંબંધ ન હોવાના કારણે પ્રતિષ્ઠિત અર્થ નીકળતો ન હોવાથી અપાર્થક નામનું નિગ્રહસ્થાન આવી પડે છે.

(**न्यायसूत्र : पौर्वापर्यायोगादप्रतिसम्बद्धार्थमपार्थकम् ॥५-२-१०॥** અર્થ સ્પષ્ટ છે.)

(૧૦) **અપ્રાપ્તકાલ નિગ્રહસ્થાન :** પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન આ અવયવોના ક્રમનું ઉલ્લંઘન કરીને અવયવના વિપર્યાસથી પ્રયોજાયેલ અનુમાનવાક્ય હોય તો, તે અપ્રાપ્તકાલ નામનું નિગ્રહસ્થાન થાય છે.

અહીં એ જાણવું કે પોતાને જે જ્ઞાન થયું છે, તે બીજાને થાય માટે પંચાવયવયુક્ત પરાર્થાનુમાનનો પ્રયોગ થાય છે. પણ તે ક્રમસર પ્રયોજાય તો જ બીજાના બોધનું કારણ બને છે અને ક્રમનું ઉલ્લંઘન થાય તો અવયવના વિપર્યાસથી અપ્રાપ્તકાલ નામનું નિગ્રહસ્થાન આવી પડે છે. (**न्यायसूत्र : अवयवविपर्यासवचनमप्राप्तकाल ॥५-२-११॥ અર્થ સ્પષ્ટ છે.**

આ ઉપરોક્ત ક્રમથી ભિન્ન બીજોક્રમ પણ ન્યાયસૂત્રમાં જણાવેલ છે. તેમાં ક્રમ આ પ્રમાણે છે.

* વાદિએ પોતાની પ્રતિજ્ઞાને સિદ્ધ કરવા હેતુ આપવો જોઈએ અને હેત્વાભાસને દૂર કરવો જોઈએ. આ પ્રથમપાદ.
* પ્રતિવાદિએ વાદિના હેતુનું ખંડન કરવું જોઈએ. આ બીજો પાદ
* પ્રતિવાદિએ પોતાનો પક્ષ સિદ્ધ કરવા હેતુ આપવો જોઈએ અને હેત્વાભાસનો ઉદ્ધાર કરવો જોઈએ. આ ત્રીજો પાદ.
* ત્યારબાદ જય અને પરાજયની વ્યવસ્થા કરવી એ ચોથોપાદ. આ ક્રમ પ્રમાણે વિજય ઇચ્છનારાઓએ કથા ચલાવવી જોઈએ. આ ક્રમનો ભંગ કરે તો પણ 'અપ્રાપ્તકાલ' નામનું નિગ્રહસ્થાન આવી પડે છે.)

(૧૧) **ન્યૂન નિગ્રહસ્થાન :** (સ્વને થયેલ જ્ઞાન બીજાને થાય તે માટે પરાર્થાનુમાનના અંગરૂપ) પાંચઅવયવથી યુક્ત વાક્યપ્રયોગ કરવો જોઈએ. છતાં આ પાંચમાંથી (એક) અવયવથી હીન વાક્યનો પ્રયોગ કરતાને ન્યૂન નામનું નિગ્રહસ્થાન થાય છે. અર્થાત્ વાક્યના પ્રયોગ અવસરે પાંચ અવયવોમાંના કોઈપણ એક અવયવથી હીન પ્રયોગ હોય તો ન્યૂન નામનું નિગ્રહસ્થાન છે.

પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન આ પાંચ અવયવો, બીજાને જ્ઞાન ઉત્પન્ન કરાવામાં ઉપયોગી છે. તેમાંથી એક અવયવથી હીન વાક્યપ્રયોગ નિગ્રહસ્થાન બને છે. (**न्यायसूत्र : हीनमन्यतमेनाप्यवयवेन न्यूनम् ॥५-२-१२॥ અર્થ સ્પષ્ટ છે.**) આ નિગ્રહસ્થાન વિજય ઇચ્છારાઓની કથામાં હોય છે. આ ભૂલ પણ વિજયકથામાં ગભરાવવાને લીધે થાય છે.

(૧૨) **અધિક નિગ્રહસ્થાન :** એક જ ઉદાહરણ કે એક જ હેતુદ્વારા પ્રતિપાદિત અર્થમાં બીજા હેતુ કે બીજા ઉદાહરણનો ઉપન્યાસ કરતાને અધિક નામનું નિગ્રહસ્થાન થાય છે. કારણકે બીજોહેતુ અનેબીજું ઉદાહરણ આપવાનું કોઈ પ્રયોજન નથી.

(ન્યાયસૂત્ર : हेतूदाहरणाधिकमधिकम् ॥५-२-१३॥ અર્થ સ્પષ્ટ છે.

આ પ્રસંગ જલ્પકથામાં બને છે અને આ બીજો હેતુ અને બીજું ઉદાહરણ આપવું તે પણ ગભરાવાનું ચિહ્ન છે.)

(૧૩) **પુનરુક્ત નિગ્રહસ્થાન :** શબ્દ અને અર્થનું પુનઃ કથન કરવું, તેને પુનરુક્ત નામનું નિગ્રહસ્થાન કહેવાય છે. આ અનુવાદસિવાય જાણવું. અર્થાત્ અનુવાદમાં પુનરુક્તદોષ લાગતો નથી.

જ્યાં તેનો તે જ શબ્દ ફરીથી ઉચ્ચારાય છે, તે શબ્દપુનરુક્ત નિગ્રહસ્થાન છે. જેમકે अनित्यः शब्दोऽनित्यः शब्दः ।

જ્યાં અર્થ એનો એ જ હોય, પણ તે અર્થ પ્રથમ અન્ય શબ્દવડે ઉચ્ચારાય અને વળી તે જ અર્થ બીજા પર્યાયવડે કહેવાય, તે અર્થપુનરુક્ત નિગ્રહસ્થાન કહેવાય છે. જેમકે "अनित्यः शब्दो विनाशी ध्वनिः."

પણ અનુવાદમાં પુનરુક્તિદોષ લાગતો નથી. જેમકે નિગમન. નિગમનમાં હેતુના ઉપદેશથી પ્રતિજ્ઞાનું પુનઃ કથન થતું હોય છે, તે પુનરુક્તદોષરૂપ નથી. કારણકે બીજાના જ્ઞાન માટે પ્રયોજાયેલ હોય છે.

(અહીં એ જાણવું કે જે પ્રથમ પ્રતિજ્ઞા કરી હતી તે માત્ર સાધ્યનો નિર્દેશ હતો અને ફરીથી જે તે જ પ્રતિજ્ઞા કરવામાં આવે છે, તેમાં હેતુનો સંબંધ બતાવેલો હોય છે. માટે તે નિરર્થક નથી, પણ સાર્થક છે. આ કારણથી અનુવાદમાં પુનરુક્તિદોષરૂપે નથી. વળી **अनुवादे त्वपुनरुक्तं शब्दाभ्यासादर्थविशेषोपपत्तेः ॥५-२-१५॥** અર્થાત્ અનુવાદમાં જે પુનઃ કથન હોય છે, તેમાં શબ્દના અભ્યાસથી વિશેષ અર્થ જણાતો હોવાથી પુનરુક્ત નિગ્રહસ્થાન ગણાતું નથી.)

(૧૪) **અનનુભાષણ નિગ્રહસ્થાન :** સભાવડે જાણેલા અને વાદિવડે ત્રણવખત કહેલા પણ અર્થની સામે પ્રતિઉત્તર ન આપવો, તે અનનુભાષણ નામનું પ્રતિવાદિનું નિગ્રહસ્થાન થાય છે.

કહેવાનો આશય એ છે કે વાદિએ પોતાના પક્ષની સ્થાપના કરીહોય અને પ્રતિજ્ઞાને સિદ્ધ કરવા હેતુ આપ્યો હોય, તેનું કથન ત્રણવાર કર્યું હોય અને સભાએ જાણ્યું હોય, છતાં

પણ પ્રતિવાદિ કોઈ ઉત્તર આપતો ન હોય તો, ઉત્તરને નહીં આપતો પ્રતિવાદિ દૂષણનું સ્થાન શું કહે ? અર્થાત્ પ્રતિવાદિ દૂષણ બતાવી શકતો નથી, માટે મૌન સેવે છે. (ન્યાયસૂત્ર : **विज्ञातस्य परिषदा त्रिरभिहितस्याप्यनुच्चारणमननुभाषणम् ॥५-२-१७॥** અર્થ સ્પષ્ટ છે.)

(૧૫) **અજ્ઞાન નિગ્રહસ્થાન :** સભાવડે જાણેલા પણ વાદિના વાક્યાર્થને જે પ્રતિવાદિ જાણી શકતો નથી અર્થાત્ અજ્ઞાન છે, તે અજ્ઞાન નામનું નિગ્રહસ્થાન કહેવાય છે. એટલે કે વિષયનું જ જેને અજ્ઞાન હોય તે ઉત્તર કેવી રીતે આપી શકે ? અર્થાત્ ન જ આપી શકે.

પ્રશ્ન : અનનુભાષણ અને અજ્ઞાન બંને નિગ્રહસ્થાનમાં પ્રતિવાદિ ઉત્તર આપતો નથી. તો બંને એક જ નિગ્રહસ્થાન થવા જોઈએ, ભિન્ન ન થવા જોઈએ. તો બંનેનું પૃથક ઉપાદાન શા માટે કર્યું છે ?

ઉત્તર : અજ્ઞાન નિગ્રહસ્થાન અનનુભાષણ નિગ્રહસ્થાન નથી. કારણકે અનનુભાષણમાં પ્રતિવાદિ વસ્તુને જાણતો હોવા છતાં ઉત્તર આપતો નથી, જ્યારે અજ્ઞાન નામના નિગ્રહ સ્થાનમાં પ્રતિવાદિ વસ્તુને જાણતો જ નથી. અને તેથી ઉત્તર આપતો નથી. બંને વચ્ચેના આ તફાવતના કારણે પૃથક્ ઉપાદાન કરેલ છે.

(૧૬) **અપ્રતિભા નિગ્રહસ્તાન :** પરપક્ષ ગ્રહણ કરવા છતાં, તેના વિશે બોલતે છતે, જે ઉત્તરની પ્રતિપત્તિ ન કરવી તેને અપ્રતિભા નામનું નિગ્રહસ્થાન થાય છે.

કહેવાનો આશય એ છે કે પ્રતિવાદિએ વાદિના હેતુનું જે ખંડન કર્યું હોય તે વાદિ સમજી તો શકે, પણ એનો હવે ઉત્તર શો આપવો તે વાદિ ન સમજી શકે તો વાદિને અપ્રતિભા નામનું નિગ્રહસ્થાન આવી પડે છે અને તેથી તેનો પરાજય થાય છે.

તે જ રીતે વાદિનું કથન સમજવા છતાં તેનો ઉત્તર શો આપવો ? તે જો પ્રતિવાદિને ન સૂઝે તો પ્રતિવાદિ અપ્રતિભા નામના નિગ્રહસ્થાનમાં આવી પડે છે અને તેનો પરાજય થાય છે.

(**ન્યાયસૂત્ર : उत्तरस्याप्रतिपत्तिरप्रतिभा ॥५-२-१९॥** અર્થ સ્પષ્ટ છે.)

(૧૭) **વિક્ષેપ નિગ્રહસ્થાન :** કોઈપણ કાર્યનું બહાનું કાઢી કથાનો વિચ્છેદ કરવો તેનું નામ 'વિક્ષેપ' નિગ્રહસ્થાન છે.

કહેવાનો આશય એ છે કે વાદિ અથવા પ્રતિવાદિ સિદ્ધ કરવાની ઇચ્છાવાળા અર્થની અશક્યસાધનતા જાણીને કથાનો છેદ કરે છે. અર્થાત્ વાદિ કે પ્રતિવાદિ પોતાના સાધનને

સિદ્ધ કરવાની પોતાનામાં અશક્તિ જાણીને, કોઈક બહાનું કાઢીને કથાનો વિચ્છેદ કરે છે. તેથી તે નિગ્રહસ્થાનમાં આવી પડે છે.

જેમકે વાદિ કે પ્રતિવાદિ "આ મારે કરવાનું બાકી છે", "પીનસથી (રોગ વિશેષથી) કંઠ રૂંધાય છે" ઇત્યાદિ કહીને કથાનો વિચ્છેદ કરતાં વિક્ષેપથી પરાજીત થાય છે.

(**न्यायसूत्र : कार्यव्यासङ्गात् कथाविच्छेदो विक्षेपः ॥५-२-२०॥** અર્થ સ્પષ્ટ છે. અહીં એ જાણવું કે કથાનો જે વિચ્છેદ કરે તે વાદિ અથવા પ્રતિવાદિ નિગ્રહસ્થાનમાં આવી જાય છે.)

स्वपक्षे परापादितदोषमनुद्धृत्य तमेव परपक्षे प्रतीपमापादयतो मतानुज्ञा नाम निग्रहस्थानं भवति । चौरो भवान्पुरुषत्वात् प्रसिद्धचौरवदित्युक्ते भवानपि चौरः पुरुषत्वादिति प्रतिब्रुवन्नात्मनः परापादितं चौरत्वदोषमभ्युपगतवान् भवतीति मतानुज्ञया निगृह्यते १८ । निग्रहप्राप्तस्यानिग्रहः पर्यनुयोज्योपेक्षणं नाम निग्रहस्थानं भवति, पर्यनुयोज्यो नाम निग्रहोपपत्त्यावश्यं नोदनीय इदं ते निग्रहस्थानमुपनतमतो निगृहीतोऽसीति वचनीयः, तमुपेक्ष्य न निगृह्णाति यः स पर्यनुयोज्योपेक्षणेन निगृह्यते १९ । अनिग्रहस्थाने निग्रहस्थानानुयोगो निरनुयोज्यानुयोगो नाम निग्रहस्थानं भवति, उपपन्नवादिनमप्रमादिनमनिग्रहार्हमपि निगृहीतोऽसीति यो ब्रूयात्, स एवमसद्भूत-दोषोद्भावनया निगृह्यते २० । सिद्धान्तमभ्युपेत्यानियमात्कथाप्रसङ्गोऽपसिद्धान्तो नाम निग्रहस्थानं भवति, यः प्रथमं किंचित्सिद्धान्तमभ्युपगम्य कथामुपक्रमते तत्र च सिसाधयिषितार्थसाधनाय वा परोपलम्भाय वा सिद्धान्तविरुद्धमभिधत्ते, सोऽपसि-द्धान्तेन निगृह्यते, यथा मीमांसामभ्युपगम्य कश्चिदग्निहोत्रं स्वर्गसाधनमित्याह कथं पुनरग्निहोत्रक्रिया ध्वस्ता सती स्वर्गस्य साधिका भवतीत्यनुयुक्तः प्राह अनया क्रिययाराधितो महेश्वरः फलं ददाति राजादिवदिति, तस्य मीमांसानभिमतेश्वरस्वीकारा-दपसिद्धान्तो नाम निग्रहस्थानं भवति २१ । हेत्वाभासाश्च यथोक्ता असिद्धविरुद्धादयो निग्रहस्थानम् २२ । इति भेदान्तरानन्त्येऽपि निग्रहस्थानानां द्वाविंशतिर्मूलभेदा निवेदिता इति । तदेवं छलजातिनिग्रहस्थानस्वरूपभेदाभिज्ञः स्ववाक्ये तानि वर्जयन्परप्रयुक्तानि समादधद्यथाभिमतसाध्यसिद्धिं लभत इति ।।

ટીકાનો ભાવાનુવાદ :

(૧૮) મતાનુજ્ઞા નિગ્રહસ્થાન : સ્વપક્ષમાં બીજાવડે અપાયેલા દોષનો ઉદ્ધાર કર્યા વિના બદલામાં તે દૂષણને જ પરપક્ષમાં આપતાને મતાનુજ્ઞા નામનું નિગ્રહસ્થાન થાય છે.

જેમકે "चौरो भवान् पुरुषत्वात्, प्रसिद्धचौरवत् - પ્રસિદ્ધ ચોરની જેમ, તમે પણ પુરૂષ હોવાથી ચોર છો, કારણકે પુરુષ છો.

અહીં પ્રતિવાદિએ આપેલા દોષનો ઉદ્ધાર કર્યા વિના જ, વાદિએ તમે પણ ચોર છો એવું કહ્યું, તો વાદિએ પ્રતિવાદિ વડે અપાયેલા ચોરપણાના દોષના સ્વીકાર કરી લીધેલો થાય છે. કારણકે अप्रतिषिद्धमनुमतं भवति અર્થાત્ પ્રતિષેધ નહી કરવાથી અનુમતિ (આવી) જાય છે. આ રીતે વાદિ પ્રતિવાદિના મતની અનુજ્ઞાથી નિગૃહીત કરાય છે.

(न्यायसूत्रः स्वपक्षदोषाभ्युपगमात् परपक्षदोषप्रसङ्गो मतानुज्ञा ॥५-२-२१॥ અર્થ સ્પષ્ટ છે.)

(૧૯) પર્યનુયોજ્યોપેક્ષણ : નિગ્રહસ્થાનમાં પ્રાપ્ત(આવેલા)નો નિગ્રહ ન કરવો તે પર્યનુયોજ્યોપેક્ષણ નિગ્રહસ્થાન કહેવાય છે.

પર્યનુયોજ્ય એટલે નિગ્રહસ્થાનમાં આવતે છતે અવશ્ય આ કહેવું જોઈએ કે "તમે નિગ્રહસ્થાનમાં આવી પડ્યા છો. આથી નિગૃહીત થયા છો." તેની ઉપેક્ષાકરીને જે નિગ્રહ કરાતો નથી, તે પર્યનુયોજ્યોપેક્ષણ નિગ્રહસ્થાનવડે નિગૃહીત થાય છે.

કહેવાનો આશય એ છે કે વાદિ અથવા પ્રતિવાદિ નિગ્રહસ્થાનમાં આવ્યો હોય, છતાં "તું અમુકજાતના નિગ્રહસ્થાનમાં આવી ગયો છે," એમ ન કહેવું એનું નામ 'પર્યુનુયોજ્યોપેક્ષણ' નિગ્રહસ્થાન છે. આવી રીતે પરસ્પર એકબીજાની ઉપેક્ષા કરતા રહેવાથી જલ્પરૂપ કથાનો અંત જ આવે નહિં. માટે જલ્પકરનાર વાદિ અથવા પ્રતિવાદિ બેમાંથી કોઈપણ નિગ્રહસ્થાનમાં આવી જાય તો સ્પષ્ટ કહી દેવું જોઈએ કે નિગ્રહસ્થાનમાં આવી ગયો છે. આવું કથન જે વાદિ કે પ્રતિવાદિ નિગ્રહસ્થાનમાં ન આવ્યો હોય તે કરી શકે છે.

(न्यायसूत्र : निग्रहस्थानप्राप्तस्यानिग्रहः पर्यनुयोज्योपेक्षणम् ।। ५।१।२१॥ અર્થ સ્પષ્ટ છે.)

(૨૦) નિરનુયોજ્યાનુયોગ નિગ્રહસ્થાન : નિગ્રહસ્થાનમાં આવ્યો ન હોય, છતાં નિગ્રહસ્થાનમાં આવી ગયો છે, એમ કહેવું તે નિરનુયોજ્યાનુયોગ નામનું નિગ્રહસ્થાન થાય છે. અપ્રમાદિ, નિગ્રહને અયોગ્ય એવા ઉપપન્નવાદિને પણ તું નિગૃહીત થયો છે, એ પ્રમાણે (પ્રતિવાદિ વડે) જે કહેવાય છે, તે પ્રતિવાદિ આ પ્રમાણે અસદ્ભૂતદોષના ઉદ્ભાવન વડે નિગૃહીત થાય છે.

કહેવાનો આશય એ છે કે વાદિના પક્ષમાં કોઈપણ દોષ ન હોવા છતાં પ્રતિવાદિ વાદિને

ભૂલાવામાં નાખતા તદ્દન ખોટું જ કહે કે "તું અમુક પ્રકારના નિગ્રહસ્થાનમાં આવી ગયો છે." તો અસત્ય બોલનાર પ્રતિવાદિ પોતે જ 'નિરનુયોજ્યાનુયોગ' નામના નિગ્રહસ્થાનમાં આવી પડે છે. પ્રતિવાદિ અસત્ય બોલે છે, તેમાં તેનો એ હેતુ હોય છે કે "મારા કહેવા ઉપર વિશ્વાસ રાખી વાદિ પ્રતિજ્ઞા છોડી દે અથવા પ્રતિજ્ઞાને સિદ્ધ કરવા બીજો હેતુ આપશે. વાદિનો આ બંને પ્રકારનો પ્રયત્ન નિગ્રહસ્થાનમાં પરિણમશે. અને મારો વિજય થશે." આ દુષ્ટ હેતુ સિદ્ધ ન થાય, માટે શાસ્ત્રકારે 'નિરનુયોજ્યાનુયોગ' નામનું નિગ્રહસ્થાન બતાવ્યું છે.

(न्यायसूत्र : अनिग्रहस्थाने निग्रहस्थानाभियोगो निरनुयोज्यानुयोग ॥५-२-२३॥ અર્થ સ્પષ્ટ છે.)

(૨૧) અપસિદ્ધાંત નિગ્રહસ્થાન : સિદ્ધાંતને સ્વીકારીને નિયમ ભંગ કરવાથી જે કથાનો પ્રસંગ ઉપસ્થિત કરવામાં આવે છે, તે અપસિદ્ધાંત નામનું નિગ્રહસ્થાન છે.

જે પહેલા કોઈક સિદ્ધાંત સ્વીકારીને કથાનો પ્રારંભ કરે અને તે કથામાં સિદ્ધ કરવાની ઇચ્છાવાળા અર્થને સાધવામાટે કે બીજાના ઉપલંભમાટે (સ્વીકારેલ) સિદ્ધાંત વિરુદ્ધ કહે છે, તે અપસિદ્ધાંતવડે નિગૃહીત થાય છે.

જેમકે, કોઈક (વાદિ) મીમાંસકોના સિદ્ધાંતને સ્વીકારીને "અગ્નિહોત્ર સ્વર્ગનું સાધન છે."- એ પ્રમાણે કહે છે, તે વખતે પ્રતિવાદિ સામે પૂછે છે કે અગ્નિહોત્ર ક્રિયા નાશ પામતે છતે સ્વર્ગને સાધનાર કેવી રીતે થાય છે ? ત્યારે વાદિ કહે છે કે જેમ સેવિત રાજા ફળને આપે છે. તેમ આ ક્રિયાથી આરાધાયેલ મહેશ્વર ફળને આપે છે.

અહીં વાદિને મીમાંસકને અનભિપ્રેત ઈશ્વરના સ્વીકારથી અપસિદ્ધાંત નામનું નિગ્રહસ્થાન થાય છે. (મીમાંસકોની માન્યતા છે કે અગ્નિહોત્ર ક્રિયાદ્વારા 'અપૂર્વ' પેદા થાય છે. તે 'અપૂર્વ' સ્વર્ગાદિનું જનક છે. યાગ વગેરેથી ઉત્પન્ન થનારો, સ્વર્ગ વગેરેને આપનારો કોઈ ગુણવિશેષ છે. તે ગુણવિશેષને મીમાંસકો 'અપૂર્વ' કહે છે. 'પ્રારબ્ધકર્મ' એ રીતે વેદાન્તિઓ માને છે. 'ધર્મ અને અધર્મ' એ અપૂર્વ એમ નૈયાયિકો માને છે. 'અદૃષ્ટ તે અપૂર્વ' એમ વૈશેષિકો માને છે. "પુણ્ય અને પાપને" અપૂર્વ પૌરાણિકો કહે છે.)

(न्यायसूत्र : सिद्धान्तमभ्युपेत्यानियमात् कथाप्रसङ्गोऽपसिद्धान्तः ॥५-२-२४॥ અર્થ સ્પષ્ટ છે.)

(૨૨) હેત્વાભાસ નિગ્રહસ્થાન : અસિદ્ધ, વિરુદ્ધઆદિ હેત્વાભાસો કે જેના લક્ષણ આગળ જણાવેલ છે, તે હેત્વાભાસ નિગ્રહસ્થાન છે.

(न्यायसूत्र : हेत्वाभासाश्च यथोक्ता ॥५-२-२५॥ અર્થ સ્પષ્ટ છે.) (હેત્વાભાસ નિગ્રહસ્થાન હોવા છતાં પ્રમેય - પ્રમાણાદિની જેમ જુદું ગ્રહણ કર્યું છે, તેના કારણો જુદા-જુદા ગ્રંથોમાં ભિન્ન-ભિન્ન આપેલ છે.

* ભાષ્યકારના મતમાં હેત્વાભાસ વાદમાં દેશનીય હોવાથી પૃથક્ ગ્રહણ કર્યું છે. ન્યાયવાર્તિકાનુસાર (૧) ત્રયી (વેદપ્રતિપાદ્ય ધાર્મિકક્રિયાઓ, જેમકે અગ્નિહોત્ર આદિ) (૨) વાર્તા (ખેતી, વાણિજ્ય, પશુપલાન અને ગૃહ આદિના નિર્માણ વિ. (૩) દંડનીતિ (=રાજનીતિ), (૪) આન્વીક્ષિકી=ન્યાયવિદ્યા. આ ચારવિદ્યા છે. ન્યાયશાસ્ત્ર આન્વીક્ષિકીવિદ્યા ગણાય છે, માટે એના પ્રસ્થાનભેદ જણાવવા ખાતર હેત્વાભાસનું જુદું ગ્રહણ કરવામાં આવ્યું છે.

વૃત્તિકારના મતમાં હેત્વાભાસ નિગ્રહસ્થાન નથી, પણ તેનો પ્રયોગ જ નિગ્રહસ્થાન છે. આ વિષયમાં વિશેષ તે તે ગ્રંથોથી જાણવું)

આ બાવીસ નિગ્રહસ્થાનો ઉપરાંત અનંત નિગ્રહસ્થાનો હોવા છતાં પણ અહીં નિગ્રહસ્થાનોના બાવીસ મૂલભેદો બતાવ્યા છે.

તેથી આ પ્રમાણે છલ, જાતિ અને નિગ્રહસ્થાનોના સ્વરૂપને જાણનાર સ્વવાક્યમાં બીજાએ આપેલા તે છલાદિનો ત્યાગ કરતો, સારી રીતે પદાર્થને ધારણ કરતો પોતાને ઇચ્છિત સાધ્યની સિદ્ધિને પામે છે.

अत्रानुक्तमपि किंचिन्निगद्यते । अर्थोपलब्धिहेतुः प्रमाणम् । एकात्मसमवायिज्ञानान्तरवेद्यं ज्ञानं प्रमाणाद्भिन्नं फलं, पूर्वं प्रमाणमुत्तरं तु फलम् । स्मृतेरप्रामाण्यम्, परस्परविभक्तौ सामान्यविशेषौ नित्यानित्यत्वे सदसदंशौ च, प्रमाणस्य विषयः पारमार्थिकः, तमश्छाये अद्रव्ये, आकाशगुणः शब्दोऽपौद्गलिकः, संकेतवशादेव शब्दादर्थप्रतीतिर्न पुनस्तत्प्रतिपादनसामर्थ्यात्, धर्मधर्मिणोर्भेदः, सामान्यमनेकवृत्ति, आत्मविशेषगुणलक्षणं कर्म, वपुर्विषयेन्द्रियबुद्धिसुखदुःखानामुच्छेदादात्मसंस्थानं मुक्तिरिति न्यायसारे पुनरेवं नित्यसंवेद्यमानेन सुखेन विशिष्टात्यन्तिकी दुःखनिवृत्तिः पुरुषस्य मोक्ष इति ।। एषां तर्कग्रन्था न्यायसूत्रभाष्य-न्यायवार्तिक-तात्पर्यटीका-तात्पर्यपरिशुद्धि-न्यायालंकारवृत्तयः । क्रमेणाक्षपादवात्स्यायनोद्योतकरवाचस्पतिश्रीउदयनश्रीकण्ठाभयतिलको-पाध्यायविरचिताः ५४०००। भासर्वज्ञप्रणीते न्यायसारेऽष्टादश टीकाः । तासु मुख्या टीका न्यायभूषणाख्या न्यायकलिका जयन्तरचिता न्यायकुसुमाञ्जलितर्कश्च ।।३२।।

ટીકાનો ભાવાનુવાદ :

અહીં (શ્લોકદ્વારા) નહીં કહેલ પણ કંઈક વિશેષ કહેવાય છે. પદાર્થનો બોધ થવામાં જે કારણ હોય તેને પ્રમાણ કહેવાય છે. (ઉત્પન્ન થયેલ જ્ઞાન) એકના એક તે જ આત્મામાં સમવાયસંબંધથી તુરત જ બીજી ક્ષણે ઉત્પન્ન થયેલા માનસપ્રત્યક્ષજ્ઞાન વડે જ જણાય છે. (પરંતુ ઉત્પન્ન થયેલું તે પ્રથમસમવર્તીજ્ઞાન સ્વયં પોતાના વડે જણાતું નથી. આથી જ્ઞાન સ્વયં પ્રકાશિત નથી.)

પ્રમાણ અને ફલ ભિન્ન છે. પહેલા પ્રમાણ અને પછી (પ્રમાણનું) ફલ હોય છે. સ્મૃતિની પ્રમાણતા નથી. અર્થાત્ સ્મૃતિ પ્રમાણ નથી. સામાન્ય-વિશેષ, નિત્યત્વ-અનિત્યત્વ, સત્-અસત્ આ અંશો પરસ્પરભિન્ન છે. પ્રમાણનો વિષય પારમાર્થિક છે. અંધકાર અને છાયા દ્રવ્ય નથી. આકાશનો ગુણ શબ્દ પૌદ્ગલિક નથી. સંકેતના વશથી શબ્દના અર્થની પ્રતીતિ થાય છે. પણ તેના પ્રતિપાદનના સામર્થ્યથી નહીં. ધર્મ અને ધર્મિમાં ભેદ છે. સામાન્ય અનેકમાં વૃત્તિ છે. કર્મ આત્માના વિશેષગુણ સ્વરૂપ છે. શરીર, વિષય, ઇન્દ્રિય, બુદ્ધિ અને સુખ-દુઃખોના ઉચ્છેદથી (આત્માનું) આત્મામાં જે અવસ્થાનવિશેષ છે, તે મુક્તિ કહેવાય છે. એમ ન્યાયસારગ્રંથમાં કહેલ છે. વળી નિત્યસંવેદાતાસુખવડે વિશિષ્ટ આત્યન્તિકી(અપુનર્ભાવ) દુઃખનિવૃત્તિ પુરુષનો મોક્ષ છે. (એમ પણ કેટલાક નૈયાયિકો માને છે.)

અક્ષપાદરચિત ન્યાયસૂત્ર, વાત્સ્યાયનરચિત ભાષ્ય (ન્યાયસૂત્ર ઉપરનું ભાષ્ય), ઉદ્યોતકરરચિત ન્યાયવાર્તિક, વાચસ્પતિમિશ્રરચિત તાત્પર્યટીકા, શ્રીઉદયનાચાર્યરચિત તાત્પર્યપરિશુદ્ધિ અને શ્રીકંઠાભ્યતિલક ઉપાધ્યાયરચિત ન્યાયાલંકારવૃત્તિ, આ નૈયાયિકોના તર્કગ્રંથો છે. ભાસર્વજ્ઞપ્રણીત ન્યાયસારગ્રંથ ઉપર અઢારટીકા છે. તેમાં મુખ્યટીકા ન્યાયભૂષણનામની ન્યાયકલિકા અને જયંતરચિત ન્યાયકુસુમાંજલિતર્ક છે. ॥૩૨॥

अथ तन्मतमुपसंहरन्नुत्तरं च मतमुपक्षिपन्नाह ।

હવે નૈયાયિકમતનો ઉપસંહાર કરતાં અને પછીના સાંખ્યમતના પ્રતિપાદનની પ્રતિજ્ઞા કરતાં કહે છે કે -

नैयायिकमतस्यैष समासः कथितोऽञ्जसा ।
सांख्याभिमतभावानामिदानीमयमुच्यते ।।३३।।

શ્લોકાર્થ : આ પ્રકારે નૈયાયિકમતનું સંક્ષેપથી વાસ્તવિક નિરૂપણ કરાયું છે. હવે સાંખ્યો દ્વારા મનાયેલા પદાર્થોનું વિવેચન કરાય છે. ॥૩૩॥

व्याख्या-एषोऽनन्तरोदितो नैयायिकमतस्य समासः संक्षेपः कथित उक्तोऽञ्जसा द्राग् सांख्याभिमतभावानां सांख्याः कापिलास्तेषामभिमता अभिष्टा भावा ये पञ्चविंशतितत्त्वादयः पदार्थास्तेषामयं समास इदानीमुच्यते ।।

इति श्री तपोगणनभोंगणदिनमणिश्रीदेवसुन्दरसूरिपादपद्मोपजीविश्रीगुणरत्नसूरि-विरचितायां तर्करहस्यदीपिकाभिधानायां षड्दर्शनसमुच्चयवृत्तौ नैयायिकमतस्वरूप-प्रकटनो नाम द्वितीयोऽधिकारः ।।

આ નજીકમાં નૈયાયિકમતનો સંક્ષેપ કહેવાયો. હવે કપિલઋષિના અનુયાયિ સાંખ્યોને ઇચ્છિત ૨૫ તત્ત્વો (પદાર્થો)નો સંક્ષેપ કહેવાય છે. ॥૩૩॥

॥ આ રીતે શ્રીતપાગચ્છરૂપ આકાશમંડલમાં સૂર્ય જેવા તેજસ્વી શ્રી દેવસુંદરસૂરિશ્વરજી મહારાજાના ચરણકમલના ઉપાસક શ્રીગુણરત્નસૂરિવિરચિત તર્કરહસ્યદીપિકા નામની ષડ્દર્શનસમુચ્ચયની ટીકામાં નૈયાયિકદર્શનના સ્વરૂપને પ્રગટકરનારો બીજોઅધિકાર (સાનુવાદ) પૂર્ણ થાય છે. ॥

अथ तृतीयोऽधिकारः

॥ ત્રીજો અધિકાર = સાંખ્ય દર્શન ॥

अथादौ सांख्यमतप्रपन्नानां परिज्ञानाय लिङ्गादिकं निगद्यते । त्रिदण्डा एकदण्डा वा कौपीनवसना धातुरक्ताम्बराः शिखावन्तो जटिनः क्षुरमुण्डा मृगचर्मासना द्विजगृहाशनाः पञ्चग्रासीपरा वा द्वादशाक्षरजापिनः परिव्राजकादयः । तद्भक्ता वन्दमाना ॐ नमो नारायणायेति वदन्ति, ते तु नारायणाय नम इति प्राहुः । तेषां च महाभारते बीटेति ख्याता दारवी मुखवस्त्रिका मुखनिःश्वासनिरोधिका भूतानां दयानिमित्तं भवति । यदाहुस्ते "घ्राणदितोऽनुयातेन श्वासेनैकेन जन्तवः हन्यन्ते शतशो ब्रह्मन्नणुमात्राक्षरवादिनाम् ।।१।।" **ते च जलजीवदयार्थं स्वयं गलनकं धारयन्ति, भक्तानां चोपदिशन्ति ।** "षट्त्रिंशदङ्गुलायामं विंशत्यङ्गुलविस्तृतम् । दृढं गलनकं कुर्याद्धूयो जीवान्विशोधयेत् ।।१।। म्रियन्ते मिष्टतोयेन पूतराः क्षारसंभवाः । क्षारतोयेन तु (चा) परे न कुर्यात्संकरं ततः ।।२।। लूतास्यतन्तुगलिते ये बिन्दौ सन्ति जन्तवः । सूक्ष्मा भ्रमरमानास्ते नैव मान्ति त्रिविष्टपे ।।३।।" इति गलनकविचारो मीमांसायाम् । **सांख्याः केचिदीश्वरदेवाः अपरे च निरीश्वराः ये च निरीश्वरास्तेषां नारायणो देवः । तेषामाचार्या विष्णुप्रतिष्ठाकारकाश्चैतन्यप्रभृति-शब्दैरभिधीयन्ते । तेषां मतवक्तारः कपिलासुरिपञ्चशिखभार्गवोलूकादयः, ततः सांख्याः कापिला इत्यादिनामभिरभिधीयन्ते । तथा कपिलस्य परमर्षिरिति द्वितीयं नाम, तेन तेषां पारमर्षा इत्यपि नाम ज्ञातव्यम् । वाराणस्यां तेषां प्राचुर्यम् । बहवो मासोपवासिका ब्राह्मण अर्चिर्मार्गविरुद्धधूममार्गनुगामिनः । सांख्यास्त्वर्चिर्मानुगाः । तत एव ब्राह्मणा वेदप्रिया यज्ञमार्गानुगाः । सांख्यास्तु हिंसाढ्यवेदविरता अध्यात्मवादिनः । ते च स्वमतस्य महिमानमेवमामनन्ति ।** तदुक्तं माठरप्रान्ते "हस पिब लल खाद मोद नित्यं भुंक्ष्व च भोगान् यथाभिकामम् । यदि विदितं ते कपिलमतं तत्प्राप्स्यसि मोक्षसौख्यमचिरेण ।।१।।" **-शास्त्रान्तरेऽप्युक्तम्-** "पञ्चविंशतितत्त्वज्ञो यत्र तत्राश्रमे रतः । शिखी मुण्डी जटी वापी मुच्यते नात्र संशयः ।।२।।" ।।३३।।

ટીકાનો ભાવાનુવાદ :

હવે પ્રારંભમાં સાંખ્યમતના અનુયાયિઓના પરિજ્ઞાન માટે (તેમના) લિંગ, વેષ અને આચારને કહેવાય છે. ત્રણ કે એક દંડને ધારણ કરનારા, લંગોટી પહેરનારા, લાલ-રંગીન કપડાં પહેરનારા,

શિર ઉપર શિખા-ચોટી રાખનારા જટાધારી, મસ્તકે મુંડન કરાવેલા, મૃગચર્મનું આસન રાખનારા, બ્રાહ્મણોના ઘરે ભોજન કરનારા અથવા પાંચગ્રાસથી નિર્વાહ કરનારા તથા બાર અક્ષરોનો જાપ કરનારા પરિવ્રાજકો (સાંખ્યમતના અનુયાયિઓ) છે. તે પરિવ્રાજકોને તેમના ભક્તો 'ॐ नमो नारायणाय' કહીને વંદન કરે છે અને પરિવ્રાજકો (સામે) 'नारायणाय नमः' કહે છે. તે પરિવ્રાજકો જીવોની દયા માટે મુખમાંથી નિકળતા શ્વાસને રોકવા લાકડાની મુખવસ્ત્રિકા રાખે છે. તેને મહાભારતમાં 'બીટા' કહેલી છે. તેઓ કહે છે કે... "હે બ્રહ્મન્, એક હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ કરવાના સમયે નાકમાંથી નિકળતા એક શ્વાસવડે સેંકડો જીવો હણાય છે. ॥૧॥"

તેઓ પાણીના જીવોની દયામાટે સ્વયં ગરણું રાખે છે. અને 'ગરણું' રાખવાનો ભક્તોને ઉપદેશ આપે છે. (તે ગરણાનું માપ જણાવતાં કહે છે કે...) "૩૬ અંગુલ લાંબુ અને ૨૦ અંગુલ પહોળું દૃઢ ગરણું કરવું જોઈએ. (અને તેનાથી) વારંવાર જીવોને શોધવા જોઈએ = રક્ષવા જોઈએ. (૧) (તથા) મીઠા પાણીવડે ખારાપાણીના જીવો મરી જાય છે અને ખારા પાણી વડે મીઠા પાણીના જીવો મરી જાય છે. તેથી મીઠા અને ખારા પાણીને ભેગું ન કરવું. (૨) લૂતાના મુખની લાળમાંથી ગળેલા જે બિંદુઓ છે, તેમાં સૂક્ષ્મ જંતુઓ હોય છે. તે સૂક્ષ્મ જીવો ભમરા જેવા થાય તો ત્રણ લોકમાં પણ સમાતા નથી (૩)"

આ રીતે જીવરક્ષા અંગેની મીમાંસામાં સાંખ્ય પરિવ્રાજકોનો ગરણા અંગેનો વિચાર છે. કેટલાક સાંખ્યો ઈશ્વરને દેવ માને છે. કેટલાક [1]સાંખ્યો નિરીશ્વરવાદિ છે. તેમાં જે નિરીશ્વરવાદિઓ છે, તેઓના દેવતા નારાયણ છે. તેઓના આચાર્યો વિષ્ણુ, પ્રતિષ્ઠાકારક, ચૈતન્ય આદિ શબ્દોથી બોલાવાય છે. તેઓના મતના વક્તાઓ કપિલ, આસુરિ, પંચશિખ, ભાર્ગવ, ઉલૂકાદિ છે. તેથી સાંખ્ય, કપિલઆદિ નામોથી તેઓનો વ્યવહાર થાય છે - તેઓ બોલાવાય છે. કપિલનું પારમર્ષિ પણ નામ છે. તેથી તે પારમર્ષ પણ કહેવાય છે.

સાંખ્ય લોકોની વસતિ વારાણસીમાં ઘણી છે. ઘણામાસના ઉપવાસ કરનારા બ્રાહ્મણો અર્ચિમાર્ગથી વિરુદ્ધ ધૂમમાર્ગને અનુસરતા હતા. (અર્ચિમાર્ગ એટલે દેવાયનમાર્ગ તથા ધૂમમાર્ગ એટલે પિતૃયાનમાર્ગ. તે બંનેનું સ્વરૂપ અન્યગ્રંથોથી જાણી લેવું.) પરંતુ સાંખ્યો અર્ચિમાર્ગને અનુસરનારા હોય છે. તેથી જ વેદપ્રિય બ્રાહ્મણો યજ્ઞમાર્ગને અનુસરનારા છે. પરંતુ સાંખ્યો હિંસાથી ભરેલા વેદનિર્દિષ્ટ યજ્ઞોથી વિરત અધ્યાત્મવાદિઓ છે. તેઓ પોતાના મતના મહિમાનું

---

૧. **સાંખ્યદર્શનમાં કંઈક વિશેષ : છ શાસ્ત્રોમાંનું સાંખ્યશાસ્ત્ર એક છે. તેના રચનારા મહર્ષિ કપિલ છે.** સાંખ્ય શબ્દનો અર્થ થાય છે જ્ઞાન. એટલે પ્રકૃતિ, પુરૂષ અને તેના ભેદનું જે યથાર્થજ્ઞાન તેનું નામ સાંખ્ય. અને તેવા જ્ઞાનનો ઉપાય બતાવનારું જે શાસ્ત્ર તેનું નામ સાંખ્યશાસ્ત્ર કહેવાય છે અથવા સાંખ્યદર્શન કહેવાય છે. સાંખ્યશાસ્ત્રના પ્રતિપાદ્ય વિષયો પુરાણ, કરણ અને વૈદક આદિ ગ્રંથોમાં જોવામાં આવે છે. આ શાસ્ત્રમાં

સર્વ જગતનું મૂળ ઉપાદાનકારણ પ્રકૃતિ માનવામાં આવું છે. સત્વ, રજસ્, અને તમસ્ એ ત્રણગુણોની સામ્યાવસ્થાનું નામ પ્રકૃતિ છે. ભોગાર્થી અને અજ્ઞાની જીવાત્માને ભોગ અને જ્ઞાન થાય છે. તે હેતુથી પ્રકૃતિમાં વિક્ષોભ થયો. તેથી વિક્ષુબ્ધપ્રકૃતિમાંથી એક પદાર્થ બન્યો, તેનું નામ મહત્, મહત્માંથી અહંકાર, અહંકારમાંથી પાંચ તન્માત્રા અને અગિયાર ઇન્દ્રિયો, પાંચ તન્માત્રામાંથી પાંચ મહાભૂતો પૃથ્વી, પાણી, વાયુ, તેજ અને આકાશ. એ પ્રમાણે ચોવીસ જડ તત્ત્વો અને પચ્ચીસમો પુરૂષ કે જે ચેતન છે. પ્રકૃતિ વિકારિણી છે અને પુરૂષ અવિકારિ છે. એટલે કે કોઈ ચેતનાન્તર કે વિકારાન્તરનું ઉપાદાન કારણ નથી.



પાંચ મહાભૂતોમાં તમોગુણ વધારે છે. બુદ્ધિમાં સત્ત્વગુણ વધારે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયમાં સત્ત્વગુણ વધારે છે. પાંચ કર્મેન્દ્રિયમાં રજોગુણ વધારે છે.

સત્વ અને રજસ્ એ બંને સરખે અંશે જેમાં હોય અને તમસ્ જેમાં ગૌણ હોય છે, એવા સત્વ-રજસ્ ઉભયપ્રધાન અહંકારનો અણુ, મન અથવા અંત:કરણરૂપે પરિણામને પામે છે.

પુરૂષ બે પ્રકારના છે. એક તો અનાદિકર્મના સંબંધને લીધે ભિન્ન ભિન્ન શરીરદ્વારા જીવન ભોગવે છે. તેથી જીવ એવી સંજ્ઞા ધારણ કરે છે. જીવાત્મા એક નહીં અસંખ્ય છે. બીજો ઈશ્વર છે, તે એક જ છે. ઈશ્વર પ્રકૃતિના સર્વ સરૂપ અને વિરૂપપરિણામને પોતાના સાનિધ્યથી સતત ગતિમાન રાખે છે. ઈશ્વર અતીન્દ્રિય છે. તેથી પ્રત્યક્ષાદિ પ્રમાણો તેમાં અસિદ્ધ છે. તેથી શાસ્ત્રમાં લખ્યું છે કે ઈશ્વરાસિદ્ધેઃ"એટલે જે પ્રત્યક્ષાદિપ્રમાણથી આપણે ઘટપટાદિ સ્થૂલ અને સુક્ષ્મપદાર્થો જાણી શકીએ છીએ, તે પ્રમાણોની ગતિ ઈશ્વરમાં નથી. આથી ઈશ્વરનો અભાવ નથી, પણ એને જાણવાની સામગ્રી અલૌકિક છે. માટે કેટલાક ભ્રમ રાખે છે કે સાંખ્યશાસ્ત્ર નિરીશ્વરવાદિ છે.

સમાધિ અને સુષુપ્તિમાં જીવાત્માનું સ્વરૂપ બ્રહ્મ સાથે સરખાવ્યું છે. ઈશ્વરને સર્વકર્તા અને સર્વજ્ઞાતા પણ માનેલ છે. પરંતુ સાંખ્યકારિકાકાર ઈશ્વરકૃષ્ણ અને સાંખ્યતત્ત્વકૌમુદિકાર વાચસ્પતિમિશ્ર આદિ પંડિતોએ ઈશ્વરનો અનંગીકાર કર્યો છે, પણ તે તેઓનું મન્તવ્ય છે. મહર્ષિ કપિલનું નથી.

વિવેકજ્ઞાન મેળવી પ્રકૃતિના સર્વવિકારોથી મુક્ત થવું એ જીવાત્માની મુક્તિ. રજોગુણનું પરિણામ જ દુ:ખ છે. અને તેનો આઘાત જીવાત્માને થાય છે. એ આઘાતનો અત્યંત નાશ પણ થઈ શકે છે. અને તેનો ઉપાય વિવેકજ્ઞાનથી અતિરિક્ત નથી. ऋते ज्ञानान्न मुक्तिः । અને તે જ્ઞાન આ શાસ્ત્રમાં બતાવેલા ઉપાયોથી મળી શકે છે. માટે શાસ્ત્ર સપ્રયોજન છે.

સાંખ્ય શબ્દનો અર્થ : પૃથક્કરણ પ્રક્રિયામાં કેટલાક (સામાન્યત: ૨૫) તત્ત્વોની ગણત્રી કરે છે. તેથી આ દર્શનનું નામ

સાંખ્ય (સંખ્યા પરથી) પડ્યું એમ કેટલાકનું માનવું છે. તેના સમર્થનમાં મહાભારતનો શ્લોક પણ આપવામાં આવે છે- **"संख्यां प्रकुर्वते चैव प्रकृतिं च प्रचक्षते । तत्त्वानि च चतुर्विंशत् तेन सांख्याः प्रकीर्तिता ।।"**

પરંતુ સંખ્યાગણત્રી એટલો જ અર્થ ફલિત થતો નથી, પણ બીજોઅર્થ 'વિચારણા' એમ પણ થાય છે. તત્ત્વોનો બરાબર વિચાર કરનાર દર્શન તે સાંખ્યદર્શન કહેવાય છે.

આ ઉપરાંત કોઈ વસ્તુના વિષયમાં તદ્ગતદોષો તથા ગુણોની છણાવટ કરવી તેને પણ સંખ્યા કહેવાય છે. જેમકે... **"दोषाणां च गुणानां च प्रमाणं प्रविभागतः । कश्चिदर्थमभिप्रेत्य सा सख्येत्युपधार्यताम् ।। (મહાભારત)**

પરંતુ વિશેષત: સાંખ્ય શબ્દ આત્મજ્ઞાનના અર્થમાં પણ વપરાયેલો જોવા મળે છે. ભગવદ્ગીતામાં આ અર્થમાં એક કરતાં વધારે વાર સાંખ્ય શબ્દનો પ્રયોગ થયેલો જ છે. સાંખ્યદર્શનનું હાર્દ પુરુષ-પ્રકૃતિ-વિવેકમાં રહેલું છે. તેથી સંખ્યા શબ્દ સમ્+ખ્યા ધાતુમાંથી બનેલો છે. અને તેનો અર્થ સમ્યક્ખ્યાતિ=સમ્યક્જ્ઞાન કરવો વધારે ઉચિત છે.

તત્ત્વવિચાર : વ્યાપક અર્થમાં વિચારીએ તો પ્રથમ પરીક્ષણે એમ લાગે છે કે સમસ્તવિશ્વમાં મુખ્યત્વે બે તત્ત્વો અસ્તિત્વમાં છે. એક જડ અને બીજું ચેતન. વિશેષ પરીક્ષણ કરતાં આ બંન્ને તત્ત્વો એક બીજાથી નિરપેક્ષ છે કે આશ્રિત છે અથવા તો બંનેમાંનું કોઈપણ એક જ મૂળતત્ત્વ છે અને બીજું તો માત્ર તેનું રૂપાંતર છે. એવા પ્રશ્નો પણ ઉભા થશે. દાર્શનિકોના મનમાં આવા વિચારો વારંવાર ધોળાયા કરે છે. અને તેમણે પોતપોતાની રીતે તેમનો ઉકેલ શોધવામાં પ્રયત્નો પણ કર્યા છે. એ પ્રયત્નોનો નિષ્કર્ષ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

(૧) જડ એ જ પારમાર્થિક તત્ત્વ છે. આ વિશ્વ તેવા ભૂતોનું જ બનેલું છે. તેમના સાંખ્યમાં ચૈતન્ય નામનો ગુણ પેદા થાય છે, તેને સ્વતંત્ર માનવાની આવશ્યકતા નથી. આ મત **ભૂતચૈતન્યવાદિઓ-ચાર્વાકોનો** માનવામાં આવે છે.

(૨) આ જે કંઈ છે તે ચૈતન્ય સિવાય બીજું કાંઈ જ નથી. ચૈતન્યમાં જડતા સંભવે નહીં. તેથી જેને આપણે જડ માનીએ છીએ તે વાસ્તવમાં જડ નથી. પરંતુ ચૈતન્યનું સ્વરૂપ છે અથવા તો તે ચૈતન્યથી ભિન્ન હોય એવો આભાસ માત્ર જ છે. આ વિચારધારા **કેવલચૈતન્યવાદિ અર્થાત્ અદ્વૈતવેદાન્તીની છે.**

(૩) જડ અને ચૈતન્ય એ બે નિતાન્ત ભિન્ન તત્ત્વો છે. તેથી એકના ગુણધર્મો બીજામાં કદી પણ સંભવી શકે નહીં. તેથી બેમાંથી કોઈપણ એકને જ સાચું તત્ત્વ માની શકાય નહીં. બંન્નેનો સંયોગ થઈ શકે, પણ સમ્મિશ્રણ નહીં. આ મત **દ્વૈતવાદિ વિચારધારાનો અને તેમાં વિશેષત: સાંખ્યનો છે.**

(૪) જડ અને ચૈતન્ય બન્ને ભલે રહ્યા, પરંતુ બંને સ્વતંત્ર નથી. એ બન્ને પર પણ એક નિયામકતત્ત્વ છે. તે તત્ત્વ તે **ઈશ્વર.**

સાંખ્ય વિચારધારાની આટલી પ્રશ્ચાદભૂ જોયા પછી આપણે સાંખ્યકારિકાના આધારે તેના મુખ્યતત્ત્વોને સંક્ષેપમાં જોઈએ. તે તત્ત્વોનો વિચાર નીચેના ચાર પ્રકારે કરી શકાય છે.

(૧) એવું તત્ત્વ કે જે અનાદિ હોય, જેનું કારણ ન હોય, પણ પોતે અન્યનું કારણ હોય. આ તત્ત્વ તે **પ્રકૃતિ -મૂળપ્રકૃતિ-અવ્યક્ત કે પ્રધાન.**

(૨) એવાં તત્ત્વો કે જે કોઈનું કાર્ય હોય અને સાથે સાથે તત્ત્વોનું કારણ પણ હોય. આ તત્ત્વોને **પ્રકૃતિ-વિકૃતિ** કહેવામાં આવ્યા છે. તે સાત છે - મહત્, અહંકાર, પાંચ તન્માત્રા.

(૩) એવાં તત્ત્વો કે જે કોઈનું માત્ર કાર્ય જ હોય, અન્ય કોઈનું કારણ ન હોય. આ તત્ત્વોને માત્ર **વિકાર** કહેવાય છે. તેમની સંખ્યા ૧૬ છે - મન સાથે અગીયાર ઇન્દ્રિયો અને પાંચમહાભૂતો.

(૪) એવું તત્ત્વ કે જે કોઈનું કારણ (પ્રકૃતિ) પણ ન હોય અને કાર્ય (વિકૃતિ) પણ ન હોય. અર્થાત્ જે અનાદિ અને અવિકારિ હોય, આ તત્ત્વ **ચૈતન્ય પુરુષ છે.**

પ્રકૃતિ : વિશ્વમાં આપણે વિવિધ પદાર્થો જોઈએ છીએ. તેમના પરસ્પરના ભેદ પણ જોઈએ છીએ, પણ જ્યારે તે કેવી રીતે બન્યા તેનો ઉત્તરોત્તરક્રમમાં વિચાર કરીએ છે અર્થાત્ જ્યારે કાર્યમાંથી કારણ તરફ આગળને આગળ જઈએ છીએ

ત્યારે આ ભેદ ઓગળતા જાય છે. દા.ત. વિવિધ પ્રકારના ઘડા, તાવડી વગેરેના કારણનો વિચાર કરીએ તો એ સર્વે માટી સુધી પહોંચતા ઓગળી જાય છે. અને અંતે એક એવી કક્ષાએ પહોંચીએ છીએ કે જ્યાં આકૃતિ-રૂપ-કે અવસ્થા પણ અદૃશ્ય થઈ જાય છે. એક સૂક્ષ્મસ્થિતિ પ્રાપ્ત થાય છે. તેનાથી આગળ વધાતું નથી. તેને વ્યક્તદશામાં પામી પણ શકાતું નથી. તે મૂળતત્ત્વ તે જ અવ્યક્ત પ્રકૃતિ છે. આ વ્યક્તનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી.

આ રીતે પ્રકૃતિ સર્વનું અહેતુમત્ કારણ છે. તેથી તે સર્વવ્યાપી અને અનંત છે. ઉપરાંત તે નિત્ય, નિષ્ક્રિય, એક, અનાશ્રિત, અલિંગ, નિરવયવ, સ્વતંત્ર, ત્રિગુણ, વિષય, સામાન્ય, અચેતન અને સર્વધર્મિ પણ છે. **પ્રકૃતિના અસ્તિત્વને સિદ્ધ કરવા માટે નીચેની દલીલો અપાય છે.**

(૧) જગતના સર્વપદાર્થો પરિમિત છે, તેથી તેનું કોઈ કારણ હશે.

(૨) ભિન્ન ભિન્ન લાગતા તત્ત્વોને એક સૂત્રમાં બાંધનાર, એક સમન્વય કરનાર તત્ત્વ પણ હોવું જોઈએ.

(૩) શેષતત્ત્વોમાં થતા પરિણામનનો આધાર, તેના મૂળ-સ્ત્રોતની શક્તિ જ હોવી જોઈએ.

(૪) કાર્ય-કારણસંબંધના આધારે પણ છેવટે મૂળકારણ સુધી પહોંચવું જોઈએ, તેમજ

(૫) કાર્ય અંતતોગત્વા પોતાના મૂળકારણમાં જ લીન થશે.

પ્રકૃતિના વિકારો અનેક છે. પરંતુ પ્રકૃતિ એક છે. અવ્યક્તપ્રકૃતિમાંથી પ્રગટ થયેલ વ્યક્તસૃષ્ટિ પ્રકૃતિ સાથે કેટલીક બાબતોમાં સમાન હોવા છતાંય ઘણી રીતે તેનાથી જુદી પણ પડે છે. આ સમગ્રસૃષ્ટિનો આધારસ્તંભ પ્રકૃતિ જ છે. કોઈ ચૈતન્ય જડમાં પરિણમતું નથી.

આ પ્રકૃતિ આદિ કારણ હોવાથી મૂળવિકૃતિ-સૂક્ષ્મ હોવાથી **અવ્યક્ત** અને સર્વકાર્યોનો આધાર હોવાથી પ્રધાન કહેવાય છે. જેમ તે વ્યક્તિથી ભિન્ન છે, તેમ પુરૂષથી પણ ભિન્ન છે. પુરૂષ ચેતન છે. પ્રકૃતિ અચેતન છે. તે દૃશ્ય છે. તો પુરૂષ દૃષ્ટા છે. તે સગુણ છે, તો પુરૂષ નિર્ગુણ. પુરૂષના ભોગ અને અપવર્ગ માટે જ તે કાર્ય કરે છે.

સ્વરૂપની દૃષ્ટિએ પ્રકૃતિ એ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોની સામ્યાવસ્થા જ છે. આ ત્રણ ગુણોના વૈષમ્યના કારણે પ્રકૃતિમાંથી સૃષ્ટિ-સર્જન થાય છે. આ સર્જન પ્રકૃતિ સદૃશ કે અસદૃશ હોય છે. **(तच्च कार्यं प्रकृति विरुपं प्रकृतेरसदृशम् (गौ.का.८)**

પ્રકૃતિમાં એ ગુણ ચંચલ હોય છે, તે સ્થિર રહી શકે નહીં. તેથી ક્રિયા તો આત્મા જ કરે. તેથી પ્રકૃતિમાં પરિણામ સતત ચાલતો હોય છે. પ્રકૃતિને તેથી તો સ્વત: પરિણામિની કહેવાય છે. સામ્યાવસ્થામાં ગુણોમાં વૈષમ્ય નથી હોતું; તેથી આ પરિણામ એનું એજ હોય છે. તેને સદૃશપરિણામ કહેવાય છે. વૈષમ્યાવસ્થામાં તે પરિણામ ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે. તેથી તેને અસદૃશ કહેવામાં આવે છે. **પ્રકૃતિની સામ્યાવસ્થામાં જે ક્ષોભ થાય છે, તે પુરૂષના વિશિષ્ટસંયોગને લીધે અને પુરૂષ માટે થાય છે. તેથી પ્રકૃતિમાંથી મહત્ અહંકાર વગેરે જે સર્ગ ઉદ્ભવે છે, તેને માટે અન્યકારણની આવશ્યકતા રહેતી નથી. પ્રકતિના આવા સ્વરૂપને પુરુષથી ભિન્ન છે, એમ સાચી રીતે સમજનાર માટે પ્રકૃતિની લીલા શાંત થઈ જાય છે.**

ગુણવિચાર : પ્રકૃતિનું સ્વરૂપ તે ત્રણ ગુણની સામ્યાવસ્થા જ છે, એમ આપણે જોયું. એટલે કે આ ત્રણ ગુણોની કલ્પના અને તેનું નિરૂપણ એ સાંખ્યદર્શનનું આગવું પ્રદાન છે. સર્વભૌતિક અને માનસિકતત્ત્વોનું ચરમકારણ આ ત્રણ ગુણો જ છે. તેઓ ભલે ગુણો કહેવાય. પણ ન્યાય, વૈશેષિકોના ગુણો સાથે તેનું જરા પણ સાદૃશ્ય નથી. **વિજ્ઞાન ભિક્ષુના મત પ્રમાણે આ ગુણો સૂક્ષ્મદ્રવ્ય છે, કારણકે તેમને ગુણ છે. પુરૂષના પ્રયોજનો માટે તેમની પ્રવૃત્તિ હોવાથી, એ સંદર્ભમાં ગૌણ હોવાથી તેમને ગુણ કહેવામાં આવ્યા છે અથવા પ્રકૃતિની રચનામાં તેઓ સૂત્ર (=ગુણ=દોરા) રૂપે રહે છે. તેથી તે ગુણ છે અથવા પુરૂષોને સાંસારિકતામાં બાંધી રાખે છે, તેથી પણ તેમને ગુણ કહેવામાં આવે છે. ગુણો વિકારો દ્વારા અનુમાનથી સિદ્ધ કરાય છે તે ઇન્દ્રિયગમ્ય નથી.**

ગુણોનું ક્ષેત્ર વ્યાપક છે. તેથી માત્ર ભૌતિકરચના પૂરતું જ અથવા તો માત્ર માનસિક અવસ્થાના દ્યોતક તરીકે જ તેનું નિરૂપણ કરવું અપૂર્ણ રહેશે. તેનો વ્યાપ બંને ક્ષેત્રમાં છે.

સૃષ્ટિ એ વાસ્તવિકતા છે. માત્ર શૂન્ય કે આભાસ નથી. તેના રૂપો પળે પળે પ્રકટ થાય છે. અને તેથી પ્રત્યેકપદાર્થ પોતાની વસ્તુ લક્ષિતદ્રષ્ટાના અનુભવમાં લાવે છે. તેમાં રહેલો નક્કર જથ્થો તે પોતાની સીમાઓમાં બંધાઈ સ્થૂલરૂપે દેખાય છે. ત્યારે તેને તાત્ત્વિક કહેવામાં આવે છે. પરંતુ અનુભવ એને દર્શાવે છે કે આ સ્થૂલતા સ્થિર નથી. સમય અને સંજોગો તેનામાં ધીમું કે ઝડપી પરિવર્તન લાવ્યા કરે છે. આ પરિવર્તન તે રજોગુણ છે. આ સ્થૂલ જથ્થો અને પરિવર્તન વસ્તુના અસ્તિત્વના સંદર્ભમાં છે. તેથી તે બંનેની પાછળ વસ્તુની સત્તાને પણ સ્વીકારવી રહી. અને તેનું નામ છે સત્વગુણ.

વળી કોઈકે કહ્યું છે કે તમસ્, રજસ્, અને સત્વગુણોને આ સંદર્ભમાં જ અનુક્રમે પરિમિતિ, ગતિ અને વ્યવસ્થિત કહ્યા છે. સત્વને લઘુ અને પ્રકાશક, રજસ્ ને ઉપષ્ટમ્ભક અને ચલ તથા તમસ્ને ગુરુવરણ શા માટે કહ્યા છે તે આનાથી સ્પષ્ટ થાય છે.

પરંતુ ગુણોનું સામ્રાજ્ય અહીં જ સમાપ્ત થતું નથી. મનમાં ઉઠતાવિચારો કે વૃત્તિઓ પણ ત્રિગુણની આવૃત્તિ છે. ભૌતિકસૃષ્ટિ અને માનસિકસૃષ્ટિ એ બંને આ ત્રણગુણના વિવિધ તારતમ્યભર્યા ક્રમચય કે ઉપચયને લીધે જ શક્ય બને છે. ભૌતિકસૃષ્ટિનો કોઈપણ પદાર્થ આ ત્રણ ગુણોનો બનેલો છે. તેથી તે ત્રણપ્રકારની વૃત્તિ ઉત્પન્ન કરી શકે છે. સુખની, દુઃખની અને મોહની. **એક સુંદર સ્ત્રી પ્રિયતમના મનમાં સુખની, સપત્નીના મનમાં દુઃખની અને અન્ય કોઈ નિષ્ફળ પ્રેમીના મનમાં મોહની લાગણી ઉત્પન્ન કરી શકે છે. તેથી જ સત્ત્વ-રજસ્ અને તમસ્ને અનુક્રમે પ્રીતિ, અપ્રીતિ અને વિષાદાત્મક કહ્યા છે.**

આ ત્રણગુણો આંતરજગત અને બાહ્યજગતની સંવાદિતા સર્જે છે. તેઓ સાથે જ હોય છે. તેમનું સ્વત્વ તેઓ જાળવે છે. પણ કોઈપણ ગુણ તદ્દન એકલો જ રહેતો નથી. તેઓ અન્યોન્યનો અભિભવ કરી શકે છે. એટલે કે એકગુણ બાકીના બે કરતાં વિશેષપ્રમાણમાં પ્રગટ થઈ શકે છે. અને એમ થાય તો જ વૈષમ્ય થયું ગણાય અને તો જ સર્ગપ્રક્રિયા ચાલી શકે. પરંતુ સાથે તેઓ અન્યોન્યાશ્રય, અન્યોન્યજનન, અને અન્યોન્યમિથુન વૃત્તિવાળા પણ છે. દેખીતી રીતે તેઓ પરસ્પરવિરોધી લાગે છે. પણ તેમનું ધ્યેય એક જ છે (પુરૂષાર્થ) અને તેથી તેઓ સાથે રહીને પોતપોતાની રીતે કાર્ય કરી શકે છે. જેમ વાત, પિત અને કફ ત્રણેય શરીરમાં સાથે રહી કાર્ય કરે છે તેમ.

આ ત્રણેય ગુણોમાં રજસ્ વિશેષ ધ્યાન ખેંચે તેવો ગુણ છે. તેનો સ્વભાવ જ ચલ છે. સત્વ ગુણ શાંત, લઘુ અને પ્રકાશ યુક્ત છે. રજોગુણનો તો સિદ્ધાંત જ ગતિશીલતા છે. તેની ગતિશીલતા એવી તીવ્ર છે કે સત્વ, અને તમસ્ને પણ જોડાવું પડે છે. તેની મદદથી જ સત્વ, તમસ્ ને અભિભૂત કરી પ્રગટે છે કે તમસ્, સત્ત્વને અભિભૂત કરી પોતાનું પોત પ્રકાશે છે.

આ ત્રણે ગુણો અનેક છે. એક સત્વગુણ, એક રજસ્ગુણ અને એક તમોગુણ એમ નથી. તેઓ અનેક છે. તેથી કાર્યમાં યુગપદ્ વૈવિધ્ય સંભવી શકે છે. તેઓ પોતે વત્તાઓછા પ્રમાણમાં અભિભૂત થાય છે. પણ સ્વરૂપને તજતા નથી. કોઈપણ ગુણ બીજા ગુણમાં પરિણામતો નથી. સત્વ હંમેશાં સત્ત્વ જ રહે છે અને તેમ બાકીના બે પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે અને તેમનો નાશ પણ નથી. અને તેમને ઉત્પન્ન કરી શકાતા નથી. અને જ્યારે સામ્યાવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે તેને પ્રકૃતિ કહેવાય છે.

સત્કાર્યવાદ : સ્થૂલ દેખાતા કાર્યના કારણની શોધ કરતાં કરતાં સૂક્ષ્મ અને અવ્યક્ત કારણ સુધી સાંખ્ય પહોંચે છે. આ કારણની શોધની પાછળ બે માન્યતાનો સ્વીકાર રહેલો છે.

(૧) કાર્ય અને કારણ વચ્ચે માત્ર અવસ્થાભેદ જ છે. વાસ્તવમાં તો કાર્ય એ કારણનું જ સ્થૂલરૂપ છે. એ રીતે બંનેમાં તાદાત્મ્ય છે. અને

(૨) કાર્ય એ નવી વસ્તુ નથી. શૂન્યમાંથી કંઈ જ સર્જી શકાય નહીં. એટલું જ નહીં પણ ગમે તે વસ્તુમાંથી પણ, તેનાથી તદ્દન ભિન્ન ગુણધર્મવાળી વસ્તુ પણ ઉત્પન્ન કરી શકાય નહીં. કાર્યની ઉત્પત્તિ જેમ નથી, તેમ આકસ્મિત પણ નથી. કારણ જ કાર્યરૂપે આવિર્ભાવ પામે છે.

સાંખ્યની આ વિચારધારાને સત્કાર્યવાદ માનવામાં આવે છે. સત્કાર્યવાદને સિદ્ધ કરતાં પાંચ કારણો છે. સાંખ્યકારિકામાં કહ્યું છે કે

असदकरणादुपादानग्रहणात् सर्वसम्भवाभावात् ।
शक्तस्य शक्यकारणात् कारणाभावाच्च सत्कार्यम् ॥सां.का.९॥

અર્થાત્ કાર્ય 'સત્' (ખરેખર અસ્તિત્વમાં)છે, કારણ કે (૧) અસત્ ઉત્પન્ન થઈ શકે નહીં. (૨) કારણ સાથે (કાર્યનો) ચોક્કસ પ્રકારનો સંબંધ હોય છે. (૩) દરેક કાર્ય દરેક કારણમાંથી ઉત્પન્ન થતું નથી. (૪) જે ઉત્પન્ન કરવા કારણ સમર્થ હોય તેને જ તે ઉત્પન્ન કરી શકે. (૫) કાર્ય કારણનો જ સ્વભાવ ધરાવે છે.

સાંખ્યદર્શન પ્રમાણે કાર્ય હંમેશાં કારણમાં અપ્રગટરૂપે રહેલું જ હોય છે. તે કોઈ તદ્દન નવું જ ઉત્પન્ન થયેલું નથી. તે જ્યારે કારણમાંથી પ્રગટ થયું હોય તેમ લાગે છે, ત્યારે તેને કાર્ય એવું નામ આપવામાં આવે છે. આમ કાર્ય તેના કારણમાં પહેલેથી જ સત્ હતું. તેથી તેના આ સિદ્ધાંતને **સત્કાર્યવાદ** કહેવાય છે. ન્યાય-વૈશેષિકો આનાથી જુદું માને છે. તેમના મત પ્રમાણે કાર્ય પૂર્વે હતું જ નહીં (અસત્), પરંતુ પછીથી કારણમાંથી ઉત્પન્ન થયું. તેમના આ સિદ્ધાંતને અસત્કાર્યવાદ કહેવામાં આવે છે.

જ્યારે બૌદ્ધોના મત પ્રમાણે અસત્ માંથી સત્ ઉત્પન્ન થાય છે. વેદાન્તમતાનુસાર કારણ એ જ સત્ છે. કાર્ય એ તો માત્ર આભાસ છે. - કારણના વિવર્ત છે. બૌદ્ધ, વેદાન્ત, ન્યાય-વૈશેષિક અને સાંખ્યદર્શનના મતો અનુક્રમે આ પ્રમાણે છે :-

"असतः सञ्जायते इति, "एकस्य सतो विवर्तः कार्यजातं न वस्तु सत्" इत्यपरे । अन्ये तु 'सतोऽसञ्जायते इति' 'सतः सञ्जायते' इति वृद्धाः

કાર્ય અને કારણ બંન્ને સત્ છે. એટલું જ નહીં પણ સત્ એવું કાર્ય સત્ એવા કારણમાં રહેલું પણ છે. તેમ નીચેનાં પાંચ કારણોથી સિદ્ધ કરવામાં આવે છે.

(૧) **असद् - अकरणात्** : જેનો સંપૂર્ણ અભાવ હોય (અસત્) તે કદી પણ ઉત્પન્ન થઈ શકે નહીં, એમ કહી શકાય નહીં. કોઈને કોઈ સ્વરૂપે તે પૂર્વે અસ્તિત્વ ધરાવતું જ હશે. દા.ત. નીલરૂપ ને હજાર ઉપાય વડે પીળું કરી શકાતું નથી, કારણકે 'નીલ' માં પીતનો સંપૂર્ણ અભાવ છે. અથવા તો રેતીમાંથી તેલ ઉપજાવી શકાતું નથી.

(૨) **उपादानग्रहणात्** :- કોઈ ચોક્કસકાર્યની ઉત્પત્તિ માટે કોઈ ચોક્કસ ઉપાદાનનો આધાર લેવામાં આવે છે. દા.ત દહીં મેળવવા માટે દૂધનો જ ઉપયોગ થાય છે. પાણીનો ઉપયોગ કોઈ કરતું નથી અથવા તો વસ્ત્ર બનાવવાની ઇચ્છાવાળા લોકો તંતુઓને જ લે છે. જો કાર્ય પોતાના કારણમાં ન હોત તો અમુકના ઉત્પાદન માટે અમુક જ વસ્તુ લેવાની જરૂર ન રહેત. તો પછી માટીમાંથી પણ વસ્ત્ર બનાવી શકાત અને રેતીમાંથી તેલ મેળવી શકત.

(૩) **सर्वसम्भवाभावात्** :- કોઈપણ પદાર્થ અન્ય કોઈપણ પદાર્થમાંથી બની શકે તેમ નથી. જો કાર્ય અને કારણ વચ્ચે કોઈ સંબંધ સ્વીકારવામાં ન આવે તો પછી કોઈપણ વસ્તુબીજી કોઈ વસ્તુમાંથી બની શકત. જેમકે ઘાસ, ધૂળ કે રેતીમાંથી સુવર્ણ બની શકતું નથી, પ્રત્યેક પદાર્થની ઉત્પત્તિ નિશ્ચિત્તમર્યાદા અને નિયમોને આધીન રહીને જ થાય છે અને આ મર્યાદાનું કારણ એ જ કે કાર્ય કારણ સાથે પહેલેથી જ સમ્બદ્ધ છે.

(૪) **शक्तस्य शक्यकारणात्** : જેમ કોઈપણ કાર્ય કોઈપણ કારણમાંથી ઉત્પન્ન થઈ શકતું નથી, તેમ કોઈપણ કારણ પણ કોઈપણ કાર્યને ઉત્પન્ન કરી શકતું નથી. પરંતુ પ્રત્યેકકારણ અમુક જ કાર્ય ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે. દા.ત. સૂર્ય સૂર્યકાન્તમણિમાંથી અગ્નિ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે, પણ તે ચંદ્રકાન્તમણિમાંથી શીતળ જળ ઉત્પન્ન કરી શકતો નથી.

(૫) **कारणभावात्** : કાર્ય, કારણનો જ સ્વભાવ ધરાવે છે. કાર્ય એ કારણથી તત્ત્વતઃ ભિન્ન નથી. કારણથી નિતાન્ત

ભિન્ન કાર્ય, એ જ કારણમાંથી ઉત્પન્ન થતું નથી. સુવર્ણની વીંટી સૂવર્ણ સિવાય અન્ય કોઈ પદાર્થમાંથી બની શકતી નથી.

ઉપરનાં પાંચ કારણો એમ દર્શાવે છે કે કાર્ય પહેલેથી જ સૂક્ષ્મપણે પોતાના કારણમાં વિદ્યમાન હોય છે. કારણના પ્રમુખ ગુણધર્મો તેમાં પહેલાં જ હોય છે. યોગ્યસમય આવતાં કાર્ય સ્વકારણમાંથી કાર્યરૂપે પ્રગટ થાય છે.

અદ્વૈતવેદાન્ત માને છે કે કાર્ય કારણમાં પૂર્વે અવસ્થિત હોય છે તે સાચું. પરંતુ કાર્ય કારણથી ભિન્ન પણ છે અને પાછું સત્ય પણ છે એમ માનવું બરાબર નથી. કારણ એ જ સત્ય છે જે કાર્ય જેવું લાગે છે તે કારણનું પરિણામ નથી પણ આભાસ છે. કારણકે સમગ્રવિશ્વનું કારણ એક જ છે; તે બ્રહ્મ છે. બ્રહ્મ સિવાય બીજું કાંઈ જ સત્ નથી. બ્રહ્મમાંથી નામ રૂપાત્મક જગત ઉત્પન્ન થતું દેખાય છે. તે આભાસ છે - ભ્રમ છે – **વિવર્ત** છે. રજ્જુમાં સર્પનો વિવર્ત થાય છે. તેમ જ અહીં સમજવું જોઈએ. નૈયાયિકોએ સત્કાર્યવાદનો વિરોધ કરી અસત્કાર્યવાદને યથાર્થ ઠરાવવા પ્રયત્નો કર્યા છે. તેનું ખંડન વાચસ્પતિમિશ્રે ૯મી કારિકાની કૌમુદીમાં કરેલું છે. તેનો સાર એમ કાઢી શકાય કે મૂળતત્ત્વની દૃષ્ટિએ કાર્ય અને કારણ વચ્ચે તાદાત્મ્ય હોવું આવશ્યક છે, પરંતુ અવસ્થા અને પ્રયોજનની દૃષ્ટિએ એ બંને વચ્ચે ભિન્નતા પણ છે. છતાં એ બંને નિતાન્ત ભિન્ન છે, તેમ કહી શકાય નહીં. ઘડાથી પાણી ભરી શકાય છે. માટીના જથ્થાથી નહીં, પણ તેથી ઘડો અને માટી ભિન્ન છે એમ નથી કહી શકાતું.

આ સત્કાર્યવાદ સાંખ્યની પ્રકૃતિ અને તેમાંથી પરિણમતી સૃષ્ટિની સર્જન-પ્રક્રિયાનો આધાર છે. મૂળ-પ્રકૃતિમાંથી પરિણમતું વ્યક્તપ્રકૃતિની સાથે તાત્ત્વિકસામ્ય પણ ધરાવે છે. અને આંશીકવૈષમ્ય પણ ધરાવે છે. એટલું જ નહીં પણ વ્યક્તના આધારે અવ્યક્ત એવી મૂળપ્રકૃતિનું અસ્તિત્વ પણ સત્કાર્યવાદના આધારે જ સિદ્ધ થઈ શકે છે. તેમજ પ્રકૃતિથી નિતાન્તભિન્ન એવું પુરુષનું અસ્તિત્વ સિદ્ધકરવામાં પણ સત્કાર્યવાદ જ કારણભૂત છે. કારણકે સત્કાર્યવાદ પ્રમાણે ચેતન કે જડ એકબીજાનું પરિણામ થઈ શકે નહીં.

સૃષ્ટિવિકાસ : મૂળપ્રકૃતિ-ત્રણ ગુણ અને સત્કાર્યવાદના સિદ્ધાંતોના આધારે જ સાંખ્યદર્શનમાં સૃષ્ટિવિકાસનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રારંભમાં પ્રકૃતિ ત્રિગુણની સામ્યાવસ્થામાં હતી. તેથી આ વિશ્વ અસ્તિત્વમાં નહોતું આવ્યું. પછીથી પુરૂષના સામીપ્યથી તેમાં ક્ષોભ ઉત્પન્ન થયો અને ત્રણે ગુણોમાં વૈષમ્ય ઉત્પન્ન થયું. અને તેથી આ વિશ્વસર્જનનો આરંભ થયો. પ્રલયકાળે તત્ત્વો તેમના મૂળકારણમાં મળી જાય છે અને એ પ્રતિસર્ગમાં પુનઃ પ્રકૃતિમાં સામ્યાવસ્થા પ્રવર્તે છે. ત્યારે પણ ચંચળ રજોગુણ પરિણમન તો કર્યા જ કરે છે. પણ તે સદૃશપરિણમન હોવાથી સ્થિતિ યથાવત્ જ રહે છે.

સર્ગપ્રક્રિયામાં ગુણોની અભિભાવકપ્રવૃત્તિ પ્રધાન હોય છે. આ પ્રવૃત્તિ સ્વભાવિક અને સ્વતંત્ર હોય છે. તેમાં કોઈ બાધ્યતત્ત્વના માર્ગદર્શનની કે નિયમનની જરૂર પડતી નથી. તો પણ આ પ્રક્રિયા ગમે તેમ નથી. પરંતુ તેના ચોક્કસ નિયમોના આધારે થાય છે. આ સર્ગપ્રક્રિયામાં અવ્યક્ત વ્યક્તમાં આવિર્ભાવ પામે છે. અવિશેષ વિશેષમાં, અલિંગ લિંગમાં અને સદૃશ વિસદૃશમાં પરિણમે છે.

સાંખ્યદર્શન પ્રમાણે સર્ગપ્રક્રિયામાં જુદા જુદા તત્ત્વોનો આવિર્ભાવ યોગ્યક્રમમાં થાય છે. સ્થૂલ દ્રવ્યમાંથી બીજા અનેક સ્થૂલદ્રવ્યો થઈ શકે. માટીને પાણીના કે અન્ય તેવા પદાર્થના સંયોજનથી બીજી અનેકવસ્તુઓ બનાવાય, પરંતુ તેનો સમાવેશ સર્ગપ્રક્રિયામાં થતો નથી. પંચમહાભૂત એ સાંખ્યમતે સર્ગપ્રક્રિયાની છેલ્લી કડી છે.

સામ્યાવસ્થામાં ક્ષોભ થવાથી પ્રકૃતિના સાત્ત્વિકઅંશમાંથી સર્વપ્રથમ મહત્ કે બુદ્ધિતત્ત્વનો આવિર્ભાવ થાય છે. બુદ્ધિનું વિશેષલક્ષણ અધ્યવસાય (નિશ્ચય) છે. તે સાત્ત્વિક હોવાથી પુરૂષનું પ્રતિબિંબ ઝીલી શકે છે. સર્વ બૌદ્ધિક પ્રક્રિયાનો આધાર બુદ્ધિ છે. મન અને ઇન્દ્રિયો પણ બુદ્ધિ માટે જ કાર્ય કરે છે.

બુદ્ધિમાં સત્ત્વગુણ મુખ્ય છે, રજસ્ અને તમસ્ ગૌણ છે. પરંતુ એ ગુણોમાં પ્રતિક્ષણપરિણમન થવાથી પછી તેમાં અહંકારતત્ત્વનો આવિર્ભાવ થાય છે. ત્રિગુણને લીધે સાત્ત્વિક (વૈકારિક), રાજસ્ (તૈજસ) અને તામસ (ભૂતાદિ) એમ

ત્રણ પ્રકારનો થાય છે. અભિમાન એ અહંકારનું લક્ષણ છે. બુદ્ધિમાં જ્યારે ઇચ્છાશક્તિ પ્રવેશે છે, ત્યારે તેને જ આ અહંકાર કહેવામાં આવે છે. અહંકાર અકર્તા પુરૂષમાં કર્તાપણાનો અધ્યાસ આરોપે છે. સાત્ત્વિક અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન આવિર્ભાવ પામે છે. અને તામસ્ એટલે કે ભૂતાદિ અહંકારમાંથી પાંચ તન્માત્રાઓ આર્વિભાવ પામે છે. રાજસ્ અહંકાર બંનેમાં સહાય કરે છે. આ મત વાચસ્પતિમિશ્રનો છે. પરંતુ વિજ્ઞાનભિક્ષુ સહેજ જુદું માને છે. તેમના મત પ્રમાણે સાત્વિકઅહંકારમાંથી મન અને બાકી દસ ઇન્દ્રિયો રાજસ્ અહંકારમાંથી આવિર્ભાવ પામે છે. વાચસ્પતિ અને વિજ્ઞાનભિક્ષુ એ બંનેના મતે તન્માત્રાઓ તો તામસ્ અહંકારમાંથી આવિર્ભાવ પામે છે. પરંતુ યોગસૂત્ર ઉપરના વ્યાસભાષ્ય પ્રમાણે અહંકાર અને પાંચ તન્માત્રાઓ એ છએ સવિશેષતત્ત્વો છે. અને મહત્માંથી ઉદ્ભવે છે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રાઓમાંથી આકાશ, વાયુ, તેજ, જળ, અને પૃથ્વી એ પાંચ મહાભૂતોનો આર્વિભાવ થાય છે. પંચભૂતો વિશેષ કહેવાય છે. કારણકે તેમને વિશેષગુણો છે. આ પાંચ ભૂતોમાંનું પ્રત્યેક ભૂત એક તન્માત્રામાંથી ઉદભવ્યું છે કે એક કરતાં વિશેષતન્માત્રાઓમાંથી એ અંગે જુદા જુદા મત પ્રવર્તે છે (તે આગળ ઉપર બતાવામાં આવશે.)

ન્યાય-વૈશેષિકદર્શન પ્રમાણે આકાશ સિવાયના ચાર મહાભૂતો તેમના સૂક્ષ્મપરમાણુઓમાંથી ઉત્પન્ન થાય છે. પ્રત્યેક દ્રવ્યના પરમાણુઓ અલગ-અલગ હોય છે. તેમજ પરમાણુઓમાં જ જે તે દ્રવ્યના વિશેષગુણો પણ રહેલા છે. સાંખ્યદર્શનનો મત આનાથી ભિન્ન છે. તે સહેજે સમજી શકાય તેમ છે. સ્થૂલમહાભૂતો પરમાણુરૂપે હોય છે. પણ તે અનાદિ કે સ્વતંત્ર નથી. તેમનો ઉદ્ભવ તન્માત્રામાંથી થાય છે. સાંખ્યમાં જેને તન્માત્રાઓ કહી છે તેને કદાચ ન્યાય-વૈશેષિકમાં ગુણ સાથે સામ્ય હશે. પરંતુ નૈયાયિકો-વૈશેષિકોના મતમાં દ્રવ્યમાં રૂપ, રસ વગેરે ઉત્પન્ન થાય છે. ત્યારે તેનાથી વિપરીત સાંખ્યદર્શનમાં તે તન્માત્રાઓમાંથી ભૂતો ઉદ્ભવે છે.

ભૂતોમાંથી સ્થૂલભૌતિક પદાર્થો બને છે. શરીર પણ તેમાંથી જ બને છે, શરીર ઉષ્મજ (જંતુ વગેરે), અંડજ (પક્ષી વગેરે), જરાયુજ (મનુષ્યો વગેરે), ઉદ્ભિજ (વનસ્પતિ), સંકલ્પજ અને સાંસદ્ધિક એમ છ પ્રકારના છે.

અન્યદર્શનોમાં જેને જીવશક્તિ (Life Sorce) માનવામાં આવે છે. તે પ્રાણ સાંખ્યદર્શનમાં કોઈ અલગ તત્ત્વ નથી. પણ મન, બુદ્ધિ અને અહંકાર એ અંત:કરણની જ વૃત્તિઓ છે. આ ત્રણ ઇન્દ્રિયો અને તન્માત્રા સાથે મળી અઢાર તત્ત્વોનું એક લિંગ શરીર બનાવે છે - સર્જે છે. ભૌતિકદેહના મૃત્યુ સાથે લિંગ શરીર તેનાથી છૂટું પડી વિવેકખ્યાતિ ન થાય ત્યાં સુધી નવા શરીરો ધારણ કર્યા કરે છે.

દિશા અને કાળ પણ સાંખ્યદર્શનમાં સ્વતંત્ર તત્ત્વો નથી. પણ આકાશની ઉપાધિ માત્ર છે.

આ રીતે ઉપર સાંખ્યદૃષ્ટિએ જે સર્ગનું વર્ણન કર્યું, તે સર્ગને બે પ્રકારનો માનવામાં આવે છે. ભાવસર્ગ અને પ્રત્યયસર્ગ (= બુદ્ધિસર્ગ). આ સર્ગ બુદ્ધિ, અહંકાર, મન, દસ ઇન્દ્રિયો મળી તેર (૧૩) કારણોનો બનેલો છે અને ધર્મ-અધર્મ વગેરે આઠ ભાવો પ્રમાણે તેનું નિયમન થાય છે. અને લિંગસર્ગ કે તન્માત્રસર્ગ, તેમાં તન્માત્ર અને ભૂતોનો સમાવેશ થાય છે.

પ્રકૃતિની આ સર્ગપ્રક્રિયા તત્ત્વાન્તરપ્રક્રિયા પણ કહેવાય છે. તેમાં પ્રકૃતિ સહિત ૨૪ તત્ત્વોનો સમાવેશ કરવામાં આવે છે. તેમાં બુદ્ધિ, અહંકાર અને તન્માત્રા પ્રકૃતિવિકૃતિ અને ૧૧ ઇન્દ્રિયો અને પંચભૂતો એ ૧૬ વિકારો કહેવાય છે. (સૃષ્ટિના વિકાસક્રમનો ચાર્ટ આગળ આપેલ છે.)

* **પુરુષ** : અચેતન એવી પ્રકૃતિની સર્ગલીલા જાણ્યા પછી એવો પ્રશ્ન સહેજે થાય છે કે શા માટે આ બધું થાય છે ? પ્રકૃતિ પોતે જડ છે. તેને આમાં કોઈપણ પ્રકારનો અનુભવ થાય એ શક્ય નથી. વળી આ બધું કરનાર કોઈ અન્ય નિયામકતત્ત્વ હોય તેમ તો સાંખ્યદર્શન માનતું નથી. તો તેને અકસ્માત માની લેવો ? સાંખ્યદર્શન

કહે છે કે, આ સૃષ્ટિવ્યાપાર માત્ર અકસ્માત જ છે એમ નથી. તે કોઈ ચોક્કસ પ્રયોજનથી થાય છે અને તે પ્રયોજન છે, પુરૂષના ભોગ અને અપવર્ગ.

પુરુષ ખાતર પ્રકૃતિ આ સર્ગવ્યાપારની ક્રિયા કરે છે. **પુરુષ પ્રકૃતિથી નિતાન્ત વિપરીત છે. તે ચૈતન્ય છે. નિર્ગુણ છે. વિવેકી છે. પ્રકૃતિ પ્રસવધર્મિ છે. પુરુષ અપ્રસવર્ધમિ છે. પ્રકૃતિ સક્રિય છે. પુરુષ નિષ્ક્રિય છે. પ્રકૃતિ વિકારી છે. પુરુષ અવિકારી છે. તેથી તે કૂટસ્થ નિત્ય છે.**

પ્રકૃતિની લીલાનો તે માત્ર સાક્ષી કે ભોક્તા જ છે. તે શુદ્ધ ચૈતન્ય છે. તે કેવલ તે જ છે. સર્વવિશેષણોથી રહિત ન્યાયવૈશેષિકોના આત્મામાં ધર્મ-અધર્મ વગેરે ગુણો કલ્પવામાં આવે છે. માત્ર મોક્ષાવસ્થામાં જ તે ગુણો ખરા પડે છે. પરંતુ સાંખ્યોના પુરૂષમાં કોઈપણ ગુણનું અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું નથી. પળે પળે પરિણમન પામતા જડવિશ્વની સામે તે એક નિશ્ચલ અવિકારીતત્ત્વ તરીકે રહે છે. તેનું પ્રતિબિંબ જડબુદ્ધિને પ્રકાશિત કરે છે. ચેતનવત્ લાગતી બુદ્ધિ જ પછી ક્રિયાવતી બને છે. માનવ-જ્ઞાનના સર્વપ્રકારો આ રીતે પુરૂષના કારણે જ શક્ય બને છે.

પુરૂષનું અસ્તિત્વ આગળ કારિકાનાઅર્થના વર્ણનમાં આવશે. પુરુષ એક નથી અનેક છે. સર્વપુરુષો અનંત છે. અવિકારી, સર્વવ્યાપી અને નિત્ય છે. પુરુષ બહુત્વ માટે દલીલો આ પ્રમાણે છે-

જન્મ, મરણ, જ્ઞાન વગેરે બાબતોમાં ભિન્ન ભિન્ન વ્યક્તિઓ વચ્ચે તફાવત હોય છે. જીવોમાં એકી સાથે એક જ પ્રવૃત્તિ થતી જોવામાં આવતી નથી. તેમજ જીવાત્માઓમાં તારતમ્ય જોવા મળે છે. તેથી પુરૂષો અનેક છે. વિશેષ સાંખ્યકારિકાના વર્ણનમાં જણાવેલ છે.

સાંખ્યનો આ પુરુષબહુત્વવાદ તેના દ્વૈતવાદના અનુબંધમાં છે. બુદ્ધિતત્વ અનેક છે. તેના પર પડતા પુરૂષના પ્રતિબિંબથી વૈવિધ્ય ઉદ્ભવે છે. આ વૈવિધ્ય પુરૂષની અનેકતાથી જ શક્ય બને છે.

* **પુરુષ-પ્રકૃતિ સંયોગ :** પુરુષ-પ્રકૃતિ સંયોગ એ બહુચર્ચિત સમસ્યા બની ગઈ છે. અચેતન પ્રકૃતિમાં વૈષમ્ય આવ્યું અને સૃષ્ટિસર્જન થયું એ પુરૂષને માટે કદાચ થયું હશે. પણ કેવી રીતે શક્ય બન્યું, એ પણ એક પ્રશ્ન છે. અચેતન પોતાની જાતે જ પ્રવૃત્તિ કરી શકે નહીં. પુરુષનું સામીપ્ય જડને ચેતન બનાવી શકે નહીં. **સાંખ્ય કારિકામાં** નીચે પ્રમાણે કહેવામાં આવ્યું છે.

तस्मात्तत्संयोगादचेतनं चेतनवदिव लिङ्गम् ।
गुणकर्तृत्वेऽपि तथा कर्तेव भवत्युदासीनः ।।२० सांख्य कारिका।।

અને તેથી તેના (પુરૂષના) સંયોગના કારણે અચેતન (મહદાદિ) લિંગ સચેતન જેવું લાગે છે અને ગુણોમાં કર્તૃત્વ હોવા છતાં ઉદાસીનપુરુષ કર્તા જેવો થાય છે.

ભાવાર્થ : આપણે જોયું કે પુરુષ અને પ્રકૃતિ તાત્ત્વિક રીતે જ પરસ્પરથી અત્યન્તભિન્ન છે. એક ચેતન છે, તો અન્ય જડ. એક નિર્ગુણ-અકર્તા અને માત્ર દૃષ્ટા છે. તો અન્ય ત્રિગુણાત્મક, વિકારશીલ અને તેથી અન્યના દર્શનનો વિષય છે. પરંતુ એ બંને પરસ્પર કોઈપણ રીતે સંબંધ જ ધરાવતા નથી તેમ નથી. આપણને થતા સૃષ્ટિના અનુભવોમાં એ ઉભયનો સહયોગ છે. પ્રકૃતિ ભલે જડ રહી પણ તેનું એક મહત્ત્વનું તત્ત્વ છે. સત્ત્વ (બુદ્ધિ)નો ધર્મ છે પ્રકાશ. પણ એ પ્રકાશ સ્વયંભૂ નથી. તે પુરુષના સાનિધ્યથી પ્રકાશિત થાય છે અને પછી પ્રકાશનું પરાવર્તન કરે છે. આ પરાવર્તિત પ્રકાશ પ્રકૃતિનો હોય તેવો ભાસ થાય છે અને તેથી તે અચેતન હોવા છતાં જાણે કે ચેતન હોય તેમ લાગે છે. (तत् संयोगात् अचेतनं चेतनावदिव लिङ्गम्) પ્રકૃતિમાં રજોગુણ છે. તે ચલ છે. પ્રવૃત્તિશીલ છે. રજસ્ના કારણે પ્રકૃતિમાં ક્રિયા થાય છે અને તેથી ગુણો જ કર્તા છે. પણ એ ક્રિયા પણ ચેતન પુરૂષના સાનિધ્યમાં થાય છે. તેથી અકર્તા હોવા છતાંયે પુરૂષ જાણે કે કર્તા છે એવી ભ્રાન્તિ થાય છે. પુરુષને ભ્રાન્તિથી કર્તા માનવામાં આવે છે. તે સમજાવવા ટીકાકારો જુદા જુદા દૃષ્ટાંત આપે છે.

વર્ણન કરતાં કહે છે કે - "ખૂબહસો, ખૂબપીઓ, લાડ-આનંદ કરો, ખૂબ ખુશીથી મૌજ કરો, રોજ ઇચ્છાનુસાર ભોગોને ભોગવો, (પરંતુ) જો તમે કપિલમતને જાણ્યો છે, તો વિલંબવિના મોક્ષસુખને પામશો."

બીજા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે... "પ્રકૃતિ વગેરે ૨૫ તત્ત્વનો જાણકાર, ગમે તે આશ્રમમાં રહે, ભલે તે શિખા રાખે, ભલે મસ્તકે મુંડન કરાવે કે જટા રાખે, પરંતુ મુક્ત થાય છે, તેમાં સંશય નથી."

अथ शास्त्रकारः सांख्यमतमुपदर्शयति ।

હવે શાસ્ત્રકારપરમર્ષિ સાંખ્યમતને જણાવે છે.

सांख्या निरीश्वराः केचित्केचिदीश्वरदेवताः ।
सर्वेषामपि तेषां स्यात्तत्त्वानां पञ्चविंशतिः ।।३४।।

શ્લોકાર્થ : કેટલાક સાંખ્યો નિરીશ્વરવાદિ છે. (તો) કેટલાક સાંખ્યો ઈશ્વરને દેવતા માને છે. તે સર્વે પણ સાંખ્યોના તત્ત્વોની સંખ્યા ૨૫ છે. ॥૩૪॥

यथा अचौरश्चौरैः सह गृहीतश्चौर इत्यवगम्यते । यथाऽग्निसंयोगात् लोहं गणिरित्युच्यते । अनुष्णाशीतो घटः शीताभिरद्भिः संस्पृष्टः शीतो भवति; अग्निना संयुक्तो उष्णो भवति ।

તત્વવૈશારદી ટીકામાં પં. વાચસ્પતિમિશ્ર સમજાવે છે કે સન્નિધાનથી ચિત્તનું પ્રતિબિંબ બુદ્ધિતત્ત્વમાં પડે છે. અને તેના લીધે બુદ્ધિવૃત્તિ ચેતનમાં પરિણમે છે. પુરૂષ અકર્તા છે. પરંતુ પ્રકૃતિમાં (બુદ્ધિમાં) પ્રતિબિંબપાડવાની યોગ્યતાને લીધે, તે પણ જ્ઞાતા કે ભોક્તા હોય એમ લાગે છે.

વિજ્ઞાનભિક્ષુ દ્વિવિધ છાયાપત્તિનો સિદ્ધાંત રજૂ કરે છે. તે પ્રમાણે પુરુષની છાયા જ્યારે બુદ્ધિમાં પડે છે, ત્યારે બુદ્ધિની અને તે દ્વારા પ્રકૃતિની છાયા પણ પુરૂષમાં પડે છે અને તેથી બુદ્ધિ જેમ ચૈતન્યનો અનુભવ કરતી લાગે છે. એમ પુરૂષ પણ ભોક્તા હોય તેમ લાગે છે.

આના સંદર્ભમાં પ્રાચીનસાંખ્યાચાર્ય આસૂરિનો મત નીચેના શ્લોકમાં જોવા મળે છે.

विविक्ते दृक्परिणतौ बुद्धौ भोगोऽस्य कथ्यते ।
प्रतिविम्बोदयः स्वच्छो यथा चन्द्रमसोऽम्भसि ।।

અર્થાત્ પુરુષ અસંગ છે. તો પણ ચંદ્રનું પ્રતિબિંબ જલમાં પડે ત્યારે જલને કારણે તે પણ સ્વચ્છ કે ચંચલ લાગે છે. તે જ રીતે બુદ્ધિના દૃકરૂપમાં પરિણત થવાથી તે પુરૂષ ભોગ ભોગવતો હોય તેમ લાગે છે.

સ્યાદ્વાદ મંજરીમાં વિન્ધ્યવાસનો શ્લોક આપેલો છે. તે નીચે પ્રમાણે છે.

पुरुषोऽविकृतात्मैव स्वनिर्भासमचेतनम् ।

मनः करोति सान्निध्यादुपाधिः स्फटिकं यथा ।। અર્થાત્ પુરૂષ અવિકારી છે. પણ સ્ફટિકમાં જેમ રંગીન પુષ્પનું પ્રતિબિંબ પડતા તે પણ રંગીન લાગે, તેમ મન (બુદ્ધિ!) સાનિધ્યને કારણે પુરૂષમાં પ્રતિબિંબિત થાય છે.

આ રીતે પુરુષ અને પ્રકૃતિના સંબંધને જુદી જુદી રીતે સમજાવવામાં આવ્યો છે. એકનો બીજામાં કે ઉભયનું એકબીજામાં પ્રતિબિંબ પડે છે. અને તેથી અચેતનને ચેતનનો અને ચેતનને અચેતનના ધર્મોનો અધ્યાસ થાય છે. એમ માનવામાં આવ્યું છે.

व्याख्या-केचित्सांख्या निर्गत ईश्वरो येभ्यस्ते निरीश्वराः, केवलाध्यात्मैकमानिनः, केचिदीश्वरदेवताः-ईश्वरो देवता येषां ते तथा, तेषां सर्वेषामपि निरीश्वराणां सेश्वराणां चोभयेषामपि तत्त्वानां पञ्चविंशतिः स्यात् । सांख्यमते किल [A]दुःखत्रयाभिहतस्य पुरुषस्य तदुपघातहेतुस्तत्त्वजिज्ञासोत्पद्यते । आध्यात्मिकमाधिदैविकमाधिभौतिकं चेति दुःखत्रयम् । अत्राध्यात्मिकं द्विविधं, शारीरं मानसं च । तत्र वातपित्तश्लेष्मणां वैषम्यनिमित्तं यद्दुःखमात्मानं देहमधिकृत्य ज्वरातीसारादि समुत्पद्यते तच्छारीरम्, मानसं च कामक्रोधलोभमोहेर्ष्याविषयादर्शननिबन्धनम्, सर्वं चैतदान्तरोपायसाध्यत्वादाध्यात्मिकं दुःखम् । बाह्योपायसाध्यं दुःखं द्वेधा, आधिभौतिकमाधिदैविकं चेति । तत्राधिभौतिकं मानुषपशुपक्षिमृगसरीसृपस्थावरनिमित्तं, आधिदैविकं यक्षराक्षसग्रहाद्यावेशहेतुकम् । अनेन दुःखत्रयेण रजःपरिणामभेदेन बुद्धिवर्तिनाभिहतस्य प्राणिनस्तत्त्वानां जिज्ञासा भवति दुःखविघाताय । तत्त्वानि च पञ्चविंशतिर्भवन्ति ।।३४।।

टीकानो भावानुवाद :

કેટલાક સાંખ્યો ઈશ્વરને માનતા નથી. માત્ર એક અધ્યાત્મને માને છે. (निर्गत ईश्वरो येभ्यस्ते निरीश्वराः-આ વ્યુત્પત્તિથી નિરીશ્વર શબ્દ બન્યો છે.) કહેવાનો આશય એ છે કે કેટલાક સાંખ્યો ઈશ્વરને દેવતા માનતા નથી. ઈશ્વર સૃષ્ટિનું સર્જન કરતા નથી. કેટલાક સાંખ્યો ઈશ્વરને દેવતા માને છે, તે સેશ્વરવાદિ કહેવાય છે. તે સેશ્વરવાદિ અને નિરીશ્વરવાદિ બંનેપણ સાંખ્યોના તત્ત્વોની સંખ્યા પચ્ચીસ (૨૫) છે. સાખ્યમતમાં (મનાય છે કે) ત્રણ પ્રકારના દુઃખોથી પીડાતા પુરુષને તે દુઃખોના વિઘાતના કારણરૂપ તત્ત્વ-જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. તે દુઃખના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે. (૧) આધ્યાત્મિક દુઃખ, (૨) આધિદૈવિક દુઃખ અને (૩) આધિભૌતિક દુઃખ.

આધ્યાત્મિક દુઃખ બેપ્રકારનું છે. (૧) શારીરિક, (૨) માનસિક. તેમાં વાત-પિત્ત-કફની વિષમતાથી આત્માને શરીરને આશ્રયિને તાવ, અતિસાર આદિ જે દુઃખ ઉત્પન્ન થાય છે, તે શારીરિકદુઃખ કહેવાય છે.

A दुःखत्रयाभिघाताज्जिज्ञासा तदभिघातके हेतौ । सांख्य कारिका ।। कि पुनस्तद्दुःखत्रयम् ? तदाह - आध्यात्मिकम्, आधिभौतिकम्, आधिदैविकम् । तत्र प्रथमं द्विविधं शारीरं मानसं च । तत्र शारीरं वातपित्तश्लेष्णणां देहधातूनां वैषम्यात् यद् दुःखमात्मानं देहमधिकृत्य ज्वरातीसारादि प्रवर्तते । मानसं प्रियवियोगादप्रियसंयोगाच्च द्विविधम् । एतदा ध्यात्मिकं दुःखमभिहितम् । आधिभौतिकं तु भूतान्यधिकृत्य यत्प्रवर्तते मानुपपशुपक्षिसरीसृपस्थावरनिमित्तम् । आधिदैविकं तु दिवमधिकृत्य यत्प्रवर्तते शीतोष्णवातवर्णादिकम् । एवमेतैस्त्रिभिर्दुःखैरभिहतस्यासुरिसगोत्रस्य ब्राह्मणस्य जिज्ञासा समुत्पन्ना । सांख्य कारिका माठर वृत्ति ।

કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષ્યા, વિષયાદર્શનને કારણે (મનમાં) ઉત્પન્ન થતું દુઃખ માનસિક દુઃખ કહેવાય છે.

આ વાત-પિત્તાદિની વિષમતા કે કામ-ક્રોધાદિ વિકારો અંદરને અંદર ઉત્પન્ન થાય છે, બહાર દેખાતા નથી. માટે તે આધ્યાત્મિકદુઃખ કહેવાય છે અને આ આધ્યાત્મિક દુઃખ આંતર ઉપાયથી સાધ્ય છે. બાહ્ય ઉપાયથી નહિ.

બાહ્ય ઉપાયથી સાધ્ય દુઃખ બે પ્રકારનું છે (૧) આધિભૌતિક અને (૨) આધિદૈવિક. મનુષ્ય, પશુ, પક્ષિ, મૃગ, સરીસૃપ, આ ત્રસ અને સ્થાવરજીવોને નિમિત્તે જે દુઃખ આવે તે આધિભૌતિક કહેવાય છે. યક્ષ, રાક્ષસ તથા ભૂતાદિના વશના કારણે જે દુઃખ આવે તે આધિદૈવિક. આ ત્રણે દુઃખો રજોગુણના પરિણામ છે. બુદ્ધિમાં થવાવાળા આ દુઃખોથી જ્યારે જીવ અભિહત થાય છે, ત્યારે તે દુઃખોના વિઘાતમાટે તત્ત્વોની જિજ્ઞાસા થાય છે. (ઇશ્વરને જગતકર્તા માનનાર (સેશ્વરવાદિ સાંખ્યો)ની માન્યતા છે કે ઈશ્વર જગતનું સર્જન પ્રકૃતિમાં ક્ષોભ કરવાદ્વારા કરે છે. અહીં કોઈકને પ્રશ્ન થાય કે ઈશ્વર પરમકૃપાળુ છે, તો જીવો ને દુઃખ શા માટે આપે છે ? ત્યારે સેશ્વરવાદિ સાંખ્યો ઉત્તર આપે છે કે જ્યાં સુધી જીવને દુઃખ ન આવે, ત્યાં સુધી મોક્ષની જિજ્ઞાસા થતી નથી અને દુઃખત્રયના વિઘાતની પણ જિજ્ઞાસા થતી નથી, તેથી ઈશ્વર તેઓને દુઃખ આપે છે.) તત્ત્વો પચ્ચીસ છે. ॥૩૪॥

अथ तत्त्वपञ्चविंशतिमेव विवक्षुरादौ सत्त्वादिगुणस्वरूपमाह ।

હવે પચ્ચીસતત્ત્વોને જ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી પ્રારંભમાં સત્ત્વાદિ ત્રણગુણના સ્વરૂપને કહે છે.

सत्त्वं रजस्तमश्चेति ज्ञेयं तावद्गुणत्रयम् ।
प्रसादतापदैन्यादिकार्यलिङ्गं क्रमेण तत् ।।३५।।

શ્લોકાર્થ : સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણો છે. પ્રસાદ, તાપ તથા દીનતા આદિ કાર્યોથી તેઓનું ક્રમસર અનુમાન થાય છે.

तावच्छब्दः अवधारणे (प्रक्रमे) तच्चैवं ज्ञातव्यं । तेषु पञ्चविंशतौ तत्त्वेषु सत्त्वं सुखलक्षणं, रजो दुःखलक्षणं, तमश्च मोहलक्षणमित्येवं प्रथमं तावद्गुणत्रयमेव ज्ञेयम् । तस्य गुणत्रयस्य कानि लिङ्गानीत्याह-"प्रसाद" इत्यादि । तत्सत्त्वादिगुणत्रयं क्रमेण प्रसादतापदैन्यादिकार्यलिङ्गम् । प्रसादः-प्रसन्नता, तापः-संतापः, दैन्यं-दीनवचनादिहेतुर्विषण्णता, द्वन्द्वे प्रसादतापदैन्यानि, तानि आदिः प्रकारो येषां कार्याणां तानि

प्रसादतापदैन्यादीनि, प्रसादतापदैन्यादीनि कार्याणि लिङ्गं-गमकं-चिह्नं यस्य तत्प्रसादतापदैन्यादिकार्यलिङ्गम् । अयं भावः । प्रसादबुद्धिपाटवलाघवप्रसवानभिष्वङ्गाद्वेषप्रीत्यदयः कार्यं सत्त्वस्य लिङ्गम् । तापशोषभेदचलचित्ततास्तम्भोद्वेगाः कार्यं रजसो लिङ्गम् । दैन्यमोहमरणसादनबीभत्साज्ञानागौरवादीनि कार्यं तमसो लिङ्गम् । एभिः कार्यैः सत्त्वादीनि ज्ञायन्ते । तथाहि-लोके यः कश्चि[A]त्सुखमुपलभते स आर्जवमार्दवसत्यशौचह्रीबुद्धिक्षमानुकम्पाप्रसादादिस्थानं भवति, तत्सत्त्वम् । यः कश्चिद्दुःखमुपलभते, स तदा द्वेषद्रोहमत्सरनिन्दावञ्चनबन्धनतापादिस्थानं भवति, तद्रजः । यः कश्चित्कदापि मोहं लभते, सोऽज्ञानमदालस्यभयदैन्याकर्मण्यतानास्तिकताविषादोन्मादस्वप्नादिस्थानं भवति, तत्तम इति । सत्त्वादिभिश्च परस्परोपकारिभिस्त्रिभिरपि गुणैः सर्वं जगद्व्याप्तं विद्यते, परमूर्ध्वलोके प्रायो देवेषु सत्त्वस्य बहुलता, अधोलोके तिर्यक्षु नारकेषु च तमोबहुलता, नरेषु रजोबहुलता, यद्दुःखप्राया मनुष्या भवन्ति । यदुक्तम् (सांख्यकारिका ५४) "ऊर्ध्वं सत्त्वविशालस्तमोविशालश्च मूलतः सर्गः । मध्ये रजोविशालो ब्रह्मादिस्तम्बपर्यन्तः ।।१।।" अत्र ब्रह्मादिस्तम्बपर्यन्त इति ब्रह्मादिपिशाचान्तोऽष्टविधः सर्ग इति ।।३५।।

टीकानो भावानुवाद :

श्लोकमां 'तावत्' शब्द प्रक्रमार्थक छे. ते आ प्रकारे-ते पच्चीस तत्त्वोमां सत्त्व सुखस्वरूप छे, रजस् दुःखस्वरूप छे अने तमस् मोहस्वरूप छे. ए प्रमाणे सौप्रथम त्रणगुणो जाणी लेवो. **प्रश्न** ते त्रण गुणने (जाणवाना) लिंगो कया छे ?

उत्तर : प्रसादथी सत्त्वगुण, तापथी रजसूगुण तथा दैन्यथी तमसूगुणनुं अनुमान थाय छे. रजसूगुणने जाणवानुं लिंग ताप=संताप छे. अने तमसगुणने जाणवानुं लिंग दैन्य=दीन वचनना कारणरूप दीनता छे. (अहीं प्रथम द्वन्द्वसमास थई, पछीथी बहुव्रीहि समास थईने 'प्रासादतापदैन्यादिकार्यलिङ्गम्' पद बनेल छे.)

कहेवानो आशय ए छे के प्रसाद-प्रसन्नता, बुद्धिनी पटुता, लाघव=लघुता-निराभिमानपणुं, अनभिष्वंग=अनासक्ति, अद्वेष=द्वेषरहितता, प्रीति आदि कार्यो सत्त्वगुणना लिंगो छे. ताप=संताप, शोष=शरीर-हृदय सूकाई जवुं, भेद=कूटनीति, चित्तनी चंचलता, स्तम्भ=कोईनी संपत्ति जोई स्तब्ध थई जवुं, उद्वेग=कंटाळो वगेरे कार्यो रजसूगुणना लिंगो छे.

(A) आ ज प्रकारनुं वर्णन सां. का. माठरवृत्ति पृ.२१ तथा सांख्यसं. पृ.११ उपर जोवा मळे छे.

દૈન્ય=દીનતા, મોહ=મૂઢતા, મરણ, સાદન=બીજાને દુઃખ પહોંચાડવું, બીભત્સ=ભયાનકતા-ડરવાપણું, અજ્ઞાન=મુર્ખતા કે વિપરીત જ્ઞાન, અગૌરવ=સ્વાભિમાનશૂન્યતા આદિ કાર્યો તમસ્ના લિંગો છે. આ (ઉપર સૂચવેલા) કાર્યો વડે સત્ત્વાદિ ગુણો જણાય છે.

જેમકે લોકમાં કોઈકવ્યક્તિ સુખને પ્રાપ્ત કરે છે, તે આર્જવ=સરળતા, માર્દવ=નિરભિમાનતા, સત્ય, શૌચ=મન-વચન-કાયાની પવિત્રતા, હ્રી=લોકલજ્જા, ક્ષમા, અનુકંપા, પ્રસન્નતાદિનું સ્થાન થાય છે. આ જ સત્ત્વપ્રધાન પુરુષની ઓળખાણ છે.

જે કોઈવ્યક્તિ દુઃખને પ્રાપ્ત કરે છે, ત્યારે તે દ્વેષ, દ્રોહ, મત્સર=ઇર્ષ્યા, નિંદા, વંચન=બીજાને ઠગવું, બંધન, તાપાદિનું સ્થાન થાય છે, તે જ રજસ્પ્રધાન પુરુષનો પરિચય છે. જે કોઈક વ્યક્તિ જ્યારે પણ મોહને પામે છે, ત્યારે તે અજ્ઞાન, મદ, આળસ, ભય, દૈન્ય, અકર્મણ્યતા નાસ્તિકતા, વિષાદ, ઉન્માદ, ભયંકર સ્વપ્ન આવવા વગેરેનું સ્થાન થાય છે, તે જ તમસ્પ્રધાન વ્યક્તિની ઓળખાણ છે.

તથા પરસ્પરઉપકારિ એવા ત્રણે પણ સત્ત્વાદિ ગુણો વડે સઘળુંયે જગત વ્યાપ્ત છે. (તો) પણ ઉર્ધ્વલોકમાં પ્રાયઃ દેવોમાં સત્ત્વની બહુલતા હોય છે. અધોલોકમાં તિર્યંચો અને નારકોમાં તમો ગુણની બહુલતા છે અને માણસોમાં રજોગુણની બહુલતા હોય છે. જેથી મનુષ્યો પ્રાયઃ દુઃખી હોય છે. જેથી સાંખ્યકારિકા-૫૪માં કહ્યું છે કે-

"બ્રહ્મથી માંડીને સ્તમ્બ=સ્થાવરપર્યન્ત, આ સમસ્તસૃષ્ટિ ઉર્ધ્વલોકમાં (ઉત્કૃષ્ટચૈતન્યવાળા દેવોમાં) સત્ત્વગુણપ્રધાન, મૂલ=અધોલોકમાં (અપકૃષ્ટચૈતન્યવાળા પશુ-નારક આદિમાં) તમો પ્રધાન, મધ્યલોકમાં (મધ્યમચૈતન્યવાળા માણસોમાં) રજોપ્રધાન છે. (૧)"

બ્રહ્મથી સ્તમ્બપર્યન્ત સમસ્તસૃષ્ટિમાં બ્રાહ્મ, પ્રાજાપત્ય, ઐન્દ્ર, પૈત્ર, ગાન્ધર્વ, યક્ષ, રાક્ષસ તથા પિશાચ આ આઠ પ્રકારની દૈવિસૃષ્ટિ છે. (સર્ગનું વર્ણન કરતાં સાંખ્યકારિકામાં કહ્યું છે કે... લિંગ શરીરની આસપાસ ભૂતો જે સ્થૂલશરીરની સૃષ્ટિ સર્જે છે, તે ભૂતાદિ સર્ગ ત્રણપ્રકારનો છે. (૧) દૈવસર્ગ, (૨) તિર્યગ્યોનિસર્ગ, (૩) મનુષ્યસર્ગ. તેમાં દૈવસર્ગ ઉપર કહ્યા પ્રમાણે આઠ પ્રકારનો છે.

તિર્યંચયોનિસર્ગ પાંચ પ્રકારનો છે. (i) **પશુ** (ગ્રામ્ય અથવા ખરીવાળા પ્રાણીઓ. જેમકે ગાય વગેરે.) (ii) મૃગ (વનમાં રહેનારા અથવા ખરી વિનાનાં હરણ વગેરે), (iii) **પક્ષીઓ,** (iv) **સરીસૃપ** (પેટે ચાલનાર સર્પ વગેરે) અને (v) **સ્થાવર** (વૃક્ષ વગેરે.) મનુષ્યસર્ગ એક જ પ્રકારનો છે.

સાંખ્યાચાર્ય શ્રી ગૌડની માન્યતા છે કે દૈવસર્ગ, મનુષ્યસર્ગ, સ્થાવર તેમજ જંગમ એમ બે

પ્રકારનો તિર્યગ્યોનિસર્ગ-એમ કુલ ચાર સર્ગ છે. તે પ્રત્યેકના અભૌતિક, લિંગ, ભાવ અને ભૂત એમ ચાર પ્રકાર છે. આથી કુલ ૧૬ સર્ગ થયા.) ॥૩૫॥

एतेषां या समावस्था सा प्रकृतिः किलोच्यते ।
प्रधानाऽव्यक्तशब्दाभ्यां वाच्या नित्यस्वरूपिका ।।३६।।

શ્લોકાર્થ: સત્ત્વાદિ ત્રણગુણોની સામ્યાવસ્થાને પ્રકૃતિ કહેવાય છે. તેને પ્રધાન, અવ્યક્ત શબ્દો વડે (પણ) બોલાય છે. તેનું સ્વરૂપ નિત્ય હોવાથી નિત્યસ્વરૂપિકા પણ કહેવાય છે.

व्याख्या-एतेषां-सत्त्वादिगुणानां या समा-तुल्यप्रमाणा अवस्था-अवस्थानं, सा सत्त्वादीनां समावस्थैव प्रकृतिरुच्यते । किलेति पूर्ववार्तायाम् सत्त्वरजस्तमसां गुणानां क्वचिदेवादौ कस्यचिदाधिक्येऽपि मिथः प्रमाणापेक्षया त्रयाणामपि समानावस्था प्रकृतिः कीर्त्यत इत्यर्थः । प्रधानाऽव्यक्तशब्दाभ्यां वाच्या, सा च प्रकृतिः प्रधानमव्यक्तं चोच्यते नामान्तराभ्याम् । नित्यम्-अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावं कूटस्थं स्वरूपं यस्याः सा नित्यस्वरूपिकाऽविचलितस्वरूपेत्यर्थः । अत एव सानवयवा साधारण्यशब्दास्पर्शारसारूपागन्धाव्यया चोच्यते । मौलिक्यसांख्या ह्यात्मानमात्मानं प्रति पृथक् पृथक् प्रधानं वदन्ति, उत्तरे तु सांख्याः सर्वात्मस्वप्येकं नित्यं प्रधानमिति प्रपन्नाः ।।३६।।

ટીકાનો ભાવાનુવાદ :

આ સત્ત્વાદિગુણોની સમાન=તુલ્ય અવસ્થાને જ પ્રકૃતિ કહેવાય છે. 'किल' પહેલા કહેલી વાતનો સંકેત કરે છે. (અર્થાત્ પૂર્વે કહ્યાપ્રમાણે) સત્ત્વ, રજસ્ અને તમસ્ગુણોનું અનુક્રમે દેવોમાં, મનુષ્યોમાં અને તિર્યંચો-નારકોમાં અધિકપણું હોવાછતાં પણ પરસ્પર પ્રમાણની અપેક્ષાથી સત્ત્વાદિ ત્રણેગુણોની સમાન અવસ્થાને પ્રકૃતિ કહેવાય છે. તે પ્રકૃતિપ્રધાન અને અવ્યક્ત શબ્દો વડે પણ કહેવાય છે. અર્થાત્ પ્રકૃતિના પ્રધાન અને અવ્યક્ત બીજા નામો જ છે.

વળી તે પ્રકૃતિ અપ્રચ્યુત (અવિનાશિ), અનુત્પન્ન (ઉત્પત્તિરહિત) અને સ્થિર એક કૂટસ્થ સ્વભાવવાળી છે. અર્થાત્ તેનું સ્વરૂપ કુટસ્થ છે. અર્થાત્ અવિચલિત સ્વરૂપવાળી છે. આથી જ તે પ્રકૃતિ અવયવરહિત, સાધારણ, શબ્દશૂન્ય, સ્પર્શરહિત, રસરહિત, રૂપરહિત, ગંધરહિત અને અવ્યય=અવિનાશિ કહેવાય છે.

મૂલસાંખ્યો પ્રત્યેક આત્માને પૃથક્-પૃથક્ પ્રકૃતિ હોય છે તેમ કહે છે. પરંતુ પછીનાં સાંખ્યો સર્વ આત્માઓમાં એક નિત્યપ્રધાન(પ્રકૃતિ)ને સ્વીકારે છે. (કહેવાનો આશય એ છે કે - મૂલ સાંખ્યોની માન્યતા એ છે કે સર્ગના પ્રારંભથી જ પ્રત્યેક પુરુષને પોતાની પૃથક્-પૃથક્ પ્રકૃતિ હતી, તે સર્ગના પ્રારંભમાં તે તે પુરુષ સાથે સંયોગ પામે છે અને ત્યાં સૃષ્ટિનું સર્જન થાય છે.

પછી જ્યારે પ્રલય થાય છે, ત્યારે તે જ પ્રકૃતિ સામ્યાવસ્થામાં આવી જાય છે તથા ફરીથી જ્યારે સર્ગનો પ્રારંભ થાય છે, ત્યારે તે તે પુરુષને તે તે (પ્રધાન=) પ્રકૃતિનો સંયોગ થાય છે. જ્યારે પુરુષ વિવેકખ્યાતિ દ્વારા આત્યંતિકી પ્રકૃતિના સંયોગનો વિયોગ કરે છે, ત્યારે મોક્ષ પામે છે.

જ્યારે ઉત્તર(પાછળ)ના સાંખ્યો એમ માને છે કે સર્વ આત્માઓને એક સ્વરૂપવાળી જ પ્રકૃતિ હોય છે.) ॥૩૬॥

प्रकृत्यात्मसंयोगात्सृष्टिर्जायते । अतः सृष्टिक्रममेवाह ।

[૨]પ્રકૃતિ અને આત્માના સંયોગથી સૃષ્ટિનું સર્જન થાય છે. આથી હવે સૃષ્ટિના ક્રમને જ કહે છે.

ततः संजायते बुद्धिर्महानिति यकोच्यते ।
अहंकारस्ततोऽपि स्यात्तस्मात्षोडशको गणः ।।३७।।

શ્લોકાર્થ: પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેને મહાન પણ કહેવાય છે. બુદ્ધિમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે અને અહંકારમાંથી સોળગણોની ઉત્પત્તિ થાય છે.

---

(૨) **प्रकृति : प्रकाशक्रियास्थितिशीलं भूतेन्द्रियात्मकं भोगापवर्गार्थं दृश्यम्** ।। પાતંજલ યોગદર્શન ૨-૧૮ ॥ અર્થાત્ પુરૂષના ભોગ અને અપવર્ગ માટે ભૂત અને ઇન્દ્રિયરૂપે પરિણામ પામતા, પ્રકાશ, ક્રિયા અને સ્થિતિરૂપ સ્વભાવવાળા સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણગુણરૂપ પ્રકૃતિ દૃશ્ય છે. (પુરુષ દ્રષ્ટા છે.)

અર્થાત્ પ્રકાશસ્વભાવવાળું સત્ત્વ છે. ક્રિયાસ્વભાવવાળું રજસ્ છે અને સ્થિતિસ્વભાવવાળું તમસ્ છે.

તેથી આ સમસ્તપદોનો એ અર્થ થયો કે સત્ત્વ, રજસ્ અને તમસ્રૂપ આ દ્રવ્યોના પ્રકાશાદિ ગુણો સર્ગ સમયે ઉદ્ભૂતરૂપે હોય છે. પણ પ્રલયસમયે તે રૂપે રહેતા નથી.

પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને આકાશ એ પાંચ સ્થૂલભૂત છે. અને ગંધતન્માત્રા, રસતન્માત્રા, સ્પર્શતન્માત્રા, શબ્દતન્માત્રા, રુપતન્માત્રા એ પાંચ સૂક્ષ્મભૂત છે. ભૂત કુલ ૧૦ છે.

ઇન્દ્રિય પણ સ્થૂલ અને સુક્ષ્મરૂપે છે. ત્યાં સ્થૂલ ઇન્દ્રિયમાં પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય તથા મન એમ ૧૧નું ગ્રહણ કરવું. અને સુક્ષ્મ-ઇન્દ્રિયમાં મહદ્ (બુદ્ધિ) અને અહંકારનું ગ્રહણ કરવું.

ખરું જોતાં ભૂત અને ઇન્દ્રિય એ સત્ત્વાદિ દ્રવ્યનાં કાર્યરૂપ છે. તથાપિ આ શાસ્ત્રમાં સત્કાર્યવાદનો સિદ્ધાંત છે. તેથી કાર્યનો કારણથી વસ્તુતઃ અભેદ જ માન્યો છે. આ નિયમથી ભૂત, ઇન્દ્રિયરૂપ પરિણામો (કાર્યો) પોતાના પરિણામીરૂપ (કારણરૂપ) ગુણત્રયથી અતિરિક્ત નથી, પણ તે રૂપે જ છે. એ બતાવવા આ સ્થળે ભૂત અને ઇન્દ્રિયને એ ગુણત્રયનું સ્વરૂપ જ કહ્યું.

એક એવો નિયમ છે કે જે ગુણો કાર્યમાં હોય તે તેના ઉપાદાનકારણમાં અવશ્ય હોવા જોઈએ. એટલે કે જે ગુણવાળું કાર્ય હોય તે ગુણવાળું તેનું કારણ હોવું જોઈએ. ભૂત અને ઇન્દ્રિયમાં સ્પષ્ટ રીતે પ્રકાશ, ક્રિયા અને સ્થિતિ એ ત્રણે ગુણો દેખાય છે. તેથી આ નિયમ પ્રમાણે આ ગુળોવાળા ભૂત અને ઇન્દ્રિયરૂપ જડ કાર્યોનો સદ્ભાવ ક્યારે હોઈ શકે કે જ્યારે એના કારણમાં એ ત્રણે ગુણો હોય ત્યારે, તેથી કાર્યલિંગી અનુમાનથી પ્રકાશાદિ ધર્મવાળા કારણની અર્થાત્ સત્ત્વાદિ ત્રિગુણાત્મક પ્રકૃતિની સિદ્ધિ થાય છે.

મહત્તત્ત્વથી માંડી પૃથ્વી આદિના સ્થૂલઅણુઓ પર્યન્ત જે પરિણામ પામે છે તથા જેના એ પરિણામો

द्रष्टाના ભોગ અને અપવર્ગરૂપ પ્રયોજનને લઈને થાય છે, તે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણગુણ તે દૃશ્ય-પ્રકૃતિ છે.

શંકા : આ ભોગ અને અપવર્ગ તો બુદ્ધિના વૃત્તિરૂપ છે. તેથી બુદ્ધિમાં રહેલા છે. તો પછી પુરૂષના એ બે પ્રયોજન કેવી રીતે કહેવાય ? અને તેથી જો સત્ત્વાદિદ્રવ્યો આ પ્રયોજન માટે મહત્ વગેરે રૂપે પરિણામ પામતાં હોય, તો પછી એ દ્રવ્યને સ્વતંત્ર આ શાસ્ત્રમાં માન્યાં છે તે અયોગ્ય ઠરશે ?

સમાધાન : ખરું જોતાં તો ભોગ અને અપવર્ગ બુદ્ધિથી જ કરાયેલાં છે. તથાપિ ઉપચારથી પુરુષનિષ્ઠ છે. એમ કહેવાય છે. જેમ લશ્કરથી કરાયેલો જય-પરાજય લશ્કરમાં જ રહેલો છે, છતાં પણ લશ્કરના સ્વામીને લશ્કરની સાથે અભેદરૂપે ગણીને લોકો એ જય-પરાજયનો રાજામાં ઉપચાર કરે છે. તે રીતે ભોગ અને અપવર્ગ માટે સમજવું.

શંકા : પ્રયોજનને લઈને જો સત્ત્વાદિ પરિણામ પામતાં હોય તો પ્રકૃતિ સ્વતંત્ર ન કહેવાય ને ?

સમાધાન : ધર્માદિ નિમિત્તો પ્રધાનાદિ પ્રકૃતિના પ્રવર્તક હેતુ નથી. પણ એ નિમિત્તો તો માત્ર ખેડૂતની માફક પ્રતિબંધને દૂર કરે છે.

પ્રધાન, મહત્, અહંકારાદિ ઉપાદાનકારણરૂપ પ્રકૃતિની પ્રવૃત્તિ તો પોતપોતાના સ્વભાવથી જ થાય છે. એ પ્રવૃત્તિને કંઈ ધર્માદિ નિમિત્તો કરાવતાં નથી. એ પ્રવૃત્તિ પ્રતિક્ષણે નિરંતર થવી એ તો પ્રકૃતિનો સ્વભાવ છે. તો પણ એ સ્વભાવને આચ્છાદન કરી રાખનાર પ્રતિબંધકરૂપ અધર્માદિ પ્રાપ્ત થાય છે. તો તેની નિવૃત્તિ માત્ર ધર્માદિ કરે છે. એ નિવૃત્તિ થઈ એટલે એ પ્રકૃતિઓ પોતપોતાના સ્વભાવથી પોતાની મેળે જ પ્રવૃત્તિ કરે છે. દા.ત. ખેડૂત એક ખાડામાંથી વિવિધ ક્યારાઓમાં જળ લઈ જવું હોય છે, ત્યારે ખેડૂત નીચી નીચી પાળ બાંધે છે. એ સ્થળે ખેડૂત કંઈ જળનો પ્રવર્તક હેતુ નથી. જળનો એવો સ્વભાવ છે કે એ હંમેશાં નીચે પ્રદેશમાં જાય છે. તે ખેડૂત પ્રતિબંધ દૂર કરી આપે છે પાણી પોતાનું કામ કરે છે.

તે જ પ્રમાણે પ્રકૃતિનો સ્વભાવ પોતપોતાના વિકારરૂપે પરિણામ પામવાનો છે. એ સ્વભાવ અધર્માદિ નિમિત્તે આચ્છાદિત થયેલાં હોય છે. ધર્માદિ નિમિત્તો તે આચ્છાદનને દૂર કરે છે. ત્યારપછી પ્રકૃતિઓ પોતાના સ્વભાવ પ્રમાણે પરિણામને પામે છે. એ જ પ્રમાણે પુરુષાર્થરૂપ નિમિત્ત માટે પણ તે રીતે જાણવું. કારણકે સ્વતંત્રપદાર્થ હોય તે પરતંત્રનો પ્રવર્તક થઈ શકે. જે જાતે પરતંત્ર છે, તે અન્યનો પ્રવર્તક થાય નહિ. જેમકે દંડ-ચક્રાદિ નિમિત્તો, જે જાતે પરતંત્ર છે તે ઘટના પ્રયોજક નથી. અને એમ હોવાથી જ દંડ-ચક્રાદિનો અભાવ હોય છે. તથાપિ યોગીના સંકલ્પમાત્રથી ઘટની ઉત્પત્તિ થાય છે.

તેમજ જે કાર્ય હોય છે તે કારણનું પ્રયોજક થતું નથી. જેમ ઘટ મૃત્તિકાના કાર્યરૂપ હોવાથી મૃત્તિકાનો પ્રયોજક નથી. આ નિયમાનુસાર ધર્માધર્મ અને પુરૂષાર્થ એ બંને પ્રકૃતિનાં કાર્યરૂપ છે અને તેથી પ્રકૃતિને અધીન હોવાથી પરતંત્ર છે.

હવે જેઓ સેશ્વરવાદિ છે, તે કહે છે કે ઈશ્વર પ્રકૃતિની પ્રવૃત્તિવિરોધી જે સામ્યાવસ્થા છે, તેનો સંકલ્પથી ભંગ કરે છે. અને પ્રકૃતિ પોતાના સ્વભાવથી જ સર્ગારંભે પોતાની મેળે જ પરિણામને પામતી ચાલી જાય છે. કાળાદિપદાર્થો ધર્માધર્મને ઉદ્‌ભૂત કરે છે. તથા તેના દ્વારા ધર્માધર્માદિરૂપ પ્રતિબંધની નિવૃત્તિ કરે છે. એટલે પ્રકૃતિઓ પોતાની મેળે જ પરિણામને પામે છે. આથી સર્વનિમિત્તો પ્રકૃતિના પ્રયોજક હેતુ નહિ હોવાથી પ્રકૃતિ સ્વતંત્ર છે.

પ્રકૃતિની અવસ્થાવિશેષ : વિશેષ, અવિશેષ, લિંગ માત્ર અને અલિંગ એ ચાર સત્ત્વાદિ ગુણત્રયરૂપ પ્રકૃતિની અવસ્થાવિશેષ છે.

विशेष : કેવળ વિકારપદાર્થો તે ૧૬ છે. પાંચ મહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એ ઉભયરૂપ મન-આ સોળ કેવળ વિકારો હોવાથી વિશેષ છે.

→ અહીં પૃથ્વી ગંધતન્માત્રારૂપ અવિશેષનો, અપ્ રસતન્માત્રારૂપ અવિશેષનો, તેજ રૂપતન્માત્રારૂપ અવિશેષનો, વાયુ સ્પર્શતન્માત્રારૂપ અવિશેષનો તથા આકાશ શબ્દતન્માત્રારૂપ અવિશેષનો વિકાર છે.

→ પાંચજ્ઞાનેન્દ્રિય, પાંચકર્મેન્દ્રિય તથા મન એ ૧૧ કરણો દર્શન-શ્રવણાદિ વિશેષથી રહિત અને અભિમાનમાત્ર ધર્મવાળા અહંકારરૂપ અવિશેષના વિકારો છે.

→ તેમાં સત્ત્વપ્રધાન અહંકારના વિકારરૂપ જ્ઞાનેન્દ્રય છે.

→ રજ: પ્રધાન અહંકારના વિકારરૂપ આ દસે ઇન્દ્રિયના અર્થને વિષય કરનાર મન છે.

આમ આ ૧૬ તત્ત્વો વિકાર છે. એ સિદ્ધ થાય છે. એટલું જ નહીં એ ૧૬ તત્ત્વોમાંથી કોઈપણ અન્ય તત્ત્વનું ઉપાદાનકારણ નથી. તેથી એ ૧૬ તત્ત્વો કેવળ વિકારરૂપ છે.

પૃથ્વી આદિ પંચભૂત જગતના સ્થૂલપદાર્થોના ઉપાદાનકારણરૂપ છે એ વાત સાચી છે, તો પણ પૃથિવ્યાદિ આણુ કરતાં જગતના સ્થૂલપદાર્થો અધિકસ્થૂલ ગણાતા નથી. તેથી એ પદાર્થો ભિન્ન તત્ત્વરૂપ નથી. આથી આ તત્ત્વો અન્યતત્ત્વના ઉપાદાનકારણ નથી. તેથી તે કેવળ વિકાર છે અને તેથી એ તત્ત્વો વિશેષ છે.

વિશેષનો અર્થ એ જ કે શાન્ત, ઘોર અને મૂઢ એ વિશેષોવાળા કેવલ વિકારરૂપ પદાર્થો. આમ હોવાથી પાંચ તન્માત્રા જે શબ્દ-સ્પર્શાદિ વિશેષવાળી છે તથા તામસ્ અહંકારના વિકારરૂપ છે અને છતાં પૃથ્વીઆદિ પંચભૂતરૂપ ભિન્નતત્ત્વના ઉપાદનકારણ છે. તેથી કેવળ વિકારરૂપ નથી. આથી તેનો સમાવેશ વિશેષમાં થતો નથી. સાંખ્યકારિકામાં કહ્યું છે કે - 'षोडकस्तु विकारः' આ વચનથી ૧૬ પદાર્થો જ વિકારરૂપ કહ્યાં છે. શ્રીગર્ભોપનિષદમાં પણ अष्टौ प्रकृतयः षोडशः विकाराः - આઠ પ્રકૃતિ છે અને ૧૬ વિકારો છે એમ કહેલ છે.

अविशेष : અવિશેષ એટલે શાંત, ઘોર અન મૂઢરૂપ વિશેષથી રહિત, લિંગમાત્ર અને અલિંગથી ભિન્ન સત્ત્વાદિનાં કાર્યરૂપ પદાર્થો. આ પદાર્થો છે પાંચ તન્માત્ર અને અહંકાર.

→ અહીં અહંકારમાં શ્રવણ-દર્શનાદિથી રહિત અભિમાનમાત્ર ધર્મવાળા સાત્વિક, રાજસ્ અને તામસ્ અણુઓનું ગ્રહણ થાય છે. એ અણુઓ જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, મન તથા પાંચ તન્માત્રાના ઉપાદાન કારણરૂપ છે તથા જાતે લિંગમાત્ર પર્વના વિકારરૂપ છે.

આમ હોવાથી એ અણુઓ શાંત, ઘોર, મૂઢરૂપ વિશેષો, જે કેવલ વિકારોમાં જ ઉદ્ભૂત થયેલા હોય છે, તેનાથી રહિત છે, લિંગમાત્ર અને અલિંગથી વધારે સ્થૂલ હોવાથી ભિન્નતત્ત્વરૂપ છે તથા સત્ત્વાદિનાં કાર્ય છે. તેથી તે સત્ત્વાદિ મૂલ પ્રકૃતિના અવિશેષપર્વમાં આવે છે.

→ શબ્દ તન્માત્રા એટલે શાન્તાદિ વિશેષથી રહિત, શબ્દમાત્ર ધર્મવાળું, આકાશના અણુના ઉપાદાનકરણરૂપ દ્રવ્ય.

→ સ્પર્શતન્માત્રા એટલે શાન્તાદિ વિશેષથી રહિત, શબ્દ અને સ્પર્શ એ બે ધર્મવાળું, વાયુના અણુના ઉપાદાનકારણરૂપ દ્રવ્ય.

→ રૂપતન્માત્રા એટલે શાન્તાદિ વિશેષથી રહિત, શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ધર્મવાળું, તૈજસ અણુના ઉપાદાનકારણરૂપ દ્રવ્ય.

→ રસતન્માત્રા એટલે શાન્તાદિથી રહિત, શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ધર્મવાળું, જલના ઉપાદાન કારણરૂપ દ્રવ્ય.

→ ગંધતન્માત્રા એટલે શાન્તાદિથી રહિત, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ધર્મવાળું, પૃથ્વીના અણુના ઉપાદાનકારણરૂપ દ્રવ્ય.

આ પાંચ તન્માત્રા કહેવાય છે. આ પાંચે તન્માત્રાઓ સર્વ એકસરખી રીતે તામસ્ અહંકારના કાર્યરૂપ છે. તેમજ આ તન્માત્રા આકાશાદિ પાંચભૂતરૂપ ભિન્ન તત્ત્વોના ઉપાદાનકારણરૂપ છે. તેથી આ તન્માત્રા કેવલ વિકારરૂપ નથી અને તેથી શાન્તાદિથી રહિત છે. તથા લિંગમાત્ર અને અલિંગથી ભિન્ન છે. તેથી અવિશેષ છે. આમ પાંચ તન્માત્રા અને અહંકાર અવિશેષ છે.

(૩) **લિંગમાત્ર :** લિંગમાત્ર એટલે વ્યંજકમાત્ર, અર્થાત્ જે સંપૂર્ણ જગતને અભિવ્યક્ત થયેલું દેખાડે છે તથા જેનામાં અન્ય કશો વ્યાપાર નથી. એવું સત્વાદિ ગુણોનું કાર્ય. આ કાર્ય તે મહત્તત્વ છે.

સર્ગના આરંભે પ્રકૃતિનો ક્ષોભ થવાથી જે આદ્યવિકાર સત્તાને પામે છે. તે કાર્ય બ્રહ્મની ઉપાધિરૂપ તત્ત્વ, અવિશેષ અને વિશેષ એ સર્વપરિણામોનું આધારભૂત હોવાથી મહત્ કહેવાય છે. જ્યારે પ્રલય થાય છે, ત્યારે જગતની સર્વવસ્તુઓ સંસ્કારસહિત પ્રધાનમાં લીન થાય છે. સર્ગકાળ પ્રાપ્ત થવાથી પ્રકૃતિ, જે પ્રલયસમયે સામ્યાવસ્થામાં હોય છે તે ક્ષોભ પામે છે. એ ક્ષોભ પામવાથી જે પ્રથમવિકાર અસ્તિત્વમાં આવે છે અર્થાત્ એ ક્ષોભપામેલી પ્રકૃતિ જ મહત્ છે.

એ મહત્ લિંગમાત્ર છે, કેમકે એ પ્રકૃતિની ક્ષોભ પામેલી અવસ્થારૂપ હોવાથી આખા જગતને પોતામાં અભિવ્યક્ત કરે છે. તથા એનામાં બીજો કશો વ્યાપાર હોતો નથી. જ્યારે એ મહત્તત્ત્વમાંથી અહંકારાદિ ઉત્પન્ન થાય છે, ત્યારે જ અભિવ્યક્તિથી અતિરિક્ત વ્યાપાર થાય છે. તેથી મહત્તત્ત્વની ઉત્પત્તિના સમયે અભિવ્યક્તિથી અન્ય કશો વ્યાપાર હોતો નથી. તેથી યોગ્ય રીતે લિંગમાત્ર કહેવાય છે.

એ મહત્તત્ત્વ છ અવિશેષોનું પણ કારણ છે. અર્થાત્ એ જ તત્ત્વ સ્થૂલતાને પામતાં છ અવિશેષરૂપે પરિણામ પામે છે. એમા એટલો ફરક છે કે અહંકાર આ મહત્તત્ત્વનો સાક્ષાત્ પરિણામ છે અને તન્માત્રા અવિશેષ એ અહંકાર દ્વારા થતા પરિણામો છે. તેથી આ તત્ત્વ છ અવિશેષની માફક પ્રકૃતિ વિકૃતિતત્ત્વ છે.

(૪) **અલિંગ :** અલિંગ એટલે કોઈનું વ્યંજન કરનાર નહી તે, અર્થાત્ સત્ત્વાદિગુણોની સામ્યાવસ્થા.

આ સામ્યાવસ્થાને ઘણે પ્રસંગે શાસ્ત્રોમાં પ્રકૃતિ પણ કહી છે. તેમજ અવ્યક્ત, અવ્યાકૃતવગેરે પણ એનાં જ નામો છે. કારણકે સામ્યાવસ્થા દેખાય તેવી નથી. એટલે કે એ અવસ્થામાં કશાની અભિવ્યક્તિ નથી. તેમજ નામ અને રૂપ બંને સ્ફુટ નથી.

આ અલિંગ વા પ્રકૃતિ સદાકાળ એકસરખી રીતે રહેતી નથી, પણ સર્ગકાળ પ્રાપ્ત થવાથી એ અન્યરૂપે પરિણામ પામે છે. તેથી પૂર્વ ધર્મને ત્યજે છે તથા અન્યધર્મનું ગ્રહણ કરે છે. આમ હોવાથી એ પ્રકૃતિ સત્ કહેવાતી નથી. કેમકે જે વસ્તુ ત્રણે કાળે એકસરખી રીતે વિદ્યમાન રહે તે જ સત્ છે. તેમજ આ પ્રકૃતિ શશશૃંગના જેવી અસત્ પણ નથી. એથી અસત્ કહેવાય તેમ પણ નથી. આમ હોવાથી આ પ્રકૃતિ (અને તેના કાર્યરૂપ સંપૂર્ણ જગત) સત્-અસત્થી અનિર્વચનીય કહેવાય છે. આદિત્યપુરાણમાં કહ્યું છે કે - "नासद्रुपा न सद्रुपा माया नैवोभयात्मिका सदसद्भ्यामनिर्वाच्या । આ પ્રકૃતિ જ સર્વનું મૂળકારણ છે, તથાપિ એ પણ ગુણોની સામ્યાવસ્થારૂપ હોવાથી ગુણોથી અતિરિક્તરૂપે તો ગુણના ધર્મરૂપ છે. અને તેથી એને ગુણોના પર્વરૂપ કહેવામાં દોષ નથી.

આ ચારેને ગુણના પર્વ કહ્યાં, ત્યાં જોકે એ ચારે એકસરખી રીતે સત્ત્વાદિગુણોમાં પર્વરૂપ છે. તથા અલિંગપર્વ અને ઇતર ત્રણ પર્વમાં એક મોટો ભેદ એ છે કે અલિંગપર્વ નિત્ય છે અને અન્ય ત્રણ પર્વો અનિત્ય છે.

અલિંગપર્વ નિત્ય હોવાનું કારણ એ છે કે એ પર્વમાં કોઈ નિમિત્ત નથી. અર્થાત્ સત્ત્વાદિગુણોની એ

સ્વભાવસિદ્ધ અવસ્થા છે અને મહત્ વગેરે પર્વ નિમિત્તવશાત્ થાય છે. એ નિમિત્ત એ પુરૂષાર્થની સિદ્ધિ છે. સુખ, દુઃખાભાવ અને વિવેકખ્યાતિ એ પુરૂષાર્થ છે. એ પુરૂષાર્થ મહત્ વગેરેનું નિમિત છે.

ભોગ અને અપવર્ગરૂપ પુરૂષાર્થની સિદ્ધિ સર્ગકાળે જ થાય છે. પ્રલયકાળે થતી નથી. કેમકે પ્રલયકાળે તો ભોગનું જે કરણ અર્થાત્ બુદ્ધિ તથા ઇન્દ્રિયો, તે આ પ્રકૃતિમાં સમાયા છે. એટલું જ નહીં, પણ જે અભિમાનીનું અણું, તે પણ એ સમયે નથી. તેથી પ્રલયકાળે સુખ અને વિવેકખ્યાતિની સિદ્ધિ નથી. એ સ્પષ્ટ છે. તેમજ પ્રલયકાળે જે દુઃખાભાવ હોય છે તે તો કર્મજન્યદ્રવ્ય તથા અભિમાનીવગેરે દ્રવ્યના રૂક્ષ થવાથી થયેલો હોય છે. તેથી એ પણ આ સામ્યાવસ્થામાં નિમિત્તરૂપ નથી. તાત્પર્ય એ છે કે કોઈપણ પુરૂષાર્થની સિદ્ધિ આ અવસ્થામાં ઘટતી નથી. તેથી આ અવસ્થાનું પુરૂષાર્થ નિમિત્ત નથી. અને અન્યનિમિત્તની તો પ્રાપ્તિ જ આવતી નથી. આ અવસ્થા નિત્ય અને અન્ય ત્રણપર્વ અનિત્ય.

પ્રશ્ન : અલિંગ અવસ્થામાં કોઈ નિમિત્ત નથી એ વાત સાચી, તથાપિ સર્ગકાળ પ્રાપ્ત થાય છે. ત્યારે એ અવસ્થા મટી મહત્ વગેરે પરિણામો થાય છે. અર્થાત્ સર્ગસમયે આ અવસ્થાનું નામ પણ નથી રહેતું, તો પછી તે નિત્ય કેમ કહેવાય ?

ઉત્તર : જ્યારે પ્રલય થાય છે ત્યારે તે તે ભાગના (સૃષ્ટિના) અંત્યાવયવીથી મહત્ સુધીના સર્વતત્ત્વો પોતપોતાના વિશેષોને છોડી દે છે. એટલે સંપૂર્ણ દ્રવ્ય સામ્યાવસ્થાને પામે છે. અર્થાત્ અલિંગરૂપ થઈ રહે છે. પુનઃ જ્યારે સર્ગકાળ પ્રાપ્ત થાય છે, ત્યારે એ સામ્યાવસ્થાવાળા દ્રવ્યમાં ક્ષોભ થાય છે. એ ક્ષોભ એ દ્રવ્યમાત્રમાં નથી થતો, પણ માત્ર એક દેશમાં જ થાય છે. એટલે કે જેમ સર્વ દુધનું દહીં બને છે, તેમ અલિંગના એક દેશમાં જ વિકાર ઉત્પન્ન થાય છે. અને અન્યદેશ તો સામ્યાવસ્થા રૂપે જેમનો તેમ સ્થિત થાય છે. આ અવશિષ્ટ રહેલું સામ્યાવસ્થાવાળું દ્રવ્ય પોષકદ્રવ્યરૂપે એ વિકારની સર્વતઃ રહે છે અને તેથી એ આવરણ પણ કહેવાય છે.

આ જ પ્રમાણે મહત્ તત્ત્વ પણ સંપૂર્ણ અંશે અહંકારરૂપ પરિણામને પામતું નથી. એનો એક દેશમાત્ર એ રૂપે પરિણામ પામે છે. બાકી રહેલો પ્રદેશ મહત્તત્ત્વરૂપે જ રહે છે. જે અહંકારના પોષકદ્રવ્યરૂપે-આવરણરૂપે ચાલે છે. આજ રીતે અહંકાર અને તન્માત્રા તથા પંચમહાભૂત એ સર્વ માટે સમજવું.

આ રીતે પોષકદ્રવ્યરૂપે રહેલાં આવરણો બધાં મળી આઠ છે. (૧) અલિંગ, (૨) મહત્, (૩) અહંકાર, (૪-૮) પાંચ તન્માત્રા. (જે આઠ આવરણોમાં જે તન્માત્રાવાળું આવરણ છે, તેમાં જ પાંચભૂતોમાં આવરણોનો સમાવેશ કર્યો છે.)

આથી સિદ્ધ થયું કે સર્ગકાળે પણ આવરણરૂપે અલિંગની સ્થિતિ હોય છે. તેથી સર્ગકાળે એ અલિંગનો કેવળ અભાવ થાય છે એ અસત્ય છે. અર્થાત્ એ અલિંગ સત્ત્વાદિની સ્વભાવસિદ્ધ અવસ્થા હોવાથી તથા સર્ગકાળે પણ અસ્તિત્વમાં હોવાથી નિત્ય છે.

વળી આ અલિંગઅવસ્થા એ ગુણોની માફક અને પુરૂષની માફક નિત્ય ગણવી ઘટતી નથી. કારણકે ગુણો પ્રલયસમયે અને સર્ગસમયે સદા સર્વદા સંપૂર્ણ વિદ્યમાન હોય છે. તેમજ પુરૂષ સદા સર્વદા એકરૂપે રહેલો છે. તેથી ગુણો અને પુરૂષ જેવું નિત્યત્વ તો અલિંગમાં નથી. તથાપિ અલિંગપર્વ પણ સદા સત્તાવાળું હોવાથી નિત્ય કહેવું અયોગ્ય નથી.

પ્રકૃતિના બીજા નામો :

* ગુણત્રય સર્વજગતના કારણરૂપ હોવાથી **પ્રકૃતિ** કહેવાય છે.
* સુખ, દુઃખ અને મોહ ધર્મવાળા હોવાથી **સુખદુઃખમોહાત્મક** કહેવાય છે.
* રાજાના અમાત્યની માફક પુરૂષના સર્વ અર્થ સાધનાર હોવાથી **પ્રધાન** કહેવાય છે.

* સંપૂર્ણ કાર્યો એની અંદર રહે છે, તેથી **પ્રધાન** કહેવાય છે.
* જગતને મોહ કરાવનાર હોવાથી **માયા** કહેવાય છે.
* **પરમાણુ** પણ કહેવાય છે.
* **સાંખ્યમતમાં જે સેશ્વરવાદિ છે, તેમના ઈશ્વરનું સ્વરૂપ બતાવવામાં આવે છે. તે પાતંજલ યોગદર્શનના આધારે બતાવેલ છે.**

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः" ॥१-२४॥

સૂત્રાર્થ : અવિદ્યાદિ ક્લેશ, ધર્માધર્મરૂપ કર્મ,જાતિ વગેરે ક્લેશકર્મનાં ફલરૂપ વિપાક, તથા ધર્માધર્મના સંસ્કાર-એ સર્વના ત્રણે કાળવિશે વસ્તુતઃ તથા ઉપચારથી પણ થતા સંસર્ગથી રહિત, સ્વરૂપે શુદ્ધ ચિતિશક્તિસ્વરૂપ નિરતિશય ઐશ્વર્યવાળા ઈશ્વર છે.

(**ક્લેશ :** ક્રિયાયોગથી દૂર થતા ક્લેશો પાંચ પ્રકારના છે. (૧) **અવિદ્યા,** (૨) **અસ્મિતા,** (૩) **રાગ,** (૪) **દ્વેષ,** (૫) **અભિનિવેશ.** આ પાંચ ક્લેશોમાં અવિદ્યા બાકીના ચારની જનની છે. આ બધા ક્લેશોની ચાર અવસ્થાઓ છે (૧) **પ્રસુપ્ત**=સુતેલાની માફક કામ ન કરતાં, પડી રહેલા પણ જાગે એવી હોય. (૨) **તનુ**=પાતળા-શિથિલ હોય. (૩) **વિચ્છિન્ન**=ત્રૂટક-ત્રૂટક વર્તનાર હોય. (૪) **ઉદારપણે વિચારનાર હોય.**

આ સર્વેનું વિશેષસ્વરુપ અન્યગ્રંથોથી જાણી લેવું.

ઈશ્વર આ સર્વેનું સ્વરૂપતઃ શુદ્ધ ચિતિશક્તિરૂપ છે. તોપણ તેને એકચિત્ત હોય છે. એ ચિત્ત શુદ્ધસત્ત્વા માયાના શુદ્ધાંશનું બનેલું છે. અને તેથી યોગીના ચિત્તથી વિલક્ષણ છે. યોગીનું ચિત્ત પ્રયત્ને કરી શુદ્ધાંશવાળું બને છે. અને ઈશ્વરનું તો અનાદિકાળથી શુદ્ધાંશવાળું જ હોય છે. એ ચિત્તના યોગથી ઈશ્વરમાં જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિ હોય છે. એ ચિત્તની સાથે ઈશ્વરને બીજાજીવોની માફક અવિદ્યાનિમિત્તક સ્વ-સ્વામિભાવ સંબંધ નથી, પણ જગતરૂપ પ્રવાહમાં ખેંચાતા પુરૂષોને જ્ઞાનાદિઉપદેશદ્વારા ઉદ્ધાર કરવાની ઇચ્છારૂપ નિમિત્તથી ઈશ્વરે એ ચિત્તનું ગ્રહણ કર્યું છે.

આમ હોવાથી જેમ સ્ત્રી વગેરે વેશને તે રૂપે જાણી ગ્રહણ કરનાર શૈલૂષ (નાટકનું પાત્ર), તેથી બંધનને પામતો નથી. તેમ એ ચિત્તરૂપ માયાને માયારૂપ જાણીને પોતાની ઇચ્છાથી ગ્રહણ કરનાર ઈશ્વર પણ એનાથી બંધનને પામતો નથી.

ઈશ્વર પોતાની ઇચ્છાથી એક ચિત્તનું ગ્રહણ કરે છે, એમ કહેવામાં ઇચ્છાથી અનન્તરચિત્તનું ગ્રહણ અને ચિત્તવિના ઇચ્છાનો અભાવ હોવાથી ચિત્તના ગ્રહણની અનંતર ઇચ્છાઓ હોવા છતાં અન્યોન્યાશ્રયદોષ આવતો નથી. કારણકે સર્ગ અનાદિ છે. જો સર્ગને પ્રારંભ હોત તો એ પ્રશ્નનો અવકાશ રહેત કે ઈશ્વરે પ્રથમ ચિત્તનું ગ્રહણ કેવી રીતે કર્યું ? પણ તેમ તો છે નહીં. જગતપ્રવાહ-સર્ગપ્રવાહ અનાદિ છે, તેથી એક સર્ગના સંહારસમયે આ પ્રલયનો અવધિ આવે, એટલે સર્ગાન્તરની સૃષ્ટિ થવાના સમયે મારે અમુક શુદ્ધાંશવાળું ચિત્તસત્ત્વ ગ્રહણ કરવું છે. એવો સંકલ્પ કરી ઈશ્વર સૃષ્ટિનો સંહાર કરે છે અને સંકલ્પની વાસનાવાળું થઈ ચિત્ત પણ તે સમયે પ્રધાનમાં-પ્રકૃતિમાં લીન થઈ જાય છે. ત્યાર પછી પ્રલયકાળ પુરો થઈ રહે, ત્યારે જેમ રાત્રીએ સુતો માણસ સવારે વહેલા ઉઠવાના નિશ્ચય સાથે સૂવે, તો તે નિશ્ચયના બળથી ટાઈમસર ઊઠી જાય છે, તેમ પૂર્વસર્ગના અવધિએ કરેલા પ્રણિધાનરૂપ દૃઢસંકલ્પવાળા ઈશ્વરનું ચિત્ત તે સંકલ્પવશાત્ આ સર્ગના પ્રારંભમાં ઈશ્વરને પ્રાપ્ત થાય છે. અને ત્યારબાદ એ ચિત્ત વડે જગતની ઉત્પત્તિ, જ્ઞાનાદિનો બ્રહ્માને ઉપદેશ વગેરે ઈશ્વર કરે છે. પુનઃ એ સર્ગનો અવધિ આવતાં પૂર્વવત્ પ્રણિધાન કરે છે.

તથા તે પ્રણિધાનવશાત્ પુનઃ નવા સર્ગના આરંભે એ ચિત્તની પ્રાપ્તિ થાય છે. એમ અનાદિકાળથી પ્રણિધાન અને ચિત્તનું ગ્રહણ થતું હોવાથી બીજાંકુરવત્ ચાલ્યા જ કરે છે.

પ્રશ્ન : ઈશ્વરને પ્રકૃષ્ટસત્ત્વવાળું ચિત્ત છે, એમાં શુ પ્રમાણ છે ?

જવાબ : **तदैक्षत सोऽकामयत्, तदात्मानं स्वयमकुरुत ।**
स्वाभाविकी ज्ञानबलक्रिया च, यः सर्वज्ञः सर्वविदः ।।

આ વેદની શ્રુતિથી ઈશ્વરને પ્રકૃષ્ટચિત્ત છે તે સિદ્ધ થયું. (સૂત્રમાં એકવચનથી તે વ્યક્તિપરક છે અને તે વ્યક્તિ એક જ છે એટલે કે ઈશ્વર એક જ છે.)

પ્રશ્ન : ઈશ્વરનું જ્ઞાન કેવા પ્રકારનું છે

જવાબ : **तत्र निरतिशयं सर्वज्ञबीजम् ॥१-२५॥** અર્થાત્ સર્વજ્ઞપણાનું બીજ જે અતિશવાળું જ્ઞાન તે ઈશ્વરમાં નિરતિશય છે. એટલે કે ઈશ્વરમાં નિરતિશય એટલે એનાથી ઉત્કૃષ્ટ નહિ તેવું જ્ઞાન છે.

અહી સૂત્રમાં જે કહ્યું છે કે સર્વજ્ઞતાનો જ્ઞાપક હેતુ જે સાતિશય જાતીયજ્ઞાન તે ઈશ્વરમાં નિરતિશય છે. અર્થાત્ અમર્યાદ અવસ્થાને પામ્યું છે. ત્યાં સાતિશય જાતીયજ્ઞાન સર્વજ્ઞાતાનું આ પ્રમાણે જ્ઞાપન કરે છે. જ્ઞાન સાતિશય હોવાથી કોઈસ્થળે પણ નિરતિશય થવું જોઈએ, કેમકે લોકમાં આપણે જોઈએ છીએ કે જે જે ગુણ સાતિશય હોય છે - જેવું કે પરિમાણ - તે ક્વચિત્ પણ નિરતિશય થાય છે. પરિમાણનું જે અણુત્ત્વ, મહત્ત્વ રૂપ સાતિશય જોઈએ છીએ, તેની પુરૂષમાં કાષ્ઠાપ્રાપ્તિ છે, કારણકે પુરુષ વિભુ હોવાથી ક્વચિત્ કાષ્ઠાને પામવું જોઈએ. જ્ઞાન સાતિશય છે તે આપણે જાણીએ છીએ. બાળક કરતાં મોટા પુરૂષમાં વધારે હોય છે. તેનાથી યોગીમાં વધારે હોય છે અને તેનાથી ઉત્તમસાધનાવાળા યોગીને વધારે હોય છે. આ રીતે જ્ઞાન સાતિશય સિદ્ધ થાય છે. તેથી પરિમામની માફક ક્વચિત્ નિરતિશયવાળું હોવું જોઈએ. જ્યાં જ્ઞાન નિરતિશય થાય છે, ત્યાં સર્વજ્ઞત્વ છે એ સ્પષ્ટ છે.

પ્રશ્ન : એ સર્વજ્ઞપદાર્થ તે બુદ્ધ, અરિહંત વગેરે હશે કે મહેશ્વર, પરમકારુણીક જગતના અધિષ્ઠાતા વગેરે સંજ્ઞાવાળા ઈશ્વર હશે ?

ઉત્તર : આ વિશેષજ્ઞાન અનુમાનની શક્તિની બહાર હોવાથી શાસ્ત્રપ્રમાણથી થાય છે. લિંગપુરાણમાં કહ્યું છે કે...

लोके सातिशयित्वेन ज्ञानैश्वर्ये विलोकिते ।
शिवे नातिशयित्वेन स्थित आहुर्मनीषिणः ।। અર્થાત્ 'લોકમાં જ્ઞાન અને ઐશ્વર્ય જે અતિશયવાળાં દેખાય છે, તે પરમાત્માવિશે નિરતિશયને પામેલા છે." ઇત્યાદિ વચનથી જગતના અધિષ્ઠાતા મહેશ્વરમાં જ્ઞાનની નિરતિશયતા કહી છે.

શંકા : ઈશ્વરને જગતના અધિષ્ઠાતા અર્થાત્ જગતના ઉત્પન્ન કરનારા માન્યા તે યોગ્ય નથી. કારણકે શાસ્ત્રમાં ઈશ્વરને આપ્તકામ કહ્યા છે તથા ભગવાન હોવાથી આરુઢવૈરાગ્યવાળા કહ્યા છે. તેથી ઈશ્વરને કોઈપણ સ્વાર્થ ઘટતો નથી, અને સ્વાર્થવિના જગતની સૃષ્ટિરૂપ ક્રિયા ઘટતી નથી. સાંખ્યસૂત્રમાં **"स्वोपकारादधिष्ठानं लोकवत्"** એ સૂત્રથી એ જ અર્થનું બોધન કર્યું છે કે લોકમાં જે સ્વાર્થનેમાટે પ્રવૃત્તિ જોવામાં આવે છે. તેમ જગતસર્જનરૂપ ક્રિયાના કર્તા ઈશ્વરને માનીએ તો તે પ્રવૃત્તિ સ્વાર્થને માટે હોવી જોઈએ. ત્યાં ઈશ્વર નિત્ય મુક્ત હોવાથી ભોગ અથવા અપવર્ગ એ બંનેમાંથી કોઈપણ સ્વાર્થ એમને હોવો ઘટતો નથી. કદાચ પરાર્થપ્રવૃત્તિ માનીએ તો પરમકારુણિક ઈશ્વરની એ પ્રવૃત્તિ ઇતરપુરૂષોના સુખને માટે હોવી જોઈએ. અને તેમ હોય તો નાનાવિધ દુઃખોથી ભરેલા આ જીવલોકની સૃષ્ટિ ઈશ્વરકૃત ઘટે નહીં. તેમજ કાંતો ઈશ્વર કર્મની અપેક્ષારાખીને સૃષ્ટિકરે અથવા તો કર્મની અપેક્ષા રાખ્યાવિના. ત્યાં જો કર્મની અપેક્ષા વિના સૃષ્ટિ

કરે છે એમ લઈએ તો ઈશ્વરમાં વૈષમ્યનૈર્ઘૃણ્ય દોષોની પ્રાપ્તિ આવે છે. અને કર્મની અપેક્ષા રાખી સૃષ્ટિ કરે છે એમ માનીએ તો સૃષ્ટિ માટે કર્મ અને ઈશ્વર એમ બે કારણો માનવારૂપ ગૌરવ આવે છે. સાંખ્યસૂત્રમાં કહ્યું છે કે **न ईश्वराधिष्ठिते फलसंपत्ति कर्मणा तत्सिद्धिः** - આ સૂત્રમાં ઉપરનો અર્થ જ કહ્યો છે. વળી લોકમાં જ્યાં જ્યાં પ્રવૃત્તિ થાય છે, ત્યાં ત્યાં રાગનો સદ્ભાવ જોવામાં આવે છે. તેથી પ્રવૃત્તિ અને રાગ વચ્ચે કાર્ય-કારણભાવસંબંધ દેખાય છે. તેથી જો ઈશ્વરની જગતસૃષ્ટિરૂપ પ્રવૃત્તિ માનીએ તો ઈશ્વરમાં રાગ માનવો પડશે. તેનાથી ઈશ્વર ક્લેશ-કર્માદિથી રહિત છે - આ સિદ્ધાંત અસત્ય ઠરશે. સાંખ્યસૂત્રમાં કહ્યું છે કે - **न रागादृते जगत्सिद्धिः प्रतिनियतकारणत्वात्** । આ સૂત્રથી એ જ અર્થ કહ્યો છે. આથી સર્વથા ઈશ્વર જગતકર્તા નથી એ પ્રાપ્ત થાય છે.

સમાધાન : ઈશ્વરના સદ્ભાવ માટે આગળ શ્રુતિપ્રમાણો આપી ગયા છીએ. એટલે **प्रमाणाभावात् न तत्सिद्धिः** । પ્રમાણનો અભાવ હોવાથી ઈશ્વર સિદ્ધિ નથી એ કહેવું અયોગ્ય છે. એ ઈશ્વરની પ્રવૃત્તિ નિત્ય હોવાથી તેમાં પ્રયોજનની ખરું જોતાં જરૂર નથી.

જે પ્રવૃત્તિ કાદાચિત્કી હોય છે, ત્યાં જ માત્ર **प्रयोजनमनुद्दिस्य मन्दोऽपि न प्रवर्तते** - વિના પ્રયોજને મંદપુરૂષો પણ પ્રવૃત્તિ કરતા નથી. એ લૌકીકન્યાય પ્રાપ્ત થઈ પ્રયોજન હોવાની ફરજ પાડે છે. ઈશ્વરની જગતસર્જનરૂપ પ્રવૃત્તિ નિત્ય છે. તેથી તે પ્રવૃત્તિમાં કોઈપણ સ્વાર્થ કે પરાર્થરૂપ પ્રયોજનની જરૂર નથી. આ મુખ્ય સમાધાન છે.

છતાં પણ પ્રવૃત્તિમાં પ્રયોજન માનીએ તો આપ્તકામ ઈશ્વરને સ્વાર્થ તો સંભવતો નથી. તેથી પરાર્થ એ જ માત્ર પ્રયોજન છે. જો પરાર્થ જ પ્રયોજન હોય તો ઈશ્વર જીવોને દુઃખ શા માટે ભોગવાવે ? એનો ઉત્તર એ છે કે દુઃખ ભોગવ્યા વિના પરાર્થની પ્રાપ્તિ થતી નથી. જીવ દુઃખ ભોગવે પછી જ એને સુખના સાધનની જિજ્ઞાસા થાય છે અને જિજ્ઞાસાથી જ જ્ઞાન થાય છે. જ્ઞાનથી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિથી વિવેકખ્યાતિ થાય છે. અને દુઃખાનુભવ વિના વિવેકખ્યાતિના સાધનરૂપ વૈરાગ્યની સિદ્ધિ થતી નથી. આ બે કારણે દુઃખરૂપ સંસારની સૃષ્ટિ પરમકારુણિક તથા સર્વના સુખને ઇચ્છનારા પરમેશ્વર જ કરે છે તે સિદ્ધ થાય છે.

ઈશ્વરે જગતમાં દુઃખ શા માટે ઉત્પન્ન કર્યું. એ તો પ્રશ્ન જ નથી. કેમકે દુઃખ એ પ્રકૃતિમાં રહેલું જ હોવાથી ઈશ્વરે ઉત્પન્ન કર્યું છે એ અસિદ્ધ છે. તેથી દુઃખરૂપ જગતની સૃષ્ટિ ઈશ્વરથી થઈ શકે એ યોગ્ય છે. તેમ છતાં ઈશ્વર પુરુષોને વિના કારણ દુઃખ દેતો નથી; પ્રત્યેક પુરૂષના કર્માનુસાર તેમને સુખદુઃખ આપે છે. અને તેથી કરીને વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષો ઈશ્વરમાં આવતા નથી.

પ્રશ્ન : તો ઈશ્વર અને કર્મ બે માનવાનું ગૌરવ આવશે ને ?

જવાબ : ગૌરવ આવે છે એમ કહેવું અયોગ્ય છે, કારણ કે ન્યાયસિદ્ધગૌરવ દોષરૂપ નથી. જડકર્મ પોતપોતાની મેળે પોતાનો કાળજાણી પક્વથઈ ફલ આપે એ કલ્પનામાં અપૂર્વતા છે.

પ્રશ્ન : કોઈપણ પ્રવૃત્તિનું કારણતાવચ્છેદક રાગત્વ છે, આથી જગતસર્જનની પ્રવૃત્તિનું કારણતાવચ્છેદક રાગત્વ થશે. આથી ઈશ્વર જગતકર્તા નહીં માની શકાય.

ઉત્તર : લોકમાં પ્રવૃત્તિ કરનારા પુરૂષોમાં રાગ છે. આથી પ્રવૃત્તિ અને રાગનો કાર્યકારણસંબંધ ઠરતો નથી. કેમ કે જો માત્ર આવા સાહચર્યથી કાર્યકરણભાવનો નિર્ણય થતો હોય તો અવિદ્યા તથા સુખનો પણ કાર્યકારણસંબંધ ઠરે, કારણ કે લોકમાં જ્યાં જ્યાં સુખ જોવામાં આવે છે, ત્યાં ત્યાં સર્વસ્થળે અવિદ્યાનું અસ્તિત્વ પણ જોવામાં આવે છે. જો મુક્તપુરૂષોમાં એ નિયમનો વ્યભિચાર છે, એમ કહો તો પ્રવૃત્તિ અને

રાગની નિત્યવ્યાપ્તિ પણ એજ સ્થળે વ્યભિચરિત ઠરે છે. તેથી સર્વરીતે સિદ્ધ થાય છે કે ઈશ્વરમાં જગતસર્જનરૂપ પ્રવૃત્તિમાટે રાગ હોવો જોઈએ તે અસિદ્ધ છે. અને તેથી ઈશ્વર જગતના સ્રષ્ટા અથવા અધિષ્ઠાતા જે માન્યા છે તે સર્વાંશે યોગ્ય છે.

એ ઈશ્વર પૂર્વ પૂર્વ સર્ગમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મા વગેરેના પણ ગુરુ છે. કારણકે ઈશ્વર કાલકૃતપરિચ્છેદથી રહિત છે. અર્થાત્ આદિ અને અંતથી રહિત છે. અર્થાત્ અનાદિસિદ્ધ પદાર્થ છે અને તેથી આ સર્ગના બ્રહ્માદિના ઉપદેષ્ટા છે. એમ અતીત, અનાગત બ્રહ્માદિના પણ ઉપદેષ્ટા છે, કારણકે એ મહેશ્વર તે વખતે પણ તે જ રૂપમાં હોય છે. બ્રહ્માદિ દ્વિપરાર્ધાદિકાલથી અવચ્છિન્ન છે. તેથી પોતપોતાના આયુષ્યના અવધિએ પોતપોતાના કારણમાં શમે છે. ઈશ્વર કારણરહિત અને અંતરહિત હોવાથી બ્રહ્માદિના નાશ સમયે પણ તે જ રૂપમાં સ્થિત થાય છે. પુનઃ સર્ગકાળ આવે છે, ત્યારે એ ઈશ્વરના સંકલ્પાનુસાર પ્રકૃતિમાં ક્ષોભ કરે છે તથા ત્યાર પછી **'तत्वनेनेरितं विषमत्वं प्रयाति'** એ શ્રુતીમાં કહ્યા પ્રમાણે પ્રકૃતિના ગુણનું વૈષમ્ય થાય છે. એ વૈષમ્ય થવાથી અનુક્રમે શ્રીસદાશિવ, વિષ્ણુ અને બ્રહ્મા ઉત્પન્ન થાય છે. તે સર્વે પોતપોતાના આયુષ્યનો અવધિ આવવાથી નાશને પામેલા હતા. અને તેથી વેદાદિના જ્ઞાનથી રહિત થયા હતા. તેમને તે સર્વ વખતમાં પણ જેમના તેમ સ્થિર રહેનારા મહેશ્વર વેદાદિનો ઉપદેશ કરે છે. તેથી બ્રહ્માદિના ગુરુ અથવા ઉપદેષ્ય મહેશ્વર છે.

જે અર્થમાં સંકેત હોય તે શબ્દ અર્થનો વાચક થઈ શકે આ નિયમ છે. એ અર્થ અને શબ્દ વચ્ચે વાચ્ય-વાચકભાવ સંબંધ છે. એ સંબંધનું જ્ઞાન સંકેતથી થાય છે.

સર્ગના આરંભમાં ઈશ્વર વેદાદિની વ્યવસ્થા માટે ગો આદિ શબ્દની શક્તિને ગો આદિ અર્થમાં જ નિયમિત કરી સ્થાપે છે. તથા પ્રલયમાં જેમનું જ્ઞાન જતું રહ્યું છે તેવા પુરૂષોને તે શક્તિનો પ્રકાશ કરે છે. વળી ઈશ્વર સર્વજ્ઞ અને નિત્ય હોવાથી પૂર્વપૂર્વના સર્ગમાં જે જે શબ્દો જે જે અર્થમાં હતા તે તે શબ્દો, તે તે અર્થમાં નિયમિત કરે છે. તેથી ઈશ્વરસંકેતમાં ભેદ પડતો નથી.

✱ **સાંખ્યકારિકાના આધારે સાંખ્યમતમાં વિશેષ કહેવાય છે.**

दुःखत्रयाभिघाताज्जिज्ञासा 'तदुपघातके' हेतौ ।
दृष्टे साऽपार्था चेत् नैकान्ताऽत्यन्ततोऽभावात् ।।१।।

→ ત્રિવિધ દુઃખવડે દુઃખી થવાથી તેના નાશ માટેના ઉપાયને જાણવાની ઇચ્છા (-જિજ્ઞાસા) થાય છે અને તેના નાશ માટે લૌકિક ઉપાયો નથી. દરેક ધર્મની પ્રવૃત્તિ દુઃખના નાશ માટે જ થાય છે, તેમ અહીં પણ એકમાત્ર દુઃખનો વિનાશ કરવા માટે પ્રકૃતિ અને પુરૂષના ભેદનું જ્ઞાન કરવાનું છે. તે શાસ્ત્રદ્વારા કરી શકાય છે. તેના માટે પ્રકૃતિ અને પુરૂષનું જ્ઞાન હોવું જોઈએ. અને તેનો સંયોગ કઈ રીતે થયો તે જાણવું પડે અને તે બંનેનો વિયોગ કઈ રીતે થાય તે પણ જાણવું પડે. ત્યારબાદ દુઃખના આત્યંતિકનાશ માટે પુરૂષાર્થ થાય છે અને વિવેકખ્યાતિ પ્રાપ્તકરવી તે પરમપુરૂષાર્થ છે. (કારિકા-૧)

दृष्टवदानुश्राविकः स ह्यविशुद्धिक्षयातिशययुक्तः ।
तद्विपरीतः श्रेयान् व्यक्ताव्यक्तज्ञविज्ञानात् ।।२।।

→ **(आनुश्राविक)** વેદમાં કહેલા ઉપાય પણ લૌકિક જેવા જ છે. કારણકે ઉપાય અશુદ્ધિ, ક્ષય અને અતિશયથી યુક્ત છે. તેનાથી ઉલટો (એટલે કે શુદ્ધ, અક્ષય અને એકસરખો ઉપાય)છે તે જ શ્રેય છે અને તે છે વ્યક્ત, અવ્યક્ત અને જ્ઞ(પુરૂષ)નું વિજ્ઞાન. (કારિકા-૨)

त्रिविधदुःखना प्रकारादि पूर्वे बतावेल छे. आथी अहीं बतावेल नथी. गुरुमुखे श्रवण करीने जेने याद राखवामां आवे छे ते वेद. जोके वेदमां वेदान्तनो (उपनिषदोनो) समावेश पण थई जाय छे. परंतु अहीं तो मात्र वेदना कर्मकांड भाग ज अभिप्रेत छे. वेदमां अनेक प्रकारना यज्ञोनुं निरूपण करवामां आव्युं छे. यज्ञ-यागथी शाश्वत अने संपूर्ण सुख मळी शके तेम नथी. कारणके तेमां नीचेना त्रण प्रकारना दोषो रहेला छे.

(१) **अविशुद्ध :** एटले अशुद्धि. यज्ञमां पशुओनी हिंसा थाय छे अने हिंसा दुःख ज आपे छे. पंचशिखाचार्य कहे छे के अल्पप्रमाणमां मिश्रण यज्ञना परिणामे जे मुख्य फळ मळे छे ते तो पुण्य ज छे. पण तेमां हिंसा थई छे. तेथी गौण फळरूपे थोडुं पाप पण मळे छे. ए अल्पपापनो पेला पुण्य साथे जे संसर्ग थाय छे, ते थोडी अशुद्धि उपजावे छे अने पापनो परिहार करवा प्रायश्चित पण करवुं पडे छे.

(२) **क्षय :** स्वर्गमां शाश्वत सुख नथी. यज्ञ-यागथी स्वर्गनुं सुख मळे, पण ते क्षय पामवावाळुं छे.

(३) **अतिशय :** जुदा जुदा यज्ञना फळ जुदा जुदा होय छे, जेमके ज्योतिष्टेहोम यज्ञ करवाथी स्वर्ग मळे, पण वाजपेयादि यज्ञो करवाथी स्वर्गनुं राज्य मळे छे. आ प्रकारनी स्थितिने 'अतिशय' कही छे. अने मानवीनो स्वभाव तुलना करवानो होय छे. पोताना करतां अन्यनी स्थिति वधारे सारी छे, ते विचार तेनामां दुःख उपजावे छे.

आ रीते अशुद्धि, क्षय अने अतिशयथी युक्त होवाथी वैदिक उपायो पण लौकिक उपायनी जेमज शाश्वत अने संपूर्ण दुःखमुक्ति आपवामां निष्फळ ज निवडे छे.

मूलप्रकृतिरविकृतिर्महादाद्याः 'प्रकृतिविकृतयः' सप्त ।
षोडशकस्तु 'विकारो' न 'प्रकृति'र्न 'विकृति' पुरुषः ।।३।।

→ मूळ प्रकृति ए अविकारी छे. महत् वगेरे सात (तत्त्वो) प्रकृति पण छे अने विकृति पण छे. सोळ तत्त्वो तो केवळ विकार ज छे. पुरुष प्रकृति पण नथी, तेमज विकृति पण नथी. (कारिका-३)

आ कारिकामां मुख्य त्रण तत्त्वोना ज्ञाननुं सूचन करवामां आवेल छे. अव्यक्त, व्यक्त अने ज्ञ.

उपरना पच्चीस तत्त्वोमां सामान्य रीते मूळप्रकृतिने अव्यक्त कहेवामां आवे छे. महद्थी मांडी पांच महाभूत सुधीना त्रेवीस तत्त्वोने व्यक्त मानवामां आवे छे. अने अव्यक्त अने व्यक्तथी निराळा एवा पुरुषने 'ज्ञ' तरीके ओळखवामां आवे छे.

आ जगतने आपणे संसार एवा नामथी ओळखीये छीए अने संसरति इति संसारः । जे परिवर्तन पाम्या करे छे तेनुं ज नाम संसार छे एम मानवामां आवे छे. परंतु परिवर्तन ए तो एक प्रकारनी गति छे - अवस्था छे. परिवर्तन कोनुं ? एवो सहज प्रश्न थाय छे. परिवर्तन कोईकमां थाय छे. अने जेमां परिवर्तन थाय छे, तेमांथी कांईक नवी स्थितिनुं निर्माण पण थाय छे. जेमके माटीमां परिवर्तन थवाथी घडो बन्यो. आम माटी ए परिवर्तननो आधार बन्यो. आ परिवर्तनने लीधे माटी पोताना ज स्वरूप एवा घडानुं कारण बनी एम कही शकाय. आ परिवर्तन कारण-कार्यनी एक परंपरा सर्जे छे.

परंतु आ परंपराना छेडेथी शरू करी कार्य-कारणनी दिशामां आगळने आगळ जईए तो छेवटे एक बिंदु आवशे, के ज्यांथी आगळ जवुं शक्य नथी. अने एक एवुं कारण जणाशे के जे अन्यकोई कारणना परिवर्तननुं परिणाम नहीं होय. सर्वप्रपंचनुं ए ज मूळकारण, जे कोईनो पण विकार नथी, एवुं अविकृतितत्त्व अने तेने सांख्यमत मूलप्रकृति ए नामे ओळखे छे. आ मूळप्रकृतिनुं कोई कारण मानीए तो अनवस्थादोष आवे. अने आ मूळप्रकृतिना कोई विकार नथी, तेथी तेने अविकृति कही छे.

परंतु केटलाक एवा तत्त्वो पण छे के जेओ कोईने परिणमावे अने स्वयं पण पाछा कोईनुं परिणाम होय. तेमने

પ્રકૃતિવિકૃતિ કહેવામાં આવે છે.

જ્યારે કેટલાક તત્ત્વો માત્ર વિકાર જ હોય-તેમને વિકાર કહેવામાં આવે છે. અને એકતત્ત્વ એવું પણ છે કે કોઈનું પરિણામ પણ નથી અને પોતામાં કોઈને પરિણમવા દેતું પણ નથી.

दृष्टमनुमानमाप्तवचनं सर्वप्रमाणसिद्धत्वात् ।

त्रिविधं प्रमाणमिष्टं प्रमेयसिद्धिः प्रमाणाद्धि ।।४।।

પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ (આપ્તજનનું વચન) એ ત્રણપ્રકારના ઇષ્ટપ્રમાણો છે. કારણ કે તેમાં (અન્ય) સર્વપ્રમાણો સમાઈ જાય છે. પ્રમેયની સિદ્ધિ પ્રમાણથી થાય છે. (કારિકા-૪)

૨૫ તત્ત્વો પ્રમેય છે અને તેની સિદ્ધિ ઉપરોક્ત ત્રણ પ્રમાણોથી થાય છે.

જેના વડે યથાર્થજ્ઞાન એટલે કે પ્રમા-થાય છે તે પ્રમાણ. નૈયાયિકો પણ પ્રમાણનું આજ રીતે લક્ષણ આપે છે.

પ્રમા એટલે એવા પ્રકારની ચિત્તવૃત્તિ કે જે અસન્દિગ્ધ હોય, તથા સંશય, વિપર્યય અને સ્મૃતિથી મુક્ત હોય. ટુંકમાં કહીએ તો ચિત્તને થતો નિર્ભ્રાન્ત યથાર્થઅનુભવ એ જ પ્રમા.

વાચસ્પતિમિશ્ર માત્ર ચિત્તવૃત્તિ પાસે અટકતા નથી, પણ તેઓ આગળ કહે છે કે ચિત્તવૃત્તિ દ્વારા, પુરૂષને જે જ્ઞાન(બોધ) થાય તેનું નામ પ્રમા. પ્રથમ દૃષ્ટિએ આ સાચું પણ લાગે. કારણકે ઘડો આંખદ્વારા ચિત્ત પર ભલે પોતાની છાયા પાડે, પણ અનુભવ તો "હું ઘડાના જ્ઞાનવાળો થયો' એમ જ થતો લાગે છે.

પણ આ બરાબર નથી. સાંખ્યદર્શનપ્રમાણે પુરૂષ ઉદાસીન છે. તે અનુભવોથી પર છે. તેને પ્રમાતા પણ કહી શકાય નહીં. ત્યારે પછી અહીં શું સમજવું ? એનો ખૂલાસો એ છે કે ચૈતન્ય એવા પુરુષનું પ્રતિબિંબ ચિત્તવૃત્તિમાં પડે છે. પરિણામે ચિત્તવૃત્તિ વસ્તુનો આકાર ધારણ કરે છે અને તેથી આ પ્રતિબિંબને કારણે પુરૂષ અનુભવ કરે છે, તેવો ભ્રમ થાય છે. બીજી રીતે જોઈએ તો અચેતનચિત્તવૃત્તિ સ્વયં કોઈ અનુભવ કરી શકે નહીં. તેથી ચૈતન્યના પ્રતિબિંબ દ્વારા જ તેનો વ્યાપાર શક્ય બન્યો છે.

(પ્રમાણોની બાબતમાં દર્શનકારોની માન્યતા)

→ ચાર્વાક માત્ર પ્રત્યક્ષનો જ સ્વીકાર કરે છે.

→ વૈશેષિક અને જૈન બે પ્રમાણ માને છે. વૈશેષિક પ્રત્યક્ષ અને અનુમાન આ બે. જૈન પ્રત્યક્ષ અને પરોક્ષ. એમ બે માને છે.

→ માધ્વપંથ પ્રત્યક્ષ અને શબ્દ બેને જ સ્વીકારે છે.

→ નૈયાયિકો પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ એ ચાર માને છે.

→ મીમાંસકો (પ્રભાકર) અર્થાપત્તિ સહિત પાંચ માને છે.

→ મીમાંસકો (કુમારિલ) અભાવને સાથે ગણીને ૬ માને છે.

→ અદ્વૈતદર્શન પણ અભાવ અને અનુપલબ્ધિ પ્રમાણ સ્વીકારે છે. આ રીતે ૭ પ્રમાણ માને છે.

→ પૌરાણિકો ઉપરના ૭ માં સંભવ અને ઐતિહ્ય ઉમેરી આઠ પ્રમાણો સ્વીકારે છે.

→ કેટલાક તાંત્રિકો ચેષ્ટા નામનું નવમું પ્રમાણ માને છે.

→ અન્યકેટલાક પ્રતિભા નામનું દસમું પ્રમાણ માને છે. સાંખ્યદર્શનના ત્રણ પ્રમાણોમાં ઉપરના બધા પ્રમાણોનો સમાવેશ થાય છે. આથી ત્રણથી વધારે પ્રમાણ નથી એમ સાંખ્યદર્શન માને છે.

प्रतिविषयाध्यवसायो दृष्टं त्रिविधमनुमानमाख्यातम् ।

तल्लिङ्गलिङ्गिपूर्वकम् आप्तश्रुतिराप्तवचनं तु ।।५।।

→ ઇન્દ્રિયથી થતો પ્રત્યેકવિષયનો નિશ્ચય તે પ્રત્યક્ષપ્રમાણ છે. અનુમાન ત્રણ પ્રકારનું છે. અને તે લિંગ(=હેતુ) અને લિંગી (સાધ્ય)ના સંબંધ પર આધારિત છે તથા શ્રદ્ધેયશ્રુતિ તે શબ્દપ્રમાણ છે. (કારિકા-૫) આના વિશે વિશેષ આગળ જણાવેલ છે. તેથી અહીં જણાવાતું નથી.

सामान्यतस्तु दृष्टात अतीन्द्रियाणां प्रतीतिरनुमानात् ।
तस्मादपि चासिद्धं परोक्षमाप्तागमात् सिद्धम् ।।६।।

→ અતીન્દ્રિયપદાર્થોનું જ્ઞાન 'સામાન્યતોદૃષ્ટ' અનુમાનથી થાય છે. તેનાથી પણ જે સિદ્ધ ન થઈ શકે તેવા પરોક્ષ પદાર્થનું જ્ઞાન આપ્તશાસ્ત્રથી થાય છે (કારિકા-૬)
ઇન્દ્રિયથી ગમ્ય ન હોય તેવા પ્રધાન અને પુરૂષ વગેરેની પ્રતીતિ 'સામાન્યતોદૃષ્ટ' અનુમાનથી થાય છે.

अदिदूरात् सामीप्यात् इन्द्रियघातान्मनोऽनवस्थानात् ।
सौक्ष्म्याद् व्यवधानात् अभिभवात् समानाभिहाराच्च ।।७।।

→ અતિદૂર હોવાથી, (અતિ)નજીક હોવાથી, ઈન્દ્રિયમાં હાનિથવાથી, મન સ્થિર ન રહેવાથી, (અતિ)સુક્ષ્મ હોવાથી, કોઈ આવરણ (વચ્ચે) આવવાથી (કોઈ બળવાન કારણને લીધે), અભિભૂત થવાથી કે સમાન વસ્તુમાં ભળી જવાથી પદાર્થની પ્રતીતિ થતી નથી. (કારિકા-૭)

કહેવાનો આશય એ છે કે માત્ર ઇન્દ્રિયથી જ જેમનું ગ્રહણ થઈ શકે તે જ પદાર્થો અસ્તિત્વ ધરાવે છે એવું નથી. ઘણીવાર એક યા બીજાકારણે ઇન્દ્રિયો પદાર્થોને ગ્રહણ કરી શકતી નથી. આ કારિકામાં આવા આઠકારણો ઉપર પ્રમાણે બતાવેલ છે.

આચાર્યોની માન્યતા : આ આઠ કારણો ઉપરાંત વાચસ્પતિમિશ્ર નવમું કારણ પણ ઉમેરે છે. પદાર્થમાં અપ્રકટરૂપે રહેલ તેની ભાવિ અવસ્થાની ઉપલબ્ધિ થતી નથી. દા.ત. દૂધમાં દહીં સૂક્ષ્મરૂપે રહેલું છે જ. પણ તે જોઈ શકાતું નથી.

માઠરવૃત્તિ બીજાચાર કારણોનો ઉમેરો કરે છે. ત્યારે ચન્દ્રિકા આ કારણો હજુ પણ વધારી શકાય એમ સૂચવે છે. પતંજલીના ભાષ્યમાં છ કારણો દર્શવ્યા છે. તેનું ઉપરના આઠકારણો સાથે ઘણું સામ્ય છે. સોવની માને છે કે इन्द्रियघातात् અને मनोऽनवस्थानात् એ બે અલગ દર્શાવવાની જરૂર નથી. કારણ કે મન પણ એક ઇન્દ્રિય જ છે. જયમંગલા આ આઠ કારણોને નીચે પ્રમાણે ચાર વિભાગોમાં વહેંચે છે.

(૧) દેશદોષ - અતિદૂર, અતિનજીક
(૨) ઇન્દ્રિયદોષ - ઇન્દ્રિયઘાત, મનનું અનવસ્થાન
(૩) વિષયદોષ - સૌક્ષ્મ્ય
(૪) અર્થાન્તરદોષ - વ્યવધાન, અભિભવ, સમાનાભિહાર.

सौक्ष्म्यात्तदनुपलब्धिर्नाऽभावात् कार्यतस्तदुपलब्धेः ।
महादादि तच्च कार्यं प्रकृतिसरुपं विरुपं च ।।८।।

→ તે (મૂળપ્રકૃતિ)ની ઉપલબ્ધિ તેની સુક્ષ્મતાને લીધે થતી નથી - નહીં કે તેના અભાવને લીધે, કારણકે તેના કાર્યથી તેની ઉપલબ્ધિ થાય છે. મહદ્ વગેરે (તત્વો) તેનું કાર્ય છે. અને પ્રકૃતિના જેવું પણ છે અને તેનાથી જુદું પણ છે (કારિકા-૮)

સાતમી કારિકામાં પ્રકૃતિ અને પુરૂષ ઇન્દ્રિયગોચર નથી તે બતાવ્યું. આ કારિકામાં અતીન્દ્રિય હોવા છતાં અસ્તિત્વ

છે તે બતાવે છે. તે પ્રકૃતિ(મૂળ) સૂક્ષ્મ હોવાના કારણે ઇન્દ્રિયગોચર બનતી નથી. ઉપરની કારિકામાં આવેલ સૂક્ષ્મ કરતાં અહીં જુદું છે. સુક્ષ્મ, વ્યક્ત અને અવ્યક્ત ચોક્કસ અર્થમાં વાપરવામાં આવ્યું છે.

સામ્યાવસ્થામાં મૂળપ્રકૃતિ અવ્યક્ત હોય છે. તેથી આપણી દૃષ્ટિમર્યાદામાં આવતી નથી. પણ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણેના સંઘર્ષથી જે અનેકપદાર્થો ઉત્પન્ન થાય છે, તે આપણી ઇન્દ્રિયના વિષય થાય છે. એટલે વ્યક્ત. તે આકૃતિથી વ્યક્ત થાય. રૂપથી કે ગંધથી અથવા કોઈ પ્રત્યક્ષગુણથી વ્યક્ત થાય.

આ રીતે પ્રકૃતિ અવ્યક્ત અને સુક્ષ્મ હોવાથી તેની ઉપલબ્ધિ થતી નથી. આથી તેનો અભાવ માનવાની જરૂર નથી. તેની ઉપલબ્ધિ અનુમાનથી થાય છે. કોઈપણ કાર્ય હોય તો તેનું કારણ પણ હોવું જોઈએ. વ્યક્ત પદાર્થો બધા કાર્ય છે. તેથી સાંખ્યના સત્કાર્યવાદ પ્રમાણે તે સર્વેનું મૂળરૂપ એવી પ્રકૃતિ હોવી જોઈએ, એમ સિદ્ધ થાય છે.

આ વ્યક્ત કાર્ય કેટલેક અંશે કારણ એવી અવ્યક્ત પ્રકૃતિ સાથે સમાનતા ધરાવે છે અને કેટલેક અંશે વૈધર્મ્ય પણ ધરાવે છે.

असदकरणादुपादानग्रहणात् सर्वसम्भवाभावात् ।
शक्तस्य शक्यकरणात् कारणभावाश्च सत्कार्यम् ।।९।।

→ કારિકા-૯માં સાંખ્યના સત્કાર્યવાદને સિદ્ધ કરવા પાંચ કારણો આપ્યા છે. તે આગળ આવી ગયેલ છે. તેથી અહીં બતાવાતા નથી. અર્થ સ્પષ્ટ છે.

हेतुमदनित्यमव्यापि सक्रियमनेकमाश्रितं लिङ्गम् ।
सावयवं परतन्त्रं व्यक्तं, विपरीतमव्यक्तम् ।।१०।।

→ કારિકા-૧૦માં વ્યક્ત અને અવ્યક્તનું સ્વરૂપ બતાવેલ છે તે પણ આગળ આવી જાય છે. તે જોઈ લેવું.

त्रिगुणमविवेकी विषयः सामान्यमचेतवनं प्रसवधर्मि ।
व्यक्तं तथा प्रधानं तद्विपरीतस्तथा च पुमान् ।।११।।

→ વ્યક્ત અને પ્રધાન (એ બંને) ત્રણ ગુણથી યુક્ત, અવિવેકી, વિષય, સર્વને ઉપલબ્ધ, અચેતન તેમજ પ્રસવધર્મી છે. પુરૂષ તેનાથી ઉલટો છે અને (કંઈક અંશે) તેમના જેવો પણ છે (કારિકા-૧૧). કહેવાનો આશય એ છે કે વ્યક્ત અને પ્રધાન નીચેના ધર્મોવાળા છે.

(૧) त्रिगुणम् : સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોથી યુક્ત છે. સાંખ્યમત પ્રમાણે આ ગુણો કોઈના ધર્મ નથી. પરંતુ સુખાદિ ધર્મવાળા ધર્મી છે. આ સમસ્તજગત આ ત્રણ ગુણનો જ વિસ્તાર છે. આના વિશે આગળ ઘણું કહેવાયેલ છે.

(૨) अविवेकी : વિવેક એટલે વિભિન્નતત્ત્વો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવો તે અને આ વિવેક જેનામાં હોય તે 'વિવેકી' કહેવાય. પ્રધાન અને વ્યક્તમાં આવા પ્રકારનો વિવેક શક્ય નથી. બંને કારણ-કાર્યસંબંધથી યુક્ત છે. અને સત્કાર્યવાદ પ્રમાણે બંને એકબીજાથી નિતાન્ત ભિન્ન થઈ શકે તેમ નથી. તેમ મહદાદિ પોતાને પ્રધાનથી તદ્દન ભિન્નરૂપે ગ્રહી શકે તેમ નથી. અને પ્રધાન પોતે પણ પોતાને અલગ કરી શકે તેમ નથી. તેથી આ અર્થમાં બંને અવિવેકી છે.

વિવેક એ ચેતનનો ધર્મ છે. પ્રધાન અને વ્યક્ત એ બંને અચેતન હોવાથી વિવેક કરી શકે તેમ નથી. તેથી તે અવિવેકી છે. વાચસ્પતિ મિશ્ર 'અવિવેકી'નો એક બીજો પણ અર્થ આપે છે. મહદ્ વગેરે એકલા પોતે કંઈજ ઉત્પન્ન કરી શકતા નથી. તેઓ સર્વ સાથેમળીને જ ક્રિયા કરી શકે છે. અને એ રીતે તેઓ પરસ્પરમાં ભળેલા હોવાથી અવિવેકી છે.

(૩) **विषय :** બંને, જ્ઞાનના વિષય થઈ શકે છે.

(૪) **सामान्य :** સર્વના જ્ઞાનના વિષય થઈ શકવાના લીધે તે સર્વસાધારણ હોવાથી સામાન્ય છે.

ગૌડ, માઠર, જયમંગલા અને ચન્દ્રિકા તેને સમજાવવા દૃષ્ટાંત આપે છે કે, मूल्यदासीवत्, જોકે ચન્દ્રિકા આગળ કહે છે કે ગુણાત્મક હોવાથી તે સામાન્ય છે.

(૫) **अचेतन :** બુદ્ધિ(મહદ્) વગેરે સર્વતત્ત્વો અચેતન છે. વાચસ્પતિ કહે છે કે બૌદ્ધો ભલે બુદ્ધિને ચેતન માનતા હોય, પણ વાસ્તવમાં તો બુદ્ધિ પોતે જ જડપ્રકૃતિનું કાર્ય હોવાથી ચેતન હોઈ શકે નહીં. આ રીતે પ્રધાન (અવ્યક્ત) પણ અચેતન જ છે. અને બુદ્ધિ વગેરેને ઉત્પન્ન કરે છે. તેથી તેને ચેતન માનવાની જરૂર નથી. કારણ કે જડમાંથી જેમ ઘડો ઉત્પન્ન થઈ શકે છે, તેમ તેની પણ ઉત્પત્તિ સંભવી શકે છે.

(૬) **प्रसवधर्मि :** આમ બંને પોતપોતાના કાર્યને ઉત્પન્ન કરે છે, તેથી તે પ્રસવધર્મિ છે.

પુરૂષ આનાથી ઉલટો છે. તે अत्रिगुण છે. કારણ કે તે નિર્ગુણ છે. તે વિવેકી છે. અવિષય છે. - અસાધારણ છે - ચેતન છે અને અપ્રસવધર્મી છે. પુરૂષ સુખ, દુ:ખનો અનુભવ કરે છે, માટે ચેતન છે. પરંતુ સુખ, દુ:ખ વગેરે આત્મામાં રહે છે તે મત ન્યાયદર્શનનો છે, સાંખ્યનો નહીં તે યાદ રાખવું. આ જ રીતે તે ચેતન છે એટલે ચૈતન્યનો આધાર છે એમ નહીં કહી શકાય, તે સ્વયં ચૈતન્ય છે.

व्यक्त	**अव्यक्त**	**पुरुष**
હેતુમત્	અહેતુમત્	અહેતુમત્
અનિત્ય	નિત્ય	નિત્ય
અવ્યાપિ	વ્યાપિ	વ્યાપિ
સક્રિય	નિષ્ક્રિય	નિષ્ક્રિય
અનેક	એક	અનેક
આશ્રિત	અનાશ્રિત	અનાશ્રિત
લિંગ	અલિંગ	અલિંગ
સાવયવ	નિરવયવ	નિરવયવ
પરતંત્ર	સ્વતંત્ર	સ્વતંત્ર.

આ રીતે પુરૂષ વ્યક્ત અને અવ્યક્તનું સાધર્મ્ય અને વૈધર્મ્ય છે.

प्रीत्यप्रीतिविषादात्मकाः प्रकाशप्रवृत्तिनियमार्थाः ।

अन्योन्याभिभवाश्रयजननमिथुनवृत्तयश्च गुणाः ।।१२।।

→ (ત્રણ)ગુણો (અનુક્રમે) સુખ, દુ:ખ અને મોહવાળા છે. તેમનું પ્રયોજન (અનુક્રમે) પ્રકાશ, પ્રવૃત્તિ અને નિયમન - તે છે. તેમજ (આ ગુણો) પરસ્પર, અભિભવ, આશ્રય, ઉત્પત્તિ અને સહચારની વૃત્તિવાળા છે. (કારિકા-૧૨)

અહીં યાદ રાખવું કે સાંખ્યદર્શન પ્રમાણે આ ત્રણ ગુણો ન્યાય-વૈશેષિક દર્શનમાં પ્રતિપાદિતગુણો જેવા નથી. તે ધર્મો નથી પણ ધર્મી છે. આ ગુણો પ્રકૃતિથી ભિન્ન નથી, તેથી તેમને પ્રકૃતિના ધર્મો પણ કહી શકાય નહીં. તેઓ પ્રકૃતિનું જ સ્વરૂપ છે. પ્રત્યેકગુણમાં કેટલાક ધર્મો છે તે બતાવાય છે.

सत्त्व : પ્રીતિ, લઘુ, પ્રકાશક, સુખ, ઋજુતા, મૃદુતા, સત્ય, શૌચ, લજ્જા, બુદ્ધિ, ક્ષમા, દયા, જ્ઞાન, પ્રસાદ, તિતિક્ષા, સંતોષ વગેરે.

રજસ્ : અપ્રીતિ, ઉપષ્ટમ્ભન, ચલ, દુઃખ, દ્વેષ, દ્રોહ, મત્સર, નિંદા, ઉત્કંઠા, તિરસ્કાર, શઠતા, વંચના, બંધ, વધ, છેદન, શોક, અશાન્તિ, યુદ્ધ, આરંભરૂચિતા, તૃષ્ણા, સંગ, કામ, ક્રોધ આદિ.

તમસ્ : વિષાદ, ગુરુ, આવરણ, મોહ, અજ્ઞાન, મદ, આલસ્ય, ભય, દૈન્ય, અકર્મણ્યતા, નાસ્તિકતા, સ્વપ્ન, નિદ્રા વગેરે.

આ રીતે ગુણોનું સ્વરૂપ સમજાવ્યું. હવે તેનું પ્રયોજન પણ સ્પષ્ટ કરે છે. સત્વ એ પ્રકાશ માટે છે. અર્થાત્ વસ્તુમાત્રમાં રહેલા સત્ને મૂળતત્વને પ્રકાશિત કરે છે. અને તે રીતે તેને બુદ્ધિ સાથે સીધો સંબંધ છે. સત્ત્વગુણ લઘુ છે. પ્રકાશની જેમ જ હળવો છે. તેની વૃત્તિ સર્જનવ્યાપાર કરવાની છે. અને તેને ગતિ અર્પે છે રજોગુણ. કારણકે રજોગુણનું ધ્યેય જ પ્રવૃત્તિ છે.

પરંતુ આ ગતિને અવરોધનાર - તેનું નિયમન કરનાર - અને એ અર્થમાં નીચે લઈ જવાની વૃત્તિવાળું બળ તે તમોગુણ છે. સત્ત્વની તદ્દન સામી દિશામાં તમોગુણ રહેલો છે. જો તે આડો ન આવે તો રજોગુણ પડેલો છે. જો તે આડો ન આવે તો જ રજોગુણ સત્ત્વગુણની સર્ગક્રિયામાં પ્રયોજી શકે.

→ આ ત્રણગુણો પરસ્પર અભિભવ કરે છે. એટલે કે ક્યારેક રજોગુણ અને તમોગુણને દાબી દઈ સત્ત્વગુણ પ્રગટ થાય છે. તો ક્યારેક સત્ત્વ અને તમો ગુણને દાબી દઈ રજોગુણ અવસ્થિત થાય છે. ક્યારેક અન્ય બેને દાબી દઈ તમોગુણ વિશેષ બહાર આવે છે.

→ તેમજ તે ત્રણેય પરસ્પર આશ્રય આપનાર છે. જોકે આશ્રય એટલે આધાર આપનાર એમ નથી. પરંતુ પરસ્પરને સહકાર આપનાર છે, એમ સમજવાનું છે.

→ તેમજ આ ત્રણે ગુણો ઉત્પત્તિક્રિયામાં પરસ્પર સહાય કરનાર છે. ઉત્પત્તિ એટલે કોઈ તદ્દન અ-પૂર્વની ઉત્પત્તિ નહીં. પરંતુ જે તે રૂપમાં પરિવર્તન કરવું તે.

આ ઉપરાંત આ ગુણો અન્યોન્ય મિથુનવૃત્તિવાળા હોય છે. એકબીજાની સાથે જોડાયેલા હોય છે.

सत्वं लघु प्रकाशकमिष्टमुपष्टम्भकं चलं च रजः ।
गुरुवरणकमेव तमः प्रदीपवच्चार्थतो वृत्तिः ।।१३।।

- સત્ત્વગુણ લઘુ, પ્રકાશક અને ઇષ્ટ છે. રજોગુણ ઉત્સાહોત્પાદક અને અસ્થિર છે. તમોગુણ ભારે અને આચ્છાદક છે. તેઓ દીપકની જેમ એક જ અર્થ (પ્રયોજન માટે ક્રિયા (વૃત્તિ) કરે છે.)

→ **ભાવાર્થ :** સત્વગુણ લઘુ અને પ્રકાશક મનાયો છે. રજોગુણ ઉત્તેજક અને ચલ છે. તમોગુણ ગુરુ અને આવરણરૂપ છે. તેમની ક્રિયાઓ દીપકની જેમ એક જ પ્રયોજન માટે હોય છે.

કહેવાનો આશય એ છે કે દીપકમાં જેમ વાટ, તેલ અને જ્યોત ત્રણેય પરસ્પરથી ભિન્ન છે. એટલું જ નહીં પણ વિરોધી પણ છે. તો પણ પ્રકાશની ક્રિયામાં તેઓ એક સાથે જોડાય છે. એમ ત્રણ ગુણોમાં સમજવું.

આ ઉપરાંત વાચસ્પતિમિશ્ર બીજું ઉદાહરણ આપે છે કે જેવી રીતે વાત, પિત્ત, કફ પરસ્પર વિરુદ્ધ ગુણ ધરાવતી ધાતુઓ હોવા છતાં પણ શરીરના ધારણ, પોષણ વગેરેમાં સહાયભૂત થાય છે. તેવી જ રીતે આ ગુણો પરસ્પર વિરુદ્ધ હોવા છતાં પરસ્પર સાથે વસીને તેમનું પ્રયોજન સિદ્ધ કરે છે.

આ ત્રણેય ગુણના સુખ, દુઃખ અને મોહ જેવા વિરોધી ધર્મો હોવા છતાં પણ તેમનું કાર્ય એક સાથે થઈ શકે છે. તે સમજાવતાં વાચસ્પતિમિશ્ર એક રૂપયૌવનકુલસમ્પન્ન સ્ત્રીનું ઉદાહરણ આપે છે આ સ્ત્રી તેના પતિને સુખ આપે છે. સપત્નીને દુઃખ આપે છે. અને કોઈ અન્યપુરૂષને મોહ પમાડે છે.

પરંતુ ગૌડ, માઠર અને જય સત્ત્વ ગુણને ઉપર કહેલા સ્ત્રીના દૃષ્ટાંતથી, રજોગુણને ક્ષત્રિયના દૃષ્ટાંતથી અને તમોગુણને વાદળાના ઉદાહરણથી સમજાવે છે.

રૂપયૌવનકુલ સમ્પન્ન સ્ત્રીએ સત્ત્વગુણના પ્રકારની છે. ક્ષત્રિય તે રાજસ્ છે. તે સ્વામી કે શિષ્ટોને સુખ આપે છે. શત્રુઓને દુઃખ અને દુષ્ટોને મોહ પમાડે છે.

શ્યામલ વાદળ તે તામસ્ છે. ગરમીથી સંતાપ પામનારને સુખ આપે, ખેડૂતોને પ્રવૃત્તિમાં જોડે અને વિરહિ પ્રેમીઓને મોહ પમાડે છે.

ગુણોના આવા પ્રકારના મિશ્રણથી જગતના વૈવિધ્યનો પણ ખૂલાસો આપી શકાય છે.

अविवेक्यादेः सिद्धिस्त्रैगुण्यात्तद्विपर्ययाभावात् ।
कारणगुणात्मकत्वात्कार्यस्यऽव्यक्तमपि सिद्धम् ।।१४।।

ભાવાર્થ : અવિવેકપણું વગેરે ધર્મોની સિદ્ધિ ત્રણગુણો હોવાના લીધે થાય છે. કારણ કે (અવિવેકીપણું વગેરે ધર્મો)ના વિરોધી (એવા પુરૂષ)માં તેમનો અભાવ છે. અને કાર્યમાં કારણના ગુણો હોય છે. તેથી અવ્યક્ત પણ સિદ્ધ થાય છે.

(આ કારિકાને સમજવા માટે ૧૧મી કારિકામાં જે વાત કરેલી તે યાદ કરવી પડશે. ૧૧મી કારિકામાં વ્યક્ત અને અવ્યક્તનું સામ્ય અને તે બંનેથી પુરૂષનું વૈધર્મ્ય દર્શાવવામાં આવ્યું છે. વ્યક્ત અને અવ્યક્ત વચ્ચે છ લક્ષણો સમાન છે (૧) અવિવેકત્વ, (૨) ત્રૈગુણ્ય, (૩) વિષયતા, (૪) સામાન્ય, (૫) અચેતનત્વ, (૬) પ્રસવધર્મિતા. પરંતુ આ છ યે લક્ષણો તે બંનેમાં છે તેની સાબીતિ શું ? તેની સાબીતિ કારિકા ૧૪માં બતાવાય છે.

અવિવેકિ વગેરે છ લક્ષણો સિદ્ધ થઈ શકે તેમ છે. કારણ કે જે વ્યક્ત છે તેમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણેય ગુણ તેમના સુખ, દુઃખ અને મોહના માધ્યમથી રહેલા આપણે સહું અનુભવી શકીએ છીએ. તેથી વ્યક્ત તો ત્રિગુણાત્મક છે, તે પ્રત્યક્ષથી જ સિદ્ધ થઈ જાય છે.

વળી જ્યાં ત્રૈગુણ્ય હોય ત્યાં બાકીના પાંચનો વિપર્યય (અભાવ) હોય એવું એક દૃષ્ટાંત પણ મળી શકે તેમ નથી. તેમ વ્યક્તમાં તો આ છ લક્ષણોનું અસ્તિત્વ સહેલાઈથી સિદ્ધ થઈ શકે છે.

વાચસ્પતિમિશ્ર કહે છે કે અવિવેકિ વગેરેનો જ્યાં સંપૂર્ણ અભાવ હોય, ત્યાં ત્રૈગુણ્યનો પણ અભાવ છે. જેમકે પુરૂષમાં. પુરૂષ ત્રિગુણથી પર છે. અને તેનામાં બાકીના પાંચલક્ષણો પણ નથી. પરંતુ અવ્યક્ત(પ્રધાન)વિશે તેમ કહી શકાય તેમ નથી. કારણકે તે તો ત્રિગુણાત્મક છે જ અને તેથી બાકીના પાંચ લક્ષણો પણ તેમાં સિદ્ધ થાય છે.

વ્યક્ત અને તેના ઉપર દર્શાવેલા છ લક્ષણો તો સ્પષ્ટ અનુભવી શકાય છે. તેનો વિનિયોગ 'અવ્યક્ત'માં પણ કરવામાં આવ્યો છે. પરંતુ પ્રશ્ન એ છે કે 'અવ્યક્ત' નામનુ કોઈ સ્વતંત્રતત્ત્વ અસ્તિત્વ ધરાવે છે ખરું ? જ્યાં સુધી એ સિદ્ધ ન થાય ત્યાં સુધી ઉપરના છ લક્ષણોનો તેમાં વિનિયોગ કરવો નિરર્થક છે. કારિકા-૧૪ના ઉત્તરાર્ધમાં 'અવ્યક્ત'ના અસ્તિત્વને સિદ્ધ કરે છે.

પ્રત્યેકકાર્યનું કોઈ કારણ અવશ્ય હોય છે. વ્યક્ત એ કાર્ય છે. તેથી તેનું પણ કોઈ કારણ હોવું જોઈએ. અને સાંખ્યના સત્કાર્યવાદ પ્રમાણે કારણના ગુણો કાર્યમાં પણ હોવા જોઈએ. એટલે કાર્યના ગુણ જોઈને તેવા સજાતીયગુણવાળું કારણ પણ અનુમાન કરી શકાય અને એ મુજબ ઉપરના છ લક્ષણથી યુક્ત વ્યક્ત એવા કાર્યના આધારે તેવા જ લક્ષણોવાળા અવ્યક્તને પણ સિદ્ધ કરી શકાય છે.

પરંતુ ઉપરની દલીલથી કારણના ગુણ કાર્યમાં હોય તેટલું જ સિદ્ધ થઈ શકે છે. તેથી જો અવ્યક્તને વ્યક્તનું કારણ માનીએ તો વ્યક્તના કેટલાક ધર્મો અવ્યક્તમાં છે એમ સિદ્ધ થઈ શકે. પણ વ્યક્તનું કારણ અવ્યક્ત જ છે, તે

કેમ સિદ્ધ કરી શકાય ? વ્યક્તનું કારણ વ્યક્ત કેમ ન હોઈ શકે ? જેમકે ન્યાયમત પ્રમાણે વ્યક્ત એવી સ્થૂલસૃષ્ટિનું કારણ પરમાણુઓને માનવામાં આવ્યા જ છે - તો અહીં પણ તેમ કેમ ન હોઈ શકે ?

આનો જવાબ પછીની બે કારિકાઓ આપે છે.

भेदानां परिणामात्समन्वयाच्छक्तितः प्रवृत्तेश्च ।
कारणकार्यविभागादविभागाद्वैश्वरुप्यस्य ।।१५।।

कारणमस्त्यव्यक्तम्, प्रवर्तते त्रिगुणतः समुदयाश्च ।
परिणामतः सलिलवत् प्रतिप्रत्तिगुणाश्रय विशेषात् ।।१६।।

ભાવાર્થ : અવ્યક્ત કારણ છે, કારણકે (૧) (મહદાદિ) ભેદો પરિમિત છે. (૨) તેમનો સમન્વય થાય છે. (૩) (કારણની) શક્તિથી (તેને અનુરૂપકાર્યની) પ્રવૃત્તિ થાય છે. (૪) કારણ અને કાર્ય વચ્ચે વિભાગ થાય છે. અને (૫) (પ્રલયસમયે) વિશ્વરૂપ (એવા કાર્ય)નો (તેના કારણ એવા પ્રધાનમાં) લય થાય છે.

(અને આ પ્રધાન) ત્રણ ગુણો વડે તેમના સમ્મિશ્રણથી (જુદા જુદા આશ્રય લેવાથી જુદા-જુદા સ્વાદને પ્રાપ્ત કરનાર) જળની જેમ પ્રત્યેકગુણનો વિશેષરીતે (=મુખ્ય તરીકે) આશ્રય લેવાથી (જુદા જુદા) પરિણામ પામીને પ્રવૃત્તિ કરે છે.

આ કારિકાઓમાં મૂળપ્રકૃતિના અસ્તિત્વને અનુમાનથી સિદ્ધ કરવામાં આવ્યું છે.

વ્યક્ત એવા કાર્યના કારણરૂપે પ્રકૃતિના અસ્તિત્વનો સ્વીકાર નીચેના પાંચ બાબતોથી સિદ્ધ થાય છે.

(૧) भेदानां परिणामात् - મહદાદિ ભેદો પરિમિત છે મહદ્થી માંડીને પંચમહાભૂતો સુધીના સર્વતત્ત્વો કાર્ય છે. તે પ્રકૃતિના ઘટકો છે, માટીમાંથી ઘટ વગેરે જુદી જુદી વસ્તુઓ બનેલી જોઈ શકાય છે. ઘટવગેરે વસ્તુઓ સીમિત પણ છે. ઘટ ચોક્કસ જગ્યા જ રોકે છે. તે સર્વત્ર નથી. તે પરિમિત છે. મહદ્ વગેરે પણ એ રીતે પરિમિત છે.

બીજીરીતે જોઈએ તો ઘટ, શકોરું વગેરે માટીની વસ્તુઓ સ્વતંત્ર ઉત્પન્ન થઈ નથી. તે માટીમાંથી બની છે. તે માટીનું પરિણામ છે-તેનો વિકાર છે. તેથી તેમનું કારણ શોધતાં શોધતાં આપણે તેના ઉપાદાન માટી સુધી પહોંચીએ છીએ. એ જ રીતે મહદ્ વગેરેનું કારણ શોધતાં શોધતાં આપણે મૂળપ્રકૃતિ સુધી પહોંચીએ છીએ. તે કોઈનો વિકાર નથી. તે એક અને ભેદવિહીન છે. જો તે પણ ભેદયુક્ત હોય તો તેના ભેદ અલગ અલગ જોઈ શકાત. અને તેને પણ વિકાર કહી શકાત. પણ તેમ નથી. તેથી તે આ સર્વવિકારોનું મૂળકારણ છે. તે વિકાર નથી, તે તેના વિકારોથી જુદી પણ છે અને એ રીતે તે વ્યક્ત પણ નથી અર્થાત્ અવ્યક્ત છે.

(૨) समन्वयात् - भिन्नानां समानरुपता समन्वयः

સત્કાર્યવાદ પ્રમાણે કાર્ય અને કારણમાં કેટલેક અંશે સમાનતા પણ જોઈ શકાય છે. તેથી કાર્યથી શરૂ કરી આ સમાનતા શોધતાં શોધતાં આપણે જેમ જેમ આગળ જતા જઈશું, તેમ તેમ ભિન્નતા ઘટતી જતી અને સમાનરૂપતા વધતી જતી હોય તેમ પ્રતીત થશે. છેવટે એક એવી સ્થિતિ આવશે કે જ્યાં ભેદમાત્ર ગળી જઈ માત્ર સમરૂપતા જ રહેશે. તેનાથી આગળ જવાની જરૂર જણાશે નહીં. તેને જ આપણે અન્યનિરપેક્ષ એવું અંતિમકારણ કહીએ છીએ. વીંટી અને કંકણ, એ વચ્ચેની ભિન્નતા જ્યારે સુવર્ણ સુધી પહોંચીએ છીએ ત્યારે ગળી જઈને માત્ર સુવર્ણ જ રહે છે અને તે જ કારણ છે. મહદ્ વગેરે સુખ, દુખ, મોહ વગેરેની સમાનતા પ્રતીત થાય છે. તે દિશામાં આગળ વધતાં છેવટે પ્રકૃતિ સુધી પહોંચાશે. અને તેથી તે પ્રકૃતિ આ સર્વનું અવ્યક્ત એવું કારણ છે.

(૩) शक्तिः प्रवृत्तेश्च - कारणशक्तितः कार्यप्रवृत्तेश्च

કારણમાંથી કાર્ય ઉત્પન્ન થાય છે, તે કેવી રીતે થાય છે તેનો વિચાર કરીએ તો જણાઈ આવશે કે કારણમાં નિહિત સુગુપ્તશક્તિ જ કારણને કાર્યમાં પરિવર્તિત કરે છે. એથી એમ પણ સમજી શકાશે કે પ્રત્યેકકાર્ય તેના યોગ્ય એવા કારણમાંથી જ ઉત્પન્ન થાય છે. તેલ તેલીબીયાંમાંથી જ નીપજે-રેતીમાંથી નહીં. આ રીતે ત્રિગુણાત્મક મહદ્ વગેરે સત્વ-રજસ્ અને તમોરૂપ પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે, એમ સિદ્ધ કરી શકાય છે અને એ રીતે પ્રકૃતિ એ જ કારણ છે તેમ સિદ્ધ થઈ શકે.

એવી શંકા કરવામાં આવે કે આ અવ્યક્તપ્રકૃતિનું પણ કોઈ કારણ કેમ ન હોઈ શકે ? તે પણ કોઈ અન્ય શક્તિનું પરિણામ હોય તો ? તેનો જવાબ વાચસ્પતિ આપે છે કે પ્રકૃતિ પણ કોઈ શક્તિનું પરિણામ હોય એવું કોઈ પ્રમાણ નથી.

અવ્યક્તપ્રકૃતિની શક્તિથી જ કાર્ય પ્રવૃત્ત થાય છે. અવ્યક્ત માટે પણ અન્યશક્તિની કલ્પના કરવાની જરૂર નથી. તેમજ અવ્યક્તનું વ્યક્તમાં પરિણમન થવાથી અવ્યક્તના પોતાના સ્વરૂપને બાધ આવશે. એમ પણ માનવું જરૂરી નથી. દીપકના પ્રકાશે અન્યપદાર્થો પ્રકાશિત થાય છે. પરંતુ તેથી દીપકને પણ અન્યદીપકના પ્રકાશની જરૂર છે એમ કોઈ માનતું નથી.

(૪) **कार्यकारणविभागात्** : વાચસ્પતિ વિભાગનો અર્થ આવિર્ભાવ એમ કરે છે. જેમ કાચબાના શરીરમાંથી તેના અંગો બહારની બાજુ નીકળે છે અને પાછા તેમાં સમાઈ જાય છે. અથવા જેમ માટી કે સુવર્ણના પિંડમાંથી ઘટ કે મુકુટ વગેરે આવિર્ભૂત થાય છે. તેવી જ રીતે તન્માત્રામાંથી પૃથ્વી વગેરે, અહંકારમાંથી તન્માત્રા, મહદ્માંથી અહંકાર અને અવ્યક્તમાંથી મહદ્ આવિર્ભૂત થાય છે.

પરંતુ જયમંગલા, માઠર અને ગૌડ વિભાગનો અર્થભેદ એમ કરે છે. કારણ અને કાર્ય વચ્ચે ભેદ હોય છે. માટી એ કારણ છે, ઘડો એ કાર્ય છે. ઘડામાં પાણી ભરી શકાય, માટીમાં નહીં. આમ તે બંનેનો ભેદ સ્પષ્ટ છે.

(૫) **अविभागाद् वैश्वरुपस्य** : વાચસ્પતિ, ગૌડ, માઠર સર્વે અવિભાગ એટલે 'મળી જવું' - લય પામવું એવો જ અર્થ કરે છે વાચ. કહે છે કે જેમ કાર્ય કારણમાં આવિર્ભૂત થાય છે. તેમ પાછું પ્રલયસમયે તેમાં મળી પણ જાય છે. વૈશ્વરૂપ એટલે કાર્યનું નાનાપણું - વૈવિધ્ય. મહદ્ વગેરે જ્યારે તેના મૂળકારણ એવી પ્રકૃતિમાં લય પામી જાય છે, ત્યારે પછી વૈવિધ્ય રહેતું નથી. કંઈ જ વ્યક્ત નથી રહેતું, અવ્યક્ત એવી પ્રકૃતિ જ રહે છે.

આ રીતે અવ્યક્તપ્રકૃતિને વ્યક્તનું કારણ સિદ્ધ કર્યા પછી એ અવ્યક્તમાંથી વ્યક્ત કઈ રીતે આવિર્ભાવ પામે છે અને દૃશ્યમાનજગતમાં જે અનેકવિધ પદાર્થો દેખાય છે, તેમાં પ્રકૃતિ કયો ભાગ ભજવે છે તે કારિકા - ૧૬માં સમજાવ્યું છે.

प्रवर्तते त्रिगुणतः समुदयाच्च - વાચસ્પતિ त्रिगुणतः અને समुदयात् એ બે શબ્દો દ્વારા ગુણોની બે પ્રકારની પ્રવૃત્તિ સમજે છે. પ્રલયકાળે ત્રણેગુણો સામ્યાવસ્થામાં હોય છે. ગુણો તો પરિણામ-સ્વભાવવાળા હોવાથી અધિકારશીલ રહી શકતા નથી. તેથી આ અવસ્થામાં સત્ત્વ, રજસ્ અને તમસ્ પોતપોતાના રૂપમાં જ પરિણમે છે. આ પ્રથમ પ્રકારની પ્રવૃત્તિ થઈ.

પરંતુ જ્યારે સૃષ્ટિસર્જનનો પ્રારંભ થાય છે, ત્યારે આ સામ્યાવસ્થા તૂટે છે. ત્યાં વિષમાવસ્થા આવે છે તેનું નામ જ સમુદય.

ત્રણેયગુણો એકબીજા સાથે જુદા જુદા પ્રમાણમાં સમુદય પામે છે અને સર્જનનો પ્રારંભ થાય છે.

એક જ પ્રકૃતિમાંથી આ સર્વસર્જન થાય છે. પણ તેમાં જે વૈવિધ્ય દેખાય છે. તેનું કારણ આ ત્રણ ગુણોનું વત્તા-ઓછાપણું છે. કોઈ એક જ ગુણ સ્વતંત્ર રીતે કંઈ કરી શકે નહીં. બીજા બેની સાથે રહીને જ તે પ્રવૃત્તિ થાય છે

અને તેમના મિલનમાં તે તારતમ્ય છે. તેને પરિણામે જ નાનાપણું સર્જાય છે. આ વાત પાણીના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. આકાશમાં રહેલ વાદળામાંથી પાણી તો એકસરખું જ પડે છે. તેનો સ્વાદ પણ એક જ પ્રકારનો હોય છે. પણ જુદા જુદા વૃક્ષના મૂળમાં સિંચાઈ તે તે ફળોમાં તે જુદા જુદા રસમાં પરિણમે છે. તે જ પ્રમાણે એક જ પ્રધાનમાંથી આવિર્ભાવ પામી સમસ્ત જગત વિવિધ રૂપોવાળું બને છે.

આ રીતે બાહ્યરૂપે દેખાતી આ સૃષ્ટિની વિવિધતાના મૂળમાં તો અવ્યક્તની એકતા જ રહેલી છે. એક જ સાચું અને એકમાત્ર કારણ છે. અન્યસર્વ તેના વિકાર છે. જે વિકાર છે, તે વ્યક્ત છે. પણ જે અવિકારી છે તે જ અવ્યક્ત છે.

सङ्घातपरार्थत्वात् त्रिगुणादिविपर्यादधिष्ठानात् ।
पुरुषोऽस्ति भोक्तृभावात्कैवल्यार्थं प्रवृत्तेश्च ।।१७।।

ભાવાર્થ : પુરુષનું (અસ્તિત્વ સિદ્ધ થઈ શકે છે.) કારણ કે (૧) સંઘાત પામેલા (જડ) પદાર્થો અન્યના ઉપયોગ માટે હોય છે. (૨) ત્રિગુણ વગેરે ધર્મોથી તે વિપરીત ધર્મોવાળો છે. (૩) અધિષ્ઠાનરૂપ છે. (૪) (તેનામાં) ભોક્તાપણાનો ભાવ છે અને (૫) કૈવલ્યમાટે પ્રવૃત્તિ થતી જોવામાં આવે છે.

(૧) सङ्घातपरार्थत्वात् : सङ्घातानां परार्थत्वात् -

સંઘાત એટલે જેમાં અનેકવિશેષોનું સમ્મિશ્રણ થયું છે તે. કોઈ એકવસ્તુ સમજવાનો પ્રયત્ન કરીશું તો તેમાં અનેક અન્યવસ્તુઓનું મિશ્રણ ભળેલું જોવા મળશે.

હવે સંઘાત પોતે પોતાના ઉપયોગ માટે નથી તે સમજી શકાય છે. લાકડું, પાટી, સ્ક્રુ અને ગાદિ વગેરે વસ્તુઓના મિશ્રણથી બનેલ પલંગ બીજાના સુવાને માટે હોય છે. અર્થાત્ પર-અર્થ છે.

આપણે આગળ જોયું તેમ અવ્યક્તપ્રકૃતિ પ્રારંભે તો ત્રણગુણની સામ્યાવસ્થામાં જ હોય છે. અને ત્યારે કાંઈ સર્જન થતું નથી. પણ જ્યારે ગુણોમાં ક્ષોભ થાય છે, ત્યારે તેમાંથી ક્રમશ: ત્રેવીશતત્ત્વો પ્રગટે છે. આ સર્વને આપણે સંઘાત કહી શકીએ.

પ્રકૃતિદ્વારા થતું પરિણમન પ્રકૃતિથી ભિન્ન એવા પુરૂષમાટે થયું છે. શયન-આસન વગેરે પરથી જેમ તેમના ઉપયોગ કરનાર અન્યનું અનુમાન થઈ શકે છે. તે જ પ્રમાણે અવ્યક્તાદિ સંઘાત પરાર્થ એટલે કે પુરૂષ માટે છે. એમ પણ અનુમાન થઈ શકે છે.

(૨) त्रिगुणविपर्ययात् : આગળ જોયું તેમ અવ્યક્તની સામ્યાવસ્થામાં જે પરિણમન થાય છે, તેનાથી ભિન્ન એવા અન્ય માટે (પુરૂષ માટે) થાય છે. તો આ અન્યતત્ત્વ તેનાથી ભિન્ન એટલે તેના ગુણધર્મોથી રહિત પણ હોવું જરૂરી છે. તેથી પુરૂષ ત્રિગુણથી રહિત છે. આમ ત્રિગુણથી રહિત એવાપુરૂષનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

(૩) अधिष्ठानात् : જેમ રથ વગેરેને નિયમન કરનાર અધિષ્ઠાતા હોય છે. તે જ પ્રમાણે મહદાદિના અધિષ્ઠાતા એવા પુરુષનો પણ સ્વીકાર કરવો રહ્યો.

શંકા : રથનો સારથિ તો સક્રિય છે. પરંતુ પુરૂષ નિર્ગુણ હોઈ નિષ્ક્રિય છે. તેથી તે અધિષ્ઠાતા કેવી રીતે હોઈ શકે ?

સમાધાન : એવો કોઈ નિયમ નથી કે સક્રિય જ ક્રિયા કરાવી શકે. કેટલીકવાર માત્ર સામીપ્યથી પણ ક્રિયા થાય છે. જેમકે લોહચુંબકની સમીપતા લોખંડમાં ક્રિયા ઉત્પન્ન કરે જ છે.

(૪) भोक्तृभावात् : આ ત્રિગુણાત્મક જગત ભોગ્ય છે. તેથી તેનો કોઈ ભોક્તા આવશ્યક છે. આપણને સહુને એવી

પ્રતીતિ થાય છે કે આપણે આ જગતનો અનુભવ કરી રહ્યા છીએ. એ અનુભવકરનાર સ્વયં અનુભવથી જુદો છે. તે જ ભોક્તા છે અને જગત તેના અનુભવનું પાત્ર-ભોગ્ય છે. તે જ ચેતન-પુરૂષ છે. પળે પળે પરિવર્તન પામતા આ જગતને અને તેના મૂળકારણ અવ્યક્તપ્રકૃતિનો અનુભવ કરે છે.

અહીં પુરૂષ બુદ્ધિદ્વારા ભોક્તા બને છે તે યાદ રાખવું. આ ઉપરથી સમજી શકાય છે કે પુરૂષ એ ચૈતન્યથી યુક્ત એવું કોઈ તત્ત્વ નથી, પણ સ્વયં ચૈતન્ય છે અને એ શુદ્ધચૈતન્ય ભોગથી પર છે. સાંખ્યમત પ્રમાણે ચૈતન્યનું પ્રતિબિંબ સત્ત્વ પર પડે છે અને તેથી સત્ત્વ (બુદ્ધિ) જગતનો અનુભવ કરે છે. એ રીતે જોતાં ચેતનયુક્ત બુદ્ધિ અને ચૈતન્ય એ બંનેનો ભેદ સ્પષ્ટ થાય છે.

શંકા : ચાર્વાક જેવા ભૂતચૈતન્યવાદી એવી શંકા કરે છે કે જો એમ જ હોય તો પ્રકૃતિને જ ભોક્તા શા માટે ન માનવી ? તેનો જ અંશ એવી બુદ્ધિ કોઈનું પ્રતિબિંબ ઝીલે અને પછી અનુભવ કરે, એવી લાંબી પ્રક્રિયાની શી જરૂર છે ? ખાંડની ચાસણી કે એવા ઘણા પદાર્થોમાં ઉભરો કે આથો જાતે જ નથી આવતો ? અનુભવ પણ પ્રકૃતિમાં આ રીતે સ્વત: છે. એમ માનવું વધારે ઊચિત નથી ?

સમાધાન : આથો આવ્યો છે તેમ કોણ અનુભવે છે ? દૂધનું દહીં થાય છે, પણ શું દૂધને તેનું જ્ઞાન છે ? જેને અનુભવ થયો હોય તે, એટલું જ્ઞાન તો ચોક્કસ ધરાવે છે કે 'મને અનુભવ થઈ રહ્યો છે.' - જડ પદાર્થોમાં આ ભાન સ્વતંત્ર રીતે સંભવી શકે નહીં. અનુભવની અસરો પણ અનુભવ કરનારમાં જોઈ શકાય - જેમકે "હું સુખી છું." "હું દુ:ખી છું." આથી માત્ર પ્રકૃતિને ભોગ્ય અને ભોક્તા માનવાનું ઊચિત નથી. તે માત્ર ભોગ્ય છે. પુરૂષ ભોક્તા છે.

(૫) **कैवल्यार्थं प्रवृत्तेश्च** - કૈવલ્ય એટલે મોક્ષ. કૈવલ્યપ્રાપ્તિ એ જ અગત્યનો પુરૂષાર્થ છે અને મોક્ષ મેળવવો એ જ પરમ ધ્યેય છે. આ દુ:ખમાંથી મુક્ત થવા જે ઇચ્છે છે, તે પોતે એ દુ:ખસ્વરૂપ પ્રકૃતિથી અગલ જ થઈ શકે. અને તે જ ચેતન આત્મા છે. પુરૂષ છે.

પરંતુ એ માટેની પ્રવૃત્તિ કોણ કરે છે ? પુરૂષ નહીં, કારણ કે તે તો અસંગ છે. શુદ્ધ ચૈતન્યને દુ:ખ સંભવે નહીં. બંધન પણ નહીં. તેથી મોક્ષ મેળવવાપણું પણ તેના માટે નથી. અનુભવ તો બુદ્ધિમાં પ્રતિબિંબીત થયેલા ચેતનનો છે અને તેથી તેમાંથી છૂટકારનો પ્રયત્ન પ્રધાન એટલે કે પ્રકૃતિએ કરવાનો છે, એમ માઠર અને ગૌડ માને છે. પરંતુ વાચસ્પતિ આ પ્રવૃત્તિ શાસ્ત્રોની અને મહર્ષિઓની છે એમ માને છે.

जननमरणकरणानां प्रतिनियमादयुगपत्प्रवृतेश्च ।
पुरुषबहुत्वं सिद्धं त्रैगुण्यविपर्ययाश्चैव ।।१८।।

ભાવાર્થ : પુરૂષ અનેક છે, તેમ પણ સિદ્ધ થાય છે. કારણ કે (૧) જન્મ-મૃત્યુ અને ઇન્દ્રિયોની જુદી જુદી ચોક્કસ પ્રકારની વ્યવસ્થા છે. (૨) સર્વ (પ્રાણીઓ)ની પ્રવૃત્તિ (એક જ સમયે) એકસરખી હોતી નથી. અને (૩) પ્રત્યેક દેહધારી જીવમાં ત્રણે ગુણની ભિન્ન ભિન્ન વ્યવસ્થા દેખાય છે.

ભારતીય ષડ્દર્શનોમાં પ્રત્યેકદર્શને એક યા બીજારૂપે આત્માના અસ્તિત્વને સ્વીકાર્યું છે. પ્રાણીમાત્રમાં આ આત્મા વસે છે. તે વિશે પણ મતભેદ નથી. પરંતુ આત્મા એક છે કે પ્રત્યેકશરીરમાં ભિન્ન ભિન્ન હોવાથી અનેક છે. એ ચર્ચાનો મુખ્યવિષય રહ્યો છે.

વેદાંતીઓ એક જ આત્મા છે, એમ કહે છે. ત્યારે ન્યાય-વૈશેષિકમતમાં અનેક છે તેમ સ્વીકારવામાં આવ્યું છે.

સાંખ્યમત પુરૂષ બહુત્વનો છે. તે પ્રમાણે આત્મા અનેક છે અને તે અનેક કયા કારણોથી છે તે સમજાવવામાં આવ્યું છે.

(૧) જો આત્મા એક જ હોય તો સર્વ દેહધારીઓ એક સાથે જ જન્મ પામત, અને જીવનકાળ દરમ્યાન સર્વનું એક

સરખું જ વર્તન હોત. અહીં 'આત્મા'ના જન્મ-મરણની વાત નથી. તે તો અજન્મા અને અવિનાશી છે. પરંતુ આત્માના સ્થૂલશરીર સાથેના સંપર્ક અને ત્યાગને જ મરણ માનવામાં આવે છે.

પરંતુ વેદાંતીઓ માને છે કે ઉપરના કારણથી આત્માને અનેક માનવાની જરૂર નથી. આત્મા એક જ છે, પણ ઉપાધિભેદથી તે અનેક લાગે છે. જેમ એક જ આકાશ ઉપાધિભેદથી ઘટાકાશ, મઠાકાશ વગેરે રૂપે દેખાય છે, તેમ જ અહીં સમજવું જોઈએ.

આ પૂર્વપક્ષને સાંખ્ય ઉત્તર આપે છે કે જો નાનાત્વને ઉપાધિભેદથી સ્વીકારવામાં આવશે તો તે સિદ્ધાંત સર્વત્ર સ્વીકારવો પડશે. જો શરીર એ આત્માની ઉપાધિ છે તો હાથ, પગ વગેરે અવયવો એ શરીર(સંઘાત)ની ઉપાધિઓ છે. તેથી આ અવયવોનો આવિર્ભાવ જન્મ અને નાશ મરણ ગણવા પડશે. અને પછી જન્મ-મરણની વ્યવસ્થા નહીં રહે. વળી એક અખંડ આત્મામાં ઊપાધિભેદથી જો નાનાપણું સ્વીકારવામાં આવે તો પણ આત્મામાં વિરુદ્ધધર્મોનું આરોપણ કરવું પડે તે ઊચિત નથી. તેમજ અંત:કરણ વગેરેને નાનાપ્રકારક માનીએ તો પણ પ્રત્યેક અન્ત:કરણમાં એક જ આત્મા હોવાથી તેમને પરસ્પરવિરુદ્ધ અનુભવો થઈ શકે નહીં.

શંકા : શ્રુતિમાં તો આત્મા એક માનવામાં આવ્યો છે.

સમાધાન : જ્યાં આત્માને એક માનવામાં આવ્યો છે, ત્યાં તેને જાતિરૂપે એક માનેલ છે. આ વાત સાંખ્યસૂત્ર ૧/૧૫૪માં કરેલ છે કે "नाद्वैतश्रुतिविरोधो जातिपरत्वात् - અદ્વૈતપ્રતિપાદક શ્રુતિનો વિરોધ થતો નથી. (કારણ કે) તે પદો જાતિપરક છે."

આ રીતે આત્માના અનેકત્વમાં શ્રુતિનો પણ વિરોધ નથી. (૨) જો આત્મા એક હોય તો સર્વની પ્રવૃત્તિઓ એકસમયે અને એકસરખી થવી જોઈએ પણ એવું નથી. કોઈ સારા કાર્યો કરે છે. તે જ સમયે બીજા કોઈ તેથી વિપરીતકાર્ય કરતા જ હોય છે. ઉત્તમ, મધ્યમ, અને અધમપ્રવૃત્તિઓ એકસમયે થતી જોવા મળે છે. તેથી પુરૂષ બહુત્વ સિદ્ધ થાય છે.

(૩) કેટલાક પ્રાણીઓમાં સત્ત્વગુણ મુખ્ય પ્રવર્તતો દેખાય છે. કેટલાકમાં રજોગુણ તો કેટલાકમાં તમોગુણ. આ રીતે ત્રણગુણોના તારતમ્યનો ભેદ એક જ આત્મામાં સંભવી ન શકે. તેથી પણ પુરુષ બહુત્વ સિદ્ધ થાય છે.

तस्माश्च विपर्यासात्सिद्धं साक्षित्वमस्य पुरुषस्य ।
कैवल्यं माध्यस्थं द्रष्टृत्वमकर्तृभावश्च ।।१९।।

ભાવાર્થ : એ ત્રિગુણાદિથી વિપરીત ધર્મો હોવાથી પુરુષનું સાક્ષીપણું, કૈવલ્ય, મધ્યસ્થપણું, દ્રષ્ટાપણું અને અકર્તૃત્વ સિદ્ધ થાય છે.

પુરુષ ત્રણેય ગુણોથી મુક્ત છે. તે નિર્ગુણ છે. અને તેથી તે - (૧) સાક્ષી છે. કારણકે ત્રિગુણરહિત હોવાથી તેને કોઈ ક્રિયા કરવાની રહેતી નથી. તેને કોઈ વિષયમાં સ્વાર્થ નથી. જગતમાં ચાલતી પરિવર્તનની ઘટમાળા તે માત્ર જોયા કરે છે. તે દ્રષ્ટા છે. તે સ્વયં પરિવર્તનોથી મુક્ત છે.

(૨) આજ રીતે પુરૂષમાં કૈવલ્ય પણ સિદ્ધ પણ થાય છે. કૈવલ્ય એટલે દુ:ખનો સંપૂર્ણ અને શાશ્વત અભાવ. સુખ, દુ:ખ અને મોહ એ તો ત્રણે ગુણોનો જ સ્વભાવ છે. પુરૂષ તો તેનાથી પર છે અને તેથી તેનું કૈવલ્ય સ્વાભાવિક છે. તેને બંધન નથી. તે કેવલ પુરૂષ છે.

(૩) આ કૈવલ્ય ને લીધે તેનામાં માધ્યસ્થ્ય-તટસ્થતા છે, તે પણ સિદ્ધ થાય છે. (૪-૫) ત્રિગુણથી રહિત હોવાથી તે અકર્તા છે. માત્ર દ્રષ્ટા જ છે. એ પણ સમજી શકાય છે.

तस्मात्तत्संयोगादचेतनं चेतनावदिवलिङ्गम् ।।
गुणकर्तृत्वेऽपि तथा कर्तेव भवत्युदासीनः ।।२०।।

ભાવાર્થ : તેથી આ સંયોગને કારણે અચેતન (મહાદાદિ) લિંગ સચેતન જેવું લાગે છે અને ગુણોમાં કર્તૃત્વ હોવા છતાં ઉદાસીનપુરુષ કર્તા જેવો થાય છે.

પુરૂષ અને પ્રકૃતિ તાત્ત્વિકરીતે જ પરસ્પરથી અત્યંતભિન્ન છે. એક ચેતન છે અને અન્ય જડ છે. એક નિર્ગુણ-અકર્તા અને માત્ર દ્રષ્ટા છે, તો અન્ય ત્રિગુણાત્મક, વિકારશીલ અને તેથી અન્યના દર્શનનો વિષય છે. પરંતુ એ બંને પરસ્પર કોઈપણ રીતે સંબંધ ધરાવતા જ નથી તેમ નથી. આપણને થતા સૃષ્ટિના અનુભવોમાં એ ઉભયનો સહયોગ છે.

પ્રકૃતિ ભલે જડ રહી, પરંતુ તેનું એક મહત્વનું તત્ત્વ છે સત્ત્વ (બુદ્ધિ). સત્ત્વનો ધર્મ છે પ્રકાશ. પણ એ પ્રકાશ સ્વયંભૂ નથી. તે પુરૂષના સાનિધ્યથી પ્રકાશિત થાય છે અને પછી પ્રકાશનું પરાવર્તન કરે છે. આ પરાવર્તિતપ્રકાશ પ્રકૃતિનો હોય તેવો ભાસ થાય છે અને તેથી તે અચેતન હોવા છતાં જાણે કે ચેતન હોય એમ લાગે છે. (तत् संयोगात् अचेतनं चेतनावदिव लिङ्गम्)

પ્રકૃતિમાં રજોગુણ છે. તે ચલ છે, પ્રવૃત્તિશીલ છે. રજસ્ને કારણે પ્રકૃતિમાં ક્રિયા થાય છે અને તેથી ગુણો જ કર્તા છે. પણ એ ક્રિયા પણ ચેતનપુરૂષના સાનિધ્યમાં થાય છે. તેથી અકર્તા હોવા છતાં એ પુરૂષ જાણે કે કર્તા છે એવી ભ્રાન્તિ થાય છે.

पुरुषस्य दर्शनार्थं कैवल्यार्थं तथा प्रधानस्य ।
पंग्वन्धवदुभयोरपि संयोगस्तत्कृतः सर्गः ।।२१।।

ભાવાર્થ : પુરૂષનો (પ્રધાનના) દર્શન માટે તથા પ્રધાનનો (પુરૂષના) કૈવલ્ય માટે, એમ બંનેનો સંયોગ આંધળા અને લંગડાના સંયોગના સંયોગની જેમ થાય છે. અને તે સંયોગમાંથી સૃષ્ટિનું સર્જન થાય છે.

કારિકાનો ભાવ સ્પષ્ટ છે. અને વિશેષ આગળ પણ જણાવેલ છે.

प्रकृतेर्महांस्ततोऽहङ्कारस्तस्माद् गणश्च षोडशकः ।
तस्मादपि षोडशकात् पञ्चभ्यःपञ्चभूतानि ।।२२।।

ભાવાર્થ : પ્રકૃતિમાંથી મહાન્, તેમાંથી અહંકાર, અહંકારમાંથી સોળ તત્ત્વોનો સમુદાય, તે સોળમાંના પાંચ(=તન્માત્રા)માંથી પાંચભૂતો (ઉત્પન્ન થાય છે)

આ કારિકાને વિશે આગળ કહેવાઈ ગયું છે. વિશેષ કહેવાય છે. ન્યાય-વૈશેષિકો આ શબ્દવગેરેને ગુણો માને છે અને આકાશ વગેરે દ્રવ્યોમાં તે સમવાયસંબંધથી રહે છે તેમ સ્વીકારે છે. પૃથ્વી વગેરે દ્રવ્યો પ્રથમ પ્રગટ થાય છે અને પછી તેમના ગુણો આવે છે - એવો તેમનો મત છે.

આ પાંચ તન્માત્રામાંથી પાંચભૂતો કેવી રીતે ઉત્પન્ન થાય છે તે વિશે ટીકાકારો ભિન્ન ભિન્ન મત ધરાવે છે.

ગૌડ માને છે કે પ્રત્યેકતન્માત્રા એક એક મહાભૂતને જ ઉત્પન્ન કરે છે. શબ્દતન્માત્રામાંથી આકાશ, સ્પર્શતન્માત્રામાંથી વાયુ, રૂપતન્માત્રામાંથી તેજ, રસતન્માત્રામાંથી જળ અને ગંધતન્માત્રાથી પૃથ્વી ઉત્પન્ન થાય છે.

પરંતુ વાચ૦ અને ચન્દ્રિકા પ્રત્યેક મહાભૂત ક્રમશ: એક કરતાં વધારે તન્માત્રાના સંયોગથી રચાય છે, એવો મત પ્રદર્શિત કરે છે. એ રીતે શબ્દતન્માત્રામાંથી આકાશ, શબ્દ અને સ્પર્શતન્માત્રામાંથી વાયુ, શબ્દ, સ્પર્શ અને રૂપ તન્માત્રામાંથી તેજ; શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ તન્માત્રામાંથી જળ, અને શબ્દ, સ્પર્શ રૂપ, રસ અને ગંધ તન્માત્રામાંથી પૃથ્વી ઉત્પન્ન થાય છે.

આ સંદર્ભમાં વેદાંતીઓની પંચીકરણ પદ્ધતિનો પણ પરિચય કરી લઈએ. તેમના મત પ્રમાણે પ્રત્યેક મહાભૂતોમાં

પાંચેય તન્માત્રાઓ હોય છે. પરંતુ તેમાં એકતન્માત્રા મુખ્ય હોય છે. તે ૧/૨ ભાગ રોકે છે. અને બાકીની તન્માત્રાઓ ૧/૮ ભાગ રોકે છે.

अध्यवसायो बुद्धिर्धर्मो ज्ञानं विरागं ऐश्वर्यम् ।
सात्विकमेतद्रूपं तामसमस्माद् विपर्यस्तम् ।।२३।।

ભાવાર્થ : નિશ્ચય એ બુદ્ધિ (મહત્)નું લક્ષણ છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એ તેનું સાત્વિકસ્વરૂપ છે અને તેનાથી વિપરીત (અધર્મ, અજ્ઞાન, રાગ અને અનૈશ્વર્ય) એ તેનું તામસરૂપ છે.

સાંખ્યસૂત્રમાં બુદ્ધિનું લક્ષણ બાંધતાં કહે છે કે **अध्यवसायो बुद्धि** ॥૨-૧૩॥ અધ્યવસાય બુદ્ધિનું લક્ષણ છે અને અધ્યવસાય એટલે નિશ્ચય. જોકે નિશ્ચય એ જ બુદ્ધિ નથી. નિશ્ચય એ બુદ્ધિનો વ્યાપાર છે. નિશ્ચય કરવો એ બુદ્ધિનું કાર્ય છે. નિશ્ચય એ વૃત્તિ અર્થાત્ ધર્મ છે. અને બુદ્ધિ ધર્મી છે. એટલે અહીં બુદ્ધિને અધ્યવસાય ધર્મ-ધર્મી વચ્ચેના અભેદોપચારથી કહેવામાં આવેલ છે.

મહાન અને બુદ્ધિ ઉપરાંત તેના મતિ, બ્રહ્મા, ખ્યાતિ, પ્રજ્ઞા, સન્તતિ, સ્મૃતિ એવા પણ નામ છે.

अभिमानोऽहङ्कारस्तस्माद् द्विविधः प्रवर्तते सर्गः ।
एकादशकश्च गणस्तन्मात्रपञ्चकश्चैव ।।२४।।

ભાવાર્થ : અભિમાન એ અહંકારનું લક્ષણ છે. એમાંથી બે પ્રકારની સૃષ્ટિ ઉદ્ભવે છે. (૧) અગિયાર ઇન્દ્રિયોનો સમુદાય અને (૨) પાંચ તન્માત્રાઓ.

બુદ્ધિનો વ્યાપાર નિશ્ચય છે એમ જોયું. આ નિશ્ચયનો કોઈ આધાર પણ હોવો જોઈએ. "મેં આ નિશ્ચય કર્યો' અથવા 'હું જાણું છું' એ રીતે જ એ થઈ શકે. આ "હું" પણું છે, તેને અભિમાન કહેવામાં આવે છે. એ એક પ્રકારની આત્મલક્ષિતા છે. અને આ પ્રકારની અસ્તિમતિવાળું જે બુદ્ધિનું પ્રાદુર્ભૂત રૂપ છે, તેનું જ નામ અહંકાર છે.

सात्त्विक एकादशकः प्रवर्तते वैकृतादहधकारात् ।
भूतादेस्तन्त्रमात्रः स तामसस्तैजसादुभयम् ।।२५।।

ભાવાર્થ : સાત્વિક એવા 'વૈકૃત' અહંકારમાંથી અગિયારનો સમુદાય ઉત્પન્ન થાય છે. 'ભૂતાદિ' અહંકારમાંથી તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે. અને તેથી તે તામસ્ છે. અને (રાજસ્ એવા) 'તૈજસ' અહંકારમાંથી ઊભયની ઉત્પત્તિ થાય છે.

આ કારિકામાં અહંકારના ત્રણ સ્વરૂપો દર્શાવ્યા છે. સાત્વિક, રાજસ્ અને તામસ્. સાત્વિક અહંકારને વૈકૃતઅહંકાર કહેવામાં આવે છે. રાજસ્ ને તૈજસ્ અને તામસ્ને ભૂતાદિઅહંકાર એવા નામ આપવામાં આવ્યા છે.

बुद्धीन्द्रियाणि चक्षुः-श्रोत्र-घ्राण-रसनत्वगाख्यानि ।
वाक्-पाण-पाद-पायूपस्थानि कर्मेन्द्रियाण्याहुः ।।२६।।

ભાવાર્થ : ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રસના અને ત્વચા એ(પાંચ) જ્ઞાનેન્દ્રિયો છે. વાણી, હાથ, પગ, મલોત્સર્ગની ઇન્દ્રિય અને જનનેન્દ્રિય એ (પાંચ)કર્મેન્દ્રિયો છે.

उभयात्मकमत्र मनः सङ्कल्पकमिन्द्रियं च साधर्म्यात् ।
गुणपरिणामविशेषान्नानात्वं बाह्यभेदाश्च ।।२७।।

કારિકા-૨૭ : મન ઉભયયાત્મક (બંને પ્રકારની ઇન્દ્રિયોના સ્વભાવવાળું) છે. તે સંકલ્પધર્મવાળું છે. અને સાધર્મ્યને લીધે તે ઇન્દ્રિય છે. ગુણોના વિશિષ્ટપ્રકારના પરિણામોને લીધે ઇન્દ્રિયોનું વૈવિધ્ય અને બાહ્યભેદો સંભવે છે.

મન ઊભયાત્મક છે. સર્વઇન્દ્રિયો જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય બંને સાથે તેનો સંપર્ક રહે છે. કારણ કે મનના સંયોગ વિના કોઈપણ ઇન્દ્રિય પ્રવૃત્ત થઈ શકતી નથી.

મનનું અસાધારણલક્ષણ 'સંકલ્પ' છે. સંકલ્પનો અર્થ ગૌડ. આપે છે કે - प्रवृत्ति कल्पयति અર્થાત્ દ્વિવિધ ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓનું નિયામક છે. પરંતુ વાચ. મિશ્ર બીજીરીતે સમજાવે છે-

संकल्पयति = विशेषणविशेष्यभावेन विवेचयतीति -

ઇન્દ્રિયો પદાર્થોનો સન્નિકર્ષ પામે છે. પરંતુ તે પદાર્થો શું છે તેના સ્વરૂપ વગેરેની સ્પષ્ટતા હોતી નથી. પ્રત્યક્ષની પ્રથમ ભૂમિકા 'इदं किञ्चित्' એ પ્રકારની નિર્વિકલ્પ હોય છે, પરંતુ નિર્વિકલ્પપ્રત્યક્ષનો વ્યવહારમાં ઉપયોગ થઈ શકતો નથી. તેથી સવિકલ્પપ્રત્યક્ષ થવું જોઈએ. 'આ કંઈક છે' તેના બદલે 'આ ઘટ છે.' વગેરે નામ, જાતિ, ધર્મ અને ક્રિયાથી યુક્તપદાર્થ સમજાય તે જરૂરી છે. આ સવિકલ્પકતા એ મનનું કાર્ય છે.

મનને ઇન્દ્રિય કહી છે. કારણ કે તે અન્ય દસ ઇન્દ્રિયો સાથે સાધર્મ્ય ધરાવે છે. સર્વ ઇન્દ્રિયોની જેમ મનનું પણ ઉપાદાન સાત્ત્વિક અહંકાર છે.

અહીં એક પ્રશ્ન થાય કે આ અગિયાર ઇન્દ્રિયો જો સાત્ત્વિક અહંકારમાંથી જ ઉત્પન્ન થઈ હોય, એટલે કે તેનું ઉપાદાન એક જ હોય તો પછી તે સર્વમાં ભિન્નતા કેમ દેખાય છે ? એકમાંથી ઉત્પન્ન થવા છતાં નાનાત્વ કેમ છે ? તેનો જવાબ આ પ્રમાણે છે. गुणपरिणामविशेषात् बाह्यभेदात् च । ત્રણગુણની પ્રવૃત્તિ પુરૂષના ઉપભોગ માટે છે. આ ઉપભોગ શબ્દવગેરે વિષયોના અનુભવરૂપે થાય છે. એટલે આ ગુણો અમુકરીતે વિકાર પામે તો શબ્દદ્વારા અનુભવ થાય. બીજીરીતે વિકાર પામે તો રૂપદ્વારા અને એ રીતે પાંચે પ્રકારના અનુભવો થઈ શકે છે. એક ઇન્દ્રિય પાંચેય અનુભવ કરાવી શકતી નથી. આથી આ બાહ્યવિષયોની વિવિધતાને કારણે ઇન્દ્રિયોમાં નાનાત્વ છે. તેમ સ્પષ્ટ થાય છે.

संकल्पक એટલે સવિકલ્પપ્રત્યક્ષ નક્કી કરવું એમ નહીં, પણ અહંકારને - થયેલા પ્રત્યક્ષનો અનુભવ કરાવવો. અહંકાર અને બુદ્ધિ 'હું ઘટનું જ્ઞાન મેળવું છું.' એમ જ્યારે અનુભવ કરે છે. ત્યારે મન પણ તે ક્રિયામાં ભાગીદાર બને છે. માત્ર ચક્ષુ જ પદાર્થને જોતું નથી. મન પણ તેમાં ભાગ ભજવે છે. આ અર્થમાં તે ઇન્દ્રિયથી જુદું પડે છે. અને બીજી રીતે આ જ્ઞાનનું કરણ હોવાથી ઇન્દ્રિય પણ કહી શકાય.

शब्दादिषु पञ्चानामालोचनमात्रमिष्यते वृत्तिः ।
वचनादानविहरणोत्सर्गानन्दाश्च पञ्चानाम् ।।२८।।

ભાવાર્થ : રૂપ વગેરે (પાંચ વિષયો)નું માત્ર આલોચનકરવું એ પાંચ જ્ઞાનેન્દ્રિયનું કાર્ય છે. બોલવું, લેવું, ચાલવું, મલત્યાગ અને આનંદ એ પાંચે કર્મેન્દ્રિયનું કાર્ય છે.

स्वालक्षण्यं वृत्तित्रयस्य सैषा भवत्यसामान्या । ।
सामान्यकरणवृत्तिः प्राणाद्या वायवः पञ्च ।।२९।।

ભાવાર્થ : (અહંકાર, બુદ્ધિ અને મન) એ ત્રણના જે પોતપોતાના લક્ષણો (ખાસધર્મો) છે. તે જ તેમની વિશેષતા છે. અને પ્રાણ વગેરે પાંચ વાયુઓ એ તેમના સામાન્યધર્મો છે.

બુદ્ધિ, અહંકાર અને મનને પોતપોતાના અસાધારણધર્મો છે. જેમકે બુદ્ધિનું લક્ષણ અધ્યવસાય છે. અહંકારનું લક્ષણ અભિમાન. અને મનનું લક્ષણ સંકલ્પ છે. તેવી જ રીતે બુદ્ધીન્દ્રિયોના પણ પોતપોતાના વિશેષધર્મો છે. અને આ સર્વમાં સામાન્યતત્ત્વ તે પાંચ પ્રાણોનું હોવું તે. મુખ્યત: તે પાંચ **પ્રાણ**, પ્રાણ-અપાન-સમાન-ઉદાન અને વ્યાન એ નામે પ્રસિદ્ધ

છે. તેમાં **પ્રાણ** શરીરને ધારણ કરનાર બળ છે. તે નાસીકાથી માંડી હૃદયમાં વસે છે. અધઃસરણ દ્વારા મલોત્સર્ગવગેરે ક્રિયા શક્ય બનાવનાર તે **અપાન** છે. નાભીથી હૃદયની વચ્ચે રહેતો **સમાન** વાયુ રસોને શરીરમાંના યોગ્યસ્થળોએ પહોંચાડે છે. કંઠથી મસ્તક સુધી કે નાભિથી મસ્તક સુધી ઉર્ધ્વગમન કરતો વાયુ તે **ઉદાન** અને સમસ્તશરીરમાં રહેતો વાયુ તે **વ્યાન** છે.

युगपच्चतुष्टयस्य तु वृत्तिः क्रमशश्च तस्य निर्दिष्टा ।
दृष्टे तथाप्यदृष्टे त्रयस्य तत्पूर्विका वृत्तिः ।।३०।।

ભાવાર્થ : દૃશ્ય(=પ્રત્યક્ષ)પદાર્થમાં (મહાન્, અહંકાર, મન અને જ્ઞાનેન્દ્રિયો-આ) ચારેયની વૃત્તિઓ એકસાથે અથવા તો ક્રમશઃ થતી દર્શાવાઈ છે. તેમજ અદૃશ્ય(અનુમાન વગેરેથી પ્રાપ્ત થતાં)પદાર્થમાં (મહાન્, અહંકાર અને મન એ) ત્રણ (=અંતકરણની)ની પણ તે જ પ્રમાણે (=એકીસાથે અથવા ક્રમશઃ) વૃત્તિ થાય છે.

દૃષ્ટમાં ચારેયની વૃત્તિ બે પ્રકારે છે. યુગપત્ એટલે કે એકી સાથે અને ક્રમશઃ એટલે કે ક્રમપૂર્વક.

વાચસ્પતિ દૃષ્ટાંત આપે છે કે ગાઢ અંધકારમાં વિદ્યુતનો ચમકારો થાય અને અચાનક જ વાઘ દેખાય, તો તરત જ ઇન્દ્રિયોનું આલોચન, બુદ્ધિનો અધ્યવસાય, અહંકારનું અભિમાન અને મનનો સંકલ્પ એ ચારેય વૃત્તિ એકીસાથે જ થાય છે.

અને થોડા પ્રકાશમાં પ્રથમ દૂરથી કોઈક આકૃતિ દેખાય, પછી મનથી સંકલ્પ અને અહંકારથી ક્રમશઃ નિશ્ચિત થાય છે. કે આ મને લુંટવા આવતો ચોર જ છે. આમ અહીં ચારેની ક્રમશઃ વૃત્તિ દેખાય છે.

અદૃષ્ટના ગ્રહણમાં પણ આ બે પ્રકારની વૃત્તિ થાય છે. પરંતુ અહીં ઇન્દ્રિયોસીધી રીતે વસ્તુના સંપર્કમાં આવતી નથી. તેથી બુદ્ધિ, અહંકાર અને મન એ ત્રણને જ આ દ્વિવિધ વૃત્તિ થાય છે. અહીં અનુમાન કે શબ્દથી પ્રાપ્ત થતા જ્ઞાનનો નિર્દેશ છે. એટલે ઇન્દ્રિયોના સીધા સંપર્કની આવશ્યકતા નથી. પણ તેથી ઇન્દ્રિયોનો અહીં બિલકુલ ઉપયોગ જ નથી એમ નથી. પરંતુ તેઓએ અદૃષ્ટ માટેની ભૂમિકા પહેલાં રચી દીધી હોય છે.

અને અદૃષ્ટના ગ્રહણમાં પણ યુગપત્ અને ક્રમશઃ વૃત્તિ થાય છે. તેમાં અનુમાનમાં સિંહ-ગર્જના સાંભળતાં જ આ સિંહ છે, એમ એકી સાથે જ ત્રણેય અંતઃકરણની વૃત્તિ થાય છે અને આખાપ્રદેશમાં પણ 'આ પ્રાણી તે ગાય છે.' એમ તરત જ તેનું ગ્રહણ થાય છે.

'पितृपितामहप्रपितामर्हभ्यो दद्यात्' આ વાક્ય સાંભળી કોના પિતૃઓને પિંડ અર્પવો, એમ શંકા થયા બાદ, વિચાર્યા પછી પોતાના જ પિતૃઓને પિંડ આપવો એમ યજમાન ક્રમશઃ નિર્ણય કરે છે.

स्वां स्वां प्रतिपद्यन्ते परस्पराकूतहेतूकां वृत्तिम् ।
पुरुषार्थ एव हेतुर्न केनचित् कार्यते कारणम् ।।३१।।

ભાવાર્થ : (કરણો) પરસ્પરના સંકેતથી પ્રેરાઈને પોતપોતાની ક્રિયા કરે છે. તેમની આ ક્રિયા પુરૂષના માટે જ હોય છે. અન્યકોઈ કરણને ક્રિયા કરાવતું નથી.

करणं त्रयोदशविधं तदाहरणधारणप्रकाशकरम् ।
कार्यञ्च तस्य दशधाऽऽहार्यं धार्यं प्रकाश्यञ्च ।।३२।।

ભાવાર્થ : આહરણ, ધારણ, અને પ્રકાશ કરનારા આ ત્રણ કરણો તેર પ્રકારનાં છે. (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ અને અહંકાર) અને તેમનું આહાર્ય, ધાર્ય અને પ્રકાશ્ય એવું કાર્ય (પ્રત્યેક) દસ દસ પ્રકારનું છે.

વાચસ્પતિના મતે કર્મેન્દ્રિયો આહરણ, બુદ્ધિ, અહંકાર અને મન ધારણ તથા બુદ્ધીન્દ્રિયો પ્રકાશિત કરવાનું કાર્ય કરે છે.

જ્યારે માઠર પ્રમાણે સર્વે ઇન્દ્રિયો આહરણ કરે છે. અને અહંકાર અને બુદ્ધિ અનુક્રમે ધારણ અને પ્રકાશન કરે છે.

આ કારણોનું જે કાર્ય છે તે પણ તેથી આહાર્ય, ધાર્ય અને પ્રકાશ્ય થયું. કાર્ય દસ પ્રકારનું છે. આ દસ પ્રકાર કયા તે વિશે પણ ટીકાકારોમાં ઐકમત્ય નથી. ગૌડ. પ્રમાણે પાંચ બુદ્ધીન્દ્રિયના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચવિષયો અને પાંચ કર્મેન્દ્રિયના વચન, આદાન, વિહરણ, ઉત્સર્ગ અને આનંદ એ પાંચ વિષયો, એમ કુલ દસપ્રકારનું કાર્ય થયું. યુક્તિનો પણ આ જ મત છે.

વાચસ્પતિ આ દસ પ્રકારને આહાર્ય, ધાર્ય અને પ્રકાશ્ય - એ પ્રત્યેકના સંદર્ભમાં સમજે છે. તે પ્રમાણે કર્મેન્દ્રિયોનું કર્તવ્ય આહરણ છે. તેથી તેનું કાર્ય તેના પાંચવિષયો થયા. આ વિષયો દિવ્ય અને મનુષ્ય એ બન્નેના અલગ અલગ ગણતાં દસ થાય. એ જ રીતે અંત:કરણના વિષય એવા પાંચપ્રાણ કે જે ધાર્ય છે. તે પણ દિવ્ય અને મનુષ્યના ભેદથી દસ પ્રકારના થાય. અને બુદ્ધીન્દ્રિયોના પાંચવિષય કે જે પ્રકાશ્ય છે, તે પણ દિવ્ય-મનુષ્ય ભેદથી દસ પ્રકારના થશે.

अन्तःकरणं त्रिविधं दशधा बाह्यं त्रयस्य विषयाख्यम् ।
सांप्रतकालं बाह्यं त्रिकालमभ्यन्तरं करणम् ।।३३।।

ભાવાર્થ : (મન, બુદ્ધિ અને અહંકાર-એ પ્રકારે) અંત:કરણ ત્રણ પ્રકારનું છે. અને (પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય એમ) બાહ્યકરણ દસ પ્રકારનું છે. બાહ્યકરણ એ અંત:કરણનો વિષય બને છે. બાહ્યકરણનો વ્યાપાર વર્તમાનકાળમાં જ થાય છે. અંત:કરણનો ત્રણેયકાળમાં હોય છે.

કારિકાનો ભાવાર્થ સ્પષ્ટ છે. અત્રે એટલું યાદ રાખવું કે સાંખ્યદર્શનમાં કાળને તેમજ દિશાને સ્વતંત્રપદાર્થો માનવામાં આવ્યા નથી. વૈશેષિકો કાળને સ્વતંત્ર પદાર્થ માને છે. તેમના મતે કાળ એક છે અને ઉપાધિ ભેદે તે ભૂત-ભવિષ્ય-વર્તમાન વગેરે પ્રકારે અનેક લાગે છે. પરંતુ વાચસ્પતિ કહે છે કે કાલ સ્વયં જ ઉપાધિ છે. પદાર્થ નથી. તેથીતેની ઉપયોગિતા માત્ર વ્યાવહારિક જ છે. તાત્ત્વિક નથી.

बुद्धीन्द्रियाणि तेषां पञ्च विशेषाविशेषविषयाणि ।
वाग् भवति शब्दविषया शेषाणि तु पञ्चविषयाणि ।।३४।।

ભાવાર્થ : (બાહ્યેન્દ્રિયો પૈકી) પાંચ જ્ઞાનેન્દ્રિયો વિશેષ (=પાંચ મહાભૂતો) અને અવિશેષ (=પાંચ તન્માત્રાઓ) વિષયવાળી છે. (અને પાંચ કર્મેન્દ્રિયોમાંથી) વાણીનો વિષય શબ્દ છે. પરંતુ અન્ય ચાર(કર્મેન્દ્રિયો) પાંચેય વિષયવાળી છે.

અહીં વાચ. અને ગૌડ કહે છે કે દેવો અને યોગીઓ માટે તન્માત્રાઓ ઇન્દ્રિયો દ્વારા પ્રગટ થાય છે અને તે શાંત, ઘોર અને મૂઢ ભાવરહિત હોય છે. જ્યારે સામાન્ય મનુષ્યોમાટે તે સ્થૂલવિષયો પ્રગટ કરે છે અને તે શાંતવગેરે ભાવોથી યુક્ત હોય છે.

सान्तः करणा बुद्धिः सर्वं विषयमवगाहते यस्मात् ।
तस्मात् त्रिविधं करणं द्वारि द्वाराणि शेषाणि ।।३५।।

ભાવાર્થ : (મન અને અહંકાર એ બંને) અંત:કરણ સાથે બુદ્ધિ સર્વવિષયોને ગ્રહણ કરે છે. તેથી ત્રિવિધ અંત:કરણ એ દ્વારિ(મુખ્ય) છે અને બાકીની ઇન્દ્રિયો દ્વારો (ગૌણ) છે.

एते प्रदीपकल्पाः परस्परविलक्षणा गुणविशेषाः ।
कृत्स्नं पुरुषस्वार्थं प्रकाश्य बुद्धौ प्रयच्छन्ति ।।३६।।

ભાવાર્થ : આ (મન અને અહંકાર સહિત ૧૨ ઇન્દ્રિયો) પરસ્પરવિરુદ્ધ લક્ષણો અને વિશિષ્ટગુણોવાળી છે (છતાં પણ) દીપકની જેમ પુરૂષમાટે પ્રકાશ પાડી તેને બુદ્ધિ આગળ લઈ જાય છે.

બાહ્યકરણો પદાર્થને ગ્રહણ કરી, તેમને મન પાસે રજુ કરે છે. મન અહંકારની સાથે મળી, તેને બુદ્ધિ પાસે ઉપસ્થિત કરે છે અને ત્યાં જ પ્રકાશ થાય છે - પદાર્થનું જ્ઞાન થાય છે-અધ્યવસાય થાય છે. આ રીતે સત્ત્વપ્રધાન બુદ્ધિ સર્વકરણોમાં મુખ્ય છે, કારણકે પદાર્થનું જ્ઞાન ત્યાં જ પ્રકાશિત થાય છે.

બુદ્ધિસિવાયના બારકારણો કે જે ગુણોના જ વિકાર છે. અને પોતપોતાના વિશેષલક્ષણો ધરાવે છે. તે પોતાના સર્વવિષયો પુરૂષમાટે દીપકની જેમ પ્રકાશિતકરીને બુદ્ધિને સોંપે છે.

सर्वं प्रत्युपभोगं यस्मात् पुरुषस्य साधयति बुद्धिः ।
सैव च विशिनष्टि पुनः प्रधानपुरुषान्तरं सूक्ष्मम् ।।३७।।

ભાવાર્થ : બુદ્ધિ પુરૂષના સર્વવિષયોના ઉપભોગને સાધી આપે છે. તેમજ પછીથી તે જ (બુદ્ધિ) પ્રધાન અને પુરૂષ વચ્ચેનો સુક્ષ્મભેદ કરી દેખાડે છે. તેથી (તે જ મુખ્ય છે.)

तन्मात्राण्यविशेषास्तेभ्यो भूतानि पञ्च पञ्चभ्यः ।
एते स्मृता विशेषाः शान्ता घोराश्च मूढाश्च ।।३८।।

ભાવાર્થ : તન્માત્રાઓ 'અવિશેષ(=સૂક્ષ્મ)' કહેવાય છે. તે પાંચતન્માત્રાઓમાંથી પાંચભૂતો ઉત્પન્ન થાય છે. તેમને વિશેષ કહેવામાં આવે છે. તેઓ શાંત, ઘોર અને મૂઢ છે.

सूक्ष्मा मातापितृजाः सह प्रभूतैस्त्रिधा विशेषाः स्युः ।
सूक्ष्मास्तेषां नियता मातापितृजा निवर्तन्ते ।।३९।।

ભાવાર્થ : વિશેષો ત્રણ પ્રકારના છે - (૧) સુક્ષ્મ શરીરો, (૨) માતાપિતાથી ઉત્પન્ન થયેલ શરીરો અને (૩) મહાભૂતો. તે પૈકી સૂક્ષ્મશરીરો નિયત - (અર્થાત્ નિયમથી અમુકસમય સુધી રહેનારાં) અને માતાપિતાથી ઉત્પન્ન થયેલાં શરીરો (મૃત્યુ સમયે) નાશ પામે છે.

पर्वोत्पन्नमसक्तं नियतं महदादिसूक्ष्मपर्यन्तम् ।
संसरति निरुपभोगं भावैरधिवासितं लिङ्गम् ।।४०।।

ભાવાર્થ : આદિ સર્ગમાં ઉત્પન્ન થયેલું, અસક્ત (અવ્યાહત=કોઈનાથી રોકી ન શકાય તેવું) મહદ્ વગેરેથી માંડી સુક્ષ્મ (તન્માત્રાઓ) સુધીના (અઢાર) તત્વોનું બનેલું (સ્થૂલશરીરના અભાવમાં) ઉપભોગ કરવા અસમર્થ એવું (ધર્માધર્મ, જ્ઞાનાજ્ઞાન, વૈરાગ્યાવૈરાગ્ય, ઐશ્વર્ય-અનૈશ્વર્ય એવા આઠ) ભાવોથી અધિવાસિત થઈ લિંગ (શરીર), (સ્થૂલશરીરોમાં) સંસરણ કરે છે.

चित्रं यथाऽऽश्रयमृते स्थाण्वादिभ्यो विना यथाच्छाया ।
तद्वद् विना विशेषैर्न तिष्ठति निराश्रयं लिङ्गम् ।।४१।।

ભાવાર્થ : જેમ આશ્રયવિના ચિત્ર અને થાંભલા વગેરેવિના છાયા ન રહી શકે, તેમ વિશેષ(સ્થૂલશરીર અથવા સુક્ષ્મશરીર)ના આશ્રયવિના લિંગ રહી શકતું નથી.

पुरुषार्थहेतुकमिदं निमित्तनैमित्तिकप्रसङ्गेन ।
प्रकृतेर्विभुत्वयोगान्नटवद् व्यवतिष्ठते लिङ्गम् ।।४२।।

ભાવાર્થ : પુરૂષના (ભોગ અને અપવર્ગરૂપી) પ્રયોજન માટે (પ્રવૃત્ત એવું) લિંગશરીર નિમિત્ત (ધર્માદિ આઠ

ભાવો કે જે કારણ છે) અને નૈમિત્તિક (સ્થૂલશરીર કે જે કાર્ય)ના પ્રસંગથી તથા પ્રકૃતિના વિભુપણાના યોગથી નટની માફક વર્તે છે.

सांसिद्धिकाश्च भावाः प्राकृतिका वैकृतिकाश्च धर्माद्याः ।
दृष्टाः करणाश्रयिणः कार्याश्रयिणश्च कललाद्याः ।।४३।।

ભાવાર્થ : ધર્મ વગેરે (આઠ) ભાવો-સાંસિદ્ધિક એટલે પ્રાકૃતિક(=જન્મજાત, સ્વાભાવિક) અને વૈકૃતિક(=પ્રયત્નસાધ્ય) (એમ બે પ્રકારના) છે. તે (ભાવો) કરણ (=બુદ્ધિ)ના આશ્રયે રહેલા જોવા મળે છે અને ગર્ભપિંડ વગેરે કાર્ય (=સ્થૂલશરીર)ના આશ્રયે રહે છે.

धर्मेण गमनमूर्ध्वं गमनमधस्ताद् भवत्यधर्मेण ।
ज्ञानेन चाऽपवर्गो विपर्ययादिष्यते बन्धः ।।४४।।

ભાવાર્થ : ધર્મથી ઉર્ધ્વગતિ અને અધર્મથી અધોગતિ થાય છે. જ્ઞાનથી મોક્ષપ્રાપ્તિ થાય છે. અને તેનાથી વિપરીત(=અજ્ઞાન)થી બંધન મળે છે.

वैराग्यात् प्रकृतिलयः संसारो भवति राजसादृशगात् ।
ऐश्वर्यादविघातो विपर्ययात् तद्विपर्यासः ।।४५।।

ભાવાર્થ : વૈરાગ્યથી પ્રકૃતિમાં લય થાય છે. રાજસ્આસક્તિથી સંસાર થાય છે. ઐશ્વર્યથી અવિઘાત (ઇચ્છાની નિર્વિઘ્ને પૂર્તિ) થાય છે અને તેનાથી વિપરીત (=અનૈશ્વર્ય)થી વિઘ્ન થાય છે.

एष प्रत्ययसर्गो विपर्ययाशक्तितुष्टिसिद्धाख्यः ।
गुणवैषम्यविमर्दात् तस्य भेदास्तु पञ्चाशत् ।।४६।।

ભાવાર્થ : આ બુદ્ધિસર્જિત સંસાર વિપર્યય, અશક્તિ, તુષ્ટિ અને સિદ્ધિથી ઓળખાય છે. ગુણોની વિષમતાને લીધે તેમના (પરસ્પર)વિમર્દથી તેના પચાસભેદો થાય છે.

पञ्च विपर्ययभेदा भवन्त्यशक्तिश्च करणवैकल्यात् ।
अष्टाविंशतिभेदा तुष्टिर्नवधाऽष्टधा सिद्धिः ।।४७।।

ભાવાર્થ : વિપર્યયના પાંચભેદ છે. ઇન્દ્રિયોની ખોડને કારણે અશક્તિ અઠ્ઠાવીસપ્રકારની છે. તુષ્ટિ નવજાતની અને સિદ્ધિ આઠજાતની છે.

भेदस्तमसोऽष्टविधो मोहस्य च दशविधो महामोहः ।
तामिस्रोऽष्टादशधा तथा भवत्यन्धतामिस्रः ।।४८।।

ભાવાર્થ : (વિપર્યયના પાંચભેદ-તમસ્, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર. તેમાંથી અનુક્રમે) તમસ્ના આઠ, મોહના પણ આઠ, મહામોહના દસ, તામિસ્રના અઢાર અને અંધતામિસ્રના પણ અઢાર પ્રકારો છે.

પહેલો ભેદ - તમસ્ એટલે અવિદ્યા. અવ્યક્ત, મહદ્, અહંકાર અને પાંચ તન્માત્રાને અનુક્રમે પુરુષ માનવાથી આઠપ્રકારનો થાય છે.

બીજો ભેદ - મોહ એટલે અસ્મિતા. અણિમા વગેરે જે આઠ સિદ્ધિઓને જ જીવનનું અંતિમધ્યેય માનવાથી મોહ થાય છે. પ્રત્યેકસિદ્ધિના સંદર્ભમાં વિચારતાં એ આઠ પ્રકારનો થાય છે.

ત્રીજો ભેદ - તે મહામોહ એટલે રાગ. ઇન્દ્રિયોના વિષયો પાંચ છે. તે મનુષ્ય અને દેવોના એમ ગણીએ તો દશ થાય. તેમાં આસક્તિ રાખવાથી આ મહામોહ થાય છે. તે દસ પ્રકારનો છે.

ચોથો ભેદ - તે તામિસ્ર એટલે દ્વેષ. ઉપર જે દેવ અને મનુષ્ય એમ બેપ્રકારે પાંચ વિષયો ગણાવ્યા, તે દશ તેમજ આઠસિદ્ધિઓને લીધે જે દ્વેષ કે સંઘર્ષ થાય. તે આ રીતે ૧૮ પ્રકારનો છે.

પાંચમો ભેદ - અંધતામિસ્ર કે અભિનિવેશ પણ ઉપર વર્ણવેલ વિષયો કે સિદ્ધિઓ નહિ રહે કે મૃત્યુ તેનો અંત લાવશે, એવા ભયને કારણે અઢારપ્રકારનો થાય છે.

આમ કુલ ૬૨ પ્રકારના વિપર્યય થયા.

एकादशेन्द्रियवधाः सह बुद्धिवधैरशक्तिरुद्दिष्टा ।
सप्तदश वधा बुद्धेर्विपर्ययात्तुष्टिसिद्धीनाम् ।।४९।।

કારિકા-૪૯ : (નવ) તુષ્ટિ અને (આઠ) સિદ્ધિના વિપર્યયથી બુદ્ધિમાં સત્તરપ્રકારની ખામી આવે છે. તેની સાથે અગિયારઇન્દ્રિયોની ખામી ભળીને કુલ અઠ્ઠાવીસપ્રકારની અશક્તિ ગણવામાં આવી છે. બાધિર્યં (શ્રોત્રદોષ), કૃષ્ઠિતા (ત્વગ્દોષ), અન્ધત્વં (નેત્રદોષ), જડતા (=સ્વાદ પરત્વે રસનાદોષ), અજિઘ્રતા (ઘ્રાણદોષ), મૂકતા (વાગ્દોષ), કૌણ્યં = ઠુંઠા હોવું, હાથની શક્તિના અભાવરૂપીદોષ, પક્ષ્રુત્વં (=લંગડા હોવું), ક્લૈવ્યં (નપુંસકતાદોષ), ઉદાવર્ત (વાયુદોષ) અને મન્દતા (મનનો દોષ) - આ અગિયારઅશક્તિઓ થઈ. આ સર્વને બુદ્ધિવધ પણ કહેવાય છે.

आध्यात्मिक्यश्चतस्रः प्रकृत्युपादानकालभाग्यख्याः ।
बाह्या विषयोपरमात् पञ्च नव तुष्टयोऽभिमताः ।।५०।।

કારિકા-૫૦ : પ્રકૃતિ, ઉપાદાન, કાળ અને ભાગ્ય એ ચારપ્રકારની આધ્યાત્મિક અને (પાંચ)વિષયોના શમનથી થતી પાંચ પ્રકારની બાહ્ય એમ નવપ્રકારની તુષ્ટિ માનવામાં આવી છે.

જ્યારે પોતાની બુદ્ધિની કોઈ આંતરીક સમજણને લીધે મનુષ્ય સંતોષ અનુભવે છે. ત્યારે તેની આ તુષ્ટિ આધ્યાત્મિક કહેવાય છે. તે ચાર પ્રકારે સંભવે છે. પ્રકૃતિ, ઉપાદાન, કાલ અને ભાગ્ય.

(૧) **પ્રકૃતિ** - મૂળપ્રકૃતિના ત્રિગુણાત્મકપ્રપંચને સમજ્યા પછી બધું જ જાણી લીધું છે, એમ સંતોષ થાય અને પછી મોક્ષ મેળવવાનો કોઈ પ્રયત્ન ન કરવામાં આવે તો તે આ પ્રકૃતિ નામની તુષ્ટિ થઈ.

(૨) **ઉપાદાન :** તત્ત્વોનું પુરૂં જ્ઞાન મેળવ્યા વિના જો જ્ઞાનના સાધન-ઉપાદાન એવા સંન્યાસને ગ્રહણ કરી સંતોષ માનવામાં આવે તો તે તે ઉપાદાન તુષ્ટિ થઈ.

(૩) **કાલ** - જ્યારે યોગ્યસમય આવશે ત્યારે મોક્ષ પ્રાપ્ત થઈ જશે. વિશેષપ્રયત્નોની જરૂર નથી, એમ માની સંતોષ માનવો તે કાલ નામની તુષ્ટિ થઈ.

(૪) **ભાગ્ય** - જો ભાગ્યમાં હશે તો મોક્ષ મળી જશે. એમ માની સંતોષ પામવો તે ભાગ્ય નામની તુષ્ટિ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચવિષયો છે. આ વિષયોનો ઉપભોગ દુઃખમય જ છે. તેમાં કોઈ સાર નથી, એમ સમજી વૈરાગ્ય કેળવી ઉપરમ પામવામાં આવે છે. આ ઉપર પાંચ પ્રકારના છે. અર્જન, રક્ષણ, ક્ષય, ભોગ અને હિંસા.

ભોગોના ઉપભોગ માટે પદાર્થો કે પદાર્થોની પ્રાપ્તિ માટે ધનનું અર્જન કરવું પડે છે. અર્જનમાં કોઈને કોઈની સેવા કરવી પડે છે. તે દુઃખ છે, એમ માની અર્જનનો ત્યાગ કરવો તે પ્રથમ ઉપરમ.

પ્રાપ્તવસ્તુનું રક્ષણ કરવામાં ઘણી મુશ્કેલીઓ છે. એમ સમજી તેમાંથી મન પાછું વાળવું એ બીજો ઉપરમ છે. ઉપભોગકરવાથી ધનવગેરે ક્ષય પામે છે. અને તેથી દુઃખ થાય છે, માટે તેમાં ઉપરમકરવો તે ત્રીજોપ્રકાર. સુખ બીજાને દુઃખ આપ્યાવિના-હિંસા કર્યાવિના મળતું નથી. માટે તેનાથી વિરામ પામવું તે પાંચમોપ્રકાર. આમ નવ પ્રકારની તુષ્ટિ થઈ.

ऊहः शब्दोऽध्ययनं दुःखविघातास्त्रयः सुहृत्प्राप्तिः ।
दानं च सिद्धयोऽष्टौ सिद्धेः पूर्वोऽङ्कुशस्त्रिविधः ।।५१।।

કારિકા-૫૧ : (૧) ઉહ, (૨) શબ્દ, (૩) અધ્યયન, (૪-૬) ત્રિવિધદુઃખનો વિઘાત, (૭) મિત્રપ્રાપ્તિ, (૮) દાન(=પવિત્રતા) એ આઠસિદ્ધિઓ છે. પૂર્વે કહેલ ત્રણ (વિપર્યય, અશક્તિ અને તુષ્ટિ) તે, આ સિદ્ધિ પરના અંકુશો છે.

न विना भावैर्लिङ्गं न विना लिङ्गेन भावनिर्वृत्तिः ।
लिङ्गाख्यो भावाख्यास्तस्माद् द्विविधः प्रवर्त्तते सर्गः ।।५२।।

કારિકા-૫૨ : (ધર્મ વગેરે) ભાવોવિના લિંગશરીર સંભવી શકતું નથી. અને લિંગશરીરવિના ભાવોની નિષ્પત્તિ સંભવતી નથી. તેથી લિંગ અને ભાવ નામની બેપ્રકારની સૃષ્ટિ પ્રવર્તે છે.

अष्टविकल्पो दैवस्तैर्यग्योनश्च पञ्चधा भवति ।।
मानुषकश्चैकविधः समासतो भौतिकः सर्गः ।।५३।।

કારિકા-૫૩ : દૈવસૃષ્ટિ આઠપ્રકારની, તિર્યગ્ યોનિ પાંચપ્રકારની અને મનુષ્યસૃષ્ટિ એકપ્રકારની, એમ સંક્ષેપમાં (ચૌદપ્રકારની) ભૌતિકસૃષ્ટિ થઈ.

બ્રાહ્મ, પ્રજાપત્ય, ઐન્દ્ર, પૈત્ર, ગાન્ધર્વ, યાક્ષ, રાક્ષસ અને પૈશાચ આ આઠપ્રકારનો દૈવસર્ગ છે.

પશુ (ગ્રામ્ય અથવા ખરીવાળા ગાય વગેરે), મૃગ (વનમાં રહેનારાં, ખરી વિનાનાં હરણ વગેરે), પક્ષીઓ, સરીસૃપ અને સ્થાવર આ પાંચ તિર્યગ્યોનિના પ્રકાર છે.

ऊर्ध्वं सत्त्वविशालस्तमोविशालश्च मूलतः सर्गः ।
मध्ये रजोविशालो ब्रह्मादिस्तम्बपर्यन्तः ।।५४।।

કારિકા-૫૪ : સત્વપ્રચુરલોક ઊંચે, તમસ્પ્રચુરલોક નીચે અને રજસ્પ્રચુરલોક મધ્યમાં આવેલા છે. આ પ્રમાણે બ્રહ્મવગેરેથી માંડીને ઘાસની અણી (સ્તમ્બ) સુધીની સૃષ્ટિ રહેલી છે.

तत्र जरामरणकृतं दुःखं प्राप्नोति चेतनः पुरुषः ।
लिङ्गस्याविनिवृत्तेस्तस्माद् दुःखं स्वभावेन ।।५५।।

કારિકા-૫૫ : તેમાં જ્યાં સુધી લિંગશરીરની નિવૃત્તિ ન થાય, ત્યાં સુધી ચેતનએવો પુરુષ જરા-મરણથી થતા દુઃખનો અનુભવ કરે છે. તેથી (સૃષ્ટિમાં) દુઃખ સ્વભાવથી જ છે.

इत्येष प्रकृतिकृतो महदादिविशेषभूतपर्यन्तः ।
प्रतिपुरुषविमोक्षार्थं स्वार्थ इव परार्थ आरम्भः ।।५६।।

કારિકા-૫૬ : આ પ્રમાણે મહદ્વગેરેથી માંડીને વિશેષ (=સ્થૂલ)ભૂતો સુધીનો સર્ગ પ્રકૃતિએ જ રચ્યો છે. (અને) તે પ્રત્યેકપુરૂષના મોક્ષમાટે છે. (તેથી) અન્ય (પર)માટે હોવા છતાંય જાણે કે સ્વ-અર્થે હોય તેમ લાગે છે.

वत्सविवृद्धिनिमित्तं क्षीरस्य यथा प्रवृत्तिरज्ञस्य ।
पुरुषविमोक्षनिमित्तं तथा प्रवृत्तिः प्रधानस्य ।।५७।।

કારિકા-૫૭ : જેમ વાછરડાની વૃદ્ધિમાટે અચેતન દૂધ વહે છે, તેમ પુરૂષના મોક્ષમાટે પ્રધાન(પ્રકૃતિ)ની પ્રવૃત્તિ થાય છે.

औत्सुक्यनिवृत्यर्थं यथा क्रियासु प्रवर्तते लोकः ।
पुरुषस्य विमोक्षार्थं प्रवर्तते तद्वदव्यक्तम् ।।५८।।

કારિકા-૫૮ : જેમ લોકો પોતાની ઉત્સુકતાની નિવૃતિથાય માટે ક્રિયામાં પ્રવૃત્ત થાય છે, તેમ અવ્યક્ત (પ્રધાન) પુરૂષના મોક્ષમાટે પ્રવૃત્ત થાય છે.

रङ्गस्य दर्शयित्वा निवर्तते नर्तकी यथानृत्यात् ।
पुरुषस्य तथाऽत्मानं प्रकाश्य विनिवर्तते प्रकृतिः ।।५९।।

કારિકા-૫૯ : જેમ નર્તકી રંગભૂમિપર પોતાની કળાદર્શાવી નૃત્યમાંથી નિવૃત્ત થાય છે. તેમ પ્રકૃતિ પુરૂષપાસે પોતાને પ્રગટ કરી નિવૃત્ત થાય છે.

नानाविधैरुपकारिण्यनुपकारिणः पुंसः ।
गुणवत्यगुणस्य सतस्तस्यार्थमपार्थकञ्चरति ।।६०।।

કારિકા-૬૦ : ગુણવાળી અને ઉપકારકરનારી પ્રકૃતિ, નિર્ગુણ અને અનુપકારી એવા પુરૂષમાટે અનેક પ્રકારના ઉપાયોવડે નિઃસ્વાર્થભાવે કાર્ય કરે છે.

प्रकृतेः सुकुमारतरं न किञ्चिदस्तीति मे मतिर्भवति ।
या दृष्टास्मीति पुनर्न दर्शनमुपैति पुरुषस्य ।।६१।।

કારિકા-૬૧ : પ્રકૃતિથી વધારેસુકુમાર અન્ય કોઈપણ નથી, એમ મારો મત છે. (ઈશ્વરકૃષ્ણ આચાર્યનો મત છે.) હું (પૂર્ણરીતે) જોવાઈ ગઈ છું, એમ લાગતાં જ તે ફરીથી પુરૂષની દૃષ્ટિએ પડતી નથી.

तस्मान्न बध्यतेऽद्धा न मुच्यते नापि संसरति कश्चित् ।
संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः ।।६२।।

કારિકા-૬૨ : તેથી ખરેખર તો કોઈપણ(પુરૂષ) નથી બંધનપામતો કે નથી મોક્ષપામતો કે નથી સંસાર પામતો. કિન્તુ વિવિધપ્રકારના આશ્રયોવાળી પ્રકૃતિ જ બંધાય છે, મોક્ષપામે છે કે સંસરણપામે છે.

रुपैः सप्तभिरेव तु बध्नात्यात्मानमात्मा प्रकृतिः ।
सैव च पुरुषार्थं प्रति विमोचयत्येकरुपेण ।।६३।।

કારિકા-૬૩ : પોતાના સાતરૂપો (જ્ઞાન સિવાયના સાતભાવો) વડે પ્રકૃતિ પોતે જ પોતાને બાંધે છે. અને તે જ (પ્રકૃતિ) પુરૂષમાટે એકરૂપથી (=જ્ઞાનથી) (પોતાને) છોડે છે.

જ્ઞાનસિવાયના સાત બંધનના કારણ છે. અને જ્ઞાન મોક્ષનું કારણ છે.

एवं तत्त्वाभ्यासान्नास्मि न मे नाऽहमित्यपरिशेषम् ।
अविपर्ययाद् विशुद्धं केवलमुत्पद्यते ज्ञानम् ।।६४।।

કારિકા-૬૪ : આ પ્રમાણે તત્ત્વાભ્યાસથી 'હું-નથી', મારું કાંઈ નથી (તેમજ) 'મારામાં હું પણ નથી' એવું સંપૂર્ણ, નિર્ભ્રાન્ત હોવાથી વિશુદ્ધ કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે.

तेन निवृत्तप्रसवामर्थवशात् सप्तरुपविनिवृत्ताम् ।
प्रकृतिं पश्यति पुरुषः प्रेक्षकवदवस्थितः स्वच्छः ।।६५।।

કારિકા-૬૫ : આ રીતે (પુરૂષના) પ્રયોજનને વશથવાથી પ્રસવધર્મમાંથી નિવૃત્ત થયેલ અને (ધર્માદિ) સાત ભાવોમાંથી મુક્તથયેલી પ્રકૃતિને સ્વચ્છપુરૂષ પ્રેક્ષકની જેમ (ઉદાસીન) રહીને જુએ છે.

दृष्टा मयेत्युपेक्षक एको दृष्टाऽहमित्युपरमत्यन्या ।
सति संयोगेऽपि तयोः प्रयोजनं नास्ति सर्गस्य ।।६६।।

કારિકા-૬૬ : 'મેં એને જોઈ લીધી છે' એમ નિશ્ચય થવાથી એક (પુરૂષ) ઉપેક્ષાવૃત્તિ ધારણ કરે છે. (અને) 'હું જોવાઈ ગયી છું.' એમ માનીને બીજી (પ્રકૃતિ) વિરામ પામે છે. પછી બંનેનો સંયોગ હોય તો પણ સૃષ્ટિ (સર્ગ)નું પ્રયોજન રહેતું નથી.

सम्यग्ज्ञानाधिगमात् धर्मादीनामकारणप्राप्तौ ।
तिष्ठति संस्कारवशात् चक्रभ्रमिवद् धृतशरीरः ।।६७।।

કારિકા-૬૭ : (પછીથી) સમ્યકૂજ્ઞાન પ્રાપ્ત થયું હોવાથી ધર્મવગેરે (સંસારનું) કારણ બનતા નથી. તો પણ સંસ્કારવશ થઈને, જેમ કુંભારના ચાકનું ભ્રમણ ચાલું રહે છે, તેમ પુરૂષ શરીર ધારણકરી રાખે છે.

प्राप्ते शरीरभेदे चरितार्थत्वात् प्रधानविनिवृत्तौ ।
ऐकान्तिकमात्यन्तिकमुभयं कैवल्यमाप्नोति ।।६८।।

કારિકા-૬૮ : (પછીથી) શરીર છૂટીજતાં પ્રયોજન પૂર્ણથયેલ હોવાથી પ્રકૃતિ (પ્રવૃત્તિમાંથી) નિવૃત્ત થાય છે અને તેથી (પુરૂષ) એકાન્તિક અને આત્યન્તિક એવું ઉભયપ્રકારનું કૈવલ્ય પ્રાપ્ત કરે છે.

*

સાંખ્યદર્શનકારો પુરૂષને અનાદિકાળથી બંધનમાં હોય છે તેમ માનતા નથી. પણ પુરૂષ અને પ્રકૃતિના અજ્ઞાનમૂલક સંયોગના કારણે પુરૂષ બંધનમાં આવી પડ્યો છે. જે લોકો જીવાત્માને સ્વભાવથી જ બંધન માને છે તેઓના મતનું ખંડન કરે છે.

न स्वभावतो बद्धस्य मोक्षसाधनोपदेशविधिः ॥१-७ सांख्य सूत्र ॥

અર્થાત્ સ્વભાવથી બંધાયેલને મોક્ષના સાધનના ઉપદેશનું વિધાન નથી.

કહેવાનો આશય એ છે કે સ્વભાવથી જ બંધન માનવામાં આવે તો તેને દુઃખનિવૃત્તિનાં સાધનોનો ઉપદેશ કરવો વ્યર્થ છે. કારણકે જે વસ્તુમાં જે ગુણ કે દોષ સ્વાભાવિક હોય તેની નિવૃત્તિ થઈ શકતી નથી. અગ્નિમાં ઉષ્ણતા સ્વાભાવિક હોવાથી અગ્નિને કોઈપણ કારણથી ઉષ્ણતારહિત કરી શકાતો નથી. ગુણી જ્યાં સુધી રહે છે, ત્યાં સુધી તેનો સ્વાભાવિકગુણ રહે છે. જ્યારે અગ્નિ નાશ પામે છે, ત્યારે જ તેની ઉષ્ણતા પણ નાશ પામે છે. અથવા ઉષ્ણતાના નાશની સાથે જ અગ્નિનો નાશ થાય છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે જો જીવાત્માનાં બંધન સ્વાભાવિક હોય તો બંધનના નાશ સાથે જ જીવાત્માનો નાશ થવો જોઈએ. પણ એમ મનાતું નથી. કારણકે બંધનનો નાશ થવા છતાં આત્માનું અસ્તિત્વ રહે છે. માટે આત્માનાં બંધન સ્વાભાવિક નથી.

પૂર્વપક્ષ : સ્વાભાવિકબંધનની નિવૃત્તિ પણ થઈ શકે છે.

शुद्धपटवद्बीजवच्चेत् ॥सां.सू. १-१०॥ અર્થાત્ સફેદ વસ્ત્ર માફક, બીજ માફક.

કહેવાનો આશય એ છે કે જો કોઈ એવી શંકા કરે કે કાપડનો રંગ સ્વભાવે સફેદ છે. છતાં પણ તેને કાળો કે લાલ રંગ દેવાથી તેનો સફેદ રંગ દૂર થાય છે, તેમ જ બીજમાં અંકુર ઉત્પન્નકરવાની શક્તિ સ્વાભાવિક છે. છતાં તેને રોકવાથી તેની સ્વાભાવિક અંકુરજનનશક્તિ દૂરકરી શકાય છે, તેમ સ્વાભાવિકબંધનની પણ નિવૃત્તિ તત્ત્વજ્ઞાનથી કરી શકાય છે.

ઉત્તરપક્ષ : (સાંખ્ય) શક્તિનો આવિર્ભાવ અને તિરોભાવ હોવાથી અશક્યનો ઉપદેશ થઈ શકતો નથી.

કહેવાનો આશય એ છે શક્તિનો આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. તેથી ઉક્ત બે ઉદાહરણોથી અશક્ય વસ્તુના ઉપદેશની સિદ્ધિ થતી નથી. સફેદવસ્ત્રમાં કાળો કે લાલ રંગ દેવાથી સફેદરંગનો તિરોભાવ (અપ્રકટતા) થાય છે, તેથી ધોબી પાસે ધોવડાવવાથી અથવા અન્યઉપાયથી તે રંગ દૂર કરી પાછો રંગ લાવી શકાય છે. બીજમાં પણ અંકુરજનનની શક્તિનો તિરોભાવ જ થાય છે; કારણકે તે શક્તિ પણ પાછી લાવી શકાય છે, માટે સ્વાભાવિકશક્તિનો નાશ થતો નથી. એ કારણથી આત્મામાં બંધન સ્વાભાવિક માનવું તે યોગ્ય નથી.

જે લોકો કાળને બંધનનું કારણ માને છે, તેનું સાંખ્યો નિરાકરણ કરે છે. **न कालयोगतो व्यापिनो नित्यस्य सर्वसम्बन्धात्** ॥૧-૧૨ સાં. સૂ॥ અર્થાત્ કાલના સંબંધથી બંધન થતું નથી. વ્યાપક અને નિત્ય હોવાથી, સર્વસાથે સંબંધ હોવાથી.

કહેવાનો ભાવ એ છે કે કાળ બંધનનું કારણ નથી. કારણ કે કાળ વ્યાપક અને નિત્ય હોવાથી, તેનો સર્વવસ્તુ સાથે સંબંધ છે. મુક્તજીવાત્માઓને પણ કાળ સાથે સંબંધ છે, તેથી જો કાળને બંધનનું કારણ માનીએ તો, તેઓ પણ કાળના સંબંધમાં આવી બદ્ધ થઈ જાય, માટે કાળને બંધનનું કારણ માનવું એ યોગ્ય નથી.

દેશ, કર્મ પણ બંધનના કારણ નથી, એમ સાંખ્યો માને છે. સાક્ષાત્પ્રકૃતિ પણ બંધનનું કારણ થઈ શકતી નથી. કારણકે પ્રકૃતિરૂપ કારણથી બંધન થાય છે, જો એમ કહો તો તેને પણ પરતંત્રતા છે. અર્થાત્ જો કહો કે પ્રકૃતિ પોતે જ સાક્ષાત્ બંધનનું કારણ છે તો તે ઠીક નથી, કારણકે તે પણ પરતંત્ર છે. આત્માનો અજ્ઞાનમૂલક પ્રકૃતિ સાથે જે સંયોગ છે, તે જ સંયોગને આધીન થઈ પ્રકૃતિ બંધનકારક થાય છે, સાક્ષાત્ નહીં. અર્થાત્ **અજ્ઞાનમૂલક સંયોગ જ બંધનનું મુખ્ય કારણ છે. પ્રકૃતિ તો ગૌણ પડી જાય છે.** જો પ્રકૃતિ કોઈની પણ અપેક્ષા રાખ્યા સિવાય બંધનકારક હોય તો તે સર્વ મુક્તઆત્માઓ સાથે પણ હોવાથી તેમને પણ બદ્ધ કરે. અને પરિણામે કોઈપણ મુક્ત થઈ શકે જ નહિ. માટે પ્રકૃતિ સાક્ષાત્ બંધનકારક નથી.

→ **હવે બૌદ્ધોએ માનેલા બંધનનાં કારણો પ્રામાણિક ન હોવાથી તેમનું ખંડન સાંખ્યો કરે છે.**

બૌદ્ધોમાં એક વિજ્ઞાનાદ્વૈત માનનાર સંપ્રદાય છે. તેનું માનવું છે કે ક્ષણિકવિજ્ઞાનોની પરંપરા જ બધું જગત છે. બાહ્ય જે સૃષ્ટિ દેખાય છે તે ખોટી છે. અને પ્રકૃતિ જેવું કશું જડ જગતનું ઉપાદાનકારણ નથી. આત્મામાં જે બંધન છે, તેનું કારણ પણ અવિદ્યા જ છે. તેનું ખંડન કરાય છે - **नाविद्यातोऽप्यवस्तुना बन्धायोगात् ॥૧-૨૦-સાં-સૂ॥** અર્થાત્ અવિદ્યાથી પણ બંધન થઈ શકતું નથી. અવસ્તુરૂપ હોવાથી તેનાથી બંધનનો યોગ થઈ શકે નહીં.

અવિદ્યાથી પણ બંધન થઈ શકતું નથી. કારણ કે તેઓના મતમાં વિદ્યા=જ્ઞાન અને અવિદ્યા=જ્ઞાનનો અભાવ. હવે જે અવિદ્યા કે જે અભાવસ્વરૂપ છે, તે બંધનકારક કેવી રીતે થઈ શકે ? દોરડામાં કદાચિત્ કોઈને સાપનો ભ્રમ થાય અને ભૂલથી તેનો સ્પર્શ કરે અને તે એમ સમજે કે મને સાપ કરડ્યો છે. છતાં પણ તેને સાપનું વિષ ચઢતું નથી. કારણકે તેના શરીરમાં સાપના વિષનો અભાવ છે.

આ ઉપરથી સમજી શકાય છે કે અભાવ સુખ કે દુઃખ કરી શકતો નથી. માટે અવિદ્યા કે જે જ્ઞાનનો અભાવ છે તે બંધનકારક થઈ શકે નહિ.

વળી અવિદ્યાને વસ્તુરૂપ માનવામાં સિદ્ધાન્તની હાનિ થાય છે, કારણકે તેઓનું એવું માનવું છે કે વિજ્ઞાનની એક સરખી પરંપરા છે તે જ કાર્યકારણાત્મક સર્વજગત છે. વિજ્ઞાનભિન્ન કોઈપણ બીજીવસ્તુ જ નથી, માટે સિદ્ધાન્તની હાનિના ભયથી તેઓ અવિદ્યાને વસ્તુરૂપ માની શકે નહિ.

વળી ક્ષણિકવિજ્ઞાન અને સંતતિવાદી બૌદ્ધો સદૃશવિજ્ઞાનોની પરંપરા માનવાથી જ્ઞાનનું દ્વૈત તો સ્વીકારે છે અને તેને સજાતીયદ્વૈત કહે છે. પણ અવિદ્યાને જ્ઞાનભિન્ન ભાવરૂપ પદાર્થ માને તો તેમને વિજાતીયદ્વૈત માનવું પડે, કારણકે જ્ઞાન અને જ્ઞાનભિન્ન ભાવરૂપ પદાર્થ એ બે સજાતીયદ્વૈત ન કહેવાય. જ્ઞાનનો સજાતીય પદાર્થ બીજું જ્ઞાન થઈ શકે, જ્ઞાનથી વિલક્ષણ કોઈ બીજોપદાર્થ જ્ઞાનનો સજાતીય ન કહેવાય. માટે વિજાતીયદ્વૈતના ભયથી તેઓ અવિદ્યાને વસ્તુસ્વરૂપ માની શકે નહીં.

પૂર્વપક્ષ (બૌદ્ધ) : જો અવિદ્યાને સત્ રૂપ કે અસત્ રૂપ પણ માનવામાં ન આવે એટલે કે સત્ અને અસત્ રૂપથી જુદા પ્રકારની અવિદ્યા છે, એમ માનવામાં આવે તો અદ્વૈતદ્વૈતત્વરૂપ દોષ પણ આવે નહિ. માટે અવિદ્યા સત્ અને અસત્ રૂપથી ભંગ થાય નહિ. અને વિજાતીય તો જુદા જ પ્રકારની છે અને તે જ અવિદ્યા બંધનકારક છે, એમ માનવામાં આવે તો શો દોષ.

ઉત્તરપક્ષ (સાંખ્ય) : સત્ અને અસત્થી વિલક્ષણ કોઈપણ પદાર્થ જ નથી. કેટલાક પદાર્થો સત્રૂપ છે અને કેટલાક અસત્રૂપ છે. ત્રીજો કોઈપણ પ્રકાર જ જણાતો નથી કે જેમાં અવિદ્યાનો સમાવેશ કરી શકાય, માટે એવી અવિદ્યા માનવામાં કોઈપણ પ્રમાણ નથી.

પૂર્વપક્ષ (બૌદ્ધ) : મહર્ષિકણાદ જેમ છ જ પદાર્થો માને છે. અને મહર્ષિ ગૌતમ સોળ જ પદાર્થો માને છે. તેમ અમે પરિમિત પદાર્થવાદી નથી, માટે અમારા મતમાં કોઈ એવોપણ પદાર્થ છે કે જે ભાવ અને અભાવરૂપથી ભિન્ન છે. જગત્ અનંત અને વિચિત્ર છે. માટે એવા પદાર્થના હોવામાં કશો સંદેહ નથી, તેમ અસંભવ પણ નથી.

ઉત્તરપક્ષ (સાંખ્ય) : ભલે તમે પરિમિતપદાર્થો ન માનો, છતાં પણ જે પદાર્થ માનવામાં કોઈપણ પ્રમાણ કે યુક્તિ નથી, તેનો સ્વીકાર કરીશકાય નહીં. જો તમે પ્રમાણશૂન્ય પદાર્થનો સ્વીકાર કરશો તો તે અપ્રમાણિકહોવાથી તમે બાળક અને ગાંડા માણસ પેઠે લેખાશો.

→ ક્ષણિકવિજ્ઞાનવાદિ બૌદ્ધના મતમાં વાસના પણ બંધનનું કારણ થઈ શકતી નથી. તે સમજાવાય છે.

પ્રવાહરૂપે અનાદિ જે વિષયોની વાસના છે, તે પણ બૌદ્ધોના મતમાં બંધનનું કારણ થઈ શકે નહિ, કારણકે એમના મતમાં વાસના પણ ક્ષણિક છે.

હવે વાસના બંધનનું કારણ ન થવામાં સાંખ્ય હેતુ આપે છે. જેનું પ્રતિબિંબ પાડવું હોય તે અને જેમાં પ્રતિબિંબ પાડવું હોય તે, એ બંને જો એક જ ઠેકાણે હોય તો જ પ્રતિબિંબ પડી શકે છે. શરીરની અંદર રહેલી ક્ષણિકવિજ્ઞાનની પરંપરામાં બહારના વિષયોનું પ્રતિબિંબ પડી શકે નહીં, માટે બૌદ્ધમત પ્રમાણે વાસના બંધનનું કારણ થઈ શકતી નથી.

વળી જો આત્માને વ્યાપક માની અંદર અને બહાર સર્વત્ર છે. એમ માનો તો પણ, સુખ, દુઃખની વ્યવસ્થા થઈ શકશે નહિ, કારણ કે જે ક્ષણિકવિજ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે તે બીજીક્ષણમાં વાસના સાથે જ નાશ પામે છે, તો હવે વાસના સિવાય દુઃખની વ્યવસ્થા કેવી રીતે થઈ શકે.

બૌદ્ધ : ક્ષણિકવિજ્ઞાનોમાં એવું અદૃષ્ટકારણ છે કે જે એકવિજ્ઞાનમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં જાય છે. અને એને લઈને જ સુખદુઃખની વ્યવસ્થા થાય છે.

સાંખ્ય : અદૃષ્ટકારણ માનવાથી પણ સુખદુઃખની વ્યવસ્થા થઈ શકશે નહિ, કારણકે પૂર્વવિજ્ઞાનમાંથી ઉત્તરવિજ્ઞાનમાં તમે માનેલું અદૃષ્ટકારણ ત્યારે જ જઈ શકે કે, જ્યારે પૂર્વભાવિ અને પશ્ચાદ્ભાવિ બે વિજ્ઞાનો

એક સાથે એક જ સમયમાં રહે, પણ એ તમારા મતમાં બનવાનું નથી, કારણકે તમે એકક્ષણ કરતાં વધારે સ્થિતિ કોઈની માનતા જ નથી. બંને એકસમયમાં એકસાથે ભેગાં ન થાય, ત્યાં સુધી એકબીજાનો ઉપકાર કરી શકતાં નથી. સફેદ વસ્ત્રને જો લાલ રંગ આપવો હોય તો રંગદ્રવ્ય અને વસ્ત્ર બંને એક જ વખતે અને એક જ ઠેકાણે સંયુક્ત થાય તો જ વસ્ત્રને રંગ દઈ શકાય અન્યથા નહીં. બીજો દોષ એ છે કે જેને તમે અદૃષ્ટકારણ માનો છો તેને પણ ક્ષણિકસિદ્ધાંતના ભંગના ભયથી ક્ષણિક જ માનશો તો તે સ્થિર ન હોવાથી સુખદુઃખ કેવી રીતે આપી શકશે ? અને જો સ્થિર માનશો તો પ્રતિજ્ઞાનો ભંગ થશે, માટે ક્ષણિકવાદમાં ઉપકાર્યોપકારક ભાવ સિદ્ધ થતો નથી. અને તે કારણથી સુખ-દુઃખની વ્યવસ્થા પણ થઈ શકતી નથી.

બૌદ્ધ : જેમ તમારા મતમાં ગર્ભમાં પુત્ર ન હોવા છતાં માતાપિતા ગર્ભાધાનાદિ સંસ્કાર કરે છે અને તેનું ફળ ભાવિ પુત્રને મળે છે, તેમ અમારા મતમાં પણ ભાવિવિજ્ઞાનનો પૂર્વવિજ્ઞાન સાથે કશો પણ સંબંધ ન હોવા છતાં, પૂર્વવિજ્ઞાન ઉત્તરવિજ્ઞાનનાં ફળ ઉત્પન્ન કરી શકશે. અને ઉપકાર્યોપકારકભાવ પણ બની શકશે.

સાંખ્ય : તમારી વાત ઠીક નથી. કારણકે ગર્ભમાં સ્થિર એક આત્મા છે કે જે ગર્ભાધાન આદિ સંસ્કારોનું ફળ ભોગવે છે. જો ગર્ભમાં આત્મા ન હોય તો તેમાં જે શરીરની રચના થાય છે તે થઈ શકે નહિ, કેવળ ગર્ભાધાનસંસ્કાર વખતે પુત્રનું અસ્તિત્વ નથી, છતાં પણ તે વખતે માતાના શુભ અથવા અશુભ વિચારો હોય છે, માતામાં સ્થિરહોવાથી જ્યારે ગર્ભમાં પુત્રાત્મા આવે છે, ત્યારે તે વિચારોનું સંક્રમણ થાય છે. અમારા મતમાં આત્મા અસ્થિર નથી. તથા જે સંસ્કાર કરે છે તે પણ અસ્થિર નથી, માટે અમારા ઉદાહરણથી તમે તમારાં ક્ષણિકકાર્યોમાં ઉપકાર્યોપકારકભાવ સિદ્ધ કરી શકશો નહિ.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે ક્ષણિકવાદમાં વાસના બંધનનું કારણ થઈ શકતું નથી.

પૂર્વપક્ષ : (બૌદ્ધ) : જે સત્ હોય છે તે અર્થક્રિયાકારિ હોય જ છે. જે અર્થક્રિયાકારિ હોય તે કાં તો ક્રમથી બધીક્રિયાઓ કરે છે અને કાં તો એક સાથે બધીક્રિયાઓ કરે છે. હવે જો સત્ એકસાથે બધીક્રિયાઓ કરી લે તો તે ઉત્તરક્ષણમાં ક્રિયા ન કરવાથી સત્ રહી શકે નહીં. અને જો ક્રમથી ક્રિયાઓ કરે તો જે પ્રકારવાળા થઈને પૂર્વક્રિયા કરી તે જ પ્રકારવાળાથી ઉત્તરક્રિયા થઈ શકે નહીં. માટે તેમાં જુદોપ્રકાર જરૂર આવવો જોઈએ. અને જુદો પ્રકાર આવવાથી તે સત્માં જરૂર ફરેફાર થશે. અને તેથી તે ક્ષણિક બનશે. એ પ્રમાણે વિચાર કરતાં સંસારમાં સર્વવસ્તુ ક્ષણિક જ લાગે છે. કોઈપણ સ્થિર નથી. આત્મા પણ સ્થિર નથી અને બંધન પણ સ્થિર નથી.

સાંખ્ય : આજે જોએલી વસ્તુને જ્યારે બે દિવસ પછી જોઈએ છીએ ત્યારે આપણે કહીએ છીએ કે "આ તે જ વસ્તુ છે કે જે મેં બે દિવસ પહેલાં જોઈ હતી" એવું જે જ્ઞાન થાય છે, તેને પ્રત્યભિજ્ઞા કહેવાય છે. વસ્તુને ક્ષણિક માનતાં પ્રત્યભિજ્ઞા થઈ શકે નહિ. સ્થિરવસ્તુમાં જ પ્રત્યભિજ્ઞા થઈ શકે છે. પ્રત્યભિજ્ઞારૂપ હેતુથી ક્ષણિકવાદનું ખંડન થાય છે. અને સ્થિરવાદની સિદ્ધિ થાય છે.

પ્રથમક્ષણમાં જોએલી વસ્તુ બીજીક્ષણમાં નાશ પામે છે અને ત્રીજીક્ષણમાં તત્સદૃશ બીજી જ વસ્તુ ઉત્પન્ન થાય છે; તો પછી ચોથી ક્ષણમાં "આ તે જ વસ્તુ છે કે જે મેં પહેલી ક્ષણમાં જોઈ હતી" આવી પ્રત્યભિજ્ઞા કેવી રીતે થઈ શકે ? અર્થાત્ ન જ થઈ શકે. તેથી ક્ષણિકવાદ અસત્ય છે.

વળી અનુમાનથી પણ ક્ષણિકવાદ અસત્ય ઠરે છે. જેમકે એક વસ્તુ પ્રથમક્ષણમાં નાશ પામી છે, તો બીજીક્ષણમાં તે નાશ પામેલી વસ્તુથી બીજી વસ્તુ કેવી રીતે બનશે ? ભાવનું કારણ અભાવ કદી પણ થઈ શકતું નથી તથા એક ક્ષણિક વસ્તુ બીજી ક્ષણિકવસ્તુનું કારણ કદી પણ થઈ શકે નહિ, માટે ક્ષણિકવાદ માનવામાં કોઈપણ પ્રમાણ નથી.

વળી ક્ષણિકતા સિદ્ધ કરવાને કોઈ દૃષ્ટાંત પણ મળી શકતું નથી. સત્પદાર્થનો ક્યારે પણ નાશ થતો જ નથી, તો પછી ક્ષણિકતા સત્પદાર્થમાં કેવી રીતે આવી શકે ? કારણ કે **"नासतो विद्यते भावो नाभावो विद्यते सतः"** અર્થાત્ અભાવનો ક્યારે પણ ભાવ થતો નથી અને ભાવનો ક્યારે પણ અભાવ થતો નથી.

ક્ષણિકતાવાદિ બૌદ્ધોના મતમાં કાર્યકારણભાવ પણ બની શકતો નથી. તે આ પ્રમાણે - દુનિયામાં જે કાર્યકારણભાવ પ્રસિદ્ધ છે, તેને તમે કેવી રીતે માનો છો ? શું એક સાથે ઉત્પન્ન થયેલા પદાર્થોનો કાર્યકારણભાવ માનો છો કે ક્રમથી ઉત્પન્ન થયેલા પદાર્થોનો ? જો અમે એકસાથે ઉત્પન્ન થયેલા પદાર્થોનો કાર્યકારણભાવ માનીએ છીએ આવું કહેશો તો, તે બની શકે નહીં, કારણકે ગાયને એકસાથે બે શીંગડાં ઉત્પન્ન થાય છે. તેમાંથી કયા શીંગડાને કયા શીંગડાનું કારણ માનો છો ? અર્થાત્ કોઈને કોઈનું કારણ કે કાર્ય માની શકશો નહીં, કારણ કે તે બન્ને એકસાથે જ ઉત્પન્ન થયાં છે. કાર્યની અપેક્ષાએ કારણ પહેલેથી જ હંમેશાં વિદ્યમાન હોવું જોઈએ. અલંકારનું કારણ સોનું કે રૂપું પહેલેથી જ વિદ્યમાન હોય તો જ સોની અલંકાર ઘડવા માટે તૈયાર થાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે કારણ અને કાર્યની ઉત્પત્તિ એક સાથે હોતી નથી.

વળી બૌદ્ધમતમાં 'ક્રમિક ઉત્પન્ન થયેલા પદાર્થોનો પણ કાર્યકારણભાવ બની શકતો નથી' તે આ પ્રમાણે છે - પૂર્વ ક્ષણિકવસ્તુનો જે વખતે નાશ થાય છે, તે વખતે ઉત્તર ક્ષણિકવસ્તુ વિદ્યમાન હોતી નથી, માટે પૂર્વક્ષણ અને ઉત્તરક્ષણનો સંબંધ થઈ શકતો નથી, તેથી કાર્ય-કારણભાવ બની શકતો નથી. બૌદ્ધોના ક્ષણિકવાદ પ્રમાણે એકવસ્તુ નષ્ટ થયા પછી બીજીવસ્તુ ઉત્પન્ન થાય છે. હવે જે વસ્તુ નાશ પામી છે, તેનો ઉત્તરવસ્તુ સાથે સંબંધ કેવી રીતે થઈ શકે ? જો સૂતર બળી જાય અથવા કોઈપણ રીતે નાશ પામે તો તેમાંથી કાપડ ક્યારે પણ બની શકતું નથી. અભાવમાંથી ભાવની ઉત્પત્તિ ક્યારે પણ કોઈએ જોઈ નથી. માટે બૌદ્ધોના મત પ્રમાણે ક્રમિકવસ્તુઓમાં પણ કાર્યકારણભાવ બની શકતો નથી.

હવે ઉપાદાનકારણની અસિદ્ધિ તથા બીજા દોષો પણ બૌદ્ધના મતમાં બતાવે છે. તે આ પ્રમાણે -

પૂર્વવસ્તુની વિદ્યમાનતા વખતે ઉત્તરવસ્તુ સાથે સંબંધ ન હોવાથી, અન્વય અને વ્યતિરેક એ બંનેનો વ્યભિચાર હોવાથી પણ કાર્યકારણભાવ થઈ શકતો નથી.

કહેવાનો આશય એ છે કે જેના હોવાથી જે હોય તે અન્વય કહેવાય છે. જેમ સૂર્ય હોવાથી દિવસ હોય. અને જેના અભાવથી જેનો અભાવ હોય તે વ્યતિરેક કહેવાય છે. જેમ સૂર્યના અભાવથી દિવસનો અભાવ હોય છે. એ અન્વય અને વ્યતિરેકનો અભાવ છે. તેથી ઉપાદાન-ઉપાદેયભાવ એટલે કાર્યકારણભાવ બની શકતો નથી.

વસ્ત્રનું ઉપાદાનકારણ સૂતર છે, એ પ્રમાણે અન્વયવ્યતિરેકથી જાણી શકીએ છીએ. જેમકે સૂતરના હોવાથી જ વસ્ત્ર હોય છે. અને સૂતરના અભાવ થયા પછી વસ્ત્ર રહેતું નથી. ક્ષણિકતાવાદિના મતમાં એ પ્રમાણે અન્વય અને વ્યતિરેક ન હોવાથી કાર્યકારણભાવ બની શકતો નથી.

વિજ્ઞાનવાદનું ખંડન : બાહ્યપદાર્થની પ્રતીતિ થવાથી કેવલ વિજ્ઞાન જ છે, એવું સિદ્ધ થઈ શકતું નથી.

કહેવાનો આશય એ છે કે વિજ્ઞાનથી અતિરિક્ત વિષયો (પદાર્થો) પણ જોવામાં આવે છે. દૂધની જેને જરૂર છે, તે દુઝણી ગાયને જ શોધે છે. અને તેને મેળવી દૂધ દોહી કુતાર્થ થાય છે. પણ દુગ્ધાર્થી માણસ કોઈ તત્ત્વવેત્તા પાસે જઈ તત્ત્વજ્ઞાન શીખતો નથી. તેથી સિદ્ધ થાય છે કે જ્ઞાન અને અર્થ જુદા જ છે, એક નથી. માટે કેવળ વિજ્ઞાન જ માનવું એ બાધિત અને પ્રમાણશૂન્ય છે. વળી કેવળ વિજ્ઞાન માનવામાં આ પણ દોષ છે.

વિજ્ઞાવાદી બૌદ્ધેતર વિદ્વાનો જેને આત્મા, પર્વત, સમુદ્ર વગેરે માને છે, તે બધાને જો વિજ્ઞાનવાદી વિજ્ઞાન જ માનતા હોય તો જેમ "હું આત્મા છું" આવી પ્રતીતિ થાય છે. તેમ "હું ઘટ છું", "હું પર્વત છું", "હું સમુદ્ર છું" આવી પણ પ્રતીતિ થવી જોઈએ, કારણકે બધું વિજ્ઞાનસ્વરૂપ તો છે જ, પણ તેવી પ્રતીતિ થતી નથી. માટે બાહ્યપદાર્થ માનવા જ જોઈએ.

જો એમ કહેશો કે "આ ઘટ છે." ઇત્યાદિ પ્રતીતિથવામાં ઘટ આદિની વાસના કારણ છે, તો તેનો ઉત્તર એ છે કે તમારા મતમાં ઘટઆદિ બાહ્યપદાર્થો તો હતા જ નહીં, તો એવી વાસના થઈ ક્યાંથી ? માટે બાહ્યપદાર્થ અને વિજ્ઞાન બંને માનવાં જોઈએ.

व्याख्या : व्याख्या-ततः प्रकृतेर्बुद्धिः संजायत उत्पद्यते, सा च गवादौ पुरो दृश्यमाने गौरेवायं नाश्वः, स्थाणुरेवायं न पुरुष इति विषयनिश्चयाध्यवसायरूपा महानिति यका प्रोच्यते महदाख्यया याभिधीयते । बुद्धेश्च तस्या अष्टौ रूपाणि । धर्मज्ञानवैराग्यैश्वर्यरूपाणि चत्वारि सात्त्विकानि, अधर्मादीनि तु तत्प्रतिपक्षभूतानि

पूर्वपक्ष : (विज्ञानवादी बौद्ध) : शुं स्वप्नना दृष्टांतथी अने दृश्यत्वहेतुथी बाह्यपदार्थोनुं मिथ्यात्व सिद्ध नथी थई शकतुं ? जेमके "दृश्य स्वाप्निक पदार्थ पेठे, पृथ्वी, पर्वत आदि पदार्थो पण दृश्य होवाथी मिथ्या छे."

उत्तरपक्ष (सांख्य) : बाह्यपदार्थनो जो अभाव मानवामां आवे तो विज्ञाननो पण अभाव थवाथी तो सर्वनो अभाव ज थाय. कहेवानो आशय ए छे के जो बाह्यपदार्थनो स्वीकार न करो तो, विज्ञान पण सिद्ध थई शके नहि. कारण के विषय सिवाय ज्ञान क्यारे पण थई शकतुं नथी. हाथी छे तो हाथीनुं पण ज्ञान छे; पण जो हाथी न होय तो तेनुं ज्ञान पण होय नहि. आकाशकुसुम नथी, तेथी तेनुं ज्ञान पण नथी. स्वप्नना दृष्टांतथी बाह्यपदार्थना अपलापनी जे आशा राखी छे ते तो मात्र दुराशा ज छे. कारण के स्वाप्निक अर्थनो जाग्रत अवस्थामां बाध थाय छे; पण जाग्रत अवस्थामां अनुभवाता पदार्थोनो कई अवस्थामां बाध थाय छे ? शुं स्वप्न अवस्थामां पण एवुं ज्ञान थाय छे के में जे सरित्-समुद्रादि पदार्थो जाग्रत अवस्थामां जोया छे ते खोटा छे ? छतां पण स्वाप्निकपदार्थोनी जेम बाह्यपदार्थोने खोटा मानो तो स्वप्नमां जेम भोजननी तृप्ति थती नथी, तेम जाग्रदवस्थामां पण भोजनथी तृप्ति न थवी जोईए. जो एम कहेशो के प्रतीति थाय छे, तेथी बाह्यपदार्थो खोटा छे, तो विज्ञाननी पण प्रतीति थवाथी तेने पण खोटुं शा माटे मानता नथी ? जो विज्ञानने पण खोटुं मानशो तो सर्व शून्य ज थशे. माटे बाह्यपदार्थोनो अपलाप करी शकाय नही.

पूर्वपक्ष (शून्यवादि बौद्ध) : शून्य ज तत्त्व छे. पदार्थ नाश पामे छे. विनाशनी वस्तुधर्मता होवाथी अर्थात् पदार्थो नाश पामे छे, तेथी सर्वपदार्थो मिथ्या छे. नाश थवो ए वस्तुनो धर्म छे, ज्यारे नाश ए वस्तुनो स्वभाव छे, तो तेओ सत्य केवी रीते होई शके ? माटे शून्य ज एक तत्त्व छे.

उत्तरपक्ष (सांख्य) : अज्ञानी माणसोनो ए केवळ मिथ्यावाद ज छे. कहेवानो आशय ए छे के - भले कार्यद्रव्यनो नाश थाय, तेथी ते तेनो स्वभाव कही शकाय नहीं. स्वभाव तो हंमेशां वस्तु साथे जोडायेलो ज रहे छे. दरेकवस्तु कंई हंमेशां नाश ज पामती रहेती नथी. एक वस्तु जे क्षणमां बने छे, ते ज क्षणमां तेनो नाश मानवामां आवे तो वस्तु क्यारे पण बनी शके नहीं. परिणामे संसारमां कोईपण जातनी प्रवृत्ति ज थई शके नहि. माटे नाश क्वचित् अने कदाचित् थाय छे. माटे नाश नैमित्तिक छे, स्वाभाविक नथी.

सांख्यशास्त्रकारना मतमां कोईपण पदार्थ नाश पामतो ज नथी, "घननाश पाम्यो" तेनो अर्थ ए ज के ते कारणमां अव्यक्तरूप पाम्यो. जो सर्वशून्यता ज मानो तो शून्यता सिद्ध करवाने प्रमाण जोईशे. अने प्रमाणने अशून्य मानवाथी सर्व शून्यतावाद खोडो थशे. वगर प्रमाणे शून्यता सिद्ध मानशो तो वगर प्रमाणे अमे मानेला बाह्यपदार्थो पण सिद्ध ज छे. वळी बाह्यार्थक्षणिकवादमां तथा क्षणिकविज्ञानवादमां जे दोषो आप्या छे, ते बधा आ शून्यवादने लागु पडे छे. शून्यतामां पण प्रत्यभिज्ञाआदि कशुं थई शकतुं नथी. माटे आ पक्ष पण त्याज्य छे.

जो तमे दुःखनिवृत्तिने शून्यतारूप मानो तो पण, मोक्षनी सिद्धि थती नथी. कारण के दुःखनिवृत्तिनो आधार आत्मारूप कोईपण पदार्थ तमारामतमां नथी. दुःख निवृत्तिने सुखरूप मानो तो पण मोक्षनी सिद्धि नथी. कारणके तमारा मतमां, सुख जेवुं कशुं नथी, माटे बौद्धमतमां मोक्ष तथा बंधननी कोई व्यवस्था ज नथी.

चत्वारि तामसानीति । ततोऽपि बुद्धेरप्यहंकारः स्यादुत्पद्यते । स चाहं सुभगः, अहं दर्शनीय इत्याद्यभिमानरूपः । तस्मादहङ्कारात्षोडशको गण उत्पद्यते । षोडशसंख्यामानमस्य षोडशको गणः-समुदायः ।।३७।।

टीकानो भावानुवाद :

प्रकृतिमांथी बुद्धि उत्पन्न थाय छे. अर्थात् सामे रहेली गायमां, 'आ गाय ज छे, अश्व नथी' तथा सामे रहेला स्थाणुमां, "आ स्थाणु ज छे, पुरुष नथी-' आवा विषयना निश्चयना अध्यवसायस्वरूप बुद्धि उत्पन्न थाय छे. ते बुद्धिना आठ रूपो (गुणो) छे. (ते आ प्रमाणे छे- (१) **शुश्रुषा** = सांभळवानी इच्छा. (२) **श्रवण** = सांभळवुं ते. (३) **ग्रहण** = शास्त्रना अर्थोने ग्रहण करवा. (४) **धारणा** : ग्रहण करेला शास्त्रार्थनी अविस्मृति. (५) **विज्ञानः** ग्रहण करेला शब्दार्थनो संशय-विपर्यय के अस्पष्टबोधथी भिन्नबोध. (६) **ऊह** : विज्ञातार्थमां (जाणेला अर्थमां) तथाविध आलंबनोने विशे विस्तारथी पूर्वापरमां (अनुसंधानथी) विचारणा. (७) **अपोह** : विचारेलअर्थमां अनुपपत्तिनो परिहार. (८) **अभिनिवेश** : विज्ञान, अपोह अने ऊहथी विशुद्ध अर्थमां 'आ आम ज छे' तेवो निश्चय. (सामान्यज्ञानने ऊह कहेवाय छे. विशेषज्ञानने अपोह कहेवाय छे).

धर्म, ज्ञान, वैराग्य अने ऐश्वर्य-आ चार सात्त्विकरूपो छे. तेना प्रतिपक्षभूत अधर्म, अज्ञान, विषयाभिलाषा अने अनैश्वर्य आ चार तामसिकरूपो छे.

ते बुद्धिमांथी पण अहंकार उत्पन्न थाय छे. ते अहंकार 'हुं सुंदर छुं' 'हुं दर्शनीय छुं' इत्यादि अभिमानस्वरूप छे. ते अहंकारथी सोळनो समुदाय उत्पन्न थाय छे. ॥३७॥

अथ षोडशसंख्यं गणं श्लोकद्वयेनाह-

हवे अहंकारथी उत्पन्न थता सोळना समुदायने बे गाथा द्वारा कहे छे.

स्पर्शनं रसनं घ्राणं चक्षुः श्रोत्रं च पञ्चमम् । पञ्च बुद्धीन्द्रियाण्यत्र तथा कर्मेन्द्रियाणि च ।।३८।।
पायूपस्थवचः पाणिपादाख्यानि मनस्तथा । अन्यानि पञ्च रूपादितन्मात्राणीति षोडश ।।३९।।
युग्मम् ।।

श्लोकार्थ : स्पर्शन, रसन, घ्राण, चक्षु अने श्रोत्र आ पांच बुद्धीन्द्रियो=ज्ञानेन्द्रियो छे. पायु(मलस्थान), उपस्थ (मूत्रस्थान), वचन (उच्चारण स्थान), हाथ तथा पग आ पांच कर्मेन्द्रियो छे. रूप, रस, गंध, शब्द, स्पर्श आ पांच तन्मात्रा छे अने मन-आ सोळनो समुदाय छे. ॥३८-३९॥

व्याख्या-स्पर्शनं-त्वक्, रसनं-जिह्वा, घ्राण नासिका, चक्षुः-लोचनं, श्रोत्रं च श्रवणं पञ्चमम्, एतानि पञ्च बुद्धीन्द्रियाण्यत्र षोडशके गणे भवन्ति । स्वं स्वं विषयं बुध्यन्त इति

कृत्वेन्द्रियाण्येव बुद्धीन्द्रियाणि प्रोच्यन्ते । तथाहि-स्पर्शनं स्पर्शविषयं बुध्यते, एवं रसनं रसं, घ्राणं गन्धं, चक्षू रूपं, श्रोत्रं च शब्दमिति । तथाशब्दः पञ्चेतिपदस्यानुकर्षणार्थः । पञ्चसंख्यानि कर्मकारणत्वात्कर्मेन्द्रियाणि च, कानि तानीत्याह - "पायूपस्थवचःपाणि-पादाख्यानि" । तत्र पायुर्गुदं, उपस्थः-स्त्रीपुंश्चिह्नद्वयं, वचश्चेहोच्यतेऽनेनेति वचः, उरःकण्ठादिस्थानाष्टतया वचनमुच्चारयति, पाणी पादौ च प्रसिद्धौ, एतैर्मलोत्सर्ग-संभोगवचनादानचलनादीनि कर्माणि सिध्यन्तीति कर्मेन्द्रियाण्युच्यन्ते । तथाशब्दः समुच्चये । एकादशं मनश्च, मनो हि बुद्धीन्द्रियमध्ये बुद्धीन्द्रियं भवति, कर्मेन्द्रियमध्ये कर्मेन्द्रियम्, तच्च तत्त्वार्थमन्तरेणापि संकल्पवृत्ति । तद्यथा-कश्चिद्वटुः श्रृणोति "ग्रामान्तरे भोजनमस्ति" इति, तत्र तस्य संकल्पः स्यात् "तत्र यास्यामि तत्र चाहं किं गुडदधिरूपं भोजनं लप्स्य उतश्चिद्दधि किं वा किमपि न" इत्येवंरूपं मन इति । तथाहंकारादन्यान्यपराणि रूपादितन्मात्राणि सूक्ष्मसंज्ञानि पञ्चोत्पद्यन्ते । तत्र रूपतन्मात्रं शुक्लकृष्णादिरूपविशेषः, रसतन्मात्रं तिक्तादिरसविशेषः, गन्धतन्मात्रं सुरभ्यादिगन्धविशेषः शब्दतन्मात्रं मधुरादिशब्दविशेषः, स्पर्शतन्मात्रं मृदुकठिनादिस्पर्शविशेषः इति षोडश । अयं षोडशको गण इत्यर्थः ।।३८-३९।।

ટીકાનો ભાવાનુવાદ :

અહીં સોળના સમુદાયમાં સ્પર્શન=ત્વચા, રસન=જિલ્વા, ઘ્રાણ=નાસિકા, ચક્ષુ=આંખ, શ્રોત્ર=શ્રવણ. આ પાંચ બુદ્ધીન્દ્રિયો - જ્ઞાનેન્દ્રિયો છે. પોત-પોતાના વિષયનો બોધ કરતી હોવાથી જ તે ઇન્દ્રિયોને બુદ્ધીન્દ્રિયો=જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. જેમકે

શ્લોક-૩૮ના ઉત્તરાર્ધમાં 'તથા' શબ્દ છે તે 'બુદ્ધીન્દિ.' પદની આગળ રહેલા 'પઞ્ચ' શબ્દને 'કર્મેન્દિય' પદ સાથે જોડવા માટે છે. પાંચસંખ્યા ક્રિયાનું કારણ હોવાથી કર્મેન્દ્રિય કહેવાય છે. તે પાંચ કર્મેન્દ્રિયો કઈ છે ? પાયુ, ઉપસ્થ, વચ:, પાણિ અને પાદ આ પાંચ કર્મેન્દ્રિયો છે તેમાં પાયુ એટલે ગુદા (મલવિસર્જનનું સ્થાન), ઉપસ્થ એટલે સ્ત્રી અને પુરુષનું ચિહ્ન, વચ: એટલે છાતી, કંઠ, મસ્તક, જિલ્વામૂલ, દાંત, નાસિકા, ઓષ્ઠ અને તાલુ આ આઠસ્થાનો, તે આઠ સ્થાનોથી વચન ઉચ્ચારાય છે, પાણિ એટલે બેહાથ અને 'પાદ' એટલે બેપગ પ્રસિદ્ધ છે.

આ પાયુ, ઉપસ્થ, વચ:, પાણિ અને પાદ એ પાંચથી અનુક્રમે મલોત્સર્ગ, મૂત્રોત્સર્ગ-સંભોગ, વચન, આદાન, ચાલવું વગેરે કાર્યો સિદ્ધ થાય છે. તેથી કર્મેન્દ્રિયો કહેવાય છે. શ્લોક-૩૯માં 'તથા'

શબ્દ સમુચ્ચયાર્થક છે. આ રીતે દશ થયા-અગીયારમું મન છે. મન જ્યારે બુદ્ધીન્દ્રિય સાથે હોય, ત્યારે બુદ્ધીન્દ્રિયરૂપ બની જાય છે અને કર્મેન્દ્રિય સાથે હોય, ત્યારે કર્મેન્દ્રિયરૂપ બની જાય છે.

તે મન વાસ્તવિક અર્થવિના પણ સંકલ્પાત્મક છે. જેમકે... કોઈક બટુક બ્રાહ્મણ શિષ્ય સાંભળે છે કે 'બીજા ગામમાં ભોજન છે' ત્યાં તે બટુકને સંકલ્પ થાય છે કે "ત્યાં હું જઈશ, ત્યાં હું શું ગુડ-દધિરૂપ ભોજનને પ્રાપ્ત કરીશ કે દધિ પ્રાપ્ત કરીશ કે કંઈપણ પ્રાપ્ત નહિ કરું ? આવું સંકલ્પાત્મક મન થાય છે.

તથા અહંકારથી સૂક્ષ્મ સંજ્ઞાવાળી પાંચ તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે. તેમાં શુક્લ, કૃષ્ણાદિ રૂપવિશેષને રૂપતન્માત્રા કહેવાય છે. તીખા, કડવાવગેરે રસવિશેષને રસતન્માત્રા કહેવાય છે. સુરભિઆદિ ગંધવિશેષને ગંધતન્માત્રા કહેવાય છે. મધુરાદિ શબ્દવિશેષને શબ્દતન્માત્રા કહેવાય છે, મૃદુ, કઠિનવગેરે સ્પર્શવિશેષને સ્પર્શતન્માત્રા કહેવાય છે - આ રીતે આ સોળનો સમુદાય છે. ॥૩૮-૩૯॥

अथ तन्मात्रेभ्यः पञ्चभूतान्युत्पद्यन्त इत्याह-

હવે પાંચતન્માત્રામાંથી પાંચભૂતો ઉત્પન્ન થાય છે તે કહે છે-

रूपात्तेजो रसादापो गन्धाद्भूमिः स्वरान्नभः ।
स्पर्शाद्वायुस्तथैवं च पञ्चभ्यो भूतपञ्चकम् ।।४०।।

શ્લોકાર્થ : રૂપતન્માત્રામાંથી તેજભૂત, રસતન્માત્રામાંથી જલભૂત, ગંધ તન્માત્રામાંથી પૃથ્વીભૂત, સ્વર(શબ્દ) તન્માત્રામાંથી આકાશ તથા સ્પર્શતન્માત્રામાંથી વાયુ ઉત્પન્ન થાય છે. આ રીતે પાંચતન્માત્રામાંથી પાંચભૂત ઉત્પન્ન થાય છે. ॥૪૦॥

व्याख्या-रूपतन्मात्रात्सूक्ष्मसंज्ञात्तेजोऽग्निरुत्पद्यते, रसतन्मात्रादापो जलानि जायन्ते, गन्धतन्मात्रात्पृथिवी समुत्पद्यते, स्वराच्छब्दतन्मात्रादाकाशमुद्भवति, तथा स्पर्शतन्मात्राद्वायुः प्रादुर्भवति, एवं च पञ्चभ्यस्तन्मात्रेभ्यो भूतपञ्चकं भवतीति ।।४०।।

ટીકાનો ભાવાનુવાદ :

સૂક્ષ્મસંક્ષક રૂપતન્માત્રામાંથી અગ્નિ ઉત્પન્ન થાય છે. રસતન્માત્રામાંથી પાણી ઉત્પન્ન થાય છે. ગંધતન્માત્રામાંથી પૃથ્વીતન્માત્રાનો પ્રાદુર્ભાવ થાય છે. શબ્દતન્માત્રામાંથી આકાશનો ઉદ્ભવ થાય છે તથા સ્પર્શતન્માત્રામાંથી વાયુનો પ્રાદુર્ભાવ થાય છે. આ પ્રમાણે પાંચતન્માત્રામાંથી ભૂતપંચક ઉત્પન્ન થાય છે. ॥૪૦॥

एवं चतुर्विंशतितत्त्वरूपं निवेदितं सांख्यमते प्रधानम् ।
अन्यस्त्वकर्ता विगुणश्च भोक्ता तत्त्वं पुमान्नित्यचिदभ्युपेतः ।।४१।।

श्लोकार्थ : આ પ્રમાણે સાંખ્યમતમાં ચોવીસ તત્ત્વરૂપ પ્રધાન નામના મૂલતત્ત્વનું નિરૂપણ કરાયું. પ્રધાનથી ભિન્ન પુરુષતત્ત્વ છે. તે અકર્તા, વિગુણ, ભોક્તા તથા નિત્ય ચેતન છે.

व्याख्या-एवममुनोक्तप्रकारेण सांख्यमते चतुर्विंशतितत्त्वरूपं प्रधानम् । प्रकृतिर्महानहंकारश्चेति त्रयं, पञ्च बुद्धीन्द्रियाणि, पञ्च कर्मेन्द्रियाणि, मनश्चैकं, पञ्च तन्मात्राणि, पञ्च भूतानि चेति चतुर्विंशतितत्त्वानि रूपं स्वरूपं यस्य तच्चतुर्विंशतितत्त्वरूपं प्रधानं प्रकृतिर्निवेदितम् । तथा चोक्तम् (सांख्यकारिका ३३) "प्रकृतेर्महांस्ततोऽहंकारस्तस्माद्गणश्चषोडशकः । तस्मादपि षोडशकात्पञ्चभ्यः पञ्च भूतानि ।।" **अत्र प्रकृतिर्न विकारः, अनुत्पन्नत्वात् । बुद्ध्यादयश्च सप्त परेषां कारणतया प्रकृतयः, कार्यतया च विकृतयः उच्यन्ते । षोडशकश्च गणो विकृतिरेव कार्यत्वात् । पुरुषस्तु न प्रकृतिर्न विकृतिः, अनुत्पादकत्वादनुत्पन्नत्वाच्च । तथा चेश्वरकृष्णः सांख्यसप्ततौ (कारिकायां) (३)** "मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त । षोडशकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः ।।१।।" इति ।।

ટીકાનો ભાવાનુવાદ :

આ કહેલા પ્રકારથી સાંખ્યમતમાં ચોવીસ તત્ત્વસ્વરૂપ પ્રધાન છે. પ્રકૃતિ, મહાન, અહંકાર આ ત્રણ, પાંચ બુદ્ધીન્દ્રિયો=જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિયો, એક મન, પાંચ તન્માત્રાઓ, પાંચ ભૂતો, એ પ્રમાણે ચોવીસ તત્ત્વો જેનું સ્વરૂપ છે તે ચોવીસતત્ત્વોરૂપ પ્રધાનનું નિરૂપણ કરાયું છે. તથા ૨૨મી સાંખ્યકારિકામાં કહ્યું છે કે... "પ્રકૃતિમાંથી મહાન, મહાનમાંથી અહંકાર, અહંકારમાંથી સોળનો સમુદાય અને તે સોળના સમુદાયમાંથી પણ પાંચભૂતો ઉત્પન્ન થાય છે." અર્થાત્ પ્રકૃતિ=પ્રધાન ૨૪ તત્ત્વોરૂપ છે. (અહીં કારિકામાં સોળના સમુદાયમાંથી પાંચભૂતોની ઉત્પત્તિ બતાવી છે. પરંતુ તે સોળસમુદાય અંતર્ગત પાંચતન્માત્રામાંથી પાંચભૂતોની ઉત્પત્તિ થાય છે તેમ જાણવું.)

અહીં પ્રકૃતિ કોઈનો વિકાર નથી. અર્થાત્ કોઈના કાર્યરૂપ નથી. કારણકે પ્રકૃતિ કોઈનાથી ઉત્પન્ન થતી નથી. મહાન (બુદ્ધિ), અહંકાર અને પાંચતન્માત્રાઓ, આ સાત કાર્યના ઉત્પાદક કારણો હોવાથી પ્રકૃતિ છે અને કારણોથી ઉત્પન્ન કાર્યો હોવાથી વિકૃતિ પણ કહેવાય છે તથા ઉપર જણાવેલો સોળનો સમુદાય (કારણોથી ઉત્પન્ન) કાર્યો હોવાથી વિકૃતિ જ છે. પરંતુ પુરુષ કોઈ કાર્યનું ઉત્પાદક કારણ ન હોવાથી પ્રકૃતિ નથી કે કારણોથી ઉત્પન્ન થનાર કાર્ય પણ ન હોવાથી વિકૃતિ પણ નથી. તેથી જ શ્રી ઈશ્વરકૃષ્ણે સાંખ્યસપ્તતિમાં કહ્યું છે કે... "મૂલપ્રકૃતિ

વિકૃતિ નથી, મહાન આદિ સાત, પ્રકૃતિ અને વિકૃતિ બંને છે. સોળનો સમુદાય વિકૃતિ જ છે. પુરુષ પ્રકૃતિ કે વિકૃતિ પણ નથી."

तथा महादादयः प्रकृतेर्विकारास्ते च व्यक्ताः सन्तः पुनरव्यक्ता अपि भवन्तीति स्वस्वरूपाद्भश्यन्त्यनित्यत्वात् । प्रकृतिस्त्वविकृता नित्याभ्युपगम्यते । ततो न कदाचिदपि सा स्वस्वरूपाद्भ्रश्यति । तथा च महदादिकस्य प्रकृतेश्च स्वरूपं सांख्यैरित्थमूचे (सांख्यकारिका २०) । "हेतुमदनित्यमव्यापि सक्रियमनेकमाश्रितं लिङ्गम् । सावयवं परतन्त्रं, व्यक्तं विपरीतमव्यक्तम् ।।२।।" इति ।। **तत्र हेतुमत्कारणवन्महदादिकं, अनित्यमित्युत्पत्तिधर्मकत्वाद्बुद्ध्यादेः, अव्यापीति प्रतिनियतं न सर्वगं, सक्रियमिति सह क्रियाभिरध्यवसायादिभिर्वर्तत इति सक्रियं-संचरणक्रियावदिति यावत्, अनेकमिति त्रयोविंशतिभेदात्मकं, आश्रितमित्यात्मोपकारकत्वेन प्रधानमवलम्ब्य स्थितं, लिङ्गमिति यद्यस्मादुत्पन्नं तत्तस्मिन्नेव लयं क्षयं गच्छतीति लिङ्गम् । तत्र भूतानि तन्मात्रेषु लीयन्ते, तन्मात्राणीन्द्रियाणि मनश्चाहंकारे, स च बुद्धौ, सा चाव्यक्ते, तच्चानुत्पाद्यत्वान्न क्वचित्प्रलीयते सावयवमिति शब्दस्पर्शरूपरसगन्धात्मकैरवयवैर्युक्तत्वात्, परतन्त्रमिति कारणायत्तत्वादित्येवंरूपं व्यक्तं महदादिकम् ।**

ટીકાનો ભાવાનુવાદ :

મહાનઆદિ પ્રકૃતિના વિકારો વ્યક્ત હોતે છતે અવ્યક્ત પણ હોય છે. આથી પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થતા હોવાથી અનિત્ય છે. પ્રકૃતિ ક્યારેપણ વિકાર=કાર્યરૂપ હોતી નથી અને નિત્ય હોય છે. તેથી તે ક્યારે પણ પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થતી નથી. મહાનઆદિ અને પ્રકૃતિનું સ્વરૂપ સાંખ્યોવડે આ પ્રમાણે સાખ્યકારિકામાં કહેવાયું છે - વ્યક્તકાર્ય હેતુમત્, અનિત્ય, અવ્યાપિ, સક્રિય, અનેક, આશ્રિત (કારણાશ્રિત), લિંગ=કારણમાં લીન થવાવાળું, સાવયવ અને પરતંત્ર હોય છે. અવ્યક્તકારણ તેનાથી વિપરીત હોય છે."

હવે દરેકપદોની વ્યાખ્યા કરે છે-

(૧) **વ્યક્ત હેતુમત્ છે.** અર્થાત્ મહાનઆદિ કારણવત્ છે. અર્થાત્ જેનું કોઈ કારણ છે તેવા મહાનઆદિ છે. (કહેવાનો આશય એ છે કે વ્યક્તનો આવિર્ભાવ સ્વતંત્રરીતે થયો નથી. પરંતુ અવ્યક્તને લીધે થયો છે. અવ્યક્ત એ વ્યક્તનું કારણ હોવાથી વ્યક્ત હેતુમત્ છે)

(૨) **વ્યક્ત અનિત્ય છે.** કારણકે ઉત્પન્ન થાય છે. જેમકે બુદ્ધિ આદિ અર્થાત્ બુદ્ધિઆદિ ઉત્પન્ન

થતા હોવાથી અનિત્ય છે, તેમ વ્યક્ત પણ ઉત્પન્ન થતું હોવાથી અનિત્ય છે -(કહેવાનો આશય એ છે કે જેનું કોઈ કારણ હોય તે કાર્ય કહેવાય અને કાર્ય ઉત્પન્ન થયેલું હોવાથી, ઉત્પન્ન થતા પૂર્વે તે આ જ સ્વરૂપે અસ્તિત્વ ધરાવતું નહોતું એમ સ્પષ્ટ થાય છે. તે એકવાર વિનાશ પણ પામી શકે- પોતાના સ્વરૂપને ત્યજી પણ શકે છે. આ રીતે વ્યક્ત અનિત્ય પણ છે. અહિં યાદ રાખવું કે સાંખ્યમત પ્રમાણે કોઈપણ વિદ્યમાનપદાર્થોનો આત્યંતિકવિનાશ થઈ શકતો નથી. વિનાશ એટલે પોતાના મૂલકારણમાં મળી જવું તે. વ્યક્તની અનિત્યતા પણ આ જ અર્થમાં સમજવી.)

(૩) **વ્યક્ત અવ્યાપી છે.** અર્થાત્ વ્યક્ત પ્રતિનિયતદેશવર્તી છે, સર્વગત નથી. (કહેવાનો આશય એ છે કે વ્યક્ત પ્રતિનિયત=મર્યાદિતદેશકાળવાળું છે. સર્વજગ્યાએ જનાર નથી. જે ઉત્પન્ન થયું છે તે દેશકાલની મર્યાદાવાળું છે, તે વ્યક્તને અવ્યાપી કહ્યું. પરંતુ મહાનતત્ત્વ તો સર્વવ્યાપી છે. તેથી સર્વવ્યક્તતત્ત્વોને અવ્યાપી કહેવામાં દોષ આવશે. સાંખ્યાચાર્ય શ્રીવંશીધર આ વિષયમાં ખૂલાસા કરે છે કે - મહાનવગેરેને જ વ્યાપક કહેવામાં આવ્યા છે. તેઓ પોતાના કારણમાં વ્યાપક હોઈ શકે નહિ અને એટલા અંશે પણ તેઓ અવ્યાપી છે. महदादेः स्वस्वकारणाव्यापकत्वादुपचरितव्यापकमित्यर्थः]

(૪) **વ્યક્ત સક્રિય છે.** અર્થાત્ અધ્યવસાયઆદિ ક્રિયાઓને કરતું હોવાથી તે સક્રિય છે. અર્થાત્ સંચરણક્રિયાની જેમ વ્યાપારવાળું છે. (કહેવાનો આશય એ છે કે - જે અવ્યાપી હોય છે તે સીમાબદ્ધ હોવાથી ક્રિયા કરી શકે છે. શ્રીવાચસ્પતિ મિશ્રએ કહ્યું છે કે... सक्रियं=परिस्पन्दवत् અને परिस्पन्द = प्रवेशनिःसरणादिरुपा क्रिया - સામાન્ય રીતે આવવા-જવાની ક્રિયાને પરિસ્પન્દ કહેવાય છે. અહિં બુદ્ધિ વગેરે વ્યક્તતત્ત્વો એકદેહ છોડી અન્યદેહ ધારણ કરે છે. માટે પરિસ્પન્દવાળા છે અને તેથી સક્રિય છે. આ વિષયમાં સાંખ્યાચાર્યોમાં મતભેદો છે. શ્રીજયમંગલાની માન્યતાપ્રમાણે ક્રિયા એટલે સંસરણ. તે પ્રધાન સંસારને સર્જે છે, છતાં પણ સર્વવ્યાપી હોવાથી નિષ્ક્રિય છે, એમ માને છે. શ્રી વિજ્ઞાનભિક્ષુ આ મત સ્વીકારતા નથી. સૃષ્ટિનું સર્જન પ્રકૃતિમાં થતા ક્ષોભના કારણે જ થાય છે અને એટલે અંશે પ્રકૃતિપણ સક્રિય જ છે. તેથી ક્રિયાનો અર્થ અધ્યવસાયાદિરૂપ કરવો. કોઈ ચોક્કસ કાર્ય ઉત્પન્ન કરવાના પ્રયત્નને જ ક્રિયા માનવી. પ્રકૃતિ તો સર્વકાર્યોનું સામાન્યકારણ હોવાથી સક્રિય નહિ રહે. પરંતુ શ્રી બાલારામ આ મતનો વિરોધ કરતાં કહે છે કે ગમનાગમનની ક્રિયા પ્રધાનમાં નથી. તેથી જ સક્રિય નથી, એમ માનવું સમુચિત છે. ઉપર ટીકામાં શ્રી ઇશ્વરકૃત સાંખ્યકારિકાના આધારે વર્ણન કરાયું છે.)

(૫) **વ્યક્ત અનેક છે.** કારણકે તે ૨૩ ભેદસ્વરૂપ છે. (આ વિષયમાં શ્રીગૌડપાદ કહે છે કે... વ્યક્તમાં બુદ્ધિ, અહંકાર, પાંચતન્માત્રા, અગીયારઇન્દ્રિયો અને પાંચભૂતોનો સમાવેશ થાય છે. આથી તે અનેક છે.)

(श्री वाचस्पतिमिश्र આ વિષયમાં કહે છે કે... अनेकम्-प्रतिपुरुषं बुद्ध्यादिनां भेदात् - પ્રત્યેક પુરુષમાટે અલગ-અલગ બુદ્ધિવગેરે હોવાથી તે અનેક છે. શ્રી ઉદાસીન બલરામ તેને વધારે સ્પષ્ટ કરતાં કહે છે કે अनेकत्वं सजातीयत्वभेदम् । 'અર્થાત્ આ સર્વપદાર્થોને પોત-પોતાનો વર્ગ છે. અર્થાત્ અનેક છે. વાસ્તવમાં તો જગતમાં જે વસ્તુની વિવિધતા દેખાય છે, તે આ વ્યક્તને જ આભારી છે અને તેનું સૂચન અનેકમાંથી ગ્રહણ કરી શકાય છે.)

(૬) **વ્યક્ત આશ્રિતભોગમાં નિમિત્ત હોવાના કારણે આત્માને ઉપકારક હોવાથી પ્રધાનરૂપ કારણને આધીન છે.** (કહેવાનો આશય એ છે કે શ્રી વાચસ્પતિમિશ્ર અને શ્રી ગૌડપાદ બંનેના મતાનુસાર વ્યક્ત પોતાના કારણનું આશ્રિત છે. કારણકે કાર્ય હંમેશાં કારણના આધારે રહે છે. આ રીતે બુદ્ધિ એ પ્રધાનને આશ્રયે રહેલ છે. અહંકાર બુદ્ધિના આશ્રયે રહેલ છે. ઇન્દ્રિય અને તન્માત્રાઓ અહંકારના આશ્રયે રહેલ છે તથા પાંચમહાભૂતો તન્માત્રાના આશ્રયે રહેલ છે. જોકે આ રીતે અર્થ કરવાથી 'हेतुमत्' અને 'आश्रित' વચ્ચે ખાસ ભેદ રહેતો નથી. તે ભેદ સમજાવવાનો પ્રયાસ કરતાં શ્રી જયમંગલા કહે છે કે 'हेतुमत्' માં કાર્યની ઉત્પત્તિનું સૂચન છે, જ્યારે 'आश्रित' માં તેના આધારનું સૂચન છે. શ્રી ચંદ્રિકા 'आश्रितम्' એટલે 'वृत्तिमत्' એમ સૂચવે છે. અને શ્રીવિજ્ઞાનભિક્ષુ તેનો અર્થ 'અવયવોમાં આશ્રિત' એમ કરે છે.)

(૭) વ્યક્ત કારણમાં લીન થવાવાળું છે. અર્થાત્ જે જેનાથી ઉત્પન્ન થાય છે, તે તેમાં લય=ક્ષયને પામે છે, તે લિંગ કહેવાય છે. તે લિંગવાળું વ્યક્ત છે. ત્યાં ભૂતો તન્માત્રામાં લીન થાય છે. તન્માત્રા, દસઇન્દ્રિયો અને મન અહંકારમાં લીન થાય છે. અહંકાર બુદ્ધિમાં લીન થાય છે. તે બુદ્ધિ અવ્યક્તમાં લીન થાય છે. તે અવ્યક્ત ઉત્પન્ન થતું ન હોવાથી ક્યાંય પણ લીન થતું નથી. (શ્રી ગૌડપાદ 'લિંગ'નો અર્થ કરતાં કહે છે કે લયયુક્ત પ્રલયકાલે પોતાના કારણમાં લીન પામી જવાના સ્વભાવવાળું વ્યક્ત છે.)

(૮) વ્યક્ત સાવયવ છે. અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ સ્વરૂપ અવયવોથી યુક્ત હોવાથી વ્યક્ત સાવયવ પણ કહેવાય છે. (આ વિષયમાં અનેક મતભેદ છે. શ્રીવાચસ્પતિમિશ્ર 'सावयवम्'નો અર્થ સમજાવતાં કહે છે કે જેમાં અવયવ અને અવયવી વચ્ચેનો સંયોગસંબંધ હોય તે સાવયવ - 'सावयवम् - अवयवनम् अवयवः मिथः संश्लेषः - मिश्रणं संयोग इति यावत्' જેમ પૃથ્વી, જલ વગેરેનો એકબીજામાં સંયોગસંબંધ જ સ્વીકારવામાં આવ્યો છે, સમવાય સંબંધ નહિં. કારણકે સમવાયસંબંધ તો તાદાત્મ્ય સૂચવે છે. પ્રધાન અને બુદ્ધિવચ્ચે સમવાય સંબંધ છે. સંયોગસંબંધ નહિ. તેથી ત્યાં 'सावयवम्' પદ લાગું પડતું નથી. આવો શ્રીવાચસ્પતિ મિશ્રનો મત છે.

શ્રી શર્મા કહે છે કે તે રીતે સમજીશું તો બુદ્ધિ અને અહંકારવચ્ચે પણ સમવાયસંબંધ જ છે, તે દર્શાવી શકાય અને તેથી તેને પણ સાવયવ નહિ કહી શકાય. તેથી વાચસ્પતિનો અર્થ સંતોષકારક નથી.

શ્રીગૌડ કહે છે કે... શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ અવયવો છે. તેની સાથે રહેવાથી વ્યક્ત 'સાવયવ' છે. પરંતુ શ્રીસોવાની કહે છે કે પ્રત્યેકવ્યક્તિમાં આ પાંચેય સાથે જ હોય તેવું બનતું નથી, તેની સામે ડૉ. શર્મા કહે છે કે રૂપાદિ પાંચેય પ્રધાનમાં પણ સૂક્ષ્મરૂપે તો રહેલાં જ હોય છે.

શ્રી ચન્દ્રિકા અને શ્રીમાઠર કહે છે કે જે ગુણોથી યુક્ત હોય તે સાવયવ.

આ વિવિધ અર્થો પૂર્ણતયા સંતોષકારક લાગતા નથી. વાસ્તવમાં તો વ્યક્તદ્વારા આ દૃશ્યમાનજગતનું સ્વરૂપ સૂચિત કરવામાં આવ્યું છે અને જગતના પદાર્થો ઉત્પન્ન થયેલા છે. તેથી તે ભાગોના એટલે કે અવયવના બનેલા છે. એવો આશય 'સાવયવ' પદમાંથી તારવવો વધુ યોગ્ય લાગે છે.)

(૯) વ્યક્ત પરતંત્ર છે. કારણકે કારણોને આધીન છે. (શ્રી ગૌડ 'પરતંત્ર' નો અર્થ આ પ્રમાણે કરે છે - 'જે પોતાનાથી ઉત્પન્ન ન થાય, પણ બીજાથી ઉત્પન્ન થાય તે પરતંત્ર.' વ્યક્ત દ્વારા નિર્દિષ્ટ થતા ત્રેવીસે તત્ત્વો ઉપરના તત્ત્વના આશ્રયે રહેલ છે. જો કે બુદ્ધિવગેરે તત્ત્વો અહંકાર વગેરે તત્ત્વોની ઉત્પત્તિમાં સ્વતંત્ર છે. તો પણ પ્રકૃતિની સહાય કે શક્તિવિના તેઓ કંઈ જ કરી શકતા નથી. એટલે આ અર્થમાં પરતંત્ર છે.)

अव्यक्तं तु प्रकृत्याख्यम्, एतद्विपरीतमिति । तत्र विपरीतता सुयोज्यैव । नवरं प्रधानं दिवि भुव्यन्तरिक्षे च सर्वत्र व्यापितया वर्तत इति व्यापित्वं तस्य, तथाव्यक्तस्य व्यापकत्वेन संचरणरूपायाः क्रियाया अभावान्निष्क्रियत्वं च द्रष्टव्यमिति दिङ्मात्रमिदं दर्शितम् । विशेषव्याख्यानं तु सांख्यसप्तत्यादेस्तच्छास्त्रादवसेयमिति । अथ पञ्चविंशतितमं पुरुषतत्त्वमाह-"अन्यस्त्वकर्ता" इत्यादि । प्रकृतेश्चतुर्विंशतितत्त्वरूपाया अन्यस्तु पृथग्भूतः, पुनरकर्ता विगुणो भोक्ता नित्यचिदभ्युपेतश्च पुमान्पुरुषस्तत्त्वम् । तत्रात्मा विषयसुखादिकं तत्कारणं पुण्यादिकर्म च न करोतीत्यकर्ता,, आत्मनस्तृणमात्रकुब्जीकरणेऽप्यसमर्थत्वात् । कर्त्री तु प्रकृतिरेव, तस्याः प्रवृतिस्वभावत्वात् । तथा विगुणः सत्त्वादिगुणरहितः, सत्त्वादीनां प्रकृतिधर्मत्वादात्मनश्च तदभावात् । तथा भोक्ता अनुभविता । भोक्तापि साक्षान्न भोक्ता, किं तु प्रकृतिविकारभूतायां ह्युभयमुखदर्पणा-

कारायां बुद्धौ संक्रान्तानां सुखदुःखादीनां पुरुषः स्वात्मनि निर्मले प्रतिबिम्बोदयमात्रेण भोक्ता व्यपदिश्यते, बुद्ध्यध्यवसितमर्थं पुरुषश्चेतयत इति वचनात् । यथा जपाकुसुमादिसन्निधानवशात्स्फटिके रक्ततादि व्यपदिश्यते, तथा प्रकृत्युपधानवत्त्वात्सुखदुःखाद्यात्मकानामर्थानां पुरुषस्य भोजकत्वं युक्तमेव व्यपदिश्यते । वादमहार्णवोऽप्याह- "बुद्धिदर्पणसंक्रान्तमर्थप्रतिबिम्बकं द्वितीयदर्पणकल्पे पुंस्यध्यारोहति, तदेव भोक्तृत्वमस्य, न त्वात्मनो विकारापत्तिरिति"

टीकानो भावानुवाद :

અવ્યક્તપ્રકૃતિ વ્યક્તથી વિપરીત છે. અવ્યક્તમાં વિપરીતતા આ પ્રમાણે છે - (૧) પ્રધાન (અવ્યક્ત) કોઈનાથી ઉત્પન્ન થતું નથી, તેથી તેનું કોઈ કારણ નથી. આથી તે અહેતુમત્ છે. (૨) પ્રધાન અનાદિ હોવાથી નિત્ય છે. (૩) પ્રધાન સર્વત્ર વિસ્તરેલું હોવાથી વ્યાપી છે. (૪) પ્રધાન નિષ્ક્રિય છે, કારણકે સર્વવ્યાપી હોવાથી તેમાં ક્રિયા સંભવી શકે નહિ. જોકે તેમાં પરિણામરૂપી ક્રિયા થાય છે, પરંતુ ગતિ નથી. (૫) પ્રધાન (અવ્યક્ત) એક જ છે; કારણકે અનેકવ્યક્તનું તે એકમાત્ર કારણ છે. (૬) અવ્યક્ત અનાશ્રિત છે, કારણકે એ કોઈનું કાર્ય નથી. (૭) અવ્યક્ત અલિંગ છે. કારણકે પ્રલયકાળે કોઈનામાં લય પામતું નથી. (૮) અવ્યક્ત અનવયવ છે, કારણકે તેમાં શબ્દ વગેરે અવયવો સ્થૂલરૂપે રહેતા નથી અથવા તો તે કૃતક નથી - ઉત્પન્ન થયેલ નથી. (૯) અવ્યક્ત સ્વતંત્ર છે. કારણકે કોઈને આધીન નથી.

પ્રધાન દેવલોક, પૃથ્વીલોક અને અંતરિક્ષ સર્વત્રવ્યાપીને રહે છે. આથી પ્રધાન વ્યાપી છે. આમ તે પ્રમાણે પ્રધાન (અવ્યક્ત) વ્યાપક હોવાના કારણે (તેની) સંચરણરૂપ ક્રિયાનો અભાવ છે. તેથી અવ્યક્તને નિષ્ક્રિય જાણવું. આ પ્રમાણે માત્ર આ વિષયમાં દિશાસૂચન કરેલું જાણવું.

આ (ઉપરોક્ત) નવદ્વારોની વિશેષવ્યાખ્યા સાંખ્યશાસ્ત્ર સાંખ્યસપ્તતિમાંથી જાણી લેવી.

હવે પચ્ચીસમા પુરુષતત્ત્વને કહે છે - 'अन्यस्त्वकर्ता'-ચોવીસ તત્ત્વરૂપ પ્રકૃતિથી ભિન્ન, અકર્તા, વિગુણ, ભોક્તા અને નિત્યજ્ઞાનવાળું પુરુષતત્ત્વ છે.

ત્યાં આત્મા=પુરુષ વિષયસુખોને અને વિષયસુખોના કારણ એવા પુણ્યાદિકર્મોને કરતો નથી, માટે અકર્તા છે. કારણકે આત્મામાં તણખલા માત્રને તોડવાનું સામર્થ્ય નથી. પરંતુ પ્રકૃતિ જ કર્તા છે. કારણકે પ્રકૃતિ પ્રવૃત્તિના સ્વભાવવાળી છે. આત્મા સત્ત્વાદિ ત્રણગુણથી રહિત હોવાથી વિગુણ છે. સત્ત્વાદિ ત્રણગુણો પ્રકૃતિના ધર્મો છે અને આત્મામાં સત્ત્વાદિ ત્રણ ગુણોનો અભાવ છે. તેથી આત્મા વિગુણ છે.

આત્મા ભોક્તા છે. અર્થાત્ અનુભવ કરનાર છે. આત્મા વિષયોનો સાક્ષાત્‌ભોક્તા નથી. પરંતુ પ્રકૃતિના વિકારરૂપ બુદ્ધિદર્પણમાં સુખ-દુઃખાદિનું પ્રતિબિંબ પડે છે અને તે બુદ્ધિદર્પણ બંને તરફે (બાજું) પારદર્શી છે. તેથી તેની બંને તરફમાં પ્રતિબિંબ પડે છે. આથી બુદ્ધિદર્પણમાં પ્રતિબિંબિત સુખ-દુઃખાદિની છાયા અત્યંતનિર્મલ પુરુષમાં પડે છે.

આમ પુરુષના સ્વચ્છસ્વરૂપમાં બુદ્ધિ-પ્રતિબિંબિત સુખ-દુઃખની છાયા પડવી તે જ પુરુષનો ભોગ છે. તેવા જ ભોગના કારણે પુરુષ ભોક્તા કહેવાય છે.

'બુદ્ધિદ્વારા અધ્યવસિત અર્થોનો પુરુષ અનુભવ કરે છે'-આવું પૂર્વાચાર્યોનું કથન છે. જેમ જપાકુસુમના સન્નિધાનથી સ્ફટિકમાં રક્ત આદિ રંગોનો વ્યપદેશ કરાય છે, તેમ જ પ્રકૃતિના સંસર્ગનાકારણે સ્વચ્છપુરુષમાં પણ સુખ-દુઃખાદિના ભોક્તૃત્વનો વ્યપદેશ કરાય છે. વાદમહાર્ણવનો પણ મત છે કે... બુદ્ધિરૂપી દર્પણમાં સંક્રાન્ત થયેલા અર્થના પ્રતિબિંબનો સ્વચ્છપુરુષરૂપ દ્વિતીયદર્પણમાં અધ્યારોહ થવો તે જ સુખ-દુઃખાદિનો ભોગ છે અને તેવું પ્રતિબિંબ પડવું તે જ પુરુષનું ભોક્તૃત્વ છે. આથી પ્રતિબિંબના પ્રતિ અધ્યારોહ સિવાય પુરુષનો બીજો કોઈ ભોગ નથી. આથી આત્મામાં વિકારની પણ આપત્તિ નથી.

तथा चासुरिः-"विविक्तेदृक्‌परिणतौ बुद्धौ भोगोऽस्य कथ्यते । प्रतिबम्बोदयः स्वच्छे यथा चन्द्रमसोऽम्भसि ।।१।।" **व(वि)न्ध्यवासी त्वेवं भोगमाचष्टे**-"पुरुषोऽविकृतात्मैव स्वनिर्भासमचेतनम् मनः करोति सान्निध्यादुपाधिः(धेः)स्फटिकं यथा ।।२।।" **इति तथा नित्या या चिच्चेतना तयाभ्युपेतः, एतेन पुरुषस्य चैतन्यमेव स्वरूपं, न तु ज्ञानं, ज्ञानस्य बुद्धिधर्मत्वादित्यावेदितं द्रष्टव्यम् । केवलमात्मा स्वं बुद्धेरव्यतिरिक्तमभिमन्यते, सुखदुःखादयश्च विषया इन्द्रियद्वारेण बुद्धौ संक्रामन्ति, बुद्धिश्चोभयमुखदर्पणाकारा, ततस्तस्यां चैतन्यशक्तिः प्रतिबिम्बते, ततः सुख्यहं दुःख्यहं ज्ञाताहमित्युपचर्यते । आह च पतञ्जलिः**-"शुद्धोऽपि पुरुषः प्रत्ययं बौद्धमनुपश्यति, तमनुपश्यन्नतदात्मापि तदात्मक इव प्रतिभासते" [योग भा० २/२०] इति । "बुद्धिश्चाचेतनापि चिच्छक्तिसन्निधानाच्चेतनावतीवावभासते" इति । **पुमानित्यत्र जात्यपेक्षयैकवचनम्, तेनात्मानेकोऽभ्युपगन्तव्यः, जन्ममरणकरणानां नियमदर्शनाद्धर्मादिप्रवृत्तिनानात्वाच्च । ते च सर्वेऽप्यात्मानः सर्वगता नित्याश्चावसेयाः । उक्तं च**-"अमूर्तश्चेतनो भोगी नित्यः सर्वगतोऽक्रियः । अकर्ता निर्गुणः सूक्ष्म आत्मा कापिलदर्शने ।।१।।" **इति।।४१।।**

ટીકાનો ભાવાનુવાદ :

આચાર્ય આસુરિએ પણ કહ્યું છે કે - "જેમ સ્વચ્છપાણીમાં ચન્દ્રમાનું પ્રતિબિંબ ઉદય પામે છે, તેમ બુદ્ધિથી ભિન્ન ચૈતન્યનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડવું, તે જ ભોગ કહેવાય છે." કહેવાનો આશય એ છે કે ચંદ્રમાનું પ્રતિબિંબ જેમ જલનો જ વિકાર છે, ચંદ્રમાનો નહિ, તેમ બુદ્ધિમાં પડતું પુરુષનું પ્રતિબિંબ પણ બુદ્ધિનો જ વિકાર છે, આત્માનો નહિ. આ જ આત્માનો ભોગ છે.. **વળી વિન્ધ્યવાસી આ પ્રમાણે કહે છે** - "પુરુષ તો અવિકારી જ છે, પરંતુ અચેતનમન પોતાના સાનિધ્યથી પુરુષને સ્વતુલ્ય વિકારી બનાવે છે. જેમકે જપાકુસુમ વગેરે ઉપાધિઓ પોતાના સાનિધ્યથી સ્વચ્છ=નિર્મલસ્ફટિકને સ્વતુલ્ય રક્તાદિ બનાવી દે છે. તેમ નિર્મલ પુરુષને પણ મન પોતાના સાનિધ્યથી સ્વતુલ્ય બનાવી દે છે."

નિત્યચેતના(ચૈતન્ય) જ પુરુષનું યથાર્થસ્વરૂપ છે. આથી પુરુષનું સ્વરૂપ ચૈતન્ય જ છે, જ્ઞાન નહિ. કારણ કે જ્ઞાન બુદ્ધિનો ધર્મ છે. માત્ર આત્મા પોતાને બુદ્ધિથી અભિન્ન માને છે. સુખ-દુઃખાદિ વિષયોનું ઇન્દ્રિયદ્વારા બુદ્ધિમાં સંક્રમણ થાય છે. બુદ્ધિ બંનેબાજુ પારદર્શક દર્પણ જેવી છે. તેથી બુદ્ધિમાં ચૈતન્યશક્તિ પ્રતિબિંબિત થાય છે. તેનાથી 'હું સુખી છું.' અને 'હું દુઃખી છું, 'હું જ્ઞાતા છું.' આવો ઉપચાર થાય છે. (કહેવાનો આશય એ છે કે બુદ્ધિ બંને બાજુ પારદર્શી દર્પણ સમાન હોવાથી જેમ એકબાજુ સુખ-દુઃખાદિનું પ્રતિબિંબ પડે છે. તેમ જ બીજીબાજુ પુરુષના ચૈતન્યનું પણ પ્રતિબિંબ પડે છે. આમ ચૈતન્ય અને સુખાદિ વિષયનું એકસાથે પ્રતિબિંબ પડવાથી જ પુરુષ પોતાને 'હું જ્ઞાતા છું' 'હું સુખી છું.' ઇત્યાદિ માનવા લાગે છે.)

પતંજલિએ પણ કહ્યું છે કે... "પુરુષ તો શુદ્ધ છે. (છતાં પણ) બુદ્ધિસંબંધી પ્રત્યય અર્થાત્ સુખ-દુઃખાદિ જ્ઞાનવૃત્તિને જુએ છે, તેથી બુદ્ધિના અધ્યવસિત અર્થોને જોતો તદ્રૂસ્વરૂપ ન હોવા છતાં તદ્રૂસ્વરૂપ પ્રતિભાસિત થવા લાગે છે. અર્થાત્ જ્ઞાતૃત્વાદિ ધર્મોથી રહિત પુરુષ પણ જ્ઞાતૃત્વાદિ ધર્મોથી સહિત હોય તેમ લાગે છે." તથા

"બુદ્ધિ સ્વયં અચેતન હોવા છતાં પણ, પુરુષની ચૈતન્યશક્તિના સાનિધ્યથી બુદ્ધિ પણ ચેતનવતી પ્રતિભાસિત થાય છે."

શ્લોકમાં 'પુમાન્' માં એકવચનપ્રયોગ કર્યો છે, તે પુરુષત્વજાતિની અપેક્ષાથી કર્યો છે. પરંતુ વ્યક્તિની અપેક્ષાથી તો પુરુષો અનેક છે. કારણ કે એકપુરુષના મૃત્યુ પછી બીજા પુરુષનો જન્મ દેખાય છે તથા એક સુખી અને એક દુઃખી દેખાય છે. આથી ધર્મ-અધર્માદિની વ્યવસ્થા (પ્રવૃત્તિ) અનેકપ્રકારે દેખાતી હોવાથી પુરુષો પણ અનેક છે, તેમ સિદ્ધ થાય છે.

તે સર્વે પણ આત્માઓ સર્વગત અને નિત્ય જાણવા. **કહ્યું છે કે....** "સાંખ્યદર્શનમાં

આત્મા અમૂર્ત, ચેતન, ભોગી, નિત્ય, સર્વગત, અક્રિય, અકર્તા, નિર્ગુણ અને સૂક્ષ્મ મનાયેલો છે." ॥४१॥

तत्त्वान्युपसंहरन्नाह-

તત્ત્વોનો ઉપસંહાર કરતાં કહે છે કે...

पञ्चविंशतितत्त्वानि संख्ययैवं भवन्ति च ।
प्रधाननरयोश्चात्र वृत्तिः पंग्वन्धयोरिव ।।४२।।

શ્લોકાર્થ: આ પ્રમાણે સંખ્યાથી પચ્ચીસ તત્ત્વો છે. પ્રધાન અને પુરુષનું વર્તન વિશ્વમાં લંગડા અને અંધના જેવું છે.

व्याख्या-चकारो भिन्नक्रमः, एवं च संख्यया पञ्चविंशतितत्त्वानि भवन्ति । ननु प्रकृतिपुरुषावुभावपि सर्वगतौ मिथःसंयुक्तौ कथं वर्त्तेते इत्याशंक्याह-'प्रधानेत्यादि' । प्रधानपुरुषयोश्चात्र विश्वे पंग्वन्धयोरिव वृत्तिर्वर्तनम् । यथा कश्चिदन्धः सार्थेन समं पाटलिपुत्रनगरं प्रस्थितः, स सार्थश्चौरैरभिहतः । अन्धस्तत्रैव रहित इतश्चेतश्च धावन् वनान्तरपङ्गुना दृष्टोऽभिहितश्च "भो भो अन्ध मा भैषीः, अहं पङ्गुर्गमनादिक्रियाविकलत्वेनाक्रियश्चक्षुर्भ्यां सर्वं पश्यन्नस्मि, त्वं तु गमनादिक्रियावान्न पश्यसि" । ततो अन्धेनोचे- "रुचिरमिदम्, अहं भवन्तं स्कन्धे करिष्यामि, एवमावयोर्वर्तनमस्तु" इति । ततोऽन्धेन पङ्गुर्दृष्टत्वगुणेन स्वं स्कन्धमधिरोपितो नगरं प्राप्य नाटकादिकं पश्यन् गीतादिकं चेन्द्रियविषयमन्यमप्युपलभ्यमानो यथा मोदते, तथा पङ्गुकल्पः शुद्धचैतन्यस्वरूपः पुरुषोऽप्यन्धकल्पां जडां प्रकृतिं सक्रियामाश्रितो बुद्ध्यध्यवसितं शब्दादिकं स्वात्मनि प्रतिबिम्बितं चेतयमानो मोदते, मोदमानश्च प्रकृतिं सुखस्वभावां मोहान्मन्यमानः संसारमधिवसति ।।४२।।

ટીકાનો ભાવાનુવાદ :

શ્લોકના પૂર્વાર્ધમાં રહેલો 'च' ભિન્નક્રમમાં છે. 'भवन्ति' પછી રહેલા 'च' ને एवं પછી જોડવો (તેથી અર્થ આ રીતે થશે-) અને આ પ્રમાણે સંખ્યાથી પચ્ચીસ તત્ત્વો છે.

શંકા : સર્વગત પ્રકૃતિ અને પુરુષ બંને પણ (ભિન્નસ્વભાવવાળા હોવા છતાં) પરસ્પરસંયુક્ત કેમ રહે છે ?

समाधान : વિશ્વમાં પ્રધાન અને પુરુષનું વર્તન લંગડા અને અંધ જેવું છે. જેમ કોઈક અંધે સાર્થની સાથે પાટલીપુત્ર નગર તરફ પ્રસ્થાન કર્યું. તે સાર્થ ચોરો વડે લુંટાયો. ત્યારે અંધ સાર્થથી રહિત એકલો પડી ગયો અને વનમાં ફરતાં ફરતાં વનની અંદર લંગડાને જોયો અને તે લંગડા વડે કહેવાયું કે.... 'હે અંધ તું ગભરાઈશ નહિ, હું પાંગળો હોવાથી ગમનાદિ ક્રિયા કરી શકતો નથી, પરંતુ આંખથી બધું જ જોઉં છું. અને તું જોઈ શકતો નથી, પરંતુ ગમનાદિ ક્રિયાવાન્ છે."

ત્યારે અંધ વડે લંગડાને કહેવાયું કે - "ખૂબ સારી વાત કરી, હું તમને ખભા ઉપર બેસાડીશ. (અને હું રસ્તો બતાવીશ.) આ પ્રમાણે એકે રસ્તો બતાવાનું અને એક ચાલવાનું, એ રીતે આપણા બંનેનું વર્તન થાઓ"

તેથી અંધવડે જોવાનો ગુણ હોવાથી પાંગળાને પોતાના સ્કન્ધ ઉપર આરોપિત કરીને, નગરને પ્રાપ્ત કરીને નાટકાદિને જોતા, અને ગીતાદિ ઇન્દ્રિયોના વિષયોને તથા અન્યને પણ પ્રાપ્ત કરતા જે પ્રમાણે આનંદ કરે છે, તે પ્રમાણે પાંગળાતુલ્ય શુદ્ધચૈતન્યસ્વરૂપ પુરુષ પણ અંધ તુલ્ય સક્રિય અને આશ્રિત એવી જડપ્રકૃતિનો સંસર્ગપામીને બુદ્ધિના અધ્યવસિત શબ્દાદિ વિષયોને, પોતાના સ્વચ્છસ્વરૂપમાં પ્રતિબિંબિત કરીને (તે વિષયાદિને) અનુભવતો આનંદ કરે છે અને આનંદ કરતો પ્રકૃતિને જ મોહથી સુખના સ્વભાવવાળી માનતો (પ્રકૃતિના સ્કન્ધ ઉપર ચઢીને) સંસારમાં પરિભ્રમણ કરે છે. ॥૪૨॥

तर्हि तस्य कथं मुक्तिः स्यादित्याह-

તો પછી તે પુરુષની મુક્તિ કેવી રીતે થાય છે ? (આવી શંકાનો જવાબ આપતાં) કહે છે કે...

प्रकृतिवियोगो मोक्षः पुरुषस्य बतैतदन्तरज्ञानात् ।
मानत्रितयं चात्र प्रत्यक्षं लैङ्गिकं शाब्दम् ॥४३॥ .

श्लोकार्थ : પુરુષ-પ્રકૃતિના વિવેકજ્ઞાનથી પુરુષનો જે પ્રકૃતિથી વિયોગ થાય છે, તે પુરુષનો મોક્ષ કહેવાય છે. સાંખ્યદર્શનમાં પ્રત્યક્ષ, અનુમાન અને શાબ્દ એમ ત્રણ પ્રમાણો છે. ॥૪૩॥

व्याख्या-बतेति पृच्छकानामामन्त्रणे, एतयोः प्रकृतिपुरुषयोर्यदन्तरं विवेकस्तस्य ज्ञानात्पुरुषस्य यः प्रकृतेर्वियोगो भवति, स मोक्षः । तथाहि-"शुद्धचैतन्यरूपोऽयं पुरुषः परमार्थतः । प्रकृत्यन्तरमज्ञात्वा मोहात्संसारमाश्रितः ॥१॥" **ततः प्रकृतेः सुखदुःख-मोहस्वभावाया यावन्न विवेकेन ग्रहणं तावन्न मोक्षः, प्रकृतेर्विवेकदर्शने तु प्रवृत्तेरुपरतायां प्रकृतौ पुरुषस्य स्वरूपेणावस्थानं मोक्ष इति । मोक्षश्च बन्धविच्छेदाद्भवति, बन्धश्च प्राकृतिकवैकारिकदाक्षिणभेदात्त्रिविधः । तथाहि-प्रकृतावात्मज्ञानात् ये प्रकृतिमुपासते,**

तेषां प्राकृतिको बन्धः । ये विकारानेव भूतेन्द्रियाहंकारबुद्धीः पुरुषबुद्ध्योपासते, तेषां वैकारिकः । इष्टापूर्ते दाक्षिणः, पुरुषतत्त्वानभिज्ञो हीष्टापूर्तकारी कामोपहतमना बध्यत इति । "इष्टापूर्तं मन्यमाना वरिष्ठं, नान्यच्छ्रेयो येऽभिनन्दन्ति मूढाः । नाकस्य पृष्ठे ते सुकृतेन भूत्वा, इमं लोकं हीनतरं वा विशन्ति ।।१।।" [मुण्डक० १/२/१०] इति । **बन्धाच्च प्रेत्यसंसरणरूपः संसारः प्रवर्त्तते । सांख्यमते च पुरुषस्य प्रकृतिविकृत्यनात्मकस्य न बन्धमोक्षसंसाराः, किं तु प्रकृतेरेव । तथा च कपिलाः ।** -"तस्मान्न बध्यते नैव मुच्यते नापि संसरति कश्चित् । संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः ।।१।।" [सांखका० ६२] इति । नवरममी बन्धमोक्षसंसाराः पुरुषे उपचर्यन्ते[A] । **यथा जयपराजयौ भृत्यगतावपि स्वामिन्युपचर्येते तत्फलस्य कोशलाभादेः स्वामिनि संबन्धात्, तथा भोगापवर्गयोः प्रकृतिगतयोरपि विवेकाग्रहात्पुरुषे संबन्ध इति ।।**

ટીકાનો ભાવાનુવાદ :

શ્લોકમાં 'बत' પ્રશ્નકારને જવાબ આપતાં આમંત્રણમાં બોલાય છે. આ પુરુષ અને પ્રકૃતિના વિવેકજ્ઞાનથી પુરુષનો જે પ્રકૃતિથી વિયોગ થાય છે, તે મોક્ષ કહેવાય છે. જેમકે... "પરમાર્થથી આ પુરુષ શુદ્ધચૈતન્યસ્વરૂપ છે, પરંતુ પ્રકૃતિથી હું ભિન્ન છું. એમ જાણતો ન હોવાથી મોહથી (પ્રકૃતિના સંયોગથી) સંસારમાં પરિભ્રમણ કરે છે."

તેથી સુખ-દુઃખ-મોહના સ્વભાવવાળી પ્રકૃતિથી (પુરુષ ભિન્ન છે,) આવો વિવેક જ્યાં સુધી પ્રાપ્ત થતો નથી, ત્યાં સુધી મોક્ષ થતો નથી. પરંતુ (પુરુષથી ભિન્ન) પ્રકૃતિનો વિવેક થતાં, પ્રકૃતિની પ્રવૃત્તિ શાંત થઈ જાય છે અને પુરુષનું શુદ્ધચૈતન્યસ્વરૂપમાં અવસ્થાન થાય છે. તે જ મોક્ષ છે.

મોક્ષ બંધના વિચ્છેદથી થાય છે. બંધ ત્રણ પ્રકારનો છે. (૧) પ્રાકૃતિક, (૨) વૈકારિક, (૩) દાક્ષિણ.

તેમાં જેને પ્રકૃતિમાં આત્મજ્ઞાન થાય છે. અર્થાત્ જે પ્રકૃતિને પોતાની માને છે, તે પ્રકૃતિની ઉપાસના કરે છે, તેઓને પ્રાકૃતિકબંધ થાય છે.

જેઓ વિકારોને અર્થાત્ ભૂત, ઇન્દ્રિય, અહંકાર, બુદ્ધિરૂપ વિકારોને પુરુષ માનીને ઉપાસના કરે છે, તેઓને વૈકારિકબંધ થાય છે.

શ્રુતિવિહિત યજ્ઞાદિ કર્મો તથા વાવ-કુવા-તળાવ આદિ ઇષ્ટાપૂર્તકર્મ કરવામાં દાક્ષિણબંધ

A આ વર્ણન યોગ૦ ભા૦ ૨/૧૮ માં જોવા મળે છે.

થાય છે. પુરુષ તત્ત્વને નહિ જાણતો, સાંસારિકસુખોની ઇચ્છાથી ઉપહત થયેલા મનવાળો ઇષ્ટાપૂર્ત કર્મો કરે છે. તે દાક્ષિણબંધથી બંધાય છે. **કહ્યું છે** કે... જે મૂઢ માણસ ઇષ્ટાપૂર્તકર્મને જ શ્રેષ્ઠ માની, અન્ય કલ્યાણકારીકાર્ય નહિ કરતો, ઇષ્ટાપૂર્તકર્મથી પ્રાપ્ત થયેલા સુકૃતથી દેવલોકમાં જાય છે, પરંતુ પછીથી મનુષ્યલોકમાં કે તેનાથી હીન તિર્યંચલોકમાં જન્મ લે છે."

બંધથી પરલોકમાં જન્મ લેવો, ઇત્યાદિ જન્મ-મરણાદિરૂપ સંસાર પરિભ્રમણ ચાલે છે. સાંખ્યમતમાં જે પ્રકૃતિ કે વિકૃતિસ્વરૂપ નથી તે પુરુષનો બંધ, મોક્ષ કે સંસાર માન્યો નથી. પરંતુ બંધ, મોક્ષ અને સંસાર પ્રકૃતિના જ માન્યા છે. **સાંખ્યોએ કહ્યું છે કે...** 'તેથી કોઈ પુરુષ બંધાતો નથી, મુક્ત થતો નથી, સંસારમાં પરિભ્રમણ કરતો નથી. પરંતુ બહુસ્વરૂપવાળી પ્રકૃતિ બંધાય છે, મુક્ત થાય છે અને સંસારમાં પરિભ્રમણ કરે છે"

આટલું ચોક્કસ છે કે પ્રકૃતિના બંધ, મોક્ષ અને સંસારનો પુરુષમાં ઉપચાર કરાય છે. જેમ સૈનિકોનો જય-પરાજય સ્વામિનો જય-પરાજય કહેવાય છે. કારણકે તેના ફલભૂત ધનાદિની પ્રાપ્તિ સ્વામીને થાય છે. તેમ ભોગ-અપવર્ગ પ્રકૃતિના હોવા છતાં પણ વિવેકના અભાવથી પુરુષમાં ભોગ-અપવર્ગનો ઉપચાર થાય છે. અર્થાત્ ભોગ-અપવર્ગ પ્રકૃતિગત હોવા છતાં ભેદજ્ઞાન ન હોવાથી ભોક્તા પુરુષ-ભોક્તા કહેવાય છે. તેના કારણે પુરુષમાં સંસારી અને મુક્તનો વ્યપદેશ થાય છે.

अत्र प्रमाणस्य सामान्यलक्षणमुच्यते-'अर्थोपलब्धिहेतुः प्रमाणं' इति । अथोत्तरार्धे मानत्रितयं च-प्रमाणत्रितयं च, अत्र-सांख्यमते । किं तदित्याह-प्रत्यक्षं-प्रतीतं, लैङ्गं-अनुमानं, शाब्दं-चागमः । चकारोऽत्रापि संबन्धनीयः । तत्र प्रत्यक्षलक्षणमाख्यायते-'श्रोत्रादिवृत्तिरविकल्पिका प्रत्यक्षं' इति । 'श्रोत्रं त्वक् चक्षुषी जिह्वा नासिका चैति पञ्चमी' इति । **श्रोत्रादीनीन्द्रियाणि, तेषां वृत्तिर्वर्तनं परिणाम इति यावत्, इन्द्रियाण्येव विषयाकारपरिणतानि प्रत्यक्षमिति हि तेषां सिद्धान्तः[A] । अविकल्पिका नामजात्यादिकल्पनारहिता शाक्यमताध्यक्षवद्व्याख्येयेति । ईश्वरकृष्णस्तु** "प्रतिनियताध्यवसायः श्रोत्रादिसमुत्थोऽध्यक्षम्" [ ] इति प्राह । **अनुमानस्य त्विदं लक्षणम्[B]-**

A "इन्द्रियप्रणालिकया चित्तस्य बाह्यवस्तूपरागात् तद्विषया सामान्यविशेषात्मनोऽर्थस्य विशेषावधारणप्रधाना वृत्तिः प्रत्यक्षम्" ।। यो. सू. व्यास भा० पृ० २७ ।। "कापिलास्तु श्रोत्रादिवृत्तेः प्रत्यक्षत्वमिच्छति" ।। प्रमाणसमु० पृ. ६४ ।। ।।न्याय वा० पृ० ४३ ।। "वार्षगण्यस्यापि लक्षणमयुक्तमित्याह - श्रोत्रादिवृत्तिरिति ।।" न्यायवा० ता० टी पृ १५५ ।। न्यायमं० पृ १०० ।। तत्वोप० ६१ ।।

B આ વર્ણન સાંખ્ય કા૦ - ૫ તથા માઠર વૃત્તિ પૃ. ૧૩ ઉપર જોવા મળે છે.

पूर्वच्छेषवत्सामान्यतोदृष्टं चेति त्रिविधमनुमानमिति । तत्र नद्युन्नतिदर्शनादुपरिवृष्टो देव इत्यनुमीयते यत्तत्पूर्ववत् । तथा समुद्रोदकबिन्दुप्राशनाच्छेषं जलं क्षारमनुमानेन ज्ञायते, तथा स्थाल्यां सिक्थैकचम्पनाच्छेषमन्नं पक्वमपक्वं वा ज्ञायते तत्शेषवत् । यत्सामान्यतो दृष्टं तल्लिङ्गलिङ्गिपूर्वकम्, यथा त्रिदण्डदर्शनाददृष्टोऽपि लिङ्गी परिव्राजकोऽस्तीत्यवगम्यते, इति त्रिविधम् । अथवा तल्लिङ्गलिङ्गिपूर्वकमित्येवानुमानलक्षणं सांख्यैः समाख्यायते । शाब्दं त्वाप्तश्रुतिवचनम्, आप्ता रागद्वेषादिरहिता ब्रह्मसनत्कुमारादयः, श्रुतिर्वेदः तेषां वचनं शाब्दम् ।

टीकानो भावानुवाद :

हवे प्रमाणनुं सामान्यलक्षण कहेवाय छे. "अर्थनी (पदार्थनी) उपलब्धि (ज्ञान)ना कारणने प्रमाण कहेवाय छे."

श्लोकना उत्तरार्धमां त्रण प्रमाणनुं सूचन कर्युं हतुं, ते हवे कहे छे. प्रमाण त्रण छे. **प्रश्न :** कया त्रण प्रमाणो छे ? **उत्तर :** (१) प्रत्यक्ष, (२) अनुमान अने (३) आगम, आ त्रण प्रमाणो छे.

तेमां (प्रथम) प्रत्यक्षप्रमाणनुं लक्षण कहे छे- "नाम-जाति विकल्पोथी रहित श्रोत्रेन्द्रिय वगेरे इन्द्रियोनी वृत्तिने प्रत्यक्ष कहेवाय छे." त्यां श्रोत्र, त्वक्, चक्षु, जिह्वा अने नासिका आ पांच इन्द्रियो छे. ते पांच इन्द्रियोना परिणामने ज प्रत्यक्ष कहेवाय छे. सांख्योनो विषयाकार परिणत इन्द्रियोने ज प्रत्यक्षप्रमाण मानवानो सिद्धांत छे. टुंकमां नाम-जाति आदि कल्पनाथी रहितवृत्ति निर्विकल्पक छे. आ निर्विकल्पकप्रत्यक्षनुं व्याख्यान बौद्धमतमां करेली प्रत्यक्षनी व्याख्या प्रमाणे समजी लेवुं.

ईश्वरकृष्णे प्रत्यक्षनुं लक्षण आ रीते कर्युं छे - "श्रोत्रादि इन्द्रियोथी उत्पन्न थयेल प्रतिनियत अध्यवसायने प्रत्यक्ष कहेवाय छे. अर्थात् प्रत्येकविषयनी प्रति इन्द्रियोना व्यापारने प्रत्यक्ष प्रमाण कहेवाय छे."

(सांख्यसूत्रमां प्रत्यक्षनुं लक्षण आ रीते कर्युं छे - इन्द्रिय अने अर्थना संबंधथी जे ज्ञान उत्पन्न थाय, ते प्रत्यक्षज्ञान कहेवाय छे. प्रत्यक्षज्ञानमां इन्द्रिय अने अर्थ बंनेनी विद्यमानतानी आवश्यकता छे. तेथी प्रत्यक्षज्ञान अर्थ अने इन्द्रिय उभयनुं फल छे.)

हवे अनुमाननुं लक्षण बतावे छे - अनुमानना त्रण प्रकार छे. (१) पूर्ववत्, (२) शेषवत्, (३) सामान्यतोदृष्ट.

તેમાં નદીના ઉન્નતિના દર્શનથી અર્થાત્ પૂરના કારણે પાણીથી ભરેલી નદીના દર્શનથી ઉપરીતન વિસ્તારમાં વરસાદ પડ્યો હશે, તેવું અનુમાન થાય છે. તે પૂર્વવત્અનુમાન કહેવાય છે.

સમુદ્રના એકબિંદુને ચાખવાથી પાણી ખારું છે તેવું જ્ઞાન થવાથી, સમુદ્રના શેષપાણીમાં ખારાશનું અનુમાન કરવું તે શેષવત્ અનુમાન કહેવાય છે **અથવા** જમવા બેસતી વખતે થાળીમાં રહેલા એકચોખાના દાણાને દબાવતાં, બાકીનાચોખાના દાણા પક્વ છે કે અપક્વ છે ? તેનું અનુમાન થાય છે, તે શેષવત્અનુમાન કહેવાય છે.

લિંગપૂર્વક લિંગિનું જ્ઞાન થાય તે સામાન્યતોદૃષ્ટ અનુમાન કહેવાય છે. જેમ કે ત્રિદંડરૂપ લિંગના દર્શનથી અદૃષ્ટ પણ પરિવ્રાજક લિંગિનું જ્ઞાન થાય છે, તે સામાન્યતોદૃષ્ટ અનુમાન છે.

આ રીતે ત્રણ અનુમાનના પ્રકાર છે. અથવા સાંખ્યો વડે અનુમાનનું સામાન્યલક્ષણ કહેવાય છે કે - "લિંગ અને લિંગિના સંબંધને ગ્રહણ કરી લિંગથી લિંગિનું જ્ઞાન કરવું તે અનુમાન."

આપ્ત અને શ્રુતિ (વેદ)ના વચનોને શાબ્દ(આગમ)પ્રમાણ કહેવાય છે. [A]રાગ-દ્વેષથી રહિત બ્રહ્મ, સનત્કુમાર વગેરે આપ્તપુરુષો છે. શ્રુતિ એટલે વેદ. તે આપ્તપુરુષ તથા શ્રુતિના વચનોને શાબ્દપ્રમાણ કહેવાય છે.

अत्रानुक्तमपि किंचिदुच्यते । चिच्छक्तिर्विषयपरिच्छेदशून्या नार्थं जानाति, बुद्धिश्च जडा न चेतयते, सन्निधानात्तयोरन्यथा प्रतिभासनम्, प्रकृत्यात्मसंयोगात्सृष्टिरुपजायते, प्रकृतिविकारस्वरूपं कर्म, तथा त्रैगुण्यरूपं सामान्यम्, प्रमाणविषयस्तात्त्विक इति । अत्र त्रयो गुणाः सत्त्वरजस्तमांसि । ततःस्वार्थे "ण्योनन्दादे" इति ण्यः, यथा त्रयो लोकास्त्रैलोक्यं, षड्गुणाः षाड्गुण्यम्, ततस्त्रैगुण्यं रूपं स्वभावो यस्य सामान्यस्य तत् त्रैगुण्यरूपमिति । प्रमाणस्य च फलमित्थम् । पूर्वं पूर्वं प्रमाणमुत्तरं (उत्तरं) तु फलमिति । तथा कारणे कार्यं सदेवोत्पद्यतेऽसदकारणादिभ्यो हेतुभ्यः । [A]तदुक्तम्

A આ વાત સાંખ્ય કા૦ મા૦ વૃ૦ કા૦ - ૩માં કરી છે.

A "इह लोके सदेव सद्भवति । असतः का(क)रणं नास्ति । यदि स्यात्तदा सिकताभ्यस्तैलं, कूर्मरोमभ्यः पटप्रावरणम्, वन्ध्यादुहितृभ्रूविलासः, शशविषाणं, ~~खपुष्पं~~ च स्यात् । न चास्ति तस्मादनुगीयते प्रधाने प्रागुत्पत्तेर्गहदादिकमस्त्येव । उपादानग्रहणात् । इह लोके यो येनार्थी स तदुपादानग्रहणं करोति । तन्निमित्तमुपादत्ते । तद्यथा दध्यर्थी क्षीरस्योपादानं कुरुते । यदि चासत्कार्यं स्यात्तदा दध्यर्थी उदकस्याप्युपादानं कुर्यात्, न च कुरुते, तस्मात् महदादि कार्यमस्तीति । किं च सर्वसम्भवाभावात् । इह लोके यद् यस्मिन् विद्यते तस्मादेव तदुत्पद्यते । यथा तिलेभ्यस्तैलं, दध्नो घृतम् । यदि चासत्कार्यं स्यात्तदा सर्वं सर्वतः सम्भवेत्ततश्च तृणपांशुवालुकादिभ्यो रजतसुवर्णमणिमुक्ताप्रवालादयो जायेरन् । न च जायन्ते तस्मात्पश्यामः सर्वसम्भवाभावादपि महदादि कार्यं प्रधाने सदेव सद्भवतीति । अतश्चास्ति - शक्तस्य शक्यकरणात् । इह लोके शक्तः शिल्पी करणादि - कारणोपादानकालोपायसंपन्नः शक्यादेव शक्यं कर्म आरभते नाशक्यमशक्यात् । तद्यथा - शक्तः कुम्भकारः

(सांख्यकारिका ९)-"असदका(क)रणादुपादानग्रहणात्सर्वसंभवाभावात् । शक्तस्य शक्यकरणात्कारणभावाच्च सत्कार्यम् ।।१।।" इति ।। **अत्र सर्वसंभवाभावादिति, यद्यसत्कार्यं स्यात्तदा सर्वं सर्वत्र भवेत् । ततश्च तृणादिभ्योऽपि सुवर्णादीनि भवेयुः, न च भवन्ति, तस्मात्कारणे कार्यं सदेव । तथा द्रव्याण्येव केवलानि सन्ति, न पुनरुत्पत्तिविपत्तिधर्माणः पर्यायाः केऽपि, आविर्भावतिरोभावमात्रत्वात्तेषामिति । सांख्यानां तर्कग्रन्थाः षष्टितन्त्रोद्धाररूपं, माठरभाष्यं, सांख्यसप्ततिनामकं, तत्त्वकौमुदी, गौडपादं, आत्रेयतन्त्रं चेत्यादयः ।।४३।।**

टीकानो भावानुवाद :

मूणमां नहि कहेली केटलीक विशेषबाबतोने कहेवाय छे - चैतन्यशक्ति शब्दादि विषयोनो परिच्छेद करती नथी. अर्थात् अर्थने जाणती नथी. (परंतु पदार्थोने जाणनारी बुद्धि छे.) ते बुद्धि जड छे अने ते संचेतन (संवेदन) करी शकती नथी. चैतन्यशक्ति अने बुद्धिना सन्निधानथी बंनेनो स्वभाव विपरीत थई जाय छे. अर्थात् चैतन्यशक्ति विषयोनो परिच्छेद करती थई जाय छे- अर्थने जाणती थई जाय छे. तथा जड जेवी बुद्धि चेतनावाळी बनी जाय छे.

प्रकृति अने पुरुषना संयोगथी ज सृष्टिनुं सर्जन थाय छे. पुण्य-पाप कर्मप्रकृतिना विकार स्वरूप छे तथा त्रणगुणवाळुं प्रधान सामान्य छे. अर्थात् सर्वत्र अनुगत छे. प्रमाणना विषयभूत बाह्यार्थ तात्त्विक(वास्तविक) छे. काल्पनिक नथी.

अहीं त्रण गुण सत्त्व, रजस् अने तमस् छे. स्वार्थमां "ण्योनन्दादे" सूत्रथी 'ण्य' प्रत्यय लागीने त्रिगुणनुं ज त्रैगुण्य बनेल छे. जेमके त्रणलोकने त्रैलोक्य अने षड्गुण ज षाड्गुण्य कहेवाय छे. तेम त्रैगुण्य समजी लेवुं.

त्रैगुण्यरूप सामान्य छे. पूर्व पूर्व प्रमाण छे. उत्तर उत्तर फल छे. (अर्थात् सन्निकर्षोने प्रमाण मानशो, त्यारे निर्विकल्पकज्ञान फल थशे. अने निर्विकल्पकज्ञान प्रमाण मानशो, त्यारे सविकल्पकज्ञान फल थशे.)

सांख्यकारिकामां कह्युं छे के... 'कारणे कार्यं सदेवोत्पद्यते, असदकारणादिभ्यो हेतुभ्यः ।

शक्यादेव गृत्पिण्डात् शक्यदण्डचक्रसूत्रोदकविदलतलादिभिः संपन्नो घटशरावोदञ्चनादीन्यारभमाणो दृष्टः । न च मणिकादि, अशक्यत्वात्तावता पिण्डेन तस्य । यदि पुनः करणनियमो न स्यात् । इह लोके यल्लक्षणं कारणं तल्लक्षणं कार्यं स्यात् । यथा कोद्रवेभ्यः कोद्रवाः, व्रीहिभ्यो व्रीहयः स्युः । यदि चासत्कार्यं स्यात् तदा कोद्रवेभ्यः शालीनामपि निष्पत्तिः स्यात् । न च भवति । तस्मात्कारणभावादपि पश्यामः प्रधाने महादादि कार्यमस्तीति । साधितमेवमेतैः पञ्चभिर्हेतुभिः सत् कार्यम् ।।" - सांख्यका० मा० वृ० ९ ।।

કારણમાં કાર્યની સત્તા હોય છે. આથી કારણમાં વિદ્યમાન કાર્ય જ ઉત્પન્ન થાય છે. કારણકે અસદ્કારણાદિ પાંચકારણો છે.

તે પાંચકારણો બતાવતાં સાંખ્યકારિકામાં કહ્યું છે કે... "(૧) અસત્ કારણ બની શકે નહિ. (૨) કારણ સાથે (કાર્યનો) ચોક્કસ સંબંધ હોય છે. (૩) દરેક કાર્ય દરેક કારણમાંથી ઉત્પન્ન થતું નથી. (૪) જે ઉત્પન્ન કરવા કારણ સમર્થ હોય, તેને જ તે ઉત્પન્ન કરી શકે છે. (૫) કાર્ય કારણનો જ સ્વભાવ ધરાવે છે. આ પાંચ કારણથી (કારણમાં વિદ્યમાન કાર્ય જ ઉત્પન્ન થાય છે, તેવો) સત્કાર્યવાદ (સાંખ્યોવડે) સ્વીકારાયેલો છે." (આ વિષયમાં ટીપ્પણીમાં વિસ્તારથી વર્ણન કર્યું છે. તે જોઈ લેવું.)

જો કારણમાં અવિદ્યમાન (અસત્) કાર્ય ઉત્પન્ન થતું હોય તો સર્વત્ર સર્વને સર્વ ઉત્પન્ન કરી શકશે. અર્થાત્ તૃણાદિથી સુવર્ણાદિ પણ ઉત્પન્ન થશે, પરંતુ તેવું નથી. તેથી કારણમાં વિદ્યમાન કાર્ય ઉત્પન્ન થાય છે, તેવો સિદ્ધાંત નિશ્ચિત થાય છે. તથા માત્ર દ્રવ્યો જ હોય છે. પરંતુ ઉત્પત્તિ અને વિનાશસ્વરૂપ કોઈપણ પર્યાયો હોતા નથી. પરંતુ આવિર્ભાવને જ ઉત્પત્તિપર્યાય અને તિરોભાવને જ વિનાશપર્યાય કહેવાય છે.

સાંખ્યદર્શનના ષષ્ટિતંત્રના પુનઃ સંસ્કરણરૂપ માઢરભાષ્ય, સાંખ્યસપ્તતિ, તત્ત્વકૌમુદી, ગૌડપાદભાષ્ય, આત્રેયતંત્ર ઇત્યાદિ ગ્રંથો છે. ॥૪૩॥

सांख्यमतमुपसंजिहीर्षन्नुत्तरत्र जैनमतमभिधित्सन्नाह-

હવે સાંખ્યમતનો ઉપસંહાર કરતાં, જૈનમતનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરતાં કહે છે કે..

एवं सांख्यमतस्यापि समासो गदितोऽधुना ।
जैनदर्शनसंक्षेपः कथ्यते सुविचारवान् ।।४४।।

શ્લોકાર્થ : આ રીતે સાંખ્યમતનો પણ સંક્ષેપ કહેવાયો. હવે પ્રમાણસિદ્ધ જૈનમતનો સંક્ષેપ કહેવાય છે. ॥૪૪॥

व्याख्या-एवमुक्तविधिना सांख्यमतस्यापि न केवलं बौद्धनैयायिकयोरित्यपिशब्दार्थः । समासःसंक्षेपोऽधुना गदितः । जैनदर्शनसंक्षेपः कथ्यते । कथंभूतः सुविचारवान्-सुष्ठु सर्वप्रमाणैरबाधितस्वरूपत्वेन शोभना विचाराः सुविचारास्ते विद्यन्ते यस्य स सुविचारवान्, न पुनरविचारितरमणीयविचारवानिति । अनेनापरदर्शनान्यविचारितरमणीयानीत्यावेदितं मन्तव्यम् । यदुक्तं परैरेव-"पुराणं मानवो धर्मः साङ्गो वेदश्चिकित्सितम् । आज्ञासिद्धानि चत्वारि न हन्तव्यानि हेतुभिः ।।१।।" **[मनु० १२/११०] परैर्हि**

दोषसंभावनयैव स्वमतविचारणा नाद्रियते । यत उक्तम्-"अस्ति वक्तव्यता काचित्तेनेदं विचार्यते । निर्दोषं काञ्चनं चेत्स्यात्परीक्षाया बिभेति किम् ।।१।।" **इति अत एव जैना जिनमतस्य निर्दूषणतया परीक्षातो निर्भीका एवमुपदिशन्ति । सर्वथा स्वदर्शमपक्षपातं परित्यज्य माध्यस्थ्येनैव युक्तिशतैः सर्वदर्शनानि पुनः पुनर्विचारणीयानि, तेषु च यदेव दर्शनं युक्तियुक्ततयावभासते, यत्र च पूर्वापरविरोधगन्धोऽपि नेक्ष्यते, तदेव विशारदैरादरणीयं नापरमिति । तथा चोक्तम्**-"पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु। युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।।१।।" ।। लोकतत्त्वनिर्णय - ३८ ।। ।।४४।।

इति श्रीतपोगणनभोङ्गणदिनमणिश्रीदेवसुन्दरसूरिपादपद्मोपजीविश्रीगुणरत्नसूरिविरचितायां तर्क-रहस्यदीपिकाभिधानायां षड्दर्शनसमुच्चयवृत्तौ सांख्यमतरहस्यप्रकाशनो नाम तृतीयोऽधिकारः ।।

टीकानो भावानुवाद :

આ પ્રકારે માત્ર બૌદ્ધ-નૈયાયિકમતનો જ નહિ, પરંતુ સાંખ્યમતનો પણ સંક્ષેપ કહેવાયો. હવે જૈનમતનો સંક્ષેપ કહેવાય છે. તે જૈનમત કેવા પ્રકારનો છે ? જૈનમતનું સર્વપ્રમાણોથી અબાધિતસ્વરૂપ હોવાના કારણે સુંદર વિચારોવાળો છે. પરંતુ અવિચારિત રમણીયવાતોથી ભરેલો નથી. આનાદ્વારા સૂચિત થાય છે કે અન્યદર્શનો માત્ર અવિચારિતપણે રમણીય છે. અર્થાત્ જૈનદર્શન પ્રમાણથી અબાધિત છે અને અન્યદર્શન પ્રમાણથી બાધિત છે.

અન્યદર્શનો અવિચારિત રમણીય છે. કારણકે બીજાઓ વડે કહેવાય છે કે... "પુરાણ, માનવધર્મ-મનુસ્મૃતિ આદિ-અંગ-ઉપાંગ સહિત વેદ તથા આયુર્વેદશાસ્ત્ર, આ ચાર આજ્ઞાસિદ્ધ હોવાથી (પરીક્ષાવિના) પ્રમાણ માનીલેવાના અને તેમાં કોઈ તર્ક કરવો નહિ. અર્થાત્ હેતુઓ દ્વારા તેનું ખંડન કરવું નહિ."

અન્યદર્શનોના આચાર્યોવડે (પોતાના મતમાં) દોષોની સંભાવના હોવાથી પોતાના મતની વિચારણા માટે તૈયાર થતા નથી. જેથી કહ્યું છે કે... "અમારા વડે તેમના મતમાં કોઈક અસંગતિઓ કહેવા યોગ્ય છે. પરંતુ તેમના વડે વિચારણા કરવાની તૈયારી જ નથી. જો તેમનો મત નિર્દોષ છે, તો પરીક્ષા માટે શા કારણે ગભરાય છે ?"

આથી જ જૈનમત નિર્દોષ હોવાના કારણે જૈનો પરીક્ષાથી ગભરાતા નથી અને પરીક્ષા કરવા ઉપદેશ આપે છે.

(આથી) સર્વથા સ્વદર્શનનો પક્ષપાત છોડીને મધ્યસ્થપણાથી સેંકડો યુક્તિઓવડે સર્વ દર્શનોને

વારંવાર વિચારવા જોઈએ. વિચારણાના અંતે તે દર્શનોમાં જે દર્શનની વાતો યુક્તિયુક્ત લાગે અને જેમાં પૂર્વાપર વાતોના વિરોધની ગંધ પણ ન દેખાય, તે જ મતનો પંડિતો વડે આદર કરવો જોઈએ, અન્યમતનો નહિ.

તેથી જ પૂ.આ.ભ. હરિભદ્રસૂરિજી મહારાજાએ કહ્યું છે કે

"વીર પરમાત્મામાં મને પક્ષપાત નથી કે કપિલાદિ અન્યદર્શનના પ્રણેતાઓમાં દ્વેષ નથી. પરંતુ જેનું વચન યુક્તિયુક્ત હોય તેના વચનનો પરિગ્રહ (સ્વીકાર) કરવો જોઈએ."

॥ આ રીતે શ્રીતપાગચ્છરૂપી ગગનમંડપમાં સૂર્યસમાન તેજસ્વી શ્રીદેવેન્દ્રસૂરિ મહારાજાના ચરણકમલસેવી શ્રી ગુણરત્નસૂરિ મહારાજા વિરચિત તર્કરહસ્ય દીપિકા નામની ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથની વૃત્તિમાં સાંખ્યમતના રહસ્યને પ્રગટ કરનાર તૃતીય અધિકાર સાનુવાદસાનંદ પૂર્ણ થયો. ॥

———— X ———— X ————
———— X ———— X ————

- परिशिष्ट - १

वेदांत-मत

लोकायत मतेऽप्येवं संक्षेपोऽयं निवेदितः ।
वेदान्तिनां मतस्यासौ कथ्यमानो निशम्यताम् ।।१।।

આ પ્રમાણે લોકાયત મતનો સંક્ષેપ કહ્યો. હવે વેદાંતીઓના મતનો સંક્ષેપ કહેવામાં આવે છે.

वेदान्तिनः पुनः प्राहुरद्वैतमतवादिनः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।।२।।

અદ્વૈત મતને માનનારા વેદાંતીઓ એમ કહે છે કે બ્રહ્મ જ સત્ય છે, જગત મિથ્યા છે, જીવ બ્રહ્મસ્વરૂપ જ છે. બ્રહ્મથી જુદો નથી.

अनिर्वाच्या हि मायात्र या विवर्तविधायिनी ।
विक्षेपावारशक्तिभ्यां सहिताध्यासकारणम् ।।३।।

વેદાંત-મતમાં અનિર્વચનીય સ્વરૂપા માયા 'વિવર્ત'નું કારણ માનવામાં આવી છે અને તે માયા વિક્ષેપશક્તિ અને આવરણ શક્તિથી યુક્ત છે. તેથી જ દ્વૈતનો અધ્યાસ (=ભ્રમ) ઉત્પન્ન કરે છે.

आवारशक्तिर्मायायाः प्रोक्ता कर्तृत्वकारणम् ।
शक्तिर्विक्षेपरूपा च प्रपञ्चजननी मता ।।४।।

માયાની આવરણ શક્તિ કર્તૃત્વ-ભોક્તૃત્વ-સુખ-દુઃખાદિનો અધ્યાસ ઉત્પન્ન કરે છે અને વિક્ષેપ શક્તિ આ દૃશ્યમાન પ્રપંચનું કારણ બને છે.

सर्वसत्त्वानुस्यूतं च ब्रह्मैवैकं च निर्गुणम् ।
सदाशुद्धं स्वतःसिद्धं तद्भिन्नं विद्यते न सत् ।।५।।

દરેકે દરેક પ્રાણીમાં અનુસ્યૂત (પરોવાયેલ = જોડાયેલ) 'બ્રહ્મ' તત્ત્વ જ સત્ છે. તે ત્રિગુણાતીત છે. સદાને માટે શુદ્ધ છે અને સ્વયં સિદ્ધ છે. તેનાથી ભિન્ન કોઈ સત્ પદાર્થ નથી.

श्रवणान्मननाच्चैव निदिध्यासान्निरंतरम् ।
समाधेरप्यनुष्ठानात् प्राप्यते ब्रह्म निश्चयम् ।।६।।

શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સમાધિના અનવરત અનુષ્ઠાનથી આત્માના બ્રહ્મ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, તેમાં કોઈ શંકા નથી.

प्रमाणादिव्यवस्था च मीमांसासमंता मता ।
अभिधेयार्थतात्पर्यं पर्यालोच्यं सुबुद्धिभिः ।।७।।

વેદાંત-મતમાં પ્રમાણોની વ્યવસ્થા મિમાંસા દર્શનની જેમ જ છે. (વેદાંત-મતનો સંક્ષેપ પૂર્ણ થયો.) બુદ્ધિમાન પુરુષોએ અભિધેય અર્થના તાત્પર્યનો વિચાર કરવો.

वैराग्यरतिनाज्ञेन वेदान्तमतप्रक्रिया ।
संक्षिप्ता पूरिताह्यत्र बोधाय स्वाल्पमेधसाम् ।।८।।

-: वेदांतदर्शन :-

'વેદાંત' એટલે વેદોનો અંતભાગ, વેદોના પૂર્વભાગમાં યજ્ઞાદિ કર્મોના મંત્રો છે અને ઉત્તર ભાગમાં આત્મજ્ઞાનના મંત્રો છે. તેને ઉપનિષદ્ મંત્રો કહેવાય છે. ઉપનિષદો વેદના અંતમાં છે. તેથી વેદાંત છે અને ઉપનિષદ્ મંત્રોની એકવાક્યતા સ્થાપવા માટે રચાયેલા સિદ્ધાંતો તે 'વેદાંત દર્શન' છે. બાદરાયણ ઋષિનાં 'બ્રહ્મસૂત્રો' વેદાંતનો મૂલાધાર છે. વેદાંતને ઉત્તરમીમાંસા પણ કહેવાય છે.

પૂર્વમીમાંસાની જેમ જ વેદાંતમાં કોઈ દેવવિશેષ ઈશ્વર તરીકે સંમત નથી.

ઉપનિષદોનાં તમામ વાક્યોનું તાત્પર્ય એક અને પ્રત્યગભિન્ન 'બ્રહ્મ' તત્ત્વમાં છે. આ વેદાંતનો કેન્દ્રવર્તી વિચાર છે.

બ્રહ્મની જ એકમાત્ર સત્તાનો સ્વીકાર અને બ્રહ્મ સિવાય તમામ પદાર્થની સત્તાનો અસ્વીકાર કરવાને કારણે આ દર્શન 'અદ્વૈતવાદી' દર્શન તરીકે પ્રસિદ્ધ છે. દ્વૈત=ભેદ, અદ્વૈત=અભેદ. તમામ તત્ત્વોના બ્રહ્મ સાથે અભેદનું પ્રતિપાદન અદ્વૈત સિદ્ધાંતમાં કરવામાં આવે છે.

બ્રહ્મસૂત્રો પર ઘણાં ભાષ્યો રચાયાં છે અને દરેક ભાષ્યકારે વેદાંતને અલગ અલગ રીતે સમજાવવાનો યત્ન કર્યો છે. તેમના પ્રમુખ સિદ્ધાંતનો નામમાત્રથી ઉલ્લેખ અત્રે પ્રસ્તુત છે :

	નામ	ભાષ્ય	સિદ્ધાંત
(૧)	શંકર	શારીરકભાષ્ય	નિર્વિશેષાદ્વૈત
(૨)	ભાસ્કર	ભાસ્કરભાષ્ય	ભેદાભેદ
(૩)	રામાનુજ	શ્રીભાષ્ય	વિશિષ્ટાદ્વૈત
(૪)	મધ્વ	પૂર્ણપ્રજ્ઞભાષ્ય	દ્વૈત
(૫)	નિમ્બાર્ક	વેદાંતપારિજાતભાષ્ય	દ્વૈતાદ્વૈત

(૬) શ્રીકંઠ	શૈવભાષ્ય	શૈવવિશિષ્ટાદ્વૈત
(૭) શ્રીપતિ	શ્રીકરભાષ્ય	વીરશૈવવિશિષ્ટાદ્વૈત
(૮) વલ્લભ	અણુભાષ્ય	શુદ્ધાદ્વૈત
(૯) વિજ્ઞાનભિક્ષુ	વિજ્ઞાનામૃતભાષ્ય	અવિભાગાદ્વૈત
(૧૦) બલદેવ	ગોવિંદભાષ્ય	અનિત્યભેદાભેદ

ઉપરોક્ત મતોમાં આચાર્ય શંકરનો 'નિર્વિશેષાદ્વૈત'-મત વધુ પ્રચલિત છે.

અદ્વૈતવાદને સમજવા કેટલાક અન્ય સિદ્ધાંતો ખ્યાલમાં રાખવા જરૂરી છે.

(૧) આત્મા સ્વયંસિદ્ધ છે. તેની સિદ્ધિ માટે કોઈ પ્રમાણની જરૂર નથી.

(૨) આત્મા જ્ઞાન=જ્ઞપ્તિ સ્વરૂપ છે.

(૩) જ્ઞાતા અને જ્ઞાન ભિન્ન ભિન્ન નથી.

(૪) જ્ઞાનના વિષયભૂત પદાર્થોનું સ્વતંત્ર અસ્તિત્વ નથી.

જગતમાં દેખાતી વસ્તુઓનું આકાર સહિત સ્વરૂપ જે ઉત્પત્તિશીલ અને વિનાશશીલ છે, તે સત્ય નથી. કારણ કે સત્ય હંમેશાં ત્રિકાલાતીત હોય છે. તમામ પદાર્થોનું મૂળ ઉપાદાન સ્વરૂપ જે સદા અવિનાશી છે, તે જ સત્ય છે અને તે એક જ છે. આ તત્ત્વનું નામ જ 'બ્રહ્મ' છે. બ્રહ્મ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લયનું કારણ છે. સત્, ચિત્ અને આનંદસ્વરૂપ છે. તે ત્રિગુણાતીત છે. જીવ કે જગતના કોઈ ગુણ તેની પર આરોપિત નથી. તે ત્રણ પ્રકારના ભેદથી મુક્ત છે. ભેદના ત્રણ પ્રકાર છે : (૧) વિજાતીય ભેદ (૨) સજાતીય ભેદ (૩) સ્વગત ભેદ.

મનુષ્ય અને પશુની જાતિ ભિન્ન છે, માટે તે બે વચ્ચે વિજાતીય ભેદ છે. ભારતીય મનુષ્ય અને વિદેશી મનુષ્ય વચ્ચે દેશકૃત સજાતીય ભેદ છે અને પ્રત્યેક મનુષ્ય અન્ય તમામ મનુષ્યોથી અને વસ્તુઓથી જુદો છે. 'સ્વગત ભેદ'ને કારણે.

દૃશ્યમાન જગતમાં દ્વૈતની પ્રતીતિ 'માયા'ને કારણે થાય છે. માયા એટલે અજ્ઞાન. જેમ અગ્નિની દાહક શક્તિ છે, તેમ માયા બ્રહ્મની જ એક શક્તિ છે. તે સત્ પણ નથી, અસત્ પણ નથી. સદસત્ પણ નથી. સદસદ્ ભિન્ન પણ નથી. તેના સ્વરૂપનું નિર્વચન કરવું શક્ય નથી, તે સત્ત્વ, રજસ્, તમસ્ આ ત્રણ ગુણાત્મક છે અને જ્ઞાનની વિરોધિની છે.

આ માયાને જ સમષ્ટિ=સમૂહના અભિપ્રાયથી એક અને વ્યષ્ટિના અભિપ્રાયથી અનેક કહેવામાં આવે છે.

સમષ્ટિ અજ્ઞાનની ઉત્કૃષ્ટ ઉપાધિ છે તે વિશુદ્ધ છે, કારણકે સત્ત્વગુણ પ્રધાન છે.

ઉત્કૃષ્ટોપાધિરૂપ ચૈતન્યને ઈશ્વર કહેવાય છે. તે બધાં જ કાર્યોનું કારણ છે, માટે તેને કારણ શરીર કહેવાય છે. સાત્ત્વિક હોવાથી આનંદમયકોષ કહેવાય છે. સમષ્ટિમાં બધાં જ કાર્યોનો ઉપરમ થાય છે. તેથી 'સુષુપ્તિ' કહેવાય છે.

વ્યષ્ટિ અજ્ઞાનની નિકૃષ્ટ ઉપાધિ છે. તેમાં રજસ્ અને તમસ્થી અભિભૂત-મલિન સત્ત્વની પ્રધાનતા હોય છે. આ ઉપાધિયુક્ત ચૈતન્ય પ્રાજ્ઞ કહેવાય છે. પ્ર=પ્રકૃષ્ટ અજ્ઞ=અજ્ઞાની. અલ્પજ્ઞ અને અનીશ્વર. આ ઉપાધિ પણ કારણ શરીર - આનંદમય કોષ અને સુષુપ્તિ સ્વરૂપ છે.

અજ્ઞાનની બે શક્તિ છે. આવરણ અને વિક્ષેપ. આવરણ શક્તિ એટલે વસ્તુના મૂળ સ્વરૂપને ઢાંકી દેવાની શક્તિ અને વિક્ષેપ શક્તિ એટલે એક વસ્તુ પર અન્ય વસ્તુનો આરોપ કરવાની શક્તિ.

આવરણ શક્તિને કારણે કર્તૃત્વ-ભોક્તૃત્વ-સુખ-દુઃખાદિ ભાવોનો અનુભવ થાય છે.

વિક્ષેપશક્તિ પ્રપંચને ઉત્પન્ન કરે છે. તે તમઃપ્રધાન હોય છે. તમઃ સહિત અજ્ઞાનોપહિત ચૈતન્ય આકાશની ઉત્પત્તિનું કારણ બને છે. આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જલ, જલથી પૃથ્વી ઉત્પન્ન થાય છે. તેમાં સત્ત્વ, રજસ્, તમસ્ પ્રગટે છે. આ પાંચ ભૂતોને 'તન્માત્ર' કહે છે. તેમાંથી જ સૂક્ષ્મ શરીર અને સ્થૂલ શરીરની ઉત્પત્તિ થાય છે. ભૂતોત્પત્તિની 'પંચીકરણ' પ્રક્રિયા વેદાંતમાં વિસ્તારથી જોવા મળે છે.

સૂક્ષ્મ શરીરના સત્તર અવયવો છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, બુદ્ધિ અને મન, પાંચ કર્મેન્દ્રિય અને પાંચ વાયુ.

જ્ઞાનેન્દ્રિય, મન અને બુદ્ધિ અંતઃકરણ છે અને અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્યને વ્યાવહારિક જીવ કહેવાય છે. જે ઈહલોક-પરલોકમાં ગમન કરે છે.

જ્ઞાનેન્દ્રિયો સહિત બુદ્ધિ 'વિજ્ઞાનમય કોષ' બને છે. જ્ઞાનેન્દ્રિય સહિત મન 'મનોમયકોષ' બને છે. પાંચ વાયુ (પ્રાણ, ઉદાન, અપાન, સમાન, વ્યાન) કર્મેન્દ્રિય સાથે મળીને પ્રાણમય કોષ બને છે. વિજ્ઞાનમયકોષ+મનોમયકોષ+પ્રાણમયકોષ આ ત્રણે કોષ મળીને સૂક્ષ્મ શરીર બને છે. તેમાંથી સ્થૂલ શરીરની ઉત્પત્તિ થાય છે. વ્યષ્ટિ ઉપહિત ચૈતન્ય જ્યારે સ્થૂલ શરીરાદિમાં પ્રવેશે ત્યારે 'વિશ્વ' બને છે.

આ સમગ્ર વિશ્વ વસ્તુતઃ આત્મસ્વરૂપ નથી. પણ અધ્યારોપને કારણે આત્મરૂપ ભાસે છે.

આ અધ્યારોપની નિવૃત્તિ માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સમાધ્યનુષ્ઠાન અપેક્ષિત છે. સાધન ચતુષ્ટય સંપન્ન પ્રમાતા બ્રહ્મવિદ્ ગુરુ પાસે નિરંતર શ્રવણાદિનું અનુષ્ઠાન કરે તો

તેના ભ્રમની નિવૃત્તિ થાય છે અને અદ્વૈતનો અનુભવ થાય છે. (૧) નિત્યાનિત્ય વસ્તુવિવેક, (૨) ઈહલોક પરલોક સંબંધી ફળના ઉપભોગનો વિરાગ (૩) શમાદિ છ ગુણોની પ્રાપ્તિ (શમ, દમ, ઉપરતિ (=કર્મત્યાગ), તિતિક્ષા (સહનશીલતા), સમાધિ અને શ્રદ્ધા આ છ ગુણો) છે. (૪) મુમુક્ષા=મોક્ષની ઈચ્છા.

આ ચાર ગુણોના સેવનપૂર્વક શ્રવણાદિ સેવવા જોઈએ.

પ્રમાણની બાબતમાં વેદાંત અને મીમાંસા દર્શનનો મત એક જ છે.

(પૂ. મુ. શ્રી વૈરાગ્યરતિ વિ. મ. સા. દ્વારા અનુવાદિત ષડ્દર્શન સમુચ્ચય (સાનુવાદ) માંથી સાભાર સ્વીકાર)

- परिशिष्ट - २

योगदर्शन

યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિ છે. સાંખ્યદર્શન અને યોગદર્શનની દાર્શનિક વિચારધારા એક જ છે. સાંખ્યદર્શન જે ૨૫ તત્ત્વોને માને છે, તે જ ૨૫ તત્ત્વોને યોગદર્શન માને છે. ફરકમાત્ર એટલો જ છે કે સાંખ્યદર્શન નિરીશ્વરવાદી છે, જ્યારે યોગદર્શન સમાધિની સિદ્ધિ માટે ઈશ્વરને માને છે.



પુરુષ અને પ્રકૃતિનું સ્વરૂપ સાંખ્યદર્શનમાં જોયું છે. પ્રકૃતિ અને પુરુષના સંયોગથી જ સંસાર છે. જ્યારે પ્રકૃતિ અને પુરુષનું ભેદજ્ઞાન થાય, ત્યારે સંયોગની વિનિર્મુક્તિ થતાં આત્માનો મોક્ષ થાય છે. પ્રકૃતિ અને પુરુષના ભેદજ્ઞાન માટે 'યોગ' જરૂરી છે. આ યોગ, તેના સાધનો, તેનાથી પ્રાપ્ત થતી સિદ્ધિઓનું વિશદ વર્ણન યોગશાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય છે.

પાતંજલ યોગસૂત્રમાં ઈશ્વરનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે –

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः । ।। १-२४।।

- અવિદ્યાદિ ક્લેશ, ધર્માધર્મરુપ કર્મ, જાતિ વગેરે ક્લેશકર્મના ફલરુપ વિપાક તથા ધર્માધર્મના સંસ્કારરુપ આશય - આ સર્વેનો ત્રિકાલ વિષયક વસ્તુતઃ તથા ઉપચારથી થતા સંસર્ગથી રહિત શુદ્ધચિતિશક્તિ સ્વરુપ નિરતિશય ઐશ્વર્યવાળા ઈશ્વર છે.

યોગનું સ્વરૂપ બતાવતાં પાતંજલ યોગ સૂત્રમાં કહ્યું છે કે...

योगश्चित्तवृत्तिनिरोधः ।।१-२।।

ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહેવાય છે. અર્થાત્ ચિત્તની વૃત્તિઓનો નિરોધ તે યોગ. અર્થાત્ ચિત્તવૃત્તિની સંસ્કારશેષરુપ અવસ્થા.

સત્ત્વ, રજસ્, તમસ્, આ ત્રણ દ્રવ્યોનું બનેલું દ્રવ્યવિશેષ ચિત્ત કહેવાય છે. જ્ઞાનના અભ્યંતર કારણ અહંકાર, બુદ્ધિ અને મન રૂપ અંત:કરણને જ ચિત્ત કહેવાય છે. જોકે ચિત્ત ત્રણ દ્રવ્યોનું બનેલું છે. તો પણ તેમાં સત્ત્વની પ્રધાનતા હોવાથી બુદ્ધિ તત્ત્વ કહેવામાં દોષ નથી. ઇન્દ્રિયોએ બુદ્ધિ સમક્ષ ઉપસ્થિત કરેલા વિષયોના આકારમાં બુદ્ધિનું પરિણત થવું તે જ વૃત્તિ છે. (બુદ્ધિની વિષયાકાર પરિણતિ.)

આ ચિત્તની વૃત્તિઓના નિરોધને યોગ કહેવાય છે ચિત્તની પાંચ અવસ્થાઓ છે અને વૃત્તિના પાંચ ભેદ છે. તેમાં (ચિત્ત વૃત્તિઓના) નિરોધનો આ ક્રમ છે - અક્લિષ્ટ વૃત્તિઓથી ક્લિષ્ટ વૃત્તિનો નિરોધ કરવો અને પર વૈરાગ્ય = શ્રેષ્ઠ કોટીના વૈરાગ્યથી અક્લિષ્ટ વૃત્તિનો પણ નિરોધ કરવો. ક્લિષ્ટ વૃત્તિઓ અવિદ્યારુપ મિથ્યાજ્ઞાનને આશ્રયે રહેલી છે. અર્થાત્ ક્લિષ્ટ વૃત્તિઓનો વિષય મિથ્યાજ્ઞાન છે. અક્લિષ્ટ વૃત્તિઓનો વિષય સત્યજ્ઞાન છે. સત્યજ્ઞાનથી મિથ્યાજ્ઞાનનો નાશ થતાં ક્લિષ્ટ વૃત્તિઓ નાશ પામે છે. અક્લિષ્ટવૃત્તિઓનો ઉદય થાય છે. અને આજ જીવન્મુક્ત અવસ્થા છે. પર વૈરાગ્યથી અક્લિષ્ટવૃત્તિઓનો પણ નિરોધ થાય છે. સ્વરુપમાં અવસ્થાન થાય છે. તે વિદેહમુક્ત અવસ્થા છે. વિદેહમુક્ત અવસ્થાની પ્રાપ્તિ સાધકનું ધ્યેય છે. તેમાં સહાયક યોગ છે.

ચિત્ત અને તેની વૃત્તિઓને ઓળખીયે, ત્યારે જ તેના નિરોધનો ઉપાય પ્રાપ્ત થાય છે. અને ઉપાય ધ્વારા નિરોધ કરતાં યોગ પ્રાપ્ત થાય છે. તેથી પ્રથમ વૃત્તિના પાંચભેદ પાંતજલ યોગસૂત્રમાં કહ્યા છે તે કહેવાય છે -

प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः ।।१-६।।

- પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ આ પાંચ વૃત્તિઓ છે.

યથાર્થ વૃત્તિને પ્રમાણ કહેવાય છે. તેના ત્રણ ભેદ છે. પ્રત્યક્ષ, અનુમાન અને આગમ.

અયથાર્થ વૃત્તિને વિપર્યય કહેવાય છે. અસત્ય પદાર્થોના જ્ઞાનને વિકલ્પ કહેવાય છે. પાંચ પૈકીની આ પ્રથમ ત્રણ વૃત્તિઓ જાગ્રત અવસ્થાની છે. (આ જ વૃત્તિઓ ફલ આપવાને તૈયાર થયેલા સૂક્ષ્મ સંસ્કારથી સ્ફૂરે છે, ત્યારે સ્વપ્નાવસ્થા થાય છે. તેથી સ્વપ્નની પણ આ પ્રથમ ત્રણ વૃત્તિઓ છે.)

જાગ્રત અનૂ સ્વપ્નવૃત્તિના અભાવના કારણરુપ તમસૂને વિષય કરનાર વૃત્તિવિશેષને નિદ્રા કહેવાય છે. (પાં.યો.સૂ.-૧-૧૦)

(જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં વિવિધ વિષયોનું જ્ઞાન થાય છે. તેથી તે અવસ્થામાં સત્ત્વ અને રજસ્ નું પ્રાધાન્ય હોય છે. સત્ત્વનો ગુણ પ્રકાશ કરવાનો છે. રજસૂનો ગુણ ચિત્તને ચંચલ બનાવી વિષયો તરફ લઈ જવાનો છે. આચ્છાદન કરવાનો ગુણ તો તમસૂમાં છે. તેથી નિદ્રામાં તમસ્ ગુણની પ્રધાનતા ઘટે છે.)

પ્રમાણાદિથી અનુભવ કરાયેલા વિષયનું કાલાંતરે (તે વિષય ઉપસ્થિત થયેલો ન થયો હોય તો પણ) ગ્રહણ થવું તે સ્મૃતિ. (પાંતજલ યોગસૂત્રમાં સ્મૃતિની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે 'જે વૃત્તિ અનુભૂત ગ્રાહ્ય વિષયનું તથા ગ્રાહ્યાકાર વૃત્તિનું જ માત્ર ગ્રહણ કરે તે વૃત્તિ સ્મૃતિ છે.)

તમામ વૃત્તિઓ બે પ્રકારની હોય છે. ક્લિષ્ટ અને અક્લિષ્ટ. ક્લેશ સહિતની વૃત્તિને ક્લિષ્ટવૃત્તિ કહેવાય છે. ક્લેશ રહિત વૃત્તિને અક્લિષ્ટવૃત્તિ કહેવાય છે. ક્લેશ એટલે દુ:ખનાં કારણો.

ક્લેશ પાંચ છે. (૧) અવિદ્યા (૨) અસ્મિતા (૩) રાગ (૪) દ્વેષ (૫) અભિનિવેશ.

અવિદ્યા એટલે ઉલટું જ્ઞાન. તે અવિદ્યા ચાર રીતે વર્તતી જોવા મળે છે. (૧) અનિત્ય વસ્તુઓમાં નિત્યપણાનું ભાન. (૨) અપવિત્ર વસ્તુઓમાં પવિત્રપણાનો નિશ્ચય (૩) દુ:ખ અને દુ:ખના સાધનોમાં સુખ માનવું. (૪) અનાત્મ વસ્તુઓમાં આત્મા માનવો.

પછીના અસ્મિતા આદિ ચાર ક્લેશોનું મૂળ કારણ અવિદ્યા છે. પ્રકૃતિ અને પુરુષના અત્યંત અભેદનો ભ્રમ તે અસ્મિતા છે. અર્થાત્ પ્રકૃતિ અને પુરુષનું એકપણું કે બુદ્ધિના સુખ-દુ:ખનો પુરુષના માનવા તે અસ્મિતા. ટુંકમાં પ્રકૃતિના પરિણામરુપ બુદ્ધિ અને આત્માની એકાત્મતા તે જ અસ્મિતા.

એક વાર અનુભવેલા સુખથી 'આ મને ગમ્યું' એવા સંસ્કાર ચિત્તમાં સ્થિર થયા પછી તે જ સુખનું સાધન પુન: ઉપસ્થિત થતાં 'મારે આ જોઈએ' - આવી ઝંખના થાય છે તે રાગ.

રાગથી વિપરીત દ્વેષ છે. પોતાનાપણાના આગ્રહને અભિનિવેશ કહેવાય છે. (આ દ્વેષનું લાચાર સ્વરુપ છે.) અથવા અભિનિવેશ એટલે મરણનો ભય.

આ પાંચે ક્લેશો કર્માશયનું મૂળ છે. તેને કારણે જ જન્મ-જન્માંતરમાં આયુષ્ય અને ભોગ રૂપ વિપાક ભોગવવા પડે છે.

(આ પાંચે ક્લેશો ક્રિયાયોગથી પાતળા પડે છે. વિવેકખ્યાતિથી દગ્ધ થાય છે અને પછી

અસંપ્રજ્ઞાતયોગથી ચિત્તનો નિરોધ થતાં તેમનો પણ નિરોધ થાય છે)

ચિત્તજન્ય વૃત્તિઓનો તેના કારણમાં લય કરવો તેને નિરોધ કહેવાય છે. નિરોધનો ઉપાય બતાવતાં પાતંજલ યોગસૂત્રમાં કહ્યું છે કે...

अभ्यासवैराग्याभ्यां तन्निरोध ॥१-१२॥

- અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તજન્ય વૃત્તિઓનો નિરોધ થાય છે.

ચિત્તને એકાગ્ર અવસ્થામાં સ્થિર કરવા પુનઃ પુનઃ પ્રયત્ન કરવો તે અભ્યાસ છે. દૃષ્ટ કે અદૃષ્ટ સુખોની તૃષ્ણાનો અભાવ વૈરાગ્ય છે.

પાતંજલ યોગસૂત્રમાં અભ્યાસની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે... **तत्र स्थितौ यत्नोऽभ्यासः ॥१-१३॥**

- તેમાં (નિરોધના બે ઉપાયમાં) ચિત્તની પ્રશાન્તવાહિતા રુપ સ્થિતિના સાધનોમાં યત્ન = અનુષ્ઠાન કરવું તે અભ્યાસ કહેવાય છે. (ચિત્તની રાજસ્ અને તામસ્ રહિત અવસ્થાને પ્રશાન્તવાહિતા કહેવાય છે. તે સ્થિતિ માટેનો પુરૂષાર્થ કરવો તે અભ્યાસ કહેવાય છે. ચિત્તની અસ્થિરતામાં કારણભૂત તામસી અને રાજસી વૃત્તિઓ છે.)

વૈરાગ્યની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે.. **दृष्टानुश्रविकविषयतृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ॥१-१५॥**

- લૌકિક અને વૈદિક વિષયો પ્રતિ (અર્થાત્ લૌકિક વિષયો અને સ્વર્ગીય સુખાદિ સંબંધી વિષયો પ્રતિ), જે વશીકાર સંજ્ઞારૂપ તૃષ્ણાનો અભાવ તે વૈરાગ્ય.

વૈરાગ્યના બે પ્રકાર છે. (૧) પર અને (૨) અપર. જાગતિક વિષયોની તૃષ્ણાનો અભાવ અપર વૈરાગ્ય છે અને પ્રકૃતિના ગુણોની તૃષ્ણાનો અભાવ પર વૈરાગ્ય છે.

અભ્યાસ અને વૈરાગ્ય ઉપરાંત ઈશ્વર પ્રણિધાનથી પણ યોગ સિદ્ધ થાય છે. ઈશ્વરને પોતાનાં સમસ્ત કાર્યોનું સમર્પણ કરવું તે જ તેનું પ્રણિધાન છે. 'ઓમ્' કાર ઈશ્વરનો વાચક છે. પ્રણિધાનથી પ્રસન્ન થયેલા ઈશ્વર વિક્ષેપો અને અંતરાયોને દૂર કરી યોગની પ્રસાદી આપે છે.

'ચિત્તવૃત્તિનિરોધ' યોગનું સામાન્યલક્ષણ છે. વિશેષલક્ષણ પ્રમાણે યોગના બે પ્રકાર છે. સંપ્રજ્ઞાત યોગ અને અસંપ્રજ્ઞાત યોગ. (તેનું વિશેષ સ્વરૂપ આગળ જોઈશું.)

ચિત્તની પાંચ અવસ્થાઓ છે. (૧) ક્ષિપ્તાવસ્થા, (૨) મૂઢાવસ્થા, (૩) વિક્ષિપ્તાવસ્થા, (૪) એકાગ્રાવસ્થા, (૫) નિરુદ્ધાવસ્થા.

ક્ષિપ્તાવસ્થા સત્ત્વપ્રધાન છે, પણ તેમાં રજસ્ નું પ્રાબલ્ય છે. વિક્ષિપ્તાવસ્થા પણ સત્ત્વ પ્રધાન છે, તેમાં રજસ્ પ્રબલ નથી. મૂઢાવસ્થા તમ: પ્રધાન છે. આ ત્રણ અવસ્થાઓ સમાધિમાં અનુપયોગી છે. 'એકાગ્ર' અને 'નિરુદ્ધ' અવસ્થામાં સમાધિનો ઉદય થાય છે. જ્યારે અન્ય તમામ વૃત્તિઓનો નિરોધ કરીને ચિત્ત ધ્યેય પર એકાગ્ર બને અર્થાત્ ધ્યેય સિવાય તમામ વૃત્તિઓનો નિરોધ કરે ત્યારે એકાગ્ર બને છે. તેને જ સંપ્રજ્ઞાત સમાધિ કહે છે. ધ્યેય વૃત્તિનો પણ નિરોધ થવાથી નિરુદ્ધ અવસ્થામાં અસંપ્રજ્ઞાત સમાધિનો ઉદય થાય છે.

જોકે ચિત્ત પ્રધાનપણે સત્ત્વગુણનું કાર્ય હોવાથી પ્રકાશધર્મવાળું છે. તો પણ જ્યારે પ્રધાનપણે તે રજોગુણ અને તમોગુણથી સંસૃષ્ટ થાય છે, ત્યારે અણિમાદિ ઐશ્વર્યને તથા શબ્દાદિ પાંચ વિષયોને જ પ્રિય માને છે. અને તેથી સંનિહિત અને વ્યવહિત વિષયો તરફ જ રજોગુણથી પ્રેરાયેલું રહે છે. આવું રજોગુણથી વિષયો તરફ ઢળેલું ચિત્ત ક્ષિપ્ત કહેવાય છે.

જ્યારે ચિત્ત તમોગુણના સમુદ્રેકથી કૃત્યાકૃત્યને નહિ જાણતું અધર્મ, અજ્ઞાન, અવિરતિ, અને ઐશ્વર્ય તરફ ખેંચાણવાળું થાય છે ત્યારે મૂઢ કહેવાય છે.

સત્ત્વગુણના આધિક્યથી જેનું મોહરુપ આવરણ દૂર થયું છે અને તેથી સર્વ વિષય વિશે વૃત્તિવાળું થયું છે તથા રજોગુણના લેશથી, સંયુક્ત હોવાથી જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યયુક્ત હોય છે તે ચિત્ વિક્ષિપ્ત કહેવાય છે.

શુદ્ધ સાત્ત્વિક થવાથી જ્યારે ચિત્ત એક જ વિષયમાં ઘણા લાંબા કાળ પર્યંત નિર્વાત સ્થળે રહેલા દીપકની માફક અચંચલ થાય છે, ત્યારે એકાગ્ર કહેવાય છે. આ અવસ્થામાં રજોગુણનો લેશ માત્ર ન હોવાથી ચિત્ત પોતાના સ્વભાવસિદ્ધ પ્રસાદાદિરૂપે સ્થિત થાય છે. અને તેથી સત્ત્વરૂપ બુદ્ધિ તથા પુરુષરૂપ આત્મા કે જે અત્યંત વિલક્ષણ છે તે બંનેના ભેદજ્ઞાનરૂપ વિવેકસાક્ષાત્કારરૂપ વૃત્તિ બની રહે છે. અર્થાત્ તે ચિત્ત જ્યારે ધર્મમેઘરૂપ સમાધિને જ માત્ર પ્રિય માનીને સેવતું હોય છે, ત્યારે તે એકાગ્ર કહેવાય છે. ટુંકમાં એકાગ્ર ચિત્તમાં વિવેકસાક્ષાત્કારરૂપ વૃત્તિ અખંડિતપણે ચાલતી રહે છે.

જ્યારે વિવેક સાક્ષાત્કારરૂપ વૃત્તિ સહિત ચિત્તની તમામ વૃત્તિઓનો નિરોધ થાય છે, ત્યારે ચિત્ત નિરુદ્ધ કહેવાય છે. અર્થાત્ વૃત્તિમાત્રના અભાવયુક્ત સંસ્કારશેષ ચિત્ત નિરુદ્ધ કહેવાય છે.

આ પાંચે ભૂમિકાઓમાં યત્કિંચિત્ વૃત્તિનિરોધ તો છે. તો પણ પાંચમાંથી છેલ્લી બે ભૂમિકામાંનો વૃત્તિનિરોધ જ અહીં ગ્રાહ્ય છે. કારણકે વૃત્તિનિરોધ જ જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ પમાડનાર છે. એકાગ્રભૂમિકામાં જે વૃત્તિ નિરોધ છે તેને સંપ્રજ્ઞાત યોગ

કહેવાય છે. નિરુદ્ધ ભૂમિકામાંના વૃત્તિનિરોધને અસંપ્રજ્ઞાતયોગ કહે છે.

સંપ્રજ્ઞાત યોગ યથાર્થતત્ત્વને પ્રકાશે છે. અવિદ્યાદિ ક્લેશોને ક્ષીણ કરે છે. કર્મબંધનને શિથિલ કરે છે તથા ચિત્તને પૂર્ણનિરોધની અભિમુખ કરે છે. આમ સંપ્રજ્ઞાત યોગથી તત્ત્વજ્ઞાન તથા જીવન્મુક્તિ ફલ પ્રાપ્ત થાય છે.

તથા વૃત્તિનિરોધ થવાથી તજ્જન્ય દુઃખના ભોગની નિવૃત્તિ મળે તે સંપ્રજ્ઞાત સમાધિનું ફળ છે. તેમાં ધ્યેયનો સાક્ષાત્કાર થાય છે. 'સમાપત્તિ' થાય છે.

સંપ્રજ્ઞાતયોગમાં વિવેકખ્યાતિરૂપ જે એકવૃત્તિ અનિરુદ્ધ હોય છે, તેનો પણ પર-વૈરાગ્યથી નિરોધ થવાથી ચિત્ત સંસ્કારશેષ બની પોતાના કારણોમાં લય પામી જાય છે. અર્થાત્ વૃત્તિઓના આશ્રયભૂત ચિત્તનો પણ નાશ થાય છે. આ અસંપ્રજ્ઞાત અવસ્થા છે. અહીં પ્રારબ્ધકર્મનો નાશ થતાં મોક્ષ મળે છે. આ અવસ્થામાં પુરુષ પોતાના સ્વરુપમાં અવસ્થિત રહે છે.

પુરુષના સ્વરૂપાવસ્થાનમાં હેતુરૂપ ચિત્તની સંસ્કારશેષ અવસ્થા અસંપ્રજ્ઞાત યોગ છે. તે અસંપ્રજ્ઞાતયોગથી વિદેહમુક્તિ મળે છે.

અભ્યાસ અને અપરવૈરાગ્યની સિદ્ધિ કરવાથી પ્રાપ્ત થતા સંપ્રજ્ઞાતયોગ (સમાધિ)ના ચાર પ્રકાર છે. (૧) સવિતર્ક સમાધિ, (૨) સવિચાર સમાધિ, (૩) સાનંદ, (૪) સાસ્મિત.

(૧) જેમાં સ્થૂલ વિષયોને આશ્રયીને અનિત્ય-દુઃખ અશુચિ - અનાત્મતા રૂપની ભાવના ભાવવામાં આવે કે સવિતર્ક સમાધિ

(૨) જેમાં સૂક્ષ્મ (તન્માત્ર) વિષયોને આશ્રયીને અનિત્યાદિ ભાવના કરવામાં આવે તે સવિચાર સમાધિ.

(૩) સૂક્ષ્મ તત્ત્વનો સાક્ષાત્કાર કર્યા પછી ઇન્દ્રિયોમાં ધારણાદિની પ્રવૃત્તિ થાય તેને સાનંદ સમાધિ કહેવાય છે. (વાચસ્પતિમિશ્રનું કહેવું છે કે સાત્ત્વિક અહંકારથી ઉત્પન્ન થયેલી ઇન્દ્રિયો, કે જે સત્ત્વ પ્રધાન હોય છે. અને સત્ત્વ જ આનંદરૂપ હોવાથી જે આનંદરૂપ ઉપચારથી કહેવાય છે. તેવી સત્ત્વપ્રધાન ઇન્દ્રિયોમાં ધારણાદિની પ્રવૃત્તિ થાય તેને આનંદ સમાધિ કહેવાય છે.)

(૪) અસ્મિતા વૃત્તિની ધારણા - ધ્યાનની પ્રવૃત્તિને સાસ્મિત સમાધિ કહે છે. (અથવા અસ્મિતા એટલે ગ્રહીતૃ આત્માની સાથે એકભાવને પામેલું બુદ્ધિસત્ત્વ. જ્યારે ગ્રહીતૃ આત્માની સાથે એકભાવને પામેલા બુદ્ધિસત્ત્વની ભાવના કરવામાં આવે છે, ત્યારે તે

ભાવનાના પરિપાક દશાએ યોગિને તે તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. તેમજ જ્યારે પુરુષરુપ આત્માને ધ્યેય લઈને ભાવના કરવામાં આવે, ત્યારે તે ભાવનાની પરિપાક દશાએ યોગીને તે તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. તે સાક્ષાત્કાર કે જે ચિત્તવૃત્તિના નિરોધરુપ યોગનું ફલ છે. તે નિરોધરુપ યોગને સાસ્મિત સમાધિ કહેવાય છે.)

સમાધિની સાધના માટે યોગનાં આઠ અંગો સહાયક બને છે. યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન-સમાધિ આ આઠ યોગાંગો છે.

અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ યમ છે. શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય-ઈશ્વર પ્રણિધાન આ નિયમો છે. મન-વચન-કાયની પવિત્રતાને શૌચ કહેવાય છે. ગમે તેવી અવસ્થામાં સંપ્રાપ્ત વસ્તુથી અતિરિક્ત વસ્તુનો લોભ ન કરવો તે સંતોષ છે. ઇચ્છાનિરોધ તે તપ છે. (યોગદર્શન અનુસાર) 'ओम्' પ્રણવ પૂર્વકના મંત્રનો જાપ કરવો તે સ્વાધ્યાય. પોતાના સમસ્ત કાર્યો ઇશ્વરને અર્પણ કરવા તે ઈશ્વર પ્રણિધાન.

આસન એટલે શરીરના સંસ્થાન વિશેષ

પ્રાણાયામ = શ્વાસ-પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ કરવો.

પ્રત્યાહાર = ઇન્દ્રિય નિગ્રહ

ધારણા = પદાર્થના જે દેશમાં (મસ્તક વિ.) ધ્યેયનું ચિંતન કરવું હોય ત્યાં ચિત્તને સ્થિર કરવું.

ધ્યાન = ધ્યેયમાં ચિત્તની એકાગ્રતા.

સમાધિ = ધ્યાનમાં જ્યારે ધ્યાતા-ધ્યેય-ધ્યાનનો ભેદ વિલીન થઈ જાય તે અવસ્થા સમાધિ છે.

યમ-નિયમ-આસન-પ્રાણાયામ અને પ્રત્યાહારથી દેહ-ઇન્દ્રિય અને પ્રાણનો નિગ્રહ થાય છે.

ધારણા-ધ્યાન-સમાધિથી ચિત્તનો નિગ્રહ થાય છે. ધારણા, ધ્યાન, સમાધિની એકત્ર પ્રવૃત્તિને 'સંયમ' કહે છે. સંયમથી અનેકવિધ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે અને નિરોધ થવાથી ગુણો પુરુષાર્થશૂન્ય બની પોતપોતાના કારણમાં વિલીન પામી જાય છે. ફળસ્વરુપે પુરુષ સ્વરુપમાં પ્રતિષ્ઠિત બની કૈવલ્ય પ્રાપ્ત કરે છે. આ જ વાત કરી પાંતજલયોગસૂત્રની સમાપ્તિ થાય છે...

पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरुप-प्रतिष्ठा वा चितिशक्तिरिति ।।४-३४।।

- પરિશિષ્ટ - ૩

બૌદ્ધદર્શનની અઢાર નિકાય

બૌદ્ધદર્શનની અઢાર નિકાય વિશે મતભેદ છે. કારણ કે 'કથાવસ્તુ' ગ્રંથના રચયિતા 'તિસ્સ' સ્થવિરવાદિ છે. અને "અષ્ટાદશ નિકાય ગ્રંથ" ના રચયિતા 'વસ્તુમિત્ર' સર્વાસ્તિવાદિ છે. દૃષ્ટિની ભિન્નતાના કારણે આલોચનાનો ભેદ થયો છે. પરંતુ બંનેમાં પ્રાય: એક સમાન સિદ્ધાંતોનો નિર્દેશ કરેલો છે.

: 'કથા વસ્તુ' ગ્રંથાનુસાર નિકાયોનું વિભાજન :



: અષ્ટાદશ નિકાય ગ્રંથાનુસાર નિકાયોનું વિભાજન :



- परिशिष्ट - ४

।। संकेत-विवरणम् ।।

अनुयोग०	: अनुयोगद्वारसूत्रम्
अनेकान्तवादप्र०	: अनेकान्तवादप्रवेशः,
अनेकान्तजयप०	: अनेकान्तजयपताका, प्र० द्वि० भा,
अमर०	: अमरकोश,
अयोगव्य०	: अयोगव्यवच्छेदद्वात्रिंशतिका,
अष्टश०, अष्टसह०	: अष्टशती (अष्टसहस्र्यन्तर्गत),
आप्तप०	: आप्त परीक्षा,
आप्तमी०	: आप्तमीमांसा (अष्टसहस्र्यन्तर्गत),
आ० मलय०	: आवश्यकनिर्युक्ति मलयगिरिटीका,
पुरुषसू० सायणभा०	: [पुरुषसूक्त सायणभाष्ययुक्त]
काल्लो०	: काल्लोकप्रकाशः,
केवलिभु०	: केवलिभुक्तिप्रकरणम्,
क्षणभ० सि०	: क्षणभङ्गसिद्धिः,
गच्छा० वृ०	: गच्छाचारप्रकीर्णकवृत्तिः,
गो० कर्म०	: गोम्मटसार कर्मकाण्ड,
चरक सं०	: चरक संहिता,
चतुःश०	: चतुःशतकम्,
चित्सु०	: तत्त्वप्रदीपिका चित्सुखी,
जैनतर्कभा०	: जैनतर्कभाषा
जैनतर्कवा०	: जैनतर्कवार्तिकम्
त० वा०	: तत्त्वार्थवार्तिकम्,
त० सू०	: तत्त्वार्थसूत्र (सर्वार्थसिद्धयन्तर्गत)
त० सू० भा०	: (तत्त्वार्थाधिगम) तत्त्वार्थसूत्रभाष्य,
त० श्लोक०	: तत्त्वार्थश्लोकवार्तिकम्,
तत्त्वसं०	: तत्त्वसंग्रह
तत्त्वसं० प०	: तत्त्वसंग्रह पञ्जिका
तत्त्वोप०	: तत्त्वोपप्लवसिंह
तन्त्ररह०	: तन्त्ररहस्यम्,
तन्त्रवा०	: तन्त्रवार्तिकम्
ति० प०	: तिलोयपण्णत्ती,
तैत्ति०	: तैत्तिरीयसंहिता,
द्रव्यसं०	: द्रव्यसंग्रह,
धवला०	: धवला टीका,
धर्मसं०	: धर्मसंग्रहिणीवृत्तिः,
नन्दि० मलय०	: नन्दिसूत्रमलयगिरिटीका,
नयवि०	: नयविवेकः,
न्यायकुमु०	: न्यायकुमुदचन्द्र,
न्यायकुसु	: न्यायकुसुमाञ्जलि
न्यायकलि०	: न्यायकलिका
न्यायदी०	: न्यादीपिका,
न्यायमं०	: न्यायमञ्जरी,
न्यायमं० प्रमाण०	: न्यायमञ्जरी प्रमाणप्रकरणम्,
न्यायमं० प्रमे०	: न्यायमञ्जरीप्रमेयप्रकरणम्,
न्यायमुक्ता० दिन०	: न्यायमुक्तावली दिनकरी,
न्यायली०	: न्यायलीलावती
न्यायवा०	: न्यायवार्तिकम्

न्यायवा० ता० टी० : न्यायवार्तिकतात्पर्यटीका,

न्यायसारः : न्यायसारः

न्यायावता० : न्यायावतारः,

न्यायभा० : न्यायभाष्यम्

न्यायवि० वि० : न्यायविनिश्चयविवरण, प्रथमभाग,

न्यायवि० : न्यायविन्दुः

न्याय वि० टी० : न्यायविन्दुटीका

न्यायसू० : न्यायसूत्रम्

न्यायभा० : न्यायभाष्य,

प्रभाकरवि० : प्रभाकर विजय,

प्रकरण पं० : प्रकरणपंजिका,

प्रज्ञा० मलय० : प्रज्ञापनासूत्रमलयगिरिटीका,

प्र० वार्तिकालं० : प्रमाणवार्तिकालंकारः,

प्र० वा० स्ववृ० टी०: प्रमाणवार्तिकस्ववृत्तिटीका,

प्रमाणवा० : प्रमाणवार्तिकम्,

प्रमाणसमु० : प्रमाणसमुच्चयः

प्रमाणप० : प्रमाणपरीक्षा,

प्रमाणमी० : प्रमाणमीमांसा,

प्रमाणसं० : प्रमाणसंग्रह,

प्रमेयक० : प्रमेयकमलमार्तण्ड,

प्रमेयरत्नमा० : प्रमेयरत्नमाला,

प्रव० टी० : प्रवचनसारटीका (जयसेनीया)

प्रश० भा०, कन्द : प्रशस्तपादभाष्यकिरणावली

प्रश० किर० : प्रशस्तपादभाष्यकिरणावली टीका,

प्रश० भा, व्यो० : प्रशस्तपादभाष्य व्योमवतीटीका,

पात० महाभा० : प्रशस्तपादभाष्यकन्दली टीका

वृहत्कल्प० मलय० : वृहत्कल्पभाष्यम्,

वृ० सर्वज्ञसि० : वृहत्सर्वज्ञसिद्धिः (लघीययस्त्रयादि संग्रहान्तर्गतः),

बृहदा० : वृहदारण्यकोपनिषत्,

ब्रह्मसू० शां० भा० : ब्रह्मसूत्रशांकरभाष्यम्,

ब्रह्मसू० शां० भा० रत्नप्रभा : ब्रह्मसूत्रशांकरभाष्यम्

बोधिचर्या० पं० पृ० : बोधिचर्यावतारः.

भग० : भगवतीसूत्रम्,

भगवद्गी० : भगवद्गीता,

मनु० : मनुस्मृति,

महाभा० : महाभारतम्,

माध्यमिक० वृ० : माध्यमिकवृत्तिः,

मी० श्लो० : मीमांसाश्लोकवार्तिकम्,

मी० श्लो० उपमान०: मीमांसाश्लोकवार्तिकम्

मी० श्लो० प्रत्यक्षसू०: मीमांसाश्लोकवार्तिकम्,

मुण्डक० : मुण्डकोपनिषत्,

मूलाचा० : मूलाचार,

मैत्रा० : मैत्रायण्युपनिषद्,

यश० : यशस्तिलकम्,

युक्त्यनुशा० : युक्त्यनुशासन,

योगद० व्यासभा० : योगदर्शनव्यासभाष्यम्,

योगभा० : योगदर्शनव्यासभाष्यम्

योगभा० तत्त्ववैशा० : योगभाष्यस्य तत्त्ववैशारदीटीका,

योगसू० व्यासभा० : योगसूत्रव्यासभाष्यम्

रत्नक० : रत्नकरण्डश्रावकाचार,

रत्नाकराव० : रत्नाकरावतारिका,

राजवा० : राजवार्तिक,

वादन्यायः : वादन्यायः,

विधिवि० : विधिविवेक,

विधिवि० न्यायकणि० : विधिविवेक टीका न्याय कणिका,

विवरणप्र० : विवरणप्रमेयसंग्रहः,

विशेषा० : विशेषावश्यकभाष्यम्,

विसुद्धि० : विसुद्धिमग्गो,

वैशे० सू० : वैशेषिकसूत्रम्,

वैशे० उप० : वैशेषिकसूत्रस्य उपस्कारः,

व्या० प्र० : व्याख्याप्रज्ञप्ति,

शावरभा० : शावरभाष्यम्

शास्त्रदी० : शास्त्रदीपिका,

शास्त्रवा० : शास्त्रवार्तासमुच्चयः,

शास्त्रवा० श्लो० : शास्त्रवार्तासमुच्चयः,

श्वेता० : श्वेताश्वतरोपनिषद्

षड्० वृह० : षड्दर्शनसमुच्चयवृहद्वृतिः,

षट्प्रा० टी० : षट्प्राभृतटीका,

सप्तभंगीत० : सप्तभंगितरंगिणी,

सर्वद० : सर्वदर्शन,

सर्वद० : सर्वदर्शनसंग्रहः,

सर्ववेदान्तसि० : सर्ववेदान्तसिद्धान्तसंग्रहः (प्रकरण संग्रहान्तर्गत),

सर्वार्थसि० : सर्वार्थसिद्धिः,

सन्मति० टी० : सन्मतितर्कटीका,

संक्षेपशा० टी० : संक्षेपशारीरकटीका,

सांख्यका० : सांख्यकारिका,

सांख्यप्र० भा० : सांख्यप्रवचन भाष्यम्

सांख्य० माठर० : सांख्यकारिका माठरवृत्ति,

सांख्यतत्त्व कौ० : सांख्यतत्त्वकौमुदी,

सांख्यस० : सांख्यसंग्रहः

सांख्यसू० वि० : सांख्यसूत्रविषणम्,

सिद्धिवि० टी० : सिद्धिविनिश्चयटीका,

सौन्दर० : सौन्दरनन्दमहाकाव्यम्,

स्था० : स्थानांगसूत्रम्

सूत्र० : सूत्रकृतांग,

स्त्रीमु० : स्त्रीमुक्तिप्रकरणम्,

स्या० मं० : स्याद्वादमञ्जरी,

स्या० र० : स्याद्वादरत्नाकरः,

हेतुवि० : हेतुविन्दुटीका,

हैम० : हैमकोशः,

- परिशिष्ट - ५

[श्रीजैन आत्मानंदसभा द्वारा वि.सं. १९७४मां प्रताकारे प्रकाशित पू.आ.भ. श्री गुणरत्नसूरीश्वरजी महाराजा कृत बृहद्वृत्ति युक्त पू.आ.भ. हरिभद्रसूरीश्वरजी महाराजा विरचित षड्दर्शन समुच्चय ग्रंथना प्रारंभमां आ भूमिका जोवा मळे छे. त्यांथी लईने अमे अहीं परिशिष्ट तरीके मूकेल छे. आ भूमिकाना कर्ता अनुयोगाचार्य पू. मु. श्री दानविजयजीगणिवर्यना शिष्यरत्न पू.मु.श्री प्रेमविजयजी म.सा. छे.]

षड्दर्शनसमुच्चयभूमिका ।

ज्ञातारं ज्ञेयवस्तूनाम्, भेत्तारं कर्मभूभृतां । प्रमाणादिप्रणेतारम्, शक्रपूज्यं जिनं स्तुवे ।।१।।

सुप्रसिद्धं ह्येतत् शेमुषीशालिशेखराणां सुहृत्सज्जनानां, यदुतास्यां भारतभूमौ सुविख्यातख्यातितरास्तत्त्ववेत्तारः सुविशालशेमुषीशालिनोऽसाधारणसामर्थ्यसम्पन्नाः श्रीमद्धरिभद्रसूरिवरा अभूवन् ।

प्रकाशयन्ति च परिपूर्णतया श्रीमतां तेषां विचित्रतरां विद्वत्तां, प्राप्तपराकाष्ठां परोपकारपरायणतां च, शास्त्रवार्त्तासमुच्चय-अनेकान्तजयपताका-धर्मबिन्दु-ललितविस्तरादिचतुश्चत्वारिंशदधिकचतुर्दशशतसङ्ख्याकास्तेषामेव प्रबन्धाः । येषां महिम्ना समासादयन्ति शिवसद्मसम्प्राप्तेरनुकूलसाधनानि शिवशर्माभिलाषिणः ।

विस्फूर्जन्निश्चयव्यवहारकथाकल्लोलकोलाहलकम्पितकुवादिकच्छपकुले स्फूर्जत्सुयुक्तिसरित्स्वामिनि स्याद्वादसुमर्यादासुशालिन्यस्मिन् समयरत्नाकरे प्रवेशाय तीर्थभूमिप्रतिमस्यास्य षड्दर्शनसमुच्चयाख्यप्रबन्धस्य प्रणेतारोऽपि एत एव सूरिसार्वभौमाः ।

एतेषां पूज्यपादानां सत्तासमयादिकं तु पञ्चाशक-धर्मसङ्ग्रहण्यादिप्रबन्धप्रस्तावनातोऽवसेयं तज्जिज्ञासुभिः ।

निबन्धेऽस्मिन् बौद्ध-नैयायिक-साङ्ख्य-जैन-वैशेषिक-जैमिनीयाख्यानि यद्वा बौद्ध-नैयायिक-साङ्ख्य-जैन-जैमिनीय-चार्वाकाख्यानि षड्दर्शनानि निरूपयाञ्चक्रिरे। अनेनास्य नामापि सान्वयं निर्मितवन्तः ।

मुख्यतया जैनदर्शने द्रव्यार्थिक-पर्यायार्थिकाख्यनयद्वयम्, एतदवान्तरविभागास्सप्त, तत्र नैगम-सङ्ग्रह-व्यवहाराख्यास्त्रयः प्रथमनयकक्षाप्रविष्टाः, ऋजुसूत्र-शब्द-समभिरूढैवम्भूताख्याः चत्वारो द्वितीयनयकक्षाप्रविष्टाः, एतत्सप्तनयात्मकं केवलं जैनदर्शनमेव । शेषाणि त्वेकैकनयावलम्बीनि, अत एवात्र वक्ष्यमाणमन्यत्र च निरुक्तं जैनदर्शनस्य सर्वदर्शनात्मकत्वं सङ्गाघटीति । तथा चानुयोगद्वारवृत्तौ मलधारिश्रीमद्धेमचन्द्रसूरयः "तैश्च परस्परसापेक्षैः समुदितैरेव सम्पूर्णं जिनमतं भवति, नैकैकावस्थायाम्" इति ।

साम्प्रतं कतमं दर्शनं कं नयमवलम्ब्य निर्गतं तदेव प्रकट्यते,

तत्र सामान्यविशेषग्रहणशीलाभ्यां सङ्ग्रहव्यवहाराभ्यां नैयायिक-वैशेषकदर्शने निर्गते, यत्र नैगमाभिप्रायेण नैयायिक - वैशेषिके प्रवृत्ते इत्युक्तं स्यात्, तत्र सङ्ग्रहव्यवहारान्तरीभूतस्यापि नैगमनयस्य स्वातन्त्र्यापेक्षणाज्ज्ञातव्यम्, अत एव "उभयमपि परस्परविभक्तं द्रव्यपर्यायरूपमेकत्र विद्यत इत्यभिप्रायेण नैगमोऽशुद्ध-द्रव्यार्थिकप्रकृतिः" इति सम्मतिवृत्त्युक्तमपि सङ्गच्छते ।

शुद्धसङ्ग्रहनयाद्ब्रह्मवादिदर्शनं निर्गतं, तथा चोक्तं सम्मतौ- "दव्वट्ठियनयपयडी सुद्धसंगहपरुवणाविसऊं ।" तत्र जैमिनीया मीमांसकाऽपरनामधेयाः शब्दाद्वैतवादिनः, तेषां मते शब्द एव ब्रह्म सर्वेषां शब्दानामर्थानां च प्रकृतिः, वेदान्तिनस्तु सर्वेषां बीजभूतं चिद्ब्रह्मेति वदन्ति ।

साङ्ख्यदर्शनस्य निर्गमनं तु अशुद्धाद्व्यवहारनयात् । ननु साङ्ख्यदर्शनेऽकर्तृत्वं, निर्गुणत्वं, व्यापकत्वं चात्मन्यभ्युपगतत्वेनोभयत्र शुद्धितौल्येन कथं तयोर्भिन्नप्रकृतिकता ? न चोपचरितभोक्तृत्वमात्मन्यभ्युपगतत्वेन वेदान्तदर्शनापेक्षयाऽशुद्धत्वं साङ्ख्यस्येत्यारेकणीयम्, वेदान्तदर्शनेऽपि विकल्पितविज्ञानादिगुणानामात्मन्यभ्युपगतत्वेन प्रत्युत साङ्ख्यदर्शने कर्तृत्वभोक्तृत्वादीनां प्रातिभासिकं शुद्धत्वं, वेदान्तदर्शनेऽन्तःकरणधर्माणां कर्तृत्वं, तच्च परमार्थतोऽसदपि व्यवहारतस्सदिति स्थूलव्यवहारनयावलम्बनत्वेनाशुद्धत्वं तथा चोक्तं-श्रीमन्न्यायाचार्यैर्नयोपदेशे –

"प्रत्युतात्मनि कर्तृत्वं, साङ्ख्यानां प्रातिभासिकं । वेदान्तिनां त्वनिर्वाच्यं, मतं तद्व्यावहारिकं ।।१।।" इति

किञ्च, व्यवहारो हि कारणानन्तरमेवासत्कार्योत्पत्तिमिच्छति, सत्कार्यवादित्वेन साङ्ख्यस्तु न तथा, क्षणिकाऽसत्कार्याभ्युपगन्तृत्वेन व्यवहाराभ्युपगन्तृत्वमपि न नोद्यं, तदभ्युपगमेऽपि वस्तुतस्तदनभ्युपगमेन व्यवहारातिक्रान्तत्वात्, अपि च चतुर्दशपूर्वधरश्रीमद्भद्रबाहुस्वामिपादैर्नमस्कारनिर्युक्तौ नैगमाभिप्रायेण साङ्ख्यदर्शनप्रवृत्तिरुक्ता, तथा च तद्ग्रन्थः –

"उप्पन्नाणुपन्नो, इत्थ नयाऽऽइनिगमस्सऽणुपन्नो । सेसाणं उपन्नो, जइ कत्तो ? तिविहसामित्ता ।।१।।"

एवं सति वेदान्तसाङ्ख्ययोः शुद्धाशुद्धसङ्ग्रहव्यवहाराभ्युपगन्तृत्वं न स्यात्, तथा च सम्मत्या समं विरोधापत्तिः ।

अत्र समाधिः, दृष्टिसृष्टिवादात्मकमौलवेदान्तदर्शनापेक्षया सम्मतौ तथा प्रतिपादितं, तन्मते जागरूकव्यवहारस्यापि स्वप्नप्रतिमत्वेन व्यवहारकणस्याप्यनङ्गीकारात्, तस्मात् परस्परविरुद्धकल्पनाकोटिक्लेशपरामृष्टहृदयानां वेदान्तिनां नमस्कारनिर्युक्तौ व्यवहाराभासत्वसमर्थनेऽपि न क्षतिः । नैगमोक्तिस्तु सङ्ग्रहव्यवहारान्तर्भूतत्वेन नैगमस्येति द्रष्टव्यं, प्रतिजीवं जन्ममरणादिव्यवस्थाव्यवहरणात् साङ्ख्यस्य व्यवहारप्रकृतिकता । तथा च निरूपितं न्यायाचार्यैर्नयोपदेशे-

"साङ्ख्यशास्त्रे च नानात्म-व्यवस्थाव्यवहारकृत् । इत्येतावत्पुरस्कृत्य विवेकः सम्मतावयम् ।।१।।" इति ।

अत एव सत्कार्यत्वाद्यंशे व्यवहारप्रकृतिकत्वाभावेऽपि सकलशास्त्रप्रयोजनभागित्वेनात्मन एव मुख्योद्देशेन नयचिन्तायाः प्रस्तुतत्वात्र दोष इति । यत्तु "अद्वैतवादिदर्शनान्यखिलानि साङ्ख्यदर्शनं चैतदाभासत्वेन प्रत्येयम्" इत्यादिना सङ्ग्रहाभासत्वेन साङ्ख्योक्तिः सा सत्कार्यत्वाद्यंशे व्यवहारप्रकृतिकत्वाभावनिबन्धनेति सम्भाव्यते ।

ऋजुसूत्र-शब्द-समभिरूढैवम्भूतेभ्यः क्रमेण सौत्रान्तिक-वैभाषिक-यौगाचार-माध्यमिकाख्या-श्चत्वारो बौद्धदर्शनभेदास्समुत्पन्नास्तत्स्वरूपं च सङ्क्षेपतः-

"अर्थो ज्ञानसमन्वितो मतिमता वैभाषिकेणोच्यते, प्रत्यक्षो नहि बाह्यवस्तुविसरः सौत्रान्तिकैराश्रितः ।

योगाचारमतानुगैरभिमता साकारबुद्धिः परा, मन्यन्ते बत मध्यमाः कृतधियः स्वच्छां परां संविदम् ।।१।।" इत्यनेन काव्येन ज्ञातव्यम् ।

यद्यपि वचनभेदादभिप्रायभेदाद्वा दर्शनभेदाः भूयांसस्सम्भवितुरमर्हन्तीति ।

"जावइया वयणपहा, तावइया चेव हुंति नयवाया । जावइया नयवाया, तावइया चेव परसमया ।।१।।" इति ।

अनया प्राकृतार्यया स्फुटमवसीयते । एतेन जैनदर्शनस्य भेदानां सप्तशती इत्याकारिका या सर्वदर्शनसङ्ग्रहभाषान्तरभूमिकाकारोक्तिः साऽपि निरस्ताऽवसातव्या, सप्तनयानां सप्तशतभेदवत्त्वात्, नयानां च परसमयत्वमत्र स्पष्टतया सङ्कलितम्, तथाऽप्यस्मिन् प्रबन्धे प्ररूपितषड्दर्शन-मध्येऽन्तर्भूतत्वेनैवैतेषामत्र दर्शनषट्कं प्ररूपितमत एव "सर्वदर्शनवाच्यार्थः सङ्क्षेपेण निगद्यते" इत्याकारिका या प्रबन्धप्रणेतृप्रतिज्ञा साऽपि परिपालिता भवतीति ।

अथ सुविख्यातवेदान्तदर्शनोपेक्षा न युज्यते "पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।।१।।" इति प्रतिज्ञयापि सुप्रसिद्धप्रसिद्धितामेतेषां महात्मनाम् । यद्युच्यते षडेव दर्शनानीत्युक्तिव्याहतिभयेन तदुपेक्षणं, तदपि न क्षोदक्षमं, तस्यास्त्वन्यरीत्याऽपि निर्वाहात्, वस्तुनः शून्यवादित्वेन तस्यानिरूपणमिति चेत् ? जैमिनीयदर्शनस्यापि निरूपणं निरर्थकं तत्त्वविषये तस्यापि तत्साम्यात्, सत्यमेतत्, परं स्वमास्तिकत्वेन ख्यापयदपि सर्वज्ञाभावं ख्यापयतीति ज्ञापनार्थकत्वेन तन्निरुपणस्यावश्यकत्वात् स्वसंदृब्ध शास्त्रवार्त्तासमुच्चये वेदान्तदर्शनस्य सविस्तरं निरूपितत्वाच्च तदुपेक्षणं युज्यत एवेति सम्भाव्यते । एतेन –

"આ ગ્રન્થનો તો ઉદ્દેશ જ એ છે કે સર્વદર્શનોમાં જૈનસ્યાદ્વાદ પરમદર્શન છે એમ બતાવવું અને તે રીતે શ્રીહરિભદ્રાચાર્યે યથાર્થ રીતે સિદ્ધ કરી બતાવ્યું પણ છે, જો કે મને પોતાને તો એમ નિશ્ચય છે કે વેદાન્ત-દર્શનનું યથાર્થાવલોકન કર્યું હોત તો એવી કુશાગ્રબુદ્ધિના પંડિતને પોતાના કેટલાક વિચાર ફેરવવાનું કારણ મલત. કેમ કે તેમની પ્રતિજ્ઞા જ એવી છે કે "મારે શ્રીવીરનો પક્ષપાત નથી, કપિલાદિનો દ્વેષ નથી, જેનું વચન સયુક્તિક જણાય તેનો સંગ્રહ કરવાનો નિશ્ચય છે." "અસ્તુ એ વાર્ત્તાની ચર્ચા અત્ર પ્રકૃત નથી."

इति यः षड्दर्शनभाषान्तरभूमिकाकारोल्लेखः सोऽपि निराकृतो मन्तव्यः, अज्ञातमूलकत्वादेतदुल्लेखस्येति ।

एतेषां षण्णां दर्शनानां मध्ये वस्तुतो जैनदर्शनमेवास्तिकत्वं बिभर्त्ति,

आस्तिकत्वं चात्र सर्वज्ञप्रणीततत्त्वानां सम्यग्निर्णयवत्त्वं, तज्ज्ञावगतस्वपरसमयरहस्यानां सम्यग्दृशां । ज्ञानावरणीयकर्मोदयसहकृतदर्शनमोहनीयोदयजन्याज्ञानत्वस्यैव प्रतिबन्धकतावच्छेदकत्वेन ज्ञानावरणीयकर्मोदयमात्रजन्यमज्ञानं तु सम्यग्दृशां न प्रतिबन्धकं, मिथ्यात्वप्रदेशोदयजन्यप्रवचनसंशयरूपस्याज्ञानस्य च प्रतिबन्धकत्वेऽपि प्रतिबन्धकसहकृतोत्तेजक इव "तमेव सच्चं" इत्याद्यालम्बनरूपास्तिकत्वोत्तेजकप्रभावान्न प्रतिबद्धुं सामर्थ्यम् । स्वपरसमयानभिज्ञानामेकान्तेन जिनोक्ततत्त्वश्रद्धानवतामार्हतानाम् "यज्जिनैः प्रज्ञप्तं तदेव सत्यम्" इति द्रव्यसम्यक्त्ववतामपि भावसम्यक्त्वाभावः

"नियमेण सद्दहंतो छक्काए भावउं न सद्दहइ । हंदि अपज्जेसुवि सद्दहणा होइ अविभत्ता ।।१।।" इति गाथाव्याख्याने सम्मतिवृत्तौ स्पष्टतया प्रतिपादितः,

नास्तिकत्वं चोक्तवैपरीत्यं, माषतुषादौ तु गुरुपारतन्त्र्येणार्हत्प्रणीततत्त्वानां सम्यग्निर्णयसद्भावान्नातिप्रसङ्गः । यद्वा शासनबाह्यैकान्तश्रद्धानं तत्, तेनैकान्तजिनोक्ततत्त्वश्रद्धावत्स्वपि नातिव्याप्तिः । चार्वाकभिन्नदर्शनाभ्युपगन्तृत्वमास्तिकत्वमिति तु लौकिकानां रूढिः, तामभिप्रेत्यैव "एवमास्तिकवादानां कृतं सङ्क्षेपकीर्त्तनम्" इति कथनं निबन्धनिर्मातृभिः, "अस्ति परलोकः पुण्यं पापमिति वा मतिरस्य आस्तिकः" इति श्रीमद्धेमचन्द्रसूरिपादैश्च 'सिद्धहेमे' आस्तिकशब्दव्युत्पत्तिरकारि, सर्वसाधारणत्वादनयोः निबन्धयोरिति । यत्र च चार्वाकमुद्दिश्य "नास्तिकस्तु पापीयान्" इत्युक्तं तद्धर्म्यपेक्षया द्रष्टव्यम्, तथा च निरूपितवन्तो श्रीमन्त्र्यायाचार्याः –

धर्म्यंशे नास्तिको ह्येको, बार्हस्पत्यः प्रकीर्त्तितः । धर्म्मांशे नास्तिका ज्ञेयाः, सर्वेऽपि परतीर्थिकाः ।।१।।" इति ।

अत्र केचिद्वेदानभ्युपगन्तृत्वं नास्तिकत्वमिति निरूपयन्ति, तत्र यौक्तिकं । "नास्ति परलोकः पुण्यं पापमिति वा मतिरस्य" इत्याबालगोपालविख्यातनास्तिकशब्दव्युपत्त्या सममपि विरोधात् ।

न च जैनदर्शनव्यतिरिक्तदर्शनानां तत्त्वदृष्ट्या नास्तिकत्वप्रतिपादनेनार्हद्दर्शनस्य प्रागुक्तं सर्वदर्शनात्मकत्वं कथं सङ्गाघटीति ? न हि प्रत्येकमसत् समुदायेषूपलभ्यत इति वाच्यम्, प्रत्येकमसतोऽपि समुदायेषु सद्भावात्, तथाहि-प्रतिसिन्धुसलिलशीकरेष्वदृश्यमानोऽपि सरित्पतिः समुदितेषु तेषु दृश्यत एव तथा च श्रीसिद्धसेनपादाः –

"उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ दृष्टयः । न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ।।१।।"

यद्वा शेषदर्शनानामास्तिकत्वेऽपि न क्षतिः, धर्मधर्म्युभयाभ्युपगमापेक्षयैवात्रास्तिकत्वव्यवहरणात् । अत एव समुदिताः स्यात्पदलाञ्छितास्सर्वेऽपि नयाः प्रमाणरूपतां बिभ्रति । तथा च स्याद्वादमञ्जर्यां श्रीमन्मल्लिषेणसूरयः "स्यात्पदलाञ्छितानां नयानामेव प्रमाणव्यपदेशभाक्त्वात्" अन्यत्रापि च -

"नयास्तव स्यात्पदलाञ्छना इमे, रसोपविद्धा इह लोहधातवः ।
भवन्त्यभिप्रेतफला यतस्ततो, भवन्तमार्याः प्रणता हितैषिणः ।।१।।"

ननु यन्मिथ्यादर्शनसमूहमयं तत्कथमाप्नोति सम्यग्रूपतां ? नहि कालकूटकणानां समूहोऽमृतरूपतामासादयतीति चेत् ? न, परस्परनिरपेक्षाणां सङ्ग्रहादिनयात्मकानां साङ्ख्यादिदर्शनानां मिथ्यात्मकत्वेऽपि सम्पादितसंस्कारविशेषस्य हालाहलल्लवसमूहस्यामृतात्मकत्ववत् परस्परसापेक्षाणां समासादितानेकान्तस्वरूपाणां तेषां सम्यग्रूपताप्राप्तेः । श्रूयते हि लोकेऽपि विषादयः परस्परसंयोगविशेषसमा-सादितमाहात्म्याः गदवतामात्मसात्कुर्वतामगदरूपतामासादयन्ति, कुत्रचिन्मधुरमपि नालिकेरफलाम्भः कर्पूरसंयोगाद् विषायते, तथा सम्यक्शास्त्रमपि मिथ्यादर्शनसंयोगान्मिथ्यारूपं भवति । न हि प्रत्यक्षसिद्धे पर्यनुयोगोऽर्हति, अन्यथा चित्रभानोरपि दाह्यदहनशक्त्यादिपर्यनुयोगापत्ते । अत एव निरपेक्षा नैगमादयो दुर्नयाः, सापेक्षास्तु सुनयाः । तथा चोक्तमनुयोगद्वारवृत्तौ "तदेवमेते निजनिजार्थप्रतिपादनपरा विप्रतिपद्यन्ते नयाः, एते च परस्परं निरपेक्षाः, दुर्नयाः सौगतादिसमयवत्, परस्परसापेक्षास्तु सुनयाः" इति ।

तथा च स्तुतिद्वात्रिंशिकायां रत्नप्रभसूरयः –

अहो चित्रं चित्रं, तव चरितमेतन्मुनिपते ! स्वकीयानामेषां, विविधविषयव्याप्तिवशिनां ।
विपक्षापेक्षाणां, कथयसि नयानां सुनयतां, विपक्षक्षेप्तॄणां पुनरिह विभो ! दुष्टनयताम् ।।१।।"

पञ्चाशति च –

"निःशेषांशजुषां प्रमाणविषयीभूयं समासेदुषां, वस्तूनां नियमांशकल्पनपराः सप्त श्रुतासङ्गिनः ।
औदासीन्यपरायणास्तदपरे चांशे भवेयुर्नयाश्चेदेकान्तकलङ्कपङ्ककलुषास्ते स्युस्तदा दुर्नयाः ।।१।।"

अत्र मलयगिरिचरणास्तु नयदुर्नयव्यवस्था दैगम्बरी नत्वस्मदीया इत्याहुः, तथा तद्ग्रन्थः - "नयो दुर्नयः सुनयश्चेति दिगम्बरी व्यवस्था, नत्वस्माकम्, नयदुर्नययोरर्थाविशेषात् । स्याष्टब्देन विवक्षितधर्मोपरागेण कालादिभिरभेदवृत्त्याऽभेदोपचाराद्वानन्तधर्म्मात्मकवस्तुप्रतिपादने प्रमाणवाक्यस्यैव व्यवरि तेः, अत एव स्याच्छब्दलाञ्छिततयैव सर्वत्र साधूनां भाषाविनयो विहितः, अवधारणी भाषा च निषिद्धा, तस्या नयरूपत्वात्, नयानां च सर्वेषां मिथ्यादृष्टित्वात्, तथा चानुस्मरन्ति "सव्वे णया मिच्छावायिणो" त्ति, न च सप्तभङ्गात्मकं प्रमाणवाक्यं, एकभङ्गात्मकं च नयवाक्यमित्यपि नियन्तुं शक्यं, सप्तभङ्ग्याः सप्तविधजिज्ञासोपाधिनिमित्तत्वात्, न च तासां सार्वत्रिकत्वं, को जीव ? इति प्रश्ने लक्षणमात्रजिज्ञासया "स्याद् ज्ञानादिलक्षणो जीवः" इति प्रमाणवाक्यरूपस्योत्तरस्य सिद्धान्तसिद्धत्वात्, स्यात्पदस्य चात्रानन्त-

धर्मात्मकत्वद्योतकत्वेन प्रामाण्याङ्गत्वं, द्योतकत्वं चात्रोपसम्पदानकी शक्तिर्लक्षणा वेत्यन्यदेतत्, तत्र च श्रुतपदप्रतिपाद्यधर्मांशे लौकिकी विषयता स्यात्पदद्योत्या अनन्तधर्मात्मकत्वांशे च लोकोत्तरेति विशेषः" इति ।

तत्त्वार्थवृत्त्यभिप्रायोऽप्येवमेव सम्भाव्यते तथा च तद्ग्रन्थः- "प्रमाणं सम्यग्ज्ञानं, नयास्तु मिथ्याज्ञानं, अत आह "एवं सव्वेऽवि नया मिच्छादिट्ठि" अपरे तु वर्णयन्ति परस्परापेक्षा नैगमादयो नया इति व्यपदिश्यन्ते, अध्यवसाया ते, परस्परापेक्षैर्यज्ज्ञानं समस्तवस्तुस्वरुपावलम्बनं जन्यते, तदनवगत वस्तुपरिच्छेदाभ्युपेयत्वात् प्रमाणम्, ये पुनः नैगमादयो निरपेक्षाः परस्परेण ते नयाभासा" इति

न्यायाचार्यास्तु "नयदुर्नयविभागो न दैगम्बर एव हेमसूरिभिरपि - "सदेव सत्स्यात्सदितित्रिधार्थो मीयेत दुर्नीतिनयप्रमाणैः" इत्यादि विभज्याभिधानात्, आकरे नयतदाभासानां व्यक्तेर्बोधितत्वाच्च । अवधारणी च भाषा एकान्तवादात्मकैव निषिद्धा न तु नयरूपापि, तस्याः प्रमाणपरिकरत्वेन तत्रावधारणीत्वस्य निश्चायकत्वरूपभाषालक्षणान्वयेनैव सिद्धान्तसिद्धत्वात्" इत्यादिना विस्तरतः सङ्गिरन्ते,

यद्यप्यत्रापातमात्रेण मतभेदो दृश्यते तथाप्यपेक्षातः सूक्ष्मधिया विचार्यमाणां न किञ्चिद्विरोधावहं प्रतिभाति, अत एवैतदभिप्रायमभिप्रेत्य नयोपदेशे न्यायाचार्यैर्निरुक्तं प्रमाणलक्षणं, वैराग्यविरोधितृष्णोच्छेदकानित्यत्वभावनोद्देशेन प्रवृत्तस्य बौद्धदर्शनस्य, रागद्वेषादिविविधनिबन्धननानासम्बन्धधीमलप्रक्षालनस्वस्तटिनीजीवनप्रतिमैकत्वभावनोद्देशेन प्रवृत्तस्य वेदान्तदर्शनस्य, शेषदर्शनानां च तत्तद्भावनोद्देशेन प्रवृत्तानां सुनयत्वोक्तिश्च सङ्गच्छते, एवं प्रामाण्यस्य स्वतः परतः प्रकाशत्वविचारे बौद्धोक्तयुक्त्युपन्यासेन सम्मतिवृत्त्युक्तः मीमांसकमतनिरासोऽपि सङ्गतिमञ्चति । तथाच तत्स्थलम् "न चेदं प्रेर्यम्, यदि जिनशासनं जिनप्रणीतत्वेन सिद्धं निश्चितप्रामाण्यमभ्युपगमनीयम्, अन्यथा प्रामाण्यस्याप्यनभ्युपगमनीयत्वादितिप्रसङ्गसाधनमत्र प्रतिपाद्यत्वेनाभिप्रेतम्, तत्किमिति बौद्धयुक्त्यार्हतेन त्वया स्वतः प्रामाण्यनिरासोऽभिहितः, यतः सर्वसमयसमूहात्मकमेवाचार्येण प्रतिपादयितुमभिप्रेतम्, यद्वक्ष्यत्यस्यैव प्रकरणस्य परिसमाप्तौ यथा –

"भद्दं मिच्छादंसणसमूहमइयस्स अमयसारस्स । जिणवयणस्स भगवउ संविग्गसुहाहिगम्मस्स ।।१।।"

इत्यादिनाऽयमेवार्थो बौद्धयुक्त्युपन्यासेन समर्थितः, अन्यत्राप्यन्यमतोपक्षेपेणान्यमतनिरासेऽयमेवाभिप्रायो द्रष्टव्यः । सर्वनयानां परस्परसापेक्षाणां सम्यग्मतत्वेन विपरीतानां विपर्ययत्वेनाचार्यस्येष्टत्वात् ।" इति ।

तस्मान्नयानामतिगभीरत्वेन सर्वत्रापेक्षात एव स्याद्वादिनां सुव्यवस्थेत्यलं पल्लवितेन ।

षडधिकारात्मकेऽस्मिन्ग्रिबन्धे षडपि दर्शनानि देव-तत्त्व-प्रमाणभेदैस्त्रिधा विभक्तानि ।

तत्र सार्धैकादशश्लोकप्रमिते प्रथमाधिकारे मङ्गलाभिधेयसम्बन्धप्रयोजनरूपचतुष्टयनिरूपणम्, षड्दर्शननामनिरूपणं, सुगतमताभिप्रेततत्त्वनिरूपणं चाकारि ।

सार्धैकविंशतिकाव्यमिते द्वितीयाधिकारे नैयायिकमतं न्यरूपि ।

एकादशवृत्तपरिमितेन तृतीयाधिकारेण साङ्ख्यदर्शनस्वरूपं समदर्शि ।।

आर्हतदर्शननिरूपके चतुर्दशश्लोकप्रमिते चतुर्थाधिकारे वृत्तद्वयेन सातिशयं देवाधिदेवस्वरूप-निर्वर्णनं, एकवृत्तेन नवतत्त्वनामनिरूपणं, वृत्तद्वयेन च जीवाजीवपुण्याख्यतत्त्वत्रयलक्षणं निरवर्णि ।

यद्यप्यत्र मूलोक्तजीवलक्षणे जीवस्य देहपरिमाणत्वं साक्षात्तया नोपात्तं, तथापि "विवृत्तिमान्" इति विशेषणेन स्पष्टतयोपलभ्यते । तथाहि-वि-विविधं वर्त्तनं-वृत्तिः नरामरादिपर्यायानुसरणं तद्वान्, यद्वा वि-विशिष्टा-स्वदेहव्यापिनी वृत्तिरस्यास्तीति विवृत्तिमान् । एतेन नैयायिकादिभिर्विकल्पितमात्मनो विभुत्वं प्रतिषिध्यते, विभुत्वे हि नानात्मव्यवस्थानुपपत्तिः, नभसि नानाघटादिसंयोगवदेकात्मन्यपि नानामनःसंयोगेन जीवभेदव्यवस्थोपपत्तेः । न च जननमरणादिनोत्पद्यमाना जीवभेदव्यवस्था दुर्निवारेति प्रलपितव्यम्, तस्या एकस्मिन्नप्यात्मनि घटाकाशादिसंयोगजननविनाशवत् निर्वाहसम्भवात् । अथाऽस्तुनाम तस्या निर्वाहः, परमनादिसंसिद्धाया बन्धमोक्षव्यवस्थायास्तु विच्छेद एव स्यात्, एकस्मिन्नात्मनि तयोर्विरोधात्, इति चेत् ? नन्वेवं नभस्यप्येकघटसंयोगे सति घटान्तरसंयोगाभावानुपपत्तिः ? नभसि तु प्रदेशभेदोपचारेण नैतद्दोषस्यावकाश इति चेत् ? आत्मन्यपि प्रदेशभेदोपचारेण न बन्धमोक्षव्यवस्था-विच्छेदः, तस्माद्विभुत्वे नानात्मव्यवस्थाऽनुपपन्नेति । अनुमानञ्चात्र-आत्मा न विभुः, सर्वत्र तद्गुणानुप-लम्भात् घटवत् । एतेन "बुद्ध्यधिकरणं द्रव्यं विभु, नित्यत्वे सत्यस्मदाद्युपलभ्यमानगुणाधिष्ठानत्वात् आकाशवत्" इत्यनुमानमपि निराकृतमवसेयम्, आत्मनः शरीरपरिणामवत्तया विभुत्वव्याघातात्, "आत्मैकत्वपरिमाणे न योग्ये" इति वृत्तिकारवचनं तु प्रमाणविरोधित्वेनाप्रमाणं, शब्दस्य गुणत्वं त्वस्यैव ग्रन्थस्य वृत्तिकृद्भिः स्वयमेव निरस्तत्वेन दृष्टान्तस्य साधनशून्यत्वाच्च । अदृष्टं स्वाश्रयसंयुक्ते आश्रयान्तरे कर्म्मारभते, एकद्रव्यत्वे सति क्रियाहेतुगुणत्वात्, वेगवदित्यनुमानमप्यसुन्दरम्, आत्मवर्त्त्यदृष्टस्य स्वाश्रयसंयोगघटितसम्बन्धेन आश्रयान्तरे कर्म्मारम्भकत्वे नगरान्तर्वर्त्तिनां कनककामिन्यादीनामप्या-कर्षणप्रसङ्गात् । नन्वेवं सति देशान्तरवर्त्तिपरमाणूनां युगपत्संयोगासम्भवादाद्यकर्म्माभावः, तदभावा-च्चान्त्यसंयोगाभावः, तदभावात्तन्निमित्तशरीराभावः, ततस्तत्सम्बन्धाभावः, ततस्सर्वेषां सर्वदा निरुपाय-निर्वृतिः स्यात् इति चेत् ? न, विचित्रशक्तिमत्त्वेन भावानां विनैवाश्रयसंयोगं अदृष्टस्य कार्यजनकत्वात् नहि यद्येन संयुक्तं तत्तं प्रत्येवोपसर्पतीति शक्यते वक्तुम्, लोहाकर्षकेऽयस्कान्ते व्यभिचारात् । अदृष्ट-विशेषात् प्रतिनियतपरमाणूनामेवाकर्षणसम्भवेन नाचरणीया चेतसि असंयुक्ताकर्षणे यावत्परमाण्वा-कर्षणसम्भवेन न जाने कियत्परिमाणं भविष्यति शरीरमिति चमत्कृतिः । एकस्मिन्नपि घटे रूपादिभेदे-ऽपि घटाभेदवत्परिमाणभेदेऽपि नात्मभेदोपपत्तिः, अतो न विद्यते परिमाणभेदस्य द्रव्यभेदनिय-तत्वेनात्मभेदोपपत्तिरित्याशङ्काया अवकाशोऽपि । न च मूर्त्ते मूर्त्तप्रवेशस्य विरोध इत्यपि क्षोदक्षमम्, मनस इव विरोधासम्भवात् । एवञ्चाचेतनत्वापत्तिरित्यपि न निगदितव्यम्, सहचारमात्रदर्शनेन व्याप्यग्रहात् ।

अन्यथा विभुत्वपक्षेऽप्याकाशवदचेतनत्वापत्तिस्स्यादात्मनः । नन्वेकान्तेनाविभुत्वे अनेकान्तव्याहतिरिति चेत् ? न, व्यक्त्यपेक्षयैव विभुत्वं निषिध्यते, न तु शक्त्यपेक्षया, शक्त्या त्वस्माभिरप्यात्मनः विभुत्वस्य स्वीकृतत्वात् ।

तथा चोक्तं महोपाध्यायश्रीमद्यशोविजयगणिभिर्न्यायखण्डखाद्ये –

"शक्त्या विभुः स इह लोकमितप्रदेशो, व्यक्त्या तु कर्मकृतसौवशरीरमानः ।
यत्रैव यो भवति दृष्टगुणः स तत्र, कुम्भादिवद्विशदमित्यनुमानमत्र ।।१।।" इति ।

न च मूर्त्तत्वे सावयवत्वं, तत्त्वे च पटादिवत् कार्यत्वप्रसङ्ग इत्यपि जल्पनीयम् । कार्यत्वस्यापि कथञ्चिदिष्टत्वात् । कथञ्चित्रित्यत्वस्यापि स्वीकृतत्वेन नास्ति कृतहानाकृताभ्यागमरूपदोषस्यापि प्रवेशस्थानं, न हि घटादावपि प्राक्प्रसिद्धसमानजातीयकपालसंयोगारब्धत्वं दृष्टं, येन प्राक्प्रसिद्धसमान-जातीयावयवारब्धत्वप्रसक्तिः स्यात् । न च पटादौ तथोपलब्धेऽपि सर्वत्र तथा कल्पयितुं शक्यते, अन्यथा काष्ठे लोहलेख्यत्वदर्शनेन वज्रेऽपि तत्प्रसक्तिः स्यात् । वज्रे लोहलेख्यत्वं त्वनुभवविरोधीति चेत् ? अत्राप्येवमेव । सावयवत्वमत्र प्रदेशवत्त्वम्, नत्ववयवारब्धत्वम् । न चात्मप्रदेशाः प्रविभक्ताः, शृङ्खलावय-वानामिव तेषां परस्पराजहद्वृत्तित्वात्, ते च प्रदेशाः पृथक् पृथग् न चेतयेरन्, किन्तु कथञ्चिदवयवा-भिन्नोऽवयवी चेतयते । आत्मत्वमपि कथञ्चिदवयवाभिन्नावयविन्येवेति ध्येयम् । अत्र कार्यत्वमपि पूर्वाकारपरित्यागेनोत्तराकारपरिणामवत्त्वं । अत्रात्मप्रदेशानां प्रदीपवत् सङ्कोचविकाशशालित्वेनैव लोकप्रदेशपरिमितास्ते कथं सम्मीयेरन्-कीटादिशरीरे ? इति चिन्ताऽपि न समुत्पादनीया चेतसि । न चाशङ्कनीयं दृष्टान्तवैषम्यमपि, प्रदीपस्यापि कथञ्चित्रित्यत्वस्य स्वीकारात् ।

अथ तेषां सङ्कोचविकाशशालित्वेनाणुत्वप्रसङ्ग इति चेत् ? न, जघन्यतोऽपि शरीरावगाहनायाः शरीरनामकर्मोदयवर्त्तित्वेन अङ्गुलासङ्ख्येयभागमितत्वात् । अत एवाणुमात्राप्यवगाहना कथं न भवतीति प्रश्नस्य नास्त्यवकाशः । ननु मुक्तावस्थायां तु भविष्यत्येव आत्मनोऽणुत्वपरिमाणप्रसक्तिः, तन्निमित्त-शरीराभावादिति चेत् ?, न, तत्रापि चरमशरीरस्य निमित्तत्वात्, तथा चोक्तवन्तः कुवादिकरिकण्ठीरवाः श्रीमद्यशोविजयवाचकवर्या न्यायखण्डखाद्ये - "आत्मा स्वकर्मकृतशरीरसमानावगाहनाकः तदवच्छिन्न-भोगवत्त्वादित्यत्र तात्पर्यं, स्वकर्मकृतत्वं च स्वकर्मनिरूपितप्रतियोग्यनुयोगिभावसम्बन्धाश्रयकृतत्वं तेन स्वकर्मक्षयकृतत्रिभागहीनचरमशरीरावगाहनावस्थितक्षीणसकलक्लेशशालिनि सिद्धे नाव्याप्तिः ।"

एतेन (ब्रह्मसूत्रं पृ. ५६२) "एवं चात्माऽकात्स्न्र्यम् ।।३४।।" (शाङ्करभाष्यं पृ. ५६२) "यथैकस्मिन् धर्मिणि विरुद्धधर्मासम्भवो दोषः स्याद्वादे प्रसक्तः, एवमात्मनोऽपि, जीवस्याकात्स्न्र्यमपरो दोषः प्रसज्येत । कथम् ? शरीरपरिमाणो हि जीव इत्यार्हता मन्यन्ते । शरीरपरिमाणतायां च सत्यामकृत्स्नोऽ-सर्वगतः परिच्छिन्न आत्मेत्यतो घटादिवदनित्यत्वमात्मनः प्रसज्येत । शरीराणां चानवस्थित-परिमाणत्वान्मनुष्यजीवो मनुष्यशरीरपरिणामो भूत्वा पुनः केनचित्कर्मविपाकेन हस्तिजन्म प्राप्नुवन्न कृत्स्नं

हस्तिशरीरं व्याप्नुयात् । पुत्तिकाजन्म च प्राप्नुवन्न कृत्स्नः पुत्तिकाशरीरे सम्मीयेत । समान एष एकस्मिन्नपि जन्मनि कौमारयौवनस्थाविरेषु दोषः । स्यादेतत्-अनन्तावयवो जीवस्तस्य त एवावयवा अल्पे शरीरे सङ्कुचेयुर्महति च विकसेयुरिति । तेषां पुनरनन्तानां जीवावयवानां समानदेशत्वं प्रतिहन्यते वा न वेति वक्तव्यम् । प्रतिघाते तावन्नानन्तावयवाः परिच्छिन्ने देशे सम्मीयेरन् । अप्रतिघातेऽप्येकावयवदेशत्वोपपत्तेः सर्वेषामवयवानां प्रथिमानुपपत्तेर्जीवस्याणुमात्रत्वप्रसङ्गः स्यात् । अपि च शरीरमात्रपरिच्छिन्नानां जीवावयवानामानन्त्यं नोत्प्रोक्षितुमपि शक्यम् ।।३४।। अथ पर्यायेण बृहच्छरीरप्रतिपत्तौ केचिज्जीवावयवा उपगच्छन्ति तनुशरीरप्रतिपत्तौ च केचिदपगच्छन्तीत्युच्येत तत्राप्युच्यते - (ब्रह्मसूत्रं पृ. ५६३) "न च पर्यायादप्यविरोधो विकारादिभ्यः ।।३९।।" (शाङ्करभाष्यं पृ. ५६३) न च पर्यायेणाप्यवयवोपगमापगमाभ्यामेतद्देहपरिमाणत्वं जीवस्याविरोधेनोपपादयितुं शक्यते । कुतः ?, विकारादिदोषप्रसङ्गात् । अवयवोपगमापगमाभ्यां ह्यनिशमापूर्यमाणस्यापक्षीयमाणस्य च जीवस्य विक्रियावत्त्वं तावदपरिहार्यम् । विक्रियावत्त्वे च चर्मादिवदनित्यत्वं प्रसज्येत । ततश्च बन्धमोक्षाभ्युपगमो बाध्येत, कर्माष्टपरिवेष्टितस्य जीवस्यालाबुवत्संसारसागरे निमग्नस्य बन्धनोच्छेदादूर्ध्वगामिनं भवतीति । किञ्चान्यत् । आगच्छतामपगच्छतां चावयवानामागमापायधर्मवत्त्वादेवानामत्वं शरीरादिवत् । ततश्चावस्थितः कश्चिदवयव आत्मेति स्यात् । न च स निरूपयितुं शक्यतेऽयमसाविति । किञ्चान्यत् । आगच्छन्तश्चैते जीवावयवाः कुतः प्रादुर्भवन्त्यपगच्छन्तश्च क्व वा लीयन्त इति वक्तव्यम् ? नहि भूतेभ्यः प्रादुर्भवेयुर्भूतेषु च निलीयेरन्, अभौतिकत्वाज्जीवस्य । नापि कश्चिदन्यः साधारणोऽसाधारणो वा जीवानामवयवाधारो निरूप्यते प्रमाणाभावात् । किञ्चान्यत् । अनवधृतस्वरूपश्चैवं सत्यात्मा स्यात्, आगच्छतामपगच्छतां चावयवानामनियतपरिमाणत्वात् । अत एवमादिदोषप्रसङ्गान्न पर्यायेणाप्यवयवोपगमापगमावात्मन आश्रयितु शक्येते । अथवा - पूर्वेण सूत्रेण शरीरपरिमाणस्यात्मन उपचितापचितशरीरान्तरप्रतिपत्तावकात्स्न्र्यप्रसञ्जनद्वारेणानित्यतायां चोदितायां पुनः पर्यायेण परिमाणानवस्थानेऽपि स्रोतः-सन्ताननित्यतान्यायेनात्मनो नित्यता स्यात् । यथा रक्तपटानां विज्ञानानवस्थानेऽपि तत्सन्ताननित्यतातद्वद्विसिचामपीत्याशङ्क्य तेन सूत्रेणोत्तरमुच्यते । सन्तानस्य तावदवस्तुत्वे नैरात्म्यवादप्रसङ्गः । वस्तुत्वेऽप्यात्मनो विकारादिदोषप्रसङ्गादस्य पक्षस्यानुपपत्तिरिति ।।३५।।" (ब्रह्मसूत्रं पृ. ५६४) "अन्त्यावस्थितेश्चोभयनित्यत्वादविशेषः ।।३६।।" (शाङ्करभाष्यं पृ. ५६४) "अपि चान्त्यस्य मोक्षावस्थाभाविनो जीवपरिमाणस्य नित्यत्वमिष्यते जैनैः । तद्वत्पूर्वयोरप्याद्यमध्यमयोर्जीवपरिमाणयोर्नित्यत्वप्रसङ्गादविशेषप्रसङ्गः स्यात् । एकशरीरपरिमाणतैव स्यान्नोपचितापचितशरीरान्तरप्राप्तिः । अथवाऽन्त्यस्य जीवपरिमाणस्यावस्थितत्वात्पूर्वयोरप्यवस्थयोरवस्थितपरिमाण एव जीवः स्यात्, ततश्चाविशेषेण सर्वदैवाणुर्महान् वा जीवोऽभ्युपगन्तव्यो न शरीरपरिमाणः । अतश्च सौगतवदार्हतमपि मतमसङ्गतमित्युपेक्षितव्यम् ।।३६।। इति षष्ठमेकस्मिन्नसम्भवाधिकरणम् ।।" इति ब्रह्मसूत्र-शाङ्करभाष्योक्तिः ।

(अद्वैतब्रह्मसिद्धिपाठः पृ. ११७) "एवमनैकान्तासिद्धिवदात्मनः सावयवत्मप्यनुपपन्नमेव । तथाहि । सावयवत्वेन मध्यमपरिमाणवत्त्वम् । ततश्चानित्यत्वं घटादिवत् ततश्च कृतहान्यकृताभ्यागमप्रसङ्गश्च । ततश्च प्रवृत्त्यनुपपत्तिरिति । किञ्च मनुष्यकायपरिमाणो हि जीवः न हस्तिकायं कृत्स्नं व्याप्तुमर्हति । अल्पत्वात् इत्यात्मनः कृत्स्नशरीराव्यापित्वादकात्स्न्यम् । तथा हस्तिशरीरं परित्यज्य यदा कर्मवशात् पुत्तिकाशरीरं प्राप्नोति तदा न तत्र कृत्स्नः सम्भवतीति न शरीरपरिमाणत्वमात्मनः । कौमारे च स्वल्पपरिमाणो जीवः तारुण्ये स्थविरे च न कृत्स्नं शरीरं व्याप्नुयात् । ननु यथा प्रदीपो घटमहाहर्म्योदरवर्त्ति सङ्कोचविकाशवान् एवं जीवोऽपि अनन्तावयवः पुत्तिका-हस्तिदेहयोः - इति चेत् । न । तेषामनन्तानां जीवावयवानां समानदेशत्वप्रतिघातोऽस्ति न वा ?, नाद्यः । अनन्तावयवानां परिच्छिन्ने देशे संमातुमशक्यत्वेन देहाद्बहिरपि जीवोपगतिप्रसङ्गात् । न द्वितीयः, एकावयवदेशत्वेनापि समानदेशत्वोपपत्तेः । सर्वेषामवयवानां च प्रथिमानुपपत्तिः । ततो जीवस्याणुमात्रत्वप्रसङ्गात् । नात्र प्रदीपदृष्टान्तः सम्भवति-नश्वराः प्रदीपावयवाः । प्रदीपश्चावयवी प्रतिक्षणमुत्पत्तिनिरोधधर्मा । दार्ष्टान्तिकस्यात्मनो नित्यत्वाभ्युपगमात् । आनन्त्यं च जीवावयवानामनुपपन्नतरम् । शरीरमात्रपरिच्छिन्नानां तदसम्भवात् । ननु बृहत्तनुदेहावाप्तावयवोपगमापगमाभ्यां जीवस्य देहपरिमाणता न विरुद्धा-इति चेत् । न । विकारवत्त्वप्रसङ्गात् । तथाहि । अवयवोपगमापगमाभ्यां ह्यनिशमापूर्यमाणस्यापक्षीयमाणस्य च जीवस्य विक्रियावत्त्वम् । न च-समुद्भवत्तन्नित्यमिति वाच्यम् । विक्रियावत्त्वेन चर्मादिवदनित्यत्वप्रसङ्गात् । आत्मनोऽनित्यत्वे चायुक्तो बन्धमोक्षाभ्युपगमः । बन्धमोक्षान्वयिनोऽभावात् । किञ्च आत्मत्वमवयवानां वा अवयविनो वा ? आद्ये किं आगमापायिनां सर्वेषामवयवानामात्मत्वं हीनस्य वा कस्यचिदवयवस्य ? न प्रथमः, आगच्छतामपगच्छतां चावयवानामागमापायिधर्मत्वेन अनात्मत्वात् शरीरादिवत् । आगच्छतामपगच्छतां च तेषामनियतपरिमाणत्वादप्यनवधृतस्वरूपत्वापत्तेश्च । अवयवप्रादुर्भावोपादानत्वं लयाधारत्वं च महाभूतानां वा व्यतिरिक्तस्य वा कस्यचित् ? नाद्यः । जीवस्याभौतिकत्वेनासम्भवात् । नापरः । प्रतिजीवमसाधारणस्य साधारणस्य वा अवयवान्तरस्य वा निरूपणे प्रमाणाभावात् । नापि द्वितीयो हीनकल्पः । अयमसाविति विशेषतोऽज्ञातस्य तस्यात्मज्ञानाभावादपवर्गासिद्धिः । किञ्च । सावयवात्मवादिनो मते जीवावयवाः किं प्रत्येकं चेतयेरन् तत्समूहो वा ? आद्ये तेषां प्रत्येकं चैतन्ये बहूनां चेतनानामेकाभिप्रायत्वनियमाभावात् कदाचिद्विरुद्धदिक्क्रियत्वे शरीरमुन्मथ्येत । द्वितीये तु-हस्तिशरीरस्य पुत्तिकादेहप्राप्तौ द्वित्रावयवशेषो जीवो न चेतयते । विगलितबहुसमूहितया पुत्तिकाशरीरे समूहस्याभावात् । सन्तानिसन्तानभावस्य नित्यत्वानित्यत्वप्रसङ्गापाद्य बौद्धं प्रत्येव पूर्वं विस्तरेण निराकृतत्वात् च । ननु-अस्तु तर्हि नित्योऽणुपरिमाणो एवात्मा-इति चेत्, न । युगपत्सर्वाङ्गीणसुखादिसाक्षात्कारो न स्यात् न च प्रदीपप्रभान्यायेन तत्प्रभास्थानापन्नेन ज्ञानेनैव साक्षात्कारः सम्भवति इति वाच्यम् । प्रभापि किं तस्य गुणो वा स्वरूपं वा ? नाद्यः

गुणगुणिभावस्य समवायाधीनत्वात् तस्य च पूवमेव दूषितत्वात् । अग्रे नैयायिकादिकं प्रत्यतिविस्तरेण दूष्यमाणत्वाच्च । न द्वितीयः । मध्यमपरिमाणत्वापत्त्या अणुत्वभङ्गप्रसङ्गात् । न हि गृहमण्डलवर्त्ति-प्रदीपप्रभाकस्यचिदतीन्द्रिया भवति । इन्द्रियगोचरत्वे तु सावयवत्वापत्तेरनुभवसिद्धत्वात् । एवं च सति अस्मिन्नपि दर्शने न गुरुशब्दाभिधेयसिद्धिरिति । तस्मादसङ्गतमेवार्हतं दिगम्बरदर्शनमित्यलमसम्भाष्य-माणसम्भाषणेनेति दिक् ।' इति अद्वैतब्रह्मसिद्धिकारोक्तिः ।

(सर्वदर्शनसङ्ग्रहपाठः पृ. ३७) "तथा जीवस्य देहानुरूपपरिमाणत्वाङ्गीकारे योगबलादनेकपरि-ग्राहकयोगिजीवेषु प्रतिशरीरं जीवविच्छेदः प्रसज्येत, मनुजशरीरपरिमाणो जीवो मतङ्गजदेहं कृत्स्नं प्रवेष्टुं न प्रभवेत् । किं च गजादिशरीरं परित्यज्य पिपीलिकाशरीरं विशतः प्राचीनशरीरसन्निवेशविनाशोऽपि प्राप्नुयात् । न च यथा प्रदीपप्रभाविशेषः प्रपाप्रासादाद्युदरवर्त्तिसङ्कोचविकाशवांस्तथा जीवोऽपि मनुजम-तङ्गजादिशरीरेषु स्यादित्येषितव्यं, प्रदीपवदेव सविकारत्वेनानित्यत्वप्राप्तौ कृतप्रणाशाकृताभ्यागम-प्रसङ्गात् । एवं प्रधानमल्लनिबर्हणन्यायेन जीवपदार्थदूषणाभिधानदिशाऽन्यत्रापि दूषणमुत्प्रेक्षणीयम् । तस्मान्नित्यनिर्दोषश्रुतिविरुद्धत्त्वादिदमुपादेयं न भवति । तद्युक्तं भगवता व्यासेन-नैकस्मिन्न सम्भवा-दिति ।" इति सर्वदर्शनसङ्ग्रहकारोक्तिश्च खण्डिता ।

"अपि च शरीरमात्रपरिच्छिन्नानां जीवावयवानामानन्त्यं नोत्प्रेक्षितुमपि शक्यं" एतदपि भाष्यकारवचः स्वस्य स्याद्वादमतानभिज्ञतासूचकम्, जीवप्रदेशानामसङ्ख्यसङ्ख्याकत्वस्य स्वीकृतत्वात् । शेषमुक्त-प्रायम् । अत्र च यदनुक्तं तदनभ्युपगममात्रेण निरस्तमिति ध्येयम् । सूत्रसूत्रभाष्यखण्डनोक्तिखण्डि-तत्वेन भामतीनामकभाष्यवृत्तौ वाचस्पतिमिश्रोक्तिः, कल्पतरुनामकभामतीवृत्तावमलानन्द-सरस्वत्युक्तिः, कल्पतरुपरिमलनामकल्पतरुवृत्तावप्ययदीक्षितोक्तिश्च खण्डिता ज्ञातव्या, सूत्रसूत्रभाष्या-नुसारित्वात् तासामुक्तीनामिति ।

जीवाश्च त्रसस्थावरभेदेन द्विविधाः तत्र द्वीन्द्रियादयस्त्रसाः, स्थावरास्तु पृथिव्यप्तेजोवायुवनस्पतिभेदेन पञ्चविधाः, तेषां जीवसत्ताया अस्यैव ग्रन्थस्य वृत्तिकृद्भिरनुमानपुरस्सरं प्रसाधितत्वेन नास्ति तद्विषये आलोचनाऽवकाशः । मुक्तास्तु सकलकर्मपङ्कविनिर्मुक्ताः । नाऽनादिसिद्धाः ।

अजीवतत्त्वव्याख्याप्रसङ्गे धर्मास्तिकाय-अधर्मास्तिकाय-आकाशास्तिकाय-पुद्गलास्तिकाय-काल-भेदेन पञ्चधा व्याख्यातमजीवतत्त्वं । तत्र लोकव्यापि-नित्यमवस्थितमरूपि-गत्युपग्रहकारि-द्रव्यं धर्मपद-वाच्यं, तस्य अस्तयः-प्रदेशा असङ्ख्यकाः, तेषां कायः-समूहः धर्मास्तिकायः, स्वतो गतिपरिणत-जीव-पुद्गलानां गतावपेक्षकारणमित्यर्थः । एवमेवाधर्मास्तिकायोऽपि । नवरं स्थित्युपग्रहकारी । आकाशाऽ-स्तिकायोऽप्येवमेव । नवरं लोकालोकव्यापी अनन्तप्रदेशी अवगाहनोपकारश्च । अत्र लोकः धर्माधर्माका-शपुद्गलजीवाख्यपञ्चास्तिकायात्मकः । आकाशद्रव्यमेवास्ति यत्र सोऽलोकः । वर्णगन्धरसस्पर्शवन्तः पुद्गलाः, तेषां अस्तयः-प्रदेशाः सङ्ख्यातासङ्ख्यातानन्तसङ्ख्याकाः, तेषां कायः-समूहः पुद्गलास्तिकायः

स परमाणुस्कन्धभेदेन द्विविधः, ते परमाणवः स्कन्धाश्च कथञ्चिन्नित्याः कथञ्चिदनित्याश्च । परमाणूनामेकान्तनित्यत्वे तेषां कार्यतानुपपत्तेः, परमाण्वभिन्नानां स्कन्धानां चैकान्तानित्यत्वे परमाणूनामपि क्षणिकत्वापत्तेः । अत्र घटादिस्कन्धोपपत्तिरपि न वैशेषिकवत् परमाणुषु क्रिया, ततो विभाग इत्यादिक्रमेण, दृष्टविरोधात् । वर्त्तनालक्षणः कालः । तीर्थकरत्वादिशुभफलसम्पादकाः शुभकर्म-पुद्गलाः पुण्यम् । इति तत्त्वत्रयं वृत्तद्वयवृत्तौ सप्रपञ्चं प्रपञ्चितम् । नारकत्वाद्यशुभफलसम्पादका अशुभकर्मपुद्गलाः पापम् । शुभाशुभकर्मागमनद्वारमाश्रवः । आस्रवति कर्म येन (मिथ्यात्वाविरतिकषाययोगान्यतमेन) इति व्युत्पत्तेः । आत्मनः कर्मोपादानहेतुभूतपरिणामनिरोधः संवरः । संव्रियते आच्छाद्यते आस्रवद्वाराणि येनेति व्युत्पत्तेः । क्षीरनीरवत् जीवकर्मपुद्गलानां परस्परमाश्लेषः बन्धः । यद्वा येन ज्ञानावरणीयादिरूपेण कर्मणा बध्यते पारतन्त्र्यमापाद्यते आत्मा स बन्धः, स चतुर्द्धा, प्रकृतिस्थितिरसप्रदेशभेदात् । इति तत्त्वचतुष्टयी वृत्तद्वयेन व्याख्याता । यद्यप्यत्र बन्धतत्त्वाधिकारे ज्ञानावरणीयादिभेदेन अष्टविधं कर्म विस्तरभयेन नालेखि वृत्तिकृता, "कर्मग्रन्थादवसेयम्" इति चोपादेशि, तथापि अद्वैतब्रह्मसिद्धिकारश्रीसदानन्दीयमुद्गरप्रहारं प्रतिरोद्धुं वज्रप्रहारोद्भावनाय, भामतीवृत्तिकारश्रीवाचस्पतिमिश्रादीनामतिजडिमसंसूचनाय च व्युत्पत्तिमात्रेण कर्माष्टकस्वरूपं प्रतन्यते । तथाहि - ज्ञायते परिच्छिद्यते वस्त्वनेनास्मादस्मिन् वेति ज्ञानं, ज्ञप्तिर्वा ज्ञानं सामान्यविशेषात्मके वस्तुनि विशेषग्रहणात्मको बोध इत्यर्थः । आव्रियते आच्छाद्यतेऽनेनेत्यावरणम्, यद्वा आवृणोति आच्छादयति इति आवरणं, मिथ्यात्वादिसचिवजीवव्यापाराहृतकर्मवर्गणान्तःपाती विशिष्टपुद्गलसमूह इत्यर्थः, ज्ञानस्यावरणं ज्ञानावरणम् । तथा दृश्यतेऽनेनास्मादस्मिन् वेति दर्शनं, दृष्टिर्वा दर्शनं, सामान्यविशेषात्मके वस्तुनि सामान्यग्रहणात्मको बोध इत्यर्थः, तस्यावरणं दर्शनावरणम् । तथा वेद्यते सुखदुःखस्वरूपतयाऽनुभूयते यत्तद्वेद्यम्, यद्यपि सर्वं कर्म वेद्यत एव, तथापि पङ्कजादिपदवत् वेद्यशब्दस्य रूढिविषयत्वात् सातासातरूपमेव कर्म वेद्यमित्युच्यते, न शेषम् । मोहयति जानानमपि प्राणिनं सदसद्विवेकशून्यं करोतीति मोहनीयम् । तथा एति गच्छत्यनेन गत्यन्तरमित्यायुः, यद्वा एति आगच्छति प्रतिबन्धकतां स्वकृतकर्मावाप्तनरकादिदुर्गतेर्निर्गन्तुमनसोऽपि जन्तोरित्यायुः, यद्वा याति भवाद्भावान्तरं सङ्क्रामतां जन्तूनां निश्चयेनोदयमागच्छतीत्यायुः । यद्यपि सर्वं कर्म उदयमायाति, तथापि विद्यते आयुषो विशेषः, यतः शेषं कर्म बद्धं सत् किञ्चित्तस्मिन् एव भव उदयमायाति, किञ्चित्तु प्रदेशोदयभुक्तं जन्मान्तरेऽपि स्वविपाकत उदयं नायाति, आयुषि त्वयं नास्ति प्रकारः, बद्धस्य तस्मिन्नेव भवेऽवेदनात्, जन्मान्तरसङ्क्रान्तौ तु स्वविपाकतोऽवश्यं वेदनात्, इति विशिष्टस्यैवोदयागमनस्य विवक्षितत्वात् तस्य चायुष्येव सद्भावात्, तस्यैवेतन्नाम, अथवाऽयान्त्युपभोगाय यस्मिन्नुदिते सति तद्भवप्रायोग्याणि सर्वाण्यपि शेषकर्माणि इत्यायुः । तथा नामयति गतिजातिप्रभृतिपर्यायानुभवनं प्रति प्रवणयति जीवमिति नाम । तथा गूयते शब्द्यते उच्चावचैः शब्दैरात्मा यस्मात्तद्गोत्रम् । तथा जीवं दानादिकं च अन्तरा व्यवधानापादनायैति गच्छतीत्यन्तरायमिति । ज्ञानावरणीय-दर्शनावरणीय-मोहनीय-अन्तरायाख्याणि चत्वारि कर्माणि

घातीनि, वेदनीय-आयुः-नाम-गोत्राख्याणि चत्वारि च कर्माणि अघातीनि । सम्यग्ज्ञान-दर्शन-चारित्रादिरूपं स्वविषयं सर्वतो देशतो वा यथायोगं घ्नन्ति यानि तानि घातीनि । हन्तव्याभावात्र किमपि घ्नन्ति यानि तान्यघातीनि । बद्धस्य कर्मणः परिशाटो निर्जरा । कृत्स्नकर्मक्षयो मुक्तिः, यद्वा कर्मक्षयद्वारा ज्ञानक्रियासाध्यः परमानन्द एव मुक्तिरिति एकेन वृत्तेन तत्त्वद्वयनिरूपणं कृतमित्येवं पञ्चवृत्तोक्तानि नवतत्त्वलक्षणानि सविस्तरं विवेचितानि । एषैव आर्हती तत्त्वविषयिणी प्रक्रिया ।

एतेन (अद्वैतब्रह्मसिद्धिपाठः पृ. १०६) "अस्तिकायशब्दः पारिभाषिकः अनियतपदार्थवाची । जीवश्चासावस्तिकायश्चेति कर्मधारयः । नतु नियतसत्त्वं अनेकान्तवादस्वीकारात् । एवमपरत्रापि । अत्रापि तु परमाणव एवावयव्यारम्भक्रमेण वैशेषिकादिवज्जमदारभन्ते । तत्र देहमात्रपरिमाणः चैतन्य-मात्रस्वरूपः सततोर्ध्वगमनस्वभावः सावयवो जीवास्तिकायः । स पुनस्त्रिविधः । बद्धो, मुक्तो, नित्य-सिद्धश्च इति । अत्र अर्हन्मुनिर्नित्यसिद्धः । नित्यसाधनैर्मुक्तत्वात् । इतरे केचन साधनैर्मुक्ताः । अन्ये तु बद्धा इति भेदः ।

पुद्गलास्तिकायः षोढा । पृथिव्यादीनि चत्वारि भूतानि, स्थावरं जङ्गमं चेति । तप्तशिलारोहण-केशलुञ्चनादिशास्त्रप्रभवया बाह्यचेष्टारूपया सम्यक्प्रवृत्त्या ह्यान्तरो अपूर्वाख्यो धर्म्मोऽनुमीयत इत्यसौ धर्म्मास्तिकायः । सततोर्ध्वगमनं जीवस्य स्वभावः, देहे स्थितिस्तु तत्प्रतिबन्धककर्माधीना इत्यार्हतं मतं, तस्माज्जीवस्य देहावस्थानेन अधर्मोऽनुमीयते इत्यधर्मास्तिकायः । आकाशास्तिकायश्च द्वेधा । लोकाका-शोऽलोकाकाशश्चेति । तत्र उपरि चतुर्दश भुवनेषु स्थितानां लोकानां अन्तर्वर्ती लोकाकाशः तेषामप्युपरि मोक्षस्थानमलौकिकाकाशः । तदेवं जीवाजीवपदार्थौ पञ्चधा प्रपञ्चितौ । पञ्चास्तिकायभेदात् । अनन्तरं आस्रव-संवर-निर्जराः त्रयः प्रवृत्तिलक्षणाः प्रपञ्च्यन्ते । तत्र द्विधा प्रवृत्तिः । समीचीना मिथ्या च । तत्र मिथ्याप्रवृत्तिराश्रवः । आश्रवत्येनन जीवो विषयेषु इत्याश्रव इन्द्रियसङ्घातः । अण्यन्तात् 'आश्रव' शब्दो 'आस्राव' इति स्यात् । अपरे तु कर्त्तारमभिव्याप्य आस्रवति आगच्छतीति कर्माणि आस्रवमाचक्षते । सेयं मिथ्याप्रवृत्तिः अनर्थहेतुत्वात् । संवर-निर्जरौ च सम्यक्प्रवृत्ती ।

"आस्रवस्रोतसां द्वारं संवृणोतीति संवरः । आस्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम् ।।१ ।"

इति जिनोक्तः । स च संवरः शमदमगुप्तिसमितिप्रवृत्तिरूपः । तत्र बाह्येन्द्रियनिग्रहः शमः । अन्त-रिन्द्रियनिग्रहो दमः । कायवाङ्मनोनिग्रहो दृढतरो गुप्तिः । भूमिगतजन्तुहिंसापरिहाराय प्रहृते मार्गे सम्य-गादित्यरश्मिप्रकाशे सति निरीक्ष्य सञ्चरणं नियताहारनिषेवणादिः समितिः । निर्जरस्त्वनादिकालप्रवृत्त-कषायकलुषपुण्याऽपुण्यप्रहाणहेतुस्तप्तशिलारोहणकेशलुञ्चनादिः । स हि निःशेषं पुण्याऽपुण्यं सुखदुःखोपभोगेन जरयतीति निर्जरः । एवमास्रव-संवर-निर्जरास्त्रयोऽपि पदार्थाः सङ्क्षेपेण निरूपिताः । अनन्तरं बन्धो निरूप्यते ।

बन्धोऽष्टविधं कर्म । तत्र घातिकर्म चतुर्विधम् । ज्ञानावरणीयम् १ दर्शनावरणीयम् २ मोहनीयम् ३ आन्तरीयकम् ४ चेति । तत्र सम्यक्ज्ञानं न मोक्षसाधनम् । ज्ञानाद्वस्तुसिद्धौ शुक्तिरजतादिज्ञानेभ्योऽपि सत्यरजतादिसिद्धिप्रसङ्गात् । आशामोदकादिज्ञानेभ्योऽपि मोदकादिसिद्धिप्रसङ्गाच्च । इति विपर्ययो ज्ञानावरणीयं कर्मोच्यते १ । आर्हतदर्शनाभ्यासान्न मोक्ष इति ज्ञानं दर्शनावरणीयं कर्म २ । बहुषु विप्रतिषिद्धेषु तीर्थकरैरुपदर्शितेषु मोक्षमार्गेषु विशेषानवधारणं मोहनीयं कर्म ३ । सन्मोक्षमार्गप्रवृत्तानां तद्विघ्नकरमैश्वर्यादिकमस्त्विति ज्ञानं आन्तरीयकम् ४ । तान्येतानि श्रेयोहन्तृत्वाद् घातिकर्माण्युच्यन्ते । अघातीनि च कर्माणि चत्वारि । आयुष्कं १ गोत्रिकं २ नामिकं ३ वेदनीयं ४ चेति । तत्र शुक्र-शोणितव्यतिकरे जाते मिलितं तदुभयं स्वरूपं आयुष्कम् १ । तस्य आयुष्कस्य देहाकारपरिणामशक्तिर्गौत्रिकं २ शक्तिमति तस्मिन् बीजे कललाख्यद्रवात्मकावस्था बुद्बुदात्मतायाश्चारम्भकः क्रियाविशेषो नामिकम् ३ । सक्रियस्य बीजस्य तेजःपाकवशादीषद्घनीभावः शरीराकारपरिणामहेतुर्वेदनीयम् ४ इति । अन्ये तु विधान्तरेण कर्माष्टकमाहुः । जैनमते ज्ञान-दर्शन-सुख-वीर्यगुणकस्य ज्ञानादिगुणानां मोक्षदशायामाविर्भविष्यतां संसारदशायां प्रतिघातकानि प्रवाहानादीनि पापरूपाणि चत्वारि घातिकर्माणि, शरीरसंस्थानादिवर्त्तकानि कर्माण्यघातीनि इति तदेतत्कर्माष्टकं पुरुषं बध्नातीति बन्धः ।

एवं बन्धपदार्थं निरूप्य मोक्षपदार्थोऽपि निरूप्यते । 'अर्हन्मुनिप्राप्तिर्मुक्तिः' इति केचित् । 'विगलितसमस्तक्लेशतद्वासनस्य अनावरणज्ञानस्य सुखैकतानस्यात्मनः उपरि देशावस्थानं मोक्षः' इत्यपरे । अन्ये तु - अनादिकालप्रवृत्तशरीरावस्थितिप्रयुक्तबन्धमुक्तौ सततोर्ध्वगमनं जीवस्य मोक्षं मन्यन्ते । दृष्टं चोर्ध्वगमनं बद्धमुक्तस्य । यथा पञ्जरमुक्तस्य शुकस्य । यथा वा दृढपङ्कलिप्तस्य जलनिमज्जने प्रक्षीणपङ्कलेपस्य शुष्कालाबुफलस्य निश्छिद्रस्येति ।" इति अद्वैतब्रह्मसिद्धिकारोक्तमुद्गरप्रहारः ।

(शङ्करभाष्यवृत्तिः पृ. ५५९) "जीवास्तिकायस्त्रिधा-बद्धो मुक्तो नित्यसिद्धश्चेति । पुद्गलास्तिकायः षोढा-पृथिव्यादीनि चत्वारि भूतानि स्थावरं जङ्गमं चेति । धर्मास्तिकायः प्रवृत्त्यनुमेयोऽधर्मास्तिकायः स्थित्यनुमेयः । आकाशास्तिकायो द्वेधा-लोकाकाशोऽलोकाकाशश्च । तत्रोपर्युपरिस्थितानां लोकानामन्तर्वर्ती लोकाकाशस्तेषामुपरि मोक्षस्थानमलोकाकाशः । तत्र हि न लोकाः सन्ति । तदेवं जीवाजीवपदार्थौ पञ्चधा प्रपञ्चितौ । आस्रवसंवरनिर्जरास्रयः पदार्थाः प्रवृत्तिलक्षणाः प्रपञ्च्यन्ते । द्विधा प्रवृत्तिः सम्यग्मिथ्या च । तत्र मिथ्याप्रवृत्तिराश्रवः । सम्यक्प्रवृत्ती तु संवरनिर्जरौ । आस्रवयति पुरुषं विषयेष्विन्द्रियप्रवृत्तिराश्रवः । इन्द्रियद्वारा हि पौरुषं ज्योतिर्विषयान् स्पृशद्रूपादिज्ञानरूपेण परिणमत इति । अन्ये तु कर्माण्याश्रवमाहुः । तानि हि कर्त्तारमभिव्याप्य स्रवन्ति कर्त्तारमनुगच्छन्तीत्यास्रवः । सेयं मिथ्याप्रवृत्तिरनर्थहेतुत्वात् । संवरनिर्जरौ च सम्यक्प्रवृत्ती । तत्र शमदमादिरूपा प्रवृत्तिः संवरः । सा ह्यास्रवस्रोतसो द्वारं संवृणोतीति संवर उच्यते । निर्जरस्त्वनादिकालप्रवृत्तिकषायकलुषपुण्यापुण्यप्रहाणहेतुस्तप्तशिलारोहणादिः । स हि निःशेषं पुण्यापुण्यं सुखदुःखोपभोगेन जरयीति निर्जरः । बन्धोऽष्टविधं

कर्म । तत्र घातिकर्म चतुर्विधम् । तद्यथा-ज्ञानावरणीयं दर्शनावरणीयं मोहनीयमन्तरायमिति । तथा चत्वार्यघातिकर्माणि । तद्यथा-वेदनीयं नामिकं गोत्रिकमायुष्कं चेति । तत्र सम्यग्ज्ञानं न मोक्षसाधनं न हि ज्ञानाद्वस्तुसिद्धिरतिप्रसङ्गादिति विपर्ययो ज्ञानावरणीयं कर्मोच्यते । आर्हतदर्शनाभ्यासात्र मोक्ष इति ज्ञानं दर्शनावरणीयं कर्म । बहुषु विप्रतिषिद्धेषु तीर्थकरैरुपदर्शितेषु मोक्षमार्गेषु विशेषानवधारणं मोहनीयं कर्म । मोक्षमार्गप्रवृत्तानां तद्विघ्नकरं विज्ञानमन्तरायं कर्म । तानीमानि श्रेयोहन्तृत्वाद्घातिकर्माण्युच्यन्ते । अघातीनि कर्माणि, तद्यथा वेदनीयं कर्म शुक्रपुद्गलविपाकहेतुः, तद्वि बन्धोऽपि न निःश्रेयसः परिपन्थि, तत्त्वज्ञानाविघातकत्वात् । शुक्रपुद्गलारम्भकवेदनीयकर्मानुगुणं नामिकं कर्म, तद्वि शुक्रपुद्गलस्याद्यवस्थां कललबुद्बुदादिमारभते । गौत्रिकमव्याकृतं ततोऽप्याद्यं शक्तिरूपेणावस्थितम् । आयुष्कं त्वायुः कायति कथयत्युत्पादनद्वारेत्यायुष्कम् । तान्येतानि शुक्रपुद्गलाद्याश्रयत्वादघातीनि कर्माणि । तदेतत् कर्माष्टकं पुरुषं बध्नातीति बन्धः । विगलितसमस्तक्लेशतद्वासनस्यानावरणज्ञानस्य सुखैकतानस्यात्मन उपरि देशावस्थानं मोक्ष इत्येके । अन्ये तूर्ध्वगमनशीलो हि जीवो धर्माधर्मास्तिकायेन बद्धस्तद्विमोक्षाद्यदूर्ध्वं गच्छत्येव स मोक्ष इति त एते सप्त पदार्था जीवादयः सहावान्तरप्रभेदैरुपन्यस्ताः ।" इति भामतीवृत्तिकारश्रीवाचस्पतिमिश्रोक्तिः ।

'अस्तीति कायन्ते शब्द्यन्त इत्यस्तिकायाः । कै गै शब्दे । अर्हन् नित्यसिद्धः । इतरे के—चित्साधनैर्मुक्ताः । अन्ये बद्धाः । प्रवृत्त्यनुमेय इति । सम्यग्मिथ्यात्वेन प्रवृत्तिद्वैविध्यं वक्ष्यति । तत्र धर्मास्तिकायः सम्यक्प्रवृत्त्यनुमेय इत्यर्थः । शास्त्रीयबाह्यप्रवृत्त्या ह्यान्तरोऽपूर्वाख्यो धर्मोऽनुमीयत इत्यर्थः । अधर्मेति । उर्ध्वगमनशीलो हि जीवस्तस्य देहेऽवस्थानेनाधर्मोऽनुमीयत इत्यर्थः । बन्धमोक्षौ फले । प्रवृत्ती तु समीच्यसमीच्यौ तयोः साधने ते दर्शयति-आस्रवेति । आस्रावयति गमयति । बन्धोऽष्टविधमिति । यद्यपि पूर्वोक्त आस्रवोऽपि बन्धः, तथापि तद्धेतुत्वादयमपि बन्ध इत्यर्थः । अतिप्रसङ्गादिति । आशामोदकादिज्ञानेभ्योऽपि मोदकादिसिद्धिप्रसङ्गादित्यर्थः । विपाकहेतुरिति । शरीराकारेण परिणामहेतुः । तच्च कर्म वेदनीयं शरीरद्वारेण तत्त्ववेदनहेतुत्वादिति शुक्रशोणितव्यतिरेकजाते मिलितं तदुभयस्वरूपमायुष्कम् । तस्य देहाकारपरिणामशक्तिर्गोत्रिकम् । शक्तिमति तस्मिन् बीजे कललाख्यद्रवात्मकावस्थाया बुद्बुदात्मतायाश्चारम्भकः क्रियाविशेषो नामिकम् । सक्रियस्य बीजस्य तेजःपाकवशादीषद्घनीभावः शरीराकारपरिणामहेतुर्वेदनीयमिति विभागः । कायतीति कैगै शब्दे इत्यस्य रूपम्" इति कल्पतरुनामकभामतीवृत्तिवृत्तिकारामलानन्दसरस्वत्योक्तिश्चास्मादुक्तवज्रप्रहारेणोच्छ्वसितुमपि न शक्नोति ।

तत एकेन वृत्तेन चारित्रयोग्यता, एकेन ज्ञानादियोगेनैव मुक्तिभाजनता, एकेन प्रमाणद्वयं प्रमाणविषयश्च, एकेन प्रमाणद्वयलक्षणं, एकेन वस्तुनोऽनन्तधर्मात्मकत्वं, एकेन जैनदर्शनस्य पूर्वापरविरोधविरहित्वं चेति प्रतिपादितम् । कनककुम्भदृष्टान्तेन वस्तुनोऽनन्तधर्मात्मकत्वप्रतिपादनेन व्यासादयोऽपि प्रत्युक्ताः द्रष्टव्याः ।

ते ह्येवं प्रलपन्ति नहि परस्परविरुद्धयोः सत्त्वासत्त्वयोः युगपत् एकस्मिन् घटादौ सम्भवः, परस्परपरिहारेण स्थितत्वात् । तथा च तेषां वचनं - "नैकस्मिन्नसम्भवात्" इति व्यासवचनं (पृ. ५५९) "(शाङ्करभाष्यम् पृ. ५५९) निरस्तः सुगतसमयः । विवसनसमय इदानीं निरस्यते । सप्त चैषां पदार्थाः सम्मता जीवाजीवास्रवसंवरनिर्जराबन्धमोक्षा नाम । सङ्क्षेपतस्तु द्वावेव पदार्थौ जीवाजीवाख्यौ । यथायोगं तयोरेवेतरान्तर्भावादिति मन्यते । तयोरिममपरं प्रपञ्चमाचक्षते पञ्चास्तिकाया नाम, जीवास्तिकायः पुद्गलास्तिकायो धर्मास्तिकायोऽधर्मास्तिकाय आकाशास्तिकायश्चेति । सर्वेषामप्येषामवान्तरप्रभेदान् बहुविधान् स्वसमयपरिकल्पितान् वर्णयन्ति । सर्वत्र चेमं सप्तभङ्गीनयं नाम न्यायमवतारयन्ति । स्यादस्ति, स्यान्नास्ति, स्यादस्ति च नास्ति च, स्यादवक्तव्यः, स्यादस्ति चावक्तव्यश्च, स्यान्नास्ति चावक्तव्यश्च, स्यादस्ति च नास्ति चावक्तव्यश्चेति । एवमेवैकत्वनित्यत्वादिष्वपीमं सप्तभङ्गीनयं योजयन्ति । अत्राचक्ष्महे-नायमभ्युपगमो युक्त इति । कुतः ? एकस्मिन्नसम्भवात् । न ह्येकस्मिन् धर्मिणि युगपत्सदसत्त्वादिविरुद्धसमावेशः सम्भवति शीतोष्णवत् । य एते सप्त पदार्था निर्धारिता एतावन्त एवंरूपाश्चेति ते तथैव वा स्युर्नैव वा तथा स्युः । इतरथा हि तथा वा स्युरतथा वेत्यनिर्धारितरूपं ज्ञानं संशयज्ञानवदप्रमाणमेव स्यात् । नन्वनेकात्मकत्वं वस्त्विति निर्धारितरूपमेव ज्ञानमुत्पद्यमानं संशयज्ञानवन्नाप्रमाणं भवितुमर्हति । नेति ब्रूमः । निरङ्कुशं ह्यनेकान्तत्वं सर्ववस्तुषु प्रतिजानानस्य निर्धारणस्यापि वस्तुत्वाविशेषात्स्यादस्ति स्यान्नास्तीत्यादिविकल्पोपनिपातादनिर्धारणात्मकतैव स्यात् । एवं निर्धारयितुर्निर्धारणफलस्य च स्यात्पक्षेऽस्तिता स्याच्च पक्षे नास्तितेति । एवं सति कथं प्रमाणभूतः संस्तीर्थकरः प्रमाणप्रमेयप्रमातृप्रमितिष्वनिर्धारितासूपदेष्टुं शक्नुयात् ? कथं वा तदभिप्रायानुसारिणस्तदुपदिष्टेऽर्थेऽनिर्धारितरूपे प्रवर्त्तेरन् ? ऐकान्तिकफलत्वनिर्धारणे हि सति तत्साधनानुष्ठानाय सर्वो लोकोऽनाकुलः प्रवर्त्तते नान्यथा । अतश्चानिर्धारितार्थं शास्त्रं प्रणयन्मत्तोन्मत्तवदनुपादेयवचनः स्यात् । तथा पञ्चानामस्तिकायानां पञ्चत्वसङ्ख्यास्ति वा नास्ति वेति विकल्प्यमाना स्यात्तावदेकस्मिन् पक्षे पक्षान्तरे तु न स्यादित्यतो न्यूनसङ्ख्यात्वमधिकसङ्ख्यात्वं वा प्राप्नुयात् । न चैषां पदार्थानामवक्तव्यत्वं सम्भवति । अवक्तव्याश्चेन्नोच्येरन् । उच्यन्ते चावक्तव्याश्चेति विप्रतिषिद्धम् । उच्यमानाश्च तथैवावधार्यन्ते नावधार्यन्त इति च । तथा तदवधारणफलं सम्यग्दर्शनमस्ति वा नास्ति वा, एवं तद्विपरीतमसम्यग्दर्शनमप्यस्ति वा नास्ति वेति प्रलपन्मत्तोन्मत्तपक्षस्यैव स्यान्न प्रत्यायितव्यपक्षस्य । स्वर्गापवर्गयोश्च पक्षे भावः पक्षे चाभावस्तथा पक्षे नित्यता पक्षे चानित्यतेत्यनवधारणायां प्रवृत्त्यनुपपत्तिः । अनादिसिद्धजीवप्रभृतीनां च स्वशास्त्रावधृतस्वभावानामयथावधृतस्वभावत्वप्रसङ्गः । एवं जीवादिषु पदार्थेष्वेकस्मिन् धर्मिणि सत्त्वासत्त्वयोर्विरुद्धयोर्धर्मयोरसम्भवात्सत्त्वे चैकस्मिन्धर्मेऽसत्त्वस्य धर्मान्तरस्यासम्भवादसत्त्वे चैवं सत्त्वस्यासम्भवादसङ्गतमिदमार्हतं मतं । एतेनैकानेकनित्यानित्यव्यतिरिक्ताव्यतिरिक्ताद्यनेकान्ताभ्युपगमा निराकृता मन्तव्याः ।" इति शङ्करस्वामिवचनं ।

अत्रोच्यते - "सप्त चैषां पदार्थाः सम्मता" इत्यादि "इमं सप्तभङ्गीनयं योजयन्ति" इत्यन्तं तु समीचीनं, सप्तभङ्गी स्वरूपं च न्यायाचार्योक्तमिदं "एकत्र वस्तुन्येकैकधर्मपर्यनुयोगवशादविरोधेन व्यस्तयोः समस्तयोश्च विधिनिषेधयोः कल्पनया स्यात्काराङ्कितः सप्तधा वाक्प्रयोगः सप्तभङ्गी इयं च सप्तभङ्गी वस्तुनि प्रतिपर्यायं सप्तविधधर्माणां सम्भवात् सप्तविधसंशयोत्थापितसप्तविधजिज्ञासामूल-सप्तविधप्रश्नानुरोधादुपपद्यते । तत्र स्यादस्त्येव सर्वमिति प्राधान्येन विधिकल्पनया प्रथमो भङ्गः । स्यात्कथञ्चित् स्वद्रव्यक्षेत्रकालभावापेक्षयेत्यर्थः । अस्ति हि घटादिकं द्रव्यतः पार्थिवादित्वेन, न जलादित्वेन, क्षेत्रतः पाटलिपुत्रकादित्वेन, न कान्यकुब्जादित्वेन, कालतः शैशिरादित्वेन, न वासन्तिका-दित्वेन, भावतः श्यामादित्वेन, न रक्तादित्वेन । एवं स्यान्नास्त्येव सर्वमिति प्राधान्येन निषेधकल्पनया द्वितीयः । न चासत्त्वं काल्पनिकं सत्त्ववत्तस्य स्वातन्त्र्येणानुभवात् । अन्यथा विपक्षासत्त्वस्य तात्त्विक-स्याभावेन हेतोस्त्रैरूप्यव्याघातप्रसङ्गात् । स्यादस्त्येव स्यान्नास्त्येवेति प्राधान्येन क्रमिकविधिनिषेध-कल्पनया तृतीयः । स्यादवक्तव्यमेवेति युगपत्प्राधान्येन विधिनिषेधकल्पनया चतुर्थः । एकेन पदेन युगपदुभयोर्वक्तुमशक्यत्वात् । शतृशानचौ सदित्यादौ साङ्केतिकपदेनापि क्रमेणार्थद्वयबोधनादन्य-तरत्वादिना कथञ्चिदुभयबोधनेऽपि प्रातिस्विकरूपेणैकपदादुभयबोधस्य ब्रह्मणापि दुरुपपादत्वात् । स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च पञ्चमः । स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च षष्ठः । स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति विधिनिषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च सप्तम इति ।" "अत्राचक्ष्महे-नायमभ्युपगमो युक्तः एकस्मिन्नसम्भवात्, न ह्येकस्मिन् धर्मिणि युगपत् सदसत्त्वादिविरुद्धयोः समावेशः सम्भवति शीतोष्णवत्" एतत्तु न समीचीनं, यतो नहि वयं एकस्मिन् धर्मिणि येन रूपेण सत्त्वं तेनैव रूपेणासत्त्वं प्रतिपादयामः येनोक्तदोषः स्यात्, किन्तु स्वद्रव्य-क्षेत्र-काल-भावाद्यपेक्षया सत्त्वं परद्रव्यक्षेत्रकालभावाद्यपेक्षया चासत्त्वं प्रतिपादयामः, यदि पररूपेणापि सत्त्वं स्यात् तर्हि स्वरूपमेव जह्यात् तदन्यस्वरूपवत्, तथा चाहुः अनेकान्तजयपताकायां श्रीमद्धरिभद्रसूरिपादा. - "यतस्तत्स्वद्रव्यक्षेत्रकालभावरूपेण सद्वर्त्तते परद्रव्यक्षेत्रकालभावरूपेण चासत् ततश्च सञ्चासञ्च भवत्यन्यथा तदभावप्रसङ्गात् । तथाहि-यदि तत् यथा स्वद्रव्य-क्षेत्र-कालभावरूपेण सदेवं परद्रव्यादिरूपेणापि स्यात्, ततश्च तद्घटवस्त्वेव न स्यात्, परद्रव्यादिरूपेणापि सत्त्वात्, तदन्यस्वात्मवत्, तथा यदि यथा परद्रव्यक्षेत्रकालभावरूपेणासदेवं स्वद्रव्यादिरूपेणापि स्यात् इत्थमपि तद्घटवस्त्वेव न स्यात् स्वद्रव्यादिरूपेणाप्यसत्त्वात् खरविषाणवदित्येवं तदभावप्रसङ्गात् सदसद्रूपं तदङ्गीकर्त्तव्यमिति । तथा च तद्द्रव्यतः पार्थिवत्वेन सत् नाबादित्वेन तथा क्षेत्रत इहत्यत्वेन, न पाटलिपुत्रकादित्वेन, तथा कालतो घटकालत्वेन न मृत्पिण्डादिकालत्वेन तथा भावतः श्यामत्वेन न रक्तत्वादिनेति, अन्यथेतररूपापत्त्या तत्स्वरूपहानिप्रसङ्ग इति" । किञ्च यदपेक्षया स्वरूपसत्त्वं तदपेक्षया पररूपेणापि

सत्त्वं तर्हि सर्वं विश्वं एकरूपतामापाद्येत तथा सति विद्याऽविद्याजडचैतन्यद्वैताद्वैत-सदसदेकानेकनित्यानित्यसमलनिर्मलसाध्यसाधनप्रमाणप्रमेयप्रमुखपदार्थसार्थैक्यप्रसङ्गेन प्रत्यक्षविरोधो दुर्द्धर एव स्यात् । किञ्चैवं ब्रह्मणोऽपि स्वरूपेण सत्त्वमिव मायारूपेणापि सत्त्वं स्यात् । तस्मात् एकस्मिन् धर्मिणि प्रतीयमानयोः सत्त्वासत्त्वयोः न विरोधः, खरविषाणवत् तस्यानुपलम्भस्वरूपत्वात् । ननु पररूपेणासत्त्वं पररूपासत्त्वमेव, घटाभावरूपे भूतले भूतलं नास्तीति वक्तुं यथा न शक्यते तथैव पटरूपाभावे घटे घटो नास्तीति वक्तुं न शक्यत इति चेत् ? न, विकल्पासहत्वात् तथाहि-पटरूपासत्त्वं पटादिधर्मः घटादिधर्मो वा ? न पटादिधर्मः, स्वस्वरूपव्याहतिप्रसङ्गात् । न च स्वस्वरूपं स्वस्मिन् नास्तीति वाच्यं, तस्य स्वस्वरूपविरोधित्वात् पटधर्मस्य घटाद्याधारत्वायोगाच्च अन्यथा वितानाद्याकारस्यापि घटाधारत्वप्रसङ्गात्, द्वितीयपक्षस्वीकारे तु सिद्धं नः समीहितमतो नास्ति विवदिषापि । तस्मात् अकामेनापि भवता भावधर्मयोगात् भावत्वमिव अभावधर्मयोगात् अभावात्मकत्वमप्यङ्गीकरणीयम्, अन्यथा अभावधर्मयोगाद्यथा असन्निति प्रत्ययो न स्यात्, तथा भावधर्मयोगात् सन्निति प्रत्ययोऽपि न स्यात् । एवं सति पटाभावे घटे घटो नास्तीति प्रयोगो नानुपपन्नः । न च वक्तव्यं पटरूपासत्त्वं घटनिष्ठाभावप्रतियोगित्वमेव तदेव च पटधर्मः, एवं सत्यपि पररूपासत्त्वस्य घटधर्मस्याव्याहतिः, यथा घटाभावः भूतलधर्मः, ततः घटस्य भावाभावात्मकत्वमविरुद्धमिति । ननु तथापि घटो नास्ति पटो नास्ति इत्येव वक्तुमुचितम्, अभावबोधकवाक्यस्य प्रतियोगिप्रधानत्वात् यथा भूतले घटो नास्तीत्यभावप्रतिपादनपरं वाक्यं प्रवर्त्तते न तु भूतलं नास्तीति, एवं पटाभावप्रतिपादनवाक्यस्यापि तथा प्रवृत्तिः, अन्यथा कपालदशायां कपालं भविष्यतीति प्रयोगप्रसङ्गोऽपि इति चेत् ? एवमेव, व्यवहारानुरोधेनैव शब्दप्रयोगसिद्धेः । नन्वेकवस्तुनः भेदाभावेन यत्स्वरूपेण सत्त्वं तदेव पररूपेणासत्त्वं यदेव पररूपेणासत्त्वं तदेव स्वरूपेण सत्त्वमिति सत्त्वासत्त्वाभ्यां कुत उभयरूपतेति चेत् ? अवच्छेदकभेदेनैकस्मिन्नपि वृक्षे कपिसंयोगतदभावसत्त्ववन्निमित्तभेदेनेति ब्रूमः ।

तथा च - वाचकेन्द्रविरचिते भाषारहस्ये –

"भिण्णणिमित्तत्तणउ, ण य तेसिं हंदि भण्णइ विरोहो । वंजयघडयाईयं, होइ णिमित्तं पि इह चित्तं ।।१।।" इति ।

नन्वेकस्मिन् वस्तुनि सत्त्वासत्त्वयोः प्रतीतिर्मिथ्येति चेत् ? न, बाधकाभावात्, विरोध एव बाधकः इत्यपि न वक्तव्यम्, अन्योन्याश्रयणात्, अपि च ननु कोऽत्र विरोधः सहावस्थानलक्षणः ? वध्यवधकभावलक्षणः ? प्रतिबध्यप्रतिबन्धकरूपो वा ?, नाद्यः, यद्यद्देशावच्छेदेन यद्यत्कालावच्छेदेन स्वरूपादिभिर्धर्मिणः सत्त्वं तत्तद्देशावच्छेदेन तत्तत्कालावच्छेदेन पररूपादिभिरसत्त्वस्यानुपलम्भाभावात् । द्वितीयस्तु सबलदुर्बलानामहिनकुलादीनामेव प्रतीतः, न सत्त्वासत्त्वयोः समबलत्वात्तयोरिति । तृतीयोऽपि प्रतिबन्धकमणिचित्रभान्वादीनामेव सम्भवति, नाऽस्तित्वनास्तित्वयोः, यतः स्वरूपेणास्तित्वकालेऽपि

पररूपेण नास्तित्वस्यानुभवात् । एतेन परस्परपरिहारस्थितिलक्षणोऽपि विरोधो निरस्त इति । "य एते सप्त पदार्थाः" इत्यारभ्य "संशयज्ञानवदप्रमाण" मित्यन्तमपि शङ्करस्वामिवचनमविचारितमेव रमणीयम्, जीवादिपदार्थानां स्वपरस्वरूपाभ्यां तथाऽतथारूपनिर्णयज्ञानसद्भावात् । "निरङ्कुशं हि अनेकान्तत्वं" इत्यादि "अनिर्धारणात्मकतैव स्यात्" इत्यन्तमपि तुच्छम्, निर्णयस्यापि स्वपरस्वरूपाभ्यां निर्णयानिर्णयत्वस्य स्वीकृतत्वात् ।

"एवं निर्धारयितुर्निर्धारणफलस्य च" इत्यादितः "मत्तोन्मत्तवत् अनुपादेयवचनः स्यात्" इत्यन्तं तु स्वोन्मत्तताख्यापकमेव, प्रमातृफलयोरपि स्वपररूपाभ्यां अस्तित्वनास्तित्वस्वीकारात्, अत एव श्रीमत्तीर्थाधिपतीनां यथार्थवक्तृत्वेन तदुपदिष्टेऽर्थे एव प्रवृत्तिः ज्ञातपरमार्थानाम् । एवं पञ्चास्तिकायानां पञ्चत्वसङ्ख्या स्वरूपेणास्तित्वभावं बिभर्त्ति षड्त्वादिपररूपेण च नास्तित्वभावमपि बिभर्त्ति अत एव "तथा पञ्चानामस्तिकायानां पञ्चत्वसङ्ख्या विकल्प्यमाना स्यात्" इत्यादितः "न्यूनसङ्ख्यात्वमधिकसङ्ख्यात्वं वा प्राप्नुयात्" इत्यन्तमपि प्रत्युक्तमवसेयम् । "न चैषां पदार्थानामवक्तव्यत्वं सम्भवति अवक्तव्याश्चेत् नोच्येरन् उच्यन्ते चावक्तव्याश्चेति विप्रतिषिद्धं उच्यमानाः तथैवावधार्यन्ते न वावधार्यन्त इति च" एतदपि मिथ्याप्रजल्पितम्, जीवादिवस्तूनां नैकान्तेनावक्तव्यत्वमाचक्ष्महे येनोक्तदोषः स्यात्, किन्तु कथञ्चित्, यतः सर्वेऽपि शब्दाः प्रधानतया न सत्त्वासत्त्वे युगपत् प्रतिपादयन्ति, तथा प्रतिपादने तेषां शक्त्यभावात्, "उच्यमानाश्चे" त्यादितः "प्रयतत" इत्यन्तस्य तु निरस्तप्रायत्वेन न पुनः प्रयास्यते ।

एतेन (अद्वैतब्रह्मसिद्धिपाठः पृ. ११२) "घटस्य विवक्षायां स्यादस्ति १ निषेधविवक्षायां स्यान्नास्ति २ क्रमेण विधिनिषेधयोर्विवक्षायां स्यादस्ति च नास्ति चेति वक्तव्यम् ३ युगपदस्तित्व-नास्तित्वयोर्विधिनिषेधयोर्विवक्षायां वाचः क्रमवर्त्तित्वात् उभयं युगपद्वाच्यम् । अशक्तितः 'उभयं युगपद्वक्तुं न शक्यते' इति तु वक्तुं शक्यं तत्कथं च वक्तव्यं ? इत्यपेक्षायां स्यादवक्तव्य इति ४ आद्योऽस्तित्वभङ्गोऽन्त्येनासत्त्वेन सह युगपदवाच्य इति विवक्षायां स्यादस्ति चावक्तव्यश्चेति ५ । अन्त्यस्य चासत्त्वस्य आद्येन सत्त्वेन सह युगपदवाच्य इति विवक्षायां स्यान्नास्ति चावक्तव्यश्चेति ६ । क्रमेण विधिनिषेधाधीनसमुचितरूपश्च स्यादस्ति च नास्ति चेत्येवंरूपः तृतीयो भङ्गएकः सत्त्वेन सह वा युगपदवाच्य इति विवक्षायां स्यादस्ति च नास्ति चावक्तव्यश्चेति सप्तमो भङ्गो भवति । अथवा पञ्चमादिभङ्गानां चतुर्थभङ्गात्फलतो भेदाभावमाशङ्क्य प्रकारान्तरेण व्याख्यायते तत्र सत्त्वैकान्तपक्षः साङ्ख्याद्यभिमतः सत्कार्यवादः । तत्र पूर्वपक्षिणा सत्त्वं निर्वक्तुमशक्यमित्युच्यते । एतत्पूर्वपक्षविवक्षायां स्यादस्ति चावक्तव्यश्चेति पञ्चमो भङ्गः । अनेकान्तवादः शून्यवाद्यभिमतोऽसद्वादः । तत्र असत्त्वं निर्वक्तुमशक्यमिति पूर्वपक्षविवक्षायां स्यान्नास्ति चावक्तव्यश्चेति षष्ठोभङ्गः । क्रमेण सदसत्त्वपक्षो वैशेषिकाद्यभिमतो घटादीनां मध्ये सतां पूर्वं पश्चाच्च प्रागभाव-प्रध्वंस-प्रतियोगित्वरूपमसत्त्वमिति । तत्र सदसत्त्वं निर्वक्तुमशक्यमिति पूर्वपक्षविवक्षायां स्यादस्ति च नास्ति चावक्तव्यश्चेति सप्तमो भङ्गः । तत्तत्पूर्वपक्षिभिर्यत्सत्त्वादिकं निर्वक्तुमशक्यमित्युच्यते तदपि स्यात् । एवं च - 'घटः सन्, घटोऽसन्' ।। इत्येकस्यैव सदसत्त्वयोः

प्रत्यक्षत्वात् कालभेदोपाधिकल्पनायां तु कालस्यापि सन्नसन् इति प्रत्ययात्तत्रापि तत्कल्पनायामनवस्थानात् प्रत्यक्षमेव वस्तूनामनैकान्त्यम् । एवमेकत्वनित्यत्वादिष्वपि पदार्थानां सत्त्वादिव्यवस्था वास्तवी न सम्भवतीति न च वेदान्तमतप्रवेश इति वाच्यम् । व्यवहारेष्वनिर्वचनीयानां मायिकानां व्यावहारिकसत्ताङ्गीकारात्, परमार्थतस्तु तदधिष्ठाने निर्विकल्पके त्रिविधपरिच्छेदशून्ये ब्रह्मणि नित्य-शुद्ध-बुद्ध-मुक्तस्वभावे वक्ष्यमाणे कल्पितत्वाङ्गीकाराच्च तन्मतप्रवेशानापत्तेः, तस्मात् सप्तभङ्गीन्यायस्य तर्कसिद्धत्वात् सप्तपदार्थेषु तत्प्रतिपादनं न्याय्यमिति चेत् ? चिरकालपिशाचा-विष्टोन्मत्तप्रलपनमेतत्, तदुक्तं –

तिष्ठन्नयं नग्नतनुर्यतस्ततो जल्पन्ननैकान्तमसङ्गतं बहु ।
नूनं पिशाचोऽयममुष्य सिद्धये मिताक्षरैर्मन्त्रवरः प्रयोज्यते ।।१।। इति ।

तत्र 'पुद्गलसंज्ञकेभ्योऽणुभ्यः सङ्घाता भवन्ति' इति यदुक्तं तत्सर्वं पूर्वोक्तानुवादनिराकरणेनैव निराकृतम् । जीवादिपदार्थानां प्रसिद्धानां तु तत्परिमाणबन्धमोक्ष-व्यवहारादिव्यवस्था । सा तु क्रमेणैव निराक्रियते ।

तथाहि । तत्र यद्यपि कालोपाधिसत्त्वाऽसत्त्वप्रतीतावपि उपाध्यन्तरकल्पनेन व्यवस्था नोपाधितो व्यवस्थापयितुं शक्यते । तथापि सत्त्वासत्त्वभेदादीनां घटकपालादिषु सामान्यविशेषादिषु च व्यवस्थयैवा-न्योन्याऽसाङ्कर्येणैव प्रत्यक्षव्यवहारयोः प्रत्यक्षत्वात् न व्यावहारिकमेकान्तत्वमपन्होतुं शक्यते । अनेका-न्तिके च नह्येकस्मिन् धर्मिणि परमार्थसति परमार्थसतां युगपत्सदसत्त्वादीनां धर्माणां परस्परविरहरूपाणां समावेशः सम्भवति । शीतोष्णादिवदसम्भवात् । ऐकान्तिके तु यदस्ति वस्तु तत्सर्वदा सर्वत्र सर्वथा सर्वात्मनाऽस्त्येव निर्वचनीयरूपेण यथा अस्मन्मते प्रत्यगात्मा । यत्तु क्वचित्केनचिदात्मना अस्तीत्युच्यते यथाऽस्मत्प्रपञ्चोऽनिर्वाच्यः । तत्तु व्यवहारतो यावद् ब्रह्मज्ञानमस्त्येव न तु परमार्थतः-इति किमनुपप-न्नम् ? तव तु सत्त्वासत्त्वयोर्वस्तुधर्मत्वेऽसत्त्वदशायामपि वस्त्वनुवृत्त्यापातात् । वस्तुस्वरूपत्वे च सर्वदा सत्त्वासत्त्वप्रसङ्गेन भग्नेनापि घटेन मधुधारणप्रसङ्गात् तथा च प्रवृत्त्याद्यनुपपत्तिरपि । अस्माकं तु प्रवृत्तिनिवृत्ती व्यावहारिकसत्त्वेनैव भविष्यतः । न च व्यावहारिकविषयत्वमात्रेण सत्यत्वम् शुक्ति-मरुमरी चिकादिषु रजततोयादिभिरपि वास्तवत्वप्रसङ्गात् । न चाबाधितलौकिकदृढतरप्रतीतिविषयत्वेन सत्यत्वम् । देहात्मवादस्याप्यबाधितत्वेन तात्त्विकत्वापत्तेः । विवेकिना देहात्माभिमानस्य विचारेण बाधात्-इति चेत् । तर्हि प्रपञ्चस्याप्यनन्तस्य तुल्यत्वमिति न सत्यत्वावकाशः । तस्मादेकत्र विरुद्धधर्मद्वयसमावेशासम्भवादनैकान्तिकस्य व्यवहारतो वस्तुतो वा असम्भवः । ऐकान्तिकत्वग्ग च घटादिषु तत्त्वतो योगेऽपि व्यवस्थयैव दृष्टव्यवहारदृष्टेर्व्यावहारिकत्वसिद्धिः । अपि च सत्त्वासत्त्वयोः परस्परविरुद्धत्वेन समुच्चयाभावे विकल्पः । न च-वस्तुनि विकल्पः सम्भवति । तस्मात् स्थाणुर्वा पुरुषो वेति ज्ञानवत् सप्तत्व-पञ्चत्वनिर्धारणस्य फलस्य निर्द्धारयितुश्च प्रमातुः तत्करणस्य प्रमाणस्य तत्प्रमेयस्य च पञ्चत्व-सप्तत्वस्य सदसत्त्वादिसंशये साधुसमर्थितमात्मनस्तीर्थकरत्वं दिगम्बरवृषभेणेति ।

अतो यदस्ति तदस्त्येवेति नियमवन्मन्महे । यस्तु कथञ्चिदास्ते प्रपञ्चः स च विकल्पितः तत्र च हेयोपादेयादिविभागाऽसिद्धिः । निर्धारणस्य च एकान्तसत्त्वे सर्वत्र नानैकान्तवादः । किञ्च । सङ्क्षिप्तानां प्रपञ्चितानां च पदार्थानां सर्वैर्वा शब्दैः वाच्यत्वं केनचिद्वेति विकल्प्य घटादेस्तच्छब्दवाच्यत्वेऽपि स्तम्भादिशब्दावाच्यत्वात् । न च द्वितीयमभिगम्यते नाद्य इति वाच्यम् । पदार्थानामवाच्यत्वासम्भवात् । अवक्तव्याश्चेत् केनापि शब्देन न उच्येरन् । उच्यन्ते चावक्तव्याश्चेति विरुद्धम् । ननु सत्त्वादिरूपेण निर्धारणाभावात् उच्यमानानामपि स्यादवक्तव्यता-इति चेत् । न । उच्यमानाश्च तथैवावधार्यन्ते नावधार्यन्त इति च । स्वर्गापवर्गयोश्च पक्षे भावः पक्षेऽभावश्च तस्यैव नित्यता चानित्यता च वदतो मत्तोन्मत्तवदनुपादेयवचनत्वात् । अपि च अर्हन्नित्यमुक्तोऽनादिसिद्धः । जीवः कश्चिदनुष्ठानान्मुक्त अन्यस्तदभावाद्बध्यते । एवमार्हतमते निश्चितस्वभावानां जीवानां तथात्वमस्ति नवेति विकल्प्यमाने स्यादस्ति स्यान्नास्तीत्यव्यवस्थायां शास्त्रावधृतस्वभावत्वासम्भवात्तदप्रामाण्यप्रसङ्गः । इति । किञ्च । घटादीनामपि परस्परं सङ्कीर्णत्वात् ओदनार्थी अग्निभक्षणे प्रवर्त्तेत । जलार्थी मृदानयने च प्रवर्त्तेत । न च तत्र भेदस्यापि सत्त्वात् न तथा प्रवृत्तिः इति वाच्यम् । अभेदस्यापि च सत्त्वेन प्रवृत्तेरावश्यकत्वात् ।" इति अद्वैतब्रह्मसिद्धिकारोक्तिः

(सर्वदर्शनसङ्ग्रहपाठः) "तदेतदार्हतमतं प्रामाणिकगर्हणमर्हति नह्येकस्मिन् वस्तुनि परमार्थे सति परमार्थसतां युगपत्सदसत्त्वादिधर्माणां समावेशः सम्भवति । न च सदसत्त्वयोः परस्परविरुद्धयोः समुच्चयासम्भवे विकल्पः किं न स्यादिति वेदितव्यं क्रिया हि विकल्प्यते न वस्त्विति न्यायात् । न चानेकान्तं जगत्सर्वं हेरम्बनरसिंहवदिति दृष्टान्तावष्टम्भवशादेष्टव्यम् । एकस्मिन् देशे गजत्वं सिंहत्वं वाऽपरस्मिन्नरत्वमिति देशभेदेन विरोधाभावेन तस्यैकस्मिन् देश एव सत्त्वासत्त्वादिनाऽनेकान्तत्वाभिधाने दृष्टान्तानुपपत्तेः । ननु द्रव्यात्मना सत्त्वं पर्यायात्मना तदभाव इत्युभयमप्युपपन्नमिति चेन्मैवं, कालभेदेन हि कस्यचित्सत्त्वमसत्त्वं च स्वभाव इति न कश्चिद्दोषः । न चैकस्य ह्रस्वत्वदीर्घत्ववदनेकान्तत्वं जगतः स्यादिति वाच्यं प्रतियोगिभेदेन विरोधाभावात् । तस्मात् प्रमाणाभावाद्युगपत्सत्त्वासत्त्वे परस्पर्विरुद्धे नैकस्मिन् वस्तुनि वक्तुं युक्ते । एवमन्यासामपि भङ्गीनां भङ्गोऽवगन्तव्यः । किं च सर्वस्यास्य मूलभूतः सप्तभङ्गीनयः स्वयमेकान्तोऽनेकान्तो वा, आद्ये सर्वमनेकान्तमिति प्रतिज्ञाव्याघातः । द्वितीये विवक्षितार्थासिद्धिः । अनेकान्तत्वेनासाधकत्वात् । तथा चेयमुभयतः पाशा रज्जुः स्याद्वादिनः स्यात्" इत्यादि सर्वदर्शनसङ्ग्रहकारोक्तिश्च निराकृता ।

अत्र शाङ्करभाष्यादिस्थपाठाः तेषु तेषु मुद्रितपुस्तकेषु यथा दृष्टास्तथैव विरामादिभिरसंस्कृता उपन्यस्ता अतस्तद्शुद्धिविषये न कार्यो वाचकैर्व्यामोहः ।

वैशषिकनाम्नि पञ्चमाधिकारे नवभिर्वृत्तैः वैशेषिकदर्शनस्वरूपं सङ्क्षेपतस्समदर्शि ।

षष्ठेऽधिकारे दशभिर्वृत्तैर्जैमिनीयदर्शनस्वरूपं सन्दर्श्य नैयायिकैः साकं वैशेषिकाणमभेदमानिनां मतापेक्षया वृत्तद्वयेन षड्दर्शनसङ्ख्यां समापूर्य च वृत्ताष्टकेन नास्तिकमतं प्रदर्शितम् ।

एतानि सर्वाण्यपि दर्शनानि सविस्तरं वर्णितानि वृत्तिकृद्भिरिति सुव्यक्तं भविष्यति ग्रन्थवाचकानां ग्रन्थावलोकनेनेति ।

अस्य द्वे वृत्ती विद्येते, एका माणिभद्रीया द्वितीयेयं तर्कदीपिकानाम्नी श्रीमद्गुणरत्नसूरिसन्दृब्धा ।

एतद्वृत्तिप्रणेतृणामप्रतिमप्रतिभाप्राग्भाराधरीकृतपुरन्दरगुरूणां श्रीमद्गुणरत्नसूरीश्वराणां सत्तासमय : १४६६ वैक्रमिक इति स्वकृतक्रियारत्नसमुच्चयप्रशस्त्यन्तर्गतेन –

"काले षड्रसपूर्व-१४६६ वत्सरमिते श्रीविक्रमार्काद्गते, गुर्वादेशवशाद्विमृश्य च सदा स्वान्योपकारं परम् ।

ग्रन्थं श्रीगुणरत्नसूरिरतनोत्प्रज्ञाविहीनोऽप्यमूं, निर्हेतूपकृतिप्रधानजननैः शोध्यस्त्वयं धीधनैः ।।१।।"

अमुना पद्येन प्रकटमेव प्रतीयते ।

एतेषां पूज्यप्रवराणां सुविहितनामधेयाः के गुरवः ? इत्यादिकं जिज्ञासुभिस्तु वादिगोकुलषण्ढकाली-सरस्वत्याद्यनेकबिरुदविभूषितसहस्रावधानधारक-श्रीमन्मुनिसुन्दरसूरिविरचितगुर्वावलितोऽवसेयम् ।

(पुरा मुद्रितेऽप्यस्मिन् प्रबन्धे अशुद्धत्वं भ्रान्तिकारकाण्यक्षराणि चावलोक्य श्रीमज्जिनशासनसरोज-विकाशसहस्रभानु-न्यायाम्भोनिधि-श्रीमद्विजयानन्दसूरीश्वरपट्टपूर्वपर्वतशिरःशृङ्गारसहस्ररश्मि-श्रीमद्विजयकमलसूरीश्वरसदुपदेशसुधासंसिक्तस्य गोधानिवासि-श्रेष्ठिवर्य्य-जयचन्द्रात्मज-जीवणचन्द्रस्य द्रव्यसाहाय्येन आत्मानन्दपरिषदाऽयं पुनरपि मुद्रापितः ।

अस्य ग्रन्थस्य संशोधनकर्मणि च समवगतसमग्रसिद्धान्तसार-वाचकवर्यश्रीमद्वीरविजयपादाम्भोज-भृङ्गायमाणा वासववन्दितवीरविभुवचनवासितचेतस्का अस्मद्गुरुवर्या अनुयोगाचार्य-श्रीमद्दानविजय-गणिन एवायासमाभेजुरिति । खण्डनोक्तिमिश्रायामस्यां भूमिकायां मतिभ्रमेण मया यत् सर्ववित्समयो-त्तीर्णमुक्तं स्यात् तस्य क्षमां याचमानेनैव विरम्यते

अनुयोगाचार्य्य-श्रीमद्दानविजयगणिपत्कजचञ्चरीकायमाणेन

- मुनि-प्रेमविजयेन ।)

- परिशिष्ट - ६

प्राचीनोऽज्ञातकर्तृको लघुषड्दर्शनसमुच्चयः ।

जैनं नैयायिकं बौद्धं, काणादं जैमनीयकम् ।
साङ्ख्यं षड्दर्शनीयं, [च] नास्तिकीयं तु सप्तमम् ।।१।।

[जैनमत]

जैनदर्शने अर्हन् देवता,
जीवाजीवौ तथा पुण्यं, पापमाश्रवसंवरौ ।
बन्धो विनिर्जरा मोक्षो, नव तत्त्वानि तन्मते ।।

[नैयायिकमत]

प्रत्यक्षं परोक्षं चेति प्रमाणद्वयम्, नित्यानित्याद्यनेकान्तवादः, सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः, सकलकर्मक्षये नित्यज्ञानानन्दमयश्च मोक्षः ।

नैयायिकाः पाशुपता जटाधरविशेषाः । तेषां दर्शने ईश्वरो देवता, प्रमाणप्रमेयसंशयप्रयोजन-दृष्टान्तसिद्धान्तावयवतर्कनि-र्णयवादजल्पवितण्डाहेत्वाभासच्छलजातिनिग्रहस्थानानि षोडश तत्त्वानि, प्रत्यक्षमनुमानमुपमानमागमश्चेति चत्वारि प्रमाणानि, नित्यानित्यैकान्तवादः, आत्मादिप्रमेयतत्त्वं, ज्ञानं मोक्षमार्गः, षडिन्द्रियाणि, षड् विषयाः षड् बुद्धयः सुखं दुःखं शरीरं चेत्येकविंशतिः(ति) प्रतिभेदभिन्नस्य दुःखस्यात्यन्तोच्छेदश्च मोक्षः ।

[बौद्धमत]

बौद्धा रक्तपटा भिक्षुकाः । तेषां दर्शने बुद्धो देवता, दुःखसमुदयमार्गनिरोधरुपाणि आर्यसत्यरूज्ञानि चत्वारि तत्त्वानि, प्रत्यक्षमनुमानं चेति द्वे प्रमाणे, क्षणिकैकान्तवादः, सर्वक्षणिकत्वसर्वनैरात्म(त्म्य)वासना मोक्षमार्गः [स] वासन(ना) क्लेश(स)मुच्छेदे प्रदीपस्येव ज्ञानसन्तानस्योच्छेदश्च मोक्षः ।

[वैशेषिकमत]

कणादस्य चाचार्यस्येदं काणादं जटाधरविशेषवैशेषिकदर्शनम् । तत्र ईश्वरो देवता, द्रव्यगुणकर्मसामान्यविशेषसमवा-याख्यानि षट् तत्त्वानि, प्रत्यक्षमनुमानमागमश्चेति प्रमाणत्रयम्, नित्यानित्यैकान्तवादः, आत्मनः श्रवणमननिद(दि)ध्यासन-साक्षात्कारो मोक्षमार्गः, बुद्धिसुख-दुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मसंस्काररूपाणां नवानां विशेषगुणानामत्यन्तोच्छेदः मोक्षः ।

[जैमिनिमत]

जैमनीयं भट्टदर्शनम् । तत्र सर्वज्ञो देवता नास्ति किन्तु नित्यवेदवाक्येभ्य एव तत्त्वनिश्चयः,

प्रत्यक्षमनुमानमुपमानमागमो-ऽर्थापत्तिरभावश्चेति षट् प्रमाणानि, नित्याद्य(द्वै)नेकान्तवादः, वेदविहितानुष्ठानं मोक्षमार्गः, नित्यनिरतिशयसुखाविर्भावश्च मोक्षः ।

[सांख्यमत]

साङ्ख्यदर्शनं मरीचिदर्शनम् । तत्र केषाञ्चित् कपिल एव (देवता), पञ्चविंशतिस्तत्त्वानि, तथा हि - आत्मा प्रकृतिर्महानहङ्कारः, गन्धरसरूपस्पर्शशब्दाख्यानि पञ्च तन्मात्राणि ९, पृथिव्यप्तेजोवाय्वाकाशाख्यानि पञ्चभूतानि १४, एकादश चेन्द्रियाणि, तत्र घ्राणरसनचक्षुस्त्वक्श्रोत्रमनांसि षड् बुद्धीन्द्रियाणि २०, पायूपस्थवचःपाणिपादाख्यानि पञ्च कर्मेन्द्रियाणि २५, प्रत्यक्षमनुमानमागमश्चेति प्रमाणत्रयम्, नित्यैकान्तवादः, पञ्चविंशतितत्त्वज्ञानं मोक्षमार्गः, प्रकृतिपुरुषविवेकदर्शनाद् निवृत्तायां प्रकृतौ पुरुषस्य स्वरूपावस्थानं मोक्षः ।

[नास्तिकमत]

नास्तिकाः कापील(पालि) काः । तेषां दर्शने नास्ति सर्वज्ञः, न जीवः, न धर्माधर्मौ, न च तत्फलम्, न परलोकः, न मोक्षः, तथा च तन्मतम् -

एतावानेव लोकोऽयं यावानिन्द्रियगोचरः ।
भद्रे ! वृकपदं पश्य, यद्वदन्ति बहुश्रुताः ।।

पृथिव्यप्तेजोवायवश्चत्वार्येव भूतानि, प्रत्यक्षमेवैकं प्रमाणम्, पृथिव्यादिभूतसङ्घात एव शरीरम्, मद्याङ्गेषु मदशक्तिरिव चैतन्यं तत्र जायते ।

एते च नैयायिकादिप्रवादा अनन्तधर्मात्मके वस्तुनि स्वाभिप्रेतनित्यत्वादि धर्मावधारणात् शेषधर्मतिरस्कारेण प्रवर्तमाना दुर्नया उच्यन्ते, यथा - 'नित्य एव शब्दः' इत्यादि । दुर्नयबलप्रभावितसत्ताका हि खल्वेते प्रवादाः, तथा हि - नैगमनयदर्श-नानुसारिणौ नैयायिकवैशेषिकौ, सङ्ग्रहनयानुसारिणः सर्वेऽपि मीमांसि(स)कविशेषा अद्वैतवादाः साङ्ख्यदर्शनं च, व्यवहार-नयानुसारिणः प्रायश्चार्वाका नास्तिकाः, ऋजुसूत्रनयानुसारिणो बौद्धाः, शब्दादिनयावलम्बिनो वैयाकरणादयः । त एव च प्रवादा अनन्तधर्मात्मके[षु] वस्तुनि स्वाभिप्रेतनित्यत्वादिधर्मसमर्थनाप्रवणाः शेषधर्मस्वीकारतिरस्कारपरिहारेण प्रवर्तमाना नया उच्यन्ते, यथा 'अनित्यः शब्दः' इत्यादि । परस्परसापेक्षं सर्वनयमयं तु जिनमतम्, यथा 'स्यादनित्यः शब्द' इत्यादि । अत एवोच्यते -

परस्परापेक्षसर्वनयनिर्मितमार्हतम् ।
मतं प्रमाणं स्याद्वादि श्रेयं श्रेयार्थिभिर्बुधैः ।।१।।

श्री लघुषड्दर्शनसमुच्चय समाप्तः ।।

- परिशिष्ट - ७

।। उद्धृतवाक्यानुक्रमणिका ।। [ह्रैं ह्रूं. / ह्रूं. ह्रूं]

[अ]

अग्निहोत्रं जुहुयात्स्वर्गकामः
[गैत्र्यु० ६।३] (७१/६२९)

अग्नीषोमीयं पशुमालभेत
[ऐतरेय आ० ६।१३] (५८/६७२)

अज्ञो जन्तुरनीशानोः
[महा भा० वन० ३१] (१/२०)

अज्ञो जन्तुरनीशानः
[महाभा० वनप० ३०।२८] (१३/१४३)

अतर्कितोपस्थितमेव सर्वग्
[आचा० २।१।१।१।४] (१/२४)

अतस्मिंस्तद्ग्रहो भ्रान्तिः [ ] (१०/११५)

अतिदूरात्सामीप्यात् [ ] (४८-४९/४४५)

अतीन्द्रियाणामर्थानाम् [ ] (६९/७२४)

अतोऽनेकस्वरात् [हैम० ७।२] (१/२६)

अथापि दिव्यदेहत्वात् [ ] (६८/७२१)

अधस्तिर्यक् तथोर्ध्वं च
[त० भा० १०।७] (५२/४८५)

अन्तेषु भवा अन्त्याः
[प्रश० भा० पृ० १६८] (६५/७०३)

अन्धे तमसि मज्जामः [ ] (५८/६७२)

अन्यदपि चैकरूपं तत् [ ] (५२/५०२)

अनुगातुरयगपराधो
नानुगानस्य [ ] (१७-१८-१९/१७२)

अनुवादादरवीप्सा [ ] (८२/७५८)

अनेकानि सहस्राणि [ ] (५८/६७२)

अप्सु स्पर्शः शीत एव [ ] (४८-४९/४२९)

अप्सु गन्धो रसश्चाग्नौ
[मी० श्लो० अभाव श्लो० ६] (७३/७४४)

अपवर्त्यते कृतार्थं [केवलिमुक्ति
श्लो० १६] (४५-४६/३८६)

अपुत्रस्य गतिर्नास्ति [ ] (५८/६७२)

अपेक्ष्येत परः कश्चिद्यदि
[प्र-वा-३।२७९] (७/५३)

अभावोऽपि प्रमाणाभावलक्षणो
[शा० भा० १।१] (७६/७४२)

अमूर्तश्चेतनो भोगी [ ] (४१/३१९)

अयोगं योगगपरैः
[प्र० वा० ४।१९०] (९/९९)

अर्थापत्तिरपि दृष्टः
[शाबरभा० १।१।५] (७५/७३९)

अर्थो ज्ञानसमन्वितः [ ] (११/१३३)

अस्ति वक्तव्यता काचित् [ ] (४४/३२८)

अस्ति ह्यालोचना ज्ञानम्
[मी० श्लो० प्रत्य०११२] (५/४७)

अस्येदं कार्यं कारणं संयोगि
[वैशे० सू० ९।२।१] (६७/७०९)

असदकरणादुपादानग्रहणात्
[सांख्यका० ९] (४३/३२६)

असिइसयं किरियाणं [सूत्रकृ०
नि० गा० ११९] (१/१७)

आग्रही बत निनीषति
युक्तिम् [ ] (८७/७६४)

[आ]

आत्मनि सति परसंज्ञा
[प्र.व. १/२९/२२१] (५३/५०२)

आत्माशरीरेन्द्रयार्थबुद्धिः
[न्यायसू० १।१।९] (२४/१८७)

आत्मा सहैति मनसा [ ] (१७/१५४)

आधारभस्मकौपीन [ ] (१२/१३७)

आनन्दं ब्रह्मणो रूपम् [ ] (५२/४९३)

आरण्यमेतत्सवितास्तमागतः [ ]
(२७-२८/२०५)

[इ]

इत एकनवते कल्पे [ ] (५८/६६२)

इत एकनवतौ कल्पे [ ] (५/४७)

इन्द्रियार्थसन्निकर्षोत्पन्नम्
[न्यायसू० १।१।४] (१७/१४९)

इष्टापूर्तं मन्यमाना वरिष्ठम्
[मुण्डक- १।२।१०] (४३/३२२)

इषुकारनरः कश्चित् [ ] (४८-४९/
४५५)

[ई]

ईर्याभाषैषणादान- [ ] (४४/३३०)

[उ]

उपमानमपि सादृश्यात् [शाबर भा०
१।१।८] (७४/७३६)

[ऊ]

ऊर्ध्वगौरवधर्माणो
[त० भा० १०।७] (५२/४८५)

ऊर्ध्वसत्त्वविशालः
[सांख्यका० ५४] (३५/२६९)

ऊर्मिषट्कातिगं रूपम्
[न्यायम० प्रमे० पृ० ७] (५२/४९३)

[ए]

एक एक हि भूतात्मा
[त्रि० ता० ५।१२] (६७/७१४)

एकादश जिने
[त० सू० ९।१८] (४६/३८८)

एको भावः सर्वथा येन दृष्टः [ ](५५/५७२)
एकं चेत्तत्कथं चित्रम्
[प्रश० क० पृ० ३०] (५७/६१९)
एरण्डयन्त्रपेडासु
[त० भा० १० ।७] (५२/४८५)
एषामैन्द्रियकत्वेऽपि
[मी० श्लो० चोदना
सू० श्लो० १३] (७१/७३०)

[ओ]

ओंवेकः कारिकां वेत्ति [ ] (१/३९)

[क]

कइणं भंते दव्वा पण्णत्ता [ ] (४८-४९/४८५)
कार्माक्षयाद्धि मोक्षः [ ] (५२/५०२)
कः कण्टकानां प्रकरोति
[वृद्धच० ९ ।६२] (१/२१)
कचित् [हैम० ५ ।१ ।१७१] (१/९)
कारणमेव तदन्त्यम् [ ] (४८-४९/४५०)
कालाभावे च गर्भादि
[शास्त्रवा० श्लो० १६७] (१/१७)
कालः पचति भूतानि [महाभा०
हारीत सं०] (१/१७)
किंच कालादृते नैव
[शास्त्रवा० श्लो० १६६] (१/१७)
कुलालचक्रे दोलायाम्
[त० भा० १० ।७] (५२/४८५)
को दुक्खं पाविज्जा [ ] (४५-४६/३३२)
क्षणिकाः सर्वसंस्काराः
[ ] (१/२३)
क्षीरे दधिभवेदेवम्
[गी० श्लो० अभाव०
श्लोक ५] (७६/७४४)

[ग]

गतानुगतिको लोकः [न्यायम०
प्रमा० पृ, ११] (३०/२१०)
गुणदर्शी परितृप्यन्:
[प्र० व० १ ।२१९-२२१] (५२/५०२)
गुणपर्ययवद्द्रव्यम्
[त० सू० ५ ।३८] (४८-४९/४४२)

[घ]

घटगौलिसुवर्णार्थी
[आप्तमी० श्लो० ५९] (५७/५८३)
घ्राणादितोऽनुयातेन [ ] (३३/२५६)

[ज]

जातिरेव हि भावानां [ ] (७/५३)
जावइया वयणपहा
[सन्मति० ३ ।४७] (१/१५)
जे एगं जाणइ [ ] (५५/५७२)
जेसु अनाएसु तओ [ ] (५५/५७२)
जो तुल्लसाहणाणं [ ] (५०/४७२)
ज्ञातसंवन्धस्यैकदेश [शाबर भा० १ ।१ ।५
] (७३/७३५)
ज्ञानमप्रतिघं यस्य [ ] (१३/१४३)
ज्ञानमप्रतिघं यस्य [महाभा०
वन प० ३०] (१/१९)
ज्ञानादयस्तु भावप्राणा [ ] (५२/४८७)
ज्ञानमप्रतिघं यस्य [महाभा०
वन प० ३०] (१/१९)
ज्ञानादयस्तु भावप्राणा [ ] (५२/४८७)
ज्ञानिनो धर्मतीर्थस्य [ ] (४५-४६/३३४)
ज्ञानिनो धर्मतीर्थस्य [ ] (५२/५२०)

[त]

तत्पूर्वकं त्रिविधमनुमानम् [ ] (१७-१८-१९/१६२)
तत्त्वाध्यवसायसंरक्षणार्थम् [न्यायसू० ४ ।२ ।५०] (२९/२०७)
ततोऽप्यूर्ध्वगतिस्तेषाम् [त० भा० १० ।७] (५२/४८५)
तदनन्तरमेवोर्ध्वम् [त० भा० १० ।७]
तद्वेत्त्यधीते [हैम० ६ ।२] (५२/४८५)
तदा तन्नित्यमानन्दम् [ ] (५२/४९३)
तदुच्छेदे च तत्कार्य [न्यायम०
प्रमे० पृ० ७] (५२/४९३)
तपसा निर्जरा च
[त० सू० ९ ।३] (४७/३९१)
तपांसि यातनाश्चित्राः [ ] (८१/७५¥)
तस्माद्यत्स्मर्यते तत् [गी० श्लो० उप०
श्लो० ३] (५५/५३२)
तस्मान्न वध्यते नैवगुच्यते
[सांख्यका० ६२] (४३/३२२)
तस्मान्मानुपलोकव्यापी [ ]
(४८-४९/४४५)
तस्सेवाविग्घत्थं
[विशेषा० गा० १३] (१/५)
तादूप्येण च धर्मत्वम् [गी० श्लो० चोदना
सू० श्लो० १४] (७१/७३०)
तावदेव चलत्यर्थो [ ] (२६/१९९)
त्रैरूप्यं पाञ्चरूप्यं वा [ ] (५७/५२८)

[द]

दग्धेन्धनः पुनरुपैति
[सिद्ध० द्वा०] (४५-४६/३३४)
दग्धे बीजे यथात्यन्तम् [तत्त्वार्थाधि० भा०
१० ।७] (४५-४६/३३४)

दशहस्तान्तरं व्योम्नो [ ] (६८/७२१)
दुःशिक्षितकुतर्काश -
[न्यायम० प्रमा० पृ० ११] (३०/२१०)
दैवागमनभोयान-[आप्त मी० श्लो० १]
(६८/७२१)
देवागमनभोयान- [आप्तमी० १ ।१] (१/
२७)
द्वादशाङ्गमपि... [ ]
(५३/५२३)

[ध]

धर्माधर्मनिमित्तो हि
[न्यायम० प्रमे० पृ० ७] (५२/४९३)

[न]

न कालव्यतिरेकेण [शास्त्रवा०
श्लोक० १६५] (१/१७)
न च स्याद् व्यवहारोऽयम् [मी० श्लो०
अभाव० श्लो०२] (७६/७४४)
न चावस्तु न एते स्यु [मी० श्लो० अभाव०
श्लो० ४] (७६/७४४)
न गर्गयुक्तं वचनं हिनस्ति [वसि० धर्म०
१६ ।३६] (५८/६७२)
न नरः सिंहरूपत्वात् [ ] (५७/६२८)
ननु तस्यागवस्थायाम् [न्यायम०
प्रमे० पृ० ७] (५२/४९३)
न प्रत्यक्षपरोक्षाभ्याम्
[प्र० वा० २ ।६३] (९/११२)
न मांसभक्षणे दोषो
[मनु० ५ ।५६] (५८/६७२)
नवि अत्थि माणुसाणं तं [ ] (५८/४८७)
न वै हिंस्रो भवेत् [ ] (५८/६७१)
न श्रद्धयैव त्वयि
[अयोगव्य. श्लो. २९] (१/१४)
न स्वर्धुनी न फणिनो [ ] (१२/१३५)
न ह्याभ्यामर्थपरिच्छित्ति [ ] (८/६३)
न ह्यर्थे शब्दाः सन्ति [ ] (१०/११५)
नहि वै सशरीरस्य
[छान्दो० ८ ।१२ ।१] (५२/४९३)
न हिंस्यात्सर्वभूतानि [ ] (५८/६७१)
न हिंस्यात्सर्वभूतानि [ ] (५८/६७१)
नाकारणं विषयः [ ] (५८/६६०)
नान्योऽनुभाव्यो बुद्धयास्ति [प्र० वा०
२ ।३२७] (१०/११९)
नान्वयः स हि भेदित्वात् [ ] (५७/६२८)
नाननुकृतान्वयव्यतिरेकम् [ ] (९/१११)
नानानुकृतान्वयव्यतिरेकम् [ ] (५८/६६०)
नास्तिता पयसो दध्नि [मी० श्लो० अभाव०
श्लो० ६] (७६/७४४)
नित्यद्रव्याण्युत्पत्तिविनाशयो [ ]
(६५/७०३)
नित्यं सत्त्वमसत्त्वं वा [प्र० वा० ३ ।३४]
(४८-४९/४०८)
नियतेनैव रूपेण
[शास्त्रवा० श्लो० १७३] (१/२०)
निर्वर्तकं निमित्तम् [ ] (४८-४९/४४२)

[प]

पक्षपातो न मे वीरे [लोकतत्त्व नि० श्लो०
३८] (१/१४) ४४/३२८)
पञ्चविंशतितत्त्वज्ञः [ ] (३३/२५६)
पयोव्रतो न दध्यत्ति [आप्त मी० श्लो० ६०]
(५७/५८३)
पुद्गलस्थिकाए [ ] (४८-४९/४६५)
पुराणं मानवो धर्मः [मनु० १२ ।११०]
पुरुष एवेदं सर्वम् (४४/३२७)
[ऋक्० १० ।९० ।२] (६७/७१४) (१/
२०)
पुरुषोऽविकृतात्मैव [ ] (४१/३१८)
प्रकृतेर्महांस्ततोऽहंकारः
[सांख्यका० ३३] (४१/३१२)
प्रत्यक्षमेवैकं प्रमाणम् [ ] (४८-४९/५०५)
प्रत्यक्षादेरनुत्पत्तिः [मी० श्लोक० अभाव०
श्लो० ११] (७६/७४२)
प्रतिक्षणं विशरावो [ ] (११/१३१)
प्रतिनियताध्यवसायः [ ] (४३/३२३)
प्रध्वस्ते कलशे शुशोच तनया गौर्ना
सगुत्पादिते [ ] (५७/५८३)
प्रापणशक्तिः प्रामाण्यम् [ ] (८/६३)
प्रमाणपञ्चकं यत्र [ ] (४५-४६/३६३)
प्रमाणषट्कविज्ञातो [मी० श्लो०
अर्था० श्लो० १] (५५/५३४)
प्रसिद्धसाधर्म्यात्साध्य-साधनम् [न्यायसू०
१ ।१ ।६] (२३/१८५)

[ब]

बदर्याः कण्टकस्तीक्ष्ण-
[लोकतत्त्व २ ।२२] (१/२१)
बन्धविप्रयोगो मोक्षः [ ] (४७/३९१)
बन्धुर्न नः स भगवान्
[लोकतत्त्व १ ।३२] (१/१४)
बाह्यो न विद्यते ह्यर्थो
प्र० वा० २ ।३२७] (१०/११९)
बुद्धिदर्पणसंक्रान्तम् [ ] (४१/३१७)
बुद्ध्यध्यवसितमर्थम् [ ] (४१/३१७)

वुद्धस्तु सुगतो धर्मधातुः [अभिधान० २।१४६] (४/४५)

वुद्धिश्चाचेतनापि [ ] (४१/३१८)

पृथिव्यापस्तेजो वायुरिति [ ] (८४/७६१)

[भ]

भागे सिंहो नरो भागे [ ] (५७/६२८)

[म]

गतिः स्मृतिः संज्ञा [त० सू० १।१३] (५५/५४०)

गणिप्रदीपप्रभयोः [प्र० वा० २।५७] (१०/१२१)

गणुन्नं भोयणं भुञ्जा [ ] (४/४४)

गयाकश्यागाक [ ] (७९/७५१)

गयूराण्डरसे यद्वत् [ ] (५७/६२८)

गहोक्षं वा गहाजं वा [याज्ञ० स्मृ० १९९] (५८/६७१)

ग्रियन्ते गिष्टतांयेन [ ] (३३/२५६)

गुक्तिस्तु शून्यतादृष्टेः [प्र० वा० १।२५६] (११/१३२)

गुख्यसंव्यवहारेण
[सन्गतितर्क टीका पृ० ५९] (५५/५४७)

गूलक्षि (क्ष) तिकरीगाहु [ ] (५७/६००)

गूलप्रकृतिरविकृतिः
[सांख्यका० ३] (४१/३१२)

गृतानामपि जन्तूनाग् [ ] (५८/६७२)

गृद्धी शय्या प्रातरुत्थाय पेया [ ] (४/४४)

गृल्लेपसंगनिर्गोक्षात्
[त० भा० १०।७] (५२/४८५)

[य]

य एव श्रेयस्वकरः
[शावर० भा० १/१/२] (७१/७३०)

यथा तथायथार्थत्वे
[प्र. वा० २/५८] (१०/१२२)

यथाधस्तिर्यगूर्ध्वं च
[त० भा० १०/७] (५२/४८५)

यथा सकलशास्त्रार्थः
[प्र० वार्तिकाल० २।२२७] (४५-४६/३८२)

यथोक्तलक्षणोपपन्नः-
[न्याय सू० १।२।२।] (२९/२०७)

यद्यथैवाविसंवादि [सन्गतितर्क टीका, पृ० ५९] (५५/५४७)

यद्यदेव यतो यावत्
[शास्त्रवा० श्लो० १७४] (१/२०)

यद्वानुवृत्तिव्यावृत्ति [गी० श्लो० अभाव० श्लो० ३] (७६/७४४)

यदा ज्ञानं प्रमाणं तदा
[न्यायभा० १।१।३] (१७/१५८)

यस्मात्क्षायिकसम्यक्त्व [ ] (५२/४८७)

यः पश्यत्यात्मानम्
[प्र० व० १।२१९-२२१] (५२/५०२)

यावदात्मगुणाः सर्वे
[न्याय म० प्रमे० पृ,० ७] (५२/४९३)

यावज्जीवेत्सुखं जीवेत् [ ] (८१/७५४)

युगपदयुगपत्क्षिप्रम् [ ] (४८-४९/४६२)

येन येन हि भावेन [ ] (१२/१३५)

[र]

रागोऽङ्गनासङ्गगतः [ ] (४५-४६/३३२)

रूपादयस्तदर्थाः [ ] (१७-१८-१९/१५०)

[ल]

लिखितं साक्षिणो भुक्तिः (याज्ञव० स्मृ० २।२२) (५५/५३५)

लूतास्य तन्तुगलिते [ ] (३३/२५६)

[व]

वर्तत इदं न वर्तत [ ] (४८-४९/४६२)

वर्तना परिणामः क्रिया
[त० सू० ५।२२] (४८-४९/४४८)

वरं वृन्दावने वासः [ ] (५२/४९१)

वस्तु (स्त्व) संकरसिद्धिश्च [गी श्लो० अभाव० श्लो० ५] (७६/७४४)

विविक्ते दृक्परिणणौ [ ] (४१/३१८)

विरोधादेकगनेकस्वभाव
[प्रश० कन्द० पृ० ३०] (५७/६१९)

विशेषणविशेष्याभ्याग्
[प्र० वा० ४।१९१] (९/९९)

वीतरागं स्मरन् योगी [ ] (१२/१३५)

व्यक्तेरभेदस्तुल्यत्वग्
[प्रश० किरण० पृ० ३३] (६५/६९९)

व्यवच्छेदफलं वाक्यग्
[प्र० वा० ४।१९२] (९/१००)

[श]

शब्दज्ञानादसंनिकृष्टे
[शावर भा० १।१।५] (७४/७३६)

शब्दवन्धसौक्ष्म्यस्थौल्य-
[त० सू० ५।२४] (४८-४९/४५०)

शिरसोऽवयवा निम्ना [गी० श्लो० अभाव० श्लो० ७] (७६/७४४)
शुद्धोऽपि पुरुषः प्रत्ययम्
[योग भा० २।२०] (४१/३१८)
शुद्धचैतन्यरूपोऽयम् [ ] (४३/३२१)
शून्यमिदं [ ] (११/१३२)
शैवाः पाशुपताश्चैव [ ] (१२/१३७)
शैवीं दीक्षां द्वादशाब्दीम् [ ] (१२/१३५)
श्रुत्वा वचः सुचरितं
[लोकतत्त्व० १।३२] (१/१४)
श्रूयतां धर्मसर्वस्वम्
[चाणक्य १।७] (५८/६७२)
श्रेयो हि पुरुषप्रीतिःच [गी० श्लो० चोदना श्लो० १९१] (७१/७३०)
श्रोत्रं त्वक् चक्षुषी जिह्वा (४३/३२३)

[ष]

षट्त्रिंशदङ्गुलायाम् [ ] (३३/२५६)
षट्शतानि नियुज्यन्ते [ ] (५८/६७१)

[स]

स एव योगिनां सेव्यः [ ] (१२/१३५)
सत्संप्रयोगे सति
[गी० सू० १।१।४] (७३/७३४)
सद्विद्यमाने सत्ये च
[अनेकार्थ १।१०] (१/८)
सदकारणवन्नित्यम्
[वैशे० सू० ४।१।१] (६१/६८२)
सप्तदशप्राजापत्यान्पशून
[तैत्ति० सं० १।४] (५८/६७२)
स प्रतिपक्षस्थापनाहीनः
[न्यायसू० १।२।३] (२९/२०७)
सम्यग्ज्ञानदर्शन
[त०सू० १।१] (५४/५२४)
संबद्धं वर्त्तमानं च गृह्यते चक्षुरादिना
[गी० प्रत्यक्ष० सू० श्लो० ८४] (६८/७२१)
सर्वगेतदिदं ब्रह्म
[छन्दो० ३।१४।१] (६७/७१४)
सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणे [ ] (५७/५८०)
सागीप्ये च व्यवस्थायाम् [ ] (४/४५)
सिद्धस्स सुहो रासी [ ] (५२/४८७)
सुखमात्यन्तिकं यत्र [ ] (५२/४९३)
सुनिश्चितं नः परतन्त्र
[द्वात्रिंश०] (५८/६५८)
सुविवेचितं कार्यं
कारणं च [ ] (१७-१८-१९/१७२)
सुरगण सुहं समग्गं [ ] (५२/४८७)
सुरासुरनरेन्द्राणाम् [ ] (५२/४८७)
स्पर्शरसगन्धवर्णवन्तः
[त० सू० ५।२३] (४८-४९/४५०)
स्मृत्यनुमानागमसंशय०
[न्यायभा० १।१।१६] (१७-१८-१९/१६५)
स्वपरव्यवसायि - [ ] (५४/५२६)
स्वभावतः प्रवर्तन्ते
[त० भा० १०।७] (५२/४८५)
स्वस्वभावजमत्यक्षम् [ ] [ ] (५२/४८७)

[ह]

ह्यः श्वोऽद्य संप्रति [ ] (४८-४९/४६२)
हस पिव लल खाद मोद [ ] (३३/२५६)
हिरण्यगर्भः सर्वज्ञः [ ] (४५-४६/७८९)
हेतुमदनित्यमव्यापि
[सांख्यका० २०] (४१/३१३)

- परिशिष्ट - ८

।। श्री षड्दर्शन - समुच्चयगाथावर्णानुक्रमिका ।।

श्लोक	नं.	श्लोक	नं.
अत एव पुरा	७०	तत्त्वानि षोडशा	१४
अपरोक्षतया	५६	तथाभव्यत्व	५४
आक्षपादमते	१३	तत्र ज्ञानादि	४८
आचार्य शिष्य	२९	तत्र द्रव्यं	६१
उत्क्षेपावक्षेप	६४	तत्र परं	६५
एतानि नव	५३	तत्र प्रत्यक्ष	७३
एतावानेव	८१	तत्र बौद्धमते	४
एतेषां या	३६	तस्मादती	६९
एवं चतुर्विंशति	४१	तस्माददृष्ट	८५
एवं सांख्यमत	४४	दर्शनानि षडेवा	२
कार्यात् कारणा	२१	दुःखं संसारिणः	५
किमेतदिति	२५	दृष्टांतस्तु	२६
क्षणिकाः सर्व	७	दृष्टान्तोऽप्य	१५
चैतन्य लक्षणो	४९	दृष्टार्थानुप	७५
जातयो निग्रह	१६	देवताविषयो	५९
जिनेन्द्रो देवता	४५	द्रव्यं गुण	६०
जीवाजीवौ	४७	निग्रहस्थान	३२
जैनदर्शन	५८	नैयायिकमतस्यै	३३
जैमिनीयाः	६८	नैयायिकमताद	७८
ततः संजायते	३७	नोदनालक्षणो	७१

श्लोक	नं.	श्लोक	नं.
पापं तद्विपरीतं.	५०	यच्च सामान्य	२२
पायूपस्थ	३९	यथा काकादि	२८
पिव खाद च	८२	येनोत्पाद	५७
पृथ्वी जल	८३	रुपाणि पक्ष	११
पृथ्व्यादि	८४	रुपात्तेजो	४०
पूर्ववच्छेष	१९	रोलंवगवल	२०
पंचविंशति	४२	लोकायतमते	८७
पंचेन्द्रियाणि	८	लोकायता	८०
प्रकृतिवियोगो	४३	विजिगिपु	३०
प्रतिज्ञाहेतु	२७	व्यवसायात्मकं	१८
प्रत्यक्षमनुमानं	७२	शाव्दमाप्तो	२४
प्रत्यक्षमनुमानं	१७	शाव्दं शाश्वत	७४
प्रत्यक्षं कल्पना	१०	षड्-दर्शन	७९
प्रत्यक्षं च	५५	सत्त्वं रज	३५
प्रमाणं च	६७	सद् दर्शनं	१
प्रमाणपंचकं	७६	समुदेति	६
प्रमाणे द्वे च	९	संवरस्तन्निरोध	५१
प्रसिद्धवस्तु	२३	साध्यवृत्ति	८६
वद्धस्य कर्मणो	५२	सांख्या निरी	३४
वुद्धिः सुख	६३	सुरासुरेंद्र	४६
वौद्धं नैयायिकं	३	स्पर्शनं रसन	३८
वौद्ध राद्धांत	१२	स्पर्शरस	६२
य इहायुत	६६	हेत्वाभासा	३१

* * *

પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરિ
સંસ્કૃત પ્રાકૃત ગ્રંથમાળા

12

સન્માર્ગ પ્રકાશન

ISBN - 81 - 87163 - 63 - 1

Sanmarg (079) 25352072